श्री चरक संहिता

॥ श्रीः ॥

चरक संहिता.

श्रीमन्महर्षिवर चरकमति संस्कृता ।

प्रथमो भागः १.

गुजराती भाषा टीका सहित.

ભાષાંતર કરી છપાવી પ્રસિદ્ધ કરનાર,

જેઠાલાલ દેવશંકર દવે. વૈદ્ય

તંત્રી ભાગ્યોદય

અને

પ્રોપ્રાયટર, દવે કેમીકલ વર્કસ-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૨૦૦.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

મૂલ્ય ૫ રૂપીઆ.

પ્રસિદ્ધ કરનાર,

જેઠાલાલ દેવશંકર દવે. વૈદ્ય.

તંત્રી ભાગ્યોદય.

અને

પ્રોપ્રાયટર દવે કેમીકલ વર્કસ.

ભાગ્યોદય ઑફીસ, પાંચ કુવા–ચાર રસ્તા—**અમદાવાદ.**

શ્રી "**સત્યનારાયણ**" પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.
ઠે૦ સીવીલ ઇસ્પીતાલ સામે, પાનાભાઇની વાડીમાં—**અમદાવાદ.**

પ્રસ્તાવના.

સર્વ આર્ય વૈદ્યકના મૂળ ભૂત આયુર્વેદના **ચરક** અને **સુશ્રુત** નામના બે મુખ્ય પ્રાચીન સંસ્કૃત ગ્રંથો છે. એ વાત જગપ્રસિદ્ધ છે. આ બે ગ્રંથો, તેમાં જણાવેલાં ચિકિત્સાદિકનાં તત્વોથી યૂરોપ વિગેરે દેશોમાં પણ સંપૂર્ણ પ્રખ્યાતિ તથા પ્રશંસાને પામેલા છે. અને પ્રાચીન હોવા છતાં પણ જેઓના કરતાં આજ દિવસ સુધીના અર્વાચીન કોઇ આર્ય કે અનાર્ય વૈદ્યક ગ્રંથો તેનાથી તત્વ વિચારમાં વધી શક્યા નથી એવા છે.

અમેરિકાના પ્રખ્યાત ડાકટર, જી. એચ. ક્લાર્ક, એમ એ. એમ. ડી. ફીલાડેલફીયા લખે છે કે.

"If the physicians of the present day would drop from the Pharmacopœa all the modern Drugs and Chemicals, and treat their patients according to the method of **Charaka,** there would be less work for the undertakers, and fewer chronic invalido in the world."

G. H. Clerk, M. A. M. D. Philadelphia.

ચરકનો અને સુશ્રુતનો પ્રથમ અધ્યાય જોતાં આયુર્વેદનું પ્રથમ બ્રહ્માના હૃદયમાં જ્ઞાન થયું, બ્રહ્માએ દક્ષ પ્રજાપતિને તે જ્ઞાન આપ્યું, દક્ષે અશ્વિનિકુમારોને ભણાવ્યા. અશ્વિનિકુમારોએ ઇન્દ્રને ભણાવ્યા. ઇન્દ્રની પાસેથી તે વેદ શીખેલા બ્રહ્મર્ષિ ભરદ્વાજથી અને રાજર્ષિ ધન્વંતરિથી ભૂલોકમાં ચરક અને સુશ્રુત નામની બે મુખ્ય શાખાઓ થએલી છે. બ્રહ્મર્ષિ ભરદ્વાજની પાસેથી શીખેલા આત્રેય (પુનર્વસુ) મુનીયે જે મૂળ સંહિતા કરી, તે ઉપર અગ્નિવેશ મુનિયે જે સવિસ્તર પ્રતિસંસ્કાર કર્યો એ ત્રણેના સમુદાય રૂપ ગ્રંથ તેજ **ચરક** સંહિતા છે.

અને રાજર્ષિ ધન્વંતરીની પાસેથી શીખેલા સુશ્રુત મુનિએ ધન્વંતરીની જે મૂળ સંહિતા ઉપર જે વૃત્તિ કરી અને તે વૃત્તિ ઉપર નાગાર્જુને જે સવિસ્તર પ્રતિ સંસ્કાર કર્યો એ ત્રણેના સમુદાય રૂપ સુશ્રુત સંહિતા છે.

ચરક ભગવાનને શેષ ભગવાનનો અવતાર કહેવામાં આવે છે, તેમણે આત્મિક મળ દૂર કરવાને માટે '**યોગ દર્શન**' (પતંજલી યોગ દર્શન) વાણીનો મળ દૂર કરવાને માટે વ્યાકરણ "**અષ્ટાધ્યાયી**" પર '**મહાભાષ્ય**' અને શારીરિક મળોનો ત્યાગ કરવાને માટે આ '**ચરકસંહિતા**' બનાવી છે.

જે મહર્ષિ પતંજલિના વ્યાકરણ મહાભાષ્ય તથા યોગ દર્શનને વિચારતી વખતે કુશાગ્ર બુદ્ધિ પ્રતિભાસંપન્ન વિદ્વાનો પણ તેને વસ્યવાક સમજે છે, જેની કૃપાથી મનુષ્યોની વાણી સંસ્કૃત થઇને અપશબ્દોના દોષથી બચે છે તેજ મહર્ષિ પતંજલિ ભગવાને મનુષ્યોની નીરોગતાને માટે આયુર્વેદ શાસ્ત્રની શિરોમણી આ ચરક સંહિતા બનાવી છે.

ચરક સંહિતાનો ઉદ્ધાર કરનારા પતંજલિ ભગવાનજ ચરક મુનિ છે. એ નિચેના પ્રસિદ્ધ શ્લોકથી ખાત્રી થશે.

योगेन चित्तस्य पदेन वाचां मलंशरीरस्य च वैद्यकेन ।
अपाकरोध : प्रवरं मुनीनां पतंजलि प्राञ्जलिरानतोऽस्मि. ॥

ચિકિત્સા આદિ અનેક વિષયો ઉપર ચરકમાં જે તત્વજ્ઞાનાત્મક સૂક્ષ્મ વિચારો જોવામાં આવે છે તે ખરેખર અપ્રતિમ છે એમ કહ્યા વગર ચાલે તેમ નથી.

આપણા આર્ય લોકોના જુના ગ્રંથોમાં શક સંવત આપવાનો ચાલ નથી તેથી કાળનો નિર્ણય કરવામાં ગુંચવણ પડે તેમ છે, છતાં પણ આસપાસના પ્રમાણો ઉપરથી આત્રેય મુનિ, ભગવાન્ ધન્વંતરિ, અગ્નિવેશ અને સુશ્રુત એઓ તો બહુજ પ્રાચીન કાળમાં હતા એમ કહી શકાય તેમ છે.

ચરકમુનિ એ જો મનાયા પ્રમાણે પતંજલિ ભગવાનજ હોય તો તે મગધ દેશના પ્રખ્યાત અશોક રાજાના પિતામહ ચંદ્રગુપ્તના રાજ્ય સમય પછી દશ પહેડીએ થયેલા પુષ્પમિત્ર રાજાના સમયમાં અથવા તે પછીના તુરતના સમયમાં એટલે આશરે ઇસ્વીસનથી ત્રણસેં કે ચારસેં વર્ષ પહેલાં હતા એમ વ્યાકરણ મહાભાષ્યમાં **स्वरुपं शब्दस्या शब्द संज्ञा** ૧-૧-૬૮ એ સૂત્રના વ્યાખ્યાનમાં આપેલા ચંદ્રગુપ્ત સભા તથા પુષ્પમિત્ર સભા એ પ્રત્યુદાહરણથી જણાય છે, તોપણ એક લઘુ પુસ્તક (The Vydian and the Hakim)માં ડૉકટર બાલ્ફર ભરત ખંડનો તથા ગ્રીક વિગેરે વૈદ્યોનો ઇતિહાસ આપે છે. તેમાં તેણે દુનિયાના મુખ્ય મુખ્ય વૈદ્યો ગણાવેલા છે તેમાં.

૧ ચિરોન (chiron) ઇ. સ. પૂર્વ. ૧૨૦૦; તેનું શરીર અશ્વનું હતું, અને મુખ માણસનું હતું. તે કદાચ અશ્વિની કુમાર હશે !

ધન્વન્તરિ, ઇ. સ. પૂર્વે ૧૧૦૦

ચરક અને સુશ્રુત, ઇ. સ. પૂર્વે ૧૦૦૦ માં હતા એમ જણાવે છે.

હાલમાં ચરક, સુશ્રુત અને વાગભટ્ટ એ આયુર્વેદના બૃહત્રયી અથવા આયુર્વેદનો જુના પ્રતિષ્ઠિત શાસ્ત્રી ગ્રંથો ગણાય છે, પણ તેમાં એટલુંજ કહેવું પડે છે કે ચરક તથા સુશ્રુત એ બે ગ્રંથો તમામ સ્વતંત્ર છે અને વાગભટ્ટ ઘણે ભાગે આ બે ગ્રંથોના એક જાતના ક્રમાંતરાત્મક તથા શબ્દાંતરાત્મક ઉતારા રૂપ છે.

निदाने माधवः श्रेष्टः सूत्रस्थानेतु वाग्भटः ।
शारीरे सुश्रुतः प्रोक्तः चरकस्तु चिकित्सते ॥

એ પ્રમાણે ચિકિત્સામાં ચરક ઉત્તમ છે, તે સદાચરણની પદ્ધતિના તથા નિદાનોના ઉપદેશથી શરીરની સ્વસ્થતા જાળવવાના પરમ સાધન ભૂત છે, રોગોથી શરીરની સ્વસ્થતા બગડી હોયતો તે સુધારવાની અનેક યુક્તિયો બતાવનારા છે.

ચિકિત્સામાં આના જેવો અન્ય કોઇ ગ્રંથ આયુર્વેદના જ્ઞાતાઓની દૃષ્ટિમાં માનનીય નથી. જે મનુષ્ય આ સંપૂર્ણ સંહિતાને યોગ્ય રીતે ભણીને તેના વિષયોને સારી રીતે સમજી ચિકિત્સાનો પ્રયોગ કરે છે તે મનુષ્યોને સુખ અને જીવનને અર્પનાર હોવાથી શ્રુતિ સ્મૃતિ, બુદ્ધિ, અને ધર્મમાં સર્વથી મોટા માનવામાં આવે છે.

શ્રી ચરક સંહિતાને માટે આર્ય વિદ્વાનો તો શું પરંતુ પાશ્ચિમાત્ય વિદ્વાનોએ જે ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે તે ખરેખર પ્રશંસનિય છે. તેમાં માત્ર એકલા વૈદકનોજ સમાવેશ છે એટલુંજ નહિ, પરંતુ સાથે સાથે હાલમાં પ્રજાની દૃષ્ટિએ આરોગ્ય શાસ્ત્રના સંબંધમાં જે

કેટલીક નવીન શોધો લેખાય છે, તેમાંની ઘણી આ ગ્રંથમાં મળી આવે છે અને તેથીજ જણાયું છે કે, હાલ જે કાંઇ શોધ કરી નવીન રૂપે આપણને પાશ્ચિમાત્યો જણાવે છે, તે નવું નથી પરંતું આપણા રૂષિ મુનિયોએ તો હજારો વર્ષ ઉપર તેની શોધ કરેલી હતી. તે આ ગ્રંથ ઉપરથી જાણી શકાય છે.

વૈદક ઉપરાંત, જ્યોતિષનો વૈદક સાથેનો સંબંધ, વેદાદિ શાસ્ત્રોનો વૈદક સાથેનો સંબંધ, તેમજ તત્વજ્ઞાનના ઉત્તમ વિષયો પણ એવી સરસ અને સહેલી રીતે આ ગ્રંથમાં આપેલા છે કે તે દરેક માણસને આશ્ચર્ય ચકિત કરી શકે છે.

આવા ઉપયોગી ગ્રંથનું દરેક મનુષ્યે વાંચી મનન કરવુંજ જોઇએ. અને તેમાં બતાવેલા આરોગ્યના સાદા અને સરળ ઉપાયો, રોગ ન થાય તેને માટે આચાર, વિચારો, રોગ થાય તો તેને ઓળખવાના અને ઓળખી નિવૃત્ત કરનાર ઉપાયો, અને સાધ્ય કે અસાધ્ય રોગોની પરીક્ષા, વિગેરે ઉપયોગી અને લાભદાયક વિષયોનો દરેક માણસ જ્યારે લાભ લેતાં શીખશે ત્યારેજ તેમને જણાશે કે, આયુર્વેદની ઉન્નતિ કરવાને માટે તો આ ગ્રંથનો પદ્ધતિ પુરઃસર અભ્યાસ કરવો કરાવવો એજ ઉત્તમ ઉપાય છે.

यस्य द्वादश साहस्री हृदी तिष्ठंति संहिता ।
सोर्थज्ञःसविचारश्च श्चिकित्सा कुशलश्चस: ।
रोगास्तेषां चिकित्साश्चस किमर्थेन बुध्यते ॥

આ બાર હજાર શ્લોકાત્મક સંહિતા જેના હૃદયમાં સ્થિત છે તે અર્થના જાણનારા સંપૂર્ણ વૈદ્યકીય વિષયોને સમજનારા વિચારવાન અને ચિકિત્સામાં કુશળ હોય છે. એવા કયા રોગ અને તેની ચિકિત્સાઓ છે કે જેને આ સંહિતાના જાણનારા વૈદ્યો ન સમજી શકે.

પરંતુ શોક એ છે કે આજકાલ આ ચરક સંહિતાને ભણનાર, ભણાવનાર, અને આયુર્વેદીય જ્ઞાનને સમજવા તથા સમજાવવાનો ઘણે ભાગે અભાવ જેવું થઇ ગયું છે. જેથી આ વખતે આયુર્વેદની અત્યંત અવનત દશા જણાય છે.

આ પ્રમાણે વૈદ્યકના પ્રાચિન ગ્રંથ ચરક અને સુશ્રુત છે. તેનાં ઘણી ભાષાઓમાં ભાષાંતર થઇ ગયાં છે. અને તેમાં ચરકનું તો ઘણું કરીને હિંદુસ્થાનની ભાષાઓ ઉપરાંત યુરોપીય ભાષાઓમાં પણ ભાષાંતર થએલું છે. તેમાં સુશ્રુતનું ગુજરાતીમાં ભાષાંતર થયેલું છે. અને આવા ઉપયોગી ગ્રંથ ચરકનું ગુજરાતીમાં હજુ સુધી ભાષાંતર થએલું નહોતું તે ગુજરાતી વૈદ્યોને માટે એક ખોટજ હતી. અને તે ખોટ પુરી પડે, તેમજ આવા ઉપયોગી, પ્રાચીન અને સર્વ દેશના વિદ્વાનોમાં પ્રમાણ રૂપ ગણાયેલ આ ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા થવાથી, તેનું મારા તરફથી પ્રસિદ્ધ થતા **'ભાગ્યોદય'** માસિકમાં દરેક વખતે ૧ ફોર્મ ગુજરાતીમાં ભાષાંતર આપવાનું શરૂ કર્યું. પરંતુ ગ્રંથ મોટો વિસ્તારવાળો હોવાથી દર માસે ૧ ફોર્મ આપવાથી પ્રસિદ્ધ થવાને ઘણો વિલંબ થવાનો સંભવ જણાવાથી, તેમજ માસિકના ગ્રાહકો તરફથી વારંવાર આ ગ્રંથને મૂળ સહિત ભાષાંતર રૂપે જુદો પ્રકટ કરવાની માગણી થવાથી, આ કાર્યને મેં અગત્યનું ધારી, તેને જેમ બને તેમ વેળાસર પ્રસિદ્ધ કરવા લક્ષ આપ્યું છે.

અને તેથી તેનો પ્રથમ વિભાગ આજે આપના કરકમળમાં શોભિ રહ્યો છે. આ કામમાં મને ઉત્સાહ આપનાર અત્રેના કેટલાક વૈદ્યરાજો, અને ભાગ્યોદયના ગ્રાહકો જ છે. મારા તરફથી પ્રગટ થતાં પુસ્તકોને સજ્જનો તરફથી જે વધાવી લેવામાં આવે છે તેજ કારણ મને વધુને વધુ ઉત્સાહિત કરનાર છે એમ કહ્યા સિવાય આ સ્થળે ચાલે તેમ નથી.

મારા તરફથી વૈદકનાં કેટલાંક પુસ્તકો બહાર પડેલાં છે, પરંતુ તે સંગ્રહવા જેવાં છે, અને તેમાં આવા ઉપયોગી અને પ્રાચિન ગ્રંથનું ભાષાંતર કરી તેને પ્રસિદ્ધ કરી જન-સમુહ આગળ મુકવાની મને આજે જે તક મળી છે તે ખરેખર આનંદજનકજ છે. અને મને લાગે છે કે, દરેક વૈદ્યોએ જો આપણા આયુર્વેદની ઉન્નતિ કરવીજ હોય તો આવા પ્રમાણ રૂપ ગણાતા ગ્રંથનો અવશ્ય અભ્યાસ કરવોજ જોઇએ.

આ ગ્રંથનો બીજો ભાગ જેમ બને તેમ વેળાસર પ્રસિદ્ધ કરવામાં આવશે, અને જો બનશે તો તે આ વર્ષમાંજ બહાર પડી જશે.

આ ગ્રંથનો જો વૈદ્યો અભ્યાસ કરશે, તો મારો લીધેલો શ્રમ સાર્થક થયો છે એમ હું માનીશ.

ભાગ્યોદય ઑફીસ,
અમદાવાદ.
તા. ૮ માર્ચ સને ૧૯૧૬

જેઠાલાલ દેવશંકર દવે. વૈદ્ય.
પ્રસિદ્ધ કર્તા.

श्री चरक संहिता द्वितियो भाग.

આ ગ્રંથનો બીજો ભાગ સત્વરજ પ્રસિદ્ધ થશે તે આ ગ્રંથ કરતાં લગભગ દોઢો મોટો હોવાથી તેની કીંમત રૂ. ૭) રાખવામાં આવી છે. છતાં પણ જે સજ્જનો આ ગ્રંથના ગ્રાહક થઇ અમને તે ગ્રંથ તૈયાર થયે વી. પી. થી મોકલી આપવાનો પત્ર લખી જણાવશે તેમને તે માત્ર રૂ. ૬) ની કીંમતે તૈયાર થયેથી વી. પી. કરીને મોકલી આપીશું. ગ્રંથ બહાર પડયા પછી રૂ. ૭) થી ઓછી કીંમતે તે મળી શકશે નહિ.

બીજા ભાગમાં **ચિકિત્સાસ્થાન**ના ૩૦ અધ્યાય, કલ્પસ્થાનના ૧૨ અધ્યાય અને સિદ્ધિસ્થાનના ૨૯ અધ્યાય છે.

ચિકિત્સામાં ચરકની તુલ્ય એક પણ ગ્રંથ નથી એવું આયુર્વેદના વિદ્વાનો માને છે અને તે ખરૂં પણ છે. આ ભાગમાં લગભગ પ્રથમ ભાગ જેટલાજ ભાગમાં માત્ર ચિકિત્સા સ્થાનનો સમાવેશ છે. અને તેથી દરેક મનુષ્યે આ ગ્રંથ ખરીદવોજ જોઇએ.

ગ્રાહક થનારે હાલમાંજ નામ નોંધાવી દેવું.

પ્રસિદ્ધ કર્તા.
જેઠાલાલ દેવશંકર દવે. વૈદ્ય
તંત્રી ભાગ્યોદય અને પ્રોપ્રાયટર
દવે કેમીકલ વર્કસ—**અમદાવાદ**

श्री चरक संहिता.

વિષયાનુક્રમણિકા.

सूत्रस्थान १.

१ दीर्घजीवित अध्याय ।

વિષય.	પૃષ્ટ.
દીવેલના ગુણ.	૨૭૬
સરસીયાના ગુણ.	૨૭૭
ચારોળીના તેલના ગુણ..	૨૭૭
અળસીના તેલના ગુણ.	૨૭૭
ફળોના તેલના ગુણ.	૨૭૭
મજ્જાવસાના ગુણ.	૨૭૭
સુંઠના ગુણ.	૨૭૭
પીંપરના ગુણ.	૨૭૮
મરીના ગુણ.	૨૭૮
હીંગના ગુણ.	૨૭૮
સીંધવખારના ગુણ.	૨૭૮
સંચળના ગુણ.	૨૭૮
સમુદ્રાદિ લવણના ગુણ.	૨૭૯
જવખારના ગુણ.	૨૭૯
ક્ષારોના ગુણ.	૨૭૯
વર્જિત માંસ.	૨૮૦
માંસ રસનો ગુણ.	૨૮૦
ત્યાગ કરવા યોગ્ય શાક.	૨૮૦
ત્યાગ કરવા યોગ્ય ફળ.	૨૮૦
અનુપાનનું વર્ણન.	૨૮૧
દુધનું અનુપાન.	૨૮૧
અનુપાનનાં કર્મ.	૨૮૨
જળપાનનો નિષેધ.	૨૮૨
ચરાદિપરીક્ષા.	૨૮૩
શરીરા વયવનું વર્ણન.	૨૮૩
સ્વભાવનું વર્ણન.	૨૮૩
ધાતુઓનું ભારે હલકાપણું.	૨૮૩
સંસ્કાર અને માત્રા કૃત ગુરૂ લઘુત્વ.	૨૮૪
અધ્યાયનો ઉપસંહાર.	૨૮૫

विविधशितपीतीय अष्टाविंशोऽध्यायः।२८

હિતકર અહારનાં કર્મ.	૨૮૬
પરિપકવ આહારના ભેદ.	૨૮૬
પ્રસાદ નામ રસના ગુણ.	૨૮૬
અગ્નિવેશનો પ્રશ્ન.	૨૮૭
આત્રેયનો ઉત્તર.	૨૮૭
રસ દોષથી ઉત્પન્ન થયેલ રોગ.	૨૮૯
લોહિના બિગાડના રોગો.	૨૮૯
માંસના બિગાડના રોગ.	૨૮૯
હાડકાંના બિગાડના રોગ.	૨૯૦
મજ્જા દોષના રોગ.	૨૯૦
શુક્રના દોષોથી થતા રોગ.	૨૯૦
કોપિત દોષોનાં કર્મ.	૨૯૦
રસજ રોગોની ચિકિત્સા.	૨૯૧
માંસજ દોષોની ચિકિત્સા.	૨૯૧
મજ્જા શુક્ર દોષોની ચિકિત્સા.	૨૯૧
અધ્યાયનો ઉપસંહાર.	૨૯૩

दशप्राणायतनीय एकोनत्रिंशोऽध्यायः।२९

પ્રાણસ્થાન તથા પ્રાણભિસર.	૨૯૪
વૈદોના ભેદ.	૨૯૪
અગ્નિવેશનો પ્રશ્ન.	૨૯૫
સદ્વૈદ્યનાં લક્ષણ.	૨૯૫
રોગા ભિસરનાં લક્ષણ.	૨૯૭
અધ્યાયનો ઉપસંહાર.	૨૯૭

अर्थे दशमूलीयत्रिंत्तमोऽध्यायः। ३०

હૃદયાધિન શરીરના અવયવ.	૨૯૯
મહામૂલાદિ નામનું કારણ.	૨૯૯
ઓજસ ધાતુના ગુણ કર્મ.	૨૯૯
મહાફલની નિરૂક્તિ.	૩૦૦
અનેકમાં એકની ઉત્કૃષ્ટતા.	૩૦૦
આયુર્વેદ વિત્તનાં લક્ષણ.	૩૦૧
પ્રશ્નના ઉત્તર.	૩૦૧
લક્ષણથી આયુષ્યનું જ્ઞાન.	૩૦૨
હિતાહિત આયુષ્યનું વર્ણન.	૩૦૧
આયુષ્યનું પ્રમાણ.	૩૦૩
આયુર્વેદના નિત્યત્વનું પ્રતિપાદન.	૩૦૩
આયુર્વેદના આઠ અંગ તથા તેનાથી ધર્મ પ્રાપ્તિ.	૩૦૪
આયુર્વેદથી અર્થ પ્રાપ્તિ.	૩૦૪
શાસ્ત્ર વિષયક આઠ પ્રશ્ન.	૩૦૫
આયુર્વેદના પર્યાય વાચી શબ્દ.	૩૦૫
આઠ સ્થાનોનાં નામ.	૩૦૫
અધ્યાયનાં નામ.	૩૦૬
નિદાન સ્થાનના અધ્યાયનાં નામ.	૩૦૭

इति विमानस्थाननी अनुक्रमणिका.

अथ शारीर स्थान।

कतिधा पुरुषीय प्रथमोऽध्याय. १

अतुल गोत्रीय शारीर द्वितीयोऽध्यायः। २

खुड्डीका गर्भावक्रान्ति शारीर तृतीयोऽध्यायः। ३.

॥ श्री धन्वन्तरये नमः ॥

શ્રીચરકસંહિતા

भाषा टीका सहीत.

सूत्रस्थान.

॥ अथ मंगलम् ॥

नामं नामं श्रीगणेशं प्रत्यूह व्यूह नाशनम् ॥
अग्निवेश कृतं तंत्रं नृगिरा वितृणोम्यहम् ॥ १ ॥

અધ્યાય ૧.

પ્રતિજ્ઞા દર્શન.

अथातो दीर्घजीवितमध्यायं व्याख्यास्याम इतिह स्माह भगवानात्रेयः ॥

ભગવાન્ આત્રેય કહે છે કે હવે અમે દીર્ઘજીવિતીય અધ્યાયની વ્યાખ્યા કરીશું.[1]

આયુર્વેદનો અવતરણક્રમ.

दीर्घजीवितमन्विच्छन्भरद्वाजउपागमत् । इन्द्रमुग्रतपाबुद्धाशरण्यममरेश्वरम् ॥ १ ॥

દીર્ઘજીવનની ઇચ્છા કરનાર, પરમતપસ્વી, શ્રીભરદ્વાજ ઋષિ, દેવતાઓના પતિ ઇન્દ્રને આ કાર્યને માટે યોગ્ય સમજીને તેઓની પાસે ગયા. ૧

ब्रह्मणाहियथाप्रोक्तमायुर्वेदंप्रजापतिः । जग्राहनिखिलेनादावश्विनौतुपुनस्ततः ॥ २ ॥ अश्विभ्यांभगवाञ्छक्रःप्रतिपेदेहिकेवलम् । ऋषिप्रोक्तोभरद्वाजः तस्माच्छक्रमुपागमत् ॥ ३ ॥

પ્રથમ બ્રહ્માજીએ જે પ્રમાણે દક્ષ પ્રજાપતિને આયુર્વેદનું સમ્પૂર્ણ રૂપથી કથન કર્યું. તે પ્રમાણે તેઓએ ગ્રહણ કર્યું. ત્યારપછી તેમની (દક્ષપ્રજાપતિ) પાસેથી અશ્વિનીકુમારોએ ગ્રહણ કર્યું. અને અશ્વિનીકુમારો પાસેથી કેવળ ઇન્દ્રેજ અધ્યયન કર્યું; તેથી ઋષિઓની સમ્મતિ પ્રમાણે મહર્ષિ ભરદ્વાજ ઇન્દ્ર પાસે ગયા. ૨-૩.

---

૧. આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચતુર્વિધ પુરૂષાર્થની પ્રાપ્તિને માટેજ સત્પુરુષોની પ્રવૃત્તિ થાય છે. આ સર્વ પુરૂષાર્થોના સાધનને માટે દીર્ઘજીવનની આવશ્યક્તા છે અને તે દીર્ઘજીવન આરોગ્ય રહેવાથીજ પ્રાપ્ત થઈ શકે છે તેમ આરોગ્યતા રાખવા માટેજ આયુર્વેદની પ્રવૃત્તિ છે. તેથી આરોગ્યતાને પ્રધાન રાખીને પ્રથમ દીર્ઘજીવિતીય અધ્યાયનું કથન કરવામાં આવ્યું છે.

આયુર્વેદનું પ્રયોજન.

विघ्नीभूतायदारोगाःप्रादुर्भूता शरीरिणाम् । उपवासतपःपाठब्रह्मचर्य्यव्रतायुषाम् ४ तदाभूतेष्वनुक्रोशं पुरस्कृत्यमहर्षयः । समेताःपुण्यकर्म्माणः पार्श्वे हिमवतःशुभे ॥५॥

જ્યારે મનુષ્યોના ઉપવાસ, તપ, પઠનપાઠન, બ્રહ્મચર્ય, વ્રત, અને આયુષ્યને વિઘ્ન કરનારા રોગો ઉત્પન્ન થયા; ત્યારે પવિત્ર આચરણવાળા મહર્ષિઓ, પ્રાણીઓ ઉપર દયા કરીને હિમાલયના પર્વતના એક સુન્દર ભાગમાં એકત્ર થયા. ૪–૫.

ઋષિઓનું એકત્ર થઈ વિચાર કરવું.

अंगिराजमदग्निश्चवसिष्ठःकश्यपो भृगुः । आत्रेयोगौतमः सांख्यः पुलस्त्योनारदोऽसितः ॥६ ॥ अगस्त्योवामदेवश्चमार्कण्डेयाश्वलायनौ । परीक्षिद्भिक्षुरात्रेयो भरद्वाजःकपिञ्जलः ॥ ७ ॥ विश्वामित्राश्वरथ्यौचभार्गवश्च्यवनोऽभिजित् । भार्ग्यःशाण्डिल्यकौण्डिन्यौवार्क्षिर्देवलगालवौ ॥ ८ ॥ साङ्कृत्योवैजवापिश्च कुशिकोबादरायणः । वडिशःशरलोमाचकाप्यकात्यायनावुभौ ॥ ९ ॥ कांकायनकैकशेयोधौम्योमारीचिकाश्यपौ । शर्कराक्षोहिरण्याक्षो लौगाक्षिः पैंगिरेवच ॥ १० ॥ शौनकःशाकुनेयश्चमैत्रेयो मैमतायनिः । वैखानसावालखिल्यास्तथा चान्येमहर्षयः ॥ ११ ॥

જે ઋષિઓ હિમાલય પર્વતના એક ભાગમાં એકત્ર થયેલા તેઓનાં નામ;–અંગિરા, જમદગ્નિ, વસિષ્ઠ, કશ્યપ, ભૃગુ, આત્રેય, ગૌતમ, સાંખ્ય, પુલસ્ત્ય, નારદ, અસિત, અગસ્ત્ય, વામદેવ, માર્કણ્ડેય, આશ્વલાયન, પારિક્ષિત, ભિક્ષુ, અત્રિ, ભરદ્વાજ, કપિઞ્જલ, વિશ્વામિત્ર, અશ્વરથ્ય, ભાર્ગવ, ચ્યવન, અભિજીત, ગર્ગ, શાંડિલ્ય, કૌંડિન્ય, વાર્ક્ષિ, દેવલ, ગાલવ, સાંકૃત્ય, વૈજવાપિ, કુશિક, બાદરાયણ, વડિશ, સરલોમા, કાપ્ય, કાત્યાયન, કાંકાયન, કૈકશેય, ધૌમ્ય, મરીચિ, કશ્યપ, શર્કરાક્ષ, હિરણ્યાક્ષ, લૌગાક્ષિ, પૈંગિ, શૌનક, શાકુનેય, મૈત્રેય, મૈમતાયનિ, વૈખાનસ, બાલખિલ્ય, અને અન્ય મહર્ષિઓ આવીને એકત્ર થયા. ૬–૭–૮–૯–૧૦–૧૧.

ब्रह्मज्ञानस्यनिधयोदमस्यनियमस्यच। तपसातेजसादीप्ताहूयमानाइवाग्नयः॥१२॥ सुखोपविष्टास्तेतत्रपुण्याश्चक्रुरिमांकथाम्।धर्म्मार्थकाममोक्षाणामारोग्यंमूलमुत्तमम् ॥ १३ ॥ रोगास्तस्यापहर्त्तारःश्रेयसोजीवितस्यच । प्रादुर्भूतोमनुष्याणामन्तरायोमहानयम् ॥ १४ ॥

આ સર્વ મહાત્માઓ બ્રહ્મને જાણવામાં અને ઇન્દ્રિયોને દમન કરવામાં તથા નિયમોને પાલન કરવામાં સમુદ્ર સમાન સમર્થ હતા, અને તપ તેમજ તેજના પ્રભાવથી હવન કરવાથી પ્રજ્વલિત થયેલા અગ્નિના સમાન પ્રકાશમાન થઇ રહ્યા હતા. આ સર્વ મહાત્માઓ સુખપૂર્વક હિમાલય પર્વતના તે પવિત્ર પ્રદેશમાં બેસીને પવિત્ર પ્રસંગ કહેવા લાગ્યા કે, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષનું ઉત્તમ મૂલ આરોગ્યજ છે. અર્થાત્ આરોગ્ય રહેવાથી ધર્માદિ

ચતુર્વિધ પુરૂષાર્થની પ્રાપ્તિ થઇ શકે છે. અને રોગ એ આરોગ્યનું હરણકરનાર છે. આરોગ્ય નહિ રહેવાથી જીવન અને કલ્યાણ (સુખ) પણ નષ્ટ થઈ જાય છે. તેથી તે મનુષ્યોને માટે અત્યન્ત વિઘ્નકારક છે. ૧૨–૧૩–૧૪.

ઉપાયનો નિશ્ચય.

कःस्यात्तेषांशमोपायइत्युक्त्वाध्यानमास्थिताः । अथतेशरणं शक्रंददृशुर्ध्यानचक्षुषा ॥ १५ ॥ सवक्ष्यतिशमोपायंयथावदमरप्रभुः । कःसहस्राक्षभवनंगच्छेत्तंप्रष्टुंशचीपतिम् ॥ १६ ॥

હવે તે રોગોનો નાશ કરવા માટે કયો ઉપાય કરવો જોઇએ. તેને જાણવા માટે સર્વ ઋષિઓએ ધ્યાન ધર્યું. તદનન્તર તે ઋષિઓએ સમાધિદ્વારા જાણ્યું કે આ વિઘ્નથી બચવા માટે ઇન્દ્રના સમીપમાં જવું જોઇએ. પછી નેત્ર ઉઘાડીને સર્વ પરસ્પર કહેવા લાગ્યા કે આ રોગોની શાન્તિનો યથાર્થ ઉપાય આપણને દેવરાજ ઇન્દ્ર બતાવશે, પણ તેઓ પાસે આનો ઉપાય શિખવા માટે કોણ જશે ? ૧૫–૧૬.

अहमर्थेनियुज्येयमत्रेतिप्रथमंवचः । भरद्वाजोऽब्रवीत्तस्मादृषिभिःसनियोजितः ॥१७॥

આ વાતને સાંભળીને સર્વ પહેલાં ભરદ્વાજ ઋષિએ કહ્યું કે આ કાર્ય મ્હને સોંપો હું તે કાર્ય પૂર્ણ કરીશ, તેથી સર્વ ઋષિઓએ તેઓને આ કાર્ય સોંપ્યું. ૧૭.

ભરદ્વાજ ઋષિનું ઇન્દ્રને ત્યાં જવું.

सशक्रभवनंगत्वासुरर्षिगणमध्यगम् । ददर्शबलहन्तारंदीप्यमानमिवानलम् ॥ १८ ॥ सोऽभिगम्यजयाशीर्भिरभिनन्द्यसुरेश्वरम् । प्रोवाचभगवान्धीमानृषीणांवाक्यमुत्तमम् ॥ १९ ॥

ઋષિઓ પાસેથી આજ્ઞા લઇને ભરદ્વાજ ઋષિ ઇન્દ્રના ભવનમાં ગયા. ત્યાં જઇને દેવર્ષિઓના મધ્યમાં સિંહાસન ઉપર પ્રદીપ્ત અગ્નિના સમાન તેજસ્વી ઇન્દ્રને જોયા. ત્યારપછી બુદ્ધિમાન્ ભગવાન ભરદ્વાજે ઇન્દ્રની પાસે જઇને આશિર્વાદ વગેરેથી પ્રસન્ન કરીને ઋષિઓએ કહેવરાવેલા સમાચાર નિવેદન કર્યાં. ૧૮–૧૯.

व्याधयोहिसमुत्पन्नाःसर्वप्राणिभयंकराः । तद्ब्रूहिमेशमोपायं यथावदमरप्रभो ॥२०॥ तस्मैप्रोवाचभगवानायुर्वेदंशतक्रतुः । पदैरल्पैर्मतिंबुद्ध्वाविपुलांपरमर्षये॥२१॥

હે દેવેશ ! પૃથ્વીમાં સર્વ મનુષ્યોને દુઃખ આપનારા રોગો ઉત્પન્ન થઈ ગયા છે. કૃપાકરીને તે રોગોને શાન્ત કરનારા ઉપાયો કહો. આ વચન સાંભળીને ભગવાન્ ઇન્દ્રે ભરદ્વાજ ઋષિને પરમ બુદ્ધિશાલી સમજીને સંક્ષેપમાંજ આયુર્વેદ શાસ્ત્રનો ઉપદેશ કર્યો. ૨૦–૨૧.

આયુર્વેદનું સ્વરૂપ અને ભરદ્વાજનું ઇન્દ્રથી તેને પ્રાપ્ત કરવું.

हेतुलिंगौषधज्ञानंस्वस्थातुरपरायणम् । त्रिसूत्रंशाश्वतं[illegible]ण्यंबुबुधेयंपितामहः॥२२॥ सोऽनन्तपारंत्रिस्कन्धमायुर्वेदंमहामतिः । यथावदचि[illegible]त्सर्वंबुबुधेतन्मना[illegible]निः

॥ २३ ॥ तेनायुरमितंलेभेभरद्वाजःसुखान्वितः । ऋषिभ्योऽनधिकन्तश्चशशंसाऽनवशेषयन् ॥ २४ ॥

જે શાસ્ત્રમાં હેતુ અર્થાત્ રોગને ઉત્પન્ન કરનારા કારણો અને રોગબોધક ચિન્હ તથા ઔષધજ્ઞાન થવાનું સારી રીતે વર્ણન કરવામાં આવ્યું છે, અને આરોગ્ય તથા રોગિઓને માટે પરમ ઉપયોગી છે. જેમાં વાત, પિત્ત, અને કફ એ ત્રણ પ્રધાન સૂત્ર છે તેવા આ સનાતન પવિત્ર આયુર્વેદ શાસ્ત્રને પ્રથમ પિતામહ બ્રહ્માજીએ જાણ્યું. તે આ અનન્ત એવા આયુર્વેદને "જેમાં નિઘંટ, નિદાન, ચિકિત્સા, અથવા વાત, પિત્ત, અને કફ આ ત્રણ સ્કન્ધ છે." મહામતિ ભરદ્વાજ ઋષિએ ચિત લગાવીને સ્વલ્પ સમયમાં સારીરીતે જાણી લીધું. પછી આ આયુર્વેદના પ્રતાપથી તેઓએ દીર્ઘાયુ અને સુખને પ્રાપ્ત કર્યા અને આ શાસ્ત્ર ક્રમપૂર્વક ઋષિઓને ભણાવ્યું. ૨૨–૨૩–૨૪.

ભરદ્વાજથી ઋષિઓનું આયુર્વેદનું ગ્રહણ કરવું.

ऋषयश्चभरद्वाजाज्जगृहुस्तंप्रजाहितम् । दीर्घमायुश्चिकीर्षन्तो वेदंवर्धनमायुषः ॥ २५ ॥ महर्षयस्तेददृशुर्यथावज्ज्ञानचक्षुषा ॥ सामान्यञ्चविशेषञ्चगुणान्द्रव्याणिकर्म्मच ॥ २६ ॥ समवायंचतज्ज्ञात्वातन्त्रोक्तंविधिमास्थिताः । लेभिरेपरमंशर्म्मजीवितंचापिनिर्गदम् ॥ २७ ॥

ઋષિઓએ પણ દીર્ઘાયુ બનવાની ઇચ્છા રાખવાની સાથે પ્રજાના હિતને માટે આ આયુષ વધારનાર શાસ્ત્રનું સમ્યક્ ગ્રહણ કર્યું. પછી આ શાસ્ત્રના જ્ઞાનરૂપી નેત્રદ્વારા તેઓએ સામાન્યતાથી અને અધિકતાથી દ્રવ્યોના ગુણ, સ્વરૂપ અને પ્રયોગ વગેરે કર્મ અથવા બસ્તિકર્મ વગેરે કર્મોનું જ્ઞાન સારી રીત્યે પ્રાપ્ત કર્યું. ત્યારપછી આ સર્વના સૂક્ષ્મ અને સ્થુલ સમુદાયને તથા જે પ્રમાણે પાંચભૂતોથી આરંભ થઈ શારીરિક અને દ્રવ્યોના સૂક્ષ્મ અંશો દ્વારા ચયાપચય, કોપશમન થાય છે તે સર્વને જાણીને આયુર્વેદોક્ત વિધિનું અનુસરણ કરવાથી પરમ આનન્દયુક્ત અને રોગરહિત જીવનને પ્રાપ્ત કર્યું. ૨૫–૨૬–૨૭.

પુનર્વસુનો ૭ શિષ્યોને આયુર્વેદનો ઉપદેશ.

अथमैत्रीपरःपुण्यमायुर्वेदंपुनर्वसुः । शिष्येभ्योदत्तवान्षड्भ्यः सर्वभूतानुकम्पया ॥२८॥ अग्निवेशश्चभेलश्चजतूकर्णः पराशरः । हारीतःक्षारपाणिश्चजगृहुस्तन्मुनेर्वचः ॥२९॥ बुद्धेर्विशेषस्तत्रासीन्नोपदेशान्तरं मुनेः । तन्त्रस्यकर्ताप्रथममग्निवेशो यतोऽभवत् ॥३०॥ अतोभेलादयश्चक्रुःस्वं स्वंतन्त्रंकृतानिच । श्रावयामासुरात्रेयंसर्षिसंघंसुमेधसः ॥ ३१ ॥

ત્યારપછી મિત્રતા પરાયણ પુનર્વસુજીએ સમ્પૂર્ણ પ્રાણિઓ ઉપર કૃપા કરીને આ પવિત્ર આયુર્વેદનું ૭ શિષ્યોને અધ્યયન કરાવ્યું. અને અગ્નિવેશ, ભેલ, જતૂકર્ણ, પરાશર, હારીત, અને ક્ષારપાણી આ ૭ શિષ્યોએ પણ મુનિના ઉપદેશ કરેલા અથવા શિખવાડેલા આયુર્વેદને

ગ્રહણ કર્યું. યદ્યપિ મહર્ષિ આત્રેય (પુનર્વસુ) ના ઉપદેશમાં કાંઈ ભેદ ન્હોતો. તેઓએ સર્વને સમાન ઉપદેશ કર્યો હતો; પરંતુ આ છ શિષ્યોમાં અગ્નિવેશ અધિક બુદ્ધિમાન હતા; તેથી પ્રથમ તંત્ર એટલે ગ્રન્થકર્તા તેઓજ થયા. ત્યાર પછી ભેલ વગેરે પાંચ શિષ્યોએ પણ પોતપોતાના નામથી સંહિતાઓ બનાવીને ઋષિઓમાં બિરાજમાન પોતાના ગુરૂદેવ પુનર્વસુજીને સંભળાવી. ૨૮–૨૯–૩૦–૩૧.

અગ્નિવેશાદિ છ સંહિતાઓમાં ઋષિઓની અનુમતિ.

श्रुत्वासूत्रणमर्थानामृषयःपुण्यकर्म्मणाम् । यथावत्सूत्रितमितिप्रहृष्टास्तेऽनुमेनिरे ॥ ३२ ॥ सर्वएवाऽस्तुवंस्तांश्चसर्वेभूतहितैषिणः । सर्वभूतेष्वनुक्रोशइत्युच्चैरब्रुवन्समम् ॥ ३३ ॥ तंपुण्यंशुश्रुवुः शब्दं दिविदेवर्षयः स्थिताः । सामराःपरमर्षीणांश्रुत्वामुमुदिपरेपरम् ॥ ३४ ॥ अहोसाध्वितिघोषश्चलोकां स्त्रीनन्ववादयत् । नभसिस्निग्धगम्भीरोहर्षाद्भूतैरुदीरितः ॥ ३५ ॥ शिवोवायुर्व्ववौसर्व्वाभाभिरुन्मीलितादिशः । निपेतुःसजलाश्चैवदिव्याःकुसुमवृष्टयः ॥ ३६ ॥

તેઓની બનાવેલી સંહિતાઓને સાંભળીને સર્વે ઋષિઓ પ્રસન્ન થયા. અને મનમાં કહેવા લાગ્યા કે બહુજ સારી રીતે સૂત્રોનો ક્રમ રાખીને ગ્રન્થોને રચ્યા છે. પછી સર્વ સૃષ્ટિના શુભ ચિન્તક તે ઋષિઓ તેઓની સ્તુતિ કરીને કહેવા લાગ્યા કે તમોએ સર્વ પ્રાણિઓ ઉપર દયા કરી છે; તેથી તમોને ધન્ય છે! ઋષિઓની કરેલી આ પવિત્ર આનન્દધ્વનિને સાંભળીને સ્વર્ગના દેવતાઓ અત્યન્ત પ્રસન્ન થયા અને ઘણું સારૂં થયું! ઘણું સારૂં થયું! આ પ્રેમથી ઉચ્ચારણ કરાયેલો શબ્દ ત્રણે લોકમાં ગુંજાર કરતો આકાશ સાથે પ્રતિધ્વનિત થવા લાગ્યો. તે સમયે કલ્યાણકારી મંદ સુગંધ પવિત્ર વાયુ ચાલવા લાગ્યો અને સર્વ દિશાઓ પ્રકાશમય થઈ શોભા આપવા લાગી. દેવલોકથી જલવડે ભીંજાયેલાં સુગંધી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. ૩૨–૩૩–૩૪–૩૫–૩૬.

अथाग्निवेशप्रमुखान्विविशुर्ज्ञानदेवताः । बुद्धिःसिद्धिः स्मृतिर्मेधाधृतिःकीर्त्तिः क्षमादयः ॥३७॥ तानिचानुमतान्येषांतन्त्राणिपरमर्षिभिः । भावाय [illegible]तसङ्घाना प्रतिष्ठां भुविलेभिरे ॥३८॥

ત્યાર પછી આ પુણ્ય કર્મના ફલથી અગ્નિવેશ આદિ છ ગ્રન્થ કર્તાઓના શરીરમાં બુદ્ધિ, સિદ્ધિ, સ્મૃતિ, મેધા, કીર્તિ, ક્ષમા, દયા, આ જ્ઞાન દેવતાઓએ પ્રવેશ કર્યો. અર્થાત્ એ સર્વ ઉત્તમ ગુણો તેઓમાં વાસ કરવા લાગ્યા. અને ઋષિઓ દ્વારા આદર પામેલા તેઓના ગ્રન્થો સર્વ મનુષ્યોના કલ્યાણકારક થઇને પૃથ્વીમાં પ્રતિષ્ટાને પામ્યા. ૩૭–૩૮

આયુર્વેદનું લક્ષણ.

हिताहितंसुखंदुःखमायुस्तस्यहिताहितम् । मानञ्चतच्चयत्रोक्तमायुर्व्वेदःसउच्यते ॥३९॥

• હવે પ્રથમ આયુર્વેદ શબ્દની નિરૂક્તિ કરવામાં આવે છે. જે શાસ્ત્રમાં આયુની હિત અવસ્થા અને અહિત અવસ્થા, સુખયુક્ત અવસ્થા અને દુઃખયુક્ત અવસ્થા, આયુ

અને આયુનું હિત, અહિત તથા આયુનું પરિમાણ કહેવામાં આવ્યું હોય તેને આયુર્વેદ કહેવામાં આવે છે. ૩૯

આયુનાં નામ.

शरीरेन्द्रियसत्त्वात्मसंयोगोधारिजीवितम् । नित्यगश्चानुबन्धश्च पर्य्यायैरायुरुच्यते ॥४०॥

શરીર, ઇન્દ્રિયો મન, આત્મા, તેઓના સંયોગને આયુ કહેવામાં આવે છે. તેનેજ ધારી, જીવિત, નિત્યગ અને અનુબન્ધ પણ કહેવામાં આવે છે. આ સર્વ આયુના પર્યાય વાચક શબ્દો છે. ૪૦

આયુર્વેદનું મહત્ત્વ.

तस्यायुषःपुण्यतमोवेदोवेदविदांमतः । वक्ष्यतेयन्मनुष्याणांलोकयोरुभयोर्हितः ॥ ४१ ॥

વેદને જાણનારાઓએ તે આયુના વેદને અર્થાત્ આયુર્વેદ (વૈદ્યક) શાસ્ત્રને પરમ ઉત્તમ માનેલ છે. આ શાસ્ત્ર મનુષ્યો માટે આ લોકમાં અને પરલોકમાં પરમ હિતકારી છે; તેથી તેનુંજ અત્રે વર્ણન કરવામાં આવે છે. ૪૧

વૃદ્ધિ-હ્રાસના કારણ અને સામાન્ય તથા વિશેષનાં લક્ષણ.

सर्व्वदासर्व्वभावानांसामान्यंवृद्धिकारणम् । ह्रासहेतुर्विशेषश्चप्रवृत्तिरुभयस्यतु ॥ ४२ ॥ सामान्यमेकत्वकरंविशेषस्तुपृथक्त्वकृत् । तुल्यार्थताहिसामान्यं-विशेषस्तुविपर्य्ययः ॥ ४३ ॥

દ્રવ્ય ગુણ કર્મોની સમાનતા તેઓની વૃદ્ધિ કરવામાં કારણરૂપ થાય છે. જેમ ચિકણા પદાર્થના સેવનથી તેના સમાન ચિકણા સ્વભાવવાળા મેદની વૃદ્ધિ થાય છે. અને શોકાતુર અવસ્થામાં શોકયુક્ત વાત સાંભળવાથી શોકની વૃદ્ધિ થાય છે. સર્દીની મોસમમાં તેનાજ સ્વભાવવાળા શિતલ વાયુના ચાલવાથી શીતની અભિવૃદ્ધિ થાય છે. વાત પ્રકૃતિવાળાને વાતકર સમાન ગુણવાળા પદાર્થથી વાત વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે દ્રવ્યાદિની અસમાનતા ઘટાવવાનું કારણ છે. જેમકે-મેદથી અસમાન ગુણવાળું રૂક્ષ પદાર્થ એ મેદને ઘટાડવાનું કારણ થાય છે. શોકાતુર ચિત્તમાં આનન્દદાયક વાતના આગમનથી શોક ઓછો થાય છે. આ પ્રમાણે દ્રવ્યગુણ કર્મોની સમાનતાથી પ્રવૃત્તિની વૃદ્ધિ અને અસમાનતાથી પ્રવૃત્તિ હ્રાસનું કારણ થાય છે. અહિયાં સામાન્યનો અર્થ એકત્વ કરનાર એવો જાણવો અને વિશેષનો અર્થ જુદું કરનાર એવો જાણવો. તુલ્યાર્થતા જેમ મેદમાં સ્નેહ તુલ્ય અર્થ કરે છે—તેને સામાન્ય કહેવાય છે અને વિપર્યય અર્થાત્ ઉલટા અર્થને કરનાર વિશેષ કહેવાય છે. ૪૨-૪૩

આયુર્વેદનો અધિકાર.

सत्त्वमात्माशरीरञ्चत्रयमेतत्रिदण्डवत् । लोकस्तिष्ठतिसंयोगात्तत्रसर्व्वंप्रतिष्ठितम् ॥ ४४ ॥ सपुमांश्चेतनंतच्चतच्चाधिकरणंस्मृतम् । वेदस्यास्यतदर्थंहिवेदोऽयंसम्प्र-काशितः ॥ ४५ ॥

મન, શરીર, અને આત્મા આ ત્રણેનો ત્રણ દંડોના સમાન પરસ્પર સમ્બન્ધ છે. આ ત્રણેના સમ્બન્ધને વૈદ્યકશાસ્ત્રમાં પુરૂષ કહેવામાં આવે છે, અને સમ્પૂર્ણ સંસાર આ ત્રણેના સમ્બન્ધથીજ છે. આ વૈદ્યકશાસ્ત્રમાં તે ત્રણેના સમ્બન્ધિરૂપ પુરુષનેજ પુમાન્ ચેતન, અને આયુર્વેદનું અધિકરણ માનેલો છે. અને તે પુરુષને માટેજ આ આયુર્વેદનો પ્રકાશ કરવામાં આવેલો છે. ૪૪-૪૫

બે પ્રકારના દ્રવ્યો.

खादीन्यात्मामनः कालोदिशश्चद्रव्यसंग्रहः। सेन्द्रियंचेतनंद्रव्यंनिरिन्द्रियमचेतनम्॥४६॥

આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, આત્મા, મન, કાલ, દિશા, આ સર્વ દ્રવ્ય કહેવાય છે. તેમાં પણ ઇન્દ્રિયવાળાઓ ચેતન અને ઇન્દ્રિયરહિત અચેતન કહેવાય છે. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે ઇન્દ્રિયવાળાઓને ચેતન અને વૃક્ષાદિ જડ પદાર્થોને અચેતન કહે છે. ૪૬

ગુણકર્મ.

सार्थागुर्वादयोबुद्धिःप्रयत्नान्ताःपरादयः। गुणाःप्रोक्ताःप्रयत्नादिकर्म तेष्विदमुच्यते४७

શબ્દ, સ્પર્શ, રુપ, રસ, ગન્ધ, અને ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, મન્દ તીક્ષ્ણ, સ્થિર, ચર, મૃદુ, કઠિન, વિશદ, પિચ્છિલ, ખર, શ્લક્ષ્ણ, સ્થુલ, સૂક્ષ્મ, સાન્દ્ર, અને દ્રવ આ વીસ દ્રવ્યના ગુણ છે. બુદ્ધિ, ઇચ્છા, દ્વેષ, સુખ, પ્રયત્ન, પર, અપર, યુક્તિ, સંખ્યા, સંયોગ, વિભાગ, પૃથકત્વ, પરિમાણ, સંસ્કાર, અભ્યાસ આ સર્વે ગુણ કહેવાય છે. અને પ્રયત્ન ચેષ્ટા વગેરે કર્મ કહેવામાં આવે છે. ૪૭

સમવાય.

समवायोऽपृथग्भावोद्रव्यादीनांगुणैर्मतः। सनित्योयत्रहिद्रव्यंनतत्रानियतागुणाः॥४८॥

દ્રવ્ય અને તેઓના ગુણો પોતાનામાં અલગ હોતા નથી. દ્રવ્ય અને ગુણનો નિત્ય સમ્બન્ધ છે. તે નિત્ય સમ્બન્ધને સમવાય સમ્બન્ધ કહે છે. જેમાં દ્રવ્ય રહે છે તેમાં ગુણ પણ નિયત રહે છે. ૪૮.

સમવાયિ કારણ.

यत्राश्रिताःकर्मगुणाःकारणंसमवायियत्। तद्द्रव्यंसमवायी तु निश्चेष्टःकारणंगुणः॥४९॥

જેમાં ગુણ કર્મ મળેલાં રહેતાં હોય, અને ગુણ કર્મનો સમવાયિ હોય તેને દ્રવ્ય કહે છે. જે દ્રવ્યમાં સમવાય અને વ્યાપાર રહિત થયેલું કારણ હોય તેને ગુણ કહે છે. ૪૯

કર્મનું લક્ષણ.

संयोगेचवियोगेचकारणंद्रव्यमाश्रितम्। कर्त्तव्यस्यक्रियाकर्मकर्मनान्यदपेक्षते॥५०॥

જે દ્રવ્યના સંયોગ અને વિયોગમાં કારણ છે અને દ્રવ્યને આશ્રય છે તેને કર્મ કહે છે. કર્તવ્યની જે ક્રિયા છે તેને કર્મ કહે છે તેના શિવાય કર્મ કોઇ બીજાનું નામ નથી. યદ્યપિ વૈદ્યક શાસ્ત્રમાં કર્મ શબ્દથી વમન વિરેચન વિગેરે લેવામાં આવે છે. અને અહિંયાં અન્ય

પ્રકરણ છે પણ આ ઠેકાણે સામાન્યતાથી કર્મ શબ્દનો અર્થ કરેલો છે. તાત્પર્ય એ છે કે, જે કરવા સમયે તે કર્તવ્યની અપેક્ષાથી ક્રિયાનો આરંભ કરવામાં આવે છે તેને કર્મ કહેવામાં આવે છે. આ લક્ષણ વૈદ્યકોપયોગી પંચકર્મ વગેરેમાં પણ ચરિતાર્થ થાય છે; પરંતુ વૈદ્યકમાં કર્મશબ્દની શક્તિ ઘણે ઠેકાણે પંચકર્મથીજ સમ્બન્ધ રાખે છે. ૫૦

વૈદ્યકનું પ્રયોજન.

इत्युक्तंकारणंकार्यंधातुसाम्यमिहोच्यते। धातुसाम्यक्रियाचोक्तातन्त्रस्यास्यप्रयोजनम्५१

આ પ્રમાણે અહિયાં સામાન્યતાથી કાર્ય કારણનું કથન કર્યું હવે રસ રકત વગેરે ધાતુઓની સામ્યાવસ્થા અને તેઓની સામ્યાવસ્થામાં રાખવાનો ક્રમ કહેવામાં આવશે. કારણકે આ શાસ્ત્રનું પ્રયોજન જ ધાતુઓની [1]સામ્યતાનું છે. ૫૧

વ્યાધિઓના હેતુ અને આશ્રય.

कालबुद्धीन्द्रियार्थानांयोगोमिथ्यानचातिच। द्वयाश्रयाणांव्याधीनांत्रिविधोहेतुसंग्रहः५२
शरीरंसत्त्वसंज्ञंचव्याधीनामाश्रयोमतः। तथासुखानांयोगस्तुसुखानांकारणंशमः॥५३

કાલ, બુદ્ધિ, ઈન્દ્રિય, વિષય તેઓનો મિથ્યાયોગ, અયોગ અને અતિયોગ આ ત્રણ પ્રકારના વ્યાપારનું હોવું એજ શારીરિક અને માનસિક વ્યાધિઓનું કારણ છે. શરીર અને મન એ બન્ને રોગોના અધિષ્ટાન છે અર્થાત્ રોગ એ શરીરમાં અને મનમાંજ થાય છે. અને કાલ, બુદ્ધિ, ઈન્દ્રિયોના વિષય, તેઓનો ઊચિત યોગ રહેવાથી રોગ ન થતાં સુખની પ્રાપ્તિ થાય છે. ૫૨–૫૩.

આત્માનું લક્ષણ.

निर्विकारः परस्त्वात्मासत्त्वभूतगुणेन्द्रियैःचेतनेकारणंनित्योद्रष्टापश्यतिहिक्रियाः॥५४॥

આત્મા નિર્વિકાર છે, પર છે, અને મન, પંચભૂત, અને ઇન્દ્રિયો તેઓના ચૈતન્યમાં કારણ છે, નિત્ય છે, દ્રષ્ટા છે અને સર્વ ક્રિયાને જુએ છે. ૫૪

રોગોના કારણ.

वायुः[illegible]श्चोक्तःशारीरोदोषसंग्रहः। मानसःपुनरुद्दिष्टोरजश्चतमएवच ॥ ५५ ॥

વાત, પિત, અને કફ આ ત્રણ શારીરિક દોષ છે. રજોગુણ અને તમોગુણ માનસક દોષ છે. અર્થાત્ વાત, પિત્ત, અને કફ તેઓ બગડીને શરીરમાં રોગ ઉત્પન્ન કરે છે. અને રજોગુણ તથા તમોગુણ મનમાં રોગ ઉત્પન્ન કરનાર છે. ૫૫

દોષોનું શમન.

प्रशाम्यत्यौषधैःपूर्वोद्रव्ययुक्तिव्यपाश्रयैः। मानसोज्ञानविज्ञानधैर्यस्मृतिसमाधिभिः॥५६॥

---

૧ "**विकारो धातुवैषम्यं शाम्यं प्रकृतिरुच्यते**" શરીરમાં રહેલા ધાતુની વિષમતા એટલે વિકાર અને સરખાપણું એટલે પ્રકૃતિ (આરોગ્ય) એવું કહેલ છે. આરોગ્ય રહેવા માટે શરીરના સમસ્ત ધાતુઓ સમાન રહેવાં જોઈએ.

શારીરિક રોગો દ્રવ્યોની યુક્તિઓ સાથે સમ્બન્ધ રાખનારા ઔષધોથી શાન્ત થાય છે અને માનસિક રોગો જ્ઞાન, વિજ્ઞાન, ધૈર્ય સમાધિ વગેરેથી શાન્ત થાય છે. ૫૬

વાયુના ગુણ અને તેના શમનનો ઉપાય.

रूक्षःशीतोलघुःसूक्ष्मश्चलोऽथविषदःखरः। विपरीतगुणैर्द्रव्यैर्मारुतःसंप्रशाम्यति॥५७॥

ત્રણે દોષોમાં પ્રથમ વાયુનો સ્વભાવ લખવામાં આવે છે. વાયુ રૂક્ષ, શીતલ, લઘુ, સૂક્ષ્મ, ચંચલ, વિશદ અને ખર હોય છે. તેનાથી વિપરીત સ્નિગ્ધ, ઉષ્ણ વગેરે ગુણોવાળા દ્રવ્યોથી શાન્તિને પ્રાપ્ત થાય છે. ૫૭

પિત્તના ગુણ અને તેના શમનનો ઉપાય.

सस्नेहमुष्णंतीक्ष्णंचद्रवमम्लंसरंकटु। विपरीतगुणैःपित्तंद्रव्यैराशुप्रशाम्यति॥५८॥

પિત્ત,-સ્નેહયુક્ત, ઉષ્ણ, તીક્ષ્ણ, પાતળો, ખાટો, સારક અને કડવા સ્વભાવવાળો છે. તેનાથી વિપરીત રૂક્ષ, શીતાદિગુણવાળા દ્રવ્યોથી શાન્ત થાય છે. ૫૮

કફના ગુણ અને તેના શમનનો ઉપાય.

गुरुशीतमृदुस्निग्धमधुरस्थिरपिच्छिलाः। श्लेष्मणःप्रशमंयान्तिविपरीतगुणैर्गुणाः॥५९॥

કફ-ભારી, શીતલ, મૃદુ, ચિકણો, મધુર, સ્થિર, પિચ્છિલ સ્વભાવવાળો છે અને તે-નીથી વિપરીત હલકા, ઉષ્ણ, ચટપટાં, રૂક્ષ ગુણવાળા દ્રવ્યોથી તે શાન્ત થાય છે. ૫૯

ચિકિત્સાનો સાધારણ નિર્દેશ.

विपरीतगुणैर्देशमात्राकालोपपादितैः। भेषजैर्विनिवर्त्तन्ते विकाराःसाधुसंमताः॥६०॥
साधनंनत्वसाध्यानांव्याधीनामुपदिश्यते। भूयश्चातोयथाद्रव्यंगुणकर्मप्रवक्ष्यते॥६१॥

કારણ અને કારણથી ઉત્પન્ન થયેલી વ્યાધિથી વિપરીત ગુણવાળા દ્રવ્યોના દેશકાલ અને માત્રાનો વિચાર કરીને ઉપયોગ કરવાથી સાધ્ય વ્યાધિઓની શાન્તિ થાય છે; પરન્તુ જે સર્વ લક્ષણોથી અસાધ્ય રોગ છે; તેની શાન્તિ થતી નથી. વળી પણ દ્રવ્યોનાં ગુણ તથા કર્મનું કથન કરવામાં આવે છે. ૬૦-૬૧

રસસ્વરૂપનિદર્શન.

रसनार्थोरसस्तस्यद्रव्यमापःक्षितिस्तथा। निर्वृत्तौचविशेषेचप्रत्ययाःखादयस्त्रयः॥६२॥

રસનો સ્વાદ જીહ્વા દ્વારા થાય છે: કારણકે રસ, એ રસના (જીહ્વા) ઇન્દ્રિયનો વિષય છે. તે રસનું કારણ પૃથ્વી અને જલજ માનવામાં આવેલ છે. જેથી તો તે રસમાં ન્યૂનતા અને અધિકતા પહોંચાડવામાં આકાશ, અગ્નિ, વાયુ, આ ત્રણેને પણ કારણ માનેલ છે. ૬૨

રસોની સંખ્યા અને નામ.

स्वादुरम्लोऽथलवणोकटुकस्तिक्त एवच। कषायश्चेतिषट्कोऽयंरसानांसंग्रहःस्मृतः॥६३॥

મીઠો, ખાટો, ખારો, તીખો, કડવો અને કષાય (તુરો) આ પ્રધાન ૭ રસ છે. ૬૩.

રસોનું કાર્ય.

स्वाद्वम्ललवणावा [illegible] कषायस्वादुतिक्तकाः। जयन्तिपित्तंश्लेष्माणंकषायकटुतिक्तकाः॥६४॥

તેમાં મીઠો, ખાટો, ખારો આ ત્રણ રસ વાયુને શાન્ત કરેછે. કષાય, (તુરો) મીઠો, કડવો, આ ત્રણ રસ પિત્તને શાન્ત કરે છે. કષાય, તીખો અને કડવો આ ત્રણ કફને શાન્ત કરે છે. ૬૪

દ્રવ્યના ત્રણ પ્રકાર.

किञ्चिद्दोषप्रशमनंकिञ्चिद्धातुप्रदूषणम् । स्वस्थवृत्तौहितंकिञ्चिद्द्रव्यंत्रिविधमुच्यते ॥६५॥

કોઇ દ્રવ્ય દોષોને શમન કરવાવાળા હોય છે. કોઇ દ્રવ્ય એવા હોય છે જે રસ રક્ત વગેરે ધાતુઓને દૂષિત કરે છે. કોઇ એવા છે જે સ્વસ્થ અવસ્થાની રક્ષા કરે છે. આ પ્રમાણે દ્રવ્ય ત્રણ પ્રકારના હોય છે. ૬૫.

જાંગમાદિ ભેદથી બીજા ત્રણ પ્રકાર.

तत्पुनस्त्रिविधंज्ञेयंजाङ्गमौद्भिदपार्थिवम् ॥ ६६ ॥

વળી તે દ્રવ્ય જંગમ, ઓદ્ભિદ, પાર્થિવ, આ ભેદોથી ત્રણ પ્રકારના છે. ૬૬.

જાંગમ દ્રવ્ય વર્ણન.

मधूनिगोरसाः पित्तंवसामज्जासृगामिषम् । विण्मूत्रचर्मरेतोऽस्थिस्नायुशृङ्गंखरानखाः । जङ्गमेभ्यःप्रयुज्यन्तेकेशालोमानिरोचनाः ॥ ६७ ॥

તેઓમાં મધ, દુધ,પિત્ત, ચરબી, મજ્જા, રક્ત, માંસ, મલ, મૂત્ર, ચર્મ, વિર્ય, હાડકાં, સ્નાયુ, સીંગડાં, નખ, ખુર, કેશ, લોમ, રોચન, આ જંગમ દ્રવ્ય માનવામાં આવે છે. ૬૭.

પાર્થિવ દ્રવ્ય વર્ણન.

सुवर्णसमलाःपञ्चलोहाःससिकतासुधा । मनःशिलालेमणयोलवणंगैरिकाञ्जने ॥ ६८ ॥ भौममौषधमुद्दिष्टमौद्भिदन्तुचतुर्विधम् । वनस्पतिर्वीरुधश्चवानस्पत्यस्तथौषधिः ॥ ६९ ॥ फलैर्वनस्पतिःपुष्पैर्वानस्पत्यःफलैरपि । ओषध्यःफलपाकान्ताः प्रतानैर्वीरुधःस्मृताः ॥ ७० ॥

સુવર્ણ, રૂપું, ત્રામ્બુ, શીશું, કલાઇ, લોઢું, અને તેઓના મલ; રેતી, ચૂનો, મનસિલ, હડતાલ,હીરા વગેરે મણીઓ, મીઠું, અંજન (સુરમો), ગેરૂ, આ સર્વ પાર્થિવ દ્રવ્ય કહેવાયછે. ઓદ્ભિદ દ્રવ્ય ચાર પ્રકારનાં છે. જેમકે વનસ્પતિ, વિરૂધ, વાનસ્પત્ય, ઔષધિ. તેમાંથી જેમાં કેવળ ફલજ લાગે છે તેને વનસ્પતિ કહેવામાં આવે છે. જેમાં ફુલ ફલ બન્ને લાગે છે તેને વાનસ્પત્ય કહેવામાં આવે છે. જે ફલ પાકતાં સુકી જાય તેને ઔષધિ કહેવામાં આવે છે. જે પ્રસરે છે તેને વિરૂધ એટલે વેલ કહેવામાં આવે છે. ૬૮-૬૯-૭૦.

ઔદ્‌ભિજ્જ અને મુલિની વર્ણન.

मूलत्वक्सारनिर्यासनाडस्वरसपल्लवाः । क्षाराःक्षीरंफलं पुष्पंभस्मतैला निकण्टकाः ॥ ७१ ॥ पत्राणिशुङ्गाःकन्दाश्चप्ररोहाश्चौद्भिदोगणः । मूलिन्यःषोडशैकोनाःफलिन्योविपरीतकाः ॥ ७२ ॥

જડ, ત્વચા, સાર, ગુંદર, નાડી, રસ, કુંપળ, પાન, ખાર, દુધ, ફલ, પુષ્પ,ભસ્મ, તેલ, કાંટા, શીંગ, કંદ, અંકુર, તે સર્વ ઔદ્‌ભિદ દ્રવ્યોમાં ગ્રહણ કરવામાં આવે છે. તેમાં ૧૬ પ્રકારની ઔષધિઓનાં મૂળજ લેવામાં આવે છે. ૧૯ પ્રકારની ફલ પ્રધાન માનવામાં આવે છે બાકી સર્વનાં ફલ, ફૂલ મૂલ, છાલ, રસ, વગેરે ઉપયોગમાં આવે છે. ૭૧–૭૨

મહાસ્નેહાદિ વર્ણન.

महास्नेहाश्चचत्वारःपंचैवलवणानिच । अष्टौमूत्राणिसंख्यातान्यष्टावेवपयांसिच ॥ ७३ ॥ शोधनार्थाश्चषड्वृक्षाःपुनर्वसुनिदर्शिताः । यएतान्वेत्तिसंयोक्तुंविकारेषुसवेदवित् ॥ ७४ ॥

ચાર મહાસ્નેહ, પાંચ લવણ, આઠ મૂત્ર અને આઠ પ્રકારનાં દુધ કહેલાં છે. અને વમન, વિરેચન, વગેરે સંશોધન કાર્યને માટે પુનર્વસુએ ૬ પ્રકારનાં વૃક્ષ કહ્યાં છે. જે આ સર્વના વિકારોમાં વિધિ પ્રમાણે ઉપયોગ કરતાં જાણે છે; તેજ આયુર્વેદનો જાણનાર છે. ૭૩–૭૪.

છર્દનિય દ્રવ્ય તથા મસ્તકના વિરેચન.

हस्तिदन्तीहैमवतीश्यामात्रिवृदधोगुडा । सप्तलाश्वेतनामाच प्रत्यक्श्रेणीगवाक्ष्यपि ॥ ७५ ॥ ज्योतिष्मतीचबिम्बीचशणपुष्पीविषाणिका । अजगन्धाद्रवन्तीचक्षीरिणीचात्रषोडशी ॥ ७६ ॥ शणपुष्पीचबिम्बीचछर्दनेहैमवत्यपि । श्वेताज्योतिष्मतीचैवयोज्याशीर्षविरेचने ॥ ७७ ॥ एकादशावशिष्टायाःप्रयोज्यास्ताविरेचने । इत्युक्तानामकर्मभ्यांमूलिन्यः फलिनीःशृणु ॥ ७८ ॥

હવે ઉપરોક્ત દ્રવ્યોનું ક્રમશઃ વર્ણન કરવામાં આવે છે. નાગદંતી, ઘોડાવજ, કાલી નિશોથ (નસોતર), લાલ નિશોથ (નસોતર), વરધારો, સાતલા (શાતલા થોર), સફેદ અપરાજીતા (ધોળી ગરણી–કુંપો), ઇન્દ્રવરણું, માલકાંકણી, કંદૂરીશંખાવળી, ઘંટારવા (ધોળી કાંકચ), વિપાણિકા, (મેજશીંગી અથવા આંવર્તકી) અજગંધા (ખોરાસાની અજમો), દ્રવંતી નેપાળો, અને દુધલી આ ૧૬ દ્રવ્ય મૂલ પ્રધાન છે અર્થાત્ જ્યાં તેઓનું કોઇ અંગ ન કહેલું હોય તો મૂળજ લેવું જોઇએ; કારણ કે તેઓના મૂલમાંજ અધિક ગુણ રહેલા છે. તેઓમાં શંખપુષ્પી, કંદૂરી, વચ, આ ત્રણે વમન (ઉલ્ટી) કરાવવાના કામમાં લેવામાં આવે છે. શ્વેતા અને માલકાંકણી શિરોવિરેચનમાં ઉપયોગી થાય છે અને બાંકીની ૧૧ ઔષધિઓ વિરેચન કરાવવાના કામમાં આવે છે. આ તો ૧૬ મૂલ પ્રધાન ઔષધિઓ કહી. હવે ફલ પ્રધાન ઔષધિઓ સાંભળો. ૭૫–૭૬–૭૭–૭૮.

વમન અને આસ્થાપન કરનાર ફલ.

शंखिन्यथविडङ्गानित्रपुषंमदनानिच । आनूपं स्थल जंचैवक्लीतकंद्विविधंस्मृतम् ॥ ७९ ॥ प्रकीर्य्याचोदकीर्य्याच प्रत्यक्पुष्पीतथाभया । अन्तःकोटरपुष्पीचह-स्तिपर्ण्यश्चशारदम् ॥ ८० ॥ कम्पिल्लकारग्वधयोःफलंयत्कुटजस्यच । धामा-र्गवमथेक्ष्वाकुजीमूतंकृतवेधनम् ॥ ८१ ॥ मदनंकुटजश्चैवत्रपुषंहस्तिपर्णिनी । एतानिवमनेचैवयोज्यान्यास्थापनेषु च ॥ ८२ ॥ दशयान्यवशिष्टानितान्युक्ता-निविरेचने । नामकर्म्मभिरुक्तानिफलान्येकोनविंशतिः ॥ ८३ ॥

શંખપુષ્પી, વાવડીંગ, ત્રપુષકાકડી, મીંઢોળ, અનુપજ (ભૂમીમાં ઉત્પન્ન થયેલ) અને જલજ, (જળમાં ઉત્પન્ન થયેલ) જેઠીમધ, અંઘેડો, કડવી તુમ્બડી, કડવાં તુરીયાં, કુકડવેલ અને કૃતવેધન, (આ બન્ને પણ તુરીયાંના ભેદ છે) કુંજા, લતાકરંજ, ચિરચિટા, હરડે, અન્તઃકોટર પુષ્પી, હસ્તિપર્ણી, મીઠાં તુરીયાં, કપીલા, અમલતાસ, અને ઇંદ્રજવ આ. ૧૯ ફલપ્રધાન છે, તેમાંથી કડવાં તુરીયાં, કડવાં ઘીસોડાં, કડવી તુંબડી, કૃતવેધન (આ પણ તુરીયાનો ભેદ છે.) મીંઢોળ, ઇન્દ્રજવ, ખીરા, હસ્તીપર્ણી, (મીઠાં તુરીયાં) આ આઠ દ્રવ્ય વમન અને આસ્થાપનમાં (બસ્તી આપવામાં) કામ આવે છે. પ્રત્યક્પુષ્પી, (અઘેડાના બીનું ચૂર્ણ) નસ્ય અને વમનમાં ઉપયોગી છે, બાકીના દશ ફલપ્રધાન દ્રવ્યો વિરેચનમાં ઉપયોગી થાય છે, આ પ્રમાણે ફલપ્રધાન ૧૯ ઔષધિયોનાં નામ અને કર્મનું કથન કરેલું છે. ૭૯–૮૦–૮૧–૮૨–૮૩.

ચાર પ્રકારના સ્નેહ.

सर्पिस्तैलंवसामज्जास्नेहोदृष्टश्चतुर्विधः।पानाभ्यञ्जनबस्त्यर्थे नस्यार्थेचैवयोगतः॥८४॥ स्नेहनाजीवनावल्यावर्णोपचयवर्धनाः । स्नेहाह्येतेषुविहितावातपित्तकफापहाः ॥८५॥

ઘી, તેલ, ચરબી મજ્જા આ ચાર પ્રકારના સ્નેહ જોવામાં આવે છે. આ ઘણું કરીને પીવામાં, માલીસ કરવામાં,બસ્તિ કર્મમાં અને નસ્યમાં ઉપયોગી છે. આ ચાર પ્રકારના સ્નેહ, શરીરને ચિકણાં બનાવનાર, કાંતિ વધારનાર, આયુષ્યનું રક્ષણ કરનાર અને શક્તિ તથા પુષ્ટિ આપનાર છે. તેમજ વાત, પિત્ત, કફ, આ ત્રણ રોગોને પણ દૂર કરે છે.૮૪–૮૫

લવણ પંચક.

सौवर्चलंसैन्धवञ्चविडमौद्भिदमेवच । सामुद्रेणसहैतानिपञ्चस्युर्लवणानिच॥८६॥ स्निग्धान्युष्णानितीक्ष्णानिदीपनीयतमानिच । आलेपनार्थेयुज्यन्तेस्नेहस्वेदविधौ-तथा ॥ ८७ ॥ अधोभागोर्द्धभागेषुनिरूहेष्व- वासने । अभ्यञ्जनेभोजनार्थे शिरसश्चविरेचने ॥ ८८ ॥ शस्त्रकर्म्म [illegible] मञ्जनोच्छादनेषुच । अजीर्णा-नाहयोर्वातेगुल्मेशूलेतथोदरे ॥ ८९ ॥

સંચળ, સીંધાલુણ, વિડ, ઉદ્‌ભિદ, (સુરોખાર) સામુદ્ર (મીઠું) આ પાંચ પ્રકારના

લવણુ થાય છે. આ ચિકણા, ગર્મ, તીક્ષ્ણ અત્યન્ત ક્ષુધાવર્દ્ધક છે અને લેપ, સ્નેહ, સ્વેદ, વગેરે કર્મમાં શરીરના નીચે ઉપરના ભાગોમાં ઉપયોગી થાય છે. તથા નિરૂહણ, અનુવાસન, અભ્યંગ, ભોજન, શિરોવિરેચન, શસ્ત્રકર્મ, વર્તી, અંજન, ઉત્સાદન, અજીર્ણ, આફરો બાદી, ગોળો, શૂલ, અને ઉદર રોગ એ સર્વમાં તેનો પ્રયોગ કરવામાં આવે છે. ૮૬-૮૭-૮૮-૮૯.

મૂત્રાષ્ટક તથા તેનો ઉપયોગ.

उक्तांनिलवणान्यूर्द्धंमूत्राण्यष्टौनिबोधमे । मुख्यानियानिह्यष्टानिसर्वाण्यात्रेयशासने ॥ ९० ॥

ઉપર સર્વ લવણોનું કથન કરવામાં આવ્યું છે. હવે આઠ પ્રકારના મૂત્રોનું વર્ણન સાંભળો. જે આત્રેય શાસનમાં આઠ પ્રકારનાં પ્રધાન છે. ૯૦

अविमूत्रमजामूत्रंगोमूत्रंमाहिषंतथा । हस्तिमूत्रमथोष्ट्रस्यहयस्यचखरस्यच ॥९१॥ उष्णन्तीक्ष्णमथोस्निग्धंकटुकंलवणान्वितम् । मूत्रमुत्सादनेयुक्तं युक्तमालेपनेषुच ॥ ९२ ॥ युक्तमास्थापनेयुक्तंमूत्रञ्चापिविरेचने । स्वेदेष्वपिचतद्युक्तमानाहेषुगदेषुच ॥ ९३ ॥ उदरेष्वथचार्शस्सुगुल्मकुष्ठकिलासिषु । तद्युक्तमुपनाहेषुपरिषेकेतथैवच ॥ ९४ ॥ दीपनीयंविषघ्नंचक्रिमिघ्नंचोपदिश्यते । पांडुरोगोपसृष्टानामुत्तमंशर्मचोच्यते ॥९५॥ श्लेष्माणंशमयेत्पीतंमारुतञ्चानुलोमयेत् । कर्षेत्पित्तमधोभागमित्यस्मिन्गुणसंग्रहः॥९६॥ सामान्येनमयोक्तंतुपृथक्त्वेनप्रवक्ष्यते ॥९७॥

બકરીનું મૂત્ર, ઘેટીનું મૂત્ર, ગોમૂત્ર, ભેંસનું મૂત્ર, હાથણીનું મૂત્ર, ઉંટડીનું મૂત્ર, ઘોડીનું મૂત્ર, ગધેડીનું મૂત્ર આ આઠ મૂત્ર છે. તેઓ ગરમ, તીક્ષ્ણ, ચિકણાં કડવાં અને ખારાં છે. આ મૂત્રોનુ ઉત્સાદન, લેપ, આસ્થાપન, વિરેચન, સ્વેદન, આફરો, ઉદર રોગ, અર્શ, ગુલ્મ, કુષ્ટ, કિલાસ, પોટીસ, શેક તેમાં પ્રયોગ કરવામાં આવે છે. તથા અગ્નિને દીપન કરે છે અને વિષ તથા કૃમીનેનષ્ટ કરે છે. આ મૂત્રોનો ઉપયોગ સર્વ પ્રકારના પાંડુરોગોમાં અત્યન્ત ઉત્તમ માનેલ છે. તેને પીવાથી કફ શાન્ત થાય છે. વાયુનું અનુલોમન થાય છે, અને વધેલો પિત્ત નીચે ગમન કરીને નિકળી જાય છે. આ સામાન્યતાથી મૂત્રોનાં લક્ષણ કહેવામાં આવ્યાં છે. હવે વિસ્તારથી સાંભળો. ૯૧ થી ૯૭.

મેષાદિ મૂત્રના ગુણ.

अविमूत्रंसतिक्तंस्यात् स्निग्धंपित्ताविरोधिच ॥ आजंकषायमधुरं पथ्यंदोषान्निहन्तिच । गव्यंसमधुरंकिञ्चिद्दोषघ्नंक्रिमिकुष्ठनुत् ॥ ९८ ॥ कण्डूलंशमयेत्पीतंसम्यग्दोषोदरेहितम् । अर्शःशोफोदरघ्नन्तुसक्षारंमाहिषंसरम् ॥ ९९ ॥ हस्तिकंलवणंमूत्रंहितन्तुक्रिमिकुष्ठिनाम् । प्रशस्तंबद्धविण्मूत्रविषश्लेष्मामयार्शसाम् ॥१००॥ सतिक्तंश्वासकासघ्नमर्शोघ्नंचौष्ट्रमुच्यते । वाजिनांतिक्तकटुकंकुष्ठव्रणविषापहम्

॥ १०१ ॥ खरमूत्रमपस्मारोन्मादग्रहविनाशनम् । इतीरितानिमूत्राणियथासा-मर्थ्ययोगतः ॥ १०२ ॥

ઘેટીનું મૂત્ર–કડવું, ચિકણું, ગરમ અને પિત્તને કુપિત નહિ કરનાર છે. **બકરીનું મૂત્ર** કષાય, મીઠું, પથ્ય અને ત્રિદોષ નાશ કરે છે. ગોમૂત્ર કષાય, (તુરૂ) મીઠું, કાંઇ કાંઇ દોષોનું નાશક, કૃમી તથા કુષ્ટને નષ્ટ કર્તા ખુજલી નાશક, અને પીવાથી ઉપરના સર્વ વિકારોને શાન્ત કરે છે. **ભેંસનું મૂત્ર**,–અર્શ, શોથ, અને ઉદર રોગોને નષ્ટ કરે છે. અને ખારૂં તથા રેચક છે. **હાથીનું મૂત્ર**–ખારૂં છે અને કૃમી કુષ્ટ તથા મલમૂત્રના અવરોધને નષ્ટ કરે છે. તથા વિષ અને વિકાર કફ અને અર્શવાળાઓને હિતકારી છે. **ઊંટનું મૂત્ર**–કટુતા યુક્ત, શ્વાસકાસ નાશક અને અર્શ મટાડનાર છે. **ઘોડાનું મૂત્ર**–કડવું છે, તીખું છે, અને કોઢ, ઘા, વિષ તેને નષ્ટ કરે છે. **ગધેડાનું મૂત્ર**.–મૃગી, ઉન્માદ, ગ્રહદોષ, તેઓને નષ્ટ કરે છે. આ પ્રમાણે ક્રમપૂર્વક મૂત્રોના ગુણનું કથન કરવામાં આવ્યું છે. ૯૮ થી ૧૦૨.

ઘેટી, બકરી, ગાય, વગેરેના દુધોનું વર્ણન.

अतःक्षीराणिवक्ष्यन्तेकर्मचैषांगुणाश्चये । अविक्षीरमजाक्षीरंगोक्षीरंमाहिषचयत् ॥१०३॥ उष्ट्रीणामथनागीनांवडवायाःस्त्रियास्तथा । प्रायशोमधुरंस्निग्धंशीतं-स्तन्यंपयः स्मृतम् ॥ १०४ ॥ प्रीणनंबृंहणंवृष्यंमेध्यंबल्यंमनस्करम् । जीवनी-यंश्रमहरं श्वासकासनिबर्हणम् ॥ १०५ ॥ हन्तिशोणितपित्तञ्चसन्धानंविहतस्यच। सर्वप्राणभृतांसात्म्यंशमनंशोधनंतथा ॥ १०६ ॥ तृष्णाघ्नंदीपनीयंचश्रेष्ठंक्षीणक्ष-तेषुच । पाण्डुरोगेऽम्लपित्तेचशोषेगुल्मेतथोदरे ॥ १०७ ॥ अतीसारज्वरेदाहे श्वयथौचविधीयते ॥ योनिशुक्रप्रदोषेषुमूत्रेष्वप्रसरेषुच ॥ १०८ ॥ पुरीषेग्रथिते-पथ्यं वातपित्तविकारिणाम् । नस्यालेपावगाहेषुवमनास्थापनेषुच ॥ १०९ ॥ विरेचनेस्नेहनेचपयःसर्वत्रयुज्यते। यथाक्रमंक्षीरगुणानेकैकस्यपृथक्पृथक् ॥११०॥ अन्नपानादिकेऽध्यायेभूयोवक्ष्याम्यशेषतः ॥ १११ ॥

હવે દુધોના અને તેના ગુણકર્મોનું વર્ણન કરવામાં આવે છે. ઘેટી, બકરી, ગાય, ભેંસ, ઊંટણી, હાથણી, ઘોડી, સ્ત્રી આ આદિના દુધ મીઠાં, ચિકણાં, શીતલ, સ્તનોમાં દુધ વધારનાર, પોષક, માંસવર્દ્ધક, વીર્યજનક, બુદ્ધિ, બલ, મનની શક્તિ વધારનાર, જીવનકારક, શ્રમહારક, શ્વાસકાસનાશક, રક્તપિત્તના હરનાર, તૂટેલાં અંગોને જોડનાર, સર્વ પ્રાણીઓને સાત્મ્ય, દોષોને શમન અને શોધન કરનાર, તૃષાનાશક, દીપક અને ક્ષત ક્ષીણમાં અત્યન્ત પથ્ય છે. તથા પાંડુરોગ, અમ્લપિત્ત, શોષ, ગુલ્મ, ઉદર રોગ, અતિસાર, જ્વર, દાહ, સોજો, યોનિદોષ, શુક્રદોષ, મૂત્રરોગ, અને મલગ્રન્થીમાં પથ્ય છે અને વાતપિત્તના રોગીઓને હિતકારી છે તેઓના પ્રયોગ નસ્ય, લેપ, અવગાહન, વમન, આસ્થાપન, વિરેચન, સ્નેહન, આ કર્મોમાં કરવામાં આવે છે. આ પ્રમાણે સામાન્યતાથી દુધોના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું. આગળ અન્નપાનાદિના વર્ણનોના અધ્યાયમાં સર્વના ગુણોનું જુદું જુદું વર્ણન કરવામાં આવશે. ૧૦૩ થી ૧૧૧.

થોરના દુધના ગુણ.

अथापरेत्रयोवृक्षाः पृथग्येफलमूलिभिः। स्नुह्यर्काऽश्मन्तकास्तेषामिदंकर्म्मपृथक्पृथक्॥ वमनेऽश्मन्तकंविद्यात्स्नुहीक्षीरं विरेचने ॥ ११२ ॥

હવે ફલ પ્રધાન અને મૂલ પ્રધાન વૃક્ષોથી અન્ય ત્રણ વૃક્ષોનું વર્ણન કરવામાં આવે છે. તે આ પ્રમાણે છે. ૧ થોર, આકડો, ખાટીલુણી તેમાં ખાટીલુણી ઉલ્ટી કરાવવામાં અને થોરનું દુધ જુલાબ આપવાના કામમાં આવે છે. ૧૧૨.

આકડાના દુધના ગુણ.

क्षीरमर्कस्यविज्ञेयंवमनेसविरेचने ॥ ११३ ॥

આકડાનું દુધ વિરેચન, અને વમનમાં ઉપયોગી છે, ૧૧૩.

વીરેચનીય વૃક્ષ.

इमांस्त्रीनपरान्वृक्षानाहुर्येषांहितास्त्वचः। पूतिकः कृष्णगन्धाचतिल्वकश्चतथातरुः। विरेचनेप्रयोक्तव्यःपूतिकस्तिल्वकस्तथा ॥ ११४ ॥ कृष्णगन्धापरीसर्पेशोथेष्वर्शःस्सुचोच्यते । दद्रुविद्रधिगण्डेषुकुष्ठेष्वप्यलजीषुच ॥ ११५ ॥

જેની છાલ ઉપયોગમાં આવે છે તે ત્રણ વૃક્ષો જણાવવામાં આવે છે. ૧ પૂતિ કરંજ, સુહાંજના, પઠાણી લોધર તેમાં પૂતિકરંજ અને લોધરનો વિરેચન કર્મમાં ઉપયોગ કરવો. અને સુહાંજનાનો વિસર્પ (ઝેરી વા), સોથ, અને અર્શ રોગોમાં ઉપયોગ કરવામાં આવે છે. અને તેનો દાદર, વિદ્રધિ, ગલગન્ડ, કુષ્ટ તથા અલજીમાં પણ ઉપયોગ કરવો. ૧૧૪–૧૧૫.

ષટ્કાર વૃક્ષ ગુણ કથન.

षड्वृक्षाञ्शोधनानेतानपिविद्याद्विचक्षणः।इत्युक्ताःफलमूलिन्यःस्नेहाश्चलवणानिच ११६

બુદ્ધિમાન્ વૈદ્યને ઉચિત છે. કે આ છ શોધન વૃક્ષોજાણીને ફળવાળા અને મૂળવાળા વૃક્ષો, સ્નેહ અને લવણનો સંશોધન કર્મમાં ઉપયોગ કરવો. ૧૧૬.

વૃક્ષનો કઇ કઇ રીત્યે ઉપયોગ થાય છે.

मूत्रंक्षीराणिवृक्षाश्चषड्येदृष्टाःपयस्त्वचः ॥ ११७ ॥

આ પ્રમાણે મૂત્ર, દુધ અને જેના દુધ અને છાલનું વર્ણન કરવામાં આવ્યું છે તે, વૃક્ષ આ સર્વનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઔષધિઓનાં નામ અને રૂપને કોણ જાણે છે.

औषधीनामरूपाभ्यांजानतेह्यजपावने । अविपाश्चैवगोपाश्चयेचान्यवनचारिणः ११८

ગાડર, બકરી અને ગાયોના ચરાવનાર ગોવાળીઆ અને બીજા વનમાં રહેનારા તથા ફરનારાઓ વનસ્પતિઓના નામ તથા રૂપથી પરિચિત હોય છે. ૧૧૮

ઔષધિઓના કેવળ નામ અને રૂપને જાણવાં બસ નથી.

ननामज्ञानमात्रेणरूपज्ञानेनवापुनः। औषधीनांपरांप्राप्तिंकश्चिद्वेदितुमर्हति ॥११९॥

કેવળ ઔષધિઓના નામ જાણી લીધાથી અથવા ઓળખાણ થઇ જવાથી વનસ્પતિનું પૂર્ણ જ્ઞાન થયું ગણાતું નથી. ૧૧૯.

ઔષધિ સમ્બન્ધી પૂર્ણ જ્ઞાન ધરાવનારની પ્રશંસા.

योगवित्त्वप्यरूपज्ञस्तासांतत्त्वविदुच्यते । किंपुनर्योविजानीयादोषधीःसर्वदाभिषक्१२०॥

જે ઔષધિનાં નામ અને રૂપને જાણે છે અને તેના ઉપયોગનું પણ જ્ઞાન ધરાવે છે તે તત્વવિત્ કહેવાય છે. પછી જે ભિષક્ (વૈદ્ય) સર્વ પ્રકારે (નામ, ગુણ, રૂપ, કર્મ, ઉપયોગ, વગેરે) ઔષધિઓના ગુણ જાણે છે તેની તો વાતજ શું કહેવી ? ૧૨૦

સર્વોત્તમ વૈદ્ય.

रूपन्तासान्तुयोविद्यादेशकालोपपादितम् । पुरुषंपुरुषंवीक्ष्यसविज्ञेयोभिषक्तमः॥१२१।

જે વૈદ્ય દેશ અને કાલ પ્રમાણે ઔષધિનો ઉપયોગ જાણે છે અને પ્રત્યેક રોગીની પ્રકૃતિને સારી રીતે જાણીને ઔષધિનો ગુણ રોગીના ઉપર અનુભવે છે તે ઉત્તમ વૈદ્ય કહેવાય છે. ૧૨૧.

અજાણી ઔષધ વિષ સમાન છે.

यथाविषंयथाशस्त्रंयथाग्निरशनिर्यथा । तथौषधमविज्ञातंविज्ञातममृतंयथा॥१२२॥
औषधंह्यनभिज्ञातंनामरूपगुणैस्त्रिभिः । विज्ञातंचापिदुर्युक्तंयुक्तिबाह्येनभेषजम् ।
योगादपिविषंतीक्ष्णमुत्तमंभेषजंभवेत् ॥१२३॥ भेषजंवापिदुर्युक्तंतीक्ष्णंसम्पद्यते-विषम् । तस्मान्नभिषजायुक्तंयुक्तिबाह्येनभेषजम् ॥ १२४॥ धीमताकिञ्चिदादे-यंजीवितारोग्यकांक्षिणा । कुर्य्यान्निपतितोमूर्ध्निसशेषंवासवाशनिः॥१२५॥

અજાણી ઔષધિનો પ્રયોગ એ વિષ, શસ્ત્ર, અગ્નિ, અને વિજળી સમાન મનુષ્યને મારનાર તથા અનર્થ કરનાર છે. અને જાણીતી ઔષધિ એ અમૃતના સમાન છે. જે ઔષધિ નામ, રૂપ અને ગુણ આ ત્રણેથી જાણેલી ન હોય અથવા જાણવા છતાં અયોગ્ય રીતિથી પ્રયુક્ત કરવામાં આવી હોય તો તે ઔષધિ મહા અનર્થને કરે છે. આ પ્રમાણે સારી રીતે જાણીને પ્રયોગમાં લાવેલ વિષ પણ ઉત્તમ ઔષધિના ગુણને કરે છે. અને ઉત્તમ ઔષધિ અનુચિત વિધિથી આપવાથી વિષના સમાન મારી નાખે છે. તેથી વૈદ્યોને ઉચિત છે કે યુક્તિ વિના ક્યારે પણ ઔષધિનો પ્રયોગ ન કરવો. ૧૨૨ થી ૧૨૫.

મૂર્ખ વૈદ્યના ઔષધનો નિષેધ.

सशेषमातुरंकुर्य्यान्नत्वज्ञमतमौषधम् । दुःखितायशयानाय श्रद्दधानायरोगिणे ॥ १२६ ॥ योभेषजमविज्ञायप्राज्ञमानीप्रयच्छति । तस्याथमृत्युदूतस्यदुर्मतेस्स्य-

क्तधर्मणः ॥ १२७ ॥ नरोनरकपातीस्यात्तस्यसम्भाषणादपि । वरमाशीविषविषंक्वथितंताम्रमेववा ॥ १२८ ॥ पीतमत्यग्निसन्तप्ता भक्षितावाप्ययोगुडाः । नतुश्रुतवतावेदंबिभ्रताशरणागतात् ॥ १२९ ॥ गृहीतमन्नंपानंवावित्तंवारोगपीडितात् । भिषक्बुभूर्षुर्मतिमानतः स्याद्गुणसम्पदि ॥ १३० ॥ परंप्रयत्नमातिष्ठेत्प्राणदःस्याद्यथानृणाम् । तदेवयुक्तंभैषज्यंयदारोग्यायकल्पते ॥ १३१ ॥ सचैवभिषजांश्रेष्ठोरोगेभ्योयःप्रमोचयेत् । सम्यक्प्रयोगं सर्वेषांसिद्धिराख्यातिकर्म्मणाम् ॥ १३२ ॥ सिद्धिराख्यातिसर्वैश्चगुणैर्युक्तंभिषक्तमम् इति ॥१३३॥

તેથી જીવન અને આરોગ્યતાની ઇચ્છાવાળાએ કદિ પણ અયોગ્યરીતિથી ઔષધ સેવન નહિ કરવું જોઇએ. ઇન્દ્રલોકથી વજ્ર પડીને મનુષ્યના મસ્તક ઉપર લાગે તો તે સારૂં છે, કારણ કે તેથી પણ કોઇ વખત મનુષ્ય જીવિત રહિ શકે છે; પરન્તુ અજ્ઞાની (મૂર્ખવૈદ્ય) ની આપેલી ઔષધિ તે વજ્ર કરતાં પણ અધિક દુર્ગુણ કરે છે. અર્થાત્ મારી નાંખે છે. જે વૈદ્ય દુઃખથી વ્યાકુલ અને શય્યા ઉપર પડેલા શ્રદ્ધાળુ રોગીને અજાણી ઔષધિ આપે છે, તે ધર્મ રહિત, પાપી, નરકગામી, મૃત્યુના દૂત (યમ) સંગાથે બોલવાથી પણ મનુષ્ય નરકગામી થાય છે. સર્પનું વિષ, અને તપાવેલું તામ્ર પી લેવું સારૂં છે પણ પાખંડથી વિદ્વાન્ વૈદ્યના જેવું રૂપ ધારણ કરી શરણાગત રોગીઓને ભ્રમમાં નાખીને તેનાથી અન્ન, પાંન, ધન વગેરે લેવાં કદાપિ ઊચિત નથી. તેથી વૈદ્ય થવાની ઇચ્છાવાળા બુદ્ધિમાન પુરુષે પ્રથમ જે જે વૈદ્યના ગુણ કહેવામાં આવશે તેને પોતાનામાં ઉત્પન્ન કરી. પુનઃ મનુષ્યોના પ્રાણોની રક્ષાને માટે સદૈવ પ્રયત્નશીલ રહેવું. કારણ કે વૈદ્ય મનુષ્યોને પ્રાણ અર્પનાર છે. ઔષધિ તેજ ઉત્તમ કહેવાય છે કે જે રોગથી મુક્ત કરી આરોગ્ય આપે. અને જે રોગોથી છોડાવે તેજ ઉત્તમ વૈદ્ય કહેવાય છે. સર્વ કર્મોના વિધિ પ્રમાણે પ્રયોગ કરવાથી સમ્પૂર્ણ ગુણોએ યુક્ત વૈદ્યને સિદ્ધિ અને ખ્યાતિ આપે છે. ૧૨૬ થી ૧૩૩.

પ્રથમાધ્યાયનો ઉપસંહાર.

तत्र श्लोकाः। आयुर्वेदागमोहेतुरागमस्यप्रवर्त्तनम् । सूत्रणं साभ्यनुज्ञानमायुर्वेदस्यनिर्णयः ॥ १३४ ॥ सम्पूर्णंकारणंज्ञेयं आयुर्वेदप्रयोजनम् । हेतवश्चैवदोषाश्चभेपजंसंग्रहेणच ॥ १३५ ॥ रसाःसप्रत्ययद्रव्यास्त्रिविधोद्रव्यसंग्रहः । मूलिन्यश्चफलिन्यश्च स्नेहाश्चलवणानिच ॥ १३६ ॥ मूत्रंक्षीराणिवृक्षाश्चषड्येक्षीरत्वगाश्रयाः । कर्माणिचैषांसर्वेषां योगायोगगुणागुणाः ॥ १३७ ॥ वैद्यापवादोयत्रस्थाःसर्वेचभिषजांगुणाः। सर्वमेतत्समाख्यातंपूर्वेऽध्यायेमहर्षिणा ॥ १३८ ॥

આ પહેલા અધ્યાયમાં આયુર્વેદનું આગમન, અને તેના આવવાનું કારણ, આયુર્વેદની પ્રવૃત્તિ, અગ્નિવેશાદિકોની સંહિતાઓનું બનાવવું, આયુર્વેદનો નિર્ણય, સમ્પૂર્ણ કારણ અને કાર્ય, આયુર્વેદનું પ્રયોજન, હેતુ, દોષ, સંક્ષેપથી ઔષધ સંગ્રહનું કથન, ૭ રસ, દ્રવ્ય, ત્રણ પ્રકારના દ્રવ્યસંગ્રહ, ફલ પ્રધાન, મૂલ પ્રધાન દ્રવ્ય, સ્નેહ, વલણ, મૂત્રાષ્ટક, દુધવર્ગ,

૭ વૃક્ષ, જેના દુધ અને છાલ કામ આવે છે. આ સર્વના કર્મ તથા યોગ, અયોગ, ગુણ, અગુણ, વૈદ્યના દોષ, અને વૈદ્યની સિદ્ધિ, ખ્યાતિને પ્રકાર આ સર્વ આ પ્રથમાધ્યાયમાં વર્ણન કરવામાં આવેલ છે. ૧૩૪ થી ૧૩૮.

इत्यग्निवेशकृते तन्त्रे चरकप्रतिसंस्कृते ।
अध्यायः प्रथमः प्रोक्त ऋषिसङ्घस्य पृच्छतः ॥ १ ॥

આ પ્રમાણે અગ્નિવેશના રચેલા અને ચરકના શુદ્ધ કરેલા આ તંત્ર (ગ્રન્થ) માં આ દીર્ઘ જીવીતીય નામને પહેલો અધ્યાય ઋષિઓના પુછવાથી કહેવામાં આવ્યો.

अध्याय २ जो.

प्रतिज्ञा.

अथात अपामार्ग तण्डुलीयमध्यायं व्याख्या स्यामः इतिहस्माहभगवानात्रेयः ।

ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા કે હવે અમો **અપામાર્ગ તંડુલીય** નામનો બીજો અધ્યાય કહીએ છીએ.

શિરો રોગનાશક ઔષધિ.

अपामार्गस्यबीजानिपिप्पलीर्मरिचानिच । विडङ्गान्यथशिग्रूणिसर्षपांस्तुम्बुरूणिच ॥ १ ॥ अजाजीश्चजगन्धाश्चपीलून्येलांहरेणुकाम् । पृथ्वीकांसुरसांश्वेतांकुठेरकफणिज्जकौ ॥ २ ॥ शिरीषबीजंलशुनंहरिद्रेलवणद्वयम् । ज्योतिष्मतींनागरश्चविद्यान्मूर्द्धविरेचने ॥ ३ ॥ गौरवेशिरसःशूलेपीनसेऽर्द्धावभेदके । क्रिमिव्याधौअपस्मारेघ्राणनाशेप्रमोहने ॥ ४ ॥

અંઘાડાનાં બીજ, પીપર, કાળાં મરી, વાવડીંગ, સુહાંજનાનાં બીજ, સરસવ, તુંબરુ, કાલીજીરી, અજમો, પીલુ, એલાયચી, રેણુકા, મોટી એલાયચી, તુલસીનાં બી, સફેદ કોયલનાં બી, નાની તુલસીનાં બી, સિરસનાં બી, લસણ, દારૂહલદર, હલદર, સીંધાલુણ, સચલ, માલકાંકણીનાં બી, સુંઠ, આ સર્વ ઔષધિઓને શિરો વિરેચનમાં આપવી. મસ્તકના ભારીપણામાં, મસ્તકની પીડામાં, સળેખમમાં, આદાશીશીમાં, માથાના કૃમિઓમાં અપસ્મારમાં, નાકના છોડમાં, બેહોસીમાં, આ રોગોમાં પ્રયોગ કરવો. ૧ થી ૪.

ઉલટી કરાવનારી ઔષધિઓ.

मदनंमधुकंनिम्बंजीमूतंकृतवेधनम् । पिप्पलींकुटजेक्ष्वाकूण्येलांधामार्गवाणिच ॥५॥ उपस्थितेश्लेष्मपित्तेव्याधावामाशयाश्रये । वमनार्थंप्रयुञ्जीतभिषग्देहमदूषयन् ६

મીંઢાળ, જેઠીમધ, લીંબડો, દેવદાલી (એક પ્રકારનું કડવું તુરીયું) કૃતવેધન (તુરીયું) પીપર, ઇંદ્રજવ, કડવી તુંબડી, એલાયચી, કડવું તુરીયું, આ ઔષધિઓને આમાશમાં રહેલી પિત્ત, કફની વ્યાધિઓમાં જે પ્રમાણે દેહ દૂષિત ન થાય તે પ્રમાણે વમન (ઉલટી) કરાવવામાં આપવી. ૫-૬.

વિરેચકદ્રવ્ય.

त्रिवृतांत्रिफलांदन्तींनीलिनींसप्तलांवचाम्। कम्पिल्वकंगवाक्षीञ्चक्षीरिणीमुदकीटिकाम् ॥ ७ ॥ पीलून्यारग्वधंद्राक्षांद्रवन्तींनिचुलानिच । पक्काशयगतेदोषेविरेकार्थंप्रयोजयेत् ॥ ८ ॥

ધોળી નશોતર, હરડાં, બેડાં, આંબળાં, દન્તી, ગળી (જે રંગવાના કામમાં આવે છે) સાતલોથોર, વજ, કપીલો, ઈંદ્રાયણ, લીલી દૂધેલી, કરંજ, પીલુડી, ગરમાળો દરાખ, છોટી દંતી, સમુદ્રફળ,. આ સર્વને પકવાશયમાં રહેલા દોષને કાઢવા જુલાબને માટે વાપરવા. ૭–૮.

ઉદાવર્તાદિમાં આપવા લાયક ઔષધિ.

पाटलाञ्चाग्निमन्थाञ्चबिल्वंश्योनाकमेवच । काश्मर्य्यंशालपर्णींचपृश्निपर्णींनिदिग्धिकाम् ॥ ९ ॥ बलांश्वदंष्ट्रांबृहतीमेरण्डं सपुनर्नवम् । यवानकुलुत्थान्कोलानिगुडूचीं मदनानिच ॥ १० ॥ पलाशंकत्तृणंचैवस्नेहांश्चलवणानिच । उदावर्त्तेविबन्धेषुयुंज्यादास्थापनेसदा ॥ ११ ॥

કાંકચ, અરણી, બીલી, મીઠીઆવળ, સીવણ, શાલપર્ણી, પૃષ્ટપર્ણી, કારેલી, ખરેટી, ગોખરૂ, મોટી કટેલી, એરંડો, સાટોડી, જવ, કળથી, બોર, ગળો, મીંઢોળ, ખાખરો, રોહિસનું ઘાસ, અને ચતુઃસ્નેહ, પંચલવણ, તેને ઉદાવર્ત, મલમૂત્રનો અવરોધ, તથા અસ્થાપન, બસ્તીકર્મ વગેરેમાં વાપરવાં. ૧૦–૧૧.

વાતનાશક પાંચકર્મિક સંગ્રહ.

अतएवौषधगतात्संकल्प्यमनुवासनम् । मारुतघ्नमितिप्रोक्तः संग्रहःपाञ्चकर्मिकः ॥ १२ ॥ तान्यपस्थितदोषाणांस्नेहस्वेदोपपादनैः । पञ्चकर्माणिकुर्वीतमात्राकालौविचारयन् ॥ १३ ॥ मात्राकालाश्रयायुक्तिःसिद्धिर्युक्तौप्रतिष्ठिता । तिष्ठत्युपरियुक्तिज्ञोद्रव्यज्ञानवतांसदा ॥ १४ ॥

અને આજ ઉપરોક્ત દ્રવ્યનો અનુવાસન બસ્તિમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. તથા આજ દ્રવ્ય વાતનાશક હોવાથી પંચકર્મોમાં ઉપયોગી છે. મનુષ્યોના શરીરોમાંથી દોષ કાઢવો હોય તેને પ્રથમ સ્નેહ, સ્વેદન, કરાવીને પુનઃ માત્રા અને કાલનો વિચાર રાખતાં **વમન, વીરેચન, નસ્ય નીરૂહણ,** અને **અનુવાસન,** આ પાંચ કર્મ કરાવે. ઔષધિની માત્રા અને સમયનો વિચાર યુક્તિને આધીન છે. જે બુદ્ધિમાન્ વૈદ્ય યુક્તિદ્વારા વિચાર કરીને કાર્ય કરે છે તેનેજ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ઔષધિ જાણનારા વૈદ્યોમાં યુક્તિક્રમ જાણનાર વૈદ્ય સદૈવ અગ્રેસર રહે છે. ૧૨–૧૩–૧૪.

યવાગુ ગુણ.

अतऊर्ध्वंप्रवक्ष्यामियवागूर्विविधौषधाः । विविधानांविकाराणांतत्साध्यानांनिवृत्तये ॥ १५ ॥ पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः । यवागूर्दीपनीयास्याच्छूलघ्नीचोपसाधिता ॥ १६ ॥

હવે અનેક પ્રકારની ઔષધિઓથી સિદ્ધ કરેલી યવાગૂઓનું વર્ણન જે રોગ યવાગૂ દ્વારા શાન્ત થાય છે તે રોગોની શાન્તિને માટે કરવામાં આવે છેઃ—પીપર, પીપરીમૂલ, ચવક, ચિત્રક, સુંઠ, આ પાંચ પદાર્થોથી સિદ્ધ કરેલી યવાગૂ અગ્નિને દીપન કરે છે અને ઉપરના શૂલને નષ્ટ કરે છે. ૧૫–૧૬.

दधित्थबिल्वचाङ्गेरीतक्रदाडिमसाधिता। पाचनीग्राहणीपेयासवातेपाञ्चमूलिका॥१७॥

કોઠી, બીલી, ખાટી લુણી, છાસ, દાડમ આથી સિદ્ધ કરેલી યવાગૂ પાચક અને સંગ્રાહી છે. લઘુપંચ મૂળથી સિદ્ધ કરેલી યવાગૂ વાતાતિસારમાં હિતકારી છે. ૧૭.

शालपर्णीबलाबिल्वैःपृश्निपर्ण्याचसाधिता।
दाडिमाम्लाहितापेयापित्तश्लेष्मातिसारिणाम्॥ १८॥

શાલપર્ણી (મ્હોટો સમેરવો?) ખરેટી, (ચિકણાં અથવા બળદાણા પણ કહેવાય છે) બીલી, પૃષ્ટિપર્ણી (ન્હાનો સમેરવો?) તેથી સિદ્ધ કરેલી યવાગૂ ખાટા દાડમથી ખાટી કરીને પીવાથી પિત્ત કફના અતિસારમાં હિતકારી છે, ૧૮.

पयस्यर्द्धोदकेछागेह्रीवेरोत्पलनागरैः। पेयारक्तातिसारघ्नीपृश्निपर्ण्याचसाधिता १९

બકરીના દુધમાં તે દુધથી અરધું પાણી મેળવીને તેમાં વાળો, ઉપલેટ, સુંઠ, પૃષ્ટપર્ણી (પીઠવણ) નાંખી તેથી સિદ્ધ કરેલી યવાગૂ રક્તાતિસારને નાશ કરે છે. ૧૯.

दद्यात्सातिविषांपेयांसामेसाम्लांसनागराम्।
श्वदंष्ट्राकण्टकारीभ्यांमूत्रकृच्छ्रेसफाणिताम्॥ २०॥

દાડમના રસથી ખાટી કરેલી અને અતિવિષ તથા સુંઠથી સિદ્ધ કરેલી યવાગુ આમાતિસારમાં આપવા યોગ્ય છે. ગોખરૂ અને કટેલીથી સિદ્ધ કરેલી યવાગૂમાં [1]ફાણિત મેળવીને મૂત્રકૃચ્છની શાન્તિને માટે આપવી. ૨૦.

विडङ्गपिप्पलीमूलशिग्रुभिर्मरिचेनच। तक्रसिद्धायवागूःस्यात्क्रिमिघ्नीससुवर्चिका॥२१॥

વાવડીંગ, પીપળીમૂલ, સુહાંજના, મરી, અને છાસ તેથી સિદ્ધ કરેલી યવાગૂમાં સંચળ અને મીઠું મેળવીને પીવાથી પેટના કૃમી મટે છે. ૨૧.

मृद्वीकाशारिवालाजपिप्पलीमधुनागरैः। पिपासाघ्नीविषघ्नीचसोमराजीविपाचिता २२

દરાખ, કાળી ઉપલસરી, ધાણી, પીંપર, સુંઠ, તેનાથી સિદ્ધ કરેલી યવાગૂ મધ મેળવીને પીવાથી તૃષાને શાન્ત કરે છે. બાવચીથી સિદ્ધ કરેલી યવાગૂ વિષ વિકારને શાન્ત કરે છે. ૨૨

सिद्धावराहनिर्यूहेयवागूर्बृंहणीमता। गवेधुकानांमृष्टानांकर्षणीयासमाक्षिका॥२३॥

વારાહીકંદથી સિદ્ધ કરેલી પેયા શરીરને પુષ્ટ કરે છે. ગવેધુક (જવ) (ઋષિયોનું એક પ્રકારનું અન્ન)ને સેકીને તેની પેયાને ઠંડી કરી મધ મેળવીને પીવાથી સ્થુળતા નષ્ટ થાય છે. ૨૩.

सर्पिष्मतीबहुतिलास्नेहनीलवणान्विता। कुशामलकनिर्यूहेश्यामाकानांविरूक्षणी॥२४॥

[1] બહુ ઘાટો નહિ તેમ બહુ પાતળો નહિ એવો પકાવેલા શેરડીના રસને ફાણિત કહે છે.

ઘી અને તલ વડે સિદ્ધ કરેલી પેયા મીઠુ મેળવીને પીવાથી શરીર ચીકણું થાય છે. કુશ અને આમળાથી સિદ્ધ કરેલી સાઠી ચોખાની પેયા શરીર રૂક્ષ બનાવે છે. ૨૪

दशमूलीशृताकासहिक्काश्वासकफापहा । यमकेमदिरासिद्धापक्वाशयरुजापहा॥२५॥

દશમૂલથી સિદ્ધ કરેલી યવાગૂ ખાંસી, હેડકી, શ્વાસ અને કફનો નાશ કરે છે, ઘી, તેલ, અને દારૂ, તેની સાથે સિદ્ધ કરેલી યવાગૂ પક્વાશયના સમસ્ત રોગોને નષ્ટ કરે છે. ૨૫.

शाकैर्मांसैस्तिलैर्माषैःसिद्धावर्चोनिरस्यति ।
जम्ब्वाम्रास्थिदधित्थाम्लबिल्वैःसांग्राहिकीमता ॥ २६ ॥

શાક, માસ, તલ, અડદ, તેનાથી સિદ્ધ કરેલી યવાગૂ મળને કાઢે છે. જાંબુ, કેરીની ગોટલી, કોઠું, કાંજી, અને બીલીથી સિદ્ધ કરેલી યવાગૂ ઝાડાની રોકનારી હોય છે. ૨૬

क्षारचित्रकहिङ्ग्वम्लवेतसैर्भेदनीमता । अभयापिप्पलीमूलविश्वैर्वातानुलोमनी ॥२७॥

જવખાર, ચીત્ર, હીંગ, અમ્લવેત તેનાથી બનાવેલી યવાગૂ ભેદીન—ઝાડા કરનારી હોય છે. હરડે, પીપરમૂલ, સુંઠે, તેથી સિદ્ધ કરેલી યવાગૂ વાયુને અનુલોમન કરે છે.૨૭

तक्रसिद्धायवागूःस्याद्घृतव्यापत्तिनाशिनी।तैलव्यापदिशस्तातुतक्रपिण्याकसाधिता २८

છાસથી સિદ્ધ કરેલી યવાગૂ વધારે ઘી ખાવાથી થયેલા વિકારને શાન્ત કરે છે. તેમજ તલનો ખોળ અને છાસથી સિદ્ધ કરેલી યવાગૂ તેલના ખાવાથી થયેલા વિકારોની શાન્ત કરે છે. ૨૮

गव्यमांसरसैःसाम्लाविषमज्वरनाशिनी ।
कण्ठ्यायवानांयमकेपिप्पल्यामलकैःश्रिता ॥ २९ ॥

હરણના માંસ રસથી અને ગાયના દૂધથી સિદ્ધ કરેલી અને દાડમથી ખાટી કરેલી યવાગૂ વિષમજ્વરને નષ્ટ કરે છે. ઘી, તેલ, પીપર, અને આંબળાં સાથે સિદ્ધ કરેલી જવની યવાગૂ કંઠના રોગોમાં હિતકારી છે. ૨૯

ताम्रचूड [illegible]द्धारेतोमार्गरुजापहा । समाष[illegible]ष्याघृतक्षीरोपस[illegible]धिता ॥३०॥

મુર્ગીના માંસથી સિદ્ધ કરેલી યવાગૂ વીર્ય માર્ગના રોગોને શાન્ત કરે છે, અડદની દાળ ઘી અને દુધની યવાગૂ વીર્યને ઉત્પન્ન કરે છે. ૩૦

उपोदिकादधिभ्यान्तुसिद्धामदविनाशिनी।क्षुधंहन्यादपामार्गक्षीरगोधारसेश्रिता ३१

[1]પોથી (પોઇ) અને દહીંથી સિદ્ધ કરેલી યવાગૂ ઉન્મત્તતાને નષ્ટ કરે છે. અંધાડાનાં બીજ, દુધ, અને ગોધાના માંસના રસથી સિદ્ધ કરેલી યવાગૂ ક્ષુધાને નષ્ટ કરે છે. ૩૧.

બીજા અધ્યાયનો ઉપસંહાર.

तत्रश्लोका ॥ अष्टाविंशतिरित्येतायवाग्वःपरिकीर्तिताः । पञ्चकर्माणिचाश्रित्यप्रोक्तोभषज्ज्यसंग्र[illegible]ः ॥ ३२ ॥ [illegible]नहेतोरुक्तंयदौषधम् । पञ्चकर्माश्रयज्ञानहेतोस्तत्कार्[illegible]तं[illegible]नः ॥ ३३ ॥

આ પ્રમાણે આ અધ્યાયમાં અઠ્ઠાવીસ પ્રકારની યવાગુઓનું અને પંચકર્મની આશ્રયી

ભૂત ઔષધિઓનું કથન કરવામાં આવ્યું છે. જે પ્રથમ મૂલફલના જ્ઞાનને માટે કહેવામાં આવ્યું છે. પંચકર્મમાં ઉપયોગી હોવાને લીધે તે અહિં ફરીને કહેવામાં આવેલ છે. ૩૨–૩૩

વૈદ્યનું લક્ષણ.

स्मृतिमान्युक्तिहेतुज्ञोजितात्माप्रतिपत्तिमान् ।
भिषगौषधसंयोगैः चिकित्सांकर्त्तमर्हति ॥ २४ ॥

સ્મૃતિમાન્, જીતેન્દ્રિય, ઔષધ, રોગ તથા યુક્તિને જાણનાર વૈદ્ય ઔષધિઓના સંયોગથી ચિકિત્સા કરે. ૩૪.

इत्याग्नि वेश कृते तंत्रे चरकप्रति संस्कृते ।
अपामार्ग तण्डुलीयो नामोऽध्यायो द्वितीयकः ॥ ३५ ॥

આ પ્રમાણે અગ્નિવેશે રચેલા અને ચરકે શુદ્ધ કરેલા ગ્રન્થમાં આ “અપામાર્ગ તંડુલીયાધ્યાય” નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.

तृतियोऽध्यायः ।

પ્રતિજ્ઞા.

अथात आरग्वधीयमध्यायं व्याख्यास्यामः इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમો આરગ્વધીય અધ્યાયની વ્યાખ્યા કરીશું. એમ ભગવાન્ આત્રેય કહે છે.

કુષ્ઠકિલાસ વગેરે ઉપર લેપ.

आरग्वधःसैडगजःकरञ्जोवासागुडूचीमदनंहरिद्रे ।श्याह्वः सुराह्वःखदिरोधवश्चनिम्वोविडङ्गंकरवीरकत्वक् ॥ १ ॥ ग्रन्थिश्चभौर्जोलशुनःशिरीषः सलोमशोगुग्गुलुकृष्णगन्धे । फणिज्झकोवत्सकसप्तपर्णौपीलूनिकुष्टंसुमनःप्रवालाः ॥ २ ॥ वचाहरेणुस्त्रिवृतानिकुम्भोभल्लातकंगैरिकमञ्जनश्च । मनःशिलालेगृहधूमएलाकासीसमुस्तार्जुनरोध्रसर्जाः ॥ ३ ॥ इत्यर्द्धरूपैर्विहिताःषडेते गोपित्तपीताःपुनरेवपिष्टाः । सिद्धाः परंसर्षपतैलयुक्ताश्चूर्णप्रदेहाभिषजाप्रयोज्याः ॥ ४ ॥ कुष्ठानिकृच्छ्राणिनवं किलासंसुरेन्द्रलुप्तंकिटिमंसदद्रु । भगन्दरार्शांस्यपचींसपामांहन्युःप्रयुक्तास्त्वचिरान्नराणाम् ॥ ५ ॥

ગરમાળો, કુંવાડીઓ, કરંજ, અરડુસો, ગળો, મીંઢોળ, દારૂહળદર અને હળદર, સરલવૃક્ષ, દેવદાર, ખેરસાર, મુસ્તક, લીંબડો, વાવડીંગ, કણેરની છાલ, ગંઠિવન, ભોજપત્ર, લસણ, સરસવનાં બી, જટામાંસી, ગૂગલ, સુહાંજના, જંગલીતુલસી, સતૈના, પીલુડો, કોડી, ચમેલી,

૧ એને હિન્દી ભાષામાં પોઈકાને ગુજરાતીમાં પોઇ કહે છે. આ પોઇના વેલા ઘર બહાર સર્વત્ર થાય છે તેના વેલા થાય છે જેનો સફેદ અથવા લાલરંગ હોય છે. પાંદડાં ગોળ અને બાજ લાલ થાય છે.

વજ, રેણુંકા, સફેદ નશોતર, દંતી, બિલામાં, ગેરૂ, સુરમો, મનસિલ, હડતાલ, ઘરનો ધુમાસ, એલાયચી, હીરાકસી, મોથ, અર્જુનવૃક્ષની છાલ, લોધર, રાળ, આ અરધા અરધા શ્લોકમાં ૭ ગણુ કહેવામાં આવ્યા છે. તેમાંથી કોઈ એક ગણુના ચૂર્ણને ગાયના ઘીમાં મેળવીને ખુબ ઘુંટવું, પછી સરસવના તેલમાં મેળવી લીધાથી આ ઉત્તમ લેપ તૈયાર થાય છે. આ પ્રમાણે બનાવેલા કોઇ એક ગણુનો લેપ વૈદ્યને અત્યન્ત ઉપયોગી છે. આના લેપથી મનુષ્યોના કષ્ટસાધ્ય, કોઢ, નવીન કિલાસ કુષ્ટ, ઈંદ્રલુપ્ત (માથાની ઉંદરી), કિટિભ, દાદર, ભગંદર, અર્શ, અપાચન, ખસ, તે સર્વ શીઘ્ર નષ્ટ થાય છે. ૧–૨–૩–૪–૫.

બીજો લેપ.

कुष्ठंहरिद्रेसुरसंपटोलंनिम्बाश्वगन्धेसुरदारुशिग्रु । ससर्षपंतुम्बुरुधान्यवन्यंचण्डांसचूर्णानिसमानिकुर्यात् ॥ ६ ॥ तैस्तक्रयुक्तैःप्रथमंशरीरंतैलाक्तमुद्वर्तयितुंयतेत । तथास्यकण्डूःपिडकाःसकोठाः कुष्ठानिशोफाश्चशमंव्रजन्ति ॥ ७ ॥

કોઠું, બન્ને હલદર, (હલદર અને દારૂ હલદર) તુલસી, પટોળ, લીંબડો આસંધ દેવદાર, સોભાંજન, સરસવ, તુંબરૂ, ધાણા, કૈવર્ટીમુસ્તક ચંડા તે સર્વના ચૂર્ણને છાસ અને સરસવના તેલમાં ઘુંટીને શરીર ઉપર માલીસ કરવાથી ખસ ફોલ્લીઓ, કરોળીઆ કોઢ અને સોજો આ સર્વે નષ્ટ થાય છે. ૬–૭.

कुष्ठामृतासङ्गकटंकटेरीकाशीशकम्पिल्लकरोध्रमुस्ताः सौगन्धिकंसर्जरसोविडङ्गंमनःशिलालेकरवीरकत्वक् ॥ ८ ॥ तैलाक्तगात्रस्यकृतानिचूर्णान्येतानिदद्यादवचूर्णनार्थम् । दद्रुःसकण्डुः किटिमानिपामाविचर्चिकाचैवतथैतिशान्तिम् ॥९॥

કોઠું, ગળો, મોરથુથું, દારૂ હળદર, હળદર, હિરાકસી, કપિલો, નાગરમોથ, લોધર, ગંધક, રાળ, વાવડીંગ, મનસિલ, હરતાલ, કણેરની છાલ, આ સર્વના ચૂર્ણને સરસવના તેલમાં પકાવીને શરીર ઉપર માલીસ કરવાથી દાદર, ખસ, ખરજવું, ખોડો, વિચર્ચિકા આ સર્વે નષ્ટ થાય છે. ૮–૯

કુષ્ટરોગ ઉપર લેપ.

मनःशिलालेमरिचानितैलमार्कम्पयःकुष्ठहरःप्रदेहः । तुल्यंविडंमरिचानिकुष्ठंलोध्रश्चतद्वत्समनःशिलंस्यात् ॥ १० ॥ रसाञ्जनंसप्रपन्नाडवीजंयुक्तःकपित्थस्यरसेनलेपः । करञ्जवीजैडगजंसकुष्ठंगोमूत्रपिष्टश्चपरःप्रदेहः ॥ ११ ॥

મનસિલ, હરતાલ, મરી, તેલ, આકડાનું દુધ, આ સર્વને એક રસ કરીને શરીર ઉપર ચોપડવાથી કોઢ મટે છે. તેમજ વિડંગ, મરી, ઉપલેટ, લોધર, મનસિલ, આ સર્વને સમાન ભાગે લઇને ચૂર્ણ કરી તેલના યોગથી લેપ કરવાથી કુષ્ટ તથા કોઢ દૂર થાય છે. રસોંધ, કુવાડીયાનાં બી, તેને કોઠાના રસમાં મેળવીને લેપ કરવાથી કુષ્ટ દૂર થાય છે. અથવા કરંજનાં બી, પનવાડનાં બી, ઉપલેટ, આ સર્વને ગોમૂત્રમાં વાટીને લેપ કરવાથી કુષ્ટ નષ્ટ થાય છે. ૧૦–૧૧.

उभेहरिद्रे कुटजस्यबीजंकरञ्जबीजं सुमनःप्रवालान् ।
त्वचंसचव्यांहयमारश्चलेपंतिलक्षारयुतंविदध्यात् ॥ १२ ॥

બન્ને હલદર, (હલદર અને દારૂહળદર) ઈંદ્રજવ, કરંજનાં બી, ચમેલીની કુંપરો, કણેરની છાલ, અને તેના અંદરનો સાર, તલનો ખાર, આ સર્વનો લેપ કુષ્ટને નષ્ટ કરે છે. ૧૨

मनःशिलात्वक्कुटजात्सकुष्ठःसलोमशःसैडगजःकरञ्जः । ग्रन्थिश्च भौर्जःकरवीरमूलंचूर्णानिसाध्यानितुषोदकेन ॥१३॥ पलाशनिर्दाहरसेनचापिकर्षोध्दृतान्याढकसम्मितेन । दर्वीप्रलेपंप्रवदन्तिलेपमेतत्परंकुष्ठनिषूदनाय ॥ १४ ॥

મનસિલ, કડાની છાલ, ઉપલેટ, જટામાંસી, કુંવાડીઆનાં બી, કરંજનાં બી, ભોજપત્રની ગાંઠ, કણેરનાં મૂળીયાંની છાલ, આ સર્વ એક એક તોલો લઈને એક આઢક એટલે અરીઠાના આઠશેર પાણીમાં અને એક આઢક એટલે આઠશેર ખાખરાના રસમાં ઉકાળીને પકાવવું અને જ્યારે ઘાટું થઈને તાવેથાને ચોંટવા લાગે ત્યારે તેને ઉતારી લે. આ લેપથી દુષ્ટ કુષ્ટ નષ્ટ થાય છે. ૧૩-૧૪.

पर्णानिपिष्ट्वाचतुरंगुलस्यतक्रेणपर्णान्यथकाकमाच्याः ।
तैलाक्तगात्रस्यनरस्यकुष्ठान्युद्वर्त्तयेदश्वहनच्छदैश्च ॥ १५ ॥

ગરમાળાનાં પાન, તથા મકોહનાં પાન તેને છાસમાં ઘુંટીને અથવા કણેરના પાનને તેલમાં પકાવીને શરીર ઉપર માલીસ કરવાથી કુષ્ટ કોઢ દૂર થાય છે. ૧૫.

વાતથી થનારા રોગો ઉપર લેપ.

कोलंकुलत्थाःसुरदारुरास्नामाषातसीतैलफलानिकुष्ठम् ।
वचाशताह्वायवचूर्णमम्लमुष्णानिवातामयिनांप्रदेहः ॥ १६ ॥

બોર, કળથી, દેવદાર, અળસી, તલ, સરસવ, સૂર, રાઈ, એરંડાનાં બીજ, ઉપલેટ, વજ વરીયાળી, જવ, તેના ચૂર્ણને કાંજીમાં ઘુંટીને વાયુના રોગીના શરીર ઉપર લેપ કરવો. ૧૬.

आनूपमत्स्यामिषवेशवारैरुष्णैःप्रदेहःपवनापहःस्यात् ।
स्नेहैश्चतुर्भिर्दशमूलमिश्रैर्गन्धौषधैर्वानिलजित्प्रदेहः ॥ १७ ॥

પાણીવાળી, જમીનમાં રહેનારા જીવોનું તથા માછલીનું માંસ, હીંગ, કાળાં મરી, આદુ, જીરૂં, હળદી, ધાણા, આ સર્વને ઘુંટીને ગરમ કરવાથી વાયુનો રોગ શાન્ત થાય છે. અથવા ચતુઃ સ્નેહમાં દશમૂલનું ચૂર્ણ, અને સુગંધી દ્રવ્યોમાં મેળવીને ગરમ લેપ કરવાથી વાયુની ઉગ્ર પીડા પણ શાન્ત થાય છે. ૧૭.

तक्रेणयुक्तंयवचूर्णमुष्णंसक्षारमार्त्तिंजठरेनिहन्यात् ।
कुष्ठंशताह्वांसवचांयवानांचूर्णंसतैलाम्लमुषन्तिवाते ॥ १८ ॥

ખાખરાનો રસ કાઢવાની રીત. ખાખરાના થડમાં ખાડો ખોદી તેનું એક મ્હોટું મુળીયું ખશીને તેની નીચે માટલું મૂકવું અને ત્યાર પછી ઉપરથી ખાખરાનું વૃક્ષ સળગાવવું એટલે માટલામાં તેનો રસ પડે છે.

છાસમાં જવનું ચૂર્ણ અને જવખાર મેળવી ગરમ કરીને પેટ ઉપર લેપ કરવાથી પેટની પીડા નષ્ટ થાય છે. કાંઠુ, વરીયાળી, વજ, જવના ચૂર્ણનું તેલ, અને, કાંજીને પકાવીને ગરમા ગરમ લેપ કરવાથી વાયુની પીડા શાન્ત થાય છે. ૧૮.

ઉદર પીડા ઉપર લેપ.

उभेशताह्वेमधुकंमधूकंबलांपियालञ्चकशेरुकञ्च ।
घृतंविदारीञ्चसितोपलाञ्चकुर्यात्प्रदेहंपवनेसरक्ते ॥ १९ ॥

સુવા, વરીયાળી, જેઠીમધ, ખરેટી, મહુવા, ચિરોંજી, કસેરૂ, ઘી, વિદારી કંદ, સાકર આ સર્વને મેળવીને કરેલો લેપ વાત રકતને શાન્ત કરે છે. ૧૯.

વાત રક્ત ઉપર લેપ.

रास्नांगुडूचींमधुकंबलेद्वेसजीवकंसर्षभकम्पयश्च ।
घृतञ्चसिद्धंमधुशेषयुक्तंरक्तानिलार्त्तिंप्रणुदेत्प्रदेहः ॥ २० ॥
वातेसरक्तेसघृतःप्रदेहोगोधूमचूर्णंछगलीपयश्च ॥ २१ ॥

રાસ્ના, ગળો, જેઠીમધ, બે પ્રકારના થોર (થોર તથા હાથીયા થોર) જીવક, ઋષભક આ ઔષધિઓના ચૂર્ણથી ચારગણું ઘી અને ૧૬ ગણું દુધ મેળવીને ઘૃતપાક વિધિ પ્રમાણે ઘીને સિદ્ધ કરીને તેમાં મધ મેળવી લેપ કરવાથી વાતરક્ત મટે છે. અથવા ઘી, ઘઉંનો લોટ, અને બકરીનું દુધ આ સર્વને સાથે પકાવીને લેપ કરવાથી પણ વાતરક્ત મટેછે.

શિરોવેદના ઉપર લેપ.

नतोत्पलंचन्दनकुष्ठयुक्तंशिरोरुजायांसघृतःप्रदेहः । प्रपौण्डरीकंसुरदारुकुष्ठंयष्ट्या-ह्वमेलाकमलोत्पलेच । शिरोरुजायांसघृतःप्रदेहोलोहैरकापद्मकचोरकैश्च ॥२२॥

તગર, કમલ, ચંદન, કઠ–ઉપલેટ, આના ચૂર્ણને ઘી સાથે મેળવીને લેપ કરવાથી મસ્તક પીડા શાન્ત થાય છે. અથવા પંડચારો, દેવદાર, કઠ–ઉપલેટ, જેઠીમધ, એલાયચી, કમળ, લીલું કમળ આ સર્વને વાટી ઘી મેળવીને લેપ કરવાથી મસ્તક પીડા શાન્ત થાય છે. અથવા અગર, એરક ઘાસ, કમળકાકડી અને ગઠિવનને પાણીમાં વાટીને લેપ કરવાથી માથાની પીડા શાન્ત થાય છે. ૨૨.

પડખાની પીડા ઉપર લેપ.

रास्नाहरिद्रेनलदंशताह्वेद्वेदेवदारूणिसितोपलाञ्च ।
जीवन्तिमूलंसघृतंसतैलमालेपनंपार्श्वरुजासुकोष्णम् ॥ २३ ॥

રાસ્ના, હલદર દારૂહલદર ખસ, વરીયાલી, સુવા, દેવદાર, સાકર, જીવંતી (ખરખોડી અથવા ડોડી)નાં મૂલ, તેને ઘી અને તેલમાં મેળવીને થોડાં ગરમ કરવાથી પડખાનું શૂલ નષ્ટ થાય છે. ૨૩

દાહનિવારક લેપ.

शैवालपद्मोत्पलवेत्रतुङ्गंमपौण्डरीकाण्यमृणाललोध्रम् ।
प्रियंगुकालीयकचन्दनानिनिर्वापणःस्यात्सघृतःप्रदेहः ॥ २४ ॥

પાણીનો શેવાળ, લાલકમળ, લીલું કમળ, નેતર, તુંગ, લોધર, ધઉલો, કાળીઅગર, ચંદન, તે સર્વને ઘી સાથે મેળવીને લેપ કરવાથી દાહ દૂર થાય છે. ૨૪.

सितालतावेतसपद्मकानियष्ट्याह्वमैन्द्रीनचिनानिदूर्वा ।
यवासमूलंकुशकाशयोश्चनिर्वापणःस्याज्जलमेरकाच ॥ २५ ॥

ધોળી દૂર્વા, (દરો) મજીઠ, બેંત, કમળકાકડી, જેઠીમધ, લઘુઇંદ્રાવણ, નીલુંકમલ, દુર્વા-(દરો) ધમાસાનાં મૂળ, ડાભ અને કાસનાં મૂળ, વાળો,પાન, આ સર્વને પાણી સાથે વાટીને લેપ કરવાથી દાહ બળતરા દૂર થાય છે. ૨૫.

શીતઘ્ન અને વિષઘ્ન લેપ.

शैलेयमेलागुरुणीसकुष्टेचण्डानतंत्वक्सुरदारुरास्ना ।
शीतंनिहन्यादचिरात्प्रदेहोविषंशिरीषस्तुससिन्धुवारः ॥ २६ ॥

શિલાજીત, ઈલાયચી, અગર, ઉપલેટ, ગઢિવન, તગરમૂળ, તજ, દેવદાર, અને રાસ્ના આનો લેપ શરીરની ઠંડીની તરત નષ્ટ કરે છે. તેમજ નગોડ અને સરસવનો લેપ કરવાથી શીત—ઠંડી અને વિષ બન્ને નષ્ટ થાય છે. ૨૬.

દેહ દુર્ગંધનાશક લેપ.

शिरीषलामज्जकहेमलोध्रैस्त्वग्दोषसंस्वेदहरःप्रघर्षः ।
पत्राम्बुलोध्राभयचन्दनानिशरीरदौर्गन्ध्यहरःप्रदेहः ॥ २७ ॥

સરસવ, વાળો, (ખસ) નાગકેશર, લોધર આનું ચૂર્ણ કરીને શરીર ઉપર લગાડવાથી ત્વચા (ચામડીના) સમ્બન્ધી સર્વ રોગ અને અત્યન્ત પરસેવો છૂટતો હોય તે બંધ થાય. અને તેજપત્ર, (તમાલપત્ર) વાળો, લોધર હરડે અને ચંદન આનો લેપ કરવાથી શરીરની દુર્ગંધી નષ્ટ થાય છે ૨૭.

तत्र श्लोकः । इहात्रिजःसिद्धतमानुवाचद्वात्रिंशतंसिद्धमहर्षिपूज्यः । चूर्णप्रदेहान्विविधामयघ्नानारग्वधीजेजगतो हितार्थम् ॥ २८ ॥

ઉપસંહાર.

આ આરગ્વધીય નામના અધ્યાયમાં સિદ્ધ અને મહર્ષિઓના પૂજ્ય એવા આત્રેય મહર્ષિએ અનેક રોગોને નાશ કરનારા ૩૨ પ્રકારના ચૂર્ણોના લેપોને જગતના હિતને માટે ઋષિઓ પ્રત્યે કહ્યા છે. ૨૮.

इति भेषजचतुष्केआरग्वधीयो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

આ પ્રમાણે અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ ગ્રન્થમાં આરગ્વધીય નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો. (૩)

चतुर्थोऽध्यायः ।

પ્રતિજ્ઞા.

अथातःषड्विरेचनशताश्रितीयमध्यायं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः॥

હવે અમો ષડ્વિરેચન શતાશ્રિતીય અધ્યાયનું કથન કરીશું એમ ભગવાન્ આત્રેય કહે છે.

અધ્યાયનો વિષય.

इहखलुषड्विरेचनशतानिभवन्ति। षड्विरेचनाश्रयाः। पञ्चकषायशतानि। पञ्चकषाययोनयः। पञ्चविधंकषायकल्पनम्। पञ्चाशन्महाकषायाइतिसंग्रहः ॥१॥

આ ગ્રન્થમાં ૬૦૦ યોગ વિરેચનના છે. તે છસો વિરેચનોને ૬ સ્થાનોમાં આશ્રયીભૂત માનેલ છે. અને ૫૦૦ ક્વાથ તથા ૫ ક્વાથોનાં કારણ, ૫ પ્રકારની ક્વાથોની કલ્પના, ૫૦ મહાકષાય, (ક્વાથ) આ સંગ્રહનું આ અધ્યાયમાં વર્ણન કરેલ છે. ૧.

षड्विरेचनशतानीतियदुक्तंतदिहसंग्रहेणोदाहृत्यविस्तरेणकल्पोपनिषदिव्याख्यास्यामः ॥ २ ॥

જે ૬૦૦ વિરેચન આ અધ્યાયમાં કહેવામાં આવેલા છે તેને સંક્ષેપથી અહિં કહીને આગળ કલ્પસ્થાનમાં વિશેષ રૂપથી વર્ણન કરીશું. ૨.

જ્લાદિના યોગ.

त्रयस्त्रिंशद्योगशतंप्रणीतंफलेष्वेकोनचत्वारिंशज्जीमूतकेषु योगाः ॥ पञ्चचत्वारिंशदिक्ष्वाकुषुधामार्गवः। षष्टिधाभवति योगयुक्तः ॥ ३ ॥ कुटजस्त्वष्टादशधायोगमेतिकृतवेधनंषष्टिधाभवतियोगयुक्तम् । श्यामात्रिवृद्योगशतंप्रणीतंदशापरेचात्रभवन्तियोगाः ॥ ४ ॥ चतुरंगुलोद्वादशधायोगमेतिलोध्रं विधौषोडशयोगयुक्तम्। महावृक्षोभवतिविंशतियोगयुक्तः एकोनचत्वारिंशत्सप्तलाशंखिन्योर्योगाः ॥ ५ ॥ अष्टाचत्वारिंशद्दन्तीद्रवन्त्योरितिषड्विरेचनशतानि ॥ ६ ॥

તેમાં ૧૩૩ વિરેચન મીંઢોળના યોગથી થાય છે. ૩૯ યોગ કુકડવેલના સંયોગથી, ૪૫ કડવી તુમ્બડીના સંયોગથી, ૬૦ પ્રકારના અંઘાડાના યોગથી, ૧૮ પ્રકારના કુટજના યોગથી, ૬૦ પ્રકારના કડવાં તુરીયાંના યોગથી, ૧૧૦ પ્રકારના, દક્ષિણીનસોતરના યોગથી, ૧૨ પ્રકારના યોગ ગરમાળાથી, ૧૬ પ્રકારના યોગ લોધરથી, ૨૦ પ્રકારના થોરીયાના યોગથી, ૩૯ પ્રકારના સાતલા થોર અને શંખિનીના યોગથી, ૪૮ પ્રકારના દંતી અને મ્હોટા નેપાળાના યોગથી, આ પ્રમાણે સર્વ મળીને ૬૦૦ પ્રકારના વિરેચનના યોગ થાય છે. ૩ થી ૬.

[illegible]ः क्षीरमूलत्वक्पत्र[illegible]फलानीति ॥ ७ ॥

દુધ, મૂલ, છાલ, પત્ર, ફુલ, ફલ આ ૭ વિરેચનના આશ્રય છે. ૭.

કષાયોની (કવાથો) સંજ્ઞા, રસ, કલ્ક ઇત્યાદિ.

पञ्चक[illegible]नयइति मधुरकषायोऽम्लकषायःकटुकषायस्तिक्तकषायःकषायकषायश्चेतितन्त्रेसंज्ञा ॥ ८ ॥

મધુરકષાય, અમ્લકષાય, કટુકષાય, તિક્તકષાય, કષાયકષાય, આ પાંચ પ્રકારથી શાસ્ત્રમાં કષાયયોનિ માનેલ છે. અથવા એમ કહો કે જે દ્રવ્યોથી કષાય (કવાથ) બને છે. તેને કષાયયોનિ અર્થાત્ કષાયનું કારણ કહે છે તે દ્રવ્ય મધુરાદિ પાંચ રસોના આશ્રયીભૂત હોવાથી કષાયયોનિ ૫ પ્રકારની છે. ૮.

पञ्चविधंकषायकल्पनमिति । तद्यथा । स्वरसः कल्कः शृतःशीतः फाण्टःकषायइति ॥ ९ ॥ "यन्त्रमपीडनादूद्रव्याद्रसःस्वरस उच्यते । यत्पिण्डंरसपिष्टानांतत्कल्कंपरिकीर्त्तितम् ॥ १० ॥ वह्नौतुकथितंद्रव्यंशृतमाहुश्चिकित्सकाः । द्रव्यादापोत्थितात्तोयेतत्पुनर्निशिसंस्थितात् ॥ ११ ॥ कषायोयोऽभिनिर्यातिसशीतःसमुदाहृतः । क्षिप्त्वोष्णेतोयेमृदितं तत्फाण्टंपरिकीर्त्तितम्" ॥ १२ ॥ तेषां यथापूर्वंबलाधिक्यम् । अतःकषायकल्पनाव्याध्यातुरबलापेक्षिणीनत्वेवंखलुसर्वाणिसर्वत्रोपयोगीनिभवन्ति । पञ्चाशन्महाकषायाइतियदुक्तंतदनुव्याख्यास्यामः ॥ १३ ॥

તેમજ કષાયોની કલ્પના પણ પાંચ પ્રકારની છે. જેમ કે સ્વરસ, કલ્ક, શૃત, શીત અને ફાંટ આ પાંચ કષાય છે. યંત્ર વગેરેથી ઔષધને દબાવીને જે તેમાંથી રસ નીકળે છે તેને સ્વરસ કહે છે. જે દ્રવ્યને ભીનુંજ વાટીને ચટણીના સમાન ગોળો બનાવવામાં આવે છે તેને કલ્ક કહે છે. જે દ્રવ્ય પાણીમાં નાંખીને અગ્નિ ઉપર પકાવવામાં આવે છે, તેને શૃત (ઉકાળો) કહે છે. જે દ્રવ્યને (ઔષધિને) કૂટીને ઠંડા પાણીમાં સાંજે ભીંજાવવું અને રાતભર પડયા રહેવા દેવું. ફરી સવારમાં ચોળીને ગાળી લેવું આને શીત (શીતકષાયક–હિમ) કહે છે. દ્રવ્યના ચૂર્ણને ગરમ જલમાં નાંખી ચોળીને ગાળી લેવું તેને ફાંટ કહે છે. તેમાં ફાંટથી હિમમાં, હિમથી કવાથમાં, કવાથથી કલ્કમાં અને કલ્કથી સ્વરસમાં અધિક ગુણ હોય છે. આ કવાથ વિચાર કર્યા વિના સર્વ ઉપયોગમાં લાવી શકાતો નથી. રોગ અને રોગીનું બલાબલ વિચારીને જે જ્યાં ઉપયોગી હોય તેનોજ ત્યાં ઉપયોગ કરવો જોઇએ. હવે જે પચાસ મહાકષાય કહેવામાં આવ્યા છે તેની વ્યાખ્યા કરીએ છીએ. ૯ થી ૧૩.

જીવનીયાદિ ૭ કષાય.

तद्यथा । जीवनीयोबृंहणीयोलेखनीयोभेदनीयःसन्धानीयोदी[illegible]कःकषायवर्गः ॥ १४ ॥

તે સર્વ આ પ્રમાણે છે. જીવનીય, (જીવનને વધારનાર) બૃંહણીય, (માંસને પુષ્ટ કરનાર), લેખનીય (મળને ઊખાડીને બહાર કાઢનાર), ભેદનીય (મળને ફાડનાર), સંધાનીય (તૂટેલાંઓને સાંધનાર), દીપનીય (જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર); આ પ્રમાણે આ ૭ કષાયોનો વર્ગ થયો છે. ૧૪

બલકારકાદિ ચાર કષાય.

बल्योवर्ण्यःकण्ठयोहृद्यःइतिचतुष्कःकषायवर्गः ॥ १५ ॥

બળ વધારનાર, કાન્તિ સુધારનાર, સ્વરશોધક, અને હૃદયને હિતકારી આ ચાર પ્રકારના કવાથ છે. ૧૫.

તૃપ્તિનાશકાદિ છ કષાય.

तृप्तिघ्नोऽर्शोघ्नःकुष्ठघ्नःकण्डूघ्नः कृमिघ्नोविषघ्नइतिषट्कः कषायवर्गः ॥ १६ ॥

રૂચી કરનાર, અર્શનો નાશ કરનાર, કુષ્ટનો નાશ કરનાર, ખુજલીનો નાશ કરનાર, કૃમીનો નાશ કરનાર, અને વિષનો નાશ કરનાર આ ૭ પ્રકારના કવાથ છે. ૧૬.

સ્તનના દુધને વધારનારા વગેરે ચાર કષાય.

स्तन्यजननःस्तन्यशोधनःशुक्रजननःशुक्रशोधनइतिचतुष्कः कषायवर्गः ॥ १७ ॥

સ્તનોમાં દુધ ઉત્પન્ન કરનાર, સ્તનનું શોધન કરનાર, શુક્ર (વીર્ય) ને ઉત્પન્ન કરનાર અને શુક્રને શોધન કરનાર આ ચાર પ્રકારના કવાથ છે. ૧૭.

સ્નેહને ઉપયોગી વગેરે સાત કષાય.

स्नेहोपगःस्वेदोपगोवमनोपगोविरेचनोपगआस्थापनोपगोऽनुवासनोपगःशिरोविरेचनोपगइतिसप्तकःकषायवर्गः ॥ १८ ॥

સ્નેહ કર્મોપયોગી, સ્વેદોપયોગી, વમનોપયોગી (ઉલટી કરનાર) વિરેચનોપયોગી (જુલાબ કરનાર) આસ્થાપનોપયોગી, અનુવાસનોપયોગી, શિરોવિરેચનોપયોગી આ સાત પ્રકારના કવાથ છે. ૧૮.

છર્દિ નિગ્રહણ વગેરે ત્રણ કષાય.

छर्दिनिग्रहणस्तृष्णानिग्रहणोहिक्कानिग्रहणइतित्रिकःकषायवर्गः ॥ १९ ॥

ઉલટી રોકનાર, તૃષાને રોકનાર, અને હેડકીને રોકનાર આ ત્રણ પ્રકારના કષાય છે. ૧૯.

પુરીષ સંગ્રહણીય વગેરે પાંચ કષાય.

पुरीषसंग्रहणीयःपुरीषविरजनीयोमूत्रसंग्रहणीयोमूत्रविरेजनीयोमूत्रविरेचनीय इति पञ्चकःकषायवर्गः ॥ २० ॥

મળને બાંધનાર, મળને શુદ્ધ કરનાર, અધિક મૂત્રને સંગ્રહ કરનાર, મૂત્રને શુદ્ધ કરનાર, મૂત્રને લાવનાર આ પાંચ પ્રકારનો કષાયનો વર્ગ છે. ૨૦.

કાસહર વગેરે પાંચ કષાય.

कासहरःश्वासहरःशोथहरोज्वरहरःश्रमहरइतिपञ्चकःकषायवर्गः ॥ २१ ॥

ખાંસીને મટાડનાર, શ્વાસને મટાડનાર, સોજાને મટાડનાર, જ્વરને ઉતારનાર, શ્રમને હરનાર, આ પાંચ પ્રકારના કષાય છે.

દાહ પ્રશમન વગેરે પાંચ કષાય.

दाहप्रशमनःशीतप्रशमनउदर्दप्रशमनोऽङ्गमर्दप्रशमनःशूलप्रशमन इतिपञ्चकःकषायवर्गः ॥ २२ ॥

દાહને શાન્ત કરનાર, શીતને શાન્ત કરનાર, ઉદરરોગને શાન્ત કરનાર, અંગમર્દને શાન્ત કરનાર, શૂળને શાન્ત કરનાર આ પાંચ પ્રકારના કવાથોનો વર્ગ છે. ૨૨

શોણિત સ્થાપન વગેરે પાંચ કષાય.

शोणितास्थापनोवेदनास्थापनःसंज्ञास्थापनःप्रजास्थापनोवयः स्थापनइतिपञ्चकःकषायवर्गः । इतिपञ्चाशन्महाकषायाः ॥ २३ ॥

રક્ત–લોહીને સ્થાપન કરનાર, પીડાને હરણ કરનાર, બુદ્ધિને સ્થાપન કરનાર, સંતાન કરનાર, આયુને વધારનાર, આ પાંચ પ્રકારના કષાય છે. આ પ્રમાણે પચાસ મહાકષાય છે. ૨૩

પાંચસો કષાય.

महताञ्चकषायाणांलक्षणोदाहरणार्थंव्याख्याताभवन्ति । तेषामेकैकस्मिन्महाकषायेदशदशावयविकानकषायाननुव्याख्यास्यामः । तान्येवपञ्चकषायशतानिभवन्ति ॥ २४ ॥

ઉપર કહેલા પચાસ મહા કષાઓનાં લક્ષણ ઉદાહરણને માટે કહેવામાં આવ્યાં છે. હવે તેઓમાંથી એક એકના દશ દશ અંગોનું વર્ણન કરવામાં આવે છે. તેજ સર્વે મળીને પાંચસો કષાય થાય છે. ૨૪.

જીવનીય દશ દ્રવ્ય.

तद्यथा । जीवकर्षभकौमेदामहामेदाकाकोलीक्षीरकाकोलीमुद्गमाषपर्णीजीवन्तीमधुकमितिदशेमानिजीवनीयानिभवन्ति ॥ २५ ॥

તે આ પ્રમાણે, જીવક–વિદારીકંદ, ઋષભક–ફગવેલાનો કંદ, મેદા–શતાવરી, મહામેદા–શતાવરી, કાકોલી–આસકંધ, ક્ષીરકાકોલી–આખસંધ, મુદ્ગપર્ણી (જંગલી મગ) માષપર્ણી (જંગલી અડદ) હરણવેલ, જેઠીમધ, આ દશ ઔષધિઓ જીવનીય ગણાય છે, અર્થાત્ તેઓ આયુષ્યને વધારનારી છે. ૨૫.

બૃંહણીય દશ દ્રવ્ય.

क्षीरिणीराजक्षवकबलाकाकोलीक्षीरकाकोलीवाट्यायनीभद्रौदनीभारद्वाजीपयस्यर्ष्यगन्धाइतिदशेमानिबृंहणीयानिभवन्ति ॥ २६ ॥

ક્ષીરવિદારી, દુધિયું, ખરેટી, કાકોલી,–(આસકંધ), ક્ષીરકાકોલી,–(આસકંદ) **ખરેટી,** સહદેવી, જંગલી કપાસ, વિદારીકંદ–ફગવેલાનોકંદ, વરધારો, આ દશ ઔષધી બૃંહણીય ગણાય છે. ૨૬

લેખનીય દશ દ્રવ્ય.

मुस्तकुष्ठहरिद्रादारुहरिद्रावचातिविषाकटुरोहिणीचित्रकचिरबिल्वहैमवत्यइतिदशेमानिलेखनीयानिभवन्ति ॥ २७ ॥

નાગરમોથ, કઠ (ઉપલેટ) હળદર, દારૂહળદર, અતિવિષની કળી, કડુ, ચિત્રો, કરંજ, સફેદબીજ, આ દશ લેખનીય દ્રવ્ય છે. ૨૭

ભેદનીય દશ દ્રવ્ય.

सुवहार्कोरुबूकाग्निमुखी चित्राचित्रकचिरबिल्वशंखिनीशकुलादनीस्वर्णक्षीरिण्यइतिदशेमानिभेदनीयानिभवन्ति ॥ २८ ॥

રાસ્ના આકડો, એરંડો, ભિલામાં, નેપાલો, ચિત્રો, કરંજ, શંખિની, કડુ, દારૂડી, આ દશ ઔષધિઓ ભેદન કરનારી છે. ૨૮

સન્ધાનીય દશ દ્રવ્ય.

मधुकमधुपर्णीपृश्निपर्ण्यम्बष्ठकीसमङ्गामोचरसधातकीलोध्रप्रियंगुकट्फलानीतिदशेमानिसंधानीयानि भवन्ति ॥ २९ ॥

જેઠીમધ, ગળો, પૃષ્ટપર્ણી, પાટલા, ન્હાનો સમેરવો મોચરસ, ધાવડીનાં ફૂલ, લોધર, પ્રિયંગુ (ઘઉંલો) કાયફલ, આ દશ સંધાનીય જોડનારી ઔષધિયો છે. (ક્યાં સંધાનીય પાઠ છે જેનો અર્થ મળને ધારણ કરનારી એવો થાય છે). ૨૯

દીપનીય દશ દ્રવ્ય.

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकशृङ्गवेराम्लवेतसमरिचाजमोदाभल्लातकास्थिहिंगुनिर्यासाइतिदशेमानिदीपनीयानिभवन्ति ॥ ३० ॥

પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, અમ્લવેત, મરી, અજમો, ભિલામાની મીંજ અને હીંગ, આ દશ ઔષધ અગ્નિને દીપન કરનારાં છે. ૩૦

બલકારક દશ દ્રવ્ય.

ऐन्द्रीऋषभ्यतिरसर्ष्यप्रोक्तापयस्यश्वगधास्थिरारोहिणीबलातिबलाइतिदशेमानिबल्यानिभवन्ति ॥ ३१ ॥

ઇંદ્રવરણું, કૌચાં, સતાવરી, વરધારો, વિદારી કંદ, આસંધ, (આસન) શાર્ઙ્ગપર્ણી (મ્હોટો સમેરવો) કડુ, બલા, (બલદાણા) અને અતિબલા, આ દશ બલદાયક ઔષધ છે. ૩૧.

વર્ણશોધક દશ દ્રવ્ય.

चन्दनतुङ्गपद्मकोशीरमधुकमञ्जिष्ठाशारिवापयस्यासितालता इति दशेमानिवर्ण्यानिभवन्ति ॥ ३२ ॥

ચંદન, તગર, નાગકેશર, પદમક, વાળો, જેઠીમધ, મજીઠ, સારિવા, (ઉપલસરી) ક્ષીરકાકોલી, અને સફેદ દૂર્વા, આ દશ ઔષધ વર્ણકારક (શરીરના રંગને સુધારનાર) છે. ૩૨.

કંઠશોધક દશ દ્રવ્ય.

शारिवेक्षुमूलमधुकपिप्पलीद्राक्षाविदारीकैटर्यहंसपदीबृहतीकण्टकारिकइतिदशेमानिकंण्ठ्यानिभवन्ति ॥ ३३ ॥

સારિવા, (ઉપલસરી) શેરડીનાં મૂળીયાં, જેઠીમધ, પીપર, દરાખ, વિદારીકંદ, કાયફલ, રીસામણી, ઉભી ભોરીંગણી, અને ભોરીંગણી આ દશ ઔષધ કંઠને શુદ્ધ કરનાર છે. ૩૩.

હૃદયશોધક દશ દ્રવ્ય.

आम्राम्रातकनिकुचकरमर्दवृक्षाम्लाम्लवेतसकुवलवदरदाडिममातुलुङ्गानीतिदशमानिहृद्यानिभवन्ति ॥ ३४ ॥ इतिचतुष्कःकषायवर्गः ।

આંબો, બાણપુષ્પ, ફણસ, કરમદાં, આંબલી, અમ્લવેત, મ્હોટાં બોર, જંગલી બોર, દાડમ, અને બિજોરાં આ દશ ઔષધ હૃદયશોધક છે. ૩૪.

આ પ્રમાણે ચાર કષાયોનો વર્ગ થયો.

તૃપ્તિનાશક દશ દ્રવ્ય.

नागरचित्रकचव्यविडङ्गमूर्वागुडूचीवचामुस्तपिप्पलीपटोलानीतिदशेमानितृप्तिघ्नानिभवन्ति ॥ ३५ ॥

સુંઠ, ચિત્રક (ચીતરો) ચવક, વાવડીંગ, મોરવેલ, ગળો, વજ, મોથ, પીપર અને પટોલ આ દશ ઔષધો તૃપ્તિનાશક (રૂચિકારક) છે. ૩૫.

અર્શનાશક દશ દ્રવ્ય.

कुटजबिल्वचित्रकनागरातिविषाभयाधन्वयशकदारुहरिद्रावचाचव्यानीतिदशेमानिअर्शोघ्नानिभवन्ति ॥ ३६ ॥

ઇન્દ્રજવ, બીલી, ચિત્રો, સુંઠ, અતિવિષા (અની વિષની કલી). હરડે, જવાસો, દારૂહળદર, વજ અને ચવક આ દશ ઔષધ અર્શનો નાશ કરનાર છે. ૩૬.

કુષ્ટનાશક દશ દ્રવ્ય

खदिराभयामलकहरिद्रारुष्करसप्तपर्णारग्वधकरवीरविडङ्गजातिप्रवालाइतिदशेमानिकुष्ठघ्नानिभवन्ति ॥ ३७ ॥

કાથો, હરડે, આંબળાં, હળદર, ભીલામાં, સપ્તપર્ણ, ગરમાળો, કણેર, વાવડીંગ અને ચમેલીની કુંપળો, આ દશ ઔષધો કુષ્ટનાશક છે. ૩૭.

ખર્જનાશક દશ દ્રવ્ય.

चन्दननलदकृतमालनक्तमालनिम्बकुटजसर्षपमधुकदारुहरिद्रामुस्तानीतिदशेमानिकण्डुघ्नानिभवन्ति ॥ ३८ ॥

સુખડ, વાળો, ગરમાળો, કરંજ, લીંબડો, ઈંદ્રજવ, સરસવ, જેઠીમધ, દારૂહળદર, અને નાગરમોથ, આ દશ ખુજલીનો નાશ કરનાર ઔષધ છે. ૩૮.

કૃમીનાશક દશ દ્રવ્ય

अक्षीवमरिचगण्डीरकेवूकविडङ्गनिर्गुण्डीकिणहीश्वदंष्ट्रावृषपर्णिकाआखुपर्णिकाइतिदशेमानिक्रिमिघ्नानिभवन्ति ॥ ३९ ॥

ધોળો સરગવો, મરી, કાળો વાળો, કેવુક, વાવડીંગ, નગોડ, પટોલ, ગોખરૂ, વૃષપર્ણી, અને આખુપર્ણી આ દશ ઔષધ કૃમિનાશક છે. ૩૯.

વિષનાશક દશ દ્રવ્ય.

हरिद्रामञ्जिष्ठासुवहासूक्ष्मैलापालिन्दीचन्दनकतकशिरीषसिन्धुवारश्लेष्मातकाइति दशेमानिविषघ्नानिभवन्ति ॥ ४० ॥ इतिषट्कःकषायवर्गः ।

હળદર. મજીઠ, રાસના, ઈલાયચી, સારિવા, (ઉપલસરી) સુખડ, નિર્મલીનાં ફુલ, સરસડો, ધોળી નગડ, અને ગુંદી, આ દશ ઔષધ વિષનાશક છે. ૪૦.

આ છ કષાયોનો વર્ગ છે.

સ્તનમાં દુધ વધારનાર દશ દ્રવ્ય.

वीरणशालीषष्टिकेक्षुवालिकादर्भकुशकाशगुन्द्रेत्कटकत्तृणमूलानीतिदशेमानि स्तन्यजननानिभवन्ति ॥ ४१ ॥

વાળો, સાળના ચોખા, સાઠીના ચોખા, એખરો, દર્ભ, કુસ, કાસ, ગુંદ્રખડ, બરૂ, રોહિસ ઘાસ, આ દશ પદાર્થો સ્તનોમાં દુધ વધારનાર છે. ૪૧.

દુગ્ધશોધક દશ દ્રવ્ય.

पाठामहौषधसुरदारुमुस्तमूर्वागुडूचीवत्सकफलकिराततिक्तकटुरोहिणीशारिवाइतिदशेमानिस्तन्यशोधनानिभवन्ति ॥ ४२ ॥

કાલીપાટ, સુંઠ, દેવદાર, નાગરમોથ, મોરવેલ, ગળો, ઈંદ્રજવ, કરીયાતું, કડુ, સારિવા, (ઉપલસરી) આ દશ પદાર્થ સ્તનોમાં દુધને શુદ્ધ કરનાર છે. ૪૨.

વીર્યોત્પાદક દશ દ્રવ્ય.

जीवकर्षभककाकोलीक्षीरकाकोलीमुद्गपर्णीमाषपर्णीमेदावृद्धरुहाजटिलाकुलिङ्गाइति दशेमानिशुक्रजननानिभवन्ति ॥ ४३ ॥

જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, જંગલી મગ, જંગલી અડદ, બાંદો શતાવરી, જટામાંસી, કાકડા સીંગી, આ દશ વસ્તુઓ વીર્યને ઉત્પન્ન કરનાર છે. ૪૩.

વીર્યશોધક દશ દ્રવ્ય.

कुष्ठैलवालुककट्फलसमुद्रफेनकदम्बनिर्यासेक्षुकाण्डेक्ष्विक्षुरकवसुकोशीराणीतिदशेमानिशुक्रशोधनानिभवन्ति ॥ ४४ ॥

ઉપલેટ, ચણકબાબ, કાયફલ, સમુદ્રફીણ, કદંબનો ગુંદર, શેરડી, કાસ, એખરો, અગથીઆના ફૂલ, અને વાળો આ દશ વસ્તુઓ શુક્ર-વીર્યને શુદ્ધ કરે છે. ૪૪.

આ ચાર કષાયોનો વર્ગ છે.

સ્નેહમાં ઉપયોગી દશ દ્રવ્ય.

मृद्वीकामधुकमधुपर्णीमेदाविदारीकाकोलीक्षीरकाकोलीजीवकजीवन्तीशालपर्ण्यइतिदशेमानिस्नेहोपयोगानिभवन्ति ॥ ४५ ॥

દ્રાક્ષ, જેઠીમધ, ગળો, સતાવરી, વીદારીકંદ-(ભોંયકોળુ) કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, જીવંતી, અને શાલપર્ણી, આ દશ પદાર્થો સ્નેહકાર્યમાં ઉપયોગી છે. ૪૫.

પ્રસ્વેદ કરનાર દશ દ્રવ્ય.

शोभाञ्जनकैरण्डार्कवृश्चीरपुनर्नवायवतिलकुलत्थमाषबदराणीतिदशेमानिस्वेदोपगानिभवन्ति ॥ ४६ ॥

સુહાંજના, (કાલો સરગવો) આકડો, એરંડો, સફેદ પુનર્નવા, (ધોળી સાટોડી,) લાલ પુનર્નવા, (લાલ સાટોડી) જવ, તલ, કળથી, અડદ, અને બોરાં આ દશ દ્રવ્ય પરસેવો લાવવામાં ઉપયોગી છે. ૪૬.

વમન કરનાર દશ દ્રવ્ય.

मधुमधुककोविदारकर्बुदारनीपविदुलबिम्बीशणपुष्पीसदापुष्पीप्रत्यक्पुष्प्यइतिदशेमानिवमनोपगानिभवन्ति ॥ ४७ ॥

મધ, જેઠીમધ, સફેદ કાંચનાર, લાલ કાંચનાર, કદંબ, નેતર, ટીંડોરાં, શણપુષ્પી, આકડો, અને અંધાડો આ દશ પદાર્થો વમન-(ઉલ્ટી) કરાવવામાં ઉપયોગી છે. ૪૭.

વિરેચન કરાવનાર દશ દ્રવ્ય.

द्राक्षाकाश्मर्य्यपरूषकाभयामलकविभीतककुवलबदरकर्कन्दुपीलूनीतिदशेमानिविरेचनोपगानिभवन्ति ॥ ४८ ॥

દ્રાક્ષ, શિવણ, જંગલી તુળશી, હરડે, આમળાં, બહેડાં, મ્હોટાં બોરાં, બોરાં, ચણીબોરાં, પીલુફલ આ દશ વસ્તુઓ વિરેચન-જુલાબમાં ઉપયોગી છે. ૪૮

મલબંધક દશ દ્રવ્ય.

त्रिवृद्बिल्वपिप्पलीकुष्ठसर्षपवचावत्सकफलशतपुष्पामधुकमदनफलानीतिदशेमान्यास्थापनीयोपगानिभवन्ति ॥ ४९ ॥

નશોતર, બીલું, પીપર, ઉપલેટ, સરસવ, વજ, ઇંદ્રજવ, વરીયાળી, જેઠીમધ, મીંઢોળ, આ દશ વસ્તુઓ બસ્તીમાં ઉપયોગી છે. ૪૯

સુગંધીકારક દશ દ્રવ્ય.

रास्नासुरदारुबिल्वमदनशतपुष्पावृश्चीरपुनर्नवाश्वदंष्ट्राग्निमन्थश्योणाकाइतिदशेमानिअनुवासनोपगानिभवन्ति ॥ ५० ॥

રાસના, દેવદાર, બીલું, મીંઢોળ, વરીયાળી, ધોળી સાટોડી, લાલ સાટોડી, ગોખરૂ, અરણી, અરડુસો આ દશ વસ્તુઓ અનુવાસન બસ્તીમાં ઉપયોગી છે. ૫૦

શિરોવિરેચનીય દશ દ્રવ્ય.

ज्योतिष्मतीक्षवकमरिचपिप्पलीविडङ्गशिग्रुसर्षपापामार्गतण्डुलश्वेतामहाश्वेताइतिदशेमानिशिरोविरेचनोपगानिभवन्ति ॥ ५१ ॥

માલકાંગણી, નાકછીકણી, મરી, પીપર, વાવડીંગ, સુહાંજના, (કાળો સરગવો) સરસવ, અંઘેડાનાં બીજ, સફેદ કોયલ, મ્હોટી કોયલનું વૃક્ષ આ દશ પદાર્થ શિરોવિરેચનમાં ઉપયોગી છે. ૫૧

આ પ્રમાણે સાત કષાયોનો વર્ગ છે.

વમન વિનાશક દશ દ્રવ્ય.

जम्ब्वाम्रपल्लवमातुलुङ्गाम्लबदरदाडिमयवयष्टिकोशीरमृल्लाजा इति दशेमानि-छर्दिनिग्रहाणिभवन्ति ॥ ५२ ॥

જાંબુનાં પાંદડાં, આંબાનાં પાંદડાં, બિજોરૂં, ખાટાં બોરાં, દાડમ, જવ, જેઠીમધ, વાળો, ગોપીચંદન, અને ધાણી, આ દશ પદાર્થો વમન (ઉલ્ટી) ને રોકનારછે. ૫૨

તૃષા શમાવનાર દશ દ્રવ્ય.

नागरधन्वयवासकमुस्तपर्प्पटकचन्दनकिराततिक्तकगुडूचीह्रीवेरधान्यकपटोलानीतिदशेमानितृष्णानिग्रहाणिभवन्ति ॥ ५३ ॥

સુંઠ, જવાસો, નાગરમોથ, પીતપાપડો, ચંદન, કરીયાતું, ગળો, ખસ, ધાણા અને પટોલ આ દશ ઔષધિઓ તૃષા–તરસને શમાવનાર છે. ૫૩.

હિચકી નિવારક દશ દ્રવ્ય.

शटीपुष्करमूलबदरबीजकण्टकारिकाबृहतीवृक्षरुहाभयापिप्पलीदुरालभाकुलीरशृङ्गचइतिदशेमानिहिक्कानिग्रहाणिभवन्ति ॥ ५४ ॥ इति त्रिकःकषायवर्गः ।

કચૂરો, પુષ્કર મૂળ, બોરાંનાં બીજ, બેઠી ભોરીંગણી, ઉભી ભોરીંગણી, આકાશવેલ, હરડે, પીપર, જવાસો, અને કાકડાસીંગી આ દશ વસ્તુઓ હિચકી–હેડકીને બંધ કરે છે. ૫૪.

આ ત્રણ કષાયોનો વર્ગ છે.

મલરોધક દશ દ્રવ્ય.

प्रियंग्वनन्ताम्रास्थिकट्वङ्गलोध्रमोचरससमङ्गाधातकीपुष्पपद्मापद्मकेशराणीतिदशेमानिपुरीषसंग्रहणानिभवन्ति ॥ ५५ ॥

પ્રિયંગુ (ઘઉલો) સારિવા (ઉપલસરી) કેરીની ગોટલી, અરડુસો, લોધર, મોચરસ, [1]સમંગા, (મજીઠ અથવા રિસામણી,) ધાવણીનાં ફૂલ, ભારંગી અને કમળનું કેશર આ દશ ઔષધિઓ મલસ્તંભક અર્થાત્ મળને બાંધીને લાવનારી છે. ૫૫.

પુરીષશોધક દશ દ્રવ્ય.

जम्बुशल्लकीत्वककच्छुरामधूकशाल्मलीश्रीवेष्टकभृष्टमृत्पयस्योत्पलतिलकणाइति-दशेमानिपुरीषविरजनीयानिभवन्ति ॥ ५६ ॥

જાંબુની છાલ, સાલ વૃક્ષની છાલ, કઉચાં, જેઠીમધ, મોચરસ, ગંધાબેરજો, સેકેલી-માટી, ક્ષીરકાકોલી, કમલ અને તલ, આ દશ ઔષધીઓ મળને શુદ્ધ કરનાર છે. ૫૬.

મૂત્રરોધક દશ દ્રવ્ય.

जम्ब्वाम्रप्लक्षवटकपीतनोदुम्बराश्वत्थभल्लातकाश्मन्तकसोमवल्काइतिदशेमानिमूत्रसंग्रहणानिभवन्ति ॥ ५७ ॥

---

[1] **समंगा** સંસ્કૃત નામ છે. જેના મજીઠ અને રિસામણી બન્ને અર્થ થાય છે. પરન્તુ શંકરદાસજી શાસ્ત્રી પદે અહિયાં મજીઠ સ્વીકાર કરે છે. અને પં॰ ક્ષમાપતિજી રિસામણી જણાવે છે.

જાંબુ, આંબો, પીપર, વડ, પારસપીપળો, ખાખરો, અશ્વત્થ (પીપળો,) ભીલામા, અશ્મંતક, અને કાથો આ દશ મૂત્ર સંગ્રહણ-મૂત્રને રોકનારી ઔષધિઓ છે. ૫૭.

મૂત્રશોધક તથા મુત્ર વિરેચનીય દશ દ્રવ્ય.

वृक्षादनीश्वदंष्ट्रावसुकोशीरपाषाणभेददर्भकुशकशगुन्द्रोत्कटमूलानीति दशेमानि-मूत्रविरेचनीयानिभवन्ति ॥ ५८ ॥

બાંદો, ગોખરૂ, અગથીયાંના ફૂલ, અંધાડો, પાષાણભેદ, દર્ભ, કુશ, કાશ, ગુંદ્રખડ, અને બરૂ, આ દશ ઔષધિ મૂત્ર લાવનારી છે. ૫૮

पद्मोत्पलनलिनकुमुदसौगन्धिकपुण्डरीकशतपत्रमधुकप्रियंगुधातकीपुष्पाणीतिदशेमानिमूत्रविरचनीयानिभवन्ति ॥ ५९ ॥ इति पंचकः कषायवर्गः ।

કમલ, નીલકમલ, નલિનકમલ, કુમુદ, સુગંધીકમલ, પુંડરીક કમલ, ગુલાબ, જેઠીમધ, પ્રિયંગુનાં ફૂલ, આ દશ ઔષધિ મૂત્રને શુદ્ધ કરનારી છે. ૫૯

આ પાંચ પ્રકારનો કષાય વર્ગ છે.

કાસહારક દશ દ્રવ્ય.

द्राक्षाभयामलकपिप्पलीदुरालभाशृङ्गीकण्टकारिकावृश्चीरपुनर्नवातामलक्यइतिदशेमानिकासहराणिभवन्ति ॥ ६० ॥

દ્રાક્ષ, હરડે, આંબળાં, પીપર, જવાસો, કાકડાસીંગી, કટેલી, સફેદ પુનર્નવા (સાટોડી) લાલ પુનર્નવા, (લાલ સાટોડી) અને ભોંઆમલી, આ દશ ઔષધિઓ ખાંસી-ઉધરસને નષ્ટ કરનારી છે. ૬૦

શ્વાસહર દશ દ્રવ્ય.

शटीपुष्करमूलाम्लवेतसैलाहिंग्वगुरुसुरसातामलकीजीवन्तीचण्डाइतिदशेमानिश्वासहराणिभवन्ति ॥ ६१ ॥

નરકચુર, પુષ્કરમૂલ, અમ્લવેતસ, ઇલાયચી, હીંગ, અગર, રાસના, ભોંઆમલી, જીવન્તી અને ચંડા આ ઔષધિ શ્વાસને હરણ કરનારી છે. ૬૧

શોથહારક દશ દ્રવ્ય.

पाटलाग्निमन्थबिल्वश्योणाककाश्मर्यकण्टकारिकावृहतीशालपर्णीपृश्निपर्णीगोक्षुरकाइतिदशेमानिशोथहराणिभवन्ति ॥ ६२ ॥

પાટલા, અરણી, બીલું, અરડુસો, સીવણ, ન્હાની ભોંરીંગણી, મ્હોટા સમેરવો, ન્હાનો સમેરવો, અને ગોખરૂ આ દશ ઔષધિ શોથ સોજાને મટાડનારી છે. ૬૨

જ્વરનાશક દશ દ્રવ્ય.

शारिवाशर्करापाठामञ्जिष्ठाद्राक्षापीलपरूषकाभयामलकविभीतकानीतिदशेमानिज्वरहराणिभवन्ति ॥ ६३ ॥

સારિવા (ઉપલસરી), સાકર, પાઠુ, મજીઠ, દ્રાક્ષ, પીલુ, ફાલસા, હરડે, આંબળાં, અને બહેડાં આ દશ ઔષધ જ્વર-તાવનો નાશ કરનાર છે. ૬૩

श्रमनाशक दश द्रव्य.

द्राक्षाखर्जुरपियालबदरदाडिमफल्गुपरूषकेक्षुयवयष्टिकाइतिदशेमानिश्रमहराणि-भवन्ति ॥ ६४ ॥ इति पञ्चकः कषायवर्गः

દ્રાક્ષ, ખજુર, ચારોળી, બોરાં, દાડમ, ઉમરો, ફાલસા, શેરડી, જવ અને સાઠીચોખા આ દશ ઔષધ શ્રમને હરણ કરનાર છે. ૬૪.

આ પાંચ પ્રકારનો કષાય વર્ગ છે.

દાહનાશક દશ દ્રવ્ય.

लाजाचन्दनकाश्मर्य्यफलमधुकशर्करानीलोत्पलोशीरशारिवागुडूचीह्रीवेराणीति-दशेमानिदाहप्रशमनानिभवन्ति ॥ ६५ ॥

ધાણી, ચંદન, શીવણ, જેઠીમધ, સાકર, નીલોત્પલ (કમળની એક જાતિ છે.) ખસ, ઉપલસરી, ગળો, અને વાળો આ દશ ઔષધ દાહને શાન્ત કરે છે. ૬૫.

શીતપ્રશામક દશ દ્રવ્ય.

तगरागुरुधान्यकशृङ्गवेरभूतीकवचाकण्टकारिकाग्निमन्थश्योणाकपिप्पल्यइतिदशे मानिशीतप्रशमनानिभवन्ति ॥ ६६ ॥

તગર, અગર, ધાણા, સુંઠ, અજમો, વજ, ન્હાની ભોરીંગણી, અરણી, અરડુસો, અને પીપર આ દશ ઔષધ શીતને હરણ કરનાર છે. ૬૬

ઉદર્દશામક દશ દ્રવ્ય.

तिन्दुकपियालबदरखदिरकदरसप्तपर्णाश्वकर्णार्जुनासनारिमेदाइतिदशेमान्युदर्दप्र शमनानिभवन्ति ॥ ६७ ॥

ટીંબરૂ, ચારોળી, બોર, કાથો, કેવડીઓ કાથો, સાતિવન, શાલવૃક્ષ, અર્જુનવૃક્ષ, વિજયસાર અને ગંધીલોખેર આ દશ ઔષધ ઉદર્દને શાન્ત કરે છે. ૬૭.

અંગમર્દનાશક દશ દ્રવ્ય.

विदारिगन्धापृश्निपर्णीबृहतीकण्टकारिकैरण्डकाकोलीचन्दनोशीरैलामधुकानीति दशेमान्यङ्गमर्दप्रशमनानिभवन्ति ॥ ६८ ॥

ન્હાનો સમેરવો, મ્હોટો સમેરવો, ન્હાની ભોરીંગણી, મ્હોટી ભોરીંગણી, એરંડો, કાકોલી, ચંદન, વાળો, એલાયચી અને જેઠીમધ આ દશ ઔષધિ અંગમર્દને શાન્ત કરે છે. ૬૮.

શુલ નાશક દશ દ્રવ્ય.

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकशृङ्गवेरमरिचाजमोदाजगन्धाजाजीगण्डीराणीति-दशेमानिशूलप्रशमनानिभवन्ति ॥ ६९ ॥

પીપર, પીપળી મૂળ, ચવક; ચિત્રક, સુંઠ, મરી, અજમા, અજમોદ, જીરૂં અને ડાંગર આ દશ ઔષધ શળને શાન્ત કરે છે. ૬૯.

આ પાંચ પ્રકારનો કષાય વર્ગ થયો.

રૂધિરસ્થાપક દશ દ્રવ્ય.

मधुमधुकरुधिरमोचरसकपाललोध्रगैरिकप्रियंगुशर्कराळाजा इतिदशेमानिशोणितस्थापनानिभवन्ति ॥ ७० ॥

મધ, જેઠીમધ, રૂધિર (કેશર,) મોચરસ, માટીનું ઠીકરૂં, લોધર, ગેરૂ, પ્રિયંગુ (ઘઉ લો.) સાકર, અને ધાણી, આ દશ ઔષધ રૂધિરને સ્થાપન કરે છે. ૭૧.

પીડાનિવારક દશ દ્રવ્ય.

शालकट्फलकदम्बपद्मतुङ्गमोचरसशिरीषवंजुलैलावालुकाशोकाइतिदशेमानिवेदनास्थापनानिभवन्ति ॥ ७१ ॥

શાલ, મીંઢોળ, કદંબ, પદમક, નાગ કેશર, મોચરસ, સિરસ, નેતર એલવાલુક અને અશોક (આશોપાલવ) આ દશ ઔષધો પીડાને નાશ કરનાર છે. ૭૨

સંજ્ઞા સ્થાપક દશ દ્રવ્ય.

हिंगुकैटर्य्यारिमेदवचाजीरकवयःस्थागोलोमीजटिलापलंकषाशोकरोहिण्यइतिदशेमानिसंज्ञास्थापनानिभवन्ति ॥ ७२ ॥

હીંગ, બકાન, ગંધીલોખેર, વજ, ગ્રન્થીપર્ણ, બ્રાહ્મી, જટામાંસી, છડ, ગુગળ, અને કડુ આ દશ ઔષધિ સંજ્ઞા સ્થાપક બેહોસી દૂર કરી સાવધાન બનાવનાર છે. ૭૨

પ્રજા સ્થાપન દશ દ્રવ્ય.

ऐन्द्रीब्राह्मीशतवीर्य्यासहस्रवीर्य्यामोघाव्यथाशिवारिष्टावाट्य पुष्पीविश्वक्सेनकान्ताइतिदशेमानिप्रजास्थापनानिभवन्ति ॥ ७३ ॥

ઈંદ્રવરણું, બ્રાહ્મી, દૂર્વા (ધરો) સફેદ દૂર્વા, પાદર, આંબળાં, હરડે, કડુ, કાંગ, અને માલકાંગણી આ દશ પ્રજાસ્થાપક એટલે સંતતિ આપનાર ઔષધિ છે. ૭૩

વયસ્થાપક દશ દ્રવ્ય.

अमृताभयाधात्रीमुक्ताश्वेताजीवन्त्यतिरसामण्डूकपर्णीस्थिरा पुनर्नवाइति दशेमानिवयस्थापनानिभवन्ति ॥ ७४ ॥ इतिपंचकःकषायवर्गः ।

ગળો, હરડે, આંબળાં, રાસના, શ્વેતવિષ્ણુક્રાંતા, જીવંતી, શતાવરી, મજીઠ, શાલીપર્ણી, સાટોડી, આ દશ ઔષધ અવસ્થા સ્થાપક એટલે ઉમ્મરને વધારનાર છે.

આ પાંચ કષાયોનો વર્ગ છે.

इति पञ्चकषायशतान्यभिसमस्यपञ्चाशन्महाकषायाःमहतांचकषायाणां लक्षणोदाहरणार्थंव्याख्याताभवन्ति ॥ ७५ ॥ नहिविस्तरस्यप्रमाणमस्तिनचाप्यतिसंक्षेपोऽल्पबुद्धीनांसामर्थ्यायोपकल्पतेतस्मादनतिसंक्षेपेणानतिविस्तरेणचोद्दिष्टाः । एतावन्तोह्यल्पबुद्धीनांव्यवहारायबुद्धिमतांचस्वालक्षण्यानुमानयुक्तिकुशलानामनुक्तार्थज्ञानायेति ॥ ७६ ॥

આ પ્રમાણે આ પાંચસો કષાયોમાંથી પ્રધાન પ્રધાન મહાકષાયો અને તેઓના લક્ષણો ઉદાહરણોને માટે કહેવામાં આવ્યા છે. વિસ્તારનું કાંઇ પ્રમાણ નથી અને વધારે સંક્ષેપ કરવા

જતાં થોડી બુદ્ધિવાળાઓ સમજી શકે તેમ નથી; તેથી આ ન વધારે સંક્ષેપથી અને ન વધારે વિસ્તારથી કહેવામાં આવેલ છે. આ અલ્પ બુદ્ધિવાળાઓના વ્યવહારને માટે અને લક્ષણ વડે અનુમાન તથા યુક્તિમાં કુશલ બુદ્ધિમાનોને નહિ કહેલા વિષયોના જ્ઞાનને માટે છે. ૭૫-૭૬.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाच। नैतानिभगवन्पञ्चकषायशतानिपूर्य्यन्ते। तानितानिह्येवाङ्गानिसंप्लवन्तेतेषु तेषुमहाकषायेष्विति ॥७७॥ तमुवाचभगवानात्रेयः। नैतदेवं बुद्धिमताद्रष्टव्यमग्निवेश ! एकोऽपिह्यनेकांसंज्ञांलभतेकार्य्यान्तराणिकुर्व्वन्। तद्यथापुरुषोबहूनांकर्म्मणांकरणेसमर्थो भवति। स यद्यत्कर्मकरोतितस्यतस्यकर्मणः कर्त्तृकरणकार्य्यसंप्रयुक्तंतत्तद्गौणंनामविशेषंप्राप्नोति। तद्वदौषधद्रव्यमपिद्रष्टव्यम्। यदिचैकमेवकिञ्चिद्द्रव्यमासादयामस्तथागुणयुक्तंयत्सर्व्वकर्मणांकरणेसमर्थंस्यात्कस्ततोऽन्यादिच्छेदुपधारयितुमुपदेष्टुं वाशिष्येभ्य इति ॥ ७८ ॥

આ પ્રમાણે ઉપદેશ કરનાર ભગવાન્ આત્રેયજીને અગ્નિવેસે કહ્યું કે હે ભગવન્ ! આ પાંચસો કષાય પૂર્ણ થતા નથી. કારણ કે જે અંગો પાંચસો કષાયોમાં કહેલાં છે તેજ પાછા મહાકષાયોમાં પણ મળે છે.

આ સાંભળીને ભગવાન્ આત્રેયજી અગ્નિવેશને કહે છે કે હે અગ્નિવેશ ! બુદ્ધિમાનોએ આ પ્રમાણે કહેવું ઉચિત નથી કેમકે એકજ વસ્તુ અનેક કાર્યોને કરવાથી અનેક નામને પ્રાપ્ત થાય છે. જેમ એકજ પુરૂષ અનેક કાર્યોને કરી શકે છે અને તે કાર્ય પ્રમાણે ઉપનામ પ્રાપ્ત કરે છે તેજ પ્રમાણે ઔષધિને માટે પણ સમજવું. જો એવી કોઈ વસ્તુ મળે કે જેનાથી સર્વ કાર્ય થઈ શકે તો તેને મૂકીને બીજી વસ્તુને પોતે ધારણ કરવું અને શિષ્યોને ઉપદેશ કરવો વ્યર્થ છે.

કષાય અને તેના કારણ તથા પાંચ પ્રકારની કલ્પના.

तत्र श्लोकाः। यतोयावन्तियैर्द्रव्यैर्विरेचनशतानिषट्। उक्तानिसंग्रहेणेहतथैवैषांषडाश्रयाः ॥ ७९ ॥ रसालवणवर्ज्याश्चकषायाइतिसंज्ञिताः। तस्मात्पञ्चविधायोनिःकषायाणामुदाहृता ॥ ८० ॥ तथाकल्पनमप्येषामुक्तंपञ्चविधंपुनः। महताञ्चकषायाणांपञ्चाशत्परिकीर्तिता ॥ ८१ ॥

તેમાં આ શ્લોક છે.-જે દ્રવ્યોથી જેટલા વિરેચનના યોગ થાય છે. તે ૬૦૦ વિરેચનના યોગોનું સંક્ષેપથી વર્ણન કરવામાં આવ્યું અને છ આશ્રય કહ્યા છે. છ રસોમાં મીઠાને છોડીને પાંચ રસ કષાય સંજ્ઞક અને તેથી કષાયોની પાંચ પ્રકારની યોનિ છે. આ પ્રમાણે પાંચ કષાયોની કલ્પના પણ પાંચ પ્રકારની કહેલી છે અને પચાસ મહાકષાય કહેલા છે. ૭૯.

પાચસો કષાય.

पञ्चचापिकषायाणांशतान्युक्तानिभागशः।
लक्षणार्थंप्रमाणंहिविस्तरस्यनविद्यते ॥ ८२ ॥

અને તેઓનાજ ભાગોથી ૫૦૦ કષાય કહેવામાં આવેલ છે. વિસ્તારના ભયથી તેઓના લક્ષણો પૃથક્ પૃથક્ કહેવામાં આવ્યાં નથી. ૮૦.

ન્યૂનાધિકનો વિચાર અને પ્રધાન પચાસ કષાય.

नचात्रमतिसंक्षेपःसामर्थ्यायोपकल्पते ।
अल्पबुद्धेरयंतस्मान्नातिसंक्षेपविस्तरः ॥ ८३ ॥
मन्दानांव्यवहारायबुधानांबुद्धिवृद्धये ।
पञ्चाशत्कोह्ययंवर्गःकषायाणामुदाहृतः ॥ ८४ ॥

અધિક સંક્ષેપથી કહેવું એ અલ્પ બુદ્ધિવાળાઓને સમજાવવા માટે બસ નથી. તેથી અત્રે તે વિષય અધિક સંક્ષેપથી નહિ તેમજ અધિક વિસ્તારથી નહિ એવી રીત્યે કહેવામાં આવેલ છે. અલ્પ બુદ્ધિવાળાઓના વ્યવહાર માટે અને વિદ્વાનોની બુદ્ધિ વધારવા માટે મહાકષાયોના આ પચાસ વર્ગ કહેવામાં આવ્યા છે. ૮૩-૮૪.

કષાય જાણનાર વૈદ્યની પ્રશંસા.

तेषांकर्मसुबाह्येषुयोगमाभ्यन्तरेषुच ।
संयोगंचवियोगञ्चयोवेदसभिषग्वरः ॥ ८५ ॥

જે મનુષ્ય આ ૬૦૦ વિરેચન અને ૫૦૦ કષાયોના બાહરના કર્મમાં અને અંદરના કર્મમાં સંયોગ અને વિયોગ સારી રીત્યે જાણીને ઉપયોગ કરે છે તેજ શ્રેષ્ટ વૈદ્ય છે. ૮૫.

इत्यग्निवेश कृते तन्त्र चरकप्रति संस्कृते ।
षड्विरेचन शताश्रितीयनाम्नावै चतुर्थोऽध्याय उच्यते ॥

આ પ્રમાણે અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ ગ્રન્થમાં ષડ્ વિરેચન શતાશ્રિતીય નામનો ચતુર્થોધ્યાય સમ્પૂર્ણ થયો.

अथ पञ्चमोऽध्यायः ।

अथातोमात्राश्रितीयमध्यायं व्याख्या स्यामः । इतिहस्माह भगवानात्रेय.

ભગવાન આત્રેયજીએ કહ્યું કે હવે આ ઉપરાંત માત્રાશ્રીતીય નામના પાંચમા અધ્યાયનું હું કથન કરૂં છું.

મનુષ્યે નિચે પ્રમાણે માત્રા (પ્રમાણ)ને ગ્રહણ કરવું.

मात्राशीस्यात् । आहारमात्रापुनरग्निबलापेक्षिणी ॥ यावद्ध्यस्याशनमशितमनुपहत्यप्रकृतिंयथाकालंजरांगच्छतितावदस्य मात्राप्रमाणं वेदितव्यंभवति ॥ तत्रशालिषष्टिकमुद्गलावक पिञ्जलैणशशशरभशम्बरादीन्याहारद्रव्याणिप्रकृतिलघून्यपिमात्रापेक्षीणिभवन्ति ॥ तथापिष्टेक्षुक्षीरविकृतिमाषानूपौदकपिशितादीन्याहारद्रव्याणिप्रकृतिगुरूण्यपिमात्रामेवापेक्षन्ते ॥ नचैवमुक्तेद्रव्यगुरुलाघवम-

कारणं मन्यते । लघूनिहिद्रव्याणिवाय्वग्निगुणबहुलानिभवन्ति । पृथिवीसोमगुणबहुलानीतराणि । तस्मात्स्वगुणादपिलघून्यग्निसन्धुक्षणस्वभावान्यल्पदोषाणिचोच्यन्ते अपिसौहित्योपयुक्तानिगुरूणिपुनर्नाग्निसन्धुक्षणस्वभावान्यसामान्यादतश्चातिमात्रंदोषवन्तिसौहित्योपयुक्तानिअन्यत्रव्यायामाग्निबलात् । सैषाभवत्यग्निबलापेक्षिणीमात्रानचनापेक्षेतद्रव्यम् । द्रव्यापेक्षया चत्रिभागसौहित्यमर्द्धसौहित्यंवागुरूणामुपदिश्यते । लघूनामपिचनातिसौहित्यमग्नेर्युक्त्यर्थम् । मात्रावद्ध्यशनमशितमनुपहत्यप्रकृतिंबलवर्णसुखायुषायोजयत्युपयोक्तारमनुष्यमिति ॥ १ ॥

ભોજનની માત્રા (પ્રમાણ). અગ્નિ અને બળના પ્રમાણમાં સમજવી. જેને જેટલો પદાર્થ વગર અડચણે ભોજન કર્યા પછી પચી જાય તેટલો પદાર્થ તેના ભોજનની માત્રા છે. શાલીધાન્ય, સાઠીચોખા, મગ, લવા, શ્વેત તીતર, કૃષ્ણમૃગ, મૃગ, ખરગોશ, સરભ તથા સાબર એ સર્વનાં માંસ સ્વભાવિક રીતે હલકાં છે. છતાં તેને માત્રાના પ્રમાણમાં ગ્રહણ કરવાં. તેવીજ રીતે પીષ્ટ પદાર્થ (ખાંડ ગોળ વિગેરે) દુધના પદાર્થો અડદ અને અનૂપદેશ અને જળચર પ્રાણીઓના માંસ વિગેરે ભોજનને માટે તે પ્રમાણથી ખાવાં જોઈએ. ઉપર કહેલી વસ્તુંઓમાં હલકાપણું અને ભારેપણું કાંઈ નિષ્પ્રયોજન કહ્યું નથી, હલકા પદાર્થોમાં વાયુ અનેઅગ્નિના ગુણ વધારે છે. અને ભારે પદાર્થોમાં પૃથ્વી અને ચંદ્રમાના ગુણો અધિક છે, હલકા પદાર્થો તૃપ્ત થતા સુધી ભોજન કરવાથી પણ પોતાના ગુણોથી અગ્નિને પ્રદિપ્ત કરે છે. અને થોડા દોષવાળી છે. ભારે વસ્તુ તૃપ્ત થતા સુધી ખાવાથી અગ્નિને મંદ કરવાવાળી અને કસરતકે અગ્નિના બળ સિવાય બહુજ દોષ કરવાવાળી છે. કારણ કે તેમાં હલકા પદાર્થોના વિપરીત ગુણોછે. ભોજનની માત્રા અગ્નિના બળના પ્રમાણમાં અને દ્રવ્યના પ્રમાણમાં પણ હોય છે.ભારે પદાર્થો પુણા અથવા અર્ધા ભૂખ્યા રહેવાય તેવી રીતે ખાવા અને હલકા પદાર્થો ભૂખના પ્રમાણ કરતાં વધારે ખાવા ન જોઈએ. કારણ કે ઘણું જમવાથી અગ્નિ મંદ થઈ જાય છે. અને પ્રમાણસર ખાવાથી બળ, સુખ, વર્ણ તથા આયુષ્યને વધારે છે. ૧

ભોજન કરવા યોગ્ય પદાર્થો.

भवन्तिचात्र ॥ गुरुपिष्टमयंतस्मात्तण्डुलान्पृथुकानपि ।
नजातुभुक्तवान्खादेन्मात्रांखादेद्बुभुक्षितः ॥ २ ॥

ભોજન કર્યા પછી કોઇ ભારે પદાર્થ યા પિષ્ટપદાર્થ (મેંદો, ખાંડ વિગેરે વિગેરે) ખીર, ચોખા, બહુફળી કદાપી ખાવાં નહિ. અને ભૂખ લાગી હોય તો પણ પ્રમાણથી જ જમવાં. ૨

ભોજન કરવા યોગ્ય નહિ તે પદાર્થો.

वल्लूरंशुष्कशाकानिशालूकानिबिसानिच । नाभ्यसेद्गौरवान्मांसंकृशंनैवोपयोजयेत् ॥ ३ ॥ कूर्चिकांश्चकिलाटांश्चशौकरंगव्यमाहिषे[1] । मत्स्यान्दधिचमाषांश्चयवकांश्चनशीलयेत् ॥ ४ ॥

માંસ, સુકું શાક, કમળની ડાંડી, જાયફળ, અનૂપાદિ માંસ, તે સર્વ ભારે પદાર્થો હોવાથી રોજ ખાવાં નહિ. રોગયુક્ત સુકા જીવનું માંસ, છાસ કે બીજી રીતે ફાટેલું દુધ, સુઅરનું માંસ, ગાયનું માંસ, ભેંસનું માંસ, માછલી, દહીં, અડદ, અને જવ એ નિત્ય ખાવાં નહિ. ૩–૪

સેવન કરવા યોગ્ય પદાર્થ.

षष्टिकाञ्शालिमुद्गांश्चसैन्धवामलकेयवान् ।
आन्तरीक्षपयःसर्पिर्जाङ्गलंमधुचाभ्यसेत् ॥ ५ ॥
तच्चनित्यंप्रयुञ्जीतस्वास्थ्यंयेनानुवर्त्तते ।
अजातानांविकाराणामनुत्पत्तिकरश्चयत् ॥ ६ ॥

સાઠી ચોખા, શાળના ચોખા, મગ, સીંધાલુણ, આમળાં, ઘઉં, વરસાદનું જળ, દુધ, ઘી, જંગલ પદાર્થ, અને મદ એ પદાર્થો રોજ સેવન કરવા યોગ્ય છે. જે પદાર્થ શરીરની સ્વસ્થતાને બગાડે નહિ અને રોગ ને ઉત્પન્ન કરે નહિ તેને ખાવા જોઇએ. ૫–૬

अतऊर्द्धंशरीरस्यकार्यमभ्यञ्जनादिकम् ।
स्वस्थवृत्तमभिप्रेत्यगुणतःसंप्रवक्ष्यते ॥ ७ ॥

હવે સ્વસ્થતાની રક્ષાને માટે અંજનાદિનું સેવન કરવું જોઇએ. તેથી તેના ગુણનું કથન કરવામાં આવે છે. ૭

અંજન.

सौवीरमञ्जनंनित्यंहितमक्ष्णोःप्रयोजयेत् ।
पञ्चरात्रेऽष्टरात्रेवास्रावणार्थेरसाञ्जनम् ॥ ८ ॥

દરરોજ આંખોમાં સુરમાનું અંજન કરવાથી તેઓને હિતકારી છે. પાંચ કે આઠ દિવસનું અંતરે આંખોમાંથી જળ કાઢવાને માટે રસાંજન લગાવવું જોઇએ. ૮.

દિવસે તીક્ષ્ણ અંજન ન લગાવવું.

नहिनेत्रामयंतस्यविशेषाच्छ्लेष्मतोभयम् । दिवातन्नप्रयोक्तव्यंनेत्रयोस्तीक्ष्णमञ्जनम् ॥ ९ ॥ विरेकदुर्बलादृष्टिरादित्यं प्राप्यसीदति । तस्मात्स्राव्यंनिशायान्तुध्रुवमञ्जनमिष्यते ॥ १० ॥ ततःश्लेष्महरंकर्महितंदृष्टेःप्रसादनम् ॥ ११ ॥

આથી નેત્રામાં કોઈ રોગ થતો નથી અને વિશેષે કરીને કફનો ભય રહેતો નથી. દિવસે તિક્ષ્ણ અંજન લગાવવું જોઇએ નહિ કારણ કે તેથી નેત્રામાંથી જળ નીકળે છે અને તેમાં સૂર્યનો પ્રકાશ લાગવાથી નજર ટુંકી થઈ જાય છે. અને તેથી નેત્રામાંથી જળ કાઢે તેવાં અંજન રાત્રે આંજવાં જોઇએ. અને તેથી કફને તોડનાર તિક્ષ્ણ અંજન રાત્રીએ આંજવાથી નેત્રાને હિતકારક છે. ૯–૧૦–૧૧.

અંજનથી દ્રષ્ટિનું તેજ.

यथाहिकणकादीनांमलिनांत्रिविधात्मनाम् । धौतानांनिर्मलाशुद्धिस्तैलचेलकषा-

दिभिः ॥ १२ ॥ यवंनेत्रे मत्यानामञ्जनाश्च्योतनादिभिः । दृष्टिर्निराकुलाभा-
तिनिर्मलेनभसीन्दुवत् ॥ १३ ॥

જેવી રીતે સુવર્ણાદિ ધાતુ, તેલ, કપડાં, વાળ વિગેરેની સાથે ધોવાથી સ્વચ્છ થઈ જાય છે તેવી રીતે મનુષ્યોનાં નેત્રો અંજન તથા આશ્ચયોતનાદિથી સ્વચ્છ થઈ જેમ નિર્મળ આકાશમાં ચંદ્રમા પ્રકાશમાન થઈ રહે છે, તેની માફક પ્રકાશમાન રહે છે. ૧૨–૧૩.

અંજનના પદાર્થો.

हरेणुकांप्रियंगुञ्चपृथ्वीकांकेशरंनखम् । ह्रीवेरंचन्दनंपत्रंत्वगेलोशीरपद्मकम्
॥ १४ ॥ ध्यामकंमधुकंमांसींगुग्गुल्वगुरुशर्करम् । न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षलो-
ध्रत्वचःशुभाः ॥ १५ ॥ वन्यंस्वर्जरसंमुस्तंशैलेयंकमलोत्पले । श्रीवेष्टकंशल्लकी-
ञ्चशुकबर्हमथापिच ॥ १६ ॥ पिष्ट्वालिम्पेच्छरषिकांतांवर्त्तियवसन्निभाम् ।
अंगुष्ठसंमितांकुर्य्यादष्टांगुलसमांभिषक् ॥ १७ ॥ शुष्कांविगर्भातांवर्त्तिंधूमनेत्रा-
र्पितांनरः । स्नेहाक्तामग्निसंप्लुष्टां पिबेत्प्रायोगिकींसुखाम् ॥ १८ ॥

રેણુકા, કાંગ, જીરૂં, નાગકેસર, નખલો સુગંધીવાળો, ચંદન, તમાલપત્ર, તજ, ઈલાયચી, ખસ, પદમક, રોહિષતૃણુ, જેઠીમદ, જટામાંસી, ગુગળ, અગર, શાકર, વડની છાલ, ઉંબરાની છાલ, પીપળાની છાલ, પારસ પીંપળાની છાલ, લોધર, વંશલોચન, જંગલી ખજુરનો રસ, મોથ, છડીલો, રાળ, કમળ, ઉપલેટ, મીંઢોળ, શાલ, (મોટો ગજ) ભરૂંઠ એ સર્વ ઔષધોને વાટી ચુર્ણ કરવું. પછી એક આઠ આંગળ લાંબી ગોળ સળીપર તેનો લેપ કરી અંગુઠા જેવું જાડું બનાવી સુકવવું. સુકાયા પછી તેમાંથી સળી કાઢી લેવી પછી તે બત્તિને ઘી ચોપડવું અને એક તરફથી સળગાવી બીજી તરફથી બીડીની માફક પીવાથી નજલો મટે છે. ૧૪ થી ૧૮.

वसाघृतमधूच्छिष्टैर्युक्तियुक्तैर्वरौषधैः ।
वर्तिमधुरकैःकृत्वास्नैहिकींधूममाचरेत् ॥ १९ ॥

ચરબી, ઘી, મીણ અને જીવનીયદશ ઔષધી એ સર્વને એકત્ર કરી વાટી, ઘુંટી બત્તી બનાવી ઘીથી ચોપડી તેને પીવી. તેને સ્નેહિક ધુમપાન કહે છે. ૧૯.

श्वेताज्योतिष्मतीचैवहरितालंमनःशिला ।
गन्धाश्चागुरुपत्राद्याधूमोमूर्द्धविरेचनम् ॥ २० ॥

વજ, માલકાંગણી, હરતાળ, મનશીલ, અગર, તમાલપત્ર વિગેરે સુગંધી દ્રવ્યો મેળવી, વાટી, બત્તિ બનાવી તેની ધુમાડી પીવાથી મસ્તકની પીડા મટે છે. ૨૦.

ધુમ્રપાનના ફાયદા.

गौरवंशिरसःशूलंपीनसार्द्धावभेदकौ । कर्णाक्षिशूलंकासश्चहिकाश्वासौगलग्रहः
॥ २१ ॥ दन्तदौर्बल्यमास्रावःश्रोत्रघ्राणाक्षिदोषजः । पूतिघ्राणास्यगन्धश्चद-
न्तशूलमरोचकः ॥ २२ ॥ हनुमन्याग्रहःकण्डूःक्रिमयःपाण्डुतामुखे । श्लेष्मप्र-

सेकोवैस्वर्य्यंगलशुण्डयपजिह्विका ॥ २३ ॥ खालित्यंपिञ्जरत्वञ्चकेशानांपतनन्तथा । क्षवथुश्चातितन्द्राचबुद्धेर्मोहोऽतिनिद्रता ॥ २४ ॥ धूमपानात्प्रशाम्यंतिबलंभवतिचाधिकम् । शिरोरुहकपालानामिन्द्रियाणांस्वरस्यच ॥ २५ ॥ नचवातकफात्मानोबलिनोऽप्यूर्द्ध्वजत्रुजाः । धूमवक्त्रकपानस्यव्याधयः स्युःशिरोगताः ॥ २६ ॥

ધુમાડી પીવાથી શરીરનું ભારેપણું, મસ્તકની પીડા, પીનસ, આધાશીશી, કાન તથા નેત્રોની પીડા, ખાંસી, હેડકી, શ્વાસ, ગળાનું રૂંધાવું, દાંતોની દુર્બળતા, કાન, નાક તથા નેત્રોનું વહેવું, કાન તથા મુખની દુર્ગંધી, દાંતોની પીડા, અરૂચી, હનુગ્રહ,–વાત, ગળાની પાછળના ભાગની નસનું રહી જવું, ખસ, કૃમિ, પાંડુ, વારંવાર કફનું પડવું, સ્વરભંગ, ગલશુંડી, ઉપજીહ્‌વક અથવા જીભનું રહી જવું, ખાલીત્ય, વાળોનું પીળા પડવું, યા ખરી જવું, છીંક, તંદ્રા, બેહોશિ, અતિનિંદ્રા, આ સર્વ રોગ ધુમ્રપાન કરવાથી મટી જાય છે, બળ અધિક આપે છે, અને કેશ, કપાળ, ઇંદ્રિય તથા શ્વર એ સર્વનું બળ વધે છે. જે માણસ મુખથી ધુમાડી પી નાકમાંથી બહાર કાઢે છે તેને ઉર્ધ્વજત્રુમેં વાત કફના બળવાન રોગ થતા નથી અને માથામાં થવાવાળી વાત કફની પીડા થતી નથી. ૨૧ થી ૨૬.

ધુમાડી લેવાનો વખત.

प्रयोगपानेतस्याष्टौकालाःसम्परिकीर्त्तिताः । वातश्लेष्मसमुत्क्लेशःकालेष्वेषुहिलक्ष्यते ॥ २७ ॥ स्नात्वाभुक्त्वासमुल्लिख्यक्षुत्वादन्तान्विघृष्यच । नावनाञ्जननिद्रान्तेचात्मवान्धूमपो भवेत् ॥ २८ ॥ तथावातकफात्मानोनभवन्त्यूर्द्ध्वजत्रुजाः । रोगास्तस्यतुपेयाःस्युरापानास्त्रित्रयस्त्रयः ॥ २९ ॥ परंद्विकालपायीस्यादह्नःकालेषुबुद्धिमान । प्रयोगेस्नैहिकेत्वेवं विरेच्यंत्रिश्चतुःपिबेत् ॥ ३० ॥

ધૂમ્રપાન કરવાના આઠ કાળ–વખત છે. કારણ કે વાત કફને બળવાન કરવામાં પણ એ આઠ કાળ–વખત છે. સ્નાન કર્યા પછી, ભોજન કર્યા પછી, ઉલટી કરીને, છીંક ખાઇને, દાતણ કર્યા પછી, નાસ લીધા પછી, અંજન કીધા પછી, અને સુઈ ઉઠયા પછી બુદ્ધિમાને ધુમ્રપાન કરવું જોઇએ. આ પ્રકારે ધુમ્રપાન કરવાથી ગર્દનના ઉપર થનારા વાત કફના રોગ કદી થતા નથી. આ પ્રમાણે ધુમ્રપાન કરવાના આઠ કાળ છે. એવી વખતે એ ત્રણ વાર ધુમ્રપાન કરવું જોઇએ. બુદ્ધિમાન પુરૂષે દિવસમાં બે વાર ધુમ્રપાન કરવું, અને સ્નેહન ધુમ્રપાન ત્રણ ચાર વાર કરવું જોઇએ. ૨૭ થી ૩૦.

ધુમ્રપાનથી કન્ઠાદિકની શુદ્ધિ.

हृत्कण्ठेन्द्रियसंशुद्धिर्लघुत्वंशिरसःशमः । यथेरितानांदोषाणां सम्यक्पीतस्यलक्षणम् ॥ ३१ ॥

ઉત્તમ રીતે ધુમ્રપાન કરવાથી હૃદય, કંઠ, ઇંદ્રિય, એમની શુદ્ધી થાય છે. માથામાં હલકાપણું આવે છે. સર્વ દોષો મટાડી સ્વસ્થતાને આપે છે. આ ધુમ્રપાનનાં લક્ષણ છે. ૩૧

અતિ ધુમ્રપાનથી ઉપદ્રવ.

बाधिर्य्यमान्ध्यंमूकत्वंरक्तपित्तंशिरोभ्रमम् ।
अकालेचातिपीतश्चधूमःकुर्य्यादुपद्रवान् ॥ ३२ ॥

બેહરાપણું, જડતા, બોબડાપણું, રક્તપિત્ત, માથામાં ચક્કર આવવાં, આ ઉપદ્રવ સમય વિના અતિ ધુમ્રપાન કરવાથી થાય છે. ૩૨.

ઉપદ્રવ શાન્તિના ઉપાય.

तत्रेष्टंसर्पिषःपानंनावनाञ्जनतर्पणम् । स्नेहिकंधुमजेदोषेवायुः पित्तानुगोयदि ॥ ३३ ॥ शीतन्तुरक्तपित्तेस्यात्श्लेष्मपित्तेविल्वरूक्षणम् । परन्त्वतःप्रवक्ष्यामि-धूमोयेषांविगर्हितः ॥ ३४ ॥

ધુમ્રપાનને લીધે થયેલા ઉપદ્રવો મટાડવાને માટે ઘી પીવરાવવું, નસ્ય, અંજન, તથા તર્પણ કરવું જોઇએ, ધુમ્રપાનથી વાતપિત્ત કોપાયમાન થાય છે. તો સ્નેહન કરવું જોઇએ, રક્તપિત્ત કુપીત થાય તો ઠંડી ક્રિયા કરવી, અને કફ પિત્ત કોપીત થાય તો રૂક્ષ ક્રિયા કરવી. હવે જેણે ધુમ્રપાન ન કરવું જોઇએ તેનું વર્ણન કહું છું. ૩૩–૩૪.

ધુમ્રપાનના અનધિકારી.

नविरिक्तःपिबेद्धूमंनकृतेबस्तिकर्मणि । नरक्तीनविषेणार्त्तोनशोचीनचगर्भिणी ॥ ३५ ॥

જુલાબ લીધો હોય તેણે, બસ્તીકર્મ કર્યા પછી, રક્તપીતવાળાએ, ઝેરથી પીડાતાએ, શોકવાળાએ, અને ગર્ભિણી સ્ત્રીએ ધુમ્રપાન કરવું નહિ. ૩૫.

ધુમ્રપાનથી અયોગ્ય રોગ.

नश्रमेनमदेनामेनपित्तेनप्रजागरे । नमूर्च्छाभ्रमतृष्णासुनक्षीणेनापिचक्षते ॥ ३६ ॥ नमद्यदुग्धेपीत्वाचनस्नेहंनचमाक्षिकम् । धूमंनभुक्त्वादध्नाचनरूक्षःक्रुद्धएवच ॥ ३७ ॥ नतालुशोषेतिमिरेशिरस्यभिहते न च । नशंखकेनरोहिण्यांनमेहेनमदात्यये ॥ ३८ ॥ एषुधूममकालेषुमोहात्पिबतियोनरः । रोगास्तस्यप्रवर्द्धन्तेदारुणाधूमविभ्रमात् ॥ ३९ ॥

થાકેલાએ, મદ્ય પાધેલાએ, આમાજીર્ણવાળાએ, પિત્તવાળાએ, ઉજાગરાવાળાએ, મુર્ચ્છારોગવાળાએ, ભ્રમવાળાએ, તૃષાવાન, દુર્બળે, ક્ષયવાળાએ, મદીરા કે દુધ પીધા પછી, દહીંનું ભોજન કર્યા પછી, રૂક્ષ, ક્રોધીએ, તાળુ શોષીએ, તીમીર રોગવાળાએ, માથામાં ઘા વાગેલો હોય તેણે, શંખક રોગ વાળાએ, રોહીણી રોગવાળાએ, અને પ્રમેહ તથા મદાત્યય રોગવાળાએ, ધુમ્રપાન કરવું નહિ જે મનુષ્ય આ પ્રમાણે ત્યાગ કરેલા રોગોમાં અથવા સમયમાં મોહવશ થઇ ધુમનું પાન કરે છે તે મનુષ્યનો દારૂણ રોગ ધુમ્રપાનની ખરાબીથી વૃદ્ધિને પામે છે. ૩૬–૩૯.

વિશેષ રોગોમાં વિશેષ સ્થાનોમાં ધુમ્રપાન.

धूमयोग्यःपिबेद्दोषेशिरोघ्राणाक्षिसंश्रये । घ्राणेनास्येनकण्ठस्थेमुखेनघ्राणपोवमेत् ॥ ४० ॥ आस्येनधूमकवलान्पिबन्घ्राणेननोद्वमेत् । प्रतिलोमंगतोह्याशुधूमोहिंस्याद्धिचक्षुषी ॥४१॥ ऋज्वङ्गचक्षुस्तच्चेताःसूपविष्टस्त्रिपर्ययम् । पिबेच्छिद्रंपिधायैकं नामयाधूममात्मवान् ॥ ४२ ॥

જેને માથું, નાક તથા નેત્રમાં રોગ હોય તો નાસિકા દ્વારા ધુમ્રપાન કરવું, અગર ગળામાં રોગ હોય તો મુખથી ધુમ્રપાન કરવું તો નાકથી, ધુમ્રપાન કરી મુખથી બહાર કાઢવું પણ મુખથી ધુમ્રપાન કરી નાસિકાથી બહાર ન કાઢવું કેમકે ધુમાડી પાછી જઈ આંખોને બગાડે છે, સંપૂર્ણ શરીર તથા આંખો જે સીધાં રાખી સુખ પૂર્વક બેસી સાવધાન થઇ બુદ્ધિમાન પુરૂષે નાસિકાના એક છીદ્રને બંધ કરી બીજા છીદ્રથી ત્રણ વાર ધુમ્રપાન કરવું. ૪૦ થી ૪૨.

યોગ્ય ધુમ્રપાન.

चतुर्विंशतिकंनेत्रंस्वंगुलीभिर्विरेचने । द्वात्रिंशदंगुलंस्नेहेप्रयोगेऽध्यर्द्धमिष्यते ॥ ४३ ॥ ऋजुत्रिकोषाफलितंकोलास्थ्यग्रप्रमाणितम् । बस्तिनेत्रसमद्रव्यं धूमनेत्रं प्रशस्यते ॥ ४४ ॥ दूराद्विनिर्गतःपर्वच्छिन्नोनाडीतनूकृतः । नेन्द्रियंबाधतेधूमोमात्राकालनिषेवितः ॥ ४५ ॥ यदाचोरश्चकण्ठश्चशिरश्चलघुतांव्रजेत् । कफश्चतनुतांप्राप्तःसुपीतंधूममादिशेत् ॥ ४६ ॥

વિરેચન ધુમ્રમાં ૨૪ આંગળ લાંબી નળી લેવી જોઇયે, સ્નેહ ધુમ્રપાનમાં ૩૨ આંગળ અને સદૈવ ધુમ્રપાનમાં ૧૬ આંગળ નળી બનાવવી. સીધી, ત્રણખંડ વાળી આગળના ભાગમાં બોરના ઠળીઆના જેટલા છીદ્ર વાળી અને જે ચીજથી બસ્તીની નળી બને છે તેજ ચીજથી બનાવેલી ધુમ્રપાનની નળી શ્રેષ્ટ છે. દુરથી ખેંચવામાં આવતો ધુમાડો નળીની જોડમાં થઈ બંધ નળીમાં આવે એવી નળી લેવી જોઇએ. એ પ્રમાણે માત્રા અને કાળના પ્રમાણમાં પીધેલી ધુમાડી ઈંદ્રિયોને બાધ કરતી નથી. ધુમપાન કરતી વખતે છાતી, કંઠ, અને મસ્તક હલકાં પડે અને કફ પાતળો થઈ નીકળવા માંડે તો જાણવું કે બરોબર ધુમ્રપાન કર્યું છે. ૪૩–૪૬.

ધુમ્રપાન ઠીક ન થવું.

अविशुद्धःस्वरोयस्यकण्ठश्चसकफोभवेत् । स्तिमितोमस्तकश्चैवम पीतंधूममादिशेत् ॥ ४७ ॥ तालुमूर्द्धाचकण्ठश्चशुष्यतेपरितप्यते । तृष्यतेमुह्यतेजन्तूरक्तंस्रवतेऽधिकम् ॥ ४८ ॥

ધુમ્રપાનથી સ્વર શુદ્ધ ન થાય, કંઠમાં ગરધરી બળે, મસ્તક ભારે જણાય, તો સમજવું કે ઠીક ધુમ્રપાન કર્યું નથી. અતિ ધુમ્રપાન કરવાથી તાળુ, મૂર્દ્ધા અને કંઠ, સુકાવા લાગે છે અને તપે છે. તૃષાથી કે ચક્કરથી જીવ વ્યાકુળ થાય છે અને લોહી પડવા માંડે છે. ૪૭–૪૮.

અધિક ધુમ્રપાનના દોષ.

शिरश्चभ्रमतेऽत्यर्थंमूर्च्छाचास्योपजायते ।
इन्द्रियाण्युपतप्यन्तेधूमेत्यर्थंनिषेविते ॥ ४९ ॥

અધિક ધુમ્રપાન કરવાથી માથામાં બહુજ ચક્કર આવવા માંડે, મુર્છા આવે, સર્વ ઈંદ્રિયો વ્યાકુળ થાય છે અને આવી રીતે ઉપદ્રવ થાય છે. ૪૯.

ધુમપાનને અયોગ્ય દેશકાળ.

वर्त्मवर्षेऽणुतैलञ्चकालेषुत्रिषुनाचरेत् ।
प्रावृटशरद्वसन्तेषुगतमेवेनभस्तले ॥ ५० ॥

અત્યંત ધુમ્રપાનથી દેહનાં છીદ્રોમાંથી લોહી નીકળવા માંડે તો [1]અણુ તેલ ને શરીર પર લગાવવું. પરંતુ વર્ષા, શરદ, વસંત આ ઋતુઓમાં અણુ તેલ ન લગાવવું અને વરસાદ ચઢી આકાશ ઘમઘોર હોય ત્યારે પણ અણુ તેલ ન લગાવવું. ૫૦.

નસ્યના ગુણ.

नस्यकर्मयथाकालंयोयथोक्तंनिषेवते । नतस्यचक्षुर्नघ्राणंन श्रोत्रमुपहन्यते ॥५१ ॥ नस्युः श्वेतानकपिलाःकेशाःश्मश्रूणि वापुनः । नचकेशाःप्रलुठ्यन्तेवर्द्धन्ते-चविशेषतः ॥५२॥ मन्यास्तम्भःशिरःशूलमर्दितंहनुसंग्रहः । पीनसार्द्धावभेदौच-शिरःकम्पश्चशाम्यति ॥ ५३ ॥ शिराःशिरःकपालानांसन्धयः स्नायुकण्डराः । नावनप्रीणिताश्चास्यलभन्तेऽभ्यधिकंबलम् ॥ ५४ ॥ मुखंप्रसन्नोपचितंस्वरःस्नि-ग्धःस्थिरोमहान् । सर्वेन्द्रियाणांवैमल्यंबलंभवतिचाधिकम् ॥ ५५ ॥ नचास्य-रोगाः सहसाप्रभवन्त्यूर्द्धजत्रुजाः । जीर्यतश्चोत्तमाङ्गेचजरानलभतेबलम्॥५६॥

જે મનુષ્ય શાસ્ત્રોક્તરીતે વિધી પૂર્વક સમયાનુસાર નસ્ય લે છે તે મનુષ્યનાં નેત્રો નાસિકા અને કાનોની શક્તિ કદી નષ્ટ થતી નથી. અને માથાના વાળ ડાઢી, અને મૂછના વાળ સફેદ તેમજ પીળા કે ભૂરા થતા નથી. તેમજ ખરી પડતા નથી. અને લાંબા વધે છે. ગળાની પાછળની નસનું રહી જવું, માથાની પીડા, અર્દીતના, જાંગોનું રહી જવું, પીનસ, આદ્યાશીશી તથા શીર કંપનો રોગ એ સર્વ રોગ મટી જાય છે. માથાની શિરા, કપાળોની સંધી, સ્નાયુ, અને કંડરા, આ નસ્યના સેવન-થી ઘણાં બળવાળાં થાય છે. મુખ પ્રસન્ન તથા શુદ્ધ રહે છે, અવાજ સ્થિર, બળવાન તથા ગંભીર થાય છે, તમામ ઇન્દ્રિયો નિર્મળ તથા અધિક બળ યુક્ત થાય છે. ગળાના ઉપર થનારા રોગ એકાએક થતા નથી. વૃદ્ધાવસ્થામાં પણ માથાના વાળ સફેદ થતા નથી. ૫૧ થી ૫૬.

નસ્ય કરવા યોગ્ય તેલ તથા તેની માત્રા.

चन्दनागुरुणीपत्रंदार्वीत्वङ्मधुकंबलाम् । प्रपौण्डरीकंसूक्ष्मैलांविडङ्गंबिल्वमुत्पलम्

---

[1] અણુ તેલની વિધિ આજ અધ્યાયમાં આગળ લખવામાં આવશે.

ह्रीवेरमभयंवन्यंत्वङ्मुस्तं सारिवां स्थिराम् । सुराह्वंपृश्निपर्णीञ्चजीवन्तीञ्चशता-वरीम् ॥ ५८ ॥ हरेणुंबृहतींव्याघ्रींसुरभींपद्मकेशरम् । विपाचयेच्छतगुणेमाहे-न्द्रेविमलेऽम्भसि ॥ ५९ ॥ तैलाद्दशगुणंशेषंकषायमवतारयेत् । तेनतैलंकषा-येणदशकृत्वोविपाचयेत् ॥ ६० ॥ अथास्यदशमेपाकेसमांशंछागलंपयः । दद्यादेषोणुतैलस्यनावनीयस्यसंविधिः ॥ ६१ ॥ तस्यमात्रांप्रयुञ्जीततैलस्यार्द्ध-पलोन्मिताम् । स्निग्धस्विन्नोत्तमाङ्गस्यपिचुनानावनैस्त्रिभिः ॥ ६२ ॥

ચંદન અગર તમાલપત્ર, દારૂહળદર, તજ, જેઠીમદ, ખરેટી, સ્થલ કમલ, નાની એલાયચી, વાવડીંગ, બીલું, ઉપલેટ, સુગંધીવાળો, ખસ, કેવડીમોથ, તજ, નાગરમોથ, શાલીપર્ણી, દેવદાર, પૃષ્ઠપર્ણી, જીવંતી, શતાવરી, રેણુકા, ઉભીભોંરીંગણી, બેઠીભોંરીંગણી, શાલેડું, કમલનાં કેશર, એ સર્વ ઔષધીઓને વાટી ચોગણા વરસાદના પાણીમાં પકાવી જ્યારે દશમો ભાગ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું પછી તેનો દશમો ભાગ તેલ લઈ તેમાં તેલની બરાબર ક્વાથ નાંખી પકાવવું પાણી બળી જઈ તેલ બાકી રહે ત્યારે પાછો એક ભાગ ક્વાથ ફરી મેળવવો એ રીતે દશ વખતમાં સર્વ ક્વાથ તેલમાં બાળી દેવો પણ દશમી વખતે તેમાં તેલની બરાબર બકરીનું દુધ મેળવી અને પકાવવું જ્યારે પાણી અને દુધ બળી જઈ તેલ બાકી રહે ત્યારે તે તેલને ગાળી લેવું તેનું નામ **અણુ** (સૂક્ષ્મ) **તેલ** કહે છે. તેના નસ્યની વિધિ એવી છે કે બે તોલા તેલ લઈ પહેલાં મસ્તકમાં સ્વેદન તથા સ્નેહન કરી ત્રણ વાર રૂઈની મારફતે નાસ લેવો જોઈએ. ૫૭–૬૨.

દિવસનું પ્રમાણ.

त्र्यहात्र्यहाच्चसप्ताहमेतत्कर्म्मसमाचरेत् ।
निवातोष्णसमाचारोहिताशीनियतेन्द्रियः ॥ ६३ ॥

દર ત્રીજે દિવસે આ તેલનું નસ્ય લેવું. એવી રીતે એક અઠવાડીઆ સુધી નસ્ય લીધા પછી હવા વાળા સ્થાનથી દૂર રહેવું, ગરમ પાણીનો વ્યવહાર કરવો નહી, ચળી પાળવી અને મિતાહાર કરી જીતેંદ્રિય રહેવું. ૬૩.

તેલના ગુણ.

तैलमेतत्त्रिदोषघ्नमिन्द्रियाणांबलप्रदम् ।
प्रयुञ्जानोयथाकालंयथोक्तानश्नुतेगुणान् ॥ ६४ ॥

આ તેલ ત્રિદોષ મટાડે છે અને ઇંદ્રિયોને બળ આપે છે. યોગ્ય રીતે સમયાદિનો વિચાર કરી આ તેલનું સેવન કરવાથી ઉપરના તમામ ગુણ કરે છે. ૬૪.

બે વખત દાતણ.

आपोथिताग्रंद्वौकालौकषायंकटुतिक्तकम् ।
भक्षयेद्दन्तपवनंदन्तमांसान्यबाधयन् ॥ ६५ ॥

તુરા, કડવા અને તીખા લાકડાનું દાતણ લાવી મુખથી કુચડો કરી દિવસમાં બે વ-

ખત સવાર તથાં સાંજે એકે એક દાંતને સાફ કરી એવી રીતે દાતણુ કરવું કે દાંતના પારા છોલાય નહિ. ૬૫.

દાતણુ કરવાના ગુણુ.

निहन्तिगन्धवैरस्यंजिह्वादन्तास्यजंमलम् ।
निष्कृष्यरुचिमाधत्तेसद्योदन्तविशोधनम् ॥ ६६ ॥

આ પ્રમાણે જીભ, દાંત તથા મુખના દુર્ગંધયુક્ત મેલને કાઢી નાંખવામાં આવે છે ત્યારે દાંત શુદ્ધ થઈ રૂચી ઉત્પન્ન થાય છે. ૬૬.

સુવર્ણાદિકની જીભ.

सुवर्णरूप्यताम्राणित्रपुरीतिमयानिच ।
जिह्वानिर्लेखनानिस्युरतीक्ष्णान्यृजूनिच ॥ ६७ ॥

સોનું, ચાંદી, તાંબુ, કલઈ અથવા પીતળની, તીક્ષણતા વિનાની ઉલ બનાવવી જોઈએ. ૬૭

જીભની સ્વચ્છતાનો લાભ.

जिह्वामूलगतंयच्चमलमुच्छ्वासरोधिच ।
सौगन्ध्यंभजतेतेनतस्माज्जिह्वांविनिर्लिखेत् ॥ ६८ ॥

જ્યારે જીભના મૂળનો મેલ તથા શ્વાસનું રૂંધન કરનાર મેલ નીકળી જાય છે ત્યારે મુખમાં સુગંધી આવવા માંડે છે. જેથી ઉલ બનાવવી જોઈએ. ૬૮.

દાતણુ માટે શ્રેષ્ટ વૃક્ષ.

करञ्जकरवीरार्कमालतीककुभासनाः ।
शस्यन्तेदन्तपवनेयेचाप्येवंविधाद्रुमाः ॥ ६९ ॥

કરંજ, કણેર, આકડો, ચમેલી, સાજડ અને બીજેસાર અથવા તેના જેવા ગુણુ દોષ વાળા બીજા વૃક્ષોનાં દાતણ શ્રેષ્ટ છે. ૬૯.

धार्य्याण्यास्येनवैशद्यरुचिसौगन्धमिच्छता । जातीकटुकपूगानां लवङ्गस्यफलानिच ॥ ७० ॥ कक्कोलकफलंपत्रंताम्बूलस्यशुभं तथा । तथाकर्पूरनिर्य्यासःसूक्ष्मैलायाःफलानिच ॥ ७१ ॥

મુખની શુદ્ધિ, રૂચી અને સુગંધીની જે માણસને ઇચ્છા છે તેણે જાયફળ, કસ્તુરી, સોપારી, લવીંગ, કંકોળ, પાન, કપુર, અને ઇલાયચી મુખમાં રાખવાં જોઈએ. ૭૦–૭૧.

हन्वोर्बलंस्वरबलंवदनापचयःपरः । स्यात्परञ्चरसज्ञानमन्नेच रुचिरुत्तमा ॥७२॥

આથી જડોમાં બળ આવે છે, સ્વર બળવાન થાય છે, મુખની પુષ્ટિ થાય છે, રસોને સ્વાદ આવે છે, અને અન્નમાં રૂચી ઉત્પન્ન થાય છે. ૭૨.

॥ नचास्यकण्ठशोषःस्यान्नौष्ठयोःस्फुटनाद्भयम् । नचदन्ताःक्षयं यान्तिदृढमूलाभवन्तिच ॥ ७३ ॥

આથી મુખ તથા કંઠનું સુકાવું, અને હોઠોનું ફાટવું બંધ થાય છે. દાંત પડી જતા નથી કારણ કે તેમની જડો મજબુત થાય છે. ૭૩.

नशूलन्तेनचाम्लेनहृष्यन्तेभक्षयन्तिच ॥ परानपिपरान्भक्ष्यान्तैलगण्डूषसेवनात् ॥ ७४ ॥

મુખમાં તેલ રાખવાથી દાંત, ખાટા પદાર્થો ખાવાથી ખટાઈ જતા નથી. પરંતુ પ્રસન્ન થાય છે, અને બહુજ કઠણ પદાર્થોને પણ ચાવી શકાય છે. ૭૪.

માથામાં તેલ નાંખવાથી થતા ગુણ.

नित्यंस्नेहार्द्रशिरसःशिरःशूलंनजायते ॥ नखालित्यंनपालित्यं नकेशाःप्रपतन्ति च ॥ ७५ ॥ बलंशिरःकपालानांविशेषेणाभिवर्द्धते ॥ दृढमूलाश्चदीर्घाश्चकृष्णाः केशाभवन्तिच ॥ ७६ ॥ इन्द्रियाणिप्रसीदन्तिसुत्वग्भवतिचामलम् । निद्रालाभःसुखं चस्यान्मूर्ध्नितैलनिषेवणात् ॥ ७७ ॥

દરરોજ માથામાં તેલ નાંખવાથી મસ્તક પીડા, ખાલીત્ય, વાળોનું ધોળા થવું અને ખરી પડવું આ સર્વ રોગ થતા નથી. માથામાં તથા કપાળમાં અધિક બળ પ્રાપ્ત થાય છે. બાળની જડ પુષ્ટ થાય છે અને વાળ લાંબા તથા કાળા થઇ જાય છે. માથામાં તેલ ઘાલવાથી ઇંદ્રિયો પ્રસન્ન થાય છે, ચામડી નિર્મળ અને સુંદર થાય છે, અને સુખ પૂર્વક નિંદ્રા આવે છે. ૭૫ થી ૭૭.

કાન તથા શરીરમાં તેલથી ફાયદા.

नकर्णरोगावातोत्थाःनमन्याहनुसंग्रहः । नोच्चैःश्रुतिर्नबाधिर्य्यंस्यान्नित्यंकर्णतर्पणात् ॥ ७८ ॥ स्नेहाभ्यङ्गाद्यथाकुम्भश्चर्मस्नेहविमर्दनात् । भवत्युपाङ्गादक्षश्चदृढः क्लेशसहोयथा ॥७९॥ तथाशरीरमभ्यङ्गाद्दृढंसुत्वक्प्रजायते । प्रशान्तमारुताबाधंक्लेशव्यायामसंग्रहम् ॥ ८० ॥ स्पर्शनेचाधिकोवायुःस्पर्शनञ्च त्वगाश्रितम् । त्वच्यश्चपरमोभ्यङ्गस्तस्मात्तंशीलयेन्नरः ॥८१॥ नचाभिघाताभिहतंगात्रमभ्यङ्गसेविनः । विकारंभजतेऽत्यर्थं बलकर्मणिवाक्वचित् ॥ ८२ ॥ सुस्पर्शोपचिताङ्गश्चबलवान् प्रियदर्शनः । भवत्यभ्यङ्गनित्यत्वान्नरोऽल्पोजरएवच ॥ ८३ ॥

કાનોમાં રોજ તેલ નાંખવાથી કાનોના વાતજ રોગ, ગળાની પાછળની નસનું રહી જવું, હનુસ્તંભ, થોડું સાંભળવું અને બહેરાપણું આ સર્વ રોગ મટે છે. ૭૮. જેમ તેલ લગાવવાથી ઘડો મજબુત થાય છે, સ્નેહ મર્દનથી ચામડું નરમ થાય છે, અને રથનું પઇડું મજબુત ચાલી શકે તેવું થાય છે તેવી રીતે સ્નેહ મર્દનથી શરીર મજબુત, નરમ, કલેશ સહેવાની શક્તિવાળુ અને દ્રઢ થાય છે. ચરબી મટી રોગ રહીત થાય છે. કલેશ અને થાકનું સહન થઈ શકે છે. સ્પર્શમાં વાયુની આધિક્તા છે અને તે સ્પર્શ ત્વચાને આધિન છે. તેલનું માલીશ કરવાથી ત્વચા બળવાન થાય છે જેથી દરરોજ તેલ માલીસ કરવાનો અભ્યાસ કરવો. ૭૯–૮૦–૮૧ દરરોજ તેલ લગાવનારને શરીરમાં વાગવાથી કાંઇ વિકાર

થતો નથી. બળનું કામ કરવાથી કાંઇ પીડા થતી નથી. ૮૨. શરીર કોમળ થાય છે. બળ તથા સુંદરતા પ્રાપ્ત થાયછે અને વૃદ્ધાવસ્થા આવતી નથી. ૮૩.

પગમાં તેલ લગાવવાનું ફળ.

खरत्वंशुष्कतारौक्ष्यंश्रमःसुप्तिश्चपादयोः । सद्यएवोपशाम्यन्ति पादाभ्यङ्गनिषेवणात् ॥ ८४ ॥ जायतेसौकुमार्य्यंश्चबलंस्थैर्य्यंश्चपादयोः । दृष्टिःप्रसादंलभते-मारुतश्चोपशाम्यति ॥ ८५ ॥ नचस्याद्गृध्रसीवातापादयोःस्फुटनंतथा । नशि-रास्नायुसङ्कोचःपादाभ्यङ्गेनपादयोः ॥ ८६ ॥

પગમાં તેલ લગાવવાથી ત્વચાનું ખરસટપણું, સુકાપણું, જાડાપણું, થાક, પગોમાં બ્હેર-મારવી આ સર્વ રોગો જલ્દી નષ્ટ થઇ જાયછે. (૮૪) પગોમાં સુકુમારતા, બળ, સ્થિરતા, દ્રષ્ટિની પ્રસન્નતા અને વાયુનિ શાંતિ થાય છે. ૮૫. ગૃધસીવાત, પગનું ફાટવું, પગની શીરા તથા નસોનું સંકોચાવું આ સર્વ રોગ પગમાં તેલ લગાવવાથી થતા નથી. ૮૬.

સ્નાનનું ફળ.

दौर्गन्ध्यंगौरवंतन्द्रांकण्डूमलमरोचकम् । स्वेदंबीभत्सतांहन्ति शरीरपरिमार्ज्जनम् ॥ ८७ ॥ पवित्रंवृष्यमायुष्यंश्रमस्वेदमलापहम् । शरीरबलसन्धानंस्नानमोजस्करंपरम् ॥ ८८ ॥

શરીરને લુંસવાથી દુર્ગંધી, ભારેપણું, તન્દ્રા, ખુજલી, મેલ, અરૂચિ, પરસેવો, અને ગંદવાડનો નાશ થાય છે. ૮૭. સ્નાન કરવું એ પવિત્ર કરનાર, વિર્ય વર્દ્ધક, આયુષ્ય વધારનાર, શ્રમ, સ્વેદ તથા મળને મટાડનાર, અને શરીરમાં બળ આપી અને તેજસ્વી બનાવનાર છે. ૮૮.

સ્વચ્છ વસ્ત્ર પહેરવાનું ફળ.

काम्यंयशस्यमायुष्यमलक्ष्मीघ्नंप्रहर्षणम् । श्रीमत्पारिषदंशस्तंनिर्मलाम्बरधारणम् ८९

સ્વચ્છ વસ્ત્રને પહેરવાથી, શોભા, યશ, આયુષ, લક્ષ્મી, આનંદ અને સભ્યતાનો વધારો થાય છે, અને પ્રસંશા થાય છે. ૮૯.

સુગંધી પુષ્પો ધારણ કરવાનું ફળ.

वृष्यंसौगन्ध्यमायुष्यंकाम्यंपुष्टिबलप्रदम् । सौमनस्यमलक्ष्मीघ्नंगन्धमाल्यनिषेवणम् ९०

ચંદન અને સુગંધીત ફુલોની માળા ધારણ કરવાથી વૃષ્યતા, સુગંધી, આયુ, સુંદરતા, પુષ્ટિ અને બળ વધે છે, અને અલક્ષ્મીનો નાશ થાય છે. ૯૦.

આભૂષણ ધારણ કરવાનું ફળ.

धन्यंमङ्गल्यमायुष्यंश्रीमद्व्यसनसूदनम् । हर्षणंकाम्यमोजस्यंरत्नाभरणधारणम् ॥९१॥

રત્નયુક્ત આભૂષણોને ધારણ કરવાં એ ધન્ય, મંગળકારી, આયુષ્યનું હિત કરનાર, શોભા આપનાર, વ્યસન નાશક, પ્રસન્નતા આપનાર અને કામ્ય તથા ઓજસને વધારનાર છે. ૯૧

શુદ્ધિનું ફળ.

मेध्यम्पवित्रमायुष्यमलक्ष्मीकलिनाशनम् । पादयोर्मलमार्गाणांशौचाधानमभीक्ष्णशः९२

પગ તથા ગુદા આદિ મળ માર્ગોની દરેક વખતે શુદ્ધિ કરવી એ બુદ્ધિ, પવિત્રતા, અને આયુષ્યને વધારે છે. અને અલક્ષ્મી તથા કલીયુગના દોષોને દુર કરે છે. ૯૨.

पौष्टिकंवृष्यमायुष्यंशुचिरूपविराजनम् । केशश्मश्रुनखादीनांकल्पनंसंमसाधनम्॥९३॥

હજામત કરાવવી, નખ લેવરાવવા, તથા ડાઢી વિગેરેના બાલ લેવરાવવા અને વાળને ધોઇ સાફ રાખવાથી પુષ્ટિ, કામીયોને હિતકારક, આયુ, પવિત્રતા અને સુંદરતાની વૃદ્ધિ થાય છે. ૯૩.

चक्षुष्यंस्पर्शनहितपादयोर्व्यसनापहम् । बल्यंपराक्रमसुखंवृष्यंपादत्रधारणम् ॥९४॥

જોડા પહેરવા એ નેત્રો તથા સ્પર્શમાં હિતકારક છે તથા બળ, પરાક્રમ, સુખ, અને વિર્યને આપનાર છે. ૯૪.

ईतेःप्रशमनंबल्यंगुप्त्यावरणसंकरम् । घर्मानिलरजोम्बुघ्नंछत्रधारणमुच्यते । स्खलतःसंप्रतिष्ठानं शत्रूणाञ्चनिषेधनम् । अवष्टम्भनमायुष्यंभयघ्नंदण्डधारणम् ॥

છતરી ઓઢવાથી ઉપદ્રવોનો નાશ થાય છે. બળકારી અને તાપ, વાયુ, ધુળ તથા પિશાચાદિના ભયનો નાશ થાય છે. તથા હાથમાં ડંડ રાખવો એ, પગ ચુકી જવાથી પડી જતાં અટકાવનાર, શત્રુઓનો નાશ કરનાર, શરીરને સહાય આપનાર અને આયુષ્યને હિતકારક અને ભયને નસાડનાર છે. ૯૫.

नगरीनगरस्यैवरथस्यैवरथीसदा ।
स्वशरीरस्यमेधावीकृत्येस्वरहितोभवेदिति ॥ ९६ ॥

જેવી રીતે નગરનો રક્ષક નગરની રક્ષાને માટે અથવા રથ હાંકવાવાળો રથની રક્ષાને માટે સાવધાન રહે છે તેવી રીતે બુદ્ધિમાન મનુષ્યોએ પોતાના શરીરના કામોમાં સાવધાન રહેવું જોઇએ. ૯૬.

યોગ્યાયોગ્ય વિચાર.

भवतिचात्र । वृत्त्युपायान्निषेवेत येस्युर्द्धर्माविरोधिनः । शममध्ययन ञ्चैवसुखमेवंसमश्नुते ॥ ९७ ॥

મનુષ્યનો ધર્મ છે કે ધર્મનાં અવિરોધી અથવા ધર્મયુક્ત ઉપાયો જીવન નિર્વાહને માટે કરવા (અધર્મથી જીવન નિર્વાહ ન કરવો) અને ઇંદ્રિયોને તથા ચિત્ત વૃત્તિઓને શાંત ભાવથી રાખી શકે તેવા અધ્યયન આદિ કરવાથી આ લોક તથા પરલોકમાં સુખ પ્રાપ્ત થાય છે. ૯૭.

ઉપસંહાર.

तत्रश्लोकाः । मात्राद्रव्याणिमात्राश्चसंश्रित्यगुरुलाघवम् । द्रव्याणांगर्हितोभ्यासोयेषांयेषाञ्चशस्यते ॥ ९८ ॥ अञ्जनंधूमवर्त्तिश्चत्रिविधावर्त्तिकल्पना । धूमपानगुणाःकालाः पानमानंचयस्ययत् ॥ ९९ ॥ व्यापत्तिचिह्नंभैषज्यंधूमोयेषां-

विगर्हितः । पेयोयथायन्मयंचनेत्रंयस्यचयद्विधम् ॥१००॥ नस्यकर्म्मगुणानस्तः कार्य्यंयच्चयथायदा । भक्षयेद्दन्तपवनंयथायच्चद्गुणश्चयत् ॥ १०१ ॥ यदर्थंयानिचास्येनधार्य्याणिकवलग्रहे । तैलस्यये गुणादृष्टाशिरस्तैलगुणाश्चये ॥१०२॥ कर्णेतैलंतथाभ्यङ्गे पादाभ्यङ्गे च मार्जने । स्नानेवाससिशुद्धेचसौगन्ध्येरत्नधारणे ॥ १०३ ॥ शौचेसंहरणेलोम्नांपादत्रच्छत्रधारणम् । गुणमात्राश्रितीयेऽस्मिन् यथोक्तादण्डधारणे ॥ १०४ ॥

હવે અધ્યાયનો ઉપસંહાર કહીએ છીએ. આ અધ્યાયમાં માત્રા, દ્રવ્ય, અને માત્રાને લઈ ભારે તથા હલકા દ્રવ્ય, નિંદા કરવા યોગ્ય દ્રવ્ય, દ્રવ્યના નિંદા કરવા યોગ્ય અભ્યાસ અથવા જેને ભારે પદાર્થ પચી શકે છે તેનું વર્ણન કર્યું છે. તે ઉપરાંત અનુક્રમે, અંજન, ધુમ, બસ્તિ ત્રણ પ્રકારની બસ્તિઓ, ધુમપાનના ગુણ, સમય, માત્રા, ધુમપાનના દોષ, તેના યત્ન, કોણે ધુમાડી પીવી ન જોઇએ, કોણે પીવી, કેવી રીતે ધુમપાનની સળી બનાવવી, જે ચીજોમાં પીવી તે સર્વ ચીજોનું વર્ણન, તથા નસ્ય કર્મના ગુણ, નસ્ય કેવી રીતે કયે વખતે લેવો, દાતણની વિધિ, ગુણ, વૃક્ષ, કવલ, તેલ મુખમાં ધારણ કરવાના ગુણ, માથામાં તેલ લગાવવાના ગુણ, કાનમાં તેલ નાંખવાના ગુણ, શરીરપર તેલ ચોળવાના ગુણ, પગોમાં તેલ ચોપડવાના ગુણ, શરીરને વસ્ત્રથી સાફ કરવાના ગુણ, સ્નાન, શુદ્ધ વસ્ત્ર ધારણ, સુગંધિત ચંદનાદિ ધારણ, રત્નાભરણ ધારણ, શૌચ, હજામત કરાવવી, જોડા પહેરવા, છત્રી, લાકડી, એ સર્વને ધારણ કરવાના ગુણ એ સર્વનું આ **માત્રાશ્રિતિય** અધ્યાયમાં વર્ણન કર્યું છે. ૯૯ થી ૧૦૪.

इति अग्निवेश कृते तंत्रे चरकप्रति संस्कृते ।
श्लोक स्थाने मात्राश्रितीयोनामपंचमोध्यायः ॥ ५ ॥

અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ માત્રાશ્રિતિયો નામનો
પાંચમો અધ્યાય સંપૂર્ણ થયો.

अध्याय ६ ठो.

अथातःतस्याशितीयमध्यायंव्याख्यास्यामः । इतिहस्माह भगवानात्रेयः ॥

હવે અમે તસ્યાશિતિય અધ્યાયનું વર્ણન કરીએ છીએ, એવું ભગવાન આત્રેય કહેવા લાગ્યા.

માત્રા અને ૠતુને અનુકુળ ભોજનથી લાભ.

तस्याशितीयाद्याहाराद्बलंवर्णश्चवर्द्धते । तस्यर्तुसात्म्यंविदितंचेष्टाहारव्यपाश्रयम् ॥१॥

યોગ્ય માત્રાથી યોગ્ય રીતે કરેલું ભોજન બળ અને વર્ણની વૃદ્ધિ કરે છે. પરંતુ જે ૠતુમાં જે આહાર વિહાર કરવો યોગ્ય હોય તે જાણીને, તે પ્રમાણે કરવાથી બળ અને વર્ણની વૃદ્ધિ થાય છે. ૧

ૠતુદ્વારા વર્ષની સંકલના.

इहखलुसंवत्सरंषडङ्गमृतुविभागेनविद्यात्तदादित्यस्योदगयनमादानं चत्रीनृतून्शिशिरादीन् ग्रीष्मान्तान् व्यवस्येत् वर्षादीन्पुनर्हेमन्तपन्तानदक्षिणायनंविसर्गश्च ॥ २ ॥

એક વર્ષમાં ૭ ૠતુ હોય છે. તેમાં શિશિર, વસંત અને ગ્રીષ્મ આ ત્રણ ૠતુઓમાં સુર્ય ઉત્તરાયણનો હોય છે. જેને આદાનકાલ કહેવામાં આવે છે. અને વર્ષા, શરદ અને હેમંત આ ત્રણ ૠતુમાં સૂર્ય દક્ષિણાયનને હોય છે તેને વિસર્ગકાળ કહેવામાં આવે છે. ૨

विसर्गेचपुनर्वायवो नातिरूक्षाःप्रवान्तीतरेपुनरादानेसोमश्चाव्याहतबलः । शिशिराभिर्भाभिरापूरयञ्जगदाप्याययतिशश्वदतोविसर्गः सौम्यः ॥ ३ ॥

વિસર્ગકાળમાં પવન અત્યંત રૂખીવાયુ વાતો નથી પરંતુ આદાનકાલમાં રૂખીવાયુ વાય છે. વિસર્ગકાળમાં ચંદ્રમા બળવાન, સુંદર. સીતલ, અને પોતાના પ્રકાશથી જગતને સુખ આપનાર હોય છે જેથી કરીને વિસર્ગકાળને સૌમ્ય કહેવામાં આવે છે. ૩

સૂર્યાદિકનું કર્તવ્ય.

आदानंपुराग्नेयंतावेतावर्कवायूसोमश्चकालस्वभावमार्ग परिगृहीताः कालर्तुरसदोषदेहबलनिर्वृत्तिमत्ययभूताः समुपदिश्यन्ते ॥ ४ ॥

આદાનકાળ અગ્નિતત્વવાળો (અધિક અગ્નિના ગુણવાળો) હોય છે. આદાનકાળ, સુર્ય, વાયુ, ચંદ્રમા એ સર્વ પોતપોતાના કાળસ્વભાવાનુસાર ગતિમાં પ્રવૃત થઇને કાળ, ૠતુ રસ, દોષ. દેહ અને બળની ઉત્પત્તિના કારણ રૂપ થાય છે. ૪

બળનાશમાં સૂર્યનું કારણ.

तत्ररविर्भाभिराददानोजगतः स्नेहंवायवस्तीव्ररूक्षाश्चोपशोषयन्तः शिशिरवसन्तग्रीष्मेषुयथाक्रमंरौक्ष्यमुत्पादयन्तोरूक्षान्रसानतिक्तकषायकटुकांश्चाभिवर्द्धयन्तो नृणांदौर्बल्यमावहन्ति ॥ ५ ॥

આદાનકાળમાં સૂર્ય પોતાના તિક્ષ્ણ કિરણોથી જગતના રસોને ખેંચી લેછે. અને વાયુ તીવ્ર અને રૂક્ષ રસને સુકવી દે છે. એવી રીતે સુર્ય અને વાયુ, શિશિર, વસંત અને ગ્રીષ્મ, ૠતઓમાં અનુક્રમે રૂક્ષતાને ઉત્પન્ન કરીને રૂક્ષ, કડવા, તુરા, અને તીખા રસોને પ્રકટ કરે છે જેથી કરીને રૂક્ષતાથી મનુષ્યોને દુર્બળ કરે છે. ૫

वर्षाशरद्धेमन्तेषुतुदक्षिणाभिमुखेऽर्केकालमार्गेमेघवातवर्षाभिहतप्रतापेशशिनिचाव्याहतबलेमाहेन्द्रसलिलप्रशान्तसन्तापेजगत्यरूक्षारसाः प्रवर्द्धन्तेऽम्ललवणमधुरायथाक्रमंतत्रबलमुपचीयन्तेनृणामिति ॥ ६ ॥ भवतिचात्र ॥ आदावन्तेचदौर्बल्यंविसर्गादानयोर्नृणाम् । मध्ये मध्यंबलन्त्वन्तेश्रेष्ठमग्रेचनिर्दिशेत् ॥७॥

વર્ષા શરદ અને હેમંત ૠતુમાં દક્ષિણાભિમુખ સર્યનો સમય માર્ગ, મેઘવાયુ અને

વરસાદની દ્વારા પ્રતાપનું થોડું થઇ જવાથી, ચંદ્રમાનો પ્રતાપ બળવાળો હોવાથી અને વરસાદના જળદ્વારા જગતના સંતાપો મટી જવાથી રૂક્ષતા રહિત, અમ્લ, લવણ તથા મધુર રસની અનુક્રમે વૃદ્ધિ થાય છે અને મનુષ્યોનું બળ પણ વૃદ્ધિ પામે છે. ૬ વિસર્ગ કાળની પહેલાં, (વર્ષાઋતુમાં) અને આદાનકાળની પછી (ગ્રીષ્મ)ના વખતમાં મનુષ્યાદિમાં નિર્બળતા હોય છે તેવીજ રીતે આદાન અને વિસર્ગકાળની વચ્ચે (શરદ, વસંત) મનુષ્યો મધ્યમ બળ વાળા હોય છે. અને વિસર્ગના પછી (હેમંત) અને આદાનના પહેલાં (શિશીર)ના વખતમાં સર્વ મનુષ્યાદિમાં પૂર્ણ બળ હોય છે. ૭.

હેમન્તમાં વાયુનું પાચકપણું.

શીતેશીતાનિલસ્પર્શસંરુદ્ધોબલિનાંબલી । પક્તાભવતિહેમન્તે માત્રાદ્રવ્યગુરુક્ષમઃ ॥ ૮ ॥ સયદાનેન્ધનંયુક્તંલભતેદેહજંતદા । રસંહિનસ્ત્યતોવાયુઃશીતઃશીતે પ્રકુપ્યતિ ॥ ९ ॥

શીતકાળમાં ઠંડા પવનના સ્પર્શથી શરીરની અંદર રોકાઇ બળવાન મનુષ્યોનો જઠરાગ્નિ બળવાળો થાય છે. જેથી કરીને હેમન્ત ઋતુમાં ભારે પદાર્થો વધારે પ્રમાણમાં જમવાથી પણ પચી જાય છે. ૮. જ્યારે જઠરાગ્નિને અહાર નથી મળતો ત્યારે તે શરીરના રસોને નષ્ટ કરે છે. જેથી કરીને શીતકાળમાં ટાઢો વાયુ કોપીત થાય છે. ૯.

શીતકાળમાં લવણાદિરસ અને માંસનું સેવન કરવું.

तस्मात्तुषारसमयेस्निग्धाम्ललवणान्रसान् । औदकानूपमांसानांमेध्यानामुपयोजयेत् ॥ १० ॥ बिलेशयानांमांसानिप्रसहानांभृतानिच । भक्षयेन्मदिरांसीधुंमधुचानुपिबेन्नरः ॥ ११ ॥

જેથી કરીને શીતકાળમાં ચિકણા, ખાટા, તથા ખારા રસવાળા પદાર્થો તથા જળચર અને અનુપદેશ જીવોનાં માંસ અને પ્રસહા, (બળદ વિગેરે) દરમાં રહેવાવાળાનાં, માંસ, મધ, સીધુ અને મધુનું સેવન કરવું. ૧૦-૧૧.

ગોરસાદિનું હેમન્તમાં સેવન.

गोरसानिक्षुविकृतीर्वसांतैलंनवौदनम् । हेमन्तेऽभ्यस्यतस्तोयमुष्णञ्चायुर्नहीयते ॥१२ ॥ अभ्यंगोत्सादनंमूर्ध्नितैलंजेन्ताकमातपम् । भजेद्भूमिगृहञ्चोष्णमुष्णंगर्भगृहंतथा ॥ १३ ॥ शीतेसुखंवृतंसेव्यंयानंशयनमासनम् । प्रावाराजिनकौषेयप्रवेणीकुथकास्तृतम् ॥ १४ ॥ गुरूष्णवासादिग्धाङ्गोगुरुणाऽगुरुणासदा । शयनेप्रमदांपीनांविशालोपचितस्तनीम् ॥ १५ ॥ आलिङ्गयाऽगुरुदिग्धाङ्गींसुप्यात्समदमन्मथः । प्रकामञ्चनिषेवेतमैथुनंशिशिरागमे ॥ १६ ॥

દુધ, ખાંડ, આદિ મિઠાઈ, ચરબી, તેલ, નવીન અન્ન, ગરમ પાણી, એનું હેમન્તઋતુમાં સેવન કરવાથી આયુષ ક્ષીણ થતો નથી; તેમજ શરીરપર તૈલ મર્દન, ઉવટન, માથામાં તેલ લગાવવું જેંતાકસ્વેદ (આનો વિષય આગળ આવશે) ધુપ, ગરમ જમીન, ઘરના વચ્ચેનો

ઓરડો ચારે તરફથી બંધ કરવો, શય્યા, આસન, વાઘંબર, શણ અને રેશમનાં કપડાં, રંગબેરંગી કામળ એઓનું સેવન કરવું, ગરમ અને ભારે વસ્ત્ર પહેરવાં, શયન કરતી વખતે શરીરમાં અગરનો જાડો લેપ કરવો. મોટાં સ્તનવાળી, સુગંધી યુક્ત અગરથી લેપ કરેલી, કામદેવને મોહિત કરનારી સ્ત્રીને કામથી ઉન્મત્ત થઇને આલીંગન કરવું અને ઇચ્છા પ્રમાણે સંભોગ કરવો. ૧૨ થી ૧૬.

હલકા અન્નપાનનો ત્યાગ.

वर्जयेदन्नपानानिलघूनिवातलानिच । प्रवातंप्रमिताहारमुदमन्थं हिमागमे ॥१७॥

શીશીરરૂતુમાં પણ હેમન્તની માફક ક્રિયા કરવી. હલકાં, રૂક્ષ, અને વાયડાં અન્નપાન વાયુનો વેગ, અલ્પાહાર જળથી મિશ્ર કરેલું સર્બત વિગેરેનું સેવન ન કરવું. ૧૭.

હેમન્ત અને શિશિરનાં કામ.

हेमन्तशिशिरेतुल्ये शिशिरेऽल्पंविशेषणम् । रौक्ष्यमादानजंशीतंमेघमारुतवर्षजम् ॥ १८ ॥ तस्माद्धैमन्तिकःसर्वःशिशिरेविधिरिष्यते ॥ निवातमुष्णमधिकं शिशिरेगृहमाश्रयेत् ॥ १९ ॥ कटुतिक्तकषायाणिवातलानिलघूनिच । वर्जयेदन्नपानानिशिशिरेशीतलानिच ॥ २० ॥ हेमन्तेनिचितःश्लेष्मादिनकृद्धाभिरीरितः । कायाग्निंबाधतेरोगांस्ततःप्रकुरुतेबहून् ॥ २१ ॥

હેમન્ત અને શિશિર એ બંને રૂતુ બરાબર છે, પણ શીશીર રૂતુમાં આદાનકાળથી થયેલ રૂક્ષતા, તથા મેઘવાયુ અને વૃષ્ટિથી થયેલી શીતલતા વિશેષ હોય છે જેથી કરીને આ રૂતુમાં થોડું ભોજન કરવું. ૧૮. અને એ હેતુથી હેમન્ત રૂતુની સર્વ ક્રિયા તેમાં કરવા છતાં પણ વાયુ સિવાય ગરમ સ્થાનનું શિશિરરૂતુમાં અધિક સેવન કરવું. ૧૯. અને કડવાં, તીખાં, તુરાં, વાયુને કરવાવાળા હલકાં તથા શીતળ અન્નપાનનો ત્યાગ કરવો જોઇએ. ૨૦ હેમન્ત રૂતુમાં ઠંડીથી ઉત્પન્ન થયેલ કફ વસંતરૂતુમાં સૂર્યના કિરણોથી પીગળીને શરીરમાં સંચય થયેલા અગ્નિને બગાડી અનેક પ્રકારના રોગોને ઉત્પન્ન કરે છે. ૨૧.

વસન્તમાં વમન વિગેરે કર્મ, ધરણીય દ્રવ્ય તથા ભોજ્ય પદાર્થ.

तस्माद्वसन्तेकर्माणिवमनादीनिकारयेत् । गुर्वम्लस्निग्धमधुरं दिवास्वप्नञ्चवर्जयेत् ॥ २२ ॥ व्यायामोद्वर्त्तनंधूमंकवलग्रहमञ्जनम् । मुखाम्बुनाशौचविधिंशीलयेत्कुसुमागमे ॥ २३ ॥ चन्दनागुरुदिग्धाङ्गोयवगोधूमभोजनः । शारभंशाशमैणेयंमार्गेलावकपिञ्जलम् ॥ २४ ॥ भक्षयेन्निगदंसीधुपिबेन्माध्वीकमेववा । वसन्तेनुपिबेत्स्त्रीणांकामिनीनाञ्चयौवनम् ॥ २५ ॥

જેથી કરીને વસંતમાં વધતા જતા દોષને, વિરેચનાદિથી કાઢી નાંખવા જોઈએ. ભારે, ખાટા, ચીકણા અને મીઠા પદાર્થો અને દિવસે સુવાનો ત્યાગ કરવો. વ્યાયામ, લેપન, ધુમપાન, કવલી ગ્રહણ, અંજન, કોકર વરણા પાણીથી સ્નાન, શૌચાદિ એ સર્વનું વસન્તમાં સેવન કરવું. અગરથી મિશ્રીત કરેલ ચંદનનો શરીર પર લેપ કરવો, જવ, ઘઉં, સાબર, શસલું, હરણ, લવા, સફેદ તીતર એઓના માંસનું ભોજન કરવું, અને આસવ, સીંધુ અથવા માધ્વી-

કે મદીરાનું પાન કરવું, અને વસન્ત ૠતુમાં બગીચા તથા સુંદર યુવતિઓના યૌવનના આનંદનું પાન કરવું. ૨૨ થી ૨૫.

ગ્રીષ્મના ગુણ તથા તેમાં સેવવા યોગ્ય પદાર્થ.

मयूखैर्जगतःसारंग्रीष्मेपेपीयतेरविः । स्वादुशीतंद्रवंस्निग्धमन्नपानंतदाहितम् ॥२६॥ शीतंसशर्करंमन्थंजाङ्गालान्मृगपक्षिणः । घृतंपयःसशाल्यन्नंभजन्ग्रीष्मेनसीदति ॥ २७ ॥ मद्यमल्पंनवापेयमथवासुबहूदकम् । लवणाम्लकटूष्णानिव्यायामञ्चात्रवर्जयेत् ॥ २८ ॥ दिवाशीतगृहेनिद्रानिशिचन्द्रांशुशीतलौ । भजेच्चन्दनदिग्धाङ्गःप्रवातहर्म्यमस्तके ॥ २९ ॥ व्यजनैःपाणिसंस्पर्शैश्चन्दनोदकशीतलैः । सेव्यमानोभजेदास्यांमुक्तामणिविभूषितः ॥ ३० ॥ काननानिचशीतानिजलानिकुसुमानिच । ग्रीष्मकालेनिषेवेतमैथुनाद्विरतोनरः ॥ ३१ ॥

ગ્રીષ્મ ૠતુમાં સૂર્ય ભગવાન પોતાના કિરણો દ્વારા જગતના રસને સુકાવી દે છે જેથી કરીને આ ૠતુમાં મધુર, શીતલ, અને ચીકણા આહાર પાનનું સેવન કરવું વળી સાકર નાંખેલો ઠંડો, મઠો, જંગલી મૃગ, તથા પક્ષીઓનાં માંસ, ઘી, દુધ, અને ભાત એ સર્વના ભોજનથી ગ્રીષ્મ ૠતુમાં કલેશ થતો નથી. ગ્રીષ્મૠતુમાં મધ (દારૂ) પીવા યોગ્ય નથી તો પણ જો અભ્યાસ હોય તો તેમાં થોડું પાણી મિશ્ર કરી અને પીવું. મીઠું, ખાટું, કડવું તથા ગરમ વસ્તુઓનું સેવન કરવું નહિ, અને કસરત કરવી નહિ. દિવસે ઠંડા સ્થાનમાં સુવું, અને રાત્રીએ જ્યાં ચંદ્રમાનાં કિરણો પડતાં હોય અને હવા આવતી હોય એવા સ્થાનમાં શરીર પર ચંદનનો લેપ કરીને સુવું. ચંદનનું જળ છાંટેલા પંખાથી નોકર વડે પવન ઉડાવરાવવો અને મણી મુકતાદિક આભૂષણો પહેરી રાત્રે શયન કરવું. (૩૦) ગ્રીષ્મ ૠતુમાં બાગ, શીતળ જળ તથા પુષ્પોનું સેવન કરવું પણ સ્ત્રીનો સંગ કરવો નહિ. ૨૬ થી ૩૧.

વર્ષા ૠતુમાં જઠરાગ્નીનું દુર્બલ થવું.

आदानदुर्वलेदेहेपक्ताभवतिदुर्वलः । स वर्षास्वनिलादीनांदूषणैर्बाध्यतेपुनः ॥ ३२ ॥

આદાન કાળમાં શરીર દુર્બળ થવાથી જઠરાગ્નિ પણ નિર્બળ થાય છે, તે જઠરાગ્નિ વર્ષા ૠતુમાં જળ, વાયુ વિગેરેથી વધારે ક્ષીણ થાય છે. ૩૨

પવનનો કોપ.

भूवाष्पान्मेघनिस्यन्दात्पाकादम्लाज्जलस्यच ।
वर्षास्वग्निबलेक्षीणेकुप्यन्तिपवनादयः ॥ ३३ ॥

વર્ષા કાળમાં, પૃથ્વીમાંથી બાફ નીકળવાથી, વરસાદ પડવાથી, અને જળ ખાટું પરી પકવ થવાથી અગ્નિ દુર્બળ થઇને વાતાદિ દોષ કોપાયમાન થાય છે ૩૩.

વર્ષામાં ત્યાગ કરવા યોગ્ય કર્મ.

तस्मात्साधारणःसर्वोविधिर्वर्षासुवक्ष्यते । उदमन्थंदिवास्वप्नमवश्यायंनदीजलम् ॥ ३४ ॥ व्यायाममातपञ्चैवव्यवायञ्चात्रवर्जयेत् । पानभोजनसंस्कारा-

न् प्रायःक्षौद्रान्वितान्भजेत् ॥ ३५॥ व्यक्ताम्ललवणस्नेहंवातवर्षाकुलेऽहनि । विशेषशीते भोक्तव्यंवर्षास्वनिलशान्तये ॥ ३६ ॥ अग्निसंरक्षणवतायवगोधूमशालयः । पुराणा जाङ्गलैर्मांसैर्भोज्ययूषैश्चसंस्कृतः ॥३७॥ पिबेत्क्षौद्रान्वितञ्चाल्पंमाध्वीकानिष्टमम्बुवा । माहेन्द्रंतप्तशीतंवाकौपंसारसमेववा ॥ ३८॥ प्रघर्षोद्वर्त्तनस्नानगन्धमाल्यपरोभवेत् । लघुशुद्धाम्बरःस्थानंभजेदक्लेदिवार्षिकम् ३९

જેથી કરીને વર્ષા કાળમાં ત્રિદોષ નાશક સાધારણ ક્રિયાનું સેવન કરવું, વર્ષા ૠતુમાં સર્બત આદિ જળનું મંથન, દિવસે સુવું, નદીનું જળ, કસરત, તડકામાં ફરવું, એ સર્વનો આ ૠતુમાં ત્યાગ કરવો અને ખાન પાનાદિકમાં મદનો ઉપયોગ કરવો (૩૫) વાયુ અને વરસાદ બંને જે દિવસે હોય તે દિવસે બહુત શરદી હોવાથી, ખાટું, ખારૂં તથા ચીકાસવાળા (ઘી દુધ) પદાર્થ ખાવાથી વાયુની શાંતિ થાય છે. ૩૬ અગ્નિની રક્ષા કરવાની ઇચ્છાવાળા મનુષ્યે જુના જવ, ઘઉં તથા ચોખા, ને જંગલી જીવોના માંસના યુષની સાથે ખાવાં, થોડા મદ સાથે માધ્વીક મદિરા પીવી, અને તળાવમાંથી વરસાદનું કે કુવાનું પાણી ગરમ કરી અને ઠંડુ પાડી પીવું જોઇએ. વર્ષાૠતુમાં શરીરને લુંછવું, ઉબટન લગાવી સ્નાન કરવું, સુગંધિત માળાઓને પહેરવી, હલકાં અને ચોખ્ખાં વસ્ત્રોને ધારણ કરવાં અને ભેજ તથા કીચડ વિનાના સ્થાનોનું સેવન કરવું હિતકારી છે. ૩૪ થી ૩૯.

વર્ષાૠતુમાં રહેવાના નિયમ.

वर्षाशीतोचिताङ्गानांसहसैवार्करश्मिभिः । तप्तानामाचितंपित्तं प्रायःशरदिकुप्यति ॥ ४० ॥ तत्रान्नपानंमधुरंलघुशीतंसतिक्तकम् । पित्तप्रशमनंसेव्यंमात्रयासुप्रकाङ्क्षितैः ॥ ४१ ॥ लावान्कपिञ्जलानेणानुरभ्राञ्शरभाञ्शशान् । शालीनयवगोधूमान्सेव्यानाहुर्घनात्यये ॥ ४२ ॥ तिक्तस्यसर्पिषः पानंविरेकोरक्तमोक्षणम् । धाराधरात्ययेकार्य्यमातपस्यचवर्जनम् ॥ ४३ ॥ वसांतैलमवश्यायमौदकानूपमामिषम् । क्षारंदधिदिवास्वप्नं प्राग्वातश्चात्रवर्ज्जयेत् ॥ ४४ ॥

વર્ષાૠતુમાં શીતથી સંચિત થયેલું પીત શરદૠતુમાં સૂર્યના કિરણોથી એકાએક તૃપ્ત થઇને કોપિત થાય છે. ૪૦. માટે આ ૠતુમાં પિત્તને નાશ કરવાવાળા મધુર હલકા શીતલ તથા કડવા અન્નપાનાદિનું બહુજ ભૂખ લાગે ત્યારે સેવન કરવું. ૪૧. લવા, ધોળું તેતર, હરણ, ઘેટું, સાબર અને સસલાનું માંસ તથા ચોખા, જવ, અને ઘઉંનું શરદૠતુમાં સેવન કરવું. ૪૨. શરદૠતુમાં તિક્ત પદાર્થોનું પાન, ઘી ખાવું, વિરેચન, અને લોહી કઢાવવું તથા તડકાનો ત્યાગ કરવો. ૪૩ ચરબી, તેલ, બરફ, જળ તથા અનુપદેશના જીવોનું માંસ, ક્ષાર, દહીં, દિવસે સુવું અને પૂર્વના વાયુ, આ સવનો શરદૠતુમાં ત્યાગ કરવો. ૪૪.

પીવા યોગ્ય જળ તથા હંસોદક.

दिवासूर्यांशुसन्तप्तंनिशिचन्द्रांशुशीतलम् ॥ कालेनपक्वंनिर्दोषमगस्त्येनाविषीकृतम् ॥ ४५॥ हंसोदकमितिख्यातंशारदं विमलंशुचि ॥ स्नानपानावगाहेषुशस्य-

तेतद्यथामृतम् ॥ ४६ ॥ शारदानिचमाल्यानिवासांसिविमलानिच । शरत्कालेप्रशस्यन्तेप्रदोषचन्द्ररश्मयः ॥ ४७ ॥

દિવસે સૂર્યનાં કિરણોથી ગરમ થઈ, અને રાત્રીએ ચંદ્રમાનાં કિરણોથી શીતળ થઈ કાલના પ્રભાવથી નિર્દોષ થયેલ અગસ્ત્યના દ્વારા નિર્વિષ (ઝેરવિનાનું) થનાર. ૪૫. શરદઋતુનું નિર્મળ જળ હંસોદક કહેવાય છે. તે જળ સ્નાન કરવામાં, પીવામાં અવગાહન વિગેરેમાં અમૃત તુલ્ય શ્રેષ્ટ છે. (૪૬) શરદઋતુમાં પુષ્પોની માળા ચોખ્ખાં વસ્ત્ર અને સાયંકાળના વખતે ચંદ્રમાના કિરણોનું સેવન કરવું શ્રેષ્ટ છે. (૪૭.)

ઐકસાત્મ્ય.

इत्युक्तमृतुसात्म्यंयच्चेष्टाहारव्यपाश्रयम् ।
उपशेतेयदौचित्यादोकसात्म्यंतदुच्यते ॥ ४८ ॥

એવી રીતે જે જે ઋતુમાં જેવા જેવા અહાર વિહાર કરવા યોગ્ય છે તે સર્વનું વર્ણન કર્યું છે. જે ઉચિત હોવાથી સુખકારી થાય છે તેને '**ઐક સાત્મ્ય**' કહે છે. ૪૮.

સાત્મ્યનું લક્ષણ.

दोषाणामामयानाञ्चविपरीतगुणं गुणैः । सात्म्यमिच्छान्तिसात्म्यज्ञाश्चेष्टितंचाद्यमेवच ॥ ४९ ॥ इति ।

જે અહાર વિહાર દોષ, તથા રોગોના વિપરીત ગુણ કરવાવાળા (અર્થાત રોગોથી બચાવી આરોગ્ય અર્પનાર) હોય છે તેને સાત્મ્યના જાણનારા સાત્મ્ય કહે છે પછી તે ચેષ્ટિત હોય કે ભોજન હોય. ૪૯.

तत्रश्लोकः । ऋतावृतौनृभिःसेव्यमसेव्यंयच्चकिंश्चन । तस्याशितीयेनिर्दिष्टंहेतुमत्सात्म्यमेवचेति ॥ ५९ ॥

અહીં આ શ્લોક છે કે આ તસ્યાશિતિય નામના અધ્યાયમાં જે ઋતુમાં જે વસ્તુ સેવન કરવી જોઇએ તથા જે સેવન કરવી નહીં જોઇએ અને જે હેતુ સાત્મ્ય—શરીરને અનુકુળ છે તે સર્વનું વર્ણન કર્યું છે. ૫૦

इति अग्निवेश कृते तन्त्रे चरक प्रति
संस्कृते तस्याशितीयोऽध्यायः ॥ ६ ॥

આ પ્રમાણે અગ્નિ વેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ તસ્યા શિતીય નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો.

सप्तमोऽध्यायः ।

પ્રતિજ્ઞા.

अथातो न वेगान्धारणीयमध्यायंव्याख्यास्यामः । इतिहस्माहभगवानात्रेयः ।

હવે **નવેગાન્ધારણીય** અધ્યાયનું કથન કરૂં છું એવું ભગવાન આત્રેયજીએ કહ્યું,

અધ્યાયનો વિષય.

વેગોને રોકવાનો નિષેધ.

नवेगान्धारयेद्धीमाञ्जातान्मूत्रपुरीषयोः । नरेतसोनवातस्यन वम्याःक्षवथोर्नच ॥ १ ॥ नोद्गारस्यनजृम्भायानवेगान्क्षुत्पिपासयोः । नबाष्पस्यननिद्रायान, श्वासस्यश्रमेणच ॥ २ ॥ एतान्धारयतोजातान्वेगानरोगाभवन्तिये । पृथक्पृथक्चिकित्सार्थं तन्मेनिगदतःशृणु ॥ ३ ॥

બુદ્ધિમાન પુરૂષે, મૂત્ર, મલ, વિર્ય, વાયુ, ઉલટી, છીંક આ સર્વના વેગનેરોકવો નહિ. (૧) ઓડકાર જમ્હાઈ, ક્ષુધા, તૃષા, પરસેવો, નિંદ્રા, અને શ્રમથી થનાર શ્વાસના વેગને રોકવો નહિં (૨) તેને રોકવાથી જે જે રોગ ઉત્પન્ન થાય છે તે સર્વની ચિકિત્સાનું હું જુદું જુદું વર્ણન કરૂં છું તે તમે સાંભળો. (૩)

મૂત્રના વેગને રોકવાથી થતા રોગ.

बस्तिमेहनयोःशूलंमूत्रकृच्छ्रंशिरोरुजा ।
विरामोवङ्क्षणानाहःस्याल्लिङ्गेमूत्रनिग्रहे ॥ ४ ॥

મૂત્રના વેગને રોકવાથી બસ્તિ, તથા લીંગમા પીડા, મૂત્ર કચ્છ, માથામાં પીડા, દેહનું નમવું, પેટમાં પીડા અને આફરો ચઢવો આ ઉપદ્રવો થાય છે. (૪)

મૂત્ર રોકવાથી કરવા જોઈતા ઉપાય.

स्वेदावगाहनाभ्यङ्गान्सर्पिषश्चावपीडकम् ।
मूत्रेप्रतिहतेकुर्यात्त्रिविधंबस्तिकर्मच ॥ ५ ॥

મૂત્રના રોકવાથી થનારા રોગોમાં પરસેવો આપવો, જળમાં બેસવું, ચોળવું, ઘૃત પાન કરવું અને ત્રણ પ્રકારનું બસ્તી કર્મ કરવું જોઈએ. (૫)

મલ રોકવાથી થતા રોગો.

पक्वाशयशिरःशूलंवातवर्चोनिरोधनम् ।
पिण्डिकोद्वेष्टनाध्मानं पुरीषेस्याद्विधारिते ॥ ६ ॥

મળના વેગને રોકવાથી પકવાશય તથા માથામાં પીડા, વાયુ તથા મળનું રોકાવું, પીડલીયોનું જકડાવું અને આફરો ચઢવો આ સર્વ રોગ થાય છે. (૬)

મલ રોકાવાથી ચિકિત્સા.

स्वेदाभ्यङ्गावगाहाश्चवर्त्तयोबस्तिकर्म्मच । हितंप्रतिहतेवर्च्चस्यन्नपानं प्रमाथिच ७

મલને રોકવાથી થતા રોગોમાં શ્વેદન, માલીસ, ગરમ જળમાં બેસવું; વર્તી, બસ્તિ કર્મ અને વાયુને અનુલોમ કરવાવાળાં અન્ન પાન હિતકારી છે. (૭)

વિર્યના વેગને રોકવાથી થતા ઉપદ્રવ.

मेढ्रेवृषणयोःशूलमङ्गामर्दोहृदिव्यथा । भवेत्प्रतिहतेशुक्रे विबद्धंमूत्रमेवच ॥ ८॥
तत्राभ्यङ्गावगाहाश्चमदिराचरणायुधाः । शालिःपयोनिरूहाश्चशस्तंमैथुनमेवच ९

વિર્યને રોકવાથી લીંગ, અંડકોષ, શરીર તથા હૃદયમાં પીડા અને મૂત્રનું રોકાવું આ સર્વ રોગ થાય છે. (૮) વિર્યના રોકાવાથી થતા રોગોમાં માલીશ, અવગાહન, મદ્યપાન, કુકડાનું માંસ અને ચોખાનું ભોજન, દુધની નિરૂહ બસ્તી અને મૈથુન આ સર્વ હિતકારી છે. (૯)

અધોવાયુને રોકવાથી ઉપદ્રવ.

वातमूत्रपुरीषाणांसंङ्गोध्मानंक्लमोरुजा ।
जठरेवातजाश्चान्येरोगाःस्युर्वातनिग्रहात् ॥ १० ॥

અધોવાયુ (વાછુટ) ને રોકવાથી વાયુ, મૂત્ર, તથા મલનું રોકાવું, આફરો, ગ્લાની અને ઉદરમાં પીડા તથા બીજા વાયુના રોગો ઉત્પન્ન થાય છે. (૧૦)

ઉપાય.

स्नेहस्वेदविधिस्तत्रवर्त्तयोभोजनानिच ।
पानानिबस्तयश्चैवशस्तंवातानुलोमनम् ॥ ११ ॥

અધોવાયુને રોકવાથી થતા વિકારોમાં સ્નેહન, સ્વેદન, વર્તી અને વાયુને પોતાના માર્ગને અનુસાર કરવાવાળા અહાર પાન તથા બસ્તિ કર્મ હિતકારી છે. (૧૧)

વમન (ઉલટી) રોકવાથી થતા રોગ અને તેના ઉપાયો.

कण्डूकोठाऽरुचिव्यङ्गशोथपाण्डवामयज्वराः । कुष्ठहृल्लासवीसर्पाश्छर्दिनिग्रहजा-गदाः ॥ १२ ॥ भुक्त्वाप्रच्छर्दनंधूमोलंघनं रक्तमोक्षणम् । रूक्षान्नपानंव्याया-मोविरेकश्चात्रशस्यते ॥ १३ ॥

ઉલટીને રોકવાથી ખુજલી, કોઠામાં પીડા, અરૂચિ, વ્યંગ, સોજા, પાંડુ, વાવ, કોઢ, હલાસ, વિસ્ફોટક આ સર્વ રોગ થાય છે. (૧૨) શર્દિને રોકવાથી થતા રોગોમાં, ભોજન કરીને ઉલટી કરવી, ધુમ્રપાન, ઉપવાસ, લોહી કઢાવવું, સુકું અન્નપાન, અને જુલાબ લેવો હિતકારી છે. (૧૩)

છીંક રોકવાથી થતા ઉપદ્રવ.

मन्यास्तम्भःशिरःशूलमर्दितावर्द्धभेदकौ । इन्द्रियाणाञ्चदौर्बल्यंक्षवथोःस्याद्विधा रणात् ॥ १४ ॥ तत्रोर्द्धजत्रुकेऽभ्यङ्गः स्वेदोधूमंसनावनः । हितंवातघ्नमाद्यञ्च-घृतञ्चोत्तरभक्तिकम् ॥ १५ ॥

છીંકને રોકવાથી ગરદનનું રહી જવું, માથું ચઢવું, આર્દિત વાયુ, આધાશીશી અને ઇન્દ્રિયોની દુર્બળતા આ સર્વ રોગ ઉત્પન્ન થાય છે. ૧૪. છીંક રોકવાથી થતા રોગોમાં ગરદનની નાડીઓપર તૈલાદિનું મર્દન કરવું, સ્વેદન, ધુમ્રપાન, નસ્ય અને વાયુને નાશ કરનાર ક્રિયા કરવી તથા ઘૃત યુક્ત ભોજન હિતકારી છે. (૧૫)

ઓડકારના રોકવાથી થતા ઉપદ્રવ.

हिक्काकासेऽरुचिःकम्पोविबन्धोहृदयोरसोः ।
उद्गारनिग्रहात्तत्रहिक्कायास्तुल्यमौषधम् ॥ १६ ॥

ઓડકારના વેગને રોકવાથી હિચક, ખાંસી, અરુચિ, કમ્પ અને હૃદય તથા છાતીનું જકડાવું અને ભારે થવું આ સર્વ રોગ થાય છે. ઓડકારના રોકવાથી થતા રોગોમાં હિચકીને માટે જે ઉપાયો કહ્યા છે તે ઉપાયો કરવા. ૧૬,

જંભાઈના રોકવાથી થતા ઉપદ્રવ.

विनामाक्षेपसङ्कोचाः सुप्तिःकम्पःप्रवेपनम् ।
जृम्भायानिग्रहात्तत्रसर्ववातघ्नमौषधम् ॥ १७ ॥

જંભાઇને રોકવાથી, શરીરનું નમવું, આક્ષેપ, સંકોચ, સ્પર્શનું જ્ઞાન ન થવું અને બહુજ કંમ્પ થાય છે. આ રોગોમાં વાત નાશક ઔષધિ કરવી જોઇએ. (૧૭)

ભૂખને રોકવાથી થતા ઉપદ્રવ.

कार्श्यदौर्बल्यवैवर्ण्यमङ्गमर्दोऽरुचिर्भ्रमः ।
क्षुद्वेगनिग्रहात्तत्रस्निग्धोष्णंलघुभोजनम् ॥ १८ ॥

ભૂખના વેગને રોકવાથી, શરીરનું સુકાવું, દુર્બળતા, વિવર્ણતા, શરીરમાં પીડા, અરૂચિ, અને ભ્રમ થાય છે. ભૂખને રોકવાથી થતા રોગોમાં ચિકણા, ગરમ તથા હલકાં ભોજન કરાવવાં જોઇએ. (૧૮)

તરસને રોકવાથી થતા રોગ.

कण्ठास्यशोषोबाधिर्य्यश्रमःश्वासोहृदिव्यथा ।
पिपासानिग्रहात्तत्रशीतंतर्पणमिष्यते ॥ १९ ॥

તરસનો વેગ રોકવાથી કંઠ તથા મુખનું સુકાવું, બહેરાપણું, થાક, શ્વાસ, અને હૃદયમાં પીડા આ સર્વ રોગ થાય છે. આ રોગોમાં ઠંડા પદાર્થો (દુધ, શર્બત આદિ) પાવા જોઇએ. (૧૮)

આંસુ રોકવાથી થતા રોગ અને તેના ઉપાય.

प्रतिश्यायोऽक्षिरोगश्चहृद्रोगश्चारुचिर्भ्रमः ।
वाष्पनिग्रहणात्तत्रस्वप्नोमद्यंप्रियाःकथाः ॥ २० ॥

આંસુઓના વેગ રોકવાથી પ્રતિસ્યાય, નેત્ર રોગ, હૃદયના રોગ, અરૂચિ અને ભ્રમ આ સર્વ રોગ થાય છે. આ રોગોમાં નિંદ્રા લેવી, મદ્ય પીવું તથા હિતકર વાતો સાંભળવી હિતકારી છે. (૨૦)

નિદ્રાને રોકવાથી થતા ઉપદ્રવ તથા ઉપાય.

जृम्भाङ्गमर्दस्तन्द्रा च शिरोरोगाक्षिगौरवम् ।
निद्राविधारणात्तत्रस्वप्नःसंवाहनानिच ॥ २१ ॥

નિંદ્રાને રોકવાથી જંભાઈ, શરીરમાં પીડા, તંન્દ્રા, નેત્રોનું ભારે થવું, અને માથાના રોગ થાય છે. તેમાં સુવું અને પગને દબાવરાવવા હિતકર છે. (૨૧)

શ્વાસને રોકવાથી થતા ઉપદ્રવ અને ઉપાય.

गुल्महृद्रोगसंमो[illegible]ःश्रमनिश्वासधारणात् ।
जायन्तेतत्रविश्रामोवातघ्नाश्चक्रियाहिताः ॥ २२ ॥

થાક લાગ્યા પછી ચઢતા શ્વાસને રોકવાથી ગોળો, મોહ અને હૃદયના રોગ થાય છે. તેમાં વિશ્રામ અને વાતનાશક ક્રિયા કરવી જોઇએ. (૨૨)

વેગોને કદાપી રોકવા નહિ.

वेगनिग्रहजारोगायएतेपरिकीर्त्तिताः ।
इच्छंस्तेषामनुत्पत्तिंवेगानेतान्नधारयेत् ॥ २३ ॥

વેગોને રોકવાથી જે રોગ થાય છે તે રોગોને ઉત્પન્ન કરવાવાળા વેગોને રોકવાજ જોઇએ નહિં. (૨૩)

ધારણ કરવા યોગ્ય વેગ.

इमांस्तुधारयेद्वेगान्हितैषीप्रेत्यचेहच । साहसानामशस्तानांमनोवाक्कायकर्म्मणाम् ॥ २४ ॥ लोभशोकभयक्रोधमानवेगान् निधारयेत् । नैर्लज्जेर्ष्यातिरागाणामभिध्यायाश्चबुद्धिमान् ॥ २५ ॥ परुषस्यातिमात्रस्यसूचकस्यानृतस्यच । वाक्यस्याकालयुक्तस्य धारयेद्वेगमुत्थितम् ॥ २६ ॥ देहप्रवृत्तिर्याकाचित्वर्ततेपरपीडया । स्त्रीभोगस्तेयहिंसाद्यातस्यावेगान्विधारयेत् ॥ २७ ॥

આ લોક અને પરલોક બંનેના સુખને ઇચ્છિનાર મનુષ્યોએ નિચે લખેલા વેગોને રોકવા જોઇએ. જેવાં કે;—અયોગ્ય સાહસ, અયોગ્ય માનસિક, વાચિક અને કાયિક કર્મ (૨૪) લોભ, શોક, ભય, ક્રોધ, માન, નિર્લજ્જતા, ઇર્ષ્યા, અતિ રાગ એ સર્વના વેગોને બુદ્ધિમાન પુરૂષે રોકવા (૨૫) કઠોર વાણી બોલવી, સાચી જુઠી (ચાડી ચુગલી) કરવી, જુઠું બોલવું, સમયને યોગ્ય નહિં તેવી વાતો કરવી એ સર્વના વેગને રોકવા. (૨૬) બીજાને દુઃખ આપવા માટે જે કાંઇ શરીરથી પ્રવૃત્તિ કરવી પડે છે તે, પરસ્ત્રી ગમન, ચોરી, તથા હિંસા વિગેરે શરીરની પ્રવૃત્તિના વેગને રોકવા. (૨૭)

પુણ્યના લાભ.

पुण्यशब्दोविपापत्वान्मनोवाक्कायकर्म्मणाम् । धर्मार्थकामान्पुरुषःसुखीभुङ्क्तेचिनोतिच ॥ २८ ॥

જે પુરૂષ પાપરહિત, માનસિક, વાચિક તથા કાયિક કર્મ કરે છે, તે પુણ્યાત્મા કહેવાય છે અને ધર્મ, અર્થ અને કામને સુખ પૂર્વક ભોગવે છે અને મોક્ષ સાધનને માટે ધર્મનો સંચય કરે છે. (૨૮)

વ્યાયામના લાભ.

शरीरचेष्टायाचेष्टास्थैर्य्यार्थाबलवर्धिनी । देहव्यायामसंख्यातामात्रयातांसमाचरेत् ॥ २९ ॥ लाघवंकर्मसामर्थ्यंस्थैर्यंक्लेशसहिष्णुता । दोषक्षयोऽग्निवृद्धिश्च व्यायामादुपजायते ॥ ३० ॥

શરીરની જે ક્રિયાથી શરીરની દ્રઢતા, અને બળનો વધારો થાય તે ક્રિયાને વ્યાયામ (કસરત) કહે છે. તે વ્યાયામ શરીરના બળના પ્રમાણમાં કરવો. (૨૯) વ્યાયામ કરવાથી શરીરનું હલકાપણુ, કાર્યમાં સામર્થ્ય, સ્થિરતા, કલેશ સહેવાનું બળ, દોષોનો નાશ અને અગ્નિની વૃદ્ધિ થાય છે (૩૦)

અત્યંત કસરત કરવાથી થતી હાનિ.

श्रमःक्लमःक्षयस्तृष्णारक्तपित्तंप्रतामकः । अतिव्यायामतः कासोज्वरश्छर्दिश्चजायते ॥ ३१ ॥ व्यायामहास्यभाष्याध्वग्राम्यधर्मप्रजागरान् । नोचितानपिसेवेतबुद्धिमानतिमात्रया ॥ ३२ ॥

બહુજ કસરત કરવાથી થાક, ચિંતા, ક્ષય, તૃષા, રકતપિત્ત, નેત્રોના તેજનું ઘટવું, ખાંસી, તાવ, અને ઉલટી આ સર્વ રોગ ઉત્પન્ન થાય છે. (૩૧) બુદ્ધિમાન પુરૂષને વ્યાયામ, હાસ્ય, ભાષણ, ચાલવું, મૈથુન અને જાગરણ એ સર્વનું અધિક સેવન કરવું યોગ્ય નથી (૩૨).

શક્તિની ઉપરાંત કાંઈ કામ ન કરવું.

एतानेवंविधांश्चान्यान्योऽतिमात्रंनिषेवते । गजःसिंहमिवाकर्षन्सहसासविनश्यति ॥ ३३ ॥

જે મનુષ્ય વ્યાયામાદિને અને તેવાજ બીજા અન્ય વિષયોનું અત્યન્ત સેવન કરે છે તે મનુષ્ય સિંહને ખેંચનાર હાથીની માફક તુર્ત નાશ પામે છે (૩૩).

હિતાહિતનો વિચાર કરવો.

उचितादहिताद्धीमान्क्रमशोविरमेन्नरः। हितंक्रमेणसेवेतक्रमश्चात्रोपदिश्यते॥३४॥ प्रक्षेपापचयेताभ्यांक्रमःपादांशिकोभवेत् । एकान्तरंततश्चोर्द्ध्वद्व्यन्तरं त्र्यन्तरंतथा ॥ ३५ ॥ क्रमेणापचितादोषाःक्रमेणोपचितागुणाः । सन्तोयान्त्यपुनर्भावमप्रकम्प्याभवंतिच ॥ ३६ ॥

બુદ્ધિમાન પુરૂષ અભ્યાસ કરી અને અહિત પદાર્થનો ક્રમથી ત્યાગ કરે અને હિતકારી વસ્તુઓનું ક્રમથી સેવન કરે તે ક્રમ નિચે પ્રમાણે છે; (૩૪) અહિત વસ્તુના ચાર ભાગોમાંથી એક ભાગનો ત્યાગ કરી હિત વસ્તુના એક ભાગનું સેવન કરવું, પછી એક દિવસ પછી અર્ધી અહિત તથા અર્ધી હિત વસ્તુનું સેવન કરવું, પછી બે દિવસ અંતરે એક ભાગ અહિત વસ્તુ તથા ત્રણ ભાગ હિત વસ્તુનું સેવન કરવું, ફરી ત્રણ દિવસના અંતરે અહિત વસ્તુનો ત્યાગ કરી ચારે ભાગ હિત વસ્તુનુંજ સેવન કરવું (૩૫) એવી રીતે અનુક્રમે ઘટેલા દોષો ફરી વધતા નથી અને ક્રમથી વધેલા ગુણો સ્થિર થાય છે. (૩૬)

વાતાદિની સમવિષમતા.

समपित्तानिलकफाःकेचिद्गर्भादिमानवाः । दृश्यन्तेवातलाः केचित्पित्तलाःश्लेष्मलास्तथा ॥ ३७ ॥ तेषामनातुराःपूर्वेवातलाद्याःसदातुराः । दोषानुशयिता ह्येषांदेहप्रकृतिरुच्यते ॥ ३८ ॥ विपरीतगुणस्तेषांस्वस्थवृत्तेर्विधिर्हितः । समसर्वरसंसात्म्यं समधातोःप्रशस्यते ॥ ३९ ॥

કોઈ મનુષ્ય જન્મથીજ વાત, પિત્ત અને કફની સમાનતાવાળા હોય છે, કોઇ અધિક વાતવાળા, કોઈ અધિક પિત્તવાળા અને કોઈ અધિક કફવાળા હોય છે (૩૭) તેમાંથી પહેલા અર્થાત જેના વાત, પિત્ત તથા કફ સમાન હોય છે તેઓ નિરોગી અને અ-

ધિક વાતાદિવાળા હંમેશાં રોગી રહે છે. તેઓની શરીરની પ્રકૃતિ દોષોને અનુસાર હોય છે. જેવી રીતે કે ત્રણે દોષોની સમાનતાવાળા સમપ્રકૃતિ, અધિક વાતવાળા વાતપ્રકૃતિ, અધિક પિત્તવાળા પિત્ત પ્રકૃતિ અને અધિક કફવાળાની કફ પ્રકૃતિ હોય છે, (૩૮) તેમાંથી વાતાદિ પ્રકૃતિવાળાને દોષોથી વિપરીત ગુણવાળી ક્રિયા સ્વસ્થતાને માટે હિતકારી છે અને જેના શરીરમાં વાતાદિક અને ધાતુ સામ્ય (શરીરાનુકુળ) છે તેના શરીરને તો સર્વ રસો શરીરાનુકુળ હોય છે. ૩૯.

શરીરનાં છીદ્રાનું વર્ણન.

द्वेअधःसप्तशिरसिखानिस्वेदमुखानि च ।
मलायनानिबाध्यन्तेदुष्टैर्मात्राधिकैर्मलैः ॥ ४० ॥

શરીરના નિચેના ભાગમાં બે છિદ્ર, (ગુદા અને લીંગ) માથામાં સાત (બે નેત્ર બે કાન, બે નાક, અને મુખ) છિદ્ર, અને પસીનો નીકળવાનાં સંપૂર્ણ છિદ્ર, આ સર્વ મળ નીકળવાના રસ્તા છે. દોષવાળા મળો પ્રમાણથી અધિક થવાથી આ મળ માર્ગોને દોષ યુક્ત કરે છે. (૪૦)

મળ વૃદ્ધિ વિગેરેનું જ્ઞાન.

मलवृद्धिंगुरुत्वेनलाघवान्मलसंक्षयम् । मलायनानांबुद्ध्येतसङ्गोत्सर्गादतीवच ॥ ४१ ॥

મલ માર્ગોનું ભારે થવાથી તથા મલનું અધિક નીકળવાથી મલની વૃદ્ધિ થયેલી જાણવી અને મળ માર્ગોના હલકા થવાથી તથા મળનું ન નીકળવાથી મળોની ક્ષીણતા થઇ છે એમ જાણવું. (૪૧)

સાધ્ય રોગની ચિકિત્સા કરવી.

तान्दोषलिङ्गैरादिश्यव्याधीन्साध्यानुपाचरेत् । व्याधिहेतुप्रतिद्वन्द्वैर्मात्राकालौविचारयेत् ॥ ४२ ॥

દોષોના ચિન્હોથી રોગોને સમજીને જે સાધ્ય રોગ હોય તેમાં હેતુ વિપરીત, વ્યાધિ વિપરીત અને હેતુ તથા વ્યાધિ એ બંનેથી વિપરીત મટાડી શકે તેવી ઔષધિયોથી સાધ્ય રોગોની ચિકિત્સા, માત્રા અને સમયનો વિચાર કરી કરવી. (૪૨)

વિષમ વૃત્તિના વર્તનથી રોગ.

विषमस्वस्थवृत्तानामेतेरोगास्तथापरे ।
जायन्तेऽनातुरस्तस्मात्स्वस्थवृत्तपरोभवेत् ॥ ४३ ॥

સ્વસ્થતામાં વિષમ આહારવિહાર કરવાથી આ રોગ તથા બીજા રોગો ઉત્પન્ન થાય છે તેથી કરીને નિરોગ મનુષ્યે પણ પથ્ય (ખાવા યોગ્ય પદાર્થોનું) સેવન કરવું (૪૩)

દોષો દુર કરવાના વખત.

माधवप्रथमेमासिनभस्यप्रथमेपुनः । सहस्यप्रथमेचैवहारयेद्दोषसञ्चयम् ॥ ४४ ॥

स्निग्धस्विन्नशरीराणामूर्द्ध्वञ्चाधश्चबुद्धिमान् । बस्तिकर्मततःकुर्यान्नस्तःकर्मचबु-

द्धिमान् ॥ ४२ ॥ यथाक्रमंयथायोगमतऊर्द्धंप्रयोजयेत् । रसायनानिसिद्धानि-वृष्ययोगांश्चकालवित् ॥ ४६ ॥ रोगास्तथानजायन्तेप्रकृतिस्थेषुधातुषु । धात-वश्चाभिवर्द्धन्तेजराचान्त्यमुपैतिच ॥ ४७ ॥ विधिरेषविकाराणामनुत्पत्तौनिद-र्शितः । निजानामितरेषान्तुपृथगेवोपदिश्यते ॥ ४८ ॥

ચૈત્ર, શ્રાવણ, અને માર્ગશિર્ષ આ ત્રણ મહીનામાં સંચિત થયેલા દોષોને ઉલટી અને જુલાબ દ્વારા બહાર કાઢવા (૪૪) સ્વેદન તથા સ્નેહન કરીને વમન વિરેચન, બસ્તિ કર્મ અને નસ્યનો પ્રયોગ કરવો (૪૫) તે ઉપરાંત સમયને જાણવાવાળા વૈદ્યે ક્રમપૂર્વક યોગ્ય રીતે રસાયન અને વાજીકરણના યોગ કરવા. (૪૬) આ પ્રમાણે વ્યવહાર કરવાથી ધાતુઓના સ્વાભાવિક થઇ જવાથી રોગ ઉત્પન્ન થતા નથી. ધાતુઓની વૃદ્ધિ થાય છે અને વૃદ્ધાવસ્થા આવી શકતી નથી (૪૭) આ વિધિ દોષવાળા વિકારોને ન ઉત્પન્ન થવાની કહી, હવે આગન્તુક રોગો ન ઉત્પન્ન થાય તેની વિધિ આગળ કહેવામાં આવે છે. (૪૮)

આગન્તુક રોગોનું કારણ.

येभूतविषवाय्वग्निसंप्रहारादिसम्भवाः । नृणामागन्तवोरोगाः प्रज्ञातेष्वपराध्यति ॥ ४९ ॥ ईर्ष्याशोकभयक्रोधमानद्वेषादयश्चये । मनोविकारास्तेऽप्युक्ताःसर्वेप्रज्ञा-पराधजाः ॥ ५० ॥

ભૂત, વિષ, વાયુ, અગ્નિ અને પ્રહાર વિગેરેથી જે આગન્તુક રોગ ઉત્પન્ન થાય છે તેમાં બુદ્ધિના દોષનું કારણ છે. (૪૯) ઇર્ષ્યા, શોક, ક્રોધ, માન, દ્વેષાદિક મનના સર્વ વિકારોનું પણ બુદ્ધિ દોષજ કારણ છે. (૫૦)

આગન્તુકરોગોની શાંતિ.

त्यागःप्रज्ञापराधानामिन्द्रियोपशमःस्मृतिः । देशकालात्मविज्ञानंसद्वृत्तस्यानुव-र्त्तनम् ॥ ५१ ॥ आगन्तूनामनुत्पत्तावेषमार्गो निदर्शितः । प्राज्ञःप्रागेवतत्कुर्य्या-द्धितंविद्यात्तदात्मनः ॥ ५२ ॥

આ રોગોમાં બુદ્ધિના કુવિચારોનો ત્યાગ કરવો, ઇન્દ્રિઓને વશ રાખવી, શાસ્ત્રના ઉપદેશોનું અને દેશ કાળ અને આત્માનું જ્ઞાન મેળવી, સદાચારનું સેવન કરવું (૫૧) આ આગન્તુક રોગોને ન ઉત્પન્ન થવાનો ઉપાય છે, બુદ્ધિમાન પુરૂષ જે કાર્યોમાં પોતાનું હિત જાણે તેનું રોગ ઉત્પન્ન થતા પહેલાંથીજ સેવન કરવું (૫૨).

સોબત ન કરવા યોગ્ય પુરૂષ.

आप्तोपदेशःप्राज्ञानांप्रतिपत्तिश्चकारणम् । विकाराणामनुत्पत्तावुत्पन्नानाञ्चशान्तये ॥ ५३ ॥ पापवृत्तवचःसत्त्वाःसूचकाःकलहप्रियाः । मर्मोपहासिनोलुब्धाःपरवृ-द्धिद्विषःशठाः ॥ ५४ ॥ परापवादरतयःपरनारीप्रवेशिनः । निर्घृणास्त्यक्तधर्मा-णःपरिवर्ज्यानराधमाः ॥ ५५ ॥

વિકારોને નહિં ઉત્પન્ન થવામાં અને ઉત્પન્ન થયેલા વિકારોની શાંતિમાં આપ્ત પુરૂષોના ઉપદેશ અને આપ્ત પુરૂષોના સિદ્ધાંત પ્રમાણે ચાલવાની જરૂર છે (૫૩) પાપી મન તથા વચન વાળા, સાચા જુઠુ કરનાર, કલેશ કરનાર, બીજાને દુઃખી જોઈ હસનાર, લોભી, પારકી ચઢતી જોઈ દ્વેશ કરવાવાળા, શઠ, (૫૪) પારકી નિંદા કરવાવાળા, વ્યભિચારી, નિર્દય અને અધર્મી એવા અધમ મનુષ્યોની સોબત કરવી જોઈએ નહિ. (૫૫)

સોબત કરવા યોગ્ય પુરૂષ.

बुद्धिविद्यावयःशीलधैर्यस्मृतिसमाधिभिः। वृद्धोपसेविनो वृद्धाःस्वभावज्ञागतव्यथाः ॥ ५६ ॥ सुमुखाःसर्वभूतानांप्रशान्ताःशंसितव्रताः। सेव्याःसन्मार्गवक्तारःपुण्यश्रवणदर्शनाः ॥ ५७ ॥

બુદ્ધિમાન, વિદ્વાન, અધિક વૃદ્ધ, સુશીલ, ધૈર્યવાળા, સ્મૃતિવાળા, સમાધિવાળા, વૃદ્ધોની સેવા કરવાવાળા, વૃદ્ધ, સ્વભાવની પરીક્ષા કરવાવાળા, સ્વસ્થ, (૫૬) સુમુખ, સર્વ પ્રાણીઓપર દયા કરવાવાળા, શ્રેષ્ટ પ્રતિજ્ઞા કરવાવાળા, સારો ઉપદેશ કરવાવાળા, પુણ્ય શ્રવણ અથવા પુણ્ય દર્શનવાળા એવા પુરૂષોની સોબત કરવી જોઈએ. (૫૭)

ભોજનાદિમાં નિયમ.

आहाराचारचेष्टासुसुखार्थीप्रेत्यचेहच । परंप्रयत्नमातिष्ठेद्बुद्धिमान् हितसेवने ॥ ५८ ॥ ननक्तंदधिभुञ्जीतनचाप्यघृतशर्करम् । नामुद्गसूपंनाक्षौद्रंनोष्णंनामलकैर्विना ॥ ५९ ॥ अलक्ष्मीदोषयुक्तत्वान्नक्तन्तुदधिवर्जितम् । श्लेष्मणंस्यात्ससर्पिष्कंदधिमारुतसूदनम् ॥ ६० ॥

આ લોક તથા પરલોકમાં સુખની ઇચ્છાવાળા મનુષ્યે હિતકર અહાર તથા આચાર કરવામાં અત્યંત યત્ન કરવો. (૫૮) રાત્રીએ દહીં ન ખાવું તેવીજ રીતે ઘી, સાકર, મગની દાળ, મદ કે આમલી સિવાય દહીં ખાવું નહિ, ગરમ દહીં ખાવું નહિ. (૫૯) રાત્રીને વખતે દહીં ખાવાથી લક્ષ્મીનો નાશ થાય છે. જેથી રાત્રીને વખતે દહીં ખાવું યોગ્ય નથી. ઘૃત યુક્ત દહીં કફ કરનાર અને વાત નાશક હોય છે. (૬૦)

नचसन्धुक्षयेत्पित्तमाहारञ्चविपाचयेत् । शर्करासंयुतंदद्यात्तृष्णादाहनिवारणम् ॥ ६१ ॥ मुद्गसूपेनसंयुक्तंदद्यादक्तानिलापहम् । सुरसञ्चाल्पदोषञ्चक्षौद्रयुक्तंभवेद्दधि ॥ ६२ ॥ उष्णंपित्तास्रकृद्दोषान्धात्रीयुक्तन्तुनिर्हरेत्। ज्वरासृक्पित्तवीसर्पकुष्ठपाण्ड्वामयभ्रमान् ॥ ६३ ॥ प्राप्नुयात्कामलाश्चोग्रांविधिंहित्वादधिप्रियइति ॥ ६४ ॥

સાકરવાળું દહીં પીત્તનો બીગાડ કરતું નથી, ભોજનને પચાવે છે અને તૃષા તથા દાહ નાશક હોય છે. (૬૧) મગની દાળ સાથે દહીં ખાવાથી વાત રકતને નષ્ટ કરે છે. મદ સાથે દહીં ખાવાથી સ્વાદીષ્ટ અને સહેજ દોષ કરનાર હોય છે. (૬૨) ગરમ દહીં રકત પીતને ઉત્પન્ન કરે છે અને આમળાં સાથે દહીં ખાવાથી દોષોને બહાર કાઢે છે. વિધિસિવાય દહીં

ખાવાવાળા મનુષ્ય, જ્વર, રકતપિત્ત, ઝેરીવા, (વિસ્ફોટકાદિ) કુષ્ટ, પાંડુ અને કમળો આ રોગોને ઉત્પન્ન કરે છે. (૬૩)

અધ્યાયનો ઉપસંહાર.

वेगावेगसमुत्थाश्चरोगास्तेषाञ्चभेषजम् । येषांवेगाविधार्य्याश्चमदर्थंयद्धिताहितम् ॥ उचितेचाहितेवर्ज्येसेव्येचानुचितेक्रमः । यथाप्रकृतिचाहारोमलायनगदौषधम् ॥६५॥ भविष्यतामनुत्पत्तौरोगाणामौषधञ्चयत् । वर्ज्याःसेव्याश्चपुरुषाधीमतात्मसुखार्थिना ॥ ६६ ॥ विधिनादधिसेव्यञ्चयेनयस्मात्तदत्रिजः । नवेगान्धारणेऽध्याये सर्वमेवावदन्मुनिरिति ॥ ६७ ॥

આ અધ્યાયમાં આ શ્લોક છે. મલ મૂત્રાદિના વેગ, વેગોને રોકવાથી થતા રોગ, તેની ઔષધિ, જેને લીધે જે હિત તથા અહિત છે તેવા રોકવા યોગ્ય વેગ (૬૪) અભ્યાસ થતાં અહિતને ત્યાગવાના તથા અનભ્યાસમાં પણ હિતનું સેવન કરવાનો ક્રમ, પ્રકૃતિને અનુસાર અહાર, મળ માર્ગોના રોગોની ઔષધિ (૬૫) થનાર રોગો ન થાય તેની ઔષધિ, બુદ્ધિમાન, તથા સુખ ઇચ્છનાર પુરૂષને ત્યાગ તથા સેવન કરવા યોગ્ય પુરૂષો, અને જેવી રીતે જેવી બુદ્ધિથી દહીંનું સેવન કરવું જોઈએ એ સર્વ વાતોનું આ **નવેગાન્ધારણીય** અધ્યાયમાં પુનર્વસુજીએ વર્ણન કર્યું છે. ૬૭.

इति अग्निवेश कृतेतन्त्रे चरकप्रति संस्कृते ।
न वेगान्धारणीयोऽध्यायः सप्तमः ॥ ७ ॥

આ પ્રમાણે અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલો નવેગાન્ધારણીય નામનો સાતમો અધ્યાય સંપુર્ણ થયો. ॥ ૭ ॥

अष्टमोऽध्यायः ।

પ્રતિજ્ઞા.

अथातइन्द्रियोपक्रमणीयमध्यायं व्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

આ ઉપરાંત ઇન્દ્રિયોપક્રમણીય નામના અધ્યાયનું વ્યાખ્યાન કરૂં છું એવું ભગવાન આત્રેયજીએ કહ્યું.

ઇંદ્રિયોનું વર્ણન.

इहखलुपञ्चेन्द्रियाणिपञ्चेन्द्रियद्रव्याणि । पञ्चेन्द्रियाधिष्ठानानिपञ्चेन्द्रियार्थाः । पञ्चेन्द्रियाधिकारेअतीन्द्रियं पुनः मनः सत्त्वसंज्ञकञ्चेत्याहुरेकेतदर्थात्मसम्पत्तदायत्तचेष्टम् ॥ चेष्टानत्ययभूतमिन्द्रियाणाम् ॥ १ ॥ स्वार्थेन्द्रियार्थसङ्कल्पव्यभिचरणाच्चानेकमेकस्मिनपुरुषेसत्त्वम् रजस्तमःसत्त्वगुणयोगाच्चनचानेकत्वंनानेकंह्येककालमनेकेषुप्रवर्त्तते ॥ २ ॥ तस्माच्चानेकक्कालासर्वेन्द्रियप्रवृत्तिः । यद्-

ગુણંચાભીક્ષ્ણંપુરુષમનુવર્ત્તતેસત્ત્વંતત્સત્ત્વમેવોપદિશન્તિઋષયોબાહુલ્યાનુશયાત્ ॥ ૩ ॥ મનઃપુરઃસરાણીન્દ્રિયાણ્યર્થગ્રહણસમર્થાનિભવન્તિ ॥ ૪ ॥

આ સંસારમાં ઇન્દ્રિય ૫, ઇન્દ્રિયોનાં દ્રવ્ય ૫, ઇન્દ્રિયોનાં સ્થાન ૫, ઇન્દ્રિયોના વિષય ૫, અને ઇન્દ્રિયોની બુદ્ધિ ૫ હોય છે આ સર્વ ઇન્દ્રિયાધિકારમાં કહેલું છે. કોઈ કહે છે કે મન અતિન્દ્રિય (ઇન્દ્રિયોના વિષય સહિત) છે અને કોઈ તેને સત્વ કહે છે. કેમકે આત્માના પ્રયત્નાધિન વિચાર આદિ ચેષ્ટા તેના આધિન છે. (૧) કોઈ કોઈ મનને ઇન્દ્રિયોના વ્યાપારનું કારણ કહે છે. સ્વાર્થ, ઇન્દ્રિયાર્થ સંકલ્પોના વ્યભિચારથી અથવા સત્વ, રજ અને તમોગુણના યોગથી એક પુરૂષમાં મન અનેક રૂપે માલુમ પડે છે. અર્થાત પુરૂષ કદી સુખી અને કદી દુઃખી થાય છે, કદી દેખે છે કદી સાંભળે છે, કદી ધોળો રંગ અને કદી કાળો રંગ દેખે છે, કદી સત્વગુણને ધારણ કરે છે, કદી રજોગુણને ધારણ કરે છે, અને કદી તમોગુણનાં કાર્યો કરે છે. જેથી અનુમાન થાય છે કે એક પુરૂષમાં અનેક મન હોય છે પરંતુ તે વ્યાજબી નથી કેમકે કદી અનેક મન હોત તો એકી વખત અનેક કાર્યોમાં પુરૂષ પ્રયત્ન કરી શકત પણ તેમ બનતું નથી જેથી મન એકજ છે એમ સિદ્ધ થાય છે (૨) જેથી કરીને સંપૂર્ણ ઇન્દ્રિયો એકી વખતે પોતપોતાના કાર્યમાં પ્રવૃત થતી નથી. જે વખતે પુરૂષમાં જે ગુણની અધિકતા થાય છે તે વખતે તેનું મન તે ગુણવાળું કહેવાય છે જેમકે રૂષિલોક સત્વગુણની અધિકતાથી સત્વ કહેવાય છે. (૩) મનને આગળ કરીને સંપૂર્ણ ઇન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે તેમાં જોવું, સાંભળવું, સુંઘવું, સ્વાદ લેવો, અને સ્પર્શ કરવો, આ પાંચ ઇન્દ્રિય છે. (૪)

ઇન્દ્રિયોનાં નામ, દ્રવ્ય અને સ્થાન.

તત્રચક્ષુઃ શ્રોત્રઘ્રાણંરસનંસ્પર્શનમિતિપઞ્ચેન્દ્રિયાણિ ॥ પઞ્ચેન્દ્રિયદ્રવ્યાણિખંવાયુ-ર્જ્યોતિરાપોભૂરિતિ। પઞ્ચેન્દ્રિયાધિષ્ઠાનાન્યક્ષિણીકર્ણૌનાસિકેજિહ્વાત્વક્ચેતિ॥૫॥

આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી આ પાંચ ઇંદ્રિયોના દ્રવ્યો છે, નેત્ર, કાન, નાસિકા, જીભ અને ચામડી આ પાંચ ઇન્દ્રિયોનાં સ્થાન છે. (૫)

ઇન્દ્રિયોના વિષયો વિગેરે.

પઞ્ચેન્દ્રિયાર્થાઃશબ્દસ્પર્શરૂપરસગન્ધાઃ ।
પઞ્ચેન્દ્રિયબુદ્ધયશ્ચક્ષુબુદ્ધ્યાદિકાસ્તાઃ ॥ ૬ ॥

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ આ પાંચ ઇન્દ્રિયોના વિષય છે. દર્શનબુદ્ધિ, શ્રવણબુદ્ધિ, ઘ્રાણ (સુંઘવું તે) બુદ્ધિ, સ્વાદ લેવાની બુદ્ધિ, અને સ્પર્શ બુદ્ધિ આ પાંચ ઇન્દ્રિયોની બુદ્ધિ છે. (૬)

પુનરિન્દ્રિયેન્દ્રિયાર્થસ્વત્ત્વાત્મસન્નિકર્ષજાઃ ।
ક્ષણિકાનિશ્ચયાત્મિકાશ્ચેત્યેતત્પઞ્ચપઞ્ચકમ્ ॥ ૭ ॥

આ બુદ્ધિ ઇન્દ્રિય, ઇન્દ્રિયોના વિષય, મન અને આત્મા એઓના સંબંધથી ઉત્પન્ન થાય છે. આ બુદ્ધિ ક્ષણિકા અને નિશ્ચયાત્મિકા નામની બે પ્રકારની હોયછે. આ ઇન્દ્રિય આદિપાંચનાં પંચક કહેવાય છે. (૭)

અધ્યાત્મિક દ્રવ્યગણ.

मनोमनोरथोबुद्धिरात्माचेत्यध्यात्मद्रव्यगणसग्रंहःशुभाशुभ प्रवृत्तिनिवृत्तिहेतुश्च-द्रव्याश्रितंकर्मयदुच्यते क्रियेति ॥ ८ ॥

મન, મનના વિષય, બુદ્ધિ, અને આત્મા, આ અધ્યાત્મગુણ દ્રવ્ય કહેવાય છે. અને તે શુભ તથા અશુભની પ્રવૃત્તિ તથા નિવૃત્તિના કારણરૂપ છે. દ્રવ્યોના આશ્રિત કર્મને ક્રિયા કહેવામાં આવે છે. (૮)

ઇન્દ્રિયોમાં વિશેષતા.

तत्रानुमानगम्यानांपञ्चमहाभूतविकारसमुदायात्मकानामपिसतामिन्द्रियाणांतेज-श्चक्षुषिश्रोत्रेनभः घ्राणेक्षितिरापोरसनेस्पर्शनेऽनिलोविशेषेणोपदिश्यते ॥ ९ ॥

આ અનુમાનથી સિદ્ધ થાય છે કે પાંચે ઇન્દ્રિયો પાંચ મહાભૂતોના વિકારરૂપ છે. જેમ આંખની ઇન્દ્રિયમાં તેજ, શ્રોત્ર (કાન) ઇન્દ્રિયમાં આકાશ, ઘ્રાણેન્દ્રિય (કાન)માં પૃથ્વી, રસનેન્દ્રિય (જીભ)માં જળ, અને સ્પર્શેન્દ્રિયમાં વાયુ વિશેષે કરીને રહે છે. (૯)

तत्रयद्यदात्मकमिन्द्रियंविशेषात्तदात्मकमेवार्थमनुधावतितत्स्वभावाद्विभुत्वाच्च॥१०॥

તેમાં જે ઇન્દ્રિય જે મહાભૂતની બનેલી છે તે વિશેષે કરીને તેના વિષયનું અનુકરણ કરે છે. તેમાં સ્વભાવ તથા વિભૂત્વ કારણરૂપ છે. (૧૦)

ઇન્દ્રિયોના વિપરિત થવાનું કારણ.

तदर्थातियोगायोगमिथ्यायोगात्समनस्कमिन्द्रियंविकृतिमापद्यमानंयथास्वबुद्ध्यु-पघातायसम्पद्यते ॥ ११ ॥ समयोगात्पुनः प्रकृतिमापद्यमानंयथास्वंबुद्धिमा-प्याययति ॥ १२ ॥

ઇન્દ્રિયોના વિષયોની સાથે અધિક યોગ અયોગ અગર અનુચિત સંબંધ થવાથી મન-સહિત ઇન્દ્રિયો વિકારને પ્રાપ્ત થઈ પોતપોતાની બુદ્ધિને બગાડે છે. (૧૧) અથવા તો અનુ-કુળ યોગ થવાથી પ્રકૃતિને પ્રાપ્ત કરી પોતપોતાની બુદ્ધિને તૃપ્ત કરે છે. (૧૨)

મનના વિષય.

मनसस्तुचिन्त्यमर्थः। तत्रमनसोबुद्धेश्चतएवसमानातिहीनमिथ्यायोगाःप्रकृतिवि-कृतिहेतवोभवन्ति ॥ १३ ॥ तत्रेन्द्रियाणांसमनस्कानामनुपतप्तानामनुपतापाय-प्रकृतिभावेप्रयतितव्यमेभिर्हेतुभिः ॥ १४ ॥

મનનો વિષય ચિંતન કરવું, મન અને બુદ્ધિના વિષયોની સાથે સમયોગ, અધિક યોગ, હિનયોગ અને અનુચિત યોગ એજ પ્રકૃતિ અને વિકૃતિમાં કારણરૂપ છે. (૧૩) તેમાં તાપ રહિત ઇન્દ્રિય અને મનમાં તાપ ન હોવાને લીધે આગળ કહેવામાં આવતા હેતુઓથી તેમના સ્વભાવમાં સ્થિત રાખવાનો યત્ન કરવો જોઇએ. (૧૪)

પ્રકૃતિ સ્થિર રાખવાનો હેતુ.

तद्यथासात्म्येन्द्रियार्थसंयोगेनबुद्ध्यासम्यगवेक्ष्यावेक्ष्यकर्मणां सम्यक्प्रतिपाद-नेनदेशकालात्मगुणाविपरीतोपसेवनेनचेति ॥ तस्मादात्महितंचिकीर्षतासर्वेण-सर्वंसर्वदास्मृतिमास्थायसद्वृत्तमनुष्ठेयम् । तद्ध्यनुष्ठानंयुगपत्सम्पादयत्यर्थद्वय-मारोग्यमिन्द्रियविजयश्चेति ॥ १५ ॥

આ હેતુ એ છે કે જેમકે ઇન્દ્રિય અને વિષયોના અનુકુળ સંયોગ બુદ્ધિથી સારી રીતે વિચાર કરી કાર્યોને સારી રીતે કરવાં અને દેશકાળ તથા આત્માથી ઉલટાં આચરણ ન કરવાં. જેથી ભલાઈ ઇચ્છવાવાળા સર્વ પુરૂષોએ હંમેશાં સાવચેત રહીને સંપૂર્ણ સદાચારનું સેવન કરવું. સદાચારનું સેવન કરવાથી એકી વખતે આરોગ્યતા અને જીતેન્દ્રિયતા આ બંને વાતો સિદ્ધ થાય છે. (૧૫)

સત્કાર્યોનું વર્ણન.

तत् सद्वृत्तमखिलेनोपदेक्ष्यामः । तद्यथा ॥ देवगोब्राह्मणगुरुवृद्धसिद्धाचार्यान-र्चयेत् । अग्निमनुचरेत् । औषधीःप्रशस्ताधारयेत् ॥ द्वौकालावुपस्पृशेत् ॥ म-लायतनेष्वभीक्ष्णंपादयोश्चवैमल्यमादध्यात् । त्रिःपक्षास्यकेशश्मश्रुलोमनखान्-संहारयेत् । नित्यमनुपहतवासाःसुगन्धिः स्यात् ॥ १६ ॥

આ સંપૂર્ણ સદાચારોનું હું વર્ણન કરૂંછું. દેવતા, ગુરૂ, ગાય, બ્રાહ્મણ, વૃદ્ધ, સિદ્ધાદિ આચાર્યોનું પુજન કરી અગ્નિહોત્રાદિ અગ્નિકાર્યો કરવાં, શ્રેષ્ટ ઔષધી ધારણ કરી પ્રાતઃકાળ અને મધ્યાન્હે આચમન કરી મળોનાં સ્થાન તથા પગોને નિરંતર ચોખ્ખાં રાખવા. એક પખવાડીઆમાં ત્રણવાર હજામત કરાવવી, હંમેશાં ચોખ્ખાં વસ્ત્ર પહેરવાં, મનને પ્રસન્ન રાખવું અને સુગન્ધિત દ્રવ્યોને ધારણ કરવાં. (૧૬)

साधुवेशःप्रसाधितकेशोमूर्द्धश्रोत्रपादतैलनित्योधूमपःपूर्वाभिभाषीसुमुखः । दुर्गे-ष्वभ्युपपत्ताहोतायष्टादाताचतुष्पथानांनमस्कर्ताबलीनामुपहर्त्ताऽतिथीनांपूजकः-पितृणांपिण्डदःकालेहितमितमधुरार्थवादी । वश्यात्मधर्मात्माहेतुवीर्य्यःफलेनेर्ष्युः। निश्चिन्तोनिर्भीकोधीमान्ह्रीमान्महोत्साहः दक्षःक्षमावान्धार्मिकःआस्तिकःविन-यबुद्धिविद्याभिजनवयोवृद्धसिद्धाचार्य्याणामुपासिता । छत्रीदण्डीमौनीसोपा-नत्कोयुगमात्रदृग्विचरेत् ॥ १७ ॥

સાધુ વેષ રાખવો, વાળને હોળી ચોળી સાફ રાખવા, હંમેશાં માથામાં, કાન, નાક અને પગના તળીઆમાં તેલ લગાવવું, ધુમ્રપાન કરવું, પ્રથમ બોલવું, સુમુખ, દુઃખમાં દયા લાવવી, હવન કરવો, યજ્ઞ કરવો, દાન કરવું, ચતુષ્પથને નમસ્કાર કરવા, બળી દેવો, અતિથિઓની પૂજા કરવી, પિતરોને પીંડ દેવું, સમય પ્રમાણે હિત કરવું, થોડી અને હિતકર વાત કહેવી, ઇન્દ્રિયોને વશ રાખવી, સ્વધર્મનિષ્ઠ, હેતુમાં ઇર્ષ્યા કરવી, ફળમાં

ઈર્ષ્યા કરવી નહિ, ચિંન્તારહિત રહેવું, નિર્ભય, લજ્જાયુક્ત, બુદ્ધિમાન, ઘણા ઉત્સાહવાળા, ચતુર, ક્ષમાવાળા, ધર્માત્મા, આસ્તિક, વિનય, બુદ્ધિ, વિદ્યા, કુળ અને અવસ્થામાં વૃદ્ધ હોય, તથા સિદ્ધ અને આચાર્યો હોય એઓની સેવા કરવી, છત્રી કે સોટી લઈ, પગરખાં પહેરી, મૌન ધારણ કરી ચાર હાથ આગળનો માર્ગ જોઇ અને ચાલવું. (૧૭)

मङ्गलाचारशीलःकुचैलास्थिकण्टकामेध्यकेशतुषोत्करभस्मकपालस्नानबलिभूमीनांपरिहर्त्ताप्राक्श्रमाद्व्यायामवर्जीस्यात् । सर्वप्राणिषुबन्धुभूतःस्यात्क्रुद्धानामनुनेताभीतानामाश्वासयितादीनानामभ्युपपत्ता । सत्यसन्धः । सामप्रधानः । परपरुषवचनसहिष्णुःअमर्षघ्नः । प्रशमगुणदर्शी ॥ १८ ॥

મંગળ કામો કરવાં, ખોટાં વસ્ત્ર, હાડકાં, કાંટા, અપવિત્ર કેશ, તુષ, કકડઆદિ, ભષ્મ તથા કપાલવાળા સ્થાનમાં, સ્નાનના સ્થાનમાં અને બળીના સ્થાનમાં ન જવું, થાકતા પહેલાંજ કામ છોડી દેવું, સર્વ જીવોની સાથે ભાઇઓ જેવું આચરણ કરવું, ક્રોધીને મનાવવા, ભયભિતને નિર્ભય કરવા, ગરીબોપર દયા કરવી, સાચી પ્રતિજ્ઞા કરવી, શાંત રહેવું, બીજાનાં કઠોર વચનોને સહેવાં, ક્રોધને રોકવો અને ઉત્તમ ગુણોને જોવા. (૧૮)

અકર્તવ્યોનું વર્ણન.

रागद्वेषहेतूनांहन्ता ॥ नानृतंब्रूयात् । नान्यस्वमाददीत । नान्यस्त्रियमभिलषेत् । नान्यश्रियंनवैरंरोचयेत् । नकुर्यात् पापंन पापेऽपिपापीस्यात् । नान्यदोषान्ब्रूयात् । नान्यरहस्यमागमयेत् ॥ १९ ॥ नाधार्मिकैर्ननरेन्द्रद्विष्टैः सहासीत । नोन्मत्तैर्नपतितैर्नभ्रूणहन्तृभिर्नक्षुद्रैर्नदुष्टैः । नदुष्टयानान्यारोहेत् । नजानुसमंकठिनमासनमध्यासीत २० ॥ नानास्तीर्णमनुपहितमविशालमसमंवाशयनंमपद्येत । नागिरिविषममस्तकेष्वनुचरेत् । नद्रुममारोहेत । न जलोग्रवेग[illegible]त । कुलच्छायां नोपासीत । नाग्न्युत्पातमभितश्चरेत् । नोच्चैर्हसेत् । नशब्दवन्तंमारुतंमुञ्चेत् । नासंवृतमुखो जम्भांक्षवथुंहास्यंवाप्रवर्त्तयेत् । न[illegible]कुष्णीयात् । नदन्तान्विघट्टयेत् । ननखान्वादयेत् । नास्थीन्यभिहन्यात् । नभूमिंविलिखेत् । नछिंद्यात्तृणम् ॥ नलोष्ठंमृद्नीयात् ॥ २१ ॥ नविगुणसङ्गैश्चेष्टेत । ज्योतींष्यग्निश्चामेध्यमशस्तश्चनाभिवीक्षेतनहूंकुर्य्याच्छवम् । नचैत्यध्वजगुरुपूज्याशस्तच्छायामा क्रामेत् । नक्षपास्वमरसदनचैत्यचत्वरचतुष्पथोपवनश्मशानायतनान्यासेवेत । नैकःशून्यगृहंनचाटवीमनुप्रविशेत् । नपापवृत्तान्स्वीयमित्रभृत्यान्भजेत् । नोत्तमैर्विरुध्येतनावरा[illegible]पासीतनाजिह्मरोचयेत् । नाऽनार्य्यमाश्रयेत् । नभयमुत्पादयेत् । नसाहसातिस्वप्नप्रजागरस्नानपानाशनान्यासेवेत । नोर्द्धजानुश्चिरंतिष्ठेत् । नव्यालानुपसर्पेन्नदंष्ट्रिणःनविषाणिनः । [illegible]रोवातातपावश्यायातिप्रवातान्जह्यात्कलिंनारभेत ।

नानिभृतोऽग्निमुपासीत । नोच्छिष्टोनाधःकृत्वाप्रतापयेत् । नाविगतक्लमोनाना-प्लुतवदनोननग्नउपस्पृशेत् । नस्नानशाट्यास्पृशेदुत्तमाङ्गम् । नकेशाग्राण्यभि-हन्यात् । नोपस्पृशेतएववासासीविधूयात् । नास्पृष्ट्वारत्नाज्यपूज्यमंगलसुमनसा-ऽभिनिष्क्रामेत् । नपूज्यमंगलान्यपसव्यंगच्छेम् । नेतराण्यनुदक्षिणम् ॥२२॥

રોગ તથા દૂષના કારણનો ત્યાગ કરવો, મિથ્યા ભાષણ કરવું નહિ, બીજાનું ધન, સ્ત્રી કે લક્ષ્મીની ઇચ્છા કરવી નહિ, કોઇની સાથે વૈર કરવું નહિ, પાપ ન કરવું, પાપીની સાથે પણ પાપ ન કરવું, બીજાઓના દોષોને ન કહેવા, કોઇના ભેદને ઉઘાડવા નહિ. (૧૯) પાતકી, રાજદ્રોહિ, પતિત, ગર્ભ પાડનારા, ક્ષુદ્ર તથા દુષ્ટોની સોબત કરવી નહિ, ખરાબ સ્વારીપર ન ચઢવું, જેવી રીતે બેસવાથી કષ્ટ થાય તેવી રીતે ન બેસવું. (૨૦) બિછાનું અને ઉશીકા સિવાયની ઉંચી નિચી શય્યા ઉપર સુવું નહિ, પર્વતોના ખરાબ શિખરોપર ચઢવું નહિ, ઝાડપર ચઢવું નહિ, ઘણા વેગથી વ્હેતા જળમાં ન ઉતરવું, પોતાના કુળની છાયા અગર વેરીની છાયામાં ન બેસવું, આગ લાગેલા સ્થાનની પાસે ન જવું, જોરથી ન હસવું, જોરથી અપશબ્દ ન બોલવો, મુખ ઢાંકયા સિવાય જંભાઇ છીંક અગર હાસ્ય ન કરવું, નાકને ન ખોતરવા, દાંતોને ન કપાવવા, નખોને ન વધારવા, હાડકાંને ન બગાડવાં, જમીન ન ખોતરવી, શરીર ન ખંજવાળવું, કંકડ ન મળે. (૨૧) દુષ્ટાચારી મનુષ્યોનો સંગ અથવા તેમની સાથે કોઇ વ્યવહાર ન કરવો, સૂર્યના તેજ અને અપવિત્ર તથા અહિતકર્તા અગ્નિના સામું ન જોવું, મુડદાંને જોઇ અને હુંકાર ન કરવો, ભૂતવાળાં ઝાડ, ધ્વજા, ગુરૂ, પૂજ્ય અને અહિતકર પદાર્થોની છાયાનું ઉલ્લંઘન ન કરવું. રાતને વખતે દેવાલય, ભૂતાદિકના ચોતરા, ચૌરાહા, બગીચા તથા સ્મશાનમાં ન રહેવું, સુના ઘર તથા વનમાં એકલું જવું નહિ, પાપવાળી સ્ત્રી, મિત્ર તથા સેવકોની પ્રશંસા ન કરવી, સારા પુરૂષોથી વિરોધ ન કરવો, નિચની સોબત ન કરવી, કપટ રાખવું નહિ, દુષ્ટનો આશ્રય ન લેવો, કોઇને ડરાવવું નહિ, સાહસ, અધિક નિંદ્રા, અધિક જાગરણ, અધિક સ્નાન, અધિક પાન, તથા અધિક ભોજન કરવું નહિ, જાંનુઓના ઉપર ઉભા પગે બહુવાર ન બેસવું, સર્પ, દાઢવાળા જાનવરો તથા શીંગડાંવાળા જાનવરોની પાસે જવું નહિ, સામે આવતા પવનનો, ગરમીનો, ટાઢનો અને જોરથી વાતા વાયુનો ત્યાગ કરવો, કલેશ ન કરવો, ઉચ્છિષ્ટ, એંઠા મુખથી યા અગ્નિને શય્યા નિચે રાખી તાપવું નહિ, ચિંતાનો ત્યાગ કર્યા સિવાય, મુખ ધોયા સિવાય, અને વસ્ત્ર સિવાયના થઇ આચમન ન કરવું, જે વસ્ત્રને પહેરી સ્નાન કરે તે વસ્ત્રને માથે ન બાંધે, વાળોના આગલા ભાગને ન કપાવવા, અગર સ્પર્શ કરવો નહિ, બે વસ્ત્રોને ધારણ કરવાં, રત્ન, પૂજ્ય, ઘૃત, મંગલ પદાર્થ તથા પુષ્પોનો સ્પર્શ કરી અને પ્રસન્ન મનથી ઘેરથી નીકળવું. પુજ્ય તથા મંગળકારક વસ્તુઓને ડાબી બાજુ કરીને ન જવું. અપૂજ્ય તથા અમંગળકારી વસ્તુઓને જમણી તરફ રાખીને ન જવું. ૨૨

ભોજન કરવાના નિયમ.

नारत्नपाणिर्नास्नातोनोपहतवासानाऽजपित्वानाहुत्वादेवताभ्योऽनारूप्यपितृभ्यो नाऽदत्वा गुरुभ्योनातिथिभ्योनोपाश्रितेभ्योनापुण्यगन्धोनामाल्यीनाप्रक्षालित-

पाणिपादवदनोनाऽशुद्धमुखोनोदङ्मुखीनविमनाभक्ताश्रिष्टाशुचिक्षुधितपरिचरोनापात्रीष्वमेध्यासुनादेशेनाऽकालेनाकीर्णेनादऽत्त्वाग्रमग्नयेनाप्रोक्षितंप्रोक्षणोदकैर्नमन्त्रैरनभिमन्त्रितंनकुत्सयन्नकुत्सितंनप्रतिकूलोपहितमन्नमाददीत । नपर्य्युषितमन्यत्रमांसहरितशुष्कशाकफलभक्ष्येभ्यः ॥ २३ ॥

હાથમાં રત્ન પહેર્યા સિવાય, સ્નાન કર્યા સિવાય, ફાટેલાં કપડાં પહેરીને, જપ કર્યા-સિવાય, દેવતાઓને નૈવેદ્ય ધરાવ્યા સિવાય, પિતૃ, ગુરૂ, અતિથી તથા આશ્રિતોને આપ્યા સિવાય, સુગંધ રહિત થઈને, માળા પહેર્યા સિવાય હાથ, પગ તથા મુખને ધોયા સિવાય, અશુદ્ધ મુખથી, ઉત્તર મુખથી, ઉદાસિન થઇને, અભક્ત, અસભ્ય, અપવિત્ર તથા ભુખ્યા સંબંધીઓની સાથે બેસીને, તથા ભોજનના પ્રથમ ભાગથી અગ્નિ જમાડયા સિવાય, અપવિત્ર વાસણોમાં, ખરાબ સ્થળમાં, અયોગ્ય સમયે છળીનો છંટકાવ કર્યા સિવાય, મંત્રોથી અભિમંત્રિત કર્યા સિવાય, અને ખોટા તથા શત્રુની પાસે રાખેલા અન્નને, નિંદા કરીને જમવું નહિ, માંસ, અદરક (મેળવેલું દહીં વિગેરે) સુકું સાક, સુકુ ફળ એ સિવાય બીજા કોઈ પદાર્થો વાસી ખાવા નહિ (૨૩)

नाऽशेषभुक्स्यादन्यत्रदधिमधुलवणसक्तूसर्पिर्भ्यः नतक्तंदधि भुञ्जीत । नसक्तूनेकानश्नीयात् ॥ २४ ॥ ननिशिनभुक्त्वान बहून्नद्विर्नोदकान्तरितान् ॥२५॥

દહિં, મદ, મીઠું, ઘી, તથા સતુંઓ સિવાયના બીજા પદાર્થોને થોડા થોડા છોડી દઈ અને ભોજન કરવું (૨૪) રાત્રિએ દહિં ખાવું નહિ, કેવળસત્તુ (મીઠા સિવાયનું ઘી) ન ખાવું. રાત્રીએ ભોજન કર્યા પછી બહુજ, બેવાર, દાંતોથી કાપી કાપીને અને પાણી પી પીને સત્તુ ન ખાવું, (૨૫)

नछित्त्वाद्विजैर्भक्षयेत् । नाऽनृजुःक्षुयान्नाद्यान्नशयीत । नवेगितोऽन्यकार्य्यःस्यात् । नवाय्वग्निसलिलसोमार्कद्विजगुरुप्रतिमुखनिष्ठीविकावातवर्च्चोमूत्राण्युत्सृजेत् । नपन्थानमवमूत्रयेन्न जनवतिनान्नकाले नजप्यहोमाध्ययनबलिमङ्गलक्रियासुश्लेष्मसिंघाणकंमुञ्चेत । नस्त्रियमवजानीत । नातिविश्रम्भयेत्नगुह्यमनुश्रावयेन्नाधिकुर्य्यात् । नरजस्वलांनातुरांनामेध्यांनाशस्तांनानिष्टरूपाचारोपचारांनादक्षिणांनाकामांनान्यकामांनान्यस्त्रियंनान्ययोनिंनायोनौनचैत्यचत्वरचतुष्पथपवनश्मशानायतनसलिलौषधिद्विजगुरुसुरालयेषुनसन्ध्ययोर्नातिननिषिद्धतिथिषुनाशुचिर्नजग्धभेषजोनाप्रणीतसङ्कल्पोनानुपस्थितप्रहर्षोनाभुक्तवान् नात्यशितोनविषमस्थोनमूत्रोच्चारपीडितोनश्रमव्यायामोपवासक्लमाभिहतोनाऽरहसिव्यवायंगच्छेत् २६

ચાવ્યા સિવાય બ્રાહ્મણોની સાથે ભોજન કરવું, શરીર ટેઢા કરીને છીંકવું, નહિ તથા સુવું નહિ. મળમૂત્રાદિના વેગ થવા છતાં અન્ય કાર્ય ન કરવું, સૂર્ય, અગ્નિ, વાયુ, જળ, ચંદ્રમા, ગુરૂ તથા બ્રાહ્મણના સંમ્મૂખ થુંકવું નહિ, અધોવાયુ, (ગુદાવાયુ) મળ તથા મૂત્રનો ત્યાગ ન કરવો.

રસ્તા વચ્ચે પેશાબ ન કરવો, ઘણા માણસોમાં, ભોજનના વખતે, જપમાં, હવનમાં, ભણવામાં, બળી કર્મમાં, અને મંગળ કાર્યોમાં થુંકવું નહિ, અગર નાક ન સીકવું નહિ, સ્ત્રીનો અનાદાર ન કરવો તેમજ અત્યંત વિશ્વાસ પણ ન કરવો, સ્ત્રીને ગુપ્ત વાત ન કહેવી, અથવા તેને સત્તા ન આપવી, રજસ્વળા, રોગવાળી અપવિત્ર, નિન્દિત, અનિષ્ટ કરનારી, રૂપ, આચાર અને ઉપચાર વાળી, ચતુરતા સિવાયની, કામરહિત, તથા અન્યની ઇચ્છા કરનારી સ્ત્રીની સાથે પ્રસંગ પાડવો નહિ, પરસ્ત્રીની સાથે પ્રસંગ ન પાડવો, પશુયોનીમાં તથા યોની સિવાયના સ્થાનમાં ગમન ન કરવું, ભૂતના વાસવાળા ચોતરાપર, ચૌરાહમાં, ઉપવનમાં, યજ્ઞ સ્થાનમાં, સ્મશાનમાં, જળમાં, ઔષધાલયમાં, બ્રાહ્મણના ઘરમાં, ગુરૂના સ્થાનમાં, અને દેવાલયમાં સ્ત્રીસંગ ન કરવો, સંધ્યા વખતે, તથા નિષિદ્ધતિથિઓમાં સ્ત્રીસંગ ન કરવો, અપવિત્ર થઇને, મનસુબો કરીને, હર્ષ સિવાય, ઉપવાસ કરીને, બહુ જમીને, વિષમતાયુક્ત, મળમૂત્રના વેગયુક્તથઇને અને શ્રમ, વ્યાયામ, ઉપવાસ, તથા ગ્લાનીથી વ્યાકુળ થઇને સ્ત્રીની સાથે સંગ કરવો નહિ અથવા એકાન્ત સિવાય પણ સ્ત્રીનો સંગ ન કરવો. (૨૬)

અધ્યયન કાળના નિયમ.

नसतोनगुरून्परिवदेत् । नाशुचिरभिचारकर्मचैत्यपूज्यपूजाध्ययनमभिनिर्वर्त्तयेत् नविद्युत्स्वनार्त्तवीषुनाभ्युदितासुदिक्षुनाग्निसंप्लवेनभूमिकम्पेनमहोत्सवेनोल्कापातेनमहाग्रहोपगमनेनष्टचन्द्रायांतिथौनसन्ध्ययोर्नमुखद्गुरोर्नावपतितंनातिमात्रं न तान्तंनविस्वरंनानवस्थितपदंनातिद्रुतंनविलम्बितंनातिक्लीबंनात्युच्चैर्नातिनीचैः । स्वरैरध्ययनमभ्यसेत् । नातिसमयंद्रुह्यात् । ननियमंभिन्द्यात् ॥ २७ ॥

સજ્જન તથા ગુરૂની નિન્દા ન કરવી, અપવિત્ર થઇને મંત્રતંત્ર પ્રયોગ, ઇષ્ટપૂજન, પૂજ્યવર્ગની પૂજા તથા અધ્યયન કરવું નહિ, અયોગ્ય સમયે, વીજળીનો કડાકો થાય ત્યારે, દિશાઓમાં ગભરાટ થાય ત્યારે, અગ્નિ લાગે ત્યારે, ધરતીકમ્પમાં, મહોત્સવમાં, વિજળી પડે ત્યારે, મહાગ્રહોના ફેરફાર વખતે, અમાવાસ્યામાં, બંને સન્ધ્યા વખતે, ગુરૂના મુખ સિવાય, બહુજ ધીરેથી, બહુજ મલીનતાથી, સ્વરસિવાય, પદોને બગાડીને, ઉતાવળથી, બહુજ ઠંડાઇથી, બહુજ દુર્બળતાથી, ઉંચા સ્વરથી અને બહુજ નિચા સ્વરથી અધ્યયન કરવું નહિ, બહુ વખત ગાળવો નહિ તેમજ નિયમને તોડવો નહિ. (૨૭)

અન્ય નિયમ.

न नक्तंनादेशेचरेत् । नसन्ध्यास्वभ्यवहाराध्ययनस्त्रीस्वप्नसेवीस्यात् । नबालवृद्धलुब्धमूर्खक्लिष्टक्लीबैःसहसख्यंकुर्य्यात् । न मद्यद्यूतवेश्याप्रसङ्गरुचिस्यात । न गुह्यंविवृणुयात् । नकञ्चिदवजानीयात् । नाहंमानीस्यात् । नदक्षोनादक्षिणोनासूयकोनदक्षिणान्परिवदेत् । नगवांदण्डमुद्यच्छेत् । नवृद्धान्नगुरून्नगणान्ननृपान्वाधिक्षिपेत्नचातिब्रूयात् ॥ नबान्धवानुरक्तकृच्छ्रद्वितीयगुह्यज्ञान्बहिः कुर्य्यात् ॥ २८ ॥

રાત્રિમાં તથા ખરાબ સ્થાનમાં ચાલવું નહી, બંને સંધ્યા વખતે ભોજન, પઠન, સ્ત્રી સંગ અને શયન કરવું નહી. બાળક, વૃદ્ધ, લોભી, મૂર્ખ, દુઃખી તથા નપુંષકની સાથે મિત્રતા કરવી નહી, દારૂ જુગાર અને વેશ્યા સંગમાં પ્રિતિ રાખવી નહિ, ગુપ્ત વાત અન્યને કહેવી નહિ, કોઇનો તિરસ્કાર ન કરવો, અહંકાર કરવો નહિ, ચતુરતા રહિત, પ્રતિકુળ, અને નિંદક થવું નહિ, ચતુરોની સાથે વિવાદ કરવો નહિ, ગાયને ડંડાથી મારવી નહિ, વૃદ્ધ ગુરૂ જ્યોતિષ તથા રાજાપર આક્ષેપ કરવો નહિ, બહુ બોલવું નહિ, ભાઈ, સ્નેહિ, વિપત્તિમાં સાહાક તથા ગુપ્ત વાત જાણુનારનો ત્યાગ કરવો નહિ. (૨૮)

વિશેષ ઉપયોગી નિયમ.

नाधीरोनात्युच्छिनतसत्त्वःस्यात् । नाभृतभृत्योनविश्रब्धास्वजनोनैकःसुखी । नदुःखशीलाचारोपचारोनसर्वोविश्रम्भी । नसर्वाभिशङ्की । नसर्वकालविचारी॥ नकार्य्यकालमतिपातयेत् । नापरीक्षितमभिनिविशेत् । नेन्द्रियवशगःस्यात् ॥२९॥

ધૈર્ય રહિત તથા બહુ સાત્વિક બનવું નહિ, કુટુંબીનું પોષણ કરવું, પોતાના માણસોના વિશ્વાસપાત્ર થવું, એકલા સુખ ભોગવવું નહિ, દુઃખ આપનાર સ્વભાવ, વર્તણુક તથા કાર્યોનો ત્યાગ કરવો, સર્વ પર વિશ્વાસ રાખવો નહિ, સર્વપર વ્હેમ ન રાખવો, સદા વિચાર કર્યા કરવા નહિ, કાર્યના વખતને ગુમાવવો નહિ, અજાણ્યા સ્થાનમાં રહેવું નહિ અને ઇન્દ્રિયોને આધીન થવું નહિ. (૨૯)

नचश्चलंमनोभ्रामयेत् । नबुद्धीन्द्रियाणामतिभारमादध्यात् ॥ नचातिदीर्घसूत्री स्यात् । नक्रोधहर्षावनुविदध्यात् । नशोकमनुविशेत् । नसिद्धावौत्सुक्यंगच्छेन्नासिद्धौदैन्यम् । प्रकृतिमभीक्ष्णंस्मरेत् । हेतुमभावनिश्चितःस्यात् । हेत्वारंभनित्य । नकृतमित्याश्वसेत् ॥ नवीर्यंजह्यात् । नापवादमनुस्मरेत् ॥ ३० ॥

ચંચળ મનની ચંચળતાથી ભમી જવું નહિ, જ્ઞાનેંદ્રિયોને બહુ કલેશી બનાવવી નહિ, એકના એક કાર્યમાં બહુ વખત ગુમાવવો નહિ, ક્રોધ, હર્ષ, તથા શોકને વશ થવું નહિ, કાર્યની સિદ્ધીમાં અત્યંત પ્રસન્ન થવું નહિ, કાર્ય સિદ્ધ ન થયે ઉદાસિન ન થવું, પોતાના જન્મ કર્મ આદિનું હંમેશાં સ્મરણ રાખવું, જે કાર્યનો આરંભ કરવો તે કાર્યના ફળને પહેલાંથી સમજી લેવું, ઉન્નતિ કરનાર કાર્યોનો રોજ આરંભ કરતા રહેવું, કાર્ય કરી નાંખ્યું એમ સમજી કૃત કૃત્ય થવું નહિ, પોતાના પરાક્રમનો ત્યાગ કરવો નહિ, કોઈએ કરેલા અપમાનનું વિસ્મરણ કરવું નહિ. (૩૦)

હવન વિગેરેના નિયમ.

नाशुचिरुत्तमाज्याक्षततिलकुशसर्षपैरग्निंजुहुयात् । आत्मानमाशीर्भिराशासानः ॥ अग्निर्मेनापगच्छेच्छरीरात् । वायुर्मेप्राणानादधातु । विष्णुर्मेबलमादधातु । इन्द्रोमेवीर्य्यंशिवामां प्रविशंस्त्वापः ॥ आपोहिष्ठेत्यपःस्पृशेत् ॥ द्विःपरिमृजेदो-

ष्ठौपदौचाभ्युक्ष्यमूर्द्धिखानिचोपस्पृशेत् । अद्भिरात्मानंहृदयंशिरश्चब्रह्मचर्य्यज्ञा-नदानमैत्रीकारुण्यहर्षोपेक्षाप्रशमपरश्चस्यादिति ॥ ३१ ॥

અપવિત્ર થઈને ઉત્તમ ધૃત, તલ, દર્ભ, તથા સર્ષપોથી અગ્નિમાં હોમ કરવો નહિ, અગ્નિ મારા શરીરમાંથી ન જાય, વાયુ મારા પ્રાણોને પુષ્ટ કરો, વિશ્નું મને બળ આપો, ઇન્દ્ર વિર્ય આપો, કલ્યાણરૂપી જળ, મારામાં પ્રવેશ કરો, આ મંત્રથી પોતાને આશિર્વાદ દેવો, **आपो हिष्ठा** ઈત્યાદિ મંત્રોથી આચમન કરી બેવાર હોઠને શુદ્ધ કરીને બંને પગને ધોઈ, માથુ તથા આંખોના છિદ્રોમાં જળનો સ્પર્શ કરવો અને આત્મા, હૃદય તથા માથામાં જળનો સ્પર્શ કરી બ્રહ્મચર્ય, દાન, જ્ઞાન, મૈત્રી, કરૂણા, હર્ષ તથા આનંદને ઇચ્છી શાંત-ચિત્તથી રહેવું. (૩૧)

અધ્યાયનો ઉપસંહાર.

पञ्चपञ्चकमुद्दिष्टंमनोहेतुचतुष्टयम् । इन्द्रियोपक्रमेऽध्यायेसदृत्तमखिलेनच॥३२॥ स्वस्थवृत्तंयथोद्दिष्टंयःसम्यगनुतिष्ठति । ससमाःशतमव्याधिरायुषानवियुज्यते ॥ ३३ ॥ नृलोकमापूरयतेयशसासाधुसम्मतः । धर्मार्थौचेतिभूतानांबन्धतामुपगच्छति ॥ ३४ ॥ परान्सुकृतिनोलोकान्पुण्यकर्माप्रपद्यते । तस्मादृत्तमनुष्ठेयमिदंसर्वेणसर्वदा ॥ ३५ ॥ यच्चान्यदपिकिञ्चित्स्यादनुक्तमिहपूजितम् । वृत्तंतदपिचात्रेयःसदैवाभ्यनुमन्यते ॥ ३६ ॥

હવે અધ્યાયનો ઉપસંહાર કરૂં છું. આ ઈન્દ્રિયોપક્રમણીય નામના અધ્યાયમાં ઈન્દ્રિયાદિક પાંચ પંચકમન, ચારે હેતુ અને સંપૂર્ણ સદાચારોનું વર્ણન છે (૩૨) જે મનુષ્ય તેમાં કહેલી વિધિ પ્રમાણે સદાચારનું સેવન કરે તે સો વર્ષ સુધી નિરોગ રહીને જીવે છે. (૩૩) સારા લોકોમાં માન પામી સંપૂર્ણ સંસારને યશ પૂર્વક પૂર્ણ કરે છે જેથી કરીને તે સર્વ પ્રાણીઓના બંધુરૂપ કહેવાય છે, (૩૪) અને અંતમાં તે પુણ્યાત્માઓને યોગ્ય શ્રેષ્ટ લોકને પ્રાપ્ત થાય છે જેથી કરીને આ સદાચારોનું હંમેશાં સર્વેએ સેવન કરવું જોઈએ. (૩૫) આ કહેલા સદાચારો સિવાય બીજા જે કાંઈ ઉત્તમ આચારો જણાય તેનું પણ સેવન કરવું જોઈએ એવી આત્રેયજીની આજ્ઞા છે. (૩૬)

इतिस्वस्थवृतचतुष्कः अग्निवेशकृतेतन्त्रे ॥
चरकप्रति संस्कृते इन्द्रियोपक्रमणीयोऽष्टमोध्यायः ॥८॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલ ઇન્દ્રિયોપક્રમણીય નામનો અષ્ટમો અધ્યાય સંપૂર્ણ થયો. ॥ ૮ ॥

नवमोऽध्यायः

अथातः खुड्डाकचतुष्पादमध्यायंव्याख्यास्यामः ॥

इतिहस्माहभगवानात्रेयः ॥

હવે હું ખુડાક ચતુષ્પાદ નામના અધ્યાયનું વર્ણન કરૂં છું એવું ભગવાન આત્રેયજીએ કહેવા માંડયું.

ચિકિત્સાના ચાર ભાગ.

भिषग्द्रव्याण्युपस्थातारोगीपादचतुष्टयम् ।
गुणवत्कारणंज्ञेयंविकारव्युपशान्तये ॥ १ ॥

વૈદ, ઔષધી, પરિચારક, અને રોગી આ ચિકિત્સાના ચાર ભાગ છે. જો તે ચારે યથાર્થ ગુણવાળા હોય તો રોગોની શાંતિ અવશ્ય થાય છે. ૧

વિકાર અને સ્વાસ્થ્યનું લક્ષણ.

विकारोधातुवैषम्यंसाम्यंप्रकृतिरुच्यते ।
सुखसंज्ञकमारोग्यंविकारोदुःखमेवच ॥ २ ॥

ધાતુઓની વિષમતાને વિકાર, અને સમતાને પ્રકૃતિ કહે છે, આરોગ્યને સુખ અને વિકારને દુઃખ કહે છે. (૨)

ચકિત્સા લક્ષણ.

चतुर्णांभिषगादीनांशस्तानांधातुवैकृते ।
प्रवृत्तिर्धातुसाम्यार्थाचिकित्सेत्यभिधीयते ॥ ३ ॥

ધાતુઓ વિકાર યુક્ત થવાથી શ્રેષ્ટ વૈદ વિગેરે,થી ધાતુઓને બરાબર કરવાને માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેને ચિકિત્સા કહેવામાં આવે છે. (૩)

વૈદના ચાર ગુણ.

श्रुतेपर्यवदातत्वंबहुशोदृष्टकर्मता ।
दाक्ष्यंशौचमितिज्ञेयंवैद्येगुणचतुष्टयम् ॥ ४ ॥

શાસ્ત્રને જાણવું, દુરદર્શી થવું, ક્રિયામાં કુશળતા અને શુદ્ધતા આ વૈદના ચાર ગુણ છે.(૪)

ઔષધિ ગુણ ચતુષ્ટય.

बहुतातत्रयोग्यत्वमनेकविधकल्पना ।
सम्पच्चेतिचतुष्कोऽयंद्रव्याणांगुणउच्यते ॥ ५ ॥

સારા ગુણવાળી, રોગને અનુસાર, અનેક પ્રકારની કલ્પના પૂર્વક પ્રયોગ, અને સંપત્તિ આ ચાર દ્રવ્યના ગુણ છે. (૫)

સેવકના ચાર ગુણ.

उपचारज्ञतादाक्ष्यमनुरागश्चभर्त्तरि ।
शौचश्चेतिचतुष्कोऽयंगुणःपरिचरेजने ॥ ६ ॥

સેવાને જાણવો, ચતુરતા, સ્વામિમાં પ્રિતિ અને શુદ્ધિ, આચારપરિચારક આ ચાર ગુણ સેવકમાં હોવા જોઇએ. (૬)

રોગીના ચાર ગુણ.

स्मृतिर्निर्देशकारित्वमभीरुत्वमथापिच ।
ज्ञापकत्वश्चरोगाणामातुरस्यगुणाःस्मृताः ॥ ७ ॥

સ્મૃતિ, વૈદની આજ્ઞા માનવી, બીક ન રાખવી, અને રોગને સારી રીતે બતાવવો આ ચાર રોગીના ગુણ છે. (૭)

ગુણોમાં વૈદની પ્રધાનતા.

कारणंषोडशगुणंसिद्धौपादचतुष्टयम् ।
विज्ञाताशासितायोक्ताप्रधानंभिषगत्रतु ॥ ८ ॥

સોળ ગુણોથી યુક્ત વૈદ વિગેરે રોગોની નિવૃતિમાં કારણ છે પરંતુ તે ચારેમાં જ્ઞાતા, શિક્ષક તથા યોગને જાણવાવાળો વૈદ મુખ્ય છે. (૮)

पक्तौहिकारणंपक्तुर्यथापात्रेन्धनानलाः । विजेतुर्विजयेभूमिश्चमूःप्रहरणानिच ॥ ९ ॥ आतुराद्यस्तथासिद्धौपादाःकारणसंज्ञिताः । वैद्यस्यातश्चिकित्सायांप्रधानं-कारणंभिषक् ॥ १० ॥

જેવી રીતે પાકક્રિયા માટે બળતણ અને અગ્નિ કારણરૂપ છે છતાં પણ પાક બનાવનાર મુખ્ય છે, અને જેમ વિજયમાં ભૂમિ, સેના, તથા શસ્ત્રો કારણરૂપ છે છતાં પણ યુદ્ધ કરનાર સેનાપતિજ મુખ્ય મનાય છે તેવી રીતે ચિકિત્સામાં પણ રોગી, પરિચારક તથા ઔષધી કારણરૂપ છે પરંતુ મુખ્ય કારણ વૈદજ છે. (૧૦)

मृद्दण्डचक्रसूत्राद्याःकुम्भकारादृतेयथा । नावहन्तिगुणंवैद्यादृतेपादत्रयंतथा॥११॥

જેવી રીતે માટી, લાકડી ચાકળો અને દોરી વિગેરે સિવાય કુંભારધડો બનાવી શકતા નથી તેવી રીતે વૈદવિના રોગી, પરિચારક, અને દ્રવ્ય આ ત્રણ રોગોને દુર કરી શકતાં નથી. (૧૧)

રોગોમાં વૈદ કારણરૂપ.

गन्धर्वपुरवन्नाशंयद्विकाराःसुदारुणाः । यान्तियच्चेतरेवृद्धिमाशूपायप्रतीक्षिणः ॥ १२ ॥ सतिपादत्रयेज्ञाज्ञौभिषजावत्रकारणम् । वरमात्माहुतोज्ञेननचिकित्साप्रवर्त्तिता ॥ १३ ॥

શીઘ્ર ઉપાય કરનારના અત્યન્ત દુઃસાધ્ય રોગો પણ ગંધર્વપુરની સમાન જલ્દી

મટી જઇ નિરોગતાને પામે છે (૧૩) દ્રવ્ય, પરિચારક, અને રોગી હોવા છતાં પણ રોગનો નાશ થવામાં અગર વધવામાં જ્ઞાની અને અજ્ઞાન વૈદ કારણરૂપ છે કારણકે મુર્ખ વૈદની ઔષધી કરવાની અપેક્ષા કરવા કરતાં દવા સિવાય મરી જવું ઉત્તમ છે. (૧૩)

મુર્ખ વૈદનાં લક્ષણ.

पाणिचाराद्यथाचक्षुरज्ञानाद्भीतभीतवत् ।
नौर्मारुतवशेवाज्ञोभिषक्चरतिकर्मसु ॥ १४ ॥

આંધળો માણસ જેવી રીતે આગળ હાથ ધરી ધરીને ચાલે છે, અને અતિ પવનના વેગથી જેવી રીતે હોડી ડગમગે છે તેવી રીતે ચિકિત્સા વખતે મુર્ખ વૈદ્ય ડગમગતા યત્નો કરે છે. (૧૪)

મુર્ખ વૈદનાં કર્મ.

यदृच्छयासमापन्नमुत्तार्य्यानियतायुषम् ।
भिषग्मानीनिहन्त्याशुशतान्यनियतायुषाम् ॥ १५ ॥

મુર્ખ વૈદ કદાચ કોઈ આયુષ્યમાન રોગીને સારો કરે છે તો તે અભિમાનથી તે સેકડો ભાગ્યહિન રોગીઓના આયુષ્યને હરે છે. (૧૫)

પ્રાણ આપનાર વૈદ.

तस्माच्छास्त्रेऽर्थविज्ञानेप्रवृत्तौकर्मदर्शने ।
भिषक्चतुष्टयेयुक्तः प्राणाभिसरउच्यते ॥ १६ ॥

જેથી શાસ્ત્રના અર્થ, જ્ઞાન, વૈદક કરવામાં પ્રવૃત્તિ અને કર્મ દર્શન (વૈદક શીખી અનુભવ મેળવવો) આ ચારે ગુણોથી વૈદ પ્રાણોનો રક્ષક કહેવાય છે. (૧૬)

રાજયોગ્ય ચિકિત્સકનાં લક્ષણ.

हेतौलिङ्गेप्रशमनेरोगाणामपुनर्भवे ।
ज्ञानंचतुर्विधंयस्यसराजार्हुभिषक्तमः ॥ १७ ॥

હેતુ, લક્ષણ, રોગોનો નાશ અથવા રોગોનું ફરી ન થવું, આ ચાર વિષયોનું જ્ઞાન જે વૈદમાં હોય તેને રાજાઓની ચિકિત્સા કરવા યોગ્ય શ્રેષ્ટ વૈદ કહે છે. (૧૭)

વૈદનું કર્તવ્ય કર્મ.

शस्त्रंशास्त्राणिसलिलंगुणदोषप्रवृत्तये ।
पात्रापेक्षीण्यतःप्रज्ञांचिकित्सार्थंविशोधयेत् ॥ १८ ॥

શસ્ત્ર, શાસ્ત્ર, અને જળ એ સર્વમાં પાત્રના અનુસાર ગુણ દોષ હોય છે જેથી ચિકિત્સા કરવાને માટે બુદ્ધિને શુદ્ધ કરવી. (૧૮)

વૈદના છ ગુણ.

विद्यावितर्कोविज्ञानंस्मृतिस्तत्परताक्रिया ।
यस्यैतेषड्गुणास्तस्यनसाध्यमतिवर्त्तते ॥ १९ ॥

વિદ્યા, યુક્તિ, વિજ્ઞાન, સ્મૃતિ, કાર્યમાં તત્પરતા, અને કાર્યમાં ચતુરતા આ ૭ ગુણ જેનામાં હોય તેને કોઈ પણ રોગ અસાધ્ય નથી. (૧૯)

વૈદ્યની વ્યુત્પત્તિ.

विद्यामतिः कर्मदृष्टिरभ्यासःसिद्धिराश्रयः ।
वैद्यशब्दाभिनिष्पत्तौबलमेकैकमप्यदः ॥ २० ॥

વિદ્યા, બુદ્ધિ, વૈદકાર્યમાં બહુજ દ્રષ્ટિ, અભ્યાસ, સિદ્ધિ તથા આશ્રય આમાંથી એક એક ગુણથી યુક્ત હોવું તે પણ વૈદ કહેવાય છે.(૨૦)

સુખદાતા વૈદનાં લક્ષણ.

यस्यत्वेतेगुणाःसर्वेसन्तिविद्यादयःशुभाः ।
सवैद्यशब्दंसद्भुतमर्हन्प्राणिसुखप्रदः ॥ २१ ॥

જે આ વિદ્યા આદિ સંપૂર્ણ શુભ ગુણોથી સંયુક્ત હોય તે પૂર્ણ વૈદ્ય હોઇ જીવોને સુખનો આપવાવાળો થાય છે. (૨૧)

દોષોથી બચવાનો ઉપાય.

शास्त्रंज्योतिःप्रकाशार्थंदर्शनंबुद्धिरात्मनः ।
ताभ्यांभिषक्सुयुक्ताभ्यांचिकित्सन्नापराध्यति ॥ २२ ॥

તેજરૂપ પ્રકાશને માટે શાસ્ત્ર અને પોતાની બુદ્ધિ દર્પણરૂપ છે. આ બંનેથી સારી રીતે ચિકિત્સા કરનાર વૈદ દોષભાગી થતો નથી. (૨૨)

વૈદ્યને ઉપદેશ.

चिकित्सितेत्रयःपादायस्माद्वैद्यव्यपाश्रयाः ।
तस्मात्प्रयत्नमातिष्ठेद्भिषक्स्वगुणसम्पदि ॥ २३ ॥

ચિકિત્સાના ત્રણ ભાગ (દ્રવ્ય, પરિચારક અને રોગી) વૈદના આશ્રિત રૂપ છે જેથી કરીને વૈદે પોતે ગુણવાળા થવાને યત્ન કરવો. (૨૩)

વૈદની ચાર પ્રકારની વૃત્તિ.

मैत्रीकारुण्यमार्त्तेषुशक्येप्रीतिरुपेक्षणम् ।
प्रकृतिस्थेषुभूतेषुवैद्यवृत्तिश्चतुर्विधेति ॥ २४ ॥

અસમર્થ રોગીપર મિત્રતા, દયાની બુદ્ધિ, અને સમર્થ રોગીપર પ્રીતિ અને સ્વસ્થ મનુષ્યોપર ઉપેક્ષા આ ચાર પ્રકારની વૈદોની વૃત્તિ છે. (૨૪)

અધ્યાયનું સંક્ષિપ્ત વિવરણ.

भिषग्जितांचतुष्पादंपादःपादश्चतुर्गुणः । भिषक्प्रधानंपादेभ्योयस्माद्वैद्यस्तुयद्गुणः ॥ २५ ॥ ज्ञानानिबुद्धिर्ब्राह्मीचभिषजांयाचतुर्विधा । सर्वमेतच्चतुष्पादेखुड्डकेसम्प्रकाशितमिति ॥ २६ ॥

ચિકિત્સાના ચાર ભાગ, એક એક ભાગના ચાર ચાર ગુણુ, તે સર્વમાં વૈદની પ્રધાનતા, વૈદના ચાર પ્રકારના ગુણુ અને જ્ઞાન, બ્રાહ્મિ બુદ્ધિ આ સર્વનું આખુડાકચતુષ્પાદ અધ્યાયમાં વર્ણુન કરવામાં આવ્યું છે. (૨૫-૨૬)

इति अग्निवेश कृतेतंन्त्रे चरकमति संस्कृते.

આ રીતે અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ ખુડડાક ચતુષ્પાદ નામનો નવમો અધ્યાય સંપૂર્ણુ થયો. (૯)

दशमोऽध्यायः।

પ્રતિજ્ઞા દર્શન.

अथातोमहाचतुष्पादमध्यायंव्याख्यास्यामः। इति हस्माह भगवानात्रेयः॥

હવે હું મહા ચતુષ્પાદ નામના અધ્યાયનું વર્ણુન કરૂં છું એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

ઔષધથી આરોગ્ય લાભ.

चतुष्पादंषोडशकलंभेषजमितिभिषजोभाषन्ते। यदुक्तंपूर्वाध्यायेषोडशगुणमितितद्भेषजम्। युक्तियुक्तमलमारोग्यायेति भगवान्पुनर्वसुरात्रेयः॥ १॥

સોળ ગુણોથી યુક્ત વૈદઆદિચારો ભાગોને વૈદલોક ભેષજ કહે છે. જે આથી પહેલા (નવમા) અધ્યાયમાં સોળ ગુણયુક્ત ભેષજ કહ્યાં છે તેનો યુક્તિ પૂર્વક પ્રયોગ કરવાથી રોગ નષ્ટ થાય છે આવો ભગવાન આત્રેયજીનો મત છે. (૧)

તે વિષયમાં મૈત્રેયનો પ્રતિવાદ.

नेतिमैत्रेयःकिंकारणंदृश्यन्तेह्यातुराःकेचिदुपकरणवन्तश्चपरिचारकसम्पन्नाश्चात्मवन्तश्चकुशलैश्चभिषग्भिरनुष्ठिताःसमुत्तिष्ठमानास्तथायुक्त्वाश्चापरेम्रियमाणास्तस्माद्भेषजमकिञ्चित्करं भवति॥ २॥

આ સાંભળી મૈત્રેયજી કહેવા લાગ્યા કે એવું થઇ શકતું નથી કારણકે ઉત્તમ દ્રવ્ય યુક્ત, પરિચારયુક્ત, વિચારવાન્ અને ચતુર વૈદોથી ચિકિત્સા કરેલા કોઇ કોઈ રોગી આરોગ્ય થાય છે અને એવી સામગ્રી યુક્ત છતાં પણ કોઇ કોઇ રોગી મરી પણ જાય છે. જેથી જણાય છે કે ભેષજ કશુ કરી શકતા નથી. (૨)

દ્દષ્ટાંત.

तद्यथा-श्वभ्रेसरसि[illegible]मल्पमुदकम्, नद्यांस्यन्दमानायांपांशुधानेपांशुमुष्टिप्रकीर्णइति। तथापरेदृश्यन्तेअनुपकरणाश्चापरिचारिकाश्चानात्मवन्तश्चाकुशलैश्चभिषग्भिरनुष्ठिताः समुत्तिष्ठमानाः। तथायुक्ताम्रियमाणाश्चापरेयतश्चप्रतिकुर्वन् सिद्ध्यतिप्रतिकुर्वन्म्रियतेअप्रतिकुर्वन्म्रियतेततश्चिन्त्यतेभेषजमभेषजेनाविशिष्टमितिमैत्रेयः॥ ३॥

તે એવી રીતે સમજવું કે જેવી રીતે ઘડા તથા સરોવરમાં થોડું જળ નાંખવાથી. અથવા વહેતી નદી તથા ધૂળના ઢગલામાં મુઠી ભરી ધુળ નાંખવાથી જેમ કશું થઇ શકતું નથી તેવી રીતે ભેષજ નકામાં છે. એવી રીતે બીજી તરફથી જણાય છે કે સામગ્રી તથા પરિચારક રહિત અને વિચાર શૂન્ય કોઈ કોઈ રોગી મૂર્ખ વૈદ્યોની ચિકિત્સા કરવાથી પણ આરોગ્ય થઇ જાય છે, અને કોઈ કોઇ એવા પ્રકારના રોગી મરી પણ જાય છે. ઔષધી કરવાથી જીવે પણ છે અને મરી પણ જાય છે. તેવીજ રીતે ઔષધી ન કરવાથી જીવે પણ છે અને મરી પણ જાય છે. જેથી જણાય છે કે ઔષધી કરવી અગર ન કરવી એ સમાન છે. ૩

તે વિષયમાં આત્રેયનું ખંડન.

मिथ्याचिन्त्यतइत्यात्रेयः किंकारणंयेह्यातुराःषोडशगुणसमुदितेनानेनभेषजेनोपपद्यमानाइत्युक्तंतदनूपपन्नंनहिभेषजसाध्यानांव्याधीनांभेषजमकारणंभवति । येपुनरातुराःकेवलाद्भेषजादृतेसमुत्तिष्ठन्तेनतेषांसम्पूर्णभेषजोपपादनायसमुत्थानविशेषोऽस्तियथाहिपतितंपुरुषंसमर्थमुत्थानायोत्थापयनपुरुषोबलमस्योपादध्यात् । सक्षिप्रतरमपरिक्लिष्टएवोत्तिष्ठेत्तद्वत्संपूर्णभेषजोपलम्भादातुराः । येचातुराः केवलाद्भेषजादपिम्रियन्तेनच सर्वएवतेभेषजोपपन्नाः समुत्तिष्ठेरन्नहिसर्वेव्याधयोभवन्त्युपायसाध्याः॥४॥ नचोपायसाध्यानांव्याधीनामनुपायेनसिद्धिरस्तिनचासाध्यानांव्याधीनांभेषजसमुदायोऽस्तिनह्यलं ज्ञानवान्भिषङ्मुमूर्षुमातुरमुत्थापयितुम् । परीक्ष्यकारिणोहि कुशलाभवन्ति । यथाहियोगज्ञोऽभ्यासनित्यइष्वासोधनुरादायेषुमपास्यननातिविप्रकृष्टेमहतिकार्येनापबाधोभवति । सम्पादयतिचेष्टकार्य्यं । तथाभिषक्स्वगुणसम्पन्नउपकरणवान्वीक्ष्यकर्मारम्भमाणःसाध्यरोगमनपराधःसम्पादयत्येवातुरमारोग्येणनतस्मान्नभेषजमभेषजेनाविशिष्टंभवति ॥ ५ ॥

આ મતને સાંભળી આત્રેયજીએ કહ્યું કે હે મૈત્રેય ! તમારો આ વિચાર બરોબર નથી કેમકે જો રોગી સોળગુણ યુક્ત ભેષજથી ચિકિત્સા કરવા છતાં પણ મરી જાય છે વિગેરે જે કહ્યું તે સિદ્ધ થઇ શકતું નથી કેમકે ઔષધી સાધ્ય રોગોમાં વ્યર્થ જતી નથી. અને જો રોગી ઔષધી વિના આરોગ્યતાને પામે છે તેની ઔષધિ કરવાથી આરોગ્ય થવામાં વિશેષતા છે. જેવી રીતે કે ઉઠવાને માટે શક્તિમાન પુરૂષ પણ જો પડી ગયો હોય તો તેને ઉઠવાને માટે જો કોઈ અન્ય પુરૂષ સહાય આપે છે તો તે કષ્ટ સિવાય જલ્દીથી ઉઠી શકે છે તેવી રીતે સોળ પ્રકારના ગુણોથી યુક્ત ઔષધિદ્વારા, રોગી પણ વિના કલેશથી આરોગ્યતાને પ્રાપ્ત કરે છે અને જો કે રોગી ઔષધી કરવા છતાં પણ મરી જાય છે તો કાંઈ એવો નિયમ નથી કે ઔષધી કરવાથી સર્વ આરોગ્ય થઇ જાય. કારણકે સંપૂર્ણ રોગ ઉપાય સાધ્ય નથી થતા. (૪)

ઉપાયથી સાધ્યરોગ ઉપાય સિવાય શાન્ત થતા નથી અને અસાધ્ય રોગોની કોઇ ઔષધી પણ નથી. જ્ઞાની વૈદ પણ મરનાર રોગીને આરોગ્ય કરી શકે છે. જે પરીક્ષા કરીને કામ કરે છે તે કુશળ કહેવાય છે. જેવી રીતે ધનુષવિદ્યાને જાણવાવાળા અભ્યાસવાળા ધનુર્ધારી ધનુષમાં બાણ લગાવી નજીકના મોટા નિશાનને શ્રમ સિવાય વેધી પોતાના કાર્યને સિદ્ધ કરે છે તેવી રીતે પોતાના ગુણોથી તથા સામગ્રી યુક્ત અને વિચાર કરી કાર્યને કરવાવાળા વૈદ્ય સાધ્ય રોગને નિઃસંદેહ આરોગ્ય કરે છે જેથી ઔષધી કરવી અગર ન કરવી એ સરખું નથી (૫)

આત્રેયની અનુભૂત ચિકિત્સા.

इदंचेदंचनःमत्यक्षंयदनातुरेणभेषजेनातुरंचिकित्सामः । क्षाममक्षामेनकृशंदुर्बल माप्याययामः ॥ ६ ॥ स्थूलंमेदस्विनमपतर्पयामः । शीतेनोष्णाभिभूतमुपचरामः । शीताभिभूतमुष्णेन । न्यूनान् धातून्पूरयामः । व्यतिरिक्तान्ह्रासयामः।व्याधीन्मूलविपर्ययेणोपचरन्तः सम्यक्प्रकृतौस्थापयामः। तेषांनस्तथाकुर्वतामयंभेषजसमुदायः कान्ततमोभवति ॥ ७ ॥

આ સર્વ વાતોનો અમને અનુભવ છે કે દોષરહિત ભેષજથી રોગીની ચિકિત્સા કરનાર ક્ષામને અક્ષામથી કૃપ તથા દુર્બળને પુષ્ટ કરે છે. (૬)

મેદવાળા જાડા પુરૂષને લંઘન કરાવ્યાથી, ઉષ્ણતાથી વ્યાકુળને શીત ઔષધી કરવાથી, શીતથી વ્યાકુળને ઉષ્ણતાવાળી ઔષધી કરવાથી, ઘટેલી ધાતુઓને પૂર્ણ કરવાથી, વધેલી ધાતુઓને ઓછી કરવાથી, અને એવીજ રીતે રોગોના કારણોથી વિપરીત ઔષધી આપી સ્વસ્થ કરવામાં આવે છે. આ પ્રકારે કરવાવાળા અમારા લોકોને ભેષજોના સમુદાય બહુજ સુંદર લાગે છે. (૭)

ભવંતિચાત્ર.

साध्यासाध्यविभागज्ञोज्ञानपूर्वंचिकित्सकः ।
कालेचारभतेकर्मयत्तत्साधयतिध्रुवम् ॥ ८ ॥

સાધ્ય અને અસાધ્યના ભેદને જાણવાવાળા વૈદ વિચાર પૂર્વક વખતને અનુસાર જે કાર્યનો આરંભ કરે છે તેને તે નિઃસંદેહ સિદ્ધ કરે છે. (૮)

અસાધ્ય રોગની ચિકિત્સાનું ફળ.

स्वार्थविद्यायशोहानिमुपक्रोशमसंग्रहम् ।
प्राप्नुयान्नियतंवैद्योयोऽसाध्यंसमुपाचरेत् ॥ ९ ॥

જે વૈદ્ય અસાધ્ય રોગની ચિકિત્સા કરે છે તે સ્વાર્થ, વિદ્યા તથા યશની હાનિ, નિંદા અને અસંગ્રહ (તેની પાસે કોઈ ચિકિત્સા કરાવતું નથી) ને પ્રાપ્ત થાય છે. (૯)

સાધ્યાસાધ્ય રોગોના ભેદ.

सुखसाध्यंमतंसाध्यंकृच्छ्रसाध्यमथापिच ।
द्विविधञ्चाप्यसाध्यंस्याद्याप्यंयदनुपक्रमम् ॥ १० ॥

સાધ્ય રોગ બે પ્રકારના હોય છે. એક સુખસાધ્ય અને બીજો કષ્ટ સાધ્ય; અસાધ્ય રોગ પણ બે પ્રકારના હોય છે. ૧ યાપ્ય જોવા લાયક તથા ૨ અનુપક્રમ. (જે આરામ થઇ શકે નહિ તેવા). (૧૦)

સાધ્યના બીજા ભેદ.

साध्यानांत्रिविधश्चाल्पमध्यमोत्कृष्टतांप्रति ।
विकल्पोनत्वसाध्यानांनियतानांविकल्पना ॥ ११ ॥

અલ્પસાધ્ય, મધ્યસાધ્ય અને ઉત્કૃષ્ટસાધ્ય. આ ત્રણ ભેદ સાધ્ય રોગોના છે પણ નિશ્ચિત અસાધ્યરોગોના કોઈ ભેદ નથી. (૧૧)

સુખસાધ્યનાં લક્ષણ.

हेतवःपूर्वरूपाणिरूपाण्यल्पानियस्यच । नचतुल्यगुणोदूष्योन दोषःप्रकृतिर्भवेत् ॥ १२ ॥ नचकालगुणस्तुल्योनदोषो दुरुपक्रमः । गतिरेकानवत्वञ्चरोगस्योपद्रवोनच ॥ १३ ॥ दोषश्चैकःसमुत्पत्तौदेहःसर्वौषधक्षमः । चतुष्पादोपपत्तिश्चसुखसाध्यस्यलक्षणम् ॥ १४ ॥

જે રોગનું કારણ પૂર્વરૂપ તથા લક્ષણ અલ્પ હોય, દૂષ્ય (રસાદિ)ના ગુણદોષની બરોબર ન હોય, પ્રકૃતિમાં દોષ ન હોય. (૧૨) વખતના ગુણની બરોબર ન હોય, દોષ દુ:સાધ્ય ન હોય, એકજ માર્ગથી ઉત્પત્તિ હોય, રોગ નવિન હોય, રોગનો ઉપદ્રવ ન હોય. (૧૩) ઉત્પત્તિમાં દોષ એકજ હોય, શરીર સંપૂર્ણ ઔષધિઓનું ગ્રહણ કરવામાં સામર્થ્યવાળું હોય અને ચિકિત્સાના ચારે ભાગો બરોબર હોય એવા રોગ સુખસાધ્ય હોય છે. ૧૪

કૃષ્ટ સાધ્યના લક્ષણ.

निमित्तपूर्वरूपाणांरूपाणांमध्यमे बले । कालप्रकृतिदुष्यानां सामान्योऽन्यतमस्यच ॥ १५ ॥ गर्भिणीवृद्धबालानांनात्युपद्रवपीडितम् । शस्त्रक्षाराग्निकृत्यानामनवंकृच्छदोषजम् ॥ १६ ॥ विद्यादेकपथंरोगंनातिपूर्णचतुष्पदम् । द्विपथंनातिकालंवाकृच्छ्रसाध्यंद्विदोषजम् ॥ १७ ॥ शेषत्वादायुषोयाप्यमसाध्यं पथ्यसेवया । लब्ध्वाल्पसुखमल्पेनहेतुनाशप्रवर्त्तकम् ॥ १८ ॥

હેતુ પૂર્વરૂપ તથા રૂપનું બળ મધ્યમ હોય, કાલ, પ્રકૃતિ તથા દુષ્ય એમાંથી કોઇ દોષની બરોબર હોય, (૧૫) ગર્ભિણી, બાલક, અથવા વૃદ્ધ હોય, બહુ ઉપદ્રવ ન હોય, શસ્ત્ર, ક્ષાર તથા અગ્નિ કર્મની આવસ્યકતા હોય, રોગ પ્રાચિન હોય, કઠીન દોષથી ઉત્પન્ન થયેલ હોય. આ સર્વ રોગ કષ્ટસાધ્ય છે. (૧૬) એક માર્ગથી ઉત્પન્ન થએલ હોય, તથા ચિકિત્સાના ચારે ભાગ પૂર્ણ ન હોય અથવા બે માર્ગથી ઉત્પન્ન થએલ હોય અગર બહુ જુના ન હોય એવા આ બે દોષથી ઉત્પન્ન થએલ કષ્ટસાધ્ય રોગનાં લક્ષણ છે. (૧૭) આયુષ્ય બાકી હોયતો પથ્ય સેવન કરવાથી અસાધ્ય રોગ પણ યાપ્ય (મટી જાય) તેવા થાય છે. આ રોગમાં જરા પણ ચળી ન પાળવાથી રોગ વધી જાય છે. (૧૮)

દ્વિદોષજ તથા કષ્ટસાધ્ય વ્યાધિનાં લક્ષણ.

गम्भीरंबहुधातुस्थमर्म्मसन्धिसमाश्रितम् । नित्यानुशायिनं रोगंदीर्घकालमवस्थितम् ॥ १९ ॥ विद्याद्द्विदोषजंतद्वत्प्रत्याख्येयंत्रिदोषजम् । क्रियापथमतिक्रान्तंसर्वमार्गानुसारिणम् ॥ २० ॥ औत्सुक्यारतिसंमोहकरमिन्द्रियनाशनम् । दुर्बलस्य सुसंवृद्धंव्याधिंसारिष्टमेवच ॥ २१ ॥

ગંભિર, બહુજ ધાતુઓમાં સ્થિત, મર્મ સ્થાન તથા સંધિયોમાં પહોંચેલો, નિત્ય ઉપદ્રવવાળો ઘણોજ જુનો (૧૯) આ રોગોને દ્વિદોષજ સમજીને, તેમની તથા ત્રિદોષજ રોગની ચિકિત્સા કરવા લાયક નથી, તે સર્વ અયોગ્ય માર્ગથી ઉત્પન્ન થએલ છે. (૨૦) ઉત્સુકતા, બેચેની તથા મોહ કરવાવાળા, ઇન્દ્રિયનાશક, દુર્બળતા યુક્ત, વધી ગએલ અને અરિષ્ટ લક્ષણોથી યુક્ત રોગ પણ અસાધ્ય હોય છે. (૨૧)

વૈદ્યને શિખામણ.

भिषजाप्राक्परीक्ष्यैवंविकाराणांसुलक्षणम् । पश्चात्कार्य्यसमारम्भःकार्य्यःसाध्येषुधीमता ॥ २२ ॥ साध्यासाध्यविभागज्ञोयःसम्यक् प्रतिपत्तिमान् । नसमैत्रयतुल्यानांमिथ्याबुद्धिंप्रकल्पयेत् । इति ॥ २३ ॥

બુદ્ધિમાન વૈદ્યે પહેલાં રોગોના લક્ષણોની પરીક્ષા કરીને પછીથી સાધ્ય રોગોની ચિકિત્સા કરવી. જે વૈદ્ય સાધ્ય તથા અસાધ્યના વિભાગને જાણવાવાળા અને જ્ઞાનવાન હોય છે તે મૈત્રેયના માફક મિથ્યા બુદ્ધિની કલ્પના કરતા નથી. (૨૨–૨૩)

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्रश्लोकौ । इहौषधंपादगुणाःप्रभावोभेषजाश्रयः । आत्रेयमैत्रेयमतीमतिद्वैविध्यनिश्चयः ॥ २४ ॥ चतुर्विधविकल्पाश्चव्याधयःस्वस्वलक्षणाः । उक्तामहाचतुष्पादेयेष्वायत्तंभिषग्जितमिति ॥ २५ ॥

ઔષધ, ભાગોના ગુણ, ભેષજનો પ્રભાવ, આત્રેય અને મૈત્રેયનો મત બંને મતોનો નિશ્ચય. (૨૪) પોતપોતાના લક્ષણયુક્ત રોગોની ચાર પ્રકારની કલ્પના આ સર્વ આ મહા ચતુષ્પાદ નામના અધ્યાયમાં કહ્યું છે. (૨૫)

इति अग्निवेशे कृतेतंत्रे चरक प्रति संस्कृते महाचतुष्पादाध्यायः समाप्तः ॥१०॥

અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ મહા ચતુષ્પાદ નામનો અધ્યાય સંપુર્ણ થયો.

एकादशोऽध्यायः

પ્રતિજ્ઞા.

अथातस्तिस्त्रैषणीयमध्यायंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः ।

હવે હું તિસ્ત્રૈષણીય (ત્રણ એષણાવાળા) અધ્યાયની વ્યાખ્યા કરૂંછું એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

એષણાઓનું લક્ષણ.

इहखलुपुरुषेणानुपहतसत्त्वबुद्धिपौरुषपराक्रमेणहितमिहचामुष्मिंश्चलोकेसमनुपश्यतातिस्रएषणाःपर्य्येष्टव्याभवन्ति ॥ १ ॥

આ સંસારમાં મન, બુદ્ધિ, પુરૂષાર્થ અને પરાક્રમવાળા પુરૂષોએ આલોકની અને પરલોકના સુખની ઇચ્છા માટે ત્રણ પ્રકારની ઇચ્છાઓને પ્રાપ્ત કરવી જોઇએ. (૧)

ઇચ્છાઓનું વર્ણન.

तद्यथा । प्राणैषणाधनैषणापरलोकैषणेतिआसान्तुखल्वेषणानांप्राणैषणांतावत्पूर्वतरमापद्येतकस्मात्प्राणपरित्यागोहिसर्वत्यागः । तस्यानुपालनंस्वस्थस्यस्वस्थवृत्तिरातुरस्यविकारप्रशमनेऽप्रमादस्तदुभयमेतदुक्तंवक्ष्यतेच । तद्यथोक्तम॒ वर्त्तमानःप्राणानुपालनाद्दीर्घमायुरवाप्नोतीति । प्रथमैषणायाख्याता भवति ॥ २ ॥

એ ત્રણ ઇચ્છા આ છે. પ્રાણૈષણા, (પ્રાણની ઇચ્છા,) ધનૈષણા, (ધનની ઇચ્છા) પરલોકૈષણા (પરલોકની ઇચ્છા) આ ત્રણેમાં પ્રથમ પ્રાણની ઇચ્છા કરવી જોઇએ કારણ કે પ્રાણના ત્યાગથી સર્વનો ત્યાગ થઈ જાય છે. જેથી કરીને આયુષ્યની ઇચ્છાવાળાએ આરોગ્યતા સાચવવાની સાવધાનતા રાખવી અને રોગ થાય ત્યારે રોગ મટે તેવા ઉપાયો કરવા જોઇએ. આ બે બાબતો કહી તે પ્રમાણે વર્તન કરવાથી આયુષ્યની રક્ષા થાય છે અને માણસ દીર્ઘાયુષી થાય છે. આ પ્રમાણે પહેલી એષણા કહી. (૨)

ધનની ઇચ્છા.

अथद्वितीयांधनैषणामापद्यते । प्राणेभ्योह्यनन्तरंधनमेवपर्य्येष्टव्यंभवति । नह्यतःपापात्पापीयोऽस्तियदनुपकरणस्यदीर्घमायुःतस्मादुपकरणानिपर्य्येष्टुंयतेततत्रोपकरणोपायाननुव्याख्यास्यामः ॥ ३ ॥

પ્રાણૈષણા ઉપરાંત ધનૈષણાનો ઉદ્યોગ કરવો જોઇએ કારણકે આયુષ્ય દરમીઆન ધનની જરૂર પડે છે. આયુષ્ય લાંબુ હોય પણ ધન ન હોય તો તેથી કોઈ બીજું વધારે દુઃખદાયક પાપ નથી. જેથી કરીને આજીવીકા મેળવવાને માટે યત્ન કરવો જોઇએ. ધન મેળવવાના ઉપાયો આગળ કહેવામાં આવે છે. (૩)

ધનપ્રાપ્તિનો ઉપાય.

तद्यथा । कृषिपाशुपाल्यवाणिज्यराजोपसेवादीनि । यानिचान्यान्यपिसतामविगर्हितानिकर्माणिवृत्तिपुष्टिकराणिविद्यात्तान्यारभेतकर्त्तुम् । तथाकुर्वनदीर्घजीवितमनुवसतःपुरुषोभवतीति । द्वितीयाधनैषणाव्याख्याताभवति ॥ ४ ॥

જેમકે ખેતી કરવી, પશુપાલન કરવું, વ્યાપાર કરવો, રાજ્યસેવા (નોકરી) કરવી, તેમજ સજ્જનોથી નિંદિત નહિ તેવા ધન પ્રાપ્તિના ઉપાયોનું સેવન કરવું. એમ કરવાથી દીર્ઘાયુ થઇ સુખપૂર્વક જીવન ગુજારી શકાય છે. આ પ્રમાણે બીજી ધનૈષણા કહી. (૪)

પરલોકની ઇચ્છા.

अथतृतीयांपरलोकैषणामापद्येतसंशयश्चात्रकथंभविष्यामइतश्च्युतानवेतिकुतःपुनः संशयइतिउच्यतेसन्तिह्येकेप्रत्यक्षपराः परोक्षत्वात्पुनर्भवस्यनास्तिक्यमाश्रिताः सन्तिचागमप्रत्ययादेवपुनर्भवमिच्छन्तिश्रुतिभेदाच्च ।

"मातरंपितरञ्चैकेमन्यन्तेजन्मकारणम् । स्वभावंपरनिर्माणंयदृच्छाञ्चापरेजनाः॥" इत्यतःसंशयः । किंनुखल्वस्तिपुनर्भवोनवेति । तत्रबुद्धिमान्नास्तिक्यबुद्धिंजह्याद्विचिकित्साञ्चाकस्मात्प्रत्यक्षंह्यल्पमनल्पमप्रत्यक्षमस्तियदागमानुमानयुक्तिभिरुपलभ्यते । यैरेवतावदिन्द्रियैःप्रत्यक्षमुपलभ्यतेतान्येवसन्तिचाप्रत्यक्षाणि ॥५॥

ધનૈષણા ઉપરાંત પરલોકૈષણાનો ઉદ્યોગ કરવો પરંતુ પરલોકેચ્છામાં સંદેહ થાય છે કે શરીર છોડયા પછી (મરી ગયા પછી) ફરી જન્મ થાય છે કે નહિ. આ સંદેહ કેમ થાય છે તેનું કારણ એ છે કે, જેમ કોઈ પ્રત્યક્ષવાદી પુનર્જન્મને પ્રત્યક્ષ ન જોવાથી નાસ્તિક બની જાય છે, કોઇ શાસ્ત્રપર વિશ્વાસથી, અગર કોઇ શ્રુતિની સંમ્મતિથી પુનર્જન્મને માને છે, કોઈ માતાપિતાને જન્મનું કારણ માને છે, કોઈ સ્વભાવને જન્મનું કારણ માને છે, કોઈ આ સંસારને રચનાર કોઇ છે અને તેનાથી જીવને ઉત્પન્ન થવાનું કારણ માને છે, કોઇ માને છે કે આ વિશ્વમાં એક એવી શક્તિ છે કે જેથી મનુષ્યાદિ ઉત્પન્ન થાય છે. એટલે તેને રચનાર કોઇ નથી, જેથી કરીને સંદેહ થાય છે કે પુનર્જન્મ હશે કે નહિ હોય, બુદ્ધિમાન પુરૂષે ગમે તો નાસ્તિકતાની બુદ્ધિ અને સંદેહનો ત્યાગ કરવો જોઇએ કેમકે આ સંસારમાં પ્રત્યક્ષ દેખી શકાય તેવી વસ્તુ થોડી છે અને અપ્રત્યક્ષ બહુ ચીજો છે કે જે શાસ્ત્ર, અનુમાન, તથા યુક્તિઓથી જાણી શકાય છે, જે ઇંદ્રિયોદ્વારા પ્રત્યક્ષ જાણી શકાય છે, તે પણ અપ્રત્યક્ષજ છે. (૫)

પ્રત્યક્ષના બાધક.

सताञ्चरूपाणामतिसन्निकर्षादतिविप्रकर्षादावरणात्करणदौर्बल्यान्मनोऽनवस्थानात्समानाभिहारादभिभवादतिसौक्ष्म्याच्च प्रत्यक्षानुपलब्धिः तस्मादपरीक्षितमेतदुच्यतेप्रत्यक्षमेवास्तिनान्यदस्तीतिश्रुतयश्चैतानकारणंयुक्तिविरोधात् ॥६॥

રૂપવાન વસ્તુઓ વિદ્યમાન છતાં પણ પ્રત્યક્ષ નથી જણાતી તેમજ બહુ દુર હોવાથી પણ પ્રત્યક્ષ નથી જણાતી તેમજ અટકાવ કરનારી ચીજથી, (પડદો ભીંત વિ.) ઇંદ્રિયોની દુર્બળતાથી, મનની અસાવધાનતાથી, સરખી વસ્તુઓમાં મળી જવાથી (જેમકે નદીમાં જળ મળી જાય તેમ) અભિભવથી, ઇંદ્રિયોના ક્ષોભથી, (રજકણ વિગેરેથીજ જેમ સુર્ય જણાતો નથી તેમ) તેમજ અતિ સૂક્ષ્મતાથી કેટલીક વસ્તુઓ પ્રત્યક્ષ જણાતી નથી તો જે ઇંદ્રિયોથી પ્રત્યક્ષ જણાય તે પ્રત્યક્ષ છે અને બીજી નથી એવું કહેવું યોગ્ય નથી અથવા તો યુક્તિથી પણ વિરૂદ્ધ છે. (૬)

જન્મ કારણુપર વિવાદ.

आत्मामातुःपितुर्वायःसोपत्यंगदिसञ्चरेत् । द्विविधंसञ्चरेदात्मा सर्वोवावयवे-नवा ॥ ७ ॥ सर्वश्चेत्सञ्चरेन्मातुःपितुर्वामरणं भवेत् । निरन्तरंनावयवःकश्चि-त्सूक्ष्मस्यचात्मनः ॥ ८ ॥ बुद्धिर्मनश्चनिर्णीतेयथैवात्मातथैवते । येषाञ्चैषाम-तिस्तेषांयोनिर्नास्तिचतुर्विधा ॥ ९ ॥

માતા અથવા પિતાનો આત્મા સંતાનરૂપે ઉત્પન્ન થતો હોય એમ કહે તો પૂછવું કે તેમનો સંપૂર્ણ આત્મા ઉત્પન્ન થાય છે કે તેનો કોઇ ભાગ આત્મા રૂપે ઉત્પન્ન થાય છે. જો સંપૂર્ણ આત્મા ઉત્પન્ન થાય તો સંતાન ઉત્પન્ન થાય તેની સાથેજ માતા અને પિતાનું મૃત્યુ થવું જોઇએ. (૭) જો આત્માનો કોઇ ભાગ ઉત્પન્ન થતો હોય તો સૂક્ષ્મ આત્માનો ભાગ થઇ શકતો નથી. (૮) અને જો બુદ્ધિ તથા મન સંતાનરૂપે ઉત્પન્ન થતા હોય તો તે પણ બની શકે તેમ નથી કારણ કે તે પણ આત્માની માફક સૂક્ષ્મ તથા ભાગ રહીત છે અને જેમનો એ મત છે કે માતા પિતા સંતાનમાં કારણ છે તો તેના મત પ્રમાણે અંડજ, સ્વેદજ, જરાયુજ અને ઉદ્‌ભીજ એ ચારે યોની ઉત્પન્ન થઇ શકત નહિ કારણ કે તે ચારેની ઉત્પત્તિ માતા પિતાથી થતી નથી. (૯–૧૦)

સ્વભાવવાદિઓના મતનું ખંડન.

विद्यात्स्वाभाविकंषण्णांधातूनांयत्स्वलक्षणम् ।
संयोगेचवियोगेचतेषांकर्मैवकारणम् ॥ १० ॥

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ અને આત્મા આ છ ધાતુસંયોગ અને વિભાગને અનુસાર સર્વ પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ છે કેમકે તેમનાં સ્વાભાવિક લક્ષણ સર્વમાં જણાય છે. (૧૦)

પરનિર્માણ વાદિયોનું ખંડન.

अनादेश्चेतनाधातोर्नेष्यतेपरनिर्मितिः ।
परआत्मासचेद्धेतुरिष्टोऽस्तुपरिनिर्मितिः ॥ ११ ॥

અનાદિ ચૈતન્ય આત્મા કોઇ બનાવી શકતું નથી, જો આત્માને પર માનવામાં આવે છે, અને તેજ કારણરૂપ છે તો પરમાત્માને કર્ત્તા માનવામાં કાંઇ હાની નથી. (૧૧)

યદૃચ્છા વાદિયોનો વિષય.

नपरीक्षानपारीक्ष्यंनकर्त्ताकारणंनच । नदेवानर्षयःसिद्धाःकर्म्मकर्म्मफलंनच ॥ १२ ॥ नास्तिकस्यास्तिनैवात्मायदृच्छोपहतात्मनः । पातकेभ्यःपरञ्चैतत्पातकंनास्तिक-ग्रहः ॥ १३ ॥ तस्मान्मतिंविमुच्यैताममार्गप्रसृतांबुधः । सतां बुद्धिप्रदीपेनप-श्येत्सर्वंयथातथम् ॥ १४ ॥ इति ॥

જે પરીક્ષા, પરીક્ષણીય કર્ત્તા, કારણ, દેવતા, રૂષિ, સિદ્ધ કર્મ, અને કર્મનું ફળ માનતા

નથી. (૧૨) અને યદચ્છા (પોતાની મેળે ઉત્પન્ન થવું) ને માનનાર નષ્ટ બુદ્ધિવાળા કે જે આત્માને માનતા નથી તે નાસ્તિક છે અને સર્વ પ્રાણીઓ કરતાં તે વધુ પાપી છે. (૧૩) એથી કુમાર્ગમાં જતી બુદ્ધિનો ત્યાગ કરી સજ્જનોના બુદ્ધિરૂપ દિવાથી સર્વ વાતો બરોબર જોવી. (માનવી). (૧૪)

સત અસતની પરિક્ષા.

द्विविधमेवखलुसर्वंसच्चासच्चतस्यचतुर्विधापरीक्षा ।
आप्तोपदेशः प्रत्यक्षमनुमानंयुक्तिश्चेति ॥ १५ ॥

સર્વ પદાર્થ બે પ્રકારના થાય છે. એક સત્ય અને બીજું અસત્ય. તેની પરીક્ષા આપ્તોપદેશ, પ્રત્યક્ષ, અનુમાન અને યુક્તિ આ ચાર પ્રકારથી થઈ શકે છે. (૧૫)

આપ્ત તથા તેના ઉપદેશ.

रजस्तमोभ्यांनिर्मुक्तास्तपोज्ञानबलेनये । येषांत्रिकालममलंज्ञानमव्याहतंसदा ॥ १६ ॥ आप्ताःशिष्टविबुद्धास्तेतेषांवाक्यमसंशयम् । सत्यंवक्ष्यन्तितेकस्मादसत्यंनीरजस्तमाः ॥ १७ ॥

પ્રથમ આપ્ત કહેવામાં આવે છે. તપ તથા જ્ઞાનના બળથી રજોગુણ તથા તમોગુણથી રહિત, ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણ કાળને સારી રીતે જાણનાર નાશ રહિત છે. (૧૬) તે શિષ્ટ તથા વિબુદ્ધ આપ્ત કહેવાય છે. તેનાં વાકય નિઃસંદેહ સત્ય હોય છે. કારણકે તેઓ રજોગુણ તથા તમોગુણથી રહિત હોય છે જેથી મિથ્યા અસત્ય બોલતા નથી.(૧૭)

પ્રત્યક્ષનું લક્ષણ.

आत्मेन्द्रियमनोऽर्थानांसन्निकर्षात्प्रवर्त्तते ।
व्यक्तातदात्वेयाबुद्धिःप्रत्यक्षंसानिरुच्यते ॥ १८ ॥

આત્મા, ઇન્દ્રિય, મન, અને ઇંદ્રિયના વિષયો આ ચારેનો સંબંધ થવાથી તે વખત જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેને પ્રત્યક્ષ કહે છે. (૧૮)

અનુમાનનું લક્ષણ.

प्रत्यक्षपूर्वंत्रिविधंत्रिकालञ्चानुमीयते । वह्निर्निगूढोधूमेनमैथुनंगर्भदर्शनात्॥१९॥
एवंव्यवस्यन्त्यतीतंबीजात्फलमनागतम् । दृष्ट्वाबीजात्फलं जातमिहैवसदृशंबुधाः २०

પ્રત્યક્ષથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણ કાલના ત્રણ પ્રકારનું અનુમાન થાય છે, જેમ ઢાંકેલા અગ્નિના ધુમાડાથી અગ્નિ જણાવો તે વર્તમાનકાળનું અનુમાન થાય છે, ગર્ભ હોવાથી મૈથુનનું. (૧૯) ભૂતકાળનું અનુમાન થાય છે અને બીજથી ફળનું ભવિષ્ય કાળનું અનુમાન થાય છે. વિદ્વાનો બીજથી ઉત્પન્ન થએલ ફળને દેખીને અનુમાન પણ કરી શકે છે. જેમકે આ ફળનું બીજ આવું હશે તેમ. (૨૦)

યુક્તિનું લક્ષણ.

जलकर्षणबीजर्त्तुसंयोगाच्छस्यसंभवः । युक्तिःषड्धातुसंयोगाद्गर्भाणांसम्भवस्तथा ॥ २१ ॥ मथ्यमन्थनमन्थानसंयोगादग्निसम्भवः । युक्तियुक्ताचतुष्पाद-

सम्पद्व्याधिनिवर्हणी ॥ २२ ॥ बुद्धिःपश्यतियाभावान्बहुकारणयोगजान् । युक्तिस्त्रिकालासाज्ञेयात्रिवर्गःसाध्यतेयया ॥ २३ ॥

જળ, જમીન, બીજ અને રૂતુ આ ચાર સંયોગથી જેમ અન્ન ઉત્પન્ન થાય છે તે પ્રમાણે છ ધાતુઓના યોગથી ગર્ભ ઉત્પન્ન થાય છે. આ યુક્તિ કહેવાય છે. (૨૧) જેમ મંથ અને મંથન તથા મંથન કર્તા એના સંયોગથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેવી રીતે ચારે ભાગથી યુક્તિ પૂર્વક ચિકિત્સા કરવાથી રોગનો નાશ થાય છે. (૨૨) જે બુદ્ધિ ઘણા કારણોના યોગથી ઉત્પન્ન થયેલા પદાર્થોને જાણી શકે છે, અને જેથી ત્રિવર્ગ સિદ્ધ થાય છે તેને ત્રિકાલા યુક્તિ કહે છે. (૨૩)

एषापरीक्षानास्त्यन्यायय‌ासर्वंपरीक्ष्यते ।
परीक्ष्यंसदसच्चैवंतयाचास्तिपुनर्भवः ॥ २४ ॥

આ પરિક્ષા છે. આ સિવાય બીજી કોઇ પરીક્ષા નથી. આથી સર્વ પદાર્થોની પરીક્ષા થઈ શકે છે. આથી સત્ અને અસત્‌ની પરીક્ષા કરવી જોઇએ એથી પુનર્જન્મ સિદ્ધ થઇ શકે છે. (૨૪)

આપ્તાગમનું લક્ષણ અને ફળ.

तत्राप्तागमस्तावद्वेदोयश्चान्योऽपिकश्चिद्वेदार्थादविपरीतःपरीक्षकैःप्रणीतः । शिष्टानुमतोलोकानुग्रहप्रवृत्तःशास्त्रवादः सचाप्तागमः । आप्तागमादुपलभ्यते दानतपोयज्ञसत्याहिंसाब्रह्मचर्य्याण्यभ्युदयनिःश्रेयस्कराणीति । नचानतिवृत्तसत्त्वदोषाणामदोषैरपुनर्भवोधर्म्यद्वारेषूपदिश्यते ॥ २५ ॥

તેમાં વેદ અને વેદોના અર્થ યોગ્ય પરીક્ષકોએ બતાવેલ અને શિષ્ટોને સંમત તથા લોકપરંપરાથી પ્રચલિત શાસ્ત્રને આપ્તાગમ કહે છે. આપ્તાગમથી જણાય છે કે દાન, તપ, યજ્ઞ, સત્ય, અહિંસા તથા બ્રહ્મચર્ય. આ સર્વ અભ્યુદય તથા મોક્ષના કારણરૂપ છે. આપ્ત પુરૂષોએ કહ્યું છે કે મનની શુદ્ધિરહિત મનુષ્યોને દાન આદિ ધર્મ કરવાથી પણ મુક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. (૨૫)

પ્રત્યક્ષનું ફળ.

धर्मद्वारावहितैश्चव्यपगतभयरागद्वेषलोभमोहमानैर्ब्रह्मपरैराप्तैः कर्मविद्भिरनुपहतसत्त्वबुद्धिप्रचारैःपूर्वैःपूर्वतरैर्महर्षिभिर्दिव्यचक्षुर्भिर्दृष्टोपदिष्टःपुनर्भवइतिव्यवस्येदेवं प्रत्यक्षमपिचोपलभ्यते ॥ २६ ॥

ધર્માત્મા, ભય, રાગ, દ્વેષ, લોભ, મોહ તથા માનરહિત બ્રહ્મમાં તત્પર, કર્મને જાણનાર બુદ્ધિમાન, શુદ્ધ મનવાળા, ઘણા પ્રાચિન, દિવ્ય દૃષ્ટિવાળા, અને આપ્ત મહર્ષિઓએ વિચારપૂર્વક પૂનર્જન્મને માન્યો છે આ જાણવું જોઇએ. આ પ્રકારે પ્રત્યક્ષથી પણ પુનર્જન્મનું જ્ઞાન થઇ શકે છે. (૨૬)

અનુમાનનું ફળ.

मातापित्रोर्विसदृशान्यपत्यानितुल्यसम्भवानांवर्णस्वराकृतिसत्त्वबुद्धिभाग्यविशेषाः । प्रवरावरकुलजन्मदास्यैश्वर्य्यसुखासुखमायुः । आयुषोवैषम्यमिहकृतस्यावाप्तिरशिक्षितानाञ्चरुदितस्तनपानहासत्रासादीनाञ्चप्रवृत्तिलक्षणोत्पत्तिःकर्मसामान्येफलविशेषोमेधाक्वचित्कचित्कर्मण्यमेधाजातिस्मरणमिहागमनमितश्च्युतानाञ्चभूतानांसमदर्शनेप्रियाप्रियत्वमतएवानुमीयते । यत् स्वकृतमपरिहार्य्यमविनाशिपौर्वदेहिकंदैवसंज्ञकमानुबन्धिकंकर्म्मतस्यैतत्फलमितश्चान्यद्भविष्यतीतिफलाद्वीजमनुमीयते । फलञ्च बीजात् ॥ २७ ॥

કોઇ પ્રજા માતા પિતાના જેવી હોતી નથી, કોઈ તેમના જેવી થાય છે તો વર્ણ, સ્વર, આકૃતિ, મન, બુદ્ધિ તથા ભાગ્યમાં તફાવત હોય છે. કોઇનો ઉત્તમ કુળમાં જન્મ થાય છે ત્યારે કોઇનો નિચા કુળમાં જન્મ થાય છે. કોઇ ચાકર બને છે ત્યારે કોઈ ઐશ્વર્યવાન બને છે. કોઈનું જીવન સુખથી વ્યતિત થાય છે ત્યારે કોઇનું દુખમાં વ્યતિત થાય છે. કોઈનું લાંબુ આયુષ્ય હોય છે ત્યારે કોઇનું ટુંકું આયુષ્ય હોય છે. આ જન્મમાં નહિ કરેલાં કર્મના ફળની પ્રાપ્તિવિના જન્મથી બચ્ચાનું રડવું, સ્તનપાન, હસવામાં તેમજ ભય વિગેરેમાં સરખી પ્રવૃતિ કરવા છતાં પણ ફળમાં ભેદ, કોઈ બુદ્ધિમાન, કોઈ કામમાં ચાલાક, કોઇ બુદ્ધિહિન, કોઇને જાતિ અભિમાન અથવા સરખી વસ્તુને જોઇને કોઈના ઉપર હેત ઉપજાવવું અગર કોઈના ઉપર અણગમો ઉપજાવવો આ સર્વ વાતોથી અનુમાન થાય છે કે પૂર્વ જન્મમાં પોતે જે કરેલ હોય તે કોઈથી મટતું નથી. તે અવિનાશી છે. આ કર્મને લોકો અનુબંધી કર્મ એટલે પ્રારબ્ધ કહે છે. તેનું ફળ આ જન્મમાં ભોગવવું પડે છે અને આ જન્મમાં કરેલ કર્મના ફળને આવતા જન્મમાં ભોગવવું પડે છે. જેવી રીતે ફળથી બીજ અને બીજથી ફળ ઉત્પન્ન થાય છે તેવીજ રીતે કર્મને આધિન જન્મ થાય છે. ૨૭

યુક્તિથી પુનર્જન્મની સિદ્ધિ.

युक्तिश्चैषाषड्धातुसमुदयाद्गर्भजन्मकर्तृकरणसंयोगात्क्रियाकृतस्यकर्मणःफलंनाकृतस्यनांकुरोत्पत्तिरबीजात् । कर्मसदृशंफलंनान्यस्माद्बीजादन्यस्योत्पत्तिरितियुक्तिः ॥ २८ ॥

છ ધાતુઓના સંયોગથી ગર્ભ ઉત્પન્ન થાય છે. અને આત્માનો સંબંધ પરલોક સાથે રહે છે. કર્તા અને કારણના સંયોગથી ક્રિયા થાય છે અને ક્રિયાથી ફળ ઉત્પન્ન થાય છે. જેમ બીજ સિવાય અંકુર નીકળતું નથી, તેમ ક્રિયા સિવાય ફળ ઉત્પન્ન થતું નથી. જેમ બીજા બીજથી બીજી જાતનું ફળ ઉત્પન્ન થતું નથી તેમ, જેવું કર્મ કરે છે તેવું ફળ ઉત્પન્ન થાય છે એ યુક્તિ છે. ૨૮.

एवंप्रमाणैश्चतुर्भिरुपदिष्टैःपुनर्भवोधर्म्मद्वारेष्वनुविधीयते ॥ २९ ॥

આ પ્રકારે ચારે પ્રમાણથી પુનર્જન્મની સિદ્ધિ થઇ જાય છે. હવે આગળ કહેલ ધર્મદ્વારોનું વર્ણન કરવામાં આવે છે. ૨૯

પરલોકૈષણામાં કર્તવ્યકર્મ.

तद्यथागुरुशुश्रूषायामध्ययनेव्रतचर्य्यायांदारक्रियायामपत्योत्पादनेभृत्यभरणेऽतिथिपूजायांदानेनाभिध्यायांतपस्यनसूयायांदेहवाङ्मनसेकर्म्मण्यक्लिष्टेदेहेन्द्रियमनोऽर्थबुद्ध्यात्मपरीक्षायांमनःसमाधाविति । यानिचान्यान्यप्येवंविधानिकर्म्माणिसतामविगर्हितानिस्वर्ग्याणिवृत्तिपुष्टिकराणिविद्यात्तान्यारभेतकर्तुम् । तथा कुर्वन्निहचैवयशोलभतेप्रेत्यचस्वर्गमिति तृतीयापरलोकैषणाव्याख्याता भवति ॥ ३० ॥

જેવી રીતે ગુરુસેવા, અધ્યયન, વ્રત, વિવાહ, પુત્ર ઉત્પન્ન કરવા, સેવકોનું પાલન કરવું, અતિથિ પૂજા, દાન, પારકા ધનની ઇચ્છા ન કરવી, તપ, ગુણમાં દોષ ન જોવા, શારીરિક, માનસિક અને વચનથી સત્કર્મમાં ક્લેશિત ન થવું અને સમાધિ ધરવી. આ પ્રકારે બીજાં પણ સત્કર્મ કરવાં કે જે સ્વર્ગમાં હિતકારક હોય, સજ્જનોથી નિંદિત ન હોય તે, જીવનનાં નિર્વાહક હોય, તેનું પણ સેવન કરવું: આ પ્રમાણે કરવાથી આ લોકમાં યશ મળે છે અને મરણ પછી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આ ત્રીજી પરલોકૈષણા કહી. ૩૦

अथखलुत्रयउपस्तम्भाः, त्रिविधबलम्, त्रीण्यायतनानि, त्रयोरोगाः, त्रयोरोगमार्गाः, त्रिविधाभिषजः, त्रिविधमौषधमिति ॥ ३१ ॥

આ ઉપરાંત શરીરના ઉપસ્તંભ (સહાયક) બળ, રોગનાં કારણ, રોગ, રોગોના માર્ગ, વૈદ્ય અને ઔષધ આ સર્વના ત્રણ ત્રણ પ્રકાર છે. ૩૧.

ઉપસ્તંભોનું વર્ણન.

त्रयउपस्तम्भाइत्याहारःस्वप्नोब्रह्मचर्य्यमितिएभिस्त्रिभिर्युक्तियुक्तैरुपस्तब्धमुपस्तम्भैःशरीरंबलवर्णोपचयोपचितमनुवर्त्तते यावदायुषःसंस्कारात् ॥ ३२ ॥

આહાર, નિંદ્રા, અને બ્રહ્મચર્ય આ ત્રણ ઉપસ્તંભ છે. આ ત્રણ ઉપસ્તંભોને યુક્તિપૂર્વક ધારણ કરવાથી શરીર મરણ પર્યંત બળ, વર્ણ તથા પુષ્ટતાવાળું રહે છે. ૩૨

ત્રણ પ્રકારનું બળ.

संस्कारमहितमनुपसेवमानस्य यइहैवोपदेक्ष्यते । त्रिविधंबलमितिसहजंकालजंयुक्तिकृतञ्चसहजंयच्छरीरसत्त्वयोःप्राकृतम् । कालकृतमृतुविभागजंवयःकृतञ्च । युक्तिकृतंपुनस्तद्यदाहारचेष्टायोगजम् ॥ ३३ ॥

સ્વાભાવિક, કાલકૃત, અને યુક્તિકૃત આ ત્રણ પ્રકારનાં બલ છે. શરીર તથા મનની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ બલને સ્વાભાવિક કહે છે, ૠતુઓના ભેદથી અથવા અવસ્થાના ભેદથી થએલ બલને કાલકૃત કહે છે અને અહાર તથા ચેષ્ટાના યોગથી થએલ બળને યુક્તિકૃત કહે છે. આનો સારી રીતે વ્યવહાર ન કરવાથી શરીરનું અહિત થાય છે. ૩૩

રોગને પેદા કરનાર ત્રણ કારણ.

त्रीण्यायतनानीतिअर्थानांकर्म्मणःकालस्यचातियोगायोगाभियोगाः । तत्राति-प्रभावतांदृश्यानामतिमात्रंदर्शनमतियोगः । सर्वशोऽदर्शनमयोगः अतिसूक्ष्माति-विप्रकृष्टरौद्रभैरवाद्भुतद्विष्टबीभत्सविकृतादिरूपंदर्शनंमिथ्यायोगः ॥ ३४ ॥

અર્થ, (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) કર્મ તથા કાળથી, અતિયોગ, અયોગ અને મિથ્યાં યોગ્ય આ ત્રણ રોગનાં કારણ છે. બહુજ તેજવાળા પદાર્થોને ઘણીવાર સુધી જોવાથી રૂપનો અતિયોગ, સર્વથા ન જોવાથી અયોગ, અને ઘણું સુક્ષ્મ, અગર બહુ ભળી ગયેલું, ઘણે દુર ઉગ્ર, ભયંકર, અદ્દભૂત, અપ્રિય, ગ્લાનિ થાય તેવું, અને વિકારયુક્ત રૂપને જોવાથી રૂપનો મિથ્યાયોગ કહેવાય છે. ૩૪

શબ્દ અતિ યોગાદિનું વર્ણન.

तथातिमात्रस्तनितोपहतक्रुष्टादीनांशब्दानामतिमात्रश्रवणमतियोगः । सर्वशोऽश्रवणमयोगः । पुरुषेष्टविनाशोपघातप्रधर्षणभीषणादिशब्दश्रवणंमिथ्यायोगः ३५

તેવી રીતે વિજળીના જોરથી કડાકા થવાથી, નગારાં વિગેરેના અવાજને ઘણીવાર સાંભળવાથી શબ્દનો અતિયોગ, સર્વથા ન સાંભળવાથી અયોગ અને કઠોર વાક્ય, પ્રિય વસ્તુનો નાશ, વજ્રઘાત, રૂંવાડાં ઉભાં થાય તેવા શબ્દ, ભયાનક શબ્દ આવા આવા અવાજો સાંભળવાથી શબ્દનો મિથ્યા યોગ કહેવાય છે. ૩૫

ગન્ધ અતિ યોગાદિનું વર્ણન.

तथातितीक्ष्णोग्राभिष्यन्दिनांगन्धानामतिमात्रघ्राणमतियोगः सर्वशोऽघ्राणमयोगः । पूतिद्विष्टामेध्यक्लिन्नविषपवनकुणपगन्धादिघ्राणंमिथ्यायोगः ॥ ३६ ॥

તેવી રીતે અત્યંત તિક્ષ્ણ, ઉગ્ર તથા અભિષ્યન્દી ગંધોને બહુજ સુંઘવાથી ગંધનો અતિયોગ, કદી ન સુંઘવાથી અયોગ, અને સડેલી, અપ્રિય, અપવિત્ર, ઝેરી વાયુ તથા મુડદા આદિના ગંધ ને સુંઘવાથી ગન્ધનો મિથ્યાયોગ કહે છે. ૩૬.

રસ અતિયોગનું વર્ણન.

तथारसानामत्यादानमतियोगः । अनादानमयोगः । मिथ्यायोगोराशिवर्ज्येष्वाहारविधिविशेषायतनेषूपादेक्ष्यते ॥ ३७ ॥

તેવીજ રીતે રસોનું અતિસેવન કરવાથી રસનો અતિયોગ, અને કદી ન સેવન કરવાથી અયોગ થાય છે. અને બગડેલા તથા ત્યાગ કરેલા આહારનું મિથ્યાસેવન કરવાથી મિથ્યાયોગ થાય છે. મિથ્યાયોગને અપરિમિત ભોજનના વર્ણનમાં બરાબર રીતે કહેવામાં આવશે. ૩૭.

સ્પર્શાતિયોગનું વર્ણન.

तथातिशीतोष्णानांस्पृश्यानांस्नानाभ्यङ्गोत्सादनादीनाञ्चात्युपसेवनमतियोगः । सर्वशोऽनुपसेवनमयोगः । विषमस्थानाभिघाताशुचिभूतसंस्पर्शादयश्चेतिमिथ्यायोगः ॥ ३८ ॥

તેવી રીતે ઘણા ઠંડા તથા ગરમ પદાર્થોના સ્પર્શથી, અને સ્નાન અભ્યંગ તથા ઉબટન આદિના અધિક સેવનથી સ્પર્શનો અતિયોગ, કદી ન સેવન કરવાથી અયોગ, અને એવી રીતે વિષમ સ્થાનમાં ફરવું, બેસવું, સુવું, ચોટ લગાવવી, તથા અપવિત્ર વસ્તુ વિગેરેનો સ્પર્શ કરવો તેને મિથ્યાયોગ કહે છે. ૩૮

સ્પર્શનેન્દ્રિયની સર્વ વ્યાપકતા.

तत्रैकंस्पर्शनेन्द्रियमिन्द्रियाणामिन्द्रियव्यापकंततःसमवायिस्पर्शनव्याप्तेर्व्यापकमपिचचेतस्तस्मात्सर्वेन्द्रियाणांव्यापकःस्पर्शकृतोयोभावविशेषःसोऽयमनुपशयात्पञ्चविधस्त्रिविधविकल्पो भवत्यसात्म्येन्द्रियार्थसंयोगः। सात्म्यार्थोह्युपशयार्थः॥३९॥

આ સર્વ ઇંદ્રિયોમાં સ્પર્શેંદ્રિય સંપૂર્ણ ઇંદ્રિયોમાં વ્યાપક તથા મનની સાથે હંમેશાં સંયોગ રાખનારી છે અને તેને સંપૂર્ણ ઇંદ્રિયોમાં વ્યાપક હોવાનું મનજ કારણ છે જેથી સંપૂર્ણ ઇંદ્રિયોમાં વ્યાપક થવાથી સ્પર્શજન્યભાવ પાંચ પ્રકારનો થઇને પ્રત્યેક ત્રણ ત્રણ પ્રકારાના વિકલ્પ થાય છે. સાત્મ્ય અને ઉપશય આ બંને એકાર્થ વાચક શબ્દ છે. ૩૯.

કર્મકૃત આયતનનું વર્ણન.

कर्म्मवाङ्मनःशरीरमवृत्तिः। तत्रवाङ्मनः-
शरीरातिमवृत्तिरतियोगःसर्वशोऽमवृत्तिरयोगः ॥ ४० ॥

વાણી, મન તથા શરીરની પ્રવૃતિને કર્મ કહે છે. તેમાં વાણી મન તથા શરીરની અધિક પ્રવૃતિને અતિયોગ, અને સર્વથા પ્રવૃતિ થવાથી અયોગ કહે છે.

વાણીના મિથ્યા યોગનું વર્ણન.

सूचकानृताकालकलहाप्रियाबद्धानुपचारपरुषवचनादिर्वाङ्मिथ्यायोगः ॥४१॥

નિંદા કરવી, જુઠું બોલવું, કલેશ કરવો, અને અપ્રિય, અહિતકર અયોગ્ય અને કઠોર વિગેરે વાકયોનું બોલવાથી વાણીનો મિથ્યા યોગ થાય છે. ૪૧.

માનસ મિથ્યા યોગ.

भयशोकक्रोधलोभमोहमानेर्ष्यामिथ्यादर्शनादिर्मानसोमिथ्यायोगः ॥ ४२ ॥

ભય, શોક, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા તથા મિથ્યા દર્શન આદિનુ સેવન કરવું તેને મનનો મિથ્યા યોગ કહે છે. ૪૨.

શારીરિક મિથ્યા યોગ.

वेगधारणोदीरणविषमस्खलनपतनाङ्गमणिधानाङ्गमदूषणमहारमर्दनमाणोपरोधसंक्लेशनादिःशारीरोमिथ्यायोगः ॥ ४३ ॥

મળ મૂત્રાદિ વેગોને રોકવા તથા જબરજસ્તીથી મળમૂત્રાદિનો ત્યાગ કરવો, ઉંચા નિચા સ્થાનમાં ઉછળવું, ચાલવું તથા પડવું, અયોગ્ય રીતે શરીરને રાખવું, મર્દન કરવું, પ્રહાર કરવો, પ્રાણવાયુને રોકવો તથા કલેશાદિ કરવો તે શરીરનો મિથ્યા યોગ છે. ૪૩.

કર્મના મિથ્યા ભોગનું સંક્ષિપ્ત વર્ણન.

संग्रहेणचातियोगायोगवर्जकर्म्मवाङ्मनःशरीरजमहितमनुपदिष्टंयत्तच्च मिथ्यायोगंविद्यादिति । त्रिविधविकल्पंत्रिविधमेवकर्म्मप्रज्ञापराध इतिव्यवस्येत् ॥४४॥

આ પ્રમાણે સંક્ષેપમાં કહેવામાં આવ્યું તે ઉપરાંત અતિયોગ અને અયોગથી ભિન્ન, વાણી, મન તથા શરીરને અહિત કર્તા હોય તેને મિથ્યા યોગ કહે છે. ત્રણ પ્રકારના વિકલ્પ છે અને ત્રણ પ્રકારના કર્મ દોષને બુદ્ધિ વિકાર જાણવા જોઇએ. ૪૪

કાલાતિ યોગાદીનું વર્ણન.

शीतोष्णवर्षालक्षणाःपुनर्हेमन्तग्रीष्मवर्षासंवत्सरःसकालः । तत्रातिमात्रस्वलक्षणःकालःकालातियोगः । हीनस्वलक्षणः कालयोगः । यथास्वलक्षणविपरीतलक्षणस्तुकालोमिथ्यायोगःकालःपुनःपरिणामउच्यते ॥ ४५ ॥

ઠંડી, ગરમી, વરસાદ એ ત્રણમાં અનુક્રમે ઠંડી પડવી, ગર્મી પડવી, વરસાદ વરસવો આ ત્રણ લક્ષણ છે. આ ત્રણ કાલના સમુદાયને સંવત્સર (વર્ષ) કહે છે. તેનું નામ કાલ છે. તે કાળમાં પોતાના સમયાનુસાર સરદી, ગરમી, અને વરસાદનું અતિશય પડવું તેને કાલનો અતિયોગ કહે છે. ન પડે ત્યારે અયોગ અને પોતાના સમયની આગળ પાછળ એટલે સમય વિના પડે ત્યારે તે સમયના વિપરીત લક્ષણોના કાલને મિથ્યાયોગ કહે છે. વળી કાલને પરિણામ પણ કહે છે. ૪૫

इत्यसात्म्येन्द्रियार्थसंयोगः प्रज्ञापराधःपरिणामश्चेति ॥ ४६ ॥

આ પ્રમાણે અસાત્મ્ય, (આત્માના પ્રતિકુળ) ઇંદ્રિય, તથા વિષયોના સંયોગ, બુદ્ધિના દોષ અને કાલનું વર્ણન કરવામાં આવ્યું. ૪૬

રોગોનું કારણ.

त्रयस्त्रिविधविकल्पाःकारणंविकाराणाम् ।
समयोगयुक्तास्तुप्रकृतिहेतवोभवन्ति ॥ ४७ ॥

ત્રણ પ્રકારોના વિકલ્પો રોગોને ઉત્પન્ન થવામાં કારણરૂપ છે. ૪૭

सर्वेषामेवभावानांभावाभावौनान्तरेणयोगायोगातियोगामिथ्यायोगात्समुपलभ्येते । यथासंयुक्त्यापेक्षिणौहिभावाभावौ ॥ ४८ ॥

વિષય આદિનું સમાનયોગ આરોગ્યનું કારણ છે. યોગ, અતિયોગ અને મિથ્યાયોગ વિના સંપૂર્ણ પદાર્થોના ભાવ તથા નાશ થતા નથી. ભાવ તથા નાશ પોત પોતાની યુક્તિની અપેક્ષા રાખે છે. ૪૮

ત્રણ પ્રકારના રોગ.

त्रयोरोगाइतिनिजागन्तुमानसाःतत्रनिजःशरीरदोषसमुत्थः । आगन्तुर्भूतविषवाय्वग्निसम्प्रहारादिसमुत्थः । मानसःपुनरिष्टस्यालाभाल्लाभाच्चानिष्टस्योपजायते ४९.

નિજ અર્થાત શારીરિક, માનસિક અને આગંતુકના ભેદથી આ ત્રણ પ્રકારના રોગ. શારીરિક રોગ શરીરના દોષોથી, આગંતુક રોગ, ભૂત, વિષ, વાયુ, અગ્નિ તથા પ્રહાર (પછડાવું) વિગેરેથી, અને માનસરોગ પ્રિય વસ્તુ ન મળવાથી તથા અનિષ્ટ કર્તા વસ્તુ પ્રાપ્ત થવાથી ઉત્પન્ન થાય છે. ૪૯

હિત કર્તવ્ય.

तत्रबुद्धिमतामानसव्याधिपरीतेनापिसताबुद्ध्याहिताहितमवेक्ष्यावेक्ष्यधर्मार्थकामानामहितानामनुपसेवनेहितानाञ्चोपसेवनेप्रयतितव्यम् ॥ ५० ॥

જેથી માનસિક વ્યાધિમાં બુદ્ધિમાન પુરૂષે હિત તથા અહિતનો વિચાર કરીને ધર્મ, અર્થ તથા કામને અહિત કર્તા હોય તે વસ્તુઓનો ત્યાગ કરવામાં અને હિતકારી વસ્તુઓને ગ્રહણ કરવામાં યત્ન કરવો જોઇએ. ૫૦

नह्यन्तरेणलोकेत्रयमेतन्मानसंकिञ्चिन्निष्पद्यतेसुखंवादुःखंवातस्मादेतच्चानुष्ठेयम् । तद्विद्यावृद्धानाञ्चोपसेवनेप्रयतितव्यम् । आत्मदेशकालबलशक्तिज्ञानेयथावच्चेति ॥ ५१ ॥

કેમકે આ ત્રણ સિવાય આ લોકમાં કોઇ માનસિક સુખ કે દુઃખ થતું નથી જેથી ધર્મ, અર્થ તથા કામને મેળવવાને ઉદ્યોગ કરવો જોઇએ. વૃદ્ધ વિદ્વાનોનું સેવન કરવું જોઇએ અને આત્મા, દેશ, કાલ, બલ તથા શક્તિને જાણવાને માટે યત્ન કરવો જોઇએ.૫૧

भवतिचात्र । मानसंप्रतिभैषज्यंत्रिवर्गस्यान्ववेक्षणम् । तद्विद्यासेवाविज्ञानमात्मादीनाञ्चसर्वशइति ॥ ५२ ॥

જેથી ધર્મ, અર્થ તથા કામનું અનુષ્ટાન, ધર્મ આદિને જાણનારની સેવા અને આત્મા વિગેરેનો અનુભવ કરવા પ્રયત્ન કરવો આ માનસિક રોગની ઔષધિ છે. ૫૨

રોગોના ત્રણ માર્ગ.

त्रयोरोगमार्गाइति । शाखामर्मास्थिसन्धयःकोष्ठश्च । तत्रशाखारक्तादयोधातवस्त्वक्चबाह्योरोगमार्गः । मर्माणिपुनर्बस्तिहृदयमूर्द्धादीन्यस्थिसन्धयोऽस्थिसंयोगास्तत्रोपनिबद्धाश्चस्नायुकण्डरासमध्यमोरोगमार्गः । कोष्ठंपुनरुच्यतेमहास्रोतःशरीरमध्यंमहानिम्नमामपक्वाशयश्चेतिपर्य्यायशब्दैः सरोगमार्गआभ्यन्तरः ॥५३॥

શાખા, મર્મ તથા હાડકાંઓની સંધી અને કોઠ આ રોગોના ત્રણ માર્ગ છે. તેમાં લોહિ વગેરે ધાતુ તથા ચામડીને શાખા કહે છે. આ બાહ્ય રોગોનો માર્ગ છે, બસ્તિ હૃદય તથા મસ્તક આદિ મર્મ સ્થાન, હાડકાઓનો સાંધો અગર તેમાં સંધાયેલી સ્નાયુ તથા કંડરા, રાગોનો મધ્ય માર્ગ છે. આમાશય તથા પકવાશયને કોષ્ટ કહે છે, મહાસ્રોત શરીર, મધ્ય તથા મહાનિમ્ન આ પણ કોષ્ટનાં નામ છે. આ રોગોનો અભ્યંતર માર્ગ છે. ૫૩,

બહિર્માર્ગજ રોગોનાં નામ.

तत्रगण्डःपीडिकालज्यपचीचर्म्मकीलाधिमांसमसककुष्ठव्यङ्गादयोविकाराबहिर्मार्गजाः ॥ ५४ ॥

તેમાં ગલગંડ, પીડીકા, અલચી, અપચી, કૃમિ, અર્બુદ, અધિમાંસ, અલસ (પગના રોગો) કુષ્ટ અને વ્યંગ રોગ બાહ્ય રોગ માર્ગોથી પેદા થાય છે. ૫૪.

શાખાનુસારી રોગ.

वीसर्पश्वयथुगुल्मार्शविद्रध्यादयः शाखानुसारिणोभवन्तिरोगाः ॥ ५५ ॥

વિસર્પ, શોથ, ગુલ્મ, અર્શ, વિદ્રધિ આદિરોગ શાખાનુસારી કહેવાય છે. ૫૫.

મધ્યમ માર્ગાનુસારી રોગ.

पक्षवधग्रहापतानकार्दितशोषराजयक्ष्मास्थिसंधिशूलगुदभ्रंशादयःशिरोहृद्बस्ति-रोगादयश्चमध्यममार्गानुसारिणोभवन्तिरोगाः ॥ ५६ ॥

પક્ષવધ, ગ્રહ, અપતાનક, અર્દિત, શોષ, રાજ્યક્ષ્મા, હાડકાં તથા સાંધાની પીડા ગુદ્ર ભ્રંશ, માથાના રોગ, હૃદયના રોગ અને બસ્તીના રોગ વગેરે મધ્ય માર્ગમાં પેદા થાય છે. ૫૬.

કોષ્ટાનુસારી રોગ.

ज्वरातीसारछर्द्यलसकविषूचिकाश्वासहिक्कानाहोदरप्लीहादयोऽन्तर्मार्गजाश्च । वि-सर्पश्वयथुगुल्मार्शोविद्रध्यादयःकोष्ठानुसारिणोभवन्तिरोगाः ॥ ५७ ॥

અતિસાર, છર્દી, અલસક, વિશુચિકા, ખાંસી, શ્વાસ, હિચકી, આફરો, ઉદર તથા પ્લીહારોગ આભ્યંતર માર્ગમાં થાય છે. ઝેરી વા, સોજા, ગુલ્મ, અર્શ તથા વિદ્રધિ આદિરોગ કોષ્ટના માર્ગમાં થાય છે. ૫૭.

ત્રણ પ્રકારના વૈદ.

त्रिविधाभिषजाइति । भिषक्छद्मचराःसन्तिसन्त्येकेसिद्धाधिताः । सन्तिवै-द्यागुणैर्युक्तास्त्रिविधाभिषजोभुवि ॥ ५८ ॥

છદ્મચર વૈદ, સિદ્ધ સાધિત વૈદ, અથવા વૈદના ગુણોથી યુકત આ ત્રણ પ્રકારના વૈદો છે.

ભિષક્ છદ્મચરનાં લક્ષણ.

वैद्यभाण्डौषधैःपुस्पैःपल्लवैरवलोकनैः ।
लभन्तयेभिषक्शब्दमज्ञास्तेप्रतिरूपकाः ॥ ५९ ॥

બીજા વૈદોની શીશી, વિગેરે ઔષધિયોનાં પાત્ર, ઔષધ, પુષ્પ, પાન વિગેરે જોઇને જે વૈદપણાને પ્રાપ્ત થાય છે તે છદ્મચર વૈદ છે. ૫૯.

સિદ્ધ સાધિત વૈદનાં લક્ષણ.

श्रीयशोज्ञानसिद्धानांव्यपदेशादतद्विधाः ।
वैद्यशब्दंलभन्तेयेज्ञेयास्तेसिद्धसाधिताः ॥ ६० ॥

જે વૈદકને નહિ જાણુવાવાળા લોક, ઐશ્વર્ય, યશ તથા જ્ઞાનને લીધે પ્રસિદ્ધ વૈદોના બ્હાંનાથી તેના તુલ્ય વૈદ બને છે તેને સિદ્ધ સાધિત વૈદ કહે છે. ૬૦.

ગુણ યુક્ત વૈદનાં લક્ષણ.

प्रयोगज्ञानविज्ञानसिद्धिसिद्धाःसुखप्रदाः ।
जीविताभिसरास्तेस्युर्वैद्यत्वंतेष्ववस्थितमिति ॥ ६१ ॥

ઔષધિયોના પ્રયોગ તથા શાસ્ત્રને જાણનારા, કાર્ય કુશળ, આરોગ્ય અર્પનારા તથા પ્રાણોને સ્થિર કરનારા યથાર્થ વૈદ કહેવાય છે. ૬૧.

ઔષધિયોના ભેદ.

त्रिविधमौषधमिति । दैवव्यंपाश्रयंयुक्तिव्यपाश्रयंसत्त्वावजयश्च । तत्रदैवव्यपाश्रयंमन्त्रौषधिमणिमङ्गलनियमप्रायश्चित्तोपवासस्वस्त्ययनप्रणिपातगमनादि । युक्तिव्यपाश्रयंपुनराहारौषधद्रव्याणांयोजना । सत्त्वावजयःपुनरहितेभ्योऽर्थेभ्यो मनोनिग्रहः ॥ ६२ ॥

દૈવવ્યપાશ્રય, યુક્તિ વ્યપાશ્રય, અને સત્વાવજ્ય આ ત્રણ પ્રકારની ઔષધિ થાય છે. તેમાં મંત્ર, ઔષધ, મણિ, મંગલ, નિયમ, પ્રાયશ્ચિત, વૃત, સ્વસ્ત્યયન, પ્રણિપાત, તથા તિર્થ યાત્રા વિગેરેને દૈવ વ્યપાશ્રય ઔષધિ કહે છે. અહાર તથા ઔષધિયોની યોજનાને યુક્તિ વ્યપાશ્રય ઔષધિ કહે છે. અહિત વિષયોથી મનને રોકવાથી સત્વાવજ્ય ઔષધિ કહે છે. ૬૨.

શારીરિક રોગોમાં ઔષધ ભેદ.

शरीरदोषप्रकोपेखलु[illegible]रीरमेवाश्रित्यप्रायशस्त्रिविधमौषधमिच्छन्ति । अन्तःपरिमार्जनंबहिःपरिमार्जनंशस्त्रप्रणिधानञ्चेति । तत्रान्तःपरिमार्जनंयदन्तःशरीरमनुप्रविश्यौषधमाहारजातव्याधीन्प्रतिमार्ष्टि । यत्पुनर्बहिःस्पर्शमाश्रित्याभ्यङ्गस्वेदप्रदेहपरिषेकोन्मर्दनाद्यैरामयान्प्रमार्ष्टितदबहिःपरिमार्जनम् ॥ ६३ ॥
शस्त्रप्रणिधानंपुनश्छेदनभेदनव्यधनदारणलेखनोत्पाटनप्रच्छन्नसीवनैषणक्षारजलौकाश्चेति ॥ ६४ ॥ प्राज्ञोरोगेसमुत्पन्नेबाह्येना[illegible] । कर्मणालभतेशर्मशस्त्रोपक्रमणेनवा ॥ ६५ ॥

શારીરિક દોષોના કોપને શાંત કરવાને માટે ઘણું કરીને ત્રણ પ્રકારની ઔષધિનો પ્રયોગ કરવામાં આવે છે. આ ત્રણ પ્રકારનાં ઔષધ આ છે. અંતઃપરિમાર્જન, બહિ પરિમાર્જન, અને શસ્ત્ર પ્રણીધાન. તેમાં જે અહાર શરીરની અંદર જઈને રોગને શાંત કરે છે તેને અંતઃપરિમાર્જન કહેવામાં આવે છે. અને અભ્યંગ, સ્વેદ, લેપ, પરીષેદ તથા મર્દન આદિના દ્વારા બહાર સ્પર્શ કરવાથી જે ઔષધિ રોગોને દુર કરે છે તેને બહિઃપરિમાર્જન ઔષધિ કહે છે. ૬૩. છેદન, ભેદન, વેધન, દારણ, લેખન, ઉત્પાટન, પ્રચ્છન્ન, સીવન, એષણ, ક્ષાર અને જોંક આ સર્વ ઉપાયોને શસ્ત્ર પ્રણિધાન કહે છે. ૬૪, બુદ્ધિમાન પુરૂષ રોગ ઉત્પન્ન થાય ત્યારે બાહ્ય તથા આભ્યંતર, ઔષધિદ્વારા અથવા શસ્ત્ર કર્મથી સુખને પ્રાપ્ત કરે છે. ૬૫

બાળકોની અજ્ઞાનતાનું ફળ.

बालस्तु खलुमोहाद्वाप्रमादाद्वानबुध्यते । उत्पद्यमानंप्रथमंरोगं शत्रुमिवाबुधः ॥ ६६ ॥ अणुर्हिप्रथमंभूत्वारोगःपश्चाद्विवर्द्धते । सजातमूलामुष्णातिबलमायुश्चदुर्मतेः ॥ ६७ ॥ नमूढोलभतेसंज्ञांतावद्यावन्नपीड्यते । पीडितस्तुमतिंपश्चात्कुरुतेव्याधिनिग्रहे ॥ ६८ ॥ अथपुत्रांश्चदारांश्चज्ञातींश्चाहूयभाषते । सर्वस्वेनापिमे कश्चिद्भिषगानीयतामिति ॥ ६९ ॥ तथाविधञ्चकःशक्तोदुर्बलंव्याधिपीडितम् । कृशंक्षीणेन्द्रियंदीनंपरित्रातुं गतायुषम् ॥ ७० ॥ सत्रातारमनासाद्यबालस्त्यजतिजीवितम् । गोधालांगूलबद्धेवाकृष्यमाणाबलीयसा ॥ ७१ ॥

જેવી રીતે અજ્ઞાની મનુષ્ય શત્રુને જાણી શકતો નથી તેવી રીતે બાળક, મોહ અથવા અસાવધાનતાથી પ્રથમ ઉત્પન્ન થએલ રોગને આવી રીતે જાણી શકતું નથી. ૬૬ રોગ પ્રથમ થોડો ઉત્પન્ન થઇ પછી વધે છે અને તે વધીને મૂઢ મનુષ્યની આયુ તથા બળને નષ્ટ કરે છે. ૬૭. મુર્ખ મનુષ્ય જ્યાં સુધી બહુ પીડા પામતો નથી ત્યાં સુધી તેને રોગ સમજાતો નથી પણ પીડા પામે છે ત્યારે રોગને દુર કરવા ઇચ્છે છે. ૬૮. ત્યારે પુત્ર, સ્ત્રી તથા જાતભાઇઓને બોલાવીને કહે છે કે મારૂં સર્વસ્વ ખર્ચ કરી નાંખીને પણ કોઈ વૈદ્યને બોલાવો. ૬૯. પરંતુ દુર્બલ, રોગથી પીડીત, કૃશ, નિર્બળ ઇંદ્રિયવાળા, દિન તથા આયુષ્યહિન રોગીને કોણ બચાવી શકે છે? ૭૦. અને પછી તે મુર્ખ પોતાની રક્ષા કરનાર વૈદને ન બોલાવીને પુંછડેથી બાંધીને બળવાન શત્રુથી તણાતા આખલાની માફક પ્રાણનો ત્યાગ કરે છે. ૭૧.

રોગીનું કર્તવ્ય.

तस्मात्प्रागेवरोगेभ्योरोगेषुतरुणेषुवा । भेषजैःप्रतिकुर्वीतयइच्छेत्सुखमात्मनः७२

જેથી સુખની ઇચ્છાવાળાએ રોગ ઉત્પન્ન થતા પહેલાં જ અથવા રોગની શરૂઆતમાંજ ઔષધિ કરવી. ૭૨.

ઉપસંહાર.

तत्रश्लोकौ । एषणाःसमुपस्तम्भाबलंकारणमामयाः । तिस्रैषणीयेमार्गाश्चभिषजो भेषजानिच ॥ ७३ ॥ त्रित्वेनाष्टौसमुद्दिष्टाःकृष्णात्रेयेणधीमता । भावाभावेषुशक्तेनयेषुसर्वंप्रतिष्ठितमिति ॥ ७४ ॥

આતિસ્રૈષણીય નામના અધ્યાયમાં ભાવ અભાવમાં સમર્થ બુદ્ધિમાન, આત્રેયજીએ એષણા, ઉપસ્તંભ, બળ, કારણ રોગ માર્ગ, વૈદ્ય તથા ઔષધ આ આઠનો ત્રણ ત્રણ ભાગમાં વિભાગ કરીને કહ્યું છે કે સંપૂર્ણ ચિકિત્સા તેને આશ્રિત છે. ૭૩—૭૪.

इति अग्निवेशकृते तंत्रे चरकप्रति संस्कृते

एकादशस्तिस्रैषणीयाध्यायः समाप्तः ११

આ રીતે અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલ અતિસ્રૈષણીય નામનો અગીઆરમો અધ્યાય સમાપ્ત થયો.

द्वादशोऽध्यायः ।

अथातोवातकलाकलीयमध्यायंव्याख्यास्यामः इतिहस्मा भगवानात्रेयः ।

હવે અમે વાતકલાકલીય નામના અધ્યાયનું વર્ણન કરીએ છીએ એવું ભગવાન આત્રેયજીએ કહ્યું.

વાયુના વિષયમાં રૂષિઓનો પ્રશ્ન.

वातकलाकलाज्ञानमधिकृत्यपरस्परमेतानिजिज्ञासमानाःसमुपविश्यमहर्षयःप्रपच्छुरन्योन्यंकिंगुणोवायुःकिमस्यप्रकोपनमुपशमनानिवास्यकानि । कथञ्चैनमसङ्घातमनवस्थितमनासाद्यप्रकोपनप्रशमनानिप्रकोपयन्तिप्रशमयन्तिवा । कानिचास्यकुपिताकुपितस्यशरीराशरीरचरस्यशरीरेषुचरतःकर्माणिबहिःशरीरेभ्योवेति ॥१॥

વાયુની અત્યંત સૂક્ષ્મ વ્યવસ્થાને જાણવાને માટે મહર્ષિઓ એકઠા થઈ પરસ્પર પુછવા લાગ્યા કે વાયુના શું શું ગુણ છે, વાયુ શા કારણથી કોપિત થાય છે તથા કયા કારણથી શાંત થાય છે અને અવયવ રહિત તથા સ્થિરતા રહિત વાયુને જાણ્યા સિવાય કોપિત કરનારી તથા શાંત કરનારી ઔષધિ કેવા પ્રકારથી કોપિત તથા શાંત કરે છે. અને શરીરની અંદર તથા બહાર વાયુ ફરે છે તે વખતની કઇ ક્રિયાઓ થાય છે. અને શરીરની અંદર રહીને કયા કામો તે કરે છે તથા બહાર રહીને કયા કામો કરે છે? (૧)

સાંકૃત્યાયનકુશનો મત.

अत्रोवाचकुशःसांकृत्यायनः । रूक्षलघुशीतदारुणखरविषदाः षडिमेवातगुणाभवन्ति ॥ २ ॥

સાંકૃત્યાયન રૂષિ કહેવા લાગ્યા કે, વાયુમાં રૂક્ષ, લઘુ, શીતલ, દારૂણ, ખર, વિષદ આ ૭ ગુણો છે. (૨)

ભરદ્વાજનો મત.

तच्छ्रुत्वावाक्यकुमारशिराभरद्वाजउवाच एवमेतद्यथाभगवानाहएतएववातगुणाभवन्ति। सत्वैरेवंगुणैरेवंद्रव्यैरेवंप्रभावैश्चकर्म्यभिरभ्यस्यमानैर्वायुःप्रकोपमापद्यतेसमानगुणाभ्यासोहिधातूनांवृद्धिकारणमिति ॥ ३ ॥

આ સાંભળી કુમારશિરા ભરદ્વાજ બોલ્યા કે એવું છે કે જેમ આપે કહ્યું કે વાયુના આ ગુણ છે એવી રીતે પ્રભાવવાળા સત્વ, દ્રવ્ય અને કાર્યોના અભ્યાસથી વાયુ કોપાયમાન થાય છે કેમકે સમાન ગુણવાળા ઔષધ આદિનો અભ્યાસજ ધાતુઓની વૃદ્ધિનુ કારણ છે. (૩)

વાલ્હીકનો મત.

तच्छ्रुत्वावाक्यंकाङ्क्षायनोवाह्लीकभिषगुवाच । एवमेतद्यथा भगवानाह । एतान्येववातप्रकोपनानिभवन्ति । अतोविपरीतानिस्वत्वस्यप्रशमनानिभवन्ति । प्रकोपनविपर्य्ययोहिधातूनांप्रशमकारणमिति ॥ ४ ॥

આ સાંભળી કાંક્ષાયન વાલ્હીક વૈદ્યે કહ્યું કે જે આપ કહો છો તે યથાર્થ છે. વાયુના પ્રકોપથી તેમ થાય છે અને તેના વિપરિત થવાથી વાયુ શાંત થઈ જાય છે. ધાતુઓની શાંતિનું કારણ પણ વાયુના કોપીત ન થવાથી છે. (૪)

બડીશોધામાર્ગવનો મત.

तच्छ्रुत्वावाक्यंबडिशोधामार्गवउवाच । एवमेतद्यथाभगवानाह । एतान्येववातप्रकोपप्रशमनानि भवन्ति । यथा [illegible] धातमवस्थितमनासाद्यप्रकोपनप्रशमना निप्रकोपयन्ति [illegible] । तथानुव्याख्यास्यामः । वातप्रकोपनानिखलुरूक्षलघुशीतदारुणखरविषदशुषिरकराणिशरीराणांतथाविधेषुशरीरेषुवायुराश्रयंगत्वा आप्याय्यमानःप्रकोपमापद्यते । वातप्रशमनानिपुनःस्निग्धगुरुष्णश्लक्ष्णमृदुपिच्छिलघनकराणिशरी [illegible] णांतथाविधेषुशरीरेषुवायुरासज्यमानश्चरन्प्रशान्तिमापद्यते ॥ ५ ॥

આ સાંભળી બડીશોધામાર્ગવ નામના ૠષિએ કહ્યું કે આપ ઠીક કહો છો કે તે વાયુને કોપિત તથા શાન્ત કરવામાં કારણ છે, જે પ્રકારથી અવયવ રહિત તથા સ્થિરતા રહિત વાયુ સિવાય પણ કોપિત તથા શાંત કરવાવાળી ઔષધિ કુપિત તથા શાંત કરે છે તે સર્વ હું કહું છું. રૂક્ષ, લઘુ, શીત, દારૂણ, ખર, વિષદ તથા શુષિરકારક ઔષધાદિક શરીરના વાયુને કોપિત કરે છે અને એવા પ્રકારના શરીરોમાં વાયુ આશ્રય લઇને વધતાં વધતાં કોપિત થાય છે. સ્નિગ્ધ ગુરૂ, ઉષ્ણ, શ્લક્ષ્ણ પિચ્છલ તથા ઘનકારક ઔષધાદિક શરીરની વાયુને શાંન્ત કરે છે એવા પ્રકારના શરીરમાં આશ્રયને લઇને વીચરનાર વાયુ શાંત થાય છે. (૫)

વાર્યોવિદનો મત.

तच्छ्रुत्वाबडिशवचनमवितथमृषिगणैरनुमतमुवाचवार्योविदो राजर्षिः । एवमेतत्सर्वमनपवादंयथाभगवानाह । यानितुखलुवायोःकुपिताकुपितस्यशरीराशरीर [illegible]रीरेषुचरतःकर्माणिबहिःशरीरेभ्योवाभवन्ति ॥ ६ ॥ तेषामवयवान्प्रत्यक्षानुमानोपमानैः साधयित्वानमस्कृत्यवायवेयथाशक्तिमवक्ष्यामोवायुस्तन्त्रयन्त्रधरःप्राणोदानसमानव्यानापानात्माप्रवर्त्तकश्चेष्टानामुच्चावचानांनियन्ताप्रणेताचमनसः । सर्वेन्द्रियाणामुद्योतकः । सर्वेन्द्रियार्थानामभिवोढासर्वशरीरधातुव्यूहाकरःसन्धानकरःशरीरस्यप्रवर्त्तकोवाचःप्रकृतिः स्पर्शशब्दयोःश्रोत्रस्पर्शनयोर्मूलंहर्षोत्साहयोर्योनिसमीरणोऽग्नेर्दोषसंशोषणः । क्षेप्तावहिर्मलानांस्थूलाणुस्रोतसांभेत्ताकर्त्ता [illegible] आयुषोऽनु [illegible] यभूतोभवत्यकुपितः॥ ७ ॥

બડીશ ૠષિનાં સત્ય તથા ૠષિઓનાં અનુમોદન કરેલાં વચનને સાંભળી વાર્યોવિદ નામના રાજર્ષિએ કહ્યું કે આપનું કથન બહુજ સત્ય છે. કોપિત તથા શાંત અને શરીરના

અંદર તથા બહાર વિચરનાર વાયુના શરીરની અંદર તથા બહાર વિચરણ કરવાથી જે કાર્ય ઉત્પન્ન થાય છે (૬) તેને પ્રત્યક્ષ અનુમાન તથા આપ્તોપદેશની દ્વારા સિદ્ધ કરીને અને વાયુને નમસ્કાર કરીને યથાશક્તિ કહું છું. કોપ રહીત વાયુ, શરીરરૂપી તંત્ર યંત્રને ધારણ કરવાવાળા પ્રાણ, ઉદાન, સમાન, વ્યાન તથા અપાનરૂપે ચેષ્ટાઓને પ્રવૃત કરવાવાળી, મનને રોકવાવાળી તથા લેઈ જવાવાળી, સર્વ ઇંદ્રિયોના ઉદ્યોગને કરવાવાળી, સંપૂર્ણ ઈંદ્રિયોના વિષયોને પ્રાપ્ત કરવાવાળી, શરીરની સંપૂર્ણ ધાતુઓને પુષ્ટ કરવાવાળી, શરીરને જોડવાવાળી વાણીને પ્રવૃત્ત કરાવનારવાળી, શબ્દ તથા સ્પર્શ પ્રકૃતિ, કાન તથા ત્વચા, ઇન્દ્રિયના મૂળ, હર્ષ તથા ઉત્સાહની કારણ, અગ્નિને દીપ્ત કરવાવાળી, દોષોને સુકાવાવાળી, મળોને બહાર કાઢનાર, સ્થૂળ તથા સૂક્ષ્મ સ્રોતોંના ભેદ કરવાવાળી. ગર્ભની આકૃતિયોને કરવાવાળી અને જીવનની સ્થિતિનો નિશ્ચય કરાવવાવાળી છે. (૭)

કોપિત વાયુનાં કર્મ.

कुपितस्तुखलुशरीरेशरीरंनानाविधैर्विकारैरुपतपतिबलवर्ण[illegible]सखा[illegible]षाम्रुपघातायमनोव्याहर्षयतिसर्वेन्द्रियाण्यपहन्ति । विहन्तिगर्भान्विकृतिमापादयत्यतिकालंधारयति । भयशोकमोहदैन्य[illegible]पाञ्जनयतिप्राणांश्चोपरुणद्धि । प्रकृतिभूतस्यखल्वस्यलोकेचरतःकर्माणीमानिभवन्ति ॥ ८ ॥

કોપિત વાયુ, શરીરના અનેક પ્રકારના વિકારોથી સંતપ્ત કરાવનાર, બળ, વર્ણ, સુખ તથા આયુને નષ્ટ કરવાવાળી, મનને બગાડવાવાળી, સર્વ ઇન્દ્રિયોને નષ્ટ કરવાવાળી, ગર્ભોને વિકાર યુક્ત, નષ્ટ તથા બહુજ વખત સુધી સ્થિત કરવાવાળી, ભય, શોક, મોહ, દિનતા તથા અત્યન્ત પ્રલાપને કરવાવાળી, અને પ્રાણોને રોકવાવાળી હોય છે. અને કોપ રહિત થઇને સંસારમાં વિચરનાર વાયુનાં આ કર્મ છે. (૮)

બાહ્ય વાયુનાં કર્મ.

तद्यथा । धरणीधारणंज्वलनोज्ज्वालनम् । आदित्यचन्द्रनक्षत्रग्रहगणानां[illegible]नगतिविधानंसृष्टिश्चमेघानाम् । अपाञ्च विसर्गःप्रवर्तनंस्रोतसांपुष्पफलानाञ्चाभिनिर्वर्त्तनमुद्भेदनञ्चौद्भिदानामृतूनांप्रविभागः । विभागोधातूनांधातुमानसंस्थानव्यक्तिः । बीजाभिसंस्कारःशस्याभिवर्द्धनंविक्लेदोप[illegible]षणमवैकारिकविकारश्चेति९

જેમ કે પૃથ્વિને ધારણ કરે છે, અગ્નિને દીપ્ત કરે છે, સૂર્ય, ચંદ્રમા, નક્ષત્ર, તથા ગ્રહોની સ્થિતિ, ગતિ કરે છે, મેઘને ઉત્પન કરે છે, જલનો ત્યાગ કરે છે, સ્રોતોને પ્રવૃત કરે છે, પુષ્પ તથા ફુલોને ઉત્પન્ન કરે છે. વૃક્ષ તથા લતા આદિને ઉત્પન્ન કરે છે, રૂતુ તથા ધાતુઓના વિભાગ કરે છે, ધાતુઓની ખાણોને પ્રકટ કરે છે, બીજને શુદ્ધ કરે છે, ધાન્યનો વધારો કરે છે. આર્દ્ર નહીં કરતાં સુકાય છે અને પદાર્થોના વિકારોને નષ્ટ કરે છે. (૯)

કુપિત બાહ્ય વાયુનાં કર્મ.

प्रकुपितस्यखल्वस्यलोकेषुचरतः कर्माणीमानि भवन्ति ॥ १० ॥

સંસારમાં વિચરનાર કોપિત વાયુનાં આ સર્વ કાર્ય હોય છે. (૧૦)

तद्यथा । उत्पीडनंसागराणा उद्वर्त्तनंसरसां प्रतिसरणमापगानामाकम्पनञ्चभूमेराधमनमम्बुदानांशिखरिशिखरावमथनमुन्मथनमनोकहानांनिहारनिर्ह्रादपांशुसिकतामत्स्यभेकोरगक्षाररुधिराश्माशनिविसर्गोव्यापादनञ्चषण्णामृतूनांशस्यानामसंघातोभूतानाञ्चोपसर्गोभावानाञ्चाभावकरणम् । चतुर्युगान्तकराणांमेघसूर्य्यानलानांविसर्गः, सहिभगवान्प्रभवश्चाव्ययश्चभूतानांभावानामभावाकरः॥ ११ ॥

જેમ કે સમુદ્રોને ડગમગાવી દેવા, તલાવોના જળોને ખળભળાવવું, નદિયોને ઉલટાવવી, ધરતીકંપ થવો, મેઘોનું કંપવું, પર્વતોના શિખરોનું મર્દન, વૃક્ષોને ઉખાડવાં, નિહાર (પાણી વાળી હવા) ધુળ, શબ્દ, બાલૂ, માછલી, દેડકું, સર્પ, ક્ષાર, રૂધિર, પથરા તથા વજ્ર એ સર્વનું આકાશમાંથી ગરવું, છ ૠતુઓમાં વિકાર, અનાજનું ઘણું ન પાકવું, ભૂત આદિગણોના ઉપસર્ગ, ભાવોના અભાવ, ચારે યુગોને નષ્ટ કરનાર અર્થાત પ્રલય કરનાર મેઘ, સૂર્ય, વાયુ અને અગ્નિને ફેલાવવો આ કાર્ય છે. આ વાયુ ભગવાન ભૂત સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને કરવાવાળા છે. (૧૧)

વાયુના સાધારણ ધર્મ.

सुखासुखयोर्विधातामृत्युर्यमोनियन्ताप्रजापतिरदितिर्विश्वकर्माविश्वरूपःसर्वगः सर्वतन्त्राणांविधाता । भावानामणुर्विभुर्विष्णुःक्रान्तालोकानांवायुरेवभगवानिति १२

એજ વાયુ સુખ તથા દુઃખને આપનાર, મૃત્યુ, યમ, નિયંન્તા, પ્રજાપતિ, અદિતિ, વિશ્વ કર્મા, વિશ્વરૂપ, સર્વગામી, સંપૂર્ણ શરીરોનું નિર્માણ કરવાવાળી, અને અણુ, વિભુ, અને વિષ્ણુ લોકોમાં વ્યાપક અથવા ભગવાન છે. (૧૨)

મારિચીનો પ્રશ્ન.

तच्छ्रुत्वावाक्यविद्वचोमारीचिरुवाच । यद्यप्येवमेतत्किमर्थस्यास्यवचनेविज्ञानेवासामर्थ्यमस्तिभिषग्विद्यायाम् । भिषग्विद्यांवाधिकृत्यकथाप्रवर्त्तते । वार्योविदुवाच । भिषक्पवनमतिबलमतिपरुषमतिशीघ्रकारिणमात्ययिकञ्चेन्नानुनिशम्येत् ॥ १३ ॥ सहसाप्रकुपितमतिप्रयतःकथमग्रेऽभिरक्षितुमभिधास्यति । प्रागेवैनमत्ययभयादिति । वायोर्यथार्थास्तुतिरपिभवत्यारोग्यायबलवर्णवृद्धयेवर्चस्वित्वायोपचयायच । ज्ञानोपपत्तयेपरमायुःप्रकर्षायचेति ॥ १४ ॥

વાર્યોવિદનાં તે વચન સાંભળીને મારિચિએ કહ્યું કે વાયુમાં આ પ્રકારની શક્તિ છે તો ચિકિત્સાના વિષયમાં તેના વર્ણનનું અથવા તેના જ્ઞાનનું શું પ્રયોજન છે અને તેનું કથન કરવાનું પણ અહીં શું પ્રયોજન છે? આ સાંભળી વાર્યોવિદે કહ્યું કે જો અત્યન્ત બળવાન, અત્યન્ત કઠોર, બહુત શીઘ્રકારી, અત્યંત અનિષ્ટકારી વાયુને વૈદ્ય ન શાન્ત કરી શકે તો (૧૩) સહસાપૂર્વક કોપિત થવાવાળી વાયુ અગાડી કેવી રીતે સમર્થ થવું, કેમકે પહેલેથીજ તેથી નાશ થવાનો ભય છે અગર આરોગ્ય, બળ તથા વર્ણની વૃદ્ધિ, તેજ પુષ્ટતા, જ્ઞાનની ઉત્પત્તિ તથા આયુની વૃદ્ધિ થાય છે. (૧૪)

मारी[illegible]गतःकुपिताकुपितःशुभाशुभानिकरतित यथा। पाकमप क्तदर्शनमदर्शनंमात्रामात्रत्वमूष्मणःप्रकृतिविकृतिवर्णोऽशौर्य्यंभयंक्रोधंह-र्षमोहंप्रसाद[illegible]दीनिचापराणेद्वन्द्वादद[illegible]ति ॥ १५ ॥

મરીચિરૂષિએ કહ્યું કે શરીરમાં અગ્નિ, પિત્તમાં રહીને અકુપિત અને કુપિત થઇને શુભ તથા અશુભને કરે છે. તે આ છે કે પરિપાક, અપરિપાક દર્શન અદર્શન માત્રા માત્રત્વ, ઉષ્માની પ્રકૃતિ, ઉષ્માના વિકાર, વર્ણ, શૌર્ય્ય ભય, ક્રોધ, હર્ષ, મોહ, તથા પ્રસન્નતા વિગેરે અન્ય સુખ દુઃખાદિકોને કરે છે. (૧૫).

શરીરમાં સોમની પ્રધાનતા.

तच्छुत्वामारीचिवचः काश्यपउवाच । शोमएवशरीरेश्ले[illegible]ःकुपिताकुपितः शुभाशुभानिकरोति । दार्ढ्यंशैथिल्यमुपचयंकार्श्यमुत्साहमालस्यं[illegible]षतांक्लीवतां ज्ञानमज्ञानंबुद्धिमोहमेवमादीनिचापराणिद्वन्द्वादीनीति ॥ १६ ॥

આ પ્રમાણે મારીચિનાં વચનો સાંભળીને કાસ્યપ બોલ્યા કે શરીરમાં કફના અંતર્ગત સોમ કુપિત થઇને તથા દોષરહિત થઇને શુભ અશુભોને કરનાર છે. જેમકે દ્રઢતા, શિથિલતા, પુષ્ટતા, કૃશતા, ઉત્સાહ, આળસ્ય, પુરૂષાર્થતા, વૃષ્યતા, નપુંષકતા, જ્ઞાન, અજ્ઞાન, બુદ્ધિ તથા મોહ વિગેરે અન્ય શુભ તથા અશુભને કરે છે. (૧૬)

પુનર્વસુનો સિદ્ધાંત.

तछुत्वाकाश्यपवचोभगवानपुनर्वसुरात्रेयउवाच । सर्वएवभवन्तःसम्यगाहुरन्य-त्रैकान्तिकवचनात् ॥ सर्वएवखलुवातपित्तश्लेष्मणःप्रकृतिभूताःपुरुषमव्यापन्नेन्द्रियंबलवर्णसुखोपपन्नमायुषामहतोपपादयन्ति । सम्यगेवाचरिताधर्मार्थकामानिःश्रेयसेनमहतापुरुषमिहचामुष्मिंश्चलोके । विकृतास्त्वेनंमहताविपर्ययेणोपवाद-यन्ति । ऋतवस्त्रयइवविकृतिमापन्नालोकमशुभेनोपघातकालेइत्येतदृषयःसर्वएवा-नुमेनिरेवचनमात्रेयस्यभगवतोऽभिनन्दुश्चेति ॥ १७ ॥

કાસ્યપનાં આ વચન સાંભળીને ભગવાન્ પુનર્વસુ આત્રેયજીએ કહ્યું કે આપ સર્વ ઠીક કહો છો પરંતુ વાત, પિત્ત તથા કફમાંથી એક એકની મુખ્યતા કહેવી એ ઠીક નથી કેમકે વાયુ વિષ તથા કફ આ ત્રણ સ્વાભાવિક હોય તો મનુષ્યને સ્વસ્થ બલ, વર્ણ તથા સુખથી યુક્ત અને દીર્ઘાયુ કરે છે. જેવી રીતે ધર્મ, અર્થ તથા કામ સારી રીતે આચરણ કરવાથી આ લોકમાં તથા પરલોકમાં સુખ આપે છે, તેવીજ રીતે વાતાદિક પણ કરે છે. અને વિકાર યુક્ત વાતાદિક ઉપઘાતકાળમાં વિકારને પ્રાપ્ત થઈ ૠતુઓની માફક મનુષ્યને અત્યન્ત દુઃખીત કરે છે. આત્રેયજીનાં આ વચન સાંભળીને સર્વ રૂષિઓએ અનુમોદન આપ્યું અને પ્રશંસા કરી. (૧૭)

[illegible]त्र ॥ तदात्रेयवचःसुत्वासर्वएवानुमेनिरे । ऋषयोऽभिनन्दुश्चयथेन्द्र वचनंसुराः ॥ १८ ॥

જેવી રીતે ઇન્દ્રનાં વચનને સાંભળી સર્વ દેવતા લોક અનુમોદન કરીને પ્રશંસા કરેછે તેવી રીતે ઋષિઓએ આત્રેયજીનાં વચન સાંભળીને અનુમોદન આપ્યું તથા પ્રશંસા કરી. (૧૮)

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्रश्लोकौ । गुणाःषड्विधंहेतुर्विविधंकर्म्मतत्पुनः । वायोश्चतुर्विधंकर्म्मपृथक्च कफपित्तयोः ॥ १९ ॥ महर्षीणांमतिर्यायापुनर्वसुमतिश्चया । कलाकलीयवात-स्यतत्सर्वसंम्प्रकाशितमिति ॥ २० ॥

તેમાં આ બે શ્લોક છે. વાયુના ૭ ગુણ, બે પ્રકારના હેતુ તથા અનેક કાર્ય વાત પિત્તનાં ચાર પ્રકારનાં જુદાં જુદાં કર્મ. (૧૯) મહર્ષિયોના મત, તથા પોતાનો મત આ સર્વ કલાકલીય નામના અધ્યાયમાં આત્રેયજીએ કહ્યું છે. (૨૦)

इति अग्निवेशे कृते तंत्रे चरक प्रति संस्कृते

वातकला कलीयोध्यायः समाप्त : ॥ १२ ॥

આ પ્રમાણે અગ્નિ વેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ વાત કલાકલીયોધ્યાય સમાપ્ત થયો.

त्रयोदशोऽध्यायः

अथात स्नेहा ध्यायं व्याख्यास्यामः इति हस्माह भगवानात्रेयः ॥

આ ઉપરાંત સ્નેહાધ્યાયનું કથન કરૂં છું એમ ભગવાન આત્રેયજીએ કહ્યું.

અગ્નિવેશનો પ્રશ્ન.

सांख्यैःसंख्यातसंख्येयैःसहासीनं पुनर्वसुम् । जगद्धितार्थंपप्रच्छवह्निवेशः सुसं-शयम् ॥ १ ॥ किंयोनयः कतिस्नेहाःकेचस्नेहगुणाःपृथक् । कालानुपानेकेक-स्यकतिकाश्चविचारणाः ॥ २ ॥ कतिमात्राःकथंमानाःकेषूपदिश्यते । कश्च-केभ्योहितःस्नेहः प्रकर्षःस्नेहनेचकः ॥ ३ ॥ स्नेह्याः केकेचनस्निग्धाःस्निग्धाति-स्निग्धलक्षणम् । किंपानात्प्रथमंपीतेजीर्णेकिश्चहिताहितम् ॥ ४ ॥ केमृदुक्रूरको-ष्ठाःकाव्यापदःसिद्धयश्चकाः।अच्छेसंशोधनेचैवस्नेहेकावृत्तिरिष्यते॥ ५ ॥ वि-चारणाःकेषुयोज्याविधिनाकेनतत् प्रभो । स्नेहस्यामितविज्ञानज्ञानमिच्छामिवे-दितुम् ॥ ६ ॥

ચોવીસ તત્વોનું વર્ણન કરનારા સાંખ્યશાસ્ત્રના જાણવાવાળા મહર્ષિઓની સાથે બેઠેલા આત્રેયજીને જગતના હિતને માટે અગ્નિવેશે પોતાનો આ સંદેહ પુછયો (૧) કે હે ભગવાન! કઈ કઈ વસ્તુઓથી સ્નેહ ઉત્પન્ન થાય છે, કયા પ્રકારના સ્નેહ થાય છે, સ્નેહોના જુદા જુદા કયા કયા ગુણ હોય છે. કયા સ્નેહનો કયો વખત તથા અનુપાન છે, કયા સ્નેહની કેટલી તથા કોણ કોણ વિચારણા છે. (૨) સ્નેહની કેટલી માત્રા તથા પ્રમાણ છે, કયું સ્નેહ કોને હિતકારક છે, કયા કયા સ્નેહોમાં કેટલી માત્રા જોઇએ, સ્નેહમાં કયી ઉત્ત-

મતા છે. (૩) કોને સ્નેહપાન કરાવવું જોઇએ, કોને ન કરાવવું જોઇએ, સ્નિગ્ધ તથા અત્યન્ત સ્નિગ્ધનાં કયાં લક્ષણુ છે, સ્નેહ પીવા પહેલાં પીને તથા પછી જવા માટે શું હિત તથા અહિત છે (૪) મૃદુ તથા ક્રુર કોઠાવાળા કોણુ કહેવાય છે, અધિક સ્નેહપાનથી કયા રોગ થાય છે, સ્નેહપાનથી કયા લાભ થાય છે, સંશમન તથા સંશોધન સ્નેહના કયા નિયમ છે. (૫) અને કયા સ્નેહોમાં કઈ વિધિથી વિચારણા કરવી જોઈએ વિગેરે જે સંપૂર્ણ સ્નેહનું જે શાસ્ત્ર હોય તે અમિતવિજ્ઞાન હું જાણુવા ઈચ્છું છું. (૬)

પુનર્વસુનો ઉત્તર.

अथतत्सं ।यच्छेत्तामत्युवाचपुनर्वसुः। स्नेहानांद्विविधाचासौयोनिःस्थावरजङ्गमा ॥ ७ ॥ तिलःपियालाभिषुकौविभीतकश्चित्राभयैरण्डमधूकसर्षपाः । कुसुम्भबिल्वार्भकमूलकातसीनिकोचकाक्षोडकरञ्जशिग्रुकाः ॥ ८ ॥ स्नेहाश्रयाःस्थावर[illegible]थास्युर्जाङ्गमामत्स्यमृगासपक्षिणः तेषांदधिक्षीरघृत[illegible]स्नेहेषुमज्जाचत[illegible] ॥ ९ ॥

આથી અગ્નિવેશના સંદેહને દુર કરવાવાળા ભગવાન પુનર્વસુએ આત્રેયજીને કહ્યું કે સૌમ્ય, સ્થાવર જંગમ ભેદથી સ્નેહ બે પ્રકારના હોય છે. (૭) તલ, પિયાલા, અભિષુક (એક પહાડી ફળ), બહેડાં, ચિત્રા, હરડે, મહુવા, સર્ષવ, કસુંબીનાં બીજ, બિલું, ભિલામું, મૂળાનાં બીજ, અળસી, નિકોચક, અખરોટ, કરંજ તથા સુહાંજનનાં બીજ (૮) આથી જે સ્નેહ ઉત્પન્ન થાય છે તે સ્થાવર કહેવાય છે. અને માછલી, મૃગ તથા પક્ષિઓનાં દહીં, દુધ, ઘી, માંસ, ચરબી તથા મજ્જાને જંગમ સ્નેહ કહેવાય છે. (૯)

રોગ વિશેષોમાં તેલોની ઉત્કૃષ્ટતા.

सर्वेषांतैलजातानांतिलतैलंविशिष्यते । बलार्थेस्नेहनेचाग्र्यमरण्ड[illegible]विरेचने॥१० सर्पिस्तैलंवसामज्जासर्वस्नेहोत्तमामताः । एभ्यश्चैवोत्तमंसर्पिःसंस्कारस्या[illegible]वर्त्तनात् ॥ ११ ॥

સંપૂર્ણ તેલોમાંથી તલનુ તેલ, સ્નેહન તથા બળ વધારવાને માટે તેમજ જુલાબને માટે એરંડીઆનું તેલ (દીવેલ) ઉત્તમ છે (૧૦) સંપૂર્ણ સ્નેહોમાં ઘી, તેલ, ચરબી તથા મજ્જા શ્રેષ્ટ છે. પોતાના ગુણનો ત્યાગ ન કરવા છતાં બીજી વસ્તુઓના ગુણોને ગ્રહણ કરવામાં ઘી સર્વથી ઉત્તમ છે. (૧૧)

ઘીના ગુણુ.

घृतंपित्तानिलहरंरसशुक्रौजसांहितम् ।
निर्वापणंमृदुकरंस्वरवर्णप्रसादनम् ॥ १२ ॥

ઘી પિત્ત તથા વાયુનો નાશ કરનાર; રસ, શુક્ર તથા ઓજસને વધારનાર, દોષનો નાશ કરનાર, કોમળતા કરનાર અને સ્વર તથા વર્ણુને ઉત્તમ કરનાર છે. (૧૨)

તેલના ગુણુ.

मारुतघ्नंनच[illegible]ष्मवर्द्धनंबलवर्द्धनम् ।
त्वच्यमुष्णं[illegible]योनिविशो[illegible]नम् ॥ १३ ॥

તેલ વાયુનાશક, કફને ન વધારનાર, બળની વૃદ્ધિ કરનાર, ત્વચા (ચામડી) ને હિતકારક, ગરમ, સ્થિરતા કરનાર તથા યોનીને શુદ્ધ કરનાર છે!

વસા (ચરબી) ના ગુણ.

विद्धभग्नाहतभ्रष्टयोनिकर्णशिरोरुजि ।
पौरुषोपचयेस्नेहेव्यायामेचेष्यतेवसा ॥ १४ ॥

ચરબી, છીદ્ર પડેલા તથા તુટેલા સ્થાનમાં, યોનીભ્રંશ, કાન, તથા માથાના રોગોમાં પુરૂષાર્થને વધારવામાં, સ્નેહનમાં અને વ્યાયામમાં હિતકારક છે. (૧૪)

મજ્જાના ગુણ.

बलशुक्ररसश्लेष्[illegible]मज्जाविवर्द्धनः ।
मज्जाविशेषतोऽस्थ्नाञ्चबलकृत्स्नेहनेहितः ॥ १५ ॥

મજ્જા બળ, શુક્ર, રસ, કફ, મેદ, તથા મજ્જાને અત્યંત વધારનાર છે અને વિશેષે કરીને હાડકાંમાં બળ દેવાવાળી તથા સ્નેહનમાં હિતકારક છે. (૧૫)

સ્નેહપાનને સમય.

[illegible]दिपातव्यंवसामज्जाचमाधवे । तैलंप्रावृषिनात्युष्णं शीतेस्नेहंपिबेन्नरः ॥ १६ ॥ वातपित्ताधिकेरात्रावुष्णेचापिपिबेन्नरः । श्लेष्माधिकेदिवाशीतेपिबेच्चामलभास्करे ॥ १७ ॥ अत्युष्णेत्वादिवापीतेवातपित्ताधिकेनच । मुर्छापिपासासुन्मादंकामलांवासमीरयेत् ॥ १८ ॥

શરદ ૠતુમાં ઘૃત, વસંતમાં ચરબી તથા મજ્જા, અને વર્ષાકાળમાં તેલનો ઉપયોગ કરવો જોઇએ. અત્યંત ગરમ તથા ઠંડી ૠતુમાં સ્નેહપાન કરવું નહિ. (૧૬) ઉષ્ણ કાળમાં રાત્રીને વખતે વાત તથા પિત્તની અધિકતામાં, અને શિત કાળમાં દિવસના વખતે કફની અધિકતામાં મનુષ્યે સ્નેહપાન કરવું (૧૭) જો અત્યંત ગરમ કાળમાં વાત તથા પિત્તની અધિકતાવાળો પુરૂષ દિવસે સ્નેહપાન કરે તો તેને મૂર્છા, પિપાસા, ઉન્માદ તથા કમળાનો રોગ થાય છે. (૧૮)

शीतेरात्रौपिबेत्स्नेहंनरः श्लेष्माधिकोऽपिवा ।
आनाहमरुचिंशूलंपाण्डुतांवासमृच्छति ॥ १९ ॥

કફની અધિકતાવાળો પુરૂષ શીતકાળમાં જો રાત્રિને વખતે સ્નેહપાન કરે તો તેને આફરો, અરૂચિ, શૂળ તથા પાંડુરોગ થાય છે. (૧૯)

સ્નેહપર અનુપાન.

जल[illegible]ष्णंघृतेपेयंयूषस्तैलेऽनुशस्यते ।
वसामज्जोऽस्तुमण्डःस्यात्सर्वेषूष्णमथाम्बुवा ॥ २० ॥

ઘૃતપાન કરીને ગરમ જળ, તેલ ખાધા પછી માંસ, યૂષ, ચરબી તથા મજ્જાનું પાન કર્યા પછી માંડ અથવા સર્વ પ્રકારનાં સ્નેહપાન કર્યા પછી ઉપર ગરમ પાણી પીવું જોઇએ. (૨૦)

સ્નેહની વિચારણા.

ओदनश्चविलेपीचरसोमांसंपयोदधि । यवागूःसूपशाकौचयूषः काम्बलिकःखडः ॥ २१ ॥ सक्तवस्तिलपिष्टश्चमद्यंलेहास्तथैवच । भक्ष्यमभ्यङ्गबस्तयस्तथाचोत्तरबस्तयः ॥ २२ ॥ गण्डूषःकर्णतैलश्चनस्तःकर्णाक्षितर्पणम् । चतुर्विंशतिरित्येताः स्नेहस्यप्रविचारणाः ॥ २३ ॥

ભાત, વિલેપી (એક પ્રકારની યવાગૂ), માંસ, દુધ, દહીં, યવાગૂ, દાળ, શાક, યૂષ, કામ્બલિક ખડ, (૨૧) સતૂ, તિલપિષ્ટક, મધ, અવલેહ, ભક્ષ્ય પદાર્થ, અભ્યંગ, બસ્તિકર્મ, ઉત્તરબસ્તિ, (૨૨) ગન્ડુષ, કાનમાં તેલ નાંખવું, આંખોનું તર્પણ, આ ચોવીસ સ્નેહની વિચારણા છે. અથવા આ ચોવીસની સાથે સ્નેહન કરાવવું જોઇએ. (૨૩)

અસંયુક્ત સ્નેહનું વર્ણન.

अच्छपेयस्तुयःस्नेहोनतमाहुर्विचारणाम् ।
स्नेहस्यसभिषग्दृष्टःकल्पःप्राथमकल्पिकः ॥ २४ ॥

કેવળ સ્નેહ પીવો તેને વિચારણા કહેતા નથી, વૈદલોક તેને સ્નેહનો પ્રથમ કલ્પ કહે છે. (૨૪)

સ્નેહની ચોસઠ વિચારણા.

रसैश्चोपहतःस्नेहःसमासव्यासयोगिभिः । षड्भिस्त्रिषष्टिधासंख्याःप्राप्नोत्येकश्चकेवलः ॥ २५ ॥ एवमेषाचतुःषष्टिःस्नेहानां प्रविचारणा । सात्म्यर्तुव्याधिपुरुषान्प्रयोज्याजानताभवेत् ॥ २६ ॥

સમસ્ત (મળી ગયેલાં) તથા વ્યસ્ત (ફેલાયલાં) છ રસોના યોગથી એક સ્નેહ ૬૩ પ્રકારના થાય છે અને કેવળ સ્નેહ એક પ્રકારનો થાય છે. (૨૫) આ પ્રમાણે સ્નેહોની ૬૪ વિચારણા છે. ઋતુ, રોગ તથા પુરૂષોને જોઇને તેના પ્રયોગ કરવા જોઇએ. (૨૬)

માત્રાઓનું વર્ણન.

अहोरात्रमहःकृत्स्नमर्द्धाहञ्चप्रतीक्ष्यते । सधानामध्यमाह्रस्वास्नेहमात्राजरांप्रति ॥ २७ ॥ इतितिस्रःसमुद्दिष्टामात्राःस्नेहस्य मानतः । तासांप्रयोगान्वक्ष्यामिपुरुषंपुरुषंप्रति ॥ २८ ॥

સ્નેહની પ્રધાન માત્રા એક દિવસ તથા રાત્રિમાં, મધ્યમ માત્રા આખા દિવસમાં અને હ્રસ્વ માત્રા બે પ્હોરમાં પચે છે (૨૭) આ ત્રણુ સ્નેહની માત્રાનાં પ્રમાણ કહ્યાં હવે કયા પુરૂષને કઈ માત્રા ઉચિત છે તેજ કહેવામાં આવે છે. (૨૮)

ઉત્તમ માત્રાને યોગ્ય પુરૂષ, તથા ઉત્તમ માત્રાના ગુણ.

प्रभूतस्नेहनित्यायेक्षुत्पिपासासहानराः । पावकश्चोत्तमबलोयेषांयेचोत्तमाबले ॥ २९ ॥ गुल्मिनः सर्पदष्टाश्चविसर्पोपहताश्चये । उन्मत्ताःकृच्छ्रमूत्राश्चगाढवर्चसएवच ॥ ३० ॥ पिबेयुरुत्तमांमात्रांतस्याःपानेगुणाञ्छृणु । विकारान्शमय-

त्यथा ॥ग्रंसम्यकमयोजिता ॥ ३१ ॥ दोषा कर्षिणीमात्रासवमार्गा सारिणां । बल्या नर्नवकरीशरीरेन्द्रियचतसा ॥ ३२ ॥

હંમેશાં ઘણુાજ સ્નેહનું સેવન કરવાવાળા, ભૂખ તથા તરસને સ્હેવાવાળા તિક્ષ્ણ જઠરાગ્નિવાળા, બહુજ બળવાન (૨૯) ગુલ્મરોગી, સર્પના કરડેલા, ઝેરીવા (વિસર્પ રોગ) વાળા, ઉન્મત્તવાળા, મુત્રકચ્છવાળા, કઠિન મળવાળા પુરૂષોએ. (૩૦) સ્નેહની ઉત્તમ માત્રા પીવી જોઈએ. ઉત્તમ માત્રાના ગુણુ એ છે કે, સારી રીતે પ્રયોગ કરેલી ઉત્તમ માત્રા સર્વ વિકારોને જલ્દીથી શાંત કરે છે. (૩૧) દોષોને ખેંચે છે, સર્વ માર્ગોને પ્રાપ્ત થાય છે, બળ વધારે છે અને શરીર ઇંદ્રિય તથા ચિત્તને નવીન કરે છે. (૩૨)

મધ્યમ માત્રાને યોગ્ય પુરૂષ તથા તેના ગુણ.

अरुष्कस्फोटपीडिकाकण्डुपामाभिरर्दिताः । कुष्ठिनश्चप्रमूढाश्च वातशोणितकाश्चये ॥ ३३ ॥ नातिबह्वाशिनश्चैवमृदुकोष्ठास्तथैवच । पिबेयुर्मध्यमांमात्रांमध्यमाश्चापियेबले ॥ ३४ ॥ मात्रैषामन्दविभ्रंशानचातिबलहारिणी । सुखेनचस्नेहयतिशोधनार्थेचयुज्यते ॥ ३५ ॥

અરૂષ્ક (એક પ્રકારનો ઘા), વિસ્ફોટક, પિડિકા, ખુજલી, ખસ, કોઢ, પ્રમેહ તથા વાતરક્તવાળા, (૩૩) થોડું ભોજન કરવાવાળા, કોમળ કોઠાવાળા, અને મધ્યમ બળવાળા પુરૂષોને સ્નેહની મધ્યમ માત્રા આપવી જોઈએ. આ માત્રા થોડો જુલાબ કરનાર, બહુ બળને ન ઘટાડનાર અને સુખપૂર્વક સ્નિગ્ધ કરનાર છે. શોધનને માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. ૩૫

હ્રસ્વ માત્રાને યોગ્ય પુરૂષ.

येतुवृद्धाश्चबालाश्चसुकुमाराःसुखोचिताः । रिक्तकोष्ठत्वमहितंयेषांमन्दाग्नयश्चये ॥ ३६ ॥ ज्वरातीसारकासश्चयेषांचिरसमुत्थिताः । स्नेहमात्रांपिबेयुस्तेह्रस्वांये-चावराबले ॥ ३७ ॥ परिहारेसुखाचैषामात्रास्नेहनबृंहणी । वृष्याबल्यानिराबाधाचिरश्चाप्यनुवर्त्तते ॥ ३८ ॥

વૃદ્ધ, બાળક, સુકુમાર, સુખનો અભ્યાસી, જુલાબ આપી જેનો કોઠો શુદ્ધ કરવો યોગ્ય ન જણાય તે, મંદાગ્નિવાળા, (૩૬) જ્વર અતિસાર તથા ખાંસીના રોગ જેને જુનાં થયા હોય અને થોડું બળવાળા આવા પુરૂષોને સ્નેહની હ્રસ્વ માત્રા આપવી જોઈએ. (૩૭)

આ માત્રા આ માણસોને સુખ દેનારી, સ્નેહન, ધાતુ, વીર્ય તથા બળને વધારનારી, આધારહિત તથા બહુ વખત સુધી સેવન કરવા લાયક છે. (૩૮)

ઘૃતપાનને યોગ્ય પુરૂષ.

वातपित्तप्रकृतयोवातपित्तविकारिणः । चक्षुःकामाःक्षताःक्षीणा [illegible] बालास्तथाबलाः ॥ ३९ ॥आयुः [illegible] माश्चबलवर्णस्वरार्थिनः [illegible]र्यिष्टकामाःप्रजाकामाः

सौ माय्यार्थिनश्चये ॥ ४० ॥ नीप्त्याजःस्मृतिमेधाग्निबुद्धीन्द्रियबलार्थिनः । पिबेयुःसर्पिरात्ताश्चदाहश विषाग्निभिः ॥ ४१ ॥

વાત તથા પિત્તની પ્રકૃત્તિવાળા વાત તથા પિત્તના રોગવાળા, ટુંકી દ્રષ્ટિવાળા, ક્ષીણ, વૃદ્ધ, બાળક, નિર્બળ, (૩૯) દીર્ઘાયુને ઇચ્છનાર, બળ, વર્ણ, સ્વર, પુષ્ટતા સંતાન, અને સુકુમારતાને ઇચ્છનાર (૪૦) કાંતિ, ઓજસ, સ્મરણ શક્તિ, મેધા, અગ્નિ, બુદ્ધિ અને ઇંદ્રિયોના બળની ઇચ્છાવાળાને તથા દાહ, શસ્ત્ર, વિષ, અગ્નિથી પીડીત મનુષ્યોને ધૃત પાયા કરવું જોઇએ. (૪૧)

તૈલપાનને યોગ્ય વ્યક્તિ.

प्रवृद्धश्लेष्ममेदस्काश्चलस्थूलगलोदराः । वातव्याधिभिराविष्टावातप्रकृतयश्चये ॥ ४२ ॥ बलंतनुत्वंलघुतांदृढतांस्थिरगात्रताम् । स्निग्धश्लक्ष्णतनुत्वक्तांयेचकांक्षन्तिदेहिनः ॥ ४३ ॥ कृमिकोष्ठाःक्रूरकोष्ठास्तथानाडीभिरर्दिताः । पिबेयुः-शीतले कालेतैलंतैलोचिताश्चये ॥ ४४ ॥

અધિક કફ તથા મેદવાળા, ચંચળ તથા સ્થૂળ ગળા તથા ઉદરવાળા, વાત રોગથી પીડીત, વાત પ્રકૃતિવાળા (૪૨) બળ, સૂક્ષ્મતા લઘુતા, દ્રઢતા, અંગોની સ્થિરતા, ત્વચાની સ્નિગ્ધતા, સ્લક્ષ્ણ તથા સૂક્ષ્મતાને ઇચ્છવાવાળા (૪૩) કૃમિવાળા, તથા કઠોર હોઠવાળા, નાસુરવાળા, પુરૂષોએ શીતકાળમાં તેલ પીવું જોઇએ અને તેલના અભ્યાસવાળાએ પણ તેલ પીવું જોઈએ. (૪૪)

વસાપાનને યોગ્ય પુરૂષ.

वातातपसहायेचरूक्षाभाराध्वकर्षिताः । संशुष्करेतोरुधिरानिष्पीतकफमेदसः ॥ ४५ ॥ अस्थिसन्धिशिरास्नायुमर्मकोष्ठमहारुजः । बलवान्मारुतोयषांखानि-चावृत्यतिष्ठति ॥ ४६ ॥ महच्चाग्निबलंयेषांवसासात्म्याश्चयेनराः । तेषांस्नेहयि-तव्यानांवसापानंविधीयते ॥ ४७ ॥

વાયુ, તથા ધુપને સ્હેવાવાળા રૂક્ષ, ભાર તથા માર્ગથી પીડીત શુષ્ક રૂધીર તથા વિર્યવાળા ન્યૂન કફ તથા મેદવાળા, હાડકાં, સાંધા, માથું સ્નાયુ મર્મ તથા કોઠામાં અત્યંત પીડાવાળા, બળવાન વાયુથી ભરાયેલા છીદ્રવાળા, તિક્ષ્ણ અગ્નિવાળા અને ચરબીના અ-ભ્યાસવાળા મનુષ્યોને જો સ્નેહ પીવરાવવો હોય તો ચરબી પીવરાવવી. (૪૫–૪૬–૪૭).

મજ્જાપાનને યોગ્ય પુરૂષ.

दीप्ताग्नयःक्लेशसहाघस्मराः स्नेहसेविनः ।
वातार्त्ताःक्रूरकोष्ठाश्चस्नेह्यामज्जानमाप्नुयुः ॥ ४८ ॥

જેનો અગ્નિ બળવાન હોય, જે ક્લેશ સહી શકતો હોય, બહુજ ખાતો હોય, સ્ને-હના અભ્યાસવાળો હોય, વાતથી પીડીત હોય, કઠીન કોઠાવાળા જે મનુષ્ય સ્નેહને યોગ્ય હોય એવા મનુષ્યોને મજ્જાનો પ્રયોગ કરાવવો. ૪૮.

સ્નેહ પાનની અવધિ.

येभ्योयेभ्योहितोयोयःस्नेहःसपरिकीर्तितः ।
स्नेनस्यमकर्षांतुसप्तरात्रत्रिरात्रकौ ॥ ४९ ॥

જે મનુષ્યોને જે જે સ્નેહ હિતકારી હોય તેનું કથન કરવામાં આવે છે. સ્નેહ કર્મમાં સ્નેહની અધિકતા થવાથી અગર ન્યુનતા થવાથી સાતમે દિવસે અગર ત્રીજા દિવસના અંતરે સ્નેહપાન કરાવવું. ૪૯.

સ્નેહ કર્મને યોગ્ય પુરૂષ.

स्वेद्याःशोधयितव्याश्च रूक्षवात विकारिणः ।
व्यायाममद्यस्त्रीनित्याःस्नेह्याःस्युर्येचचिन्तकाः ॥ ५० ॥

સ્વેદને યોગ્ય, શોધનને યોગ્ય, રૂક્ષવાત રોગી, વ્યાયાયામ મદ્ય તથા સ્ત્રીઓનું નિત્ય સેવન કરવાવાળા અગર ચિંતાગ્રસ્ત મનુષ્યોને સ્નેહપાન કરાવવું. ૫૦.

સ્નેહ કર્મને અયોગ્ય પુરૂષ.

संशोधनादृतेयेषां रूक्षणंसंप्रवक्ष्यते । नतेषांस्नेहनंशस्तमुत्सन्नकफमेदसाम् ।५१। अभिष्यन्दाननगुदानित्यमन्दाग्नयश्चये । तृषामूर्च्छापरीताश्चगर्भिणयस्तालु शोषिणः ॥ ५२ ॥ अन्नद्विषश्छर्दयन्तोजठरामगरार्दिता । दुर्बलाश्चप्रतान्ताश्चस्नेहग्लानामदातुराः ॥ ५३ ॥ नस्नेह्यावर्त्तमानेषुननस्तोवस्तिकर्मसु स्नेहपानात्प्रजायन्तेतेषांरोगाःसुदारुणाः ॥ ५४ ॥

શોધન સિવાય રૂક્ષણને યોગ્ય, અધિક કફ તથા મેદવાળાને સ્નેહપાન સારૂં નથી. ૫૧ મુખ તથા ગુદાના રોગવાળા, હંમેશાં મંદાગ્નિવાળા, તૃષા તથા મૂર્છાવાળા, ગર્ભિણી સ્ત્રી, તાળુશોષવાળા, (૫૨) અરૂચી, છર્દી (ઉલટી) તથા ગ્લાનીવાળા, ઉદર અગર આમાશયના રોગવાળા, દુર્બળ સ્નેહથી મ્લાન અને મતવાળા (૫૩) ને સ્નેહપાન કરાવવું જોઇએ નહિ. તેને સ્નેહપાન કરાવવાથી ભયંકર રોગ ઉત્પન્ન થાય છે. નસ્ય તથા બસ્તિ ક્રિયામાં પણ સ્નેહપાન નિષિદ્ધ છે. ૫૪

અસ્નિગ્ધનાં લક્ષણ.

पुरीषंग्रथितंरूक्षंवायुरप्रगुणोमृदुः ।
पक्षाखरत्वंरौक्ष्यञ्चगात्रस्यास्निग्धलक्षणम् ॥ ५५ ॥

અંગોને સ્નિગ્ધ ન થવાનાં આ લક્ષણ છે. જેમકે મળની કઠીનતા તથા રૂક્ષતા, વાયુનું ઉલટું થવું, મંદાગ્નિ અને શરીરનું ખુર ખુરાપન તથા રૂક્ષ થવું. ૫૫.

સમ્યક સ્નિગ્ધનાં લક્ષણ.

वातानुलोम्यंदीप्तोग्निर्वर्चःस्निग्धमसंहतम् ।
मार्दवंस्निग्घताचाङ्गेस्निग्धानामुपजायते ॥ ५६ ॥

સારી રીતે સ્નેહપાન કરવાથી વાયુનું પોતાના માર્ગને અનુસાર થવું, મળનું ગ્ય

તથા અકઠોર થવું. અગ્નિનું પ્રદિપ્ત થવું અને અંગોનું સ્નિગ્ધ તથા કોમળ થસ્નિગ્ધ લક્ષણ થાય છે. ૫૬.

અતિસ્નિગ્ધનાં લક્ષણ.

पाण्डुतागौरवंजाड्यंपुरीषस्याविपक्वता ।
तन्द्रीररुचिरुत्क्लेशःस्यादतिस्निग्धलक्षणम् ॥ ५७ ॥

પાંડુતા, ભારેપણું, જડતા, મળનું ન પાકવું, તંન્દ્રા, અરૂચિ, અને અમુઝણ આ અધિક સ્નેહ પાનનાં લક્ષણ છે. ૫૭.

સ્નેહ પાનનાં પૂર્વ કર્તવ્ય કર્મ.

द्रवोष्णमनभिष्यन्दिभोज्यमन्नं प्रमाणतः ।
नातिस्निग्धमसंकीर्णंश्वःस्नेहंपातुमिच्छता ॥ ५८ ॥

સ્નેહ પાનના એક દિવસ પહેલાં પાતળું, ઉષ્ણ અભિષ્યન્દ રહિત, અલ્પ સ્નિગ્ધ અસંકીર્ણ તથા થોડા અન્નનું ભોજન કરવું.૫૮

સ્નેહ પાન પછીનાં કર્મ.

पिबेत्संशमनंस्नेहमन्नकाले प्रकांक्षितः ।
शुद्धयर्थंपुनराहारेनैशेजीर्णेपिबेन्नरः ॥ ५९ ॥

ભોજનના વખતે બહુજ ભૂખ લાગે ત્યારે સંશમન સ્નેહ પીવું અને રાત્રીએ કરેલું ભોજન પચી ગયા પછી સંશોધન સ્નેહપાન કરવું. ૫૯

પીત્ત સ્નેહ વ્યક્તિનાં કર્તવ્ય કર્મ.

उष्णोदकोपचारीस्याद्ब्रह्मचारीक्षपाशयः शकृन्मूत्रानिलोद्गारानुदीर्णांश्चनधारयेत् ॥ ६० ॥ व्यायाममुच्चैर्वचनंक्रोधशोकौहिमातपौ । वर्जयेदप्रवातश्चसेवेतशयनासनम् ॥ ६१ ॥

સ્નેપાન કરીને ગરમ પાણી પીવું જોઇએ, ઇંદ્રિયોને વશમાં રાખવી દિવસે સુવું નહિ, મળ, મૂત્ર અને ઓડકારના વેગને રોકવો, વ્યાયામ, ઉંચું બોલવું, ક્રોધ, શોક, હિમ, અને ધુપનો ત્યાગ કરવો, જે સ્થાનમાં અધિક પવન ન લાગતો હોય તેવા સ્થળમાં બેસવું અગર સુવુ. ૬૦–૬૧.

અધિક સ્નેહપાનના દોષ.

स्नेहंपीत्वानरःस्नेहंप्रतिभुञ्जानएवच ।
स्नेहमिथ्योपचाराद्विजायन्तेदारुणागदाः ॥ ६२ ॥

સ્નેહ પીધા પછી તેના પચ્યા સિવાય ફરી સ્નેહ પીવાથી સ્નેહથી અનુચિત વ્યવહાર થવાથી ભયંકર રોગ ઉત્પન્ન થાય છે. ૬૨.

કોઠાનુસાર સ્નેહપાન વિધિ.

मृदुकोष्ठस्त्रिरात्रेणस्निह्यत्यच्छोपसेवया ।
स्निह्यतिक्रूरकोष्ठस्तुसप्तरात्रेणमानवः ॥ ६३ ॥

કેવળ સ્નેહપાન કરવાથી શુદ્ધ કોઠાવાળા ત્રણ રાત્રીમાં અને ક્રુર કોઠાવાળા સાત રાત્રિમાં સ્નિગ્ધ થાય છે. ૬૩.

મૃદુ કોઠાવાળાને વિરેચન દ્રવ્ય.

गुडमिक्षुरसं मस्तुक्षीरमुल्लोडितंदधि । पायसंकृसरंसर्पिःकाश्मर्यत्रिफलारसम् ॥ ६४ ॥ द्राक्षारसंपीलुरसंजलमुष्णमथापिवा । मद्यंवातरुणंपीत्वामृदुकोष्ठोविरिच्यते ॥ ६५ ॥ विरेचयन्तिनैतानिक्रूरकोष्ठंकदाचन । भवतिक्रूरकोष्ठस्यग्रहण्यत्युल्वणानिलाः ॥ ६६ ॥

ગોળ, ઇક્ષુરસ, દહીંની તોર, દુધ, અર્ધું વલોવેલું દહીં, ખીર, ખીચડી, ઘી, શીવણ તથા ત્રીફળાનો રસ, (૬૪) દ્રાક્ષરસ, પીલુરસ, ઉષ્ણજળ, અથવા નવું મધ એઓને પીવાથી કોમળ કોઠાવાળાને વિરેચન થાય છે. (૬૫) પણ આથી ક્રુર કોઠાવાળાને વિરેચન કદી થતું નથી. કારણ કે ક્રુર કોઠાવાળાની ગ્રહણીમાં અધિક વાયુ હોય છે. ૬૬.

મૃદુ કોઠાવાળાનાં લક્ષણ.

उदीर्णपित्ताल्पकफाग्रहणीमन्दमारुता ।
मृदुकोष्ठस्यतस्मात्ससुविरेच्योनरःस्मृतः ॥ ६७ ॥

અધિક પિત્તવાળી અને ન્યુન કફ તથા વાયુ વાળી ગ્રહણી જેની હોય છે તેનો કોઠો કોમળ હોય છે. આથી તેને વિરેચન સુખપૂર્વક થાય છે. ૬૭.

સ્નેહયુક્ત અગ્નિનું તિવ્રત્વ.

उदीर्णपित्ताग्रहणोयस्यचाग्निबलंमहत् । भस्मीभवतितस्याशुस्नेहःपीतोऽग्नितेजसा ॥ ६८ ॥ सजग्ध्वास्नेहमात्रांतामोजःप्रक्षालयन्बली । स्नेहाग्निरुत्तमांतृष्णांसोपसर्गामुदीरयेत ॥ ६९ ॥ नालंस्नेहसमृद्धस्यशमायान्नंसुगुर्वपि ॥ सचेत्सुशीतंसलिलंनासादयतिदह्यते ॥ ७० ॥

જેની ગ્રહણી અધિક પિત્તવાળી હોય તથા અગ્નિનું બળ અધિક હોય, તેણે પાન કરેલું સ્નેહ અગ્નિના તેજથી જલદીથી ભષ્મ થઇ જાય છે. ૬૮ ફરી સ્નેહની માત્રાને ખાઇ ઓજને ક્ષીણ કરી બળવાન સ્નેહનો અગ્નિ ઉપદ્રવ સહિત ઘણી તૃષાને ઉત્પન્ન કરે છે. ૬૯. ઘણુ ભારે અન્ન ખાવાથી પણ તે અગ્નિ શાંત થતો નથી જો તે વખતે ઠંડુ પાણી ન મળે તો શરીરની ધાતુઓને એવી રીતે ભષ્મ કરે છે કે જેમ તૃણોની વચમાં આવેલ સર્પ પોતાના ઝેરની અગ્નિથી ભષ્મ થઇ જાય છે. ૭૦

અજીર્ણ સ્નેહપાનમાં ઉપાય.

यथैवाशीविषः कक्षमध्यगःस्वविषाग्निना । अजीर्णेयदितुस्नेहेतृषास्याच्छर्दयेद्भिषक् ॥ ७१ ॥ शीतोदकंपुनःपीत्वा भुक्त्वारूक्षान्नमुल्लिखेत् । नसर्पिःकेवलेपित्तेपेयंसामेविशेषतः ॥ ७२ ॥ सर्वंह्यनुचरेद्देहं हत्वासंज्ञाश्चमारयेत् । तन्द्रासोत्क्लेशआनाहोज्वरःस्तम्भोविसंज्ञता ॥ ७३ ॥

જો સ્નેહના પચ્યા સિવાય તૃષા ઉત્પન્ન થાય તો વૈદે વમન કરાવવું જોઇએ. ૭૧ અને શીતળ જળ પીઈ તથા રૂક્ષ અન્ન ખાઇને પછી વમન કરવું, કેવળ પિત્તમાં અગર વિશેષે કરીને આમ સહિત પિત્તમાં ધૃત ન પીવું. કેમકે તે સ્નેહ સર્વ શરીરમાં વ્યાપ્ત થઇને સંજ્ઞાને નષ્ટ કરીને મુનુષ્યનું મૃત્યું કરે છે. ૭૨–૭૩.

સ્નેહ ભ્રમના ઉપદ્રવ.

कोष्ठानिकण्डुःपाण्डुत्वंशोफार्शास्यरुचिस्तृषा । जठरंग्रहणीदोषःस्तैमित्यंवाक्यनिग्रहः ॥ ७४ ॥ शूलमामप्रदोषाश्चजायतेस्नेहविभ्रमात् । तत्राप्युल्लेखनंशस्तंस्वेदःकालप्रतीक्षणाम् ॥ ७५ ॥ प्रतिपत्तिर्व्याधिबलंबुद्धास्रंसनमेवच । तक्रारिष्टप्रयोगश्चरूक्षपानान्नसेवनम् ॥ ७६ ॥ मूत्राणांत्रिफलायाश्चस्नेहव्यापत्तिभेषजम् । अकालेचाहितश्चैवमात्रयानचयोजितः ॥ ७७ ॥

સ્નેહપાન બરોબર ન કરવાથી તેમજ તેમાં ચરી ન પાળવાથી તંદ્રા, ઉત્કલેશ, આફરો, તાવ, મળમૂત્રનું રોકાવું, જડતા, બેહોશી, કોઢ, ખુજલી, પાંડુ, શોથ, અર્શ અરૂચિ, તરસ, ઉદરરોગ, ગૃહણી, શરીરમાં ગીલાપણું, બોલવું બંધ થવું, શૂળ, આમદોષ, આ ઉપદ્રવ થાય છે. આ રોગોમાં વમન કરાવવું, અથવા સ્વેદ સ્નેહ હોય તો જીર્ણ થવાની પ્રતિક્ષા કરવી અને વ્યાધિના બળાબળનો વિચાર કરી દોષોને દુર કરવા, છાસ, અરિષ્ટ, રૂક્ષ અન્નપાન તથા ગોમુત્ર અને ત્રિફળાનું સેવન કરવું હિતકારી છે. સમય સિવાય અથવા અહિતકારી અગર અતિમાત્રાથી સ્નેહપાન કરવાથી અથવા સ્નેહપાનના મિથ્યાયોગ થવાથી સ્નેહ વ્યાપ્તિ થાય છે. ૭૪–થી ૭૭.

સ્નેહપાનમાં વિરેચન વિધિ.

स्नेहोमिथ्योपचाराच्चव्यापद्येतातिसेवितः स्नेहात्प्रस्कन्दनोजन्तुस्त्रिरात्रोपरतःपिबेत् ॥ ७८ स्नेहवद्द्रवमुष्णञ्चत्र्यहंभूक्त्वारसौदनम् । एकाहोपरतस्तद्वद्भुक्त्वाप्रच्छर्दनंपिबेत् ॥ ७९ ॥

વિધિ સિવાય સ્નેહપાન કરવાથી જો રોગ ઉત્પન્ન થાય તો ત્રણ દિવસ સ્નેહનો ત્યાગ કરવો અને સ્નિગ્ધ, પાતળા તથા ઉષ્ણ માંસના રસની સાથે ભાતને ખાઇને વિરેચનની ઔષધિ પીવી. જો ઉલટીની ઔષધિ પીવી હોય તો એક દિવસનું અંતર આપી આ પ્રકારનું ભોજન કરીને પીવી. ૭૮–૭૯.

સ્નેહમાં મેળવવા યોગ્ય ગુણ.

स्यात्तुसंशोधनार्थाय वृत्तिःस्नेहेविरिक्तिवत् । स्नेहद्विषःस्नेहनित्यामृदुकोष्ठाश्चयेनराः ॥ ८० ॥ क्लेशासहामद्यनित्यास्तेषामिष्टाविचारणा । लावतैत्तिरिमायूरंहंसवाराहकौक्कुटाः ॥ ८१ ॥ गव्यजोरभ्रमात्स्याश्चरसाःस्वस्नेहनेहिताः

यवकोल त्थाश्चस्नेहाःस डशर्कराः ॥ ८२ ॥ दाडिमंदधिसव्योषं ससंयागसंग्रहः । ...लाःपूर्वजग्धाःसस्नेहफाणिताः ॥ ८३ ॥

જેને સ્નેહપાનથી દ્વેશ થાય, જે હંમેશાં સ્નેહ પીતા હોય, જે મૃદુ કોઠાવાળા હોય, જે કલેશને સહી શકતા હોય, તેને અને હંમેશાં મદ્યપાન કરનારા મનુષ્યોને બીજા દ્રવ્યોની સાથે સ્નેહપાન કરાવવું જોઇએ. લવા, તીતર, મોર, હંસ, શૂકર, મુરગાં, ગાય બકરી, ઘેટું, અને માછલીના માંસનો રસ સ્નેહની સાથે હિતકારી છે. ૮૦-૮૧-૮૨. જવ, બોરકુલથી ગોળ, સાકર, દાડીમનો રસ, દહી અને ત્રિકટુના રસની સાથે સ્નેહપાન કરાવવું ઉચિત છે. ભોજનની પહેલાં, સ્નેહ તથા રાબની સાથે તલને ખાવાથી શરીરને ચીકણું કરે છે. ૮૩.

कृशराश्च ब स्नेहास्तिलकाम्बलिकास्तथा ॥ फाणितंशृङ्गवेरश्चतैलञ्चसुरयासह ॥ ८४ ॥ पिबेद्रूक्षोघृतैर्मांसैर्जीर्णेऽश्नीयाच्चभोजनम् । तैलंसुरायामण्डेनवसांमज्जानमेववा ॥ ८५ ॥ पिबेत्सफाणितंक्षीरंनरःस्निह्यतिवातिकः । धारोष्णंस्नेहसंयुक्तंपीत्वासलवणंपयः ॥ ८६ ॥

અને ખીચડી, કામ્બલીક તથા તલ, બહુજ સ્નેહની સાથે ખાવાથી સ્નેહન હોય છે. મદ્યની સાથે રાબ, સુંઠ, તથા તેલ અને ધૃત યુક્ત માંસનો રસ રૂક્ષ પુરૂષે પીવો અને ફરી તેના પચી ગયા પચી ધૃત અને માંસની સાથે ભોજન કરવું, મંડની સાથે તેલને, વારૂણી મદિરાની સાથે, ચરબી અથવા મજ્જાને અને રાબની સાથે દુધને પીવાથી વાત પ્રકૃતિવાળા મનુષ્ય સ્નિગ્ધ થાય છે. સ્નેહ તથા સાકર સાથે, તાજું દુધ મેળવીને પીવું.૮૪-૮૬.

સ્નિગ્ધ કરવું.

नरःस्नेह्यतिपीत्वावासरंदध्नःसफाणितम् । पाञ्चप्रसृतिकींपेयापायसोमाषमिश्रकः ॥ ८७ ॥ क्षीरसिद्धोबहुस्नेहः स्नेहयेदचिरान्नरम् । सर्पिस्तैलवसामज्जातण्डुलप्रसृतैःकृता ॥ ८८ ॥ पाञ्चप्रसृतिकींपेया पेयास्नेहनमिच्छता । ग्राम्यानुपोदकंमांसंगुडंदधिपयस्तिलान् ॥ ८९ ॥ कुष्ठीशोषीप्रमेहीच स्नेहनेनप्रयोजयेत् । स्नेहैर्यथास्वंतान्सिद्धैःस्नेहयेदविकारिभिः ॥ ९०॥

અથવા રાબની સાથે દહીંની મલાઇને ખાવાથી મનુષ્ય સ્નિગ્ધ થાય છે. પાંચ પ્રસૃતિની પેયા અને બહુજ સ્નેહ યુક્ત અડદથી બનાવેલી ખીર પીવાથી મનુષ્ય જલ્દીથી સ્નિગ્ધ થાય છે. ઘી, તેલ, ચરબી, મજ્જા તથા ચોખા બબે છટાંક લેઇ એકઠા કરી પકાવવી તેને પાંચ પસૃતિની પેયા કહે છે. શરીરને ચિકણું કરવાની ઈચ્છાવાળાએ આ પેયા પીવી. ગ્રામ્ય પશુ, અનુપ દેશનાં પશુ તથા જળના જીવોનું માંસ, ગોળ, દહીં, દુધ અને તલનો કોષ્ટવાળા તથા પ્રમેહવાળાએ સ્નેહનમાં ઉપયોગ ન કરવો કેમકે તે તેમના રોગોને વધારે છે જેથી તેમણે પોતાના રોગોને હિતકારી, વિકાર રહિત ઔષધિઓની સાથે સ્નેહને સિદ્ધ કરીને પાન કરવું જોઇએ. ૮૭-૮૮-૮૯-૯૦.

पिप्पलीभिर्हरीतक्यासिद्धं त्रिफलयापिवा ।
द्राक्षामलकयूषाभ्यांदध्नाचाम्लेनसाधयेत् ॥ ९१ ॥

તેને પીંપળ, હરડે, અને ત્રિફલાની દ્રાક્ષ તથા આમળાંના યુષની સાથે અને દહી તથા ખટાઇની સાથે સિદ્ધ કરવું. ૯૧.

व्योषगर्भंभिषक्स्नेहं पीत्वास्निह्यतितन्तरः । यवलोककुलत्थानांरसाःक्षीरंसुरा-दधि ॥ ९२ ॥ क्षारःसर्पिश्चतत्सिद्धंस्नेहनीयंघृतोत्तमम् । तैलमज्जावसासर्पिर्ब-दरीत्रिफलारसैः ॥ ९३ ॥ योनिशुक्रप्रदोषेषु साधयित्वाप्रयोजयेत् । गृह्णात्य-म्बुयथावस्त्रंप्रस्रवत्यधिकंयथा ॥ ९४ ॥ यथाग्निर्जीर्यतिस्नेहस्तथास्रवतिचा-धिकः । यथावाक्लेद्यमृत्पिण्डमासिक्तंत्वरयाजलम् ॥ ९५ ॥ स्रवतिस्रंसतेस्नेह-स्तथात्वरितसेवितः । लवणोपहिताःस्नेहाःस्नेहयन्त्यचिरान्नरम् ॥ ९६ ॥ तद्ध्यभिष्यन्द्यरूक्षञ्च सूक्ष्ममुष्णंव्यवायिच । स्नेहमग्रेप्रयुञ्जीततःस्वेदमन-न्तरम् ॥ स्नेहस्वेदोपपन्नस्यसंशोधनमथेतरमिति ॥ ९७ ॥

ત્રિકુટની સાથે સ્નેહને પીવાથી કુષ્ઠાદિ રોગવાળા સ્નિગ્ધ થાય છે. જવ, બોર તથા કુલથીનો રસ, દૂધ મદિરા દહીં (૯૨) અને ક્ષાર તેનાથી તૈયાર કરેલું ઘી બહુજ ઉત્તમ સ્નેહન છે. બોર તથા ત્રિફળાના રસની સાથે તેલ મજ્જા, ચરબી તથા ઘીનો પાક કરીને યોની તથા વિર્યના રોગોમાં ઉપયોગ કરવો. જેમ વસ્ત્ર પાણીને ચુસી લે છે અને જળ વધારે હોય તો નિચોવી નંખાય છે. તેમ અગ્નિ, પીધેલા સ્નેહને પચાવે છે. જો સ્નેહ વધુ હોય તો મળદ્વારા નીકળી જાય છે. જેમ માટીના ઢગલામાં અધિક પાણી પડવાથી તેને ભીની કરીને વધારાનું પાણી બહાર જતું રહે છે તેમ મનુષ્યના શરીરમાં અધિક સ્નેહ જીર્ણ ન થતાં બહાર નીકળી જાય છે. ૯૨–૯૩–૯૪–૯૫. લવણ (મીઠા) યુક્ત સ્નેહ મનુષ્યને જલ્દીથી સ્નિગ્ધ કરે છે. તે અભિષ્યન્દિ, સૂક્ષ્મ, ઉષ્ણ અને જલદીથી વ્યાપક થઇ જાય છે. પ્રથમ સ્નેહન અને ફરી સ્વેદન, ફરી વમન, ત્યાર પછી જુલાબ અને સર્વની પછી નસ્ય કર્મ વિગેરેથી શિરો વિરેચન કરવું. ૯૬–૯૭.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोकः

स्नेहविधिःकृत्स्नव्यापत्सिद्धिःसभेषजा ।
यथाप्रश्नंभगवताव्याहृतंचान्द्रभागिना ॥ ९८ ॥

આમાં આ શ્લોક છે. આ સ્નેહાધ્યાયમાં અગ્નિવેશના પ્રશ્નને અનુસાર આત્રેયજીએ સ્નેહ અને સ્નેહની સર્વ વિધિ, સ્નેહપાનથી થનાર રોગ અને તેની ઔષધિ આ સર્વ વાતો કહી. ૯૮

इति अग्निवेश कृते तंत्रे चरकप्रति संस्कृते ।
स्नेहाध्याय नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ સ્નેહાધ્યાય નામનો ત્રયોદશોઽધ્યાય સમાપ્ત થયો.

चतुर्दशोऽध्याय.

अथातःस्वेदाध्यायं व्याख्यास्यामः । इति हस्माहभगवानात्रेयः ।

આ ઉપરાંત સ્વેદાધ્યાયનું વર્ણન કરૂં છું. આ પ્રમાણે ભગવાન્ આત્રેયજીએ કહ્યું.

अतःस्वेदाःप्रवक्ष्यन्ते यैर्यथावत्प्रयोजितैः ।
स्वेदसाध्याःप्रशाम्यन्तिगदावातकफात्मकाः ॥ १ ॥

આ ઉપરાંત હું સ્વેદોનું વર્ણન કરૂં છું જેના વિધિપૂર્વક વ્યવહારથી સ્વેદસાધ્ય વાતકફજન્ય રોગ શાન્ત થાય છે. ૧

स्नेहपूर्वप्रयुक्तेनस्वेदेनावर्जितेऽनिले । पुरीषमूत्ररेतांसिनसज्जन्तिकथञ्चन ॥२॥
शुष्काण्यपिहिकाष्ठानिस्नेहस्वेदोपपादनैःनमयन्तियथान्यायंकिंपुनर्जीवतोनरान् ३

પ્રથમ સ્નેહન કરીને પછીથી સ્વેદન (નાસ દેવો, પરસેવો લેવરાવવાથી) કરવાથી વાયુ શાંત થવાથી મલ મૂત્ર તથા વિર્યનું નીકળવું બંધ થતું નથી. ૨. સુકું લાકડું પણ સ્નેહન અને સ્વેદનથી કોમળ થઇ જાય છે તો જીવધારી મનુષ્યોને તેથી ગુણ થાય તેમાં શું આશ્ચર્ય છે? ૩.

સ્વેદનથી કાર્ય સિદ્ધિ.

रोगर्तुव्याधितापेक्षोनात्युष्णोऽतिमृदुर्नच ।
द्रव्यवान्कल्पितोदेशेस्वेदःकार्य्यकरोमतः ॥ ४ ॥

રોગ, ૠતુ તથા રોગીને અનુસાર વ્યવહાર ઉપયોગ કરે તો બહુજ ઉષ્ણ તથા બહુજ કોમળ દ્રવ્યવાળા અને ઉચિત સ્થાનમાં પ્રયોગ કરવામાં આવે તો સ્વેદન હિતકારી છે. ૪.

સ્વેદનના ભેદ.

व्याधौशीतेशरीरेच महान्स्वेदोमहाबले ।
दुर्बलेदुर्बलःस्वेदोमध्यमेमध्यमोहितः ॥ ५ ॥

જે રોગમાં શરીર ઠંડુ પડી જાય તેમાં જો રોગીનું શરીર બળવાન હોય તો મહા સ્વેદ અને જો દુર્બલ હોય તો દુર્બલ સ્વેદ અને મધ્યમ હોય તો મધ્યમ સ્વેદ આપવાથી હિતકારી છે. ૫.

રોગાનુસાર સ્વેદન વિધિ.

वातश्लेष्मणिवातेवा कफेवास्वेदइष्यते ।
स्निग्धरूक्षस्तथास्निग्धोऽरूक्षष्वाप्युपकल्पितः ॥ ६ ॥

કફજન્યવાતક રોગમાં સ્નિગ્ધ તથા રૂક્ષ સ્વેદ, વાતજ રોગમાં સ્નિગ્ધ સ્વેદન અને કફજ રોગમાં રૂક્ષ સ્વેદનો પ્રયોગ કરવો જોઇએ. ૬.

आमाशयगतेवाते कफेपक्वाशयाश्रिते ।
रूक्षपूर्वोहितःस्वेदःस्नेहपूर्वस्तथैवच ॥ ७ ॥

આમાશયમાં વાયુ પેદા થાય તો પ્રથમ રૂક્ષ, ફરી સ્નિગ્ધ સ્વેદ કરવો કેમકે આમાશય કફનું સ્થાન છે. આ પ્રકારે જો કફ પકવાશયમાં હોય તો પ્રથમ સ્નિગ્ધ સ્વેદ કરીને પછી રૂક્ષ સ્વેદ કરવો. ૭.

સ્વેદનના અયોગ્ય અંગ.

वृषणौहृदयंदृष्टिस्वेदयेन्मृदुनैववा ।
मध्यमंवंक्षणौशेषमङ्गावयवमिष्टतः ॥ ८ ॥

અંડકોશ, હૃદય અને નેત્રોમાં સ્વેદન કરવું ઉચિત નથી. જો કોઈ કારણથી આવશ્યકતા જણાય તો મૃદુ સ્વેદ કરવો. અને વંક્ષણમાં સ્વેદ કરવો હોય તો મધ્યમ સ્વેદ કરવો. અને બીજા અંગોમાં જેમ યોગ્ય લાગે તેમ સ્વેદન કરવો. ૮.

નેત્રમાં સ્વેદન વિધિ.

सुशुद्धैर्नक्तकैःपिण्ड्यागोधूमानामथापिवा ।
पद्मोत्पलपलाशैर्वास्वेद्यःसंवृत्यचक्षुषी ॥ ९ ॥

શુદ્ધ સ્વચ્છ નરમ વસ્ત્રથી અને ઘઉંના મેંદાની લાહીથી અથવા કમલના પત્રથી નેત્રોને ઢાંકી માથા વિગેરેમાં સ્વેદ કરવો, તાત્પર્ય એ છે કે સ્વેદન કરવાથી નેત્રોમાં ગરમી થાય નહિ. ૯.

मुक्तावलीभिःशीताभिःशीतलैर्भोजनैरपि ।
जलार्द्रैर्जलजैर्हस्तैःस्विद्यतोहृदयंस्पृशेत् ॥ १० ॥

જેને સ્વેદ આપવામાં આવ્યો હોય તેના હૃદયપર ઠંડી મોતીઓની માળા, શીતળપાત્ર, પાણીમાં ભીંજવેલ કમલ અથવા ઠંડા હાથ રાખવા જોઈએ. ૧૦

शीतशूलव्युपरमेस्तम्भगौरवनिग्रहे ।
सञ्जातेमार्दवेस्वेदेस्वेदनाद्विरतिर्मता ॥ ११ ॥

સ્વેદ દેતાં શીત, શૂળ, જડતા તથા શરીરનું ગૌરવ ઓછું થવા માંડે તો સ્વેદ દેવો બંધ કરવો, ૧૧.

पित्तप्रकोपोमूर्च्छाचशरीरसदनंतृषा ।
दाहस्वेदाङ्गदौर्बल्यमतिस्निग्धस्यलक्षणम् ॥ १२ ॥

અધિક સ્વેદ (પરસેવો) દેવાથી પિત્તનો કોપ, મૂર્છા, શરીરમાં શિથિલતા, તૃષા, દાહ, પરસવો અને શરીરમાં દુર્બળતા આ લક્ષણો થાય છે. ૧૨

उक्तस्तस्याश्रितीयेयोग्रैष्मिकःसर्वशोविधिः ।
सोऽतिस्विन्नस्यकर्तव्योमधुरःस्निग्धशीतलः ॥ १३ ॥

. તસ્યાશિતિય નામના (છઠા) અધ્યાયમાં જે ગ્રીષ્મ ૠતુની વિધિ કહી છે તે સંપૂર્ણ, મધુર, સ્નિગ્ધ તથા શિતળ વિધિ અધિક સ્વેદવાળાને કરવી જોઈએ. ૧૩

સ્વેદન કર્મને યોગ્ય રોગી.

कषायमद्यनित्यानांगर्भिण्यारक्तपित्तिनाम् । पित्तिनांसातिसाराणांरूक्षाणांमधुमेहिनाम् ॥ १४ ॥ विदग्धभ्रष्टनाडीनांविषमद्यविकारिणाम् । श्रान्तानांनष्टसंज्ञानांस्थूलानांपित्तमेहिनाम् ॥ १५ ॥ तृष्यतांक्षुधितानाञ्चक्रुद्धानांशोचतामपि । कामल्युदरिणाञ्चैवक्षतानामाढ्यरोगिणाम् ॥ १६ ॥दुर्बलातिविशुष्काणामुपक्षीणौजसांतथा । भिषक्तैमिरिकाणाञ्चनस्वेदमवतारयेत् ॥ १७ ॥

કષાય તથા મધને નિત્ય સેવન કરવાવાળા, ગર્ભિણી સ્ત્રી, રક્તપિત્તવાળા, પિત્ત પ્રકૃતિ વાળા, અતિસારવાળાં, રૂક્ષ, મધુ પ્રમેહવાળા. (૧૪) વિદગ્ધ, તથા ભ્રષ્ટ નાડીવાળા, ઝેર તથા મદ્યના વિકારવાળા, શ્રાન્ત, સંજ્ઞારહિત, સ્થુળ, પિત્તજ પ્રમેહવાળા ૧૫. તરસ્યા, ભુખ્યા, શોકયુક્ત, કમળો તથા ઉદર રોગવાળા, ધાવવાળા, આઢ્ય વાતવાળા ૧૬. દુર્બળ, અત્યંત શુષ્ક શરીરવાળા, ક્ષીણઓજવાળા, અને તિમીરવાળાને વૈદે સ્વેદન કરાવવું નહિ ૧૪–૧૫–૧૬–૧૭.

સ્વેદનને યોગ્ય રોગ.

प्रतिश्यायेचकासेचहिक्काश्वासेष्वलाघवे । कर्णमन्याशिरःशूलेस्वरभेदेगलग्रहे ॥ १८ ॥ अर्दितैकाङ्गसर्वाङ्गपक्षाघातेविनामके । कोष्ठानाहविबन्धेषुशुक्राघातेविजृम्भके॥ १९ ॥पार्श्वपृष्ठकटीकुक्षिसंग्रहेगृध्रसीषुच । मूत्रकृच्छ्रेमहत्त्वेचमुष्कयोरङ्गमर्दके ॥ २० ॥ पादोरुजानुजङ्घार्तिसंग्रहेश्वयथावपि । खल्लीष्वामेषुशीतेचवेपथौवातकण्टके ॥ २१ ॥ सङ्कोचायामशूलेषु स्तम्भगौरवसुप्तिषु ॥ सर्वाङ्गेषुविकारेषु स्वेदनंहितमुच्यते ॥ २२ ॥

પ્રતિસ્યાય, ખાંસી, હિચકી, શ્વાસ, ગૌરવ, કાન, ગળાની પાછલી નસ તથા માથાની પીડાવાળા, સ્વરભંગ, ગલગ્રહ, અર્દિત, એકાંગ, સર્વાગ, પક્ષાઘાત, વિનામક, કોષ્ટબદ્ધ, મળ તથા મૂત્રનું રોકાણ, ધાતુક્ષય, જંભાઇ, પાસુ, પીઠ, કેડ તથા કુખોનું રહી જવું, ગૃધ્રસી, મૂત્ર કચ્છ, અંડકોશની વૃદ્ધિ, અંગમર્દ, પગ, જાંગ, ઘુંટણ તથા પીડલીઓની પીડા, સુજન, ગંજા, આમદોષ, શીતકમ્પ, વાતકન્ટક, સંકોચ, આયામ, શૂળ, સ્તંભ, ગૌરવ સુન્ન, અને સર્વ અંગોનો વિકાર આ રોગોમાં સ્વેદન હિતકારક છે. ૧૮–૧૯–૨૦–૨૧–૨૨

પિન્ડ સ્વેદનું વર્ણન.

तिलमाषकुलत्थाम्लघृततैलामिषौदनैः ।
पायसैःकृसरैर्मांसैःपिण्डस्वेदंप्रयोजयेत् ॥ २३ ॥

તલ, અડદ, કુલથી, ઘી, તેલ, માંસ, ભાત, ખીર, ખીચડી તથા માંસદ્વારા પીંડ સ્વેદનો પ્રયોગ કરવો જોઇએ. ૨૩.

કફ રોગોમાં સ્વેદન વિધિ.

गोखरोष्ट्रवराहाश्वशकृद्भिःसतुषैर्यवैः । सिकतापांशुपाषाणक[illegible]पूटः ॥

૨૪ ॥ श्लैष्मिकान्स्वेदयेत् वैर्वातिकान्समुपाचरेत् ।
स्तरेष्वपि ॥ २५ ॥

ગાય, ગધેડો, ઉંટ, શુવર તથા ઘોડાની વિષ્ટાને ગરમ કરીને અથવા ભૂસા સહિત જવ તથા બાળરેત, પથ્થરનો ભૂકો, ગાયના સુકા છાણનું ચુર્ણ, લોહચુર્ણ, એ સર્વને ગરમ કરીને કફ પ્રધાન રોગમાં સ્વેદન કરે અને પ્રથમ કહેલ પીંડસ્વેદ વાતપ્રધાન વ્યાધિમાં કરે, પ્રસ્તર સ્વેદમાં પણ આ દ્રવ્યોનો દોષાનુસાર ઉપયોગ કરવો. ૨૪–૨૫.

સ્વેદનનો સહજ ઉપાય.

भूगृहेषुचजेन्ताकेषूष्णगर्भगृहेषुच ।
विधूमाङ्गारतप्तेष्वभ्यक्तःस्विद्यतिनासुखम् ॥ २६ ॥

ભૂમિના ભીતર ઘરમાં, જેંતાકમાં, ગરમ ઘરમાં, પ્રથમ તેલથી માલીસ કરી ધુમરહિત અંગારાની ગરમીથી પરિશ્રમ સિવાયજ પરસેવો આવી જાય છે. ૨૬.

નાડી સ્વેદનની વિધિ.

ग्राम्यानूपौदकंमांसंपयोवस्तशिरस्तथा । वराहमध्यपित्तासृक्स्नेहवत्तिलतण्डुलान् ॥ २७ ॥ इत्येतानिसमुत्क्वाथ्यनाडीस्वेदंप्रयोजयेत् । देशकालविभागज्ञोयुक्त्यपेक्षोभिषक्तमः ॥ २८ ॥ वारणामृतकैरण्डशिग्रुमूलकसर्षपैः । वासावंशकरञ्जार्कपत्रैरश्मान्तकस्यच ॥ २९ ॥ शोभाञ्जनकशैरीयमालतीसुरसार्जकैः । पत्रैरुत्क्वाथ्यसलिलंनाडीस्वेदंप्रयोजयेत् ॥ ३० ॥

ગ્રામ્ય, અનુપ અને જળમાં વિચરનાર જીવોના માંસ, દૂધ, બકરીનું માથું, સુઆરનો મધ્ય ભાગ, પિત્ત, રૂધિર, ઘી, તલ, ચોખા, એમનો કવાથ કરીને એક નળીદ્વારા પરસેવો આપવો જોઇએ. દેશ, કાળ, રાગ તથા યુક્તિને જાણવાવાળા વૈદ્યે પરીક્ષા કરીને વરણો, ગળો, એરંડ, વાયવરણું, કાળો સરગવો, મુળા, સરસવ, અરડુસી, વાંસ, કરંજ, આકડાનાં પાન, ખાટી લુણીનાં પાન, ધોળો સરગવો, કસૈરી, ચમેલી, તુલસી તથા રાસના એઓનાં પાનનો કવાથ કરીને નાડીસ્વેદ (નળીથી નાસ લેવો) દેવો. ૨૭–૨૮–૨૯–૩૦

भूतीकपञ्चमूलाभ्यांसुरयादधिमस्तुना ।
मूत्रैरम्लैश्चसस्नेहैर्नाडीस्वेदंप्रयोजयेत् ॥ ३१ ॥

અથવા ભૂતીક, પંચમૂળ, મધ, દહીંની તોર, સ્નેહયુક્ત આમળાનાં પાન, ગોમૂત્ર, કાંજી એમાં ઘી, તેલ મેળવી કવાથ કરી નાડીસ્વેદ દેવો. ૩૧.

एतएवचनिर्यूहाःप्रयोज्याजालकोष्ठके ।
स्वेदनार्थंघृतक्षीरतैलकोष्ठांश्चकारयेत् ॥ ३२ ॥

આ સંપૂર્ણ કવાથોને એક મોટા વાસણમાં ભરી તેમાં રોગીને બેસાડવાથી સ્વેદક્રિયા થાય છે. તેવીજ રીતે ઘી, તેલ વિગેરેમાં પણ સ્વેદનને માટે રોગીને બેસાડવામાં આવે છે. ૩૨.

गोधूमञ्चकलेश्चूर्णैर्यवानामम्लसंयुतैः ।
सस्नेहकिण्वलवणैरुपनाहःप्रशस्यते ॥ ३३ ॥

ઘઉં અગર જવનો લોટ, ખટાઇ, મદિરાની કીટ્ટ, સીંધાલુણ, એ સર્વનો લેપ શ્રેષ્ટ છે. ૩૩.

गन्धैःसुरायाःकिण्वेनजीवन्त्याशतपुष्पया ।
उमयाकुष्ठतैलाभ्यांयुक्तयाचोपनाहयेत् ॥ ३४ ॥

ગન્ધક, સુરાબીજ, જીવંતી, સવા, અલસી, ઉપલેટ અને તેલ તેનો લેપ કરવો જોઇએ. ૩૪.

चर्मभिश्चोपनद्धव्यःसलोमभिरपूतिभिः ।
उष्णवीर्य्यैरलाभेतुकौशेयाविकशाटकैः ॥ ३५ ॥

લેપ કરીને ઉપરથી દુર્ગંધરહિત, ઉષ્ણ વિર્ય ચામડું બાંધવું અને તેવું ચામડું ન મળે તો રેશમી અગર ઉનનું કે બીજું વાળવાળું વસ્ત્ર બાંધવું. ૩૫.

લેપ કરવાનો સમય.

रात्रौबद्धंदिवामुञ्चेन्मुञ्चेद्रात्रौदिवाकृतम् ।
विदाहपरिहारार्थंस्यात्प्रकर्षस्तुशीतले ॥ ३६ ॥

રાત્રીએ બાંધેલો લેપ દિવસે ઉખાડવો અને દિવસે કરેલો લેપ રાત્રીએ ઉખાડવો. કેમકે એમ કરવાથી દાહ થતો નથી પરંતુ ઠંડી રૂતુમાં વધુ વખત રહેવાથી કાંઈ હાનિ નથી. ૩૬.

સ્વેદના તેર ભેદ.

सङ्करःप्रस्तरोनाडीपरिषेकोऽवगाहनम् । जेन्ताकोश्मघनःकर्षूकुटीभूःकुम्भिकैवच ॥ ३७ ॥ कूपोहोलाकइत्येतेस्वेदयन्ति त्रयोदश । तानयथावत्प्रवक्ष्यामिसर्वानेवानुपूर्वशः । इति ॥ ३८ ॥

શંકર, પ્રસ્તર, નાડી, પરિષેક, અવગાહન, જેન્તાક, અશ્મઘન, કર્ષુ, કુટિ, ભૂ, કુંભી, ૩૭. કુપ, હોલાક. આ તેર પ્રકારના સ્વેદ છે તે સર્વને યથાવત કહું છું. ૩૮.

સંકર સ્વેદનાં લક્ષણ.

तक्षवस्त्राद्वाऽऽदैरवस्त्रान्तरितैर्वापिण्डैर्यथोक्तैरुपस्वेदनंशङ्करस्वेदइतिविद्यात्॥३९॥

ઘુંટેલી ઔષધિયોને વસ્ત્રમાં રાખીને પોટલી બનાવી વિધિપૂર્વક, સ્વેદ દેવાથી સંકર સ્વેદ કહેવાય છે. ૩૯.

પ્રસ્તર સ્વેદનાં લક્ષણ.

शूकशमीधान्यपुलाकानांवेशवारायसकृशरोत्कारिकादीनांवाप्रस्तरेकौशेयाविकोत्तरप्रच्छदेपञ्चाङ्गुलोरुबुकार्कपत्रप्रच्छदेवास्वभ्यक्तसर्वगात्रस्यशयानस्योपरिस्वेदनंप्रस्तरस्वेदइतिविद्यात् ॥ ४० ॥

શરીરમાં તેલાદિ લગાવી, પથ્થરપર રેશમી તથા ઉનનું વસ્ત્ર પાથરી અથવા પાંચ આંગળ એરંડા અને આકડાનાં પાનાં પાથરી બેઠેલા મનુષ્યને શમી ધાન્ય (અડદ વિગેરે) શુકધાન્ય, (જવ વિગેરે) અને ફલક ધાન્ય (સામો વીગેરે) દ્વારા અથવા વેશવાર, (શાક વિગેરેમાં પડે છે તેવા ગરમ મશાલા) ખીર, ખીચડી તથા અડદની રોટલી વિગેરે દ્વારા જે સ્વેદ આપવામાં આવે છે તેને પ્રસ્તર સ્વેદ કહે છે. ૪૦.

નાડી સ્વેદનાં લક્ષણ.

स्वेदनद्रव्याणांपुनर्मूलफलपत्रभङ्गादीनांमृगशकुनपिशितशिरःस्पदादीनामुष्णस्वभावानांवायथार्हमम्ललवणस्नेहोपसंहितानांमूत्रक्षीरादिनांवाकुम्भ्यांबाष्पमनद्वमत्यामुत्क्वथितानांनाड्याशरेषीकावंशदलकरञ्जार्कपत्रान्यतमकुतयागजाग्रहस्तसंस्थानयाव्यामदीर्घयाव्यामार्द्धदीर्घयावाव्यामचतुर्भागाष्टभागमूलाग्रपरिणाहस्रोतसासर्वतोवातहरपत्रसंवृतच्छिद्रयाद्विस्त्रिर्वाविनामितयावातहरसिद्धस्नेहाभ्यक्तगात्रोबाष्पमपहरेत् । बाष्पोह्यनूर्द्धगामीविहलचण्डवेगस्त्वचमविदहन्सुखंस्वेदयतीतिनाडीस्वेदः ॥ ४१ ॥

સ્વેદ યોગ્ય ઔષધિયોનાં મૂળ, ફલ, પાન તથા ભાંગ વિગેરે, મૃગ, પક્ષી વિગેરેનાં માંસ, માથું, પગ વિગેરે લેઈ તેમાં યોગ્ય રીતે ખાટો, ખારો તથા સ્નેહ મેળવી તથા મૂત્ર, દુધ, પાણી વિગેરે મિશ્ર કરી એક ઘડામાં નાંખીને કવાથ કરી તેનું મોં બંધ કરી તેમાં એક નળી લગાવવી તેમાંથી જે વરાળ આવે તેથી રોગીએ નાસ લેવો. તે નળી પાનબાજરીયું, વાંસ, કરંજ આકડો તેમાંથી કોઈનાં પાન અગર અન્ય યોગ્ય દ્રવ્યથી બનાવવી. તે હાથીની સુંઢના આગળના ભાગ જેવી મોટી તથા બે હાથ પ્હોળા કરવાથી જેટલી લંબાઇ થાય તેટલી લાંબી જોઇએ અથવા એક ગજ લાંબી અને તેના બત્રીસમાં ભાગ જેટલું નાનું આગળના ભાગમાં કાણું જોઈએ, બધી તરફ વાત નાશક પત્રો (પાન)થી તેનાં સર્વ છીદ્રો બંધ કરવાં જોઇએ કે વરાળ બહાર નીકળે નહિ. તે નળીને બેત્રણ જગાએ ધોઇને બાફ દેવી જોઈએ. બાફ દેતા પ્રહેલાં વાતનાશક તેલોથી રોગીના શરીરને માલીસ કરીને નમ્ર રાખવું જોઇએ વરાળને રોગીનાં શરીરમાં છોડતી વખતે નળીનું મુખ ત્રાંસુ રાખવું જેથી વરાળ રોગીના શરીરની ચામડીને દઝાડે નહિ. કેમકે સીધી વરાળ અત્યંત ગરમ લાગે છે. તેને નાડી સ્વેદ (નાસ) કહે છે. ૪૧

પરિષેકનાં લક્ષણ.

वातिकोत्तरवातिकानांपुनर्मूलादीनामुत्क्वाथैःसुखोष्णैः कुम्भीर्वागूलिकाःप्रनाडीर्वापूरयित्वायथार्हंसिद्धस्नेहाभ्यक्तगात्रंवस्त्रावच्छन्नंपरिषेचयेदितिपरिषेकः॥४२

રોગીને વાતનાશક, તેલાદિથી સ્નિગ્ધ કરીને ઉપર વસ્ત્ર મુકી ફરી વાતનાશક દ્રવ્યોનાં મૂળ, ફળ, સુખોષ્ણ કવાથને કોઈ લોટામાં ભરી તેને વસ્ત્રથી ઢાંકી સ્નિગ્ધ ગાત્રરોગી પર મુકવાથી પરિષેક સ્વેદ કહેવાય છે. ૪૨

અવગાહનું લક્ષણ.

वातहरोत्क्वाथक्षीरतैल[illegible]तपिशितरसोष्णसलिलको[illegible]स्तुयथोक्तएवावगाहः ॥ ४३ ॥

એક ખુલ્લા પાત્રમાં વાતનાશક ઔષધીયોનો ઉકાળો, દુધ, તેલ, ઘી, માંસ રસ તથા ઉનું પાણી ગરમ ગરમ ભરીને તેમાં માથું ડુબે નહિ તેવી રીતે બેસવું તેને અવગાહન સ્વેદ કહે છે. ૪૩

જેન્તાક સ્વેદને લીધે ભૂમિપરીક્ષા.

अथजेन्ताकंचिकीर्षुर्भूमिंपरीक्षेत । तत्रपूर्वस्यांदिश्युत्तरस्यांवागुणवतिप्रशस्तेभूमिभागेकृष्णमृत्तिकेसुवर्णमृत्तिकेवापरीवापपुष्करिण्यादीनांजलाशयानामन्यतमस्यकूलेदक्षिणेपश्चिमेवासूपतीर्थेसमसुविभक्तभूमिभागेसप्ताष्टौवाअरत्नीमुपक्रम्योदकात्प्राङ्मुखमुदङ्मुखंवाभिमुखतीर्थंकूटागारंकारयेत् ॥ ४४ ॥

उत्सेधविस्तारतःपरमरत्नीद्विषोडशसमन्तान्तात्सुवृत्तंमृत्कर्म्मसम्पन्नमनेकवातायनम् । अस्यकूटागारस्यान्तःसमन्ततोभित्तिमरत्नीविस्तारोत्सेधांपिण्डिकांकारयेत्कपाटवर्जम् । मध्येचास्यकूटागारस्यचतुष्किष्कुमात्रपुरुषप्रमाणं मृण्मयंकन्दुसंस्थानंबहुसूक्ष्मच्छिद्रमङ्गारकोष्ठकान्तंसपिधानंकारयेत् ॥ ४५ ॥

જેન્તાક સ્વેદની ઈચ્છા કરવાવાળાએ પ્રથમ જમીનની પરીક્ષા કરવી તેમાં પૂર્વ અથવા ઉત્તર દિશામાં ગુણવાન, શ્રેષ્ટ, કાળા રંગવાળી, પીળી, મધુરી, ઉત્તમ માટી હોય અથવા જે જમીનની સમીપ નદી હોય, વાપી, પુષ્કરણી વિગેરે કોઈ જળાશય હોય તે જળાશયના દક્ષિણ યા પશ્ચિમ કિનારે બીજું તિર્થ હોય જ્યાં પવિત્ર સીધી ઉત્તમ ભૂમિમાં જળાશયથી સાત આઠ હાથપર એક મકાન એવું બનાવવું કે જેનું મુખ જલાશયની તરફ હોય, (૪૪) તે મકાન લાંબુ, પહોળુ, અને ઉંચુ માપથી ૧૬ હાથ હોવું જોઈએ. તે મકાન માટીનું બનાવી તેમાં હવા આવવા માટે કોઈ જગ્યાએ બારણું રાખવું તે મકાનની અંદર ચારે તરફ એક એક હાથની ભીંત બનાવી તેમાં કિવાડે ન લગાવવું, તે મકાનની વચમાં એક ચાર હાથ પહોળું અને સાત હાથ લાંબુ એક ભોંયરૂં બનાવી તેપર બારીક છિદ્રોવાળું ઢાંકણું રાખવું. ૪૫.

तञ्चखादिराणामाश्वकर्णादीनांवाकाष्ठानांपूरयित्वाप्रदीपयेत् । सयदाजानीयात्साधुदग्धानिकाष्ठानिगतधूमानिअवतप्तञ्च केवलमग्निनातदग्निगृहंस्वेदगो[illegible]ष्मणायुक्तमिति ॥ ४६ ॥ तत्रैनंपुरुषंवातहराभ्यक्तगात्रंवस्त्रावच्छन्नंप्रवेशयेत्प्रवेशयंश्चैनमनुशिष्यात् । सौम्यप्रविशकल्याणायारोग्यायचेति । प्रविश्यचैनांपिण्डिकामधिरुह्यपार्श्वापरपार्श्वाभ्यांयथासुखंशयीथाःनचत्वयास्वेदमूर्च्छापरीतेनापिसतापिण्डिकैषाविमोक्तव्यात्माआप्राणोच्छ्वासात् । भ्रस्यमानोह्यतः पिण्डिकावकाशाकोद्द्वारमनधिगच्छन्स्वेदमूर्च्छापरीततयासद्यः प्राणाञ्जह्याः ॥ ४७ ॥

તેની અંદર ખેરશાલ અથવા પવિત્ર લાકડાનો દેવતા રાખી જ્યારે ધુમાડી નિકળે અગર અંદરનું સ્થાન તપી જાય અગર સ્વેદન યોગ્ય ગરમીથી ભરી જાય ત્યારે રોગીને વાતનાશક તેલોથી સ્નિગ્ધ ગાત્ર કરીને (તેલ ચોપડી ગાત્ર નરમ કરવાં.) કપડું લપેટી આ ગરમ ઘરમાં પ્રવેશ કરાવવો. અને તે વખતે તેને કહેવું કે હે સૌમ્ય! તહમારી આરોગ્યતા અને કલ્યાણને માટે આ ઘરમાં પ્રવેશ કરો. અને પ્રવેશ કરીને આ ચોતરાપર ચઢીને જે તરફ ઇચ્છા થાય તે પર શયન કરો. તે પર સુવાથી તહમને પરસેવો થાય તે વખતે અથવા મુર્છા થાય તોપણ ત્યાંથી ઉઠવું નહીં, જ્યાં સુધી તહમારો પ્રાણ રહે ત્યાંસુધી તે ચોતરાનો ત્યાગ કરવો નહિ જો બીને તમે ઉપરથી એકદમ ઉઠશો તો દ્વારમાં આવતાંજ પરસેવા અને મુર્છાથી પ્રાણ નીકળી જશે. ૪૬–૪૭.

तस्मात्पिण्डिकामेनानांनकथञ्चनमुञ्चेथाःत्वंयदाजानीयाः विगताभिष्यन्दमात्मानं सम्यक्प्रस्रुतस्वेदपिच्छंसर्वस्रोतोविमुक्तं लघुभूतमपगतविबन्धस्तम्भसुप्तिवेदनागौरवमिति । ततस्तां पिण्डिकामनुसरन्द्वारंप्रपद्येथाः । निष्क्रम्यचनसहसाचक्षुषोः परिपालनार्थंशीतोदकमुपस्पृशेथाः । अपगतसन्तापक्लमस्तुमुहूर्त्तात्सुखोष्णेनवारिणायथान्यायंपरिषिक्तोऽश्नीयाइतिजेन्ताकस्वेदः ॥ ४८ ॥

જેથી તે પિંડીકાને છોડશો નહી. જ્યારે તહમારૂં શરીર બીલકુલ કફ રહીત થઈ જાય અને પસીનો સર્વ વહી જાય, શરીરના સર્વ છિદ્રો ખુલી જાય અને શરીર હલકું થઈ જાય તથા શરીરનું વિબંધ સ્તંભ, સુપ્તિ, પીડા, ગુરૂતા, આ સર્વ દુર થઈ શરીર હલકું થાય ત્યારે તે પિંડીકાને તે ચોતરાના માર્ગથી બહાર આવવું. બહાર નીકળી જલ્દીથી શીતળ જળમાં પ્રવેશ કરવો નહિ, કેમકે તેથી નેત્રોમાં દોષ થાય છે. ફરી સંતાપ તથા ગ્લાનિ દુર થાય ત્યારે એક પહોર સુધી ઉનું જળ પોતા પર રેડવું પછી ભોજન કરવું તેનું નામ જેન્તાક સ્વેદ છે. ૪૮.

અશ્મઘન સ્વેદનાં લક્ષણ.

शयानस्यप्रमाणेनघनामश्ममयींशिलाम् । तापयित्वामारुतघ्नैर्दारुभिः संप्रदीपितैः ॥ ४९ ॥ व्यपोह्यसर्वानङ्गारान्प्रोक्ष्यचैवोष्णवारिणा । तांशिलामथकुर्वीतकौशेयाविकसंस्तराम् ॥ ५० ॥ तस्यांस्वभ्यक्तसर्वाङ्गः शयानः स्विद्यतेसुखम् । रौरवाजिनकौशेयप्रावाराद्यैस्सुसंवृतः ॥ ५१ ॥ इत्युक्तोऽश्मघनस्वेदः कर्षूस्वेदः प्रवक्ष्यते ॥ ५२ ॥

રોગીના પ્રમાણના અનુસાર એક શિલાને વાત નાશક લાકડાંથી ગરમ કરી ફરી સર્વ દેવતા કાઢી નાંખી પાણીથી તે શિલાને ધોઈ નાંખવી. પછી તે ધોયેલી ગરમ શિલા ઉપર રેશમી વસ્ત્ર અથવા ગરમ કાંમળી પાથરવી તે પર વાત નાશક તેલો રોગીને ચોળી સુવાડી અને પછી તેના પર રૌક્ષ મૃગચર્મ યા રેશમી અગર અન્ય કપડું ઓઢાડવું તેથી સુખ પૂર્વક પરસેવો થાય છે. તેને અશ્મઘન સ્વેદ કહે છે. ૪૯–૫૦–૫૧–૫૨.

કર્ષુસ્વેદનાં લક્ષણ.

खानयेच्छयनस्याधः कर्षूंस्थानविभागवित् । दीप्तैरधूमैरङ्गारैस्तांकर्षूंपूरयेत्ततः । तस्यामुपरिशय्यायांस्वपन्स्विद्यतिना सुखम् ॥ ५३ ॥

બુદ્ધિમાન વૈદ્યે એક અંદરથી મ્હોટા તથા નહાના મુખવાળા એક ઘડામાં ધુમાડી સિવાયનો દેવતા ભરીને તે ઘડો રોગીના ખાટલા નિચે મુકવો. તે ઉપર પાથરેલી શય્યા પર સુતેલા રોગીએ સુખ પૂર્વક નાસ લેવો તેને કર્ષુસ્વેદ કહે છે. ૫૩.

કુટીસ્વેદનું વર્ણન.

अनत्युत्सेधविस्तारांवृत्ताकारामलोचनाम् । घनभित्तिंकुटींकृत्वाकुष्ठाद्यैः सम्प्रलेपयेत् ॥ ५४ ॥ कुटीमध्येभिषक्शय्यांस्वास्तीर्णांश्चोपकल्पयेत् । प्रावाराजिनकौशेयकुत्थकम्बलगोलकैः ॥ ५५ ॥ सहंडिकाभिरङ्गारपूर्णाभिस्ताश्चसर्वशः । परिवार्य्यान्तरारोहेदभ्यक्तः स्विद्यतेसुखम् ॥ ५६ ॥

અત્યંત ઉંચી નહિ તેમ અત્યંત મ્હોટી નહી તેવી ગોર આકારવાળી ઝરોખા સિવાયની પહોળી ભીંતવાળી કોટડી બનાવી, તે કોટડીને ઉપલેટ વિગેરે ઔષધિયોથી લીંપાવવી પછી વૈદ્યે તેની અંદર દુપટો, મૃગચર્મ, રેશમી વસ્ત્ર, કૌષેય વસ્ત્ર, ગોદડી, કાંમળી તથા ગોનક વિગેરે પાથરી શય્યા બનાવી, તેની ચારે તરફ સળગતા અંગારા ભરેલી હાંલીઓ રાખી પછી રોગીના શરીરપર સ્નેહ લગાવી (તૈલાદિ ચોપડી) શય્યાપર સુવાડવો જેથી સુખ પૂર્વક સ્વેદન થાય છે. તેને કુટી સ્વેદ કહે છે. ૫૪–૫૫–૫૬.

ભૂસ્વેદનું વર્ણન.

यएवाश्मघनस्वेदविधिर्भूमौसएवतु ।
प्रशस्तायांनिवातायांसमायामुपदिश्यते ॥ ५७ ॥

અશ્મઘન સ્વેદની માફક ભૂસ્વેદ થાય છે. અશ્મઘન સ્વેદમાં પથ્થરની શિલા તપાવવી પડે છે અને ભૂસ્વેદમાં વાત રહિત પવિત્ર અને સિધિ જમીન તપાવીને ભૂસ્વેદ અપાય છે. ૫૭.

કુમ્ભી સ્વેદનું વર્ણન.

कुम्भींवातहरक्वाथपूर्णांभूमौनिखातयेत् । अर्द्धभागंत्रिभागंवाशयनंतत्रचोपरि ॥ ॥ ५८ ॥ स्थापयेदासनंवापिनातिसान्द्रपरिच्छदम् । अथकुम्भ्यांसुसन्तप्तान्प्रक्षिपेदयसोगुडान् ॥ ५९ ॥ पाषाणान्वोष्मणातेनतत्स्थः स्विद्यतिनासुखम् । सुसंवृताङ्गस्स्वभ्यङ्गः स्नेहैरनिलनाशनैः ॥ ६० ॥

પ્રથમ વાત નાશક કવાથોથી ઘડાને અર્ધો યા ત્રીજો ભાગ ભરીને જમીનમાં દાટવો. તે ઉપર રોગીની શય્યા અગર બેસવા યોગ્ય કોઈ વસ્તુ રાખીને તે પર બારીક વસ્ત્ર પાથરવું, તે પર તૈલાદિ ચોપડીને રોગીને કાંમળ વિગેરે વસ્ત્ર ઓઢાડીને બેસાડવો અગર સુવાડવો અને પથ્થર યા લોઢાના ટુકડા આગમાં લાલ કરીને નિચેના ઘડામાં નાંખવા. આથી વરાળ નીકળીને રોગીને પરસેવો થાય છે. તેને કુમ્ભી સ્વેદ કહે છે. ૫૮–૫૯–૬૦.

કુપસ્વેદનું વર્ણન.

कूपंशयनविस्तारंद्विगुणञ्चापिवेधतः । देशेनिवातेशस्तेच कुर्य्यादन्तः सुमार्जितम् ॥ ६१ ॥ हस्त्यश्वगोखरोष्ट्राणांकरीषैर्दग्धपूरिते । स्ववच्छन्नः ससंतीर्णेऽभ्यक्तस्स्विद्यतिना सुखम् ॥ ६२ ॥

રોગીની શય્યાની બરોબર વિસ્તારવાળો અથવા તેથી બમણો મોટો કુવો શ્રેષ્ટ તથા વાતરહિત સ્થાનમાં ખોદાવી તેને સારી રીતે સાફ કરાવી તેમાં હાથી, ઘોડા, ગાય, ગધેડાં, તથા ઉંટની વિષ્ટા ભરી બાફ દેવી, ફરી તે હોલાઇ જઈ ધુમાડી સિવાયની થઈ જાય ત્યાર પછી તેના ઉપર શય્યા બિછાવી રોગીને સુવાડવાથી સુખ પૂર્વક સ્વેદ થાય છે. તેને કુપસ્વેદ કહે છે. (૬૧–૬૨).

હોલાકસ્વેદનું વર્ણન.

धीतिकान्तुकरीषाणांयथोक्तानांप्रदीपयेत् । शयनान्तः प्रमाणेनशय्यामुपरितत्रच ॥ ६३ ॥ सुदग्धायांविधूमायांयथोक्तामुपकल्पयेत् । स्ववच्छन्नः स्वपंस्तत्राभ्यक्तः स्विद्यतिनासुखम् ॥ ६४ ॥ होलाकस्वेदइत्येषसुखः प्रोक्तोमहर्षिणा । इतित्रयोदशविधः स्वेदोऽग्निगुणसंश्रयः ॥ ६५ ॥

રોગીની શય્યાની બરાબર પીતળના વાસણમાં ઉપર કહ્યા મુજબ હાથી વિગેરેની વિષ્ટા ભરી બાળી દેવી. જ્યારે તે બળી જઈ ધુમાડી સિવાયની થઈ જાય ત્યારે તેના ઉપર પ્રથમ કહ્યા મુજબ શય્યા બીછાવી ફરી શરીર પર તૈલાદિ લગાવી ઓઢી અને તે પર સુવાથી સુખ પૂર્વક સ્વેદન થાય છે. ૬૩–૬૪–તેને હોલાક સ્વેદ કહે છે આ પ્રકારે અગ્નિના યોગથી ૧૩ પ્રકારના સ્વેદ થાય છે. ૬૫.

અગ્નિ સિવાય સ્વેદનનો વિધાન.

व्यायामउष्णसदनंगुरुप्रावरणंक्षुधा । बहुपानंभयक्रोधावुपनाहाहवातपाः ॥६६॥ स्वेदयन्तिदशैतानिनरमग्निगुणादृते । इत्युक्तोद्विविधःस्वेदःसंयुक्तोऽग्निगुणैर्नच ६७

વ્યાયામ કરવાથી, ગરમ ઘરમાં રહેવાથી, ભારે વસ્ત્ર ધારણ કરવાથી, ભૂખ્યા રહેવાથી, બહુજ મદ્ય પીવાથી, ભયથી, ક્રોધથી, ઉપનાહથી, તાપ લાગવાથી, આ દશ કારણોથી અગ્નિ સિવાય પરસેવો થાય છે. આ પ્રમાણે અગ્નિનાયોગથી અને અગ્નિ સિવાય બે પ્રકારનો પસિનો થાય છે. ૬૬–૬૭.

एकाङ्गसर्वाङ्गगतः स्निग्धोरूक्षस्तथैवच । इत्येतत्त्रिविधंद्वन्द्वंस्वेदमुद्दिश्यकीर्तितम् ॥ ६८ ॥ स्निग्धःस्वेदैरुपक्रम्यः स्विन्नः पथ्याशनोभवेत् । तदहः स्विन्नगात्रस्तुव्यायामंवर्जयेन्नरइति ॥ ६९ ॥

અગ્નિના સંપર્ક દ્વારા અને અગ્નિના સંપર્ક સિવાય એક અંગના અથવા સર્વ અંગોના અથવા સ્નિગ્ધ અને રૂક્ષ આ પ્રમાણે સ્વેદોના ત્રણ પ્રકારના દ્વન્દ્વ કહ્યા છે. સ્નિગ્ધ સ્વેદ ઉપરાંત પથ્ય ભોજન કરવું અને તે દિવસે વ્યાયામને ન કરવો. ૬૮–૬૯.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोका.

स्वेदोयथाकार्यश्चोहितोयेभ्यश्चयद्विधः । यत्रदेशेयथायोग्यो देशोरक्ष्यश्चयोयथा ॥ ७० ॥ स्विन्नातिस्विन्नरूपाणितथातिस्विन्नभेषजम् । अस्वेद्याः स्वेदयोग्या-श्चस्वेदद्रव्याणि कल्पना ॥ ७१ ॥ त्रयोदशविधः स्वेदोविनादशविधोऽग्निना । संग्रहेणचषट्स्वेदाः स्वेदाध्यायेनिदर्शिताः ॥ ७२ ॥
स्वेदाधिकारेयद्वाच्यमुक्तंतन्महर्षिणा।शिष्यैस्तुप्रतिपत्तव्यमुपदेष्टापुनर्वसुरिति७३

હવે અધ્યાયનો ઉપસંહાર કહું છું. તેમાં આ શ્લોક છે. સ્વેદના પ્રકાર, જે પ્રકારનો સ્વેદ જેને હિતકારી છે. સ્થાન ભેદથી સ્વેદોના નિયમ, સ્વેદમાં જે પ્રકારનું રક્ષણ કરવું જોઈએ તે, સ્વિન્ન અને અતિ સ્વિન્નનાં લક્ષણ, અતિસ્વિન્નનાં ઔષધ, સ્વેદનને યોગ્ય તથા અયોગ્ય સ્વેદન દ્રવ્યોની કલ્પના. તેર પ્રકારના સ્વેદ, અગ્નિ સિવાય દશ પ્રકારના સ્વેદ અને સંક્ષેપમાં છ પ્રકારના સ્વેદ આ સર્વ સ્વેદાધ્યાયમાં જે કાંઈ કહેવાને યોગ્ય હતું તે ભગવાન પુનર્વસુજીએ વર્ણન કર્યું છે જે સર્વ શિષ્યોએ જાણવું જોઈએ. ૭૦ થી ૭૩.

अग्नि आदि ॥ स्वेदाध्यायश्चतुर्दशः समाप्तः। १४ ॥

पंचदशोऽध्यायः ।

अथात ऊपकल्पनीयमध्यायं व्याख्या स्यामः।

इति हस्माह भगवानात्रेय ः॥

હવે હું ઉપકલ્પનીય નામના અધ્યાયનું વ્યાખ્યાન કરૂં છું. આ પ્રમાણે ભગવાન આત્રેયજીએ કહ્યું.

इहखलुराजानंराजमात्रमन्यंवाविपुलद्रव्यंसंभृतसम्भारंवमनंविरेचनंवापाययितु-कामेनभिषजाप्रागेवौषधपानात्सम्भाराउपकल्पनीयाभवन्ति । सम्यक्चैवहिग-च्छत्यौषधेप्रतिभोगार्थाः व्यापन्नेचौषधेव्यापदः परिसंख्यायप्रतीकारार्थाः । नहि सन्निकृष्टेकालेप्रादुर्भूतायामापदिसत्यपिक्रयाक्रयेसुकरमाशुसम्भरणमौषधा-नांयथावदितिएवंवादिनंभगवन्तमात्रेयमग्निवेश उवाच ॥ १ ॥

જ્યારે રાજા અગર રાજાની સમાન બહુજ ધનવાન કોઈ અન્ય વ્યક્તિ ને વમન કે વિરેચનાદિ આપવાની ઇચ્છા હોય ત્યારે ઔષધ પીવરાવતા પહેલાં સર્વ પ્રકારની આવશ્યક વસ્તુઓ એકઠી કરી લેવી કેમ કે જો ઔષધી પીવાથી કાંઈ વિકાર ઉત્પન્ન ન થાય તો તે વસ્તુઓ અન્ય સુખને માટે કામ લાગે છે. અને જો વિકાર ઉત્પન્ન થાય તો વિકારની શાન્તિને માટે તે કામ આવી જાય છે. થોડા વખતમાં જો કોઈ વિકાર ઉત્પન્ન થાય તો ઔષધ વેચવાની દુકાન નજીક હોય તો પણ યોગ્ય ઔષધ તૈયાર કરવાને ટાઈમ જાય અને ઘણી અડચણ પડે આ પ્રમાણે કહેતાં આત્રેયજીએ અગ્નિ વેશને કહ્યું કેઃ- (૧)

[illegible]ज्ञानवता तथाप्रतिविधातव्यंयथाप्रतिविहितेसिद्ध्येदेवौषध-मेकान्तेन । सम्यक्प्रयोगनिमित्ताहिसर्वकर्मणांसिद्धिरिष्टाव्यापच्चासम्यक्प्रयोग निमित्ता । अथसम्यगसम्यक्चसमारब्धंकर्मसिद्ध्यतिव्यापद्यतेवानियमेन । तुल्यंभवतिज्ञानमज्ञानेनेति ॥ २ ॥

હે ભગવાન! તેમાં કાંઈ સંશય નથી કે સર્વ સામગ્રી સમીપ હોવાથી આપત્તિના વખતે આપત્તિ દુર કરવામાં તે કામ આવે છે. પરંતુ જ્ઞાનવાન વૈદોએ પ્રથમથીજ આ પ્રકારે વિચારીને કાર્ય કરવું જોઈએ કે જે પ્રકારે કાર્ય કરવાથી વિઘ્ન આવ્યા સિવાયજ ઔષધિ પ્રયોગનું ફળ સિદ્ધ થઇ શકે અર્થાત પ્રથમ વિચાર કરીને એવી રીતે વમન વિરે-ચનની ઔષધિ પ્રયુકત કરી જોઈએ કે જેથી વચમાં ઉપદ્રવ ન થાય અને બરોબર વમન વિરેચન થઈ જાય કેમકે સમજીને યોગ્ય પ્રકારથી પ્રયોગ કરવાથી સર્વ કાર્ય ઠીક સિદ્ધ થાય છે. વગર વિચારે અયોગ્ય રીતથી પ્રયોગ કરવામાં આવે તો તેમાં ઉપદ્રવ રૂપ વિપત્તિ અવસ્ય આવે છે. જેથી આ નિયમ સિદ્ધ છે કે યોગ્ય પ્રયોગથી કર્મની સિદ્ધિ થાય છે. અને અયોગ્ય પ્રયોગથી કર્મમાં વિપત્તિ અર્થાત વિઘ્ન આવે છે. જો તેમ ન હોય તો ફરી જાણનાર અને અજાણનારમાં ફેર શો રહ્યો? અર્થાત ચિકિત્સાને જાણી અને ન જાણી બંને બરાબર છે. ૨

तमुवाचभगवानात्रेयः । शक्यंतथाप्रतिविधातुमस्माभिरस्मद्विधैर्वाप्यग्निवेशयथा-प्रतिविहितेसिद्ध्येदेवौषधमेकान्तेनतच्चप्रयोगसौष्ठवमुपदेष्टुंयथावन्नहिकश्चिदस्ति । यएतदेवमुपदिष्टमुपधारयितुमुत्सहेत ॥ ३ ॥

આ સાંભળી આત્રેય ભગવાન કહેવા લાગ્યા કે હે અગ્નિવેશ? જેવું તમે કહો છો તેવું. વિચાર કરીને અમે અને અમારા સરખા અન્ય વૈદ્ય લોક પણ કહીએ છીએ કે જે પ્રકારે પ્રયોગ કરવાથી વમનાદિ કોઈ કાર્યમાં કાંઇ વિઘ્ન ન આવે, અને આ પ્રકારે પ્રયો-ગોનો સુંદરતાને પણ કરવામાં આવે છે. પણ આ પ્રકારના ઉપદેશને સર્વ કોઇ ધારણ કરી શકતા નથી (૩)

उपधार्य्यवा तथाप्रतिपत्तुंप्रयोक्तुं वा । सूक्ष्माणिहिदेशभेषज देशकालबलशरी-राहारसात्म्यसत्त्वप्रकृतिवयसामवस्थान्तराणि ॥ ४ ॥ यान्यनुचिन्त्यमाना-निविमलविपुलबुद्धेरपिबुद्धिमाकुलीकुर्य्युःकिंपुनरल्पबुद्धेः ॥ ५ ॥

કદાપી કોઈ સમજી લે અથવા આ પ્રયોગ વિધિને ધારણ કરે તો તે પ્રયોગોને યોગ્ય કરી લેવા કઠીન છે. કેમ કે દોષ, ઔષધ, દેશ, કાળ, બળ, શરીર, અહાર, સાત્મ્ય, સત્વ, પ્રકૃતિ, અને અવસ્થા એઓનો યોગ્ય વિચાર બહુજ સૂક્ષ્મ અર્થાત ઃબારીક છે. તેનો સુક્ષ્મ વિચાર કરવામાં ઘણા ઘણા નિર્મળ અને વિપુલ બુદ્ધિવાળાઓની બુદ્ધિ પણ વ્યાકુલ થઇ જાય છે તો ફરી બિચારા અલ્પ બુદ્ધિવાળાઓનું તો કહેવુંજ શું? (૪–૫)

तस्मादुभयमेतद्यथावदुपदेक्ष्यामः । सम्यक्प्रयोगश्चौषधानां व्यापन्नानाञ्चव्या-

पत्साधनानिसिद्धिषूत्तरकालम् । इदानींतावत्संभारान्विविधानपिसमासेनोपदेक्ष्यामः ॥ ६ ॥

જેથી અમે બંને પ્રકારોનું અર્થાત જે પ્રયોગથી ઉપદ્રવ ન થાય તેનું કથન કરીશું અને જો કોઇ કારણથી કોઇ ઉપદ્રવ થઈ જાય તો તેશમાવવાના ઉપાયનું પણ કથન કરીશું. ઔાષધોના ઉત્તમ પ્રયોગ, અને વમનાદિમાં કોઈ વિકાર થાય તો તેને શમાવવાનો ઉપાય, આ બંનેનું વર્ણન અમે ઉત્તર કાળમાં સિદ્ધિ સ્થાનમાં કહીશું, અને વમન વિરેચન વિષયક સામગ્રીઓનું અને તેના પ્રકારોનુ અત્રે સંક્ષેપથી કથન કર્યું છું. (૬)

નિવાસ સ્થાનનું વર્ણન.

तद्यथा । दृढंनिवातंप्रवातैकदेशंसुखप्रविचारमनुपत्यकंधूमातपरजसामनभिगमनीयमनिष्टानाञ्चशब्दस्पर्शरसरूपगन्धानांसोपानोदूखलमुसलवर्चःस्थानस्नानभूमिमहानसोपेतंवास्तुविद्याकुशलःप्रशस्तंगृहमेवतावत्पूर्वमुपकल्पयेत् ॥ ७ ॥

પ્રથમ ઘર બનાવવામાં કુશળ વૈદ્યે એક એવું ઘર બનાવવું કે જેમાં સર્વ ભીંતો મજબુત કરાવવી, એક ભાગમાં હવા આવે અને એક ભાગમાં બીલકુલ હવા ન આવી શકે, જેમાં આમ તેમ ફરવાને સીધી અને ખુલ્લી જગ્યા હોય, કે જે આજુબાજુનાં મકાનોમાંથી રોકાયેલી ન હોય, જેમાં ધૂમાડી, તાપ તથા ધૂળ જઈ શકે નહિ, અનિષ્ટરૂપ રસ, ગંધ, તથા સ્પર્શથી રહિત હોય, ખાયણી તથા પળાઈ વિગેરે દવા ખાંડવાનો સામાન રાખ્યો હોય, અને દાદરો, (સીડી) જાજરૂ, સ્નાન કરવાની જગ્યા, ઔાષધ તથા ભોજન બનાવવાની જગ્યા, સહિત શ્રેષ્ટ ઘર પ્રથમ બનાવવું. (૭)

ततःशीलशौचाचारानुरागदाक्ष्यप्रादक्षिण्योपपन्नानुपचारकुशलान्सर्वकर्मसुपर्य्यवदातान्सूपौदनपाचकस्नापकसंवाहकोत्थापकसंवेशकौषधपेषकांश्चपरिचारकान्सर्वकर्मस्वप्रतिकलांस्तथागीतवादित्रोल्लापकश्लोकगाथाख्यायिकेतिहासपुराणकुशलानभिप्रायज्ञाननुमतांश्चदेशकालविदःपरिषद्यांश्च । तथालावकपिञ्जलशशहरिणैणकालपुच्छकमृगमातृकोरभ्रान् ॥ ८ ॥

આ ઉપરાંત શીલ, શુદ્ધતા, ચતુરતા, અનુરાગ, દયા, સેવામાં પ્રવિણુતા, સર્વ કાર્યોમાં ચતુરતા, દાળ, ભાત બનાવવાં, સ્નાન કરાવવું, પગ દબાવવા, ઉઠાડવું, સુવાડવું તથા ઔષધ ઘુંટવું આ સર્વ ગુણથી યુક્ત કોઈપણ કાર્યમાં પાછા ન પડે તેવા સેવકોને રાખવા, ગાવું, બજાવવું, પ્રસન્ન કરવું, શ્લોક, વાર્તાઓ ઇતિહાસ તથા પુરાણ આ સર્વમાં પ્રવિણ, પ્રિય, અભિપ્રાય, દેશ તથા કાલને જાણવાવાળા પરિષદને રાખવા. અને લવા, તેતર, સસલું હરણ, કાળા પુછડાવાળું હરણ, મૃગ, ઘેટું, એ સર્વને એ ઘરમાં રાખવાં. ૮.

गांदोग्ध्रीशीलवतीमनातुरांजीवद्वत्सांसुप्रतिविहिततृणशरणपानीयाम् । पात्र्याचमनीयोदकोष्ठमणिकघटपिठरपर्य्योगकुम्भीकुम्भकुण्डशरावदर्वीकटोदञ्चनपरिपचनमन्थानचर्म्मचेलसूत्रकार्पासोर्णादीनिचशयनासनादीनिचोपन्यस्तभृङ्गारप्रतिगृहाणिसुप्रयुक्तास्तरणोत्तरप्रच्छदोपधानानिस्वापाश्रयाणि संवेशनस्नेहस्वेदा-

भ्यङ्गमदेहपरिषेकानुलेपनवमनविरेचनास्थापनानुवासनशिरोविरेचनः आधार- कर्मणामुपचारसुखानिसुप्रक्षालितोपधानाश्चसुश्लक्ष्णखरमध्यमादृषदः शस्त्राणि- चोपकरणार्थानि । धूमनेत्रंबस्तिनेत्रञ्चोत्तरबस्तिकञ्च । कुशहस्तकश्चतूलाश्चमान- भाण्डश्चघृततैलवसामज्जक्षौद्रफाणितलवणेन्धनोदकमधुसीधुसुरासौवीरक तुषोदक- मैरेयमेदकदधिदधिमण्डोदस्विद्धान्याम्लमूत्राणिच ॥ ९ ॥

અને દુધ દેનારી સુશીલ રોગ રહિત જીવતા વાછડા વાળી તથા સારી રીતે ઘાસખાનારી તથા પાણીને પીનારી ગાયને પાળવી. પંચપાત્ર, આચમની, પ્યાલો, જળની કોઠી, તપેલું, ઘડા, માટલાં, ઝારી, શકોરાં, કડછી, પાક બનાવવાનું પાત્ર, થાળી, વાડકી, આદિ મથાની વસ્ત્રો, સુતર, કપાસ તથા ઉન વિગેરેથી બનેલી મચ્છરદાની, ચાદર તથા ઉસીકા સાથેની શય્યા, આસન, આદિ એકઠાં કરવાં. અને શય્યા તથા આસનની સમીપ જળની ઝારી, અને થુંકવા માટે પીકદાન આદિ મુકવાં. બેસવા તથા સુવામાં સુખદાયક સામાન રહેવો જોઈએ. તથા સ્નેહ, સ્વેદ, માલિશ (ચોળવું) પ્રલેપ, પરિષેક અનુલોમન, વમન, વિરેચન, શિરોવિરેચન, આસ્થાપન, અનુવાસન, એ સર્વની યોગ્ય સાધન સામગ્રી હોવી જોઈએ. અને મળમૂત્રનો ત્યાગ કરવાનું પાત્ર, અને ઉલટી કરવાનાં પાત્ર ધોઇ અને સાફ રાખવાં જોઇએ. અન્ય ઉપધાન, શિલા, શ્લક્ષ્ણ, અને શુદ્ધ હોવી જોઇએ. તથા વસ્ત્ર વિગેરે અન્ય ઉપકરણ પણ રાખવાં. ધુમ પાનની નળી, બસ્તી કર્મને માટે પીચકારી, અને ઉત્તર બસ્તિનો સામાન, કૃશહસ્ત, ત્રાજવાં, કાંટા, વિગેરે માપવાનાં પાત્ર, ઘૃત, તેલ, ચરબી, મજ્જા, મદ, રાબ, મીઠું, લાકડાં, પાણી. મદનો બનેલો મદ્ય (દારૂ) સૌવિર, (એક પ્રકારની કાંજી) તૃષો- દક મૈરેય (મયવિશેષ) મેદક, દહીં દધીમન્ડ, (દહીની તોર) ઉદ સ્વિત, ધાન્યામ્લ, (કાંજી) અને ગૌમૂત્ર આદિ સામાન રાખવો જોઈએ. (૯)

तथाशालिषष्टिकमूद्गमाषयवतिलकुलत्थबदरमृद्वीकाश्मर्य्यपरूषाभयामलकविभीत- कानिनानाविधानिचस्नेहस्वेदोपकरणानिद्रव्याणितथैवोर्द्धहरानुलोमिकोभयभा- ञ्जिसंग्रहणीयदीपनीयपाचनीयोपशमनीयवातहराणिसमाख्यातानिचौषधानि य- च्चान्यदपिकिञ्चिद्व्यापदःपरिसंख्यायोपकरणंविद्यात् । यच्चप्रतिभोगार्थंतत्तदुपक- ल्पयेत ॥ १० ॥

તથા શાળનાચોખા, સાઠીચોખા, મગ, અડદ, જવ, તલ, કળથી, બોર, કાળીદ્રાક્ષ, ફાલસા, હરડે, બેઢાં આંમળાં અને અનેક સ્નેહ તથા સ્વેદની સામગ્રી અને ઉપરના દોષને કાઢનારી અનુલોમન, ઉપર નીચેનું શોધન કરવાવાળી, સ્તંભનકર્તા, દીપન પાચન કરનાર ઉપશમન કરનાર અને વાયુનાશક ઐાષધિયો તથા બીજી અન્ય ઐાષધિઓ જે વમન વિરેચનમાં કોઇ કારણથી ઉપદ્રવ થાય તો કામ આવી શકશે તેમ હોય તેવી ઐાષધીઓ પાસે રાખવી તથા જે અન્ય દ્રવ્યોથી રોગીને સુખ પ્રાપ્ત થઈ શકે તેનો પણ સંગ્રહ કરવો. ૧૦.

ततस्तंपुरुषंयथोक्ताभ्यांस्नेहस्वेदाभ्यांयथार्हमुपपादयेत् । तञ्चेत्स्विन्नान्तरमानसः

शारीरोवाव्याधिःकश्चित्तीव्रतरःसहसाभ्यागच्छेत्तमेवतावदस्योपावर्त्तयितुंयतेत । ततस्तमुपावर्त्यतावन्तमेवैनंकालंतथाविधेनैवकर्मणोपाचरेत् । ततस्तंपुरुषंस्नेहस्वेदोपपन्नमनुपहतमानसमभिसमीक्ष्यसुखोषितंप्रजीर्णभक्तंशिरःस्नातमनुलिप्तगात्रंस्रग्विणमनुपहतवस्त्रसंवीतंदेवताग्निद्विजगुरुवृद्धवैद्यानार्चितवन्तमिष्टेनक्षत्रेतिथिकरणमूहूर्तेकारयित्वाब्राह्मणान्स्वस्तिवाचनंप्रयुक्ताभिराशीर्भिरभिमन्त्रितांमधुमधुकसैन्धवफाणितोपहितांमदनफलकषायमात्रांपाययेत् ॥ ११ ॥

એ ઉપરાંત જેને વમન વિરેચન કરાવવું હોય તેને યોગ્ય સ્નેહન અને સ્વેદન દ્વારા નમ્ર બનાવવો જો તેને તે વખતે કોઇ માનસિક શારીરિક તીવ્રવ્યથા જલદી ઉપસ્થિત થઈ હોય તો પ્રથમ તેને મટાડી ફરી વિકાર શાંત થયા પછી કેટલોક વખત થોભી સ્નેહન સ્વેદન કરવું. જ્યારે તે સ્નેહ સ્વેદદ્વારા મૃદુ થઈ જાય અને સ્વસ્થ ચિત્ત થાય તથા ભોજન કરેલું સારીરીતે પચી જાય ત્યારે તેનું માથુ ધોવરાવી અને સુગંધિત વસ્તુઓથી શરીરને સુગંધિત બનાવી તથા માળા વગેરે ધારણ કરાવી અને શુદ્ધ વસ્ત્ર પહેરાવી દેવતા, અગ્નિ બ્રાહ્મણ ગુરૂ, વૃદ્ધ અને વૈદ્ય વગેરેની પુંજા કરાવવી પછી શુભ નક્ષત્ર તિથિ કરણ મુહુર્તમાં બ્રાહ્મણોના આશિર્વાદના મંત્રો દ્વારા અભિમંત્રિત કરેલું મદ જેઠીમદ, સીંધાલુણ રાબ યુક્ત મીંઢળ આ સર્વના ક્વાથને યોગ્ય માત્રાથી પીવરાવવાં. ૧૧.

મીંઢળની માત્રાનું પ્રમાણ.

मदनफलकषायमात्राप्रमाणन्तुखल्लुसर्वसंशोधनमात्राप्रमाणानिच प्रतिपुरुषमपेक्षितव्यानिभवन्ति । यावद्धियस्यसंशोधनंपीतंवैकारिकदोषहरणायोपपद्यते ॥१२॥ नचातियोगायोगायतावदस्यमात्राप्रमाणंवेदितव्यंभवति ॥ १३ ॥

મીંઢળના ક્વાથની માત્રા તથા સંપૂર્ણ સંશોધનની માત્રાનું પ્રમાણ પુરૂષની યોગ્યતાને અનુસાર છે. જેને જેટલો સંશોધનનો ક્વાથ પીવાથી વિકારવાળા દોષ નીકળી જાય તેટલી માત્રા સમજવી.(૧૨) અને અતિયોગ તથા હીનયોગ ન થાય તેને માટે તેને તેટલી માત્રાનું પ્રમાણ જાણવું ૧૩.

पीतवन्तन्तुखल्वेनंमूहूर्तमनुकांक्षेत् । तस्ययदाजानीयात्स्वेदप्रादुर्भावेणदोषप्रविलयनमापद्यमानंलोमहर्षेणचस्थानेभ्यःप्रचलितंकुक्षिसमाध्मानेनचकुक्षिमनुगतंहृल्लासास्यश्रवणाभ्यामपचितोर्द्धमूखीभूतमथास्मैजानुसममसम्बाधंसुप्रयुक्तास्तरणोत्तरप्रच्छदोपघानंस्वापाश्रयमासनमूपवेष्टुंप्रयच्छेत् ॥ १४ ॥

ક્વાથ પીધા પછી થોડીવારે જ્યારે પરસેવા દ્વારા દોષની શાંતિ, રોમાંચનીદ્વારા દોષનું પોતાના સ્થાનથી ચાલવું કુખના આધ્માનથી દોષનું કુખ પર્યંત આવવું અને મુખથી પડવાથી દોષનું ઉર્ધ્વ મુખ થવું, જાણવામાં આવે ત્યારે રોગીને ઘુંટણ સમાન ઉંચી કોઇ પ્રકારની પીડા ન આપનાર, ચાદર તથા તકીયા સાથેની ગાદી પર બેસાડવો. (૧૪).

प्रतिग्रहांश्चोपचारयेत् । ललाटप्रतिग्रहेपार्श्वोपग्रहणेनाभिप्रपीडनेपृष्ठोन्मर्दनेचअ-

न्युपक्रमणीयाःसुहृदोऽनुमताःप्रवर्तेरन् । अथैनमनुशिष्यात् । विवृतौष्ठतालुकण्ठो-नातिमहताव्यायामेनवेगानुदिर्णानुदीरयन्किञ्चिदवनम्यग्रीवामूर्द्धशरीरमुपवेग-मप्रवृत्तान्प्रवर्त्तयन्सूपलिखितनखाभ्यामङ्गुलीभ्यामूत्पलकुमूदसौगन्धिकनालै-र्वाकण्ठमनभिस्पृशन्सुखंप्रवर्त्तयस्वेति ॥ १५ ॥

અને તેના સામે ઉલટી કરવાનું પાત્ર, હાથ લુંછવાનો રૂમાલ, અને જળ વિગેરે રાખવું, પછી વૈદ્ય યા પરિચારકે પોતાના બંને હાથેથી ઉલટી કરનારના કપાળ તથા પાંસળીયો દબાવવી અને ડુંટી તથા પીઠપર તેના મિત્ર તથા પરિચારકે ધીમે ધીમે મસળવું (હાથ ફેરવવો) કે જેથી સુખ પૂર્વક ઉલ્ટી થાય. અને તે રોગીને પણ એવી શિખામણ દેવી કે, હોઠ, તાળુ તથા કંઠ ખુલ્લા રાખીને જે પ્રકારે અધિક શ્રમ ન પડે તેવી રીતે વમનના વેગને બહાર કાઢવો. અને ગરદન, મસ્તક તથા શરીરનો કેટલોક ભાગ આગળ ઝુલતો રાખવો. જો ઉલટીનો વેગ ન આવતો હોય તો તેને લાવવાને માટે નખ લેવરાવેલી આંગળીયો અથવા કમળ, કુમુદની, કલ્હાર વિગેરેની નરમ ડાંડીથી ગળામાં સ્પર્શ કરવો કે જેથી સુખ પૂર્વક વમન થાય. ૧૫.

ઉલટી થયા પછી વૈદ્યનું કર્તવ્ય.

सतथाविधंकुर्य्यात्ततोऽस्यवेगान्प्रतिग्रहगतानवेक्षेतावहितःवेगविशेषदर्शनाद्धिकु-शलोयोगायोगातियोगविशेषानुपलभेतवेगविशेषदर्शीपुनःकृत्यंयथार्हमवबुद्धये-तलक्षणेन । तस्माद्वेगानवेक्षेतावहितः ॥ १६ ॥

રોગીને આ પ્રમાણે કરવું જોઈએ. પછી કુશળ વૈદ્યે સાવધાનતાથી જોવું કે ઉલટી બરોબર થઈ ગઈ છે કે નહીં. ઉલટીના વેગને જોઈને કુશળ વૈદ્ય ઉલટીના યોગ, અતિયોગ, અયોગની પરીક્ષા કરવી. જો કાંઈ અતિયોગ વિગેરે જણાય તો તે વખતે કરવા યોગ્ય કૃત્યોનો વિચાર કરી લેવાય જેથી સાવધાન થઈ વેગોને જોવા. ૧૬.

વમનના યોગયોગાદિનાં લક્ષણ.

तत्रअमून्ययोगयोगातियोगविशेषज्ञानानिभवन्ति । तद्यथा-अप्रवृत्तिःकुतश्चित् केवलस्यवाप्यौषधस्यविभ्रंशोविबन्धोवेगानाम् योगलक्षणानिभवन्ति ॥ १७ ॥

તેમાં વમનના અયોગ, સમ્યક યોગ, અને અતિ યોગનાં આ લક્ષણ છે. વમનનું ન થવું અગર જે ઔષધ વમનને માટે પીધું હોય તેજ માત્ર નિકળી જાય અથવા વમન ન થાય આ ઉલટીનાં અયોગનાં લક્ષણ છે. ૧૭.

कालेप्रवृत्तिरनतिमहतिवयथास्वंदोषहरणंस्वयश्चावस्थानमिति योगलक्षणानिभवन्ति । योगेनतुदोषप्रमाणविशेषेणतीक्ष्णमृदुमध्यविभागोज्ञेयः । योगाधिक्येन-तुफेनिलरक्तचन्द्रिकोपगमनमित्यतियोगलक्षणानिभवन्ति ।

मित्तानिमानुपद्रवान्विद्यात् । आध्मानंपरिकर्त्तिकापरिस्रावोहृदयोपशरणमङ्गग्रहो जीवादानंविभ्रंशःस्तंभक्लमउपद्रव इति ॥ १८ ॥

યોગ સમયે વમન થાય અતિ અધિક વમન થાય, વમનકર્તાને અધિક કષ્ટ ન થાય પ્રથમ દોષને બહાર કાઢી પછી ઔષધ બહાર નીકળે, આ વમનનો યોગ લક્ષણ છે. ઠીક યોગમાં પણ તીક્ષ્ણ, મૃદુ, મધ્ય, આ ત્રણ ભેદ છે. વમનને પ્રતિયોગ યોગ થવાથી ઉલટીમાં ફીણ, લોહી તથા ચમક વિગેરે થાય છે. અને વમનનો વેગ બહુજ વધુ આવે છે. આ વમનના અતિયોગનાં લક્ષણ છે. તેમાં અયોગ અને અતિયોગ થવાથી આ ઉપદ્રવ થાય છે જેમકે આફરો, ગુદામાં અને પેટમાં પીડા, લોહી વિગેરેનું મુખથી વહેવું, હૃદયમાં વ્યથા, શરીરનું રહી જવું, શરીરમાં પીડા, જીભનું નીકળવું અને ગ્લાનિ આ ઉપદ્રવ થાય છે. ૧૮.

योगेनतुखल्वेनंछर्दितवन्तमभिसमीक्ष्यसुप्रक्षालितपाणिपादास्यंमूहूर्तमाश्वास्यस्नेहिकवैरेचनिकोपशमनीयानांधूमानामन्यतमंसामर्थ्यतःपाययित्वापुनरेवोदकमूपस्पर्शयेत् । उपस्पृष्टोदकञ्चैनंनिवातमगारमनुप्रवेश्यसंवेश्यचानुशिष्यात् ॥ १९ ॥
उच्चैर्भाष्यमत्यासनमतिस्थानमतिचंक्रमणंक्रोधशोकहिमातपावश्यायातिप्रवातान् । यानयानंग्राम्यधर्म्ममस्वपनंनिशिदिवास्वप्नम् । विरुद्धाजीर्णासात्म्याकालप्रमितामितातिहीनगुरुविषमभोजनवेगसन्धारणोदीरणमितिभावानेतान्मनसाप्यसेवमानःसर्वमाहारमद्यादिति । सतथाकुर्य्यात् ॥ २० ॥

રોગીને સારી રીતે યોગથી ઉલટી થયેલી જોઈને તેના હાથ, પગ તથા મુખ ધોઇને આરામ કરી બે ઘડી પછી તેને સાવધાન કરી ફરી સ્નેહન વિરેચન તથા ઉપશમનિય, ધુમમાંથી કોઈ ધુમ્રપાન, સામર્થ્યાનુસાર કરવા પછી હાથ પગ તથા મુખ ધોવરાવી વાતરહિત સ્થાનમાં તેને લઇ જઈ એવી શિક્ષા આપવી કે. (૧૯) જોરથી બોલવું, અધિક ભોજન કરવું, બહુ ફરવું, બહુ ઉભું રહેવું, ક્રોધ, શોક, ટાઢ તથા તાપ તથા શીત, અત્યન્ત વાયુ, ઘોડા વિગેરેની સ્વારી પર ચઢવું, મૈથુન, રાત્રીયે જાગવું, દિવસે સુવું, વિરૂદ્ધ ભોજન, અજીર્ણ કરે તેવા પદાર્થોનું ભોજન, થોડું ભોજન, મળમુત્રાદિના વેગોને રોકવા, અથવા મળમૂત્રાદિનો પરાણે ત્યાગ કરવો આ સર્વ વાતોનુ મનથી પણ સેવન ન કરવું આ નિયમનું રોગીએ કેટલાક દિવસ પાલન કરવું ૨૦

રાત્રીયે ભોજનનો ક્રમ.

अथनंसायाह्नेपरेवाह्निसुखोदकपरिषिक्तंपुराणानांलोहितशालितण्डुलानांस्वक्लिन्नानांमण्डपूर्वांसुखोष्णांयवागूंपाययेदग्निबलमभिसमीक्ष्यचैवंद्वितीयेतृतीयेचान्नकालेचतुर्थेत्वन्नकालेतथाविधानामेवशालितण्डुलानामुत्स्विन्नांविलेपीमुष्णोदकद्वितीयामस्नेहलवणामल्पस्नेहलवणांवाभोजयेत् । एवंपञ्चमेषष्ठेचान्नकालेसप्तमेत्वन्नकालेतथाविधानामेवशालीनांद्विप्रसृतंसुस्विन्नमोदनमुष्णोदकानुपानंतनुमातनुस्नेहलवणोपपन्नेनमुद्गयूषेणभोजयेत् । एवमष्टमेनवमेचान्नकालेदशमेत्वन्नकालेलावकपिञ्जलादीनामन्यतमस्यमांसरसेनौदकलावणिकेनापिसारवताभोजयेत् । उष्णोदकानुपानमेवमेकादशेद्वादशेद्वादशेचान्नकाले ॥ २१ ॥

એ ઉપરાંત તેમ મનુષ્યને સાંજે અથવા બીજે દિવસે પ્રાતઃકાળે સ્હેજ ઉના (કોકરવરણા) પાણીથી સ્નાન કરાવી જુના સાઠીના ચોખા વિગેરેની કાંજી બનાવીને કોકરવરણી પાવી. એવીજ રીતે બીજી તથા ત્રીજી વખતના અન્ન ભોજનના વખતે સુખોષ્ણ નરમ નરમ સાઠી ચોખા વગેરેની કાંજી પાવી, ચોથી વખતના ભોજનના વખતે ઉપર પ્રમાણેના ચોખાની કાંજી ઘી તથા મીઠું નાખ્યા સિવાય અથવા થોડું નાંખીને પીવરાવે અને તેની સાથે ગરમ જળ પીવરાવે, પાંચમા તથા છઠી વારના ભોજન વખતે પણ તે પ્રમાણે કરવું. સાતમી વખતે પ્રથમ કહેલા ચોખાનો અધશેર ભાત, થોડું ઘી તથા મીઠા સાથેની મગની કાંજીની સાથે ખવરાવે અને ગરમ પાણી પીવરાવે. આઠમા તથા નવમા વખતે પણ તેજ ભોજન આપવું દશમા અન્નકાળમાં લવા તથા તીતર વિગેરે પક્ષિયોના માંસના રસની સાથે થોડું મીઠું મેળવી ભાત ખવરાવવો અને ગરમ પાણી પીવરાવવું અગીઆરમા તથા બારમા વખતના ભોજનના ટાઇમે પણ તેજ ભોજન કરાવવું. ૨૧.

अतऊर्ध्वमन्नगुणान्क्रमेणोपभुञ्जानः सप्तरात्रेण प्रकृतिभोजनमागच्छेत् ॥ २२ ॥

આ ઉપરાંત સાત દિવસ સાત્મ્ય તથા પથ્ય ભોજન કરતાં કરતાં પોતાનું સ્વાભાવિક ભોજન જમવું. ૨૨.

વિરેચન વિધિ.

अथैनं पुनरेव स्नेहस्वेदाभ्यामुपपाद्यानुपहतमनसमभिसमीक्ष्य सुखोषितं सुप्रजीर्णभक्तं कृतहोमबलिमङ्गलजप्यप्रायश्चित्तमिष्टतिथिनक्षत्रकरणमुहूर्ते ब्राह्मणान्स्वस्तिवाचयित्वा त्रिवृत्कल्कमक्षमात्रं यथार्हालोडनप्रतिविनीतं पाययेत् ॥ २३ ॥

प्रसमीक्ष्य दोषभेषजदेशकालबलशरीराहारसात्म्यसत्त्वप्रकृतिवयसामवस्थान्तराणि विकारांश्च सम्यग्विरिक्तश्चैनं वमनोक्तेन धूमवर्जेन विधिनोपपादयेदाबलवर्णप्रतिलाभात् ॥ २४ ॥

એ ઉપરાંત એ રોગીને ફરી સ્નેહન તથા સ્વેદન કરાવી તેને સ્વસ્થ ચિત્તવાળો જોઇને ભોજનને બરોબર પચી ગયા પછી સારી રીતે સુખ પૂર્વક બેસાડીને હવન, બળિ, મંગલ, જપ તથા પ્રાયશ્ચિત કરાવીને ઉત્તમ નક્ષત્ર, તિથિ, કરણ તથા મુહુર્તમાં બ્રાહ્મણોદ્વારા સ્વસ્ત્યયન કરાવીને દોષ, ઔષધ, દેશ, કાળ, બળ, શરીર, અહાર, સાત્મ્ય, સત્વ, પ્રકૃતિ તથા અવસ્થાનુસાર એ તોલા નસોતરનું ચુર્ણ જળમાં મિશ્ર કરીને પીવરાવવું પછી સારી રીતે જુલાબ થઈ ગયા પછી વમનાધિકારમાં કહ્યા પ્રમાણે ધુમ્રપાન સિવાયની બીજી સર્વ વિધિ એજ પ્રકારે જ્યાં સુધી બળ, વર્ણ તથા પ્રકૃતિ ઠીક થાય ત્યાંસુધી કરવી ૨૩–૨૪

बलवर्णोपपन्नश्चैनमनुपहतमनसमभिसमीक्ष्य सुखोषितं सुप्रजीर्णभक्तं शिरःस्नातमनुलिप्तगात्रं स्रग्विणमनुपहतवस्त्रसंवीतमनुरूपालङ्कारालंकृतं सुहृदां दर्शयित्वा ज्ञातीनां दर्शयेदथैनं कामेष्ववसृजेत् ॥ २५ ॥

બળ તથા વર્ણયુક્ત સ્વસ્થ ચિત્ત, રોગીને જોઇને ભોજનનું સારી રીતે પચી ગયા.

પછી માથાથી સ્નાન કરાવીને શરીરમાં ચંદનાદિ સુગંધિત વસ્તુ લગાવી માળા, વસ્ત્ર તથા આભુષણ પહેરાવીને તેના મિત્રો તથા ન્યાતવાળાઓને બતાવ્યા પછી તેની મરજી પ્રમાણે અહાર વિહાર કરવાની આજ્ઞા આપવી. ૨૫,

भवंतिचात्र । अनेनविधिनाराजाराजमात्रोऽथवापुनः । यस्यवाविपुलंद्रव्यंससंशोधनमर्हति ॥ २६ ॥ दरिद्रस्त्वापदंप्राप्यप्राप्तकालंविरेचनम् । पिबेत्काममसंभत्यसम्भारानपिदुर्लभान् ॥ २७ ॥

नहिसर्वमनुष्याणांसन्तिसर्वपरिच्छदाः । नचरोगानबाधन्तेदरिद्रानपिदारुणाः ॥ २८ ॥ यद्यच्छक्यंमनुष्येणकर्त्तुमौषधमापदि । तत्तत्सेव्यंयथाशक्तिवमनान्यशनानिच ॥ २९ ॥

આમાં આ શ્લોક છે કે રાજા તથા રાજાના જેવા મહાં ધનવાન આ પ્રકારના સંશોધનને યોગ્ય છે. ૨૬. પણ જો કોઈ દરિદ્રી હોય તો તેને દુર્લભ સામગ્રી એકઠી કર્યા સિવાય પણ વમન વિરેચનાદિ ઔષધનું સેવન કરાવવું. ૨૭. કેમકે સંપૂર્ણ સાધારણ મનુષ્યોને સંપૂર્ણ સામગ્રી પ્રાપ્ત થતી નથી અને દરિદ્રીયોને દારૂણ રોગ ન થાય એમ પણ બનતું નથી ૨૮. જેથી રોગ થાય ત્યારે મનુષ્યે શક્તિઅનુસાર વમનાદિ ઔષધ તથા અહારનો વ્યવહાર કરવો. ૨૯.

मलापहंरोगहरंबलवर्णप्रसादनम् । पीत्वासंशोधनंसम्यगायुषायुज्यतेचिरम् ॥३०॥

મળ તથા રોગ નાશક અને બળ તથા વર્ણને ઉત્તમ કરવાવાળા સંશોધનને પીવાથી મનુષ્ય ચિરાયુ થાય છે. ૩૦.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्रश्लोकाः । ईश्वराणांवसुमतांवमनंसविरेचनम् । सम्भारायेयदर्थश्च समानीयप्रयोजयेत् ॥ ३१ ॥ यथाप्रयोज्यंयामात्रायदयोगस्यलक्षणम् । योगातियोगयोर्यच्चदोषायेचाप्युपद्रवाः ॥ ३२ ॥ यदसेव्यंविशुद्धेनयश्चसंसर्जनक्रमः । तत्सर्वंकल्पनाध्यायेव्याज हारपुनर्वसुः ॥ ३३ ॥

આમાં આ શ્લોક છે. રાજા તથા ધનવાન પુરૂષોને વમન તથા વિરેચન જેવી રીતે જેવી સામગ્રી લાવીને રાખવી જોઇએ, જે માત્રા જે પ્રકારથી આપવી જોઇએ, યોગ, અયોગ, તથા અતિયોગનાં લક્ષણ, અયોગ તથા અતિયોગના દોષ વા ઉપદ્રવ, વમન તથા વિરેચન ઉપરાંત જે વસ્તુઓનું સેવન ન કરવું જોઇએ અને નિયમોને ત્યાગ કરવાનો ક્રમ આ સંપુર્ણ વિષયનુ આ ઉપકલ્પનિય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીયે વર્ણન કર્યું. છે. ૩૧-૩૨-૩૩.

इतिकल्पनाचतुष्केउपकल्पनीयोऽध्यायः ॥ १५ ॥

ઇતિ કલ્પના ચતુષ્કે ઉપકલ્પનીય નામનો પંદરમો અધ્યાય સમાપ્ત થયો.

षोडशोऽध्यायः ॥

अथातश्चिकित्साप्राभृतीयमध्यायंव्याख्यास्याम इति हस्माहभगवानात्रेयः ।

હવે હું ચિકિત્સા પ્રભૃતિય અધ્યાયનું કથન કરૂં છું એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા

સારા વૈદના કર્મનાં ફળ.

चिकित्साप्राभृतोविद्वान् शास्त्रवान् कर्मतत्परः । नरंविरेचयतियंसयोगात्सुख-मश्नुते ॥ १ ॥

ચિકિત્સામાં નિપુણ, શાસ્ત્રીને જાણવાવાળા, પોતાના ચિકિત્સાકર્મમાં તત્પર વૈદ જે મનુષ્યને વિરેચન કરાવે છે તે મનુષ્ય રોગમુક્ત થઇ પરમ સુખને ભોગવે છે. ૧.

यंवैद्यमानीत्वबुधोविरेचयतिमानवम् ।
सोऽतियोगादयोगाच्चमानवोदुःखमश्नुते ॥ २ ॥

અને પોતે પોતાને વૈદ કહેવરાવનારા મુર્ખ જેમને વિરેચન આપે છે તે અતિયોગ અથવા અયોગના થવાથી દુઃખને ભોગવે છે. ૨.

સારા વિરેચનનાં લક્ષણ.

दौर्बल्यंलाघवंग्लानिर्व्याधीनामणुतारुचिः । हृद्वर्णशुद्धिःक्षुतृष्णाकालेवेगप्रवर्त्त-नम् ॥ ३ ॥ बुद्धीन्द्रियमनःशुद्धिर्मारुतस्यानुलोमता । सम्यग्विरिक्तलिङ्गानि-कायाग्नेश्चानुवर्त्तनम् ॥ ४ ॥

દેહમાં દુર્બળતા, હલકાપણું, ગ્લાનિ, રોગની અલ્પતા, રૂચિ, હૃદય, અને વર્ણની શુદ્ધિ, ભુખ, તરસ ઠીક લાગવી વખતસર મળમુત્રનો ખુલાસો થવો, બુદ્ધિ, ઇન્દ્રિય, અને મનનું શુદ્ધ થવું, વાયુનું અનુલોમ થવું, જઠરાગ્નિનું બળવાન થવું, આ લક્ષણ ઉત્તમ વિરેચનનાં છે. ૩–૪.

દુષ્ટ વિરેચનનાં લક્ષણ.

ष्ठीवनंहृदयाशुद्धिरुत्क्लेशः श्लेष्मपित्तयोः । आध्मानमरुचिच्छर्दिरदौर्बल्यमलाघ-वम् ॥ ५ ॥ जंघोरुसादनंतन्द्रास्तैमित्यंपीनसागमः । लक्षणान्यविरिक्तानांमा-रुतस्यचनिग्रहः ॥ ६ ॥

મુખથી પાણી પડવું, હૃદયનું ભારે થવું, કફ, પિત્તના નીકળવાની શંકા રહેવી, આફરો, અરૂચિ, ઉલટી, દેહમાં પુષ્ટતા, અને ભારેપણું, પગ તથા ઘુંટણોમાં શિથિલતા, તંન્દ્રા, દેહમાં ગંદાપણું, પીનસ, અને વાયુનું રોકાવું આ સારી રીતે વિરેચન ન થવાનાં લક્ષણ છે. ૫–૬

અતિ વિરેચનનાં લક્ષણ.

विट्पित्तश्लेष्मवातानामागतानांयथाक्रमम् । परंस्रवतियद्रक्तंमेदोमांसोदकोपमम् ॥ ७ ॥ निःश्लेष्मपित्तमुदकंशोणितंकृष्णमेववा । तृष्यतोमारुतार्त्तस्यसोतियोग-प्रमुह्यतः ॥ ८ ॥

પ્રથમ વિષ્ટા, પિત્ત, બલગમ, વાત હવા આ પ્રમાણે અનુક્રમે નીકળી પછી મેદ અને માંસના ધોવણની સમાન લોહી નીકળવા લાગે અને કફ પિત્ત રહિત પાણીનું નીકળવું અથવા કાળા રંગનું લોહી પડવું, અને બેહોશી, તરસની અધિકતા, વાયુનો કોપ થવો, આ વિરેચનનાં અતિયોગના લક્ષણ છે. ૭-૮.

वमनातिकृतेलिङ्गान्येतान्येवभवन्तिहि ।
ऊर्द्धगावातरोगाश्चवाग्ग्रहश्चाधिकोपमः ॥ ९ ॥

વમનનો અતિયોગ થવાથી પણ આજ લક્ષણ થાય છે. પરંતુ ઉર્ધ્વવાત, વાયુના રોગ અને વાણીનું રોકાવું આ વિરેચનના અતિયોગથી વમનના અતિયોગમાં અધિક થાય છે.૯

चिकित्साप्राभृतंतस्मादुपेयात्कारणंनरः ।
युञ्ज्याद्यएनमत्यन्तमायुषाचसुखेनच ॥ १० ॥

જેથી ચિકિત્સાના જાણવાવાળા સુજ્ઞ વૈદ્યના શરણમાંજ મનુષ્યને સ્વેદન, વમન, વિરેચનાદિ આપવાં જોઈએ કેમકે યોગ્ય વૈદ્યજ આયુષ્ય અને સુખની રક્ષા કરે છે. ૧૦.

સંશોધનીય રોગ.

अविपाकोऽरुचिःस्थौल्यंपाण्डुतागौरवंक्लमः । पिडकाकोठकण्डूनांसम्भवोऽरतिरेवच ॥ ११ ॥ आलस्यंश्रमदौर्बल्यंदौर्गन्ध्यमवमादकः । श्लेष्मपित्तसमुत्क्लेशोनिद्रानाशोऽतिनिद्रता ॥ १२ ॥ तन्द्राक्लैब्यमबुद्धित्वमशस्तस्वप्नदर्शनम् । बलवर्णप्रणाशश्चतृप्यतोबृंहणैरपि ॥ १३ ॥ बहुदोषस्यलिङ्गानितस्मैसंशोधनंहितम् । ऊर्द्धंश्चैवानुलोमञ्चयथादोषंयथाबलम् ॥ १४ ॥

અન્નનું પરિપાકન થવું, અરૂચિ, સ્થુળતા, પાંડુ, ગુરતા ગ્લાનિ, પિડિકા, ખુજલી, બેચેની (૧૧) આળસ, શ્રમ, દુર્બળતા, શરીરમાં દુર્ગંધ થવી, શરીર શિથિલ થવું, કફ તથા પિત્તથી વારંવાર વમન થવું, નિંદ્રાનો નાશ, અથવા અધિક નિંદ્રા, (૧૨) નપુષકતા, તંદ્રા, નિર્બુદ્ધિ થવી, ખોટાં સ્વપ્ન દેખાવાં, અને મોટી ઔષધિયોદ્વારા તર્પણ કરવા છતાં પણ બળ તથા વર્ણનો નાશ થવો (૧૩) આ અધીક દોષવાળાનાં લક્ષણ છે. એવા લક્ષણોવાળા પુરૂષને સંશોધન હિત છે. બળ તથા દોષને જોઈને વમન તથા વિરેચન દેવું. ૧૪

સંશોધનનું ફળ.

एवंविशुद्धकोष्ठस्यकायाग्निरभिवर्द्धते । व्याधयश्चोपशाम्यन्तिप्रकृतिश्चानुवर्तते ॥ १५ ॥ इन्द्रियाणिमनोबुद्धिर्वर्णश्चास्यप्रसीदति । बलंपुष्टिरपत्यञ्चवृषताचास्यजायते ॥ १६ ॥ जरांकृच्छ्रेणलभतेचिरंजीवत्यनामयः । तस्मात्संशोधनंकालेयुक्तियुक्तंपिबेन्नरः ॥ १७ ॥

આ પ્રકારે શુદ્ધ કોઠો થયેલા મનુષ્યની અગ્નિ વધે છે, રોગ શાંત થાય છે, શરીરની અવસ્થા સ્વાભાવિક થાય છે. ૧૫ ઇન્દ્રિય, બળ, બુદ્ધિ, વર્ણ તથા મનની પ્રસન્નતા થાય છે. પુષ્ટતા થાય છે, સંતાન ઉત્પન્ન થાય છે. કામશક્તિ વધે છે. ૧૬ જલ્દીથી વૃદ્ધા-

વસ્થા આવતી નથી અને નિરોગતાપૂર્વક દીર્ઘાયુષ્ય થાય છે. જેથી મનુષ્યે સમયાનુસાર યુક્તિપૂર્વક સંશોધન ઔષધ પીવું. ૧૭

સંશોધનની ઉત્કૃષ્ટતા.

दोषाःकदाचित्कुप्यन्तिजितालंधनपाचनैः । जिताःसंशोधनैर्येतुनतेषांपुनरुद्भवः ॥ १८ ॥ दोषाणाञ्चद्रुमाणाञ्चमूलेऽनुपहते सति । रोगाणांमस्रवाणाञ्चगतानामागतिर्ध्रुवा ॥ १९ ॥

લંઘન તથા પાચનદ્વારા શાંત થયેલા દોષ ફરી કદાચિત કોપીત થાય છે પરંતુ સંશોધનદ્વારા શાંત થયેલા દોષ ફરી કદી કોપીત થતા નથી. ૧૮ દોષ તથા વૃક્ષોને મુળમાંથી ઉખાડયા સિવાય જતા રહેલા રોગ તથા ફળોની ફરી ઉત્પત્તિ થાય છે. ૧૯

ઔષધ ક્ષીણને માટે પથ્ય.

भेषजक्षपितेपथ्यमाहारैरेवबृंहणम् । घृतमांसरसक्षीरहृद्ययूषोपसाधितैः ॥ २० ॥ अभ्यङ्गोत्सादनैःस्नानैर्निरूहैःसानुवासनैः । तथासलभतेशर्मयुज्यतेचायुषाचिरम् ॥ २१ ॥

વમન વિરેચનની ઔષધિનું અધીક સેવન કરવાથી મનુષ્ય ક્ષીણ થઈ જાય છે. તેથી તેમને પથ્ય અહારોથી પુષ્ટ કરવા જોઈએ તથા ધૃત, માંસરસ, દુધ તથા હૃદયને પ્રિય હોય તેવા પદાર્થોની સાથે ધાતુવર્ધક પથ્ય ભોજન કરવું. (૨૦) શરીરમાં તૈલાદિ મર્દન કરાવીને સ્નાન કરવું અને નિરૂહ તથા અનુવાસન બસ્તિ ક્રિયા કરવી. આ પ્રકારે કરવાથી સુખ તથા દીર્ઘાયુની પ્રાપ્તી થાય છે.

વમન વિરેચનયોગમાં ચિકિત્સા.

अतियोगानुबद्धानांसर्पिः पानंप्रशस्यते । तैलंमधुकरैः सिद्धमथवाप्यनुवासनम् ॥ २२ ॥ यस्यत्वयोगस्तंसिद्धंपुनः संशोधयेन्नरम् । मात्राकालबलापेक्षीस्मरन्पूर्वमतिक्रमम् ॥ २३ ॥

स्नेहनेस्वेदनेशुद्धौरोगाःसंसर्जनेचये । जायन्तेऽमार्गविहितेतेषांसिद्धिषुसाधनम् ॥ २४ ॥

વમન તથા વિરેચનના અતિયોગમાં ધૃત, મધુરાદિગણથી સિદ્ધ કરેલ તેલ અથવા સ્નેહનબસ્તિ હિતકારક છે. ૨૨. વમન તથા વિરેચનના અયોગમાં વૈદ્ય, માત્રા, સમય તથા બળનો વિચાર કરીને ફરી સ્નેહન કરાવી વમન તથા વિરેચનકારક ઔષધ પૂર્વોક્ત ક્રમાનુસાર પીવરાવવાં. ૨૩. સ્નેહન, સ્વેદન, સંશોધન આદિ, કોઈ ક્રમના બગડવાથી જે રોગ થાય છે તેનો યત્ન સિદ્ધ સ્થાનમાં કહેવામાં આવશે. ૨૪

जायन्तेहेतुवैषम्याद्विषमादेहधातवः हेतुसाम्यात्समास्तेषांस्वभावोपरमःसदा ॥ २५ ॥ प्रवृत्तिहेतुर्भावानांननिरोधेऽस्तिकारणम् । केचित्त्वत्रापिमन्यन्तेहेतुंहेतोरवर्त्तनम् ॥ २६ ॥

હેતુની વિષમતાથી શરીરની ધાતુ વિષમ હોય છે અને હેતુની સમતાથી સમ થઇ જાય છે. અને તેનો નાશ હંમેશાં સ્વભાવથીજ થાય છે. ૨૫.

સંપૂર્ણ પદાર્થોની ઉત્પત્તિનું કારણ છે પરંતુ નાશનું કોઇ કારણ નથી, કોઇ લોક નાશમાં પણ હેતુના અભાવને કારણ માને છે.

અગ્નિવેશનો પ્રશ્ન.

एवमुक्तार्थमाचार्य्यमग्निवेशोऽभ्यभाषत । स्वभावोपरमेकर्मचिकित्साप्राभृतस्यकिम् ॥ २७ ॥ भेषजैर्विषमान्धातून्कान्समीकुरुतेभिषक् । कावाचिकित्साभगवन् किमर्थंवाप्रयुज्यते ॥ २८ ॥

આ પ્રમાણે કહેતાં આચાર્ય આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે જો સંપૂર્ણ પદાર્થ સ્વભાવથી નાશ પામે છે તો ચતુર વૈદ્યનું કામ જે ચિકિત્સા છે તેનું કામ પણ શું રહ્યું? ૨૭

હે ભગવાન્ વૈદ્ય લોક ઔષધિયોથી કયા વિષમ ધાતુઓને સમ કરે છે, ચિકિત્સા શી વસ્તુ છે અને કયા નિમિત્તે ચિકિત્સા કરવામાં આવે છે ? ૨૮.

પુનર્વસુનો ઉત્તર.

तच्छिष्यवचनंश्रुत्वाव्याजहारपुनर्वसुः । श्रूयतामत्रयासौम्य युक्तिर्दृष्टामहर्षिभिः ॥ २९ ॥ ननाशकारणाभावाद्भावानां नाशकारणम् । ज्ञायतेनित्यगस्येवकालस्यात्ययकारणम् ॥ ३० ॥ शीघ्रगत्वाद्यथाभूतस्तथाभावोविपद्यते । विरोधकारणंतस्यनास्तिनैवान्यथाक्रिया ॥ ३१ ॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને આત્રેયજીએ કહ્યું કે હે સૌમ્ય! આ વિષયમાં મહર્ષિયોએ જે યુક્તિ કહી છે તે તમે સાંભળો. (૨૯) જેમ નિત્યકાળને નાશનું કારણ પ્રતિત થતું નથી. તેવી રીતે સમાન પદાર્થોના નાશનાં કારણ જાણી શકાતાં નથી. ૩૦ જેવી રીતે કાળ જલ્દીથી ભૂત થઇ જાય છે તેવી રીતે ભાવ અર્થાત પદાર્થ પણ નષ્ટ થઇ જાય છે પણ નાશનું કારણ નથી, પરંતુ ચિકિત્સા વ્યર્થ નથી. ૩૧.

याभिःक्रियाभिर्जायन्तेशरीरेधातवःसमाः । साचिकित्साविकाराणांकर्मतद्भिषजांस्मृतम् ॥ ३२ ॥ कथंशरीरेधातूनांमवैषम्यंनभवेदिति । समानाश्चानुबन्धःस्यादित्यर्थंकुरुतेक्रियाः ॥ ३३ ॥

જે ક્રિયાઓથી શરીરના ધાતુ સમતાને પ્રાપ્ત થાય છે, તે ચિકિત્સા છે. તે વૈદ્યોનું કામ છે. ૩૨. જે પ્રકારથી શરીરની ધાતુઓની વિષમતા ન થાય અને સમતા બની રહે તેટલા માટે ચિકિત્સા કરવામાં આવે છે. ૩૩.

त्यागाद्विषमहेतूनांसमानाश्चोपसेवनात् । विषमानानुबध्नन्तिजायन्तेधातवःसमाः ॥ ३४ ॥

ધાતુઓને વિષમ કરવાવાળા જે હેતુ છે તેનો ત્યાગ કરવાથી અને સામ્યાવસ્થામાં રાખનાર હેતુઓના સેવનથી ધાતુઓમાં વિષમતા આવતી નથી. અને સમતા પ્રાપ્ત રહેછે.૩૪

समैस्तुहेतुभिर्यस्माद्धातून्सञ्जनयेत्समान् । चिकित्साप्राभृतस्तस्माद्दातादेहसुखायुषाम् ॥ ३५ ॥ धर्मस्यार्थस्यकामस्यत्रिलोकस्याभयस्यच । दाताशम्पद्यतेवैद्योदानाद्देहसुखायुषाम् ॥ ३६ ॥

કેમકે સમકારણોથી ધાતુઓની સમતા થાય છે. ચિકિત્સામાં નિપૂણ વૈદ્ય, આથીજ દેહસુખ તથા આયુષ્યના દેનારા થાય છે. ૩૫ અથવા આ કારણથી વૈદ્ય ત્રણે લોકમાં અભય, ધર્મ, અર્થ તથા કામના આપનારા હોય છે. કારણ કે તેઓ દેહસુખ તથા આયુષ્યના દેનારા છે. ૩૬.

तत्रश्लोकाः ।

चिकित्साप्राभृतगुणोदोषोयश्चेतराश्रयः । योगायोगातियोगानांलक्षणंशुद्धिसंश्रयम् ॥ ३७ ॥ बहुदोषस्यलिङ्गानिसंशोधनगुणाश्चये । चिकित्सासूत्रमात्रञ्चसिद्धिव्यापत्तिसंश्रयम् ॥ ३८ ॥ याचयुक्तिश्चिकित्सायांयंचार्थंकुरुतेभिषक् ॥ चिकित्साप्राभृतेऽध्यायेतत्सर्वमवदन्मुनिः ॥ ३९ ॥

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोका:

આમાં આ શ્લોક છે. ચિકિત્સામાં નિપુણ વૈદ્યના ગુણ, મુર્ખ વૈદ્યના દોષ, વમન, વિરેચન સંબંધી યોગ, અયોગ તથા અતિયોગનાં લક્ષણ. ૩૭ બહુજ દોષવાળાનાં લક્ષણ, ચિકિત્સાના સૂત્રમાત્ર, ચિકિત્સાની યુક્તિ, અને વૈદ્યનું કાર્ય આ સર્વ વિષય, આ ચિકિત્સા પ્રાભૃતિય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યો. ૩૮–૩૯.

इतिअग्निवेशकृतेतंन्त्रेचरकप्रतिसंस्कृतेकल्पनाचतुष्केचिकित्साप्राभृतीयोनाम षोडशोध्यायः समाप्तः ॥ १६ ॥

આ પ્રમાણે અગ્નિવેશે રચેલો અને ચરકે શુદ્ધ કરેલો કલ્પના ચતુષ્કે ચિકિત્સા પ્રાભૃતિયો નામનો સોળમો અધ્યાય સમાપ્ત થયો. (૧૬)

सप्तदशोऽध्यायः ।

अथातः कियन्तः शिरसीयमध्यायं व्याख्यास्यामः । इतिहस्माह भगवानात्रेयः ।

આ ઉપરાંત કિયન્ત શિરસીય નામના અધ્યાયનું વ્યાખ્યાન કરવામાં આવે છે એવું ભગવાન આત્રેયજીએ કહ્યું.

રોગો વિષે અગ્નિવેશનો પ્રશ્ન.

कियन्तःशिरसिप्रोक्तारोगाहृदिचदेहिनाम् ॥ १ ॥ कतिचाप्यनिलादीनांरोगामानविकल्पजाः । क्षयाःकतिसमाख्याताः पिडकाःकतिचानघ ॥ २ ॥ गतिःकतिविधाचोक्तादोषाणांदोषसूदन । हुताशवेशस्यवचःतच्छ्रुत्वागुरुरब्रवीत् ॥ ३ ॥

અગ્નિવેશે પૂછ્યું કે, મનુષ્યોના માથા તથા હૃદયમાં કયા કયા પ્રકારના રોગ થાય છે? અને વાત પિત્ત તથા કફના ભેદથી અથવા તેઓના વિકલ્પથી થયેલા કેટલા રોગ છે? ક્ષય રોગ કયા પ્રકારનો છે અને પિડિકા કેટલા પ્રકારની છે. અને હે દોષને દુર કરવાવાળા ગુરૂ દોષોની ગતિ કેટલા પ્રકારની છે. અગ્નિવેશના આ વચનને સાંભળીને ગુરૂ કહેવા લાગ્યા કે, ૧-૨-૩.

ગુરૂનો ઉત્તર.

पृष्ठवानसियत्सौम्य ! तन्मेशृणुसुविस्तरम् । दृष्टाःपञ्चशिरोरोगाःपञ्चैवहृदयामयाः ॥ ४ ॥ व्याधीनांद्व्यधिकाषष्टिर्दोषमानैर्विकल्पजा । दशाष्टौचक्षयाःसप्तपिडकामधुमेहिकाः ॥ ५ ॥ दोषाणांत्रिविधाचोक्तागतिर्विस्तरतःशृणु ॥ ६ ॥

હે સૌમ્ય! જે તમે મ્હને પૂછ્યું છે તેનો ઉત્તર વિસ્તારપૂર્વક શ્રવણ કરો. માથામાં થનાર રોગ પાંચ પ્રકારનો જોવામાં આવે છે. હૃદયના રોગ પણ પાંચ પ્રકારના હોય છે. વાતાદિ દોષોની અંશાદિ ભેદે કલ્પનાથી ૬૨ પ્રકારના રોગ થાય છે. ક્ષય ૧૮ પ્રકારના થાય છે. મધુમેહથી સાત પ્રકારની પિડીકા થાય છે. દોષોની ગતિ ત્રણ પ્રકારની છે. એ સર્વને હવે વિસ્તારથી સાંભળો. ૪-૫-૬.

શિરો રોગનું કારણ.

सन्धारणाद्दिवास्वप्नाद्रात्रौजागरणान्मदात् । उच्चैर्भाष्यादवश्यायात्प्राग्वातादतिमैथुनात् । गन्धादसात्म्यादाघ्राताद्रजोधूमहिमातपात् ॥ ७ ॥ गुर्वम्लहरितादानादतिशीताम्बुसेवनात् । शिरोऽभितापादुष्टामाद्रोदनाद्बाष्पनिग्रहात् ॥ ८ ॥ मेघागमान्मनस्तापाद्देशकालविपर्य्ययात् । वातादयःप्रकुप्यन्तिशिरस्यस्रंप्रदुष्यंति ॥ ९ ॥ ततःशिरसिजायन्तेरोगाविविध लक्षणाः ॥ १० ॥

મળમૂત્રનો વેગ રોકવાથી, દિવસે સુવાથી, રાત્રિએ જાગવાથી, મદથી, બહુજ ઉતાવળું બોલવાથી, શરદીથી, પૂર્વના પવનથી, અતિ મૈથુનથી, અસાત્મ્ય ગંધ લેવાથી, ધુળ, ધુમાડી, અને તાપના સેવનથી, ભારે, તથા ખાટી વસ્તુ તથા શાક ખાવાથી, ઘણું ઠંડુ પાણી પીવાથી, માથામાં વાગવાથી, આમના દોષથી, રોવાથી, આંસુઓને રોકવાથી, વાદળ ચઢવાથી, મનના સંતાપથી, સ્થાન તથા વખતના વિપર્યયથી વાતાદિ દોષો કુપિત થાય છે અને માથાનું લોહિ દુષિત થઇને માથામાં અનેક પ્રકારના લક્ષણોવાળા રોગ ઉત્પન્ન થાય છે. ૭-૮-૯-૧૦.

માથાનું લક્ષણ.

प्राणाःप्राणभृतांयत्रश्रिताःसर्वेन्द्रियाणिच ।
यदुत्तमा[illegible]दभिधीयते ॥ ११ ॥

જે જગાએ પ્રાણધારીયોના પ્રાણ છે અને સર્વ ઇંદ્રિયો જેની આશ્રિત છે તથા જે સંપૂર્ણ અંગોમાં શ્રેષ્ટ છે તેને માથું કહે છે. ૧૧.

જન્ય વાતાદિ શિરો રોગ.

अर्द्धावभेदकोवास्यात्सर्वंवारुज्यतेशिरः । प्रतिश्यायमुखनासाक्षिकर्णरोगाःशिरोभ्रमाः । अर्दितंशिरसःकम्पोगलमन्याहनुग्रहः ॥ १२ ॥ विविधाश्चापरेरोगावातादिक्रिमिसम्भवाः । पृथग्दृष्टास्तुयेपञ्चसंग्रहेपरमर्षिणा । शिरोगदांस्तान्श्रृणुमेयथास्वैर्हेतुलक्षणैः ॥ १३ ॥

આદાશીશી—અર્ધા માથામાં પીડા થવી, અથવા માથામાં બધે પીડા થવી, પ્રતિશ્યાય, મુખરોગ, નાસારોગ, આંખ તથા કાનના રોગ, માથાનું ભમી જવું, લકવો, શિરઃકંપ, ગળાનું અકડાઈ જવું, મન્યાસ્તંભ, હનુસ્તંભ, તથા બીજા અનેક પ્રકારના રોગ વાતાદિ ભેદથી અથવા કૃમિજન્ય રોગ માથામાં થાય છે. તેથી જુદા જે પાંચ પ્રકારના રોગ મહર્ષિયોએ કહ્યા છે, તેના હેતુ તથા લક્ષણોને સાંભળો, ૧૨–૧૩

વાતજ રોગોનું કારણ.

उच्चैर्भाष्यातिभाष्याभ्यांतीक्ष्णपानात्प्रजागरात् । शीतमारुतसंस्पर्शाद्व्यवायाद्वेगनिग्रहात् । उपवासाच्चाभिघाताद्विरेकाद्वमनादपि ॥ १४ ॥ बाष्पशोकपरित्रासाद्भारमार्गातिकर्षणात् । शिरोगताः शिराद्दृद्धोवायुराविश्यकुप्यति ॥ १५ ॥ ततःशूलंमहत्तस्यवातात्समुपजायते । निस्तुद्येतेभृशंशंखौघाटासम्भिद्यतेतथा ॥ १६ ॥ भ्रुवोर्मध्यंललाटंचतपतीवातिवेदनम् । बाध्येतेस्वनतःश्रोत्रेनिष्कृष्येतइवाक्षिणी ॥ १७ ॥ घूर्णतीवशिरःसर्वंसन्धिभ्यइवमुच्यते । स्फुरत्यतिशिराजालंतुद्यतेचशिरोधरा ॥ १८ ॥

બહુજ ઉતાવળું તથા વધારે બોલવાથી, તિક્ષ્ણ વસ્તુના પીવાથી, રાત્રે જાગવાથી, ટાઢા પવનના લાગવાથી, ઘણી કસરતથી, મળાદિ વેગોને રોકવાથી, ઉપવાસ કરવાથી, અભિઘાતથી, વિરેચન અને વમનજન્ય વિકારથી, રોવાથી, શોકથી, ભયથી, ત્રાસથી, ભાર ઉઠાવવાથી, ઘણું ચાલવાથી, અત્યંત દુઃખથી, મસ્તકગત વાયુ માથાની નસોમાં પ્રવેશ કરીને કુપિત થાય છે. ત્યારે તે વાયુથી ભારે શૂળ ઉત્પન્ન થાય છે. અથવા બંને કાનપટીયોમાં પીડા થવી, ગરદનમાં પીડા થવી. ભ્રકુટીના મધ્યમાં પીડા, માથાનું તપવું અને પીડા થવી, કાનોમાં ગણગણાટ થવો, નેત્રો ખેંચાવાં, અને આંખો નીકળી પડતી હોય તેમ લાગવું, ફરતું હોય તેમ જણાવું, અને માથાની સંધિયોનું છુટા પડવા જેવું જણાવું, માથાની નસો ફરકવી, માથાને ધારણ કરનારી નસોમાં પીડા થવી. આ લક્ષણ વાતજન્ય શિરો રોગમાં થાય છે. ૧૪–૧૫–૧૬–૧૭–૧૮.

स्निग्धोष्णमुपसेवेतशिरोरोगेऽनिलात्मके ॥ १९ ॥

વાતજન્ય શિરો રોગમાં સ્નિગ્ધ અને ઉષ્ણ ક્રિયાનું સેવન કરવું. ૧૯.

પિત્તજ શિરો રોગનું કારણ.

कट्वम्ललवणक्षारमद्यक्रोधातपानलैः । पित्तंशिरसिसन्दुष्टंशिरोरोगायकल्पते ॥ २० ॥ दह्यतेरुज्यतेतेनशिरःशीतनशूयते । दह्येतेचक्षुषीतृष्णाभ्रमःस्वेदश्चजायते ॥ २१ ॥

કડવા, ખાટા, ખારા તથા ક્ષારવાળી વસ્તુઓ ના ખાવાથી, મદ્યપાનથી, ક્રોધથી, અને ધુપ તથા અગ્નિના સેવનથી માથામાંનું પિત્ત કોપીત થઇને માથામાં રોગ ઉત્પન્ન કરે છે. ૨૦ જેથી માથામાં સંતાપ તથા પીડા ઉત્પન્ન થાય છે. શીતલ વસ્તુઓથી કાંઈક શાંતિ જણાય છે, આંખો બળે છે, તરસ લાગે છે, ભ્રમ થાય છે, અને પરસેવો નીકળે છે. ૨૧.

કફજ શિરો રોગનાં લક્ષણ.

आस्यासुखैःस्वप्नसुखैर्गुरुस्निग्धातिभोजनैः । श्लेष्माशिरसि सन्दुष्टःशिरोरोगा-यकल्पते ॥ २२ ॥ शिरोमन्दरुजंतेनसुप्तिस्तिमितभारिकम् । भवत्युत्पन्नतेतं-न्द्रातथालस्यमरोचकः ॥ २३ ॥

घणुं બેઠા રહેવાથી, ઘણું સુવાથી, ભારે અને ચીકણા પદાર્થોનું અધિક સેવન કર-વાથી, માથામાં રહેનાર કફ દોષિત થઈને કફજન્ય મસ્તક પીડા કરે છે. ૨૨. તેથી માથા-માં મંદ મંદ પીડા થવી. સ્પર્શ કરવાથી ખબર ન પડવી, માથાને લીલા કપડાથી ઢાંકયા જેવું જણાવું, તંદ્રા, આળસ્ય, તથા અરૂચિ આ લક્ષણો થાય છે. ૨૩.

ત્રિદોષજ શિરો રોગનાં લક્ષણ.

वाताच्छुलंभ्रमःकम्पःपित्ताद्दाहोमदस्तृषा ।
कफाद्गुरुत्वंतन्द्राचशिरोरोगेत्रिदोषजे ॥ २४ ॥

ત્રિદોષથી ઉત્પન્ન થયેલ શિરો રોગમાં, વાયુથી શૂળ અને ભ્રમ, પિત્તથી દાહ, મદ, તૃષા, કફથી ભારેપણું અને તંદ્રા આ લક્ષણ થાય છે. ૨૪.

કૃમિજ શિરો રોગનાં લક્ષણ.

तिलक्षीरगुडाजीर्णपूतिसंकीर्णभोजनात् । क्लेदोऽसृक्कफमांसानांदोषश्चास्योपजायते ॥ २५ ॥ ततःशिरसिसंक्लेदात्क्रिमयः पापकर्मणः । जनयन्तिशिरोरोगंजातबी-भत्सलक्षणम् ॥ २६ ॥ व्यवच्छेदरुजाकण्डूशोफदौर्गन्ध्यदुःखितम् । क्रिमिरो-गातुरंविद्यात्क्रिमीणांलक्षणेनच ॥ २७ ॥

તલ, દુધ, ગોળ, અજીર્ણ કરનાર વસ્તુ, દુર્ગન્ધિત વસ્તુ, તથા વાસી, વિરૂદ્ધ ભોજન-ના સેવનથી માથાનું લોહી કફ અને માંસમાં દોષયુક્ત કલેદ (તરી) ઉત્પન્ન થાય છે. ૨૫. ફરી માથામાં કલેદ થવાથી કૃમી ઉત્પન્ન થઇને ભયાનક શિરો રોગ ઉત્પન્ન કરે છે ૨૬. જેથી માથામાં વેધન તથા છેદન કરવા જેવી પીડા, ખુજલી તથા શોથ થાય છે. દુર્ગંધી આવે છે. અને કૃમિયોના અન્ય લક્ષણ થાય છે. ૨૭.

વાતજન્ય હૃદય રોગ.

शोकोपवासव्यायामशुष्करूक्षाल्पभोजनैः । वायुराविश्यहृदयं जनयत्युत्तमांरुजम् ॥ २८ ॥ वेपथुर्वेष्टनस्तम्भःप्रमोहःशून्यताद्रवः । हृदिवातातुरेरूपंजीर्णेचात्यर्थ-वेदना ॥ २९ ॥

શોક, ઉપવાસ અને વ્યાયામ, શુષ્ક, રૂક્ષ અને અલ્પ ભોજન કરવાથી વાયુ હૃદયની માં પ્રવેશ કરીને અત્યંત પીડાને પેદા કરે છે ત્યારે હૃદયકંપ, લપેટવા જેવી પીડા નસતમ્ભ, મોહ, શૂન્યતા, ગડગડાટ અને ભોજન પચવાથી, પીડાની અધિકતા થવી આ વાતજ હૃદયરોગનાં લક્ષણ છે. ૨૮–૨૯.

પિત્તજ હૃદય રોગ.

उष्णाम्ललवणक्षारकटुकाजीर्णभोजनैः । मद्यक्रोधातपैश्चाशुहृदिपित्तंप्रकुप्यति ॥ ३० ॥ हृद्दाहस्तिक्तताववक्त्रेक्लमःपित्ताम्लकोद्गरः । तृष्णामूर्च्छाभ्रमःस्वेदःपित्तहृद्रोगलक्षणम् ॥ ३१ ॥

ગરમ, ખાટું, ખારૂ તથા કડવી વસ્તુઓના ખાવાથી, અજીર્ણમાં ભોજન કરવાથી, મદ્ય પીવાથી, ક્રોધથી અને તાપને સહન કરવાથી હૃદયમાં સ્થિત પિત્ત કોપીત થાય છે. ૩૦. હૃદયમાં દાહ, મુખમાં તિકતતા, ખાટા ઓડકાર આવવા, ગ્લાનિ, તૃષા, મૂર્છા, ભ્રમ, અને દાહ આ પિત્તજ હૃદય રોગનાં લક્ષણ છે. ૩૧.

કફજ હૃદય રોગનાં લક્ષણ.

अत्यादानंगुरुस्निग्धमचिन्तनमचेष्टनम् । निद्रासुखंचाभ्यधिकंकफहृद्रोगलक्षणम् ॥ ३२ ॥ हृदयंकफहृद्रोगेसुप्तंस्तिमितभारिकम् । तन्द्रारुचिपरीतस्यभवत्यश्मावृतंयथा ॥ ३३ ॥

અધિક ભોજન, ભારે તથા સ્નિગ્ધ વસ્તુઓને ખાવી, ચિંતારાહત થવું, કોઈ કાર્ય ન કરવું, અને સુખપૂર્વક ઘણું સુવું, આ કફજ હૃદય રોગનાં કારણ છે. ૩૨. હૃદયનું સુન્ન થવું, ગીબા અથવા ભારે જણાવું, તથા તંદ્રા, અરૂચિ, અને હૃદયનું પથ્થરથી દબાયા જેવું જણાવું, આ કફજ હૃદય રોગનાં લક્ષણ છે. ૩૩.

સંન્નિપાતક હૃદય રોગનું વર્ણન.

हेतुलक्षणसंसर्गादुच्यतेसान्निपातिकः । त्रिदोषजेतुहृद्रोगेयो दुरात्मानिषेवते । तिलक्षारगुडादीनिग्रन्थिस्तस्योपजायते ॥ ३४ ॥ मर्मैकदेशेसंक्लेदंरसश्चास्योपगच्छति । संक्लेदात्क्रिमयश्चास्यभवन्त्युपहतात्मनः ॥ ३५ ॥ मर्मैकदेशेतेजाताःसर्पन्तोभक्षयन्तिच । तुद्यमानंस्वहृदयंसूचीभिरिवमन्यते ॥ ३६ ॥ छिद्यमानंयथाशस्त्रैर्जातकण्डूमहारुजम् । हृद्रोगंक्रिमिजंत्वेतैर्लिङ्गैर्बुद्ध्वासुदारुणम् । त्वरेतजेतुंतंविद्वान्विकारंशीघ्रकारिणम् ॥ ३७ ॥

વાતાદિ ત્રણ દોષોના હેતુ તથા લક્ષણોના મળવાથી સન્નિપાતજ હૃદ રોગ કહેવાય છે. આ રોગમાં જે દુષ્ટ મનુષ્ય તલ, દુધ તથા ગોળ વિગેરે વસ્તુઓનું અધિક સેવન કરે છે. તેના મર્મ સ્થાનમાં ગ્રંથી પડી જાય છે. ૩૪ અને કલેદ (તરી) તથા રસ ઉત્પન્ન થાય છે, ફરી કલેદથી તે મુર્ખને કીડા પડે છે. કીડા મર્મ સ્થાનમાં ઉત્પન્ન થઈને આમ તેમ ફરી ભક્ષણ કરે છે. અને હૃદયમાં સોય ઘોચવા જેવી પીડા માલમ પડે છે. (૩૬

શસ્ત્રથી કાપવા જેવી પીડા તથા ખુજલી સહિત મહા પીડાને ઉત્પન્ન કરે છે. આ લક્ષણો દ્વારા ભયંકર કૃમિજ હ્રદ રોગને જાણીને વિદ્વાન વૈદ્ય જલ્દીથી તેને દુર કરવાનો ઉપાય કરે છે. કેમકે તે જલ્દીથી વિકાર કરનાર છે. (૩૭)

द्वयुल्वणैकोल्वणैःषट्स्युर्हीनमध्याधिकैश्चषट् । समैश्चैकेविकारास्तेसन्निपातेत्रयोदश ।। ३८ ।।

બબે દોષોની પ્રબળતાથી તથા એક દોષની અધિકતાથી, ૭, અર્થાત વાતાધિક, કફાધિક. પિત્તાધિક, વાતપિત્તાધિક, પિત્તકફાધિક, અને વાત કફાધિક દોષોની હીનતા, મધ્યતા તથા અધિકતાથી, ૭, જેમકે અધિક વાત, મધ્ય પિત્ત, હિન કફ, અધિક વાત, હીનપિત્ત, મધ્યકફ; અધિકપિત્ત, મધ્યવાત, હીન કફ, અધિક પિત્ત, હીન વાત, મધ્ય કફ, અધિક કફ. મધ્ય પિત્ત, હિન વાત, અધિક કફ, હીન પીત્ત, મધ્ય વાત, અને ત્રણે દોષોની અધિકતાથી એક એ પ્રમાણે ૧૩ સંન્નિપાત થાય છે. (૩૮)

સંસર્ગ વિકારોના ભેદ.

संसर्गेणचषटतेभ्यएकवृद्धयासमैस्त्रयः ।
पृथक्त्रयश्चतैर्वृद्धैर्व्याधयःपञ्चविंशतिः ।। ३९ ।।

અને એક એક દોષની વૃદ્ધિના કારણથી ત્રણ પ્રકારના સંસર્ગથી ૬ પ્રકારના અને દોષોની અલગ અલગ વૃદ્ધિથી ત્રણ પ્રકારના આ પ્રમાણે વૃદ્ધિના થવાથી ૨૫ રોગ થાય છે.

यथावृद्धैस्तथाक्षीणैर्दोषैःस्युःपञ्चविंशतिः ।
वृद्धिक्षयकृतश्चान्योविकल्पउपदेक्ष्यते ।। ४० ।।

જેવી રીતે દોષોની વૃદ્ધિથી ૨૫ પ્રકારના રોગ થાય છે તેવી રીતે દોષોની ક્ષીણુતાથી પણ પચીસ પ્રકારના રોગ થાય છે. વૃદ્ધિ તથા ક્ષીણુતા બંનેથી થયેલ વિકલ્પ આગળ કહેવામાં આવે છે. (૪૦)

वृद्धिरेकस्यसमताचैकैकस्यचसंक्षयः ।
द्वन्द्ववृत्तिःक्षयश्चैकस्यैकावृद्धिर्द्वयोःक्षयः ।। ४१ ।।

એક દોષની વૃદ્ધિ, બીજાની સમતા, ત્રીજાનો ક્ષય આ પ્રકારે ૬ ભેદ થયા. બંનેની વૃદ્ધિ, એકનો ક્ષય, અને એકની વૃદ્ધિ, બેનો ક્ષય આ પ્રકારથી છ ભેદ થાય છે. તેને આગળ કહેવામાં આવે છે. (૪૧)

प्रकृतिस्थंयदापित्तंमारुतःश्लेष्मणःक्षये । स्थानादादायगात्रेषुतत्रतत्रविसर्पति ।।४२।।
तदाभेदश्चदाहश्चतत्रतत्रानवस्थिताः । गात्रदेशेभवेत्तस्यश्रमोदौर्बल्यमेवच ।।४३।।

કફના ક્ષીણ થયા પછી જ્યારે વાયુવીકાર રહિત પિત્તને તેના સ્થાનથી લઇને જ્યાં જ્યાં જાય છે ત્યારે ત્યાં ત્યાં સ્થિરતા રહિત ભેદન તથા દાહ તે વખતે થાય છે અને શ્રમ તથા દુર્બળતા થાય છે. ૪૨-૪૩.

साम्येस्थितंकफंवायुःक्षीणेपित्तेयदाबली ।
कर्षेत्कुर्यात्तदाशूलंसशैत्यस्तम्भगौरवम् ।। ४४ ।।

પિત્તના ક્ષીણ થયા પછી બળવાન વાયુ જ્યારે સામ્યમાં સ્થિત કફને ખેંચે છે તે વખતે પીડા શીત, સ્તંભ તથા ભારેપણું થાય છે. ૪૪.

यदानिलंप्रकृतिगंपित्तंकफपरिक्षये ।
संरुणद्धितदादाहःशूलंचास्योपजायते ॥ ४५ ॥

કફના ક્ષય થવાથી પ્રકૃતિસ્થ વાયુના સૂક્ષ્મ માર્ગોને જ્યારે પિત્ત રોકી દે છે ત્યારે તે મનુષ્યના શરીરમાં દાહ અને શૂળ થાય છે. ૪૫.

श्लेष्माणंहिसमंपित्तंयदावातपरिक्षये ।
निपीडयेत्तदाकुर्य्यात्सतन्द्रागौरवंज्वरम् ॥ ४६ ॥

પિત્તવાયુના ક્ષય થયા પછી પ્રકૃતિસ્થકફની ગતિને જ્યારે રોકી દે છે ત્યારે તંદ્રા ભારે પણું અને તાવ ઉત્પન્ન થાય છે. ૪૬.

प्रवृद्धोहियदाश्लेष्मापित्तेक्षीणेसमीरणम् ।
रुन्ध्यात्तदाप्रकुर्वीतशीतकंगौरवंज्वरम् ॥ ४७ ॥

પિત્તની ક્ષીણતામાં પ્રકૃતિસ્થ વાયુને જ્યારે કફ રોકી દે છે, ત્યારે ટાઢ લાગવી, ભારેપણું અને તાવ થાય છે. ૪૭.

समीरणेपरिक्षीणेकफःपित्तंसमत्वगम् । कुर्वीतसन्निरुन्धानो मृद्वग्नित्वंशिरोग्रहम् ॥ ४८ ॥ निद्रांतन्द्रांमलापञ्चहृद्रोगंगात्रगौरवम् । नखादीनाञ्चपीतत्वंष्ठीवनंकफपित्तयोः ॥ ४९ ॥

વાયુનો ક્ષય થવાથી જો પ્રકૃતિસ્થ પિત્તને કફ રોકી દે તો મંદાગ્નિ, માથામાં પીડા, નિંદ્રા, તંન્દ્રા, બકવાદ, હૃદયરોગ, ગૌરવ, નખ, નેત્ર તથા મુત્રમાં પીળાપણું, કફ અને પીત્ત મુખથી થુંકવું આ લક્ષણ થાય છે. ૪૮–૪૯.

हीनवातस्यतुकफःपित्तेनसहितश्चरन् । करोत्यरोचकापाकौसदनंगौरवंतथा ॥५० हृल्लासमास्यस्त्रवणंदूयनंपाण्डुतांमदम् । विरेकस्यहिवैषम्यंवैषम्यमनलस्यच॥५१॥

જે મનુષ્યના શરીરમાં વાયુની ક્ષીણતા થાય તેના શરીરમાં કફ પિત્તથી મળી જઇને અરૂચિ, ભોજનનું ન પચવું, શરીર ફાટવું, ભારેપણું હલ્લાસ મુખશ્રાવ, પાંડુ, કમ્પ, મદ અને દસ્તની તથા અગ્નિની વિષયતા આ વિકારોને ઉત્પન્ન કરે છે. ૫૧–૫૧.

क्षीणपित्तस्यतुश्लेष्मामारुतेनोपसंहितः । स्तम्भंशैत्यंचतोदञ्चजनयत्यनवस्थितम् ॥ ५२ ॥ गौरवंमृदुतामग्नेर्भक्ताश्रद्धां प्रवेपनम् । नखादीनाञ्चशुक्लत्वंगात्रपारुष्यमेवच ॥ ५३ ॥

પિત્તનો ક્ષય થવાથી કફ વાયુમાં મળીને સ્થિરતા રહિત સ્તંભ, શીત, પીડા, ગૌરવ, મંદાગ્નિ, અરૂચી, કમ્પ, નખાદિનું ધોળું થવું અને શરીરનું કર્કશ થવું આ વિકારોને ઉત્પન્ન કરે છે. ૫૨–૫૩.

हीनेकफेमारुतस्तुपित्तंतुकुपितंद्वयम् । करोतियानिलिङ्गानिश्रृणुतानिसमासतः ॥ ५४ ॥ भ्रमम्रुद्वेष्टनन्तोदंदाहंस्फोटनवेपनम् । अङ्गमर्दंपरीशोषंहृदयेधूपनंतथा ।५५।

કફનો ક્ષય થવાથી પિત્ત તથા વાયુ બને કોપિત થઈને જે લક્ષણુ ઉત્પન્ન કરે છે તેને સંક્ષેપમાં સાંભળો. ભ્રમ, એંઠન, વ્યથા, દાહ, સુઈ, કંપન, અંગમર્દ, દેહનો શોષ, અને મુખથી ધુઆંસા નીકળવો આ વિકાર ઉત્પન્ન થાય છે. ૫૪–૫૫.

वातपित्तक्षयेश्लेष्मास्रोतांस्यामदधद्भृशम् ।
चेष्टाप्रणाशंमूर्च्छांश्चवाक्सङ्गश्चकरोतिहि ॥ ५६ ॥

વાયુ તથા પિત્તનો ક્ષય થવાથી કફ કફસ્રોતોને રોકીને કાર્ય કરવામાં અસમર્થતા, મૂર્છા, તથા વાતસ્તંભને ઉત્પન્ન કરે છે. ૫૬.

श्लेष्मवातक्षयेपित्तंदेहौजःस्रंसयेद्यदा ।
ग्लानिमिन्द्रियदौर्बल्यंतृष्णांमूर्च्छांक्रियाक्षयम् ॥ ५७ ॥

વાયુ તથા કફના ક્ષીણુ થવાથી પિત્ત સંપૂર્ણ દેહમાં ફરીને ગ્લાનિ, ઈંદ્રિયોની દુર્બળતા, તૃષા, મુર્છા, તથા કાર્ય કરવામાં અસમર્થતાને ઉત્પન્ન કરે છે. ૫૭.

पित्तश्लेष्मक्षयेवायुर्मर्माण्यतिनिपीडयन् ।
प्रणाशयतिसंज्ञांचवेपयत्यथवानरम् ॥ ५८ ॥

પિત્ત તથા કફના ક્ષીણુ થવાથી વાયુ મર્મોને પીડીત કરીને સંજ્ઞાને નષ્ટ કરે છે, અને કંપ ઉત્પન્ન કરે છે. ૫૮.

दोषाःप्रवृद्धाःस्वंलिङ्गंदर्शयन्तियथाबलम् ।
क्षीणाजहतिलिङ्गंस्वंसमाःसक्कर्म्मकुर्वते ॥ ५९ ॥

જ્યારે દોષ વધી જાય છે ત્યારે પોતપોતાના લક્ષણોને પ્રકટ કરે છે. તેમજ ક્ષીણુ થયેલા દોષ પોતપોતાના ચિન્હોનો ત્યાગ કરી દે છે. અને સામ્યાવસ્થામાં સ્થિત થયેલ દોષ પોતાને યોગ્ય કાર્ય કરે છે. ૫૯.

वातादीनांरसादीनांमलानामोजसस्तथा ॥
क्षयस्तत्रानिलादीनामुक्तंसंक्षीणलक्षणम् ॥ ६० ॥

વાતાદિ ત્રણ દોષ, રસાદિ સાત ધાતુ, મલસમુહ, અને ઓજ આ સર્વનો ક્ષય થાય છે. તેમાં વાતાદિ ત્રણ દોષોના ૧૮ પ્રકારથી ક્ષયનાં લક્ષણ કહી ગયા છીએ. ૬૦.

ક્ષીણરસનાં લક્ષણ.

घट्टतेसहतेशब्दंनोच्चैर्द्रवतिशूयते । हृदयंताम्यतिस्वल्पचेष्टस्यापिरसक्षये ॥ ६१ ॥
परुषास्फुटितास्लाना।त्वग्रूक्षारक्तसंक्षये । मांसक्षयेविशेषेणस्फिग्ग्रीवोदरशुष्कता ६२

રસનો ક્ષય થવાથી ઉચ્ચ શબ્દ સાંભળી શકાતો નથી, ઉભા રહેવાની શક્તિ રહેતી નથી, હૃદયમાં શૂન્યતા, ધડધડાટ, ચંચળતા તથા પીડા થાય છે, અને કામ થોડું થાય છે. રૂધિર કમ થવાથી કર્કશતા, અંગોનું ફાટવું, મ્લાનતા, અને ત્વચાની રૂક્ષતા આ લક્ષણુ થાય છે. માંસનું ક્ષીણુ થવાથી પૂર્વોકત લક્ષણુ થાય છે, અને વિશેષે કરીને કમર, ગર્દન અને ઉદર એ સુકાઇ જાય છે. ૬૨.

મેદ ક્ષીણનાં લક્ષણ.

सन्धीनांस्फुटनंग्लानिरक्ष्णोरायासएवच ।
लक्षणंमेदसिक्षीणेतनुत्वंचोदरस्त्वचः ॥ ६३ ॥

મેદનો ક્ષય થવાથી સાંધાઓમાં સ્ફોટન, ગ્લાનિ, આંખોનું નીકળી પડવું, થાક અને ઉદર તથા ત્વચાનું કૃશ થવું આ લક્ષણ થાય છે. ૬૩.

અસ્થિક્ષીણનાં લક્ષણ.

केशलोमनखश्मश्रुद्विजप्रपतनंश्रमः ।
ज्ञेयमस्थिक्षयेरूपंसन्धिशैथिल्यमेवच ॥ ६४ ॥

હાડકાંની ક્ષીણતા થવાથી કેશ, લોમ, નખ, દાઢી તથા દાંતોનું પડવું શ્રમ અને સાંધાની શિથિલતા, આ લક્ષણ થાય છે.

મજ્જાક્ષીણનાં લક્ષણ.

शीर्य्यन्तइवचास्थीनिदुर्बलानिलघूनिच ।
प्रततंवातरोगीचक्षीणेमज्जनिदेहिनाम् ॥ ६५ ॥

મજ્જાક્ષીણ થવાથી હાડકાંની શિથિલતા, દુર્બળતા તથા હલકાપણું અને વાતજરોગ આ લક્ષણ થાય છે. ૬૫

ક્ષીણ શુક્રનાં લક્ષણ.

दौर्बल्यंमुखशोषश्चपाण्डुत्वंसदनंक्रमः ।
क्लैब्यंशुक्राविसर्गश्चक्षीणशुक्रस्यलक्षणम् ॥ ६६ ॥

વિર્યનો ક્ષય થવાથી દુર્બળતા, મુખનું સુકાવું, પાંડુતા શિથિલતા, ગ્લાનિ, નપુષકતા અને વીર્યનું પાતન થવું આ લક્ષણ થાય છે. ૬૬.

મળના ક્ષયનાં લક્ષણ.

क्षीणेशकृतिचान्त्राणिपीडयन्तिवमारुतः ।
रूक्षस्योन्नमयन्कुक्षिंतिर्य्यगूर्द्धश्चगच्छति ॥ ६७ ॥

મળનો ક્ષય થવાથી વાયુ આંતરડાંને પીડીત કરી અને રૂક્ષ મનુષ્યની કુખમાં તિરછી અથવા ઉર્ધ્વગમન કરે છે. ૬૭.

મુત્ર ક્ષીણનાં લક્ષણ.

मूत्रक्षयेमूत्रकृच्छ्रंमूत्रवैवर्ण्यमेवच ।
पिपासाबाधतेचास्यमुखश्चपरिशुष्यति ॥ ६८ ॥

મૂત્રનો ક્ષય થવાથી મૂત્ર કચ્છ, મૂત્રની વીવર્ણતા, તરસ, મુખશોષ આ લક્ષણ થાય છે. ૬૮

અન્ય મળના ક્ષયનાં લક્ષણ.

मलायनानिचान्यानिशून्यानिचल[illegible]नेच ।
विशुष्काणिचलक्ष्यन्तेयथास्वंमलसंक्षये ॥ ६९ ॥

અન્ય મળમાર્ગો મળહીન થવાથી ને માર્ગો શૂન્યતા યુક્ત તથા હલકાં અને શુષ્ક જણાય છે. ૬૯

ક્ષીણ ઓજનાં લક્ષણ.

विभेतिदुर्बलोऽभीक्ष्णंध्यायतिव्यथितेन्द्रियः ।
दुच्छायोदुर्मनारूक्षःक्षामश्चैवौजसःक्षये ॥ ७० ॥

ઓજનો ક્ષય થવાથી, મનુષ્ય ભયભીત, દુર્બળ, નિરંતર ચિંતાયુક્ત, વિકલેંદ્રિય, -કાંતિરહિત, રૂક્ષ અને કૃષ થઈ જાય છે. ૭૦

ઓજ લક્ષણ.

हृदितिष्ठतियच्छुद्धंरक्तमोषत्सपीतकम् ।
ओजःशरीरेसंख्यातंतन्नाशान्नाविनश्यति ॥ ७१ ॥

જે શુદ્ધ લોહી કાંઈક પીત્ત વર્ણનું હ્રદયમાં રહે છે તેને ઓજ કહે છે. તે નષ્ટ થવાથી મનુષ્ય નષ્ટ થઇ જાય છે. ૭૧.

ધાતુ ક્ષયનું કારણ.

व्यायामोऽनशनंचिन्तारूक्षाल्पप्रमिताशनम् ।
वातातपौभयंशोकोरुक्षपानंप्रजागरः ॥ ७२ ॥
कफशोणितशुक्राणांमलानांचातिवर्त्तनम् ।
कासोभूतोपघातश्चज्ञातव्याःक्षयहेतवः ॥ ७३ ॥

કસરત, ઉપવાસ, ચિંતા, રૂક્ષ તથા થોડું ભોજન કરવું, વાયુ તથા તાપનું સેવન, ભય, શોક, રૂક્ષ વસ્તુઓને પીવી, જાગરણ, કફ, રૂધિર મળ તથા વિર્યનું અધિક નીકળવું, ખાંસી, અને ભુતાવેશ આ ક્ષાયનું કારણ છે. ૭૨—૭૩.

गुरुस्निग्धाम्ललवणंभजतामतिमात्रशः । नवमन्नंचपानंचनिद्रामास्यासुखानिच ॥ ७४ ॥ त्यक्तव्यायामचिन्तानांसंशोधनमकुर्वताम् श्लेष्मापित्तश्चमेदश्चमांसंचातिप्रवर्द्धते ॥ ७५ ॥ तैरावृतःप्रसादंहिगृहीत्वायातिमारुतः । यदाबस्तिंतदाकृच्छ्रोमधुमेहःप्रवर्त्तते ॥ ७६ ॥

ભારે, સ્નિગ્ધ, ખાટું, તથા ખારૂ અધિક ખાવાથી, નવું અન્ન ખાવું, નવીન મદ્યાદિક પીવું, બહુજ સુવું, અને બહુજ બેસવું, વ્યાયામ ન કરવો, ચિન્તા રહિત થવું, અને વમન, વિરેચનાદિનું સંશોધન ન કરવું, આ કારણોથી કફ, પિત્ત, મેદ તથા માંસ આ સર્વ વધે છે. તેના દ્વારા રોકાયેલ વાયુ જ્યારે ઓજને લઇને બસ્તિસ્થાનમાં જાય છે. ત્યારે કષ્ટદાયક મધુ પ્રમેહ ઉત્પન્ન થાય છે. ૭૪ થી ૭૬.

समारुतस्यपित्तस्यकफस्यचमुहुर्मुहुः ।
दर्शयत्याकृतिंकृत्वाक्षयमाप्याम्यतेपुनः ॥ ७७ ॥

મધુમેહમાં વાત, પિત્ત તથા કફ ત્રણેનાં લક્ષણ વારંવાર પ્રકટ થાય છે અને ફરી તેનો ક્ષય થાય છે. ૭૭.

મધુ મેહનો ઉપદ્રવ.

उपेक्षयास्यजायन्तेपिडकाःसप्तदारुणाः । मांसलेष्ववकाशेषुमर्म्मस्वपिचसन्धिषु ॥ ७८ ॥ शराविकाकच्छपिकाजालिनीसर्षपीतथा । अलजीविनताख्याचविद्रधी-चेतिसप्तमी ॥ ७९ ॥

મધુમેહની ઉપેક્ષા કરવાથી માંસલસ્થાનોમાં, તથા સંધિયોમાં અત્યંત કષ્ટદાયક સાત પ્રકારની પીડીકા થાય છે. ૭૮. તેનાં શરાવિકા, કચ્છપિકા, જાલની, સર્ષપી, અલજી, વિનતા, અને વિદ્રધિ, આ સાત નામ છે. ૭૯.

अन्तोन्नतामध्यनिम्नाश्यावाक्लेदरुजान्विता । शराविकास्यात्पिडकाशरावाकृ-तिसंस्थिता ॥ ८० ॥

જો પિડકા ઉંચી કિનારોવાળી હોય, મધ્યમાંથી નીચી હોય, શ્રાવ કલેદ અને પીડા-યુક્ત હોય તથા સકોરાના જેવા આકારની હોય તો તેને શરાવિકા કહે છે.

अवगाढार्त्तिनिस्तोदामहावास्तुपरिग्रहा । श्लक्ष्णाकच्छपपृष्ठाभापिडकाकच्छपी-मता ॥ ८१ ॥ स्तब्धाशिराजालवतीस्निग्धस्रावामहाशया । रुजानिस्तोदबहु-लासक्ष्मच्छिद्राचजालिनी ॥ ८२ ॥

જેમાં ચેર આવે, ભેદન જેવી પીડા થાય, ગંભીર હોય ને અનેક સ્થાનોમાં વ્યાપક હોય, જેનો ઉપરનો ભાગ ચિકણો અને કાચબાની પીઠ જેવો સરખો હોય તેને કચ્છપિકા કહે છે ૮૧. જે પિડક પ્હોળી હોય, જેના પર નસોની જાળ દેખાય, જેમાંથી ચીકણી રસી નીકળે, અધિક દુર સુધી વ્યાપ્ત હોય, જેમાં અત્યંત પીડા હોય, ભેદન જેવી પીડા થાય, ન્હાનાં ન્હાનાં ઘણાં છિદ્ર હોય તેને જાલની કહે છે. ૮૨.

पिडकानातिमहतीक्षिप्रपाकामहारुजा । सर्षपीसर्षपाभाभिः पिडकाभिश्चिताभ-वेत् ॥ ८३ ॥ दहतित्वचमुत्थानेतृष्णामोहज्वरप्रदा ॥ विसर्पत्यनिशंदुःखाद्दह-त्यग्निरिवालजी ॥ ८४ ॥

જે પીડકા મ્હોટી ન હોય, જલ્દી પાકે તેવી હોય, જેમાં પીડા વધુ હોય, સરસવના જેવી હોય, ખુજલીવાળી હોય તેને સર્ષપિકા કહે છે. ૮૩. જે પિડકા ઉઠતાંજ ત્વચામાં દાહ કરવાવાળી હોય, તૃષા, મોહ તથા જ્વરથી યુક્ત, નિરંતર વધનાર અને અત્યંત દુઃખ-દાયક અગ્નિની માફક દાહ કરનાર પીડીકાને અલજી કહે છે. ૮૪.

अवगाढरुजाक्लेदापृष्ठेवाप्युदरेऽपिवा । महतीविनतानीलापिडकाविनतामता८५

અંદર અત્યંત પીડાવાળી, કલેદયુક્ત, પીઠ તથા ઉદરમાં થનારી, મ્હોટા આકારવાળી, અને કાળા રંગવાળી પીડીકાને વિનતા કહે છે. ૮૫.

विद्रधिंद्विविधामाहुर्बाह्यामाभ्यन्तरींतथा ॥ बाह्यात्वक्स्नायुमांसोत्थाकण्डराभाम-हारुजा ॥ ८६ ॥ शीतकान्नविदाह्युष्णरूक्षशुष्कातिभोजनात् । विरुद्धाजीर्णसं-क्लिष्टविषमासात्म्यभोजनात् । व्यापन्नबहुमद्यत्वाद्वेगसन्धारणाच्छ्रमात् ॥ ८७॥

रजस्व्यायामशयनादतिभाराध्वमैथुनात् । अन्तःशरीरेमांसासृग्गाविशन्तियदा प्र-
क्षाः ॥ ८८ ॥ तदासञ्जायतेग्रंथिर्गम्भीरस्थःसुदारुणः । हृदयेक्लोम्नियकृति-
प्लीह्निकुक्षौचवृक्कयोः ॥ ८९ ॥ नाभ्यांवंक्षणयोर्वापिवस्तौवातीव्रवेदनः । दुष्टर-
क्तातिमात्रत्वात्सवैशीघ्रंविदह्यते ॥ ९० ॥ ततःशीघ्रविदाहित्वाद्विद्रधीत्यभिधी-
यते ॥ ९१ ॥

व्यधच्छेदभ्रमानाहशब्दस्फुरणसर्पणैः । वातिकींपैत्तिकींतृष्णादाहमोहमदज्वरैः
। जृम्भोत्क्लेशारुचिस्तम्भशीतकैः श्लैष्मिकींविदुः ॥ ९२ ॥ सर्वास्वासुमहच्छु-
लंविद्रधीषूपजायते ॥ तप्तैःशस्त्रैर्यथामथ्येतोल्मुकैरिवदह्यते । विद्रधीव्यम्लतांयाता
तावृश्चिकैरिवदश्यते ॥ ९३ ॥

વિદ્રધિ બાહ્ય અને અંદરના ભેદથી બે પ્રકારની થાય છે. બાહ્ય વિદ્રધિ ત્વચા, સ્નાયુ તથા માંસમાં ઉત્પન્ન થાય છે, તે જોવામાં મોટી નસની બરોબર થાય છે અને તેમાં પીડા અધિક થાય છે. ૮૬ શીત, વિદાહી ગરમ, રૂક્ષ, શુષ્ક, વિરૂદ્ધ તથા દુર્ગંધિત વસ્તુઓના ખાવાથી, બહુજ તથા વિષમ ભોજનથી અજીર્ણમાં ખાવાથી, અસાત્મ્ય વસ્તુઓને ખાવાથી, દુષિત અન્ન ખાવાથી, બહુજ મદ્ય પીવાથી, મળમૂત્રાદિ વેગોને રોકવાથી, શ્રમથી, શરીરને વિષમતાથી રાખવાથી, વ્યાયામ તથા શયન કરવાથી, બહુજ ભાર ઉઠાવવાથી, બહુજ ચાલવાથી અને બહુજ મૈથુનથી શરીરની અંદર માંસ તથા રૂધિરમાં વાતાદિ દોષ જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે શરીરની અંદર ભયાનક ગ્રંથ ઉત્પન્ન થાય છે. હૃદય, યકૃત, પ્લીહા, કુખ, કાળજુ, ડુંટી, વંક્ષણ (જાંગ તથા નિતંબની સંધિ) અને બસ્તિમાં અત્યંત પીડા કરનાર તે ગ્રંથિ ઉત્પન્ન થાય છે. દુષિત રૂધિરની અધિકતાથી જલ્દી વિદગ્ધ (પાકી) થઈ જાય છે. જેથી તેને વિદ્રધિ કહે છે (૮૬–થી ૯૧) વેધન અને છેદન જેવી પીડા ભ્રમ, આનાહ, શબ્દ સ્ફુરણ, અને સરસરાટ આ લક્ષણોથી વાતજ વિદ્રધિ, તૃષા, દાહ મોહ, મદ તથા તાવથી પિત્તજ વિદ્રધિ, અને જંભાઈ, ઉત્કલેશ, અરૂચિ, સ્તંભ તથા શીતથી કફજ વિદ્રધિ જાણવી. આ સર્વ વિદ્રધિયોમાં ઘણી પીડા થાય છે. ૯૨.

એમ જણાય છે કે જાણે કોઈ તપાવેલા શસ્ત્રથી મથતું હોય અથવા તો દેવતાથી દઝાયા જેવી પીડા જણાય છે. વિદ્રધિ પાકતી વખતે વિંછીના કરડવા જેવી પીડા થાય છે. ૯૩.

तनुरूक्षारुणंस्रावंफेनिलंवातविद्रधी । तिलमाषकुलत्थोदसन्निभंपित्तविद्रधी ९४
श्लैष्मिकीस्रवतिश्वेतंबहुलंपिच्छिलंबहु । लक्षणंसर्वमेवैतद्भजतेसान्निपातिकी ९५

વાતજ વિદ્રધિમાં પાતળો, રૂક્ષ રક્તવર્ણ તથા ફેણવાળો શ્રાવ થાય છે. પિત્તજ વિદ્રધિમાં તલ, અડદ તથા કુલથીના રસની માફક સ્રાવ થાય છે. ૯૪ અને કફજ વિદ્રધિમાં શ્વેતવર્ણ, ચિકણો તથા ગાઢો ઘણોજ શ્રાવ થાય છે. સન્નિપાતજ વિદ્રધિમાં આ સર્વ લક્ષણ થાય છે. ૯૫.

अथासांविद्रधीनांसाध्यासाध्यविशेषज्ञानार्थंस्थानकृतांलि. विशेषमुपदेक्ष्यामः । तत्रप्रधानमर्मजायांविद्रध्यांहृद्घट्टनतमकप्रमोहकासाःक्लोमजायांपिपासा मुखशोषग-लग्रहाः । यकृज्जायांश्वासः । प्लीहजायामुच्छ्वासोपरोधः । कुक्षिजायांकुक्षिपा-र्श्वान्तरांसशूलम् । वृक्कजायांपार्श्वपृष्ठकटिग्रहः नाभिजायांहिक्कावंक्षणजायां स-क्थिसादः । वस्तिजायांकृच्छ्रमूत्रपूतिवर्चस्त्वंचेति ॥ ९६ ॥

હવે આ વિદ્રધિયોની સાધ્યાસાધ્ય વિશેષતા જાણવાને માટે વિદ્રધિયોના સ્થાનાનુસાર લક્ષણ કહેવામાં આવે છે. જેમકે હૃદયમાં વિદ્રધિ થવાથી વક્ષ:સ્થલમાં ધડકવું, તમકશ્વાસ, મોહ તથા ખાંસી, ક્લોમમાં વિદ્રધિ થવાથી તૃષા અને મુખનું સુકાવું, તથા ગલગ્રહ, યકૃતમાં વિદ્રધિ થવાથી શ્વાસ, પ્લીહામાં વિદ્રધિ થવાથી શ્વાસ લેવામાં કષ્ટ થવું, કુક્ષિમાં વિદ્રધિ થવાથી પાર્શ્વ, પીઠ તથા કટિમાં પીડા, નાભિમાં વિદ્રધિ થવાથી હીચકી, વંક્ષણમાં વિદ્રધિ થવાથી જાંગમાં પીડા, અને બસ્તિમાં વિદ્રધી થવાથી મૂત્રકચ્છ તથા મલનું અત્યન્ત દુર્ગન્ધિત થવું આ લક્ષણ થાય છે. ૯૬.

पक्कामविन्नासुऊर्ध्वजासुमुखात्स्रावः स्रवति ।
अधोजासुगुदात, उभयतस्तुनाभिजायाम् ॥ ९७ ॥

શરીરના ઉર્ધ્વ સ્થાનમાં થયેલ વિદ્રધિ પાકીને ફુટવાથી મુખથી સ્રાવ થાય છે. અધઃ સ્થાનમાં થયેલ વિદ્રધિયોના પાકીને ફુટવાથી ગુદાથી સ્રાવ થાય છે. નાભિમાં થયેલ વિદ્રધિના પાકીને ફુટવાથી મુખ તથા ગુદા બંને સ્થાનોથી સ્રાવ થાય છે. ૯૭.

तासांहृन्नाभिवस्तिजाः परिपक्काः सान्निपातिकीचमरणाय । अवशिष्टाःपुनः कुशलमाशुप्रतिकारिणंचिकित्सकमासाद्योपशाम्यन्ति । तस्मादचिरोत्थितांविद्रधीं-शस्त्रसर्पविद्युदग्नितुल्यांस्नेहस्वेदविरेचनैश्चोपक्रामेत् । सर्वशोगुल्मवच्चेतिचात्र ।९८।

તેમાંથી હૃદય, નાભિ તથા બસ્તિમાં થયેલ અને સંન્નિપાતજ વિદ્રધિયોના પાકીને ફુટવાથી રોગી મરી જાય છે. અને બાકીની વિદ્રધીયો ચતુર તથા શીઘ્રતાકારક વૈદ્ય મળવાથી શાન્ત થાય છે જેથી વિદ્રધિ ઉત્પન્ન થતાંજ શસ્ત્ર, સર્પ, વીજળી, તથા અગ્નિના જેવી તેને જાણીને સ્નેહ, સ્વેદ તથા વિરેચન દ્વાર ગુલ્મની માફક તેની ચિકિત્સા કરવી. ૯૮.

भवंतिचात्रविनाप्रमेहमप्येताजायन्तेदुष्टमेदसः ।
तावच्चैतानलक्ष्यन्तेयावद्वस्तुपरिग्रहः ॥ ९९ ॥

જેની મેદા દુષિત હોય છે તેને પ્રમેહ સિવાય પણ આ પિડિકા ઉત્પન્ન થાય છે અને જ્યાં સુધી તે ફેલાતી નથી ત્યાં સુધી લક્ષિત થતી નથી. ૯૯.

शराविकाकच्छपिकाजालिनीचेतिदुःसहाः ।
जायन्तेताह्यतिबलाःप्रभूतश्लेष्ममेदसाम् ॥ १०० ॥

અધિક કફ તથા મેદવાળા પુરૂષને શરાવિકા, કચ્છપિકા અને જાલિની નામની અત્યંત દુઃખદાયી પિડીકા ઉત્પન્ન થાય છે. ૧૦૦.

सर्षपीचालजीचैवविनताविद्रधीचयाः ।
सद्यःपित्तोल्वणास्ताहिसम्भवन्त्यल्पमेदसाम् ॥ १०१ ॥

થોડા મેદવાળા પુરૂષને સર્ષપી, અલજી, વિનતા, અને વિદ્રધિ નામની સુખસાધ્ય પિડિકા થાય છે. ૧૦૧.

मर्मस्वंसेगुदेपाल्योःस्तनेसन्धिषुपादयोः । जायन्तेयस्यपिडकाःसप्रमेहीनजीवति ॥ १०२ ॥ तथान्याःपिडकाःसन्तिरक्तपीतासितारुणाः । पाण्डुराःपाण्डुवर्णाश्चभस्माभामेचकप्रभाः ॥१०३॥ मृद्व्यश्चकठिनाश्चान्याःस्थूलाःसूक्ष्मास्तथापराः । मन्दवेगामहावेगाःस्वल्पशूलामहारुजाः ॥ १०४ ॥

જેને મર્મસ્થાન ગુદા, કાંધ, સ્તન, અને પગની સંધિ આ સ્થાનોમાં જે પ્રમેહની પિડિકા થાય છે તે જીવી શકતા નથી, ૧૦૨. પિડિકાઓ સિવાય પીત્ત, રકત, શ્વેત, લાલ, કિંચિત લાલ, ભૂરી, તથા પાંડુરંગ યુકત ભષ્મની સમાન, આભાવાળી, સ્નિગ્ધ, કાળા રંગવાળી, ૧૦૩ કોઈ કોમળ, કોઈ કઠીન, કોઈ સ્થુળ, કોઈ સૂક્ષ્મ, કોઈ શીઘ્ર ઉત્પન્ન થનાર કોઇ ધીરે ધીરે ઉત્પન્ન થનાર, અને કોઇ સ્વલ્પ પીડાવાળી કોઈ અધિક પીડાવાળી પિડીકા થાય છે. ૧૦૪.

ताबुद्धामारुतादीनांयथास्वैर्हेतुलक्षणैः ।
ब्रूयादुपाचरेच्चाशुप्रागुपद्रवदर्शनात् ॥ १०५ ॥

તેની વાતાદિ દોષોના હેતુ તથા લક્ષણો દ્વારા જાણીને ઉપદ્રવ થતા પહેલાંજ જલ્દી ચિકિત્સા કરવી. ૧૦૫.

तृट्श्वासमांससंकोथमोहहिक्कामदज्वराः ।
वीसर्पमन्दसंरोधाः पिडकानामुपद्रवाः ॥ १०६ ॥

તૃષા, શ્વાસ, માંસનું પાકવું, પ્રમેહ, હિચકી, મદ, જ્વર, ઝહેરી વા, અને મર્મોનો સંરોધ આ પિડિકાઓનો ઉપદ્રવ છે. ૧૦૬.

क्षयःस्थानंचवृद्धिश्चदोषाणांत्रिविधागतिः । ऊर्ध्वंश्चाधश्चतिर्यक्चविज्ञेयात्रिविधापरा ॥ १०७ ॥ त्रिविधाचापराकोष्ठशाखामर्मास्थिसन्धिषु । इत्युक्ताविधिभेदेनदोषाणांत्रिविधागतिः ॥ १०८ ॥

ક્ષય, સ્થિરતા તથા વૃદ્ધિ દોષોની આ ત્રણ પ્રકારની ગતિ છે. ઉપર નીચે તથા ત્રાંસા આ પણ ત્રણ પ્રકારની ગતિ છે. ૧૦૭. અને કોષ્ટ, શાખા, મર્મ તથા હાડકાંની સંધિ આ પણ ત્રણ પ્રકારનો ગતિ છે. પ્રકારોના ભેદથી દોષોની આ ત્રણ પ્રકારની ગતિ છે.

चयप्रकोपप्रशमाःपित्तादीनांयथाक्रमम् ।
भवन्त्येकैकशःषट्सुकालेष्वभ्रागमादिषु ॥ १०९ ॥

વર્ષા, શરદ, હેમન્ત, શિશિર, વસન્ત, તથા ગ્રીષ્મ આ છ ૠતુઓમાં ક્રમથી પિત્તાદિ દોષોનો સંચય, કોપ તથા પ્રશમન થાય છે. ૧૦૯

गतिःकालकृताचैषाचयाद्यापुनरुच्यते ।
गतिश्चद्विविधादृष्टाप्राकृतावैकृताचया ॥ ११० ॥

આ દોષોની કાલકૃત ગતિ કહેવાય છે. ગતિ બે પ્રકારની હોય છે. એક પ્રાકૃત અને એક વૈકૃત. ૧૧૦.

पित्ताद्धयूष्मोष्मणःपक्तिर्नराणामुपजायते ।
तच्चपित्तंप्रकुपितंविकारान्कुरुतेबहून् ॥ १११ ॥

પ્રાકૃત અર્થાત પ્રકૃતિસ્થપિત્તની ગરમીથી મનુષ્યોને અન્નનું યથોચિત પરિપાક થાય છે. અને વિકારને પ્રાપ્ત થયેલ પિત્ત અનેક રોગોને ઉત્પન્ન કરે છે. ૧૧૧.

प्राकृतस्तुबलंश्लेष्माविकृतोमलउच्यते ।
सचैवौजःस्मृतःकायेसचपाप्मोपदिश्यते ॥ ११२ ॥

પ્રકૃતિસ્થ અર્થાત ઠીક સ્વભાવથી સ્થિત થયેલ કફને શરીર બળ અને ઓજ કહે છે અને તે કફને વિકૃત થવાથી મળ અને પાપ કહેવામાં આવે છે. ૧૧૨.

सर्वाहिचेष्टावातेनसप्राणःप्राणिनांस्मृतः ।
तेनैवरोगाजायन्तेतेनचैवोपरुध्यते ॥ ११३ ॥

પ્રાણિયોની સંપૂર્ણ ચેષ્ટા વાયુથીજ થાય છે. તેને પ્રાણ કહે છે અને તે વાયુથી અનેક રોગ ઉત્પન્ન થાય છે. અને તેથી નાશ પણ થાય છે. ૧૧૩.

नित्यंसन्निहितामित्रंसमीक्ष्यात्मानमात्मवान् ।
नित्यंयुक्तःपरिचरेद्दिच्छिन्नायुरभित्वरम् ॥ ११४ ॥

બુદ્ધિમાન પુરૂષ રોગોને સદૈવ શરીરની નિકટ જાણીને તેની પરીક્ષા કરીને હંમેશાં આયુષ્યની રક્ષાને માટે યત્ન કર્યા કરે છે. ૧૧૪.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

॥ तत्र श्लोकौ ॥

शिरोरोगाःसहृद्रोगारोगामानविकल्पजाः । क्षयाःसपिडकाश्चोक्तादोषाणांगति-रेवच ॥ ११६ ॥ कियन्तःशिरसीयेऽस्मिन्नध्यायेतत्त्वदर्शिना । ज्ञानार्थंभिषजा-श्चैवप्रजानाश्चहितैषिणा ॥ ११६ ॥

અહીં અધ્યાયની સમાપ્તિમાં શ્લોક છે કે આ કિયન્તશિરસીય અધ્યાયમાં શિરોરોગ, હૃદયરોગ, રોગોના માનભેદ, ક્ષયોનો પ્રકાર, પિડકાઓના ભેદ, દોષોની ગતિ આ સર્વ વૈદ લોકના જ્ઞાનને માટે અને પ્રજાના હિતને માટે ભગવાન આત્રેયજીએ વર્ણન કર્યું. ૧૧૫–૧૧૬

इति रोग चतुष्केकियन्तः शिरसीयोनाम सप्तदशोऽध्यायः समाप्तः ।

ઇતિ રોગ ચતુષ્કેકિયન્તશિરસીયો નામનો સત્તરમો અધ્યાય સમાપ્ત થયો. ૧૭.

अष्टादशोध्यायः

अथातस्त्रिशोफीयमध्यायं व्याख्या स्याम इतिहस्माह भगवानात्रेयः

હવે હું ત્રિશોફીય અધ્યાયની વ્યાખ્યા કરૂં છું એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

સોથ ભેદ તથા વાતાદિજન્ય લક્ષણ.

त्रयःशोथाभवन्ति । वातपित्तश्लेष्मनिमित्ताः तेपुनर्द्विविधाः निजागन्तुभेदेन । तत्रागन्तवः । छेदनभेदनक्षणनभञ्जनपिच्छनोत्पेषणप्रहारवधबन्धनवेष्टनव्यधनपीडनादिभिर्वा । भल्लातकपुष्पफलरसात्मगुप्ताशूकक्रिमिशूकाहितपत्रलतागुल्मसंस्पर्शनैर्वास्वेदनपरिसर्पणावमूत्रणैर्वाविषिणाम् । सविषा त्रिषप्राणिदंष्ट्रादन्तविषाणनखनिपातैर्वा । सगरविषवातहिमदहनसंस्पर्शनैर्वाशोथाःसमुपजायन्ते । तेयथास्वंहेतुजैर्व्यञ्जनैरादावुपलभ्यन्ते । निजव्यञ्जनैकदेशविपरीतैःव्रणबन्धमन्त्रागदप्रलेपप्रवातनिर्वापणादिभिश्चोपक्रमैरुपक्रम्यमाणाःप्रशान्तिमापद्यन्ते ॥१॥

શોથ (સોજા) ત્રણ પ્રકારના થાય છે. એક વાતથી, બીજા પિતથી અને ત્રીજા કફથી. તે પણ બે પ્રકારના થાય છે. એક નિજ બીજો આગંતુક તેમાં આગંતુક શોજા છેદન, ભેદન, ક્ષણુન, ભંજન, પિચ્છન, ઉત્પેષણુ, પ્રહાર, વધ, બંધન, વેષ્ટન, વ્યધન અને પીડન વિગેરેથી ઉત્પન્ન થાય છે. અથવા તો ભિલામાનાં ફુલ, ફલ, રસથી, કૌવચના ફળથી, શુકવિશેપ કૃમિયોથી અને અન્ય ઝેરીપત્ર, ડાળ, ગુલ્મ વિગેરેના સ્પર્શથી, સ્વેદ, પરિસર્પણુ વા મૂત્ર વિગેરેથી અથવા વિષવાળા કે વિષ સિવાયના પ્રાણીયોના દાંત સીંગડા, નખ વિગેરે લાગવાથી, અથવા ગર, વિષ, પવન, હિમ અને અગ્નિ લાગવાથી જે સોજો આવે છે તેને આગંતુક શોથ કહે છે. કેમકે તે સોજા નિજ કારણોથી ઉલટા અર્થાત બહારના કારણુથી પ્રગટ થાય છે. વણુ બંધન, મંત્ર અગદ, પ્રલેપ, સેક અને નિર્વાપણુ વિગેરે ચિકિત્સા દ્વારા આગંતુજ શોથ શાંત થાય છે. ૧

निजास्तुपुनःस्नेहस्वेदनवमनविरेचनास्थापनानुवासनशिरोविरेचनानामयथावत्प्रयोगान्मिथ्यासंसर्जनाद्वा । छर्द्यलसकविसूचिकाश्वासकासातीसारशोषपाण्डुरोगज्वरोदरप्रदरभगन्दरार्शोविकारातिकर्षणैर्वा । कुष्ठकण्डूपिडकादिभिर्वाछर्दिक्षवथूद्गारशुक्रवातमूत्रपुरीषवेगधारणैर्वाचर्मरोगोपवासकर्षितस्यवा । सहसातिगुर्वम्ललवणपिष्टान्नफलशाकरागदधिहरीतकमद्यमन्दकविरूढयावशूकशमीधान्यानूपौदकपिशितोपयोगान्मृत्पङ्कलोष्ट्रभक्षणाल्लवणातिभक्षणाद्वागर्भसम्पीडनादामगर्भप्रपतनात्प्रजातानाश्चमिथ्योपचारादुदीर्णदोषत्वाच्छोथाःप्रादुर्भवन्ति । इत्युक्तःसामान्योहेतुः ॥ २ ॥

નિજશોથ વમન વિરેચન, આસ્થાપન, અનુવાસન અને શિરોવિરેચનના અયોગ્ય,

પ્રયોગથી અથવા તેમાં કુપથ્યાદિ કરવાથી ઉત્પન્ન થાય છે. તેવીજ રીતે ઉલટી, અલસક વિશુચિક, શ્વાસ, ખાંસી અતિસાર, શોષ, પાંડુ, ઉદર રોગ, પ્રદર, ભગંદર, હરસથી ક્ષીણ થયેલા પુરૂષોને પણ સોજા ઉત્પન્ન થાય છે. તેમ કોઢ, ખુજલી તથા પિડકા વિગેરેથી અથવા ઉલટી; છીંક, ઓડકાર, વીર્ય, અધોવાત, મળ અને મૂત્રના વેગને રોકવાથી સોજા ઉત્પન્ન થાય છે. ચર્મરોગ વાળાને, અથવા અત્યન્ત ઉપવાસ કરવાવાળાને સોજા થાય છે. સાધારણ રીતે બહુજ ભારે, ખાટા, ખારા, મીઠા પદાર્થો, ફળ, શાક, દહીં, હરિત, મધ, મંન્દક, અંકુર ફુટેલું, ધ્યાન, કસ, શુકુધાન્ય, શમી ધાન્ય, અનુપસંચારી અને જળ-ચર પ્રાણીયોનું બહુજ માંસ ખાવાથી, માટી, કાદવ કે રોડાં ખાવાથી, અધિક મીઠું ખાવાથી, ગર્ભ પીડા યા ગર્ભ પડવાથી અથવા પ્રસવ વખતે યોગ્ય આહાર વિહાર ન કર-વાથી સોંજા ઉત્પન્ન થાય છે. અથવા ઉખડી ગયેલા દોષોને રોકવાથી સોજા ઉત્પન્ન થાય છે. આ સોજાનાં સામાન્ય કારણ છે. ૨

अयंत्वत्रविशेषः । शीतरूक्षलघुविषदश्रमोपवासातिकर्षणक्षेपणादिभिर्वायुःप्रकु-पितःत्वङ्मांसशोणितादीन्यभिभूयशोथञ्जनयति । सक्षिप्रोत्थापनप्रशमोभवति । श्यावारुणवर्णःप्रकृतिवर्णोवाचलःस्पन्दनःखरपरुषभिन्नत्वग्लोमाच्छिद्यतइवभि-द्यतइवपीड्यतइवसूचीभिरिवतुद्यतेपिपीलिकाभिरिवसंसृप्यतेसर्षपकल्फालिप्तइव-चिमिचिमायतेसंकुच्यतेआयम्यतेइतिवातशोथः ॥ ३ ॥

શોજાનાં વિશેષ કારણ એ છે કે શીતલ, રૂક્ષ, હલકા અને વિશદ પદાર્થોના અધિક સેવનથી, પરિશ્રમ અને ઉપવાસથી, કૃશ થવાથી અને આક્ષેપણ વિગેરેથી વાયુ દુષિત થઇને ત્વચા, માંસ, રક્તાદિમાં પ્રવેશી સોજાને ઉત્પન્ન કરે છે. તે વાતજંન્ય શોજા જલ્દી પ્રગટ તેમજ જલ્દી શાંત થઈ જાય છે. તે કાળા, લાલ તથા રૂક્ષ વર્ણ થવો, ચંચળતા, વા-ળ–ત્વચા, કેડોનું ફાટવું, તેમાં ભેદન જેવી પીડા, સજીગરંવા જેવી પીડા, સાધારણ પીડા, કીડીયો કરડવા જેવી પીડા, સરસવનો લેપ કરવાથી જેવો ચરચરાટ થાય છે તેવી રીતે કદી સોજા કમી થાય છે, કદી ફેલાઇ જાય છે. આ સર્વ લક્ષણ વાના સોજામાં થાય છે. ૩

उष्णतीक्ष्णकटुकक्षारलवणाम्लाकीर्णभोजनैरग्न्यातपप्रतापैश्चपित्तंप्रकुपितंत्वङ्मां-सशोणितान्यभिभूयशोथञ्जनयति । साक्षिप्रोत्थानप्रशमोभवति । कृष्णपीतनी-लताम्रकावभासउष्णोमृदुःकपिलताम्रलोमाउष्यतेदूयतेधूप्यतेउष्मायतेस्विद्यते-क्लिद्यतेनचस्पर्शमुष्णंवासुष्यतेइतिपित्तशोथः ॥ ४ ॥

ઉષ્ણ, તીક્ષ્ણ, કડવાં ક્ષાર, ખારા અને અજીર્ણકારક પદાર્થો ખાવાથી, અગ્નિ, ધુપ, અને સંતાપને સહન કરવાથી, પિત્ત, કુપિત થઈ ત્વચા, માંસ, લોહી વિગેરેને બગાડીને સોંજા ઉત્પન્ન કરે છે. તે જલ્દી ઉત્પન્ન થાય છે અને મટી જાય છે. તે કાળા, પીળા, લીલા અને તાંબાના વર્ણના થાય છે તથા સ્પર્શમાં ગરમ અને નરમ થાય છે. વાળ ભુરા અને તાંબાના રંગના થાય છે. તેમાં દાહ અને પીડા અધિક થાય છે. ધુઆંસા ઉઠી,

અગ્નિ સમાન ગરમ માલુમ પડે છે. પરસેવો થવો, ક્લેદ અને ગરમ વસ્તુને પકડી શકાય નહિ આ પિત્તના સોજાનાં લક્ષણ છે. ૪

गुरुमधुरशीतस्निग्धैरतिस्वप्नव्यायामादिभिश्चश्लेष्माप्रकुपितः त्वङ्मांसशोणितादीन्यभिभूयशोथञ्जनयति । स कृच्छ्रोत्थानप्रशमोभवति । पाण्डुःश्वेतावभासः स्निग्धःश्लक्ष्णःगुरुःस्थिरःस्त्यानः शुक्लाग्ररोमास्पर्शोष्णसहश्चेतिश्लेष्मशोथः ॥५॥

ભારે, મીઠા, શીતળ, ચિકણા પદાર્થોના સેવનથી, અધિક સુવાથી, પરિશ્રમ ન કરવાથી, કફ કુપિત થઈને ત્વચા, માંસ, રૂધિર વિગેરેમાં પ્રવેશ કરીને શોથ વિલંબે પ્રકટ થાય છે અને વિલંબે મટે છે. તે પાંડુ અને સફેદ વર્ણ, ચિકણા, ગાઢા, ભારે, કઠોર, ગીલા જેવા હોય છે. વાળનો આગળનો ભાગ સફેદ જેવો થાય છે. અને આ સોજાપર ગરમ સ્પર્શ પ્રિય લાગે છે. આ કફના સોજાનાં લક્ષણ છે. ૫

यथास्वकारणाकृतिसंसर्गाद्द्विदोषजास्त्रयःशोथाःभवन्ति । तथास्वकारणाकृतिसन्निपातात्सान्निपातिकएकः । एवंसप्तविधोभेदः । प्रकृतिभिस्ताभिर्भिद्यमानोद्विविधस्त्रिविधश्चतुर्विधःसप्तविधश्चशोथउपलभ्यते । पुनश्चैकएवोत्सेधसामान्यादिति ॥ ६ ॥

બબ્બે દોષોના કારણ અને લક્ષણોના સંબંધથી વાત પિત્તજ, વાતકફજ, પિત્તકફજ આ ભેદથી ત્રણ પ્રકારના સોજા થાય છે. એવી રીતે ત્રણે દોષોનાં કારણ અને લક્ષણના સંબંધથી સન્નિપાતકનો ૧ સોજો થાય છે. એવી રીતે નિજ સોજાના સાત ભેદ થયા. પ્રથમ સ્વભાવ ભેદથી નિજ અને આગંતુક તાપિસોજા બે પ્રકારના છે. ફરી વાત, પિત્ત આ ભેદથી ત્રણ પ્રકારના થાય છે અને વત્તજ, વાતકફજ, પિત્તકફજ, સન્નિપાતજ કફ આ ભેદથી ચાર પ્રકારના થયા. વાતાદિના ભેદથી સન્નિપાત પર્યંત સાત પ્રકારના થયા. સામાન્ય સોજા તરીકે જોવામાં આવે તો સોજા એકજ પ્રકારના છે. ૬

भवतिचात्र । शूयन्तेयस्यगात्राणिस्वपन्तीवरुजन्तिच । निपीडितान्युन्नमन्तिवातशोथन्तमादिशेत् ॥ ७ ॥ यश्चाप्यरुणवर्णाभःशोथोनक्तंप्रणश्यति । स्नेहोष्णमर्दनाभ्याञ्चप्रणश्येत्सचवातिकः ॥ ८ ॥

જેની દેહ ચલાયમાન, સુન્ન તથા અત્યન્ત પીડાયુક્ત હોય, દબાવવાથી જલ્દી ઉંચી થાય તે વાતજ શોથ છે. જો સોજા લાલ વર્ણના હોય, રાત્રિમાં શાંત થઈ જાય, સ્નેહ તથા ગરમ વસ્તુઓના લેપથી કે ચોપડવાથી મટી જાય તે વાયુના સોજા સમજવા. ૭–૮.

यःपिपासाज्वरार्तस्यदूयतेऽथविदह्यते । स्विद्यतेक्लिद्यतेगन्धी सपित्तश्वयथुःस्मृतः ॥ ९ ॥ यःपीतनेत्रवक्त्रत्वक्पूर्वंमध्यात्प्रसूयते । तनुत्वक्चातिसारीचपित्तशोथः सउच्यते ॥ १० ॥

જે સોજામાં અત્યંત પીડા તથા દાહ હોય, પરસેવા તથા કલેદ નીકળે, દુર્ગંધી આવે, શરીરના મધ્ય ભાગથી પ્રથમ ઉત્પન્ન થાય, ત્વચા પાતળી થાય, અને રોગી તૃષા જ્વર

તથા અતિસારથી વ્યાકુળ હોય અને તેનું મુખ ત્વચા તથા નેત્ર પીળાં થઈ જાય તેને પિત્તના સોજા હોય છે. ૯–૧૦.

यःशीतलःसक्तगतिःकण्डूमान्पाण्डुरेवच । निपीडितोनोन्नमतिश्वयथुःस कफात्मकः ॥ ११ ॥ यस्यशस्त्रकुशच्छेदाच्छोणितेनप्रवर्तते । कृच्छ्रेणपिच्छान्स्रवतिसचापिकफसम्भवः ॥ १२ ॥

જે સોજા શીતળ, ધીરે ધીરે વધનાર, ખંજવાળ વાળા, પાંડુવર્ણના, તથા દબાવવાથી ઉંચા થાય નહી તેને કફના સોજા કહે છે. જે સોજામાં શસ્ત્ર તથા કુશા વગેરેથી છેદન કરવા છતાં પણ રકત ન નીકળે, અને કઠિનતાથી થોડો થોડો ગાઢ શ્રાવ થાય તેને કફના સોજા કહે છે. ૧૧–૧૨.

निदानाकृतिसंसर्गाच्छ्वयथुःस्याद्द्विदोषजः ।
सर्वाकृतिःसन्निपाताच्छोथोव्यामिश्रहेतुजः ॥ १३ ॥

હેતુ તથા લક્ષણોના સંસર્ગથી દ્વિદોષજ સોજા થાય છે અને સંપૂર્ણ લક્ષણોના મળવાથી સંન્નિપાતજ સોજા જાણવા. ૧૩.

यस्तुपादाभिनिर्वृत्तःशोथःसर्वाङ्गगोभवेत् ।
जन्तोःसचसुकष्टःस्यात्प्रसृतःस्त्रीमुखाच्चयः ॥ १४ ॥

જે સોજા પુરૂષના પગથી ઉત્પન્ન થઈને સંપૂર્ણ શરીરમાં ફેલાઈ જાય અને જે સ્ત્રીના મુખથી ઉત્પન્ન થઈ સંપૂર્ણ શરીરમાં ફેલાઇ જાય તે સોજા કષ્ટસાધ્ય છે. ૧૪.

यश्चापिगुह्यप्रभवःस्त्रियोवापुरुषस्यवा ।
सचकष्टतमोज्ञेयोयस्यचस्युरुपद्रवाः ॥ १५ ॥

જે સોજા સ્ત્રી અથવા પુરૂષના ગુહ્યસ્થાનમાં પ્રગટ થાય તે કષ્ટ સાધ્ય છે. જો તેમાં બીજો ઉપદ્રવ હોય તો બહુજ કષ્ટ સાધ્ય થઈ જાય છે. ૧૫.

छर्दिःश्वासोऽरुचिस्तृष्णाज्वरोऽतीसारएवच ।
सप्तकोऽयंसदौर्बल्यःशोथोपद्रवसंग्रहः ॥ १६ ॥

ઉલટી, શ્વાસ, અરૂચિ, તરસ, તાવ, અતિસાર, દુર્બળતા, આ સાત શોજા રોગના ઉપદ્રવ છે. ૧૬.

ઉપજીહ્વિકાનું કારણ.

यस्यश्लेष्माप्रकुपितःजिह्वामूलेऽवतिष्ठते ।
आशुसंजनयेच्छोथंजायतेऽस्योपजिह्विका ॥ १७ ॥

જે મનુષ્યનો કફ કોપિત્ત થઇને જીભની જડમાં સ્થિત થઈ જાય છે તેને ઉપજીહ્વિકા નામના સોજા થાય છે. ૧૭.

ગલશુન્ડીનું કારણ.

यस्यश्लेष्माप्रकुपितःकाकलेव्यवतिष्ठते ।
आशुसञ्जनयञ्छोथंकरोतिगलशुण्डिकाम् ॥ १८ ॥

જેનો કફ કોપિત થઈને તાળુના મૂળમાં સ્થિત થાય છે તેને તાળુમાં જલ્દી સોજા ઉત્પન્ન થઈને ગલશુંડી રોગ પેદા કરે છે. ૧૮.

यस्यश्लेष्माप्रकुपितस्तिष्ठत्यन्तर्गलेस्थितः ।
आशुसञ्जनयश्छोथंगलगण्डोऽस्यजायते ॥ १९ ॥

જેનો કફ કોપિત થઈને ગળાની નસોમાં પ્રવેશ કરી બહાર સોજો પ્રગટ કરે છે તે ગળાની બહારના સોજાને ગલગંડ કહે છે. ૧૯.

ગલગ્રહનું કારણ.

यस्यश्लेष्माप्रकुपितोगलबाह्येऽवतिष्ठते ।
शनैःसञ्जनयच्छोथंजायतेऽस्यगलग्रहः ॥ २० ॥

જેનો કફ કોપિત થઈને ગળાની ભીતર સોજાને પ્રકટ કરે છે તે સોજાને ગલ ગ્રહ કહે છે. ૨૦.

વિસર્પનું કારણ.

यस्यपित्तंप्रकुपितंसरक्तंत्वचिसर्पति ।
शोथंसरागंजनयन्विसर्पस्तस्यजायते ॥ २१ ॥

જેને પિત્ત કોપિત થઈને લોહીની સાથે મળીને ત્વચામાં ફરનાર લાલ રંગના સોજા પ્રકટ કરે છે તે સોજાને વિસર્પ કહે છે. ૨૧.

પિડીકાનું કારણ.

यस्यपित्तंप्रकुपितंत्वचिरक्तेऽवतिष्ठते ।
रागंसशोथञ्जनयन्पिडकातस्यजायते ॥ २२ ॥

જેનો પિત્ત કોપીત થઈને લોહી તથા ચામડીમાં સ્થિત થઈને લાલ રંગનો સોજો ઉત્પન્ન કરે છે. તેને પિડીકા થાય છે. ૨૨.

તલ, મસા, ખીલ અને શંખકનું કારણ.

यस्यपित्तंप्रकुपितंशोणितं प्राप्यशुष्यति । तिलकापिप्लवोव्यंगो नीलिकाचास्यजायते ॥ २३ ॥ यस्यपित्तंप्रकुपितंशंखयोरवतिष्ठते । श्वयथुःशंखकोनामदारुणस्तस्यजायते ॥ २४ ॥

કોપિત થયેલ પિત્ત જેના રક્તમાં પ્રવેશ કરીને સુકાઈ જાય તેના શરીરમાં તલ, છાંઈ, મસા, ખીલ વગેરે ક્ષુદ્ર રોગોને પ્રકટ કરે છે. જેને કોપિત થયેલ પિત્ત શરીરનાં હાડકાંમાં પ્રવેશી સોજા કરે તે સોજાને શંખક નામનો દારૂણ શોથ કહે છે. ૨૩-૨૪.

કર્ણમૂળનું કારણ.

यस्यपित्तंप्रकुपितंकर्णमूलेऽवतिष्ठते ।
ज्वरान्तेदुर्जयोऽन्तायशोथस्तस्योपजायते ॥ २५ ॥

જેનો પિત્ત કોપિત થઈને કાનની જડમાં સોજો ઉત્પન્ન કરે તો તે કર્ણ મૂલશોથ દુર્જય હોય છે. જો તે સોજો તાવ પછી પ્રગટ થાય તો મનુષ્યનો પણ અંત કરી દે છે.૨૫

પ્લીહાનું કારણ.

वातःप्लीहान ःद्धूयकुपितोयस्यतिष्ठति ।
शूलैःपरितुदन्पार्श्वेप्लीहातस्याभिवर्द्धते ॥ २६ ॥

જેનો વાયુ કોપીત થઇને પ્લીહા (બરોળ)માં પ્રવેશ કરીને તેને ઉંચી કરી દે તો તે પ્લીહા ધીરે ધીરે પીડાની સાથે વધી જાય છે. ૨૬.

ગુલ્મનું કારણ.

यस्यवायुःप्रकुपितोगुल्मस्थानच्चातिष्ठति ।
शोथंसशूलञ्जनयन्गुल्मस्तस्योपजायते ॥ २७ ॥

કુપિતવાયુ જેના ગુલ્મ સ્થાનમાં પ્રવેશ કરે છે તેને પીડાની સાથે ગુલ્મરૂપી સોજાને પેદા કરે છે. ૨૭.

બ્રધ્નનું કારણ.

यस्यवायुःप्रकुपितःशोथशूलकरश्चरन् ।
वंक्षणाद्वृषणौयातिब्रध्नंतस्योपजायते ॥ २८ ॥

જેને વાયુકોપિત થઇને પીડાયુક્ત શોથ વંક્ષણ (જંઘાના મૂળ)માં પેડુથી અંડકોશની તરફ ઉત્પન્ન કરે તે સોજાને બ્રધ્ન કહે છે. ૨૮.

શોથોદરનું લક્ષણ.

यस्यवातःप्रकुपितःत्व मासान्तरमाश्रितः ।
शोथंसञ्जनयन्कुक्षावुदरंतस्यजायते ॥ २९ ॥

કોપિતવાયુ જેની કુક્ષિસ્થાનની ત્વચા અને માંસમાં મળીને પેટને સુજાવી દે છે તે સોજાને શોથોદર કહે છે. ૨૯.

આફરાનું કારણ.

यस्यवातःप्रकुपितःकुक्षिमाश्रित्यतिष्ठति ।
नाधोव्रजतिनाप्यूर्द्ध्वमानाहस्तस्यजायते ॥ ३० ॥

ક્રુદ્ધવાયુ જેની કુખમાં સ્થિત થઈને નીચે તેમજ ઉપર જાય નહિ તે વાયુના અવરોધને આફરો કહે છે. ૩૦.

रोगाश्चोत्सेधसामान्यादधिमांसार्बुदादयः ।
विशिष्टानामरूपाभ्यांनिर्देश्याःशोथसंग्रहे ॥ ३१ ॥

અધિ માંસ અને અર્બુદાદિક નામરૂપ કરીને શોથથી જુદા હોવા છતાં પણ ઉઠનાર સામાન્ય ધર્મથી તેની સોજામાં ગણના કરવી જોઇએ. ૩૧.

રોહિણીનું કારણ.

वातपित्तकफायस्ययुगपत्कुपितास्त्रयः । जिह्वामूलेऽवतिष्ठन्तेविदहन्तःसमुच्छ्रिताः ॥ ३२ ॥ जनयन्तिभृशंशोथंवेदनाश्चपृथग्विधाः । तंशीघ्रंकारिणंरोगंरोहिणीके-

तिनिर्दिशेत् ॥ ३३ ॥ त्रिरात्रंपरमंतस्यजन्तोर्भवतिजीवितम् । कुशलेनत्वनुमातः क्षिप्रंसम्पद्यतेसुखी ॥ ३४ ॥

જે મનુષ્યને વાત, પિત્ત, કફ આ ત્રણે એકજ વખતે કોપિત થઈને જીભની જડમાં સ્થિત થઈ જાય છે તેની જીભની જડમાં દાહ યુક્ત ઉંચા સોજા પ્રગટ કરે છે. આ સોજામાં નાના પ્રકારની પીડા થાય છે. આ શીઘ્રમારક રોગને રોહિણીકા કહે છે. તેના થવાથી મનુષ્ય ત્રણ દિવસથી અધિક જીવી શકતો નથી. જેથી જો કુશળ ચિકિત્સકથી શીઘ્ર યત્ન કરાવવામાં આવે તો મનુષ્ય બચી જાય છે. ૩૨–૩૪.

सन्तिह्येवंविधारोगाःसाध्यादारुणसम्मताः ।
येहन्युरनुपक्रान्तामिथ्यारम्भेणवापुनः ॥ ३५ ॥

અન્ય પણ જે આ પ્રકારના દારૂણ રોગ છે તે યુક્તિ પૂર્વક જલ્દી કુશળ વૈદ્યદ્વારા ચિકિત્સા કરવાથી સાધ્ય થાય છે. અને તે રોગ યોગ્ય યત્નો જલદી નહિ કરવાથી અથવા ઉંટવૈદદ્વારા યત્નો કરાવાથી જલદી મારી નાંખે છે. ૩૫.

व्याधिना भेद.

साध्याश्चाप्यपरेहन्तिव्याधयोमृदुसम्मताः । यत्नायत्नकृतंयेषुकर्मसिध्यत्यसंशयम् ॥ ३६ ॥ असाध्याश्चापरेसन्तिव्याधयोयाप्यसंज्ञिताः । सुसाध्येऽपिकृतंयेषुकर्मयाप्यकरंभवेत् ॥ ३७ ॥ सन्तिचाप्यपरेरोगाःकर्मयेषुनसिध्यति । अपियत्नकृतंवैद्यर्नतान्विद्वानुपाचरेत् ॥ ३८ ॥

ઘણા એવા મૃદુરોગ છે જે જલ્દી યત્ન કરવાથી સાધ્ય છે પરંતુ ચિકિત્સા વિના પણ સાધ્ય થઈ જાય છે. ૩૬. કેટલાક રોગ એવા અસાધ્ય થાય છે કે જેને યાપ્ય કહે છે તે યાપ્ય ચિકિત્સા કરવાથી શાંત બને છે અર્થાત નષ્ટ થતા નથી. ૩૭. કેટલાક એવા અસાધ્ય રોગ છે જે કુશલ વૈદ્યોની ચિકિત્સાથી પણ શાન્ત થતા નથી, જેથી વિદ્વાન વૈદ્દે તેની ચિકિત્સા કરવી નહિ.

साध्याश्चैवाप्यसाध्याश्चव्याधयोद्विविधाःस्मृताः । मृदुदारुणभेदेनतेभवन्तिचतुर्विधाः ३९ ॥ तएवापरिसंख्येयाभिद्यमाना भवन्तिहि । निदानवेदनावर्णास्थानसंस्थाननामभिः ॥ ४० ॥ व्यवस्थाकारणंतेषांयथास्थूलेषुसंग्रहः । तथाप्रकृतिसामान्यंविकारेषूपदिश्यते ॥ ४१ ॥

સાધ્ય અને અસાધ્ય ભેદથી રોગ બે પ્રકારના છે. અને તે મૃદુ તથા દારૂણ ભેદથી ચાર પ્રકારના થાય છે. પછી તે સંપૂર્ણ રોગ પીડા, વર્ણ, હેતુ, સ્થાન, સ્થિતિ તથા નામના ભેદથી અસંખ્ય થઇ જાય છે. સ્થુલ વિકારોમાં જેવો સંગ્રહ છે તે પ્રકારે પ્રકૃત્તિની સમાનતાને લેઇને સર્વે રોગોની વ્યવસ્થા કરવી જોઇએ. ૩૯ થી ૪૧.

विकारनामाकुशलोनजिह्रीयात्कदाचन । नहिसर्वविकारणां नामतोऽस्तिध्रुवागतिः ॥ ४२ ॥ सएवकुपितोदोषःसमुत्थानविशेषतः । स्थानान्तरगतश्चैवजन-

यत्यामयान्बहून् ॥ ४३ ॥ तस्माद्विकारप्रकृतीरधिष्ठानान्तराणिच । समुत्थानविशेषांश्चबुद्धाकर्मसमाचरेत् ॥ ४४ ॥

બીજા રોગોનાં નામ ન જાણવાથી વૈદે લજ્જીત થવું નહિ કેમકે સંપૂર્ણ રોગોના નામોનો યોગ્ય નિશ્ચય છે નહિ. એક દોષ કોપિત થઇને કારણોની વિશેષતાથી અથવા બીજા બીજા સ્થાનોમાં જઇને અનેક રોગોને ઉત્પન્ન કરે છે. જેથી રોગોના સ્વભાવ સ્થાન તથા કારણોને જાણીને ચિકિત્સા કરવી. ૪૨–૪૪.

योह्येतत्रिविधंज्ञात्वाकर्माण्यारभतेभिषक् ।
ज्ञानपूर्वंयथान्यायंसकर्मसुनमुह्यति ॥ ४५ ॥

જે વૈદ્ય આ ત્રણે પ્રકારને જાણીને વિચાર પૂર્વક શાસ્ત્રાનુસાર ચિકિત્સા કરે છે તે ચિકિત્સામાં મોહ વશ થતો નથી. ૪૫

દોષોનું નિત્યત્વ.

नित्याःप्राणभृतांदेहेवातपित्तकफास्त्रयः ।
विकृताःप्रकृतिस्थावातान्बुभुत्सेतपण्डितः ॥ ४६ ॥

વાત, પિત્ત, કફ આ ત્રણ પ્રાણિયોના શરીરમાં હંમેશાં રહે છે પરંતુ સામ્યાવસ્થામાં છે કે વિકૃત અવસ્થામાં છે તેની બુદ્ધિમાને પરીક્ષા કરવી જોઇએ. ૪૬

વિકારરહિત વાયુઆદિનાં કર્મ.

उत्साहोच्छ्वासनिःश्वासचेष्टाधातुगतिःसमा ।
समोमोक्षोगतिमतांवायोःकर्माविकारजम् ॥ ४७ ॥

શરીરમાં પ્રકૃતિસ્થ વાયુ રહેવાથી ઉત્સાહ, શ્વાસનું આવવું જવું, ચેષ્ટા, ધાતુઓની અવસ્થા આ સમાન રહે છે, અને મળમૂત્રાદિની ગતિ ઠીક રહે છે. આ વિકારને નહિ પ્રાપ્ત થયેલા વાયુના કર્મ છે. ૪૭.

दर्शनंपक्तिरुष्माचक्षुत्तृष्णादेहमार्दवम् ।
प्रभाप्रसादोमेधाचपित्तकर्म्माविकारजम् ॥ ४८ ॥

જોવું, અન્નનું પચવું, શરીરમાં ગરમાઈ, ભૂખ, તરસ દેહમાં ગરમી, કાંતિ, પ્રસન્નતા બુદ્ધિ એમનું ઉત્તમ થવું આ પ્રકૃતિસ્થ અર્થાત વિકાર રહિત પિત્તનું કર્મ છે. ૪૮.

स्नेहोबद्धःस्थिरत्वञ्चगौरवंवृषतावलम् ।
क्षमाधृतिरलोभश्चकफकर्माविकारजम् ॥ ४९ ॥

કફ પ્રકૃતિસ્થ રહેવાથી શરીરમાં સ્નિગ્ધતા, કઠનતા, દ્રઢતા, ગુરૂતા, વૃષ્યતા, બળ, ક્ષમા, ધૃતિ નિર્લોભતા આ થાય છે. ૪૯.

वातपित्तकफैश्चैवन्यूनेलक्षणमुच्यते ।
कर्मणांप्रकृतेर्हानिर्वृद्धिर्वापिविरोधिनाम् ॥ ५० ॥

વાત, પિત્ત અને કફના ક્ષીણ થવાથી ઉપર કહેલ સ્વાભાવિક ગુણોથી હાનિ થાય છે અને વિપરીત કર્મોની વૃદ્ધિ થાય છે. ૫૦.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

दोषप्रकृतिवैशेष्यंनियतंवृद्धिलक्षणम् ।
दोषाणांप्रकृतिर्हानिर्वृद्धिर्वापिपरीक्ष्यतेइति ॥ ५१ ॥

વાતાદિ દોષોના સ્વભાવોનું વિશેષ પ્રતિત થવું તે દોષ વૃદ્ધિનું લક્ષણ છે જેથી દોષોની સામ્યાવસ્થા, ક્ષીણતા અને વૃદ્ધિની પરીક્ષા કરવી જોઈએ. ૫૧.

तत्रश्लोको.

संख्यानिमित्तंरूपाणिशोथानांसाध्यतानच ।
तेषांतेषांविकाराणांत्रिविधंबोध्यसंग्रहम् ॥
विधिभेदंविकाराणांत्रिविधं दोषसंग्रहम् ॥ ५२ ॥

प्राकृतंकर्मदोषाणांलक्षणंहानिवृद्धिषु । वीतमोहरजोदोषलोभमानमदस्पृहः । व्याख्यातवांस्त्रिशोफीयेरोगाध्यायेपुनर्वसुः ॥ ५३ ॥

આ ત્રિશોથીય અધ્યાયમાં શોજાનું કારણ, શોજા, શોજાના વિકાર અને તેની સંખ્યા, તેનાં ૩૫ તથા સાધ્યા સાધ્યતા, દોષજ અને આગંતુક શોથ, શોથના વિકારોનો ભેદ, ત્રણ પ્રકારનો દોષ સંગ્રહ, પ્રકૃતિસ્થ દોષોનાં કર્મ, દોષોની ક્ષીણતા, અને વૃદ્ધિનાં લક્ષણ, આ સર્વ મોહ, રજોદોષ, લોભ, માન, મદ અને સ્પૃહારહિત પુનર્વસુજીએ કથન કર્યુંછે. ૫૨—૫૩.

इतिरोग चतुष्के त्रिशोफीयोऽष्टा दशोऽध्यायः समाप्त. १८.

ઇતિ રોગ ચતુષ્કે ત્રિશોફીય નામનો અઢારમો અધ્યાય સમાપ્ત થયો. ૧૮.

एकोनविंशोऽध्यायः ।

अथातोऽष्टोदरीयमध्यायंव्याख्यास्यामः । इतिहस्माहभगवानात्रेयः ।

હવે હું અષ્ટોદરીય અધ્યાયની વ્યાખ્યા કરૂં છું એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

રોગોની સંખ્યા.

इहखल्वष्टावुदराणिअष्टौमूत्राघाताःअष्टौक्षीरदोषाअष्टौरेतोदोषाः सप्तकुष्ठानिसप्तपिडकाःसप्तवीसर्पाःषडतीसाराःषडुदावर्ताः पञ्चगुल्माःपञ्चप्लीहदोषाःपञ्चकासाः पञ्च श्वासाःपञ्चहिक्काःपञ्चतृष्णाःपञ्चछर्दयःपञ्चभक्तस्यानशनस्थानानिपञ्चशिरोरोगाःपञ्चहृद्रोगाःपञ्चपाण्डुरोगाःपञ्चोन्मादाः चत्वारोऽपस्माराःचत्वारोऽक्षिरोगाःचत्वारःकर्णरोगाःचत्वारःप्रतिश्यायाःचत्वारोमुखरोगाःचत्वारोग्रहणीदोषाःचत्वारोमदाःचत्वारोमूर्च्छाःचत्वारःशोषाःचत्वारिक्लैब्यानित्रयःशोथाःत्रीणिकिलासानि त्रिविधंलोहितपित्तंद्वौज्वरौद्वौव्रणौद्वावायामौद्वेगृध्रस्यौद्वेकामलेद्विविधमामंद्विविधंवातरक्तंद्विविधान्यर्शांसि एकःऊरुस्तम्भःएकः सन्यासःएकोमहागदः

विंशतिः क्रिमिजातयः विंशतिः प्रमेहाः विंशतिर्योनिव्यापदः । इत्यष्टचत्वारिंशद्रोगाधिकरणान्यस्मिन्संग्रहे भवन्ति । उद्दिष्टानि एतानि यथोद्देशमभिनिर्देक्ष्यामः ॥१॥

આ સંગ્રહમાં આઠ પ્રકારના ઉદરરોગ છે. આઠ પ્રકારના મૂત્રાઘાત, આઠ પ્રકારના સ્તન દોષ, આઠ પ્રકારના ક્ષુદ્ર દોષો, સાત પ્રકારના કુષ્ટ, સાત પ્રકારની પિડકા, સાત પ્રકારના વીસર્પ (રતવા), ૬ પ્રકારના અતીસાર, ૬ પ્રકારના ઉદાવર્ત્ત, પાંચ પ્રકારના ગુલ્મ, ૫ પ્રકારના પ્લીહાદોષ, ૫ પ્રકારની ખાંસી, ૫ પ્રકારના શ્વાસ, ૫ પ્રકારની હીચકી, ૫ પ્રકારની તરસ, ૫ પ્રકારની છર્દી (ઉલટી), ૫ પ્રકારની અરૂચી, પાંચ પ્રકારના શિરોરોગ, પાંચ પ્રકારની તરસ, ૫ પ્રકારના પાંડુરોગ, ૫ પ્રકારના ઉન્માદ, ૫ પ્રકારના મૃગી, ૪ પ્રકારના નેત્રરોગ, ૪ પ્રકારના કર્ણરોગ, ૪ પ્રકારના પ્રતિશ્યાય, ૪ પ્રકારના મુખરોગ, ૪ પ્રકારના ગ્રહણીદોષ, ૪ પ્રકારના મદાત્યય, ૪ પ્રકારની મૂર્ચ્છા, ૪ પ્રકારના શોષ, ૪ પ્રકારની નપુંસકતા, ૩ પ્રકારના સોજા, ૩ પ્રકારના કિલાસ, ૩ પ્રકારના રક્તપિત્ત, ૨ પ્રકારના જ્વર, ૨ પ્રકારના વ્રણ, ૨ પ્રકારના આયામ, ૨ પ્રકારના ગૃધ્રસી, ૨ પ્રકારના કામલા, ૨ પ્રકારના આમદોષ, ૨ પ્રકારના વાતરક્ત, ૨ પ્રકારના અર્શ, ૧ પ્રકારનો ઉરુસ્તંભ, ૧ પ્રકારનો સંન્યાસ, ૧ પ્રકારનો મહા વ્યાધિ, ૨૦ પ્રકારના કૃમિરોગ, ૨૦ પ્રકારના પ્રમેહ, ૨૦ પ્રકારના યોનિવ્યાપક રોગ આ પ્રકારે આ સંગ્રહમાં ૪૮ રોગ છે. હવે આ સર્વને યથા ઉદ્દેશ આગળ વર્ણન કરવામાં આવે છે. ૧.

अष्टावुदराणीति वातपित्तकफसन्निपातप्लीहबद्धच्छिद्रोदकोदराणीति ॥ अष्टौ मूत्राघाता इति वातपित्तकफसन्निपाताश्मरीशर्कराशुक्रशोणितजाः ॥ अष्टौ क्षीरदोषा इति वैवर्ण्यं वैगन्ध्यं वैरस्यं पैच्छिल्यं फेनसङ्घातं रौक्ष्यं गौरवमतिस्नेहश्चेति ॥ अष्टौ रेतोदोषा इति तनु शुष्कं फेनिलमश्वेतं पूति पिच्छिलमन्यधातूपहितमवसादि चेति ॥ सप्त कुष्ठानीति कपालोडुम्बरमण्डलर्ष्यजिह्वपुण्डरीकसिध्मकाकणकानि ॥ सप्त पिडका इति शराविकाकच्छपिकाजालिनीसर्षप्यलजीविनताविद्रधी च ॥ सप्त वीसर्पा इति वातपित्तकफाग्निकर्दमग्रन्थिसन्निपाताख्याः षडतीसारा इति वातपित्तकफसन्निपातभयशोकजाः षडुदावर्त्ता इति वातमूत्रपुरीषशुक्रच्छर्दिक्षवथुजाः ॥ पञ्च गुल्मा इति वातपित्तकफसन्निपातरक्तजाः पञ्च प्लीहदोषा इति गुल्मैर्व्याख्याताः ॥ पञ्च कासा इति वातपित्तकफक्षतक्षयजाः ॥ पञ्च श्वासा इति महोर्ध्वच्छिन्नतमकक्षुद्राः ॥ पञ्च हिक्का इति महती गम्भीरा व्यपेता क्षुद्रा चान्नजा च ॥ पञ्च तृष्णा इति वातपित्तामक्षयोपसर्गात्मिकाः ॥ पञ्च च्छर्दय इति द्विष्टान्नसंयोगजा वातपित्तकफसन्निपातोद्रेकात्मिकाश्च ॥ पञ्च भक्तस्यानशनस्थानानीति वातपित्तकफद्वेषायासाः ॥ पञ्च शिरोरोगा इति पूर्वोद्देशमभिसमस्य वातपित्तकफसन्निपात[illegible]ः ॥ पञ्च हृद्रोगा इति शिरोरोगैर्व्याख्याताः ॥ पञ्च पाण्डुरोगा इति वातपित्तकफसन्निपात[illegible]द्भक्षणजाः ॥ पञ्चोन्मादा इति वातपित्तकफसन्निपातागन्तुनिमित्ताः ॥ चत्वारोऽपस्मारा-

इतिवातपित्तकफ[illegible]नैमित्तजाः॥चत्वारोक्षिरोगाःचत्वारः कर्णरोगाःचत्वारः प्रतिश्यायाः चत्वारोमुखरोगाः चत्वारोग्र[illegible]णीदोषाः चत्वारोमदाः चत्वारोमूर्च्छा इतिअपस्मारैर्व्याख्याताः॥ चत्वारःशोषाइतिसाहससन्धारणक्षयविषमाशनजाः॥ चत्वारिक्लैब्यानीतिबीजोपघाताद्ध्वजभङ्गाज्जरायाःशुक्रक्षयाच्च ॥ त्रयःशोथाश्च [illegible]श्लेष्मनिमित्ताः ॥ त्रीणिकिलासानीतिरक्तताम्रशुक्लानि ॥ त्रिविधं लोहितपित्तमित्यूर्द्ध्वभागमधोभागमुभयभागञ्च । द्वौज्वरौ शीतसमुत्थश्चशीताभिप्रायश्चोष्णस[मु]त्थ इति उष्णाभिप्रायः[illegible]इतिनिजश्चागन्तुजश्च ॥ द्वावायामावितिवाह्यश्चाभ्यन्तरश्च ॥ द्वेगृध्रस्य[illegible]वातकफाच्च ॥ द्वेकामलेइतिकोष्ठाश्रयाशाखाश्रयाच ॥ द्विविधमाममित्यलसकोविसूचिकाचेति ॥ द्विविधंवातरक्तमितिगम्भीरमुत्तानञ्च । द्विविधान्यर्शांसीतिआर्द्राणिशुष्काणिच ॥ एकऊरुस्कंभइतिआमत्रिदोषसमुत्थानः ॥ एकःसंन्यासइति ॥ त्रिदोषात्मकोमनःशरीराधिष्ठानसमुत्थः ॥ एकोमहागदइतिअतत्त्वाभिनिवेशः ॥ २ ॥

વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, પ્લીહોદર, બદ્ધોદર, છિદ્રોદર, જલોદર, આ ભેદથી આઠ પ્રકારના ઉદર રોગ છે. વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, અશ્મરીજન્ય, શર્કરાજન્ય, શુક્રદોષજ અને રક્તજન્ય આ આઠ પ્રકારના મૂત્રાઘાત છે. વિવર્ણતા, વિકૃતગંધિ, વૈરસ્ય, પિચ્છિલતા, ફેનયુક્તતા, રૂક્ષતા, ભારેપણું, આ આઠ સ્તનોના દુધના વિકાર છે. પાતળાપણું, સુકાપણું, ફેનયુક્ત, સફેદ ન થવું, દુર્ગંધિત, પિચ્છિલ, અન્ય ધાતુમિશ્રિત, અવસાદયુક્ત આ આઠ વિર્યના દોષ થાય છે. કોઢના સાત ભેદ છે. જેવા કે કપાલ, ઉદુંબર, મંડળ, રૂષ્યજીહ્વ, પુંડરીક, સિધ્મ, અને કાંકણુ; શરાવિકા, કચ્છપિકા, જાલની, સર્પપી, અલજી, વિનતા, વિદ્રધિ, આ ભેદથી પિડકા સાત પ્રકારની છે; વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ. અગ્નિવિસર્પ, કર્દમવિસર્પ, ગ્રંથિવિસર્પ આ ભેદોથી વિસર્પ સાત પ્રકારના છે. વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, ભયજ, શોકજ આ ભેદથી અતિસાર ૭ પ્રકારના છે. અધોવાત, મૂત્ર, પુરૂષ, શુક્ર, છર્દિ (ઉલટી), છીંક આ છના વેગ રોકવાથી ૭ પ્રકારના ઉદાવર્ત થાય છે. વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, રક્તજ, આ ભેદથી ગુલ્મ પંચ પ્રકારના છે. ગુલ્મના જેવાજ પાંચ પ્રકારના પ્લીહાના વિકાર થાય છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત, ક્ષત, ક્ષય આથી પાંચ પ્રકારની ખાંસી થાય છે, એવીજ રીતે વાતજ, પિતજ, કફજ, સાંન્નપાતજ, ક્ષતજ, ક્ષયજ આ ભેદોથી શ્વાસ પાંચ પ્રકારના છે. મહતી, ગંભીરા, વ્યપેતા, ક્ષુદ્રા, અન્નજા, આ ભેદથી પાંચ પ્રકારની હિચકી છે. વાતજ, પિત્તજ, આમજ, ક્ષયજ ઉપસર્ગજ, આ ભેદોથી તૃષા પાંચ પ્રકારની છે. દ્વેશજનક અન્નથી, વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી છર્દિ પાંચ પ્રકારની છે. વાતજ, પિત્તજ, કફજ, દ્વેષજ, શ્રમજ આ ભેદથી અરૂચિ પાંચ પ્રકારની છે. સામાન્ય સંગ્રહના ઉદ્દેશ્યથી વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, કૃમિજન્ય આ ભેદથી શિરો રોગ પાંચ પ્રકારના છે. શિરો રોગવાળા ભેદોથી

પાંચ પ્રકારના હૃદરોગ છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત, અને મૃદ ભક્ષણથી પાંચ પ્રકારના પાંડુ રોગ હોય છે. વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, અને આગંતુક આ ભેદથી ઉન્માદ રોગ પાંચ પ્રકારના છે. વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ચાર પ્રકારના અપસ્માર (મૃગી) રોગ હોય છે. અપસ્મારની સમાનજ વાતાદિ ચાર ચાર ભેદ—નેત્ર રોગ, કર્ણરોગ, પ્રતિશ્યાય, મુખરોગ, ગ્રહણીદોષ, મેદરોગ, મૂર્છારોગ આ સર્વને પણ કહ્યા છે. સાહસજન્ય, વેગાવરોધજન્ય, ક્ષયજન્ય અને વિષમાશનજન્ય આ ભેદથી શોષ રોગ ચાર પ્રકારના છે. વાત, પિત્ત કફજનિત ત્રણ પ્રકારની સૂજન થાય છે. રક્તવર્ણ, તામ્રવર્ણ અને શ્વેત, આ ત્રણ પ્રકારના કિલાસ રોગ થાય છે. ઉર્ધ્વગ, અધોગામી, ઉભયગામી, આ ત્રણ પ્રકારના રક્તપિત્ત થાય છે. જ્વર બે પ્રકારના છે. એક ટાઢથી જેમાં શીતની અધિકતા હોય છે, બીજો ગરમીથી પ્રકટ થઈને ગરમીની અધિકતાવાળો થાય છે. નિજ અને આગંતુક ભેદથી વ્રણ બે પ્રકારના હોય છે. આયામ બે પ્રકારના છે. એક અંતરાયામ બીજો બાહ્યાયામ, ગૃધ્રસી બે પ્રકારની છે. એક વાતજ, બીજો વાતકફજ, કોષ્ઠાશ્રય અને શાખાશ્રયના ભેદથી કામલા બે પ્રકારના છે. અલસક અને વિસૂચિકા ભેદથી આમરોગ બે પ્રકારના છે. વાતરક્ત બે પ્રકારના છે. ગંભીર અને ઉત્તાન, અર્શ બે પ્રકારના છે એક આર્દ્ર, બીજો શુષ્ક, આયયુક્ત ત્રિદોષથી ઉત્પન્ન થયેલ ઉરુસ્તંભ એક પ્રકારનો છે. ત્રિદોષથી ઉત્પન્ન થયેલ સંન્યાસ એક પ્રકારનો છે. તેનું અધિષ્ઠાન મન અને શરીર છે. તત્વજ્ઞાનમાં મનનો યોગ ન થવો એ એક મહા વ્યાધિ છે. (૨)

विंशतिः क्रिमिजातयइतियूकाःपिपीलिकाश्चेतिद्विविधावहिर्मलजाःकेशादाःलोमादालोमद्वीपाःसौरसाऔदुम्बराजन्तुमातरश्चेतिषट्शोणितजाः अन्त्रादाउदरादाहृदयचराःचुरवोदर्भपुष्पाःसौगन्धिकामहागुदाश्चेतिसप्तकफजाः ककेरुकामकेरुकालेलिहाःसशूलकाःसौसुरादाश्चेतिपञ्चपुरीषजाइति विंशतिः क्रिमिजातयः॥३॥

વીશ પ્રકારની કૃમિયોની જાતિ છે. તેમાં યૂકા અને પિપ્પલીક આ બે પ્રકારના કૃમિ બહારના મળથી થાય છે. અને કેશાદ, લોમાદ, લોમદ્વીપ, સૌરસ, ઉદુંબર, જંતુમાતર, આ છ પ્રકારના કૃમિ લોહીમાંથી પ્રકટ થાય છે. અંત્રાદઉદરાદ, હૃદયચર, ત્યુરવ, દર્ભપુષ્પ, સૌગંધિક, મહાગુદ આ સાત પ્રકારના કૃમિ કફથી પ્રકટ થાય છે. કર્કરૂક, મર્કરૂક, લેલિહ, સશૂલક, અને સૌસુરાદ આ પાંચ પ્રકારના પુરીષજ કૃમિ થાય છે. આ પ્રકારે સર્વ મળીને ૨૦ પ્રકારના કૃમિની જાતી છે. આ વીસથી શરીરને કષ્ટ થાય છે. જેથી વીસ પ્રકારના કૃમિ રોગ માનવામાં આવ્યા છે. (૩)

विंशतिःप्रमेहाइतिउदकमेहश्चेक्षुमेहश्चरसमेहश्चसान्द्रमेहश्चसान्द्रप्रसादमेहश्चशुक्लमेहश्चशुक्रमेहश्चशीतमेहश्चशनैर्मेहश्चसिकतामेहश्चलालामेहश्चेतिदश श्लेष्मनिमित्ताः । क्षारमेहश्चकालमेहश्चनीलमेहश्चलोहितमेहश्चमञ्जिष्ठामेहश्चहरिद्रामेहश्चेति षट् पित्तनिमित्ताः । वसामेहश्चमज्जमेहश्चहस्तिमेहश्चमधुमेहश्चेतिचत्वारोवातनिमित्ताइतिविंशतिःप्रमेहाः ॥ ४ ॥

વીસ પ્રકારના પ્રમેહ છે. તેમાં ઉદકમેહ, ઇક્ષુમેહ, રસમેહ, સાંદ્રમેહ, સાન્દ્રપ્રસાદ-

મેહ, શુક્લમેહ, શુક્રમેહ, શીતમેહ, શનૈર્મેહ, સિકતામેહ, લાળામેહ આ ૧૦ પ્રકારના પ્રમેહ કફથી થાય છે. ક્ષારમેહ, કાળમેહ, નીલમેહ, લોહિતમેહ, મંજીષ્ઠામેહ, હરિદ્રામેહ, આ ૭ પ્રમેહ પિત્તથી થાય છે. વસામેહ, મજ્જામેહ, હસ્તિમેહ, મધુમેહ આ ચાર પ્રમેહ વાતથી થાય છે. આ પ્રકારે સર્વ મળીને વીસ પ્રકારના પ્રમેહ થાય છે. (૪)

विंशतिर्योनिव्यापदइतिवातिकीपैत्तिकीश्लैष्मिकीसान्निपातिकीचेतिचतस्रः दोषजाः । दूष्यसंसर्गप्रकृतिनिर्देशैरवशिष्टाःषोडशनिर्दिश्यन्ते । तद्यथा—रक्तयोनिश्चारजस्का चाचरणाचातिचरणाचप्राक्चरणाचोपप्लुताचोदावर्त्तिनीचकर्णिनीच-पुत्रघ्नीचान्तर्मुखीचसूचीमुखीचशुष्काचवामनीचषण्डयोनिश्चमहायोनिश्चेतिविंशतिर्योनिव्यापदःकेवलश्चायमुद्देशः । यथोद्देशमभिनिर्दिष्टइति ॥ ५ ॥

વીસ પ્રકારના યોનિવ્યાપદ રોગ છે. તેમાં વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ચાર પ્રકારના થયા, દોષ, દુષ્ય, સંસર્ગ અને સ્વભાવના નિર્દેશથી ૧૬ પ્રકારના બીજા થાય છે. તે આ પ્રકારે છે. જેમકે, રકતયોની, અરજસ્કા, અચરણા, અતિચરણા, પ્રાકચરણા, ઉપપ્લુતા, ઉદાવર્તની, કર્ણિની, પુત્રઘ્ની, અંતર્મુખી, સૂચિમુખી, શુષ્કા, વામિની, ષંડયોની, અને મહાયોની આ પ્રકારે સર્વ મળીને ૨૦ યોનિરોગ થયા. અહીં પૂર્વ સંગ્રહના ઉદ્દેશથી સંખ્યા માત્રનું કથન કરવામાં આવ્યું છે. (૫)

અધ્યાયનો ઉપસંહાર.

सर्वएवनिजविकारानान्यत्रवातपित्तकफेभ्योनिवर्त्तन्ते । यथा शकुनिःसर्वोदिशमपिपरिपतन्स्वांछायांनातिवर्त्ततेतथास्वधातुवैषम्यनिमित्ताःसर्वविकारावातपित्तकफान्नातिवर्त्तन्ते । वातपित्तश्लेष्मणांपुनःसमुत्थानस्थानसंस्थानप्रकृतिविशेषानभिसमीक्ष्यतदात्मकानपिचसर्वविकारांस्तानेवोपदिशन्तिबुद्धिमन्त इति ॥६॥

સર્વ પ્રકારના નિજરોગ, વાત, પિત્ત, કફ સિવાય થઇ શકતા નથી. જેમ પક્ષી ઉડતાં ઉડતાં કોઇ પણ દિશામાં ફરવા છતાં પણ પોતાની છાયાથી અલગ થઈ શકતું નથી તેમજ પોત પોતાની ધાતુની વિષમતાથી ઉત્પન્ન થયેલ રોગ પણ વાત, પિત્ત, કફથી જુદા હોઈ શકતા નથી. એથી બુદ્ધિમાનને ઉચિત છે કે વાત, પિત્ત, કફ આ ત્રણ દોષોના કારણ, સ્થાન, લક્ષણ, અને પ્રકૃતિનો વિચાર કરીને સંપૂર્ણ રોગોને વાત, પિત, કફ આ દોષોના અંતર્ગતજ માનવા. જેમકે સંપૂર્ણ ધાતવાદિ આ ત્રણનેજ આધિન છે. ૬.

भवंतिचात्र.

स्वधातुवैषम्यनिमित्तजायेविकारसंघाबहवःशरीरे । नतेपृथक्पित्तकफानिलेभ्यआगन्तवस्त्वेवततोविशिष्टाः ॥ ७ ॥ आगन्तुरन्वेतिनिजंविकारंनिजस्तथागंतुरतिप्रवृद्धः तत्रानुबन्धं प्रकृतिंचसम्यक्ज्ञात्वाततःकर्मसमारभेत ॥ ८ ॥

શરીરમાં થનાર સંપૂર્ણ વિકાર, પોત પોતાની ધાતુની વિષમતાથી અનેક પ્રકારના થવા છતાં પણ તે વાત, પિત્ત, કફથી અલગ થઈ શકતા નથી. અને આગંતુક વિકાર પણ શરીરમાં થઇને પછીથી નિજરોગોની માફક વાતાદિ દોષાત્મક થઈ જાય છે. એવીજ

રીતે નિજરોગ પણ આગંતુકની માફક લક્ષણોને ધારણ કરે છે જેથી કારણાનુબંધ અને પ્રકૃતિને ભલી પ્રકારે સમજીને ચિકિત્સાનો આરંભ કરવો જોઇએ. ૭-૮

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोकौ।

विंशकाश्चैककाश्चैवत्रिकाश्चोक्तास्त्रयस्त्रयः। द्विकाश्चाष्टौचतुष्काश्चदशद्वादशपञ्चकाः॥ चत्वारश्चाष्टकावर्गाःषट्कौद्वौसप्तकास्त्रयः। अष्टोदरीयेरोगाणामध्यायेसम्प्रकाशितः॥ ९ ॥ १० ॥

અહીં અધ્યાયની પૂર્તિમાં બે શ્લોક છે. કે આ અષ્ટોદરીય અધ્યાયમાં વીસ પ્રકારના ત્રણ રોગ, એક એક પ્રકારના ત્રણ રોગ, ત્રણ ત્રણ પ્રકારના ત્રણ રોગ, બબે પ્રકારના આઠ રોગ, ચાર ચાર પ્રકારના દસ રોગ, પાંચ પાંચ પ્રકારના બાર રોગ, આઠ આઠ પ્રકારના ચાર રોગ, છ છ પ્રકારના બે રોગ, અને સાત સાત પ્રકારના ત્રણ રોગ આ પ્રકારે રોગ સંગ્રહનું કથન કર્યું છે. ૯-૧૦

इति अग्निवेशकृतेतंत्रे चरक प्रति संस्कृते।
रोग चतुष्के, अष्टोदरीयोनामोन विंशोऽध्यायः॥ १९ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલ રોગ ચતુષ્ક અષ્ટોદરીયો નામનો ઓગણીશમો અધ્યાય સમાપ્ત થયો. ૧૯.

विंशोऽध्यायः।

अथातो महारोगाध्याय व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः।

હવે અમે મહારોગાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

રોગોના ભેદ.

चत्वारोरोगाभवन्तिआगन्तुवातपित्तश्लेष्मनिमित्ताः तेषांचतुर्णामपिरोगाणांरोगत्वमेकविधंरुक्सामान्यात्। द्विविधापुनः प्रकृतिरेषामागन्तुनिजविभागाद्द्विविधंचैषामधिष्ठानंमनःशरीरविशेषात्। विकाराःपुनरेषामपरिसंख्येयाःप्रकृत्यधिष्ठानलिङ्गायतनविकल्पविशेषाणामपरिसंख्येयत्वात्॥ १ ॥

રોગો ચાર પ્રકારના છે. વાતજ, પિતજ, કફજ, અને આગંતુજ, આ ચારે પ્રકારના રોગોમાં પીડાની સમતાથી રોગત્વ એક પ્રકારનો છે. આગંતુજ તથા નિજભેદથી રોગોની પ્રકૃતિ બે પ્રકારની છે. અને તેનાં સ્થાન પણ બે છે મન તથા શરીર. પરંતુ રોગોના સ્વભાવ, અધિષ્ટાન, લક્ષણ, નિદાન, વિકલ્પ એમાં અંશાદિ અસંખ્યતા હોવાથી રોગ પણ અસંખ્ય કહેવાય છે. ૧.

मुखानि खल्वागन्तोःनखदशनपतनाभिचाराभिशापाभिषङ्गव्यधबन्धपीडनरज्जुदहन[illegible]नभूतोपसर्गादीनि॥२॥ निजस्यतुमुखंवातपित्तश्लेष्मणांवैषम्यम्॥३॥

આગંતુજ રોગનાં કારણ આ છે. જેમકે નખ, દાંત વિગેરેનું વાગવું, પડવું, વિરૂદ્ધ આચાર (મારવું વિગેરે) વિરૂદ્ધ બોલવું (ગાળ ભાંડવી,) અભિષંગ, વેધન, બંધન, પીડા થવી દોરડું બાંધવાથી, બળવાથી, મંત્ર, વજ્રપાત, અને કોઇ જાનવર આદિના સંબંધથી આગંતુજ રોગ થાય છે. (૨) અને વાત પિત્ત કફની વિષમતાથી નિજ (શારીરિક) રોગ થાય છે. ૩.

द्वयोस्तुखल्वागन्तुनिजयोःप्रेरणसात्म्येन्द्रियार्थसंयोगःप्रज्ञापराधःपरिणामश्चेति । सर्वेपितुखल्वेतेऽभिप्रवृद्धाश्चत्वारोरोगापरस्परमनुबध्नन्तिनचान्योन्यसन्देहमापद्यन्ते ॥ ४ ॥

આગંતુજ અને નિજ એ બંને રોગોને ઉત્પન્ન થવાનું કારણ અસાત્મ પદાર્થોનો સંભોગ કરવો એજ છે. અને બુદ્ધિના અપરાધનું પરિણામ પણ કારણ છે. કેમકે સર્વ વસ્તુઓનો અયોગ, અતિયોગ, મિથ્યા યોગ થવાથીજ બંને પ્રકારના રોગની ઉત્પત્તિ થાય છે. આ વાતજ, પિત્તજ, કફજ, આગંતુજ, ચારે રોગ બહુજ વૃદ્ધિને પ્રાપ્ત થવાથી પરસ્પર-લક્ષણોને પ્રકાશિત કરે છે. પરંતુ તેના એકના લક્ષણોમાં બીજાનો સંદેહ હોતો નથી. ૪.

आगन्तुर्हिव्यथापूर्वसमुत्पन्नोजघन्यंवातपित्तश्लेष्मणांवैषम्यमापादयति । निजेतुवातपित्तश्लेष्माणःपूर्ववैषम्यमापद्यन्तेजघन्यंव्यथामभिनिर्वर्त्तयन्ति । तेषांत्रयाणामपिदोषाणांशरीरेस्थानविभागउपदेक्ष्यते ॥ ५ ॥

નિજ અને આગંતુજ રોગોમાં ભેદ માત્ર એટલોજ છે કે આગંતુજરોગ પ્રથમ પ્રકટ થઈ પછી વાત, પિત્ત તથા કફની વિષમતાને ધારણ કરે છે. અને નિજરોગોમાં પ્રથમ વાત, પિત્ત તથા કફની વિષમતા થઈને પછી રોગને ઉત્પન્ન કરે છે. હવે આ વાત,પિત્ત, કફને સ્થાન વિભાગ કહે છે. ૫

तद्यथावस्तिःपुरीषाधानंकटिःसक्थिनीपादावस्थीनिवातस्थानानि । तत्रापिपक्वाशयोविशेषेणवातस्थानम् ॥ ६ ॥ स्वेदोरसोलसीकारुधिरमामाशयश्चपित्तस्थानानितत्रापिआमाशयोविशेषेणपित्तस्थानम् ॥७॥ उरःशिरोग्रीवापर्वाण्यामाशयोमेदश्चश्लेष्मणः स्थानानि तत्रापिउरोविशेषेणश्लेष्मणःस्थानम् ॥ ८ ॥

બસ્તિ, મળસ્થાન, કમર, નિતંબ, બંને પગ, હાડકાં આ વાયુનાં સ્થાન છે. તેમાં પણ પકવાશય, વિશેષે કરીને વાતનું સ્થાન છે. (૬) સ્વેદ, રસ, લસીકા, લોહી અને આમાશય આ પિત્તનાં સ્થાન છે. તેમાં પણ આમાશય વિશેષે કરીને પિત્તનું સ્થાન છે. આ જગ્યાએ આમાશય શબ્દથી આમાશયાંશ ભૂત ગ્રહણી સમજવી. (૭) ઉરઃસ્થલ, માથું, ગરદન, પર્વ આમાશય અને ચરબી આ કફનાં સ્થાન છે. તેમાં પણ ઉરઃસ્થળ (છાતી) વિશેષે કરીને કફનું સ્થાન છે. (૮)

सर्वशरीरचारास्तुवातपित्तश्लेष्माणोहिसर्वस्मिंश्चछरीरेकुपिताकुपिताःशुभाशुभानिकुर्वन्ति । प्रकृतिभूताःशुभानि, उपचयबलवर्णप्रसादादीनि । अशुभानिपुनःविकृतिमापन्नानिविकारसंज्ञकानि । तत्रविकाराःसामान्यजानानात्मजाश्चतत्रसामा-

न्यथाः पूर्वमष्टोदरीयेऽव्याख्याताः । नानात्मजास्त्विहाध्यायेऽव्याख्यास्यामः ॥९॥

સંપૂર્ણ શરીરમાં વાત, પિત, કફ આ ત્રણુ વિચરે છે અને કોપિત યા અકુપિત થયેલા સર્વ શરીરમાં શુભ તથા અશુભને કરે છે. જો તે વાતાદિ પ્રકૃતિના હોય છે તો શરીરમાં પુષ્ટિ, બળ, વર્ણ, પ્રસન્નતા આદિ શુભ લક્ષણોને કરે છે. અને વિકૃત થવાથી અનેક પ્રકારના વિકારોને ઉત્પન્ન કરે છે. આ દોષોના વિકૃત થવાનેજ વિકાર કહેવામાં આવે છે. આ વિકાર સામાન્યજ અને નાનાત્મજ આ ભેદથી બે પ્રકારના છે. સામાન્યજ વિકાર

तद्यथा—अशीतिर्वातविकाराःचत्वारिंशत्पित्तविकाराःविंशतिःश्लेष्मविकाराः ॥१०॥

તે આ પ્રકારે છે. જેવાકે ૮૦ પ્રકારના વાત વિકાર છે. ૪૦ પ્રકારના પિત્ત વિકાર છે અને વીસ પ્રકારના કફના વિકાર હોય છે. ૧૦

तत्रादौवातविकाराननुव्याख्यास्यामः । तद्यथा—नखभेदश्च, विपादिकाच, पादशूलश्च, पादभ्रंशश्च, सुप्तपादताच, वातखुड्डताच, गुल्फग्रहश्च, पिण्डिकोद्वेष्टनश्च, गृध्रसीच, जानुभेदश्च, जानुविश्लेषश्च, ऊरुस्तम्भश्च, ऊरुसादश्च, पाङ्गुल्यश्च, गुदभ्रंशश्च, गुदार्त्तिश्च, वृषणोत्क्षेपश्च, शेफस्तम्भश्च, वङ्क्षणानाहश्च, श्रोणिभेदश्च, विड्भेदश्च, उदावर्त्तश्च, खञ्जत्वश्च, कुब्जत्वश्च, वामनत्वश्च, त्रिकग्रहश्च, पृष्ठग्रहश्च, पार्श्वावमर्दश्च, उदरवेष्टश्च, हृन्मोहश्च, हृद्द्रवश्च, वक्ष—उपरोधश्च, वक्षउद्धर्षश्च, बाहुशोषश्च, ग्रीवास्तम्भश्च, मन्यास्तम्भश्च, कण्ठोद्धंसश्च, हनुस्तम्भश्च, ओष्ठभेदश्च, दन्तभेदश्च, दन्तशैथिल्यश्च, मूकत्वश्च, वाक्सङ्गश्च, कषायास्यताच, मुखशोषश्च, अरसज्ञताच, घ्राणनाशश्च, कर्णशूलश्च, अशब्दश्रवणश्च, उच्चैःश्रुतिश्च, बाधिर्य्यश्च, वर्त्मस्तम्भश्च, वर्त्मसङ्कोचश्च, तिमिरश्च, अक्षिशूलश्च, अक्षिव्युदासश्च, भ्रूव्युदासश्च, शंखभेदश्च, ललाटभेदश्च, शिरोरुक्च, केशभूमिस्फुटनश्च, अर्दितश्च, एकाङ्गरोगश्च, सर्वाङ्गरोगश्च, पक्षवधश्च, आक्षेपकश्च, दण्डकश्च, श्रमश्च, भ्रमश्च, वेपथुश्च, जृम्भाच, विषादश्चाति मलापश्च, ग्लानिश्च, रौक्ष्यश्च, पारुष्यश्च, श्यावारुणावभासताच, अस्वप्नश्च, अनवस्थिततत्वश्चेत्यशीतिर्वातविकाराः ॥ ११ ॥

તેમાં પ્રધાન વાત વિકારોને કહીએ છીએ. નખભેદ, વિપાદિકા, પાદશૂળ, પાદભ્રંશ, પાદસુપ્તિ, વાતખુડુતા, ગુલ્ફગ્રહ, પિંડિકોદ્વેસ્ટન, ગૃધ્રસી, જાનુભેદ, વિશ્લેષ, ઉરૂસ્તંભ, ઉરસાદ, પાંગુલ્ય, ગુદભ્રંશ, ગુદાર્તિ, વૃષણોત્ક્ષેપ, શેફસ્તંભ, વંક્ષણાનાહ, શ્રોણીભેદ, વિડભેદ, ઉદાવર્ત, ખંજતા, કુબડાપન, વામનત્વ, ત્રિકશૂળ, પૃષ્ટશળ, પાર્શ્વશૂળ, ઉદરવેષ્ટ, હનમોહ, હદ્રવ, વક્ષોપરોધ, વક્ષોદ્ધર્ષ, બાહુશોષ. ગ્રીવાસ્તંભ, મન્યાસ્તમ્ભ, કંઠોદ્વંસ હનુસ્તંભ, ઓષ્ટભેદ, દંતભેદ, દંતશિથીલતા, મૂકતા, વાણ્યવરોધ, કષાયાષ્યતા, મુખશોષ, રસાજ્ઞાન, પ્રાણનાશ, કર્ણશૂલ, કર્ણનાદ, ઉચૈ શ્રવણ, બાધિર્ય, વર્ત્મસ્તંભ, વર્ત્મસંકોચ, તિમિર, આંખનું શૂળ, અશિવ્યુદાસ, ભ્રુવ્યુદાસ, શંખભેદ, લલાટભેદ, શિરશૂળ કેશભૂમિસ્ફુટન,

અર્દિત, એકાંગરોગ, સર્વાંગરોગ, પક્ષાઘાત, આક્ષેપક, દંડકાશ્રમબોધ, ભ્રમ, કંપ, જૃંભાવિ વિષાદ, અતિપ્રલાપ, ગ્લાનિ, રૂક્ષતા, પારૂષ્યા, શ્યામા અને અરૂણાવભાસ, અનિદ્રા, ચલચિત્તતા. આ ૮૦ રોગ વાતથી થાય છે. ૧૧

वातविकाराणामपरिसंख्येयानामाविष्कृततमाव्याख्याताःसर्वेष्व पिखल्वेतेषुवात विकारेषुअन्यषुचा-क्तेषुवायोरिदमात्मरूपमपरिणामिकर्मणश्च स्वलक्षणंयदुपलभ्यतदवयवंवाविमुक्तसन्देहावातविकारमेवाध्यवस्यन्तिकुशलाः ॥ १२ ॥

વાતરોગ અસંખ્ય થાય છે. પરંતુ અહી તે અસંખ્ય વિકારોમાં જે મુખ્ય એ છે તેનું કથન કર્યું. આ વાતવિકારોમાં તથા તેથી બીજા જે અહીં કહેવામાં આવ્યા નથી તેમાં પણ વાયુનાવિકૃત અને અવિકૃત અવસ્થાનાં કર્મ, લક્ષણ, તથા અંશાદિ વિચાર કરીને સંદેહરહિત કુશળ વૈદ્યે વાતવિકારોને જાણવા કેમકે વિકૃત વાયુ પોતાની અવસ્થા છોડી દેવાથી જે સ્થાનમાં પ્રવેશ કરે છે તે સ્થાનમાં અનેક વિકારોને ઉત્પન્ન કરી દે છે, જેથી વાતના સ્વભાવ, લક્ષણોને સમઝી લેવા એ બુદ્ધિમાન વૈદ્યનું કર્તવ્ય છે. ૧૨

तद्यथा.

रौक्ष्यंलाघवंवैषद्यं शैत्यंगतिरमूर्त्तत्वंश्चेतिवायोरात्मरूपाणि । एवंविधत्वाच्चकर्मणश्चस्वलक्षणमिदमस्यभवति तंतंशरीरावयवमाविशतःस्रंसभ्रंशव्यासाङ्गभेदसादहर्ष–तर्षावर्त्त–मर्दकम्पचालतोदव्यधवेष्टभङ्गास्तथाखरपरुषविषद सुषिरतारुणकषायविरसता–शोषशूलसुप्तिसंकुचनस्तम्भनानिवायोःकर्माणितैरन्वितंवातविकारमेवाध्यवस्येत् ॥ १३ ॥

હવે તે વાયુના ધર્મને કહું છું. જેમ કે રૂક્ષતા, લઘુતા, વિશદતા, શીતતા, ગમન, શીલતા, સૂક્ષ્મતા, આ વાયુનાં આત્મરૂપ છે. આ ધર્મવાળા વાયુનાં કર્મ અને લક્ષણ છે. જ્યારે આ શરીરસ્થ વિકૃત વાયુ શરીરના જે જે અંગમાં પ્રવેશ કરે તે તે અંગમાં વાયુનાં કાર્ય અથવા લક્ષણ જોવામાં આવે છે. જેમકે સંશ, સ્રંશ, પ્રસાર, અંગભેદ વિષાદ, હર્ષ, તર્ષ, આવર્તન, મર્દ, કંપ, ચાલન, તોદ, વ્યધવેષ, ભંગતા, કર્કશતા, પરૂષતા, વિશદતા, સુષિરતા, અરૂણવર્ણતા, કષાયતા, રસાજ્ઞાન, શોષ, શૂલ, સુપ્તિ, સંકોચન, સ્તંભન, આ વાયુનાં કર્મ છે. આ લક્ષણોવાળા વિકારોને વાતવિકાર જાણવા. ૧૩

तंमधुराम्ललवणस्निग्धोष्णैरुपक्रमैरुपक्रमेत। स्वेदस्नेहास्थापनानुवासननस्तःकर्मभोजनाभ्यङ्गोत्सादनपरिषेकादिभिर्वातहरैर्मात्रांकालञ्च प्रमाणीकृत्यास्थापनानुवासनन्तुसर्वथोपक्रमेभ्योवातेप्रधानतमंमन्यन्तेभिषजः ॥ १४ ॥

વૈદ્યને યોગ્ય છે કે મીઠા, ખાટા, ખારા, ચિકણા અને ગરમ પદાર્થો દ્વારા વાયુની ચિકિત્સા કરવી. વાતનાશક, સ્વેદન, સ્નેહન, આસ્થાપન, અનુવાસન, નસ્યકર્મ, ઉષ્ણ, સ્નિગ્ધ ભોજન, અભ્યંગ, ઉત્સાદન અને પરિષેક આદિથી માત્રા તથા કાળનો વિચાર કરીને વાયુને જીતવો. વાતનાશક સર્વ ક્રિયાઓમાં વૈદ્ય લોક આસ્થાપન અને અનુવાસન બસ્તિ કર્મનેજ મુખ્ય માને છે. ૧૪

त[illegible]श्यकेवलंवैकारीकंवातमूलंछिनत्ति । तत्रावजिते-वातेऽपिशरीरान्तर्गतावातविकाराःप्रशान्तिमापद्यन्ते । यथावनस्पतेर्मूलेछिन्ने-स्कन्ध[illegible]रोहकुसुमफलपलाशादीनांनियतोविनाशस्तद्वत् ॥ १५ ॥

આસ્થાપન અને અનુવાસન કર્મ પકવાશયમાં પ્રવેશ કરીને વિકાર કરનારા વાયુને મૂળમાંથીજ નષ્ટ કરી શકે છે. જ્યારે પકવાશયસ્થ વિકારવાળો વાયુ નષ્ટ થઈ જાય છે ફરી વાતજન્ય વિકાર પોતેજ શાંતિને પ્રાપ્ત થઈ જાય છે. જેમ વૃક્ષનું મૂળ કાપી નાખવાથી તેની શાખા, પાંદડાં, ફળ, ફુલ, વિગેરે સર્વનો પોતાની મેળેજ વિનાશ થાય છે તેવીજ રીતે પકવાશય વાયુનો નાશ કરવાથી સર્વ વાત વિકાર શાંત થઇ જાય છે. ૧૫

पित्तविकाराश्चत्वारिंशदतऊर्ध्वंव्याख्यास्यन्ते । तद्यथा—ओषश्च, प्लोषश्च, दाहश्च, दवथुश्च, धूमकश्च, अम्लकश्च, विदाहश्च, अन्तर्दाहश्च, अंसदाहश्च, ऊष्माधिक्यश्च, अतिस्वेदश्चाङ्गगन्धश्च, अङ्गावयवदरणश्च, शोणितक्लेदश्च, मांसक्लेदश्च, त्वग्दाहश्च, [illegible]श्च, त्वङ्मांसदरणश्च, चर्मदरणश्च, रक्तकोठाश्च, रक्तविस्फोटाश्च, रक्त-मण्डलानिच, हरितत्वश्च, हारिद्रत्वञ्च, गीलिकाच, कक्षाच, कामलाच, ति-क्तास्यताच, पूतिमुखताच, तृष्णायाआधिक्यञ्च, अतृप्तिश्च, आस्यपाकश्च, गल-पाकश्च, अक्षिपाकश्च, गुदपाकश्च, मेढ्रपाकश्च, जीवादानञ्च, तमःप्रवेशश्च, हरित-[illegible]त्रनेत्रवर्चस्त्वंश्चेतिचत्वारिंशत्पित्तविकाराःपित्तविकाराणामपरिसंख्येया-नामाविष्कृततमाव्याख्याताभवन्ति ॥ १६ ॥

હવે તે ઉપરાંત ચાલીશ પ્રકારના પિત્ત વિકારોનું કથન કરીએ છીએ. અગ્નિના તાપના જેવી ગરમી, બળવું, દાહ, હૃદયમાં આગની માફક ધકધક બળવું, ધુવાંસા નીકળવો ખાટા ઓડકારો, વિદાહ, અંતર્દાહ, અંશદાહ, ગરમીની અધિકતા, અતિસ્વેદ, શરીરમાં દુર્ગંધિ, શરીર અને અવયવોનું ફાટવું, શોણિત કલેદ, માંસ કલેદ, ચામડીનો દાહ, માંસદાહ, ત્વચા અને માંસનું ફાટવું, ચર્મદરણ, લોહીનાં ચકામાં પડવાં, લાલ રંગના ફોલ્લા, રક્ત પિત્ત, કમળો, મુખમાં કડવાપણુ, મુખદુર્ગંધી, તૃષ્ણાની અધિકતા, અતૃપ્ત, મુખપાક, ગલપાક, નેત્રપાક, ગુદપાક, શિશ્નપાક, જીવ સંજ્ઞકરકતનો ક્ષય, અંધકાર જણાવો. પીળા હરદરના રંગ જેવાં નેત્ર, મૂત્ર, પુરીષ, અને ત્વચાનો રંગ થવો આ ચાલીસ પિત્ત વિકાર છે. પિત્તના વિકાર અસંખ્ય છે, પરંતુ આ અસંખ્યોમાં જે મુખ્ય છે તે ૪૦ વિકારોનું કથન કરવામાં આવ્યું છે. ૧૬

सर्वेष्वपिखल्वेतेषुपित्तविकारेष्वन्येषुचानुक्तेषुपित्तस्येदमात्मरुपमपरिणामिकर्मण-श्चस्वलक्षणंयत्तदुपलभ्यतदवयवंवाविमुक्तसन्देहाःपित्तविकारमेवाध्यवस्यन्ति कु-शलाः ॥ १७ ॥

આ સાત પિત્ત વિકારોમાં તથા જે અહીં કહ્યાં પણ નથી તે પિત્ત વિકારોમાં પિત્તના આત્મક સ્વભાવ, અને પરિણામોનો તથા પિત્તનાં કર્મ અને લક્ષણો દ્વારા પિત્તના અંશ વિકારાદિ જોઇને ચતુરવૈદ્ય નિઃસંદેહ આ રોગોને પિત્ત જન્ય માને છે. ૧૭.

तद्यथा ।

औष्ण्यंतैक्ष्ण्यंलाघवमनतिस्नेहोवर्णश्च शुक्लारुणवर्ज्जोगन्धश्च विस्रोरसौ च कटुकाम्लौपित्तस्य लक्षणाणि । एवंविधत्वाच्चकर्मणःस्वलक्षणमिदमस्यभवति । तंतंशरीरावयवमाविशतोदाहौष्मपाकस्वेदक्लेदकोथस्रावरागाःयथास्वञ्चगन्धवर्ण रसादिभिर्निर्वर्त्तनं पित्तस्यकर्माणितैरन्वितं पित्तविकारमेवाध्यवस्येत् ॥ १८ ॥

હવે પિત્તનાં કર્મ તથા લક્ષણોને કહીએ છીએ જેમકે ઉષ્ણતા, તીક્ષ્ણતા, લઘુતા, કિંચિત્સ્નિગ્ધતા, ધોળા અને અરૂણ રંગથી જુદા રંગવાળા, દુર્ગંધવાળા, પૂતિ, કડવા, ખાટા આ સર્વ પિત્તના આત્મધર્મ છે. એવાજ પ્રકારનાં તેનાં કર્મ અને લક્ષણ છે. જ્યારે તે કોપિત થઇને જે જે અંગમાં જાય છે તે તે અંગમાં દાહ, ગરમી, પાક, સ્વેદ, ક્લેદ, કોથ, શ્રાવ, લાલી, આ લક્ષણ થાય છે. અને પિત્તના ધર્મવાળાના ગંધ, વર્ણ, મુખનો સ્વાદ, વિગેરે હોય છે. એવા એવા પિત્તાત્મક લક્ષણોના થવાથી પિત્ત વિકારનો નિશ્ચય કરવા ૧૮.

પિત્ત વિકારોનાં ચિકિત્સા ક્રમ.

तंमधुरतिक्तकषायशीतैरुपक्रमैरुपक्रमेतस्नेहविरेकप्रदेहपरिषेकाभ्यङ्गावगाहादिभिः पित्तहरैर्मात्रांकालञ्चप्रमाणीकृत्य । विरेचनन्तुसर्वोपक्रमेभ्यःपित्तेप्रधानतमंमन्यन्तेभिषजः ॥ १९ ॥

પિત્તની ચિકિત્સા મીઠી, કડવી, તુરી અને શીતલ દ્રવ્યો દ્વારા કરવી. તથા પિત્તને શાન્તિ કરનારા, સ્નેહન, વિરેચન, પ્રલેપ, પરિષેક, અભ્યંગ, અવગાહ, દ્વારા માત્રા તથા કાળનો વિચાર કરીને ચિકિત્સા કરવી. પિત્ત નાશક સંપૂર્ણ ચિકિત્સાઓમાં વિરેચન કરાવવાને વૈદ્યલોક સર્વથી ઉત્તમ ચિકિત્સા માને છે. ૧૯

तद्ध्यादितएवामाशयमनुप्रविश्यकेवलंवैकारिकंपित्तमूलञ्चापकर्षति तत्रावजितेपित्तेऽपिशरीरान्तर्गताःपित्तविकाराःप्रशान्तिमापद्यन्ते । यथाग्नौव्यपोढेकेवलमग्निगृहञ्चशीतंभवतितद्वत् ॥ २० ॥

કેમકે વિરેચન કરતા ઔષધી આમાશયમાં પ્રવેશ કરીને વિકારવાન પિત્તને મૂળથી ઉખાડીને વિરેચન દ્વારા કહાડી નાંખે છે. આમાશયમાં વધેલા પિત્તને જીતી લેવાથી શરીરાન્તર્ગત પિત્તવિકાર પોતાની મેળે શિતળ થઇ જાય છે. જેમકે અગ્નિના બળી ગયા પછી અગ્નિનું સ્થાન પણ પોતાની મેળે શીતળ થાય છે તેની માફક પિત્તવિકાર પોતાની મેળેજ શાંત થઇ જાય છે. ૨૦.

श्लेष्मविकाराश्चविंशतिरतऊर्द्धंव्याख्यास्यन्ते । तद्यथा—तृप्तिश्च, तन्द्राच, निद्राधिक्यञ्च, स्तैमित्यञ्च, गुरुगात्रताच, आलस्यञ्च, मुखमाधुर्य्यञ्च, मुखस्रावश्च, उद्गारश्च, श्लेष्मोद्गरणञ्च, मलस्याधिक्यञ्च, कण्ठोपलेपश्च, बलाशश्च, हृदयोपलेपश्च, धमनीप्रतिचयश्च, गलगण्डश्च, अतिस्थौल्यञ्च, शीताग्निताच, उदर्दश्च,

श्वेतावभासताच, श्वेतमूत्रनेत्रवर्चस्त्वञ्चेतिविंशतिःश्लेष्मविकाराः ॥ २१ ॥
श्लेष्मविकाराणामपरिसंख्येयानामाविष्कृततमाख्याताः । सर्वेष्वपितुखल्वेतेषु-
श्लेष्मविकारेष्वन्येषुचानुक्तेषुश्लेष्मणआत्मरूपमपरिणामिकर्मणश्चस्वलक्षणंयदु-
पलभ्यतेतदवयवंवाविमुक्तसन्देहाःश्लेष्मविकारमध्यवस्यन्तिकुशलाः ॥ २२ ॥

હવે ૨૦ પ્રકારના કફના વિકારોને કહું છું. તે આ પ્રકારના છે. તૃપ્તિ, (અરૂચિ) તંદ્રા, નિંદ્રાની અધિકતા, સ્તૈમિત્ય, અંગોનું ભારેપણું, આળસ, મુખમાં મીઠા પણું, લાર વહેવી, ઉદ્ગાર, વારંવાર કફનું થુંકવું, મળની વિશેષતા, કંઠમાં કફનું ચોટી રહેવું, વલાસ, હૃદયનું લીસા રહેવું, ધમનિયોમાં સ્થૂળતા, ગલગંડ, અતિ સ્થૂળતા, મંદાગ્નિ, ઉદર્દ, સફેદ રંગ થવો, મૂત્ર, નેત્ર અને પુરીષનું સફેદ થવું આ વીસ પ્રકારના કફનાવિકાર છે. ૨૧ જો કે કફના વિકાર અસંખ્ય થઇ શકે છે પરંતુ તેમાં મુખ્ય વીસ પ્રકાર છે કે જેનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. આ સર્વ વિકારોમાં જેનું અહીં વર્ણન કર્યું છે, અને જેનું કથન કર્યું નથી એ સર્વમાં કફના ધર્મ અને લક્ષણોનો અને કફની વિકૃતાવસ્થાના કર્મોનો વિચાર કરીને કુશળ વૈદ્ય કફના વિકારોનો નિશ્ચય કરે છે. ૨૨.

तद्यथा—श्वैत्यशैत्यगौरवमाधुर्य्यमात्सर्य्याणिश्लेष्मणआत्मरूपाण्येवंविधत्वाच्चक-
र्मणःस्वलक्षणमिदमस्यभवति । तंतंशरीरावयवमाविशतः श्वैत्यशैत्यकंडूस्थैर्य्यगौ-
रवस्नेहस्तम्भसुप्तिक्लेदोपदेहबन्धमाधुर्य्यचिरकारित्वानिश्लेष्मणःकर्माणितैरन्वितं-
श्लेष्मविकारमेवाध्यवस्येत् ॥ २३ ॥

તે કફાત્મક ધર્મ આ પ્રકારે છે. જેવાકે, શૈત્ય, ગૌરવ, માધુર્ય, માત્સર્ય્ય, આ કફના આત્મરૂપ છે. અને આ પ્રકારનાં તેનાં કર્મ અને લક્ષણ થાય છે. તે જ્યારે જ્યારે શરીરના અવયવોમાં પ્રવેશ કરે છે ત્યારે તેમાં ધોળાપણુ, શીતતા, ખાસ, સ્થિરતા, ભારેપણુ, સ્નિગ્ધતા, સ્તંભ, સુપ્તિ, કલમાકલેદ, ઉપલેપ, બંધ, માધુર્ય અને ચિરકારી પણુ એ એમનો કર્મ તથા લક્ષણોને બતાવે છે. આ લક્ષણોવાળા વિકારોને કફના વિકાર જાણવા.૨૩

तंकटुकतिक्तकषायतीक्ष्णोष्णरूक्षैरुपक्रमैरुपक्रमेतत्स्वेदनवमनशिरोविरेचनव्याया-
मादिभिःश्लेष्महरैर्मात्रांकालञ्चप्रमाणीकृत्य । वमनन्तुसर्वोपक्रमेभ्यःश्लेष्मणिप्रधान-
तमंमन्यन्तेभिषजः ॥ २४ ॥ तद्ध्यादितएवामाशयमनुप्रविश्यकेवलंवैकारिकंश्ले-
ष्ममूलमपकर्षति । तत्रावजितेश्लेष्मण्यपिशरीरान्तर्गताः श्लेष्मविकाराःप्रशान्ति-
मापद्यन्ते । यथाभिन्नेकेदारसेतौशालियवषाष्टिकादीन्यभिष्यन्द्यमानानि, अम्भ-
सामशोषमापद्यन्तेतद्वदिति ॥ २५ ॥

આ કફને કડવા, તીખા, કષાય, તીક્ષ્ણ, અને ઉષ્ણ તથા રૂક્ષ ઉપાયોદ્વારા જીતી તેની સ્વેદન, વમન, શિરોવિરેચન, વ્યાયામ, આદિ કફનાશક ઉપાયોદ્વારા માત્રા અને કાળનો વિચાર કરી ચિકિત્સાને કરવી. કફનાશક સર્વ ઉપાયોમાં વૈદ્ય વમન (ઉલટી) કરાવવું એ સર્વથી ઉત્તમ માને છે. કેમકે વામક (ઉલટી કરાવનાર) ઔષધિ પ્રથમજ આમાશયમાં પ્રવેશ કરીને વિકારવાળા કફને મૂળમાંથી ખેંચીને બહાર કહાડી નાંખે છે. ફરી આ વિકારિક કફને જીતતાં જાણવાથી શરીરાન્તર્ગત સર્વ કફના વિકાર પોતાની

મેળેજ શાંત થઈ જાય છે. જેમ પાણીમાં ભરેલા ખેતરની પાળ તોડવાથી ખેતરમાંનું સર્વ પાણી બહાર નીકળી જાય છે, અને તે ખેતરનું અંદરનું સર્વ ધાન્ય સુકાઈ જાય છે. એવી રીતે કફવિકાર પણ સર્વ શાંત થઈ જાય છે. ૨૪–૨૫.

भवन्तिचात्र.

અધ્યાયનો ઉપસંહાર.

रोगमादौपरीक्षेततततोऽनन्तरमौषधम् ।
ततःकर्मभिषक्पश्चाज्ज्ञानपूर्वंसमाचरेत् ॥ २६ ॥

અહીં કહેવામાં આવ્યું છે કે પ્રથમ રોગની પરીક્ષા કરવી, ફરી ઔષધીની પરીક્ષા કરવી. એ બંનેનો યોગ્ય રીતે નિશ્ચય કરીને ફરી જ્ઞાનપૂર્વક ચિકિત્સા કર્મનો આરંભ કરવો. ૨૬.

यस्तुरोगमविज्ञायकर्माण्यारभतेभिषक् ।
अप्यौषधविधानज्ञस्तस्यसिद्धिर्यदृच्छया ॥ २७ ॥

જે વૈદ રોગને યોગ્ય રીતે સમજ્યા વિનાજ ચિકિત્સાનો આરંભ કરી દે છે, તે ભલે ઔષધિજ્ઞાનમાં કુશળ હોય તોપણ તેની સિદ્ધિ દૈવાધિન છે. અર્થાત્ ફાયદો થયો તો થયો, નહી તો નુકશાન પણ થઈ જાય છે. ૨૭.

यस्तुरोगविशेषज्ञःसर्वभैषज्यकोविदः ।
देशकालप्रमाणज्ञस्तस्यसिद्धिरसंशयम् ॥ २८ ॥

જે વૈદ્ય રોગને સારી રીતે સમજી લે છે તથા સર્વ પ્રકારની ઔષધક્રિયામાં પણ કુશળ હોય છે અને દેશકાળનો વિચાર કરીને ચિકિત્સા કરે છે, તેની સિદ્ધિ અવશ્ય થાય છે. ૨૮.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्रश्लोकाः । संग्रहःप्रकृतिर्देशोविकारमुखमीरणम् । असन्देहोऽनुबन्धश्चरोगाणां-सम्प्रकाशितः ॥२९॥ दोषस्थानानिरोगाणांगणानानात्मजाश्चये । रूपंपृथक्त्वा-द्दोषाणांकर्मचापरिणामि[illegible]त् ॥ ३० ॥ पृथक्त्वेनचदोषाणांनिर्दिष्टाःसमुपक्रमाः । सम्यङ्महतिरोगाणामध्यायेतत्त्वदर्शिना ॥ ३१ ॥

અહીં અધ્યાયના ઉપસંહારમાં શ્લોક છે કે આ મહા રોગાધ્યાયમાં રોગોનો સંગ્રહ, પ્રકૃતિ, દેશ, કાળ, વિકાર, કારણ, વાતાદિ ભેદથી જુદાં જુદાં કારણ, સ્વભાવ રોગોનો નિશ્ચય, રોગોનો અનુબંધ, દોષોનું સ્થાન, રોગોના ગણ, વિકારોની અનેકતા, દોષોના જુદા જુદા ધર્મ, અને તેનાં પરિણામી કર્મ તથા વાતાદિ દોષોની જુદી જુદી ચિકિત્સા આ સર્વનું તત્વેત્તા મહાત્મા પુનર્વસુજીએ કથન કર્યું છે. ૨૯–૩૦–૩૧.

इति अग्निवेश कृते तन्त्रे चरकप्रति संस्कृते ।
रोगचतुष्के महारोगाध्यायो नाम विंशोऽध्याय समाप्तः ॥ २० ॥

ઇતિ અગ્નિવેશે બનાવેલો અને શ્રી ચરકે સુધારેલો રોગ ચતુષ્કે મહારોગાધ્યાયો નામનો વીસમો અધ્યાય સમાપ્ત થયો. ૨૦

एकविंशोऽध्यायः ।

अथातोऽष्टौनिन्दितीयमध्यायं व्याख्या स्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે અષ્ટાનિંદિતિય નામના અધ્યાયની વ્યાખ્યા કરીયે છીએ. એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

આઠ પ્રકારના નિંદવા યોગ્ય પુરૂષ.

इहखलुशरीरमधिकृत्याष्टौपुरुषानिन्दिताभवन्ति तद्यथा—अतिदीर्घश्चातिह्रस्वश्चातिलोमाचालोमाचातिकृष्णश्चातिगौरश्चातिस्थूलश्चातिकृशश्चेति ॥ १ ॥

આ શાસ્ત્રમાં આઠ પ્રકારના શરીરવાળા પુરૂષોને નિંદવા લાયક કહ્યા છે. તે આઠ આ પ્રકારના છે. બહુજ લાંબા, બહુજ ન્હાના, બહુજ વાળવાળા જેના શરીરપર વાળ બિલકુલ ન હોય, અત્યંત કાળા, બહુજ ગોરા અને અતિ સ્થૂળ તેમજ અતિ કૃશ, આ આઠ પ્રકારનાં શરીર નિંદવા યોગ્ય છે. ૧

અતિસ્થુળ (જાડા)માં આઠ અવગુણ.

तत्रातिस्थूलकृशयोर्भूयएवापरेनिन्दितविशेषाभवन्ति । अतिस्थूलस्यतावदायुषोह्रासःजरोपरोधःकृच्छ्रव्यवायतादौर्बल्यंदौर्गन्ध्यंस्वेदाबाधःक्षुदतिमात्रंपिपासातियोगश्चेतिभवन्त्यष्टौदोषाः ॥ २ ॥

આ આઠમાં અધિક મોટા અને અધિક કૃષ વિશેષ નિંદવા યોગ્ય છે. કેમકે અધિક મોટા હોવાથી આયુષ્યની ક્ષીણુતા અને વૃદ્ધાવસ્થા વહેલી આવે છે અને શરીરનાં સૂક્ષ્મ છિદ્ર પુરાઇ જાય છે. અને તેથી સ્ત્રી સંગમાં દુઃખ, દુર્બળતા, શરીરમાં દુર્ગન્ધિ, પરસેવો, અધિક ભૂખ, અધિક તરસ આ આઠ દોષ થાય છે. જેથી બહુજ મોટું શરીર નિંદનીય ગણાય છે (૨)

અતિ સ્થુળતાનું કારણ.

तदतिस्थौल्यमतिसंपूरणाद्गुरुमधुरशीतस्निग्धोपयोगादव्यायामादव्यवायाद्दिवास्वप्नाद्धर्षनित्यत्वादचिन्तनाद्बीजस्वभावाच्चोपजायते ॥ ३ ॥

અતિસ્થૂળપણું, અધિક તૃપ્તિકારક, ભારે, મીઠા, ઠંડા અને ચિકણા પદાર્થો ખાવાથી, કસરત ન કરવાથી, સ્ત્રી સંગ ન કરવાથી, દિવસે સુવાથી, સદા પ્રસન્ન રહેવાથી, ચિન્તા ન કરવાથી અને માતા પિતાની મોટાઇના કારણથી થાય છે. ૩

तस्यातिमात्रंमेदस्विनोमेदएवोपचीयतेनेतरेधातवस्तस्मादस्यायुषोह्रासः, शैथिल्यात्सौकुमार्याद्गुरुत्वाच्चमेदसोजरोपरोधः, शुक्राबहुत्वान्मेदसावृतमार्गत्वात्कृच्छ्रव्यवायता दौर्बल्यमसमत्वाद्धातूनां, दौर्गन्ध्यंमेदोदोषान्मेदसःस्वभावत्वात्स्वेदलत्वाच्चमेदसः, श्लेष्मसंसर्गाद्विष्यन्दित्वाच्चबहुत्वाद्व्यायामासहत्वात्स्वेदाबाधः, तीक्ष्णाग्नित्वात्प्रभूतकोष्ठवायुत्वाच्चक्षुदतिमात्रं पिपासातियोगश्चेति ॥४॥

તે અતિ સ્થુળ પુરૂષના શરીરમાં કેવળ ચરબીજ વધ્યાં જાય છે અને બીજી સર્વ ધાતુ વધવાની બંધ થઈ જાય છે, અને ક્ષીણ થવા લાગે છે. જેથી મેદવાળા પુરૂષની આયુષ્યની ક્ષીણતા થવાનો આરંભ થાય છે. તથા શરીરમાં શિથિલતા, સુકુમારતા, અને ભારેપણાથી વૃદ્ધાવસ્થા અને છિદ્રોનું રોકાઈ જવું, વીર્યની અલ્પતા, અને મેદથી શરીરના ભાગોનુ રોકાઇ જવું, સ્ત્રી સંગમાં અધિક કષ્ટ થવું, ધાતુઓની સામાન્યાવસ્થા ન રહેવાથી દુર્બળતા આવવી, ચરબીના વધવાથી ચરબીના દોષથી અને ચરબીના સ્વભાવથી તેમજ પરસેવો આવવાથી શરીરમાં દુર્બળતા વધી જાય છે તથા કફનો સંસર્ગ સ્થૂળતા, વ્યાયામની અસહ્યતાના કારણથી પરસેવો અધિક થવા લાગે છે, અને અગ્નિની ક્ષીણતા અને કોષ્ટવાયુની અધિકતાના કારણથી ક્ષુધા અને તરસ બહુજ વધી જાય છે. ૪

भवन्तिचात्र.

मेदसाऽऽवृतमार्गत्वाद्वायुः कोष्ठेविशेषतः । चरन्सन्धुक्षयत्यग्निमाहारंशोषयत्यपि ॥ ५ ॥ तस्मात्सशीघ्रंजनयत्याहारश्चावकांक्षति । विकारांश्चाश्नुतेघोरान्किंश्चित्कालव्यतिक्रमात् ॥ ६ ॥ एतावुपद्रवकरौविशेषादग्निमारुतौ । एतौहिदहतःस्थूलंवनदावोवनंयथा ॥ ७ ॥

અહીં કહે છે કે મેદદ્વારા સૂક્ષ્મ માર્ગોના બંધ થઈ જવાથી વાયુ કોઠામાં વિશેષ કરીને ફરે છે તથા જઠરાગ્નિને પ્રજવલિત કરીને આહારને સુકાવી દે છે, અને એજ કારણથી મેદવાળા પુરૂષનો અહાર જલ્દી પચી જાય છે અને ભોજન કરવાની વારંવાર ઇચ્છા થવા લાગે છે. જો મેદવાળા મનુષ્યને ભોજન મળવામાં જરા વાર થાય છે તો તે ઘણા દુઃખોને પ્રાપ્ત થાય છે. મેદવાળા પુરૂષના શરીરમાં અગ્નિ અને વાયુ એવી રીતે વિશેષ ઉપદ્રવ કરે છે. જેમ દાવાનળ અગ્નિ વનને ભષ્મ કરી નાંખે છે, તેમ મેદ સિવાય અન્ય ધાતુઓનો પણ તે નાશ કરી નાંખે છે. ૫–૬–૭

મેદ બહુ વધી જવાના દોષ.

मेदस्यतीवसंवृद्धेसहसैवानिलादयः । विकारान्दारुणान्कृत्वा नाशयन्त्याशुजीवितम् ॥ ८ ॥ मेदोमांसातिवृद्धत्वाच्चलस्फिगुदरस्तनः । अयथोपचयोत्साहोनरोऽतिस्थूलउच्यते ॥ ९ ॥ इतिमेदस्विनोदोषाहेतवोरूपमेवच । निर्दिष्टंवक्ष्यतेवाच्यमतिकार्श्येऽप्यतःपरम् ॥ १० ॥

શરીરમાં મેદ વૃદ્ધિને પામીને વાત, પિત્ત, અને કફના અનેક પ્રકારના રોગોને પ્રકટ કરીને જીવનને નષ્ટ કરી દે છે. ૮. મેદ (ચરબી) અને માંસના અત્યત વધવાથી નિતંબ ઉદર અને સ્તન લથડી જાય છે (થરથર થાય છે). આ પ્રકારે વૃથા જાડાપણું આવે તે મનુષ્યને અતિ સ્થુળ કહે છે. ૯. આ પ્રકારે મેદવાળા મનુષ્યના દોષ અને હેતુ તથા રૂપનું કથન કર્યું છે. હવે અત્યંત કૃશ શરીરવાળાઓના હેતુ અને લક્ષણો કહીએ છીએ. ૧૦

કૃશ થવાનું કારણ.

सेवारूक्षान्नपानानांलंघनंप्रमिताशनम् । क्रियातियोगःशोकश्चवेगनिद्राविनिग्रहः ॥ ११ ॥ रूक्षस्योद्वर्त्तनंस्नानस्याभ्यासःप्रकृतिर्जरा । विकारानुशयःक्रोधःकुर्वन्त्यतिकृशंनरम् ॥ १२ ॥

રૂક્ષ અન્ન પાનનું અધિક સેવન કરવાથી, લંઘન કરવાથી, અલ્પ ભોજન કરવાથી અતિશોધન અથવા પરિશ્રમ કરવાથી, શોકથી, મલ મૂત્રાદિના વેગોને રોકવાથી, રાત્રિમાં જાગવાથી, સુકા દ્રવ્યોને ઉદ્વર્તન કરવાથી, સ્નાન કરવાથી, કૃશતા કરનાર આહાર વિહારનું સેવન કરવાથી અને બુઢાપણાથી તથા સદૈવ રોગી અને ક્રોધી રહેવાથી મનુષ્ય દુર્બળ અર્થાત કૃશ થાય છે. ૧૧–૧૨

કૃશના અસહ્ય કર્મ અને રોગ.

व्यायाममतिसौहित्यंक्षुत्पिपासामथौषधम् । कृशोनसहतेतद्वदतिशीतोष्णमैथुनम् ॥ १३ ॥ प्लीहाकासःक्षयःश्वासोगुल्मार्शांस्युदराणिच । कृशंप्रायोऽभिधावन्तिरोगाश्चग्रहणीगताः ॥ १४ ॥

કૃશ શરીરવાળો મનુષ્ય મ્હેનત કરી શકતો નથી તેમજ તે અધિક ભોજન, ભૂખ, તરસ, અધિક દવાનું સેવન, બહુજ શરદી, બહુજ ગરમી, અને અધિક મૈથુનને સહન કરી શકતો નથી. અને તેથી તે દુર્બળ શરીરવાળા મનુષ્યને બરોળ, ખાંસી, ક્ષય, શ્વાસ ગોળો, હરસ, ઉદર રોગ અને સંગ્રહણીના રોગો થાય છે. ૧૩–૧૪.

કૃશતાનાં લક્ષણ.

शुष्कस्फिगुदरग्रीवोधमनीजालसन्ततः । त्वगस्थिशेषोऽतिकृशःस्थूलपर्वानरोमतः ॥ १५ ॥ सततव्याधितावेतावतिस्थूलकृशौनरौ । सततंचोपचर्य्यौहिकर्षणैर्बृंहणैरपि ॥ १६ ॥

કૃશ મનુષ્યના નિતંબ (ગુદાનો ભાગ) ઉદર, ગ્રીવા, ત્વચા અને હાડકાં સુકાઇ જાય છે, શરીર નસોની જાળથી વ્યાપ્ત થયેલું જણાય છે, અને ઘુંટણોની સ્થૂળતા જણાય છે. આ અત્યંત કૃશ મનુષ્યનાં લક્ષણ છે. (૧૫) અતિ સ્થૂળ તથા અતિ કૃશ આ બંને હંમેશાં રોગી રહે છે. જેથી યોગ્ય ક્રમથી ઉપવાસ તથા બૃંહણથી તેમની હંમેશાં ચિકિત્સા કરવી જોઇએ. (૧૬).

કૃશના ઉત્કૃષ્ટત્વ.

स्थौल्यकार्श्येवरंकार्श्यंसमोपकरणौहितौ ।
यद्युभौव्याधिरागच्छेत्स्थूलमेवातिपीडयेत् ॥ १७ ॥

અત્યંત જાડા અને અત્યંત પાતળા આ બંનેમાં જાડા કરતાં પાતળો માણસ સારો મનાય છે કેમકે બંનેના ઉપકરણ સરખાં હોવા છતાં પણ સ્થૂળ મનુષ્ય રોગગ્રસ્ત થાય છે, ત્યારે અધિક કષ્ટ સહન કરવું પડે છે. ૧૭.

સમનાં લક્ષણ.

सममांसप्रमाणस्तुसमसंहननोनरः । दृढेन्द्रियत्वाद्व्याधीनांनबलेनाभिभूयते १८ क्षुत्पिपासातपसहःशीतव्यायामसंसहः । समपक्तासमजरःसममांसचयोमतः १९

જે મનુષ્યના શરીરમાં માંસ વધુ તેમજ થોડું ન હોય અને જે સ્થાનમાં જેવા માસાદિકની જરૂર હોય તેવાજ હોય તે પુરૂષની ઇન્દ્રિયોની દૃઢતાના કારણથી રોગ બહુજ પીડા આપતો નથી. ૧૮. ભૂખ, તરસ, ગરમી, ઠંડી, તથા કસરતને સહન કરનારા

અગ્નિના અનુસાર અન્નને પચાવનારા અને વખત આવેજ વૃદ્ધ થનારા પુરૂષો અધિક જાડા તેમજ અધિક પાતળા હોતા નથી. ૧૯.

गुरुचातर्पणंचेष्टंस्थूलानांकर्षणंप्रति ।
कृशानांबृंहणार्थंचलघुसन्तर्पणंचयत् ॥ २० ॥

જાડા મનુષ્યોને પાતળા કરવા માટે કઠોર અને લંઘન દ્રવ્યનું સેવન કરાવવું જોઇએ. અને પાતળા મનુષ્યને પુષ્ટ કરવાને માટે હલકા લઘુ સંતર્પણ દ્રવ્યનું સેવન કરાવવું જોઇએ. ૨૦.

સ્થૂળ વ્યક્તિની ચિકિત્સા.

वातघ्नान्यन्नपानानिश्लेष्ममेदोहराणिच । रूक्षोष्णावस्तयस्तीक्ष्णारुक्षाण्युद्वर्त्तनानिच ॥ २१ ॥ गुडूचीभद्रमुस्तानांप्रयोगस्त्रैफलस्तथा । तक्रारिष्टप्रयोगस्तुप्रयोगोमाक्षिकस्यच ॥ २२ ॥ विडङ्गनागरंक्षारःकाललोहरजोमधु । यवामलकचूर्णंश्चप्रयोगःश्रेष्ठउच्यते ॥ २३ ॥

હવે સ્થૂળ મનુષ્યની ચિકિત્સાનું વર્ણન કરીએ છીએ. વાત અને કફ નાશક મેદનો નાશ કરનાર અન્ન પાનનું સેવન કરાવવું અને રૂક્ષ, ગરમ, તીક્ષ્ણ, બસ્તિ, રૂક્ષ ઉદ્વર્તનોનો પ્રયોગ કરાવવો. ૨૧. તથા ગળો, કદમ્બ તથા નાગરમોથનો પ્રયોગ, ત્રિફળાનો કવાથ, છાસના અરિષ્ટનો પ્રયોગ, મદ, વાવડીંગ સુંઠ, જવખાર, મદની સાથે લોહભષ્મ, જવ, આમળાંનું ચૂર્ણ, આ સર્વનો પ્રયોગ કરવો એ મેદ રોગને નષ્ટ કરવાને માટે ઉત્તમ છે. ૨૨–૨૩.

बिल्वादिपञ्चमूलस्यप्रयोगः क्षौद्रसंयुतः । शिलाजतुप्रयोगस्तुसाग्निमन्थरसाशिला ॥ २४ ॥ प्रसातिकाप्रियंगुश्चश्यामाकायवकायवाः । जूर्णाह्वाःकोद्रवामुद्राकुलत्थाश्चक्रमर्दकाः ॥ २५ ॥ आढकीनाञ्चबीजानिपटोलामलकैःसह । भोजनार्थंप्रयोज्यानिपानञ्चानुमधूदकम् ॥ २६ ॥ अरिष्टांश्चानुपानार्थेमेदोमांसकफापहान् । अतिस्थौल्यविनाशायसंविभज्यप्रयोजयेत् ॥ २७ ॥

તેમજ મદની સાથે બિલ્વાદિ (બીલાં વિગેરે) પંચમૂળનો કવાથ પાવો અથવા અરણીના રસ સાથે શીલાજીતનો પ્રયોગ કરવો ઉત્તમ છે. ૨૪.

પ્રસાતિકા (નીવાર) નામનું ધાન્ય, પ્રિયંગુ (કાંગનું ધાન્ય) સામાનું અનાજ (સામો) જવ, જુવાર, કોદરા, મગ, કળથી, ચક્રમર્દ (જંગલી મગ) અરહર, પરવળ તથા આમળાંનો યુષ આ સર્વ ખાવાને માટે આપવાં અને ભોજન કર્યા પછી મદની સાથે પાણી મેળવીને પીવું જોઇએ. ૨૫–૨૬. અતિ સ્થૂળતાનો નાશ કરવાને માટે જુદા જુદા માંસ તથા કફનાશક અરિષ્ટ પીવા જોઇએ. ૨૭.

प्रजागरंव्यवायञ्चव्यायामंचिन्तनानिच । स्थौल्यमिच्छन्परित्यक्तुंक्रमेणाभिप्रवर्द्धयेत् ॥ २८ ॥

જે મનુષ્યને પોતાના શરીરની સ્થૂળતા દુર કરવાની ઇચ્છા હોય તેણે રાત્રિએ જાગરણ, સ્ત્રી સેવન, કસરત, અને ચિંતાનું સેવન કરવું અને તેના સેવનને ધીરે ધીરે વધારતા જવું. ૨૮.

કૃશતાનાશક પ્રયોગ.

स्वप्नोहर्षःसुखाशय्यामनसोनिर्वृतिःशमः । चिन्ताव्यवायव्यायामविरामःप्रियदर्शनम् ॥ २९ ॥ नवान्नानिनवंमद्यंग्राम्यानूपौदकारसाः । संस्कृतानिचमांसानिदधिसर्पिःपयांसिच ॥ ३० ॥ इक्षवःशालयोमांसागोधूमागुडवैकृतम् । वस्तयःस्निग्धमधुरास्तैलाभ्यङ्गश्चसर्वदा ॥ ३१ ॥ स्निग्धमुद्वर्तनंस्नानंगन्धमाल्यनिषेवणम् । शुक्लोवासोयथाकालंदोषाणामवसेचनम् ॥ ३२ ॥ रसायनानांवृष्याणांयोगानामुपसेवनम् । हत्वातिकार्श्यमादत्तेनृणामुपचयंपरम् ॥ ३३ ॥

હવે કૃશતાને નાશ કરનાર ઔષધોને કહીએ છીએ. જેમકે ઇચ્છા પૂર્વક સુવું, પ્રસન્નતા, સુંદર નરમ શય્યા, સંતોષ, શાંતિ, ચિન્તા ન કરવી, સ્ત્રીસંગ ન કરવો, કસરત ન કરવી, ઇષ્ટ વસ્તુની પ્રાપ્તી કરવી, નવું અન્ન, નવું મદ્ય, ગ્રામ સંચારી જીવ, અનુપ સંચારી જીવ, જળચર પ્રાણી, એઓનો માંસરસ, ઉત્તમ બનાવેલ માંસ, દુધ, ઘી, દહીં ઇખ, શાળના ચોખા, અડદ, ઘઉં, મિઠાઈ, ચિકણાં અને મીઠાં પદાર્થોની બસ્તિ, નિત્ય તેલ ચોળવું, ચિકણા ઉદ્વર્તન, સ્નાન, ચંદનનો લેપ. સુગંધિત પુલોની માળા, સ્વચ્છ વસ્ત્ર પહેરવાં, વખતો વખત શરીરનું શોધન કરવું, રસાયન તથા દૃસ્ય યોગોનું સેવન કરવું, આ સર્વ દ્રવ્યોનો ઉપયોગ મનુષ્યની કૃશતા (દુબળાપણું) ને દુર કરીને પરમપુષ્ટિને આપેછે. ૨૯—૩૩.

अचिन्तनाच्चकार्य्याणांध्रुवंसन्तर्पणेनच । स्वप्नप्रसङ्गाच्चनरो वराहइवपुष्यति ।३४।

તેમજ કોઇ પણ કાર્યની ચિંતા ન કરવાથી તથા હંમેશાં સંતર્પણ દ્રવ્યોનું સેવન કરવાથી અને મસ્ત પડયા રહેવાથી મનુષ્યનું શરીર ભુંડની માફક પુષ્ટ થઈ જાય છે. ૩૪.

નિંદ્રાનું કારણ અને તેનો યોગ્યાયોગ્ય પ્રકાર.

यदातुमनसिक्लान्तेकर्मात्मानःक्लमान्विताः । विषयेभ्योनिवर्त्तन्तेतदास्वपितिमानवः ॥ ३५ ॥ निद्रायत्तंसुखंदुःखंपुष्टिःकार्श्यंबलाबलम् । वृषताक्लीबताज्ञानमज्ञानंजीवितंनच ॥ ३६ ॥ अकालेऽतिप्रसङ्गाच्चनचनिद्रानिषेविता । सुखायुषीपराकुर्य्यात्कालरात्रिरिवापरा ॥ ३७ ॥ सैवयुक्तापुनर्युङ्क्तेनिद्रादेहंसुखायुषा । पुरुषंयोगिनंसिद्ध्यासत्याबुद्धिरिवागता ॥ ३८ ॥

જ્યારે મનુષ્યના મનમાં વિકળતા થાય છે અને કર્મેંદ્રિયો થાકીને પોતાના વિષયોથી નિવૃત થઇ જાય છે ત્યારે મનુષ્યોને નિંદ્રા આવી જાય છે. અર્થાત સુઈ જાય છે. ૩૫. સુખ અને દુઃખ, પુષ્ટતા અને કૃશતા, બલ તથા નિર્બળતા, વૃષ્યતા તથા નપુસકતા જ્ઞાન અને અજ્ઞાન, જીવન અને મૃત્યુ, આ સર્વ નિંદ્રાને આધિન છે. ૩૬. કવખતે સુવાથી, અને નહિ સુવાથી, નિંદ્રા બીજી કાલ રાત્રિની માફક મનુષ્યના સુખ તથા આયુષ્યનો નાશ

करी दे छे. ३७. अने युक्ति पूर्वक सेवन करेली निंद्रा, योगी पुरुषने सिद्धिथी प्राप्त थयेली यथार्थ बुद्धिनी माफक सुख तथा आयुष्यने पूर्ण करी दे छे. ३८.

गीताध्ययनमद्यस्त्रीकर्मभाराध्वकर्षिताः । अजीर्णिनःक्षताःक्षीणावृद्धाबालास्तथाबलाः ॥ ३९ ॥ तृष्णा[illegible]शूलार्ताःश्वासिनःशूलिनःकृशाः । पतिताभिहतोन्मत्ताःक[illegible]गरैः ॥ ४० ॥ क्रोधशोकभयक्लान्तादिवास्वप्नोचिताश्चये । सर्वएतेदिवास्वप्नंसेवेरन्सार्वकालिकम् ॥ ४१ ॥

जे मनुष्य गायन, अध्ययन, मद्यपान, स्त्री संग, कर्म, भार अने चालवाथी थाकी गयो होय तेमज अजीर्ण रोगवाळा, उरःक्षतवाळा, क्षीण, वृद्ध, बाळक, दुर्बळ, तथा तरस, अतिसार, शूळथी पीडित, श्वासरोगवाळा, हिचकीवाळा, अने कृश तथा पडी गयेला, वाग्युं होय तेवा, बावरा स्वारीथी थाकेला, उजागरावाळा, क्रोधी, शोकाकुल, भयातुर, दिवसे सुवाना अभ्यासवाळा आ सर्व मनुष्योए सर्व ऋतुओमां दिवसे पण सुवुं ए अनुचित नथी (ते सिवायना मनुष्योए दिवसे सुवुं नहि.) ३९–४०–४१.

धातुसाम्यात्तथाह्येषांबलञ्चाप्युपजायते । श्लेष्मापुष्यतिचाङ्गानिस्थैर्यंभवतिचायुषः ॥ ४२ ॥ श्लेष्माचादानरुक्षाणांवर्द्धमानेचमारुते । रात्रीणांचातिसंक्षेपादिवास्वप्नःप्रशस्यते ॥ ४३ ॥

उपर कहेला मनुष्योए दिवसे सुवाथी सर्व धातुओ साम्यावस्थामां आवीने बळनी वृद्धिने प्राप्त थाय छे. अने श्लेष्मादि तेमना अंगोने पुष्ट करे छे जेथी तेमना आयुष्यमां स्थिरता प्राप्त थाय छे. ४२. ग्रीष्म ऋतुमां मनुष्योना शरीर आदानकाळना आकर्षणथी रुक्ष थाय छे अने वायुनो संचय थाय छे. तथा रात्री बहुज न्हानी थाय छे जेथी गरमीमां दिवसे सुवुं पण उत्तम कहेवामां आव्युं छे. ४३.

दिवसे निंद्रानो निषेध.

ग्रीष्मवर्ज्येषुकालेषुदिवास्वप्नात्प्रकुप्यतः । श्लेष्मपित्तौद[illegible]तस्मात्तेपुनःशस्यते ॥ ४४ ॥ मेदस्विनःस्नेहनित्याःश्लेष्मलाःश्लेष्मरोगिणः । दूषीविषार्त्ताश्चदिवानशयीरन्कदाचन ॥ ४५ ॥

गरमी सिवाय अन्य ऋतुओमां दिवसे सुवाथी कफ अने पित्त कुपित थाय छे जेथी अन्य ऋतुओमां दिवसे सुवुं ए अयोग्य छे. ४४. जे मनुष्य अधिक मेदवाळा होय अथवा स्नेहनुं सेवन करनारा तेमज कफ प्रधान अने कफना रोगवाळा तथा दुषित विषथी पीडित होय ते मनुष्योए कोइपण वखते दिवसे सुवुं नहीं जोइए. ४५.

दिवसनी निंद्रामां उपद्रव.

हलीमकःशिरःशूलंस्तैमित्यंगुरुगात्रता । अङ्गमर्दोऽग्निनाशश्च प्रलेपोहृदयस्यच ॥ ४६ ॥ शोथारोचकहृल्लासपीनसार्द्धावभेदकाः । कोठाश्चपिडकाःकंडूस्तन्द्राकासोगलामयाः ॥ ४७ ॥ स्मृतिबुद्धिप्रमोहाश्चसंरोधःस्रोतसांज्वरः। इन्द्रियाणा-

[illegible]र्शनम् ॥ ४८ ॥ भवेन्नृणांदिवास्वप्नस्याहितस्य निषेवणा-त् । तस्माद्धिताहितंस्वप्नंबुद्धास्वप्यात्सुखं [illegible] धः ॥ ४९ ॥

બે વખત અથવા બહુજ સુવાથી મનુષ્યોના શરીરમાં હલીમક, મસ્તક પીડા, શરીરનું ગીલાં કપડાંથી ઢંકાયા જેવું જણાવું ભારેપણુ, અંગમર્દ, મંદાગ્નિ, હૃદયનું કફથી લેપાયા જેવું માલમ પડવું, શોથ, અરૂચિ, હૃલ્લાસ, સળેખમ, આદાશીશી, કોઢરોગ, પિડિકા, ખુજલી, તંદ્રા, ખાંસી, ગળાના રોગ સ્મૃતિ અને બુદ્ધિનો નાશ, સ્રોતોનું રોકાવું, તાવ, ઈંદ્રિયોનું અસમર્થ થવું, અને કુપિત વિષ હોય તો તેના વેગનું વધવું આ સંપૂર્ણ રોગ દિવસે અનુચિત શયન કરવાથી થાય છે, જેથી બુદ્ધિમાન પુરૂષે હિત તથા અહિતનો વિ-ચાર કરીને શયન કરવું. ૪૬–૪૯

रात्रौजागरणंरूक्षंस्निग्धमस्वपनंदिवा । अरूक्षमनभिष्यन्दि[illegible]प्रचलायितम् ॥ ५० ॥ देहवृत्तौयथाहारःतथास्वप्नः सुखोमतः । स्वाप्नाहारसमुत्थेचस्थौल्य-कार्श्येविशेषतः ॥ ५१ ॥ अभ्यङ्गोत्सादनंस्नानंग्राम्यानूपौदकारसा । शाल्यन्नंस-दधिक्षीरंस्नेहोमद्यंमनःसुखम् ॥ ५२ ॥ मनसोऽनुगुणागन्धाः शब्दाःसंवाहना-निच । चक्षुषस्तर्पणंलेपःशिरसोवदनस्यच ॥ ५३ ॥ स्वास्तीर्णशयनंवेश्म[illegible]खं-कालस्तथोचितः । आनयन्त्यचिरान्निद्रांप्रनष्टायानिमित्ततः ॥ ५४ ॥

રાત્રીએ જાગવાથી રૂક્ષતા ઉત્પન્ન થાય છે, દિવસે સુવાથી સ્નિગ્ધતા ઉત્પન્ન થાય છે. પરંતુ આસનપર બેઠે બેઠે ઉંઘવાથી રૂક્ષતા તેમજ સ્નિગ્ધતા પ્રકટ થતી નથી. ૫૦ શરીર-વૃત્તિના નિર્વાહને માટે જેમ આહાર ઉપયોગી છે તેવીજ રીતે નિંદ્રા પણ પરમ ઉપયોગી છે. જેથી સ્થૂળતા અને કૃશતા આ બંને નિંદ્રા અને આહારને આધિનજ છે. ૫૧ જો કોઈપણ કારણથી મનુષ્યની નિંદ્રાનો નાશ થઇ ગયો હોય તો અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન અને ગ્રામ્ય તથા જલચારી જીવોના માંસનો રસ, શાલના ચોખા, દહીં, દુધ, સ્નેહ, મદ્ય, અને મનને સુખ આપનાર કર્મ અને મનનું હરણ કરનાર સુગંધિ તથા પ્રીતિ ઉત્પન્ન કરનાર શબ્દ અને શરીરનું મસળવું તથા દબાવવું (શરીર ચંપાવવું–ગદડાવવું) નેત્રોનું સંતર્પણ, અને માથાપર સુગંધિત લેપ તથા માથા ઉપર પાણીની ધારા દેવી, સુખકારક શય્યા, સમય પ્રમાણે ઘરનું સુખ આ સર્વ જલદી નિંદ્રા લાવનારાં છે. ૫૨–૫૩–૫૪.

નિદ્રા ન આવવાનું કારણ.

कायस्यशिरसश्चैवविरेकश्छर्दनंभयम् । चिन्ताक्रोधस्तथाधूमोव्यायामो रक्तमोक्ष-णम् ॥ ५५ ॥ उपवासःसुखाशय्यासत्त्वौदार्यंतमोजयः । निद्राप्रसङ्गमहितंवार-यन्तिसमुत्थितम् ॥ ५६ ॥ एतएवचविज्ञेयानिद्रानाशस्यहेतवः । कार्यंकालो-विकारश्चप्रकृतिर्वायुरेवच ॥ ५७ ॥

માથું તથા શરીરનું વિરેચન, શરદી, ભય, ચિંતા, ક્રોધ, ગરમી, પરિશ્રમ, લોહી કઢાવવું, ઉપવાસ, ખરાબ શય્યા, સત્વગુણની અધિકતા, તમોગુણની ક્ષીણતા, તે સર્વથી પ્રાપ્ત થએલ નિદ્રા પણ જતી રહે છે. ૫૫–૫૬. કાર્ય, કાળ, રોગ, સ્વભાવ અને વાયુ આ પાંચ સૂક્ષ્મરૂપથી તથા સ્થુળ રૂપથી પણ નિદ્રા નહિ આવવાનાં કારણ કહેવાયછે. ૫૭

અધ્યાયનો ઉપસંહાર.

तमोभवाश्लेष्मस मुद्भवाचमनःशरीरश्रमसम्भवाच । आगन्तुकीव्याध्य नुवर्तिनीच रात्रिस्वभावप्रभवाचानिद्रा ॥५८॥ रात्रिस्वभावप्रभवामतायातांभूतधात्रींप्रवदन्ति निद्राम् । तमोभवामाहुरघस्यमूलंशेषं नव्याधि निर्दिशन्ति ॥ ५९ ॥

નિદ્રા તમોગુણથી ઉત્પન્ન થાય છે તથા કફથી ઉત્પન્ન થાય છે. તેમજ મન અને શરીરના પરિશ્રમથી નિદ્રા આવે છે. તથા વિષ આદિના સેવનથી અથવા ભૂતાદિના આવેશથી આગંતુક નિદ્રા ઉત્પન્ન થાય છે. અને કોઇ કોઇ રોગમાં પણ નિદ્રા ઉત્પન્ન થાય છે. તથા રાત્રિમાં સ્વાભાવિક નિદ્રા ઉત્પન્ન થાય છે. તે સર્વ નિંદ્રાઓમાં રાત્રીના સ્વભાવથી આવેલી નિદ્રાને ભૂતધાત્રી કહેવામાં આવે છે, તમોગુણથી આવેલી નિદ્રાને પાપનું મૂળ કહે છે, અને બાકીની નિદ્રાઓની વ્યાધિમાં ગણના કરવામાં આવેછે.૫૮–૫૯

तत्रश्लोकाः

निन्दिताःपुरुषास्तेषांयौविशेषेणनिन्दितौ । वक्ष्यामिकारणंदोषास्तयोर्निन्दितभेषजम् ॥ ६० ॥ येभ्योयदाहितानिद्रायेभ्यश्चाप्यहितायदा । अतिनिद्रानिद्रयोश्चभेषजंयद्भवाचसा ॥ ६१ ॥ यायायथाप्रभावाचनिद्रातत्सर्वमत्रिजः । अष्टानिन्दितसंख्यातेव्याजहारपुनर्वसुः ॥ ६२ ॥

આ અધ્યાયમાં આ શ્લોક છે. નિંદિત પુરૂષ, તેમાંથી વિશેષે કરીને જે બે વધુ નિંદિત છે તે બંનેના નિંદિત હોવાનું કારણ, દોષ તથા ઔષધ કોને કઇ નિદ્રા લાભકારક છે, કોને કઇ નિદ્રા નુકશાનકારક છે. અતિ નિદ્રા તથા નિદ્રા નાશની ચિકિત્સા અને નિદ્રાનું કારણ જે જે સ્વભાવની છે તે સંપૂર્ણ વિષય આ અષ્ટૌનિન્દિતીય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યો છે. ૬૦–૬૧–૬૨.

इति योजना चतुष्केऽष्टौनिन्दितीयो नामै एकविंशोऽध्यायः ॥ २२ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલો અષ્ટૌનિન્દિતીયો નામનો એકવિશમો અધ્યાય સંપૂર્ણ થયો.

द्वाविंशोऽध्यायः ।

अथातो लंघन बृंहणीयमध्यायं व्याख्यास्याम ।

इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે લંઘન બૃંહણીય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેયજી ભગવાન કહેવા લાગ્યા.

तपःस्वाध्यायनिरतानात्रेयःशिष्यसत्तमान् । षडग्निवेशप्रमुखानुक्तवान्परिचोदयन् ॥ १ ॥ लंघनंबृंहणंकालेरूक्षणंस्नेहनंतथा । स्वेदनंस्तम्भनञ्चैवजानीतेयःसवैभिषक् ॥ २ ॥

તપ તથા સ્વાધ્યાય પરાયણ અગ્નિવેશ આદિ પોતાના ૬ શિષ્યોને સંબોધીને મહાત્મા આત્રેયજી કહેવા લાગ્યા કે જે વૈદ સમયાનુસાર લંઘન, બૃંહણ, રૂક્ષણ, સ્નેહન, સ્વેદન અને સ્તંભન આ છનો પ્રયોગ કરવો જાણે છે તેનેજ યથાર્થ વૈદ કહેવાય છે. બીજો વૈદ કહેવાતો નથી. ૧-૨.

અગ્નિવેશનો પ્રશ્ન.

इतितमव(ुक्त)वन्तंभगवन्तमात्रेयमग्निवेशउवाच । भगवँल्लंघनंकिंस्विल्लंघनीयाश्च-कीदृशाः । बृंहणं बृंहणीयाश्चरूक्षणीयाश्चरूक्षणम् ॥ ३ ॥ स्नेहनंस्नेहनीयाश्चस्वेदाः स्वेद्याश्चकेमताः। स्तम्भनंस्तम्भनीयाश्चवक्तुमर्हसितद्गुरो ॥४॥ लंघनप्रभृतीनाञ्च-षण्णामेषांसमासतः । कृताकृतातिवृत्तानांलक्षणंवक्तुमर्हसि ॥ ५ ॥

આ પ્રમાણે કહેતાં ભગવાન્ આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે હે ભગવન્, લંઘન કોને કહે છે અને લંઘનને યોગ્ય કોણ છે. બૃંહણ તથા બૃંહણને યોગ્ય મનુષ્ય, રૂક્ષણ તથા રૂક્ષણને યોગ્ય મનુષ્ય, સ્નેહન તથા સ્નેહનને યોગ્ય મનુષ્ય, સ્વેદન તથા સ્વેદનને યોગ્ય મનુષ્ય, સ્તંભન તથા સ્તંભનને યોગ્ય મનુષ્ય કોણ છે ? હે ગુરો ! તેનું કૃપા કરીને વર્ણન કરો, અને લંઘનાદિ છ, એના યોગ, અયોગ તથા અતિયોગનાં લક્ષણનું સંક્ષેપમાં વર્ણન કરો. ૩-૪-૫.

गुरुरुवाच.

यत्किञ्चिल्लाघवकरंदेहेतल्लङ्घनंस्मृतम् । बृंहत्त्वंयच्छरीरस्यजनयेत्तच्चबृंहणम् ॥६॥ रौक्ष्यंखरत्ववैषद्यंयत्कुर्यात्तद्धिरूक्षणम् । स्नेहनंस्नेहनिःष्यन्दम(ृदुक्लेद)कारकम् ॥ ७ ॥ स्तम्भगौरवशीतघ्नंस्वेदनंस्वेदकारकम् । स्तम्भनंस्तम्भयतियद्गतिमन्तं-चलंध्रुवम् ॥ ८ ॥

આત્રેયજીએ કહ્યું કે જેના દ્વારા શરીરમાં લઘુતા આવે, તેનું નામ લંઘન છે. જેના દ્વારા શરીરમાં પુષ્ટતા આવે તેનુ નામ બૃંહણ છે. ૬ જેના દ્વારા શરીરમાં રૂક્ષતા, કર્કશત્તા તથા વિષદતા આવે તેને રૂક્ષણ કહે છે, જેના દ્વારા શરીરમાં સ્નિગ્ધતા, કોમળતા તથા કલેદ હોય તેને સ્નેહન કહે છે. જેના દ્વારા સ્તંભ ગૌરવ તથા શીતનો નાશ થાય અને સ્વેદ (પરસેવો) નીકળે તેને સ્વેદન કહે છે અને જેના દ્વારા ચંચળ તથા દ્રવ વસ્તુની ગતિ રોકાઈ જાય તેને સ્તંભન કહે છે. ૬-૭-૮.

લંઘન દ્રવ્ય.

लघूष्णतीक्ष्णविषदंरुक्षंसूक्ष्मंखरंसरम् ।
कठिनञ्चैवयद्द्रव्यंप्रायस्तल्लङ्घनंस्मृतम् ॥ ९ ॥

લઘુ, ગરમ, તીક્ષ્ણ, વિષદ, રૂક્ષ, સૂક્ષ્મ, ખરસટ તથા કઠિન વસ્તુઓને લંઘન કહે છે કેમકે આ વસ્તુ ઘણું કરીને શરીરને હલકી કરે છે. ૯.

બૃંહણ દ્રવ્ય.

गुरुशीतमृदुस्निग्धंबहुलंस्थूलमपिच्छिलम् ।
प्रायोमन्दंस्थिरंश्लक्ष्णंद्रव्यंबृंहणमुच्यते ॥ १० ॥

ભારે, ઠંડી, નરમ, સ્નિગ્ધ, ઘન, અપિચ્છિલ, તથા કઠિન વસ્તુઓને બૃંહણ કહે છે કેમકે તેવી વસ્તુઓથી શરીર ઘણું કરીને પુષ્ટ થાય છે. ૧૦.

રૂક્ષણ દ્રવ્ય.

रुक्षंलघुखरंतीक्ष्णमुष्णंस्थिरमपिच्छिलम् ।
प्रायशःकठिनश्चैवयद्द्रव्यंतद्धिरुक्षणम् ॥ ११ ॥

રૂક્ષ, લઘુ, તીક્ષ્ણ, ગરમ, સ્થિર, પિચ્છલતા રહિત, તથા કઠીણ વસ્તુઓને રૂક્ષણ કહે છે કેમકે એવી વસ્તુઓથી ઘણું કરીને રૂક્ષતા આવે છે. ૧૧.

સ્નેહન દ્રવ્યના ગુણ.

द्रवंसूक्ष्मंसरंस्निग्धंपिच्छिलंगुरुशीतलम् ।
प्रायोमन्दंमृदुचयद्द्रव्यंतत्स्नेहनंमतम् ॥ १२ ॥

દ્રવ, સૂક્ષ્મ, સર, સ્નિગ્ધ, પિચ્છિલ, ગુરૂ, ઠંડી, મંદ તથા મૃદુ વસ્તુઓને સ્નેહન કહે છે કેમકે એવી વસ્તુઓથી ઘણું કરીને શરીર ચિકણું થાય છે. ૧૨

સ્વેદન દ્રવ્ય.

उष्णंतीक्ष्णंसरंस्निग्धंरुक्षंसूक्ष्मंद्रवंस्थिरम् ।
द्रव्यंगुरुचयत्प्रायःतद्धिस्वेदनमुच्यते ॥ १३ ॥

જે દ્રવ્ય ઉષ્ણ, તીક્ષ્ણ, સર, સ્નિગ્ધ રૂક્ષ, સૂક્ષ્મ, દ્રવ, સ્થિર, તથા ગુરૂ હોય છે તે વસ્તુને સ્વેદન કહે છે કેમકે એવી વસ્તુઓથી ઘણું કરીને શરીરમાંથી પરસેવો નીકળે છે. ૧૩.

સ્તંભન દ્રવ્યના ગુણ.

शीतंमन्दंमृदुश्लक्ष्णंरुक्षंसूक्ष्मंद्रवंसरम् ।
यद्द्रव्यंलघुचोद्दिष्टंप्रायस्तत्स्तम्भनंस्मृतम् ॥ १४ ॥

શીતળ, મંદ, મૃદુ, સ્લીક્ષ્ણ, રૂક્ષ, સૂક્ષ્મ, દ્રવ, સર, તથા લઘુ વસ્તુને સ્તંભન કહે છે કેમકે એવી વસ્તુઓથી ઘણું કરીને શરીરમાં દ્રવ, તથા ચંચળ વસ્તુઓની ગતિ રોકાઈ જાય છે. ૧૪.

લંઘન.

चतुष्प्रकारासंशुद्धिःपिपासामारुतातपौ ।
पाचनान्युपवासश्चव्यायामश्चेतिलंघनम् ॥ १५ ॥

ચાર પ્રકારની સંશુદ્ધિ થાય છે અને તરસ, પવનનું સેવન, ગરમી, પાચન, ઉપવાસ અને પરિશ્રમ આને લંઘન કહેવાય છે. ૧૫

प्रभूतश्लेष्मपित्तास्रमलाःसं ष्टमारुताः ।
हच्छरीराबलिनोलङ्घनीयाविशुद्धिभिः ॥ १६ ॥

જેના શરીરમાં શ્લેષ્મ, પિત્ત, રૂધિર અને મળ વધેલા હોય તથા પવન દૂષિત થઇ ગયો હોય, તેમજ સ્થુળ અને બળવાન થવાથી સંશોધનને યોગ્ય હોય તે મનુષ્ય લંઘનીય છે. ૧૬

येषांमध्यबलारोगाःकफपित्तसमुत्थिताः । वम्यतीसारहृद्रोगविसूच्यलसकज्वराः ॥ १७ ॥ विबन्धगौरवोद्गारहृल्लासारोचकादयः । पाचनैस्तान्भिषक्प्राज्ञःप्रायेणादावुपाचरेत् ॥ १८ ॥

જેના શરીરમાં કફ પિત્તથી ઉત્પન્ન થએલ રોગ મન્દ બળવાળા છે તેને તથા જેને ઉલટી, અતિસાર, હૃદયરોગ, વિષુચિકા, અલસક, તાવ, વિબંધ, ભારેપણું, ઉદ્ગાર, અરોચક આદિ રોગ હોય તે પાચન યોગ્ય મનુષ્યોને લંઘન કરાવવા જોઇએ. ૧૭–૧૮.

अतएवयथोद्दिष्टायेषामल्पबलागदाः । पिपासानिग्रहैस्तेषामुपवासैश्चताञ्जयेत् ॥ १९ ॥ रोगाञ्जयेन्मध्यबलान्व्यायामातपमारुतैः । बलिनांकिं नयेषांरोगाणामवरंबलम् ॥ २० ॥

ઉપરના રોગ તથા અન્ય પણ થોડા બળવાળા જે રોગ છે તે સર્વ તરસને રોકવાથી, સંયમથી, અને ઉપવાસથી જીતવા યોગ્ય છે. ૧૯. મધ્યમ બળવાળા રોગ કસરત, ગરમી અને વાયુથી લંઘન કરવા યોગ્ય છે. લંઘન (ઉપવાસ) દ્વારા મ્હોટા મ્હોટા બળવાન રોગ પણ જીતી શકાય છે, તો અલ્પ બળવાળા રોગોનું તો કહેવુંજ શું ? ૨૦

શિશિર ૠતુમાં લંઘનીય રોગી.

त्वग्दोषिणांप्रमीढानांस्निग्धाभिष्यन्दिबृंहिणाम् ।
शिशिरेलङ्घनं शस्तमपिवातविकारिणाम् ॥ २१ ॥

ચામડીના રોગવાળા, પ્રમેહવાળા. સ્નિગ્ધ, અભિષ્યંદયુક્ત, સ્થુળ અને વાતરોગીને પણ શિશિર ૠતુમાં લંઘનપથ્ય છે. ૨૧.

બૃંહણ માંસનું વર્ણન.

अदिग्धविद्धमक्लिष्टंवमःस्थंसात्म्यचारिणाम् ।
मृगमत्स्यविहङ्गानांमांसंबृंहणमुच्यते ॥ २२ ॥

જે દુર્બળ, કોઇએ માર મારેલો હોય અને કઠોર તથા જીર્ણ ન હોય પણ સ્વસ્થ હોય એવા સર્વ પ્રકારના મૃગોનું માંસ અને માછલીયો તથા પક્ષીઓનું માંસ બૃંહણ કહેવાય છે. ૨૨.

क्षीणाःक्षताःकृशावृद्धादुर्बलानित्यमध्वगाः ।
स्त्रीमद्यनित्याग्रीष्मेच बृंहणीयानराःस्मृताः ॥ २३ ॥

જે મનુષ્ય ક્ષીણ, ક્ષત, કૃશ, વૃદ્ધ, દુર્બળ તથા રસ્તે ચાલવાથી થાકેલો હોય તથા સ્ત્રીસંગ અને મદ્યનું સેવન કરવાવાળા હોય તે ગ્રીષ્મ ૠતુમાં બૃંહણ કરવાને યોગ્ય છે. ૨૩.

માંસદ્વારા બૃહણીય રોગી.

शोषार्शोग्रहणीदोषैर्व्याधिभिःकर्शिताश्चये ।
तेषांक्रव्यादमांसानांबृंहणालघवोरसाः ॥ २४ ॥

જે મનુષ્ય શોષ, હરસ, સંગ્રહણી આદિ રોગોથી ક્ષીણુ થઈ જાય છે તેને માંસ ભક્ષણુ કરનારા જીવોને માંસરસ, બૃંહણુકર્તા તથા લઘુ કહેલા છે. ૨૪.

સર્વોપયોગી બૃંહણુ કર્મ.

स्नानमुत्सादनंस्वप्नोमधुराःस्नेहवस्तयः ।
शर्कराक्षीरसर्पींषिसर्वेषांविद्धिबृंहणम् ॥ २५ ॥

સ્નાન, ઉત્સાદન, નિદ્રા, મધુર પદાર્થ, સ્નેહબસ્તી, શર્કરા, દૂધ અને ઘી એ સર્વ મનુષ્યોને માટે બૃંહણુ (પુષ્ટ) કરનાર છે. ૨૫.

રૂક્ષણુ.

कटुतिक्तकषायाणांसेवनंस्त्रीष्वसंयमः ।
खलीपिण्याकतक्राणांमध्वादीनांचरुक्षणम् ॥ २६ ॥

કડવા, કષૈલા, ચરપરા રસોનું સેવન, સ્રીયોનું અત્યંત સેવન, ખલ્લ, તિલકલ્ક, છાસ અને મદ આદિ રૂક્ષ પદાર્થો સર્વ મનુષ્યોનું રક્ષણકર્તા કહેલા છે. ૨૬.

अभिष्यन्[illegible]मर्मस्थान्याधयश्चये ।
ऊरुस्तम्भप्रभृतयोरुक्षणीयानिदर्शिताः ॥ २७ ॥

અભિષ્યન્દ દોષોની અધિકતા, મર્મસ્થાનમાં થએલા રોગ, તથા સ્તંભાદિરોગ એ સર્વમાં રૂક્ષણુ હિતકારી છે. ૨૭.

स्नेहाःस्नेहयितव्याश्चस्वेदाःस्वेद्याश्चयेनराः ।
स्नेहा[illegible]स्वेदाख्येचसविस्तराः ॥ २८ ॥

સ્નેહન તથા સ્નેહનને યોગ્ય પુરૂષ અને સ્વેદન તથા સ્વેદનને યોગ્ય પુરૂષ એનું વર્ણન મેં સ્નેહાધ્યાય તથા સ્વેદાધ્યાયમાં વિસ્તારપૂર્વક કરેલું છે. ૨૮.

द्रवंतनुसरंयावच्छीतीकरणमौषधम् ।
स्वादुतिक्तंकषायश्चस्तम्भनंसर्वमेवतत् ॥ २९ ॥

દ્રવ, તનુ, સર, શીતલ, સ્વાદુ, તિક્ત, અને કષાય દ્રવ્ય સ્તમ્ભન કહેવાય છે. ૨૯.

पित्तक्षाराग्निदग्धाय[illegible]सारपीडिताः ।
विषस्वेदातियोग[illegible]म्भनीयास्तथापराः ॥ ३० ॥

જે મનુષ્ય પિત્ત, ક્ષાર તથા અગ્નિથી દગ્ધ થયેલો હોય અને ઉલટી તથા ઝાડાથી પીડિત હોય અથવા વિષ અને સ્વેદના અતિ યોગથી કલેશિત હોય તે સર્વ સ્તમ્ભન કરવા યોગ્ય છે. ૩૦.

સમ્યક લંઘનનાં લક્ષણ.

वातमूत्रपुरीषाणांविसर्गेगात्रलाघवे । हृदयोद्गारकण्ठास्यशुद्धौतन्द्राक्लमेगते ॥ ३१ ॥ स्वेदेजातेरुचौचैव क्षुत्पिपासासहोदये । कृतंलंघनमादेश्यं निर्व्यथेचान्तरात्मनि ॥ ३२ ॥

જ્યારે રોગીને વાત, મૂત્ર અને મલનો ત્યાગ થવા માંડે, શરીર હલકું પડી જાય, હૃદય શુદ્ધ થાય, ઓડકાર શુદ્ધ આવવા લાગે, કંઠ અને મુખ સ્વચ્છ જણાય, તંદ્રા અને ગ્લાનિનો નાશ થાય, શુદ્ધ પરસેવો આવે, રૂચિ પ્રકટ થાય, ભૂખ અને તરસ લાગે, અને શરીર શુદ્ધ, હલકુ અને વ્યથા વિનાનું જણાય તો સમઝવું કે યોગ્ય લંઘન કરવામાં આવ્યું છે. ૩૧–૩૨.

पर्वभेदोऽङ्गमर्दश्चकासःशोषोमुखस्यच । क्षुत्प्रणाशोऽरुचिस्तृष्णादौर्बल्यंश्रोत्रनेत्रयोः ॥ ३३ ॥ मनसःसम्भ्रमोऽभीक्ष्णमूर्द्ध्वं वायुस्तमोहृदि । देहाग्निबलनाशश्चलंघनेऽतिकृतेभवेत् ॥ ३४ ॥

પર્વભેદ, અંગમર્દ, ખાંસી, મુખ સુકાવું, ભૂખ ન લાગવી, અરૂચિ, તરસ, કાન અને નેત્રોમાં દુર્બળતા, મનમાં વ્યાકુળતા, વારંવાર હિચકી આદિ આવવું, હૃદયમાં અંધકાર જેવું જણાવું, મંદાગ્નિ એ સર્વ લક્ષણ અતિ લંઘનનાં થાય છે. ૩૩–૩૪.

સમ્યક બૃંહણનાં લક્ષણ.

बलंपुष्ट्युपलम्भश्चकार्श्यदोषविवर्जितम् । लक्षणंबृंहितेस्थौल्यमतिचात्यर्थबृंहिते ॥ ३६ ॥ कृताकृतस्यचिह्नंयल्लंघितेतद्धिरूक्षिते । स्तम्भितःस्याद्बलेलब्धेयथोक्तैश्चामयैर्जितैः ॥ ३६ ॥ श्यावतास्तब्धगात्रत्वमुद्वेगोहनुसंग्रहः । हृद्वर्चोनिग्रहश्चस्यादतिस्तम्भितलक्षणम् ॥ ३७ ॥

બળ, પુષ્ટિ, દ્રઢતા, અકૃશતા. એ સર્વ લક્ષણ બૃંહણનાં થાય છે. અત્યંત બૃંહણ થવાથી શરીરમાં સ્થુળતા વધી જાય છે. ૩૫. જેવાં લંઘનના યોગ, અને અયોગથી લક્ષણ થાય છે તેવાંજ રૂક્ષણના યોગ અને મિથ્યા યોગથી પણ જાણવાં. યોગ્ય રોગોના ઉપદ્રવોને સ્તંભનદ્વારા જીતીને શરીરમાં બળ પ્રાપ્ત થાય તો એ ઉત્તમ સ્તંભનનાં લક્ષણ છે. ૩૬ અતિ સ્તંભન થવાથી શરીરનો રંગ કાળો પડે છે અને ગાત્ર સ્તંભ, ઉદ્વેગ, હનુસ્તંભ, હૃદયનો ઉપરોધ અને મલ બદ્ધતા ઉત્પન્ન થાય છે. ૩૭.

लक्षणंचकृतानांस्यात्षण्णामेषांसमासतः । तदौषधीनांव्याधीनामशमोवृद्धिरेववा ॥ ३८ ॥ इतिषट्सर्वरोगाणांप्रोक्ताः सम्यगुपक्रमाः । साध्यानांसाधनेसिद्धामात्राकालानुरोधिनइति ॥ ३९ ॥

આ પ્રકારે લંઘનાદિ ૬ પ્રકારના ઉપયોગ થવાથી જે લક્ષણ થાય છે તેને, ઔષધિ અને ધાતુઓની અશાન્તિ અને વૃદ્ધિ આ સર્વ કહી ચૂક્યા છીએ. આ ૭ પ્રકારની ચિકિત્સાદ્વારા મનુષ્ય સર્વ રોગોને જીતી શકે છે. પરંતુ આ સર્વ માત્રા, કાળ આદિનો વિચાર કરીને પ્રયોગ કરવાથી સર્વ સાધ્ય રોગોને નષ્ટ કરી દે છે. ૩૮–૩૯.

ભવ ત્યાગ.

दोषाणांच संसर्गात्सङ्कीर्य्यन्तेह्युपक्रमाः ॥ षट्‌त्वंतु नातिवर्त्तन्तेत्रित्वंवातादयोयथा ॥ ४० ॥ इत्यस्मिँल्लंघनाध्यायेव्याख्याताःषडुपक्रमाः । यथाप्रश्नंभगवता चिकित्सार्थैःप्रवर्त्तिता ॥ ४१ ॥

આમાં આ શ્લોક છે. દોષોના બહુ સંસર્ગથી ચિકિત્સા પણ મળી હોય જણાય છે. પરંતુ જેવા વાતાદિ દોષોના ત્રિત્વ (ત્રણ હોવું) દુર થઈ શકતા નથી એજ રીતે લંઘનાદિકોના ષટ્‌ત્વ દુર થઇ શકતા નથી. ૪૦. આ લંઘન બૃંહણીય, નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ અગ્નિવેશના પ્રશ્નના અનુસાર ચિકિત્સાનાં પ્રવર્તક લંઘનાદિ ૭ કાર્યો કહ્યાં છે. ૪૦–૪૧.

इति योजना चतुष्के लंघन बृंहणीयोनाम द्वाविंशोऽध्यायः समाप्तः ॥ २२ ॥

ઇતિ યોજના ચતુષ્કે લંઘન બૃંહણીયોનામનો બાવીસમો અધ્યાય સમાપ્ત થાયે. ૨૨.

त्रयोविंशोऽध्यायः ।

अथातः सन्तर्पणीयमध्यायं व्याख्या स्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે સંતર્પણીય નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીએ છીએ. એવું ભગવાન આત્રેય કહેવા લાગ્યા.

સંતર્પણથી થનારા રોગોનાં સકારણ નામ.

सन्तर्पयतियःस्निग्धैर्मधुरैर्गुरुपिच्छिलैः । नवान्नैर्नवमद्यैश्चमांसैश्चानूपवारिजैः ।१। गोरसैर्गौडिकैश्चान्नैःपिष्टकैश्चातिमात्रशः । चेष्टाद्वेषीदिवास्वप्नशय्यासनसुखेरतः । ॥ २ ॥ रोगास्तस्योपजायन्तेसन्तर्पणनिमित्तजाः । प्रमेहकण्डूपिडकाः कोठपाण्ड्वामयज्वराः ॥ ३ ॥ कुष्टान्यामप्रदोषाश्चमूत्रकृच्छ्रमरोचकम् । तन्द्राक्लैब्यमतिस्थौल्यमालस्यंगुरुगात्रता ॥ ४ ॥ इन्द्रियस्रोतसांरोधोबुद्धेर्मोहःप्रमीलकः । शोफाश्चैवंविधाश्चान्येशीघ्रमप्रतिकुर्वतः ॥ ९ ॥

જે મનુષ્ય સ્નિગ્ધ, મધુર, ભારે તથા પિચ્છિલ વસ્તુઓથી, નવીન અન્ન તથા મદ્યથી, અનુપદેશ તથા જલચર જીવોના માંસથી, શરીરને તૃપ્ત કરે છે. અને દુધથી, ગોળના બનેલા પદાર્થોથી તથા પૃષ્ટ પદાર્થોથી તૃપ્ત કરે છે. કાર્ય કરતા નથી, દિવસે સુવે છે અને હંમેશાં આડા પડી રહે છે અથવા તો બેઠાબેઠ રહે છે. તેમને જો તે જલ્દીથી દવા કરતા નથી તો સંતર્પણથી થયેલા આ રોગ થાય છે જેવા કે પ્રમેહ, ખુજલી, પિડિકા, કોઢ, પાન્ડુ, તાવ, ચકામાં, આમ દોષ, મુત્ર કચ્છ, અરૂચિ, તંદ્રા, નપુસકતા, મેદ રોગ, આલસ્ય, ભારેપણું, ઇંદ્રિયો તથા સ્રોતોનું કફથી લેપાયલા જેવું થવું, બુદ્ધિનો મોહ, પ્રમીલક (એક પ્રકારની તંદ્રા) સોજા તથા અન્ય પ્રકારના રોગ થાય છે. ૧–૨–૩–૪–૫.

वम छेलनंतेषां विरकोरक्तमोक्षणम् । व्यायामश्चोपवासश्च धूमाश्च स्वेदनानिच ॥६॥ सक्षौद्रश्चाभयाप्रासः मात्रारूक्षान्नसेवनम् । चूर्णप्रदेहायेचोक्ताः कण्डूकोठविनाशनाः ॥ ७ ॥

આ રોગોમાં ઉલટી, જુલાબ, લોહી કઢાવવું, કસરત, ઉપવાસ, નાસ લેવો, સ્વેદન, મધની સાથે હરડેનું ચુરણ ચાટવું, અને રૂક્ષ અન્ન પાનનું સેવન તથા ખુજલી તથા કોઢનો નાશ કરનારા ચૂર્ણ વિગેરેનું સેવન કરવું જોઈએ. ૬–૭.

મોહાદિનાશક કવાથ.

त्रिफलारग्वधंपाठांसप्तपर्णसवत्सकम् । मुस्तंनिम्बंसमदनंजलेनोत्कथितंपिबेत् ॥ ८ ॥ तेनमो दयायान्तिनाशमभ्यंस्यतांध्रुवम् । मात्राकालप्रयुक्तेनसन्तर्पणसमुत्थिताः ॥ ९ ॥

ત્રિફળાં (હરડે, બેઢાં, આમળાં) ગરમાળો, કાળી પાઢ, સાત્વિન, કડાની છાલ, નાગરમોથ, લીમડાની છાલ તથા મીંઢળ, આ સર્વેનો કવાથ (ઉકાળો) બનાવીને માત્રા અને કાળનો વિચાર કરીને સેવન કરવાથી સંતપર્ણથી થયેલા પ્રમેહ આદિ રોગ મટી જાય છે. ૮–૯.

ચામડીના દોષોપર કવાથ.

मुस्तमारग्वधः पाठात्रिफलादेवदारुच । श्वदंष्ट्राखदिरोनिम्बोहरिद्रात्वक्चवत्सकात् ॥ १० ॥ रसमेषांयथादोषंप्रातःप्रातःपिबेन्नरः । सन्तर्पणकृतैःसर्वैर्व्याधिभिर्विप्रमुच्यते ॥ ११ ॥

નાગરમોથ, ગરમાળો, કાળીપાટ, ત્રિફળા, દેવદાર, ગોખરૂ, કાથો, લીંબડાની છાલ, હળદર, કડાની છાલ એ સર્વનો કવાથ હંમેશાં સવારમાં પીવાથી સંતર્પણથી ઉત્પન્ન થયેલ સર્વ પ્રકારની વ્યાધિયો મટી જાય છે. ૧૦–૧૧.

एभिश्चोद्वर्त्तनोद्धर्षस्नानयोगोपयोजितैः ।
त्वग्दोषाःप्रशमंयान्तितथास्नेहोपसंहितैः ॥ १२ ॥

આ ઉપર કહેલાં ઔષધોના તેલથી અથવા એક સર્વના ઉબટન બનાવી શરીરે ચોળવાથી અથવા એ સર્વના કવાથમાંથી સ્નાન કરવાથી સંતર્પણથી થયેલા ત્વચાના રોગ મટી જાય છે. ૧૨.

મૂત્ર દોષપર કવાથ.

कुष्ठंगोमेदकंहिङ्गुक्रौञ्चास्थित्र्यूषणंवचाम् । वृषैलेश्वदंष्ट्रांचखराह्वांश्मभेदिकम् ॥ १३ ॥ तक्रेणदधिमण्डेनबदराम्लरसेनवा । मूत्रकृच्छ्रंप्रमेहश्चपीतमेतद्व्यपोहति ॥ १४ ॥

ઉપલેટ, ગોરોચન, હીંગ, ક્રૌંચપક્ષીનું હાડકું, સુંઠ, મરી, પીંપર, વજ, અરડુસા, ન્હાની ઈલાયચી, ગોખરૂ, અજમો અને પાષાણભેદ એ સર્વ ઔષધિયોના ચૂર્ણને છાસ

અથવા દહીના પાણી અગર ચણી બોરડીના રસની સાથે સેવન કરવાથી મૂત્રકચ્છ તથા પ્રમેહનો નાશ થાય છે. ૧૩-૧૪.

પ્રમેહાદિપર ક્વાથ.

तक्राभयाप्रयोगैश्चत्रिफलायास्तथैवच ।
अरिष्टानांप्रयोगश्चयान्तिमेहादयःक्षमम् ॥ १५ ॥

છાસમાં હરડે ઘસીને પીવાથી ઝાશમાં ત્રિફળા ચુર્ણ મેળવીને પીવાથી પ્રમેહ વિગેરે નાશ પામે છે. ૧૫.

[illegible]लाक्षौद्रंक्रिमिघ्नंसाजमोदकम् ।
मन्थोऽयंसक्तवःसर्पिर्हितालोहोदकाप्लुतः ॥१६ ॥

સુંઠ, પીપર, મરી, હરડે, બેઢાં, આમળાં, વાવડીંગ, તથા અજમોદ એ સર્વના ચુર્ણને લોઢાના પાણી અથવા સત્તુ તથા ઘીની તોરમાં મેળવીને પીવાથી સંતર્પણથી ઉત્પન્ન થયેલા સર્વ રોગ મટી જાય છે. ૧૬.

व्योषंविडङ्गंशिग्रूणित्रिफलाकटुरोहिणी । बृहत्यौद्वेहरिद्रेद्वेपाठासातिविषास्थिरा। हिङ्गुकेवुकमूलानियवानीधान्यचित्रकम् ॥ १७ ॥ सौवर्चलमजाजीश्चहवुषांचेतिचूर्णयेत् । चूर्णतैलघृतक्षौद्रभागाःस्युर्मानतःसमाः ॥ १८ ॥ सक्तूनांषोडशगुणोभागःसन्तर्पणंपिबेत् । प्रयोगादस्यशाम्यन्तिरोगाःसन्तर्पणोत्थिताः ॥ १९ ॥ प्रमेहामूढवाताश्चकुष्ठान्यर्शांसिकामलाः । प्लीहापाण्डवामयःशोफोमूत्रकृच्छ्रमरोचकः ॥ २० ॥ हृद्रोगोराजयक्ष्माचकासःश्वासोगलग्रहः । क्रिमयोग्रहणीदोषाः श्वैत्र्यंस्थौल्यमतीवच । नराणांदीप्यतेचाग्निःस्मृतिर्बुद्धिश्चवर्द्धते ॥ २१ ॥

સુંઠ, મરી, પીંપર, વાવડીંગ, હરડે, બેઢાં, આમળાં, કડુ, બંને ભોંયરીંગણી, હળદર દારૂહળદર, કાળીપાઢ, અતિ વિષની કળી, મોટો સમેરવો, હીંગ, કેવુકની જડ, અજમો, ધાણા, ચિત્રો, સંચળ, કાળી જીરી, પલાશ એ સર્વનું ચૂર્ણ એક ભાગ, તેલ, ઘી અને મદ એક એક ભાગ, અને સત્તુ ૧૬ ભાગ આ સર્વને મેળવીને પીવાથી સંતર્પણ થયેલા રોગ શાંત થાય છે. પ્રમેહ, ઉર્ધ્વવાત, કોઢ, હરસ, કમળો, બરોળ, પાંડુ, સોજા, મુત્રકચ્છ, અરૂચિ, હૃદયરોગ, રાજયક્ષ્મા (ક્ષય) ખાંસી, દમ, કૃમી, સંગ્રહણી, શરીરની જાડાઈ (મેદ) અને કોષ્ટ રોગ એ સર્વનો નાશ થાય છે. અગ્નિ પ્રદિપ્ત થાય છે, અને સ્મૃતિ, તથા બુદ્ધિની વૃદ્ધિ થાય છે. ૧૭-૧૮-૧૯-૨૦-૨૧.

व्यायामनित्योजीर्णाशीयवगोधूमभोजनः ।
सन्तर्पणकृतैर्दोषैर्मुक्तास्थौल्याद्विमुच्यते ॥ २२ ॥

હમેશાં કસરત કરનારા અને યોગ્ય રીતે ભોજન કરનારા, જવ તથા ઘઉંના પદાર્થો ખાનાર, મનુષ્યો સ્થુળતાનો ત્યાગ કરીને સંતર્પણથી થયેલા રોગોથી મુક્ત થાય છે. ૨૨.

અતર્પણજન્ય રોગોનાં નામ.

उक्तसन्तर्पणोत्थानामपतर्पणमौषधम् ।
वक्ष्यन्ते श्चोर्द्धमपतर्पणजागदाः ॥ २३ ॥

આ પ્રકારે સંતર્પણથી ઉત્પન્ન થયેલા રોગોની દવાઓનું વર્ણન કરી ચુક્યા છીએ. હવે ઉપવાસથી થનારા રોગોની દવાઓ કહીયે છીએ. ૨૩.

देहोग्निबलवर्णौजः शुक्रमांसबलक्षयः । ज्वरःकासानुबन्धश्चपार्श्वशूलमरोचकः ॥२४॥ श्रोत्रदौर्बल्यमुन्मादःप्रलापोहृदयव्यथा । विण्मूत्रसंग्रहःशूलंजंघोरुत्रिक-संश्रयम् ॥ २५ ॥ पर्वास्थिसन्धिभेदश्चयेचान्येवातजागदाः । ऊर्द्धवातादयः सर्वे जायन्तेतेऽपतर्पणात् ॥ २६ ॥

અત્યંત ઉપવાસ કરવાથી તેમજ અયોગ્ય રીતે ઉપવાસ કરવાથી શરીર, જઠરાગ્નિનાં બળ, વર્ણ, ઓજ, વીર્ય, માંસ અને બલનો ક્ષય થાય છે. અને તાવ, ખાંસી, પાંસળીયોમાં પીડા, કર્ણેંદ્રિયની દુર્બળતા, ઉન્માદ, લવરી, હૃદયમા પીડા, મળ મૂત્રનો બંધકોશ, શૂળ, જાંગો, પીંડલી તથા ત્રિકસ્થાનમાં પીડા અને પર્વ, હાડકાં, સાંધાઓમાં પીડા આ સર્વ રોગ અને અન્ય ઉર્ધ્વ વાતાદિક વાતજ રોગ અતર્પણથી થાય છે. ૨૪-૨૬.

तेषांसन्तर्पणंतज्ज्ञैः पुनराख्यातमौषधम् । यत्तदात्वेसमर्थंस्यादभ्यासेवातदिष्यते ॥ २७ ॥ सद्यःक्षीणोहिसद्योवैतर्पणेनोपचीयते । नर्तेसन्तर्पणाभ्यासाच्चिरक्षीण-स्तुपुष्यति ॥२८ ॥ देहाग्निदोषभैषज्यमात्राकालानुवर्त्तिना । कार्य्यमत्वरमाणेन भेषजंचिरदुर्बले ॥ २९ ॥ हितामांसरसास्तस्मैपयांसिचघृतानिच । स्नानानि बस्तयोऽभ्यङ्गास्तर्पणास्तर्पणाश्चये ॥ ३० ॥ ज्वरकासप्रसक्तानांकृशानांमूत्रकृच्छ्रिणाम् । तृष्यतामूर्द्धवातानांहितंवक्ष्यामितर्पणम् ॥ ३१ ॥

એ વખતે આ રોગમાં સંતર્પણકારક દવા સમર્થ કરનારી અથવા અભ્યાસથી સમર્થ કરી શકે તેવી તેના જાણનારાઓએ આપવી જોઈએ. ૨૭. કેમકે જલદીથી ક્ષીણ થયેલો પુરૂષ જલદીથી સંતર્પણ કરવાથી પુષ્ટ થઈ જાય છે અને ઘણા વખતથી ક્ષીણ થયેલો પુરૂષ સંતર્પણના અભ્યાસ વિના પુષ્ટ થતો નથી. ૨૮. બહુજ વખતથી દુર્બળ થયેલા મનુષ્યની ચિકિત્સા અગ્નિ, દોષ, ઔષધની માત્રા, તથા સમયનો વિચાર કરીને ધીરે ધીરે કરવી જોઈએ. ૨૯ માંસનો રસ, દુધ, ઘી, સ્નાન, બસ્તિ, તૈલાભ્યંગ, તથા અન્યતર્પણ તેમજ અતર્પણકારક પદાર્થ તેને હિતકારી છે. ૩૦ તાવ તથા ખાંસીવાળા, કૃશ, મૂત્રકચ્છવાળા, તૃષાયુક્ત, તથા ઉર્ધ્વવાતવાળા પુરૂષોને લાભ કરનાર સંતર્પણનું કથન કરૂં છું. ૩૧

પુષ્ટિકર્તા મન્થ.

शर्करापिप्पलीतैलघृतक्षौद्रसमांशकः ।
सक्तुर्द्विगुणितोवृष्यस्तेषांमन्थःप्रशस्यते ॥ ३२ ॥

સાકર, પીંપળ, તેલ, ઘી, મધ એ સર્વે સરખે ભાગે અથવા એ સર્વથી બમણું સત્તુ મેળવીને પીવાથી લાભ થાય છે અને તે યોગ્ય પુરૂષાર્થ આપનાર છે. ૩૨

વિષ્ઠ મૂત્રાનુલોમી તર્પણ.

सक्तवोमदिराक्षौद्रंशर्कराचेतितर्पणम् ।
पिबेन्मारुतविण्मूत्रकफपित्तानुलोमनम् ॥ ३३ ॥

સકતૂ, દારૂ, મધ, સાકર એ સર્વને મેળવીને પીવાથી વાયુ, મળ, મૂત્ર, કફ તથા પિત્ત, આ સર્વ પોતાના માર્ગને અનુસાર થઈ જાય છે. ૩૩

મૂત્રકચ્છાદિનાશક તર્પણ.

फाणितंसक्तवःसर्पिर्दधिमण्डोऽम्लकाञ्जिकम् ।
तर्पणंमूत्रकृच्छ्रघ्नमुदावर्त्तहरंपिबेत् ॥ ३४ ॥

રાબ, સત્તુ, ઘી, દહીંની તોર તથા કાંજીનું તર્પણ પીવાથી મૂત્રકચ્છ, તથા ઉદાવર્તનો નાશ થાય છે. ૩૪.

मन्थःखर्जूरमृद्वीकावृक्षाम्लाम्लीकदाडिमैः ।
परूषकैः सामलकैर्युक्तोमद्यविकारनुत् ॥ ३५ ॥

ખજુર, દ્રાક્ષ, કોકમ, આંબલી, દાડમ, ફાલસા, આંમળાં એ સર્વનો બનાવેલો મન્થ પીવાથી, દારૂ પીવાથી થયેલા વિકારોને મટાડે છે. ૩૫

બળ, વર્ણદાયક સંતર્પણ

स्वादुरम्लोजलकृतःसस्नेहोरूक्षएववा ।
सद्यःसन्तर्पणोमन्थःस्थैर्य्यवर्णबलप्रदः ॥ ३६ ॥

મીઠી તથા ખાટી વસ્તુઓને પાણીમાં મેળવીને ઘી નાંખ્યા સિવાય અથવા નાંખીને પીવાથી જલ્દી સંતર્પણ થાય છે, અને સ્થિરતા, વર્ણ તથા બળની વૃદ્ધિ થાય છે. ૩૬

तत्रश्लोका.

सन्तर्पणोत्थायेरोगारोगायेचापतर्पणात् ।
सन्तर्पणीयेतेऽध्यायेसौषधाःपरिकीर्त्तिताः ॥ ३७ ॥

આ સંતર્પણીય નામના અધ્યાયમાં સંતર્પણથી ઉત્પન્ન થયેલા રોગોનું અને ઉપવાસથી ઉત્પન્ન થયેલા રોગોનુ વર્ણન તથા તેની ચિકિત્સાનું વર્ણન કરવામાં આવ્યુંછે. ૩૭.

इति सन्तर्पणीयोनाम त्रयोविंशोऽध्यायः समाप्तः २३ ॥

ઇતિ સંતર્પણીયો નામનો ત્રેવીસમો અધ્યાય સમાપ્ત થયો. ૨૩.

चतुर्विंशोध्यायः

अथातो विधिशोणितीयमध्यायं व्याख्यास्याम

इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે વિધિ શોણિતીય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

શુદ્ધ રક્તના ગુણ,

विधिनाशोणितंजातंशुद्धंभवतिदेहिनाम् । देशकालौकसात्म्यानांविधिर्यःसंप्रदर्शितः ॥ १ ॥ तद्विशुद्धंहिरुधिरंबलवर्णसुखायुषा । युनक्तिप्राणिनंप्राणःशोणितंह्यनुवर्त्तते ॥ २ ॥

દેશ, કાળ, સ્થાન તથા સ્વભાવને અનુસાર જે રૂધિરને શુદ્ધ કરવાની વિધિ કહેલી છે તેથી મનુષ્યનું લોહી શુદ્ધ થાય છે. ૧ અને જેનું લોહી શુદ્ધ થઈ જાય છે તેના બળ, વર્ણ તથા આયુષ્યની વૃદ્ધિ થાય છે. કેમકે મનુષ્યોનો પ્રાણ વાયુ લોહીને અનુકુળ રહેછે ૨.

प्रदुष्टबहुतीक्ष्णोष्णैर्मद्यैरन्यैश्चतद्विधैः । तथातिलवणक्षारैरम्लैः कटुभिरेवच ॥३॥ कुलत्थमाषनिष्पावतिलतैलनिषेवणैः । पिण्डालुमूलकादीनांहरितानाञ्चसर्वशः ॥ ४ ॥ जलजानूपवैलानांप्रसहानांचसेवनात् । दध्यम्लमस्तुसक्तूनांसुरासौवीरकस्यच ॥ ५ ॥ विरुद्धानामुपक्लिन्नपूतीनांभक्षणेनच । भुक्त्वादिवाप्रस्वपतांद्रवस्निग्धगुरुणिच ॥ ६ ॥ अत्यादानंतथाक्रोधंभजतां चातपानलौ । छर्द्दिवेगप्रतीघातात्कालेचानवसेचनात् ॥ ७ ॥ श्रमाभिघातसन्तापैरजीर्णाध्यशनैस्तथा । शरत्कालस्वभावाच्चशोणितंसंप्रदुष्यति ॥ ८ ॥

દુષિત, બહુજ તીક્ષ્ણ, ગરમ મદ્ય પીવાથી અથવા મદ્યના જેવી બીજી વસ્તુઓને પીવાથી અત્યંત, મીઠું, ક્ષાર, ખાટી તથા કડવી વસ્તુઓના સેવનથી, કળથી, અડદ, વાલ, તલ તથા તેલના સેવનથી, પીંડાળુ રતાળુ, મૂળા, હરેક શાકોને ખાવાથી, જલચર, અનુપદેશના જલના કિનારે રહેનારાં તથા પ્રસહ જીવોના માંસના સેવનથી, દહીં, ખટાઈ, દહીંની તોર, સત્તુ, મદિરા તથા સૌવીરક (મદ્ય વિશેષ) ના સેવનથી, વિરૂદ્ધ તથા સળેલી વસ્તુઓના ખાવાથી, દિવસે ભોજન કરી સુવાથી, દ્રવ, ભારે તથા સ્નિગ્ધ વસ્તુઓના સેવનથી, અધિક ભોજન તથા ક્રોધથી, વાયુ તથા તાપના સેવનથી, ઉલટીના વેગને રોકવાથી, યોગ્ય વખતે સ્નાન ન કરવાથી, થાકથી, વાગવાથી, સંતાપથી, અજીર્ણમાં ભોજન કરવાથી વિગેરે કારણોથી અને શરદ ઋતુના સ્વભાવથી લોહી બગડે છે. ૩-૪-૫-૬-૭-૮.

બગડેલા લોહીના ઉપદ્રવ.

ततःशोणितजारोगाःप्रजायन्तेपृथग्विधाः । मुखपाकोऽक्षिरोगश्चपूतिघ्राणास्यगन्धता ॥९॥ गुल्मोपदंशवीसर्परक्तपित्तप्रमीलकाः । विद्रधीरक्तमेहश्चप्रदरोवातशोणि-

तम् ॥१०॥ वैवर्ण्यमग्निनाशश्चापिपासा गुरुगात्रता । सन्तापश्चातिदौर्बल्यमरुचिःशिरसश्चरुक् ॥११॥ विदाहश्चान्नपानस्य तिक्ताम्लोद्गरणं क्लमः । क्रोधप्रचुरता बुद्धेः संमोहो लवणास्यता ॥ १२ ॥ स्वेदः शरीरदौर्गन्ध्यं मदः कम्पः स्वरक्षयः । तन्द्रानिद्रातियोगश्च तमसश्चातिदर्शनम् ॥१३॥ कण्डूरुक्कोठपिडकाः कुष्ठचर्मदलादयः । विकाराः सर्व एवैते विज्ञेयाः शोणिताश्रयाः ॥ १४ ॥

ફરી તે લોહી બગડેલાથી અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. જેવા કે મુખનાસિકા, તથા આંખો આવવી તથા મુખમાંથી દુર્ગંધી નીકળવી, (૯) ગોળો, ઉપદંશ, (ગરમી) ઝેરીવા રક્તપિત્ત પ્રમીલક, વિદ્રધી, રક્ત-પ્રમેહ, પ્રદર, વાતરક્ત (પત) (૧૦) વિવર્ણુત, મંદાગ્નિ, તરસ, શરીરનું ભારે થવું, સંતાપ, અત્યંત દુર્બળતા, અરૂચિ, માથામાં પીડા, (૧) ભોજન તથા પાણીનું ન પચવું, તીખા તથા ખાટા ઓડકાર આવવા, ગ્લાનિ, ક્રોધની અધિકતા, બુદ્ધિનું મોહિત થવું, મુખનું ઉદાસીન રહેવું, સ્વેદ, શરીરમાં દુર્ગંધી આવવી, મસ્તી, કંપ, સ્વરભંગ, તંન્દ્રા, ઉંઘ વધારે આવવી, અંધકાર જેવું જણાવું, ખસ, ચકામાં, પિડિકા, કોઢ, ચર્મદલ એવા એવા રોગ લોહીના બગડવાથી થાય છે. ૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪.

शीतोष्णस्निग्धरूक्षाद्यैरुपक्रान्ताश्चये गदाः ।

सम्यक्साध्या न सिध्यन्ति रक्तजांस्तान् विभावयेत् ॥ १५ ॥

જે સાધ્યરોગ ઠંડી, ગરમ, સ્નિગ્ધ, તથા રૂક્ષ આદિ ઔષધિયોદ્વારા સારી રીતે ચિકિત્સા કરવા છતાં પણ શાંત ન થાય તો તે લોહીવિકારથી થયેલા રોગ જાણવા.

બગડેલા લોહીમાં શું કરવું.

कुर्याच्छोणितरोगेषु रक्तपित्तहरीं क्रियाम् ।

विरेकमुपवासं वा स्रावणं शोणितस्य वा ॥ १६ ॥

લોહી બીગાડના રોગોમાં રક્ત પિત્ત નાશક ચિકિત્સા કરવી, અને જુલાબ, ઉપવાસ અને લોહી કઢાવવું એવા એવા ઉપાયો કરવા. ૧૬.

बलदोषप्रमाणाद्वा विशुद्ध्या रुधिरस्य वा । रुधिरं स्रावयेज्जन्तोराशयं प्रसमीक्ष्य वा ॥ १७ ॥ अरुणाभं भवेद्वातात् विच्छिलं फेनिलं तनु । पित्तात्पीतासितं रक्तं स्त्यायत्यौष्ण्याच्चिरात् ॥ १८ ॥ ईषत्पाण्डु कफाद्दुष्टं पिच्छिलं तन्तुमद्घनम् । द्विदोषलिङ्गं संसर्गात्त्रिलिङ्गं सान्निपातिकम् ॥ १९ ॥

બળ, દોષના પ્રમાણને જાણીને લોહીની શુદ્ધતાને જોઇને લોહી કઢાવવું જોઇએ (૧૭) વાયુથી લાલ રંગનું, ફીણવાળુ, વિશદ તથા પાતળુ, લોહી થાય છે, પિત્તથી પીળું, કાળા રંગનું, અને ગરમીને લીધે ઘણા વખતે ઠરી જનાર લોહી થાય છે. (૧૮) કફથી દુષિત થયેલું લોહી, કાંઈક પાંડુ વર્ણનું, પિચ્છિલ રેસાવાળું, તથા જાડું થાય છે બે દોષોનાં ચિન્હ હોય તો બે દોષોથી દુષિત, અને ત્રણે દોષોનાં ચિન્હ હોય તો સન્નિપાતથી દુષિત થયેલું લોહી જાણવું. ૧૯.

શુદ્ધ રકતનાં લક્ષણ.

तपनीयेन्द्रगोपाभंपद्म[illegible]म् । [illegible]ञ्जाफलसवर्णञ्चविद्य[illegible] विद्धिशोणितम् ॥ २० ॥

જે લોહી સોનાના જેવું તથા બીરબહુટીના જેવું લાલરંગનું હોય અને પદ્મ રાગમણીના જેવું પ્રકાશવાળું હોય અથવા ચણોઠીના રંગ જેવું લાલ રંગનું હોય તે શુદ્ધ લોહી જાણવું. ૨૦.

नात्युष्णशीतंल[illegible]दीपनीयंरक्तेऽपनीते हितमन्नपानम् ।
तदाशरीरंह्यनवस्थितासृगग्निर्विशेषेणचरक्षितव्यम् ॥ २१ ॥

રકત કઢાવ્યા પછી બહુ ઠંડા નહિ તેમ બહુ ગરમ નહિ તેવા, હલકા તથા દીપન અન્ન પાન હિત છે કેમકે તે વખતે શરીરમાં લોહી ઠીક હોતું નથી જેથી વિશેષે કરીને અગ્નિની રક્ષા કરવી જોઇએ. ૨૧.

[illegible]र्णेन्द्रियप्रि[illegible]यार्थानिच्छिन्तमव्याहतपक्तृवेगम् । [illegible]खान्वितंतुष्टिबलोपपन्नंविशुद्धरक्तं[illegible]रुषंवदन्ति ॥ २२ ॥

વર્ણ તથા ઇન્દ્રિયોની પ્રસન્નતા, વિષયોપર ઇચ્છા થવી, ઠીક પચવું, સુખ પુષ્ટતા અને બળ આ શુદ્ધ લોહીવાળા પુરૂષનાં લક્ષણ છે. ૨૨.

यदातुरक्तवा[illegible]निरससं[illegible]वहानिच । पृथक्पृथ[illegible]समस्तावास्रोतांसि[illegible]पितामलाः ॥ २३ ॥ मलिनाहारशीलस्यरजोमोहावृतात्मनः । [illegible]प्रति[illegible]त्यावातिष्ठन्तेजायन्ते व्याधयस्तदा ॥ २४ ॥ मदमूर्च्छायसंन्यासास्तेषांविद्या[illegible]चक्षणः । यथोत्तरंबलाधिक्यंहेतुलिङ्गोपशान्ति[illegible] ॥ २५ ॥

જે વખતે દુષિત આહાર કરનારા, રજોગુણ તથા મોહથી યુકત ચિત્તવાળા પુરૂષના વાતાદિક ત્રણે દોષ મળીને અથવા જુદા જુદા રકતવાહિની તેમજ રસસંજ્ઞા વાહિની નસોને બગાડીને સ્થિત થાય છે તે વખતે આ રોગ થાય છે. ૨૩–૨૪.

જેવા કે મદ, મુર્છા તથા સંન્યાસ. આ રોગોમાં બુદ્ધિમાન વૈદ્યે, હેતુ લક્ષણ તથા શાંતિમાં ઉત્તરોત્તર બળની અધિકતા જાણવી. ૨૫.

કુપિત વાયુનાં કર્મ.

दुर्बलश्चेतसःस्थानंयदावा[illegible]ःमपद्यते । मनोविक्षोभयञ्जन्तोः [illegible] ॥ २६ ॥ पित्तमेवंकफश्चैवंमनोविक्षोभयन्नृणाम् । सं[illegible]नयत्या[illegible]लतांविशेषश्चा[illegible]त्र[illegible]च्यते ॥ २७ ॥

જ્યારે મનુષ્યના દુર્બળ ચિત્તમાં વાયુ કુપિત થઇને પ્રવેશ કરે છે તે વખતે તે મનુષ્યના મનને ચંચળ કરીને જ્ઞાનને નષ્ટ કરી દે છે. ૨૬

પિત્ત તથા કફ પણ આ પ્રકારથી મનને બગાડીને મનુષ્યોના જ્ઞાનને નષ્ટ કરે છે. તેમાં જે વિશેષતા છે તે આગળ કહીએ છીએ. ૨૭.

વાતાદિકૃત ઉન્માદનું લક્ષણ.

सक्तानल्पद्रुताभा [illegible]लेतचेष्टितम् ।
विद्या[illegible]कृतिम् ॥ २८ ॥

થોડી થોડી વારે લવરી કરવી, ચંચળતા, વારંવાર પડી જવું, આકૃતિ રૂક્ષ કાળો તથા લાલ રંગની થવી. આ વાતજ મદનાં લક્ષણ છે. ૨૮

सक्रोधपरुषाभाषंसंप्रहारकलिप्रियम् ।
विद्यात्पित्तमदाविष्टंरक्तपीतसिताकृतिम् ॥ २९ ॥

ક્રોધ પૂર્વક કઠોર વચન કહેવાં, મારવાને માટે દોડવું, લડવું અને રાતા પીળા તથા કાળા રંગના થઈ જવું એ પિત્તજ મદરોગનાં લક્ષણ છે. ૨૯.

स्वल्पसम्बन्धवचनंतन्द्रालस्यसमन्वितम् ।
[illegible]दाविष्टंपाण्[illegible]मध्यानतत्परम् ॥ ३० ॥

સ્વલ્પ સંબંધથી વચન કહેવું, તંદ્રા, આળસ્ય, પાંડુવર્ણ અને વિચારમાં તત્પર થવું એ કફજ મદનાં લક્ષણ છે. ૩૦.

सर्वा[illegible]रूपाणिसन्निपातकृतेमदे । जायन्तेशाम्यतित्वाशुमदोमद्यदाकृतिः ॥ ३१ ॥ यश्चमद्यमदःप्रोक्तोविषजोरौधिरश्चयः । सर्वएतेमदानर्तेवातपित्तकफाश्रयात् ॥ ३२ ॥

સંન્નિપાતજ મદમાં ત્રણે દોષોનાં લક્ષણ થાય છે મદ્યપાનથી થતા મદના જેવા આકૃતિવાળો મદ જલ્દી ઉત્પન્ન થાય છે અને જલ્દી મટી પણ જાય છે. ૩૧. મદ્યના મદ, વિષજ મદ અને રક્તજ મદ આ સર્વ મદ પણ વાત, પિત્ત તથા કફ સિવાય થતા નથી.

વાતાદિજનિત મૂર્છાનાં લક્ષણ.

नीलंवायदिवाकृष्णमाकाशमथवारुणम् । पश्यंस्तमःप्रविशतिशीघ्रंश्चप्रतिबुध्यते ॥ ३३ ॥ वेपथुश्चाङ्गमर्दश्चप्रपीडाहृदयस्यच । कार्श्यंश्यावारुणाछायामूर्च्छायेवातसम्भवे ॥ ३४ ॥

નીલુ, કાળુ અથવા લાલ રંગનું આકાશ જોઇને મૂર્છિત થવું અને તુરત જાગવું, (૩૩) અંગ મર્દ, હૃદયમાં પીડા, કૃશતા અને કાળો તથા લાલ રંગ થવો એ વાતજ મૂર્છાનાં લક્ષણ છે. ૩૪.

रक्तहरितवर्णवावियत्पीतमथापिवा । पश्यंस्तमःप्रविशतिसस्वेदश्चप्रबुध्यते॥३५॥ सपिपासःससन्तापो रक्तपित्ताकुलेक्षणः । संभिन्नवर्चाःपीताभोमूर्च्छायेपित्तसम्भवे ॥ ३६ ॥

લાલ, હરિત, અથવા પીળા રંગનું આકાશ જોઇને મૂર્છિત થવું અને પરસેવો થતાં જાગવું. (૩૫) તૃષા, સંતાપ, આંખોમાં રક્તપિત્તનો કોપ, મળનું પાતળું થવું અને પીળો રંગ આ પિત્તજ મૂર્છાનાં લક્ષણ છે. ૩૬.

मघस [illegible]शमाका [illegible]मावृतंवातमोघनैः । पंश्यस्तमःप्रविशतिचिराच्चप्रतिबुध्यते ॥ ३७ ॥ सुरभिःप्रावृतैरङ्गैय [illegible] चर्म्मणा । समसेकःसहृल्लासोमूर्च्छायेकफसम्भवे ॥ ३८ ॥

વરસાદથી અથવા અંધકારથી ઢંકાયેલા આકાશને જોઇને મૂર્છિત થવું અને ઘણીવારે જાગવું, (૩૭) ગંદા તથા ભારે ચામડાથી શરીરને ઢાંકેલા જેવું જણાવું, મુખથી લાળ પડવી, અને જીવ ગભરાવે। એ કફજ મૂર્છાના લક્ષણ છે. ૩૮.

सर्वा[illegible]तिःसन्निपातादपस्मारइवागतः ।
सजन्तुंपातयत्याशुविनाबीभत्सचेष्टितैः ॥ ३९ ॥

સન્નિપાતની મૂર્છામાં ત્રણે દોષનાં લક્ષણ થાય છે. તે મરઘડાની માફક જલ્દીથી મનુષ્યને ગબડાવી દે છે. પરંતુ તેમાં બિભત્સ ચેષ્ટા (હાથ પગ ઘસવા) થતી નથી. ૩૯.

दोषेषुमद[illegible]मूर्च्छायाःहृतवेगे देहिनाम् ।
स्वयमेवोपशाम्यन्तिसंन्यासोनौषधैर्विना ॥ ४० ॥

વાતાદિ દોષોના વેગના શાંત થયા પછી મદ તથા મૂર્છા પોતાની મેળે શાંત થઇ જાય છે, પરંતુ સંન્યાસરોગ દવા સિવાય મટતો નથી. ૪૦.

સંન્યાસ રોગનાં લક્ષણ.

वाग्देहमनसांचेष्टामाक्षिप्यातिबलामलाः । संन्यस्यन्त्यबलंजन्तुंप्राणायतनसंश्रिताः ॥ ४१ ॥ सनासंन्याससंन्यस्तःकाष्ठभूतोमृतोपमः । प्राणैर्वियुज्यतेशीघ्रंमुक्त्वासद्यःफलांक्रियाम् ॥ ४२ ॥

અત્યન્ત બળવાન, વાતાદિક દોષો, વાણી, શરીર તથા મનની ચેષ્ટાને નષ્ટ કરીને પ્રાણોના સ્થાનમાં સ્થિત થઇને નિર્બળ પુરૂષને સંન્યાસ રોગ ઉત્પન્ન કરે છે. ૪૧. સંન્યાસરોગવાળો પુરૂષ, મડદાની માફક લાકડા જેવો થઇ જાય છે. તે વખતે જો કોઇ જલ્દી ફળ આપનાર ચિકિત્સા કરવામાં ન આવે તો તેના પ્રાણ નીકળી જાય છે.

दुर्गेऽम्भसियथामज्जन्द्राजनन्त्वरयाबुधः ।
गृह्णीयात्तलमप्राप्तंतथासंन्यासपीडितम् ॥ ४३ ॥

જેમ કોઇ અથાગ પાણીમાં ડુબતા મનુષ્યને બુદ્ધિમાન પુરૂષ એની ઉતાવળથી બહાર કાઢે છે કે જેથી તે મનુષ્ય પાણીના તળીયા સુધી ન પહોંચે એવી રીતે બુદ્ધિમાન વૈદ્યે સંન્યાસ રોગવાળાની ચિકિત્સા કરવી. ૪૩.

સંન્યાસરોગમાં ચિકિત્સા.

अञ्जनान्यवपीडाश्चधूमःप्रधमनानिच । सूचीभिस्ता[illegible]दाहःपीडानखान्तरे ॥ ॥ ४४ ॥ लुञ्चनंके[illegible]नमेवच । आत्मगुप्तावघर्षश्चमद्यतास्तस्याबोधने ॥ ४५ ॥

અંજન, તીક્ષ્ણ નસ્ય, ધુમ્રપ્રયોગ, પ્રધમન, સોઇ ઘોચવી, ડામ દેવા, નખ દબાવવો, (૪૪) વાળોને ખેંચવા, બચકું ભરવું, અને કૌચ લગાવવી આદિ ઉપાયો કરવા એ સંન્યાસ રોગવાળાને ચૈતન્યમાં લાવવાને હિતકારી છે. ૪૫.

ચેતનમાં લાવવાના બીજા ઉપાય.

समूर्च्छितानितीक्ष्णानिमद्यानिविधानिच । प्र तक तिक्तानितस्यास्येगालयेन्मुहुः ॥ ४६ ॥ मातुलुङ्गरसंतद्वन्महौषधसमायुतम् । तद्वत्सौवीरकंदद्यायुक्तंमद्याम्लकाञ्जिकैः ॥ ४७ ॥ हिङ्गूषणसमायुक्तंयावत्संज्ञामबोधनात् । प्रबुद्धसंज्ञमन्नैश्चलघुभिस्तमुपाचरेत् ॥ ४८ ॥ विस्मापनःस्मारणैश्चप्रियश्रुतिभिरेवच । षड्भिर्गीतवादित्रशब्दैश्चित्रैश्चदर्शनैः ॥ ४९ ॥ स्रंसनोल्लेखनैर्धूमैरञ्जनैःकवलग्रहैः । शोणितस्यावसेकैश्चव्यायामोद्वर्षणैस्तथा ॥ ५० ॥

અનેક પ્રકારના તીક્ષ્ણ મદ્યોમાં બહુજ કડવી વસ્તુ મેળવીને સંન્યાસ રોગવાળાના મુખમાં વારંવાર મુકવી. ૪૬ બીજોરાના રસમાં સુંઠ ઘુંટીને તેના મુખમાં રેડવી, અને મદ તથા કાંજીમાં સુરમો, હીંગ, સુંઠ, મરી પીપળ ઘુંટીને તેના મુખમાં રેડવી. આ સર્વ ઉપચાર જ્યાં સુધી તે જાગે નહિ ત્યાં સુધી કરવા. જાગ્યા પછી હલકું અન્ન ખવરાવવું. ૪૭–૪૮ આશ્ચર્યકારક તથા સ્મૃતીકારક, પ્રિય વાક્ય સંભળાવવાં, મનોહરગીત, વાજું સંભળાવવું અને વિચિત્ર વસ્તુ બતાવવી. ૪૯ બુદ્ધિમાન વૈદ્યનું કર્તવ્ય છે કે તેને ભાનમાં લાવવાને માટે યુક્તિ પૂર્વક મળને કાઢવા તથા ઉલટી ધુમ્ર પાન, અંજન, કવલગ્રહ, લોહી કઢાવવું, કસરત તથા ઉદ્ધર્ષણ (ચોળવું) દ્વારા ભાનમાં લાવવાને માટે ચિકિત્સા કરવી. ૫૦

ભાન આવ્યા પછીનું કર્મ.

प्रबुद्धसंज्ञंमतिमाननुबद्धमुपाचरेत् ।
तस्यसंरक्षितव्यंहिमनःप्रलयहेतुतः ॥ ५१ ॥

તેને ભાન આવ્યા પછી બુદ્ધિમાન વૈદ્યે પ્રલયના કારણોથી તેના મનની રક્ષા કરવી તથા રોગીના મનમાં કોઈ પ્રકારનો વિકાર ન ઉત્પન્ન થાયતે અર્થે ચિકિત્સા કરવી. ૫૧.

स्नेहस्वेदोपपन्नानांयथादोषंयथाबलम् ।
पञ्चकर्माणिकुर्वीत मूर्च्छायषुमदेषुच ॥ ५२ ॥

મદ તથા મુર્છા રોગમાં સ્નેહન તથા સ્વેદન કરીને દોષ તથા બળને અનુસાર વમનાદિ પાંચ કર્મ કરવાં જોઇએ. ૫૨

अष्टाविंशत्यौषधस्याथवातिक्तस्यसर्पिषः । प्रयोगःशस्यतेतद्वन्महतःषट्पलस्य । ॥ ५३ ॥ त्रिफलायाःप्रयोगोवासघृतक्षौद्रशर्करः । शिलाजतुप्रयोगोवाप्रयोगः पयसोऽपिवा ॥ ५४ ॥ पिप्पलीनांप्रयोगोवाप्रयोगश्चित्रकस्यवा । रसायनानांकौम्भस्यसर्पिषोवाप्रशस्यते ॥ ५५ ॥

મૂર્છા અને મદત્યયની નિવૃત્તિને માટે અઠ્ઠાવીશ દવાઓથી સિદ્ધ કરેલું કલ્યાણ ઘૃત, તિક્તઘૃત, મહાષટ્પલઘૃત અથવા ત્રિફલા ઘૃત અને મદ સાકરનો પ્રયોગ, શીલાજીતનો પ્રયોગ, દુધનો પ્રયોગ, પીપળનો પ્રયોગ તથા ચિત્રકનો પ્રયોગ તથા રસાયન પ્રયોગ અને જુનું ઘી એ સર્વનો પ્રયોગ કરવો જોઇએ. ૫૩–૫૪–૫૫.

रक्तावसेकाच्छा .णं सतांसत्त्ववतामपि ।

सेवनान्मदमूर्च्छायाःमशाम्यन्तिशरीरिणाम्, इति ॥ ५६ ॥

લોહી કઢાવવું, સારા સારા શાસ્ત્રને સાંભળવાં, શ્રેષ્ટ મહાત્માઓનું સેવન કરવું એથી પણ મનુષ્યોના મદ અને મૂર્છા રોગની શાંતિ થાય છે. ૫૬.

तत्रश्लोकाः.

विशुद्धश्चाविशुद्धंचशोणितंतस्यहेतवः । रक्तप्रदोषजारोगास्ते रोगेषुचौषधम् ॥ ॥ ५७ ॥ मद· च्छायसंन्यासहेतुलक्षणभेषजम् । विधिशोणितकेऽध्यायेसर्वमेतत्प्रकाशितम् ॥ ५८ ॥

આ પ્રમાણે આ શોણિતીયાધ્યાયમાં શુદ્ધ અને અશુદ્ધ લોહીનાં લક્ષણ અને તેનાં કારણ તથા રક્ત જન્ય રોગ, અને તેના ઉપાય તેમજ મદ, મૂર્છા, સંન્યાસના હેતુ અને લક્ષણ તથા ચિકિત્સાનું ભગવાન પુનર્વસુજીએ વર્ણન કર્યું છે. ૫૭–૫૮.

इति योजना चतुष्के विधिशोणीताध्यायश्चतुर्विंशः समाप्तः ॥ २४ ॥

ઇતિ યોજના ચતુષ્કે વિધિ શોણીતાધ્યાય નામનો ચોવીસમો અધ્યાય સમાપ્ત થયો. ૨૪.

पंचविंशोऽध्याय.

अथातोयज्जः पुरुषीयमध्यायं व्य ख्यास्यामः इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે યજ્જ પુરૂષીય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

ઋષિયોનાં આંદોલન.

पुरामत्यक्षधर्म्माणंभगवन्तंपुनर्वसुम् । समेतानांमहर्षीणांमादुरासीदियंकथा॥१॥ आत्मेन्द्रियमनोऽर्थानांयोऽयंपुरुषसंज्ञकः । राशिरस्यामयानाश्चमागुत्पत्तिविनिश्चये ॥ २ ॥

પહેલાં એક વખત ધર્મ દર્શી ભગવાન આત્રેયજીની પાસે બેઠેલા સંપૂર્ણ મહર્ષિયોમાં આ કથા પ્રકટ થઈ (૧) કે આત્મા, ઇન્દ્રિય, મન તથા વિષય એ સર્વના સમુદાયરૂપ જે પુરૂષ, તેમાં રોગોની કેવા પ્રકારથી ઉત્પત્તિ થાય છે તેનો પહેલાં નિશ્ચય કરવો જોઇએ. (૨).

કાશી રાજા વામકનું વાક્ય.

अथकाशिपतिर्वाक्यंवामकोऽर्थवदन्तरा । व्याजहारर्षिसमितिमभिसृत्याभिवाद्य च ॥ ३ ॥ किन्नुस्यात्पुरुषोयज्जस्तज्जास्तस्यामयाःस्मृताः । नवेत्युक्तेनरेन्द्रेण मोवाचपा· पुनर्वसुः ॥ ४ ॥ सर्वएवामितज्ञानवि .नाच्छिन्नसंशयाः । भवन्तश्छेत्तुमर्हन्ति काशिराजस्यसंशय· ॥ ५ ॥

તેમની વચમાં કાશીપતિ વામક નામના રાજર્ષિએ સંપૂર્ણ ઋષિયોની પાસે જઇને પ્રણામ કરીને કહ્યું (૩) કે જે વસ્તુઓથી પુરૂષ ઉત્પન્ન થયા છે તેજ વસ્તુઓમાંથી રોગ પણ ઉત્પન્ન થયા છે કે નહીં? કાશીપતિનાં આ વચન સાંભળીને ભગવાન આત્રેયજીએ ઋષિઓને કહ્યું. (૪) કે આપ સર્વ અપાર જ્ઞાન તથા વિજ્ઞાનદ્વારા સંદેહથી રહિત થઈ ગયાછો જેથી કાશિરાજના સંદેહને દુર કરવા યોગ્યછો. (૫).

મૌદ્ગલ્યનો મત.

पारीक्षिस्तत्परीक्ष्याग्रेमौद्गल्योवाक्यमब्रवीत् । आत्मजःपुरुषोरोगाश्चात्मजाःकारणंहिसः ॥ ६ ॥ सचिनोत्युपभुङ्क्तेचकर्म्मकर्म्मफलानिच । नह्यृतेचेतनाधातोः प्रवृत्तिःसुखदुःखयोः ॥ ७ ॥

આ સાંભળીને પરીક્ષાની પહેલાં પારીક્ષિ મૌદ્ગલ્ય ઋષિએ વિચાર કરીને કહ્યું કે આત્માથી પુરૂષ અને સર્વ રોગ ઉત્પન્ન થયા છે કેમકે આત્માજ કારણરૂપ છે. (૬) આત્માજ કર્મોના સંચય કરે છે અને કર્મના ફળોને ભોગવે છે. કેમકે ચૈતન્ય આત્મા સિવાય સુખ, દુઃખની પ્રવૃત્તિ થઈ શકતી નથી.

શરલોમાનો મત.

शरलोमातुनेत्याहनह्यात्मानमात्मना । योजयेद्व्याधिभिर्दुःखैर्दुःखद्वेषीकदाचन ॥ ८ ॥ रजस्तमोभ्यांतुमनःपरीतंसत्त्वसंज्ञकम् । शरीरस्यसमुत्पत्तौविकाराणाञ्चकारणम् ॥ ९ ॥

આ સાંભળી શરલોમા નામના ઋષિએ કહ્યું કે એવું થઈ શકતું નથી કેમકે દુઃખદ્વેષી આત્મા પોતે પોતાને કદાપી દુઃખદાયક રોગોથી યુક્ત નહીં કરી શકે (૮) પરંતુ રજોગુણ તમોગુણથી યુક્ત સત્વસંજ્ઞક મનજ શરીરની તથા રોગોની ઉત્પત્તિનું કારણ છે. (૯).

વાર્યોવિદનો મત.

वार्य्योविदस्तुनेत्याहनह्येकंकारणंमनः । नर्त्तेशरीरंशारीरारोगा नमनसःस्थितिः ॥ १० ॥ रसजानितुभूतानिव्याधयश्चपृथग्विधाः । आपोहिव्याधिवत्यस्तासमृतानिर्वृतिहेतवः ॥ ११ ॥

આ સાંભળી મહર્ષિ વાર્યોવિદે કહ્યું કે એવું થઈ શકતું નથી કેમકે એક મનજ શરીરનું તથા રોગોનું કારણ નથી. શરીર સિવાય શરીર સંબંધી રોગ તથા મનની સ્થિતિ થઇ શકતી નથી. (૧૦) જેથી સંપૂર્ણ પ્રાણી તથા અનેક પ્રકારના રોગ રસથી ઉત્પન્ન છે, અને રસ જલમાં રહે છે જેથી જળજ સર્વની સિદ્ધિનું કારણ છે. (૧૧).

હિરણ્યાક્ષનો મત.

हिरण्याक्षस्तुनेत्याहनह्यात्मारसजःस्मृतः । नातीन्द्रियंमनः सन्तिरोगाःशब्दादिजस्तथा ॥ १२ ॥ षड्धातुजस्तुपुरुषो रोगाःषड्धातुजास्तथा । राशिःषड्धातुजोह्येषसांख्यैराद्यैःप्रकीर्तितः ॥ १३ ॥

વાર્યોવિદ્‌નાં આ વચન સાંભળીને હિરણ્યાક્ષ ઋષિએ કહ્યું કે આત્મા રસથી ઉત્પન્ન થઇ શકતો નથી, અતિન્દ્રિય મન પણ રસથી ઉત્પન્ન થઇ શકતું નથી અને શબ્દાદિકોથી ઉત્પન્ન થયેલ રોગ પણ રસથી ઉત્પન્ન થઇ શકતો નથી. (૧૨) જેથી પુરૂષ તથા સંપૂર્ણ રોગ ષટધાતુ (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ તથા આત્મા) ઓથી ઉત્પન્ન થાય છે. પ્રાચિન સાંખ્યવેત્તા ઋષિયોએ પરીક્ષા કરીને કહ્યુંછે કે આ પુરૂષનામ સમષ્ટિ ષટ્ ધાતુ-ઓથી ઉત્પન્ન થાય છે. (૧૩)

શૌનકનો મત.

तथाब्रुवाणंकुशिकमाहतन्नेतिशौनकः । कस्मान्मातापितृभ्यांहिविनाषड्धातुजोभवेत् ॥ १४ ॥ पुरुषःपुरुषाद्गौर्गोरश्वादश्वः प्रजायते । पैत्र्यामेहादयश्चोक्तारोगास्ताएवकारणम् ॥ १५ ॥

કુશીકઋષિનાં આ વચન સાંભળીને શૌનક ઋષિએ કહ્યું કે આ ઠીક નથી કેમકે માતા પિતા વિના ષટ (૭) ધાતુઓથી પુરૂષ કેની રીતે ઉત્પન્ન થઇ શકે? (૧૪) જુઓ, પુરૂષથીજ પુરૂષનો જન્મ થાય છે, ગાયથી ગાયનો જન્મ થાય છે અને ઘોડાથી ઘોડાનો જન્મ થાય છે અને પ્રમેહાદિ રોગો પણ પૈતૃક (માતા, પિતાના ઉતરી આવેલા) કહેલા છે. જેથી માતા પિતાજ કારણરૂપ છે. (૧૫).

ભદ્રકાપ્યનો મત.

भद्रकाप्यस्तुनेत्याहनह्यन्धोऽन्धात्प्रजायते । मातापित्रोश्चतेपूर्वमुत्पत्तिर्नोपपद्यते । ॥ १६ ॥ कर्म्मजस्तुमतोजन्तुःकर्म्मजास्तस्यचामयाः । नह्यृतेकर्म्मणोजन्मरोगाणां-रुषस्यच ॥ १७ ॥

આ સાંભળી ભદ્રકાપ્ય ઋષિએ કહ્યું કે એવું બની શકતું નથી કેમકે આંધળાનો પુત્ર આંધળો હોતો નથી અને જો માતાપિતાજ રોગોના કારણરૂપ હોય તો રોગોની ઉત્પત્તિનો પહેલાંથી નિશ્ચય થઇ શકત નહીં (૧૬) જેથી કર્મથીજ પુરૂષ તથા રોગોની ઉત્પત્તિ છે કેમકે કર્મો સિવાય પુરૂષ તથા રોગોની ઉત્પત્તિ થઈ શકતી નથી. (૧૭).

ભરદ્વાજનો મત.

भरद्वाजस्तुनेत्याहकर्ता पूर्वंहिकर्मणः । दृष्टंनचाकृतंकर्मयस्यस्यात्पुरुषः फलम् ॥ १८ ॥ भावहेतुःस्वभावस्तु व्याधीनांपुरुषस्यच । खरद्रवचलौष्ण्यत्वंतेजोऽन्तानांयथैवहि १९

આ સાંભળી ભરદ્વાજ ઋષિએ કહ્યું કે એમ નહીં કેમકે પ્રથમ કર્મનો કોઇ કર્તા હોવો જોઇએ અને કર્તા સિવાય કોઇ કર્મની ઉત્પત્તિ દેખવામાં આવી નથી કે જેનું ફળ પુરૂષ હોય. (૧૮) જેથી જેમ પૃથ્વી જળ, વાયુ તથા તેજમાં, ખરત્વ, દ્રવત્વ, ચલત્વ તથા ઉષ્ણત્વ આ ગુણ સ્વભાવથીજ હોય છે એ પ્રકારે પુરૂષ તથા રોગોની ઉત્પત્તિ પણ સ્વભાવથીજ થાય છે. (૧૯).

કાંકાયન ૠષિનો મત.

काङ्कायनस्तुनेत्याहनह्यारम्भेफलंभवेत् । भवेत्स्वभावाद्भावानामसिद्धिःसिद्धिरेववा ॥२०॥ स्रष्टात्वमितसङ्कल्पोब्रह्मापत्यंप्रजापतिः । चेतनाचेतनास्यास्यजगतःसुखदुःखयो ॥ २१ ॥

ભરદ્વાજનાં આ વચન સાંભળીને કાંકાયન ૠષિએ કહ્યું કે એમ પણ બની શકતુ નથી કેમકે આરંભમાંજ ફળ હોતું નથી અને સ્વભવાથી પદાર્થોની સિદ્ધિ અથવા અસિદ્ધિ પણ હોઈ શકે છે. (૨૦) જેથી બ્રહ્માના પુત્ર અમિતસંકલ્પ પ્રજાપતિજ આ ચરાચર સંસારના ચેતન વા અચેતન તથા સુખ દુઃખના ઉત્પન્ન કરનારા છે. (૨૧).

ભિક્ષુનામક આત્રેયનો મત.

तथेतिभिक्षुरात्रेयोनह्यपत्यंप्रजापतिः । प्रजाहितैषीसततंदुःखैर्युञ्ज्यादसाधुवत् ॥ २२ ॥ कालजस्त्वेवपुरुषःकालजास्तस्यचामयाः । जगत्कालवशंसर्वंकालःसर्वत्रकारणः ॥ २३ ॥

આ સાંભળી ભિક્ષુનામક આત્રેય ૠષિયે કહ્યું કે એવું થઈ શકતું નથી કેમકે પ્રજાપતિ પ્રજાના હિતૈષિ છે તે દુષ્ટોની માફક પ્રજાને દુઃખોથી કેવી રીતે સંયુક્ત કરી શકે ! (૨૨) જેથી કાળથીજ પુરૂષ તથા રોગોની ઉત્પત્તિ થાય છે. સંપૂર્ણ જગત કાળનેજ વશ છે જેથી કાળજ સર્વનું કારણ રૂપ છે. (૨૩).

પુનર્વસુજીનો મત.

तथर्षीणांविवदतामुवाचेदंपुनर्वसुः । मैवंवोचततत्त्वंहिदुष्प्रापंपक्षसंश्रयात् ॥२४॥ वादासमतिवादान्हिवदन्तोनिश्चितानिव । पक्षान्तंनवगच्छन्तितिलपीडकवद्गतौ ॥ २५ ॥ मुक्त्वैनंवादसंघट्टमध्यात्ममनुचिन्त्यताम् । नाविधूतेतमःस्कन्धेज्ञेयेज्ञानंप्रवर्तते ॥ २६ ॥ येषामेवहिभावानांसम्पत्सञ्जनयेन्नरम् । तेषामेवविपद्व्याधीन्विविधान्समुदीरयेत् ॥ २७ ॥

આ સાંભળી ભગવાન આત્રેય પુનર્વસુજીએ કહ્યું કે આ પ્રકારથી વિવાદ ન કરો. કેમકે પક્ષપાત કરવાથી તત્વ નીકળી શકતું નથી. ૨૪. જેમ ઘાંણી—કે કોલ્હાનો બળદ ચાલતાં ચાલતાં કદી પણ છેડે જઈ શકતો નથી તેવી રીતે નિશ્ચય કરીને વાત તથા પ્રતિવાદને કરનારા પુરૂષોના પક્ષનો અંત આવતો નથી. ૨૫. જેથી વાદનો ત્યાગ કરીને તત્વનો વિચાર કરીએ કેમકે અંધકાર ગયા સિવાય દુર પડેલી જાણીતી વસ્તુનું પણ જ્ઞાન થઈ શકતું નથી. ૨૬. જે પદાર્થોની સંપત્તિ સારી રીતે હોવાથી મનુષ્યની ઉત્પત્તિ થાયછે તેજ પદાર્થોની વિપત્તિથી (તેજ પદાર્થોમાં વિકાર થવાથી) રોગ ઉત્પન્ન થાય છે. (૨૭)

કાશિરાજ વામકનો પ્રશ્ન.

अथात्रेयस्यभगवतोवचनम् ।निशम्य नरेववामकःकाशिपतिरुवाचभगवन्तमात्रेयम् । भगवन्सम्पन्निमित्तजस्यपुरुषस्यविपन्निमित्तजानांरोगाणांकिमाभि-

द्धिकारणमिति । त वाचभगवानात्रेयोहिता ।रोपयोगःएकएवपुरुषस्यअभिवृ-
द्धिकरोभवतिआहेता ।रोपयोगःपुनर्व्याधीनांनिमित्तमिति ॥ २८ ॥

આ વચન સાંભળીને ફરી કાશિરાજ વામકે કહ્યું કે હે ભગવાન! સમ્પન્નિમિતજ રોગોની વૃદ્ધિનું શું કારણ છે?

આ સાંભળી આત્રેયજીએ કહ્યું કે કેવળ હિતકારી આહારજ પુરૂષની વૃદ્ધિનું કારણ છે. અને અહિત આહારનો વ્યવહાર રોગોની વૃદ્ધિનું કારણ છે. (૨૮)

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेश उवाच । कथमिहभगवन् ! हिताहितानामा-
हारजातानांलक्षणमनपवादमभिजानीयाहितसमाख्यातानांचैवहारजातानामहि-
तसमाख्यातानाश्चमात्राकालक्रियाभूमि देहदोषपुरुषावस्थान्तरेषुविपरीत कारि-
त्वमुपलभामहे इति ॥ २९ ॥

આ સાંભળી અગ્નિવેશે ભગવન્ આત્રેયજીને પૂછયું કે હે ભગવન્! હિતકારી તથા અહિતકારી આહારોનું નિર્દોષ લક્ષણ કેવા પ્રકારથી જાણ્યું જાય કેમકે હિતકારી તથા અહિતકારી આહારોની માત્રા, સમય, ક્રિયા, ભૂમિ, દેહ, દોષ તથા પુરૂષોની અવસ્થા એ સર્વની વિશેષતાથી વિપરિત (ઉલટું) ફળ પ્રાપ્ત થઇ શકે છે. ૨૯

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । यदाहारजातमग्निवेश । समांश्चैवशरीरधातून्प्रकृतौस्था-
पयतिविषमांश्चसमीकरोतिइत्वेतद्धितांविद्धिविपरीतमहितमितिएतद्धिताहित ल-
क्षणमनपवादंभवति ॥ ३० ॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને આત્રેયજીએ કહ્યું કે હે અગ્નિવેશ! જે અહાર શરીરની સમ ધાતુઓને સ્વાભાવિક રાખે છે અને વિષમ ધાતુઓને સ્વાભાવિક રાખે છે અને વિષમ ધાતુઓને સમ કરી શકે છે તેને હિતકારી જાણો અને તેથી વિપરિતને અહિતકારી જાણો. હિત તથા અહિત જાણવાનું આ નિર્દોષ લક્ષણ છે. (૩૦)

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनश्च भगवन्तमात्रेयमग्निवेशउवाच । भगवन् ! नन्वेतदेवमुपदिष्टंभूयि-
ष्ठकल्पाःसर्वभिषजोविज्ञास्यन्ति ॥ ३१ ॥

આ પ્રમાણે ભગવાન આત્રેયજીનાં વચન સાંભળીને અગ્નિવેશે કહ્યું કે હે ભગવાન! આ પ્રકારના ઉપદેશથી પ્રાયઃ સર્વ વૈદ્યોને તેનું જ્ઞાન થઇ શકશે નહીં (૩૧)

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । येषांविदितमाहारतत्त्वमग्निवेश ! गुणतो द्रव्यतःकर्मतः
सर्वावयवतोमात्रादयोभावास्तएतदेव पादिष्टंविज्ञातुमुत्सहन्ते । यथा खल्वेतदु-

पदिष्टंभूयिष्ठकल्पाः सर्वे भिषजोविज्ञास्यन्तितथैतदुपदेक्ष्यामः मात्रादीन्भावानुदाहरन्तःतेषांहिबहुविधविकल्पाभवन्ति । आहारविधिविशेषांस्तुखलुलक्षणतश्चावयवतश्चानुव्याख्यास्यामः ॥ ३२ ॥

અગ્નિવેશનાં વચન સાંભળીને આત્રેયજીએ કહ્યું કે હે અગ્નિવેશ! જે અહારના તત્ત્વને ગુણ દ્રવ્ય તથા ક્રિયાઓ દ્વારા જાણે છે અને માત્રાદિકને પણ સર્વ પ્રકારથી જાણે છે તે આ પ્રકારના ઉપદેશથી તેને જાણી શકશે. પરંતુ જે પ્રકારના ઉપદેશથી ખરી રીતે સર્વ વૈદ જાણી શકે તે પ્રકારથી માત્રાદિ ભાવોનું ઉદાહરણ દઇને ઉપદેશ કરૂં છું. માત્રાદિકોના બહુજ પ્રકારના વિકલ્પ છે. આહાર વિધિના વિશેષોનાં લક્ષણ તથા અવયવોના અનુસાર આગળ કહીએ છીએ.

આહારોના ભેદ તથા હિતકારી દ્રવ્યોનું વર્ણન.

आहारत्वम् । आहारस्यैकविधमर्थाभेदात्सपुनर्द्वियोनिःस्थावरजङ्गमात्मकत्वात् । द्विविधःप्रभावोहिताहितोदर्कविशेषाच्चतुर्विधोपयोगः पानाशनभक्ष्यलेह्योपयोगात् षडास्वादोरसभेदतःषड्विधत्वाद्विंशतिगुणोगुरुलघुशीतोष्णस्निग्धरुक्षमन्दतीक्ष्णा स्थिरसरमृदुकठिनविशदपिच्छिलश्लक्ष्णखरसूक्ष्मस्थूलसान्द्रद्रवानुगमनात् ॥३३॥ अपरिसंख्येयविकल्पोद्रव्यसंयोगकरणबाहुल्यात्तस्ययेयेविकारावयवाभूयिष्ठमुपयुज्यन्ते । भूयिष्ठकल्पनाश्चमनुष्याणांप्रकृत्यैवहिततमाश्चाहिततमाश्चतांस्तान्यथावदनुव्याख्यास्यामः ॥ ३४ ॥

तद्यथालोहितशालयःशूकधान्यानांपथ्यतमत्वेश्रेष्ठतमाः । मुद्गाःशमीधान्यानाम्, आन्तरीक्ष्यमुदकानां, सैन्धवंलवणानां, जीवन्तीशाकंशाकानाम् । ऐणेयंमृगमांसानां, लावःपक्षिणां, गोधाबिलेशयानां, रोहितोमत्स्यानां, गव्यंसर्पिःसर्पिषां, गोक्षीरंक्षीराणां, तिलतैलंस्थावरजातानांस्नेहानां, वराहवसाअनूपमृगवसानांचुलुकीवसामत्स्यवसानां, हंसवसाजलचरविहङ्गवसानां, कुक्कुटवसाविष्किरशकुनिवसानामाजमेदःशाखादमेदसां, शृङ्गवेरंकन्दानां, मृद्वीकाफलानां, शर्कराइक्षुविकाराणाम् । इतिप्रकृत्यैवहिततमानामाहारविकाराणांप्राधान्यतोद्रव्याणिव्याख्यातानि ॥ ३५ ॥

अहिततमानामप्युपदेक्ष्यामः । यवकःशूकधान्यानामपथ्यत्वेप्रकृष्टतमाभवन्ति । माषाःशमीधान्यानां, वर्षानादेयमुदकानामौषरंलवणानां, सर्षपशाकंशाकानां, गोमांसंमृगमांसानां, कालकपोतःपक्षिणां, भेकोबिलेशयानां, चिलिचिमोमत्स्यानामाविकंसर्पिः सर्पिषामाविक्षीरंक्षीराणां, कुसुम्भस्नेहःस्नेहानां स्थावराणां, महिषवसाआनूपमृगवसानां, कुम्भीरवसामत्स्यवसानां, काकमद्गुवसाजलचराव -

गवसानां, मूलकंकन्दानां, चाटकवसाविष्किरशकुनिवसानां, हस्तिमेदः शाखादमेदसां, लिकुचंफलानां, फाणितमिक्षुविकाराणामिति[illegible]त्यैवअहिततमानामाहारविकाराणांनिकृष्टतमानिद्रव्याणिव्याख्यातानि ॥ ३६ ॥

हिताहितावयवानामाहारविकाराणाम्, अतोभूयःकर्मौषधानां प्राधान्यतः ॥ सानुबन्धानिद्रव्याणिअनुव्याख्यास्यामः । तद्यथा—अन्नं[illegible]श्रेष्ठम् । उदकमाश्वासकराणां, सुराश्रमहराणां, क्षीरंजीवनीयानां, मांसंबृंहणीयानां, रसस्तर्पणीयानां, लवणमन्नद्रव्यरुचिकराणामम्लंहृद्यानां, कुक्कुटोबल्यानां, नक्ररेतोवृष्याणां, मधुश्लेष्मपित्तप्रशमनानां, सर्पिर्वातपित्तशमनानां, तैलंवातश्लेष्मप्रशमनानां, वमनंश्लेष्महराणां, विरेचनंपित्तहराणां, बस्तिर्वातहराणां, स्वेदोमार्दवकराणां, व्यायामःस्थैर्य्यकाराणां, क्षारःपुंस्त्वोपघातिनां, तिन्दुकमन्नद्रव्यरुचिकराणामामं कपित्थमकण्ठ्यानामाविकंसर्पिरहृद्यानामजाक्षीरंशोषघ्नस्तन्यसात्म्यरक्तसांग्राहिकरक्तपित्तप्रशमनानामविक्षीरंश्लेष्मपित्तोपचयकराणां, महिषीक्षीरंस्वप्नजननानां, मन्दकंदध्यभिष्यन्दकराणां, गवेधुकान्नंकर्पणीयानामुद्दालकान्नंविरूक्षणीयानामिक्षुर्मूत्रजननां, यवाःपुरीषजननानां, जाम्बवंवातजननानां, शष्कुल्यःश्लेष्मपित्तजननानां, कुलुत्थाअम्लपित्तजननानां, प्राषाःश्लेष्मपित्तजननानां, मदनफलंवमनास्थापनानुवासनोपयोगिनां, त्रिवृत्सुखविरेचनानां, चतुरङ्गुलंमृदुविरेचनानां, स्नुक्पयस्तीक्ष्णविरेचनानां, प्रत्यक्पुष्पीशिरोविरेचनानां, विडङ्गंक्रिमिघ्नानां, शिरीषोविषघ्नानां, खदिरःकुष्ठघ्नानां, रास्नावातहराणामामलकंवयःस्थापनानां, हरीतकीपथ्यानामेरण्डमूलंवृष्यवातहराणां, पिप्पलीमूलंदीपनीयपाचनीयानाहप्रशमनानां, चित्रकमूलंदीपनीयगुदशूलशोथहराणां, पुष्करमूलंहिक्काश्वासकासपार्श्वशूलहराणां, मुस्तंसंग्राहकदीपनीयपाचनीयानामुदीच्यंनिर्वापणीयदीपनीयच्छर्द्यतीसारहराणां, कट्वङ्गंसंग्राहकदीपनीयपाचनीयानाम् । अनन्तासंग्राहिकदीपनीयरक्तपित्तप्रशमनानाममृतासंग्राहिकवातहरदीपनीयश्लेष्मशोणितविबन्धप्रशमनानां, बिल्वंसंग्राहिकदीपनीयवातकफशमनानामतिविषादीपनीयपाचनीयसंग्राहिकसर्वदोषहराणामुत्पलकुमुदपद्मकिञ्जल्काःसंग्राहकरक्तपित्तप्रशमनानां, दुरालभापित्तश्लेष्मोपशोषणानां, गन्धप्रियङ्गुः शोणितपित्तातियोगप्रशमनानाम् ॥ ३७ ॥

कुटजत्वक्श्लेष्मपित्तरक्तसंग्राहकोपशोषणानां, काश्मर्य्यफलंरक्तसंग्राहकरक्तपित्तप्रशमनानां, पृश्निपर्णीसंग्राहकवातहरदीपनीयवृष्याणां, विदारिगन्धावृष्यसर्वदो-

पहराणां, बला ग्राहिबल्यवातहराणां, गोक्षुरको मूत्रकृच्छ्रानिलहराणां, हिङ्गुनिर्य्यासःछेदनीयदीपनीयभेदनीया[illegible]लोमिकवातकफप्र[illegible]मनानामम्लवेतसोभेदनीयदीपनीया[illegible]लोमिकवातश्लेष्मप्रशमनानां,यावशूकःस्रंसनीयपाचनीयार्शोघ्नानां, तक्राभ्यासोग्रहणीदोषाशोंघृतव्यापत्प्रशमनानां, क्रव्यादमांसाभ्यासोग्रहणीदोषशोषार्शोघ्नानां, घृतक्षीराभ्यासोरसायनानां, समघृतसक्तुकाभ्यासोवृष्योदावर्त्तहराणां, तैलगण्डूषाभ्यासो दन्तबलरुचिकराणां, चन्दनोडुम्बरंदाहनिर्वापणानां, रास्लागुरुणीशीतापनयनप्रलेपनाननलामज्जकोशीरेदाहत्वग्दोषस्वेदापनयनप्रलेपनानां, कुष्ठंवातहराभ्यङ्गोपनाहयोगिनां, मधुकंचक्षुष्यवृष्यकेश्यकण्ठ्यवर्ण्यवल्यविरजनीयरोपणीयानां, वायुः प्राणसंज्ञाप्रधानहेतूनामग्निरामस्तम्भशीतशूलोद्वेपनप्रशमनाना[illegible] ॥ ३८ ॥

આહારમાં આહારત્વ એકજ પ્રકારનું છે કેમકે અર્થમાં કાંઇ ભેદ નથી. સ્થાવર તથા જંગમ ભેદથી આહારના ઉત્પત્તિ સ્થાન બે છે. હિતકારી તથા અહિતકારી ભેદથી આહારનો પ્રભાવ બે પ્રકારનો છે. પ્રાન, અશન, ભક્ષ્ય તથા લેહ્યભેદથી આહારનો પ્રયોગ ચાર પ્રકારનો છે. રસોના ભેદથી આહારનો સ્વાદ છ પ્રકારનો છે. ગુરૂ લઘુ, શીત, ગરમ, સ્નિગ્ધ, રૂક્ષ, મંદ, તીક્ષ્ણ, સ્થિર, સર, મૃદુ, કઠિન, વિશદ, પિચ્છિલ, સ્લક્ષ્ણ, ખર, સુક્ષ્મ, સ્થુલ, ઘન તથા દ્રવ્ય આ વિસ આહારના ગુણ છે. (૩૩) દ્રવ્ય સંયોગ તથા સંસ્કારોના ભેદથી આહારના વિકલ્પ અસંખ્યે છે. તેમાંથી જે જે વિકલ્પોના અવયવ બહુધા વ્યવહાર કરવામાં આવે છે અથવા સ્વભાવથીજ મનુષ્યોને બહુજ હિતકારી તથા અહિતકારી હોય છે તેનું યથાવત્ વર્ણન કરવામાં આવે છે. (૩૪) જેમકે શૂક ધાન્યોમાંથી લાલ ધાન્ય (અનાજ) અત્યંત પથ્ય (અનુકુળ) હોવામાં બહુજ શ્રેષ્ટ છે. શમી ધાન્યોમાં મગ બહુજ શ્રેષ્ટ છે. જળમાં વરસાદનું જળ શ્રેષ્ટ છે. મીઠામાં સીંધવ સર્વથી શ્રેષ્ટ છે. શાકોમાં જીવન્તી (ખરખોડી–ડોડી)નું શાક શ્રેષ્ટ છે. મૃગોના માંસમાં કાલાહરણનું માંસ શ્રેષ્ટ છે. પક્ષિયોના માંસમાં લવા પક્ષીનું માંસ શ્રેષ્ટ છે. દરમાં રહેનાર જીવોના માંસમાં ઘોનું માંસ શ્રેષ્ટ છે. માછલીયોમાં રોહ માછલી શ્રેષ્ટ છે. ઘીમાં ગાયનું ઘી સર્વથી શ્રેષ્ટ છે. દુધમાં ગાયનું દુધ સર્વથી શ્રેષ્ટ છે. જંગલમાં રહેનાર મૃગોની ચરબીમાં, શુકર (ડુકર)ની ચરબી સર્વથી શ્રેષ્ટ છે. માછલીની ચરબીમાં શલકી માછલીની ચરબી સર્વથી શ્રેષ્ટ છે. જલચર પક્ષિયોની ચરબીઓમાં હંસની ચરબી સર્વથી શ્રેષ્ટ છે. વિષ્કિર પક્ષિયોની ચરબીમાં મરઘડાની ચરબી સર્વથી શ્રેષ્ટ છે. શાખા તથા પત્તાં ખાનાર પશુઓની ચરબીયોમાંથી બકરીની ચરબી સર્વથી શ્રેષ્ટ છે, કંદોમાં આદુ સર્વથી શ્રેષ્ટ છે. ફળોમાં દ્રાક્ષ સર્વથી શ્રેષ્ટ છે, અને ઇક્ષુ વિકારોમાં સાકર સર્વથી શ્રેષ્ટ છે. આ સ્વાભાવિક સર્વથી અધિક હિતકારી ભોજનની વસ્તુ કહેવામાં આવી. (૩૫) હવે અહિતકારી વસ્તુ કહેવામાં આવે છે. શૂક ધાન્યોમાં જવ, શમી ધાન્યોમાં અડદ, જળમાં વર્ષાકાળની નદીનું જળ, લવણ (મીઠું)માં ખારૂં મીઠું, શાકોમાં સરસવનું શાક, પશુઓના માંસમાં ગોમાંસ, પક્ષિયોના માંસમાં કાળા કબુતરનું માંસ, દરમાં રહેનાર જીવોના માંસમાં દેડકાનું માંસ અધિક અપકારી છે. માછલીયોમાં ચિલ ચીમ માછલી અધિક

અપકારી છે. ઘીમાં ઘેટીનું અને દુધમાં ઘેટીનું દુધ, સ્થાવર તેલોમાં કસુંબાનું તેલ, અનુપદેશના પશુઓની ચરબીઓમાં ભેંસની ચરબી, માછલીયોની ચરબીયોમાં કુંભીર માછલી, જળચર પક્ષીયોની ચરબીયોમાંથી જળકોઆની ચરબી, કંદોમાં મુળા, વિષ્કીર પક્ષિયોની ચરબીમાં કારંડવ પક્ષીની ચરબી, શાખા ખાનાર પશુઓની ચરબીયોમાં હાથીની ચરબી, ફળોમાં વડનાં ફળ, ઇક્ષુ વિકારોમાં રાબ અધિક અપકારી અને અપથ્ય છે. આ સ્વાભાવિક અહિતકારી આહારની વસ્તુઓમાંથી સર્વથી અધિક અપકારી વસ્તુ કહી છે. (૩૬) હિત તથા અહિતકારી આહારનો વિષય તો કહ્યો હવે કર્મ તથા ઔષધોની અનુબંધ સહિત પ્રધાન દ્રવ્યોનું વ્યાખ્યાન કરવામાં આવે છે. જેવા કે વૃત્તિ (જીવન ધારણોપાય) કારી પદાર્થોમાં અન્ન શ્રેષ્ટ છે. આશ્વાસકારી પદાર્થોમાં જળ શ્રેષ્ટ છે. શ્રમનાશક પદાર્થોમાંથી મદ શ્રેષ્ઠ છે. આયુષ્યવર્ધક પદાર્થોમાંથી દુધ સર્વથી શ્રેષ્ટ છે. ધાતુવર્ધક પદાર્થોમાંથી માંસ સર્વથી શ્રેષ્ટ છે, અન્નમાં રૂચિ વધારનારા પદાર્થોમાં મીઠું સર્વથી શ્રેષ્ટ છે. હૃદ પદાર્થોમાં ખટાઇ સર્વથી શ્રેષ્ટ છે. બળકારી પદાર્થોમાંથી મુરઘાનું માંસ સર્વથી શ્રેષ્ટ છે. કામિયોને હિતકારી પદાર્થોમાંથી નંક (મગર મચ્છ)નું વિર્ય સર્વથી શ્રેષ્ટ છે. કફ તથા પીત્તનાશક પદાર્થોમાં મદ સર્વથી શ્રેષ્ટ છે. વાયુ તથા પીત્તનાશક પદાર્થોમાં ઘી સર્વથી શ્રેષ્ટ છે. વાયુ તથા કફનાશક પદાર્થોમાં તેલ શ્રેષ્ટ છે. કફનાશક કર્મોમાં ઉલટી, પિત્તનાશક કર્મોમાં વિરેચન. વાતનાશક કર્મોમાં બસ્તિ કર્મ, શરીરને નમ્ર કરવામાં સ્વેદ (પરશેવો), દ્રઢ કરવામાં કસરત, કૃશતા કરવામાં મૈથુન, પુરૂષત્વ નષ્ટ કરવામાં ક્ષાર, અન્ન પર અરૂચિ કરવામાં ટીંબરૂનાં ફલ સર્વ પ્રધાન માનવામાં આવે છે, સ્વર બગાડવામાં કપીત્થ (કાચી સોપારી) હૃદયને અપ્રિય દ્રવ્યમાં ઘેટીનું ઘી, યક્ષ્મા (ક્ષય) નાશક, દુધ વધારનાર, સાત્મ્ય રૂધિરને રોકનાર, રક્તપિત્ત નાશક, પદાર્થોમાં બકરીનું દુધ શ્રેષ્ટ છે. કફ તથા પિત્ત વર્ધક પદાર્થોમાં ઘેટીનું દુધ શ્રેષ્ટછે નિંદ્રાકારક પદાર્થોમાં ભેંસનું દુધ શ્રેષ્ટ છે, અભિષ્યન્દકારી પદાર્થોમાં મંન્દક દહીં, કૃશતાકારક પદાર્થોમાં ગવેધુક ધાન્ય (થેગી) શ્રેષ્ટ છે. રૂક્ષતાકારી પદાર્થોમાંથી ઉદ્દાલક અન્ન શ્રેષ્ટછે, મુત્રકારી પદાર્થોમાં શેરડી, મળવર્ધક પદાર્થોમાં મોટાં જાંબુ, કફ, પિત્તવર્ધક પદાર્થોમાં શલ્કુલી, અમ્લ પિત્ત કારક પદાર્થોમાં કુલ્થી, પિત્ત–કફકારક વિકારોમાં અડદ, અને ઉલટી, આસ્થાપન અને અનુવાસનમાં મીંઢળ, સુખ પૂર્વક જુલાબ કરનાર પદાર્થોમાં નસોતર શ્રેષ્ટ છે. તીક્ષ્ણ વિરેચક પદાર્થોમાંથી થોરનું દુધ શ્રેષ્ટ છે, શિરો વિરેચન કરવામાં અંઘેડાનાં બી, કૃમિ નષ્ટ કરવામાં વાવડીંગ, વિષ ઉતારવામાં સરસવ, કુષ્ટ નાશ કરવામાં કાથો, વાત નાશ કરવામાં રાસ્ના, આયુષ્યનું સ્થાપન કરવામાં આંબળાં, સર્વ પ્રકારના પથ્ય પદાર્થોમાં હરડે, કામિયોને હિતકારી તથા વાતનાશક પદાર્થોમાં એરંડનું મૂળ શ્રેષ્ટ છે, દીપન, પાચન તથા આફરાનો નાશ કરનાર પદાર્થોમાં નાગરમોથ શ્રેષ્ટ છે. હિક્કા, શ્વાસ, ખાંસી તથા પડખાનાં શૂળ મટાડનાર દ્રવ્યોમાં પીપળીમૂળ શ્રેષ્ટ છે. દીપન ગુદાનાં શૂળ તથા સોજાને નાશ કરનાર પદાર્થોમાં ચિત્રકમૂળની છાલ શ્રેષ્ટ છે. આહિ દીપન તથા પાચન પદાર્થોમાં નાગરમોથ શ્રેષ્ટ છે. હિચકી, શ્વાસ, ખાંસી, પડખાનુ શૂળ મટાડનાર દ્રવ્યોમાં પુષ્કર મૂળ શ્રેષ્ટ છે. નિર્વાપન (દાહ–બળતરાને શાંત કરનાર) દીપન, પાચન તથા ઉલટી ઝાડાને નાશ કરનાર પદાર્થોમાં સુગંધીવાળો શ્રેષ્ટ છે. આહિ દીપન પાચન પદાર્થોમાં ઉપલસરી શ્રેષ્ટ છે. આહી તથા રક્તપિત્તનાશક પદાર્થોમાં દુર્વા–દરો શ્રેષ્ટ છે. આહી વાતનાશક દીપન, કફ

રક્તવિકારનાશક તથા વિબંધ (કબજીયાત) નાશક પદાર્થોમાં ગળો શ્રેષ્ઠ છે, ગ્રાહી દીપન તથા વાતકફનાશક પદાર્થોમાં બીલીફળ શ્રેષ્ઠ છે. દીપન પાચન, ગ્રાહી તથા સર્વ દોષનાશક પદાર્થોમાં અતીવીષ શ્રેષ્ઠ છે. ગ્રાહી તથા રક્તપિત્તનાશક પદાર્થોમાં કમલગટ્ટાનાં લફરાં તથા કમળનાં કેસર શ્રેષ્ઠ છે. તથા કફનાશક પદાર્થોમાં જવાસા શ્રેષ્ઠ છે. બહુજ વધી ગયેલા રક્તપિત્તનો નાશ કરનાર પદાર્થોમાં ગંધપ્રિયંગુ શ્રેષ્ઠ છે. (૩૭) રૂધિરને રોકનાર, કફ પિત્ત તથા કલેદનો નાશ કરનાર પદાર્થોમાં કડાની છાલ શ્રેષ્ઠ છે. ગ્રાહી તથા રક્તપિત્તનાશક પદાર્થોમાં કાશ્મીરીનાં ફળ શ્રેષ્ઠ છે, ગ્રાહી, વાતનાશક દીપન, પાચન તથા કામિયોને હિતકારી પદાર્થોમાં પૃષ્ટપર્ણી શ્રેષ્ઠ છે. કામિયોને હિતકારી તથા સર્વ દોષનાશક પદાર્થોમાં શાલીપર્ણી શ્રેષ્ઠ છે. ગ્રાહી, બળકારી તથા વાતનાશક પદાર્થોમાં વિદારીકંદ શ્રેષ્ઠ છે. મૂત્રકૃચ્છ તથા વાતનાશક પદાર્થોમાં ગોખરૂ શ્રેષ્ઠ છે. છેદન, દીપન તથા દોષોને પોતાના માર્ગને અનુસાર કરનાર તથા વાત કફનાશક પદાર્થોમાં હીંગ શ્રેષ્ઠ છે. ભેદન, દીપન દોષોને પોતાના માર્ગને અનુસાર કરનાર તથા વાત કફ શાન્ત કરનાર પદાર્થોમાં અમ્લવેતસ્ શ્રેષ્ઠ છે. સ્ત્રંસન, પાચન તથા હરસનાશક પદાર્થોમાં જવખાર શ્રેષ્ઠ છે. ગ્રહણીદોષ, હરસ તથા ઘી પીવાથી થયેલા રોગોને શાંત કરનાર પદાર્થોમાં છાસ પીવી સર્વથી શ્રેષ્ઠ છે. ગ્રહણીદોષ, (સંધરણી) યક્ષ્મા (ક્ષય) તથા હરસનાશક માંસમાં ક્રવ્યાદ પક્ષીનાં માંસ ખાવાનો અભ્યાસ શ્રેષ્ઠ છે. રસાયનોમાં દુધ ઘીનો અભ્યાસ શ્રેષ્ઠ છે. કામિયોને હિતકારી તથા ઉદાવર્તનાશક પદાર્થોમાં કાંજીમાં ઘી મેળવીને રોજ ખાવું શ્રેષ્ઠ છે. દાંતોને બળ આપનાર અને રૂચિકારક પદાર્થોમાં તેલને મુખમાં લઈ કોગળા કરવાનો અભ્યાસ સર્વથી શ્રેષ્ઠ છે. દાહનાશક લેપોમાં સુખડનો તથા ઉમરડાનો લેપ શ્રેષ્ઠ છે. શીતનાશક લેપનોમાં રાસના અથવા અગરનો લેપ શ્રેષ્ઠ છે. બળતરા, ચામડીના દોષ અને પરસેવાને મટાડનાર લેપોમાં ખસ, વાતનાશક અભ્યંગો અથવા પ્રલેપોમાં કુઠ, (ઉપલેટ) નેત્રને હિતકારી, વીર્યવર્દ્ધક, કેશ, કંઠ, વર્ણને હિતકર્તા, કાન્તિવર્ધક તથા રોપણ પદાર્થોમાં જેઠીમદ શ્રેષ્ઠ છે. પ્રાણી તથા સંજ્ઞાનાં પ્રધાન કારણોમાં વાયુ શ્રેષ્ઠ છે. આમ સ્તંભ, શીત શૂળ તથા કંપનાશક પદાર્થોમાં અગ્નિ શ્રેષ્ઠ છે. ૩૮

जलंस्तम्भनीयानां, मृद्भृष्टलोष्ट्रनिर्वापितमुदकंतृष्णातियोगप्रशमनानामतिमात्राशनमामप्रदोषहेतूनां, यथाग्न्यभ्यवहरणोऽग्निसन्धुक्षणानां, यथासात्म्यंचेष्टाभ्यवहारः सेव्यानांकालभोजनमारोग्यकराणां, वेगसन्धारणमनारोग्यकराणां, तृप्तिराहारगुणानां, मद्यंसौमनस्यजननानां, मद्याक्षेपोधीधृतिस्मृतिहराणां, गुरुभोजनंदुर्विपाकानामेकाशनभोजनंसुखपरिणामकराणा, स्त्रीषुअतिप्रसङ्गःशोषकराणां, शुक्रवेगनिग्रहःशाण्ड्यकराणां, परायतनमन्नमश्रद्धाजननानामनशनमायुषोह्रासकराणां, प्रमिताशनंकर्षणीयानामजीर्णाध्यशनंग्रहणीदूषणानां विषमाशनमग्निवैषम्यकराणां, विरुद्धवीर्याशनंनिन्दितव्याधिकराणां, प्रशमः-
[illegible]सर्वापथ्यानां, मिथ्यायोगोव्याधिसुखानां, रजस्वलाभिगम-

नामलक्ष्मीकाणां, ब्रह्मचर्य्यमायुष्कराणां, सङ्कल्पोवृष्याणां, दौर्मनस्यमवृष्याणा-मयथाबलमारम्भःप्राणोपरोधिनां, विषादोरोगवर्द्धनानाम् ॥ ३९ ॥

સ્તંભનકારી પદાર્થોમાં જળ શ્રેષ્ટ છે. અત્યંત તૃષા નાશક પદાર્થોમાં તાવેલી માટી (ઠીંકરં યા ઇંટ) ઉની કરી પાણીમા બોળવી તે જળ (છમકારેલું પાણી) સર્વથી શ્રેષ્ટ છે. આમ દોષકારી પદાર્થોમાં બહુજ ભોજન શ્રેષ્ટ છે. અગ્નિ વર્ધક પદાર્થોમાં અગ્નિને અનુસાર ભોજન કરવું સર્વથી શ્રેષ્ટ છે. અભ્યાસ કરવાને યોગ્ય પદાર્થોમાં અભ્યાસને અનુકુળ કાર્ય કરવા તે શ્રેષ્ટ છે. આરોગ્યકારી પદાર્થોમાં સમયને અનુકુળ ભોજન કરવું તે શ્રેષ્ટ છે. રોગકારી પદાર્થોમાં મળમૂત્રાદિ વેગોને રોકવા તે શ્રેષ્ટ છે. મનને પ્રસન્ન કરનાર પદાર્થોમાં મધ શ્રેષ્ટ છે. બુદ્ધિ ધૈર્ય તથા સ્મૃતિનાશક પદાર્થોમાં મધનું મદ સર્વથી શ્રેષ્ટ છે. સારી રીતે ભોજન ન પચવામાં એકવાર ભોજન કરવું શ્રેષ્ટ છે. શોષકારક પદાર્થોમાં–મૈથુન, નપુંષકતા લાવનાર પદાર્થોમાં વીર્યના વેગને રોકવો શ્રેષ્ટ છે, અન્નમાં અશ્રદ્ધાકારી પદાર્થોમાં મેલા સ્થાનમાં બેસી ભોજન કરવું સર્વથી શ્રેષ્ટ છે. આયુષ્યને ક્ષીણ કરનારમાં ઉપવાસ, કૃશતા કરવામાં થોડું ભોજન કરવું, અગ્નિને વિસ કરવામાં વિષમ ભોજન, કોઢ આદિ નિંદિત રોગને ઉત્પન્ન કરવામાં માછલી અને દુધ વિગેરે એક બીજાથી વિરૂદ્ધ ભોજન કરવું તે છે, પથ્યોમાં શાન્તિ શ્રેષ્ટ છે, અપથ્યમાં શ્રમ શ્રેષ્ટ છે. રોગને ઉત્પન્ન કરવા માટે આહાર વિહારનો મિથ્યા યોગ શ્રેષ્ટ છે. અલક્ષ્મી કરવા માટે રજસ્વળા સ્ત્રીથી ગમન કરવું શ્રેષ્ટ છે. આયુષ્યનું હિત કરવા માટે બ્રહ્મચર્ય શ્રેષ્ટ છે. કામિયોનું હિત કરવામાં સંકલ્પ શ્રેષ્ટ છે. કામિયોનું અહિત કરવા માટે મનની ખિન્નતા શ્રેષ્ટ છે. પ્રાણ નાશ કરનારમાં બળથી અધિક કામ કરવું શ્રેષ્ટ છે. રોગ વધારવા માટે ખેદ શ્રેષ્ટ છે. ૩૯.

स्नानंश्रमहराणां, हर्षःप्रीणनानां, शोकःशोषणानां, निर्वृतिः पुष्टिकराणामति-स्वप्नस्तन्द्राकराणां, सर्वरसाभ्यासोबलकराणामेकरसाभ्यासोदौर्बल्यकराणां, गर्भशल्यमनाहार्य्याणामजीर्णमुद्धार्य्याणां, बालोमृदुभेषजीयानां, वृद्धोयाप्यानां, गर्भिणीतीक्ष्णौषधव्यायामवर्जनीयानां, सौमनस्यंगर्भधारकाणां, सन्निपातोदुश्चिकित्स्यानामामोविषमचिकित्स्यानां, ज्वरोरोगाणां, कुष्ठंदीर्घरोगाणां, राजयक्ष्मा-रोगसमूहानां, प्रमेहोऽनुषङ्गिणाम् ॥ ४० ॥

શ્રમનો નાશ કરવા માટે સ્નાન કરવું શ્રેષ્ટ છે. મનને સંતુષ્ટ કરવા માટે હર્ષ શ્રેષ્ટ છે. શરીરને સુકાવી દેવા માટે શોક કરવો શ્રેષ્ટ છે. પુષ્ટતા કરવા માટે સંતોષ શ્રેષ્ટ છે. તંન્દ્રા કરવા માટે અધિક નિંદ્રા શ્રેષ્ટ છે. બળ પ્રાપ્તિ માટે સંપૂર્ણ રસોમાં સંપૂર્ણ રસોના ભોજનનો અભ્યાસ શ્રેષ્ટ છે. દુર્બળતા કરવા માટે એક રસના ભોજનનો અભ્યાસ શ્રેષ્ટ છે. અનાકર્ષણિયોમાં ગર્ભશલ્ય, વમનના રોગોમાં અજીર્ણ, મૃદુ ઔષધોથી ચિકિત્સા કરવામાં બાળક, યાપ્ય સાધ્યોમાં વૃદ્ધ પુરૂષના રોગ, તીક્ષ્ણ ઔષધ તથા વ્યાયામ, અને પુરૂષ સંસર્ગનો ત્યાગ કરવાને માટે ગર્ભવંતી સ્ત્રી, ગર્ભ ધારણ કરવામાં મનની પ્રસન્નતા, દુઃસાધ્ય રોગોમાં સંન્નિપાત, વિષમ ચિકિત્સાવાળા રોગોમાં આમદોષ, સંપૂર્ણ રોગોમાં તાવ, દીર્ઘ રોગોમાં કોઢ, રોગ સમુહોમાં રાજ્યક્ષ્મા, અને હંમેશ રહેનાર રોગોમાં પ્રમેહ શ્રેષ્ટ છે.

जलौकसो॰ शस्त्राणां, बस्तिस्तन्त्राणां, हिमवानौषधिभूमीनां, मरु॰ रारोग्यदेशानामनूपमहितदेशानां, निर्देशकारित्वमातुरगुणानां, भिषक्चिकित्साङ्गानां, नास्तिकोवर्ज्यानांलौल्यंक्लेशकराणामनिर्देशकारित्वमरिष्टानामनिर्वेदआर्त्तलक्षणानां, योगोवैद्यगुणानां, [illegible] षधीनां, शास्त्रसहितस्तर्कःसाधनानां, सम्प्रतिपत्तिःकाल ॰नप्रयोजनानाम, योगोव्यवसायकालातिपत्तिहेतूनां, दृष्टकर्मतानिःसंशयकराणामसमर्थता॰ यकराणां, तद्विद्यसम्भाषाबुद्धिवर्द्धनानामाचार्य्यःशास्त्राधिगमहेतूनामायुर्वेदोऽमृतानां, सद्वचनमनुष्ठेयानामसम्बद्धवचनंसंग्रहणंसर्वाहितानां, ॰र्वसंन्यासः॰ खानामिति ॥ ४१ ॥

શસ્ત્ર કર્મોમાં જલૌકા, તંદ્રા કરવા માટે બસ્તિ, ઔષધી સ્થાનોમાં હિમાલય, આરોગ્યકારી દેશોમાં મરૂદેશ, અહિતકારી સ્થાનોમાં અનુપદેશ, રોગીના ગુણોમાં આજ્ઞાકારીત્વ, ચિકિત્સાના અંગોમાં વૈદ્ય, ત્યાગવા યોગ્યમાં નાસ્તિક, ક્લેશ કરાવનારમાં લોભ, મૃત્યુ લક્ષણોમાં રોગીએ આજ્ઞા ન માનવી, રોગીના લક્ષણોમાં ખેદનું ન થવું, વૈદના ગુણોમાં યોગ, ઔષધિયોમાં વિજ્ઞાન, સાધનોમાં શાસ્ત્ર સહિત તર્ક, કાલજ્ઞાનના પ્રયોજનમાં જ્ઞાન, વ્યવસાયના કાલને વ્યતિત કરનાર કારણોમાં અનુયોગ, નિઃસંશય કરનારમાં દૃષ્ટ કર્મતા, ભય કરનારમાં અસમર્થતા, અને બુદ્ધિવર્ધકોમાં જે વિદ્યાને પોતે જાણતા હોય તે વિદ્યાને જાણનાર સાથે વાર્તાલાપ કરવો શ્રેષ્ટ છે. શાસ્ત્રજ્ઞાનના કારણોમાંથી આચાર્ય શ્રેષ્ટ છે. અમૃતોમાં આયુર્વેદ શ્રેષ્ટ છે. અનુષ્ઠાન કરનાર યોગ્યોમાં સદ્વચન શ્રેષ્ટ છે. સર્વ પ્રકારના અહિતકારકોમાં અસંબદ્ધ વચનનું ગ્રહણ કરવું શ્રેષ્ટ છે, અને પરમાનંદદાયકમાં સર્વ ત્યાગ શ્રેષ્ટ છે. ૪૧.

भवन्ति चात्र.

अग्र्याणांशतमुद्दिष्टंयद्द्विपञ्चाशदुत्तरम् । अलमेतद्विकाराणां विघातायोपदिश्यते ॥ ४२ ॥ [illegible] र्थास्तेषांश्रेष्ठस्यलक्षणम् । ज्यायस्त्वंकार्य्यकारित्वेऽवरत्वंचा॰ [illegible] ॥ ४३ ॥

આ પ્રકારે સંપૂર્ણ પદાર્થોમાં જે ૧૫૨ શ્રેષ્ટ પદાર્થ કહ્યા છે તે તે રોગ મટાડવામાં મુખ્ય કહેલા છે. તેમાં સમાન કાર્ય કરનારા પદાર્થોમાંથી શ્રેષ્ટતાકાર્ય કરવામાં ઉત્તમતા તથા નીચતાનું વર્ણન કરવામાં આવ્યું છે. ૪૨-૪૩

वातपित्तकफेभ्यश्चयद्यत्प्रशमनेहितम् । प्राधान्यतश्चनिर्दिष्टंयद्व्याधिहरमुत्तमम् ॥ ४४ ॥ एतन्निशम्यनिपुणांचिकित्सांसम्प्रयोजयेत् । एवंकुर्वन्सदावैद्योधर्मकामौसमश्नुते ॥ ४५ ॥ पथ्यंयथानपेतंयद्यच्चोक्तंमनसःप्रियम् । यच्चाप्रियमपथ्यंचनियतंतन्नलक्षयेत् ॥ ४६ ॥

વાત, પિત્ત તથા કફને શાન્ત કરવામાં જે જે હિત છે અને રોગોને દુર કરવામાં જે ઉત્તમ છે તે પ્રધાનતાથી કહેવામાં આવ્યું છે. આ વિષયને સાંભળીને વૈદ ચતુરતાપૂર્વક ચિકિત્સા કરવી એમ કરવાથી ધર્મ તથા કામને સદા ભોગવે છે. જે વસ્તુ પથ્ય તથા મનને

પ્રિય કહી ગઇ છે તેને પથ્ય સમજવી જોઇએ, અને જે અપથ્ય તથા મનને અપ્રિય કહી ગઈ છે તે કુપથ્ય જાણી તે તરફ લક્ષ આપવું નહિ. ૪૪–૪૫–૪૬.

मात्राकालक्रियाभूमिदेहदोषगुणान्तरम् । प्राप्यतत्तद्धिदृश्यन्तेततोभावास्तथातथा ॥ ४७ ॥ तस्मात्स्वभावोनिर्दिष्टस्तथामात्रादिराश्रयः । तदपेक्ष्योभयंकर्मप्रयोज्यंसिद्धिमिच्छता ॥ ४८ ॥

માત્રા, કાલ, ક્રિયા, ભૂમિ, દેહ, તથા દોષોથી ગુણુન્તર થવાથી સંપૂર્ણ પદાર્થ હિતકારી તથા અહિતકારી થઇ જાય છે. તેના સ્વભાવ તથા માત્રા આદિ આશ્રય કહેવામાં આવ્યા, આ બંનેનો વિચાર કરીને કાર્યની સિદ્ધિ ઇચ્છનાર વૈદ્યે ચિકિત્સા કરવી. ૪૭–૪૮.

અગ્નિવેશનો પ્રશ્ન,

तदात्रेयस्यभगवतोवचनमनुनिशम्यपुनरपिभगवन्तमात्रेयमग्निवेशउवाच । यथोद्देशमभिनिर्दिष्टः केवलोऽयमर्थोभगवता श्रुतस्त्वस्माभिः । आसवद्रव्याणामिदानींलक्षणम् तेसंक्षेपेणोपदिश्यमानंशुश्रूषामहेइति ॥ ४८ ॥

ભગવાન્ આત્રેયજીનું આ વચન સાંભળીને અગ્નિવેશે ફરી આત્રેયજીને કહ્યું કે હે ભગવાન્! આપે આ જે વિષય કેવળ ઉદ્દેશને અનુસાર વર્ણન કર્યો તે અમે સર્વેએ સાંભળ્યો. હવે આ સર્વ દ્રવ્યોનાં લક્ષણ વિસ્તાર પૂર્વક સાંભળવા ઇચ્છા રાખું છું. ૪૮.

तमुवाचभगवानात्रेयः । धान्यफलसारपुष्पकाण्डपत्रत्वचोभवन्त्यासवयोनयः अग्निवेश ! संग्रहेणाष्टौशर्करानवमास्तासुद्रव्यसंयोगकरणतोऽपरिसंख्येयासुयथापथ्यतमानासवानांचतुरशीतिंनिबोधसुरासौवीरतुषोदकमरेयमेदकधान्याम्लषड्धान्यावासवाः । मृद्वीकाखर्जूरकाश्मर्यधन्वनराजादनतृणशूल्यपरूषाभयामलकमृगलण्डिकाजाम्बवकपित्थ–बकुल–बदरकर्कन्धुपीलुप्रियालपनसन्यग्रोधाश्वत्थप्लक्षकपीतनोदुम्बराजमोदशृङ्गाटकशंखिनीतिफलासवाःषड्विंशतिः । विदारिगन्धाश्वगन्धाकृष्णगन्धाशतावरीश्यामात्रिवृद्दन्तीद्रवन्तीबिल्वोरुबुकचित्रकैरेकादशमूलासवाः । शालप्रियकाश्वकर्णचन्दनस्यन्दनखदिरकदरसप्तपर्णार्जुनासनारिमेदतिन्दुककिणिहीशमीशुक्तिशिंशपाशरीषवञ्जुलधन्वनमधूकसारासवा विंशतिः ॥ ५० ॥

આ સાંભળીને આત્રેય ભગવાન કહેવા લાગ્યા કે હે અગ્નિવેશ! ધાન્ય ફળ, મૂળ, સાર, ફુલ, ડાંડી, પાન, છાલ આ આસવનાં ઉત્પત્તિ સ્થાન છે. અને સંગ્રહથી નવમી સાકર છે. તે દ્રવ્યોના સંયોગથી અસંખ્ય આસવ થઇ જાય છે. તેમાંથી ૪૮ પ્રકારના આસવ પથ્ય તમ (અત્યંત પથ્ય) થાય છે. તે સાંભળો.—સુરા, સૌવીર, (કાંજી) તુષોદક, મૈરેય, મેદક તથા ધાન્યામ્લ આ છ પ્રકારના આસવ ધાન્ય (અનાજ) થી ઉત્પન્ન થાય છે. કાળીદ્રાક્ષ, ખજુર, શીવણ ફૂલ, ધન્વન, ચારોળી, કેતકીનાં ફૂલ, ફાલસા, હરડે, આમળાં, બ્હેડાં, જાંબુ, કાથો, મોલસરી (બકુલ) ચણીબોર જંગલી બોર,

અખરોટ, પ્રિયાલ, ફળુસ, વડનાં ફળ, પીપળાનાં ફળ, પીંપરનાં ફળ, પારસપીંપળો, ઉમરડો, અજમો, સીગોડાં અને શંખિની આ ૨૬ પ્રકારના આસવ ફળોથી પ્રકટ થાય છે. વિદારીગંધ, આસંન, સુહાંજના, શતાવર, નસોતર, (કાળુ અને લાલ), દંતીમૂળ, મોટાને પાળાનાં મૂળ, બીલી મૂળ, એરંડમૂળ ચિત્રકમૂળ એ સર્વના મૂળથી ૧૦ પ્રકારના આસવ બને છે. ધોળો ડામર, કાંગ, મોટો ગજ-શાલ, રતાંજળી, તિનસ (મિશોહરમો) ખેર, ધોળી ખેર (ચીનાઈ કાથો), સાત્વિન અર્જુન, બીયો, દુર્ગન્ધિત ખેર, ટીંબરૂ, અધેડો, શમડો, છીપ, સીસમ, સરસત્વ, આસોપાલવ, ધન્વન (ધ્રામણુ) અને મહુડાં તે ૨૦ પ્રકારના વૃક્ષોના સારથી ૨૦ પ્રકારના આસવ બને છે. ૫૦.

पद्मोत्पलनलिनकुमुद सौगन्धिकपुण्डरीकशतपत्रमधूक प्रियङ्गूधातकीपुष्पैर्दशमाः पुष्पासवाः । इक्षुकाण्डेक्षुइक्षुवालिकापुण्ड्रकचतुर्थाःकाण्डासवाः । पटोलताडी-पत्रासवौद्वौभवतः । तिल्वकलोध्रैलवालुकक्रमुकचतुर्थास्त्वगासवाभवन्ति । शर्करासवएकएव । इत्येषामासवानामासुतत्त्वादासवसंज्ञाएवमेषामासवानांचतुरशीतिः परस्परेणासंसृष्टानामासवद्रव्याणामुपनिर्दिष्टाः । द्रव्यसंयोगविभागस्त्वेषांबहुविकल्पसंस्कारश्च यथास्वयोनिसंस्कारसंस्कृताश्चासवाःस्वंकर्मकुर्वन्तिसंयोग-संस्कारदेशकालमात्रादयश्चभावास्तेषांतेषामासवानांतेतेसमुपदिश्यन्तेतत्तत्कार्य-मभिसमीक्ष्येति ॥ ५१ ॥

કમળ, ઉપલેટ, કમલ પુષ્પ, રોહીસ ઘાસ, કમળ, શતપત્ર (કમળ) મહુડાનાં ફુલ, પ્રિયંગુનાં ફુલ, ધાવડીનાં ફુલ એ સર્વથી ૧૦ પ્રકારના ફુલોના આસવ બને છે. પરવળનાં પાન તથા ગડનાં પાનથી બે પ્રકારનો આસવ બને છે. શેરડી, ઇક્ષુઆલિકા, એખરો તથા પૌંડ્ર (મધુ માધવી) એ ચારોથી ચાર પ્રકારના કાંડાસવ બને છે. તિલ્લક (તિલબાવરડી) લોધર, ચણકબાબ તથા સોપારી આ ચાર વૃક્ષોની છાલોથી ચાર પ્રકારના છાલના આસવ બને છે. સાકરથી શર્કરાસવ ૧ પ્રકારનો બને છે. ઉપર કહેલા સર્વ પ્રકારના મધ આસુતત્વ (એકઠા કરી રાખવાં) થવાથી આસવ કહેવાય છે. પરસ્પર નહી મેળવવામાં આવેલ આસવ દ્રવ્યોથી ૮૪ પ્રકારના આસવ બને છે. અને તે દ્રવ્યોના સંયોગના વિભાગમાં બહુજ વિકલ્પ તથાસંસ્કાર થાય છે. પોતાના કારણુ તથા સંસ્કારાનુસાર આસવમાં ગુણુ હોય છે. સંયોગ સંસ્કાર, દેશ, કાળ માત્રા આદિનો વિચાર કરીને આસવોનો ઉપયોગ કરવો. આ પ્રકારે જે જે આસવ જે જે પ્રકારે જે જે પદાર્થનો બનાવવામાં આવે છે તેનું યોગ્ય વર્ણન કરવામાં આવ્યું છે. ૫૧.

भवन्ति चात्र.

ઉપસંહાર.

मनःशरीराग्निबलप्रदानामस्वप्नशोकारुचिनाशनानाम् । संहर्षणानांप्रवरासवा-नामशीतिरुक्ताचतुरुत्तरैषा ॥ ५२ ॥ शरीरयोगप्रकृतौमतानितत्त्वेनचाहारवि-निश्चयोयः । उवाचयज्ज्ञःपुरुषादिकेऽस्मिन्मुनिस्तथाद्र्याणिवरासवांश्चइति॥५३॥

આ અધ્યાયમાં એ શ્લોક છે કે મન શરીર, તથા અગ્નિને બળદાયક, અનિદ્રા, શોક તથા અરૂચિનાશક અને હર્ષકારક આ ૮૪ પ્રકારના આસવ કહ્યા છે. શરીરના યોગમાં

હિતકારી વસ્તુ અને તત્વપૂર્વક આહારનો નિશ્ચય એ સર્વ વિષય આ યજ્જ પુરૂષિય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યા છે. ૫૨–૫૩.

इति अन्नपाचन चतुष्के यज्जः पुरुषीयोऽध्यायः पंचविंशः समाप्तः ॥२५॥

ઈતિ અન્નપાચન ચતુષ્કે યજ્જ પુરૂષીયોધ્યાય નામનો પચીસમો અધ્યાય સમાપ્ત થયો. ॥ ૨૫ ॥

षड्विंशोऽध्यायः

अथात आत्रेय भद्रकाप्यीयमध्यायं व्याख्या स्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે આત્રેય ભદ્રકાપ્યીય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

અનેક ૠષિયોના અનેક મત.

आत्रेयोभद्रकाप्यश्चशाकुन्तेयस्तथैवच । पूर्णाख्यश्चैवमौद्गल्योहिरण्याक्षश्चकौशिकः ॥ १ ॥ यःकुमारशिरानामभरद्वाजःसचानघः । श्रीमान्वार्य्योविदश्चैवराजामतिमतांवरः ॥ २ ॥ निमिश्चराजावैदेहोबडिशश्चमहामतिः । काङ्कायनश्चबाह्लीकोबाह्लीकभिषजांवरः ॥ ३ ॥ एतेश्रुतवयोवृद्धाजितात्मानोमहर्षयः । वनेचैत्ररथेरम्येसमीयुर्विजिहीर्षवः ॥ ४ ॥ तेषांतत्रोपविष्टानामियमर्थवतीकथा । बभूवार्थविदांसम्यक्रसाहारविनिश्चये ॥ ५ ॥ एकएवरसइत्युवाचभद्रकाप्योयंपञ्चानामिन्द्रियार्थानामन्यतमंजिह्वा[illegible]वमाचक्षतेकुशलाः । सपुनरुदकादनन्यइति ॥ ६ ॥

એક વખત આત્રેય, ભદ્રકાપ્ય, શાકુન્તેય, પૂર્ણાક્ષ, મૌદ્ગલ્ય, હિરણ્યાક્ષ, કૌશિક, મહાત્મા કુમારશિરા, ભરદ્વાજ, બુદ્ધિમાનોમાં શ્રેષ્ટ શ્રીમાન રાજર્ષિ વાર્યોવિદ, નિમિ, રાજર્ષિ વૈદેહ, વિશાલબુદ્ધિ, બડિશ, કાંકાયન, બાલ્હીક, આ સંપૂર્ણ વિદ્યામાં અને આયુષ્યમાં વૃદ્ધ, જીતેન્દ્રિય મહાત્મા લોક રમણ કરવા યોગ્ય ચૈત્રરથ પ્રભૃતિ સ્થાનોમાં વિચરણ કરનારાઓ તેઓ એક સ્થાનમાં એકત્ર થયા તે વખતે તે ૠષિઓની સભામાં રસાહાર સંબંધી સિદ્ધાન્ત નિશ્ચય કરવાને માટે વાર્તાલાપનો આરંભ થયો. તે વખતે ભદ્રકાપ્ય ૠષિએ કહ્યું કે રસ એકજ છે કેમકે એ રસને ચતુર લોક પાંચ ઈંદ્રિયોના વિષયમાંથી જીહ્વા ઇંદ્રિયનો વિષય કહીએ છીએ તે અથવા રસ જલથી જુદો નથી. ૧ થી ૬.

द्वौरसावितिशाकुन्तेयोब्राह्मणश्छेदनीयश्चोपशमनीयश्चेति ॥ ७ ॥

त्रयोरसाइतिपूर्णाक्षःमौद्गल्यश्छेदनीयोपशमनीयौसाधारणाश्च ॥ ८ ॥

આ સાંભળી શાકુન્તેય બ્રાહ્મણે કહ્યું કે છેદનીય તથા ઉપશમનિય એમ બે રસ છે. ૭.

•પૂર્ણાક્ષય મૌદ્ગલ્ય કહેવા લાગ્યા કે રસ ત્રણ પ્રકારના છે. ૧ છેદન (શોધન) કર્તા, ૨ શમનકર્તા, ૩ સાધારણ. ૮.

चत्वारोरसा इतिहिरण्याक्षःकौशिकः स्वादुर्हितश्च स्वादुरहितश्च अस्वादुरहितश्चा-स्वादुर्हितश्चेति ॥ ९ ॥

હિરણ્યકૌશિક કહેવા લાગ્યા કે હિતકરસ્વાદુ, અહિતકરસ્વાદુ, અહિતકર અસ્વાદુ, અને હિતકર અસ્વાદુ આ પ્રકારે ૪ પ્રકારના રસ છે. ૯.

पञ्चरसा इतिकुमारशिराभरद्वाजोभौमौदकाग्नेयवायव्यान्तरिक्षाः ॥ १० ॥

કુમારશિરા ભરદ્વાજ કહેવા લાગ્યા કે ભૌમ, ઔદક, આગ્નેય, વાયવ્ય, આન્તરિક્ષ એ ભેદોથી પાંચ પાંચ પ્રકારનો રસ થાય છે. ૧૦.

षड्रसाइतिवार्य्योविदोराजर्षिःगुरुलघुशीतोष्णस्निग्धरूक्षाः ॥ ११ ॥

રાજર્ષિ વાર્યોવિદ કહેવા લાગ્યા કે ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણુ, સ્નિગ્ધ, રૂક્ષ આ ભેદોથી રસ ૭ પ્રકારનો થાય છે. ૧૧.

सप्तरसाइतिनिमिर्वैदेहोमधुराम्ललवणकटुकतिक्तकषायक्षाराः ॥ १२ ॥

નિમિવૈદેહ કહેવા લાગ્યા કે રસ સાત પ્રકારનો થાય છે જેવો કે મધુર, ખાટો, લ-વણુ, કડવો તીખો, તુરો અને ખારો. ૧૨.

अष्टौरसाइतिबडिशोधामार्गवोमधुराम्ललवणकटुतिक्तकषायक्षाराव्यक्ताः ।१३॥

બડિશધાભાર્ગવ કહે છે કે મીઠો, ખાટો ખારો, તીખો, તુરો, ક્ષાર અને વ્યકત આ ભેદથી રસ આઠ પ્રકારનો થાય છે. ૧૩.

अपरिसंख्येयारसाइतिकाङ्कायनोबाह्लीकभिषगाश्रयगुणकर्मसंस्कार विशेषाणाम-परिमेयत्वात् ॥ १४ ॥

કાંકાયન કહેવા લાગ્યા કે રસ અપરિસંખ્યેય છે કેમકે આયુર્વેદાશ્રિત ગુણકર્મ સંસ્કાર વિશેષોથી અસંખ્ય કલ્પના થઈ શકે છે. ૧૪.

षडेवरसाइत्युवाचभगवानात्रेयःपुनर्वसुःमधुराम्ललवणकटुतिक्तकषायाः । तेषां-षण्णांरसानांयोनिरुदकम् । छेदनोपशमनेद्वेकर्मणी । तयोर्मिश्रीभावात्साधारण-त्वंस्वाद्वस्वादुताभक्तिः । द्वौहिताहितौप्रभावौ । पञ्चमहाभूतविकारास्त्वाश्र-याः ॥ १५ ॥

તે પર ભગવાન આત્રેયજીએ કહ્યું કે નહીં રસ ૭ પ્રકારના થાય છે. જેવા કે મીઠો, ખાટો, ખારો, કડવો, તીખો અને તુરો આ ૭ રસોના કારણુ જળ છે. છેદન અને ઉપ-શમન આ રસોના બે કર્મ છે. તે સર્વ રસો મળીને સાધારણુ રીતે બે સ્વાદ મનાય છે. ૧ સ્વાદુ, ૨ અસ્વાદિષ્ટ હિતકર અગર અહિતકર આ બે પ્રકારના રસોના પ્રભાવ હોય છે. અને પાંચ મહાભૂતોના વિકાર રસના આશ્રય માનવામાં આવે છે. ૧૫.

प्रकृतिविकृतिविचारदेशकालवशास्तेषुआश्रयेषुद्रव्यसंज्ञकेषुगुणागुरुलघु शीतो-ष्णस्निग्धरूक्षाद्याः ॥ १६ ॥

તે આશ્રય—પ્રકૃતિ, વિકૃતિ, વિકાર, દેશ, કાળને વશ મનાય છે. ફરી તે દ્રવ્યનામક આશ્રય ગુરૂ, લઘુ, શીત, ગરમ, રૂક્ષ, આદિ ગુણોના આશ્રયીભૂત છે. ૧૬.

रणात्क्षारोनासारसोद्रव्यंतदनेकरससमुत्पन्नमनेकरसंकटुकलवणभूयिष्ठमनेके-न्द्रियार्थसमान्वितंकरणाभिनिर्वृत्तम् ॥ १७ ॥

ક્ષરણ થવાથી ક્ષાર રસ નહીં પણ દ્રવ્ય છે તે અનેક રસોથી ઉત્પન્ન થાય છે જેથી તેમાં અનેક રસ હોય છે પરંતુ કડવો તથા ખારો રસ અધિક હોય છે. ક્ષાર અનેક ઇન્દ્રિયોના વિષયથી સંયુક્ત છે, અને ક્રિયાથી સિદ્ધ હોય છે. ૧૭.

अव्यक्तीभावस्तुखलुरसानांप्रकृतावनुरसेअनुरससमन्वितेवाद्रव्ये ॥ १८ ॥ अ-[illegible]यत्वंपुनरेतेषामाश्रयादीनांभावानां विशेषान्नाश्रीयतेनचतस्मादन्यत्व-मुपपद्यते ॥ १९ ॥

રસ પોતાની પ્રકૃતિમાં તથા અનુરસ દ્રવ્યોમાં ભળી જાય છે. જેથી માલુમ પડતો નથી. ૧૮ તે રસને આશ્રિત અનેક દ્રવ્ય છે. જેથી આશ્રયોના ભેદથી રસ પણ અસંખ્ય પ્રકારના થઇ શકે છે. પરંતુ તે રસજ રહે છે બીજું થતું નથી. ૧૯

परस्परंसंसृष्टभूयिष्ठत्वान्नचैषामनिर्वृत्तिर्गुणप्रकृतीनामपारसंख्येयत्वंभवति । त-स्मान्नसंसृष्टानांरसानांकर्मोपदिशन्तिबुद्धिमन्तः ॥ २० ॥

એવી રીતે પરસ્પર ભળવાથી વા અધિકતાથી રસોની અસિદ્ધિ થતી નથી પણ ગુણ તથા પ્રકૃત્તિયો અસંખ્ય થાય છે જેથી બુદ્ધિમાન વૈદ મિશ્ર રસોના કર્મનો ઉપદેશ કરતો નથી. ૨૦.

तच्चैवकारणमपेक्षमाणाःषण्णांरसानांपरस्परेणासंसृष्टानांलक्षणपृथक्त्वमुपदेक्ष्यामः । अग्रेतुतावद्द्रव्यभेदमभिप्रेत्यकिञ्चिदभिधास्यामः । सर्वंद्रव्यंपाञ्चभौतिकमस्मिन्न-र्थेतच्चेतनावदचेतनञ्च । तस्यगुणाःशब्दादयोगुर्वादयश्चद्रवान्ताः । कर्मपञ्चवि-धमुक्तंवमनादि ॥ २१ ॥

એ કારણની અપેક્ષાથી પરસ્પર મિશ્રીત નહીં થયેલા છએ રસોના લક્ષણોનો જુદો જુદો ઉપદેશ કરૂં છું. અને આગળ દ્રવ્યોના ભેદના વિષયમાં કાંઇક કહીશું.

આ શાસ્ત્રમાં જે દ્રવ્યોનું વર્ણન છે તે સર્વ પાંચભૌતિક છે તેમાંથી કાંઇક ચૈતન્ય છે અને કાંઇક જડ છે. શબ્દાદિક તથા દ્રવ્ય પર્યન્ત ગુરૂ આદિક દ્રવ્યોના ગુણ છે અને વમનાદિક પાંચ દ્રવ્યોના કર્મ છે. ૨૧.

પાર્થિવાદિ દ્રવ્યોના ગુણ કર્મ.

तत्रद्रव्याणिगुरुखरकठिनमन्दस्थिरविषदसान्द्रस्थूलगन्धगुणबहुलानिपार्थिवानि-तान्युपचयसङ्घातगौरवस्थैर्य्यकराणि ॥ २२ ॥

એ દ્રવ્યોમાં ગુરૂ, ખર, કઠિન, મંદ, સ્થિર, વિષદ, સાન્દ્ર, સ્થુલ અને ગંધ એ ગુણ પાર્થિવ (પૃથ્વી સંબંધી) હોય છે, પાર્થિવ દ્રવ્ય શરીરને પુષ્ટ, કઠિન, ગુરૂતા અને સ્થિરતાને કરનાર હોય છે. ૨૨.

द्रवस्निग्धशीतमन्दमृदुपिच्छिलरसगुणबहुलान्याप्यानितान्युपक्लेदस्नेहबन्धविष्यन्द-मार्दवकराणि ॥ २३ ॥

જે દ્રવ્ય દ્રવ, સ્નિગ્ધ, ઠંડું, મંદ, મૃદુ, પિચ્છીલ, સર તથા રસ ગુણ પ્રધાન હોય છે. તે જલીય દ્રવ્ય માનવું. જલીય દ્રવ્ય—ક્લેદ, સ્નિગ્ધતા, બંધ વિષ્યંદ, અને આલ્હાદતા. કરનાર છે. ૨૩.

उष्णतीक्ष्णसूक्ष्मलघुरूक्षविशदरूपगुणबहुलान्याग्नेयानितानिदाहपाकप्रभाप्रका-शवर्णकराणि ॥ २४ ॥

જે દ્રવ્ય ગરમ, તીક્ષ્ણ, સૂક્ષ્મ, લઘુ, રૂક્ષ, વિષદ, અને રૂપ, ગુણ પ્રધાન હોય છે તેને આગ્નેય દ્રવ્ય જાણવાં. આગ્નેય દ્રવ્ય શરીરમાં દાહ, પાક, પ્રભા, પ્રકાશ અને વર્ણને ઉત્પન્ન કરનાર છે. ૨૪.

लघुशीतरूक्षखरविषदसूक्ष्मस्पर्शगुणबहुलानिवायव्यानितानिरौक्ष्यग्लानिविचा-रवैषद्यलाघवकराणि ॥ २५ ॥

જે દ્રવ્ય, લઘુ, શીત, રૂક્ષ, ખર, વિષદ, સૂક્ષ્મ અને સ્પર્શ ગુણ પ્રધાન હોય છે તેને વાયવીય જાણવું. વાયવીય દ્રવ્ય-રૂક્ષતા, બેચેની, વિચાર, વિષદતા તથા લઘુતાને કરનાર છે. ૨૫.

मृदुलघुसूक्ष्मश्लक्ष्णशब्दगुणबहुलान्याकाशात्मकानितानिमार्दवसौषिर्य्यलाघवक-राणि ॥ २६ ॥

જે દ્રવ્ય મૃદુ, લઘુ, સૂક્ષ્મ, સ્લક્ષણ અને શબ્દ ગુણ પ્રધાન હોય છે તે આકાશીય છે. આકાશીય દ્રવ્ય મૃદુતા, પિત્ત તથા લઘુતાને કરે છે. ૨૬.

अनेनोपदेशेननानौषधिभूतंजगतिकिञ्चिद्द्रव्यमुपलभ्यते । तांयुक्तिमर्थञ्चतंतम-भिप्रेत्यनचगुणप्रभावादेवकार्मुकाणिभवन्ति ॥ २७ ॥

આ નિયમથી એ સિદ્ધ છે કે સંસારમાં જે કાંઇ વસ્તુ છે તેમાં પણ ઔષધિ તત્વ હોય છે. સંપૂર્ણ પદાર્થ પોતાના ગુણના પ્રભાવથી કાર્ય કર્તા નથી હોતા પણ અર્થ યોગ વિશેષની અપેક્ષાથીજ કાર્યકર્તા હોય છે. ૨૭.

द्रव्याणिहिद्रव्यप्रभावाद्गुणप्रभावाच्चतस्मिंस्तस्मिन्कालेतत्तदधिष्ठानमासाद्यतांता-ञ्चयुक्तिंयत्कुर्वन्तितत्कर्मयेनकुर्वन्तितद्वीर्य्यं, यत्रकुर्वन्तितदधिकरणंयदाकुर्वन्ति-सकालो यथाकुर्वन्तिसउपायोयत्साधयन्तितत्फलम् ॥ २८ ॥

સંપૂર્ણ દ્રવ્ય દ્રવ્યના પ્રતાપથી અને દ્રવ્ય ગુણના પ્રભાવથી યોગ્ય રીતે પ્રયોગ કરવાથી જે કાર્ય કરે છે તેને કર્મ કહે છે. તેમજ જેના દ્વારા કરવામાં આવે છે તેને વીર્ય કહે છે. અને જે વખતે કરવામાં આવે છે તેને કાલ કહે છે. અને જે પ્રકારે કહેવામાં આવે છે તેને ઉપાય કહે છે, અને કર્મદ્વારા જે સિદ્ધ થાય છે તેને ફળ કહે છે. ૨૮.

રસોના વિકલ્પની સંખ્યા.

भेदश्चैषांत्रिषष्टिविधिविकल्पोद्रव्यदेशकालप्रभावात्तदुपदेक्ष्यामः ॥ २९ ॥

આ દ્રવ્યોના દેશ, કાળ અને પ્રભાવ વિશેષથી ૬૩ પ્રકાર થાય છે તેનું આગળ વર્ણન કરીશું. ૨૯.

स्वा. रम्लादिभिर्योगंशेषैरम्लादयःपृथक् । यानिपञ्चदशैतानिद्रव्याणिद्विरसानितु ॥ ३० ॥ पृथगम्लादि. क्तस्ययोगःशेषैःपृथग्भवेत् । म. रस्यतथाम्लस्यलवणस्यकटोस्तथा ॥ ३१ ॥ त्रिरसानियथासंख्यंद्रव्योण्युक्तानिविंशतिः । वक्ष्यन्तेतुचतुष्केणद्र... ... श्चव ॥ ३२ ॥ स्वाद्वम्लोसहितौयोगंलवणाद्यैःपृथग्गता । योगंशेषैःपृणक्ष्यातःचतुष्कंरससंख्यया ॥ ३३ ॥ ...वादुलवणौतद्वत्कटुवादिभिःपृथक् । युक्तौशेषैःपृथग्योगंयातःस्वादूषणौयथा ॥ ३४ ॥ कट्वाद्यैरम्ललवणौसंयुक्तौसहितापृथक् । यातःशेषैःपृथग्योगंशेषैरम्लकटूतथा ॥ ३५ ॥ युज्यतेतुकषायेणसतिक्तौलवणोषणौ । षट्तुपञ्चरसान्याहुरेकैकस्यापवर्जनात् ॥ ३६ ॥ षट्चैवैकरसानिस्युरेकंषड्समेवतु । इतित्रिषष्टिर्द्रव्याणांनिर्दिष्टारससंख्यया ॥ ३७ ॥ त्रिषष्टिःस्यात्त्वसंख्येयारसानुरसकल्पनात् । रसास्तरतमाभ्यांतांसंख्यामभिपतन्तिहि ॥ ३८ ॥

મધુર વિગેરે જે ૭ રસ છે તેમાંથી સ્વાદુ રસના ખાટા વિગેરેના સંગથી બબેના સંયોગ કરવાથી પાંચ પ્રકાર થાય છે. જેમકે મધુરૂં અને ખાટું, મધુરૂં અને ખારૂ, મધુરૂ, તિખુ, મધુર કડવું, મધુરૂ તુરૂ, એવીજ રીતે ખાટા રસનો બબેથી સંયોગ કરવામાં આવે તો ચાર પ્રકાર થાય છે. જેમકે ખાટુ મીઠું, ખાટું તિખું, ખાટું કડવું, ખાટુ તુરૂ, આ ચાર પ્રકાર થયા. કારણ કે ખાટું મીઠુ પ્રથમ પાંચ પ્રકારમાં આવી ગયું છે જેથી ૭ રસોમાંથી એક રસને બીજા બીજા રસો સાથે મેળવવાથી જે રસને મેળવવામાં આવે તે કમી થતાં પાંચ પ્રકાર થાય છે. અને બીજા રસનું મિશ્રણ કરવાથી ચાર પ્રકાર રહે છે. તેવીજ રીતે ખારા રસનું મિશ્રણ કરવાથી ત્રણ પ્રકાર થાય છે. તિખા રસનું મિશ્રણ કરવાથી બે પ્રકાર થાય છે તથા કડવો રસ કેવળ એક પ્રકારનો રહે છે. એવી રીતે સર્વ મળીને ૧૫ પ્રકાર થયા. ત્રણ ત્રણના મળવાથી મધુર રસ ૧૦ પ્રકારના, ખાટો રસ ૬ પ્રકારનો, ખારો રસ ૩ પ્રકારનો અને તીખો રસ ૧ પ્રકારનો થાય. કુલ ૨૦ પ્રકાર થયા. ચાર ચારના સંયોગથી મધુર રસ ૧૦ પ્રકારના, ખાટા રસ ૪ પ્રકારના, ખારો રસ ૧ પ્રકારનો થયો. એ સર્વને ભેગા કરવાથી ૧૫ પ્રકાર થાય. પાંચ પાંચના મિશ્રણથી મધુર ૬ પ્રકારનો, ખાટો ૧ પ્રકારનો, એ મિશ્ર કરવાથી ૬ પ્રકાર થયા. અને ૭ રસોને એકત્રિત કરવાથી ૧ પ્રકાર થયો. એવી રીતે મધુર વિગેરે મુખ્ય રસોના જુદા જુદા રાખવાથી ૭ પ્રકાર થયા. સર્વનું મિશ્રણ કરવાથી ૬૩ પ્રકારના રસના ભેદ થયા. આ ૬૩ પ્રકારોમાં રસ અને અનુરસ એ અંશાંશ કલ્પના કરવાથી અત્યંત સંખ્યા વધી જાય છે. ૩૦ થી ૩૮.

संयोगाःसप्तपञ्चाशत्कल्पनातुत्रिषष्टिधा । रसानांतत्रयोग्यत्वात्कल्पितारसचिन्तकैः ॥ ३९ ॥ क्वचिदेकोरसःकल्प्यःसंयुक्ताश्चरसाःक्वचित् । दोषौषधादीन्समीक्ष्यभिषजासि... मिच्छता ॥ ४० ॥ द्रव्याणिद्विरसादीनिसं...क्तांश्चरसान्बुधः । रसानेकैकशोवैवकल्पयान्तिगदान्प्रति ॥ ४१ ॥

આ પ્રકારે સંયોગથી ૫૭ અને કલ્પના વિશેષથી ૬૩ પ્રકારના રસોના પ્રકાર થાય છે. રસ ચિંતકોએ રસ તંત્રમાં આ પ્રકારે કલ્પના કરી છે. સિદ્ધિની ઇચ્છા કરવા વાળા વૈદ્યોએ કોઇ એક અને કોઇ બહુ રસોથી યુક્ત દોષ અને ઔષધિયોનો વિચાર લેવો જોઇએ. બુદ્ધિમાન વૈદ્યોએ દ્રવ્ય અને દ્રવ્યોના રસ તથા રસ સંયોગ આદિનો વિચાર કરીને પ્રયોગ કરવો જોઈએ. ૩૯–૪૦–૪૧.

રસ વિકલ્પજ્ઞ વૈદની પ્રસંશા.

यःस्याद्रसविकल्पज्ञःस्याच्चदोषविकल्पवि- ।
नसमुह्येद्विकाराणां हेतुलिङ्गोपशान्तिषु ॥ ४२ ॥

જે વૈદ રસોના વિકલ્પને જાણે છે તથા દોષોના વિકલ્પને સારી રીતે જાણે છે તે વૈદ રોગના નિદાન, લક્ષણ અને ઉપાય કરવાને મોહને વશ થતો નથી. ૪૨.

व्यक्तःशुक्तस्यचादौचरसोद्रव्यस्यलक्ष्यते ।
विपर्य्ययेणानुरसोरसोनास्तिहिसप्तमः ॥ ४३ ॥

સંપૂર્ણ દ્રવ્યોમાં રસ બે પ્રકારનો જોવામાં આવે છે. ૧ વ્યક્ત રસ, ૨ અનુરસ. સુકા વા લીલા દ્રવ્યને મુખમાં નાંખવાથી જે રસપ્રતિત થાય છે તે વ્યક્ત રસ હોય છે અને તે રસ પ્રતિત થાય તેને અનુરસ કહે છે. જે સર આ વ્યક્ત અને અનુરસ ૭ રસો માંનાજ છે. અનુરસ ૭ થી જુદો કાંઈ સાતમો રસ નથી. ૪૩.

પરાદિ ગુણોનાં નામ.

परापरत्वेयुक्तिश्चसंख्यासंयोगएव च । विभागश्चपृथक्त्वञ्चपरिमाणमथापिच ॥ ४४ ॥ संस्कारोऽभ्यासइत्येतेगुणाज्ञेयाः परादयः । सिद्ध्युपायश्चिकित्साया-लक्षणैस्तान्प्रवक्ष्यते ॥ ४५ ॥

પરત્વ, અપરત્વ, યુક્તિ, સંખ્યા, સંયોગ, વિભાગ, પૃથકત્વ, પરિમાણ, સંસ્કાર, અને અભ્યાસ આ સર્વેનું યોગ્ય જ્ઞાન થયા સિવાય ચિકિત્સાદિની સિદ્ધિ થતી નથી જેથી આ તેનાં લક્ષણોને કહીએ છીએ. ૪૪–૪૫.

देशकालवयोमानपाकवीर्य्यरसादिषु ।
परापरत्वेयु[illegible]योजनायाचयुज्यते ॥ ४६ ॥

દેશ, કાલ, અવસ્થા, માન, પાત્ર, વીર્ય તથા રસાદિકોમાં પરત્વ તથા અપરત્વ (પ્રધાનતા તથા અપ્રધાનતા) જાણવામાં આવે છે. દોષોને જોઇને જે ઔષધીયોની કલ્પના કરવામાં આવે છે તેને યુક્તિ કહે છે. ૪૬

સંખ્યાદિનાં લક્ષણ.

संख्यास्याद्गणितंयोगः सहसंयोग उच्यते ।
द्रव्याणांद्वन्द्वसर्वैककर्मजोनित्यएवच ॥ ४७ ॥

એક બે આદિ ગણીતને સંખ્યા કહે છે. એક પ્રકારની બે પ્રકારની તથા બહુજ દ્રવ્યોના પરસ્પર યોગને સંયોગ કહે છે. આ સંયોગ દ્રવ્યોના એક અનેક તથા બે કાર્યોથી ઉત્પન્ન થયેલ અનિત્ય હોય છે. ૪૭

विभागस्तुविभक्तिस्तुवियोगोभागशाग्रहः ।
पृथक्त्वंस्यादसंयोगोवैलक्षण्यमनेकता ॥ ४८ ॥

ભાગ કરવો તેને વિભાગ વિભક્તિ તથા વિયોગ કહે છે. પરસ્પર અસંયોગને પૃથક્ત્વ અને અનેકતાને વૈલક્ષણ્ય કહે છે. ૪૮.

परिमाणंपुनर्मानंसंस्कारःकरणंमतम् ।
भावाभ्यसनमभ्यासःशीलनंसततक्रिया ॥ ४९ ॥
इतिस्वलक्षणैरुक्तागुणाःसर्वेपरादयः ।
चिकित्सायैरविदितैर्नयथावत्प्रवर्त्तते ॥ ५० ॥

તોલને પરિમાણુ કહે છે. વસ્તુઓ દ્રવ્યાદિકોનો સંયોગ કરવાથી જે વિશેષ રૂપ થાય છે તેને સંસ્કાર કહે છે. સત્ક્રિયાને નિરંતર સેવન કરવાને અભ્યાસ કહે છે. ૪૯ આ પ્રકારે પરત્વ આદિનાં લક્ષણોનાં વર્ણન કર્યાં છે તેના યથાર્થ જ્ઞાન વિના યથાર્થ ચિકિત્સા થતી નથી. ૫૦

गुणागुणाश्रयानोक्तास्तस्माद्रसगुणान्भिषक् ।
विद्याद्द्रव्यगुणान्कर्त्तुरभिप्रायाःपृथग्विधाः ॥ ५१ ॥

ગુણ ગુણોના આશ્રિત હોતા નથી, પરંતુ દ્રવ્ય ગુણના આશ્રય રૂપ હોય છે, જેથી રસના જે ગુણ કહ્યા છે તે રસના આશ્રયભૂત દ્રવ્યના ગુણ વૈદ્યે જાણુવા જોઈએ કેમકે ગ્રંથ કર્તાના અભિપ્રાય જુદા જુદા હોય છે. ૫૧

अतश्चप्रकृतिंबुद्ध्वादेशकालान्तराणिच ।
तन्त्रकर्त्तुरभिप्रायानुपायांश्चार्थमादिशेत् ॥ ५२ ॥

જેથી પ્રકૃતિ વિષય દેશ તથા કાલના ભેદને જાણીને અને ગ્રંથકર્તાના અભિપ્રાય તથા ઉપાયોને જાણીને અર્થ કહેવા જોઈએ. ૫૨.

परश्चातःप्रवक्ष्यन्तेरसानांषड्विभक्तयः ।
षट्पञ्चभूतप्रभवाःसंख्याताश्चयथारसाः ॥ ५३ ॥

આ ઉપરાંત રસોના ૭ વિભાગ અને જે પ્રકારે પાંચ મહાભૂતોથી ૭ રસ ઉત્પન્ન થાય છે તે વિષય કહેવામાં આવે છે. ૫૨.

सौम्याःखल्वापोऽन्तरिक्षप्रभवाःप्रकृतिशीतालघ्व्यश्चअव्यक्तरसाश्चतास्त्वन्तरिक्षाद्भ्रश्यमानाभ्रष्टाश्चपञ्चमहाभूतविकारगुणसमान्वताजङ्गमस्थावराणांभूतानांमूर्तीरभिप्रीणयन्तितासुमूर्त्तिषुषड्भिर्मूर्च्छन्तिरसाः ॥ ५४ ॥

આકાશમાં ઉત્પન્ન થયેલ જળ, સોમગુણ યુક્ત સ્વભાવથી શીતલ, હલકું તથા અવ્યક્ત રસ (જેમાં કોઈ રસ માલમ ન પડે તે) કહેવાય છે. તે રસ આકાશમાંથી પડીને પાંચ મહાભૂતોના ગુણોવાળું થઈ જંગમ તથા સ્થાવર પ્રાણીયોનાં શરીરોને તૃપ્ત કરે છે, અને તે શરીરોમાં ૭ પ્રકારના રસને પ્રકાશિત થાય છે. ૫૪

રસોની ઉત્પત્તિ.

तेषांषण्णांरसानांसोमगुणातिरेकान्म धुरोरसः, पृथिव्यग्निभूयिष्ठत्वादम्लःसलिला ग्निभूयिष्ठत्वाल्लवणोवाय्वग्निभूयिष्ठत्वात्कटुकोवाय्वाकाशातिरेकात्तिक्तःपवनपृथिव्यतिरेकात्कषायः । एवमेषांरसानांषट्त्वमुत्पन्नम् ॥ ५५ ॥

આ ૭ રસોમાંથી સોમગુણની અધિકતાથી મધુર રસ, પૃથ્વી તથા અગ્નિ ગુણની અધિકતાથી અમ્લ રસ જળ તથા અગ્નિગુણની અધિકતાથી લવણરસ વાયુ તથા અગ્ન ગુણની અધિકતાથી કટુરસ વાયુ તથા આકાશ ગુણની અધિકતાથી તીખોરસ, અને વાયુ તથા પૃથ્વી ગુણની અધિકતાથી તુરો રસ ઉત્પન્ન થાય છે, આ પ્રકારે આ ૭ રસ ઉત્પન્ન થાય છે. ૫૫

પંચ મહાભૂતોના ન્યુનાધિક્યનું ફળ.

न्यूनातिरेकविशेषान्महाभूतानामिवजङ्गमस्थावराणांनानावर्णाकृतिविशेषाःषड्ऋतुकत्वाच्चकालस्यउत्पन्नोमहाभूतानांन्यूनातिरेकविशेषः ॥ ५६ ॥

પંચ મહાભૂતોની ન્યુનતા તથા અધિકતાની વિશેષતાથી જંગમ તથા સ્થાવર પ્રાણિયોના નાના પ્રકારના વર્ણ તથા આકાર થાય છે, અને સમયના ૭ ૠતુ યુક્ત થવાથી મહાભૂતોની ન્યુનતા તથા અધિકતા ઉત્પન્ન થાય છે. ૫૬

અગ્નિ મારૂતાત્મક રસોનાં કર્મ.

तत्राग्निमारुतात्मकारसाःप्रायेणोर्द्ध्वभाजोलाघवात्प्लवकत्वाच्च वायोरूर्द्ध्वज्वलनत्वाच्चवह्नेःसलिलपृथिव्यात्मकास्तुप्रायेणाधोभाजःपृथिव्यागुरुत्वान्निम्नगत्वाच्चोदकस्यव्यामिश्रात्मकास्तु पुनरुभयतोभागभाजः ॥ ५७ ॥

આ રસોમાંથી ફરી અગ્નિ વાયુ આત્મક રસ ઉર્ધ્વસ્થાનમાં રહે છે, કેમકે વાયુ હલકી તથા વક્રગામી હોય છે, અને અગ્નિ ઉપરથી બળે છે. જળ તથા પૃથ્વિકાત્મક રસ ફરી અધર સ્થાનમાં રહે છે કેમકે પૃથ્વી ગુરૂ (ભારે) છે અને જળ અધોગામી છે. અને મળેલા રસ ઉર્ધ્વ તથા અધોભાગ બંનેમાં રહે છે. ૮

મધુરાદિ રસોના ગુણાગુણ.

तेषांषण्णांरसानामेकैकस्ययथाद्रव्यगुणकर्माण्यनुव्याख्यास्यामः । तत्रमधुरोरसः-शरीरसात्म्याद्रसरुधिरमांसमेदोऽस्थिमज्जौजःशुक्राभिवर्द्धनआयुष्यः षडिन्द्रियप्रसादनोबलवर्णकरःपित्तविषमारुतघ्नस्तृष्णाप्रशमनस्त्वच्यःकेश्यःकण्ठ्यःप्रीणनोजीवनस्तर्पणःस्नेहनःस्थैर्य्यकरःक्षीणक्षतसन्धानकरोघ्राणमुखकण्ठौष्ठताल्वप्रह्लादनोदाहमूर्च्छाप्रशमनःषट्पदपिपीलिकानामिष्टतमःस्निग्धःशीतोगुरुश्च ॥ ५८ ॥

આ ૭ રસોમાંથી પ્રત્યેક રસના દ્રવ્યાશ્રિત ગુણ તથા કર્મ કહીએ છીએ. મધુર રસ શરીરોને સાત્મ્ય હોવાથી રસ, માંસ, મેદ, હાડકાં, મજ્જા, ઓજ અને વિર્ય આ ધાતુઓની વૃદ્ધિ કરે છે. તથા આયુષ્યને વધારે છે. પંચેન્દ્રિય અને એક અતીન્દ્રિય (મન)ને પ્રસન્ન કરે છે. બળ તથા વર્ણને ઉતમ બનાવે છે. પિત્ત, વિષ, વાયુ અને તૃષાને નષ્ટ કરે

છે, ત્વચા, વાળ અને કંઠને ઉત્તમ કરે છે તથા શરીરને પુષ્ટ કરે છે. જીવન, તર્પણ, સ્નેહન કરી આયુષ્યને કાયમ રાખે છે. ક્ષીણ, ક્ષત પીડીત, મનુષ્યોને સંધાન કરે છે. નાક મોઢું, ગળુ, ઓઠ અને તાલુને પ્રસાન કરે છે. દાહ તથા મૂર્છાને શાંત કરે છે. ભ્રમર, ચેંટીયોને અત્યંત પ્રિય છે તથા સ્નિગ્ધ શીતળ અને ભારે ગુણવાળું છે. ૫૮

सएवंगुणोऽप्येकएवात्यर्थमुपयुज्यमानःस्थौल्यंमार्दवमालस्यमतिस्वप्नंगौरवमनन्ना भिलाषमग्नेर्दौर्बल्यमास्यकण्ठमांसाभिवृद्धिंश्वासकासप्रतिश्यायालसकशीतज्वरा- नाहास्यमाधुर्य्यवमथुसंज्ञास्व प्रणाशगण्डमालाश्लीपदगलशोफबस्तिधमनीगुदो- पलेपाक्ष्यामयानमभिष्यन्दमित्येवंप्रभृतीन्कफजान्विकारानुपजनयति ॥ ५९ ॥

આ પ્રકારે ગુણયુક્ત હોવા છતાં પણ મધુર રસને હંમેશાં સેવન કરવાથી મનુષ્યોને શરીરમાં મોટાપણું, નમ્રતા, આળસ નિદ્રા અધિક, ગૌરવતા, મંદાગ્નિ, અરૂચિ, મુખ તથા ગળાના માંસની વૃદ્ધિ, શ્વાસ, ખાંસી, પ્રતિશ્યાય, અલસી, શીતજ્વર, આફરો, મુખમાં મીઠાપણુ, ઉલટી, સંજ્ઞા અને સ્વરનો નાશ, ગલગંડ, ગડમાળા, સ્લીપદ, ગલશોથ આદિ રોગોને કરે છે તથા બસ્તિ, ધમનીને મલદ્વારમાં દોષ ઉપલેપજ જેવું કરે છે એવી રીતે નેત્રોમાં અભિષ્યન્દ આદિ રોગોના તથા કફના વિકારોને ઉત્પન્ન કરે છે. ૫૯

अम्लोरसोभक्तंरोचयति, अग्निंदीपयति, देहंबृंहयति, जर्जरयति, मनोबोधयति; इन्द्रियाणिदृढीकरोति, बलंवर्द्धयति, वातमनुलोमयति, हृदयंतर्पयति, आस्यं- संस्रावयति, भुक्तमपकर्षयति, क्लेदंजनयति, प्रीणयतिलघुरुष्णः स्निग्धश्च ॥६०॥

ખાટો રસ અન્નની રૂચિ, અગ્નિને દીપન, દેહમાં પુષ્ટિ કરે છે. પરાક્રમ કરે છે મનને પ્રસન્ન કરે છે. ઈંદ્રિયોને દઢ રે છે, બળને વધારે છે. વાયુને માર્ગાનુસાર કરે છે. હૃદયને તૃપ્ત કરે છે. મુખથી લાર વહે છે. ભોજન પચાવે છે. ક્લેદ ઉત્પન્ન કરે છે, તૃપ્તિ કરે છે અને ઉષ્ણ તથા સ્નિગ્ધ હોય છે. ૬૦

सएवंगुणोऽप्येकएवात्यर्थमुपयुज्यमानोदन्तान्हर्षयतितर्पयति, संमीलयतिअक्षिणी, संवीजयतिलोमानि, कफंविलापयति, पित्तमभिवर्द्धयति, रक्तंदूषयति, मांसवि- दहति, कायशिथिलीकरोति, क्षीणक्षतकृशदुर्बलानांश्वयथुमापादयति । अपि च- क्षताभिहतदष्टभग्नशूलिच्युतावमृदितपरिसर्पितमर्दितच्छिन्नविद्धोत्पिष्टादीनिपाच- यत्याग्नेयस्वभावात्परिदहतिकण्ठमुरोहृदयञ्च ॥ ६१ ॥

આ પ્રકારના ગુણોવાળું હોવા છતાં પણ કેવળ ખાટા રસનું અધિક સેવન કરવાથી દંતહર્ષ રોગ, તૃપ્તિ, નેત્રોનું બંધ થવું, રોમાંચ, કફ નીકળવો પિત્તવૃદ્ધિ, રક્તદોષ, માંસમાં વિદાહ, શરીરમાં, શિથીલતા, ક્ષીણક્ષત કૃશ તથા દુર્બળોને સોજા થવા, ક્ષત, ચોટા, દષ્ટ, હાડકાંનું શૂળ, ચ્યુત, અવસ્રુત્રિત, પરિસર્પત, મર્દીત, છીન્ન, વિદ્ધ તથા ઉત્પિષ્ટા આદિ સ્થાનોનું પાકવું અવિકાર ઉત્પન્ન થાય છે અને ખાટા રસનો અગ્નિય સ્વભાવ હોવાથી કંઠ ઉર તથા હૃદયમાં દાહ થાય છે. ૬૧

लवणो रसः पाचनः क्लेदनो दीपनश्च्यावनश्छेदनो भेदनस्तीक्ष्णः सरोविकास्यधःस्रंस्यवकाशकरो वातहरः स्तम्भबन्धसंघातविधमनः सर्वरसप्रत्यनीकभूत आस्यं विस्रावयति, कफं विष्यन्दयति, मार्गान्विशोधयति, सर्वशरीरावयवान्मृदूकरोति, रोचयत्याहारमाहारयोगी चात्यर्थं गुरुः स्निग्धउष्णश्च ॥ ६२ ॥

लवणु रस पाचन, क्लेदन, दीपन रेचन, छेदन भेदन, तीक्ष्णुसर, विकाशी, अधोगामी, छीद्रकारी तथा वातनाशक होय छे स्तम्भबंध तथा कठिनताने नष्ट करे छे, सर्व रसोने विपरीत करे छे. मुखथी लाळ वहे छे; कफने ढीलो करे छे, मार्गोने शुद्ध करे छे, शरीरना सर्वांगोने कोमळ करे छे. आहारमां रुचि वधारे छे. आहारमां अत्यंत उपयोगी छे अने गुरु स्निग्ध तथा उष्णु होय छे २

सएवंगुणोऽप्येकएवात्यर्थमुपयुज्यमानः पित्तंकोपयति, रक्तंवर्द्धयति, तर्षयति, मूर्च्छयति, तापयति, दाहयति, कुष्णाति मांसानि, प्रगालयतिकुष्ठानि, विषंवर्द्धयति, शोफान्स्फोटयति, दन्तांश्च्यावयति, पुंस्त्वमुपहन्ति, इन्द्रियाण्युपरुणद्धि, वलीपलितखालित्यमापादयतिच, लोहितपित्ताम्लपित्तवीसर्पवातरक्तविचर्चिकेन्द्रलुप्तप्रभृतीन्विकारानुपजनयति ॥ ६३ ॥

आ गुणोवाळा छतां पणु लवणु रस (मीठुं) अधिक सेवन करवाथी पित्तने कोपीत करे छे. रक्तविकारने वधारे छे. अने तृषा, मूर्छा, ताप, दाह, मांसमां खुजलीने उत्पन्न करे छे. कुष्टोने प्रगलित करे छे. विषना वेगने वधारे छे. सोजाने फाटेला जेवा बनावे छे. दांतोने काळा करे छे. पुरुषार्थने नष्ट करे छे. इन्द्रियोने उपरोध करे छे. शरीरमां सळो वाळ धोळा थवा, माथामां गंजापन आ रोगोने उत्पन्न करे छे तथा रक्तपित्त, विसर्प वातरक्त, विचर्चिका, अने इन्द्रलुप्त रोगोने प्रगट करे छे. ६३.

कटुकारोरसोवक्त्रंशोधयति, अग्निंदीपयति, भुक्तंशोषयति, घ्राणमास्रावयति, चक्षुर्विरेचयति, स्फुटीकरोतीन्द्रियाणि, अलसकश्वयथूपचयोदर्दाभिष्यन्दस्नेहस्वेदक्लेदमलानुपहन्ति, रोचयत्यशनं, कण्डूर्विनाशयति, व्रणानवसादयति, क्रिमीन्हिनस्ति, मांसंविलिखति, शोणितसङ्घातंभिनत्ति, बन्धांश्छिनत्ति, मार्गान्विवृणोति, श्लेष्माणंशमयति, लघुरुष्णोरूक्षश्च ॥ ६४ ॥

चरपरो रस मुखने शुद्ध करेछे. अग्निने दीप्त करे छे. भोजनने शोषणु करे छे. नाकमां स्राव करे छे. आंखोमांथी पाणी नीकळे छे. इन्द्रियोने स्फुट करे छे. अळसी, सोजा उदर दरद, अभिष्यंन्द, स्नेह, स्वेद, क्लेद अने मळ आ सर्वने नष्ट करे छे. अन्नमां रुचि उत्पन्न करे छे. खरजवुं, गुमडुं अने कृमियोनो नाश करे छे. मांसने लेखन करे छे लोहीनो जमाव नष्ट करे छे, विबंधने छेदन करे छे. स्रोतोने खोले छे, कफने मटाडे छे, तेमज लधु उष्णु अने रुक्ष गुणवाळुं छे. ६४.

सएवंगुणोऽप्येकएवात्यर्थमुपयुज्यमानोविपाकप्रभावात् पुंस्त्वमुपहन्ति, रसवीर्य-

र्य प्रभावान्मोहयतिग्लापयातसाद तिकर्षयति, मूर्च्छयतिनमयतितमयतिभ्रमयति ... तैश्शरीरतापमुपजनयतिबलंक्षिणोतितृष्णांजनयतिवाय्वग्निबाहुल्याद् भ्रममददवथुकम्पतोदभेदैश्चरणभुजपार्श्वपृष्ठ प्रभृतिषुमारुतजान्विकारानुपजनयति ॥ ६५ ॥

આ ગુણોવાળા હોવા છતાં પણ ચરપરા રસનું અધિક સેવન કરવાથી તીક્ષ્ણ રસનું તીક્ષ્ણવિપાક હોવાથી પુરૂષત્વ નષ્ટ થાય છે, રસ અને વીર્યના પ્રભાવથી મોહ કરે છે, ગ્લાની કરે છે, અવસાદ કરે છે, કૃશતા કરે છે, મૂર્ચ્છા કરે છે, શરીરને નમન કરે છે, અંધકારને પ્રકટ કરે છે, ભ્રમ, કંઠમાં બળતરા, શરીરમાં ગરમી ઉત્પન્ન કરે છે, બળનો ક્ષય કરે છે, તૃષાને પ્રકટ કરે છે, તેમજ વાયુ અને અગ્નિ ગુણ વિશિષ્ટ હોવાથી ભ્રમ, મદ, અતિદાહ, કંમ્પ, તોદન અને ભેદને ઉત્પન્ન કરે છે, હાથ, પગ અને પીઠ આદિ સ્થાનોમાં વાયુના વિકારોને ઉત્પન્ન કરે છે. ૬૫

तिक्तोरसःस्वयमरोचिष्णुररोचकघ्नोविषघ्नःक्रिमिघ्नोमूर्च्छादाहकण्डूकुष्ठतृष्णाप्रशमनःत्वङ्मांसयोःस्थिरीकरणोज्वरघ्नोदीपनः पाचनःस्तन्यशोधनोलेखनःक्लेदमेदोवसामज्जालसिकापूयस्वेदमूत्रपुरीषपित्तश्लेष्मोपशोषणोरूक्षशीतोलघुश्च ॥६६॥

તીખોરસ રૂચિને યોગ્ય નથી પરંતુ તેનું સેવન કરવા ઉપરાંત અન્નપર રૂચિ વધારે છે. આ રસ કૃમિયોને નષ્ટ કરે છે, વિષને નષ્ટ કરે છે, મૂર્ચ્છા, દાહ, કન્ડુ, કુષ્ઠ, અને તૃષાને શાન્ત કરે છે, ત્વચા અને માંસને સ્થિર કરે છે, તાવને મટાડે છે, દીપન છે, પાચન છે, સ્તનોના દુધને શુદ્ધ કરે છે, લેખન છે, અને કલેદ, મેદ, ચરબી, મજ્જા, લસિકા, રાધ, પરસેવો, મૂત્ર, મળ, પિત્ત અને કફને સુકાવે છે તથા રૂક્ષ, શીત અને લઘુ ગુણવાળો છે. ૬૬.

सएवंगुणोऽप्येक एवात्यर्थमुपयुज्यमानोरौक्ष्यात्खरविषदस्वभावाच्चरसरुधिरमांसमेदोऽस्थिमज्जशुक्राण्युच्छोषयतिस्रोतसांखरत्वमुपपादयतिबलमादत्तेकर्षयतिमोहयतिवदनमुपशोषयति, अपरांश्चवातविकारा पजनयति ॥ ६७ ॥

આ ગુણોવાળો હોવા છતાં પણ તીખો રસ અત્યંત સેવન કરવાથી રૂક્ષ, ખર અને વિષદ હોવાથી રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, અને શુક્રને સુકાવે છે, વાળના માર્ગોને ખરસટ કરે છે, બળને હરે છે, શરીરને કૃશ કરે છે, મોહને ઉત્પન્ન કરે છે, મુખને સુકાવે છે, એવા વિકારોને ઉત્પન્ન કરે છે. ૬૭

कषायोरसःसंशमनःसंग्राहीसन्धारणःपीडनोरोपणःशोषणः स्तम्भनः श्लेष्मरक्तपित्तप्रशमनःशरीरक्लेदस्योपयोक्ता रूक्षः शीतोगुरुश्च ॥ ६८ ॥

તુરોરસ સંશમન છે, સંગ્રાહી છે, સંધારણ છે તથા પીડન, રોપણ, શોષણ અને સ્તમ્ભન કરે છે. કફ તથા રક્તપિત્તને શાંત કરે છે, શરીરના કલેદને હરે છે અને રૂક્ષ, શીતળ અને ગુરૂ છે. ૬૮.

सएवंगुणोऽप्येकएवात्यर्थमुपयुज्यमानआस्यंशोषयति, हृदयंपीडयति, उदरमाध्मापयति, वाचंनिगृह्णाति, स्रोतांस्यवबध्नाति, श्यावत्वमापादयति, पौंस्त्वमुपहन्ति, विष्टभ्यजरांगच्छति, वातमूत्रपुरीषाण्यवगृह्णाति, कर्षयति, ग्लापयति, तर्षयति, स्तम्भयति, खरविषदरूक्षत्वात्पक्षवधग्रहापतानकार्दितप्रभृतींश्चवातविकारानुपजनयतीति ॥ ६९ ॥

આ ગુણોવાળો હોવા છતાં પણ તુરો રસ અત્યંત વ્યવહાર કરવાથી મુખને સુકાવે છે, હૃદયને પીડા કરે છે, પગમાં આફરો કરે છે, વાણીને જકડે છે, નસોને બંધ કરે છે, શરીરને કાળું બનાવે છે, પુરૂષત્વને નષ્ટ કરે છે, ઘરડપણુ લાવે છે, વાત, મૂત્ર અને મળ સુકાવે છે, ગ્લાનિ તથા તૃષાને ઉત્પન્ન કરે છે તેમજ ખર વિષદ તથા રૂક્ષ સ્વભાવવાળા હોવાથી પક્ષાઘાત, હનુસ્તંભ અપતાનક અને અર્દિત આદિ વાયુના રોગોને ઉત્પન્ન કરે છે. ૬૯

एवमेतेषड्रसाःपृथक्त्वेनवामात्रशःसम्यगुपयुज्यमानाउपकारकराअध्यात्मलोकस्यापकारकराःपुनरतोऽन्यथोपयुज्यमानांस्तान्विद्वानुपकारार्थमेवमात्रशःसम्यगुपयोजयेदिति ॥ ७० ॥

આ પ્રકારે છ રસ જુદા જુદા યોગ્યમાત્રાથી યોગ્ય રીતે સેવન કરવાથી શરીરને ઉપકાર કરે છે, નહિતો વિકારોને ઉત્પન્ન કરનાર થાય છે, એવીજ રીતે વિદ્વાન મનુષ્ય આ લોક અને પરલોકના હિતની ઈચ્છા કરીને રસોને વિધિપૂર્વક યોગ્ય માત્રાથી સેવન કરે છે. ૭૦

રસોના વીર્યનું વર્ણન.

भवन्तिचात्र । शीतंवीर्य्येणयद्द्रव्यंमधुरंरसपाकयोः । तयोरम्लंयदुष्णंचयच्चोष्णंकटुकंतयोः ॥ ७१ ॥

હવે કહેવામાં આવે છે કે જે દ્રવ્ય રસ અને વિપાકમાં મીઠો હોય તે શીતવીર્ય હોય છે. તેમજ જે દ્રવ્યનો રસ અને વિપાક બંને ખાટા હોય તે ઉષ્ણવીર્ય હોય છે એમજ જે દ્રવ્યનો રસ અને વિપાક કટુ હોય તે પણ ઉષ્ણવીર્ય હોય છે. ૭૧.

तेषांरसोपदेशेननिर्देश्योगुणसंग्रहः ।
वीर्य्यतोविपरीतानांपाकतश्चोपदेक्ष्यते ॥ ७२ ॥

આ પ્રકારે દ્રવ્યોના રસના ઉપદેશથી રસોના ગુણનો સંગ્રહ કરવામાં આવ્યો. હવે વીર્ય તથા પાકથી વિપરીત નિયમોનું કથન કરીએ છીએ. ૭૨.

यथापयोयथासर्पिर्यथावाचव्यचित्रकौ । एवमादीनिचान्यानिनिर्दिशेद्रसतोभिषक् ॥ ७३ ॥ मधुरंकिञ्चिदुष्णंस्यात्कषायंतिक्तमेव च । यथामहत्पञ्चमूलंयथाब्जानूपमामिषम् ॥ ७४ ॥

વૈદને દુધ, ઘી, ચવક, ચિત્રક, આદિ દ્રવ્યોના રસાનુસાર વીર્ય અને વિપાક જાણવો જોઇએ. કોઈ કોઇ મીઠા દ્રવ્ય તથા કોઇ કષાય દ્રવ્ય અને કોઈ દ્રવ્ય ઉષ્ણવીર્ય હોય છે.

જેમકે બૃહત પંચમૂળનો ક્વાથ તીખો હોવા છતાં પણ ઉષ્ણવીર્ય છે અને અનુપસંચારી જીવોનું માંસ મધુર હોવા છતાં પણ ઉષ્ણવીર્ય હોય છે. ૭૩-૭૪.

लवणंसैन्धवंनोष्णमम्लमामलकंतथा ।
अर्कागुरुगुडूचीनांतिक्तानामुष्णमुच्यते ॥ ७५ ॥

તેમજ સીંધાલુણુ ખારો રસ હોવા છતાં પણ ઉષ્ણવીર્ય નહીં પરંતુ શીતવીર્ય હોય છે; અને આકડો, અગર, ગળો, તીખો રસ હોવા છતાં પણ ઉષ્ણવીર્ય કહેવાય છે. ૭૫.

किञ्चिदम्लंहिसंग्राहिकिञ्चिदम्लंभिनत्तिच। यथाकपित्थंसंग्राहिभेदिचामलकंतथा। पिप्पलीनागरंवृष्यंकटुचावृष्यमुच्यते ॥ ७६ ॥ कषायःस्तम्भनःशीतःसोऽभयात्वन्यथामता । तस्माद्रसोपदेशेननसर्वंद्रव्यमादिशेत् ॥ ७७ ॥ दृष्टेतुल्यरसेऽप्येवंद्रव्यद्रव्येगुणान्तरम् । रौक्ष्यात्कषायोरूक्षाणामुत्तमोमध्यमः कटुः ॥ ७८ ॥ तिक्तोऽवरस्तथोष्णानामुष्णत्वाल्लवणः परः । मध्योऽम्लःकटुकश्चान्त्यःस्निग्धानांमधुरःपरः । मध्योऽम्लोलवणश्चान्त्योरसःस्नेहान्निरुच्यते ॥ ७९ ॥

કોઈ ખારો રસ સંગ્રાહી અર્થાત મળને બાંધનાર હોય છે, અને કોઇ ખાટો રસ મળને ભેદન કરનાર (ઝાડો લાવનાર) હોય છે. જેમ કાથો ગ્રાહી અર્થાત મળને બાંધનાર છે અને આમળાં ભેદનકર્તા છે. કડવાં દ્રવ્ય પુરુત્વનાશક હોય છે પરંતુ પીંપળ તથા સુંઠ કટુ રસ હોવા છતાં પણ પુંસ્ત્વવર્ધક હોય છે. ૭૬. તુરાં દ્રવ્ય સ્તંભન તથા શીતલ હોય છે. પરંતુ હરડે સ્તંભન અને શીતળ બંને હોતી નથી જેથી રસોના ગુણાનુસાર સંપૂર્ણ દ્રવ્યોના ગુણ કહેવાય નહીં. ૭૭. કેમકે તુરા રસવાળા દ્રવ્યોમાં પણ ગુણોના ભેદ દેખાય છે. રૂક્ષ રસોમાંથી રૂક્ષતાથી તુરો રસ શ્રેષ્ટ, કડવો રસ મધ્યમ. ૭૮. અને તીખો રસ હલકો છે. ગરમ રસોમાંથી ઉષ્ણતામાં ખારો રસ ઉત્તમ, ખાટો રસ મધ્યમ અને કડવો રસ હીન છે. સ્નિગ્ધ રસોમાંથી સ્નિગ્ધતામાં મધુરરસ શ્રેષ્ટ, ખાટો રસ મધ્યમ અને ખારો રસ હલકો છે અને આ બંને રસ સ્નેહમાં કહેલા છે. ૭૯.

मध्यःकषायःशैत्या[illegible]तिक्तः । तिक्तात्कषायो[illegible]धुरःशीताच्छीततरःपरः । स्वा[illegible]गुरुत्वादधिकःकषायाल्लवणोऽवरः ॥ ८० ॥

શીત રસોમાંથી શીતલતામાં મીઠો રસ શ્રેષ્ટ, તુરો રસ મધ્યમ અને તીખો રસ હલકો છે, તીખાથી તુરો મધુર છે અને શીતથી અતિશીત શ્રેષ્ટ છે. ગુરૂ રસોમાંથી ગુરૂતામાં મધુરરસ શ્રેષ્ટ, કષાય રસ મધ્યમ તથા લવણ રસ હલકો છે. ૮૦.

अम्लात्कटु[illegible]मोमतः । [illegible]मिच्छंतिलवणं सम् ॥ ८१ ॥ गौरवेलाघवेचैवसोऽवरस्तूभयोरपि । परश्चात[illegible]विपाकानाल[illegible]सम्भव[illegible]त ॥ ८२ ॥

ખાટા રસથી કડવો અને કડવાથી તીખો લઘુતામાં પ્રધાન છે. કોઈ કહે છે કે ખારો રસ લઘુતાના વિષયમાં સર્વથી નિકૃષ્ટ હોય છે. તથા ખાટા અને ખારા રસોમાં ખારા રસ-

ની ગુરૂતામાં પ્રધાનતા છે, અને લઘુતામાં કનિષ્ટ છે. હવે આ ઉપરાંત વિપાકોના લક્ષણોનાં વર્ણન કરીએ છીએ. ૮૧–૮૨.

विपाकनुं वर्णन.

कटुतिक्तकषायाणांविपाकःप्रायशःकटुः ।
अम्लोऽम्लंपच्यतेस्वादुमधुरंलवणस्तथा ॥ ८३ ॥

કડવો તીખો અને તુરા રસમાં પ્રાયઃ કડવો વિપાક હોય છે. ખાટા રસમાં પણ ખાટો વિપાક હોય છે. તેમજ મીઠા અને ખારા રસમાં પણ મીઠો વિપાક હોય છે. ૮૩.

मधुरोलवणाम्लौचस्निग्धभावात्त्रयोरसाः ।
वातमूत्रपुरीषाणांप्रायोमोक्षेसुखामताः ॥ ८४ ॥

મીઠો, ખારો અને ખાટો આ ત્રણ રસ સ્નિગ્ધ હોવાથી વાયુ મૂત્ર અને મળને સુખપૂર્વક કાઢે છે. ૮૪.

कटुतिक्तकषायास्तुरूक्षभावात्त्रयोरसाः ।
दुःखाविमोक्षेदृश्यन्तेवातविण्मूत्ररेतसाम् ॥ ८५ ॥

કડવો, તિખો અને તુરો આ ત્રણ રસ રૂક્ષ હોવાથી વાત, મૂત્ર, મળ અને વીર્યને સુખપૂર્વક નીકળવા દેતા નથી અર્થાત તેને બહાર નીકળવામાં રોકાણ કરે છે. ૮૫.

शुक्रहाबद्धविण्मूत्रोविपाकोवातलःकटुः ।
मधुरःसृष्टविण्मूत्रोविपाकेकफशुक्रलः ॥ ८६ ॥

કડવો રસ વિપાક હોવા છતાં વીર્યને હરે છે. મળમૂત્રને બંધ કરે છે, વાયુને ઉત્પન્ન કરે છે. મીઠો રસ વિપાક હોવા છતાં પણ મળમૂત્રને કહાડે છે. કફ તથા વીર્યને ઉત્પન્ન કરે છે. ૮૬.

पित्तकृत्सृष्टविण्मूत्रःपाकेऽम्लःशुक्रनाशनः ।
तेषांगुरुःस्यान्मधुरःकटुकाम्लावतोऽन्यथा ॥ ८७ ॥

ખાટો રસ વિપાક હોવા છતાં પણ પિત્તને કરે છે. મળમૂત્રને દુર કરે છે. વીર્યને નષ્ટ કરે છે. ઉપર કહેલા મીઠા ખાટા અને કડવા આ વિપાકોમાં મધુર વિપાક મુખ્ય છે, ખાટો મધ્યમ છે અને કડવો કનિષ્ટ છે. ૮૭.

विपाकलक्षणस्याल्पमध्यभूयस्त्वमेवच ।
द्रव्याणांगुणवैशेष्यात्तत्रतत्रोपलक्षयेत् ॥ ८८ ॥

વૈદ્યને ઉચિત છે કે વિપાક લક્ષણોની અલ્પતા, મધ્યતા, અને અધિકતાનો વિચાર કરીને દ્રવ્ય માત્રના ગુણની વિશેષતા આદિને જાણવી. ૮૮.

तीक्ष्णंरूक्षंमृदुश्लक्ष्णंलघूष्णंगुरुशीतलम् । वीर्य्यमष्टविधंकेचित्केचिद्द्विविधमास्थिताः ॥ ८९ ॥ शीतोष्णमितिवीर्य्यं क्रियतेयेनयाक्रिया । नावीर्य्यंकुरुतेकिंचित्सर्वावीर्य्यकृताक्रिया ॥ ९० ॥

કોઇના મતથી તીક્ષ્ણ, રૂક્ષ, મૃદુ, સ્નિગ્ધ, લઘુ, ઉષ્ણ ગુરૂ અને શીતલ આ ભેદોથી દ્રવ્યોનું વીર્ય આઠ પ્રકારનું હોય છે. કોઇ શીતલ અને ઉષ્ણ આ બે ભેદોથી ૨ પ્રકારનું માને છે. જે શક્તિદ્વારા શરીરમાં ક્રિયા હોય છે તેને વીર્ય કહે છે. જેટલાં દ્રવ્ય છે તે વીર્ય સિવાય કોઇ કરી શકતાં નથી કેમકે સંપૂર્ણ ક્રિયા વીર્યનેજ અધિન છે જેથી વીર્ય નષ્ટ થયેલ દ્રવ્ય કોઈ કામનું હોતું નથી. ૮૯-૯૦.

રસવિપાક વીર્યનાં લક્ષણ.

रसोनिपातेद्रव्याणांविपाकःकर्म्मनिष्ठया ।
वीर्य्ययावदधीवासान्निपाताच्चोपलभ्यते ॥ ९१ ॥

કોઇ પદાર્થને મુખમાં લેવાથી જે આશ્વાદન થાય છે તેને રસ કહે છે. રસનું પરીપાક થવાથી જે કાંઇ બને છે તેને વીર્ય કહે છે. ૯૧.

પ્રભાવનું લક્ષણ.

रसवीर्य्यविपाकानांसामान्यंयस्यलक्ष्यते ।
विशेषःकर्मणाश्चैवप्रभावस्तस्यचस्मृतः ॥ ९२ ॥

જે દ્રવ્યના રસ, વીર્ય, વિપાકમાં કાંઈ વિશેષતા પ્રતિત ન હોય પરંતુ કર્મમાં વિશેષ રૂપથી વિશેષતા જણાય તેને પ્રભાવ કહે છે. જેમકે વિષ તથા હીરા આદિ. ૯૨.

कटुकःकटुकःपाकेवीर्य्योष्णश्चित्रकोमतः ।
तद्वद्दन्तीप्रभावात्तुविरेचयतिमानवम् ॥ ९३ ॥

જેમકે ચિત્રક રસમાં કડવું અને પાકમાં પણ કડવું તથા વીર્યમાં પણ ઉષ્ણ વીર્ય છે તેમજ દંતીમૂળ (નેપાળાનું મૂળ) પણ સ્વાદ, વિપાક, વીર્યમાં તેના સરખું હોવા છતાં પણ જુલાબનો ગુણ ચિત્રકથી વધુ રાખે છે. ૯૩.

विषंविषघ्नमुक्तंयत्प्रभावस्तत्रकारणम् ।
ऊर्द्धानुलोमनंयच्चतत्प्रभावप्रभावितम् ॥ ९४ ॥

ઝેરને ઝેરજ નષ્ટ કરે છે એમ જે કહ્યું છે તેમાં પ્રભાવજ કારણ છે અને દોષોને જે ઉપર લઇ જવું તેમાં પણ પ્રભાવજ કારણ છે. ૯૪.

मणीनांधारणीयानांकर्मयद्विविधात्मकम् ।
तत्प्रभावकृतंतेषांप्रभावोऽचिन्त्यइष्यते ॥ ९५ ॥

મણીઓને ધારણ કરવાથી જે અનેક પ્રકારનાં કાર્ય થાય છે તેમાં પ્રભાવજ કારણ છે કેમકે તેનો પ્રભાવ અચિન્ત્યજ હોય છે.

किञ्चिद्रसेनकुरुतेकर्म्मवीर्य्येणचापरम् । द्रव्यंगुणेनपाकेनप्रभावेणचकिञ्चन॥९६॥
रसंविपाकस्तौवीर्य्यंप्रभावस्तानपोहति । गुणसाम्येरसादीनामितिनै[illegible]म्
॥ ९७॥ सम्यग्विपाकवीर्य्याणिप्रभावश्चाप्युदाहृतः ॥ ९८ ॥

. કોઇ દ્રવ્ય રસથી, કોઇ વીર્યથી, કોઇ ગુણથી, કોઇ વિપાકથી અને કોઇ પ્રભાવથી કાર્ય કરે છે. ૯૬. રસને વિપાક નષ્ટ કરે છે રસ તથા વિપાકને વીર્ય નષ્ટ કરે છે અને

રસ વિપાક તથા વીર્યનો પ્રભાવ નષ્ટ કરે છે. રસાદિના ગુણોની સમતામાં સ્વાભાવિક બળ જોવું જોઇએ. ૯૭. વિપાક, વીર્ય તથા પ્રભાવનું વર્ણન સારી રીતે કહ્યું. ૯૮.

મધુરાદિ રસોનાં સ્વરૂપ.

षण्णांरसानांविज्ञानमुपदेक्ष्याम्यतःपरम् । स्नेहनप्रीणनाह्लादमार्दवैरुपलभ्यते ॥ ९९ ॥ मुखस्थोमधुरश्चास्यंव्याप्नुवँल्लिम्पतीवच। दन्तहर्षान्मुखस्रावात्स्वेदना-न्मुखबोधनात् । विदाहाच्चास्यकण्ठस्यप्राश्यैवाम्लंरसंवदेत् ॥ १०० ॥

હવે એ ઉપરાંત છ રસોના વિજ્ઞાનનો ઉપદેશ કરૂં છું. સ્નિગ્ધતા, પ્રીતિ, આલ્હાદ તથા કોમળતા દ્વારા મીઠો રસ જાણ્યો જાય છે, અને મુખમાં સ્થિત મધુર રસ મુખને વ્યાપ્ત કરીને મુખમાં લેપાઇ જાય છે. દંત હર્ષ મુખથી લાર વહેવી, પરસેવો, સુખ અને મુખ તથા કંઠમાં વિદાહ થવો આ લક્ષણોદ્વારા ખાટો રસ જાણવો જોઇએ. ૯૯-૧૦૦.

प्रलीयनक्लेदविष्यन्दलाघवंकुरुतेमुखे ।
यःशीघ्रंलवणोज्ञेयःसविदाहान्मुखस्यच ॥ १०१ ॥

જે રસ મુખમાં જતાંજ ઝટ લીન થઈ જાય અને લાગતાંજ કલેદ, અભિષ્યન્દ તથા લઘુતા કરે અને મુખમાં જલદીજ વિદાહ ઉત્પન્ન કરે છે તેને ખારો રસ જાણવો જોઇએ. ૧૦૧.

संवेजयेद्योरसानांनिपातेतुदतीवच ।
विदहन्मुखनासाक्षिसंस्रावीसकटुःस्मृतः ॥ १०२ ॥

જે રસ મુખમાં જતાંજ ઉદ્વેગ પેદા કરે અને દાહપૂર્વક પીડા કરે અને મુખ તથા નાસિકાથી જળ વહેવરાવે તેને કડવો રસ જાણવો. ૧૦૨.

प्रतिहन्तिनिपातेयोरसनंस्वदतेनच ।
सतिक्तोमुखवैषद्यशोषप्रह्लादकारकः ॥ १०३ ॥

જે રસ જીભમાં લાગતાંજ પીડા ઉત્પન્ન કરે તથા સ્વાદિષ્ટ ન લાગે અને મુખમાં વિષદતા શોષ તથા આલ્હાદ કરે તેને તીખો રસ કહે છે. ૧૦૩.

वैषद्यस्तम्भजाड्यैर्योरसनंयोजयेद्रसः । बन्धातीवचयःकण्ठंकषायःसविकास्यपि-इति ॥ १०४ ॥

જે રસમાં જીભમાં વિષદતા, સ્તંભ તથા જડતા ઉત્પન્ન કરે અને ગળાને અત્યંત બંધ જેવું કરે તેને તુરોરસ કહે છે. આ વિકાસી પણ હોય છે. ૧૦૪.

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेश उवाच । भगवन् श्रुतमेतदवितथमर्थसम्पद्युक्तं-भगवतोयथावद्द्रव्यकर्माधिकारेवचः परन्त्वाहारविकाराणांवैरोधिकानांलक्षण-मनतिसंक्षेपेणोपदिश्यमानंशुश्रूषामहेति ॥ १०५ ॥

આ પ્રકારે કહેતાં ભગવાન આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે હે ભગવાન ! આપના દ્વારા આ અર્થ સંમ્પત યુક્ત દ્રવ્યોના કર્મનો વિષય યથાર્થ રૂપથી સાંભળ્યો હવે તે ઉપ-રાંત અહારના વિરોધી દ્રવ્યોનું લક્ષણ સંક્ષેપથી સાંભળવા ઇચ્છું છું. ૧૦૫

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । देहधातुप्रत्यनीकभूतानिद्रव्याणिदेहधातुविरोधमापाद्यन्तेपरस्परविरुद्धानिकानिचित्संयोगात्संस्कारादपराणिदेशकालमात्रादिभिश्चापराणितथास्वभावादपराणि ॥ १०६ ॥

આ સાંભળી આત્રેય ભગવાન અગ્નિવેશને કહેવા લાગ્યા કે હે ભગવાન! દેહની ધાતુઓની વિરૂદ્ધ દ્રવ્ય દેહની ધાતુઓમાં વિરોધ ઉત્પન્ન કરે છે. કોઇ દ્રવ્ય પરસ્પર ગુણ વિરૂદ્ધ હોવાને લીધે, કોઇ સંયોગ વિરૂદ્ધથી, કોઇ સંસ્કાર વિરોધથી, કોઇ દેશકાળ તથા માત્રાના વિરોધથી અને કોઈ સ્વભાવના વિરોધથી વિરોધ ઉત્પન્ન કરે છે. ૧૦૬

तत्रयान्याहारमधिकृत्यभूयिष्ठमुपयुज्यन्तेतेषामेकदेशंवैरोधिकमधिकृत्योपदेक्ष्यामः ॥ १०७ ॥

આમાંથી જે દ્રવ્યનો વિશેષે કરીને અહારમાં ઉપયોગ કરાય છે તેના એકદેશ વિરોધિતત્વને લઇને ઉપદેશ કરૂંછું. ૧૦૭.

સંયોગ વિરૂદ્ધ આહાર.

नमत्स्यान्पयसासहाभ्यवहरेदुभयंह्येतन्मधुरंमधुरविपाकंमहाभिष्यन्दिशीतोष्णत्वाद्विरुद्धवीर्यं विरुद्धवीर्यत्वाच्छोणितमदूषणायमहाभिष्यन्दित्वान्मार्गोपरोधायच ॥ १०८ ॥

દુધની સાથે માછલી ન ખાવી કેમકે આ બંને મધુર રસ છે અને વિપાકમાં પણ મધુર હોવાથી મહા અભિષ્યન્દી (રતુવત કરનારી થઇ જાય) છે. દુધ શીત વીર્ય છે અને માછલી ઉષ્ણ વીર્ય છે જેથી બંને વિરૂદ્ધવીર્ય છે. વિરૂદ્ધવીર્ય હોવાથી આ બંને લોહીને દુષિત કરે છે અને મહા અભિષ્યન્દી હોવાથી શરીરની નસોને રોકે છે. ૧૦૮

तदनन्तरमात्रेयवचनमनुनिशम्यभद्रकाप्योऽग्निवेशमुवाच । सर्वानेवमत्स्यान्पयसासहाभ्यवहरेत्, अन्यत्रैकस्माच्चिलिचिमात् । सपुनःशकलीसर्वतोलोहितराजिःरोहितमकारःप्रायोभूमौचरतितञ्चेत्पयसासहाभ्यवहरेन्निःसंशयंशोणितजानांवेबन्धजानांवाव्याधीनामन्यतमम्थवामरणंप्राप्नुयादिति ॥ १०९ ॥

તે ઉપરાંત ભગવાન આત્રેયજીનાં વચન સાંભળીને ભદ્રકાપ્ય રૂષિને અગ્નિવેશે કહ્યું કે એક ચિલચમ માછલીને છોડીને બીજી સર્વ માછલી દુધ સાથે ખાવી જોઇએ. ચિલચમ માછલીમાં ટુકડા ટુકડા હોય છે તેના પર કાંટા અથવા લાલ વર્ણની રેખા હોય છે. રોહુ માછલીના સરખો તેનો આકાર હોય છે અને વળી ભૂમીમાં રહે છે તેને દુધ સાથે ખાવાથી રકતજ અને વિબંધજ કોઇ રોગ અવસ્ય થાય છે અથવા મૃત્યુ પણ થાય છે. ૧૦૯

नेतिभगवानात्रेयः । सर्वानेवमत्स्यान्नपयसाभ्यवहरेद्विशेषतस्तुचिलिचिमंसहिमहाभिष्यन्दितमत्वात्स्थूललक्षणतरानेतान्व्याधीनुपजनयत्यामविषमुदीरयतिच ११०॥

ભદ્રકાપ્યના આ વચન સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે આ ઠીક નથી. કોઇ પણ માછલી દુધ સાથે ન ખાવી જોઇએ અને ચિલચીમ માછલી તો વિશેષે કરીને નજ ખાવી કેમકે ચિલચીમ અત્યન્ત મહા અભિષ્યન્દી હોવાથી સ્થુલ સુક્ષમવાળી અને વ્યાધિયોને ઉત્પન્ન કરે છે અને આમ વિષને ઉત્તેજીત કરે છે. ૧૧૦

ग्राम्यानूपौदकपिशितानिमधुतिलगुडपयोमाषमूलकबिसैर्विरूढधान्यैश्चनैकधाअघात् । तन्मूलश्चबाधिर्य्यान्ध्यवेपथुजाड्यावेकलमूकतामैन्मिण्यमथवामरणमाप्नोति ॥ १११ ॥

ગ્રામ્ય અનુપદેશ તથા જળના જીવોના માંસ સહિત તેલ, ગોળ, દુધ, અડદ, મૂળા, કમળની ડાંડી તથા અંકુરવાળાં અનાજ એકવાર પણ ખાવાં ન જોઇએ. એવું ભોજન કરવાથી બહેરાપણું, આંધાપો, કંપવા, જડતા, બોબડુ થવું તથા મિન મીનતા અને મૃત્યુ પણ આવે છે.

नपौष्करंरोहिणीकंवाशाकंनकपोतान्सार्षपतैलभृष्टान्मधुपयोभ्यांसहाभ्यवहरेत् । तन्मूलं शोणिताभिष्यन्दधमनीप्रतिचयापस्मारशंखकगलगण्डरोहिणीकानामन्यतमंप्राप्नोत्यथवामरणमिति ॥ ११२ ॥

પુષ્કર પત્ર તથા કબુતરોનું માંસ સરસીયા (સરસવનું તેલ) માં પલાળીને મદ તથા દુધની સાથે ખાવું નહી એવું ભોજન કરવાથી રક્તજ દોષ, અભિષ્યન્દ, ધમનીયોનું ફરકવું, અપસ્માર, કાનપટીના રોગ, ગલગન્ડ અને રોહિણી આદી રોગ ઉત્પન્ન થાય છે અથવા મૃત્યુ પણ થાય છે. ૧૧૨.

नमूलकलशुनकृष्णगन्धार्जकसुमुखसुरसादीनिभक्षयित्वापयः सेव्यंकुष्ठाबाधभयात् ॥ ११३ ॥

મૂળા, લસણ, કાળી તુલસી, ધોળી તુલસી, વન તુલસી આદી ખાઇને ઉપરથી દુધ પીવું તે કોઢને ઉત્પન્ન કરનાર છે જેથી તેમ ન કરવું. ૧૧૩.

नजातुशाकंनलिकुचंपक्कंमधुपयोभ्यांसहोपयोज्यम् । एतद्धि मरणायाथवाबलवर्णतेजोवीर्य्योपरोधायालघुव्याधयेषाण्ड्यायच ॥ ११४ ॥

બધાં શાક તથા પાકાં વડફળ, મદ તથા દુધ સાથે ન ખાવાં કેમકે એવા ભોજનથી મૃત્યુ થાય છે અથવા બળવર્ણ, તેજ, વીર્યની હાની થાય છે અને કોઇ મહા વ્યાધિ તથા નપુષકતા ઉત્પન્ન થાય છે. ૧૧૪.

तदेवलिकुचपक्कंनमाषसूपगुडसर्पिर्भिःसहोपयोज्यंवैरोधकत्वात् ॥ ११५ ॥ तथाम्रातकमातुलुङ्गलिकुचकरमर्दमोचदन्तशठबदरकोशाम्रभव्यजाम्बवकपित्थतिन्तिडीकपारावताक्षोटपनसनालिकेरदाडिमामलकान्येवम्प्रकाराणिचान्यानिसर्वंचाम्लंद्रव्यमद्रवंचपयसासहविरुद्धम् ॥ ११६ ॥

અડદની દાળ ગોળ તથા ઘીની સાથે પાકાં વડ ફળ ન ખાવાં કેમકે આ સંયોગ વિરૂદ્ધ છે. ૧૧૫ એવીજ રીતે જંગલી આંબો, બીજોરાં, ક્ષુદ્રફણસ, કરમદાં, કેળાં, લીંબુ, મોટાં લીંબુ,

બોર, હલકો આંબો, જાંબુ, કાથો, ભવ્યફલ, પારાવત, અખરોટ, કોકમ, બડહર, નારીયેળ, દાડમ, આંબળાં અને જેટલા પ્રકારનાં ખટાઈ તથા ખાટાં ફળ તથા કાંજી આદિ દ્રવ પદાર્થ છે તેને દુધ સાથે નહી ખાવાં જોઇએ. ૧૧૬.

कंगुवरकमकुष्ठककुलत्थमाषनिष्पावाःपयसासहविरुद्धाः पद्मोत्तरिकाशाकंशार्करो-मैरेयोमधुचसहोपयुक्तंविरुद्धंवातश्चातिकोपयति ॥ ११७ ॥ हारिद्रकःसर्षपतैल-भृष्टोविरुद्धःपित्तश्चातिकोपयतिश्लेष्माणंचातिकोपयति पायसोमन्थानुपानोविरु-द्धः । उपोदिकातिलकल्कसिद्धाहेतुरतीसारस्य ॥ ११८ ॥ बलाकावारुण्या-कुल्माषैरपिविरुद्धा । सैवशूकरवसापरिभृष्टासद्योव्यापादयति ॥ ११९ ॥

કાંગ, વરક, મઠ, કલથી, અડદ તથા વાલ ને દુધ સાથે ખાવાં નહી, કુંવાડીયાનું સાક, શાકરનું મદ અને મદ એ સર્વનું સાથે ખાવું વિરૂદ્ધ છે જેથી વાયુ અત્યન્ત કોપિત થાય છે. ૧૧૭.

સરસવના તેલ (સરસીયું) માં પલાળેલ હળદર ખાવી વિરૂદ્ધ છે, તે પિત્તને કોપિત કરે છે, ખીર ખાઇને મંથ પીવો તે વિરૂદ્ધ છે. તેલના કલ્કમાં સિદ્ધ કરેલ પોથીનું શાક અતિસારને કરે છે. ૧૧૮.

ધોળું ઇંદ્રવારણું દારૂની સાથે, તેમજ કોળાની સાથે બગલાનું માંસ વિરૂદ્ધ છે. જો તે બગલાનું માંસ સૂઅરની ચરબીમાં પલાળીને ખાય તો જલ્દી પ્રાણનો ત્યાગ કરે છે. ૧૧૯

मायूरमांसमेरण्डसीसकासक्तमेरण्डाग्निप्लुष्टंसद्योव्यापादयति ॥ १२० ॥ तदेव-भस्मपांसुपरिध्वस्तंसक्षौद्रंमरणाय ॥ १२१ ॥ हारीतकमांसंहारिद्राग्निप्लुष्टंसद्यो-व्यापादयति । मत्स्यतैलनिस्ताडनसिद्धाःपिप्पल्यस्तथाकाकमाचीमधुचमरणाय ॥ १२२ ॥ मधुचोष्णमुष्णार्त्तस्यचमधुमरणाय ॥ १२३ ॥

મોરનું માંસ દીવેલમાં ખાવાથી અથવા દીવેલાના લાકડાની આગમાં સેકીને ખાવાથી ઝટ મૃત્યુ થાય છે. ૧૨૦

તેમજ હરિયલ પક્ષીનું માંસ, ભસ્મ તથા મદની સાથે ખાવાથી મૃત્યુ થાય છે. ૧૨૧.

હારીતપક્ષીના માસને હળદરના લાકડાના અગ્નિમાં સેકી ખાવાથી જલ્દીજ મૃત્યુ થાય છે. માછલીના તેલમાં પીપળ પકાવીને ખાવાથી અને પીલુડી તથા મદ મેળવીને ખાવાથી મૃત્યુ થાય છે. ૧૨૨.

મદ ગરમ કરીને ખાવાથી અને ગરમીથી પીડીતને ગરમ કરી મદ ખવરાવવાથી મૃત્યુ થાય છે. ૧૨૩

मधुसर्पिषीतुल्येमधुवारिचान्तरिक्षंसमघृतंमधुपुष्करबीजंमधु पीत्वोष्णोदकंभल्ला-तकोष्णोदकम् ॥ १२४ ॥

મદ અને ઘી બંને બરાબર મેળવીને ખાવું અથવા મદ અને વરસાદનું જળ અથવા મદ અને પુષ્કરમૂળ, તથા મદ પીને ઉપર ગરમ જળ પીવું તેમજ એ સર્વને ભેગું ખાઇને ગરમ જળ પીવું તે ઝેરની સમાન છે. ૧૨૪

[illegible]ः कम्पिल्लकःपर्युषिताकाकमाची, अङ्गारशूल्योभासइतिविरुद्धानीत्येत-द्यथाप्रश्नमभिनिर्दिष्टम् ॥ १२५ ॥

છાસમાં સિદ્ધ કરેલ કંપીલો સંયોગ વિરૂદ્ધ છે તેમજ વાસી પીલુડીનું શાક વિરૂદ્ધ છે. અને શૂલમાં તપાવેલું માંસ વિરૂદ્ધ છે. પ્રશ્નાનુસાર આ વિરોધી વસ્તુ કહી ૧૨૫.

भवंति चात्र श्लोकाः ।

यत्किञ्चिद्दोषमासाद्यननिर्हरतिकायतः ।
आहारजातंतत्सर्वमहितायोपपद्यते ॥ १२६ ॥

અહીં આ શ્લોક છે. કે જે અહાર દોષોને કોપિત કરી દેહથી બહાર નીકળતા નથી તે સર્વ અહિતકર્તા જાણવા. ૧૨૬

[illegible] कालाग्निसात्म्यासात्म्यानिलादिभिः । संस्कारतोवीर्य्यतश्चकोष्ठावस्था-क्रमैरपि ॥ १२७ ॥ परिहारोपचाराभ्यांपाकात्संयोगतोऽपिच । विरुद्धंतच्चनहि-तंहृत्संपद्विधिभिश्चयत् ॥ १२८ ॥

જે દ્રવ્ય દેશકાળ અને અગ્નિ, સાત્મ્ય અને અસાત્મ્યથી વિરૂદ્ધ હોય અને વાયુ-આદિને કરીને પ્રતિકુળ હોય તથા સંસ્કારથી અથવા વીર્યથી અથવા પરિપાકથી, પરિહાર અથવા ઉપચારથી, પરીપાકથી અથવા સંયોગથી અથવા હાર્દિક સંમ્પતિથી વિરૂદ્ધ હોય તે સર્વ પદાર્થ હાનિકારક અને રોગોત્પાદક હોય છે. ૧૨૭–૧૨૮.

विरुद्धंदेशतस्तावद्रूक्षतीक्ष्णादिधन्वनि ।
आनूपेस्निग्धशीतादिभेषजंयन्निषेव्यते ॥ १२९ ॥

હવે દેશ વિરૂદ્ધોનું વર્ણન કરીએ છીએ. રૂક્ષ અને તીક્ષ્ણ પદાર્થ મેળવીને સેવન કરવું ધન્વ (જલરહિત), દેશમાં વિરૂદ્ધ છે. સ્નિગ્ધ અને શીત આદિ પદાર્થ મેળવીને ખાવું એ અનુપદેશમાં વિરૂદ્ધ છે. ૧૨૯

कालतोऽपिविरुद्धंयच्छीरूक्षादिसेवनम् ।
शीतेकालेतथोष्णेचकटुकोष्णादिसेवनम् ॥ १३० ॥

શીત અને રૂક્ષ પદાર્થોને મેળવીને શીતકાળમાં સેવન કરવું કાળ વિરૂદ્ધ છે તથા ઉષ્ણ કટુ પદાર્થોનું ઉષ્ણકાળમાં સેવન કરવું એ કાળ વિરૂદ્ધ છે. ૧૩૦

विरुद्धमनलेतद्वन्नानुरूपंचतुर्विधे । मधुसर्पिःसमघृतंमात्रयातद्विरुध्यते ॥ १३१॥ कटुकोष्णादिसात्म्यस्यस्वादुशीतादि [illegible] । यत्तत्सात्म्यविरुद्धन्तुावे[illegible]त्वन-लादिभिः ॥ १३२ ॥

જે પ્રકારની અગ્નિથી પ્રતિકૂળ હોય તે અગ્નિ વિરૂદ્ધ હોય છે. મદ અને ઘૃતને સમાન ભાગમાં મેળવીને ખાવું તે માત્રા વિરૂદ્ધ છે. ઉષ્ણ પ્રકૃતિના મનુષ્યોને ચરપરા આદિ ઉષ્ણ પદાર્થ સાત્મ્ય વિરૂદ્ધ છે. એમજ શીતલ અને મધુર આદિનું સેવન અસાત્મ્ય વિરૂદ્ધ છે. જે પદાર્થ અગ્નિ આદિથી વિરૂદ્ધ હોય છે તે સર્વ સાત્મ્ય વિરૂદ્ધ જાણવા. ૧૩૧–૧૩૨.

यासमानगुणाभ्यासविरुद्धाश्चौषधक्रिया ।
संस्कारतोविरुद्धन्तद्य [illegible]ज्यंविषवद्व्रजेत् ॥ १३३ ॥

જે દ્રવ્ય ગુણથી અને અભ્યાસથી વિરૂદ્ધ હોય તે ઔષધ ક્રિયામાં નહીં લેવું કેમકે ગુણ અભ્યાસ, સંસ્કાર અને પ્રકૃતિથી વિરૂદ્ધ પદાર્થ ઝેરની સમાન મનુષ્યોને મારી નાંખે છે. ૧૩૩.

ऐरण्डसीसकासक्तंशिखिमांसंतथैवहि । विरुद्धंवीर्य्यतोज्ञेयं वीर्य्यतःशीतलात्मकम् ॥ १३४ ॥ तत्संयोज्योष्णवीर्य्येणद्रव्येणसहसेव्यते । क्रूरकोष्ठस्यचात्यल्पमंदवीर्य्यमभेदनम् ॥ १३५ ॥ मृदुकोष्ठस्यगुरुचभेदनीयंतथाबहु । एतत्कोष्ठविरुद्धन्तुविरुद्धंस्यादवस्थया ॥ १३६ ॥ श्रमव्यवायव्यायामसक्तस्यानिलकोपनम् । निद्रालसस्यालसस्यंभोजनंश्लेष्मकोपनम् ॥ १३७ ॥

દીવેલમાં મેળવેલ મરગાનું માંસ તથા શીત વીર્યવાળી વસ્તુ વીર્ય વિરૂદ્ધ છે. ૧૩૪. ઉષ્ણુ વીર્યવાળી વસ્તુની સાથે શીતવીર્યવાળી વસ્તુ મેળવીને સેવન કરવાથી વિર્ય વિરૂદ્ધ છે. અને ક્રુર કોઠાવાળા મનુષ્યને અલ્પ વીર્યમાં મન્દ અભેદકારી છે. ૧૩૫. અને મૃદુ કોઠાવાળા મનુષ્યને ભારે, બહુજ ભેદનીય તથા અવસ્થા એ સર્વ કોઠા વિરૂદ્ધ છે. ૧૩૬. શ્રમ, મૈથુન, વ્યાયામ એમાં આસક્ત મનુષ્યને, વાયુને કોપિત કરનાર પદાર્થ તથા નિદ્રા અને આળસવાળાને કફને કોપીત કરનાર ભોજન અવસ્થા વિરૂદ્ધ છે. ૧૩૭.

यश्चानुत्सृज्यविण्मूत्रंभुंक्तेयश्चानुभुक्षितः ।
तच्चकर्मविरुद्धंस्याद्यच्चातिक्षुद्वशानुगः ॥ १३८ ॥

જે માણસ મળમુત્ર કર્યા સિવાય ભોજન કરે છે અને ભૂખ સિવાય ભોજન કરે છે તથા અત્યંત ભૂખને વશ થઈને ભોજન કરે છે તે કર્મ વિરૂદ્ધ છે. ૧૩૮.

परहारविरुद्धन्तुव [illegible]निषेव्य यत् ।
सेवेतोष्णंघृतादीश्चपीत्वाशीतंनिषेवते ॥ १३९ ॥
विरुद्धंपाकतश्चापिदुष्टदुर्दारुसाधितम् ।
अपक्वतण्डुलात्यर्थपक्वदग्धंचयद्भवेत् ॥ १४० ॥

જે ડુક્કર આદિ જીવોના માંસને ખાઈને ગરમ પદાર્થનું સેવન કરે છે તથા ઘી વિગેરે પીને ઠંડા દ્રવ્યોનું સેવન કરે છે તે આહાર વિરૂદ્ધ છે. ૧૩૯. જે પદાર્થ ખરાબ થઈ ગયા હોય વા ખરાબ લાકડાંમાં પકાવ્યા હોય તે તથા કાચા ચોખા તથા બહુજ પાકેલા તથા બળી ગયેલા પદાર્થ પાક વિરૂદ્ધ છે. ૧૪૦.

संयोगतोविरु[illegible] तद्ययाम्लंपयसासह ।
अमनोरुचितंयच्चहद्विरुद्धंतदुच्यते ॥ १४१ ॥

દુધ સાથે ખટાઈ ખાવી સંયોગ વિરૂદ્ધ છે. અને પોતાના મનને અરૂચિકારી પદાર્થનું સેવન કરવું હૃદ વિરૂદ્ધ છે. ૧૪૧.

सम्पा[illegible]ज्ञातरसन्तुतत् ।
अतिक्रान्तरसंवापिविपन्नरसमेववा ॥ १४२ ॥

જે દ્રવ્યની ઉત્પત્તિમાં રસ ન હોય તથા જેનો રસ સુકાઈ ગયો હોય અને વિપન્ન રસ હોય તે સંપદ્ વિરૂદ્ધ છે. ૧૪૨.

ज्ञेयंविधिविरुद्धन्तुभुज्यतेनिभृतेनयत् ।
तदेवंविधमन्नंस्याद्विरुद्धमुपयोजितम् ॥ १४३ ॥

જે મનુષ્ય તૃપ્તિને પ્રાપ્ત થયા પછી ભોજન કરે તે વિધિ વિરૂદ્ધ છે. આ પ્રકારે અનોનું ભોજન કરવું વિરૂદ્ધ છે. ૧૪૩.

सात्म्यतोऽल्पतया[illegible]ग्नेस्तरुणस्यच ।
[illegible]व्यायामबलिनोविरुद्धंवितथंभवेत् ॥ १४४ ॥

સાત્મ્ય, અલ્પતા, દીપ્તાગ્નિ, તરૂણ, સ્નેહ વ્યાયામવાળા અને બળવાન પુરૂષે પણ પ્રકૃતિથી વિરૂદ્ધ અનનું સેવન કરવું પણ હાનિકારક છે. ૧૪૪.

વિરૂદ્ધ અન્ન સેવનનાં કર્મ.

षाण्डयान्ध्यवीसर्पदकोदराणांविस्फोटकोन्मादभगन्दराणाम् । मूर्च्छामदाध्मानगलग्रहाणांपाण्ड्वामयस्यामविषस्यचैव ॥ १४५ ॥ किलासकुष्ठग्रहणीगदानां-शोषास्रपित्तज्वरपीनसानाम् । सन्तानदोषस्यतथैवमृत्योर्विरुद्धमन्नंप्रवदन्तिहेतुम् ॥ १४६ ॥

વિરૂદ્ધ ભોજન કરવાથી નપુંસકતા, આંધળાપણું, વિસર્પ, ઉદરરોગ, વિસ્ફોટક, ઉન્માદ, ભગન્દર, મૂર્છા, મદ, આધ્માન, ગલગ્રહ, પાંડુ, વિષૈલીઆમ, કિલાસ કોઢ, સંગ્રહણી, શોષ, રક્તપિત્ત, તાવ, પ્રતિશ્યાય, ત્રિદોષ તથા સંતાનદોષ થાય છે અને મરણ પણ થાય છે.

વિરૂદ્ધ અન્નથી થતા રોગોના ઉપાય.

एषाञ्चखलुपरेषाञ्चवैरोधिकनिमित्तानांव्याधीनामिमेभावाःप्रतिकाराः । यथावमनंविरेचनञ्चतद्विरोधिनाञ्चद्रव्याणांसंशमनार्थमुपयोगस्तथाविधैश्चद्रव्यैःपूर्वमभिसंस्कारःशरीरस्येति ॥ १४७ ॥

આ રોગોનું તથા વિરૂદ્ધ ભોજનથી થયેલા અન્ય રોગોના નાશનો આ ઉપાય છે જેવાકે ઉલટી, જુલાબ અને જે વિરૂદ્ધ કરનાર દ્રવ્યોદ્વારા શાન્ત થાય છે. જે ભોજનનો શરીરને હંમેશાં અભ્યાસ હોય તે અનુકુળ થઈ જવાથી હાનિ કરતા નથી. ૧૪૭.

भवतिचात्र ।

[illegible]जान्रोगान्प्रतिहन्तिविरेचनम् ।
वमनंशमनञ्चैवपूर्ववाहितसेवनम् ॥ १४८ ॥

આમાં આ શ્લોક છે કે વિરૂદ્ધ ભોજનથી થયેલ રોગ ઉલટી, જુલાબ તથા સંશમન દ્વારા દુર થાય છે અથવા વિરૂદ્ધ ભોજન કરવા પહેલાંથીજ હિતકારી વસ્તુ ખાઇ લેવાથી વિકાર થતો નથી. ૧૪૮.

॥ तत्र श्लोकाः ॥

मतिरासांन्म षींणांयायारसविनिश्चये । द्रव्याणिगुणकर्मभ्यांद्रव्यसंख्यारसाश्रयाः ॥ १४९ ॥ कारणंरससंख्याचरसानुरसलक्षणम् । परादीनांगुणानाञ्चलक्षणानिपृथक्पृथक् ॥ १५० ॥ पञ्चात्मकानांषट्त्वञ्चरसानांयेनहेतुना । ऊर्द्धानुलोमभाजश्च यद्गुणातिशयाद्रसाः ॥ १५१ ॥ षण्णांरसानांषट्त्वेवसुविभक्ताविभक्तयः । उद्देशश्चापविद्धश्चद्रव्याणांगुणकर्मणि ॥ १५२ ॥ प्रवरावरमध्यत्वंरसानांगौरवादिषु । पाकप्रभावयोर्लिङ्गंवीर्य्यसंख्याविनिश्चयः ॥ १५३ ॥ षण्णामास्वाद्यमानानांरसानां यत्स्वलक्षणम् । यद्यद्विरुध्यतेतस्माद्येनयत्कारिचैवयत् ॥ १५४ ॥ वैरोधिकनिमित्तानांव्याधीनामौषधञ्चयत् । आत्रेयभद्रकाप्यीयेतत्सर्वमवदन्मुनिः ॥ १५५ ॥

તેમાં આ શ્લોક છે. રસના નિશ્ચયમાં મહર્ષિયોના મત દ્રવ્યોના ગુણ, તથા કર્મ દ્રવ્યોનો રસ આશ્રિત સંખ્યા. ૧૪૯.

રસ સંખ્યાનું કારણ પ્રધાનનરસ તથા અપ્રધાન રસનું લક્ષણ, પરત્વાદિ ગુણોનાં જુદાં જુદાં લક્ષણ. ૧૫૦

પંચ મહાભૂતાત્મક રસો હોવાનું કારણ, જેના ગુણોની અધિકતાથી રસોના ભાગ, ઉર્ધ્વ ભાગ તથા અધોભાગના ભાગી થાય છે. ૧૫૧. ૭ રસોના સારી રીતે ૭ વિભાગ દ્રવ્યોના ગુણ કર્મના ઉદ્દેશ તથા અપવાદ. ૧૫૨.

ગૌરવાદિ ગુણોમાં રસોની શ્રેષ્ટતા, મધ્યમતા તથા હીનતા પાક તથા પ્રભાવનું લક્ષણ વીર્યની સંખ્યાનો નિશ્ચય. ૧૫૩,

સ્વાદ લેવાના ૭ રસોનાં લક્ષણ જે જે વસ્તુ જેની સાથે વિરોધી છે તથા જે વિકાર ઉત્પન્ન કરે છે. ૧૫૪.

અને વિરૂદ્ધ ભોજનથી થયેલા રોગોના ઔષધ આ સર્વ વિષય આ આત્રેયભદ્રકાપ્યીય અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યા છે. ૧૫૫.

इत्यन्न पान चतुःष्के आत्रेय भद्रकाप्यीयोनाम षड्विंशोऽध्यायः समाप्तः ॥२६॥

ઇતિ અન્નપાન ચતુષ્કે આત્રેય ભદ્રકાપ્યીયો નામનો ષડ્વિંશોધ્યાય સમાપ્ત. ૨૬.

॥ सप्तविंशोऽध्यायः ॥

अथातोऽन्नपानविधिमध्यायंव्याख्यास्यामइतिहस्माह भगवानात्रेयः ॥

હવે અમે અન્નપાન વિધિ નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

અન્નપાનની ઉત્કૃષ્ટતા.

इष्टवर्णगन्धरसस्पर्शविधिविहितमन्नपानंप्राणिनांप्राणसंज्ञकानांप्राणमाचक्षतेकुश-

लाः । प्रत्यक्षफलदर्शनात्तदिन्धनाह्यन्तरामेः स्थितिस्तद्धसत्त्वमूर्जयति । तच्छरीरधातुव्यूहबलवर्णेन्द्रियप्रसादकरं यथोक्तमुपसेव्यमानं विपरीतमहिताय सम्पद्यते ॥ १ ॥

ચતુર વૈદ્યલોક મનોહર, વર્ણ, ગન્ધ, રસ તથા સ્પર્શયુક્ત વિધિપૂર્વક કહેલા પ્રાણુ સંજ્ઞક પ્રાણિયોના અન્નપાનને પ્રાણરૂપ કહે છે. પ્રત્યક્ષ ફલ જોવાથી માલુમ પડે છે કે અન્નપાનજ મનુષ્યની અગ્નિનું કારણ છે એથી સત્ત્વ વધે છે. વિધિ પૂર્વક તેનું સેવન કરવાથી શરીરની ધાતુનો જથો, બળ, વર્ણ તથા ઇન્દ્રિયોની પ્રસન્નતા થાય છે અને વિપરીત સેવનથી અહિત થાય છે. ૧.

तस्माद्धिताहितावबोधनार्थमन्नपानविधिमखिलेनोपदेक्ष्यामोऽग्निवेश ॥ २ ॥

હે અગ્નિવેશ, એથી હિત તથા અહિતને જાણવાને માટે સંપૂર્ણ અન્નપાન વિધિનું વર્ણન કરીએ છીએ. ૨.

અન્નપાનાદિનાં સ્વભાવિક કર્મ.

तत्स्वभावादुदकं क्लेदयति, लवणं विष्यन्दयति, क्षारः पाचयति, मधु सन्दधाति, सर्पिः स्नेहयति, क्षीरं जीवयति, मांसं बृंहयति, रसः प्रीणयति, सुरा जर्जरीकरोति, शीधुरवधमयति, द्राक्षारसो दीपयति, फाणितमाचिनोति, दधि शोफं जनयति, पिण्याकशाकं ग्लपयति, प्रभूतान्तर्मलो माषसूपः, दृष्टिशुक्रघ्नः क्षारः, प्रायः पित्तलमम्लमन्यत्र मधुनः पुराणाच्च शालियवगोधूमात्, प्रायः सर्वं तिक्तं वातलमवृष्यञ्चान्यत्र वेत्राग्रपटोलात्, प्रायः कटुकं वातलमवृष्यञ्चान्यत्र पिप्पलीविश्वभेषजात् ॥ ३ ॥

જળ સ્વભાવથીજ ક્લેદકારક છે, મીઠું વિષ્યંદકારક છે. ક્ષાર પચાવનાર છે, મદ સંધાનકારક છે. ઘી સ્નિગ્ધતા કરનાર છે. દુધ એ જીવન છે. માંસ બૃંહણ (ધાતુ વધારનાર) છે. રસ પ્રસન્નતાકારક છે. મદ્ય (મદિરા) આહારને જીર્ણ કરનાર છે. શીધુ (મદ્ય વિશેષ) દાહકારક છે. દ્રાક્ષનો રસ દીપન છે. રાબ સંચયકારક છે. દહીં શોથકારક છે. સરસોનું શાક ગ્લાનિકારક છે. અડદની દાળ અત્યંત મળવર્ધક છે. ક્ષાર દ્રષ્ટિ તથા વીર્ય નાશક છે. દાડિમ અને આમળાં સિવાય સર્વ ખાટી વસ્તુઓ પિત્તવર્ધક છે. જુનું મદ, જવ તથા ઘઉં સિવાય સર્વ મીઠી વસ્તુઓ કફવર્ધક છે. નેતરનો અગ્રભાગ તથા પટોળ સિવાય સર્વ તિખી વસ્તુ વાયુવર્દ્ધક અને પુંસ્ત્વનાશક છે. સુંઠ તથા પીંપળ સિવાય સર્વ કટુ દ્રવ્ય વાયુવર્દ્ધક તથા પુંસ્ત્વનાશક છે.

अतो वर्गसंग्रहेणाहारद्रव्याण्यनुव्याख्यास्यामः ॥ ४ ॥

આ ઉપરાંત વર્ગોના ક્રમથી આહાર દ્રવ્યોનું વ્યાખ્યાન કરીએ છીએ. ૪.

વર્ગોનાં નામ.

शूकधान्यशमीधान्यमांसशाकफलाश्रयान् वर्गान्हरितमद्याम्बुगोरसेक्षुविकारिकान् ॥ ५ ॥ दश द्वौ चपरौ वर्गौ कृतान्नाहारयोगिनाम् । रसवीर्यविपाकैश्च प्रभावैश्च प्रवक्ष्यते ॥ ६ ॥

શૂક ધાન્ય, શમી ધાન્ય, માંસ, શાક, ફલ, હરિત, મદ્ય, જળ, દુધ, ઇક્ષુ વર્ગ આદસ અને બીજાં કૃતાન્ન, તથા આહારોપયોગી એ આ બાર વર્ગ, રસ, વીર્ય, વિપાક તથા પ્રભાવ સહિતનો ઉપદેશ કરીએ છીએ. ૫-૬.

અથ શુકધાન્ય વર્ગ.

रक्तशालिर्महाशालिःकलमःशकुनाहृतः । चूर्णकोदीर्घशूकश्च गौरःपाण्डुकलांगुलौ ॥ ७ ॥ सुगन्धिकालोहवालाःशालिवाख्याःप्रमोदकाः। पतङ्गास्तपनीयाश्च-येचान्येशालयःशुभाः ॥ ८ ॥ शीतारसेविपाकेचमधुराःस्वल्पमारुताः । बद्धा-ल्पवर्चसःस्निग्धाबृंहणाःशुक्रमूत्रलाः ॥ ९ ॥

રક્તશાલી (લાલ ધાન્ય) મહાશાલિ, કલમ (જે ઉખાડી ફરી રોપવામાં આવે છે) શકુલાહૃત (ધાન્ય વિશેષ) ચૂર્ણક, દીર્ઘશૂક, સ્વેતશાલી, પાન્ડુવર્ણશાલિ, લાંગુલશાલિ, સુગંધિક, લોહ બાલ, શાલિવ, પ્રમોદક, પતંગ તથા તપનિય અને જે જે ઉતમ ધાન્ય છે તે સર્વ રસ તથા વિપાકમાં ઠંડાં, મીઠાં, થોડાં વાયુકારક મળને બાંધનાર, થોડા મળને ઉત્પન્ન કરનાર, ચિકણું, બૃંહણુ અને વીર્ય તથા મૂત્રનાં વર્ધક છે. ૭-૮-૯.

શાલિધાન્યોનાં નામ.

रक्तशालिर्वरस्तेषांतृष्णाघ्नस्त्रिमलापहः ।
महांस्तस्यानुकलमस्तस्याप्य[illegible] ततःपरे ॥ १० ॥

એ સર્વ ધાન્યોમાં લાલ રંગના શાલના ચોખા સર્વથી શ્રેષ્ટ છે. તે તૃષા તથા ત્રિદોષનાશક છે. લાલ ધાનો કરતાં મહાશાલિ ગુણોમાં હિન છે. મહાશાલિ કરતાં કલમ ધાન હિન છે અને કલમ ધાનની અપેક્ષાએ અન્ય સર્વ ધાનહિન ગુણ છે. ૧૦.

यवकाहायनाःपांशुवाप्योनैषधकादयः ।
शालीनांशालयःकुर्वन्त्यनुकारंगुणागुणैः ॥ ११ ॥

યવક ધાન્ય, હાયનધાન્ય, પાંશુ, તલાવનાં ધાન્ય, નૈષધ ધાન્ય, આ પણ સર્વ ચોખાની જાતિ તથા ગુણાગુણ કરતાં ઉત્તરોત્તર હિન ગુણ જાણવા. ૧૧.

સાઠીચોખાના ગુણ.

शीतःस्निग्धोगुरुःस्वादुस्त्रिदोषघ्नःस्थिरात्मकः ।
षष्टिकःप्रवरोगौरः[illegible]ष्णगौरस्ततोऽनुच ॥ १२ ॥

ષષ્ટિક ધાન્ય (સાઠી ચોખા) ઠંડા, સ્નિગ્ધ, ભારે, મીઠા, ત્રિદોષ નાશક, તથા સ્થિરતાકારક હોય છે. સર્વ સાઠી ચોખામાં ધોળા ચોખા શ્રેષ્ટ છે, અને કાળા ચોખા તેના કરતાં હલકા છે. ૧૨.

वरकोद्दालकोचीनशार[illegible]ज्ज्वलदर्दुराः ।
गन्धलाः[illegible]कुविन्दाश्चषष्टि[illegible]काल्पान्तरागुणैः ॥ १३ ॥

વરક ધાન્ય, ઉદ્દાલક, ચીના, શારદ, ઉજ્વલ, દર્દુર, ગંધલ કુવિન્દ આદિ ધાન્ય સાઠી ચોખા કરતાં કાંઇક ઓછા ગુણવાળા છે. ૧૩.

मधुरश्चाम्लपाकश्चव्रीहिःपित्तकरोगुरुः ।
बहुमूत्रपुरीषोष्मात्रिदोषस्त्वेवपाटलः ॥ १४ ॥

व्रीहीधान्य, मीठां, पाकमां खाटां, पित्तकारक तथा भारे होय छे. पाटल धान्य बहुज मूत्र तथा मलवाळां, गरम तथा त्रिदोषकारक छे. १४.

सकोरदूषःश्यामाकःकषायमधुरोलघुः ।
वातलःकफपित्तघ्नःशीतसंग्राहिशोषणः ॥ १५ ॥

कोदरा अने सामानां अनाज कसेलां, मीठां, हलकां, वायडां, कफ पित्तनाशक शीतल, संग्राही तथा शोषणु करनारां छे. १५.

हस्तिश्यामाकनीवारतोयपर्णीगवेधुकाः । प्रशातिकाम्भःश्यामाकलौहित्याणुप्रियङ्गवः ॥ १६ ॥ मुकुन्दझिण्टिगर्मूटीचरुकावरकास्तथा । शिविरोत्कटजूर्णाह्वः श्यामाकसदृशा गुणैः ॥ १७ ॥

हस्तिश्यामाक, नानवी, तोयपर्णी, गवेधुक (थेगी), प्रशातिका, जलजश्यामक, लोहित्यश्यामक, अनुश्यामक, कंगुनी, मुकुंद (साठीचोखा), झींटी, गर्मुटी, चरुका, वरका, शिविर, उत्कट, जवार आ सर्वना गुणु सामाना सरखा जाणुवा. १६–१७.

रूक्षःशीतोगुरुःस्वादुःबहुवातशकृद्यवः ।
स्थैर्यकृत्सकषायस्तुबल्यःश्लेष्मविकार ृत् ॥ १८ ॥

जव रूक्ष, शीतल, भारे, स्वादु, बहुज वायु अने बळ अर्पनार, स्थिरताकारक, कषाय, बळकारक अने कफ विकारनाशक छे. १८.

वेणुजवना गुणु.

रूक्षःकषायानुरसोमधुरःकफपित्तहा ।
मेदःक्रिमिविषघ्नश्चबल्योवेणुयवोमतः ॥ १९ ॥

वेणुयव–रूक्ष, कसैला, मीठा, कफ पित्तनाशक, मेदने हरनार, कृमि तथा विषने नाश करनार अने बळ अर्पनार छे. १९.

घउंना गुणु.

सन्धानकृद्वातहरोगोधूमःस्वादुशीतलः ।
जीवनो ृंहणोवृष्यःस्निग्धःस्थैर्यकरो ुरुः ॥२० ॥

घउं, संधानकर्त्ता, वातहर, स्वादु, शीतल, जीवनकर्त्ता, पुष्टकर्त्तां, विर्यवर्धक, स्निग्ध, दृढ कारक अने भारे छे. २०.

नान्दीमुख अने मधुलीना गुणु.

नान्दीमुखीमधूलीचमधुरस्निग्धशीतले । इत्ययंशूकधान्यानां पूर्वोवर्गःसामाप्यते ॥ २१ ॥ इतिशूकधान्यवर्गः ।

नान्दीमुखी तथा मधुलिका (घउंनी जात) मीठा, स्निग्ध अने शीतल छे. आ प्रकारे शूक धान्योनो वर्ग समाप्त थयो. २१.

अथ शमिधान्य वर्ग.

મગના ગુણ.

कषायमधुरोरूक्षःशीतःपाकेकटुर्लघुः ।
विषदःश्लेष्मपित्तघ्नोमुद्गःसूप्योत्तमोमतः ॥ २२ ॥

સર્વ પ્રકારના શમી ધાન્યોમાં મગ ઉત્તમ છે. મગ કષાય, મીઠા, રૂક્ષ, શીતળ, પાકમાં કડવા, હલકા, વિશદ અને કફ પિત્તનાશક છે. ૨૨.

રાજ માષના ગુણ.

रूक्षश्चैवकषायश्चवातलःश्लेष्मपित्तहा ।
विष्टम्भीचाप्यवृष्यश्चराजमाषःप्रकीर्तितः ॥ २३ ॥

રાજમાષ–ખર, રૂચિકારક, કફ, શુક્ર તથા અમ્લપીત્ત કરનાર છે, અને સ્વાદિષ્ટ, વાતકારક, રૂક્ષ, કષાય વિષદ અને ભારે છે. ૨૩

અડદના ગુણ.

वृष्यःपरंवातहरःस्निग्धोष्णमधुरोगुरुः ।
बल्योबहुमलःपुंस्त्वंमाषःशीघ्रंददातिच ॥ २४ ॥

અડદ—વીર્યવર્ધક, અત્યંન્ત વાયુનાશક, ચિકણા, ગરમ, મીઠા, ભારે, બળકારક, બહુજ મળ કરનાર અને જલ્દી પુરૂષત્વને આપનાર છે. ૨૪.

કળથીના ગુણ.

उष्णाःकषायाःपाकेऽम्लाःकफशुक्रानिलापहाः ।
कुलत्थाग्राहिणः[illegible]श्वासार्ससांहिता ॥ २५ ॥

કળથી–ગરમ, કષૈલી, પાકમાં ખાટી, કફ, વીર્ય, અને વાયુ આ ત્રણને નષ્ટ કરનાર, સંગ્રાહી તથા ખાંસી, હીક્ક, દમ અને હરસમાં હિતકારક છે. ૨૫.

મઠના ગુણ.

मधुरामधुराःपाकेग्राहिणोरूक्षशीतलाः ।
मकुष्ठकाःप्रशस्यन्तेरक्तपित्तज्वरादिषु ॥ २६ ॥

મઠ–રસ એને પાકમાં મધુર, ગ્રાહી, ઠંડા, રક્તપિત્ત નાશક અને તાવ વિગેરે રોગોમાં હિતકારક છે. ૨૬.

ચણાના ગુણ.

चणकाश्चमसूराश्चखण्डिकाःसहरेणवः । लघवःशीतमधुराःसकषायाविरूक्षणाः॥२७॥
पित्तश्लेष्मणिशस्यन्तेसूपेष्वालेपनेषुच । तेषांमसूरःसंग्राहीकषायोवातलःपरम्॥२८॥

ચણા મસુર ખંડિકા તથા રેણુ આ સર્વ હલકાં શીતળ, મધુર, કષેલા, રૂક્ષ, અને પિત્ત તથા કફમાં તેનો સૂપ તથા આલેપન હિતકારી છે. તેમાં મસુર ગ્રાહી અને કષાય તથા બાદી કરનાર છે. ૨૭.

તલના ગુણ.

स्निग्धोष्णमधुरस्तीक्ष्णःकषायःकटुकस्तिलः ।
त्वच्यःकेश्यश्चबल्यश्चवातघ्नःकफपित्तकृत् ॥ २९ ॥

તલ–ચિકણા, ગરમ, મધુર, તીક્ષ્ણ, કષાય, કડવા ચામડીને સુંદર કરનાર, કેશને વધારનાર, બળકારક, વાતનાશક તથા કફ પિત્તને ઉત્પન્ન કરનાર છે. ૨૯.

गुर्व्योऽथमधुराःशीतावल्या रूक्षणात्मिकाः । सस्नेहाबलिभिर्भोज्याविविधाःशिम्बिजातयः ॥ ३० ॥ शिम्बीरूक्षाकषाया च कोष्ठेवातप्रकोपनी ॥ न च वृष्या नचक्षुष्या विष्टभ्य च विपच्यते ॥ ३१ ॥

સર્વ પ્રકારની વાલોળ–ભારે, મધુર, શીતલ, બલઘ્ન, રૂક્ષસ્વભાવવાળી, સ્નેહયુકત, અને બળવાન પુરૂષોને ખાવા યોગ્ય છે. ૩૦ તે રૂક્ષ, કષાય, કોઠાના વાયુને કોપિત કરનાર, શરીરને દુર્બલ કરનાર, વિષ્ટમ્ભ કરનાર, દુર્જર, તથા નેત્રોને હિતકારક નથી. ૩૧.

તુવેર વિગેરેના ગુણ.

आढकीकफपित्तघ्नीवातलाकफवातनुत् । अवल्गुजःसैडगजो निष्पावावातपित्तलाः ॥ ३२ ॥ काकाण्डोलात्मगुप्तानांमाषवत्फलमादिशेत् । द्वितीयोऽयंशमीधान्यवर्गःप्रोक्तोमहर्षिणा ॥ ३३ ॥

તુવેર—કફ અને પિત્તને નષ્ટ કરનાર અને વાતકારક છે. બાવચીના બી, વાત અને કફનો નાશ કરે છે. મનવાડ (ચક્રમર્દ કુંવાડીયો)નાં બીજ પણ તે ગુણવાળાં છે. નિષ્પાવ વાત પિત્તને કરનાર છે. કોલસિમ્બી અને કોચનાં બી પણ અડદના જેવાં ગુણવાળાં છે. આ પ્રકારે મહર્ષિ આત્રેયજીએ આ શમી ધાન્યવર્ગ નામના બીજા વર્ગનું કથન કર્યું. ૩૨–૩૩.

અથ માંસ વર્ગ.

પ્રસહ પશુ અને પક્ષીયોનાં નામ.

गोखराश्वतरोष्ट्राश्वाद्वीपिसिंहर्क्षवानराः । वृकोव्याघ्रस्तरक्षुश्च बभ्रुमार्जारमूषिकाः ॥ ३४ ॥ लोपाकोजम्बुकःश्येनोवान्तादश्चाषवायसौ । शशघ्नीमधुहाभासोगृध्रोलूककुलिङ्गकाः ॥ ३५ ॥ धूमिकाकुररश्चेतिप्रसहामृगपक्षिणः ॥ ३६ ॥

ગાય, ગધેડુ, ખચ્ચર, ઉંટ, ઘોડો, શાર્દુલ, સિંહ, રીંછ, વાંદરું, ઘેટું, વાઘ, ચિત્તો, નોળવો, બીલાડી, ઉંદર, લોપાક, ગીધ, શકરોબાજ, કુતરાં, નીલકંઠ, કોઆ, બાજ, હોલો, ચિડા, ઝંગર, ટીંટોડી આ જાનવરોને પ્રસહ કહે છે. ૩૪–૩૫–૩૬.

ભૂમિશયનાં નામ.

श्वेतःश्यामश्चित्रपृष्ठःकालकःकाकुलीमृगः । कुर्चीकाचिल्लकोभेकोगोधाशल्लकमण्डकौ । कदलीनकुलःश्वाविदितिभूमिशयाःस्मृताः ॥ ३७ ॥

શ્વેતમૃગ, કાળોમૃગ, ચિત્રપૃષ્ટમૃગ, કાલકમૃગ, કાકુલીમૃગ, કુચિકા, ચકલી, દેડકુ, ગોહ, શલ્લક, ગન્ડક, કદલી નકુલ, (નોલા) અને શ્વાવિતપશુને ભૂમિશય કહે છે. ૩૭.

અનુપ જીવોનાં નામ.

सृमरश्चमरःखड्गोमहिषोगवयोगजः ।
न्यङ्कुर्वराहश्चानूपामृगाःसर्वेरुरुस्तथा ॥ ३८ ॥

જંગલી સૂઅર, ચમરગઉ, ગેંડા, પાડો, રોઝ, હાથી, હરણ, ડુક્કર અને રૂરૂ આદિ સર્વ મૃગ, આ સર્વને અનૂપ કહે છે. ૩૮.

જળચર અને જળશય પક્ષીયોનાં નામ.

कूर्मःकर्कटकोमत्स्यःशिशुमारस्तिमिङ्गिलः । शुक्तिशंखोद्रकुम्भीरचुलुकीमकराद-यः ॥ ३९ ॥ इतिवारिशयाःप्रोक्तावक्ष्यन्ते वारिचारिणः । हंसःक्रौञ्चावकाक-चवकःकारण्डवःप्लवः ॥ ४० ॥ शरारीपुष्कराह्वश्चकेशरीमानतुण्डिकः । मृणाल-कण्ठोमद्गुश्चकादम्बःकाकतुण्डकः ॥ ४१ ॥ उत्क्रोशःपुण्डरीकाक्षोमेघरावोऽम्बु कुक्कुटी । आरानन्दीमुखीवाटीसुमुखाःसहचारिणः ॥ ४२ ॥ रोहिणीकामका-लीचसारसोर[illegible]ः । चक्रवाकास्तथान्येचखगाःसन्त्यम्बुचारिणः ॥४३॥

કાચબો, કેંકડા, માછલી, શિશુમાર, તીમીંગલ માછલી, છીપ, શંખ, કુમ્ભી, ચિરૂકી તથા મગર આ સર્વને જલશય જીવ કહેછે. હંસ, ક્રોંચ, બગલાં, વલાકા (એક પ્રકારનું બગલું, કારંડવ પ્લવ, શરારિ, પુષ્કર, કેશરી માનતુન્ડિક મૃણાલકંઠ, મદગુ, (હારિલ) કાદમ્બ (બતક) કાકતુંડક, કુરરી, પુંડરીકાક્ષ, મેઘરાવ, જલકુકડી, આરા, નંદીમુખી વાટી, સુમુખા, સહચારિણી, રોહીણી કામકાલી, સારસ, રક્ત શિર્ષક, ચકવો આ સર્વ જળચારી કહેવાયછે તથા તે સિવાય બીજાં પણ જળમાંથી માછલાં પકડનાર પક્ષી વિશેષ જળચારી કહેવાય છે. ૩૯–૪૦–૪૧–૪૨–૪૩.

જાંગલ પશુઓનાં નામ.

पृषतःशरभोरामःश्वदंष्ट्रामृगमातृकाः । शशोरणौकुरङ्गश्चगोकर्णःकोट्टकारकः ४४
[illegible]ौचशम्बरःकालपुच्छकः । ऋष्यश्चतरपोतश्चविज्ञेयाजाङ्गलामृगाः

ચિત્ર હરણ, મહાશૃંગ, હરણ, કસ્તુરીમૃગ, શ્વદંષ્ટા, મૃગ, માત્રિકા, ખર ગોશ, ઉરણ, કુરંગ, ગોકર્ણ, કોટ્ટકારક, ચારૂષ્ક, હરિણ, તામ્રવર્ણનું હરણ, સાબર, કાળપુચ્છક, રૂષ્ય, તરપોત આ સર્વને જંગલના મૃગ કહેછે. ૪૪–૪૫

વિષ્કિર પક્ષીઓનાં નામ.

लावोवर्तीरकश्चैववार्तीकः[illegible]ः । चकोरश्चोपचक्रश्चकुक्कुटोरक्त-वर्त्तकः ॥ ४६ ॥ लावाद्याविष्किरास्त्वेतेवक्ष्यन्तेवर्त्तकादयः । वर्त्तकोवार्त्तका-चैववर्हीतित्तिरिकुक्कुटौ ॥ ४७ ॥ कङ्कसारपदन्द्राभगोनदगिरिवर्तिकाः । क्रक-रोऽवकरश्चैववरा[illegible]विष्किराः ॥ ४८ ॥

લવ, વર્તીરક, વર્તીકકપીંજલ, ચકોર, ઉપચક, કુકકુટ તથા રક્ત વર્તક આ લવાદિ વિષ્કિર કહેવાયછે. આવર્તકાદિક કહેછે. વર્તક,વાર્તકા મોર, તેતર, કુકુટ, કેકસાર, પદેન્દ્રામ, ગિરિવર્તક, કકર, અવકર, અને વરાહ આ સર્વને પણ વિષ્કીર કહેછે. ૪૬–૪૭–૪૮

પ્રતુદ પક્ષિઓનાં નામ.

शतपत्रोभृङ्गराजःकोयष्टीजीवजीवकः। कैरातःकोकिलोऽत्यूहोगोपापुत्रःप्रियात्मजः ॥ ४९ ॥ लट्वालट्टूषकोबभ्रुर्वटहाडिण्डिमानकः । जटीदुन्दुभिवाकावलोहपृष्ठकुलिङ्गकाः ॥ ५० ॥ कपोतशुकसारङ्गाश्चिरिटीकंकुयष्टिकाः । सारिकाकलविङ्कश्चचटकोऽङ्गारचूडकः । पारावतःपाण्डविकइत्युक्ताःप्रतुदाद्विजाः ॥ ५१ ॥

શતપત્ર, ભૃંગરાજ, કોયષ્ટિ, જીવજીવક, કૈરાત, કોકિલ, અત્યુહ, ગોપાપુત્ર, પ્રિયાત્મજ; લટવા, લટ્ટુષક, નકુલ, વટહા, ડીંડીમાનક, જટી, કુંદુભીવાક, અવલોહ, પૃષ્ટ કુલિગક, કપોત (હોલો) શુક (પોપટ), સારંગ, ચિરટી કંકુયષ્ટ, સારિકા, કલવિંક અંગાર ચૂડક, પારાવત, પાન્ડવીક, આ સર્વ પક્ષીયોને પ્રતુદ કહેછે, તથા દ્વિજ પણ કહેછે. ૪૯–૫૦–૫૧.

प्रसह्यभक्षयन्तीतिप्रसहास्तेनसंज्ञिताः ॥ ५२ ॥ भूशयाबिलवासित्वादानूपानूपसंश्रयात् । जलेनिवासाज्जलजाजलचर्य्याज्जलेचराः । स्थलजाजाङ्गलाःप्रोक्तामृगाजाङ्गलचारिणः ॥ ५३ ॥ विकीर्य्यविष्किराश्चेतिप्रतुद्यप्रतुदाःस्मृताःयोनिरष्टविधात्वेषांमांसानांपरिकीर्त्तिता ॥ ५४ ॥

જે જીવ બળપૂર્વક પોતાના ભોજનની સામગ્રીને ગ્રહણ કરીને ખાયછે તે સર્વને પ્રસહ કહેછે. જે પૃથ્વીમાં દર બનાવીને રહેછે તેને વિલેશય કહેછે. જળના નજીક વાસકરનાર અનૂપસંચારી કહેછે. જળમાં રહેનારને જળશય કહેછે. જળમાં વિચરનારને જળચર કહે છે. સ્થળચરજીવો જે જંગલમાં રહે છે તેને જાંગલ કહે છે. ચાંચથી ઉખેડનાર તથા પંઝાથી ઉખેડી ખાનારને વિષ્કર કહેછે. કીડા વિગેરે પંઝાથી દબાવી ચાંચથી ખાનારને પ્રતુદ કહે છે. આ પ્રકારે માંસોના આઠ પ્રકારના યોની વર્ણન છે. ૫૨–૫૩–૫૪

પ્રસહાદિના માંસના ગુણ.

प्रसहाभूशयानुपवारिजावारिचारिणः । गुरूष्णस्निग्धमधुरा बलोपचयवर्द्धनाः ॥ ५५ ॥ वृष्याःपरंवातहराःकफपित्ताभिवर्द्धिनः । हितान्व्यायामनित्यानांनरा-दीप्ताग्नयश्चये ॥ ५६ ॥

તેમાં પ્રસહ, બિલેશય, અનુપસંચારી, જલશય અને જળ સંચારી જીવોનાં માસ ભારે, ગરમ, સ્નિગ્ધ, મીઠાં બળવર્દ્ધક છે. વ્યાયામ કરનાર અને દિપ્તાગ્નિ મનુષ્યોને હિતકારક છે. ૫૫–૫૬.

प्रसहानांविशेषेणमांसंमांसाशिनांभिषक् । जीर्णार्शोग्रहणीदोषशोषार्त्तानांप्रयोजयेत् ॥ ५७ ॥

વૈદને ઉચિત છે કે જુના અને સંગ્રહણી તથા તૃષાથી પીડીત મનુષ્યોને માટે પ્રસહ જીવોના માંસનો ઉપયોગ કરવો. ૫૭

लावाद्योवैष्किरोवर्गःप्रतुदाजाङ्गलामृगाः । लघवःशीतमधुराः सकषायाहितानृणाम् ॥ ५८ ॥ पित्तोत्तरेवातमध्येसन्निपातेकफानुगे । विष्किराःप्रतुदाश्चैवजाङ्गलाश्चतुमसहाल्पान्तरागुणैः ॥ ५९ ॥

લવાથી લઈ વિષ્કિર વર્ગ, તથા પ્રતુદ અને જાંગલ જીવોનાં માંસ હલકાં, શીતલ, મધુર, કષાય, હોય છે. આ જીવોનાં માંસની કાંજી પિત્ત પ્રધાન, વાત મધ્ય, કફહિન સન્નિપાતમાં પ્રયોગ કરવો જોઇએ. વર્તકથી:લઇ વિષ્કિરપક્ષીયોનું માંસ પ્રસહ જાતિયોના પક્ષિયોથી કાંઇક થોડા ગુણવાળા છે. ૫૮–૫૯

બકરાના માંસના ગુણ.

नातिशीतं गुरुस्निग्धं मांसमाजमदोषलम् ।

शरीरधातुसामान्यादनभिष्यन्दिबृंहणम् ॥ ६०

બકરાનું માંસ અધિક શીતલ તેમ અધિક ભારે અને અધિક સ્નિગ્ધ હોય છે. તે દોષોને કોપિત કરતું નથી. મનુષ્યનાં શરીર અને ધાતુને અનુકુળ હોવાથી અનભિષ્યન્દી તથા પુષ્ટિકારક હોય છે. ૬૦.

ઘેટાના માંસના ગુણ.

मांसंमधुरशीतत्वाद्गुरुबृंहणमाविकम् । योनावजाविकेमिश्रेगोचरत्वादनिश्चिते ॥ ६१ ॥ सामान्येनोपदिष्टानांमांसानांस्वगुणैःपृथक् । केषाञ्चिद्गुणवैशेष्याद्विशेषउपदेक्ष्यते ॥ ६२ ॥

ઘેટાનું માંસ મીઠું, શીતળ હોવાથી ભારે હોય છે. અને બૃંહણ (ધાતુ વર્ધ્ધક) હોય છે. બકરી તથા ઘેટાં આદિના સંસર્ગથી જે જીવ ઉત્પન્ન થાય છે તેના માંસના ગુણનો કાંઇ નિશ્ચય થઇ શકતો નથી. ૬૧. માંસોના જે સામાન્ય ગુણ કહ્યા તેમાંથી કયા કયા પશુપક્ષીનાં માંસના ગુણમાં વિષમતા હોય છે તેનું જુદું વર્ણન કરીએ છીએ. ૬૨.

મોરના માંસના ગુણ.

दर्शनश्रोत्रमेधाग्निवयोवर्णस्वरायुषाम् ।

बर्हीहिततमोबल्योवातघ्नोमांसशुक्रलः ॥ ६३ ॥

મોરનું માંસ, દ્રષ્ટિ, કાન, બુદ્ધિ, અગ્નિ, અવસ્થા વર્ણ, સ્વર, અને વાયુને હિતકારક છે તથા બળકારક, વાતનાશક, માંસ વર્ધ્ધક અને વીર્યજનક છે. ૬૩.

હંસના માંસના ગુણ.

गुरूष्णस्निग्धमधुराःस्वरवर्णबलप्रदाः ।

बृंहणाःशुक्रलाश्चाक्ताहंसामारुतनाशनाः ॥ ६४ ॥

હંસનું માંસ ભારે, ગરમ, સ્નિગ્ધ, મધુર, સ્વર અને વર્ણપ્રદ, બલકારક, ધાતુવર્દ્ધક, વીર્યજનક અને વાતનાશક છે. ૬૪.

મુરગાના માંસના ગુણ.

स्निग्धाश्चोष्णाश्चवृष्याश्चबृंहणाःस्वरबोधनाः ।

बल्याःपरंवातहराःस्वेदनाश्चरणायुधाः ॥ ६५ ॥

મુરગાનું માંસ, સ્નિગ્ધ, ગરમ, વૃષ્ય, પુષ્ટિકારક, સ્વરકારક, બળવર્દ્ધક, વાતનાશક અને સ્વેદકારક છે. ૬૫.

ધન્વાનુપના માંસના ગુણ.

गुरूष्णमधुरोनातिधन्वानूपनिषेवणात् ।
तित्तिरिःस…येच्छ्रांग्रंश्रीन्दोषाननिलाल्वणा ॥ ६६ ॥

અનૂપસંચારી જીવોનાં માંસ તથા જંગલી જીવોનાં માંસ અધિક ભારે નહિ, અધિક ગરમ નહી, અને અધિક મીઠાં હોતાં નથી. તેતરનું માંસ વાત પ્રધાન, સન્નિપાતને જીતનાર છે. ૬૬.

કપીંજલ પક્ષીના માંસના ગુણ.

पित्तश्लेष्मविकारेषुसरक्तेषुकपिञ्जलाः ।
मन्दवातषुशस्यन्तेशैत्यमाधुर्य्यलाघवात् ॥ ६७ ॥

કપીંજલ પક્ષીનું માંસ થોડા વાયુવાળું, પિત્ત કફવિકાર તથા રક્તવિકારોને જીતનાર છે કેમકે તે શીતલ, મધુર અને હલકું છે. ૬૭.

લવાનું માંસ.

लावाःकषायमधुरालघवोऽग्निविवर्द्धनाः ।
सन्निपातप्रशमनाःकटुकाश्चविपाकतः ॥ ६८ ॥

લવાનું માંસ કષાય, મધુર, હલકુ, અગ્નિવર્દ્ધક છે તથા સન્નિપાતને શાંત કરનાર છે તેમજ વિપાકમાં કટુ હોય છે. ૬૮.

કબુતરના માંસના ગુણ.

कषायमधुराःशीतारक्तपित्तनिवर्हणाः । विपाकेमधुराश्चैवकपोतागृहवासिनः ॥ ॥ ६९ ॥ तेभ्योलघुतराःकिञ्चित्कपोतावनवासिनः । शीताःसंग्राहिणश्चैवस्वल्पयूषाश्चतेमताः ॥ ७० ॥

ઘરમાં રહેનાર કબુતરનું માંસ કષાય, મધુર, શીતલ, રકતપીત્તનાશક, તથા વનમાં રહેનાર કબુતરોનું માંસ ઘરના કબુનર કરતાં હલકું છે. વિપાકમાં મધુર છે, શીતલ છે, સંગ્રાહી છે, અને થોડા યુષવાળું છે ૬૯. ૭૦.

પોપટના માંસના ગુણ.

शुकमांसंकषायाम्लंविपाकेरूक्षशीतलम् ।
शोषकासक्षयहितंसंग्राहिलघुदीपनम् ॥ ७१ ॥

પોપટનું માંસ કસૈલુ, વિપાકમાં ખાટુ, રૂક્ષ તથા શીતલ છે. શોષ, ખાંસી ક્ષયમાં સારૂ છે. સંગ્રાહી, હલકુ અને અગ્નિવર્દ્ધક છે. ૭૧.

સસલાનું માંસ.

कषायविशदोरूक्षःशीतःपाकेकटुर्ल…ः ।
शशःस्वादुःप्रशस्तश्चसन्निपातेऽनिलावरे ॥ ७२ ॥

સસલાનું માંસ—કસૈલું, વિષદ, રૂક્ષ, શીતલ, પાકમાં કડવું અને મધુર છે. તેનો માંસ રસ હીનવાત સંન્નિપાતમાં હિતકર છે. ૭૨.

ચિડિયાના માંસના ગુણ.

चटकामधुराःस्निग्धाबलशुक्रविवर्द्धनाः ।

सन्निपातप्रशमनाःशमनामारुतस्यच ॥ ७३ ॥

ચિડિયાનું માંસ, મધુર, ચિકણું, બળવર્દ્ધક, વીર્યજનક, સંન્નિપાત નાશક તથા વાયુ-ને શાંત કરનાર છે. ૭૩.

ગીદડના માંસના ગુણ.

मधुराःकटुकाःपाकेत्रिदोषशमनाःशिवाः ।

लघवोबद्धविण्मूत्राःशीताश्चैणाःप्रकीर्तिताः ॥ ७४ ॥

શ્રૃગાલનું માંસ મધુર, પાકમાં કટુ, તથા ત્રિદોષનાશક હોય છે. અને મૃગ વિશેષનું માંસ હલકું, મળમૂત્રને બંધ કરનાર તથા શીતલ છે. ૭૪.

गोधाविपाकेमधुरा कषायकटुकारसे ।

वातपित्तप्रशमनीबृंहणीबलवर्द्धिनी ॥ ७५ ॥

ગોહનું માંસ વિપાકમાં મીઠું છે. રસમાં કષાય તથા કડવું છે. અને વાત પિત્ત નાશક, પુષ્ટીકારક તથા બળવર્ધક છે. ૭૫

शल्लकोमधुराम्लश्च विपाकेकटुकःस्मृतः ।

वातपित्तकफघ्नश्चकासश्वासहरस्तथा ॥ ७६ ॥

સેહનું માંસ મધુર, ખાટુ, વિપાકમાં કટુ તથા વાત પિત્ત અને કફને નષ્ટ કરનાર તથા ખાંસી અને દમને હરનાર છે. ૭૬

शैवलाहारभोजित्वात्स्वप्नस्यचविवर्जनात् ।

रोहितोदीपनीयश्चलघुपाकोमहाबलः ॥ ७७ ॥

રોહુ માછલી સિવાર ખાય છે તથા નિંદ્રા રહિત છે જેથી તેનું માંસ દીપન, લઘુ પાકી અને અત્યંત બળકારક છે. ૭૭

गुरूष्णमधुराबल्याबृंहणाःपवनापहाः ।

मत्स्याःस्निग्धाश्चवृष्याश्चबहुदोषाःप्रकीर्तिताः ॥ ७८ ॥

બીજી માછલીયો—ભારે, ગરમ, મધુર, બળકારક, બૃહણ, વાત નાશક, સ્નિગ્ધ, વીર્ય વર્ધક, તથા બહુજ દોષોને કરનાર છે. ૭૮

बल्योवातहरोवृष्यश्चक्षुष्योबलवर्द्धनः ।

मेधास्मृतिकरःपथ्यःशोषघ्नःकूर्मउच्यते ॥ ७९ ॥

કાચબાના માંસના ગુણ.

કાચબાનું માંસ બળકારક, વાતનાશક, વીર્યવર્ધક, નેત્રોને હિતકારી, બુદ્ધિ અને સ્મૃતિને વધારનાર પથ્ય અને શોષનાશક છે. ૭૯

स्नेहनंबृंहणंवृष्यंश्रमघ्नमनिलापहम् ।

वराहपिशितंबल्यंरोचनंस्वेदनंगुरु ॥ ८० ॥

સુઅરનું માંસ સ્નેહન, બૃહંણુ, વીર્યવર્દ્ધક, શ્રમનાશક, વાતહર, બલવર્દ્ધક, રૂચિ કરનાર, સ્વેદજનક અને ભારી છે. ૮૦

રોઝના માંસના ગુણ.

गव्यकेवलवाते पीनसेविषमज्वरे ।
शुष्ककासश्रमात्याग्निमांसक्षयहितश्चयत् ॥ ८१ ॥

રોઝનું માંસ જે જગ્યાએ કેવલ વાતજ પ્રધાન છે અને કફ તથા પિત્ત ન હોય એવા પ્રતિશાસ્ય અને વિષમ જ્વરમાં, સુકી ખાંસી, શ્રમ, ભસ્મકાગ્નિ અને ક્ષયને હિતકારી છે. ૮૧

પાડાના માંસનો ગુણ.

स्निग्धंचोष्णंमधुरं वृष्यंमाहिषंगुरुतर्पणम् ।
दार्ढ्यबृंहत्त्वमुत्साहंस्वप्नंञ्चजनयत्यपि ॥ ८२ ॥

પાડાનું માંસ, ચિકણું, ઉષ્ણુ, મધુર, વૃષ્ય, બૃહણુ, શરીરને દ્રઢ કરનાર અને બૃહત્વ સાહસ, નિંદ્રાને ઉત્પન્ન કરનાર છે. ૮૨

ઇંડાના ગુણ.

धार्त्तराष्ट्रचकोराणांदक्षाणांशिखिनामपि । चटकानाञ्चयानि स्युरण्डानिचहितानिच ॥ ८३ ॥ रेतःक्षीणेषुकासेहृद्रोगेषु क्षतेषुच । मधुराण्यवपाकीनिसद्योबलकराणिच ॥ ८४ ॥

હંસ, ચકોર, મુરગો, મોર, ચિડે એ સર્વનાં ઇંડાં હૃદરાગ, અને ક્ષત રોગમાં હિતકારક છે તથા મધુર, અવિપાકી અને શીઘ્ર બળવર્દ્ધક છે ૮૩–૮૪

માંસની ઉત્કૃષ્ટતા.

शरीरबृंहणेनान्यत्दार्ढ्यमांसाद्विशिष्यते ।
इतिवर्गस्तृतीयोऽयंमांसानां परिकीर्त्तितः ॥ ८५ ॥

જેટલા પ્રકારના પદાર્થ શરીરને પુષ્ટ કરનાર છે તેમાં માંસ પ્રધાન છે. આ પ્રકારે આ માંસ વર્ગ નામના ત્રીજા વર્ગનું કથન કરવામાં આવ્યું. ૮૫

इति मांसवर्ग.

अथ शाकवर्ग.

पाठातुषाशठीशाकंवास्तुकंसुनिषण्णकम् ।
विद्याद्ग्राहित्रिदोषघ्नंभिन्नवर्चस्तुवास्तुकम् ॥ ८६ ॥

પાઠા, ઉષા, સાઠી, સુનિષણ્ણુ (ચોપતિયાં શાક) આ સર્વ શાક ગ્રાહી તથા ત્રિદોષ નાશક છે અને બથુઆનુ શાક મળવર્દ્ધક અને ત્રિદોષ નાશક છે. ૮૬

મકાઇનું શાક.

त्रिदोषशमनीवृष्याकाकमाचीरसायनी ।
नात्युष्णशीतवीर्य्याचभेदनीकुष्ठनाशिनी ॥ ८७ ॥

મકાઇનું શાક ત્રિદોષને શાંત કરનાર, વીર્યવર્દ્ધક રસાયન, વીર્યમાં બહુ ગરમ નહી અને બહુ શીતલ નહીં, મળવેધક અને કુષ્ટ નાશક છે. ૮૭

રાજક્ષવકના ગુણ.

राजक्षवकशाकन्तुत्रिदोषशमनंलघु ।
ग्राहिशस्तंविशेषेणग्रहण्यर्शोविकारिणाः ८८ ॥

રાજક્ષવક, જાવક, સરસવ, દુધીનું શાક ત્રિદોષને શાંત કરનાર, હલકું, વિશેષે કરીને ગ્રહણી અને અર્શ રોગમાં હિતકારક છે. ૮૮

કરાલ શાકના ગુણ.

कालशाकन्तुकटुकंदीपनंगरशोफजित् ।
लघूष्णंवातलंरूक्षंकरालंशाकमुच्यते ॥ ८९ ॥

કાળી તુળસીનું શાક કડવું, દીપન, વિષ વિકાર, તથા સોજાને નષ્ટ કરનાર છે. કાળી તુળશીનું શાક હલકું, ઉષ્ણ, વાતકારક અને રૂક્ષ છે. ૮૯

ખાટી લુણી.

दीपनीचोष्णवीर्य्याचग्राहिणीकफमारुते ।
प्रशस्यतेऽम्लचाङ्गेरीग्रहण्यर्शोहिताचसा ॥ ९० ॥

ખાટી લુણીનું શાક અગ્નિ દીપક, ઉષ્ણવિર્યા ગ્રાહી, તથા કફ અને વાયુના રોગોમાં, ગ્રહણીમાં અને રશમાં હિતકર્તા છે. ૯૦

પોથીનું શાક.

मधुरामधुरापाकेभेदनीश्लेष्मवर्द्धिनी ।
वृष्यास्निग्धाचशीताचमदघ्नीचाप्युपोदका ॥ ९१ ॥

પોથીનું શાક મધુર, પાકમાં પણ મધુર, મળભેધક, કફવર્ધક, વૃષ્ય, સ્નિગ્ધ, શીતળ અને મદવિનાશક છે. ૯૧

તાંદલજાની ભાજી.

रूक्षोमदविषघ्नश्चप्रशस्तोरक्तपित्तिनाम् ।
मधुरोमधुरःपाके.शीतलस्तण्डुलीयकः ॥ ९२ ॥

તાંદલજાની ભાજીનું શાક રૂક્ષ, મદવિકાર, તથા વિષવિકાર, નાશક, રક્તપિતમાં હિતકર્તા, રસ તથા પાકમાં મધુર અને શીતળ હોય છે. ૯૨

મજીઠાદિ શાકોના ગુણ.

मण्डूकपर्णीवेत्राग्रंकुचेलावनतिक्तकम् । कर्कोटकावल्गुजकौ पटोलंश लादनीवृष ञ्पाणिशार्ङ्गेष्ठाकेवूकंसकाट क ॥९३॥ नाडांककलायंगो जिहावार्त्ताकंतिळपर्णिका । कुलकंकर्कशंनिम्बं शाकंपर्पटकञ्चयत् । कफपित्त रंतिक्तंशीतंकटुविपच्यते॥९४॥

મજીઠ, વેત (નેતર)નો અગ્રભાગ, કુચેલા, વનતિક્તક, કડવીદાડકી, બાવચી, પરવળ રતવેલીયો, અરડુસીનાં પુલ, શાર્ંગેષ્ટિ (મહાકારંજ) કેવુક, કારેલાં, નાળા (અળવી)નું શાક, મટર, ભોં પાથરીનાં પાન, રીંગણાં, તિલપર્ણિકા, પટાળ, લીંબડો, પિત્તપાપડો એ સર્વ શાક કફપિત્તનાશક, કડવાં તીખાં, ઠંડાં અને પાકમાં કડવાં હોય છે. ૯૩–૯૪

મુખ્ય શાકોના ગુણ.

सर्वाणिसूप्यशाकानिफञ्जीचिल्लीकम्बुकः ॥ आलुकानिचसर्वाणिसपत्राणिकटिल्लरः । शणशाल्मलिपुष्पाणिकर्वुदारः सुवर्चला ॥ ९५ ॥ निष्पावःकोविदारश्चपत्तुरश्चाखुपर्णिका । कुमारजीवोलोट्टाकपालङ्क्यामारिषस्तथा ॥ ९६ ॥ कलम्बोनालिकाश्मर्य्यःकुसुम्भवृकधूमकौ । लक्ष्मणश्चप्रपुन्नाडोनलिनीकाकुवेरकः ॥ ९७ ॥ लोणिकायवशाकश्चकूष्माण्डकमवल्गुजः । यातुकःशालकल्याणीत्रिपर्णीपीलुपर्णिका ॥ ९८ ॥ शाकंगुरुचरुक्षश्चप्रायोविष्टभ्यजीर्य्यति । मधुरंशीतवीर्य्यंश्चपुरीषस्यचभेदनम् ॥ ९९ ॥

સર્વ પ્રકારનાં દાળવાળા અન્નોનાં શાક ભાંગરો, ચિલ્લક, તુમ્બડી, સંપૂર્ણ આલુ, આલુઓનાં પાન, કટીંજર શણુ તથા સેમળાના ફુલ, સફેદ કચનારની કળી, તાંદળજો, કોવિદાર, પતંગ, મુસાકર્ણી, કુમાર, જીવકશાક, નાડી શાક, ઉપલેટ, ડાંભો, કસંબો, ગુગળ, અસ્મર્યુ, કસુંબો, વૃકધુમક, હનમાનવેલો, કુંવાડીયો, કમળ, શહતૂત, લુણી, ચીલી, ભૂરકોળું, બાવચી, શ્વેતશાલીપર્ણિ, જીવંતી, મોટા સમેરવો અને ઘોળાં ટીડોરાં એ સર્વનું શાક ભારે, રૂક્ષ, જલદી ન પચનાર, મીઠું અને શીતવીર્ય તથા મળવેધક છે. ૯૫ થી ૯૯.

શાકોની સાધારણ વિધિ.

स्विन्नंनिष्पीडितरसंस्नेहाढ्यतत्प्रशस्यते । शणस्यकोविदारस्य कर्वुदारस्यशाल्मलेः ॥ १०० ॥ पुष्पंग्राहिप्रशस्तञ्चरक्तपित्तेविशेषतः ॥ १०१ ॥

સર્વ શાકોને પ્રથમ ઉકાળીને નિચોવી દેવાં જોઇએ ફરી તેને ઘી વિગેરેમાં સિદ્ધ કરી વઘારીને ખાવાં ઉત્તમ છે. શણુનાં પુલ, બન્ને પ્રકારના કાંચનારોના પુલ, સેમળાના પુલ એ સર્વ સંગ્રાહી તથા કફતપિત્તમાં વિશેષ હિતકર છે. ૧૦૦–૧૦૧.

न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षपद्मादिपल्लवाः । कषायाःस्तम्भनाः शीताहिताः पित्तातिसारिणाम् ॥ १०२ ॥ वायुंवत्सादनीहन्यात्कफंगण्डीरचित्रकौ।श्रेयसीबिल्व-

पत्रन्तुवातनुत् । भाण्डी शतावरीशाकंबलाजीवन्तिजञ्चयत् ॥ १०३ ॥ पर्वण्याः पर्वपुष्प्याश्चवातापित्तहरंस्मृतं । लघुभिन्नशकृत्तिक्तं लाङ्गल्या रुवुकयाः ॥१०४॥

વડ, ઉમરો, પીપળો, પીંપર અને કમળ વિગેરેનાં પાન તુરાં, સ્તંભનકર્તા, શીતવીર્ય તથા પિત્તના અતિસારવાળાઓને હિતકારક છે. ગળોના પાનોનું શાક વાતનાશક છે. મજીઠ અને ચિત્રકના પાનનું શાક કફનાશક છે. ગજપીંપર અને બીલ્વપર્ણી તથા બીલામાનાં પાન વાતનાશક છે. ભાન્ડી (સરસડીયો) શાક તથા શતાવરીનું શાક, બલાનું શાક, જીવન્તીનું શાક, પવર્ણીનું શાક, પર્વણી શાક, પર્વ પુષ્પ આ સર્વ વાત, પિત્તનાશક છે. લાંગુલી (રતવેલીયાનું પાન) અને દીવેલાનાં પાન હલકા અને મળભેદક હોય છે (લાંગુલીનું કંદ તીક્ષ્ણ ઝેર છે) ૧૦૨–૧૦૩–૧૦૪.

तिलवतसशाकश्चशाकंपञ्चांगुस्यवा । वातलंकटुतीक्ष्णाम्लमधोमार्गप्रवर्त्तकम् ॥ ॥ १०५ ॥ रूक्षाम्लमुष्णंकाुसुम्भंकफघ्नंपित्तवर्द्धनं । त्रपुसैर्वारुकंस्वादुगुरुविष्टम्भिशीतलम् ॥ १०६ ॥ मुखप्रियश्चरूक्षश्चमूत्रलंत्रपुसंत्वति । एर्वारुकश्चसंपक्कं दाहतृष्णाक्रमार्तिनुत् । वर्चोभेदान्यलाबूनिरूक्षशीतगुरूणिच ॥१०७॥ चिर्भिटव्येर्वारुकेतद्वद्वर्चोभेदहितेतुते । कूष्माण्डकंसक्षारंमधुराम्लंतथालघु ॥ १०८ ॥ सृष्टमूत्रपुरीषञ्चसर्वदोषनिबर्हणम् । केलूटश्चकदम्बश्चनदीमाषकमैन्दुकम् ॥ विषदंगुरुशीतंचसमभिष्यन्दिचोच्यते ॥ १०९ ॥

તિલશાક, તથા નેતરનું શાક, તથા ધોળા એરંડાનું શાક, વાતલ કડવું, તિખુ, ખાટું, અને મળને કહાડનાર છે. ૧૦૫. કસુંબાનું શાક રૂક્ષ, ખાટુ, ગરમ; કફનાશક તથા પિત્તવર્ધક છે. ત્રપુસ કાકડીનું શાક મીઠું, ભારે વિષ્ટંભકારક શીતળ, સુસ્વાદ અને રૂક્ષ છે. તેમાં ત્રપુસ કાકડીનું શાક બહુજ મુત્રને લાવનાર અને પાકેલી કાકડી–દાહ, તૃષા અને ભ્રમગમની પીડાને શાંત કરે છે. તુંબડીનું શાક મળવેધક, રૂક્ષ અને ભારે હોય છે. ૧૦૬–૧૦૭.

ચીભડું—અથવા તડબુચાનું શાક મળને વેધન કરનાર અને હિતકર્તા છે. ભૂરા કોળાનું શાક મધુર, ખાટુ, ખારૂ અને હલકું હોય છે. તથા મળમૂત્રને કહાડનાર અને સર્વ દોષોને હરનાર હોય છે, કેલુટ કદંબ, નદીમાષ એન્દુક એ સર્વ વિષદ, ભારે, શીતલ તથા અભિષ્યન્દી છે. ૧૦૮–૧૦૯

उत्पलानिकषायाणिरक्तपित्तहराणिच । तथातालप्रलम्बश्च उरःक्षतरुजापहम् ॥ ॥११०॥ खर्जूरंतालशस्यश्चरक्तपित्तक्षयापहम् ॥ कल्हारबिसशालूकक्रौञ्चादनकशेरुकम् । शृङ्गाटकंकलोड्यञ्चगुरुविष्टम्भिशीतलम् ॥ १११ ॥ कुमुदोत्पलनालास्तुसपुष्पाःसफलाःस्मृताः । शीताःस्वादुकषायास्तुकफमारुतकोपनाः ॥११२॥

આ સર્વ પ્રકારનાં કમળ કસેલાં અને રક્તપીત્ત નાશક હોય છે. તાલજટા (તાડની કોમળ જટા) ઉરઃક્ષત વિકારને શાન્ત કરે છે. ખજુરની કુંપળ, રક્તપીત્ત અને ક્ષયને નષ્ટ કરે છે. (૧૧૦) કલ્હારનો કંદ, બીસ, (કમળપુષ્પ શાલૂક (ભાયફળ), પદ્મબીજ (કમળકાકડી) કસેરૂ, સીંઘોડાં, છોટા કમળકંદ એ સર્વ ભારે, વિષ્ટમ્ભ કર્તા હોય અને શીતલ

છે. (૧૧૧) કુમુદ અને ઉત્પલની નાલ અને તેનાં પુષ્પ, ફળ, શીતળ, મધુર, તુરાં તથા કફવાતને કોપિત કરનાર છે. ૧૧૨.

कषायमांषद्विष्टम्भिरक्तपित्तहरंस्मृतम् ।
पौष्करं मध्वबीजंमधुरंरसपाकयोः ॥ ११३ ॥

પુષ્કર નામના કમળનાં બી અને પુષ્પ તથા નાલ વિષ્ટંભ કરતા, રક્તપિત્તનાશક, રસ તથા વિપાકમાં મધુર હોય છે. ૧૧૩.

बल्यःशीतोगुरुःस्निग्धस्तर्पणोबृंहणात्मकः ।
वातपित्तहरःस्वादुर्वृष्योमुञ्जातकःस्मृतः ॥ ११४ ॥

મુંજાતક (મુંજ)—બલકારક, શીતલ, ભારે, સ્નીગ્ધ, બૃંહણુ, તર્પણુ, વાતપિત્ત નાશક, સ્વાદુ અને વીર્યવર્ધક હોય છે. ૧૧૪.

વિદારી કંદના ગુણુ.

जीवनोबृंहणोवृष्यःकण्ठ्यःजस्तोरसायने । विदारीकन्दोबल्यश्चमूत्रलःस्वादुशीतलः । अम्लीकायाःस्मृतःकन्दोग्रहण्यर्शोहितोलघुः॥ ११५ ॥नात्युष्णःकफवातघ्नोग्राहीशस्तोमदात्यये । त्रिदोषंबद्धविण्मूत्रंसार्षपंशाकमुच्यते ॥ ११६ ॥ तद्वत्पिण्डालुकंविद्यात्कन्दस्त्वास्यमुखप्रियम् । सर्पच्छत्रकवर्ज्यास्तुबह्वयोन्यच्छत्रजातयः ॥ ११७ ॥ शीताःपीनसकर्त्र्यश्चमधुरागुर्व्यएवच । चतुर्थःशाकवर्गोऽयंपत्रकन्दफलाश्रयः ॥ ११८ ॥

વિદારીકંદ જીવન, બૃંહણુ, વિર્યવર્ધક, સ્વરકારક અને રસાયનમાં શ્રેષ્ટ બળ અર્પનાર, મૂત્ર લાવનાર, મીઠાં, અને શીતલ છે, આંબલીનો કંદ-ગૃહણી અને અર્શ રોગમાં હિતકારક છે. હલકા, વધુ ગરમ નહિ તેમ કફવાતને હરનાર છે. સંગ્રાહી છે. મદાત્ય રોગમાં હિતકારક છે. સરસવનાં પાનનું શાક, ત્રિદોષોને કોપિત કરનાર, મલમૂત્રને બાંધનાર હોય છે. ૧૧૫-૧૧૬

ધોળા રતાળાનું શાક પણુ સરસવના જેવા ગુણુવાળું છે. પરંતુ ખાવામાં તેનો કંદ પ્રિય લાગે છે. સર્પ છત્રકના સિવાય અન્ય સર્વ પ્રકારની છત્રીઓ (વરસાદમાં જમીન તથા લાકડા પર ઉત્પન્ન થાય છે તે ધોળી ટોપીઓ જેવી) શીતલ, પ્રતિસ્યામકર્તા મધુર યા ભારે હોય છે. આ પ્રકારે શાકવર્ગ નામના પત્ર, કન્દ, ફલ, શાકાશ્રિત આ ચોથો વર્ગ સમાપ્ત થયો. ૧૧૭-૧૧૮.

इति शाक वर्ग.

॥ अथ फल वर्ग ॥

દ્રાક્ષના ગુણુ.

तृष्णादाहज्वर श्वासरक्तपित्तक्षतक्षयान् । वातपित्तमुदावर्तंस्वरभेदंमदात्ययम् ॥ ॥ ११९ ॥ तिक्तास्यतामास्यशोषंकासञ्चाशुव्यपोहति । मृद्वीकाबृंहणीवृष्यामधुरस्निग्धशीतला ॥ १२० ॥

દ્રાક્ષ—તૃષા, દાહ, તાવ, શ્વાસ, રક્તપિત્ત, ક્ષત, ક્ષય, વાતપિત્ત, ઉદાવર્ત, સ્વરભેદ, મદાત્યય, મોંઢાની કડવાશ, શોષ, ખાંસી આ સર્વને મટાડનાર તથા પુષ્ટિકારક, વીર્ય-વર્ધક, મધુર, સ્નિગ્ધ, અને શીતલ છે. ૧૧૯-૧૨૦.

ખજુરના ગુણ.

मधुरंबृंहणंवृष्यंखर्जूरंगुरुशीतलम् ।
क्षयेऽभिघातेदाहेचवातपित्तेचतद्धितम् ॥ १२१ ॥

ખજુરનું ફલ-મીઠું, પુષ્ટિકારક, વીર્યવર્ધક, ભારે, તથા શીતલ છે, તથા ક્ષય, અભિઘાત, દાહ અને વાતપિત્તમાં હિતકારક હોય છે. ૧૨૧.

ફલ્ગુ-ફાલસાના ગુણ.

तर्पणंबृंहणंफल्गुगुरुविष्टम्भिशीतलम् ।
परूषकंमधूकञ्चवातपित्तेचशस्यते ॥ १२२ ॥

ફલ્ગુ (કઠુમર)નું—ફલ તૃપ્તિકારક, બૃંહણ, ભારે, વિષ્ટમ્ભ, અને શીતલ છે. ફાલસા અને મહુડાં, વાત પિત્તમાં હિતકારક છે. ૧૨૨.

કેરીના ગુણ.

मधुरंबृंहणंबल्यमाम्रातंतर्पणंगुरु ।
सस्नेहंश्लेष्मलंशीतंवृष्यंविष्टभ्यजीर्य्यति ॥ १२३ ॥

પાકેલા આંબાનાં ફલ (કેરી)--પુષ્ટીકારક, બલવર્ધક, તર્પણ, મીઠાં, કફકારક, શીતલ, વૃષ્ય, અને વિષ્ટમ્ભ હોય છે અને પચી જનાર છે. ૧૨૩.

તાડ-નારીયેળ.

तालशस्यानिसिद्धानिनारिकेलफलानिच ।
बृंहणस्निग्धशीतानिबल्यानिमधुराणिच ॥ १२४ ॥

સિદ્ધ કરેલ તાડનું ફલ અને નારીયેળ પુષ્ટિકર્તા, ચિકણું, શીતલ, બલકારક અને મધુર છે. ૧૨૪.

ભવ્યના ગુણ.

मधुराम्लकषायञ्चविष्टम्भिगुरुशीतलम् ।
पित्तश्लेष्महरंभव्यंग्राहिवक्त्रविशोधनम् ॥ १२५ ॥

ભવ્યફલ--મીઠું, ખાટું, કસેલું, વિષ્ટમ્ભકર્તા, શીતલ, ભારે, પિત્ત-કફનાશક, સંગ્રાહી અને મુખનું શોધનકરતા છે. ૧૨૫

કાચા ફળોના ગુણ.

अम्लंपरूषकंद्राक्षावदर्य्याण्यारुकाणिच ।
पित्तश्लेष्मप्रकोपीणिकर्कन्धुलकुचान्यपि ॥ १२६ ॥

ખાટા ફાલસાં, દ્રાક્ષ, બોર, બટાકા વનબોર, આ સર્વ પિત્ત, કફને કોપિત કર-નાર છે. ૧૨૬.

પાકા બટાટાના ગુણ.

नात्युष्णंगुरुसम्पक्कंस्वादुप्रायंमुखप्रियम् ।
[illegible]हणंजीर्य्यतिक्षिप्रनाति[illegible]रुकम् ॥ १२७ ॥

પાકા બટાકા અધીક ગરમ નહિ તેમ મીઠા છે. મુખને પ્રિય છે. પુષ્ટિકારક છે. જલ્દી પચી જનાર તથા દોષોને અધિક કોપિત કરનાર નથી. ૧૨૭.

પારાવત ફલના ગુણ.

द्विविधंशीतमुष्णञ्चमधुरञ्चाम्लमेवच ।
[illegible]रुपालेवतंज्ञयमरुच्यत्यग्निनाशनम् ॥ १२८ ॥

પારાવત ફલ શીતલ અને ગરમ બે પ્રકારનાં છે. જે મીઠાં થાય છે તે શીતલ છે, અને ખાટાં ગરમ છે. આ બંને પ્રકારનાં અરૂચિ તથા ભષ્મક અગ્નિને નષ્ટ કરનાર છે. ૧૨૮.

ખમ્ભારી ગુણ.

भव्यादल्पान्तरगुणंकाश्मर्य्यफलमुच्यते ।
तथैवाल्पान्तरगुणन्तूदमम्लंपरुषकम् ॥ १२९ ॥

કાશ્મીર--(સીવણનાં) ફલ ભવ્યફલના ગુણોથી કાંઈક થોડા ગુણવાળાં છે, અને ખાટા શાહતુત ફાલસાના ગુણોથી પણ ન્યુન ગુણવાળાં છે. ૧૨૯.

ટંડકના ગુણ.

कषायमधुरंटङ्कंवातलंगुरुशीतलम् । कपित्थंविषकण्ठघ्नमामंसंग्राहिवातलम् ॥ ॥ १३० ॥ मधुराम्लकषायत्वात्सौगन्ध्याच्चरुचिप्रदम् । परिपक्वंसदोषघ्नंविषघ्नंग्राहिगुर्वपि ॥ १३१ ॥

ટંડક (હાકુસ)--કષાય, વાતકારક, ભારે અને શીતલ છે. કાથાનાં ફલ વિષનાશક, સ્વરને બગાડનાર, સંગ્રાહી અને વાતકારક છે. પાકેલા કાથાનાં ફળ મધુર, ખાટાં, કષાય, સુગંધવાળાં હોવાથી રૂચિકારક, ત્રિદોષનાશક, વિષનાશક, સંગ્રાહિ, અને ભારે હોય છે. ૧૩૦-૧૩૧.

બીલીના ગુણ.

[illegible]जरंविल्वासकन्तुदोषलं[illegible]तमारुतम् ।
स्निग्धोष्णतीक्ष्णंतद्बालंदीपनंकफवातजित् ॥ १३२ ॥

પાકેલાં બીલાં દુર્જર દોષવાળું, વાયુમાં ગંધ ફેલાવનાર, ચીકણું અને ગરમ તથા તીક્ષ્ણ હોય છે. કાચુ બીલાનું ફળ દીપન અને કફવાતને જીતનાર છે. ૧૩૨

આમના ગુણ.

वातपित्तकरंबालमापूर्णंपित्तवर्द्धनम् ।
पक्वमाम्रंजयेद्वायुंमांसशुक्रबलप्रदम् ॥ १३३ ॥

નાના આંબાનું ફળ (કેરી) વાતપિત્તને કરે છે અને પીત્તને વધારનાર છે. પાકેલા આંબાનું ફળ (કેરી) વાતનાશક, માંસ વર્દ્ધક, વીર્યજનક તથા બલકારક છે. ૧૩૩.

જાંબુના ગુણ.

कषायमधुरप्रायंगुरुविष्टम्भिशीतलम् ।
जाम्बवंकफपित्तघ्नंग्राहिवातकरंपरम् ॥ १३४ ॥

પાકેલું જાંબુ કષાય, મીઠાં, ભારે, વિષ્ટમ્ભકારક શીતલ, કફ પિત્ત નાશક, સંગ્રાહિ અને વાયુને કોપિત કરનાર છે. ૧૩૪.

બોરના ગુણ.

मधुरंबदरंस्निग्धंभेदनंवातपित्तजित् । तच्छुष्कंकफवातघ्नंपित्तेनचविरुध्यते ।
कषायमधुरंशीतंग्राहिसिञ्चितिकाफलम् ॥ १३५ ॥

પાકાં બોર—સ્નિગ્ધ, મધુર, ભેદનકર્તા, વાતપિત્ત નાશક હોય છે, સુકાં બોર વાત અને કફને હરનાર છે તથા પિત્તના વિરોધી નથી. સિચિંતકા ફલ–કષાય, મધુર, શીતલ અને સંગ્રાહી હોય છે. ૧૩૫.

ગંગેરીના ગુણ.

गाङ्गेरुकीकरीरञ्चबिम्बीतोदनधन्वनम् ।
मधुरंसकषायञ्चशीतंपित्तकफापहम् ॥ १३६ ॥

ગંગેટી (નાગબલા) નું ફલ અને કેરડાનાં ફલ તથા બીમ્બી-(ધોળાં ટીંડોરાં) તોદન, ધન્વન, (ધ્રામણ) આ સર્વ ફલ મધુર કિંચિત્ કષાય, શીતલ અને પિત્ત કફને હરનાર છે. ૧૩૬.

રાયણાં વિગેરે.

क्षीरिकंपनसंमोचंराजादनफलानिच ।
स्वादूनिसकषायाणिस्निग्धशीतगुरूणिच ॥ १३७ ॥

(રાયણાં) રાયણનાં ફળ, ફણુસ, કેળાં, ચારોળી આ સર્વ મીઠાં, કષાય, સ્નિગ્ધ, શીતલ અને ભારે હોય છે. ૧૩૭.

ખાટી આમલીના ગુણ.

कषायविषदत्वाच्चसौगन्ध्याच्चरुचिप्रदम् ।
अवदंशक्षमंरूक्षंवातलंलवलीफलं ॥ १३८ ॥

ખાટી આમલીનાં ફલ તુરાં અને વિશદ હોવાથી તથા સુગંધયુકત હોવાથી રૂચિકારક હોય છે તથા ચટણી આદિમાં મેળવવા યોગ્ય રૂક્ષ અને વાતકારક હોય છે. ૧૩૮.

કદમ્બાદિના ગુણ.

नीपंसभ[illegible]णशून्यंविकङ्कतम् ।
प्राचीनामलकञ्चैवद[illegible]रंच ॥ १३९ ॥

કદમ્બ, ભારંગીનાં ફળ, પીલુ ફળ, કેતકી ફલ વિકંકત (વિકલો) નાં ફળ, જળ આંબળાનાં ફલ આ સર્વ દોષનાશક તથા ગરમીનાશક હોય છે. ૧૩૯.

ઇંગોરીયું ફલ વિગેરેના ગુણ.

इंगुदंतिक्तमधुरंस्निग्धोष्णंकफवातजित् ।
तिन्दुकंकफपित्तघ्नंकषायमधुरंलघु ॥ १४० ॥

ઇંગોરીયાનાં ફલ-કડવાં, મધુર, ચિકણાં, ગરમ, કફ અને વાતને જીતનાર હોય છે. ટીંબરૂનાં ફળ કફ પિત્ત નાશક, કષાય, મધુર અને હલકાં હોય છે. ૧૪૦.

આવળોના ગુણ.

विद्यादामलकेसर्वान्रसान्लवणवर्जितान् ।
स्वेदमेदःकफोत्क्लेदपित्तरोगविनाशनम् ॥ १४१ ॥

આમળાં ખારા રસ વિના, મીઠાં, ખાટાં, કડવાં, તુરાં, ચરપરાં એ પાંચ રસનાં છે. આંમળાં, કફને ઉત્કલેશને અને પિત્ત વિકારને નષ્ટ કરે છે. તથા મેદ રોગ અને અધિક પરસેવો આવવો એને દુર કરનાર છે. ૧૪૧.

બહેડાના ગુણ.

रूक्षंस्वादुकषायाम्लंकफपित्तहरंपरम् ।
रसासृङ्मांसमेदोजान्दोषान्हन्तिविभीतकम् ॥ १४२ ॥

બહેડાં—રૂક્ષ, સ્વાદીષ્ટ, તુરાં, ખાટાં અને કફ પિત્તને અત્યન્ત નષ્ટ કરનાર તથા રસ, રક્ત, માંસ અને મેદના સંપૂર્ણ દોષોને નષ્ટ કરનાર છે. ૧૪૨.

દાડમના ગુણ.

अम्लंकषायमधुरंवातघ्नंग्राहिदीपनम् ।
स्निग्धोष्णंदाडिमंहृद्यंकफपित्ताविरोधिच ॥ १४३ ॥
रूक्षाम्लंदाडिमंयत्तुतत्पित्तानिलकोपनम् ।
मधुरंपित्तनुत्तेषान्तद्धिदाडिममुत्तमम् ॥ १४४ ॥

દાડીમ-ખાટાં, તુરાં, મીઠાં, વાતઘ્ન, ગ્રાહી દીપન, સ્નિગ્ધ, ગરમ હૃદયને પ્રિય તથા કફ અને પિત્તથી વિરોધ નહિ કરનાર હોય છે. ૧૪૩. ખાટાં દાડિમ-રૂક્ષ, પિત્તજનક, અને વાતને કોપિત કરનાર છે. મીઠાં દાડિમ પિત્તને નષ્ટ કરનાર છે. આ બંને પ્રકારના દાડિમોમાં મીઠાં દાડમ ઉત્તમ છે. ૧૪૪.

કોકમના ગુણ.

वृक्षाम्लंग्राहिरूक्षोष्णंवातश्लेष्मणिशस्यते ।
अम्लिकायाःफलंशुष्कंतस्मादल्पान्तरंगुणैः ॥ १४५ ॥

કોકમ—સંગ્રાહિ, રૂક્ષ, ગરમ અને વાત કફનો નાશ કરનાર છે. પાકેલાં આંબલીનાં ફળ તીંતીડ કસથી ઓછા ગુણવાળા છે. ૧૪૫.

અમલવેત તથા બીજોરાનાં ગુણ.

गुणस्तैरेवसंयुक्तंभेदनन्त्वम्लवेतसम् । शूलेऽरूचौविबन्धेच मन्देऽग्नामद्यविक्षये ॥ १४६ ॥ हिकाकासेचश्वासेचवम्यांवर्चोगदेषुच । वातश्लेष्मसमुत्थेषुसर्वेष्वेते-

शुचिरुच्यते ॥ १४७ ॥ केशरंमातुलुङ्गस्यलघुशीतमतोऽन्यथा । रोचनोदीपनो हृद्यःसुगन्धिस्त्वग्निवर्जितः । कर्चूरःकफवातघ्नःश्वासहिक्कार्शसांहितः ॥ १४८ ॥

અમ્લવેત—તિંતિડીકના જેવા ગુણવાળા તથા મળને ભેદન કરનાર છે. બીજોરાનાં કેશર શૂળ, અરૂચિ વિબંધ, મંદાગ્નિ, મદાત્યય, હિચકી, શ્વાસ, ખાંસી, ઉલટી, મળરોગ તથા વાત અને કફથી ઉત્પન્ન થયેલ સંપૂર્ણ રોગ આ સર્વમાં હિતકારક છે. તથા શીતલ અને હલકી છે. બીજોરાનાં કેશર સિવાય છોડાં આદિ બીજા ભાગમાં બીજા ગુણ છે. છોલેલા કચુરાનાં ફૂલ શુચિકારક, અગ્નિ દીપક, હૃદયને પ્રિય, સુગંધિત, કફ, વાતને નષ્ટ કરનાર, હિચકી અને હરસમાં હિતકારક છે. ૧૪૬–૧૪૭–૧૪૮.

નારંગીના ગુણ.

मधुरंकिञ्चिदम्लञ्चहृद्यंभक्तमरोचनम् ।
दुर्जरंवातशमनंनागरङ्गफलंगुरु ॥ १४९ ॥

નારંગીનાં ફળ, દુર્જર, વાતનાશક, ભારે, મીઠાં, કીંચિત્ ખાટાં, હૃદયને પ્રિય, તથા ભોજનમાં રૂચિને કરનાર છે. ૧૪૯.

બદામાદિના ગુણ.

वातामाभिषुकाक्षोटमकूलकनिकोचकाः ॥ १५० ॥ गुरूष्णस्निग्धमधुराःसोरुमाणाबलप्रदाः । वातघ्नाबृंहणावृष्याकफपित्ताभिवर्द्धनाः ॥ १५१ ॥

બદામ, અભિષુક, અખોટ, નાનો નેપાળો, અંકોલ, ઉરૂ માણફલ આ સર્વ ફળોનો ગર્ભ ભારે, ગરમ સ્નિગ્ધ, મીઠાં, બળવર્ધક, વાતનાશક, પુષ્ટિકારક, વીર્યવર્ધક, અને કફ તથા પિત્તને વધારનાર છે. ૧૫૦–૧૫૧.

ચારોળીના ગુણ.

पियालमेषांसदृशंविद्यादौष्ण्यंविनागुणः ।
श्लेष्मलंमधुरंशीतंश्लेष्मातकफलंगुरु ॥ १५२ ॥

ચારોળી ગુણમાં ઉપરના ફળોની ગર્ભની બરોબર ગુણવાળી છે. પરંતુ પિત્તને ઉત્પન્ન કરતી નથી. મોટી ગુંદી—કફકારક, મધુર, શીતલ, અને ભારે હોય છે. (સુકી ખાંસીને મટાડનાર છે.) ૧૫૨.

અંકોટના ગુણ.

श्लेष्मलंगुरुविष्टम्भिचाङ्कोटफलमग्निजित् ।
गुरूष्णमधुरंरूक्षंकेशघ्नंचशमीफलम् ॥ १५३ ॥

અંકોલ ફલ—કફકારક, ભારે, વિષ્ટમ્ભી, અને ક્ષુધા નાશક છે. શમી (ખીજડો) ફૂલ ભારે ગરમ, મીઠાં, શીતલ અને કેશને નષ્ટ કરનાર છે. ૧૫૩.

કરંજના ગુણ.

विष्टम्भयतिकारञ्जंपित्तश्लेष्माविरोधिच । आम्रातकंदन्तशठमम्लंसकरमर्दक-

॥ १५४ ॥ रक्तपित्तकरंविद्यादैरावतकमेवच । वातघ्नंदीपनश्चैववार्ताकंकटुतिक्तकम् ॥ १५५ ॥

કરંજફલ વિષ્ટમ્ભકર્તા, અને પિત્ત, કફથી અવિરોધી છે. ખાટાં આંબાના ફળ, લીંબુ, કરોંદા, અથવા નારંગી એ સર્વ ખાટાં રક્તપિત્તકારક છે, અને પહાડી ખાટાં લીંબુમાં પણ તે ગુણ છે. વાર્તાકફલ, વાતનાશક, દીપન, કડવાં, અને તીખાં હોય છે. ૧૫૪–૧૫૫.

પિત્તપાપડાના ગુણ.

वातलंकफपित्तघ्नंविद्यात्पर्पटकीफलम् ।
पित्तश्लेष्मघ्नमम्लश्चवातिकश्चाक्षिकीफलम् ॥ १५६ ॥

ખડસલીયા પિત્તપાપડા કફપિત્તનાશક છે. અચ્છુનાં ફલ (હીહર) પિત્ત, કફનાશક, ખાટાં અને વાતકારક છે. ૧૫૬.

मधुराण्यविपाकीनिवातपित्तहराणिच ।
अश्वत्थोदुम्बरप्लक्षन्यग्रोधानांफलानिच ॥ १५७ ॥

પીંપરો, ઉમરડો, પીંપર અને વડનાં ફલ મધુર, લાંબી મુદતે પરિપક્વ થનાર તથા વાતપિત્ત હરનાર છે. ૧૫૭.

ભિલામાની ગોટલીના ગુણ.

भल्लातकास्थ्यग्निसमंत्वङ्मांसंस्वादुशीतलम् ॥ १५८ ॥
पञ्चमःफलवर्गोऽयमुक्तःप्रायोपयोगिकः ॥ १५९ ॥

ભિલામાની ગોટલી–અગ્નિ સમાન ગરમ છે તથા તેની છાલ ગુદાપાકમાં મીઠી ઠંડી છે. (યુક્તિ સિવાય ભિલામાં ખાવાથી ચામડી, માંસમાં સોજા લાવી, દાંતોને પાડી નાંખે છે. તથા ઝેર સમાન છે પણ યુક્તિપૂર્વક ખાય તો અમૃત સમાન રસાયન છે) આ પ્રકારે ઉપયોગી ફલોથી તે ફલવર્ગ નામના આ પાંચમા વર્ગને કહ્યો છે. ૧૫૮–૧૫૯.

इतिफल वर्ग.

अथ हरित वर्ग.

આદુ અથવા સુંઠના ગુણ.

रोचनंदीपनंवृष्यमार्द्रकंविश्वभेजम् ।
वातश्लेष्मविबन्धे रसस्तस्योपदिश्यते ॥ १६० ॥

આદુ રૂચિકારક, દીપન અને વૃષ્ય છે. આદાનો રસ વાત અને કફને તોડનાર છે. ૧૬૦

જંગલી લીંબુના ગુણ.

रोचनोदीपनस्तीक्ष्णःसुगन्धिर्मुखबोधनः ।
जम्बीरःकफवातघ्नःक्रिमिघ्नोभुक्तपाचनः ॥ १६१ ॥

જંગલી લીંબુ–રૂચિકારક, દીપન, તીક્ષ્ણ, સુગંધિત મુખને બોધન કરનાર, કફ અને વાત તથા કૃમિયોને ન કરનાર અને ભોજન કરેલા આહારને પચાવનાર છે. ૧૬૧.

મુળાના ગુણ.

बालंदोषहरंवृद्धंत्रिदोषंमारुतापहम् ।
स्निग्धसिद्धंविशुष्कन्तुमूलकंकफवातजित ॥ १६२ ॥

નાના મુળા ત્રિદોષ મટાડનાર, મોટા મૂળા ત્રિદોષ કરનાર છે. તૈલાદિથી સિદ્ધ કરેલા મૂળાનાં શાક વાત નાશક છે. સુકા મૂળા વાત, કફને હરનાર છે. ૧૬૨.

તુલસીના ગુણ.

हिक्काकासविषश्वासपार्श्वशूलविनाशनः ।
पित्तकृत्कफवातघ्नःसुरसः पूतिगन्धनुत् ॥ १६३ ॥

તુલસીનાં પાન હિચકી, ખાંસી, ઝેર વિકાર, શ્વાસ, તથા પડખાના શળને નષ્ટ કરનાર છે. પિત્તકારક, કફ, વાતનાશક અને દુર્ગંધ નાશક છે. ૧૬૩.

અજમા વિગેરેના ગુણ.

यवानीचार्जकश्चैवशिग्रुशालेयमृष्टकम् ॥
हृद्यान्यास्वादनीयानिपित्तमुत्क्लेशयन्तिच ॥ १६४ ॥

અજમો, અર્જક (રામ તુલસી) કાળા સરગવાનાં ફલ, વરીયાળી, કાળાં મરી એ સર્વ હૃદયને પ્રિય તથા અન્નના સ્વાદને વધારનાર છે. પરંતુ પિત્તાને ઉત્કલેશિત કરનાર છે. ૧૬૪.

ગન્ડીરાદિના ગુણ.

गण्डीरोजलपिप्पल्यस्तुम्बुरुःशृङ्गवेरिका ।
तीक्ष्णोष्णकटुरूक्षाणिकफवातहराणिच ॥ १६५ ॥

ગન્ડીર (મજીઠ), જલપીપલ, (રતવેલીયે।) તુમ્બુરૂ (ધાળાની જાત) અને સુંઠ એ સર્વ તીક્ષ્ણ, ગરમ, કડવાં, રૂક્ષ તથા કફ વાતનાશક છે. ૧૬૫.

ભૂતૃણના ગુણ.

पुंस्त्वघ्नःकटुरूक्षोष्णोभूतृणोवक्त्रशोधनः ॥
खराश्वाकफवातघ्नीबस्तिरोगरुजापहा ॥ १६६ ॥

ભૂતૃણ (રોહિષ)–પુરૂષત્વ નાશ કરનાર, કડવાં, રૂક્ષ, ગરમ અને મુખ શોધક છે. અજમોદ કફ, વાતનાશક, બસ્તિના રોગોને દુર કરનાર છે. ૧૬૬.

ધાણાદિના ગુણ.

धान्यकंचाजगन्धाचसुमुखाश्चेतिरोचनाः ।
सुगन्धानातिकटुकादोषानुत्क्लेशयन्तितु ॥ १६७ ॥

ધાણા, અજમો, તુલસી આ સર્વ અત્યંત રુચિકારક, સુગંધિત, કિંચિત કડવાં અને ત્રિદોષને ઉખાડનાર છે. ૧૬૭.

ગાજરના ગુણ.

ग्राहीगृञ्जनकस्तीक्ष्णोवातश्लेष्मार्शसांहितः ॥
स्वेदनेऽभ्यवहार्य्येचयोजयेत्तमपित्तिनाम् ॥ १६८ ॥

ગાજર—સંગ્રાહી, તીક્ષ્ણ, વાત, કફ અને અર્શરોગમાં હિતકારક છે. પરસેવો દેવાને માટે અને ભોજનમાં તેનો ઉપયોગ કરવો. પિત્ત પ્રકૃતિવાળા મનુષ્યોએ ખાવાં નહિ જોઇએ. ૧૬૮.

ડુંગરીના ગુણ.

श्लेष्मलोमारुतघ्नश्चपलाण्डुर्नचपित्तनुत् ।
आहारयोगीबल्यश्चगुरुर्वृष्योऽथरोचनः ॥ १६९ ॥

ડુંગરી—કફકર્તા, વાતનાશક, કિંચિત પિત્તકર્તા, આહારમાં ઉપયોગી, બળકારક, ભારે, પુષ્ટિકારક, અને ગુરૂવૃષ્ય તથા રૂચિકારક છે. ૧૬૯.

લસણના ગુણ.

क्रिमिकुष्ठकिलासघ्नोवातघ्नोगुल्मनाशनः ।
स्निग्धश्चोष्णश्चवृष्यश्चलशुनःकटुकोगुरुः ॥ १७० ॥

લસણ—કૃમિ-કોઢ, કિલાસ તથા વા અને ગોળાને મટાડનાર છે તેમજ સ્નિગ્ધ ગરમ, વૃષ્ય, કટુ અને ભારે છે. ૧૭૦.

शुष्काणिकफवातघ्नान्येतान्येषांफलानितु ।
हरितानामयंचैषांषष्ठोवर्गःसमाप्यते ॥ १७१ ॥

સુકી ડુંગરી, તથા લસણ, અને તેનાં ફળ કફઘ્ન તથા વાતઘ્ન હોય છે. આ હરિતોને આ છઠા વર્ગમાં સમાપ્ત કરીએ છીએ.

इति हरित वर्ग.

॥ अथ मद्य वर्गः ॥

प्रकृत्यामद्यमम्लोष्णमम्लंचोक्तंविपाकतः ।
सर्वसामान्यतस्तस्यविशेषउपदेक्ष्यते ॥ १७२ ॥

મદ્ય—સ્વભાવથી ખાટુ અને ગરમ છે. અને વિપાકોમાં પણ ખાટુજ છે. પહેલાં સામાન્ય રીતે મદના ગુણોનું વર્ણન કરી ચુક્યા છીએ હવે વિશેષ કરીને કથન કરીએ છીએ. ૧૭૨.

સુરાના ગુણ.

कृशानांसक्तमूत्राणांग्रहण्यर्शोविकारिणाम् ।
सुराप्रशस्तावातघ्नीस्तन्यरक्तक्षयेषुच ॥ १७३ ॥

જે મનુષ્ય કૃષ મૂત્રરોગી, અર્શપીડીત હોય તેને તથા ક્ષયરોગવાળાએ અને જે

સ્ત્રીના સ્તનોમાં દુધ સુકાઇ જતું હોય તેણે અને રક્તક્ષયવાળાએ સુરા (શરાબ) પીવો હિતકર છે. સુરા વાતનાશક છે. ૧૭૩.

મદિરાના ગુણ.

हिक्काश्वासप्रतिश्यायकासवर्चोग्रहारुचौ ।

वम्यानाहविबन्धेषुवातघ्नीमदिराहिता ॥ १७४ ॥

મદ્ય--વાતનાશક હોવાથી હિક્ક, શ્વાસ, પ્રતિશ્યાય ખાંસી, મલગ્રહ (કબજીયાત) અરૂચિ, ઉલટી, આફરો વિબંધ આ રોગોમાં હિતકારક છે. ૧૭૪.

જગલ મદ્યના ગુણ.

शूलप्रवाहिकाटोपकफवातार्शसांहितः ।

जगलोग्राहिरूक्षोष्णःशोफघ्नोभुक्तपाचनः ॥ १७५ ॥

જગલ નામનું મદ્ય, શૂળ, પ્રવાહિકા, પેટનુ ફુલવું કફ વાત અને હરશ રોગમાં હિતકારક છે. તથા ગ્રાહિ રૂક્ષ, ગરમ, સોજા નાશ કરનાર અને ભોજનને પચાવનાર છે. ૧૭૫

અરિષ્ટના ગુણ.

शोफार्शोग्रहणोदोषपाण्डुरोगारुचिज्वरान् ।

हन्त्यरिष्टःकफकृतान्रोगान्रोचनदीपनः ॥ १७६ ॥

અરિષ્ટ-સોજા, હરશ, પાંડુરોગ, ગ્રહણીરોગ, અરૂચિ, તાવ એ દુઃખોને મટાડનાર છે તથા રૂચિકારક અને દીપનીય છે. ૧૭૬.

શર્કરા મદ્યના ગુણ.

मुखप्रियःसुखमदःसुगन्धिर्बस्तिरोगनुत् ।

जरणीयःपरिणतोहृद्योवर्णश्चशार्करः ॥ १७७ ॥

ખાંડનું મદ મુખ પ્રિય, સુખ દેનાર, મદકારક, સુગંધિત, બસ્તિ રોગ નાશક, પાચનકર્તા, અને જુનું હોય તો હૃદયને પ્રિય અને વર્ણકારક છે. ૧૭૭.

પાકા રસના ગુણ.

रोचनोदीपनोहृद्यःशोषशोफार्शसांहितः ।

स्नेहश्लेष्मविकारघ्नोवर्ण्यःपक्वरसोमतः ॥ १७८ ॥

પાકા રસવાળું મદ--રૂચિકર, દીપન, હૃદ્ય, શોષનાશક, સોજા તથા અર્શરોગમાં હિતકર છે. અને સ્નેહથી અને કફથી ઉત્પન્ન થયેલ રોગોને નષ્ટ કરનાર છે તથા વર્ણકારક છે. ૧૭૮.

શીત રસિકનો ગુણ.

जरणीयोविबन्धघ्नःस्वरवर्णविशोधनः ।

लेखनःशीतरसिकोहितःशोफोदरार्शसाम् ॥ १७९ ॥

શીત રસિક નામનું મદ્ય-ભોજનને જીર્ણ કરનાર, વિબંધનાશક, સ્વર અને વર્ણને ઉત્તમ બનાવનાર, લેખન અને ઉદર રોગ તથા હરશ રોગવાળાને હિતકર છે. ૧૭૯.

ગોળના મદ્યના ગુણ.

मृष्टोभिन्नशकृद्वातोगौडस्तर्पणदीपनः ।
पाण्डुरोगव्रणाहितादीपनीचाक्षिकीमता ॥ १८० ॥

ગોળથી બનેલ મદ્ય-સ્વચ્છ, મળ અને અધોવાયુને નિકાલનાર, તૃપ્તિકારક અને દીપન બહેડાના સંયોગથી બનેલું મદ્ય પાંડુરોગ, તથા વ્રણ વિકારમાં હિતકારી છે અને અગ્નિને દીપન કરનાર છે. ૧૮૦

સુરાસવના ગુણ.

सुरासवस्तीव्रमदोवातघ्नोवदनप्रियः ।
छेदीमध्वासवस्तीक्ष्णोमैरेयोमधुरोगुरुः ॥ १८१ ॥

સુરાથી બે વાર સિંચેલું મદ્ય-તીવ્ર મદને કરનાર, વાતનાશક, અને મુખ પ્રિય છે. મધ્વાસવ અર્થાત મધથી બનેલું મદ્ય-છેદન અને તીક્ષ્ણ છે. મૈરેય નામનું મદ્ય મીઠું અને ભારે છે. ૧૮૧

ધાતક્યાસવના ગુણ.

धातक्यभिषुतोहृद्योरूक्षोरोचनदीपनः ।
माध्वीकवन्नचात्युष्णोमृद्वीकेक्षुरसासवः ॥ १८२ ॥

ધાવડીના ફુલોના સંયોગથી બનેલું મદ્ય હૃદયને પ્રિય, રૂક્ષ, રૂચિકારક અને દીપન છે. દ્રાક્ષના રસથી બનાવેલ મદ્ય મધ્વાસવના સરખું ગુણવાળું હોય છે, પણ અધિક ગરમ નથી. ૧૮૨.

મધુના ગુણ.

रोचनंदीपनंहृद्यंबल्यंपित्ताविरोधिच ।
विबन्धघ्नंकफघ्नञ्चमधुलघ्वल्पमारुतम् ॥ १८३ ॥

મધુ નામનું મદ્ય રૂચિકારક, અગ્નિદીપક, હૃદયને પ્રિય, બલકારક, પિત્તને ઉત્પન્ન કરનાર, વિબંધનાશક, કફનાશક, હલકું અને કિંચિત વાયુકારક છે. ૧૮૩

જવ-ઘઉં વિગેરેનું મદ્ય.

सुरासमण्डारूक्षोष्णायवानांवातपित्तला ।
गुर्वीजीर्य्यतिविष्टभ्यश्लेष्मलस्तुमधूलकः ॥ १८४ ॥

જવથી બનેલું મદ્ય તથા તેનો મંડ રૂક્ષ, ગરમ વાત, પિત્તકારક, ભારે તથા જલ્દી જીરણ થનાર છે. મધુલક નામનું મદ્ય કફકારક હોય છે. ૧૮૪.

સૌવીર-તુષોદકના ગુણ.

दीपनंजरणीयञ्चहृत्पाण्डुक्रिमिरोगनुत् ।
ग्रहण्यर्शोहितंभेदिसौवीरकतुषोदकम् ॥ १८५ ॥

સૌવિર (કાંજીની જાત) અને તુષોદક આ બંને દીપન, પાચન, હૃદયરોગ, પાંડુરોગ, અને કૃમિ રોગ નાશક, મલભેદક, તથા ગ્રહણી અને અર્શ રોગમાં હિતકારક છે. ૧૮૫.

दाहज्वरापहंस्पर्शात्पानाद्वातकफापहम् ।
विबन्धघ्नमविस्रंसिदीपनञ्चाम्लकाञ्जिकम् ॥ १८६ ॥

ખાટી કાંજી–સ્પર્શથી બળતરા તાવનાશક અર્થાત તેમાં કપડાં ભીંજવી રોગીના શરીરપર લપેટવાથી તાવની બળતરા શાંન્ત થાય છે. પીવાથી વાત, કફ, વિબંધ, મલબદ્ધને નષ્ટ કરે છે, તથા અગ્નિને દીપન કરનાર છે. ૧૮૬

નવા અને જુના મદ્યના ગુણ.

मायशोऽभिनवंमद्यंगुरुदोषसमीरणम् । स्रोतसांशोधनंजीर्णंदीपनंलघुरोचनम् ॥ ॥ १८७ ॥ हर्षणंप्रीणनंबल्यंभयशोकश्रमापहम् ॥ प्रागल्भ्यवीर्य्यप्रतिभातुष्टिपुष्टिबलप्रदम् ॥ सात्त्विकैर्विधिवद्युक्त्यापीतंस्यादमृतंयथा ॥ १८८ ॥ वर्गोऽयंसप्तमोमद्यमधिकृत्यप्रकीर्त्तितः ॥ १८९ ॥

વળી નવું મદ્ય ભારે અને દોષકારક છે. જુનું મદ્ય નસોને શુદ્ધ કરનાર, પાચન, દીપન, હલકું રૂચિકારક, હર્ષકર્તા, પુષ્ટિજનક, બલવર્દ્ધક, ભયકારક, શોકોત્પાદક, ભ્રમનાશક, બકવાદકારક, વીર્યવર્દ્ધક, તથા હૃષ્ટ પુષ્ટ કરનાર છે. વિધિપૂર્વક પીવાથી અમૃતના જેવા ગુણવાળું છે. આ પ્રકારે મદ્ય વર્ગ નામનો આ સાતમો વર્ગ સમાપ્ત થયો.૧૮૭ થી ૧૮૯.

॥ इति मद्य वर्गः ॥

॥ अथ जल वर्ग ॥

जलमेकविधंसर्वंपतत्यैन्द्रंनभस्तलात् ॥
तत्पतत्पतितञ्चैवदेशकालावपेक्षते ॥ १९० ॥

વરસાદનું જળ આકાશથી પડતી વખતે સર્વ જગ્યાએ એકજ ગુણવાળું હોય છે પરંતુ આકાશથી પૃથ્વીમાં પડયા પછી દેશ, કાલની અપેક્ષાથી જુદા જુદા ગુણવાળું થઇ જાય છે. ૧૯૦.

खात्पतत्सोमवाय्वर्कःस्पृष्टंकालानुवर्त्तिभिः ।
शीतोष्णस्निग्धरुक्षाद्यैर्यथासन्नंमहीगुणैः ॥ १९१ ॥

આકાશથી પડતું જળ–ઠંડુ, ગરમ, કાલાનુગામી, ચંદ્રમા, વાયુ, સૂર્યના સંમ્પર્કથી તથા શીત, ગરમ, સ્નિગ્ધ, રૂક્ષ દિ પૃથ્વીના ગુણોવાળું થઇ જાય છે. ૧૯૧.

દિવ્યનો જલ ૭ ગુણત્વ.

शीतंशुचिशिवंमृष्टंविमलंलघुषड्गुणम् ।
प्रकृत्यादिव्यमुदकंभ्रष्टंपात्रमपेक्षते ॥ १९२ ॥

આકાશનું જળ સ્વભાવથી ઠંડુ, સ્વચ્છ, શુભ, શુદ્ધ, નિર્મલ, હલકુ, મધુરાદિ ૭ ગુણવાળુ હોય છે. પૃથ્વી પર પડવાથી જેવા સ્થાનમાં પડે છે તેવા ગુણવાળું થઈ જાયછે. ૧૯૨.

પાત્રભેદથી જળભેદ.

श्वेतेकषायंभवतिपाण्डुरेचैवतिक्तकम् । कपिलकटुकंतोयमूषरेलवणान्वितम् । कटुपर्वतविस्रावेमधुरंकृष्णमृत्तिके ॥ १९३ ॥ एतत्षाड्गुण्यमाख्यातंमहीस्थस्यजलस्यहि । तथाव्यक्तरसंविद्यादैन्द्रंकारंहिमश्चतत् ॥ १९४ ॥

અંત્રિક્ષથી પડેલું જળ, ધોળું ભૂમિમાં પડવાથી કષાય થાય છે, પાંડુર ભૂમિમાં તિખું હોય છે. કપિલ ભૂમમાં તીખું હોય છે. ઉખર ભૂમિમાં ખારવાળું થાય છે. પર્વતોમાં પડેલું કડવું થાય છે. કાળી ભુમીમાં પડેલું મીઠું થાય છે. ૧૯૩. આ પ્રકારે પૃથ્વીમાં પડેલ જળના છગુણુ કહ્યા છે. આકાશથી પડેલ જળ, અવ્યકત રસ ઠંડુ. તથા ઉતમગુણુવાળું થાય છે. આકાશના જળને ઈંદ્રિજળ કહે છે. ૯૪.

ઈંદ્ર જળના ગુણુ.

यदन्तरिक्षात्पततीन्द्रसृष्टश्चोक्तश्चपात्रेपरिगृह्यतेऽम्भः ।
तदैन्द्रमित्येववदन्तिधीरानरेन्द्रपेयंसलिलंप्रधानम् ॥ १९५ ॥

જે જળ આકાશમાંથી પડતાં પૃથ્વી પર પડવા ન પામે અને પાત્રમાંજ લેવામાં આવે તે જળ રાજાઓને પીવા યોગ્ય સર્વ જળોમાં મુખ્ય માનવામાં આવે છે. ૧૯૫.

ऋतावृताविहाख्याताःसर्वएवाम्भसोगुणाः । ईषत्कषायमधुरंसुसुक्ष्मंविषदंलघु ॥ १९६ ॥ अरुक्षमनभिष्यन्दिसर्वंपानीयमुत्तमम् ॥ गुर्वभिष्यन्दिपानीयंवार्षिकंमधुरंसरम् ॥ १९७ ॥

ૠતુ ૠતુના ભેદથી જળના જુદા જુદા ગુણુ કહીએ છીએ. વળી સામાન્ય રીતે જળ કાંઈક કષેલું, મીઠું, સુક્ષ્મ, વિશદ, હલકું, ચિકણું, અનભિષ્યન્દી, આ ગુણોવાળું જળ સર્વ પ્રકારના જળમાં ઉત્તમ છે. વર્ષાૠતુનું જળ ભારે, કલેદકારક, મીઠું અને દસ્ત લાવનાર છે. ૧૯૬–૧૯૭.

तनुलध्वनभिष्यन्दिप्रायःशरदिवर्षति ॥ तत्तुयेसुकुमाराः स्युःस्निग्धभूयिष्ठभोजिनः ॥ १९८ ॥ तेषांभक्ष्येचभोज्येचलेह्येपेयेचशस्यते ॥ हेमन्तेस... स्निग्धंवृष्यंबलयंहितंगुरु ॥ १९९ ॥

શરદ ૠતુનું જળ સૂક્ષ્મ, હલકું અને કલેદરહિત હોય છે. આથી આ જળ સુકુમાર પુરૂષોને, ચિકણું અથવા વધુ ભોજન કરનારને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, પદાર્થોમાં તથા પીવામાં ઉત્તમ કહ્યું છે. હેમન્ત ૠતુનું જળ ચિકણું, વીર્યવર્દ્ધક, બળકારક અને ભારે હોય છે. ૧૯૮–૧૯૯.

किञ्चित्ततोलघुतरंशिशिरेकफवातजित् ॥ कषायमधुरंरुक्षंविद्याद्वासन्तिकंजलम् ॥ ग्रैष्मिकंत्वनभिष्यन्दिजलमित्येवनिश्चयः ॥ २०० ॥

શિશિર ૠતુનું જલ—કાંઈક હલકું કફ અને વાયુને જીતનાર છે. વસન્તૠતુનું જળ કષાય, મીઠું અને રૂક્ષ હોય છે. ગ્રીષ્મૠતુનું જળ–કલેદ રહિત અને સ્વચ્છ હોય છે.

विभ्रान्तेष्वृतुकालेषुयत्प्रयच्छन्तितोयदाः ।
सलिलंतत्तुदोषाययुज्यतेनात्रसंशयः॥ २०१ ॥

આ પ્રકારે ૠતુભેદથી જળનો નિશ્ચય કર્યો છે. ૠતુ સિવાય આગળ પાછળ થયેલા વરસાદનું જળ દોષકારક હોય છે તેમાં સંદેહ નથી.

राजभीराजमात्रैश्चसुकुमारैश्चमानवैः ।
संगृहीताःशरद्यापःमयोक्तव्याविशेषतः ॥ २०२ ॥

રાજાલોક, ધનાઢ્ય, પુરૂષ તથા સુકુમાર મનુષ્ય એમને વળી શરદ ૠતુમાં સંગ્રહ કરેલું જળ પીવું જોઇએ. ૨૦૨.

હિમાલયની નદીઓનો ગુણ.

नद्यःपाषाणविच्छिन्नविक्षुब्धाविमलोदकाः ।
हिमवत्प्रभवाःपथ्याःपुण्यादेवर्षिसेविताः ॥ २०३ ॥

હિમાલય પર્વતથી નીકળેલી નદીયોનું પાણી પથ્થરોથી આહત તથા વિક્ષોભિત થાય છે તથા નિર્મળ પુણ્ય દેવર્ષિયોએ સેવેલું અને પથ્ય હોય છે. ૨૦૩.

મલયાચલની નદીયોના ગુણ.

नद्यःपाषाणसिकतावाहिन्योविमलोदकाः ।
मलयप्रभवायाश्चजलंतास्वमृतोपमम् ॥ २०४ ॥

મલયાચલથી નિકળેલ નદીયોનું પાણી પથ્થર અને રેતમાં વહેતું નિર્મળ હોય છે તથા અમૃત રસનું ગુણ આપનાર છે. ૨૦૪.

પશ્ચિમ તરફ વહેનારી નદીયોના ગુણ.

पश्चिमाभिमुखायाश्चपथ्यास्तानिर्मलोदकाः ।
प्रायोमृदुवहागुर्व्योयाश्चपूर्वसमुद्रगाः ॥ २०५ ॥

પશ્ચિમ તરફ વહેનાર નદીયોનું પાણી પથ્ય તથા નિર્મળ હોય છે, અને પૂર્વ તરફ વહેનાર નદિયોનું જળ મૃદુગામી અને ભારે હોય છે. ૨૦૫.

અન્ય નદિયોનું જળ.

पारियात्रभवायाश्चविन्ध्यसह्यभवाश्चयाः ।
शिरोहृद्रोगकुष्ठानांताहेतुःश्लीपदस्यच ॥ २०६ ॥

પારિયાત્ર પર્વત, વિંધ્યાચલ, તથા સંહ્યાદ્રિથી નિકળેલી નદિયોનું પાણી શિરો રોગ હૃદયરોગ, શ્લીપદ તથા કુષ્ટોને કરનાર છે. ૨૦૬.

वसुधाकीटसर्पाखुमलसंदूषितोदकाः ।
वर्षाजलवहानद्यःसर्वदोषसमीरणाः ॥ २०७ ॥

માટી, પોરા, સાપ અને ઊંદર આદિયોના મળથી ખરાબ થયેલું હોવાથી વરસાદમાં નદિયોનું પાણી સર્વ દોષોને કોપિત કરનાર હોય છે. ૨૦૭.

કુવાના જળના ગુણ.

वापीकूपतडागोत्थसरःप्रस्रवणादिषु ।
आनूपशैलधन्वानांगुणदोषैर्विभावयेत् ॥ २०८ ॥

વાવ, કૂવા, તળાવ, સરોવર, અને ઝરાનું જળ અનૂપશૈલ અથવા જાંગળ દેશના ગુણો જેવું જાણવું. અર્થાત જે દેશમાં જે વાવ આદિ હોય તેના ગુણ તે દેશના અનુસાર હોય છે. ૨૦૮.

ખરાબ જળ.

पिच्छिलंक्रिमिलंक्लिन्नंपर्णशैवालकर्दमैः ।
विवर्णविरसंसान्द्रंदुर्गन्धिनहितंजलम् ॥ २०९ ॥

જે જળ ડોળાયલું, પોરાવાળું, મળવાળું, પાન, શેવાળ અને કીચડવાળું, રસ અને રંગ રહિત, સાન્દ્ર અને દુર્ગંધિત હોય તેનું કદી સેવન કરવું નહિ. ૨૦૯.

विस्रंत्रिदोषंलवणमम्बुयद्वरुणालयम् ।
इत्यम्बुवर्गःप्रोक्तोऽयमष्टमःसुविनिश्चितः ॥ २१० ॥

સમુદ્રનું જળ વિસ્રગંધયુક્ત, ત્રિદોષકારક, લવણવાળું હોય છે. આ પ્રકારે જળવર્ગ નામનું આ આઠમા વર્ગનું વર્ણન કર્યું છે. ૨૧૦

॥ इति जळ वर्गः ॥

॥ अथ दुग्ध वर्गः ॥

स्वादुशीतंमृदुस्निग्धंबहलंश्लक्ष्णपिच्छिलम् । गुरुमन्दंप्रसन्नश्चगव्यंदशगुणंपयः ॥ ॥ २११ ॥ तदेवंगुणमेवौजःसामान्यादभिवर्द्धयेत् । प्रवरंजीवनीयानांक्षीरमुक्तं-रसायनम् ॥ २१२ ॥

ગાયનું દુધ, સ્વાદિષ્ટ, ઠંડુ મૃદુ, સ્નિગ્ધ, ઘન, શ્લક્ષ્ણ, પિચ્છિલ, ભારે, મંદ, પવિત્ર, આ દશ ગુણોવાળું હોય છે તથા આ ગુણોવાળું હોઇને અને ઓજ ધાતુનું સાત્મ્ય હોવાથી ઓજને વધારનાર, શ્રેષ્ટ, જીવનદાયક અને રસાયન હોય છે. ૨૧૧-૨૧૨.

ભેંસના દુધના ગુણ.

महिषीणांगुरुतरंगव्याच्छीततरंपयः ।
स्नेहन्यूनमनिद्रायहितमत्यग्नयेचतत् ॥ २१३ ॥

ભેંસનું દુધ, ગાયના દુધથી ભારે, શીતલ, અધિક ચિકણું, જેને નિંદ્રા નહી આવે અને બળવાન અગ્નિવાળાને પરમ હિતકારક છે. ૨૧૩.

ઊંટના દુધના ગુણ.

रूक्षोष्णंक्षीरमुष्ट्रीणामीषत्सलवणंलघु ।
शस्तंवातकफानाहक्रिमिशोफोदरार्शसाम् ॥ २१४ ॥

ઉંટડીનુ દુધ–રૂક્ષ, ગરમ, કિંચિત ખારૂં અને હલકું હોય છે, અને વાત, કફ, આફરો, કરમ, સોજા, ઉદરરોગ અને અર્શમાં હિતકારી છે. ૨૧૫.

ઘોડીના દુધના ગુણ.

बल्यंस्थैर्य्यकरंसर्वमुष्णश्चैकशफंपयः ।
साम्लंसलवणंरूक्षंशाखावातहरंलघु ॥ २१५ ॥

એક ખરવાળા જાનવરો–જેવાંકે ઘોડી, ગધાડી આદિનું દુધ બળકારક, શરીરને દ્રઢ કરનાર, ગરમ, કાંઇક ખાટું અને ખારૂ, રૂક્ષ તથા શાખાગત વાયુ નષ્ટ કરનાર છે. ૨૧૫.

બકરીના દુધના ગુણ.

छागंकषायमधुरंशीतंग्राहिपयोलघु ।
रक्तपित्तातिसारघ्नंक्षयकासज्वरापहम् ॥ २१६ ॥

બકરીનું દુધ—તુરૂં, મીઠું, ઠંડુ, ગ્રાહિ અને હલકું છે. તથા રક્તપિત્ત અને ઝાડા, ક્ષય, ખાંસી, તાવ એ સર્વને નષ્ટ કરનાર છે. ૨૧૬.

ઘેટીના તથા હાથણીના દુધના ગુણ.

हिकाश्वासकरन्तूष्णंपित्तश्लेष्मलमाविकम् ।
हस्तिनीनांपयोबल्यंगुरुस्थैर्य्यकरंपरम् ॥ २१७ ॥

ઘેટીનું દુધ ગરમ છે તથા પિત્ત, કફકારક, હિચકી તથા શ્વાસને ઉત્પન્ન કરનાર છે. હાથણીનું દુધ, બળકારક, ભારે, શરીરને પરમ દ્રઢ કરનાર હોય છે. ૨૧૭.

સ્ત્રીના દુધના ગુણ.

जीवनंबृंहणंसात्म्येस्नेहनंमानुषंपयः ।
नावनंरक्तपित्तेचतर्पणश्चाक्षिशूलिनाम् ॥ २१८ ॥

સ્ત્રીનું દુધ–જીવનદાયક, પુષ્ટિકારક, સાત્મ્ય, સ્નેહન, રક્તપિત્તમાં અને નેત્રરોગમાં નેત્રતર્પણને માટે પરમ હિતકારક છે. ૨૧૮.

દહીંના ગુણ.

रोचनंदीपनंवृष्यंस्नेहनंबलवर्द्धनम् । पाकेऽम्लमुष्णंवातघ्नंमङ्गलंबृंहणंदधि ॥ ॥ २१९ ॥ पीनसेचातिसारेचशीतकेविषमज्वरे । अरुचौमूत्रकृच्छ्रेचकार्श्येचदधिशस्यते ॥ २२० ॥

દહીં–રૂચિકારક, દીપન, વીર્યવર્દ્ધક, સ્નેહન, બળવર્દ્ધક, પાકમાં ખાટું, ગરમ, વાતનાશક, મંગળ કરનાર અને પુષ્ટિજનક છે. દહીં–પ્રતિશ્યાય, ઝાડો, શીતકરોગ, વિષમ જ્વર, અરૂચિ, મૂત્રકચ્છ અને કૃષતા રોગમાં પરમ હિતકારક છે. ૨૧૯–૨૨૦.

દહીંનો નિષેધ.

शरद्ग्रीष्मवसन्तेषुप्रायशोदधिगर्हितम् ।
रक्तपित्तकफोत्थेषुविकारेष्वहितश्चतत् ॥ २२१ ॥

શરદ, ગ્રીષ્મ, અને વસન્ત ઋતુમાં દહીં ખાવું નહિ. રક્તપિત્ત અને કફથી ઉત્પન્ન થયેલા રોગોમાં પણ દહીં ખાવું યોગ્ય નથી. ૨૨૧.

મન્દક દહીંના ગુણ.

त्रिदोषंमन्दकंजातंवातघ्नंदधिशुक्रलम् ॥
सरःश्लेष्मानिलघ्नस्तुमण्डःस्रोतोविशोधनः ॥ २२२ ॥

મંદક દહીં અથવા જામ્યા સિવાયનું દુધ ત્રિદોષકારક હોય છે. દહીંની મલાઇ વાત નાશક અને વીર્યવર્દ્ધક હોય છે. દહીંની તોર ઝાડા પર, કફ વાતનાશક અને રોમમાર્ગ (વાળનાં છીદ્રો) ને શુદ્ધ કરનાર હોય છે. ૨૨૨.

છાશના ગુણ.

शोफार्शोग्रहणीदोषमूत्रकृच्छ्रोदरारुचि ।
स्नेहव्यापदिपाण्डुत्वेतक्रंदद्याद्गरेषुच ॥ २२३ ॥

છાસ—સોજા, હરસ, સંઘરણી, મુત્રકૃચ્છ, ઉદરરોગ, અરૂચિ, સ્નેહપાનથી ઉત્પન્ન થયેલ દોષ, પાંડુરોગ, ગરદોષ, આ સર્વમાં સેવન કરવા યોગ્ય છે. ૨૨૩.

માખણના ગુણ.

संग्राहिदीपनंहृद्यंनवनीतंनवोद्धतम् ।
ग्रहण्यर्शोविकारघ्नमर्दितारुचिनाशनम् ॥ २२४ ॥

તાજું માંખણ-સંગ્રાહિ, દીપન, હૃદયને હિતકારી, ગ્રહણી, રોગનાશક, હરસનાશક, અર્દિત રોગનાશક અને રૂચિકારક છે. ૨૨૪.

ઘીના ગુણ.

स्मृतिबुद्ध्यग्निशुक्रौजःकफमेदोविवर्द्धनम् ॥
वातपित्तविषोन्मादशोषालक्ष्मीज्वरापहम् ॥ २२५ ॥
सर्वस्नेहोत्तमंशीतंमधुरंरसपाकयोः ।
सहस्रवीर्य्यंविधिभिर्घृतंकर्म्मसहस्रकृत् ॥ २२६ ॥

ઘી-સ્મૃતિ, બુદ્ધિ, અગ્નિ, વીર્ય, ઓજસ, કફ અને મેદને વધારનાર છે. તથા વાત, પિત્ત, વિષવિકાર, ઉન્માદ, શોષ, અલક્ષ્મી, સ્વરભંગ, આ સર્વને નષ્ટ કરનાર છે. સંપૂર્ણ સ્નેહોમાં ઉત્તમ છે. રસ તથા વિપાકમાં મધુર છે. ઘી હજારો દ્રવ્યોના સંયોગથી જુદાજુદા સંસ્કાર કરેલા હજારો પ્રકારના ગુણને કરનાર છે. ૨૨૫–૨૨૬.

જુના ઘીના ગુણ.

मदापस्मारमूर्च्छायशोषोन्मादगरज्वरान् ।
योनिकर्णशिरःशूलंघृतंजीर्णमपोहति ॥ २२७ ॥

જુનું ઘી, મદરોગ, મૃગી, મુર્છા, શોષ, ઉન્માદ, ગર, જ્વર યોનિ, કાન અને માથાના શૂળ આ સર્વને દુર કરનાર છે. ૨૨૭.

सर्पीष्यजाविमहिषीक्षीरवत्स्वानिनिर्दिशेत् ॥ पीयूषोमोरटश्चैवकिलाटाविविधाश्चये ॥ २२८ ॥ दीप्ताग्नीनामनिद्राणांसर्वएतेसुखमदाः ॥ गुरवस्तर्पणावृष्याबृंहणाःपवनापहाः ॥ २२९ ॥

ભેંસ, ઘેટી અને બકરીનું ઘી–તેના દુધના જેવા ગુણવાળુ જાણવું. પીયુષ (તુરત વિઆયેલી ગાયનું દુધ જેને ખરેટું કહે છે) મોરટ (રબડી) કિલાક એ સર્વ બળવાન અગ્નિવાળાને તથા જેને નિંદ્રા ઓછી આવતી હોય તેને પરમ સુખ આપનાર છે. તથા ભારે, તૃપ્તિકારક, વીર્યવર્દ્ધક, પુષ્ટીકારક, અને વાતનાશક છે. ૨૨૮–૨૨૯.

તક્રપિન્ડના ગુણ.

विषदागुरवोरूक्षाग्राहिणस्तक्रपिण्डकाः ।
गोरसानामयंवर्गोननवमःपरिकीर्त्तितः ॥ २३० ॥

તક્રપિન્ડ (છાસની તોર–પનિર) સ્વચ્છ, ભારે, રૂક્ષ, અને ગ્રાહિ હોય છે. આ પ્રકારે દગ્ધવર્ગ નામનો આ નવમો વર્ગ સમાપ્ત થયો. ૨૩૦.

॥ इति गोरस वर्गः ॥

॥ अथेक्षु वर्गः ॥

શેરડીના રસના ગુણ.

वृष्यःशीतःस्थिरःस्निग्धोबृंहणोमधुरोरसः ।
श्लेष्मलोभक्षितस्येक्षोर्यान्त्रिकस्तुविदह्यते ॥ २३१ ॥

દાંતથી ચુસેલો શેરડીનો રસ, વીર્યવર્દ્ધક, ઠંડો, દસ્તાવર, સ્નિગ્ધ, પુષ્ટિકારક, મધુર અને કફકારક છે. કોલ્હુથી કહાડેલ શેરડીનો રસ, વિદગ્ધપાકી હોય છે. તથા ઉપરના સંપૂર્ણ ગુણવાળું પણ હોય છે. ૨૩૧.

शैत्यात्प्रसादान्माधुर्य्यात्पौण्ड्रकाद्वंशकोवरः ।
प्रभूतक्रिमिमज्जासृङ्मेदोमांसकरोगुडः ॥ २३२ ॥

પૌન્ડ્રક (પંડેરવો) શીતલ, સ્વચ્છ અને મીઠા હોય છે. વંશક શેરડી ગુણમાં તેથી અધિક છે. ગોળ કૃમિ કરનાર, મજ્જા, રૂધિર, મેદ અને માંસને ઉત્પન્ન કરનાર છે. ૨૩૨.

क्षुद्रोगुडश्चतुर्भागस्त्रिभागार्द्धावशेषितः ।
रसोगुरुर्यथापूर्वंधौतंस्त्वल्पमलोगुडः ॥ २३३ ॥

ગોળ પકાવતી વખતે ચાર ભાગ રસ હોય તે ગોળથી જેમાં ત્રણ ભાગ રસ બાકી રહી ગયા હોય તે ગોળ તેથી બે ભાગ બાકી રહેનાર તથા જેમાં અર્ધો ભાગ રસ રહી ગયો હોય આ ક્રમપૂર્વક પહેલાથી બીજો ભારે હોય છે. શુદ્ધ કરેલ ગોળ અલ્પમલકારક હોય છે. ૨૩૩.

ततोमत्स्यण्डिकाखण्डशर्कराविमलाःपरम् ।
यथायथैषांवैमल्यंभवेच्छैत्यंतथातथा ॥ २३४ ॥

મત્સ્યંડિકા કાંઇક પાતળો અને બહુ જાડો શેરડીનો રસ કોઈ પાત્રમાં થોડો થોડો ટપકાયો હોય તે, ખાંડ તથા શાકર તે ગોળ કરતાં નિર્મળ હોય છે. તે જેટલી જેટલી અધિક નિર્મળ થતી જાય છે તેટલી તેટલી તેમાં અધિક શીતળતા હોય છે. ૨૩૪

ગોળની સાકરના ગુણ.

तृष्याःक्षीणक्षतहिताःसस्नेहागुडसर्कराः ।
कषायमधुराःशीताःसतिक्तायाःसशर्कराः ॥ २३५ ॥

ગોળની સાકર વીર્યવર્દ્ધક ક્ષીણ તથા ક્ષતને હિત અને સ્નિગ્ધ હોય છે. જવાસાની સાકર કપૈલી, મધુર અને શીતલ તથા કાંઇક તીખી હોય છે. ૨૩૫.

મદની સાકરના ગુણ.

रुक्षावम्यतिसारघ्नीछेदथीमधुशर्करा ।
तृष्णासृक्पित्तदाहेषुप्रशस्ताःसर्वशर्कराः ॥ २३६ ॥

મદની સાકર રૂક્ષ તથા છેદન હોય છે. તથા ઉલટી અને ઝાડાને મટાડે છે. તૃષા, રક્તપિત્ત તથા બળતરામાં સર્વ પ્રકારની સાકર હિતકારી છે. ૨૩૬

મદના ભેદ.

माक्षिकंभ्रामरंक्षौद्रंपौत्तिकंमधुजातयः ।
माक्षिकंप्रवरंतेषांविशेषाद्भ्रामरंगुरु ॥ २३६ ॥

માખી, ભમરો, ક્ષૌદ્ર તથા પૌત્તિક આ ચાર પ્રકારોનું મદ થાયછે. એમાંથી માખીનું મદ સર્વથી શ્રેષ્ટ થાય છે, અને ભમરીનુ મદ બહુજ ભારે હોય છે. ૨૩૭.

મદનો રંગ.

माक्षिकंतैलवर्णस्याच्छ्वेतंभ्रामरमुच्यते ।
क्षौद्रन्तुकपिलंविद्यःद्घृतवर्णन्तुपौत्तिकम् ॥ २३८ ॥

માખીનું મદ તેલના સરખું વર્ણવાળું હોય છે. ભમરીનું મદ ધોળું થાય છે. ક્ષૌદ્ર મદ કપિલ વર્ણનું અને પૌતિક મદ ઘીના જેવું થાય છે. ૨૩૮

મદના ગુણ.

वातलंगुरुशीतञ्चरक्तपित्तकफापहम् ।
सन्धातृच्छेदनंरूक्षंकषायमधुरंमधु ॥ २३९ ॥

મદ–ભારે, શીતલ, બાદી, રક્તપિત્ત નાશક, કફઘ્ન, સંધાનકારક, છેદન, રૂક્ષ, કપૈલું તથા મધુર હોય છે. ૨૩૯.

हन्यान्मधूष्णमुष्णार्त्तमथवासविषान्वयात् ।
गुरुरुक्षकषायत्वाच्छैत्याच्चाल्पंहितंमधु ॥ २४० ॥

મદ ઝેરવાળું હોય છે જેથી ગરમ કરીને ખાવાથી અને ગરમીથી વ્યાકુલ પુરૂષને દેવાથી મૃત્યુ થાય છે. ભારે, રૂક્ષ, કષૈલા તથા શીતલ હોવાથી મદ થોડું ખાવું હિતકારક છે. ૨૪૦

મધના ગુણ.

नातःकष्टतमंकिञ्चिन्मध्वामात्तद्धिमाधवम् । उपक्रमविरोधित्वात्सद्योहन्याद्यथाविषम् ॥ २४१ ॥ आमेसोष्णाक्रियाकार्य्यासामध्वामेविरुध्यते । मध्वामंदारुणंतस्मात्सद्योहन्याद्यथाविषम् ॥ २४२ ॥

મદનું અધિક સેવન કરવાથી જો પેટમાં આમ થાય તો તેને મધ્વામરોગ કહે છે. તેનાથી વધુ કષ્ટદાયક બીજો રોગ નથી, કેમકે તેનાથી વિરોધી થવાથી જલ્દી મનુષ્યને વિષની ચિકિત્સા માફક મારી નાખે છે. ૨૪૧. આમમાં ગરમ ક્રિયા કરવી જોઇએ અને તે મધ્વામમાં વિરોધી હોય છે જેથી તે બહુજ ભયંકર હોય છે જેથી તે રોગ વિષની માફક જલ્દીથી માણુસનું મૃત્યુ નીપજાવે છે. ૨૪૧–૨૪૨.

नानाद्रव्यात्मकत्वाच्चयोगवाहिहिमंमधु ।
इतीक्षविकृतिप्रायोवर्गोयंदशमोमतः ॥ २४३ ॥

મદ નાના દ્રવ્યોવાળું હોવાથી યોગવાહી તથા શીતલ હોય છે, આ પ્રકારે આ ઈક્ષુ (શેરડીનો રસ) વર્ગ નામનો દશમો વર્ગ સમાપ્ત થયો. ૨૪૩.

॥ इति इक्षुवर्गः ॥

॥ अथ कृतान्न वर्गः ॥

क्षुत्तृष्णाग्लानिदौर्बल्यकुक्षिरोगविनाशिनी ।
स्वेदाग्निजननीपेयावातवर्चोऽनुलोमनी ॥ २४४ ॥

પેયા (ચોખામાં નવ ઘણું પાણી નાંખી કરવામાં આવતી કાંજી) ક્ષુધા, તૃષા, ગ્લાનિ, દુર્બલતા, કુક્ષિરોગ આ સર્વને શાન્ત કરે છે. સ્વેદ ઉત્પાદક, અગ્નિ અને અધોવાત અને મળને નિકાલનાર છે. ૨૪૪.

तर्पणीग्राहिणीलघ्वीहृद्याचापिविलेपिका ॥ २४५ ॥ मण्डस्तुदीपयत्यग्निंवातश्चाप्यनुलोमयेत् ॥ मृदू[illegible]तांसिस्वेदंसंजनयत्यपि ॥ २४६ ॥ लंघितानांविरिक्तानांजीर्णेस्नेहेचतृष्यताम् ॥ दीपनत्वाल्लघुत्वाच्चमण्डःस्यात्प्राणधारणः२४७

વિલેપી–(ચોખામાં આઠ ઘણું પાણી નાંખી પકાવતાં ચોખા વધુ અને પાણી કમ હોય તેને વિલેપી કહે છે) તૃપ્તિ કર્તા, ગ્રાહી, હલકી એ હૃદયને પ્રિય હોય છે. મંડ–(ચોખામાં ૧૪ ઘણું પાણી નાંખીને પકાવવાથી ચોખા માલુમ ન પડે પણ કેવળ પાતળું જળ જણાય તેને મંડ કહે છે) અગ્નિને દિપ્ત કરે છે. વાયુને અનુલોમન કર્તા છે. નસોને મૃદુ કરનાર અને સ્વેદજનક છે. બંધન કરનાર મનુષ્યને વિરક્ત મનુષ્યોને અને સ્નેહ જીર્ણ થાય ત્યારે અને હલકા થવાથી મંડ પાછો એ પ્રાણધારક થઈ પડે છે. ૨૪૫, ૨૪૬, ૨૪૭.

લાજમંડના ગુણ.

भृतःपिप्पलिशुण्ठीभ्यांयुक्तोलाजाम्लदाडिमैः । तृष्णातीसारशमनोधातुसाम्यकरः शिवः ॥ लाजमण्डोऽग्निजननो दाहमूर्च्छानिवारणः ॥ २४८ ॥ मन्दाग्निविषमाग्नीनांबालस्थविरयोषिताम् । देयश्चसुकुमाराणांलाजमण्डःसुसंस्कृतः । क्षुत्पिपासासहःपथ्यःशुद्धानान्तुमलापहः ॥ २४९ ॥

ધાન્યોની ખીલોનો બનાવેલ મંડને પીંપર, સુંઠ ખાટાં દાડિમના રસવાળો કરી પીવાથી તૃષા, અતિસારને નષ્ટ કરે છે, ધાતુઓને સમ કરે છે, કલ્યાણકારી છે, અગ્નિને વધારે છે, અને દાહ તથા મુર્છાને નષ્ટ કરે છે. ૨૪૮. આ સારી રીતે બનાવેલ લાજમંન્ડ મંદાગ્નિવાળાને, વિષ્માગ્નિવાળાને, બાળકોને, વૃદ્ધોને, સ્રીયોને, સુકુમાર પુરૂષોને ભુખ તરસની શાન્તિને માટે દેવો જોઇએ. આ સંશોધિત મનુષ્યોને પથ્ય છે, અને મળને નિકાલનાર છે. ૨૪૮–૨૪૯.

ભાતના ગુણ.

सुधौतःप्रस्रुतःस्विन्नःसन्तप्तश्चौदनोलघुः । भृष्टतण्डुलमिच्छन्तिगरश्लेष्मामयेष्वपि ॥ २५० ॥ अधौतःप्रस्रुतःस्विन्नः शीतश्चाप्योदनोगुरुः ॥ २५१ ॥

ચોખાને સારી રીતે ધોઇને સિદ્ધ કરવા અને તેનાં છોડાં વીગેરે દુર કરીને ઉત્તમ રીતે તૈયાર થયેથી તેનું ગરમ ગરમ ભોજન કરવું એ હલકું અને ઉત્તમ કહ્યું છે. વિષ દોષ અને કફના વિકારોમાં ચોખાને પલાળીને કરેલો ભાત આપવો જોઇએ. ધોયા સિવાય, ઝાડકયા સિવાય બનાવેલો ભાત અને ઠંડો ભાત ભક્ષણ કર્યો હોય તો તે ભારે તથા ગુરૂ પાકી થાય છે. ૨૫૦–૨૫૧.

मांसशाकवसातैलघृतमज्जाफलौदना ।
बल्याःसन्तर्पणाहृद्यागुरवोबृंहयन्तिच ॥ २५२ ॥

માંસ, શાક, ચરબી, તેલ, ઘી, મજ્જા, અને ફળોની સાથે સિદ્ધ કરેલા અન્ન બલકારક, તૃપ્તિકારક, હૃદ્ય, ભારે અને પુષ્ટિકારક છે. ૨૫૨.

तद्वन्माषतिलक्षीरमुद्गसंयोगसाधिताः ।
कुल्माषागुरवोरूक्षावातलाभिन्नवर्चसः ॥ २५३ ॥

તેની માફક અડદ, તલ, દૂધ, મગ એના સંયોગથી સિદ્ધ કરેલા અન્ન પણ ઉપરના ગુણવાળાં છે. કુલ્માષ (ઘંઉ અને ચણાનો હોરો) ભારે, રૂક્ષ, વાતકારક અને મળ ભેદક છે. ૨૫૩.

स्विन्नभक्ष्यास्तुयेकेचित्सौप्यगोधूमयावकाः ।
भिषक्तेषांयथाद्रव्यमादिशेद्गुरुलाघवम् ॥ २५४ ॥

દાળ, ઘઉં, જવ એનાથી સિદ્ધ કરેલ ભોજનમાં તે પદાર્થને અનુકુળ ભારે અને હલકાં જાણીને વૈદે કથન કરવાં. ૨૫૪.

કૃતાકૃતયુષના ગુણ.

अकृतंकृतयूषश्चतनुसंस्कारितंरसम् ।
सूपमम्लमनम्लश्चगुरुंविद्याद्यथोत्तरम् ॥ २५५ ॥

ઘી સિવાય મશાલાવાળું યુષ (કાંજી) અને ઘી તથા મશાલાવાળું યુષ, પાતળો કરેલ રસ, ખટાઈવાળી દાલ, ખટાઇ વિનાની દાળ એ સર્વ અનુક્રમે એકથી બીજું ઉત્તરોત્તર ભારે જાણવું. ૨૫૫.

सक्तवोवातलारूक्षाबहुवर्चोऽनुलोमिनः ।
तर्पयन्तिनरंसद्यःपीताःसद्योबलाश्चते ॥ २५६ ॥

સત્તુ જળમાં ઘોળીને પીવાથી વાતકારક, રૂક્ષ, મળ વર્દ્ધક, અનુલોમન, ભૂખ્યા મનુષ્યને જલ્દીથી તૃપ્ત કરનાર તથા જલ્દી બળ દેનાર હોય છે. ૨૫૬

શાલિધાન્યનો ગુણ.

मधुरालघवःशीतासक्तवःशालिसम्भवाः ।
ग्राहिणोरक्तपित्तघ्नास्तृषाछर्दिज्वरापहाः ॥ २५७ ॥

શાળના ચોખાનો સત્તુ—મીઠું હલકું, શીતલ, ગ્રાહી, રક્તપિત્ત નાશક, તૃષાનાશક, અને ઉલટી તથા તાવને શાંત કરનાર છે. ૧૫૭.

જવની રોટલીના ગુણ.

हन्याद्व्याधीन्यवापूपोयावकोवाटयएवच ।
उदावर्त्तमतिश्यायकासमेहगलग्रहान् ॥ २५८ ॥

જવના પુડા અથવા રોટલી, ઉદાવર્ત, પ્રતિશ્યાય, ખાંસી, પ્રમેહ અને ગલગ્રહને નષ્ટ કરનાર છે. ૨૫૮.

જવની ધાણીના ગુણ.

धानासंज्ञास्तुयेभक्ष्याःप्रायस्तेलेखनात्मकाः ।
शुष्कत्वात्तर्षणाश्चैवविष्टम्भित्वाच्चदुर्जराः ॥ २५९ ॥

ધાના—ધાણી પલાળેલ (ઘઉં તથા જવની) લેખન છે અને શુષ્ક હોવાથી તૃષાજનક હોય છે તથા વિષ્ટંભી હોવાથી દુર્જર હોય છે. ૨૫૯

વિરૂઢ ધાન્યના ગુણ.

विरूढधानाःशष्कुल्योमधुक्रोडाःसपिण्डिकाः ।
सूपाःपूपुलिकाद्याश्चगुरवःपैष्टिकाःपरम् ॥ २६० ॥

વિરૂઢ (ફણગેલાં) ધાન્યો (અંકુરવાળાં ધાન્ય) ની શષ્કુલી મધુક્રોડા, લાડુ, પૂડા, પુરીઓ અને કચોરીઓ એ સર્વ અત્યંત ભારે હોય છે. ૨૬૦

ફલાદિ સંસ્કૃતના ગુણ.

फलमांसवसाशाकपललक्षौद्रसंस्कृताः ।
भक्ष्यावृष्याश्चबल्याश्चगुरवोबृंहणात्मकाः ॥ २६१ ॥

ફલ, માંસ, ચરબી, શાક, તલોનું ચુર્ણ તથા મદના સંયોગથી બનેલ ભક્ષ્ય પદાર્થ વીર્યવર્દ્ધક, બળકારક, ભારે તથા પૌષ્ટીક છે. ૨૬૧.

वेशवारोगुरुःस्निग्धोबलोपचयवर्द्धनः ॥
गुरवस्तर्पणावृष्याःक्षीरेक्षुरसपूपकाः ॥ २६२ ॥

વેસવાર (પિષ્ટમાંસ) ભારે સ્નિગ્ધ અને બળવર્દ્ધક છે. દુધ અને ખાંડથી બનાવેલી ખીર-ભારે તૃપ્તિકારક અને વીર્યવર્દ્ધક છે. ૨૬૨

सगुडाःसतिलाश्चैववसक्षीरक्षौद्रशर्कराः ।
वृष्यावल्याश्चभक्ष्यास्तुतेपरंगुरवःस्मृताः ॥ २६३ ॥

ગોળ, તલ, દૂધ, મદ, અને ખાંડથી બનાવેલા પદાર્થ વીર્યવર્દ્ધક, બળકારક, અને અત્યન્ત ભારે હોય છે. ૨૬૩

ઘઉંના પદાર્થના ગુણ.

सस्नेहाःस्नेहसिद्धाश्चभक्ष्याविविधलक्षणाः ।
गुरवस्तर्पणावृष्याहृद्यागोधूमिकामताः ॥ २६४ ॥

ચીકણાઈવાળા અને ધીમાં પકાવેલા ઘઉંના લોટનો પદાર્થ-ભારે, તૃપ્તિકારક વીર્યવર્દ્ધક અને હૃદયને પ્રિય હોય છે. ૨૬૪.

संस्काराल्लघवःसन्तिभक्ष्यागोधूमपैष्टिकाः ।
धानापर्पटपूपाद्यास्तान्बुद्ध्वानिर्दिशेत्तथा ॥ २६५ ॥

સંસ્કાર વિશેષથી ઘઉંના બનાવેલા પદાર્થ હલકા પણ છે. ધાના-ધાણી (ભીના-જવની) પર્પટ-(પાપડ) તથા પૂડા આદિ પદાર્થના સંસ્કારને જોઈને ગુણને જાણવા. ૨૬૫

पृथुकागुरवोभृष्टान्भक्षयेदल्पशस्तुतान् ।
यावाविष्टभ्यजीर्यन्तिसतुषाभिन्नवर्चसः ॥ २६६ ॥

ચૂડા-ચોળા ભારે હોય છે. તેને પલાળીને થોડા ખાવા જોઇએ. જવના પુડા વિષ્ટમ્ભ કરીને પાચન થાય છે. જો તૃષાસહિત હોય તો મળને ભેદન કરનાર છે. ૨૬૬.

सूप्यान्नविकृताभक्ष्यावातलारूक्षशीतलाः ॥
सकटुस्नेहलवणानल्पशोभक्षयेत्तुतान् ॥ २६७ ॥

અડદ આદિની દાળથી બનેલો યુષ, રૂક્ષ, શીતલ અને વાયુકારક હોય છે, જેથી તેમાં પીપર, મરી, સુંઠ મિલાવીને તથા ઘીવાળો કરીને થોડો ખાવો જોઇએ. ૨૬૭

પાકના ગુણ.

मृदुपाकाश्चयेभक्ष्याःस्थूलाश्चकठिनाश्चये ॥
गुरवस्तेऽव्यतिक्रान्तपाकाःपुष्टिबलप्रदाः ॥ २६८ ॥

સ્થૂલ અને કઠિન દ્રવ્ય જે મૃદુ પાકી હોય છે તે સર્વ ભારે, વિલંબે પચનાર, પુષ્ટિકારક અને બળને દેનાર હોય છે. ૨૬૮.

द्रव्यसंयोगसंस्कारंद्रव्यमानंपृथक्तथा ।
भक्ष्याणामादिशेद्बुद्धायथास्वंगुरुलाघवम् ॥ २६९ ॥

બુદ્ધિમાન વૈદ્યને યોગ્ય છે કે સંપૂર્ણ ભક્ષણ કરનાર પદાર્થોના દ્રવ્ય, સંયોગ, સંસ્કાર, માન વિગેરેથી યથોચિત રીતિપર જાણીને તેને અનુસાર ભારે હલકાં આદિકથન કરવા. ૨૬૯

रसालाबृंहणीवृष्यास्निग्धाबल्यारुचिप्रदा ।
स्नेहनंतर्पणहृद्यंवातघ्नंसगुडंदधि ॥ २७० ॥

રસાલ—કરી વીર્યવર્દ્ધક, પુષ્ટિકારક, સ્નિગ્ધ, બળવર્દ્ધક અને રૂચિકારક હોય છે. ગોળવાળું દહીં—તૃપ્તિકારક, સ્નેહન અને વાતનાશક હોય છે. ૨૭૦.

द्राक्षाखर्जूरकोलानांगुरुविष्टम्भिपानकम् ।
परूषकाणांक्षौद्रस्ययच्चेक्षुविकृतिप्रति ॥ २७१ ॥
तेषांकट्वम्लसंयोगाःपानकानांपृथक्पृथक् ।
द्रव्यमानश्चविज्ञायगुणकर्माणिचादिशेत् ॥ २७२

દ્રાક્ષ, ખજુર, બોરથી બનાવેલ પીણું ભારે અને વિષ્ટમ્ભી હોય છે. ફાલસાનો રસ અને મધથી બનાવેલ પાનક (શરબત) તથા ખાંડ વિશેષથી બનાવેલ પાનક (શરબત) તેના ચરપરા, ખાટા આદિ ગુણોથી તથા સંયોગથી અને દ્રવ્ય માનને જાણીને ગુણ કર્મોનું કથન કરવું. આ પ્રકારે સર્વ ફલોનું શરબત જાણવું જોઇએ. ૨૭૧–૨૭૨

कट्वम्लस्वादुलवणालघवोरागषाडवाः ।
मुखप्रियाश्चहृद्याश्चदीपनाभक्तरोचनाः ॥ २७३ ॥

રાગષાડવ (ગોળને જલમાં નોન ખટાઇ તેલ તથા સુંઠ નાંખીને જે શરબત બનાવાય છે તેને રાગષાડવ કહે છે.) ચરપરૂં, ખાટું, મીઠું, ખારૂં. હલકું, મુખપ્રિય, હૃદ્ય, દીપન અને ભોજનમાં રૂચિ કરનાર હોય છે. ૨૭૩.

आम्रामलकलेहाश्चबृंहणाबलवर्द्धनाः ।
रोचनास्तर्पणाश्चोक्तास्नेहमाधुर्य्यगौरवात् ॥ २७४ ॥

પાકેલી કેરી અને આમળાંના સંયોગથી બનાવેલ ચટણી, ચિકણી, મીઠી, બળવર્દ્ધક, ભારે, રૂચિકારક તથા તૃપ્તિકારક હોય છે. ૨૭૪.

बुद्धासंयोगसंस्कारंद्रव्यमानश्चतत्स्मृतम् ।
॰णकर्माणिलेहानांतेषांतेषांतथावदेत् ॥ २७५ ॥

જેટલા પ્રકારના અવલેહ પદાર્થ છે તે સર્વ સંયોગ સંસ્કાર દ્રવ્ય, પરિમાણ એના-ભેદથી તેના ગુણ કર્મોનું કથન કર્યું. ૨૭૫

रक्त पित्तकफोत्क्लेदिशुक्तंवातानुलोमनम् ।
कन्द॰लफलाद्यश्चतद्वद्विद्यात्तदासुतम् ॥ २७६ ॥

સિરકો રક્ત પિત્ત તથા કફને કોપિત કરે છે અને વાયુના માર્ગને અનુસાર કરે છે. જે સિરકામાં કંદમૂલ ફલાદિ જે પદાર્થ પડે છે તેમાં પણ તેના ગુણ હોય છે. ૨૭૬

शिण्डाकीचासुतश्चान्यत्कालाम्लंरोचनंलघु ।
विद्याद्वर्गंकृतान्नानामेकादशतमंभिषक् ॥ २७७ ॥

ચટની, સિરકો, કાંજી આદિ સર્વ પ્રકારની ખટાઇ રૂચિકારક અને હલકી હોય છે. આ પ્રકારે કૃતાન્નવર્ગ નામનો અગીઆરમો વર્ગ સમાપ્ત થયો. ૨૭૭

इति कृतान्न वर्ग.

अथाहार योग वर्गः ।

તેલના ગુણ.

कषायानुरसंस्वादुसूक्ष्ममुष्णंव्यवायिच । पित्तलंबद्धविण्मूत्रंनचश्लेष्माभिवर्द्धनम् ॥ २७८ ॥ वातघ्नेषूत्तमंबल्यंत्वच्यंमेधाग्निवर्द्धनम् । तैलंसंयोगसंस्कारात्सर्वरोगापहंमतम् ॥ २७९ ॥

તેલ કાંઇક કષેલું, મીઠું, સૂક્ષ્મ, ગરમ, વ્યવાયી, પિત્તવર્દ્ધક મળમૂત્રને બાધનાર તથા કફને નહિ વધારનાર છે. વાત નાશકમાં ઉત્તમ, બલકારક, ચામડીને ઉત્તમ બનાવનાર, બુદ્ધિ અને અગ્નિને વધારનાર હોય છે. અને ઔષધિયોના સંયોગથી સિદ્ધ કરેલ તેલ સંપૂર્ણ રોગોને નષ્ટ કરનાર છે. ૨૭૮–૨૭૯.

તેલની ઉત્કૃષ્ટતાનાં દ્રષ્ટાંત.

तैलप्रयोगादजरानिर्विकाराजितश्रमाः ।
आसन्नातिबलाःसंख्येदैत्याधिपतयःपुरा ॥ २८० ॥

પૂર્વ સમયમાં દૈત્યોના રાજા તેલનાજ પ્રયોગથી સંગ્રામમાં અજર, નિર્વિકાર, શ્રમ રહિત અને લડવામાં અત્યંત બળવાન થયા હતા. ૨૮૦

દીવેલના ગુણ.

एरण्डतैलंमधुरंगुरुश्लेष्माभिवर्द्धनम् ।
वातासृग्गुल्महृद्रोगजीर्णज्वरहरंपरम् ॥ २८१ ॥

દીવેલ મીઠું, ભારે, કફવર્દ્ધક, તથા વાતરક્ત, ગોળો, હૃદયરોગ, જીર્ણજ્વરને મટાડનાર છે. ૨૮૧

સરસીયાના ગુણ.

कटूष्णंसार्षपंतैलंरक्तपित्तप्रदूषणम् ।
कफशुक्रानिलहरंकण्डूकोठविनाशनम् ॥ २८२ ॥

સરસીયું—કડવું, ગરમ, રક્તપિત્તને દૂષિત કરનાર, કફ અને વાયુને હરનાર તથા ખુજલી, કોઢ આદિ ચામડીના રોગોને મટાડે છે. ૨૮૨

ચારોળીના તેલના ગુણ.

पियालतैलंमधुरंगुरुश्लेष्माभिवर्द्धनम् ।
हितमिच्छन्तिनात्यौष्ण्यात्संयोगेवातपित्तयोः ॥ २८३ ॥

ચારોળીનું તેલ—મીઠું, ભારે કફ વર્દ્ધક તથા અત્યન્ત ગરમ ન હોવાથી દ્રવ્યના સંયોગ દ્વારા વાત પિત્તને નષ્ટ કરનાર છે. ૨૮૩

અળસીના તેલના ગુણ.

आतस्यंमधुराम्लन्तुविपाकेकटुकंतथा ।
उष्णवीर्य्यंहितंवातेरक्तपित्तप्रकोपनम् ॥ २८४ ॥

અળસીનું તેલ—મીઠું, ખાટું વિપાકમાં કડવું, ઉષ્ણવીર્ય, વાત રોગોમાં હિતકર અને રક્ત પિત્તને કુપિત કરનાર છે. ૨૮૪.

कुसुम्भतैलमुष्णञ्चविपाकेकटुकंगरु ।
विदाहिचविशेषेणसर्वरोगप्रकोपनम् ॥ २८५ ॥

કસુંબાના બીજનું તેલ ગરમ, વિપાકમાં કડવું, ભારે, વિશેષે કરીને વિદાહી અને સર્વ દોષોને કુપિત કરનાર છે. ૨૮૫.

ફળોના તેલના ગુણ.

फलानांयानिचान्यानितैलान्याहारसन्निधौ ।
युज्यन्तेगुणकर्मभ्यांतानिब्रूयाद्यथायथम् ॥ २८६ ॥

આ પ્રકારે અનેક પ્રકારના ફલોનું વર્ણન જે તેલના આહારમાં ઉપયોગ કરાય છે. તેના ગુણ ફળોના જેવાજ જાણવા. ૨૮૬

મજ્જાવસાના ગુણ.

मधुरोबृंहणोवृष्योबल्योमज्जातथावसा ।
यथासत्त्वन्तुशैत्योष्णेवसामज्ज्ञोर्विनिर्दिशेत् ॥ २८७ ॥

મજ્જા અને ચરબી એ બંને મીઠાં, પુષ્ટિકારક, વીર્યવર્દ્ધક અને બલકારક હોય છે, શીત ગુણ વિશિષ્ટ તેલોનો ગરમીમાં તથા ઉષ્ણ ગુણ વિશિષ્ટ તેલોનો શરદીમાં ઉપયોગ કરવો. ૨૮૭

સુંઠના ગુણ.

सस्नेहंदीपनंवृष्यमुष्णंवातकफापहम् ।
विपाकमधुरंहृद्यंरोचनंविश्वभेषजम् ॥ २८८ ॥

સુંઠ—ચીકણી, દીપન, વૃષ્ય, ગરમ, વાત કફ નાશક, વિપાકમાં મીઠી, હૃદ્ય અને રૂચિકારક છે. ૨૮૮

પીંપરના ગુણ.

श्लेष्मलामधुराचार्द्रागुर्वीस्निग्धाचपिप्पली ।
साशुष्काकफवातघ्नीकटुकावृष्यसम्मता ॥ २८९ ॥

કાચી પીંપર કફકારક, મધુર, ભારે અને સ્નિગ્ધ છે. સુકી પીંપર કફ વાત નાશક, ચરપરી અને વીર્યવર્દ્ધક હોય છે. ૨૮૯

મરીના ગુણ.

नात्यर्थमुष्णंमरिचमवृष्यंलघुरोचनम् ।
छेदित्वाच्छोषणत्वाच्चदीपनंकफवातजित् ॥ २९० ॥

કાળાંમરી અધિક ગરમ નથી. કાંઇક વીર્યવર્દ્ધક હલકી અને રૂચિકારક છે, છેદી અને શોષણ હોવાથી દીપ્તિકારક અને વાત કફનાશક છે. ૨૯૦

હીંગના ગુણ.

वातश्लेष्मविबन्धघ्नंकटुकंदीपनंलघु ।
हिंगुशूलप्रशमनंविद्यात् पाचनरोचनम् ॥ २९१ ॥

હીંગ વાત, કફ તથા વિબંધ નાશક, કડવી, દીપન, હલકી, શૂલ નાશક પાચન તથા રૂચિકારક છે. ૨૯૧

સીંધવખારના ગુણ.

रोचनंदीपनंहृद्यंचक्षुष्यमविदाहिच ।
त्रिदोषघ्नंसमधुरंसैन्धवंलवणोत्तमम् ॥ २९२ ॥

સીંધવખાર–રૂચિકારક, દીપન, હૃદયને પ્રિય, નેત્રને હિતકારક, અવિદાહી, ત્રિદોષ નાશક અને મધુર હોય છે. ૨૯૨

સંચળના ગુણ.

सौक्ष्म्यादौष्ण्याल्लघुत्वाच्चसौगन्ध्याच्चरुचिप्रदम् ।
सौवर्चलंविबन्धघ्नंहृद्यमुद्गारशोधिच ॥ २९३ ॥

સંચળ સૂક્ષ્મ હોવાથી તથા ગરમ હોવાથી તેમજ હલકો અને સુગંધિત હોવાથી રૂચિકારક, વિબંધનાશક, હૃદ્ય તથા ઉદ્ગારને શુદ્ધ કરે છે. ૨૯૩

तैक्ष्ण्यादौष्ण्याद्व्यवायित्वाद्दीपनंशूलनाशनम् ।
ऊर्द्ध्वञ्चाधश्चवातानामानुलोम्यकरंविडम् ॥ २९४ ॥

બિડ લક્ષણ—તીક્ષ્ણ હોવાથી, ગરમ હોવાથી તેમજ વ્યવાહી હોવાથી, દીપન, શૂળનાશક છે, ઉપર અને નીચેના ભાગોમાં થનાર વાયુને અનુલોમન કરનાર છે. ૨૯૪.

सतिक्तकटुसक्षारंतीक्ष्णमुत्क्लेदिचौद्भिदम् ।
नकाललवणेगन्धःसौवर्चलगुणाश्चते ॥ २९५ ॥

ખારૂં મીઠું—કિંચિત્ કડવું, ચરપરૂં, ખારૂં, તીક્ષ્ણ તથા ઉત્કલેદકારક છે. કાળું મીઠું ગંધહીન હોય છે તેના સર્વ ગુણ સંચળના જેવા હોય છે. ૨૯૫.

સમુદ્રાદિ લવણના ગુણ.

सामुद्रकंसमधुरंसतिक्तकटुपांशुजम् ।
रोचनंलवणंसर्वंपाकिस्रंस्यनिलापहम् ॥ २९६ ॥

સમુદ્ર લવણ (મીઠું) કાંઈક મધુર હોય છે. પાંશું લવણ કાંઈક તીખું અને કડવું હોય છે. વળી સર્વ પ્રકારનાં લવણ રૂચિકારક પાચન, દસ્તાવર, અને વાતનાશક હોય છે.

જવખારના ગુણ.

हृत्पाण्डुग्रहणीदोषप्लीहानाहगलग्रहान् ।
कासंकफजमर्शांसियावशूकोव्यपोहति ॥ २९७ ॥

જવખાર—હૃદયરોગ, પાંડુરોગ, ગ્રહણી, બરોળ, આફરો, ગલગ્રહ, કફની ખાંસી અને હરશને મટાડે છે. ૨૯૭

ક્ષારોના ગુણ.

तीक्ष्णोष्णोलघुरूक्षश्चक्लेदीपाकीविदारणः ।
दहनोदीपनश्छेत्तासर्वःक्षारोऽग्निसन्निभः ॥ २९८ ॥

વળી સર્વ પ્રકારના ખાર—તીક્ષ્ણ, ગરમ, લઘુ, રૂક્ષ, કલેદી પાચન કરતા, વિદારણ, દાહન, દીપન, છેદન અને અગ્નિના સમાન હોય છે. ૨૯૮.

कारव्यःकुञ्चिकाजाजीकवरीधान्यतुम्बुरुः ।
रोचनंदीपनंवातकफदौर्गन्ध्यनाशनम् ॥ २९९ ॥

જીરૂ, કાળીજીરી, અજમો, સફેદ જીરૂ, મેથી, વરીયાળી, ધાણા, તુંબરૂ એ સર્વ રૂચિકારક, દીપન, વાત કફનાશક અને દુર્ગંધ નાશક હોય છે. ૨૯૯.

आहारयोगिनांभक्तिनिश्चयोनतुविद्यते ।
समाप्तोद्वादशश्चायंवर्गआहारयोगिनाम् ॥ ३०० ॥

આહારને ઉપયોગી પદાર્થોમાં કયાં કેટલી વસ્તુઓ નાંખવી જોઇએ, તેનો કાંઈ યથાર્થ નિયમ નથી. આ પ્રકારે આહારોપયોગી નામનો બારમો વર્ગ સમાપ્ત થયો. ૩૦૦

इति आहार योगवर्ग.

शूकधान्यंशमीधान्यंसमातीतंप्रशस्यते ।
पुराणंमायशोरूक्षंप्रायेणाभिनवंगुरु ॥ ३०१ ॥

શૂક ધાન્ય અને શમીધાન્ય એક વર્ષના જુના થવાથી હિતકારી થાય છે. જુનું ધાન્ય રૂક્ષ હોય છે અને નવીન ધાન્ય ભારે હોય છે. ૩૦૧.

यद्यदागच्छतिक्षिप्रंतत्तल्लघुतरंस्मृतम् ॥ ३०२ ॥

જે ધાન્ય જલ્દી પરિપાકને પ્રાપ્ત થાય છે તે એટલુંજ હલકું હોય છે. ૩૦૨.

निस्तुषंयुक्तिभृष्टन्तुसूप्यंलघुविपच्यते ॥ ३०३ ॥

છોડાં રહિત યુક્તિ પૂર્વક પલાળેલી દાળ લઘુ પાકી હોય છે. ૩૦૩.

વર્જિત માંસ.

मृतंकेशातिमेध्यश्चवृ [illegible] हतम् ।
अगोचरभृतंव्यांडमृदितंमांसमुत्सृजेत् ॥ ३०४ ॥

પોતાની મેળે મરેલું, કૃશ, સડેલું, વૃદ્ધ, બાળ, વિષાદિથી મરેલું અપરોક્ષ મરેલું, વાઘ વિગેરેએ મારેલું એવા જીવોનું માંસ ત્યાગ કરવા યોગ્ય છે. ૩૦૪.

માંસ રસનો ગુણ.

अतो [illegible] संबृंहणंबलवर्द्धनम् । प्रीणनःसर्वभूतानांहृ [illegible] ःपरम् ॥ ३०५ ॥ शुष्यतांव्याधियुक्तानांकृशानांक्षीणरेतसाम् ॥ बलवर्णार्थिनाञ्चैवर-संविद्याद्यथामृतम् ॥ ३०६ ॥

એ સિવાય સંપૂર્ણ જીવોનું માંસ પુષ્ટિકારક, અને બળવર્દ્ધક હોય છે. માંસ-રસ સર્વ મનુષ્યોને માટે તૃપ્તિકારક અને હૃદ્ય હોય છે તથા સુકાયલા શરીરવાળાને અથવા શોષ રોગવાળાઓને, કૃશ મનુષ્યોને, ક્ષીણવીર્યવાળાઓને, બલવર્ણની ઇચ્છાવાળાઓને માંસ રસ અમૃત સમાન છે. ૩૦૫-૩૦૬.

सर्वरोगप्रशमनंयथास्वंविहितंरसम् । विद्यात्स्वर्य्यंबलकरंवयोबुद्धीन्द्रियायुषाः ॥ ३०७ ॥ व्यायामनित्याःस्त्रीनित्यामद्यनित्याश्चयेनराः । नित्यंमांसरसाहारा-नातुराःस्युर्नदुर्बलाः ॥ ३०८ ॥

માંસરસ દ્રવ્ય વિશેષના સંયોગથી સિદ્ધ કરેલું સંપૂર્ણ રોગોને નષ્ટ કરનાર છે. તથા સ્વરકારક, બળવર્દ્ધક, અવસ્થા સ્થાપક, બુદ્ધિવર્દ્ધક, ઇન્દ્રિયોનું બળ તથા આયુષ્યને વધારનાર છે. વ્યાયામ કરનાર, મનુષ્યોને, સ્ત્રી સેવન કરનારાઓને, સુરા પીનારાઓએ નિત્ય માંસ રસનો આહાર કરવો જોઇએ. માંસરસ સેવન કરવાથી રોગગ્રસ્ત મનુષ્ય પણ દુર્બલ થતું નથી. ૩૦૭-૩૦૮.

ત્યાગ કરવા યોગ્ય શાક.

क्रिमिवातातपहतंशुष्कंजीर्णमनार्त्तवम् ।
शाकंनिःस्नेहसिद्धञ्चवर्ज्यंयच्चापरिस्रुतम् ॥ ३०९ ॥

કીડાનું ખાધેલું, વાયુથી સુકાયલું, સુકું, તાપથી બળેલું, જુનું, બે મોસમ, તેલાદિ સિવાય બનાવેલું, જે શાકને નિચોવીને પાણી ન કહાડી નાંખ્યું હોય અથવા જે સાફ કર્યું ન હોય એવું શાક ખાવા યોગ્ય નથી. ૩૦૯.

ત્યાગ કરવા યોગ્ય ફળ.

पुराणमामंसंक्लिष्टंक्रिमिव्यालहिमातपैः ।
अदेशाकालजंक्लिन्नंयत्स्यात्फलमसाधुतत् ॥ ३१० ॥

જુનું, કાચું, સડેલું, કીડા, સાપ આદિથી ખાધેલું, તાપથી દાઝેલું, શરદીથી ઠરી ગયેલું, ખરાબ જમીનમાં ઉત્પન્ન થયેલું, કવખતે ઉત્પન્ન થયેલું, દુર્ગંધવાળાં ફલને નિંદનિય સમજીને ત્યાગવું જોઇએ. અર્થાત કદી ખાવું જોઇએ નહિ. ૩૧૦.

हरितानांयथाशाकंनिर्देशंसाधनादृते ॥ ३११ ॥

સર્વ પ્રકારનાં હરિત (આદું વિગેરેનાં શાક) પત્રશાકોના સરખું સંસ્કાર કરીને ખાવાં જોઇએ પરંતુ તેને શાકોની માફક નિચોવવાં નહિં જોઇએ. ૩૧૧

मद्याम्बुगोरसादीनां स्वेस्वेवर्गेविनिश्चयः ॥ ३१२ ॥

મદ્ય. જળ તથા દુધ આદિકોના ગુણ દોષ તેના વર્ગોમાં કથન કરેલાં છે. ૩૧૨.

અનુપાનનું વર્ણન.

यदाहारगुणैःपानंविपरीतंतदिष्यते । अम्लानुपानंधातूनांदृष्टं यन्नविरोधिचा॥३१३॥आसवानांसमुद्दिष्टाअशीतिश्चतुरुत्तरा: ३१४॥

જે ગુણવાળા અહાર હોય તેથી વિપરીત ગુણવાળાં અનુપાન કરવાં જોઇએ. અર્થાત આહાર, ઉષ્ણતા પ્રધાન હોય તો અનુપાન શીતલ જોઇએ. શીતલ આહાર હોય તો અનુપાન ગરમ જોઇએ. પરંતુ ખાટા પદાર્થ પરથી મીઠું અનુપાન નહી કરવું જોઇએ, કેમકે તીક્ષ્ણ ખાટાના ઉપર મીઠું ખાવાથી ધાતુઓમાં વિકાર ઉત્પન્ન થય છે. અથવા અન્નનું એ પ્રકારે અનુપાન કરવું જોઇએ, કે ધાતુઓનું વિરોધી ન હોય. ૩૧૩ આસવ ૮૪ પ્રકારના હોય છે, તેનું અમે પ્રથમજ કથન કરેલું છે. ૩૧૪.

जलंपेयमपेयञ्चपरीक्ष्यानुपिबेद्धितम् ॥ ३१५ ॥

પાણીની પરીક્ષા કરીને પીવા યોગ્ય છે કે ન પીવા યોગ્ય છે એમ વિચાર કરીને પીવું જોઇએ. ૩૧૫.

स्निग्धोष्णंमारुतेशस्तंपित्तेमधुरशीतलम् ।
कफेऽनुपानंरूक्षोष्णंक्षयेमांसरसःपरम् ॥ ३१६ ॥

વાયુના રોગમાં ચિકણું અને ગરમ અનુપાન કરવું જોઇએ. પિત્તજ નિતરોગોમાં મીઠું અને ઠંડુ અનુપાન કરવું જોઇએ. કફજ નિત રોગોમાં રૂક્ષ અને ગરમ અનુપાન કરવું જોઇએ, અને સર્વ ધાતુઓની ક્ષીણતામાં માંસરસનું અનુપાન કરવું જોઇએ. ૩૧૬.

દુધનું અનુપાન.

उपवासाध्वभारस्त्रीमारुतातपकर्म्मभिः ।
क्लान्तानामनुपानार्थेपयःपथ्यंयथामृतम् ॥ ३१७ ॥

ઉપવાસ, ચાલતા થાકેલ, બહુ ભાષણ કરેલ, સ્ત્રી સંભોગની અનંતર, વાયુ, તાપ તથા અન્યકર્મોથી થાકેલા મનુષ્યોને દુધનું અનુપાન પથ્ય અને અમૃત સમાન છે. ૩૧૭.

सुराकृशानांपुष्टयर्थमनुपानंप्रशस्यते । कार्श्यार्थेस्थूलदेहानामनुशस्तंमधूदकम् ॥ ३१८ ॥ अल्पाग्नीनामनिद्राणांतन्द्राशोकभयक्लमैः । मद्यमांसोचितानाञ्चमद्यमेवानुशस्यते ॥ ३१९ ॥

કૃશ મનુષ્યોને પુષ્ટિને માટે સુરાનું અનુપાન ઉત્તમ છે અને સ્થુલ (જાડા) મનુષ્યોને કૃશ કરવાને માટે મદવાળું, પાણીનું અનુપાન ઉત્તમ છે. ૩૧૮. મંદાગ્નિવાળાને-અનિદ્રા, તન્દ્રા, શોક, ભય તથા ક્લાન્તિવાળા મનુષ્યોને અને મદ્ય માંસનું સેવન કરવાવાળાને મદ્યનું અનુપાન આપવું ઉત્તમ છે. ૩૧૯.

અનુપાનનાં કર્મ.

अथानुपानकर्मप्रवक्ष्यामि । अनुपानंतर्पयतिप्रीणयतिऊर्जयतिपर्य्याप्तिमभिनिर्वर्त्तयतिभुक्तमवसादयतिअन्नसङ्घातंभिनत्तिमार्दवमापादयतिक्लेदयतिजरयतिसुखपरिणामितामाशुव्यवायिताञ्चाहारस्योपजनयतीति ॥ ३२० ॥

હવે અનુપાનના ગુણોને કહીએ છીએ. અનુપાન તર્પણકારક, પ્રાણદાયક, બળ વર્દ્ધક, ભોજનને અવસાદન કર્તા તથા ભોજનના સંઘાતને ભેદન કર્તા, મૃદુતાકારક, કલેદકારક, પાચન કર્તા, આહારના પરિણામને સુખાવહ કરનાર તથા કરેલા ભોજનને જલદી ફેલાવી દેનાર હોય છે. ૩૨૦

॥ तत्रश्लोकाः ॥

अनुपानंहितंयुक्तंतर्पयत्याशुमानवम् ।
सुखंपचतिचाहारमायुषेचबलायच ॥ ३२१ ॥

અહીં કહેવામાં આવે છે કે યુક્તિ પૂર્વક અનુપાન કરવાથી મનુષ્યને જલ્દી તૃપ્ત કરે છે, તથા હિતકારક છે. તેમજ સુખ પૂર્વક આહારને પચાવનાર, આયુષ્ય વર્દ્ધક અને બળદાયક હોય છે. ૩૨૧.

જળ પાનનો નિષેધ.

नोर्द्धाङ्गमारुताविष्टानहिक्का श्वासकासिनः ।
नगीतभाषाध्ययनप्रसक्तानोरसिक्षताः ॥ ३२२ ॥
पिबेयुरुदकंभुक्त्वातद्धिकण्ठोरसिस्थितम् ।
स्नेहमाहारजंहत्वाभूयोदोषायकल्पते ॥ ३२३ ॥

ઉર્દ્ધાંગગત વાતવાળાઓને હિચકી તથા દમ અને ખાસીવાળાઓને તેમજ જેને ગાયન અને ભાષણ તેમજ અધ્યયનનું અધિક કામ પડે છે તથા ઉરઃક્ષત રોગવાળાઓએ ભોજન પછી પાણી પીવું જોઇએ નહિ કેમકે તે પુરૂષોને ભોજન પછી પાણી પીવાથી તે પાણી દુઃખ અને વક્ષઃસ્થલ થઇને આહારના સ્નેહને નષ્ટ કરી દેષોને કોપિત કરે છે. ૩૨૨-૩૨૩

अनुपानैकदेशोऽयमुक्तःप्रायोपयोगिकः द्रव्यन्तुनहिनिर्देष्टुंशक्यंकृत्स्नेननामभिः ॥ ३२४ ॥ यथानामौषधंकिञ्चिद्देशजानांवचोयथा ॥ द्रव्यंतत्त्तथावाच्यमनुक्तमिहतद्भवेत् ॥ ३२५ ॥

આ પ્રકારે આહાર દ્રવ્ય અને અનુપાન સાધારણ રૂપથી વળી ઉપયોગી પદાર્થોનું વર્ણન કર્યું છે, અને સંપૂર્ણ દ્રવ્યોનાં સંપૂર્ણ નામો સહિત વર્ણન કરવું મુશ્કેલ છે કેમકે યાવ-

માત્ર સંપૂર્ણ દ્રવ્ય જાણી શકાતાં નથી. તેમજ તે સંપૂર્ણ દ્રવ્યનાં સંપૂર્ણ ભાષાઓમાં નામ પણ જાણી શકાતાં નથી. આ પ્રકારે સંપૂર્ણ દ્રવ્યોનું આ અહાર વિષયમાં કથન કરવું કઠિન પ્રતિત થાય છે, કેમકે દેશ ભેદથી, સંસ્કાર ભેદથી આહાર વિશેષ દ્રવ્યોની કલ્પના અસંખ્ય પ્રકારની છે. ૩૨૪–૩૨૫.

ચરાદિ પરીક્ષા.

चराःशरीरावयवाःस्वभावोधातवःक्रिया ॥ लिङ्गंप्रमाणंसंस्कारोमात्राचास्मिन् परीक्ष्यते ॥ ३२६ ॥ चरोऽनूपजलाकाशधन्वाद्योभक्ष्यसंविधौ ॥ जलजानूपजाश्चैवजलानूपचराश्चये ॥ ३२७ ॥ गुरुभक्ष्याश्रयेसत्त्वाःसर्वेतेगुरुवःस्मृताः । लघुभक्ष्यास्तुलघवोधन्वजाधन्वचारिणः ॥ ३२८ ॥

ચર શરીરના અંગ, સ્વભાવ, ધાતુ. ક્રિયા, લિંગ, પ્રમાણ, સંસ્કાર તથા માત્રાની પરીક્ષા આમાં કહેવામાં આવે છે. ૩૨૬ અનૂપદેશ, જળ, આકાશ તથા મરૂદેશ આદિની જે ભક્ષ્ય સામગ્રી છે તેને ચર કહે છે. જળમાં થયેલા, અનુપદેશમાં થયેલા, અને જળ તથા અનૂપદેશમાં વિચરણ કરનારા, ભારે વસ્તુ ખાનારા જે જીવ છે તે સર્વ ભારે કહેવાય છે. મરૂદેશમાં ઉત્પન્ન થયેલ, મરૂદેશમાં વિચરણ કરનાર અને હલકી વસ્તુ ખાનારા જીવ હલકા હોય છે. ૩૨૭–૩૨૮.

શરીરાવયવનું વર્ણન.

शरीरावयवाःसक्थिशिरःस्कन्धादयस्तथा । सक्थिमांसाद्गुरुस्कन्धस्ततःक्रोडस्ततश्शिरः ॥३२९॥ वृषणौचर्ममेढ्रश्चश्रोणीवृक्कौयकृद्गुदम् । मांसाद्गुरुतरंविद्यात्रथास्वंमध्यमस्थिच ॥ ३३० ॥

જંઘા, માથુ તથા સ્કંધાદિ શરીરના અંગ છે, જંઘાઓના માંસથી ખાંધનું માંસ ભારે છે, ખાંધના માંસથી કરોડનુ માંસ ભારે છે, કરોડના માંસથી માથાનું માંસ ભારે છે. ૩૨૯. અંડકોશ, ચર્મ, લિંગ, નિતમ્બ, કલેજું, યકૃત, તથા ગુદાનું માંસ અનુક્રમે એકથી બીજું ભારે છે અને દાઢીમાં જે માંસ છે તે મધ્યમ હોય છે. ૩૩૦

સ્વભાવનું વર્ણન.

स्वभावाल्लघवोमुद्गास्तथालावकपिञ्जलाः ।
स्वभावाद्गुरवोमाषावराहमहिषास्तथा ॥ ३३१ ॥

મૃગ, લવાનું માંસ અને કપીંજલ એક સ્વભાવથીજ હલકું છે. ડુકર તથા ભેંસનું માંસ અને અડદ એ સ્વભાવથીજ ભારે છે. ૩૩૧

ધાતુઓનું ભારે હલકાપણું.

धातूनांशोणिताद्यानांगुरुंविद्यात्रथोत्तरम् । अलसेभ्योविशिष्यन्तेप्राणिनोयेबहुक्रियाः ॥ ३३२ ॥ गौरवेलिङ्गसामान्येपुंसांस्त्रीणाश्चलाघवम् । महाप्रमाणागुरवःस्वजातौलघवोऽन्यथा ॥ ३३३ ॥

લોહી વિગેરે ધાતુ ઉત્તરોત્તર ભારે હોય છે. જે પ્રાણી બહુજ કાર્ય કરે છે, તેનું માંસ આળસુ કરતાં ભારે હોય છે. ૩૩૨.

સરખી જાતના જીવોમાં પુરૂષ કરતાં સ્ત્રીનું માંસ હલકું હોય છે. એક જાતના જીવોમાં જે મ્હોટા હોય છે, તે ભારે હોય છે અને જે નાના હોય છે તે હલકા હોય છે. ૩૩૩.

સંસ્કાર અને માત્રા કૃત ગુરૂ લઘુત્વ.

गुरूणांलाघवंविद्यात्संस्कारात्सविपर्ययम् ।
व्रीहेर्लाजायथाचस्युःसक्तूनांसिद्धपिण्डकाः ॥ ३३४ ॥

સંસ્કારથી ભારે વસ્તુ પણ હલકી થઇ જાય છે, અને હલકી ભારે થઇ જાય છે. જેમ ધાન્યો કરતાં ખીર હલકી હોય છે અને સતૂઓ કરતાં ઘીના બનાવેલ લાડુ ભારે હોય છે. ૩૩૪.

अल्पादानेगुरूणाञ्चलघूनांचातिसेवने ।
मात्राकारणमुद्दिष्टंद्रव्याणांगुरुलाघवे ॥ ३३५ ॥

ભારે વસ્તુઓનું થોડું ભોજન કરવાથી હલકાપણું જણાય છે અને હલકી વસ્તુઓનું અધિક ભોજન કરવાથી ભારેપણું જણાય છે. આ લઘુતા ગુરૂતામાં માત્રા કારણ રૂપ છે. ૩૩૫.

गुरूणामल्पमादेयंलघूनांतृप्तिरिष्यते ।
मात्रामपेक्षतेद्रव्यंमात्राचाग्निमपेक्षते ॥ ३३६ ॥

ભારે વસ્તુ થોડી ખાવી જોઇએ અને હલકી વસ્તુ તૃપ્ત થતા સુધી ખાવી જોઈએ કેમકે દ્રવ્ય માત્રાની અપેક્ષા કરે છે, અને માત્રા અગ્નિના બલની અપેક્ષા કરે છે. ૩૩૬

बलमारोग्यमायुश्चप्राणाश्चाग्नौप्रतिष्ठिताः ।
अनुपानेन्धनैश्चाग्निर्दीप्यतेशाम्यतेऽन्यथा ॥ ३३७ ॥

બળ, આરોગ્યતા, આયુષ્ય તથા પ્રાણ અગ્નિમાં સ્થિત છે અને અનુપાન રૂપી લાકડાં દ્વારા અગ્નિ પ્રકટ થાય છે નહિંતો મંદ થઇ જાય છે. ૩૩૭.

गुरुलाघवचिन्तेयंप्रायेणाल्पबलान्प्रति ।
मन्दकर्मानना‌रोग्यान्सुकुमारान्सुखोचितान् ॥ ३३८ ॥

વળી અલ્પ બળવાન, અલ્પ કાર્ય કરનારા, રોગી, સુકુમાર, તથા સુખાભ્યાસી પુરૂષોને માટે ગુરૂતા લઘુતાનો વિચાર કરવો જોઈએ. ૩૩૮.

दीप्ताग्नयःखराहाराःकर्म्मनित्यामहोदराः ।
येनराःप्रतितांश्चिन्त्यंनावश्यंगुरुलाघवम् ॥ ३३९ ॥

દિપ્તાગ્નિવાળા, કઠિન વસ્તુનું ભોજન કરનારા, હંમેશ કામ કરનારા અને મ્હોટા પેટવાળા પુરૂષોને માટે ગુરૂતા લઘુતાના વિચાર કરવાની અવશ્યકતા નથી. ૩૩૯.

हिताभिर्जुहुयान्नित्यमन्तराग्निसमाहितः ।
अनुपानसमिद्भिर्नामात्राकालौविचारयन् ॥ ३४० ॥

મનુષ્યે સદા માત્રા તથા કાલનો નિશ્ચય કરીને હિતકારી અનુપાન રૂપી સમિધોથી જઠરાગ્નિમાં હવન કરવો. ૩૪૦

आहिताग्नेःसदापथ्यान्यन्तराग्नौजुहोतियः । दिवसेदिवसेब्रह्मजपत्यथददातिच । नरंनिःश्रेयसेयुक्तांसात्म्यज्ञंपानभोजने ॥ ३४१ ॥ भजन्तेनामयाःकेचिद्भाविनोऽप्यन्तरादृते । षट्त्रिंशच्चसहस्राणिरात्रीणांहितभोजनः जीवत्यनातुरोजन्तुर्जितात्मासम्मतःसतामिति ॥ ३४२ ॥

જે મનુષ્ય બાહ્ય અગ્નિમાં હવન કરીને હંમેશાં જઠરાગ્નિમાં પથ્ય વસ્તુઓનો હવન કરે છે (જમે છે) અને હંમેશાં ઈશ્વરનો જપ કરે છે અને દાન કરે છે તથા પોતાના કલ્યાણમાં યુક્ત ખાનપાનના સાત્મ્યને જાણે છે. તે હિત ભોજન કરનારાને જન્માંતરમાં પણ કોઈ રોગ થતો નથી અને સો વર્ષ પર્યંત નિરોગી રહે છે; અને જીતાત્મા થવાથી સજ્જનોમાં પ્રતિષ્ઠિત થાય છે. ૩૪૨.

तत्र श्लोकाः ।

अनुपानगुणाःसाग्र्यावर्गाद्वादशनिश्चिताः ।
सगुणान्यन्नपानानिगुरुलाघवसंग्रहः ॥ ३४३ ॥

अनुपानविधावुक्तंतत्परीक्ष्यंविशेषतः । प्राणाःप्राणभृतामन्नमन्नंलोकोऽभिधावति ॥ ३४४ ॥ वर्णप्रसादःसौस्वर्यंजीवितंप्रतिभासुखम् ॥ तुष्टिःपुष्टिर्बलंमेधासर्वमन्नेप्रतिष्ठितम् ॥ ३४५ ॥ लौकिकंकर्म्मयद्वृत्तौस्वर्गतौयच्चवैदिकम् । कर्मापवर्गेयच्चोक्तंतच्चाप्यन्नेप्रतिष्ठितम् ॥ ३४६ ॥

અનુપાનના ગુણ, બાર વર્ગ, ગુણ સહિત અન્નપાન, અને ગુરતા તથા લઘુતાનો વિચાર આજે સર્વ વિષય (૩૪૩) આ અનુપાન વિધિ અધ્યાયમાં કહ્યો. તેની પરીક્ષા કરવી જોઈએ કેમકે અન્નજ જીવોના પ્રાણ છે, અને સંપૂર્ણ લોક અન્નનીજ પાછળ દોડે છે. (૩૪૪) વર્ણની ઉત્તમતા, સ્વરની ઉત્તમતા, જીવન પ્રતિભા, સુખ, તુષ્ટતા, પુષ્ટતા અને બલ તથા બુદ્ધ આ સર્વ અન્નમાંજ સ્થિત છે. ૩૪૫. જીવનું નિમિત્ત જે લૌકિકકર્મ કહેવામાં આવે છે, સ્વર્ગને માટે જે વૈદિક કર્મ કહેવામાં આવે છે અને મોક્ષને માટે જે કર્મ કહ્યું છે તે પણ અન્નને આધિન છે. ૩૪૬.

इत्यन्न पान चतुष्केऽन्नपान विधिरध्यायः ॥ २७ ॥

ઈતિ અન્નપાન ચતુષ્કે અન્નપાન વિધિ નામનો સતાવીસમો અધ્યાય સમાપ્ત થયો. ૨૭.

अष्टाविंशोऽध्यायः।

अथातोविविधाशितपीतीयमध्यायंव्याख्यास्यामइति हस्माहभगवानात्रेयः।

હવે અમે વિવિધઅશિતપીતીય નામના અધ્યાયની વ્યાખ્યા કરીયે છીએ એવું ભગવાન આત્રેયજીએ કહેવા માંડ્યું.

હિતકર આહારના કર્મ.

विविधमशितपीतलीढखादितंजन्तोर्हितमन्नमग्निसन्धुक्षितवलेनयथास्वेनोष्मणासम्यग्विपच्यमानंकालवदनवस्थितसर्वधातुपाकमनुपहतसर्वधातूष्ममारुतस्रोतःकेवलंशरीरमुपचयबलवर्णसुखायुषायोजयतीतिशरीरधातूनूर्जयन्धातवोहिधात्वाहाराःप्रकृतिमनुवर्त्तन्ते ॥ १ ॥

અનેક પ્રકારના હિતકારક ભોજન કરવાના પદાર્થ, પીવાના પદાર્થ, ચાટવાના પદાર્થ, ખાવાના પદાર્થ, અંતરાગ્નિની ગરમીથી બરોબર રીતે પરિપકવ થઈ યોગ્ય વખતે રસ, લોહિ માંસાદિઅનીને સંપૂર્ણ ધાતુઓમાં પ્રાપ્ત થઇ જાય છે. જેથી શરીરના સંપૂર્ણ ધાતુ, વાયુને નિકાલનાર છિદ્રોમાં વ્યાઘાત ન કરતાં શરીરને બલ, વર્ણ, સુખ પુષ્ટતા તથા આયુષ્યની વૃદ્ધિ કરે છે. આહારથી બળ પ્રાપ્ત થયેલ ધાતુરૂપ થતાં પોતપોતાની પ્રકૃતિમાં આહારને પ્રાપ્ત કરી સ્વભાવાનુકુળ રહે છે. ૧.

પરિપકવ આહારના ભેદ.

तत्राहारप्रसादाख्योरसःकिट्टञ्चमलाख्यमभिनिर्वर्त्ततेकिट्टात्मूत्रस्वेदपुरीषवातपित्तश्लेष्माणः कर्णाक्षिनासिकास्यलोमकूपप्रजननमलकेशश्मश्रुलोमनखादयश्चावयवाः ॥ २ ॥

કરેલો આહાર પરિપકવ થવાથી તેના બે વિભાગ થઇ જાય છે. તેમાંથી એક પ્રસાદ નામ રસ અને બીજો મલનામ કિટ્ટ ઉત્પન્ન થાય છે. કિટ્ટથી મૂત્ર, પરસેવો, પુરિષ, વાયુ, પિત્ત, કફ અને કાન આંખ, નાક, મુખ તથા વાળનાં છિદ્રથી ઉત્પન્ન થનારા મળ અને વાળ, દાઢી, માથાના વાળ તથા નખાદિ ઉત્પન્ન થાય છે. ૨.

પ્રસાદ નામ રસના ગુણ.

पुष्यन्तित्वाहाररसात्रसरुधिरमांसमेदोऽस्थिमज्जाशुक्रौजांसिपञ्चेन्द्रियद्रव्याणिधातुप्रसादसंज्ञकानिशरीरसन्धिबन्धपिच्छादयश्चावयवाःतेसर्वेएवधातवोमलाख्याः प्रसादाख्याश्चरसमलाभ्यांपुष्यन्तःस्वमानमनुवर्त्तन्ते ॥ ३ ॥

અને પ્રસાદ નામ રસથી રસ, લોહિ, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય, ધાતુ, પ્રસાદ સંજ્ઞક પંચેંદ્રિય દ્રવ્ય અને શરીરના સાંધાના બંધ તથા દ્રઢતા આદિક અંગ આ સર્વ પુષ્ટ થાય છે. આ સર્વ મલનામ તથા પ્રસાદ નામ ધાતુ, મળ તથા રસથી પુષ્ટ થઈ શરીર અને અવસ્થાને અનુકૂલ પોતપોતાના માનને અનુસાર થાય છે. ૩

यथावयः शरीरमेवंरसमलौस्वप्रमाणावस्थितौआश्रयस्यसमधातोर्धातुसाम्यमनुवर्त्तयतोनिमित्ततस्तुक्षीणातिवृद्धानांप्रसाख्यानांधातूनांवृद्धिक्षयाभ्यामाहारमूलाभ्यांरसःसाम्यमुत्पादयतेआरोग्याय ॥ ४ ॥

આ પ્રકારે પોતપોતાના પ્રમાણાનુસાર સ્થિત રસ અને મલ આશ્રયભૂત સમ ધાતુ નામની શરીરની ધાતુઓને સમ કરે છે. કોઈ કારણથી ક્ષીણ થયેલ અથવા વૃદ્ધિ થએલ પ્રસાદ નામ ધાતુઓની આહારથી થયેલી વૃદ્ધિ તથા ક્ષયથી આરોગ્યના નિમિત્ત રસ સમ કરે છે. ૪

किट्टश्चमलानामेवमेव ॥ स्वमानातिरिक्ताःपुनरुत्सर्गिणःशीतोष्णपर्य्यायगुणैश्चोपचर्य्यमाणामलाःशरीरधातुसाम्यकराः समुपलभ्यन्ते ॥ ५ ॥

અને તેવીજ રીતે કિટ્ટમલોને સમ કરે છે પોતપોતાના પ્રમાણના કરતાં અધિક નિકલનાર મળ શીતલ તથા ગરમ ગુણોથી ચિકિત્સત થઇને શરીરની ધાતુઓને સમ કરનાર થાય છે. ૫

तेषान्तुमलप्रसादाख्यानांधातूनांस्त्रोतांस्ययनमुखानितानियथाविभागेनयथास्वंधातूनापूरयन्त्येवमिदंशरीरमशितपीतलीढखादितप्रभवम् । अशितलीढखादितप्रभवाश्चास्मिञ्शरीरेव्याधयोभवन्ति ॥ ६ ॥ हिताहितोपयोगविशेषास्त्वत्रशुभाशुभविशेषकराभवन्ति, इति ॥ ७ ॥

મલ તથા પ્રસાદ નામ ધાતુઓના ગમન માર્ગને સ્રોત (નસો) કહેવાય છે, તે સ્રોત વિભાગને અનુસાર પોતપોતાને ધાતુઓને પૂર્ણ કરે છે. આ પ્રકારે આ શરીર, ખાધેલા પીધેલા, ચાટેલા તથા ચાવેલા અન્નથી ઉત્પન્ન થાય છે અને તેથી શરીરમાં રોગ પણ ઉત્પન્ન થાય છે. ૬ આહારના હિત તથા અહિત ઉપયોગજ શુભ વિશેષને કરે છે. ૭

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाचादृश्यन्तेहिभगवन् ! हितसमाख्यातमप्याहारमुपयुञ्जानाव्याधिमन्तश्चागदाश्चतथैवाहितसमाख्यातमेवंदृष्टेकथंहिताहितोपयोगविशेषात्मकंशुभाशुभविशेषमुपलभेमहीति ॥ ८ ॥

આ પ્રકારે કહેતા ભગવાન અત્રેયજીને અગ્નિવેશ કહેવા લાગ્યા કે હે ભગવન ! આપે કથન કર્યું છે કે હિત આહારનું સેવન કરવાથી રોગી પુરૂષ પણ નિરોગી થઇ જાય છે અને નિરોગી મનુષ્યોનાં શરીર સ્વસ્થ અને બલિષ્ટ હોય છે. આ પ્રકારે અહિત આહારના સેવનથી વ્યાધિયો ઉત્પન્ન થાય છે, તો હે ગુરૂ ! સંસારમાં એવું પણ દેખવામાં આવે છે કે અહિત આહારના સેવન કરનારા પુરૂષ નિરોગ રહે છે અને હિત આહારના સેવન કરનારાને અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે, આથી હિત અને અહિત આહાર વિશેષાત્મક શુભ અને અશુભનું કેવા પ્રકારે અમને જ્ઞાન થઇ શકે તે કૃપા કરી કથન કરશો. ૮

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । नहिताहारोपयोगिनामग्निवेश तन्निमित्ता व्याधयोजायन्ते।

नचकेवलंहिताहारोपयोगादेवसर्वव्याधिभयमतिक्रान्तंभवति । सन्तिह्यृतेऽपि-हिताहारोपयोगादन्यरोगप्रकृतयः । तद्यथा—कालविपर्य्ययःप्रज्ञापराधः परिणाम-श्चशब्दस्पर्शरूपरसगन्धाश्चासात्म्याइति । ताश्चरोगप्रकृतयोरसान्सम्यगुपयुञ्जानंपु-रुषमशुभेनोपपादयन्त तस्माद्धिताहारोपयोगिनोऽपिदृश्यन्तेव्याधिमन्तः । अ-हिताहारोपयोगिनांपुनः कारणतोनसद्योदोषवान्भवत्यपचारोनहिसर्वाण्यपथ्यानि तुल्यदोषकराणि । नचसर्वेदोषास्तुल्यबलाः । नचसर्वाणिशरीराणिव्याधिक्षम-त्वेसमर्थानि । तदेवह्यपथ्यंदेशकालसंयोग वीर्यप्रमाणातियोगाद्भूयस्तरमपथ्यं-सम्पद्यते । सएवदोषःसंसृष्टयोनिर्विरुद्धोपक्रमोगम्भीरानुगतःप्राणायतनसमुत्थो मर्मोपघातीवाभूयान्कष्टतमःक्षिप्रकारितमश्चसम्पद्यते ॥ ९ ॥

આ સાંભળીને આત્રેય ભગવાન કહેવા લાગ્યા કે હે અગ્નિવેશ ! આહારથી ઉત્પન્ન થનારા જે રોગ છે, તે હિત આહારના સેવન કરનારા મનુષ્યના શરીરમાં કદી ઉત્પન્ન થતા નથી, પરંતુ સંપૂર્ણ વ્યાધિયો હિત અહાર કરવાથી થતી નથી એ વાત નથી કેમકે હિત આહારની ઉપયોગી આરોગ્યતા સિવાય બીજાં પણ એવાં કારણુછે કે જે રોગોને ઉત્પન્ન કરે છે. જેવા કે કાલ વિપર્યય (કાલની વિપરીતતા) અને પ્રજ્ઞાપરાધ અને પરિણામ તેમજ અસાત્મ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ સર્વ હિત આહારને સેવન કરનારા મનુષ્યોને પણ અશુભ કરે છે, એટલે રોગ ઉત્પન્ન કરવામાં હેતુરૂપ થાય છે. આથીજ હિત અને પથ્ય ભોજન કરનારા મનુષ્ય પણ વ્યાધિયુક્ત જણાય છે, અને અહિત આહારને સેવન કરનારા મનુષ્યોને પણ તત્કાલ રોગ જણાતા નથી કેમકે સંપૂર્ણ કુપથ્યજ સર્વ દોષો તુલ્ય નથી હોતા તેમજ સર્વ દોષ પણ સમાન બળવાળા નથી હોતા, વ્યાધિ સહનશક્તિના સ્વભાવથી સર્વ શરીર પણ એક નથી હોતાં. આ પ્રકારે અપથ્ય ભોજન—દેશ, કાલ, સંયોગ, વીર્ય, પ્રમાણુના અતિ યોગથી, બીજાં પણ અધિક કુપથ્ય થઈ જાય છે, અને દોષોને કુપિત કરી દે છે. એક દોષ પણ અનેક રોગોને ઉત્પન્ન કરનાર ચિકિત્સા વિરોધી ગંભીરાનુગત, પ્રાણુસ્થાન, તથા મર્મસ્થાનના ઉપઘાતી થનારા અત્યન્ત કષ્ટને ઉત્પન્ન કર-નારા અને શીઘ્રકારી થઇ જાય છે. ૯.

शरीराणिचातिस्थूलानिअतिकृशानिअनिविष्टमांसशोणितास्थीनिदुर्बलानिअसा-त्म्याहारोपचितान्यल्पाहाराणिअल्पसत्त्वानिवाभवन्तिअव्याधिसहानि ॥ १० ॥ विपरीतानिपुनर्व्याधिसहानिएभ्यश्चैवापथ्याहारदोषशरीरविशेषेभ्योव्याधयोमृ-दवोदारुणाःक्षिप्रसमुत्थाश्चिरकारिणश्चभवन्ति ॥ ११ ॥

સ્વભાવથી અતિ સ્થૂલ અને અતિ કૃશ શરીરવાળા જેના શરીરમાં લોહી તથા માંસ આદિ ક્ષીણુ થઇ ગયું હોય, દુર્બલ મનુષ્ય અસાત્મ્ય આહારને. કારણ, અલ્પ ભોજન કરનારા તથા કમજોર મનુષ્ય વ્યાધિયોને સહન કરવામાં અસમર્થ હોય છે. તેથી વિપરીત વ્યાધિ સહનકર્તા હોય છે. આ અપથ્ય આહાર, દોષ, શરીર, વિશેષના પ્રભાવથી વ્યાધિ-યો પણ મૃદુ, દારૂણુ, શીઘ્રકારી અને ચિરકારી પણ થાય છે. ૧૦-૧૧.

अतएवचवातपित्तश्लेष्माणःस्थानविशेषेणप्रकुपितान्याविधिशेषानभिनिर्वर्त्तयन्ति अग्निवेश । तत्ररसादिषुस्थानेषुप्रकुपितानांदोषाणांयस्मिन्स्थानेयेयेव्याधयः सम्भवन्तितांस्तान्यथावदनुव्याख्यास्यामः ॥ १२ ॥

હે અગ્નિવેશ! આથી વાત, પિત તથા કફ શરીરના સ્થાન વિશેષમાં કુપિત થઈ વિશેષ વિશેષ રોગોને ઉત્પન્ન કરે છે. રસાદિ સ્થાનોમાં કુપિત થયેલા દોષોથી જે જે સ્થાનમાં જે જે રોગ ઉત્પન્ન થાય છે, તેનું આગળ વ્યાખ્યાન કરીએ છીએ. ૧૨.

રસ દોષથી ઉત્પન્ન થયેલ રોગ.

अश्रद्धाचारुचिश्चास्यवैरस्यमरसज्ञता । हृल्लासोगौरवंतन्द्रासाङ्गमर्दोज्वरस्तमः ॥ ॥ १३ ॥ पाण्डुत्वंस्रोतसांरोधःक्लैब्यंसादःकृशाङ्गता । नाशोऽग्नेरयथाकालंवलयःपलितानिच । रसप्रदोषजारोगावक्ष्यन्तेरक्तदोषजाः ॥ १४ ॥

અશ્રદ્ધા, અરૂચિ, મુખની વિરસતા, રસ ન માલુમ પડવો, હલ્લાસ, ગૌરવ, તંન્દ્રા ઘેન) અંગમર્દ, તાવ અંધકાર જણાવો, પાંડુતા, સ્રોતોનું રોકાવું, નપુષકતા, શિથિલતા, કૃશતા, મન્દાગ્નિ, અને વૃદ્ધાવસ્થા વિના વાળ ધોળા થવા, આ રોગ રસના દુષિત થવાથી થાય છે. હવે રૂધિરમાં બિગાડ થવાથી જે રોગ ઉત્પન્ન થાય છે તેને કહીએ છીએ. ૧૩–૧૪.

લોહિના બિગાડના રોગ.

कुष्ठवीसर्पपिडकारक्तपित्तमसृग्दरः । गुदमेढास्यपाकश्चप्लीहागुल्मोऽथविद्रधी ॥ ॥ १५ ॥ नीलिकाकामलाव्यङ्गंपिप्लवस्तिलकालकाः । दद्रुश्चर्म्मदलंश्वित्रःपामाकोठास्रमण्डलम् । रक्तप्रदोषाज्जायन्तेशृणुमांसप्रदोषजान् ॥ १६ ॥

કોઢ, ઝેરી વા, પિડિકા (ફોલ્લીઓ) રક્તપિત્ત, પ્રદર ગુદા, ઉપસ્થ, તથા મ્હોંઢાનું પાકવું, બરોળ, ગોળો, વિદ્રધિ, નીલિકા, કમળો, વ્યંગ (મંસા) પિપ્લવ, તલ, કાલક, દાદર, ચર્મદલ, શ્વેતકોઢ, ખસ, કોઢરોગ, રક્તમંડલ, આ રોગ લોહિનો બિગાડ થવાથી ઉત્પન્ન થાય છે. હવે માંસના દુષિત થવાથી જે રોગ ઉત્પન થાય છે તે સાંભળો. ૧૫–૧૬

માંસના બિગાડના રોગ.

अधिमांसार्बुदंकीलगलशालूकशुण्डिकाः । पूतिमांसालजीगण्डगण्डमालोपजिह्विकाः ॥ १७ ॥ विद्यान्मांसाश्रयान्मेदःसंश्रयांस्तुप्रवक्ष्यथ ॥ निदानानिप्रमेहाणांपूर्वरूपाणियानिच ॥ १८ ॥

માંસમાં બિગાડ થવાથી અધિમાંસ, અર્બુદ, (ગાંઠ) કિલક, ગલરોગ (કંઠમાળ) ગળશુંડુ, પૂતિમાંસ, અલજી, ગલગંડ, ગંડમાલા, અને ઉપજીહ્વિકા આ રોગ માંસના દુષિત થવાથી ઉત્પન્ન થાય છે. હવે મેદ (ચરબી)ના કોપિત થવાથી ઉત્પન્ન થનારા રોગોનું વર્ણન આગળ અષ્ટૌનિંદનીય અધ્યાયમાં તથા રોગના પૂર્વરૂપમાં દુષિત મેદરોગનું વર્ણન કરેલું છે. ૧૭–૧૮

હાડકાંના બિગાડના રોગ.

अध्यस्थिदन्तोदन्तास्थिभेदःशूलं विवर्णता ।
केशलोमनखश्मश्रुदोषाश्चास्थिप्रकोपजाः ॥ १९ ॥

હાડકાં બગડવાથી અધ્યસ્થિ, અધિદન્ત, દન્તભેદ, અસ્થિભેદ, દન્તુશૂળ અસ્થિશૂળ, અને વિવર્ણતા થાય છે તથા વાળ, નખ અને પાંપણોમાં પણ હાડકાં દુષિત થવાથી વિકાર ઉત્પન્ન થાય છે. ૧૯.

મજ્જા દોષના રોગ.

रुक्पर्वणांभ्रमोमूर्च्छादर्शनंतमसोमता ।
अरुषांस्थूलमूलानांपर्वजानाञ्चदर्शनम् ॥ २० ॥

મજ્જા દુષિત થવાથી પર્વભેદ, ભ્રમ, મૂર્ચ્છા, અંધકાર, મોટી મોટી જડયુક્ત અરૂંષિકા નામની ફોલ્લીયો પર્વસ્થાન (સાંધા)માં ઉત્પન્ન થાય છે. ૨૦.

શુક્રના દોષથી થતા રોગ.

मज्जाप्रदोषाच्छुक्रस्यदोषात्क्लैब्यमहर्षणम् । रोगिणंक्लीबमल्पायुंविरूपंवाप्रजायते ॥ २१ ॥ नवासञ्जायतेगर्भःपततिप्रस्रवत्यपि । शुक्रं हिदुष्टंसापत्यंसदारंबाधतेनरम् ॥ २२ ॥

શુક્ર (વીર્ય) દુષિત થવાથી નપુષકતા, હર્ષ ન થવો અને બહુજ દિવસ સુધી રોગી રહેવાનું કારણ, આયુષ્યનું કમી થવું, સંતાનનું ન થવું, અથવા તો ખરાબ સંતાન થવું, અથવા ગર્ભનું પતન યા શ્રાવ થઇ જવું એવા એવા ઉપદ્રવ થાય છે. દોષિત થએલ વીર્ય પોતાના શરીર સિવાય સ્ત્રી અને સંતાનને પણ દુઃખદાયી હોય છે. અર્થાત સ્ત્રી પુત્રો સહિત પુરૂષોને દુઃખિત રાખે છે. ૨૧–૨૨.

કોપિત દોષોનાં કર્મ.

इन्द्रियाणिसमाश्रित्यप्रकुप्यन्तियदामलाः ।
उपतापोपघाताभ्यां योजयन्तीन्द्रियाणिते ॥ २३ ॥

જો કોપિત થયેલા દોષ ઇંદ્રિયોમાં આશ્રિત થઈ જાય તો ઇંન્દ્રિયોનો ઉપતાપ તથા ઉપઘાત થાય છે. ૨૩.

स्नायौ[illegible]ःक्लिश्यन्तिमानवम् ।
स्तम्भस[illegible]चखल्लीभिर्ग्रन्थिस्फुरणसुप्तिभिः ॥ २४ ॥

જો વાતાદિ દોષ, સ્નાયુ, શિરા, અને કન્ડરા આદિ નાડિયોમાં કુપિત થઇને વ્યાપક થઈ જાય તો મનુષ્યના શરીરમાં સ્તમ્ભ, સંકોચ, ખલ્લી, ગાંઠોનું ફડકવું તથા અંગોમ સોજા આવવા આ ઉપદ્રવ થાય છે. ૨૪.

मलानाश्रित्यकुपिताभेददोषप्रदूषणम् ।
दोषामलानांकुर्वन्तिसङ्गोत्सर्गावतीवच ॥ २५ ॥

કોપિત થયેલા વાતાદિ દોષ મલસ્થાનમાં વ્યાપક થવાથી મળોનું બિલકુલ રોકાઈ જવું યાતો અત્યન્ત નિકળવું આદિ ઉપદ્રવ થાય છે. ૨૫.

विविधादशितात्पीतादहिताल्लीढखादितात् ।
भवन्त्येतेम[illegible]व्याणांविकारायउदाहृताः ॥ २६ ॥

આ પ્રકારે અહિત, ભુક્ત, પીત, આલીઢ, ચર્વિત અનેક પ્રકારના આહારોનું સેવન કરવાથી મનુષ્યોને શરીરમાં આ વિકાર ઉત્પન્ન થાય છે. ૨૬.

तेषामिच्छन्ननुत्पत्तिंसेवेतमतिमान्सदा ।
हितान्येवा[illegible]नेनस्युस्तज्जास्तथामयाः ॥ २७ ॥

જે મનુષ્ય પોતાના શરીરમાં દોષોના પ્રકોપને ન થવા દેવા ઈચ્છતા હોય તે બુદ્ધિમાનોએ હિત આહારોનું સેવન કરવું જોઇએ કેમકે હિત આહાર સેવન કરવાથી આહાર જનિત રોગ ઉત્પન્નજ થવા પામતા નથી. ૨૭.

રસજ રોગોની ચિકિત્સા.

रसजानांविकाराणांसर्वंलंघनमौषधम् ।
विधिशोणितकेऽध्याये रक्तजानांभिषग्जितम् ॥ २८ ॥

રસજન્ય વિકારોમાં ઉપવાસ કરવા એ સર્વોત્તમ ઔષધિ છે. લોહિ બિગાડમાં વિવિધ શોણીતીયાધ્યાયમાં કહેલી ચિકીત્સાદ્વારા રક્તવિકારોને જીતવા જોઇએ. ૨૮.

માંસજ દોષોની ચિકિત્સા.

मांसजानान्तुसंशुद्धिःशस्त्रक्षाराग्निकर्म्मच ।
अष्टौनिन्दितसंख्यातेमेद[illegible]चिकित्सितम् ॥ २९ ॥

માંસ જનિત વિકારોમાં શુણુ શોધન (ઉલટી વિરચન) ક્રિયા તથા શસ્ત્ર ક્રિયા અથવા ક્ષાર યા અગ્નિ ક્રિયા હિતકારક છે. મેદ રોગની ચિકિત્સા અષ્ટૌનિન્દનીય અધ્યાયમાં કથન કરેલું છે. ૨૯

अस्थ्याश्रयाणांव्याधीनांपञ्चकर्माणिभेषजम् ।
बस्तयःक्षी[illegible]तिक्तकोपहितानिच ॥ ३० ॥

હાડકાંના બિગાડમાં ઉલટી, જુલાબ વિગેરે પંચ કર્મ, તિક્તકગણુ તથા દુધ ઘીની બસ્તિ દ્વારા ચિકિત્સા કરવી જોઇએ. ૩૦

મજ્જા શુક્રદોષોની ચિકિત્સા.

मज्जाशुक्रसमुत्थानामौषधंस्वादुतिक्तकम् ।
अन्नंव्यवायव्यायामौ शुद्धिःकालेचमात्रया ॥ ३१ ॥

મજ્જા અને વીર્યના રોગોમાં મીઠા અને તિખા ઔષધો દ્વારા ચિકિત્સા કરવી જોઇએ તથા હિત અન્ન, ઉચિત મૈથુન, વ્યાયામ, તેમજ યથા સમયે યોગ્ય માત્રાથી સંશોધન કરવું જોઈએ. ૩૧

शान्तिरिन्द्रियजानां त्रिमर्मीयेप्रवक्ष्यते ॥ ३२ ॥

ઇન્દ્રિયજનિત વિકારોમાં આગળ ત્રિમર્મીય ચિકિત્સિત નામના અધ્યાયમાં ચિકિત્સા સ્થાનમાં કહીશું. ૩૨

स्नाय्वादिजानांप्रशमोवक्ष्यतेवातरोगिके । नवेगान्धारणेऽध्यायेचिकित्सासंग्रहः कृतः ॥ ३३ ॥ मलजानांविकाराणांसिद्धिश्चोक्ताक्वचित्क्वचित् ॥ ३४ ॥

સ્નાયુ, નસો, કન્ડરાના દોષ જનિત વિકારોમાં વાત વ્યાધિ ચિકિત્સા અધ્યાયમાં કથન કરીશું તે યત્ન કરવો જોઇએ. મળજનીત વિકારોની ચિકિત્સા નવેગાન ધારણીયાધ્યાયમાં કથન કર્યું છે તથા બીજા સ્થાનોમાં પણ કાંઈ કાંઇ કહેવામાં આવશે. ૩૩–૩૪.

व्यायामादुष्मणस्तैक्ष्ण्याद्धितस्यानवधारणात् । कोष्ठाच्छाखामलायान्तिद्रुतत्वान्मारुतस्यच ॥ ३५ ॥ तत्रस्थाश्चविलम्बन्ते कदाचिन्नासमीरिताः । नादेशकालेकुप्यन्ति भूयोहेतुप्रतीक्षिणः ॥ ३६ ॥

હિતકર્તા આચરણ ન કરવાથી, કસરત ન કરવાથી અથવા અહિત વ્યાયામ કરવાથી, ગરમીની તીક્ષ્ણતાથી વાયુની દુરગતિ થવાથી દોષ કોઠાથી શાખા અને મર્મસ્થાનોમાં ગમન કરેછે ફરી તે સ્થાનોમાં પહોંચતાં પ્રબળ થતાં સુધી વિલંબિંત રહે છે. ફરી સમય વિના તથા દેશવિના પોતાના હેતુની પરીક્ષા કરતાં કોપિત થતા નથી, પરંતુ કારણ મળવાથી કોપિત થઈ અનેક પ્રકારના રોગ ઉત્પન્ન કરે છે. ૩૫–૩૬

वृद्ध्याभिष्यन्दनात्पाकात्स्रोतोमुखविशोधनात् ।
शाखांमुक्त्वामलाःकोष्ठंयान्तिवायोश्चनिग्रहात् ॥ ३७ ॥

વૃદ્ધિથી, અભિષ્યન્દથી, પાકવાથી, સ્ત્રોતોનાં મુખ શુદ્ધ થવાથી અને વાયુના નિગ્રહથી મળ શાખાઓથી કોઠામાં ચાલ્યા જાય છે. ૩૭.

अजातानामनुत्पत्तौजातानांविनिवृत्तये ।
रोगाणांयोविधिर्दृष्टःसुखार्थीतंसमाचरेत् ॥ ३८ ॥

જે રોગ ઉત્પન્ન થયા નથી તેને ઉત્પન્ન થવા દેવા અને ઉત્પન્ન થયેલા દોષોને નષ્ટ કરી દેવા એ બંનેને માટે શાસ્ત્રમાં જે પ્રકાર લખ્યા છે તેનું સેવન કરવું સુખની ઇચ્છાવાળા મનુષ્યને અતિ ઉપયોગી છે. ૩૮

सुखार्थाःसर्वभूतानांमताःसर्वाःप्रवृत्तयः ।
ज्ञानाज्ञानविशेषात्तुमार्गामार्गप्रवृत्तयः ॥ ३९ ॥

સંપૂર્ણ પ્રાણિયોની સંપૂર્ણ પ્રવૃત્તિ સુખને માટેજ થાય છે. પરંતુ જ્ઞાન તથા અજ્ઞાનની વિશેષતાથી માર્ગ અને કુમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. ૩૯

हितमेवानुरुध्यन्तेप्रसमीक्ष्यपरीक्षकाः ।
रजोमोहावृतात्मानःप्रियमेवतुलौकिकाः ॥ ४० ॥

પરીક્ષક લોક વિચાર કરીને હિત હોય તેનુંજ સેવન કરે છે અને રજોગુણ તથા

મોહથી વ્યાપ્ત લૌકિક લોકપ્રિય વસ્તુનું સેવન કરે છે, અર્થાત હિતાહિતનો વિચાર કરતા નથી. ૪૦

श्रुतंबुद्धिःस्मृतिर्दार्ढ्यंधृतिर्हितानिषेवणम् । वाग्विशुद्धिःशमोधैर्य्यमाश्रयन्तिपरीक्षकम् ॥ ४१ ॥ लौकिकंनाश्रयन्त्येतेगुणामोहतमाश्रितम् । तन्मूलाबहुलाश्चैव-रोगाःशारीरमानसाः ॥ ४२ ॥

બુદ્ધિમાન, શ્રુત, બુદ્ધિ, સ્મૃતિ, દ્રઢતા, ધૃતિ હિતકર સેવવા યોગ્ય વાણિની શુદ્ધતા, શમ અને ધૈર્ય આ ગુણ પરીક્ષકને પ્રાપ્ત થાય છે. ૪૧ મોહ તથા તમોગુણથી વ્યાપ્ત લૌકિક પુરૂષને આ ગુણ પ્રાપ્ત થતા નથી અને તેથી ઘણાજ શારીરિક તથા માનસિક રોગ તેને પ્રાપ્ત થાય છે. ૪૨

प्रज्ञापराधाद्ध्यहितानर्थान्पञ्चनिषेवते । सन्धारयतिवेगांश्चसेवतेसाहसानिच ॥ ॥ ४३ ॥ तदात्वसुखसंज्ञेषुभावेष्वज्ञोऽनुरज्यते । रज्यतेनतुविज्ञाताविज्ञानेह्यम-लीकृते ॥४४॥ नरोगाप्राप्यविज्ञानादाहारमुपयोजयेत् । परीक्ष्यहितमश्नीयाद्दे-होह्याहारसम्भवः ॥ ४५ ॥

અજ્ઞાન પુરૂષ બુદ્ધિના અપરાધથી પાંચે ઇંદ્રિયોના અહિત વિષયોનું સેવન કરે છે, વેગોને રોકે છે અને સાહસ કરે છે. ૪૩. તે અસુખાકારી ભાવોમાં અનુરકત થાય છે પરંતુ નિર્મળ વિજ્ઞાનવાળા જ્ઞાની પુરૂષ અસુખકારી ભાવોમાં અનુરકત થતા નથી. ૪૪

રોગથી તથા અજ્ઞાનથી આહારનો વ્યવહાર ન કરવો પરંતુ પરીક્ષા કરીને હિત-કર્તા આહાર કરવા કેમકે શરીર અહારથીજ ઉત્પન્ન થાય છે. ૪૫.

आहारस्यविधावष्टौविशेषाहेतुसंज्ञकाः । शुभाशुभसमुत्पत्तौतान्परीक्ष्योपयोजयेत् ॥ ४६ ॥ परिहार्य्याण्यपथ्यानिसदापरिहरन्नरः । भवत्यनृणतांप्राप्तःसाधूनामि-हपण्डितः ॥ ४७ ॥

આહાર વિધિમાં હેતુ સંજ્ઞક જે આઠ વિશેષ છે તેનો શુભ તથા અશુભની ઉત્પત્તિમાં પરીક્ષા કરીને ઉપયોગ કરવો. ૪૬. ત્યાગ કરવા યોગ્ય અપથ્યોનો હંમેશાં ત્યાગ કરનાર વિદ્વાન પુરૂષ, સાધુઓથી અનૃણુતાને પ્રાપ્ત થાય છે. ૪૭.

यत्तुरोगसमुत्थानमशक्यमिहकेनचित् ।
परिहर्त्तुनतत्प्राप्यशोचितव्यंमनीषिणा ॥ ४८ ॥

જે રોગની ઉત્પત્તિ કોઈથી પણ મટાડી શકાતી નથી તે થવાથી બુદ્ધિમાને શોક કરવો નહીં જોઇએ. ૪૮.

॥ तत्र श्लोकाः ॥

आहारप्रभवोयस्तुरोगाश्चाहारसम्भवाः । हिताहितविशेषाश्चविशेषःसुखःदुःखयोः ॥ ४९॥ सहत्वेचासहत्वेचदुःखानांदेहसत्त्वयोः । विशेषोरोगसंघाश्चधातुजाये-पृथक्पृथक् ॥ ५० ॥ तेषाञ्चैवप्रशमनंकोष्ठाच्छाखाउपेत्यच । दोषाययथाप्रकुप्य-

न्ति शाखाभ्यःकोष्ठमेत्यच ॥ ५१ ॥ माज्ञा योर्विशेषश्चस्वस्थातुरहितश्चयत् । विविधाशितपीतीयेतत्सर्वंसम्प्रकाशित ॥ ५२ ॥

આમાં આ શ્લોક છે. જે આહાર સંભવરોગ અહારથી ઉત્પન્ન થાય છે, હિત તથા અહિતની વિશેષતા સુખ દુઃખની વિશેષતા (૪૯) દુખોને સહેવામાં તથા ન સહન કરવામાં દેહ તથા સત્વની વિશેષતા, રસાદિ ધાતુઓથી ઉત્પન્ન થયેલ જુદા જુદા રોગ સમુહ. (૫૦) તેની શાંતિ, કોઠાની શાખાઓમાં જવાથી જે પ્રકારે દોષ કોપિત થાય છે, જે પ્રકારે શાખાઓમાંથી કોઠામાં જાય છે. (૫૧) બુદ્ધિમાન તથા મુર્ખની વિશેષતા અને સ્વસ્થ તથા રોગીને જે હિત છે તે સર્વ વિષય આ વિવિધ શિતપીતીય અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ પ્રકાશિત કર્યા છે. ૫૨.

इति अग्निवेशकृततन्त्रे चरकप्रति संस्कृते सूत्रस्थाने अन्नपान चतुष्के विविधाशितपीतीयोनाम अष्टाविंशोऽध्यायः समाप्तः ॥ २८ ॥

ઇતિ અગ્નિવેશે બનાવેલ અને ચરકે શુદ્ધ કરેલ સૂત્રસ્થાનનો અન્નપાન ચતુષ્કે વિવિધાશિતપીતીયો નામનો અઠાવીશમો અધ્યાય સમાપ્ત થયો. ૨૮.

एकोनत्रिंशोऽध्यायः ।

अथातोदशप्राणायतनीयमध्यायं व्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે દશ પ્રાણાયતનીય અધ્યાયની વ્યાખ્યા કરીયે છીએ એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

પ્રાણસ્થાન તથા પ્રાણાભિસર.

दशैवायतनान्याहुःप्राणायेषुप्रतिष्ठिताः । शंखोमर्म्मत्रयंकण्ठोरक्तशुक्रौजसीगुदम् ॥ १ ॥ तानीन्द्रियाणिविज्ञानंचेतनाहेतुमामयम् । जानीतेयःसविद्वान् वैप्राणाभिसरउच्यते इति ॥ २ ॥

એવા દશ સ્થાન છે જેમાં પ્રાણ રહે છે. જેવા કે બે શંખ (લલાટનાં બંને હાડકાં) ત્રણ મર્મ (મસ્તક, હૃદય તથા બસ્તિ) કંઠ, રૂધિર વીર્ય, ઓજ તથા ગુદા. ૧ જે વિદ્વાન આ દશ સ્થાનોની ઇન્દ્રિયોના વિજ્ઞાનને ચેતનતાનાં કારણ તથા રોગોને જાણે છે તે પ્રાણભિસર (પ્રાણ રક્ષક) કહેવાય છે. ૨

વૈદ્યના ભેદ.

द्विविधास्तुखलुभिषजोभवन्तिअग्निवेश । प्राणानामेकेऽभिसराहन्तारोरोगाणां, रोगाणामेकेऽभिसराहन्तारःप्राणानामिति ॥ ३ ॥

હે અગ્નિવેશ ! બે પ્રકારના વૈદ્ય થાય છે. એક પ્રાણરક્ષક તથા રોગોને નાશ કરનાર થાય છે અને બીજા રોગાભિસર (રોગ રક્ષક) તથા પ્રાણોને નાશ કરનાર હોય છે. ૩

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाचभगव- ।
तेकथमस्माभिर्वेदितव्याभवेयुरिति ॥ ४ ॥

આ પ્રકારે કહેનાર ભગવાન્ આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે ભગવાન્ અમે આ વૈદ્યોને કેવી રીતે જાણી શકીયે. ૪.

સદ્વૈદનાં લક્ષણ.

भगवानुवाचयइमेकुलीनाः पर्य्यवदातश्रुताः परिदृष्टकर्माणोदक्षाः शुचयोजितहस्ताजितात्मानःसर्वोपकरणवन्तःसर्वेन्द्रियोपपन्नाःप्रकृतिज्ञाःप्रतिपत्तिज्ञास्ते प्राणिनामभिसराहन्तारोरोगाणांतथाविधाः केवलेशरीरज्ञान शरीराभिनिर्वृत्तिज्ञानेप्रकृतिविकारज्ञानेच निःसंशयाः सुखसाध्यकृच्छ्रसाध्ययाप्यप्रत्याख्येयानाञ्चरोगाणांसमुत्थानपूर्वरूपलिङ्गवेदनोपशयविशेषविज्ञानेव्यपगतसन्देहाःत्रिविधस्यायुर्वेदसूत्रस्यससंग्रहव्याकरणस्यसत्रिविधौषधग्रामस्यप्रवक्तारः ॥ ५ ॥

આ સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે જે કુલીન, જ્ઞાનવાન, દષ્ટકર્મા, ચતુર, પવિત્ર, જીત હસ્ત (હાથને વશ રાખનાર), જીતાત્મા (પોતાને વશ રાખનાર), સર્વ પ્રકારની સામગ્રીવાળા, સંપૂર્ણ ઇન્દ્રિયોવાળા, પ્રકૃતિને જાણનારા અને સિદ્ધિને જાણનારા હોય તે પ્રાણાભિસર તથા રોગોને નાશ કરનારા છે, એવા મનુષ્ય શરીરના જ્ઞાનમાં, શરીરની ઉત્પત્તિના જ્ઞાનમાં અને પ્રકૃતિ તથા વિકારના જ્ઞાનમાં નિઃસંદેહ હોય છે અને સુખ સાધ્ય, કષ્ટ સાધ્ય, યાપ્ય તથા અસાધ્ય રોગોના નિદાન, પૂર્વરૂપ, લક્ષણ, વેદના, તથા ઉપશય એમની વિશેષતાના જ્ઞાનમાં નિઃસંદેહ હોય છે, અને સંક્ષેપ તથા વિસ્તાર તથા ત્રણ પ્રકારની ઔષધિ સહિત ત્રણ પ્રકારના આયુર્વેદ સૂત્ર (નિદાન, લક્ષણ, તથા ઔષધિ)ના વક્તા હોય છે. ૫.

पञ्चत्रिंशतश्चमूलफलानांचतुर्णांमहास्नेहानांपञ्चानां लवणानामष्टानाञ्चसूत्राणामष्टानाञ्चमूत्राणामष्टानाञ्चक्षीराणांक्षीरत्वक्वृक्षाणाञ्चषण्णांशिरोविरेचनादेश्चपञ्चकर्माश्रयस्यौषधगणस्याष्टाविंशतेश्चयवागूनांद्वात्रिंशतश्चचूर्णप्रदेहानांषण्णां विरेचनशतानां पञ्चानाञ्चकषायशतानामितिस्वस्थवृत्तौचभोजनपाननियमस्थानचङ्क्रमणशय्यासन–मात्रा–द्रव्याञ्जनधूमनावनाभ्यञ्जन–परिमार्जनवेग विधारणा विधारण–व्यायामसात्म्येन्द्रियपरीक्षोपक्रमसद्वृत्तकुशलाः ॥ ६ ॥

અને પાંત્રીસ પ્રકારની મૂળ અને ફળવાળી ઔષધિ, ૪ મહાસ્નેહ, ૫લવણ, ૮ મૂત્ર, ૮ જાતનાં દુધ, તથા છાલવાળાં વૃક્ષ, શિરોવિરેચનાદિ, પાંચ કર્મની આશ્રયભૂત ઔષધિ, ૨૮ યવાગુ, ૩૨ પ્રકારનાં ચુર્ણ તથા લેપ, ૬૦૦ વિરેચન (જુલાબ), તથા ૫૦૦ કષાય એઓના વક્તા હોય છે. અને સ્વસ્થ વૃત્તિમાં ખાધા પીધાના નિયમ, સ્થાન ચંક્રમણ, (હરવું ફરવું ટહેલવું) શય્યા આસન, માત્રા, દ્રવ્ય, અંજન, ધૂમ્રપાન, નસ્ય, તેલા-

દિનું મર્દન, પરિમાર્જન (સ્નાનથી શરીર શુદ્ધ કરવું), વેગોને રોકવા, વ્યાયામ, સાત્મ્ય, ઇન્દ્રિય પરીક્ષોક્રમ, (ઇન્દ્રિયોના વિષથી બહાર) તથા સદ્વૃતમાં પ્રવિણ હોયછે.(૬)

च. ष्पादोपगृहीतेचभेषजेषोडशकलेसविनिश्चयेसत्रिपर्य्येषणेसवातकलाकलज्ञानेव्य पगतसन्देहाः । चतुर्विधस्यचस्नेहस्यचतुर्विंशत्यपनयनस्यउपकल्पनीयोक्तचतुः षष्ठ्यर्न्तस्यव्यवस्थापयितारोबहुविधविधान–युक्तानाञ्च स्नेहस्वेद्यवम्यविरे-च्यौषधोपचाराणांकुशलाः । शिरोरोगादेश्चदोषांशविकल्पजस्यव्याधिसंग्रहस्य-संक्षयपिडकविद्रधेःत्रयाणाञ्चशोफानांबहुविधशोफानुबन्धानामष्टाचत्वारिंशतश्च-रोगाधिकारिणांचत्वारिंशदधिकस्य चनानात्मजस्यव्याधिशतस्य । तथाविगर्हि-तातिस्थूलातिकृशानांसहेतुलक्षणोपक्रमाणांस्वप्नस्यचहिताहितस्या स्वप्नातिस्व-प्नस्यच सहेतूपक्रमस्यषण्णाञ्चलंघनादीनामुपक्रमाणांसन्तर्पणापतर्पणजानांरोगा-णांस्वरूपप्रशमनानांशोणितजानाञ्चव्याधीनांमदमूर्च्छायसंन्यासानाञ्चसकारण-रूपौषधानांकुशलाः । कुशलाश्चाहारविधिनिश्चयस्यप्रकृत्याहिततमानामाहारवि-काराणामग्र्यसंग्रहस्यासवानाञ्चचतुरशीतेः द्रव्यगुणाविनिश्चयस्यरसानुरससं-श्रयस्यसविकल्पकवरोधिकस्यद्वादशवर्गाश्रयस्यचान्नपानस्यसगुणप्रभावस्यसानु-पानगुणस्यविविधस्यान्नसंग्रहस्यआहारगतेश्चहिता हितोपयोगविशेषात्मकस्यच-शुभाशुभविशेषस्यधात्वाश्रयाणाञ्चरोगाणामौषधसंग्रहाणाञ्चदशानाञ्चप्राणायत-नानांयश्चवक्ष्याम्यथदशप्रहामूलीयेत्रिंशत्तमाध्यायेतत्रचकृत्स्नस्यतन्त्रोद्देशलक्षण-स्यतन्त्रस्यच ग्रहणधारणविज्ञानप्रयोगकर्मकार्य्यकालकर्तृकरणकुशलाः ॥ ७ ॥

અને ૧૬ કળા યુક્ત ચતુષ્પાદ ભેષજ ત્રણ એષણા, તથા વાત કલાકલ જ્ઞાનમાં નિઃસંદેહ હોય છે. ચાર પ્રકારનાં સ્નેહોના, ૨૪ પ્રકારના વ્યવહારના, કે જે ૬૪ પ્રકારનાં થાય છે, તેની વ્યવસ્થા કરવાવાળાં હોય છે. અનેક પ્રકારના સ્નેહન, સ્વેદન, વિરેચન તથા વમનની દવાઓના ઉપચારમાં પ્રવિણ હોય છે. શિરોરોગાદિ દોષાંજ વિકલ્પજ વ્યાધિસંગ્રહ, સંક્ષય, પિડિકા, વિદ્રધિ, ત્રણ પ્રકારના સોજા, અનેક પ્રકારના શોથાઅનુબન્ધ, અડતાળીસ પ્રકારના મુખ્ય રોગ તથા એકસો ચાલીસ પ્રકારના નાના રોગ આ સર્વમાં પ્રવિણ હોય છે, અત્યન્ત સ્થુલ તથા અત્યન્ત કૃશનાં હેતુ લક્ષણ તથા ચિકિત્સામાં, હિતાહિત સ્વપ્નમાં, અધિક નિદ્રા તથા અનિદ્રાના હેતુ તથા ચિકિત્સામાં ૭ પ્રકારના લંઘનાદિક ઉપયોગમાં લક્ષણ તથા ઔષધિમાં સહિત સંતર્પણ તથા અપતર્પણથી થયેલા રોગોમાં રક્તજ રોગોમાં અને મદ મૂર્છા તથા સંન્યાસ રોગોનાં નિદાન લક્ષણ તથા ઔષધિમાં પ્રવીણ હોય છે. અને આહાર વિધિના નિશ્ચયમાં પ્રકૃતિથી અત્યન્ત હિત-કારી તથા અહિતકારી મુખ્ય આહાર વિકારોના સંગ્રહમાં સર્વ પ્રકારની સર્વોત્કૃષ્ટ વસ્તુ-ઓમાં ચોરાસી પ્રકારના આસનોમાં રસ તથા અનુરસના આશ્રય ૩૫ સવિકલ્પક વૈરો-ધિક દ્રવ્ય, ગુણના નિશ્ચયમાં, બાર વર્ગોમાં કહેલા અનુપાન ગુણવાળા તથા પ્રભાવવાળા

અન્ન પાનમાં, સંક્ષેપથી કહેલા નવ પ્રકારની આહાર ગતિમાં ભોજનના હિતાહિત વ્યવહારના વિશેષ, ૩૫ શુભાશુભ ધાતુઓમાં થનારા રોગોમાં, તેની ઔષધિમાં, દશ પ્રાણસ્થાનોમાં અને અર્થે દશમહામૂલીયનામના ત્રીસમા અધ્યાયમાં જે વક્ષ્યમાણ સંપૂર્ણ તંત્રોદેશ, લક્ષણ (વૈદકનો મુખ્ય ઉદ્દેશ) માં ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, પ્રયોગ, કર્મ, કાર્ય તન્ત્રના કાલકર્તા તથા કરણમાં પ્રવીણ હોય છે. ૭

कुशलाश्वस्मृतिमतिशास्त्रयुक्तिज्ञानस्यात्मनःशीलगुणैरविसंवादनेनसम्पादनेनसर्वप्राणिषुचचेतसोमैत्रस्यमातृपितृभ्रातृबन्धुवदेवंयुक्ताभवन्तिअग्निवेश ।प्राणानामंभिसराहन्तारोरोगाणामिति ॥ ८ ॥

અને સ્મૃતિ, બુદ્ધિ, શાસ્ત્ર, યુક્તિ તથા જ્ઞાન યુક્તિ પોતાના શીલ તથા ગુણોથી સર્વ પ્રાણિયોમાં માતા પિતા, ભાઇ, તથા બંધુઓ સમાન હૃદ, મિત્રતા કરે છે અને કઠોર વચન બોલતા નથી. હે અગ્નિવેશ! આ પ્રકારના વૈદ્ય લોક પ્રાણાભિસર તથા રોગોના નાશક હોય છે. ૮.

अतोविपरीतारोगाणामभिसराहन्तारःप्राणिनामिति। भिषक्छद्मप्रतिच्छन्नाः कण्टकभूतालोकस्यप्रतिरूपिकसहधर्म्माणो राज्ञांप्रसादाच्चरन्तिराष्ट्राणि। तेषामिदंविशेषविज्ञानमत्यर्थंवैद्यवेशेनश्लाघमानाविशिखान्तरमनुचरन्तिकर्म्मलोभात् । श्रुत्वाचकस्यचिदातुर्य्यमभितःपरिपतन्तिसंश्रवणेचास्यात्मनोवैद्यगुणानुच्चैर्वदन्तियच्चास्यवैद्यःप्रतिकर्म्मंकरोतितस्यचदोषान्मुहुर्मुहुरुदाहरन्तिआतुरमित्राणिचप्रहर्षणोपजापोपसेवाभिरिच्छन्तिआत्मीकर्त्तुमल्पेच्छताश्चात्मनःख्यापयन्तिकर्म्मचासाद्यमुहुर्मुहुरवलोकयन्तिदक्ष्येणाज्ञानमात्मनःछादयितुकामाव्याधिश्चापवर्त्तयितुमशक्नुवन्तोऽव्यायितमेवानुपकरणमपचारिकमनात्मवन्तमुद्दिश्यन्तिअन्तर्गतश्चाभिसमीक्ष्यान्धमाश्रयन्तिदेशमादेशमात्मनःकृत्वा। प्राकृतजनसन्निपातेचात्मनः कौशलमकुशलवद्वर्णयन्तिअधीरवच्चधैर्य्यमपवदन्तिधीराणाम् । विद्वज्जनसन्निपातश्चाभिसमीक्ष्यप्रतिभयमिवकान्तारमध्वगाःपरिहरन्तिदूरात् ॥ ९ ॥

ઉપરનાથી વિપરીત રોગોને અભિસર તથા પ્રાણોના નાશક કહેવાય છે. આ વૈદ્ય પાછલથી લોકને કંટકરૂપ થાય છે. વૈદ્ય જેવા વેષ કરે છે અને રાજાઓના પ્રમાદથી રાજ્યોમાં ધુમે છે. તેની આ મોટી ઓળખાણ છે કે તે વૈદ જેવો વેષ ધારણ કરી પોતાની પ્રસંશા કરે છે. ચિકિત્સાના લોભથી માર્ગોમાં ફરે છે. કોઇને રોગી સાંભળી તેની પાસે જાય છે અને તેને સંભળાવવા માટે પોતાના વૈદક ગુણ ઉચ્ચ સ્વરથી કહે છે. જો વૈદ તે રોગીની દવા કરતો હોય તે તેના દોષોનું વારંવાર કથન કરે છે. રોગીના મિત્રોને પ્રહર્ષણ (ખુશ કરવા) ઉપજાપ (ભેદ) તથા સેવાથી પોતાને વશ કરવા ઇચ્છે છે. પોતાની નિર્લોભતા પ્રકટ કરે છે. આ ઉપાયથી જ્યારે તેની ચિકિત્સા થવા લાગે છે ત્યારે વારંવાર ચતુરાઇથી દેખે છે અને પોતાની મૂર્ખતાને છુપાવવાની ઇચ્છાને માટે રોગને દુર કરવામાં અસમર્થ થાય તો રોગીને સામગ્રી રહિત અપચારી (પરેજી પાળી નથી) તથા

ઇન્દ્રિયોને વશીભૂત થયો છે એવું કહે છે. વળી જ્યારે રોગીને મરણુ પથારીએ જુવે છે ત્યારે બ્હાનાં કાઢીને બીજા દેશમાં ચાલી જાય છે. સાધારણુ લોકોમાં પોતાની ચતુરતાનું વર્ણન કરે છે. જેથી તેની મુર્ખતાજ પ્રકટ થાય છે. અથવા ધીર લોકોના ધૈર્યની નિન્દા કરે છે, અને જેમ વિદ્વાનોના સમાજને દેખીને મૂર્ખ, અને ભયંકર વનને દેખીને મુસાફર નાસે છે એવો વેગળો નાસે છે.

यत्तैषांकश्चिन्सूत्रावयवउपयुक्तस्तंप्रकृतेप्रकृतान्तरेवासततमुदाहरन्तिनचानुयोगमिच्छन्तिअनुयोगं वामृत्यारिवचानुयोगादुद्विजन्ते । नचैषामाचार्य्यःशिष्योवासब्रह्मचारीवैवादिको वाकश्चित्प्रज्ञायते इति ॥ १० ॥

એવા વૈદ્યો જો કોઇ સાધારણુ રોગમાં સફલ થઇ જાય છે તો તેને પ્રસંગે તથા અપ્રસંગે પણુ હંમેશાં સંભાળ્યાં કરે છે. તે કોઇને પ્રશ્ન પૂછતો નથી તેમ ઇચ્છતો પણુ નથી કે તેને કોઇ પ્રશ્ન કરો અથવા પ્રશ્ન પૂછનારથી મૃત્યુ સમાન ડરે છે. તેને આચાર્ય, (ગુરૂ) શિષ્ય, સાથે ભણુનાર તથા સંવાદ કરનાર કોઇ હોતું નથી. ૧૦

भिषक्छद्मप्रविश्यैवव्याधितांस्तर्कयन्तिये । वसंतमिवसंश्रित्यवनेशाकुन्तिकोद्विजान् । श्रुतदृष्टक्रियाकालमात्रास्थानबहिष्कृताः । वर्ज्जनीयाहितेमृत्योश्चरन्त्यनुचराभुवि ॥ ११ ॥

જે વૈદ્યોના છલ કરીને રોગીયોને તૃપ્ત કરે છે તે વસન્ત ૠતુમાં વનમાં જાળ નાંખીને પક્ષિયોને પકડવાવાળા પારધીયોની સમાન, શસ્ત્ર કર્મ, દર્શન કાલ, માત્રા તથા જ્ઞાનથી રહિત વૈદ્યોનો ત્યાગ કરવો જોઇએ કેમકે તે પૃથ્વીમાં ફરતા છતાં પણુ મૃત્યુના અનુચર (જમ જેવા) છે. ૧૧.

वृत्तिहेतोर्भिषङ्मानपूर्णान्मूर्खविशारदान् ।
वर्ज्जयेदातुरोविद्वान् सर्पास्तेपीतमारुताः ॥ १२ ॥

ગુજરાનને માટે વૈદ બનેલા મૂર્ખ ચાલાકોના વિદ્વાન રોગી લોકોએ ત્યાગ કરી દેવો જોઇએ કેમકે તે વાયુ ભક્ષી સર્પો જેવા હોય છે. ૧૨.

येतुशास्त्रविदोदक्षाःशुचयःकर्मकोविदाः ।
जितहस्ताजितात्मानस्तेभ्योनित्यकृतंनमः ॥ १३ ॥

જે શાસ્ત્રને જાણુનાર. ચતુર, પવિત્ર, ચિકિત્સામાં પ્રવીણુ, જીત હસ્ત (નસ્તર લગાવવામાં કુશળ) તથા જીતેન્દ્રિય હોય તે વૈદ્યોને હંમેશાં નમસ્કાર કરવા જોઇએ. ૧૩.

तत्रश्लोकाः ।

दशप्राणायतनिकेश्लोकस्थानार्थसंग्रहः ।
द्विविधाभिषजश्चोक्ताःप्राणस्यायतनानिच ॥ १४ ॥

તેમાં આ શ્લોક છે. સૂત્રસ્થાનમાં કહેલા સર્વ વિષયોના સંગ્રહ બે પ્રકારના વૈદ અને પ્રાણોના દશ સ્થાન આ સર્વ વિષયનું વર્ણુન કરવામાં આવ્યું છે. ૧૪.

इति दशप्राणायतनीयोनामोनत्रिंशोऽध्यायः समाप्तः ॥ २९ ॥

ઇતિ દશપ્રાણાયતનીયોનામનો ઓગણત્રીશોધ્યાય સમાપ્ત. ૨૯.

त्रिंशत्तमोऽध्यायः ।

अथातोऽर्थेदशमूलीयमध्यायं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે અર્થેદશમૂલીય નામના અધ્યાયનું વર્ણન કરીયે છીએ. એવું આત્રેય ભગવાન કહેવા લાગ્યા.

હૃદયાધિન શરીરના અવયવ.

अर्थेदशमाहमूलाःसमासक्तामहाफलाः ।
महच्चार्थश्चहृदयंपर्यायैरुच्यतेबुधैः ॥ १ ॥

હૃદયમાં મહા ફલદાયક, મહામૂલનામની દશ નાડી આસક્ત છે. મહત્ અર્થ અને હૃદય આ ત્રણ હૃદયનાં નામ છે. (૧)

षडङ्गमङ्गविज्ञानमिन्द्रियाण्यर्थपञ्चकम् । आत्माचसगुणश्चेतः चिन्त्यश्चहृदिसंश्रितम् ॥ २ ॥ प्रतिष्ठार्थेहिभावानामेषां हृदयमिष्यते । गोपानसीनामागारकर्णिकेवार्थचिन्तकैः ॥ ३ ॥

ષડંગ અંગોનું વિજ્ઞાન, ઇન્દ્રિય, પાંચ વિષય, સગુણ આત્મા, ચિત્ત તથા ચિન્ત્ય (જે વિચાર કરવામાં આવે) આ સર્વ હૃદયના આશ્રિત છે. ૨. આ સર્વ પદાર્થોની સ્થિતિને માટે હૃદયને, ઓળખનારા લોક હૃદયને, છજાને રોકવાંને માટે ઉભા કરેલા ટેકા સમાન કહે છે. ૩,

મહા મુલાદિ નામનું કારણ.

तस्योपघातान्मूर्च्छायंभेदान्मरणमृच्छति ।
यद्धितत्स्पर्शविज्ञानंधारिततत्तत्रसंश्रितम् ॥ ४ ॥
तत्परस्यौजसःस्थानंतत्रचैतन्यसंग्रहः ।
हृदयंमहदर्थश्चतस्मादुक्तंचिकित्सकैः ॥ ५ ॥

હૃદયના ઉપઘાત (વાગવું)થી મૂર્છા થાય છે અને હૃદયના ભેદ (ફાટવા)થી મૃત્યુ થઇ જાય છે. સ્પર્શના જ્ઞાન રૂપ આયુષ્ય, ઓજસ તથા ચૈતન્ય સંગ્રહ, એઓનું સ્થાન હૃદય છે જેથી વૈદ્યલોક હૃદયને મહત્ તથા અર્થ કહે છે. ૪–૫.

ઓજસ ધાતુના ગુણ કર્મ.

तेनमूलेनमहतामहामूलामतादश । ओजोवहाःशरीरेवाविधम्यन्तेसमन्ततः ॥६॥
येनौजसावर्त्तयन्तिप्रीणिताः सर्वदेहिनः ॥ यहतेसर्वभूतानांजीवितंनावतिष्ठते ॥७॥

અને મહત નામ હૃદય જે નાડીયોનું મૂળ છે તે દશ મહામૂલા કહેવાય છે. ઓજસ ધાતુનું વહન કરનારી આ નાડીયો આખા શરીરમાં ધડકતી રહે છે. ૬. આ ઓજ ધાતુથી સંપૂર્ણ મનુષ્ય જીવે છે અને વ્યવહાર કરે છે. તેના સિવાય સંપૂર્ણ પ્રાણિયોના પ્રાણ રહી શકતા નથી. ૭.

यत्सारमादौगर्भस्ययोऽसौगर्भरसाद्रसः । संवर्द्धमानं दयंसमाविशतियत्पुरा।८। यस्यनाशान्ननाशोऽस्तिधारियद्धदयाश्रितम् ॥ यःशरीररसःस्नेहःप्राणायत्रप्रतिष्ठिताः ॥ ९ ॥

જે ઉત્પત્તિમાં ગર્ભના સાર રૂપ છે, જે રસરૂપ (ઓજ) ગર્ભ રસથી ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થઇને હૃદયમાં પ્રથમ પ્રવેશ કરે છે. ૮. જેનો નાશ થયા સિવાય જીવનો નાશ થઇ શકતો નથી, જે હૃદયમાં સ્થિત આયુષ્ય રૂપ છે, જે શરીરના રસ રૂપ સ્નેહ છે અને શરીર તથા પ્રાણ વાયુ જેમ રહે છે ૯.

મહાફલની નિરૂકિત.

तत्फलाविविधावाताःफलन्तीतिमहाफलाः ॥ ध्यानाद्धमन्यःस्रवणात्स्रोतांसिसरणाच्छिराः ॥ १० ॥ तन्महत्तामहामूलास्तच्चौजःपरिरक्षता ॥ परिहार्य्योविशेषेणमनसोदुःखहेतवः ॥ ११ ॥

તે ઓજ ધાતુને સિદ્ધ કરવાવાળી નાડીયો અનેક પ્રકારનાં કાર્ય સિદ્ધ કરે છે. જેથી તે નાડીયો મહા ફ્લ કહેવાય છે, તે નાડીયો ધડકવાથી ધમની સ્રવન (વહેવા)થી સ્તોત્ર અને સરણથી શિરા કહેવાય છે. ૧૦. તે હ્રદય, તે મહામૂલા નાડિયો, અને તે ઓજની જે રક્ષા કરવા ઇચ્છે છે તેણે મનથી દુઃખના હેતુઓનો ત્યાગ કરવો જોઇએ. ૧૧.

हृद्यंयत्स्याद्यदौजस्यंस्रोतसांयत्प्रसादनम् ।
तत्तत्सेव्यंप्रयत्नेनप्रशमोज्ञानमेवच ॥ १२ ॥

અને હ્રદયને હિતકર્તા, ઓજને હિત કર્તા તથા સ્રોતો (નાડીયો)ને નિર્મલ કરનારા જે પદાર્થ હોય તેનું સેવન કરવું તથા પ્રયત્નથી શાંતિ તથા જ્ઞાનને ધારણ કરવાં જોઇએ. ૧૨.

અનેકમાં એકની ઉત્કૃષ્ટતા.

अथखलुएकंप्राणवर्द्धनानामुत्कृष्टतममेकंबलवर्द्धना नामेकंबृंहणानामेकंनन्दनानामेकंहर्षणानामेकमयनानामिति । तत्राहिंसाप्राणिनांप्राणवर्द्धनानामुत्कृष्टतमम्। वीर्य्यंबलवर्द्धनानाम् । वृष्यंबृंहणानाम् । इन्द्रियजयोनन्दनानाम् । तत्त्वावबोधोहर्षणानाम् । ब्रह्मचर्य्यमयनानामित्यायुर्वेदविदोमन्यंते ॥ १३ ॥

પ્રાણવર્દ્ધક સંપૂર્ણ પદાર્થોમાંથી એક પદાર્થ અત્યંત શ્રેષ્ટ છે. આ પ્રકારે બલ વધારનારમાંથી, બૃહણો (પુષ્ટી કર્તા)માંથી, આનંદ કરનારામાંથી, હર્ષ કરનારમાંથી પોતાનામાંથી એક એક અત્યંત શ્રેષ્ટ છે. તેમાં પ્રાણવર્દ્ધન કરનારમાં અહિંસા સર્વોત્કૃષ્ટ છે. બળ વધારનારમાંથી વીર્ય (ઉત્સાહ શક્તિ) સર્વોત્કૃષ્ટ છે. બૃહણોમાંથી વૃષ્ય (વીર્યવર્દ્ધક) વસ્તુ સર્વોત્તમ છે. આનંદ કરનારામાંથી ઇંદ્રિયોને જીતવું તે સર્વોત્કૃષ્ટ છે, હર્ષ કરનારામાં તત્વજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે અને અયનો (વ્રત)માંથી બ્રહ્મચર્ય સર્વોત્કૃષ્ટ છે. આ આયુર્વેદવેત્તાઓના મત છે. ૧૩.

આયુર્વેદ વિત્તનાં લક્ષણ.

तत्रायुर्वेदविदस्तन्त्रस्थानाध्यायप्रश्नानांपृथक्त्वेनवाक्यशोवाक्यार्थशोऽर्थावयवशश्चप्रवक्तारोमन्तव्याः ॥ १४ ॥

આયુર્વેદવેત્તા (જાણનાર) તે કહેવાય છે કે જે તન્ત્ર, સ્થાન, અધ્યાય તથા પ્રશ્નોના વાક્યાર્થ તથા અવયવ દ્વારા જુદા જુદા અર્થ કહી શકે છે. ૧૪.

अत्राहकथंतन्त्रादीनिवाक्यशोवाक्यार्थशोऽवयवशश्चेतिउक्तानिभवन्ति, अत्रोच्यतेतन्त्रमार्षकार्त्स्न्येनयथास्थानमुच्यमानंवाक्यशोभवत्युक्तम् । बुद्ध्यासम्यगनुप्रविश्यार्थतत्त्वंवाग्भिर्व्याससमासप्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनयुक्ताभिःत्रिविधशिष्यबुद्धिगम्याभिरुच्यमानंवाक्यार्थशोभवत्युक्तम् । तन्त्रनियतानामर्थदुर्गाणांपुनर्भाष्यनैरुक्तमर्थावयवशोभवत्युक्तम् । तत्र चेत्प्रष्टारःस्युःचतुर्णामृक्सामयजुरथर्ववेदानांकंवेदमुपदिशन्तिआयुर्वेदविदः । किमायुःकस्मादायुर्वेदविदः । किमायुःकस्मादायुर्वेदःकिंचायमायुर्वेदःशाश्वतोऽशाश्वतइति । कानिचास्याङ्गानिकैश्चायमध्येतव्यःकिमर्थश्चेति ॥ १५ ॥

તન્ત્રાદિ વાકય વાકયાર્થ તથા અર્થાવયવ દ્વારા કેવા પ્રકારે કહી શકાય છે તેને કહીએ છીએ. આર્ષ તંત્રના સંપ્રદાયાનુસાર સંપૂર્ણ કહેવું તે વાકયદ્વારા કહી શકાય છે. બુદ્ધિથી અર્થના તત્વને સારી રીતે જાણીને વિસ્તાર, સંક્ષેપ, પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય તથા નિગમન યુક્ત અને ત્રણ પ્રકારના શિષ્યોની બુદ્ધિથી જાણવા યોગ્ય, બોલવાથી તંત્રનું કહેવું વાકયાર્થ દ્વારા કહી શકાય છે, અને તન્ત્રના ગુઢ અર્થોને વારંવાર વિચાર કરીને કહેવું તે અર્થાવયવ દ્વારા કહી શકાય છે. જો કોઈ આ ઉપર પ્રશ્ન કરે કે ૠક, સામ, યજુ તથા અથર્વ આ ચાર વેદોમાંથી આયુર્વેદવાળા કયા વેદનો ઉપદેશ કરે છે? આયુષ્યને શું કહેવાય છે? આયુર્વેદ શાથી ઉત્પન્ન થાય છે? આયુર્વેદના કયાં અંગ છે? કોણે આયુર્વેદ ભણવો જોઇએ? અને શાથી ભણવો જોઇએ? ૧૫.

પ્રશ્નના ઉત્તર.

तत्रभिषजापृष्टेनैवचतुर्णामृक्सामयजुरथर्ववेदानामात्मनोऽथर्ववेदेभक्ति रादेश्या-वेदोह्यथर्वणः स्वस्त्ययनबलिमङ्गलहोमनियमप्रायश्चित्तोपवासमन्त्रादिपरिग्रहाच्चिकित्सांप्राह । चिकित्साचायुषोहितायोपदिश्यतेवेदश्चोपदिश्यआयुर्वाच्यम् । तत्र आयुश्चेतनानुवृत्तिर्जीवितमनुबन्धोधारिचेत्येकोऽर्थः तत्र आयुर्वेदयतीत्यायुर्वेदःकथमित्युच्यतेस्वलक्षणतः सुखासुखतोहिताहिततःप्रमाणाप्रमाणतश्च । यतश्चायुष्यानायुष्याणिचद्रव्यगुणकर्माणिवेदयत्यतोऽप्यायुर्वेदः। तत्र आयुष्याण्यनायुष्याणिचद्रव्यगुणकर्माणिकेवलेनोपदेक्ष्यन्ते ॥ १६ ॥

આ પ્રકારનો પ્રશ્ન સાંભળીને વૈદે કહેવું જોઇએ કે ૠક, સામ, યજુ તથા અથર્વ

આ ચાર વેદોમાંથી અથર્વ વેદમાં મારી ભક્તિ છે, અથર્વ વેદ સ્વસ્ત્યયન, બલિ, મંગલ, હોમ, નિયમ, પ્રાયશ્ચિત, ઉપવાસ તથા મંન્ત્રાદિ દ્વારા ચિકિત્સાનું વર્ણન કરે છે, ચિકિત્સા આયુષ્યના હિતને માટે કહેલી છે. વેદના ઉપદેશથી આયુષ્યનો પણ ઉપદેશ થાય છે, આયુષ ચેતનાનુવૃત્તિ, જીવન, અનુબંધ તથા ધારિ આ આયુષ્યનાં નામ છે. આ આયુષ્યનાં જે જ્ઞાન કરાવે છે તેને આયુર્વેદ કહે છે. કયા પ્રકારનું જ્ઞાન કરાવે છે તેને કહીયે છીયે. પોતાના લક્ષણોથી, સુખથી તથા અસુખથી હિત તથા અહિતથી અને પ્રમાણ તથા અપ્રમાણ અને આયુષ્યને હિત તથા અહિત દ્રવ્ય અને ગુણ કર્મોનું જ્ઞાન કરાવે છે તેથી પણ આયુર્વેદ કહેવાય છે. આયુષ્યને હિત તથા અહિત, દ્રવ્ય, ગુણ કર્મ કેવલ તંત્રથી ઉપદેશ કરવામાં આવશે. ૧૬.

લક્ષણથી આયુષ્યનું જ્ઞાન.

तन्त्रेणतंत्रायुरुक्तंस्वलक्षणतोयथावदिहैवतत्रशारीरमानसाभ्यांरोगाभ्यामनभिद्रुतस्यविशेषेण यौवनवतः समर्थानुगतबलवीर्य्यपौरुषपराक्रमज्ञानविज्ञानेन्द्रियेन्द्रियार्थबलसमुदायेवर्त्तमानस्यपरमर्द्धिरुचिरविविधोपभोगस्यसमृद्धसर्वारम्भस्ययथेष्टविचारणात्सुखमायुरुच्यतेअसुखमतोविपर्य्ययेण ॥ १७ ॥

આયુષ્યનાં લક્ષણ યથાવત અહીં કહ્યાં છે. ત્યાં શારીરિક તથા માનસ રોગોથી નહીં પીડાનાર, યુવાવસ્થામાં પ્રાપ્ત બલ, વીર્ય, પુરૂષાર્થ તથા પરાક્રમ યુક્ત, જ્ઞાન, વિજ્ઞાન, ઇંદ્રિય તથા ઇન્દ્રિયોના વિષય એમના બલવાળી પરમ સંપતિથી રૂચિકર અનેક પ્રકારના ભોગ કરનારા તથા સકલ સંપૂર્ણ આરંભવાળા મનુષ્યનો આયુષ્ય યથેષ્ટ વિચરણ કરવાથી સુખરૂપ કહી શકાય છે, અને તેથી વિપરીત અસુખ આયુષ્ય કહેવાય છે. ૧૭.

હિતાહિત આયુષ્યનું વર્ણન.

हितैषिणः पुनर्भूतानांपरस्वात्‌उपरतस्यसत्यवादिनःशमपरस्यपरीक्ष्यकारिणोऽप्रमत्तस्यत्रिवर्गंपरस्परेणानुपहतमुपमेवमानस्यपूजार्हसम्पूजकस्यज्ञानविज्ञानोपशमशीलस्य...स्योपसेविनः ...नियतरागेर्ष्यामदमानवेगस्य सततंविविधमदानपरस्यतपोज्ञानप्रशमनित्यस्यअध्यात्मविदस्तत्परस्यलोकमिमञ्चामुञ्चावेक्ष्यमाणस्यस्मृतिमतिमतोहितमायुरुच्यते । अहितमतोविपर्य्ययेण ॥ १८ ॥

સર્વ પ્રાણિયોનું હિત ઇચ્છનારા, પારકા ધનાદિની ઇચ્છા ન કરનાર, સત્યવાદી, શાંત પરીક્ષા કરીને કાર્ય કરનાર, પ્રમાદ રહિત, એકથી બીજાને બાધિત ન કરતાં ધર્મ તથા અર્થ અને કામનું સેવન કરનારા, પૂજ્યોનું પૂજન કરનારા, જ્ઞાન વિજ્ઞાનથી પ્રાપ્ત શાંતિવાળા સ્વભાવવાળા, વડીલોની સેવા કરનારા, રાગ, ક્રોધ, ઇર્ષ્યા મદ તથા માનના વેગને રોકનારા, હંમેશાં અનેક પ્રકારનું દાન કરનારા, તપ, જ્ઞાન તથા શાન્તિમાં નિત્ય અભ્યાસ કરનારા, અધ્યાત્મિક વિદ્યામાં તત્પર, આ લોક તથા પરલોક બનેમાં હિતની ઇચ્છા કરનારા, અને સ્મૃતિ યુક્ત પુરૂષનો આયુષ્ય, હિત કહેવાય છે, અને તેથી વિપરીત ગુણોવાળાનો આયુષ્ય અહિત કહેવાય છે. ૧૮

આયુષ્યનું પ્રમાણ.

प्रमाणमायुषस्त्वर्थेन्द्रियमनोबुद्धिचेष्टादीनांस्वेनाभिभूतस्य विकृतिलक्षणैरुपलभ्य तेऽनिमित्तैरिदमस्मात्क्षणान्मुहूर्त्ताद्दिवसात्त्रिपञ्चद[illegible]शाद् मासात्षण्मासात्संवत्सराद्वास्वभावमापत्स्यतेइति । तत्रस्वभावःप्रवृत्तेरुपरमोमरणमनित्यतानिरोधइत्येकोऽर्थः । इत्यायुषःप्रमाणमतोविपरीतमप्रमाणम् ॥ १९ ॥

વિષય, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, તથા ચેષ્ટાદિકોના કારણ રહિત વિકારોથી આયુષ્યનું પ્રમાણ જાણી શકાય છે. જેવાં અરિષ્ટ (અહિતકર) લક્ષણો કરવાથી એ જાણી શકાય છે કે અમુક વ્યક્તિ, ક્ષણભરમાં, મુહુર્ત ભરમાં, દિન ભરમાં, ત્રણ દિવસમાં, પાંચ દિવસમાં, સાત દિવસમાં, દશ દિવસમાં, બાર દિવસમાં, પખવાડીયામાં, મહિનામાં, ૭ મહિનામાં અથવા વર્ષ દિવસમાં મૃત્યુને પામશે. સ્વભાવ, પ્રવૃત્તિની નિવૃત્તિ. મરણ, અનિત્યતા તથા નિરોધ આ મૃત્યુનાં નામ છે. આ તો આયુષ્યનું પ્રમાણ છે અને તેથી વિપરીત તે અપ્રમાણ છે. ૧૯.

આયુર્વેદના નિત્યત્વનું પ્રતિપાદન.

अरिष्टाधिकारेदेहप्रकृतिलक्षणमधिकृत्यचोपदिष्टमायुषःप्रमाणमायुर्वेदे । प्रयोजनञ्चास्यस्वस्थस्यस्वास्थ्यरक्षणमातुरस्य विकारप्रशमनम् । सोऽयमायुर्वेदःशाश्वतोनिर्दिश्यतेऽनादित्वात्स्वभावसंसिद्धस्वलक्षणत्वाद्भावस्वभावनित्यत्वाच्च । नहि नाभूत्कदाचिदायुषःसन्तानोबुद्धिसन्तानोवाशाश्वतश्चायुषोवेदिताअनादिमच्चसुखदुःखंसद्रव्यहेतुलक्षणमपरापरयोगादेष चार्थसंग्रहोविभाव्यते । आयुर्वेदलक्षणमितियत्पुनःगुरुल[illegible]शीतोष्णस्निग्धरूक्षादीनाञ्चद्वंद्वानांसामान्यविशेषाभ्यांवृद्धिह्रासौयथोक्तंगुरुभिरभ्यस्यमानैर्गुरूणामुपचयोभवत्यपचयोलघूनामेवमेवेतरेषामित्येषभावस्वभावोनित्यः । स्वस्वलक्षणञ्च द्रव्याणांपृथिव्या[illegible]नांसन्तितुद्रव्याणिगुणाश्चनित्यानित्याः ॥ २० ॥

આયુર્વેદના અરિષ્ટાધિકારમાં શરીર પ્રકૃતિ તથા લક્ષણોના અધિકારથી આયુષ્યનું પ્રમાણ કહેલું છે. આ આયુર્વેદનું પ્રયોજન એ છે કે સ્વસ્થ પુરૂષની સ્વસ્થતાની રક્ષા અને રોગીના રોગોનો નાશ કરવો. એ આયુર્વેદ અનાદિત્વથી પોતાનાં લક્ષણોના સ્વભાવ સિદ્ધ થવાથી અને ભાવોના સ્વભાવના નિત્ય હોવાથી નિત્ય છે. આ સંસારમાં એવું કદી નથી થતું કે આયુષ્માન તથા બુદ્ધિમાન વ્યક્તિ ન હોય, અને આયુષ્યને જાણવાવાળા નિત્ય છે (આયુષ્ય તથા આયુર્વેદ આ બંને નિત્ય છે) હેતુ તથા લક્ષણ સહિત સુખ દુઃખ અનાદિ છે આ વાત અપરાપર સંયોગથી જાણી શકાય છે. હે ગુરો ! લઘુ, શીત, ગરમ તથા સ્નિગ્ધ, રૂક્ષ આદિ દ્વંદ્વોની વૃદ્ધિ તથા ક્ષય સામાન્ય (સમવસ્તુઓનું ભેગું થવું) તથા વિશેષ દ્વારા થાય છે. જેમ ભારે વસ્તુઓનો અભ્યાસ કરવાથી ભારે વસ્તુઓની વૃદ્ધિ થાય છે, અને લઘુ વસ્તુઓનો હ્રાસ થાય છે. આ પ્રકારે શીતોષ્ણાદિનું પણ જાણી લેવું જોઇએ.

આ પદાર્થોનો સ્વભાવ નિત્ય છે, અને પૃથિવ્યાદિ દ્રવ્યોનાં લક્ષણ પણ નિત્ય છે. પરંતુ દ્રવ્ય તથા ગુણ નિત્ય પણ છે તથા અનિત્ય પણ છે. ૨૦

नहिआयुर्वेदस्याभूत्वोत्पत्तिरुपलभ्यते। अन्यत्रावबोधोपदेशाभ्यामेतद्वैद्वयमधिकृत्यउत्पत्तिमुपदिशन्त्येकेस्वाभाविकश्चास्य लक्षणमधिकृत्ययदुक्तमिहचाद्ये अध्यायेयथाग्नेरौष्ण्यमपांद्रवत्वं भावस्वभावनित्यत्वमपिचास्ययथोक्तंगुरुभिरभ्यस्यमानैर्गुरूणामुपचयोभवत्यपचयोलघूनामित्येवमादि ॥ २१ ॥

આયુર્વેદ પહેલાં નહોતો, તેમજ વચમાં તેની ઉત્પત્તિ થઇ છે એવું કાંઇ જણાતું નથી, કેમકે કોઇ કોઇ આચાર્યનો એ મત છે કે અવબોધ (નિત્યજ્ઞાન) અને ઉપદેશ દ્વારા આયુર્વેદની ઉત્પત્તિ છે. આ આયુર્વેદ પોતાના લક્ષણોથી સ્વભાવ સિદ્ધ છે. કોઇનો કહેલો નથી, આ વાત આ અધ્યાયમાં અને પહેલા અધ્યાયમાં પણ કહેલી છે. જેમ અગ્નિની ગરમાઇ તથા પાણીની દ્રવતા આદિક પદાર્થોનો સ્વભાવ નિત્ય છે એવી રીતે તેની નિત્યતા કહેલી છે. જેમ ગુરૂ વસ્તુઓના અભ્યાસથી, ગુરૂ વસ્તુઓની વૃદ્ધિ, અને લઘુ વસ્તુઓનો હ્રાસ થાય છે તેવીજ રીતે આયુર્વેદ પણ સ્વભાવ સિદ્ધ અને નિત્ય સિદ્ધ થઇ ચુકયો છે. ૨૧.

આયુર્વેદના આઠ અંગ તથા તેનાથી ધર્મ પ્રાપ્તિ.

तस्यायुर्वेदस्य अङ्गानि अष्टौ। तद्यथा। कायचिकित्साशालाक्यंशल्यापहर्तृकंविषगरवैरोधिकप्रशमनंभूतविद्याकौमारभृत्यकंरसायनानिवाजीकरणमिति। सचाध्येतव्योब्राह्मणराजन्यवैश्यैः। तत्रानुग्रहार्थंप्राणिनांब्राह्मणैरात्मरक्षार्थंराजन्यैर्वृत्त्यर्थं वैश्यैःसामान्यतोवाधर्मार्थकामपरिग्रहार्थंसर्वैः। तत्रचयदध्यात्मविदांधर्मपथस्थानांधर्मप्रकाशानांवामातृपितृभ्रातृबन्धुगुरुजनस्यवाविकारप्रशमनेप्रयत्नवान्भवति। यश्चायुर्वेदोक्तमध्यात्ममनुध्यायत्यवैत्यधीतेवासोऽप्यस्यपरोधर्मः॥२२॥

આયુર્વેદનાં આઠ અંગ છે, જેવાં કે શરીરચિકિત્સા, શાલાકય, શલ્યાપહર્તક, વિષગર, વૈરોધિક, પ્રશમન, ભૂત વિદ્યા, કૌમાર ભૃત્યક, રસાયન તથા વાજીકરણ, બ્રાહ્મણ ક્ષત્રીય તથા વૈશ્યોએ આયુર્વેદ ભણવો જોઇએ તેમાંથી પ્રાણિયો પર દયા કરવાને લીધે બ્રાહ્મણોએ, પોતાની રક્ષાને માટે ક્ષત્રિયોએ, અને જીવિકાને માટે વૈશ્યોએ આયુર્વેદ ભણવો જોઇએ. અથવા બ્રાહ્મણ આદિ ત્રણે વર્ણોના ધર્મ, અર્થ તથા કામની પ્રાપ્તિને માટે આયુર્વેદ ભણવો જોઇએ. અધ્યાત્મવેત્તા ધર્માવલંબી તથા ધર્મપ્રકાશ પુરૂષોના અથવા માતા પિતા, ભાઇ, બંધુ તથા ગુરૂજનના રોગોને દુર કરવાને માટે જે યત્ન કરવો તે અને આયુર્વેદમાં કહેલી અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કરવો, અથવા અભ્યાસ કરાવવો એ પરમ ધર્મ છે. ૨૨.

આયુર્વેદથી અર્થ પ્રાપ્તિ.

यापुनरीश्वराणांवसुमतांवासकाशात्सुखोपहारनिमित्ताभवत्यर्थलवावाप्तिरवेक्षणश्चयाचस्वपरिगृहीतानांप्राणिनामातुर्यादक्षाक्षमस्वश्चास्यार्थः। यत्पुनरस्यविद्-

वृग्रहणंयशः शरण्यत्वंयाच समानशुश्रूषायच्चेष्टानांजनानामारोग्यमाधत्तेसोऽस्य-कामइति ॥ २३ ॥

ધનવાનો પાસેથી તથા રાજાઓ પાસેથી સુખોપહાર વિગેરેને માટે જે ધનની લેશમાત્ર પ્રાપ્તિ, પોતાનું અને સ્નેહિ લોકોનું રોગોથી રક્ષણ કરવું એ અર્થ છે. વિદ્વાન લોકોમાં પ્રતિષ્ઠિત થવું એ જશની પ્રાપ્તિ, આશ્રિતો પર દયા કરવી, સમાન લોકોમાં મોટાઇ મેળવવી અને પોતાના સ્નેહિ લોકોને આરોગ્ય કરવા એ કામ છે. ૨૩.

શાસ્ત્ર વિષયક આઠ પ્રશ્ન.

यथाप्रश्नमुक्तमशेषेण । अथभिषगादितएवभिषजाप्रष्टव्यइतिअष्टविधम् । तद्यथा-तन्त्रंतन्त्रार्थंस्थानानिस्थानार्थानध्यायानध्यायार्थान्प्रश्नान्प्रश्नार्थांश्चेति ॥ २४ ॥ पृष्टेचैतद्वक्तव्यमशेषेणवाक्यशोवाक्यार्थशोऽर्थावयवशश्चेति ॥ २५ ॥

આ પ્રકારે પ્રશ્નાનુસાર સર્વના ઉત્તર કહેવામાં આવ્યા. એ ઉપરાંત વૈદને આ આઠ વાતો પુછવી જોઇએ. જેવા કે તંત્ર તંત્રાર્થ, સ્થાન સ્થાનાર્થ, અધ્યાય અધ્યાયાર્થ, પ્રશ્ન અને પ્રશ્નાર્થ. (૨૪) આ પ્રકારે પ્રશ્ન થવાથી વૈદ્યે વાક્ય, વાક્યાર્થ તથા અવયવાર્થ-દ્વારા સર્વ ઉત્તર દેવા જોઇએ ૨૫.

આયુર્વેદના પર્યાયવાચી શબ્દ.

तत्रायुर्वेदःशाखाविद्यासूत्रंज्ञानंशास्त्रंलक्षणंतन्त्रमित्यनर्थान्तरम् । तन्त्रार्थःपुनःस्व-लक्षणेनोपदिष्टःसचार्थः॥प्रकरणैर्विभाव्यमानोभूयएवशरीरवृत्तिहेतुव्याधिकर्मका-र्यकालकर्तृकरणविधिविनिश्चयोदशप्रकरणाःतानिचप्रकरणानिकेवलेनोपदेक्ष्यन्ते तन्त्रेण ॥ २६ ॥

આયુર્વેદ શાખા, વિદ્યા, સૂત્ર, જ્ઞાન, શાસ્ત્ર, લક્ષણ તથા તંત્ર આ એકાર્થવાચક શબ્દ છે તંત્ર શબ્દનો અર્થ, તંત્રના લક્ષણોથી ઉપદેશ કરેલા આયુર્વેદના પ્રકરણથી જાણી શકાય છે. શરીર, વૃત્તિ, હેતુ, વ્યાધિ, કર્મ, કાર્ય. કાલ, કર્તા કારણ તથા વિધિવિનિશ્ચય આ દશ પ્રકરણ છે કેવળ આ પ્રકરણોના તંત્રથી વર્ણન કરીએ છીએ. ૨૬.

આઠ સ્થાનોનાં નામ.

तन्त्रमष्टौस्थानानि । तद्यथा–श्लोक–निदान–विमान–शारीरेन्द्रिय–चिकित्सित-कल्प–सिद्धिस्थानानि । तत्रत्रिंशदध्यायकंश्लोकस्थानम् । अष्टाध्यायकानिनि-दानविमानशरीरस्थानानि । द्वादशकमिन्द्रियाणाम् । त्रिंशकंचिकित्सितानाम् । द्वादशकेकल्पसिद्धिस्थानेइति ॥ २७ ॥

તંત્રનાં આઠ સ્થાન છે. જેવાકે સૂત્રસ્થાન, નિદાનસ્થાન, વિમાનસ્થાન, શારીરસ્થાન, ઇન્દ્રિયસ્થાન, ચિકિત્સાસ્થાન, કલ્પસ્થાન તથા સિદ્ધિસ્થાન તેમાંથી સૂત્રસ્થાનમાં ૩૦ અધ્યાય છે, નિદાનસ્થાન, વિમાન તથા શારીરસ્થાનમાં આઠ આઠ અધ્યાય છે. ઇંદ્રિયસ્થાનમાં બાર

અધ્યાય છે, અને ચિકિત્સાસ્થાનમાં ત્રીસ અધ્યાય છે, અને કલ્પસ્થાન તથા સિદ્ધિસ્થાનમાં બાર બાર અધ્યાય છે. ૨૭.

भवति चात्र.

द्वात्रिंशकेद्वादशकत्रयश्चत्रीण्यष्टकान्येषुसमाप्तिरुक्ता ॥ श्लोकौषधारिष्टविकल्पसिद्धिनिदानमानाश्रयसंज्ञकेषु ॥ २८ ॥

તેમાં આ શ્લોક છે. સૂત્રસ્થાન તથા ચિકિત્સાસ્થાનની સમાપ્તિ ત્રીસ ત્રીસ અધ્યાયમાં થાય છે. ઇન્દ્રિય, કલ્પ, સિદ્ધિ આ ત્રણ સ્થાનની સમાપ્તિ બાર બાર અધ્યાયમાં થાય છે અને નિદાન વિમાન તથા શરીર આ ત્રણ સ્થાનોની સમાપ્તિ આઠ આઠ અધ્યાયમાં થાય છે. ૨૮.

स्वेस्वेस्थानेयथास्वञ्चस्थानार्थउपदेक्ष्यते ।
सर्विंशमध्यायशतंशृणुनामक्रमागतम् ॥ २९ ॥

સ્થાનોના અર્થ પોતપોતાના સ્થાનમાં કહેવાશે. પૂર્વોક્ત એકસોવીસ અધ્યાયાનાં નામ અનુક્રમે સાંભળો. ૨૯.

અધ્યાયનાં નામ.

दीर्घञ्जीवोऽप्यपामार्गतण्डुलारग्वधादिकौ ।
षड्विरेकाश्रयश्चेतिचतुष्कोभेषजाश्रयः ॥ ३० ॥

દીર્ઘંજીવિતીય અધ્યાય, અપામાર્ગતંડુલીયાધ્યાય, આરગ્વધિયઅધ્યાય તથા ષટ્ વિરેચનશતાશ્રિતીયઅધ્યાય આ ચાર અધ્યાય ભેષજાશ્રય છે. ૩૦.

मात्रातस्याशितीयौचनवेगान्धारणंतथा ।
इन्द्रियोपक्रमश्चेतिचत्वारःस्वास्थ्यवृत्तिकाः ॥ ३१ ॥
खुड्डाकश्चचतुष्पादोमहांस्त्रैषणस्तथा ।
सहवातकलाख्येनविद्यान्नैर्देशिकान्बुधः॥ ३२ ॥
स्नेहनस्वेदनाध्यायावुभौयश्चोपकल्पनः ।
चिकित्साप्राभृतश्चैवसर्वाएवोकल्पनाः ॥ ३३ ॥

માત્રાશ્રિતીયાધ્યાય, તસ્યાશિતીયાધ્યાય, નવે ગાન્ધારણીયાધ્યાય, તથા ઇન્દ્રિયોપક્રમણીયાધ્યાય આ ચાર અધ્યાયમાં સ્વાસ્થ્યની રક્ષાના અર્થ છે. ૩૧. ખુડાકચતુષ્પાદાધ્યાય, મહા ચતુષ્પાદાધ્યાય, તિસ્ત્રૈષણીયાધ્યાય, તથા વાતકલાકલીયાધ્યાય આ ચાર અધ્યાય નૈર્દશિક અર્થાત કર્તવ્યાકર્તવ્ય વિષયમાં છે. ૩૨. સ્નેહાધ્યાય, સ્વેદાધ્યાય, ઉપકલ્પનીયાધ્યાય, તથા ચિકિત્સાપ્રાભૃતીયાધ્યાય આ ચાર અધ્યાય ઉપકલ્પનાના વિષયમાં છે. ૩૩.

कियन्तःशिरसीयश्चत्रिशोफाष्टोदरादिकौ ।
रोगाध्यायोमहांश्चैवरोगाध्यायचतुष्टयम् ॥ ३४ ॥

કિયન્તસ્સિરસીયાધ્યાય, ત્રિશોફીયાધ્યાય, અષ્ટોદરીયાધ્યાય તથા મહારોગાધ્યાય આ ચાર અધ્યાય રોગોના વિષયમાં છે. ૩૪.

अष्टौनिन्दितसंख्यातस्तथालंघनतर्पणौ ।
विधिशोणितकश्चेतिव्याख्यातास्तत्रयोजना: ॥ ३५ ॥

અષ્ટૌનિન્દિતીયાધ્યાય, લંઘનબૃંહણીયાધ્યાય, સંતર્પણીયાધ્યાય, તથા વિધિશોણિતીયાધ્યાય આ ચાર અધ્યાય યોજનાના વિષયમાં છે. ૩૫.

यज्ज:पुरुषक:ख्यातोभद्रकाप्योऽन्नपानिकौ ।
विविधाशितपीतश्चचत्वारोऽन्नविनिश्चये ॥ ३६ ॥
दशप्राणायतनिकस्तथार्थेदशमूलिक: ।
द्वावेतौप्राणदेहार्थौप्रोक्तौवैद्यगुणाश्रयौ ॥ ३७ ॥

યજ્જ:પુરૂષીયાધ્યાય, આત્રેયભદ્રકાપ્પીયાધ્યાય, અન્નપાનવિધિનામાધ્યાય, તથા વિવિધાશિતપીતીયાધ્યાય આ ચાર અધ્યાય અન્નના નિશ્ચયના વિષયમાં છે. ૩૬ અને દશ પ્રાણાયતનીયાધ્યાય, તથા અર્થે દશમૂલીયાધ્યાય આ બે અધ્યાય પ્રાણ તથા શરીરના નિમિત્ત વૈદ્યના ગુણોના વિષયમાં છે. ૩૭.

औषधस्वस्थनिर्देशकल्पनारोगयोजना: ।
चतुष्का:षट्क्रमेणोक्ता:सप्तमश्चान्नपानिक: ॥ ३८ ॥

ઔષધ, સ્વાસ્થ્ય, નિર્દેશ, કલ્પના, રોગ, યોજના તથા અન્નપાન વિધિ આ વિષયોમાં ચાર ચાર અધ્યાય ક્રમથી કહેલા છે. ૩૮.

द्वौचान्यौसंग्रहाध्यायाविति त्रिंशकमर्थवत् ।
श्लोकस्थानंसमुद्दिष्टंतन्त्रस्यास्यशिर:शुभम् ॥ ३९ ॥
चतुष्काणांमहार्थानांस्थानेऽस्मिन्सग्रह:कृत: ।
श्लोकार्थ:संग्रहार्थश्च श्लोकस्थानमत:स्मृत: ॥ ४० ॥

અને બાકી બે સંગ્રહાધ્યાય છે. આ પ્રકારે આ તંત્રના મસ્તકરૂપ શુભદાયક ત્રીસ અધ્યાયવાળો અર્થવાળું સૂત્રસ્થાન કહેવામાં આવ્યું. ૩૯. આ સ્થાનમાં ઘણા પ્રયોજનના ચાર ચાર અધ્યાયનો સંગ્રહ કર્યો છે, અને તેમાં આ સર્વ વિષયોના શ્લોક, અર્થ અને સંગ્રહઅર્થનું વર્ણન કર્યું છે. જેથી આ શ્લોક સ્થાન (સુત્રસ્થાન) કહેવાય છે. ૪૦.

નિદાનસ્થાનના અધ્યાયનાં નામ.

ज्वराणांरक्तपित्तस्यगुल्मानांमेहकुष्ठयो: । शोषोन्मादनिदाने चस्यादपस्मारणश्चयत् । इत्यध्यायाष्टकमिदंनिदानस्थानमुच्यते ॥ ४१ ॥

જ્વરનિદાન, રક્તપિત્તનિદાન, ગુલ્મનિદાન, પ્રમેહનિદાન, કુષ્ટનિદાન, શોષનિદાન, ઉન્માદનિદાન, તથા અપસ્માર નિદાન આ આઠ અધ્યાયને નિદાનસ્થાન કહે છે. ૪૧.

વિમાનસ્થાનના અધ્યાયનાં નામ.

रसेषुत्रिविधेकुक्षौध्वंसेजनपदस्यच ॥ ४२ ॥ त्रिविधेरोगविज्ञानेस्रोत:स्वपिच-

वर्त्तते । रोगानीकेव्याधिरूपेरोगाणाञ्चभिषग्जिते । अष्टौविमानान्युक्तानिमानार्थानि महर्षिणा ॥ ४३ ॥

વિમાનસ્થાનમાં રસવિમાન, ત્રિવિધકુક્ષીયવિમાન, જનપદોધ્વંશનીયવિમાન, ત્રિવિધરોગવિશેષવિજ્ઞાનીયવિમાન, સ્રોતોવિમાન, રોગાનીકવિમાન, વ્યાધિરૂપીયવિમાન, તથા રોગભિષગ્જિતીયવિમાન, આ આઠ વિમાન આત્રેયજીએ ગાવાને માટે કહેલાં છે. ૪૨–૪૩.

શારીરસ્થાનના અધ્યાયનાં નામ.

कतिधापुरुषीयञ्चगोत्रेणातुल्यमेवच ॥ ४४ ॥ खुड्डीकामहती चैवगर्भावक्रान्तिरुच्यते । पुरुषस्यशरीरस्यविचयौद्वौविनिश्चितौ ॥ ४५ ॥ शरीरसंख्यासूत्रञ्चजातेरष्टमउच्यते । इत्युद्दिष्टानिमुनिनाशारीराण्यत्रिसूनुना ॥ ४६ ॥

શારીર સ્થાનમાં કતિધાપુરૂષીય શારીર, અતુલ્ય ગોત્રીય શારીર, ખુડ્ડીકા ગર્ભાવ ક્રાન્તિ શારીર, મહતીગર્ભાવ ક્રાન્તિ શારીર, પુરૂષ વિધાયક શારીર, શરીર વિષય શારીર, શરીર સંખ્યા શારીર, તથા જાતિ સૂત્રીય શારીર, આ આઠ અધ્યાય પુનર્વસુજીએ કહ્યાં છે. ૪૪–૪૫–૪૬

ઇન્દ્રિયસ્થાનના અધ્યાયનાં નામ.

वर्णस्वरीयंपुष्पाख्यस्तथैवपरिमर्षणः । तथैवचेन्द्रियानीकःपौर्वरूपकमेवच॥४७॥ कतमानिशरीरीयःपन्नरूपोऽप्यवाक्शिराः । यस्यश्यावनिमित्तञ्चसद्योमरणएवच ॥ ४८ ॥ अणुज्योतिरितिख्यातस्तथागोमयचूर्णवान् । द्वादशाध्यायकंस्थानमिन्द्रियाणांप्रकीर्त्तितम् ॥ ४९ ॥

ઇન્દ્રિયસ્થાનમાં વર્ણ સ્વરીય ઇન્દ્રિય, પુષ્પિતક ઇન્દ્રિય, પરિમર્ષણીય ઇન્દ્રિય, ઇન્દ્રિયાનીક ઇન્દ્રિય, પૂર્વ રૂપીય ઇન્દ્રિય (૪૭) કતમાનિ શરીરીય ઇન્દ્રિય, પન્નરૂપીય ઇન્દ્રિય, અવાક્શિરસીય ઇન્દ્રિય, યસ્યસ્યાવ નિમિત્તીય ઇન્દ્રિય, સદ્યોમરણીય ઇન્દ્રિય, (૪૮) અણુજ્યોતિય ઇન્દ્રિય તથા ગોમય ચૂર્ણીય ઇન્દ્રિય આ બાર અધ્યાયનું ઇન્દ્રિય સ્થાનમાં વર્ણન કર્યું છે. ૪૯

ચિકિત્સાસ્થાનના અધ્યાયનાં નામ.

अभयामलकीयञ्चप्राणकामीयमेवच ।
करप्रचितिकंवेदसमुत्थानंरसायनम् ॥ ५० ॥
संयोगशरमूलीयमासक्तक्षीरकंतथा ।
माषपर्णतृतीयञ्चपुमान्जातबलादिकम् ॥ ५१ ॥
चतुष्कद्वयमप्येतदध्यायद्वयमुच्यते ।
रसायनमितिज्ञेयंवाजीकरणमेवच ॥ ५२ ॥

ચિકિત્સા સ્થાનમાં અભયમલકીય રસાયન પાદ, પ્રાણકામીય રસાયન પાદ, કર પ્રચિતીય રસાયન પાદ,આયુર્વેદ સમુત્થાનીયરસાયન પાદ (૫૦) સંયોગશર મૂલીય વાજીકરણપાદ, આસિક્ત

ક્ષીરીય વાજીકરણ પાદ, માષપર્ણી તૃતીય વાજીકરણપાદ, તથા પુમાન જાત બલાદિક વાજીકરણપાદ (૫૧) આ ચાર ચાર ભાગના બે અધ્યાય છે જેમાં રસાયન અને વાજીકરણનું જ્ઞાન હોય છે. (૫૨)

ज्वराणांरक्तपित्तस्यगुल्मानांमेहकुष्ठयोः । शोषेऽर्शसमतीसारे वीसर्पेचमदात्यये ॥ ५३ ॥ द्विव्रणीयेतथोन्मादेस्यादपस्मारएवच । क्षतशोथोदरेचैवग्रहणीपाण्डुरोगयोः ॥ ५४ ॥ हिक्काश्वासेचकासेच छर्दितृष्णाविषेषु च। मर्मत्रयेचोरुसादेसवातेवातशोणिते ॥ ५५ ॥ त्रिंशच्चिकित्सितान्येवंयोनीनांव्यापदासह ॥५६॥

જ્વર ચિકિત્સિત, રક્તપિત્ત ચિકિત્સિત, ગુલ્મ ચિકિત્સિત, પ્રમેહ ચિકિત્સિત, કુષ્ટ ચિકિત્સિત, રાજ્યક્ષ્મા ચિકિત્સિત, અર્શ ચિકિત્સિત, અતિસાર ચિકિત્સિત, વીસર્પ ચિકિત્સિત, મદાત્યય ચિકિત્સિત, (૫૩) દ્વિવ્રણીય ચિકિત્સિત, ઉન્માદ ચિકિત્સિત, અપસ્માર ચિકિત્સિત, ક્ષતક્ષીણ ચિકિત્સિત, શ્વયથુ ચિકિત્સિત, ઉદર ચિકિત્સિત, ગ્રહણીરોગ ચિકિત્સિત, પાન્ડુરોગ ચિકિત્સિત (૫૪) હિક્કા શ્વાસ ચિકિત્સિત, કાસ ચિકિત્સિત, છર્દી ચિકિત્સિત, તૃષ્ણા ચિકિત્સિત, વિષ ચિકિત્સિત, ત્રિમર્મીય ચિકિત્સિત, ઉરૂસ્તમ્ભ ચિકિત્સિત, વાતવ્યાધિ ચિકિત્સિત, વાતરક્ત ચિકિત્સિત, (૫૫) તથા યોનિવ્યાપ ચિકિત્સિત, આ ત્રીસ અધ્યાય ચિકિત્સાના કહ્યા છે. ૫૬

કલ્પસ્થાનના અધ્યાયનાં નામ.

फलजीमूतकेक्ष्वाकुकल्पोधामार्गवस्यच । पञ्चमोवत्सकस्योक्तःषष्ठश्चकृतवेधने ॥ ॥ ५७ ॥ श्यामात्रिवृतयोऽकल्पस्तथैवचतुरंगुलेः । तिल्वकस्य [illegible] धायाश्चसप्तला-शंखिनीष्वपि । दन्तीद्रवन्त्योःकल्पश्चद्वादशोऽयंसमाप्यते ॥ ५८ ॥

કલ્પ સ્થાનમાં મહા વૃક્ષ કલ્પ, મદન કલ્પ, જીમૂત કલ્પ, ઇક્ષ્વાકુ કલ્પ, ધામાર્ગવ કલ્પ, વત્સક કલ્પ, કૃતવેધન કલ્પ, (૫૭) શ્યામાત્રિવૃત્ કલ્પ, ચતુરંગુલ કલ્પ, તિલ્વક કલ્પ, સપીલ, શંખિની કલ્પ તથા દન્તી દ્રવન્તી કલ્પ આ બાર અધ્યાય છે. (૫૮)

સિદ્ધિસ્થાનના અધ્યાયનાં નામ.

कल्पनापञ्चकर्मीव्याबस्तिमूत्रातथैवच । स्नेहव्यापादिकासिद्धिर्नेत्रव्यापादिका-तथा ॥ ५९ ॥ सिद्धिःशोधनयोश्चैवबस्तिसिद्धिस्तिथैव च ॥ प्रास्तनीमर्मसंख्या-तासिद्धिर्बस्त्याश्रयाचया ॥ ६० ॥ फलमात्रातथासिद्धिःसिद्धिश्चोत्तरसंज्ञिता ॥ सिद्धयोद्वादशैवैतास्तन्त्रश्चासुसमाप्यते ॥ ६१ ॥

સિદ્ધિ સ્થાનમાં—કલ્પના સિદ્ધિ, પંચ કર્મીયા સિદ્ધિ, બસ્તિ મૂત્રીયા સિદ્ધિ, સ્નેહ વ્યાપાદિકા સિદ્ધિ, નેત્ર વ્યાપાદિકા સિદ્ધિ, (૫૯) વમન વિરેચન વ્યાપત્ સિદ્ધિ, બસ્તિ, વ્યાપાદિકા સિદ્ધિ, પ્રાસૃત યોગિકા સિદ્ધિ, ત્રિમર્મીયા સિદ્ધિ, બસ્તિ સિદ્ધિ (૬૦) ફલમાત્રા સિદ્ધિ તથા ઉત્તર સિદ્ધિ આ બરાબર અધ્યાયનું વર્ણન કર્યું છે. આ સ્થાનમાં આ તંત્રની સમાપ્તિ છે. ૬૧

પ્રશ્નનાં લક્ષણ.

स्वेस्वेस्थानेतथाध्यायेचाध्यायार्थःप्रवक्ष्यते ॥
तंब्रूयात्सर्वतःसर्वंयथास्वंह्यर्थसंग्रहात् ॥ ६२ ॥

આ સર્વ અધ્યાયોના અર્થ પોતપોતાના સ્થાનોમાં તથા અધ્યાયોમાં કહેવાશે. સર્વ જગ્યાએથી અર્થનો સંગ્રહ કરીને સર્વના અર્થ કહેવા. ૬૨

ઉત્તરનાં લક્ષણ.

पृच्छातन्त्राद्यथाम्नायंविधिनाप्रश्नउच्यते ।
प्रश्नार्थोयुक्तिमांस्तस्यतन्त्रेणैवार्थनिश्चयः ॥ ६३ ॥

તંત્રમાંથી સંપ્રદાયાનુસાર વિધિપૂર્વક કાંઈ પૂછવા યોગ્ય પ્રશ્ન કહે છે. તંત્રમાંથી તે પ્રશ્નના અર્થનો યુક્તિપૂર્વક નિશ્ચય કરવો તેને પ્રશ્નાર્થ કહે છે. ૬૩

તંન્ત્રાદિની નિરૂક્તિ.

निरुक्तंतन्त्रणात्तन्त्रंस्थानमर्थप्रतिष्ठया ।
अधिकृत्यार्थमध्यायनामसंज्ञाःप्रतिष्ठिताः ॥ ६४ ॥

તન્ત્રણ (અનેક વિષયોનો સંગ્રહ કરીને એકમાં કહેવા તે) થી તંત્ર કહેવાય છે. અર્થોની સ્થિતિથી સ્થાન કહેવાય છે. અર્થના અધિકારને લઇને અધ્યાયોની સંજ્ઞા બાંધેલી છે તેવીજ રીતે તે તન્ત્રાદિ શબ્દોની સંજ્ઞા થઈ છે. ૬૪

इतिसर्वंयथाप्रश्नमष्टकंसम्प्रकाशितम् ।
कात्स्न्र्येनचोक्तस्तन्त्रस्यसंग्रहःसुविनिश्चितः ॥ ६५ ॥

આ પ્રકારે આઠે પ્રશ્નોનું વર્ણન કર્યું અને તંન્ત્રના સંપૂર્ણ નિશ્ચિત સંગ્રહનું વર્ણન કરવામાં આવ્યું, ૬૫

सन्तिपाल्लविकोत्पाताःसंक्षोभंजनयन्तिये । वर्त्तकानामिकोत्पाताःसहसैवविभाविताः । तस्मात्तान्पूर्वसंजल्पेसर्वत्राष्टकमादिशेत् ॥ ६६ ॥ परस्परपरीक्षार्थनात्रशास्त्रविदांबलम् शब्दमात्रेणतन्त्रस्यकेवलस्यैकदेशिकाः भ्रमन्त्यल्पबलास्तन्त्रीज्याशब्देनैववर्त्तकाः ॥ ६७ ॥

પાલ્લવિક (એક દેશને જાણનાર) વૈદ્યોએ કરેલા ઉત્પાત જેવા ક્ષોભને ઉત્પન્ન કરે છે. જેમ વર્તક પક્ષી જાણ્યા વિના આવીને એકાએક ઉત્પાત કરે છે એવીજ રીતે એવા વૈદોને વાત કરતાંજ ઉપરના આઠ પ્રશ્ન કરવા. ૬૬. પર (શ્રેષ્ટ) તથા અપર (અશ્રેષ્ટ) ની પરીક્ષાને માટે આ પ્રશ્ન શાસ્ત્ર જાણનારાઓને માટે પરમ બલ રૂપ છે. એક દેશી વૈદ્ય તંત્રનું નામ માત્ર સાંભળીને એવા ભ્રાન્તી યુક્ત થાય છે કે જેવા પ્રત્યંચા (ધનુષ્ય) ના શબ્દને સાંભળીને વર્તક પક્ષી ભય પામે છે. ૬૭

पशुःपशूनांदौर्बल्यात्कश्चिन्मध्येवृकायते । समत्वंवृकमासाद्यप्रकृतिंभजतेपशुः॥६८॥

तद्वदज्ञोऽज्ञमध्यस्थःकश्चिन्मौखर्य्यसाधनः। स्थापयत्याप्तमात्मानमाप्तन्त्वा साद्यभिद्यते ॥६९॥

જેવા દુર્બલ પશુઓમાં કોઈ સાધારણ પશુ ઘેટું બની જાય છે પરંતુ ખરૂં ઘેટું આવતાં તે પોતાનું ખરૂં રૂપ ધારણ કરે છે તેવીજ રીતે મુર્ખોની વચમાં મુર્ખ વૈદ્યના આવવાથી પોતાને આપ્ત કહે છે પરંતુ યથાર્થ આપ્તના આવવાથી તેનો ભેદ ખોલાઇ જાય છે. ૬૮–૬૯

वभ्रुर्मूढइवोर्णाभिरवुद्धिरवहुश्रुतः।
किंवैवक्ष्यतिसंजल्पेकुण्डभेदीजडोयथा ॥ ७० ॥

એવા અશાસ્ત્રજ્ઞ મુર્ખ તેમાં છુપાયેલા વૃદ્ધ ને ઉલાની સમાન છે. તે જાર પુરૂષની સમાન વિવાદમાં શું કહી શકે ! ૭૦

सद्वृत्तैर्नविगृह्णीयाद्भिषगल्पश्रुतैरपि । हन्यात्प्रश्नाष्टकेनादावितरांस्त्वात्ममानिनः ॥ ७१ ॥ दम्भिनोमुखराह्यज्ञाःप्रभूतावद्धभाषिणः ॥ ७२ ॥

સારા આચરણવાળા, અલ્પજ્ઞ પુરૂષોની સાથે પણ વૈદ્યે વિવાદ કરવો ન જોઇએ અને અભિમાની અન્ય મુર્ખોને પૂર્વોકત આઠ પ્રશ્નોથી જીતવા જોઇએ. ૭૧. દાંભિક, વાચાલ તથા અજ્ઞ પુરૂષ અસંબંધ બહુભાષિ હોય છે. ૭૨

प्रायःप्रायेणसुमुखाः सन्तोयुक्तालपभाषिणः । तत्त्वज्ञानप्रकाशार्थमहंकारमनाश्रिताः ॥ ७३ ॥ स्वल्पाधाराज्ञमुखरानदर्शेयुर्नविवादिनः ॥ परोभूतेष्वनुक्रोशस्तत्त्वज्ञानेपराद्या । येषांतेषामसद्वादनिग्रहेनिरतामतिः ॥ ७४ ॥ असत्पक्षाक्षणित्वार्त्तिदम्भपारुष्यसाधनाः ॥ ७५ ॥ भवन्त्यनाप्ताःस्वेतन्त्रेप्रायःपरविकत्थनाः । तत्कालपाशसदृशान्वर्जयेच्छास्त्रदूषकान् ॥ ७६ ॥

વળી સજ્જન લોક સુમુખ, તથા ઉચિત અલ્પ ભાષિ હોય છે અને તત્વજ્ઞાનના પ્રકાશને લીધે અભિમાની હોતા નથી. (૭૩) અને અલ્પજ્ઞ વાચાલ વાદિયો પર દ્રષ્ટિ પણ કરતા નથી. પ્રાણિયો પર પરમ અનુગ્રહ અને તત્વજ્ઞાનથી પરમ દયા જે પુરૂષોની હોય છે (૭૪) તેની બુદ્ધિ અસદ્વાદનો ત્યાગ કરે છે જે વૈદ્ય અસત્પક્ષને સિદ્ધ કરેછે, પ્રશ્નનો વખત નથી આવું કહી ઉત્તર આપતા નથી અથવા કોઇ પીડા થવાનું બ્હાનું કાઢે છે, દમ્ભ કરે છે, કઠોર વચન કહેછે (૭૫) અને પારકી નિંદા કરેછે તે પોતાના તંત્રમાં આપ્ત કહેવાતા નથી એવા શાસ્ત્ર દૂષક વૈદ્યોનો કાળના પાશ રૂપ જાણીને ત્યાગ કરવો જોઇએ. ૭૬

प्रशमज्ञानविज्ञानपूर्णाःसेव्याभिषक्तमाः ॥ ७७ ॥ समग्रंदुःखमायातमविज्ञानेद्वयाश्रयम् । सुखंसमग्रंविज्ञानेविमलेचप्रतिष्ठितम् ॥ ७८ ॥

इदमेवमुदारार्थमज्ञानार्थप्रकाशकम् ।
शास्त्रंदृष्टिप्रणष्टानांयथैवादित्यमण्डलमिति ॥ ७९ ॥

અને શાંતિ, જ્ઞાન, તથા વિજ્ઞાનથી પૂર્ણ શ્રેષ્ટ વૈદ્યોનું સેવન કરવું જોઇએ કેમકે અજ્ઞાનથી શારીરિક તથા માનસિક બંને પ્રકારનું દુઃખ પ્રાપ્ત થાય છે. ૭૭. અને નિર્મલ જ્ઞાનથી સર્વ પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય છે. શ્રેષ્ટ અર્થની સૂચના કરનારૂં આ શાસ્ત્ર અજ્ઞાત અર્થોને એવી રીતે પ્રકાશિત કરે છે કે જેમ અંધકારમાં છુપાયેલા પદાર્થોને સુર્ય મંડલ પ્રકાશિત કરે છે. ૭૮–૭૯.

तत्र श्लोका.

अर्थेदशमहामूलाःसंज्ञास्तेषांयथाकृताः। अयनान्ताः षडग्र्याश्चरूपंवेदविदांश्चयत् ॥ ८० ॥ सप्तकश्चाष्टकश्चैवपरिप्रश्नः सनिर्णयः। यथावाच्यंयदर्थंश्चषड्विधाश्चैकदेशिकाः ॥ ८१ ॥ अर्थेदशमहामूलेसर्वमेतत्प्रकाशितम्। संग्रहश्चैवमध्यायस्तन्त्रस्यास्यैवकेवलः ॥ ८२ ॥

તેમાં આ શ્લોક છે. હૃદયમાં સ્થિત દશ મહામૂલ નાડી કે જે પ્રકારથી નાડીઓની આ સંજ્ઞા થાય છે, પ્રાણ વર્દ્ધક વિગેરેના ૭ મુખ્ય પદાર્થ, આયુર્વેદ જાણનારાઓનાં લક્ષણ, (૮૦) જે પ્રકારે જેવી રીતે કરવા જોઇએ તેવી રીતના નિર્ણય સહિત સાત તથા આઠ પ્રશ્ન. અને ૭ પ્રકારના એક દેશિક (૮૧) આ સર્વ વિષય આ દશ મહામૂલીય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યા છે. આ અધ્યાયમાં કેવળ આ તન્ત્રનો સંપૂર્ણ સંગ્રહ છે. (૮૨).

સૂત્રસ્થાનની નિરૂક્તિ.

यथासुमनसांसूत्रंसंग्रहार्थेविधीयते।
संग्रहार्थेयथार्थानामृषिणासंग्रहःकृतः ॥ ८३ ॥

જેમ ફુલોના હાર બનાવવાને માટે સૂત્ર (દોરા)ની જરૂર પડે છે તેવીજ રીતે અર્થોના સંગ્રહને માટે ભગવાન આત્રેયજીએ આ સૂત્ર સ્થાન કર્યું છે. ૮૩.

इति अग्निवेश कृते तन्त्रे चरक प्रति संस्कृते
सूत्रस्थाने अर्थे महादशमूलीयो नाम त्रिंशत्तमोऽध्यायः ॥ ३० ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ સૂત્ર સ્થાનનો અર્થેમહાદશમૂલીયો નામનો ત્રીશમો અધ્યાય સમાપ્ત થયો. ૩૦

अग्निवेश कृते तन्त्रे चरक प्रति संस्कृते
इयतावधिना सर्वं सूत्रस्थानं समाप्यते ॥

મહર્ષિ અગ્નિવેશનો બનાવેલો તથા મહાત્મા ચરક દ્વારા સુધારેલો આ આયુર્વેદ તંત્રનો આ **સૂત્રસ્થાન** આ ત્રીસ અધ્યાયોમાં સમાપ્ત થયો.

इति सूत्रस्थानम्.

।अथ निदानस्थानम् ।

प्रथमोऽध्यायः ।

अथातो ज्वर निदानं व्याख्यास्यामइतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે જ્વર નિદાનની વ્યાખ્યા કરીએ છીએ. એ પ્રકારે ભગવાન આત્રેયજી કથન કરવા લાગ્યા.

નિદાનના પર્યાયવાચક શબ્દ.

इहखलुहेतुर्निमित्तमायतनंकर्त्ताकारणंप्रत्ययःसमुत्थाननिदानमित्यनर्थान्तरम् ॥१॥

આ શાસ્ત્રમાં હેતુ, નિમિત્ત, કર્તા, કારણ, પ્રત્યય, સમુત્થાન, નિદાન, આ સર્વ શબ્દોનો એકજ અર્થ છે. અર્થાત્ આ સર્વ શબ્દ નિદાનનાવાચક છે. ૧.

નિદાનનાં કારણ.

तत्त्रिविधम् असात्म्येन्द्रियार्थसंयोगः प्रज्ञापराधःपरिणामश्चेति ॥ २ ॥

આ નિદાન ત્રણ પ્રકારનાં છે. ૧. અસાત્મ્યેન્દ્રિયાર્થ, ૨. પ્રજ્ઞાપરાધ, ૩. પરિણામ. ૨.

વ્યાધિઓના ભેદ.

अतस्त्रिविधविकल्पाव्याधयःप्रादुर्भवन्त्याग्नेयसौम्यवायव्याः द्विविधाश्चापरेराजसास्तामसाश्च ॥ ३ ॥

નિદાન ત્રણ પ્રકારના હોવાથી વ્યાધિયો પણ ત્રણ પ્રકારનીજ હોય છે. આ ત્રણેમાં શારીરિક વ્યાધિ, વાત, પિત્ત અને કફ જનિત હોવાથી ત્રણ પ્રકારની હોય છે. માનસિક વ્યાધિ, રાજસ અને તામસ ભેદથી બે પ્રકારની હોય છે. ૩.

વ્યાધિયોના પર્યાય શબ્દ.

तत्रव्याधिरामयोगदआतङ्कोयक्ष्माज्वरोविकारइत्यनर्थान्तरम् ॥ ४ ॥

વ્યાધિ, આમય, ગદ, આતંક, યક્ષ્મા જ્વર વિકાર અને રોગ આ સર્વ શબ્દ એકજ અર્થવાળા છે. અર્થાત રોગના વાચક છે. ૪.

રોગની ઉપલબ્ધીના વિષય.

तस्योपलब्धिर्निदानपूर्वरूपलिङ्गोपशयसम्प्राप्तितश्च ॥ ५ ॥

તે રોગ, નિદાન, પૂર્વરૂપ, રૂપ, ઉપશય, સંપ્રાપ્તિ, આ પાંચ પ્રકારોથી જાણી શકાય છે. અર્થાત રોગને ઓળખાવનાર આ પાંચ પ્રકાર છે. ૫.

નિદાનનાં લક્ષણ.

तत्रनिदानंकारणमित्युक्तमग्रे ॥ ६ ॥

તેમાં નિદાન કારણને કહે છે. આનું પહેલાં (સુત્રસ્થાનમાં) કથન કરેલું છે. (નિદાન રોગને ઉત્પન્ન કરનાર કારણને કહે છે.) ૬.

પુર્વરૂપનાં લક્ષણ.

रूपंप्रागुत्पत्तिर्लक्षणंव्याधेः ॥ ७ ॥

રોગ ઉત્પન્ન થવાથી પ્રથમ થનારા લક્ષણોને પુર્વરૂપ કહે છે. ૭.

प्रादुर्भूतलक्षणंपुनर्लिङ्गंतत्रलिङ्गमाकृतिर्लक्षणंचिह्नंसंस्थानंव्यञ्जनंरूपमित्यनर्थान्तरम् ॥ ८ ॥

વ્યાધિ પ્રકટ થવાને રૂપ અથવા લક્ષણ કહે છે. અથવા તો વ્યાધિ ઉત્પન્ન થતાં વ્યાધિનાં જે લક્ષણ થાય છે તેને પૂર્વરૂપ કહે છે. લિંગ, આકૃતિ લક્ષણ, ચિન્હ, સંસ્થાન, વ્યંજન અને રૂપ આ સર્વ શબ્દ એકજ અર્થના વાચક છે. ૮.

ઉપશયનાં લક્ષણ.

उपशयः पुनर्हेतुव्याधिविपरीतानां विपरीतार्थकारिणाञ्चौषधाहारविहाराणां उपयोगः सुखानुबन्धः ॥ ९ ॥

હેતુથી વિપરીત, વ્યાધિથી વિપરીત અને વિપરીત અર્થને કરનારાં ઔષધો, આહાર વિહારનું સેવન કરવું અર્થાત આરોગ્યકારક થાય છે તેને ઉપશય કહે છે, અને તેને સાત્મ્ય કહે છે. તાત્પર્ય કે આ બંનેથી વિપરીત અર્થ કરનાર અર્થાત વ્યાધિ અને વ્યાધિનાં કારણને હઠાવનારાં ઔષધ, અન્ન અને વિહાર સુખને દેનારાં હોય છે. તેને સાત્મ્ય (શરીરને અનુકૂળ) અને ઉપશય કહે છે. ૯.

સંપ્રાપ્તિના પર્યાય.

संप्राप्तिर्जातिरागतिरित्यनर्थान्तरंव्याधेः ॥ १० ॥

રોગની ઉત્પત્તિને અર્થાત જે પ્રકારે જેટલા અંશોથી જે જે દોષોને લઇને વ્યાધિ ઉત્પન્ન થાય છે તેને સંપ્રાપ્તિ કહે છે. સંપ્રાપ્તિ, જાતિ, આગતિ એ સર્વ એકજ અર્થના વાચક છે. ૧૦.

સંપ્રાપ્તિના ભેદ.

सासंख्याप्राधान्यविधिविकल्पबलकालविशेषैर्भिद्यते ॥ ११ ॥

સંખ્યા, પ્રાધાન્ય, વિધિ, વિકલ્પ, અને બળકાળના ભેદથી સંપ્રાપ્તિના વિભાગ કરવામાં આવ્યા છે. અર્થાત સંખ્યાદિ સંપ્રાપ્તિના ભેદ છે. ૧૧.

સંખ્યા સંપ્રાપ્તિનાં લક્ષણ.

संख्या यथाष्टौज्वराः पञ्चगुल्माः सप्तकुष्ठान्येवमादि ॥ १२ ॥

હવે સંખ્યાનાં લક્ષણ કહીએ છીએ. જેવાકે આઠ પ્રકારના તાવ, પાંચ પ્રકારના ગુલ્મ (ગોળા), સાત પ્રકારના કુષ્ટ ઇત્યાદિ જે ગણના છે તેને સંખ્યા કહે છે. ૧૨

પ્રાધાન્ય સંપ્રાપ્તિનાં લક્ષણ.

प्राधान्यंपुनर्दोषाणांतरतमयोगेनोपलभ्यते तत्र द्वयोस्तरस्त्रिषुतमइति ॥ १३ ॥

વાત, પિત્ત, કફ આ ત્રણ દોષોમાં વાત અને પિત્ત અલ્પ હોવાથી પ્રધાન માનવામાં

આવે છે. આ પ્રકારે દોષોના ન્યુનાધિક યોગદ્વારા પ્રાધાન્ય જાણવા જોઇએ. જેમકે ત્રિદોષ જ્વરમાં વાત અલ્પ હોય, પિત્ત મધ્ય હોય અને કફ અધિક હોય તો તે સન્નિપાતને અલ્પવાત, મધ્યવાત, અને કફ પ્રધાન કહેવાય છે. અથવા જ્વરાતિસારમાં જ્વર પ્રધાન છે કે અતિસાર પ્રધાન છે આવી રીતે એકી વખતે એકજ પુરૂષને બે ત્રણ વ્યાધિયોમાંથી જે વ્યાધિ સ્વતંત્ર હોય તેને પ્રધાન કહે છે. આ પ્રકારે અન્યત્ર પણ જાણવું જોઇએ. ૧૩.

વિધિ સંપ્રાપ્તિનાં લક્ષણ.

विधिर्नामद्विविधाव्याधयोनिजागन्तुभेदेनत्रिविधास्त्रिदोषभेदेनचतुर्विधाःसाध्यासाध्यमृदुदारुणभेदेनपृथक् ॥ १४ ॥

હવે વિધિના લક્ષણોને કહીએ છીએ. વ્યાધિ બે પ્રકારની થાય છે. એક નિજ અને બીજી આગંતુક, ફરી તે વાત, પિત્ત અને કફના ભેદથી ત્રણ પ્રકારની થાય છે. આ પ્રકારે રોગોના ભેદના ક્રમને વિધિ કહે છે. ૧૪.

વિકલ્પ સંપ્રાપ્તિનાં લક્ષણ.

विकल्पोनामसमवेतानांपुनर्दोषाणामंशांशबलविकल्पोऽस्मिन्नर्थे ॥ १५ ॥

મળેલા દોષોના અંશાંશ કલ્પનાને વિકલ્પ કહે છે. જેમકે સન્નિપાત જ્વરના બાવન પ્રકારના વિકલ્પ છે. ૧૫.

કાળબળનું લક્ષણ.

बलकालविशेषःपुनर्व्याधीनामृत्वहोरात्राहारकालविधिनियतोभवति ॥ १६ ॥

વ્યાધિયોના રૂતુ, દિન, રાત્રિ, આહાર, કાળ અને વિધિના ભેદથી બળ અને કાળને જાણવું, તે કાળ બળ વિશેષ સંપ્રાપ્તિ કહેવાય છે. જેમકે વસન્તરૂતુમાં કફનું કાલકૃત બળ હોય છે, અને રાત્રિના પ્રથમ ભાગોમાં કફનું બળ હોય છે. દિવસના પ્રથમ ભાગોમાં કફનું બળ હોય છે અને ભોજનના પ્રથમ ભાગમાં કફનું બળ હોય છે, અને શરદ રૂતુમાં મધ્ય રાત્રિએ, ખરા બપોરે, ભોજનની વચ્ચે અથવા ભોજનના પરિપાકાવસ્થામાં પિત્તનું બળ હોય છે. આ પ્રકારે વર્ષારૂતુમાં, રાત્રિના અંતમાં, દિવસના અંતમાં, ભોજનના અંતે વાતનું બળ હોય છે. આ પ્રકારે બળ, કાળ, વિશેષ સંપ્રાપ્તિ જાણવા. ૧૬.

ગ્રંથકારની પ્રતિજ્ઞા.

तस्माद्व्याधीन्भिषगनुपहतसत्त्वबुद्धिर्हेत्वादिभिर्भावैर्यथावदनुबुध्येत् ॥ १७ ॥

આથી બુદ્ધિવાળા વૈદ્દે હેતુ આદિના ભાવોથી અર્થાત નિદાનાદિકો દ્વારા રોગની યથાર્થ પરીક્ષા કરવી. ૧૭.

इत्यर्थसंग्रहोनिदानस्थानस्योद्दिष्टःभवतितंविस्तरेणभूयः परमतोऽनुव्याख्यास्यामः ॥ १८ ॥

આ પ્રકારે સંક્ષેપથી સંપૂર્ણ નિદાનનું કથન કર્યું. હવે વિશેષ રૂપથી કથન કરીએ છીએ. ૧૮.

तत्रप्रथमएवतावदाद्याल्लोभाभिद्रोहकोपप्रभवानष्टौव्याधीन्निदानपूर्वेणक्रमेणअनुव्याख्यास्यामः ॥ १९॥

હવે ક્રમપૂર્વક લોભ અને અભિદ્રોહ અથવા મિથ્યા અહાર અને અનાચારથી ઉત્પન્ન થયેલા આઠ પ્રકારની વ્યાધિયોના નિદાનાદિનું અનુક્રમે કથન કરીએ છીએ. ૧૯.

तथासूत्रसंग्रहमात्रंचिकित्सायाःचिकित्सितेषुचोत्तरकालंयथोद्दिष्टंविकारानन्नुव्याख्यामः ॥ २० ॥

અને ચિકિત્સાને પણ સૂત્ર સંગ્રહ માત્રાથી અર્થાત સંક્ષેપ રૂપથી કથન કરીએ છીએ. વિશેષ રૂપથી તો સંપૂર્ણ રોગોનું નિદાન અને ઉપાયનું યથાક્રમે ચિકિત્સા સ્થાનમાં કથન કરીશું. ૨૦.

જ્વરના પ્રકાર.

इहखलुज्वरएवादौविकाराणामुपदिश्यते ।
तत्प्रथमत्वाच्छारीराणाम् ॥ २१ ॥

કેમકે સંપૂર્ણ શરીરના વિકારોમાં જ્વરનેજ પ્રધાન માનવામાં આવ્યો છે. અથવા સંપૂર્ણ વિકારોમાં જ્વરની ઉત્પત્તિ થાય છે. એથી આ નિદાનસ્થાનમાં પ્રથમ જ્વર (તાવ)-નુંજ કથન કરીશું. ૨૧.

अथखल्वष्टाभ्यःकारणेभ्योज्वरःसञ्जायतेमनुष्याणांतद्यथावातात् पित्तात्कफाद्वा तपित्ताभ्यांपित्तश्लेष्मभ्यांवातश्लेष्मभ्यांवातपित्तश्लेष्मभ्यःआगन्तोरष्टमात्कारणात ॥ तस्यनिदानपूर्वरूपलिङ्गोपचयविशेषानुपदेक्ष्यामः ॥ २२ ॥

હવે કહીએ છીએ કે તાવ આઠ કારણોથી મનુષ્યના શરીરમાં ઉત્પન્ન થાય છે. એ આઠ કારણ આ પ્રકારે છે. જેવાં કે, વાતથી, પિત્તથી, કફથી, વાતપિત્તથી, પિત્તકફથી, વાત કફથી, વાતપિત્ત કફથી અને આઠમા આગન્તુક કારણોથી. આ આઠ પ્રકારના જ્વરને નિદાન પૂર્વરૂપ, રૂપ, ઉપશય અને સંપ્રાપ્તિનું વિશેષથી કથન કરીએ છીએ. ૨૨.

વાયુના કોપનું કારણ.

तद्यथारूक्षलघुशीतव्यायामवमनविरेचनास्थापनशिरोविरेचनातियोगवेगसन्धारणानशनाभिघातव्यवायोद्वेगशोकशोणितातिसेकजागरणविषमशरीरन्यासेभ्योऽतिसेवितेभ्योवायुःप्रकोपमापद्यते ॥ २३ ॥

તે આ પ્રકારે છે. રૂક્ષ, લઘુ, ઠંડા પદાર્થોના સેવનથી, મહેનત કરવાથી, વમન, વિરેચન અને આસ્થાપનના અતિ યોગથી, મલમૂત્રાદિના વેગોને રોકવાથી, ઉપવાસ કરવાથી, વાટવાથી, મૈથુન કરવાથી, ઉદ્વેગ અને શોચ થવાથી લોહિના અત્યંત નિકળવાથી, રાત્રિએ જાગવાથી, શરીરને ઉંચું નિચું કે વાંકું કરવાથી આ સર્વ કારણોના અધિક સેવનથી, શરીરમાં વાયુનો કોપ થાય છે. ૨૩.

અતિકોપિત વાયુનાં કર્મ.

सयदाप्रकुपितःप्रविश्यामाशयमुष्मणःस्थानमुष्मणासहमिश्रीभूतआद्यमाहारपरिणामधातुंरसनामानमन्ववेद्यरसस्वेदवहानिचस्रोतांसिचपिधायाग्निमुपहत्यपक्तिस्थानादुष्माणंबहिःनिरस्यकेवलंशरीरमनुपद्यतेतदाज्वरमभिनिर्वर्त्तयतितस्येमानि लिङ्गानिभवन्ति ॥ २४ ॥

તે કોપિત વાયુ, આમાશયમાં પ્રવેશ કરીને આમાશયની ગરમાઈમાં મળી જાય છે. ફરી તે આહારના સારભૂત રસ નામના ધાતુનો આશ્રય લઈને રસ અને સ્વેદ (પરસેવા) ને વહેવાના છિદ્રોને રોકી દે છે. ફરી પાચકાગ્નિને હનન કરીને પક્તિ સ્થાનની ગરમાઈને બહાર કાઢે છે. ફરી તે વાયુ શરીરને યથોચિત અગ્નિ બલહિન જોઈને બળ મેળવે છે. ૨૪

વાત જ્વરના લિંગ અને અંગ વિશેષોમાં વેદના વિશેષ.

तद्यथाविषमारम्भविसर्गित्वमूष्मणोवैषम्यंतीव्रतनुभावानवस्थानानिज्वरस्यजरणान्तेदिवसान्तेघर्मान्तेवाज्वराभ्यागमनमभिवृद्धिर्वाज्वरस्यविशेषेणपरुषारुणवर्णत्वंनखनयनवदनमूत्रपुरीषत्वचामत्यर्थंक्लिप्तीभावश्चानेकविधोपमाश्चचलाचलाश्चवेदना स्तेषांतेषामङ्गावयवानाम् । तद्यथापादयोः सुप्ततापिण्डिकयोरुद्वेष्टनंजानुनोःकेवलानाञ्चसन्धीनांविश्लेषणमूर्वोः सादः कटीपार्श्वपृष्ठस्कन्धबाह्वंसोरसाञ्चभग्नरुग्णमृदितमथितचटितावपीडितावतुन्नत्वमिवहन्वोरप्रसिद्धिःस्वनश्चकर्णयोः शंखयोर्निस्तोदः कषायास्यत्वमास्यवैरस्यंवामुखताल्वकण्ठशोषःपिपासाहृदयग्रहः शुष्कच्छर्दिःशुष्ककासःक्षवथूद्गारविनिग्रहोऽन्नरसखेदःप्रसेकारोचकाविपाकाःविषादविजृम्भाविनामवेपथुश्रमभ्रम-प्रलापजागरणलोमहर्षदन्तहर्षास्तथोष्माभिप्रायतानिदानाक्तानामनुपचयोविपरीतोपचयश्चेतिवातज्वरलिङ्गानिस्युः ॥ २५ ॥

આ જ્વરનાં આ લક્ષણ હોય છે. જેવાં કે જ્વર ચઢતી વખતે અને ઉતરતી વખતે શરીરની ગરમીમાં વિષમતા, કદી શરીરનું અધિક ગરમ થવું અને કદી થોડું ગરમ થવું, જ્વરનું એક પ્રકારનું ન રહેવું, કદી જ્વરનું તીક્ષ્ણ અને કદી મંદ થવું તથા ભોજનના પચી ગયા પછી સાંજે, તેમજ વર્ષાઋતુમાં ઉત્પત્તિ અને વૃદ્ધિ થવી, તેમજ નખ, નેત્ર, મુખ, મૂત્ર, મળ અને ત્વચા આ સર્વનું કઠોર અને શુષ્ક થવું તથા લાલ રંગનું થવું, શરીરનો રંગ ચિકટા જેવો દેખાવો, શરીરના અંગોમાં ક્ષણ ક્ષણમાં આમ તેમ જનારી તથા સ્થિર રહેનાર વાયુની પીડા થવી જેવી કે પગે સોજા, પિન્ડલીઓમાં ઉદ્વેષન (લપેટવા જેવી પીડા) થવી, જાંગોનું તથા અન્ય સાંધાઓનું ઢીલા પડી જવું, બંને જાંગોનું રહી જવું, કેડ, પાશુ, પીઠ, ખાંધ, હાથ અને ખાંધના ઉપરના ભાગમાં એમ જગથી સ્થલમાં તોડ જેવી પીડા તથા મર્દન કરવા જેવી પીડા તેમજ મથવા જેવી પીડા થવી તથા ચટકા જેવી પીડા, સોયો ઘોચાવા જેવી પીડા અને જકડાનું, કાનોમાં ગણગણાટ થવો, કાન પટીયોમાં સોયો ઘોચાવા જેવી પીડા, મુખનું કસૈલું થવું, અને વિરસ થવું, મુખ, તાલુ, અને કંઠનું સુકાવું,

તૃષા, છાતીમાં દરદ, સુકી ઉલટી, સુકી ખાંસી, અને છીકનું થવું, ઓડકાર ન આવવો, અન્નના રસયુક્ત થુંકવું, અરૂચિ, અન્નનું ન પચવું, ચિત્તમાં વિષાદ રહેવું, જંભાઇ અધિક આવવી, શરીરનું નમી જવું, કંપ થવો, થકાવટ જણાવી, ભ્રમ થવો, બકવું, નિંદ્રા ન આવવી, રોમાંચ અથવા, દંત હર્ષ થવા, ગરમીની ઇચ્છા થવી, વાત નાશક, ગરમ અને સ્નિગ્ધ આદિ પદાર્થોથી રોગની શાન્તિ ન થવી અને રૂક્ષશીત આદિથી રોગનું વધવું આ સર્વ લક્ષણ વાતજ્વરમાં થાય છે. ૨૫.

પિત્ત કોપનું કારણ.

उष्णाम्ललवणक्षारकटुकाजीर्णभोजनेभ्योऽतिसेवितेभ्यस्तथातितीक्ष्णातपाग्निसन्तापश्रमक्रोधविषमाहारेभ्यःपित्तंप्रकोपमापद्यते ॥ २६ ॥

હવે પિત્ત કોપના કારણોને કહીએ છીએ જેવા કે ગરમ, ખાટા, ખારા, ક્ષાર, ચરપરા પદાર્થોના સેવનથી અને અજીર્ણ કર્તા ભોજનનું અધિક સેવન કરવાથી તથા અતિ તિક્ષ્ણ, ધુપ, અગ્નિ અને સંતાપના સેવનથી, પરિશ્રમ કરવાથી તથા વિષમ ભોજન કરવાથી આ સર્વ કારણોથી પિત્તનો પ્રકોપ થાય છે. ૨૬

પ્રકુપિત પિત્તનાં કર્મ.

तद्यथाप्रकुपितमामाशयादेवोष्माणमुपसंसृज्याद्यमाहारपरिणामधातुंरसनामानमन्वावेद्यरसस्वेदवहानिचस्रोतांसिपिधायद्रवत्वादग्निमुपहत्यपंक्तिस्थानादूष्माणंबहिर्द्वारंनिरस्यप्रपीडयन्केवलंशरीरमुपद्यतेतदाज्वरमभिनिर्वर्त्तयति ॥ २७ ॥

પિત્ત કોપિત થઇને આમાશયથી ગરમીને ઉત્તેજન કરીને આહારના પરિણામ રૂપ જે રસ નામની ધાતુ છે તેમાં મળીને સ્વેદ અને રસને વહેવાનાં છિદ્રોને રોકી દે છે. પછી તે પોતાના દ્રવ્યથી જઠરાગ્નિને હનન કરીને પાચક સ્થાનની ગરમીને બહાર કાઢે છે ત્યારે પોતાનો અધિકાર પામીને શરીરને પીડન કરનારા પિત્ત જ્વરને ઉત્પન્ન કરે છે. ૨૭.

પિત્ત જ્વરનાં લક્ષણ.

तस्येमानिलिङ्गानिभवन्ति। तद्यथायुगपदेवकेवलेशरीरेज्वराभ्यागमनमभिवृद्धिर्वा। भुक्तस्यविदाहकालेमध्यन्दिनेऽर्द्धरात्रेशरदिवाविशेषेणकटुकास्यताघ्राणमुखकण्ठोष्ठतालुपाकस्तृष्णाभ्रमोमदोमूर्च्छापित्तच्छर्दनमतीसारोऽन्नद्वेषःसदनंस्वेदःप्रलापोरक्तकोठाभिनिर्वृत्तिःशरीरेहरितहारिद्रत्वंनखनयनवदनमूत्रपुरीषत्वचामत्वचामत्यर्थमुष्मणस्तीव्रभावोऽतिमात्रंदाहःशीताभिप्रायतानिदानोक्तानामनुपशयोविपरीतोपचयश्चेतिपित्तज्वरलिङ्गानिभवन्ति ॥ २८ ॥

તેનાં આ લક્ષણ છે. શરીરમાં એકદમ જ્વરનો વેગ થવો, ભોજનની પચન થવાના વખતે, દિવસના મધ્યમાં, અર્ધ રાત્રિએ, શરદ રૂતુમાં વિશેષે કરીને તાવની વૃદ્ધિ થવી અથવા ઉત્પન્ન થવું, મુખમાં કટુતા, નાક, મુખ, કંઠ, ઓઠ અને તાલુનું પાકવું, તૃષા, ભ્રમ, મોહ, મૂર્છા, મુખથી પિત્તનું નીકળવું, પાતળો દસ્ત થવો, આહારમાં અરૂચિ, સ્વેદ,

મૂત્ર, પ્રલાપ, શરીરમાં લાલ વર્ણનાં ચકતાં પ્રકટ થવાં, નેત્ર, નખ મુખ, પુરીષ અને ત્વચાનો હળદરની માફક પીળો રંગ થવો, ગરમી અધિક જણાવી, બળતરા અધિક બળવી, શીતળ વસ્તુની ઇચ્છા થવી, તેમજ ગરમ વસ્તુઓથી રોગ વધવો, ઠંડી વસ્તુઓથી શાંત થવો આ પિત્ત જ્વરનાં લક્ષણ થાય છે. ૨૮

કફ પ્રકોપનાં કારણ.

स्निग्धमधुरगुरुशीतपिच्छिलाम्ल---लवण--दिवास्वप्नहर्षव्यायामेभ्योऽतिसेवितेभ्यःश्लेष्माप्रकोपमापद्यते ॥ २९ ॥

ચિકણા, મધુર, ભારે, શીતલ, પિચ્છીલ, ખાટા, અને ખારા પદાર્થોને ખાવાથી, દિવસે સુવાથી, હર્ષથી, પરિશ્રમ ન કરવાથી, કફ વર્દ્ધક પદાર્થોનું અધિક સેવન કરવાથી કફનો કોપ થાય છે. ૨૯

પ્રકુપિત કફનાં કર્મ.

सयदाप्रकुपितःप्रविश्यामाशयमूष्मणासहमिश्रीभूतमाद्य[illegible]मधातुंरसनामानमन्ववेत्यरसस्वेद[illegible]स्रोतांसिपिधायाग्निमुपहत्यपंक्तिस्थानादूष्माणंवाबहिःनिरस्यप्रपीडयन्केवलंशरीरमुपपद्यतेतदाज्वरमभिनिर्वर्त्तयति ॥ ३० ॥

કુપિત થયેલો કફ આમાશયમાં પ્રવેશ કરીને જઠરાગ્નિની ગરમીની સાથે મળીને આહારના પરિણામ રૂપ રસ નામના ધાતુની સાથે જઈને રસ અને પરસેવાને વહેવાનાં છિદ્રોને રોકી દે છે ત્યારે જઠરાગ્નિને નુકશાન કરીને પાચકાગ્નિની ગરમીને બહાર કાઢે છે. પછી પોતાનો અધિકાર પામીને શરીરને પીડા કરી કફ જ્વરને ઉત્પન્ન કરે છે. ૩૦

કફ જ્વરનાં લક્ષણ.

त[illegible]लिङ्गानिभवन्ति। तद्यथायुगपदेवकेवलेशरीरेज्वराभ्यागमनमभिवृद्धिर्वाभुक्तमात्रेपूर्वाह्णेपूर्वरात्रेवसन्तकालेवाविशेषेणगुरुगात्रत्वमनन्नाभिलाषः श्लेष्मप्रसेकोमुखस्यचमाधुर्य्यंहृल्लासोहृदयोपलेप स्तिमिरत्वंछर्द्दिर्मृद्वग्नितानिद्रायाआधिक्यंस्तम्भःतन्द्राश्वासःकासःप्रतिश्यायः शैत्यंश्वैत्यञ्चनयननखवदनमूत्रपुरीषत्वचामत्यर्थंशीतपिडकाभृशमङ्गेभ्यउत्तिष्ठति उष्णाभिप्रायतानिदानोक्तानामनुपचयोविपरीतोपचयश्चेतिश्लेष्मज्वरलिङ्गानिभवन्ति ॥ ३१ ॥

તેનાં આ લક્ષણ થાય છે. શરીરમાં એકદમ જ્વરનું પ્રકટ થવું, ભોજન કરતાં પ્રથમજ રાત્રિના પ્રથમ ભાગમાં, વસંત રૂતુમાં તાવનું અધિક આવવું, અથવા ઉત્પન્ન થવું, શરીરમાં ભારેપણું, અન્નમાં અરૂચિ, મુખથી કફનું નીકળવું, મુખનો સ્વાદ મીઠો થવો, કફની ઉલટી થવી, હૃદય કફથી ભરેલું જણાવું, દેહમાં ભીનાશ આવવી, અગ્નિની મંદતા, અધિક નિંદ્રા, સ્તમ્ભ, તંન્દ્રા, શ્વાસ, કાસ, પ્રતિશ્યાય શીતતા, નેત્ર નખ, મુખ, મૂત્ર, પુરીષ, ત્વચા સર્વનું ધોળું થવું, દેહમાં ધોળા રંગની ફોલીઓ થવી, ગરમીની ઇચ્છા

થવી, ચિકણા અને કફકારક પદાર્થોથી રોગનું વધવું, રૂક્ષ ઉષ્ણ, આદિ પદાર્થોથી શાંત થવું આ સર્વ કફ જ્વરનાં લક્ષણ છે. ૩૧

દ્વન્દ્વજાદિ જ્વરોનું નિદાન.

विषमाशनादनशनादन्नस्यअपरिवर्तादृतुव्यापत्तेः असात्म्यागन्धोपघ्राणाद्विषोपहतस्योदकस्यउपयोगाद्गरेभ्योगिरीणामुपश्लेषात्स्नेहस्वेदवमनविरेचनास्थापनानुवासनशिरोविरेचनानामयथावत्प्रयोगात्स्त्रीणाञ्चविषमप्रजननात्प्रजातानाञ्चमिथ्योपचाराद्यथोक्तानाञ्चहेतूनांमिश्रीभावाद्यथानिदानंद्वन्द्वानामन्यतमःसर्वेवात्रयोदोषायुगपत्प्रकोपमापद्यन्ते ॥ ३२ ॥

વિષમ ભોજન કરવાથી, પરિવર્તનથી, ૠતુઓમાં ફેરફાર થવાથી, અસાત્મ્ય ગંધને સુંઘવાથી, ઝેરી પાણી પીવાથી, ગર (વિષ) વિકારથી, પહાડોની સમીપતાથી, સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન, આસ્થાપન, અનુવાસન અને શિરોવિરેચન આ સર્વના મિથ્યા યોગ થવાથી, સ્ત્રીયોને કવખતે પ્રસવ થવાથી; અથવા પ્રસવના વખતે ચરી ન પાળવાથી તેમજ ઉપર કહેલા વાત, પિત્ત, કફ એમાંથી બન્ને દોષોના કારણોના મળવાથી દોષો કોપિત થાય છે. અને ત્રણે દોષોના કોપકારક કારણોના મળવાથી ત્રણે દોષ એકી વખતે કોપિત થાય છે. ૩૨

દ્વન્દ્વજાદિ જ્વરોનાં લક્ષણો.

तेप्रकुपितास्तयैवानुपूर्व्याज्वरमभिनिर्वर्त्तयन्तितत्रयथोक्तानांज्वरलिङ्गानांमिश्रीभावविशेषदर्शनाद्वान्द्विकमन्यतमंज्वरंसान्निपातिकंवाविद्यात् ॥ ३३ ॥

તે કોપીત થયેલા દોષ ક્રમપૂર્વક દ્વન્દ્વજ જ્વરને અથવા સન્નિપાત જ્વરને ઉત્પન્ન કરે છે. બે દોષ કોપિત થતાં દ્વન્દ્વજ જ્વરને ઉત્પન્ન કરે છે. ત્રણ દોષ કોપિત થવાથી સન્નિપાત જ્વર ઉત્પન્ન થાય છે. બે દોષોનાં લક્ષણ મળવાથી દ્વન્દ્વજ (દ્વિદોષજ) બન્ને દોષવાળા જ્વર જાણવા અને ત્રણ દોષોનાં લક્ષણ ભેગાં થવાથી ત્રિદોષ જ્વર જાણવા. ૩૩

આગન્તુક જ્વરનાં કારણ અને તેમાં દોષોત્પત્તિ.

अभिघाताभिषङ्गाभिचाराभिशापेभ्यआगन्तुर्व्यथापूर्वाज्वरोऽष्टमोभवति। सकश्चित्कालमागन्तुःकेवलोभूत्वापश्चाद्दोषैरनुबध्यते। अभिघातजोवायुनादुष्टशोणिताधिष्ठानेनअभिषङ्गजःपुनर्वातपित्ताभ्याम्अभिचाराभिशापजौतुसन्निपातेनउपनिबध्येते। सप्तविधाज्ज्वराद्विशिष्टलिङ्गोपक्रमसमुत्थितत्वाद्विशिष्टोवेदितव्यः। कर्मणासाधारणेनचोपक्रम्येतिअष्टविधाज्वरप्रकृतिरुक्ता ॥ ३४ ॥

વાગવા કરવાથી, કામ ક્રોધાદિ અભિષ્યંદથી, અભિચાર તથા અભિશાપથી આગન્તુક જ્વર ઉત્પન્ન થાય છે. આગન્તુક જ્વરને મેળવવાથી તાવ આઠ પ્રકારના થાય છે. આગંતુક જ્વર પ્રથમ પોતે પ્રકટ થઇને પછી વાત, પિત્ત, કફની સહાયતાને પ્રાપ્ત કરે છે.

અર્થાત આગન્તુજ વ્યાધિમાં પ્રથમ વ્યાધિ ઉત્પન્ન થઇને પછી વાતાદિ દોષ કોપિત થાય છે. નિજ વ્યાધિમાં પ્રથમ વાતાદિ દોષ કોપિત થઇને પછી રોગ ઉત્પન્ન થાય છે. અભિઘાત નિમિત્તક આગન્તુક જ્વરમાં વાયુ દૂષિત રૂધિરનો આશ્રય લઇને અભિઘાત જ્વરના સહાયક બને છે. અભિષ્યંદ જનિત જ્વરમાં વાત અને પિત્તનો અનુબંધ હોય છે. અભિચાર અને અભિશાપજનિત જ્વરમાં ત્રણે દોષોનો અનુબંધ થાય છે. આગંતુક જ્વરમાં પૂર્વોક્ત સાત પ્રકારના જ્વરોનાં લક્ષણ, ઉપાય, કારણોદ્વારા જુદાં જાણવાં જોઇએ, અર્થાત વાતાદિ સાત પ્રકારના જ્વરોથી આગંતુક જ્વરનાં કારણ, લક્ષણ અને ઉપાય જુદા પ્રકારનાં હોય છે. આગન્તુક જ્વર તેના સાધારણ કારણની ચિકિત્સા માત્રથી શાન્ત થઈ જાય છે, આ પ્રકારે જ્વરોની આઠ પ્રકારની પ્રકૃતિ કહી છે. ૩૪

જ્વરનાં એકત્વ અને પુર્વરૂપ.

ज्वरस्त्वेकएवसन्तापलक्षणस्तमेवाभिप्रायविशेषाद्विविधमाचक्षतेनिजागन्तुविशेषाच्चतत्रनिजंद्विविधंत्रिविधंचतुर्विधंसप्तविधश्चाहुर्वातादिविकल्पात् ॥३५॥ तस्येमानिपूर्वरूपाणि। तद्यथामुखवैरस्यंगुरुगात्रत्वमनन्नाभिलाषश्चक्षुषोराकुलत्वमस्रागमनंनिद्रायाआधिक्यमरतिर्जम्भाविनामोवेपथुश्रमभ्रमप्रलापजागरणलोमहर्षदन्तहर्षाः शब्दगीतवातातपासहत्वमरोचकाविपाकौदौर्बल्यमङ्गमर्दःसदनमल्पप्राणतादीर्घसूत्रताआलस्यमुपचितस्यकर्मणोहानिःप्रतीपतास्वकार्य्येषुगुरूणांवाक्येषुअभ्यसूयाबालेषुप्रद्वेषःस्वधर्मेषु अचिन्तामाल्यानुलेपभोजनक्लेशनंमधुरेषुभक्ष्येषुप्रद्वेषोऽम्लवणकटुकप्रियताचेतिज्वरपूर्वरूपाणि ॥ ३६ ॥

જો કે સંતાપ માત્ર લક્ષણથી અર્થાત શરીરના તપાયમાન થવાથી જ્વર (તાવ) એકજ પ્રકારનો હોય છે, પરંતુ તેને નિજ અને આગન્તુક ભેદથી બે પ્રકારના કથન કરે છે. તેમાં નિજ જ્વર એક પ્રકારનો અને બે પ્રકારનો તેમજ ત્રણ પ્રકારનો અને ચાર પ્રકારનો અથવા સાત પ્રકારના વાત આદિના વિકલ્પથી માન્યો છે. તે સામાન્ય જ્વરનાં આ પૂર્વરૂપ હોય છે જેવાં કે મુખની વિરસતા, અંગોનું ભારેપણું, અન્નમાં અરૂચિ, આંખોમાં દાહ અને સ્રાવ થવા તેમજ આંખો લાલ થવી, અધિક ઉંઘ આવવી, ચિત્ત ન લાગવું, તથા ઘેન આવવું, શરીર જુઠું પડવું, કંપ થવો, શ્રમ, ભ્રમ, પ્રલાપ, જાગરણ, રોમહર્ષ, દંતહર્ષ, આ સર્વનું થવું, શબ્દ, ગીત, પવન, ધુપ આની ઇચ્છા થવી, અને ક્ષણ માત્રમાં તેથી દ્વેષ થવો તથા અરૂચિ, અવિપાક, દુર્બળતા, અંગમર્દ, અવસાદ, પ્રાણોનું ક્ષીણ થવું, કામને બહુજ વિલંબથી કરવાં, આળસ, કરવાનાં કાર્યોને છોડી દેવાં, પોતાના કાર્યમાં બેપરવાઇ કરવી, ગુરૂજનોના વાકયોને નમાનવાં, બાળકોની બોલચાલ ખરાબ લાગવી, પોતાના ધર્મનું ચિન્તન ન કરવું, પુષ્પમાળા, ચંદનાદિનો લેપ અને ભોજનથી પણ કલેશ જણાવો, મધુર પદાર્થોથી પણ દ્વેષ થવો, ખાટાં ખારાં, ચરપરાં પદાર્થોની ઇચ્છા થવી આ સર્વ લક્ષણ તાવના પૂર્વ રૂપમાં થાય છે. ૩૫–૩૬

प्राक्सन्तापादपिचैनंसन्तापार्त्तमनुबध्नन्तीत्येतानिएकैकज्वरलिङ्गानिव्यतिरसमासाभ्याम् ॥ ३७ ॥

સંતાપ થવાને અર્થાત તાવને પ્રથમ આવવાને જ્વરનું પૂર્વ રૂપ કહે છે, અને આ લક્ષણ તાવ પ્રકટ થયા પછી તાવના રૂપમાં ગણાય છે. અર્થાત્ પૂર્વ રૂપાવસ્થામાં જે સંતાપ પ્રકટ ન થાય તે પ્રકટ થાય તેને રૂપ કહે છે. એવી રીતે આ લક્ષણ દરેક તાવમાં સંક્ષેપ અને વિસ્તારથી જાણી લેવાં જોઇએ. ૩૭

જ્વરની ઉત્પત્તિ અને તેનાં નામાદિકોનું વર્ણન.

ज्वरः खलुमहेश्वरकोपप्रभवःसर्वप्राणिनांप्राणहरोदेहेन्द्रियमनस्तापकरःप्रज्ञाबलव-र्ण [illegible]सादनार्त्तिश्रमक्लमहाहारोपरोधसञ्जननोज्व यतिशरीराणि तिज्वरः। नान्येव्याधयः तथादारुणाबहूपद्रवादुश्चिकित्स्यायथायमिति। सर्वरोगाधिपतिर्ज्व-रः नानातिर्य्यग्योनिषुब विधैःशब्दैरभिधीयतेसर्वप्राणभृतश्चसज्वराएवजायन्ते-सज्वराएवम्रियन्तेसमहामोहाःतेनाभिभूताः प्राग्दैहिकंदेहिनःकर्माकिञ्चि स्मरन्ति-सर्व प्राणिभ्यश्चज्वरएवप्राणानादत्ते ॥ ३८ ॥

જ્વર મહાદેવના કોપથી ઉત્પન્ન થયો છે અને સર્વ પ્રણિયોના પ્રાણોને હરનાર, દેહ ઇન્દ્રિય, મન એ સર્વને તપાયમાન કરનાર, બુદ્ધિ, બળ, વર્ણ, હર્ષ, ઉત્સાહ, એને નષ્ટ કરનાર, પીડા, થાક, ધભરાટ અને મોહને કરનાર છે. તથા આહારનો ઉપરોધ કરનાર છે. શરીરને જર્જર કરી દે છે. જેથી તેને તાવ કહે છે. બીજા રોગો જે પ્રકારના જ્વર છે તેવા પ્રકારે દારૂણ અને બહુ ઉપદ્રવોવાળી અને દુશ્ચિકિત્સ્ય નથી હોતા. જ્વર સર્વ રોગોનો રાજા છે અને અનેક પ્રકારનાં પશુ આદિ યોનિયોમાં અનેક નામોથી તે ઓળખાય છે. સંપૂર્ણ જીવ માત્ર જ્વર સહિત પ્રાણોનો ત્યાગ કરે છે. જ્વર રૂપ મહા મોહથી વ્યાપ્ત થયેલ મનુષ્ય જન્મના વખતે પૂર્વ જન્મની કોઇ પણ વાતને સ્મરણ નથી કરતું. આ જ્વરજ સંપૂર્ણ પ્રાણિયોના પ્રાણોને આકર્ષણ કરે છે અર્થાત ગ્રહણ કરે છે. ૩૮

જ્વરની પૂર્વે કર્તવ્ય કર્મ.

तत्रास्यपूर्वरूपदर्शनेज्वरादौवाहितंलघ्वशनमतर्पणंवाज्वरस्यामाशयसमु-त्थत्वात् ॥ ३९ ॥

જ્વર આમાશયમાં ઉત્પન્ન થાય છે જેથી જ્વરનાં પૂર્વરૂપ દેખાય કે તરતજ જ્વરના આવતા પહેલાંજ હિત અનેક હલકાં ભોજન અથવા અતર્પણ (ઉપવાસ) કરવા જોઇએ. ૩૯

ततःकषायपानाभ्यङ्गस्वेदप्रदेहपरिषेकानुलेपनवमनविरेचनास्थापनानुवा-सनोपशमननस्तःकर्मधूपधूमपानाञ्जनक्षीरभोजनविधानम् ॥ ४० ॥

તાવ ઉત્પન્ન થતાં ઉકાળો પીવો, જ્વરનાશક લેપ ચોપડવો, પરસેવો આવવા નાસલેવો, તેમજ લેપ, પરિષેક, અનુલેપન, ઉલટી, જુલાબ, આસ્થાપન, અનુવાસન, ઉપશમન, નસ્ય, ધુમ્રપાન, અંજન, દુધ પીવું આ સર્વનું જે જગ્યાએ જે વિધિથી જેનો પ્રયોગ કરવો ઉચિત હોય તે પ્રકારનો પ્રયોગ કરવો. ૪૦

જ્વરમાં ઘૃતપાન.

यथास्वंयुक्त्याजीर्णज्वरेषुसर्वेष्ववसर्पिषःपानंप्रशस्यते । यथा स्वैःस्वैरौषधैःसिद्धस्य- सर्पिर्हिस्नेहाद्वातंशमयति संस्कारात्कफंशैत्यात्पित्तमूष्माणंचतस्माज्जीर्णज्वरेषु सर्वे- ष्वेवसर्पिर्हितमुदकमिवाग्निप्लुष्टेषुद्रव्येष्विति ॥ ४१ ॥

સર્વ પ્રકારના જીર્ણજ્વરોમાં તેનાં લક્ષણોને અનુસાર યુક્તિપૂર્વક જ્વરનાશક દ્રવ્યો-દ્વારા સિદ્ધ કરેલાં ધૃતોનું પાન કરવું (પીવાં) પરમોત્તમ છે. યોગ્ય લક્ષણોવાળી ઔષધિ-યોને સિદ્ધ કરી ઘી પોતાના સ્નેહના યોગથી વાયુને શાંત કરે છે. કફનાશક દ્રવ્યોના સંયો-ગથી કફને શાંત કરે છે અને શીતલ હોવાથી પિત્તને શાન્ત કરે છે. જેમ અગ્નિ સળગેલા પદાર્થોપર જળને રેડવું એ શાંતિ કરનાર છે તેમજ સંપૂર્ણ જીર્ણજ્વરોમાં ઘીનું પાન કરવું એ શાંતિ કરનાર છે. ૪૧

तत्र श्लोकाः

यथाप्रज्वलितंवेश्मपरिषिञ्चन्तिवारिणा ।
नराःशान्तिमभिप्रेत्यतथाजीर्णज्वरेघृतम् ॥ ४२ ॥

અહીં શ્લોક છે કે જેમ અગ્નિથી બળતા ઘરને મનુષ્ય પાણી છાંટે છે, અને તે જળ જેમ શાંતિકારક થાય છે તે પ્રકારે જીર્ણજ્વરોમાં ઘી પણ શાંતિકારક થાય છે. ૪૨.

स्नेहाद्वातंशमयतिशैत्यात्पित्तंनियच्छति ।
घृतंतुल्यगुणंदोषंसंस्कारात्तुजयेत्कफम् ॥ ४३ ॥

ઘી સ્નેહથી વાયુને શાંત કરે છે. અને શીતલતાથી પિત્તને શાન્ત કરે છે. ઘીમાં કફના જેવા ગુણો હોવાથી ઔષધિયોના સંસ્કારદ્વારા કફને જીતી લે છે. ૪૩.

ઘૃતનું ઉત્કૃષ્ટપણું.

नान्यःस्नेहस्तथाकश्चित्संस्कारमनुवर्त्तते ।
यथासर्पिरतःसर्पिःसर्वस्नेहोत्तमंपरम् ॥ ४४ ॥

જે પ્રકારે સંસ્કાર દ્વારા ધૃત ઔષધિયોના ગુણને ગ્રહણ કરી લેછે તેવી રીતે દ્રવ્યા-ન્તરથી સંસ્કાર કરેલાં બીજાં સ્નેહ, અર્થાત તેલ વિગેરે દ્રવ્યોના ગુણોને ગ્રહણ કરી શકતાં નથી. ૪૪.

गद्योक्तोयःपुनःश्लोकैरर्थःसमनुगीयते ।
तद्व्यक्तिव्यवसायार्थंद्विरुक्तःसनगर्ह्यते ॥ ४५ ॥

પ્રથમ ગદ્યોમાં જે કહેલા વિષયો હોય તે જો શ્લોકોદ્વારા ફરી કહેવામાં આવે તો તેમાં પુનરૂક્તિ દોષ ન માનવો જોઇએ કેમકે તે શ્લોકોમાં મનુષ્યોને યાદ રહી શકે છે, અને પ્રિય માલૂમ પડે છે, જેથી કથન કર્યું છે. ૪૫.

त्रिविधंनामपर्यायैर्हेतुंपञ्चविधान्गदान् । गदलक्षणपर्यायान् व्याधेःपञ्चविधं-

ग्रहम् ॥ ४६ ॥ ज्वरमष्टविधंतस्यप्रकृष्टासन्नकारणम् । पूर्वरूपश्चरूपश्चसंग्रहेभेषजस्यच ॥ ४७ ॥

व्याख्यातवाञ्ज्वरस्याग्रेनिदानेविगतज्वरः । भगवानग्निवेशायप्रणतायपुनर्वसुः४८

હવે અધ્યાયનો ઉપસંહાર કરીએ છીએ કે આ જ્વરનિદાન નામના અધ્યાયમાં ત્રણ પ્રકારનાં કારણ, પાંચ પ્રકારના રોગ વિજ્ઞાન, પાંચ પ્રકારના રોગોના લક્ષણોના પર્યાય તથા તેનો સંગ્રહ, આઠ પ્રકારના તાવ, આ તાવનાં વિકૃષ્ટ તથા સંનિકૃષ્ટ, કારણ, પૂર્વરૂપ, રૂપ, સંક્ષેપથી ઔષધીસંગ્રહ, સંતાપરહિત ભગવાન પુનર્વસુજીએ આ જ્વરનિદાનમાં કથન કર્યાં છે. ૪૬–૪૭–૪૮.

इति चरकप्रति संस्कृते तन्त्रे ज्वरनिदानोनामः प्रथमोऽध्यायः ॥१॥

ઇતિ ચરકે સુધારેલ જ્વર નિદાન નામનો પ્રથમ અધ્યાય સમાપ્ત થયો. ૧

द्वितीयोऽध्यायः।

रक्तपित्तनिदानम्.

अथातो रक्तपित्त निदानं व्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે રક્તપિતના નિદાનનું કથન કરીયે છીએ આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

રક્તપિત્તનાં કારણ.

पित्तंयथाभूतंलोहितपित्तमितिसंज्ञांलभतेतत्तथानुव्याख्यास्यामः । यदायस्तुजन्तुर्यवकोद्दालकोरदूषकप्रायाणिअन्नानिनित्यंभुञ्जतेभृशोष्णतीक्ष्णमपिचान्यदन्नजातंनिष्पावमाषकुलत्थक्षारसूपोहितंदधिमण्डोदश्वित्कटुमलकाञ्जिकोपहितंवाराहमाहिषाविकमत्स्यगव्यपिशितंपिण्याकंपिण्डालुकशाकोपहितंमूलकसर्षपलशुनकरञ्जशिग्रुकखडयूषभूस्तृणसुमुखसुरसकुठेरगण्डीरकालमालकपर्णासक्षवकफणिज्जकोपदंशंसुरासौवीरतुषोदकमैरेयमेचकमधूलककुदलबदराम्लप्रायान्नपानंपिष्टान्नोत्तरभयिष्ठमुष्णाभितप्तोऽतिमात्रमतिवेलंवापयसासमश्नातिरोहिणीकालकपोतमांसंवासर्षपतैलक्षारसिद्धंकुलत्थमाषपिण्याकजाम्बलकुचपक्वैःशौक्तिकैर्वासहक्षीरमाममतिमात्रमथवापिबत्युष्णाभितप्तस्तस्यैवमाचरतःपित्तंप्रकोपमापद्यते । लोहितञ्चस्वप्रमाणमतिवर्त्तते ॥ १ ॥

પિત્ત જે પ્રકારે રક્તપિત્ત સંજ્ઞાને પ્રાપ્ત થાય છે, તે પ્રકારની તેની વ્યાખ્યા કરીએ છીએ જ્યારે મનુષ્ય જ્વર, ઉદ્દાલક, કોદરા વિગેરે દ્રવ્યોનું નિરંતર સેવન કરેછે, અને અત્યંત ગરમ અને તીક્ષ્ણ અન્નોનું સેવન કરે છે. અથવા નિષ્પાવ, અડદ, કળથી, દાળ આદિ-

માં દહીંની તોર મેળવીને ખાય છે. અથવા ચરપરા, ખાટા કાંજી વિગેરે પદાર્થોનું અધિક સેવન કરે છે તથા સુવર, ભેંસ, ઘેટાં, માછલી, ગાય આદિનાં માંસને ખાય છે. તલની ખાણી, પરવળનું શાક, પાકામૂળા, સરસવ, લસણ, તથા અન્ય ખાટા પદાર્થોનું અત્યંત સેવન કરે છે. મિષ્ટાન્નનું અધિક સેવન કરે છે. ગરમીથી તૃપ્ત મનુષ્ય બહુજ ભોજન કરે, અને ભોજનના વખતે ઉપવાસ કરી પછી ભોજન કરે, અથવા રોહિણી નામની માછલી વા કાલકપોતના માંસને દૂધની સાથે, કાલકપોતના માંસને સરસવના તેલ અને ક્ષારની સાથે સિદ્ધ કરી ખાય છે, તેમજ કલથી, અડદ, તલની ખાણી, જાંબુ બડહહની સાથે પકાવેલ દુધને અથવા આ સર્વ વસ્તુઓનું કાચા દુધની સાથે અથવા તો કાંજીની સાથે પિત્ત પ્રકૃતિવાળો મનુષ્ય હંમેશાં સેવન કરે છે. તેના શરીરમાં પિત્ત કોપે છે, અને લોહિ પોતાના પ્રમાણ કરતાં વધી જાય છે. ૧.

રક્તના દુષિત થવાનાં કારણ.

तस्मिन्प्रमाणातिप्रवृत्तेपित्तंप्रकुपितंप्रकुपितंशरीरमनुसर्पद्यदैवयकृत्प्लीहप्रभा णांलोहितवहानांस्रोतसांलोहिताभिष्यन्दगुरूणिमुखान्यासाद्यप्रतिपद्यतेतदेवलोहितंदूषयति ॥ २ ॥

લોહિ પોતાના પ્રમાણ કરતાં અધિક થઇને અને પિત્તકોપિત થઇને શરીરમાં વિચરણ કરતાં જ્યારે યકૃત (કલેજું) અને પ્લીહા (બરોળ)થી પ્રગટ થયેલ લોહીને લઇ જનાર નાડિયોના લોહિના વહેવાથી ભારે મુખોમાં પ્રાપ્ત થાય છે ત્યારે રૂધિરને દુષિત કરે છે. ૨

રક્તપિત્ત નામનું કારણ.

संसर्गान्तर्लोहितप्रदूषणाल्लोहितगन्धवर्णानुविधानाच्चपित्तंलोहितमित्याचक्षते ३

અથવા સંસર્ગથી લોહિને દુષિત કરીને અથવા લોહિના સરખી ગંધ તથા વર્ણયુક્ત થવાથી પિત્તરક્ત કહેવાય છે. ૩

રક્તપિત્તનાં પૂર્વરૂપ.

तस्येमानिपूर्वरूपाणि । तद्यथा । अनन्नाभिलाषोभुक्तस्यविदाहःशुक्ताम्लरसगन्धस्योद्गारश्छर्देःअभीक्ष्णागमनंछर्दितस्यबीभत्सतास्वरभेदोगात्राणांसदनंपरिदाहश्चमुखाद्धूमागमइवलोहलोहितमत्स्यामगन्धित्वमपिचास्यस्य [illegible] रक्तवमङ्गावयवशकृन्मूत्र–स्वेदलालाशिंघानकास्यकर्णमल–पिडकानामङ्गसंवेदनालोहितनीलपीतश्यावानामर्चिष्मताश्च रूपाणांस्वप्नदर्शनमभीक्ष्णमितिलोहितपित्तपूर्वरूपाणि ॥ ४ ॥

તે રકતપિત્તનાં આ પૂર્વ રૂપ હોય છે. જેવાં કે અન્નની અનિચ્છા, ભોજનનો વિદાહ, વારંવાર ઓડકારની સાથે સરકા જેવા ખાટા રસો નિકળવા, અનેક પ્રકારની દુર્ગંધિત ઉલટી, સ્વરભેદ, અંગોની શિથિલતા, શરીરમાં બળતરા, મુખથી ધુમાડી નીકળવી, મુખમાંથી લોહ, રૂધિર તથા કાચી માછલી જેવી દુર્ગંધિ આવવી, અંગ, પુરીષ, મૂત્ર, સ્વેદ, લાળ નાસીકાનો મળ, મુખ, કાનનો મળ, તથા પિડીકાનું લાલ, હરિત અથવા પીળું થઇ જવું, શરીરમાં

પીડા થવી, સ્વપ્નમાં લાલ, લીલું, પીળું તથા કાળા રંગના તેજસ્વી રૂપોને જોવા, આ રક્તપિત્તનાં પૂર્વરૂપ છે. ૪

રક્તપિત્તના ઉપદ્રવ.

उपद्रवास्तु खलु दौर्बल्यारोचकाविपाकश्वासकासज्वरातीसारशोफशोषपाण्डुरोगस्वरभेदाः ॥ ५ ॥

રક્તપિત્તના આ ઉપદ્રવ છે. જેમકે દુર્બળતા, અરૂચિ, અન્ન ન પચવું, શ્વાસ, ખાંસી, તાવ, ઝાડા, સોજા, ક્ષય, પાંડુરોગ તથા સ્વરભંગ થાય છે. ૫

રક્તપિત્તના માર્ગ.

मार्गौ नरस्य द्वौ ऊर्ध्वश्चाधश्च तद्बहुश्लेष्मणे शरीरे श्लेष्मसंसर्गादूर्ध्वं प्रपद्यमानं कर्णनासिकानेत्रास्येभ्यः प्रच्यवते । बहुवाते तु शरीरे वातसंसर्गादधः प्रपद्यमानं मूत्रपुरीषमार्गाभ्यां प्रच्यवते । बहुवातश्लेष्मणि तु शरीरे श्लेष्मवातसंसर्गाद् द्वावपि मार्गौ प्रपद्यते । तौ मार्गौ प्रपद्यमानं सर्वेभ्य एव यथोक्तेभ्यः खेभ्यः प्रच्यवते शरीरस्य ॥ ६ ॥

રક્તપિત્તના બે માર્ગ છે. ઉર્ધ્વભાગ તથા અધોભાગ. બહુજ કફવાળા શરીરમાં કફના સંસર્ગથી ઉર્ધ્વ ભાગમાં પ્રાપ્ત થયેલ લોહિ, કાન, નાક, નેત્ર તથા, મ્હોઢાદ્વારા વહે છે. બહુજ વાતવાળા શરીરમાં વાયુના સંસર્ગથી અધોભાગમાં પ્રાપ્ત થયેલ લોહિ, મૂત્ર, તથા પુરીષના માર્ગોથી વહે છે, બહુજ વાયુ તથા કફવાળા શરીરમાં કફ તથા વાયુના સંસર્ગથી શરીરના ઉર્ધ્વભાગ તથા અધોભાગમાં પ્રાપ્ત થયેલ લોહિ પૂર્વોક્ત સર્વ માર્ગોથી વહે છે. ૬

રક્તપિત્તની સાધ્યાસાધ્યતા.

तत्र यदूर्ध्वभागं तत्साध्यं विरेचनोपक्रमणीयत्वाद्बह्वौषधत्वाच्च ॥ ७ ॥

ઉર્ધ્વ ભાગથી વહેનાર રક્તપિત્ત સાધ્ય છે. કેમકે તેની ચિકિત્સા વિરેચન દ્વારા થાય છે, અને તેનાં ઘણાં ઔષધો છે. ૭

यदधोभागं तद्याप्यं वमनोपक्रमणीयत्वादल्पौषधत्वाच्च ॥ ८ ॥

જે રક્ત અધોભાગથી વહે છે, તે યાપ્ય છે કેમકે તેની ચિકિત્સા વમનદ્વારા થાય છે, અને તેનાં ઔષધ સ્વલ્પ છે. ૮

यदुभयभागं तदसाध्यं वमनविरेचनायोगित्वादनौषधत्वाच्च ॥ ९ ॥

જે રક્તપિત્ત બંને માર્ગથી વહે છે તે અસાધ્ય છે કેમકે વમન તથા વિરેચનદ્વારા તેની ચિકિત્સા થઈ શકતી નથી. તેની કોઇ દવાજ નથી. ૯

રક્તપિત્તની ઉત્પત્તિ વિગેરે.

रक्तपित्तप्रकोपस्तु खलु पुरा दक्षयज्ञध्वंसे रुद्रकोपामर्षाग्निना प्राणिनां परिगतशरीरप्राणानामनुज्वरमभवत् ॥ १० ॥

પૂર્વે દક્ષના યજ્ઞનાં વિધ્વંશમાં શિવજીના અગ્નિ રૂપી કોપથી પ્રાણિયોના પ્રાણ તથા શરીર નષ્ટ થઈ જવાથી જ્વરના ઉપરાંત રક્તપિત્તની પણ ઉત્પત્તિ થયેલી છે. ૧૦

तस्याशुकारिणोदावाग्नेरिवापतितस्यात्ययिकस्याशुप्रशान्तौयतितव्यंमात्रांदेशं-कालञ्चाभिसमीक्ष्यसन्तर्पणेनापतर्पणेनवामृदुमधुरशिशिरतिक्तकषायैरभ्यवहार्य्यैः प्रदेहपरिषेकावगाहसंस्पर्शनैर्वमनाद्यैर्वातत्रावहितेनेति ॥ ११ ॥

શીઘ્રકારી દાવાગ્નિના સરખા ઉપસ્થિત પ્રાણઘાત રક્તપિત્તની શાન્તિને માટે માત્રા, તથા કાળને જોઇને સાવધાનતાપૂર્વક સંતર્પણથી અથવા અપતર્પણથી મૃદુ, મધુર, શીતલ, તીખા તથા કષાય રસયુક્ત ભોજન, લેપ, પરિષેક અવગાહન, તથા સંસ્પર્શનની દ્વારા અથવા વમનાદિદ્વારા ચિકિત્સા કરવી જોઇએ. ૧૧

तत्रश्लोकाः ।

साध्यंलोहितपित्तंतद्यदूर्ध्वंप्रतिपद्यते ।
विरेचनस्ययोगित्वाद्बहुत्वाद्भेषजस्यच ॥ १२ ॥

તેમાં આ શ્લોક છે. ઊર્ધ્વ માર્ગથી વહેનારા રક્તપિત્ત સાધ્ય છે. કેમકે તેની ચિકિત્સા વિરેચનદ્વારા થઈ શકે છે અને તેની દવા પણ બહુ છે. ૧૨

वमनंनहिपित्तस्यहरणेश्रेष्ठमुच्यते । यश्चतत्रानुगोवायुस्तच्छान्तौचावरंमतम् १३

પિત્તને દુર કરવામાં વમન શ્રેષ્ટ નથી અને તેની સાથે જે વાયુ છે તે પણ શાંત કરવામાં વમન શ્રેષ્ટ નથી. ૧૩

સંસૃષ્ઠ દોષોની ચિકિત્સા.

स्याच्चयोगावहं[illegible]यंतिक्तकानिच । तस्माद्याप्यंसमाख्यातं यद्रक्तमनुलोमगम् ॥ १४ ॥ रक्तन्तुयदधोभागंतद्याप्यमितिनिश्चयः । वमनस्याल्पयोगित्वादल्पत्वा-द्भेषजस्यच ॥ १५ ॥

આવા રક્તપિત્તમાં કષાય તથા તીખા રસવાળી ઔષધિયોનો ઉપયોગ કરવો જોઇએ. જેથી અધોભાગથી વહેનાર રક્તપિત્ત યાપ્ય કહેવાય છે. ૧૪ જે રૂધિર નિચેના ભાગથી વહે છે તે નિશ્ચય યાપ્ય છે કેમકે તે વમનના અલ્પયોગી અને થોડા ઔષધોવાળા છે. ૧૫

रक्तपित्तन्तुयन्मार्गौद्वावपिप्रतिपद्यते । असाध्यमपितज्ज्ञेयंपूर्वोक्तादपिकारणात् ॥ १६ ॥ नहिसंशोधनंकिञ्चिदस्त्यस्यप्रति मार्गगम् । प्रतिमार्गश्च हरणंरक्तपित्ते-विधीयते । एवमेवोपशमनंसर्वशोनास्यविद्यते ॥ १७ ॥ संसृष्टेषुचदोषेषुसर्वजि-च्छमनंमतम् ॥ १८ ॥ इत्युक्तांत्रिविधोदर्करक्तंमार्गविशेषतः ॥ १९ ॥

જે રક્તપિત્ત બંને માર્ગોથી પ્રવૃત્ત થાય છે. તેને પૂર્વોક્ત કારણોથી અસાધ્ય જાણવા જોઇએ. ૧૬. બંને માર્ગોથી પ્રવૃત થનાર રકત પિત્તમાં પ્રતિકુલ માર્ગના દોષોને કહાડનાર કોઇ સંશોધન નથી. અને પ્રતિકુલમાર્ગથી દોષોને કહાડવા એ રકત પિત્તમાં આવશ્યક છે, અને આ પ્રકારે તેને શાંતકરનાર ઔષધ પણ નથી. ૧૭.

મિશ્ર દોષોમાં ત્રિદોષનાશક ઔષધ હિતકર નિવડે છે. ૧૮. આ પ્રકારે માર્ગોની વિશેષતાથી ત્રણ પ્રકારના રક્તપિત કહ્યા. ૧૯

[illegible]भ्यःकिञ्चित्साध्यंनसिध्यति । प्रेष्योपकरणाभावाद्दौरात्म्याद्वैद्य-दोषतः । अकर्मतश्चसाध्यत्वंकश्चिद्रोगोऽतिवर्त्तते ॥ २० ॥

સાધ્ય રોગને અસાધ્ય થવાનું કારણ.

સાધ્ય રોગોને અસાધ્ય થવાનું કારણ મઞીનો અભાવ, રોગીની દુષ્ટતા તથા વૈદ્યોના દોષના કારણોથી સાધ્ય રોગ પણ અસાધ્ય થાય છે. કોઈ કોઈ રોગ ચિકિત્સા ન કરવાથી પણ અસાધ્ય થઇ જાય છે. ૨૦

तत्रासाध्यत्वमेकंस्यात्साध्ययाप्यपरिक्रमात् ।
रक्तपित्तस्यवि[illegible]योपदेक्ष्यते ॥ २१ ॥

સાધ્ય અને યાપ્ય બંનેની ચિકિત્સા કરવામાં આવે છે. જેથી સાધ્યત્વ એકજ છે જેમ રક્તપિત, પિત્તના સાધ્યા સાધ્યજ્ઞાનનો અહીં ઉપદેશ કરીએ છીએ. ૨૧

અસાધ્યનાં વધુ લક્ષણ,

यत्कृष्णमथवानीलंयद्वाशक्रधनुष्प्रभम् ।
रक्तपित्तमसाध्यंतद्वाससोरञ्जनञ्चयत् ॥ २२ ॥

જે રક્તપિત્ત વાળાને કાળું, લીલું અથવા ઇન્દ્ર ધનુષના સરખું લોહી પડે તે અસાધ્ય છે, અને જે રક્તપિત્તવાળાના રૂધિરથી રંગેલા વસ્ત્રના ડાઘ ન છૂટે તે પણ અસાધ્યછે.૨૨

भृशंपूत्यतिमात्रञ्चसर्वोपद्रववच्चयत् ।
बलमांसक्षयेय[illegible]क्तमसिद्धिमत् ॥ २३ ॥

જે રકતપિત્તવાળાને અત્યંત દુર્ગન્ધિત વ માત્રાથી અધિક રૂધિર પડે તથા યક્ત સમ્પૂર્ણ ઉપદ્રવ થાય તે અસાધ્ય છે. જે રકતપિત્તવાળાનું માંસ તથા બળ ક્ષીણ થઇ ગયું હોય તે અસાધ્ય છે. ૨૩

येनचोपहतोरक्तंरक्तपित्तेनमानवः ।
पश्येद्दृश्यंवियच्चैवतच्चासाध्यमसंशयम् ॥ २४ ॥

જે રક્તપિત્તવાળા મનુષ્ય સંપૂર્ણ દ્રવ્ય વસ્તુ તથા આકાશને લાલ રંગનું દેખે તે નિઃસંદેહ અસાધ્ય છે. ૨૪

રક્તપિત્તમાં કર્તવ્યતા.

तत्रसाध्यंपरित्याज्यंयाप्यंयत्नेनयापयेत् ।
साध्यश्चावहितःसिद्धैर्भेषजैःसाधयेद्भिषक् ॥ २५ ॥

વૈદ્યોને યોગ્ય છે કે અસાધ્ય રક્તપિત્તવાળાની ચિકિત્સા ન કરવી. યાપ્યને યત્નથી સ્થિત રાખીને સાધ્યની સિદ્ધ ઔષધિયો દ્વારા સાવધાનતાપૂર્વક ઔષધ કરવું. ૨૫

तत्रश्लोकः ।

कारणंनामनिर्वृत्तिपूर्वरूपाण्युपद्रवान् । मार्गौदोषानुबन्धश्चसाध्यत्वंनचहेतुमत् ॥ २६ ॥ निदानेरक्तपित्तस्यव्याजहारपुनर्वसुः । वीतमोहरजोद्वेषलोभमानमद-स्पृहः ॥ २७ ॥

તેમાં આ શ્લોક છે રક્તપિત્તનું નિદાન, સંપ્રાપ્તિ, પૂર્વ રૂપ, ઉપદ્રવ, માર્ગ, દોષોના અનુબંધ, અનેક કારણુ સહિત સાધ્યતા તથા અસાધ્યતા ૨૬. આ સર્વ વિષય આ રક્તપિત્ત નિદાન નામના અધ્યાયમાં મોહ, રજોદોષ, લોભ, માન, મદ તથા સ્પૃહા રહિત ભગવાન આત્રેજીએ કહ્યાં છે.

इति अग्निवेश कृतेतंत्रे चरकप्रति संस्कृते रक्तपित्त निदानं द्वितीयोऽध्यायः ॥ २ ॥

ઇતિ અગ્નિવેશ કૃત અને ચરકે સુધારેલ રક્તપિત્તનિદાન નામનો બીજો અધ્યાય સમાપ્ત થયો. ૨

तृतियोऽध्याय:।

गुल्मनिदानमः ।

अथातो गुल्मनिदानं व्यारव्या स्याम इति हस्माह भगवानात्रेय :।

હવે અમે ગુલ્મનિદાનની વ્યાખ્યા કહીએ છીએ. એ પ્રકારે ભગવાન આત્રેજીએ કહેવા માંડયું.

ગુલ્મોના પ્રકાર.

इहखलुपञ्चगुल्माभवन्ति । तद्यथा—वातगुल्मः पित्तगुल्मः श्लेष्मगुल्मोनिचयगुल्मःशोणितगुल्मइति ॥ १ ॥

પાંચ પ્રકારના ગુલ્મ (ગોળાનું દરદ) હોય છે. જેવાકે વાત ગુલ્મ, પિત્તગુલ્મ અને સંન્નિપાત ગુલ્મ તથા રક્તજ ગુલ્મ. ૧

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाचकथमिहभगवन् ? पञ्चानांगुल्मानांविशेषमभिजानीमहे । नह्यविशेषविद्रोगाणामौषधविदपिभिषक्प्रशमनसमर्थइति ॥ २ ॥

આ પ્રકારે કથન કરતા ભગવાન આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે, હે ભગવાન! પાંચે ગુલ્મોની વિશેષતા કેવી રીતે જણાય ! કેમકે દવાઓના જાણુનારા વૈદ્ય રોગોની વિશેષતાને જાણ્યા સિવાય ચિકિત્સા કરી શકે નહિ. ૨.

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । समुत्थानपूर्वरूपलिङ्गवेदनोपशयविशेषेभ्योविशेषविज्ञानंगुल्मानांभवत्यन्येषाञ्चरोगाणामग्निवेश । तत्तुखलुगुल्मेषूच्यमानंनिबोध ॥३॥

આ સાંભળી ભગવાન આત્રયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ ! નિદાન, પૂર્વ રૂપ, લક્ષણ,

વેદના તથા ઉપશયની વિશેષતાથી ગુલ્મોની તથા બીજા રોગોની વિશેષતા જાણી શકાયછે. તેમાં તમે ગુલ્મોના કારણ વિગેરેનું શ્રવણ કરો. ૩.

વાત કુપિત થવાનાં કારણ.

यदा रुषोवातलोविशेषेणज्वरवमनविरेचनातीसाराणामन्यतमेनकर्शनेनकर्शितो-[illegible]अस्नेहपूर्वेवावमनविरेचनेपिबत्यनुदी-र्णान्वात[illegible]वेगान्विरुणद्धि अत्यशितोवापि[illegible]वोदकमतिमात्रसंक्षोभिणा यायानेनयातिअतिव्यवायव्यायाममद्यरुचिर्वाभिघातमिच्छतिवाविषमाशनशयन-स्थानचंक्रमणसेवीवाभवतिअन्यद्वाकिञ्चिदेवंविधंवा अतिमात्रंव्यायामजातंवाआर-भ तेतस्यापचाराद्वातः प्रकोपमापद्यते ॥ ४ ॥

જ્યારે વાત કુપિત પુરૂષ, જવર, વમન, વિરેચન તથા અતિસાર આમાંથી કોઇ દ્વારા અત્યંત વશ થઇને બાદી અથવા શીતલ વસ્તુ ખાયછે. સ્નેહન કર્યા સિવાય વમન કરનાર ઔષધ પીવેછે, રૂચિ સિવાય વમનાદિ કરે છે. વાત, મૂત્ર તથા પુરીષના વેગને રોકેછે. નવિન અન્ન અને નવીન જળનો અધિક ઉપયોગ કરે છે, અથવા બહુજ હેલા આવે એવી સવારી ઉપર બેસે, મૈથુન, વ્યાયામ, ભયનું અધિક સેવન કરે, લાગવાથી, વિષમભોજન અને વિષય શમન કરવાથી, ઉંચા નીચા સ્થાનમાં અધિક ફરવાથી, અથવા તો આ પ્રકારનાં બીજાં થાકને ઉત્પન્ન કરનારાં કારણોથી, તથા વાતકારક કારણોથી, ઉપસ્થિત થવાથી અને ઉપરોક્ત વમન, વિરેચનાદિકોમાં કોઈ પ્રકારનો અપચાર થવાથી વાયુનો કોપ થાયછે. ૪.

મહા કુપિત વાયુથી ગુલ્મની ઉત્પત્તિ.

समकुपितोमहास्रोतोऽनुप्रविश्यरौक्ष्यात्कठिनीकृत्याप्लुत्यपिण्डितोऽवस्थानंकरो-ति । हृदिबस्तौपार्श्वयोर्नाभ्यांवासशूलमुपजनयति । प्रवातजन्याननेकविधान्वे-द[illegible]जनयतिग्रन्थींश्चानेकविधान् । पिण्डितश्चावतिष्ठतेसपिण्डितत्वाद्-गुल्मइत्युपचर्य्यते ॥ ५ ॥

કોપેલ વાયુ મહા નાડિયોમાં પ્રવેશ કરીને, રૂક્ષતાથી કઠોર થઇને, ચક્કર ખાઇને, એક ગોળ મટોળ ગોળાને ઉત્પન્ન કરેછે. તે હૃદય, બસ્તિ, પાંસળી તથા ડુંટીમાં શૂળ ઉત્પન્ન કરેછે, અને અનેક પ્રકારની વાતજ પીડા તથા અનેક પ્રકારની ગ્રંથી ઉત્પન્ન કરેછે. ગોળાની સમાન તે વાયુ સ્થિત થાય છે. તેને ગુલ્મ કહે છે. ૫

વાત ગુલ્મમાં ઉપદ્રવ.

**सचमुहुरादध्मातिमुहुरल्पत्वमापद्यतेअनियतवेदनाश्चलत्वाद्वायोः पिपीलिकासंप्रकी-[illegible]तोदस्फुरणायामसङ्कोचहर्षप्रलयोदयबहुलस्तदातुरश्चसूच्येवशंकुनेवचातिवि-द्धमात्मानंमन्यतेऽपिचदिवसान्तेज्वर्य्यतेशुष्यतिचास्यास्यं उच्छ्वासश्चोपरुध्यतेहृ-ष्यन्तिरोमाणिवेदनायाःप्रादुर्भावेप्लीहाटोपान्त्रकूजविपाकोदावर्त्ताङ्गमर्दमन्यासिरः

संरव कन्नध्मरामाश्चैनमुपद्रवन्तिकृष्णारुणपरुषत्वङ्नखनयनवदनमूत्रपुरीषश्चभवतिनिदानोक्तानिचास्यनोपशेरतेविपरीतानिचोपशेरतइतिवातगुल्मः ॥ ६ ॥

આ ગોળો વારંવાર વધે ઘટે છે. જેથી પીડા પણ કદી વધુ અને કદી ઓછી થાય છે. વાયુની ચંચળતાથી તેમાં કીડીયો કરડવા જેવી પીડા, તોડ (વ્યથા) સ્ફુરણ (ફરકવું) વિસ્તાર, સંકોચ, રોમાંચ પ્રલય, બંધ થવું, તથા ઉદય (માલુમ પડવું) આ સર્વ વાતો થાય છે, રોગીના શરીરમાં સોય ઘોચવા જેવી, તથા કાંટા વાગવા જેવી પીડા થાય છે, દિવસના અંતે તાવ આવે છે, મુખ સુકાય છે, શ્વાસ રોકાય છે, અને રોમાંચ થાય છે. જ્યારે પીડા થાય છે ત્યારે બરોળ, આફરો, આંતરડાને ગડગડાટ, અન્નનું ન પચવું, ઉદાવર્ત, અંગમર્દ અને મન્યાનસ (ગળાની પાછળની નસ) તથા લલાટનાં હાડકાંમાં પીડા અને બદ આ સર્વ રોગ થાય છે. ચામડી, નખ, મુખ, મૂત્ર તથા મળનો રંગ કાળો, લૂખો તથા કર્કશ થઇ જાય છે. નિદાનમાં કહેલા આહાર વિહારોથી કલેશ થાય છે, અને તેનાથી વિપરિત અહાર વિહારોથી સુખ થાય છે. આ સર્વ વાતજ ગુલ્મનાં લક્ષણ થાય છે. ૬

વાયુ પિત્ત પ્રકોપનું કારણ.

तैरेवतुकर्षणैःकर्षितस्याम्ललवणकटुकक्षारोष्णतीक्ष्णशुष्कव्यापन्नमद्यहरितकफलाम्लानांविदाहिनाश्चशाकमांसानामपयोगादजीर्णाध्यशनाद्रौक्ष्यानुगतेचामाशयेवमनविरेचनमतिवेलसन्धारणंवातातपौचातिसेवमानस्यपित्तंसहमारुतेनप्रकोपमापद्यते ॥ ७ ॥

પૂર્વોક્ત તાવના તથા વમન વિરેચનાદિ દુર્બલ કરનાર કારણોથી કૃશ થયેલા પુરૂષને ખાટું, ખારૂં, કડવું, ખાર, ગરમ, તિક્ષ્ણ, સુકું, સડેલું, મધ, દહીં, ફળ, કાંજી અને વિદાહ કરે તેવાં શાક તથા માંસનો ઉપયોગ કરવાથી, અજીર્ણમાં ખાવાથી, આમાશયના રૂક્ષ થવાથી, વારંવર વમન કરવાથી, તથા મળ મૂત્રાદિના વેગોને રોકવાથી અને વાયુ તથા તાપનું બહુજ સેવન કરવાથી વાત સહિત પિત્ત કોપિત થાય છે. ૭

પિત્ત પ્રકોપથી ગુલ્મ.

ततंप्रकुपितंमारुतआमाशयैकदेशेसंवर्त्यतान्वेदनाप्रकाराःप्रजनयतियउक्तावातगुल्मेपित्तंतेनावदहतिकुक्षौहृदयुरसिकण्ठेचातुरस्यस्वदहःसधूममिवोद्गारमुद्गिरत्यम्लान्वितंगुल्मावकाशश्चास्यदह्यतेदूयतेधूप्यतेउष्मायतेस्विद्यतिक्लिद्यतिमृदुशिथिलइवचास्पर्शासहोऽल्परोमाश्चोभवतिज्वरभ्रमदवथुपिपासागलवदनतालुशोषप्रमोहविड्भेदाश्चभवन्ति । हरितहारिद्रत्वङ्नखनयनवदनमूत्रपुरीषश्चभवतिनिदानोक्तानिचास्यनोपशेरतेविपरीतानिचास्यचोपशेरतइतिपित्तगुल्मः ॥ ८ ॥

કુપિત થયેલા પિત્તને વાયુ આમાશયના કોઈ સ્થાનમાં રાખીને પૂર્વોક્ત વાત ગુલ્મમાં કહેલી પીડાઓને ઉત્પન્ન કરે છે અને પછી તે પિત્ત ગુલ્મ કુખ, હૃદય, છાતી અને કંઠમાં બળતરા કરે છે, ને ગુલ્મ દાહ યુક્ત થઇને ધુમાડાની સમાન તથા ખાટા ઓડકાર

લાવે છે. ગુલ્મ સ્થાનમાં બળતરા થાય છે, અને ધુમાડો નીકળતો જણાય છે. પરસેવો આવે છે, શરીર ભીનું જણાય છે, કોમળતા તથા શિતળતા જણાય છે, સ્પર્શ સહેવાતો નથી, રોમાંચ થાય છે, તાવ, ભ્રમ, સંતાપ, ત્વચા અને કંઠ, મુખ તથા તાળુનું સુકાવું, મોહ તથા મળભેદ આ સર્વ રોગ થાય છે. ત્વચા, નખ, નેત્ર, મુખ, મૂત્ર, મળ આ સર્વ હરમાં અથવા પીળાં થઇ જાય છે, પિત્તકારક પદાર્થોથી વધવું, અને તેના વિપરીતાથી શાન્ત થવું આ સર્વ પિત્ત ગુલ્મનાં લક્ષણુ થાય છે. ૮

કફના પ્રકુપિત થવાનાં કારણ.

तैरेवतुकर्षणैःकर्षितस्यात्यशनात्स्निग्धगुरुमधुरशीताशनात्पिष्टेक्षुक्षीरमाषतिलगुडविकृतिसेवनमद्यपानाद्धरितकातिप्रीणनयादानूपौदकग्राम्यमांसातिभक्षणात्सन्धारणादतिसुहितस्यचातिप्रगाढमुदकपानात्संक्षोभणाद्वाशरीरस्यश्लेष्मासहमारुतेनप्रकोपमापद्यते ॥ ९ ॥

પૂર્વોકત જ્વર તથા વમનાદિ કૃશકારી પુરણોથી કૃષ થયેલો પુરૂષ જો તે અધિક ભોજનથી, સ્નિગ્ધ, ભારે, મધુર તથા શીતલ વસ્તુ ખાવાથી મેદો વિગેરે લોટ, ગોળ, દુધ અડદ, તલ, મિઠાઇ, વિગેરે પદાર્થોના સેવનથી, મદ્યપાનથી, હરિત વસ્તુઓ અને માંસને અધિક ખાવાથી, મલ મૂત્રાદિના વેગોને રોકવાથી, અને બહુજ ભોજન કરી અધિક જલ પીવાથી તથા ક્ષોભથી દેહનો કફ વાતની સાથે કુપિત થાય છે. ૯

પ્રકુપિત કફથી ગુલ્મની ઉત્પત્તિ.

तंप्रकुपितंमारुतआमाशयैकदेशेसंवर्त्यतानेववेदनाप्रकारानुपजनयतियउक्तावात गुल्मे । श्लेष्मात्वस्यशीतज्वरारोचकाविपाकाङ्गमर्दहर्षहृद्रोगच्छर्दिनिद्रालस्यस्तैमित्यगौरवशिरोऽभितापानुपजनयति अपिच गुल्मस्यस्थैर्यगौरवकाठिन्यावगाढसुप्तताःतथाकासश्वासप्रतिश्यायान्राजयक्ष्माणञ्चातिप्रवृद्धःश्वैत्यंत्वङ्नखनयनवदनमूत्रपुरीषेषुउपजनयति । निदानोक्तानिचास्यनोपशेरतेतद्विपरीतानिचोपशेरतइतिश्लेष्मगुल्मः ॥ १० ॥

કોપિત થયેલા તે કફને વાયુ આમાશયના કોઈ સ્થાનમાં રાખીને પૂર્વોક્ત પીડાઓને ઉત્પન્ન કરે છે જે વાતગુલ્મમાં કહેલી છે. અને એ કફથી બનેલો ગુલ્મ નિંદ્રા, સુસ્તી, સ્થિરતા, ભારેપણું, તથા માથામાં ગરમી ઉત્પન્ન કરે છે, અને નિશ્ચય કરીને ગુલ્મસ્થાનમાં ગૌરવ, કઠોરતા તથા અત્યંત સુન્નતા થાય છે. ખાંસી, શ્વાસ, પ્રતિશ્યાય, રાજ્યક્ષ્મા, આ ઉત્પન્ન થાય છે. અને ત્વચા, નખ, નેત્ર, મૂત્ર એ સર્વનો રંગ સફેદ થઈ જાય છે, અને નિદાનમાં કહેલા કારણોથી રોગનું વધવું, તથા તેના વિપરીત કારણોથી શાંત થવું આ સર્વ કફજન્ય ગુલ્મનાં લક્ષણુ હોય છે. ૧૦

સંન્નિપાત ગુલ્મનું વર્ણન.

त्रिदोषहेतुलिङ्गसन्निपातात्तुसान्निपातिकंगुल्ममुपदिशन्तिकुशलाः । सप्रतिषिद्धोपक्रमत्वादसाध्योनिचयगुल्मः ॥ ११ ॥

જે ગુલ્મમાં ત્રણે દોષોનાં કારણ અને લક્ષણ મળતાં હોય તે ગુલ્મને કુશળ વૈદ સન્નિપાતજ ગુલ્મ કહે છે, તેની કોઈ ચિકિત્સા નથી જેથી તે અસાધ્ય હોય છે. ૧૧

રક્ત ગુલ્મ.

शोणितगुल्मस्तु खलुस्त्रियाएवभवतिनपुरुषस्य ।
गर्भकोष्ठार्त्तवागमनवैशेष्यात्   ॥ १२ ॥

રક્તજ ગુલ્મ સ્ત્રીઓનેજ થાય છે, પુરૂષને થતો નથી કેમકે સ્ત્રીયોનેજ ગર્ભાશયમાં ઋતુ સંબંધી રૂધિર આવીને એકઠું થાય છે. ૧૨

રકત ગુલ્મની ઉત્પત્તિનાં કારણ.

पारतन्त्र्यादवैशारद्यात्सततमुपचारानुरोधाद्वेगानुदीर्णानुपरुन्धन्त्याआमगर्भेवापि अचिरात्पतितेतथाप्यचिरप्रजातायाऋतौवावातप्रकोपनान्यासेवमानायावातप्रकोपमापद्यते ॥ १३ ॥

सप्रकुपितोयोन्यामुखमनुप्रविश्यार्त्तवमुपरुणद्धिमासिमासितदार्त्तवमुपरुध्यमानंकुक्षिमभिवर्द्धयति ॥ १४ ॥

સ્ત્રિયો પરતંત્ર હોવાથી અને શારીરિક વિષયમાં મૂર્ખ હોવાથી નિરંતર પોતાના ઘર અને સંતાન આદિના કામમાં લાગેલી રહેવાથી અને મળમૂત્રાદિકના વેગોને રોકવાથી તેમજ કસુવાવડ થવાથી અથવા સુવાવડ વખતે યા રૂતુકાળમાં વાતને પ્રકોપ કરનાર પદાર્થના સેવનથી સ્ત્રીના શરીરમાં વાયુ કોપિત થાય છે, અને તે કોપિત વાયુ યોનીના મુખમાં પ્રવેશ કરીને રજોધર્મને રોકે છે. જેથી પ્રતિમાસે તે રોકાયલું રજ (લોહી) કુખમાં વધેછે. ૧૩-૧૪

तस्याःशूलकासातीसारच्छर्द्यरोचकाविपाकाङ्गमर्दनिद्रालस्यकफप्रसेकाःसमुपजायन्तेस्तनयोश्चस्तन्यमोष्ठयोस्तनमण्डलयोश्चकार्ष्ण्यंग्लानिःचक्षुषोर्मूर्च्छाहृल्लासोदोहदःश्वयथुःपादयोरीषच्चोद्गमोरोमराज्यायोन्याश्चाजननत्वमपिचयोन्यादौर्गन्ध्यमास्रावश्चोपजायते ॥ १५ ॥ केवलश्चास्यागुल्मःस्पन्दतेतामगर्भांगर्भिणीमित्याहुर्मूढाः ॥ १६ ॥

અને તેથી તે સ્ત્રીને શૂળ, ખાંસી, અતિસાર, છર્દિ, અરૂચિ, અવિપાક, અંગમર્દ, નિંદ્રા, આળસ તથા મુખથી બહુજ કફ વહેવો આ રોગ ઉત્પન્ન થાયછે. સ્તનોમાં દુધ ઉત્પન્ન થાય છે, ઓઠ અને સ્તન મંડળ કાળાં થાય છે, આંખો નીકળી પડવા જેવી પીડા થાય છે, મૂર્છા, આળસ તથા સર્વ ગરભનાં લક્ષણ થાય છે, પગમાં સોજા, રોમાંચ થવું, યોનીમાં ગર્ભ પ્રગટ થવા જેવાં લક્ષણ દેખાવાં, યોનીમાંથી દુર્ગંધિ આવવી તથા પાણી વહેવું આ લક્ષણ થાય છે. આ સ્ત્રીનો આખા પેટમાં કેવળ ગુલ્મજ ધ્રુમે છે. મુર્ખ વૈદ એવી ગર્ભ રહિત સ્ત્રીને ગર્ભવંતી કહે છે. ૧૫-૧૬.

ગુલ્મનાં રૂપ.

एषांतुखलुपञ्चानांगुल्मानांप्रागभिनिर्वृत्तेरिमानिपूर्वरूपाणि । तद्यथा—अनन्नाभि-

लषणमरोचकाविपाकाग्निवैषम्यंविदाहोभुक्तस्यपाककालेचायुक्त्याछर्दिरुद्गारोवा- तमूत्रपुरीषवेगाणामप्रादुर्भावःप्रादुर्भूतानाञ्चाप्रवृत्तिःसङ्गःईषदागमनंवावातशूला टोपान्त्रकूजनपरिहर्षणातिवृत्तपुरीषताअबुभुक्षा दौर्बल्यंसौहित्यस्याक्षमत्वमिति- गुल्मपूर्वरूपाणि ॥ १७ ॥

આ પાંચે ગુલ્મોમાં ઉત્પત્તિના પહેલાં આ પ્રમાણે પૂર્વરૂપ હોય છે. જેવાં કે, અન્નની અનિચ્છા, અરૂચિ, અવિપાક, અગ્નિની વિષમતા, અન્નનું વિદગ્ધ થઇને પચવું, ભોજનના પરિપાક સમયમાં અયુક્તવમન થવું, ઓડકાર આવવા, વાયુ, મૂત્ર, તથા મળનો વેગ ન થવો અને વેગ થવા છતાં પણ ઝાડા આદિનું ખુલાસે ન થવું, અથવા સ્વલ્પ થવું, વાતજ શૂળ, પેટમાં ગડગડાટ થવો, આંતરડાં બોલવાં, રોમાંચ, મળના ગઠ્ઠા બાઝી જવા, ભુખ ન લાગવી, દુર્બળતા અને પેટ ભરીને ભોજન કરવાથી અધિક કલેશ થવો આ ગુલ્મોનાં પૂર્વરૂપ છે. ૧૭.

सर्वेष्वपिचगुल्मेषुनकश्चिद्वाताद्दतेसम्भवति । गुल्मस्तेषांसन्निपातजमसाध्यंज्ञात्वा- नोपक्रमेत।एकदोषजेतुयथास्वमारम्भंप्रणयेत्संसृष्टास्तुसाधारणेनकर्मणोपचरेत् १८

સંપૂર્ણ ગુલ્મોમાં વાયુ વિના કોઇ ગુલ્મ થતો નથી. તેમાં સન્નિપાતજ ગુલ્મ અસાધ્ય છે. તેથી તેની ચિકિત્સા ન કરવી. એક દોષવાળા ગુલ્મમાં જે દોષથી ગુલ્મ થાય તે દોષને અનુસાર ચિકિત્સા કરવી, બે દોષવાળા ગુલ્મમાં બંને દોષોની સાધારણ ચિકિત્સા કરવી. ૧૮.

यद्वाअन्यदप्यविरुद्धंमन्येत तदवचारयेद्विभज्यगुरुलाघवमुपद्रवाणांसमीक्ष्यगुरूप- द्रवांस्त्वरमाणः चिकित्सयेज्जघन्यमितरांस्त्वरमाणस्तुविशेषमुपलभ्य गुल्मेष्वात्य- यिकेकर्मणिवातचिकित्सितंप्रणयेत् ॥ १९ ॥

અને ઉપદ્રવોની ગુરૂતા તથા લઘુતાનો વિચાર કરીને અને જે કાંઇ ચિકિત્સા વિરૂદ્ધ ન હોય તે કરી ઉપદ્રવોની ગુરૂતાને જોઇને જે દોષ વધ્યો હોય તેની ચિકિત્સા જલદીથી કરવી, અને દોષોની વિશેષતાને જાણીને આત્યંતિક કર્મમાં વાતની ચિકિત્સા કરવી. ૧૯.

स्नेहस्वेदौवातहरौस्नेहोपसंहितश्चमृदुविरेचनंबस्तीनम्ललवणमधुरांश्चरसान्युक्ति- तोऽवचारयेत्मारुतेह्युपशान्तेस्वल्पेनापिप्रयत्नेनशक्यमन्योऽपिदोषोनियन्तुंगुल्मे- ष्विति ॥ २० ॥

૭ વાતનાશક સ્નેહન, સ્વેદન, સ્નેહ યુક્ત, મૃદ્રા, વિરેચન, બસ્તિ, ક્રિયા, અને ખાટું ખારૂં તથા મીઠા રસના દ્વારા યુક્તિ પુર્વક ચિકિત્સા કરવી, કેમકે ગુલ્મોમાં વાયુના શાંત થઈ જવાથી બીજા દોષ થોડાજ દોષથી શાંત થઈ શકે છે. ૨૦

तत्र श्लोकौ.

गुल्मिनामनिलशान्तिरुपायैःसर्वशोविधिवदाचरितव्या । मारुतेह्यवजितेऽन्यमुदी- र्णंदोषमल्पमपिकर्मनिहन्यात् ॥ २१ ॥

તેમાં આ બે શ્લોક છે. ગુલ્મરોગવાળાના વાયુને યુક્તિ પૂર્વક શાંત કરવો જોઇએ. કેમકે વાયુના શાંત થવાથી વધેલો અન્ય દોષ પણ થોડાજ યત્નથી શાંત થઇ જાય છે. ૨૧

संख्यानिमित्तरूपाणि पूर्वरूपमथापिच ।
दृष्टंनिदानेगुल्मानामुपदेशश्चकर्मणाम् ॥ २२ ॥

આ ગુલ્મ નિદાન અધ્યાયમાં ગુલ્મોની સંખ્યા, નિમિત્ત, લક્ષણ, પૂર્વરૂપ તથા કર્મોના ઉપદેશનું વર્ણન છે. ૨૨

इति अग्निवेश कृततन्त्रे चरकप्रतिसंस्कृते गुल्मनिदानंनाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ ગુલ્મ નિદાન નામનો તૃતીયો અધ્યાય સંપૂર્ણ થયો.

चतुर्थोऽध्यायः ।

प्रमेह निदानम् ।

अथातः प्रमेह निदानं व्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે પ્રમેહના નિદાનની વ્યાખ્યા કરીએ છીએ. એવું ભગવાન્ આત્રેયજી કથન કરવા લાગ્યા.

પ્રમેહની સંખ્યા.

त्रिदोषकोपनिमित्ताविंशतिःप्रमेहविकाराःचापरेऽपरिसंख्यथाः । तत्रयथात्रिदोषकोपपः प्रमेहानभिनिवर्त्तयतितथानुव्याख्यास्यामः ॥ १ ॥

વાતાદિ ત્રિદોષના કોપથી વીશ પ્રકારના પ્રમેહ થાય છે. અને તે સિવાય અસંખ્ય પ્રમેહ બીજા પણ થાય છે. તેમાં હાલ વાતાદિ ત્રિદોષથી જે પ્રમેહ ઉત્પન્ન થાય છે તેનું વ્યાખ્યાન કરીએ છીએ. ૧.

इहखलुनिदानदोषदूष्यविशेषेभ्योविकाराणांविघातभावाभावप्रतिविशेषाभवन्ति २

નિદાન, દોષ તથા દૂષ્ય, તેની વિશેષતાથી રોગોના વિઘાત, ભાવ તથા અભાવ વિશેષ થાય છે. ૨,

यदाह्येतेत्रयोनिदानादिविशेषाःपरस्परंनानुबध्नन्तिअयथाप्रकर्कर्षादबलीयांसोवानुबध्नन्तिनतदाविकाराभिनिर्वृत्तिः । चिराद्वाप्यभिनिवर्त्तन्तेतनवोवाभवन्त्यथवाप्ययथोक्तसर्वलिङ्गाविपर्ययेणविपरीता इतिसर्वविकारविघातभावाभावप्रतिविशेषाभिनिर्वृत्तिर्हेतुरुक्तः ॥ ३ ॥

જ્યારે નિદાન, દોષ તથા દૂષ્ય આ ત્રણ પરસ્પર અનુબંધ મળીને દોષને ઉત્પન્ન નથી કરતા અથવા વૃદ્ધિના ન થવાથી નીર્બળ થઈને અનુબંધ કરે છે, ત્યારે રોગની ઉત્પત્તિ થતી નથી. અથવા બહુ વખતે રોગ ઉત્પન્ન થાય છે, યા સૂક્ષ્મ થાય છે, અથવા સંપૂર્ણ લક્ષણો-

થી રહિત થાય છે. અને નિદાન દોષ તથા દૂષ્યોનો પરસ્પર અનુબંધ થવાથી રોગ અવસ્ય જલદીથી ઉત્પન્ન થાય છે, અને સંપૂર્ણ લક્ષણ યુકત થાય છે. આ પ્રકારે સંપૂર્ણ રોગોના વિઘાતભાવ તથા અભાવની વિશેષતાની સિદ્ધિનું કારણ કહેવામાં આવ્યું. ૩.

પ્રમેહ નિદાનના ભેદ.

तत्रइमेनिदानादिविशेषाःश्लेष्मनिमित्तानांप्रमेहाणामाशुअभिनिर्वृत्तिकराःतद्यथा हायनकयवचीनकोद्दालकनैषधोत्कटमुकुन्दकमहाव्रीहिप्रमोदकसुगन्धकानांनवाना [illegible]केलमतिप्रमाणेनोपयोगः । तथासर्पिष्मतांनवहरेणुमाषसूपानांग्राम्यानूपौदकानांमांसानांशाकतिलपललपिष्टान्नपायसकृसरविलेपीक्षुविकाराणांक्षीरमन्दकदधिद्रवमधुरतरुणप्रायाणामुपयोगोमृजाव्यायामवर्जनस्वप्नशयनासनप्रसङ्गोयश्चकश्चिद्विधिरन्योऽपिश्लेष्ममेदोमूत्रसंजननःसर्वःसनिदानविशेषः ॥ ४ ॥

નીદાન દોષ, તથા દૂષ્યોની આ વિશેષતાઓથી કફજ મેહ જલદી ઉત્પન્ન થાય છે. જેવાકે જવ શાલિધાન્ય, ઉદ્દાલક, નૈષધ ઉત્કટ, મુકુન્દક, મહાવ્રીહી, પ્રમોદક તથા સુગન્ધક આ નવિન ધાન્યોનો બહુજ વખત સુધી બહુજ સેવન, ઘી સાથે નવા હરેણુ (અન્ન વિશેષ) તથા અડદની દાળ, ગ્રામ્ય અનૂપદેશના જળના જીવોનું માંસ, શાક, તલ, લોટ, ખીર વિલેપી, સાકર, ગોળ વિગેરે ઇક્ષુવીકાર દુધ, મન્દક (થોડું જામેલું દહીં) નવીન દહીં અને દ્રવ તથા મીઠી વસ્તુ આનું અધીક સેવન, સ્નાન તથા વ્યાયામને ન કરવો, બહુ સુવું, બહુ બેસી રહેવું અને આ પ્રકારે બીજા કફ મેદ તથા મૂત્ર વર્ધક, અહાર, વિહાર આ સર્વ કફજ પ્રમેહોના નિદાન છે. ૪.

बहुद्रवश्लेष्मादोषोविशेषःबहुबद्धंमेदोमांसञ्चशरीरक्लेदःशुक्रंशोणितञ्चवसामज्जालसीकारसश्चौजःसंख्याताइतिदूष्यविशेषाः ॥ ५ ॥

બહુજ દ્રવ કફદોષ છે અને બહુજ બધ્ધ, મેદ માંસ શરીરની ત્વચા વીર્ય, લોહી, ચરબી, મજ્જા લસીકા રસ તથા ઓજ આદૂષ્ય છે. ૫.

પ્રકુપિત કફનાં કર્મ.

त्रयाणामेषांनिदानादिविशेषाणांसन्निपातेक्षिप्रंश्लेष्मा प्रकोपमापद्यतेप्रागति भूयस्त्वात् । सप्रकुपितः क्षिप्रमेवशरीरेविसृप्तिंलभते । शरीरशैथिल्यात्सविसर्पनशरीरेमेदसैवादितोमिश्रीभावंगच्छति । मेदसश्चैवबहुबद्धत्वान्मेदसश्चगुणानांगुणैः समान गुणभूयिष्ठत्वात्समेदसामिश्रीभावंगच्छन्दूषयत्येतद्विकृतत्वात्सविकृतोदुष्टेनमेदसोपहितःशरीरक्लेदमांसाभ्यांसंसर्गंगच्छति । क्लेदमांसयोरतिप्रमाणाभिवृद्धित्वात्समांसेमांसप्रदोषात्पूतिमांसपिडकाःशराविकाकच्छपिकाद्याःसंजनयतिअप्रकृतिभूतत्वाच्छरीरक्लेदंपुनर्दूषयन्मूत्रत्वेनपरिणमयति । मूत्रवहाणांस्रोतसांवङ्क्षणबस्तिप्रभवाणांमेदः ॥ ६–७ ॥

આ ત્રણે નિદાનાદિકોના મળવાથી કફ અધિકતાના કારણથીજ જલ્દીથી પ્રથમજ કુપિત થાય છે. કુપિત થયેલ કફ જલ્દી સંપૂર્ણ શરીરમાં ફેલાય છે. ફેલાઇને કફ શરીરની શિથિલતાના પહેલાંજ મેદ ધાતુને મળે છે. મેદને બહુજ ઘટ્ટ હોવાથી અથવા મેદના ગુણ અને કફના ગુણોમાં બહુજ સમાનતા હોવાથી તે મેદને મળીને પોતે દૂષિત હોવાથી મેદને પણ દૂષિત કરે છે. ફરી દૂષિત મેદની સાથે મળીને શરીરના કલેદ તથા માંસને મળે છે તદન્તર કલેદ તથા માંસના પ્રમાણનું અધિક થઈ જવાથી માંસમાં માંસનાજ દોષથી શરાવિકા, કચ્છપિકા આદિ દુર્ગંધિત માંસરૂપી પીન્ડલીઓ (ફોલ્લીઓ) ઉત્પન્ન કરે છે, અને દૂષિત કલેદને મૂત્રરૂપ કરી દઇ ફરી વંક્ષણ તથા બસ્તિથી ઉત્પન્ન થયેલ મૂત્રને લઈ જનાર નાડિયોના મેદ તથા કલેદ યુક્ત મોટા મોટા મુખોમાં પ્રાપ્ત થઇને તેને રોકીને પ્રકૃતિની વિકૃતિ થવાથી મેહની સ્થિરતા તથા સાધ્યતાને ઉત્પન્ન કરે છે. ૬ અને શરીરનો કલેદ, કફ તથા મેદને મળીને મૂત્રાશયમાં પ્રવેશ કરીને મૂત્રરૂપ થનારા કફની વિશેષતા, હાનિ તથા વૃદ્ધિ યુક્ત દશ ગુણોથી યુક્ત થાય છે. દશ ગુણ જેવા કે, શ્વેત, શીત, મૂર્ત્ત, પિચ્છિલ, સ્વચ્છ, સ્નિગ્ધ, ગુરૂ મધુર, સાન્દ્ર, તથા પ્રસાદમાંથી એક અથવા અનેક જે ગુણોથી તે કલેદ યુકત થાય છે તેના અનુસાર ગૌણ નામને પામે છે. ૭

પ્રમેહનાં નામ.

તેતુखल्विमेदशप्रमेहानामविशेषेणभवन्ति। तथाउदकमेहश्चेक्षुमेहश्चसान्द्रमेहश्चसान्द्रप्रसादमेहश्चशुक्लमेहश्चशुक्रमेहश्चशीतमेहश्चसिकतामेहश्चशनैर्मेहश्चलालामेहश्चेति॥८॥

નામોની વિશેષતાથી આ દશ પ્રમેહ થાય છે, જેવા કે ઉદકમેહ, ઇક્ષુમેહ, સાન્દ્રમેહ, સાન્દ્રપ્રસાદ મેહ, શુકલમેહ, શુક્રમેહ, શીતમેહ, સિકતામેહ, શનૈમેહ તથા લાલમેહ. ૮

કફ મેહનું સાધ્યપણું.

तेदशप्रमेहाःसाध्याःसमानगुणमेदःस्थानत्वात्कफस्यप्राधान्यात्समानक्रियत्वाच्च ॥९॥

એ દશ પ્રમેહ કફના સમાન ગુણવાળી મેદમાં સ્થિત હોવાથી કફની પ્રધાનતાથી અને ચિકિત્સાને સમાન હોવાથી સાધ્ય હોય છે. ૯

तत्र श्लोका.

ઉદકમેહનાં લક્ષણ.

श्लेष्मप्रमेहविज्ञानार्थाः। अच्छंबहुसितंशीतंनिर्गन्धमुदकोपमम्। श्लेष्मकोपान्नरोमूत्रमुदमेहीप्रमेहति ॥ १० ॥

તેમાં કફજ પ્રમેહોને જાણવાને માટે આ શ્લોક છે. કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર નિર્મળ, બહુજ ધોળું, શીતલ તથા ગન્ધ રહિત જલના સરખું હોય તેને ઉદકમેહ જાણવો જોઇએ. ૧૦

ઇક્ષુમેહનાં લક્ષણ.

अत्यर्थमधुरंशीतमीषत्पिच्छिलमाविलम्। काण्डेक्षुरससङ्काशं श्लेष्मकोपात्प्रमेहति॥११॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર અત્યંત મધુર, શીતલ, કાંઇક પિચ્છલ, ગંધવાળું, સાકરના રસના સમાન હોય તેને ઇક્ષુવાલિકા પ્રમેહવાળો જાણવો જોઇએ.

સાન્દ્રમેહનાં લક્ષણ.

यस्यपर्य्युषितं मूत्रंसान्द्रीभवतिभाजने । पुरुषंकफकोपेन तमाहुः सांद्रमेहिणः ॥१२॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર પાત્રમાં રાખવાથી ઘાટું (જાડું) બની જાય છે, તેને સાન્દ્રમેહ જાણવો જોઈએ. ૧૨

સાન્દ્રપ્રસાદમેહનાં લક્ષણ.

यस्यसंहन्यतेमूत्रंकिञ्चित्किञ्चित्प्रसीदति । सान्द्रप्रसादमेहीतितमाहुःश्लेष्मकोपतः॥१३॥

કફના કોપથી જે મનુષ્યનું કેટલુંક મૂત્ર ફાટી જાય અને કેટલુંક નિર્મળ રહે તેને સાન્દ્ર પ્રમેહ જાણવો જોઈએ. ૧૩

શુકલમેહનાં લક્ષણ.

शुक्लंपिष्टनिभंमूत्रमभीक्ष्णंयःप्रमेहति । पुरुषंकफकोपेनतमाहुःशुक्लमेहिनम्॥ १४ ॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર ધોળું તથા પિષ્ટના સરખું વારંવાર નીકળે તેને શુકલ પ્રમેહવાળો જાણવો જોઈએ. ૧૪

શુક્રમેહનાં લક્ષણ.

शुक्राभंशुक्रमिश्रंवामुहुर्मेहतियोनरः । शुक्रमेहिणमेवाहुःपुरुषंश्लेष्मकोपतः ॥१५॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર વીર્યની માફક આત્માવાળું અથવા તો વીર્યવાળું નીકળે છે તેને શુક્રમેહી જાણવો જોઇએ. ૧૫

શીતમેહનાં લક્ષણ.

अत्यर्थशीतमधुरंमूत्रंक्षरतियोभृशम् । शीतमेहिनमाहुस्तंपुरुषंश्लेष्मकोपतः ॥ १६ ॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર અત્યન્ત શીતલ તથા મધુર, બહુજ નીકળે તેને શીત પ્રમેહી જાણવો જોઇએ. ૧૬

સિકતામેહનાં લક્ષણ.

मूर्त्तान्मूत्रगतान्दोषानणून्मेहतियोनरः । सिकतामेहिनविद्यान्नरंतंश्लेष्मकोपतः॥१७॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર રેતીના સૂક્ષ્મ કણો જેવું નિકળે તેને સિકતા પ્રમેહી જાણવો. ૧૭.

શનૈર્મેહનાં લક્ષણ.

मन्दंमन्दमवेगन्तुकृच्छ्रंयोमूत्रयेच्छनैः । शनैर्मेहिनमाहुस्तंपुरुषंश्लेष्मकोपतः ॥ १८ ॥

કફના કોપથી જે મનુષ્ય કષ્ટ પૂર્વક ધીરે ધીરે વેગ સિવાય થોડા થોડા મૂત્રનો ત્યાગ કરે તેને શનૈઃ પ્રમેહી જાણવો. ૧૮

આલાલ મેહનાં લક્ષણ.

तन्तुबद्धमिवालालंपिच्छिलंयःप्रमेहति । आलालमेहिनंविद्यात्तंनरंश्लेष्मकोपतः ॥ इत्येते दश प्रमेहाः श्लेष्मप्रकोपनिमित्ताव्याख्याताः ॥ १९ ॥

કફના કોપથી જે મનુષ્યનું મૂત્ર લાળના તારોવાળું તથા પિચ્છિલ વર્ણનું નિકળે તેને લાલ પ્રમેહી જાણવો, આ પ્રકારે કફ કોપથી ઉત્પન્ન થયેલ દશ પ્રકારના પ્રમેહોનું કથન કરવામાં આવ્યું. ૧૯.

इति कफजनित दश मेह.

પિત્ત પ્રમેહનાં લક્ષણ.

उष्णाम्ललवणक्षारकटुकाजीर्णभोजनोपसेविनस्तथातितीक्ष्णातपाग्निसन्तापश्रमक्रोधविषमाहारोपसेविनश्चतथात्मकशरीरस्यैवक्षिप्रंपित्तंप्रकोपमापद्यते ॥ २० ॥ तत्प्रकुपितंतथैवानुपूर्व्याप्रमेहानिमान्षट्क्षिप्रमभिनिर्वर्त्तयति ॥ २१ ॥

ગરમ, ખાટા, ખારા. ચરપરા અને કડવા પદાર્થોનું અધિક સેવન, અજીર્ણમાં ભોજન, બહુજ તીક્ષ્ણ ગરમી, તથા અગ્નિનો તાપ સહેવો, શ્રમ, ક્રોધ તથા વિષમાહાર કરવો, આ કારણોથી પિત્ત પ્રકૃતિવાળાનું પિત્ત જલ્દી કોપિત થાય છે. ૨૦. તે કોપિત થયેલ પિત્ત પૂર્વોક્ત ક્રમથી આ ૭ પ્રમેહને જલ્દી ઉત્પન્ન કરે છે. ૨૧.

૭ પ્રમેહોનાં નામ.

तेषामपिचपित्तगुणविशेषेणनामविशेषाः । तद्यथा—क्षारप्रमेहश्चकालमेहश्चलो नीलमेहश्चलोहितमेहश्चमञ्जिष्ठामेहश्चहरिद्रामेहश्चेतितेषड्भिरेवक्षाराम्ललवण ,टुकविस्रोष्णैःपित्तगुणैःपूर्ववत्समन्विताः । सर्वएवतेयाप्याःविषमगुणमेदःस्थानत्वा द्विरुद्धोपक्रमत्वाच्चेति ॥ २२ ॥

આ પ્રમેહોનાં પિત્તની વિશેષતાથી આ નામ છે.

જેવાં કે ક્ષાર પ્રમેહ, કાલ પ્રમેહ, નીલ પ્રમેહ, લોહિત પ્રમેહ, મંજીષ્ટા પ્રમેહ, તથા હરિદ્રા મેહ, આ ૭ પ્રમેહ. ક્ષાર, ખાટા, ખારા, કડવા, વિસ્ત્ર (આમગંધ) તથા ગરમ, પિત્તના ગુણોવાળા થાય છે. સંપૂર્ણ પિત્તજપ્રમેહ વિષમ ગુણ ાળી મેદમાં સ્થિત હોવાથી અને ચિકિત્સાને વિરૂદ્ધ હોવાથી યાપ્ય હોય છે. ૨૨

तत्र श्लोकाः ।

ક્ષાર મેહીનાં લક્ષણ.

पित्तप्रमेहाविज्ञानार्थाः । गन्धवर्णरसस्पर्शैर्यथाक्षारस्तथात्मकम् । पित्तकोपान्नरोमूत्रंक्षारमेहीप्रमेहति ॥ २३ ॥

તેમાં પિત્તજ પ્રમેહોને જાણવાને માટે આ શ્લોક છે. ક્ષાર પ્રમેહમાં પિત્તના કોપથી ગંધ, વર્ણ, રસ અને સ્પર્શ એ સર્વ ક્ષારના સરખા ગુણોવાળું મૂત્ર હોય છે. ૨૩.

કાલ પ્રમેહીનાં લક્ષણ.

मसीवर्णमजस्त्रंयोमूत्रमुष्णंप्रमेहति । पित्तस्यपरिकोपेनतंविद्यात्कालमेहिनम् ॥२४॥

પિત્તના કોપથી જે મનુષ્યનું મૂત્ર શાહીની સમાન કાળું તથા ગરમ હમેશાં નીકળતું હોય તેને કાલ પ્રમેહી જાણવો જોઇએ. ૨૪.

નીલ મેહીનાં લક્ષણ.

चाषपक्षनिभं त्र्यमम्लंमेहतियोनरः । पित्तस्यपरिकोपेनतंविद्यान्नीलमेहिनम् ॥२५॥

પિત્તના કોપથી જે મનુષ્ય નીલકંઠ પક્ષિની સમાન વર્ણવાળુ ખાટું મૂત્ર ત્યાગ કરે છે તેને નીલ પ્રમેહી જાણવો જોઇએ. ૨૫

રક્તમેહીનાં લક્ષણ.

विस्रंलवणमुष्णञ्चरक्तंमेहतियोनरः । पित्तस्यपरिकोपेनतंविद्याद्रक्तमेहिनम् ॥२६॥

પિત્તના કોપથી જે મનુષ્યનું મૂત્ર આમગંધવાળું, ખારૂં, ગરમ તથા લાલ વર્ણનું હોય તેને રક્ત પ્રમેહી જાણવો જોઇએ. ૨૬

મંજીષ્ટમેહીનાં લક્ષણ.

मञ्जिष्ठारुपियोऽजस्रंभृशंविस्रंप्रमेहति । पित्तस्यपारकोपात्तंविद्यान्माञ्जिष्ठमेहिनम् २७

પિત્તના કોપથી જે મનુષ્યનું મૂત્ર હંમેશાં મંજીઠના સરખું રંગવાળુ તથા દુર્ગંન્ધિત હોય તેને મંજીષ્ટા પ્રમેહી જાણવો જોઇએ. ૨૭

હરિદ્રા મેહીનાં લક્ષણ.

हरिद्रोदकसङ्काशंकटुकंयःप्रमेहति । पित्तस्यपारिकोपात्तुविद्याद्धारिद्रमेहिनम् ॥
इतिषट्प्रमेहाःपित्तप्रकोपनिमित्ताव्याख्याताः ॥ २८ ॥

પિત્તના કોપથી જે મનુષ્યનું મૂત્ર હળદરના પાણીની માફક રંગવાળું તથા કડવું હોય તેને હારિદ્રક પ્રમેહવાળો જાણવો જોઇએ. આ પ્રકારે પિત્તના કોપથી ઉત્પન્ન થયેલ ૭ પ્રમેહોનું કથન કર્યું. ૨૮.

इति पित्तजनित षट् प्रमेहाः

વાત પ્રમેહનાં કારણ.

कटुककषायतिक्तरुक्षलघुशीतव्यवायव्यायामवमनविरेचनास्थापनशिरोविरेचनातियोगसन्धारणानशनाभिघातातपोद्वेगशोकशोणिताभिषेकजागरणविषमशरीरन्यासानभ्युपसेवमानस्यतथात्मकशरीरस्यैवक्षिप्रंवायुःप्रकोपमाद्यते । सप्रकुपितस्तथात्मकेशरीरेविसर्पन्यदावसामादायमूत्रवहानिस्रोतांसिप्रतिपद्यतेतदावसामेहमभिनिर्वर्त्तयति ॥ २९ ॥

કડવાં તુરાં, તિખાં, રૂક્ષ, લઘુ તથા ઠંડી વસ્તુઓના અધિક સેવનથી, મૈથુન, વ્યાયામ ઉલટી, જુલાબ, આસ્થાપન, તથા શિરોવિરેચનના અતિયોગથી મળ મૂત્રાદિના વેગોને રોકવાથી, અનશનથી, વાગવાથી, તાપના બહુજ સેવનથી, ઉદ્વેગ તથા શોકથી, બહુજ લોહિ કઢાવવાથી, રાત્રિમાં જાગવાથી, અને શરીરને વિષમતા પૂર્વક રાખવાથી વાત પ્રકૃત્તિવાળાની વાયુ જલ્દી કોપિત થઇને, શરીરમાં વિચરણ કરીને જ્યારે ચરબીથી માંડીને મૂત્ર વહેનાર નસોમાં પ્રાપ્ત થાય છે ત્યારે વસા પ્રમેહને ઉત્પન્ન કરે છે. ૨૯

મજ્જા મેહનું કારણ.

यदापुनर्मज्जनंमूत्रवस्तावाकर्षतितदामज्जा मेहमभिनिर्वर्त्तयति ॥ ३० ॥

ફરી તે જ્યારે મજ્જાને મૂત્ર બસ્તિના સ્થાનમાં લાવે છે ત્યારે મજ્જા મેહને ઉત્પન્ન કરે છે. ૩૦

હસ્તિ મેહનું કારણ.

यदालसीकांमूत्राशयेऽभिवहन्मूत्रमनुबन्धंश्च्योतयतिलसीकातिबहुत्वाद्विक्षेपणा-च्चवायोःखल्वस्यातिमूत्रप्रवृत्तिसङ्गंकरोति, तदा समत्तइवगजःक्षरत्यजस्रं मूत्रमवे-गंतंहस्तिमेहिनमाचक्षते ॥ ३१ ॥

જ્યારે લસિકા ધાતુને મૂત્રાશયમાં લેઇ જઇને મૂત્રની સાથે બહાર કાઢે છે અને લસીકા બહુ હોવાથી તથા વાયુના વિક્ષેપણ ગુણથી બહુજ મૂત્ર નિકળે છે ત્યારે મનુષ્ય મત-વાળા હાથીની સમાન વેગ વિના મૂત્રે છે તેને હસ્તિ પ્રમેહ કહે છે. ૩૧

મધુ મેહનું કારણ.

ओजःपुनर्मधुरस्वभावंतद्रौक्ष्याद्वायुःकषायत्वेनाभिसंसृज्य मूत्राशयेऽभिवहतितदा-मधुमेहिनं करोति ॥ ३२ ॥

સ્વભાવથી મધુર, ઓજ ધાતુને જ્યારે રૂક્ષતાથી વાયુ કષાય રસ યુકત કરીને મૂત્રા-શયમાં લાવે છે ત્યારે મધુ પ્રમેહ થાય છે. ૩૨

વાત પ્રમેહોનું અસાધ્યપણું.

तानिमांश्चतुरःप्रमेहान्वातजानसाध्यानाचक्षते । महात्ययिकद्विप्रतिषेधोपक्रमत्वा-त्तेषामपि च पूर्ववद्गुणविशेषेणनामविशेषाः ॥ ३३ ॥

આ ચારે વાતજ પ્રમેહ, મહાત્યયી (મજ્જા આદિ ગંભીર ધાતુઓને દુષિત કરનાર) હોવાથી અને ચિકિત્સાની વિરૂદ્ધ હોવાથી અસાધ્ય છે. તેમાં પણ પ્રથમ માફક વાયુના ગુ-ણોની વિશેષતાથી જુદાં જુદાં નામ છે. ૩૩

तद्यथा ।

वसामेहश्चमज्जमेहश्चहस्तिमेहश्चमधुमेहश्चेति ॥ ३४ ॥

જેવાકે વસામેહ, મજ્જામેહ, હસ્તિમેહ, અને મધુમેહ આચાર પ્રકારનાં નામ છે. ૩૪

तत्र श्लोकाः ।

વસામેહીનાં લક્ષણ.

वातप्रमेहविशेषावज्ञानार्थाः । वसामिश्रंवसाभंचमूत्रंमेहतियोनरः । वसामेहिन-मा स्तमसाध्यंवातकोपतः ॥ ३५ ॥

ત્યાં વાત પ્રમેહોને જાણવાને માટે આ શ્લોક છે. વાયુના કોપથી જે મનુષ્યનું મૂત્ર

ચરબીથી મિશ્રીત તથા ચરબીની માફક રંગવાળું વારંવાર નીકળે તેને વસામેહ કહે છે. આ વસામેહ અસાધ્ય છે. ૩૫

મજ્જામેહીનાં લક્ષણ.

मज्जानंसहमूत्रेणमुहुर्मेहतियोनरः । मज्जामेहिनमाहुस्तमसाध्यंवातकोपतः ॥३६॥

વાયુના કોપથી જે મનુષ્ય વારંવાર મજ્જા સહિત મૂત્ર ત્યાગ કરે તેને મજ્જામેહી કહે છે તે અસાધ્ય છે. ૩૬

હસ્તિમેહીનાં લક્ષણ.

ह[illegible]जस्रंमूत्रंक्षरतियोभृशम् । हस्तिमेहिनमा[illegible]स्तमसाध्यं[illegible]तकोपतः ॥३७॥

વાયુના કોપથી જે મનુષ્ય મતવાળા હાથીની સમાન નિરંતર બહુજ મૂત્ર ત્યાગ કરે તેને હસ્તિ મેહી કહે છે તે અસાધ્ય છે. ૩૭

મધુમેહીનાં લક્ષણ.

कषायमधुरंपाण्डुंरुक्षंमेहतियोनरः । वातकोपादसाध्यंतंप्रतीयान्मधुमेहिनम् ॥३८॥

વાયુના કોપથી જે મનુષ્ય કષૈલું, મધુર, પાંડુ રંગનું તથા રૂક્ષ મૂત્ર ત્યાગ કરે તેને મધુ પ્રમેહી જાણવો તે પણ અસાધ્ય છે. ૩૮

इ[illegible]:प्रमेहावातप्रकोपनिमित्ताः । तएवंत्रिदोषप्रकोपनिमित्ताविंशतिप्रमेहा व्याख्याताः॥३९॥

આ ચારે વાયુના કોપથી થનારા પ્રમેહ કહ્યા. આ પ્રકારે વાત, પિત્ત, તથા કફ ત્રણના કોપથી થનાર વીસ પ્રકારના પ્રમેહ કહ્યા. ૩૯.

ત્રિદોષજન્ય પ્રમેહનાં પૂર્વરૂપ.

तद्यथा ।

त्रयस्तुदोषाःप्रकुपिताःप्रमेहानभिनिवर्त्तयिष्यन्तइमानिपूर्वरूपाणिदर्शयन्ति ॥ जटिलीभावंकेशेषुमाधुर्यमास्येकरपादयोःसुप्ततांदाहमुखतालुकण्ठशोषंपिपासामालस्यंमलञ्चकायेकायच्छिद्रेषूपदेहंपरिदाहंसुप्ततांचाङ्गेषुषट्पदपिपीलिकाभिःशरीरमूत्राभिसरणंमूत्रेचमूत्रदोषान्वितंशरीरगन्धंनिद्रांतन्द्राञ्चसर्वकालमिति ॥ ४० ॥

વાતાદિક ત્રણે દોષ કુપિત થઇને જ્યારે પ્રમેહોને ઉત્પન્ન કરે છે ત્યારે આ પ્રમાણે પૂર્વરૂપ થાય છે.

જેવાં કે વાળોની જટા બાંધવી, મુખમાં મીઠાપણું, હાથપગમાં સુન્ન તથા દાહ, મુખ, તાળુ તથા કંઠનું સુકાવું, તૃષા, આળશ, શરીરમાં મેલ ઉત્પન્ન થવો, વાળનાં છિદ્રો બંધ થવાં, શરીરમાં દાહ તથા સુન્ન શરીરમાં તથા મૂત્રપર માંખી તથા કીડીઓનું ચઢવું, મૂત્રમાં મૂત્રના દોષો જેવી શરીરમાંથી ગંધ આવવી, અને નિંદ્રા તથા તંદ્રાની હંમેશાં અધિકતા રહેવી. આ સર્વ પ્રમેહનાં પૂર્વ રૂપ હોય છે. ૪૦

પ્રમેહના ઉપદ્રવ.

उपद्रवास्तुखलुप्रमेहिणांतृष्णातीसारज्वरदाहदौर्बल्यारोचकाविपाकाःपूतिमांसपिडकाअलजीविद्रध्यादयश्चतत्प्रसङ्गाद्भवन्ति ॥ ४१ ॥

પ્રમેહવાળાઓને આ પ્રમાણે પીડા થાય છે જેવી કે તૃષા, ઝાડો, તાવ, બળતરા, દાહ, દુર્બલતા, અરૂચિ, તથા અવિપાક, અને અલજી તથા વિદ્રધિ આદિ દુર્ગન્ધિત માંસ રૂપી પિડીકા (ફોલ્લીઓ) એ થાય છે. ૪૧

સાધ્ય પ્રમેહોની ચિકિત્સા વિધિ.

तत्रसाध्यान्प्रमेहान्संशोधनोपशमनैर्यथार्हमुपपादयेच्चिकित्सेचेति ॥ ४२ ॥

પૂર્વોક્ત પ્રમેહોમાં સાધ્ય પ્રમેહોની ચિકિત્સા યથાયોગ્ય સંશોધન તથા ઉપશમનની દ્વારા કરવી. ૪૨

तत्र श्लोकाः ।

गृध्रमभ्यवहार्य्येषुस्नानचंक्रमणाद्विषम् !
प्रमेहःक्षिप्रमभ्येतिनीचद्रुममिवाण्डजः ॥ ४३ ॥

તેમાં આ શ્લોક છે જેવી રીતે નિચેના ઝાડને પક્ષી ઝટ વળગે છે તેવીજ રીતે પુરૂષ ભોજનનો અધિક લોભી અને સ્નાન તથા ચંક્રમણથી રહિત હોય છે તેને પ્રમેહ જલદીથી થાય છે. ૪૩

मन्दोत्साहमतिस्थूलमतिस्निग्धंमहाशनम् ।
मृत्युःप्रमेहरूपेणक्षिप्रमादायगच्छति ॥ ४४ ॥

મંદ ઉત્સાહવાળા, બહુજ સ્થુલ, બહુજ સ્નિગ્ધ, તથા બહુજ ભોજન કરનારા પુરૂષને મૃત્યુ પ્રમેહ રૂપથી જલ્દી ખેંચી જાય છે. ૪૪

यस्त्वाहारंशरीरस्यधातुसाम्यकरंनरः ।
सेवतेविविधाश्चान्याश्चेष्टाःससुखमश्नुते ॥ ४५ ॥

જે મનુષ્ય શરીરની ધાતુઓને સમ કરનારી, વસ્તુઓનું ભોજન કરે છે, અને અનેક પ્રકારની હિતકારી ચેષ્ટા કરે છે તે સુખી રહે છે. ૪૫

तत्र श्लोकाः ।

हेतुर्व्याधिविशेषाणांप्रमेहाणाञ्चकारणम् । दोषधातुसमायोगोरूपंविविधमेवच ॥ ४६ ॥ दशश्लेष्मकृतायस्मात्प्रमेहाःषट्चपित्तजाः । यथाकरोतिवायुश्चप्रमेहांश्चतुरोबली ॥ ४७ ॥ साध्यासाध्यविशेषाश्चपूर्वरूपाण्युपद्रवाः प्रमेहाणांनिदानेऽस्मिन्क्रियासूत्रञ्चभाषितम् ॥ ४८ ॥

તેમાં આ શ્લોક છે. હેતુઓની વિશેષતાથી રોગની વિશેષતા, પ્રમેહોનાં કારણ, દોષ તથા ધાતુઓનું મળી જવું, અનેક પ્રકારનાં રૂપ. ૪૬. જેથી કફજ દશ પ્રમેહ, પિત્તજ ૭ પ્રમેહ થાય છે. જે પ્રકારથી બળવાન વાયુ ચાર પ્રમેહોને ઉત્પન્ન કરે છે. ૪૭. પ્રમેહની સાધ્યતા, તથા અસાધ્યતા, અને પ્રમેહોનાં પૂર્વ રૂપ તથા ઉપદ્રવ, અને પ્રમેહોની

ચિકિત્સાનો સંક્ષેપ આ સર્વ વિષય આ પ્રમેહ નિદાન નામના અધ્યાયમાં ભગવાન આત્રેજીએ કહ્યો છે. ૪૮

इतिअग्निवेशकृतेतन्त्रेचरकप्रतिसंस्कृतेप्रमेहनिदानंनाम
चतुर्थोऽध्यायः ॥ ४ ॥

ઇતિ અગ્નિવેશ રચેલ અને ચરકે સુધારેલ પ્રમેહ નિદાન નામનો
ચતુર્થોધ્યાય સમાપ્ત થયો. ૪

पंचमोऽध्यायः ।

કુષ્ટ (કોઢ) નિદાન.

अथातः कुष्टनिदानं व्याख्यास्यामइतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે કુષ્ટ (કોઢ)ના નિદાનની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

કોઢ ઉત્પન્ન થવાનું કારણ.

सप्तद्रव्याणिकुष्टानांप्रकृतिर्विकृतिमापन्नानिभवन्ति । तद्यथात्रयोदोषावातपित्तश्लेष्माणःप्रकोपणविकृताः दूष्याश्चशरीरधातवस्त्वङ्मांसशोणितलसीकाश्च तद्दोषोपघातविकृताइतिएतत्सप्तानांसप्तधातुकमेवंगतमाजननंकुष्टानामतः प्रभवाण्यभिनिर्वर्त्यमानानिकेवलंशरीरमुपतपन्ति । नचकिञ्चिदस्तिकुष्टमेकदोषप्रकोपनिमित्तम् ॥ १ ॥

પ્રકૃતિના વિકારને પ્રાપ્ત થયેલ સાત દ્રવ્યો કુષ્ટોનાં હોય છે. જેવાં કે પોતાના કારણથી દૂષિત થયેલા વાત, પિત્ત તથા કફ આ ત્રણુ દોષ અને દોષોથી દૂષિત થયેલ ચામડી, માંસ, લોહિ, તથા લસિકા આ શરીરની સાતે ધાતુ દૂષિત થાય છે. આ પ્રકારે આ સાત દ્રવ્યોનું વિકૃત થવું એ આ સાત પ્રકારના કુષ્ટોની ઉત્પત્તિનાં કારણુ છે. તેનાથી ઉત્પન્ન થયેલ કુષ્ટ આખા શરીરને સન્તપ્ત કરે છે. એવો કોઇ કોઢ નથી કે જેમાં એકજ દોષનો કોપ હોય, અર્થાત્ સર્વ કોઢ ત્રણે દોષવાળા હોય છે. ૧

अस्तितुखलुसमानप्रकृतीनामपिसप्तानांकुष्टानांदोषांशबलविकल्पानुबन्धस्थानविभागेनवेदनावर्णसंस्थानप्रभावनामाचिकित्सितविशेषः ॥ २ ॥

પરંતુ દોષોના અંશ, બળ, વિકલ્પ, અનુબંધ તથા સ્થાનોના વિભાગથી સમાન પ્રકૃતિવાળા પણુ સાત કુષ્ટોની વેદના, વર્ણુ, સંસ્થાન, પ્રભાવ, નામ તથા ચિકિત્સામાં વિશેષતા હોય છે. ૨

કોઢના પ્રકાર.

ससप्तविधोऽष्टादशविधोऽपरिसंख्येयविधोवा ॥ ३ ॥

કોઢ સાત પ્રકારના, અઢાર પ્રકારના તેમજ અસંખ્ય પ્રકારના પણ હોય છે. ૩.

સાત પ્રકારના કોઢ.

दोषाहिविकल्पनैर्विकल्प्यमानाविकल्पयन्तिविकारानसंख्यानसाध्यभावात्तेषां-विकल्पविकारसंख्यानेऽतिप्रसङ्गमभिसमीक्ष्यसप्तविधमेवकुष्ठविशेषमुपदेक्ष्यामः॥४॥

અંશાંશ કલ્પનાથી વિકલ્પિત થયેલ દોષ, રોગોને અનેક પ્રકારથી વિકલ્પિત કરે છે. તેના વિકલ્પોની ગણનાના અસાધ્ય થવાથી અતિ પ્રસંગને દેખીને સાત પ્રકારના કુષ્ટનું વર્ણન કરીએ છીએ. ૪

કુષ્ટોના ભેદ અને ઉત્પત્તિનાં કારણ.

इहवातादिषुत्रिषुप्रकुपितेषूत्वगादींश्चतुरःप्रदूषयत्सुवातेऽधिकतरेकपालकुष्ठमभिनि-र्वर्त्तते । पित्तेत्वौदुम्बरं श्लेष्मणिमण्डलकुष्ठम् ॥ ५ ॥

એ વાતાદિ ત્રણે દોષ કોપિત થવાથી ત્વચા આદિ ચારે ધાતુઓ દૂષિત થવાથી, વાયુની અધિકતાથી કપાલ નામનો કુષ્ટ થાય છે. પિત્તની અધિકતાથી ઔદુમ્બર નામનો કોઢ થાય છે અને કફની અધિકતાથી મંડલ નામનો કોઢ ઉત્પન્ન થાય છે. ૫

वातपित्तयोर्ऋष्यजिह्वंपित्तश्लेष्मणोःपुण्डरीकंश्लेष्ममारुतयोःसिध्मकुष्ठंसर्वदोषा-तिवृद्धौकाकणकमभिनिर्वर्त्तते । इत्येवमेषसप्तविधःकुष्ठविशेषोभवति ॥ ६ ॥

વાત અને પિત્તની અધિકતાથી રૂષ્યજીહ્વ નામનો કોઢ થાય છે, પિત્ત અને કફની અધિકતાથી પુન્ડરિક નામનો કોઢ ઉત્પન્ન થાય છે, કફ અને વાયુની અધિકતાથી સિદ્ધ નામનો કોઢ ઉત્પન્ન થાય છે, અને વાતાદિ ત્રણે દોષોની અધિકતાથી કાકણક નામનો કોઢ ઉત્પન્ન થાય છે. એવી રીતે સાત પ્રકારના કોઢ થાય છે. ૬

सचैषभूयोऽतःप्रकृतिविकल्पनयाभूयसींविकारसंख्यामापद्यते ॥७॥

આ સાતે પ્રકૃતિના વિકલ્પથી અનેક પ્રકારના કોઢ થાય છે. ૭

કોઢનું સાધારણ નિદાન.

तत्रेदंसर्वकुष्ठनिदानंपुनःसमासेनउपदेक्ष्यामः । शीतोष्णव्यत्यासमलानुपूर्व्योप-सेवमानस्यतथासन्तर्पणापतर्पणाभ्यवहार्य्यव्यत्यासंचमधुफाणितमत्स्यमूलककाक-माचीःसततमतिमात्रमप्यजीर्णेसमश्नतश्चिलिचिमश्चपयसाहायनकयवकचीनकोद्दा-लककोरदूषप्रायाणिचान्नानिक्षीरदधितक्रकोलकुलत्थमाषातसीयूषकुसुम्भस्नेहव-न्त्येतैश्चापिसुहितस्यव्यवायव्यायामसन्तापानप्युपसेवमानस्यभयश्रमसंतापोपह-तस्यसहसाशीतोदकमवतरतोविदग्धमाहारमनुल्लिख्यविदाहीन्यभ्यवहरतःछर्दिंश्च प्रतिघ्नतःस्नेहांश्चाभिचरतःयुगपत्त्रयोदोषाःप्रकोपमापद्यन्ते । त्वगादयश्चत्वारः शैथिल्यमापद्यन्ते । तेषुशिथिलेषुदोषाः प्रकुपिताःस्थानमभिगम्यसन्तिष्ठमाना-स्तानेवत्वगादीन्दूषयन्तःकुष्ठान्यभिनिर्वर्त्तयन्ति ॥ ८ ॥

હવે સંપૂર્ણ કોઢોનું નિદાન સંક્ષેપથી કહીએ છીએ, જેમકે શરદી અને ગરમીના વિપરિતપણાથી, સ્વાભાવિક અહાર, વિહારનું વિપરિતપણે સેવન કરવાથી, સંતર્પણ તથા અપતર્પણની વિપરીતતાથી, મદ, રાબ, માછલી, મૂળા, તથા અંઘેડી એ સર્વનું અધિક ભોજન, અજીર્ણમાં ભોજન, દુધની સાથે ચિલચિમ માંછલી ખાવી, હાયનક (ધાન્ય વિશેષ) યવક, ચીણો, કોદ્રા, આ સર્વ અન્નોનું દૂધ, દહીં, છાસ, બોર, કળથી, અડદ, અને અળસીની કાંજી તથા કુસુમના તેલની સાથે ભોજન કરવું, બહુજ ભોજન કરીને સ્ત્રી સંગ, કસરત તથા ગરમીનું સેવન કરવું, ભય, થાક તથા તાપથી વ્યાકુળ થઇને સહસા ઠંડા પાણીમાં પ્રવેશ કરવો, એક વખત કરેલું ભોજન પચ્યા વિના બીજી વખત વિદાહી વસ્તુઓનું ભોજન કરવું, ઉલટીને રોકવી, અને સ્નેહનનું બરોબર ન થવું આ સર્વ કારણોથી વાતાદિ ત્રણે દોષ કોપિત થઇ જાય છે. અને ત્વચા વિગેરે ચારે ધાતુ શિથિલતાને પ્રાપ્ત થાય છે. આ શિથિલ ધાતુઓમાં કોપિત થયેલ વાતાદિ દોષ સ્થિત થઇને તે તે ધાતુઓને દુષિત કરીને કોઢોને ઉત્પન્ન કરે છે. ૮

કોઢનાં પૂર્વરૂપ.

तत्रेमानिपूर्वरुपाणि ॥ तद्यथाअस्वेदनमतिस्वेदनंपारुष्यमतिश्लक्ष्णतावैवर्ण्यंकण्डूर्निस्तोदःसुप्ततापरिदाहःपरिहर्षोलोमहर्षोखरत्वमुष्मायणंगौरवंश्वयथुर्वीसर्पागमनमभीक्ष्णंकायच्छिद्रेषूपदाहःपक्वदग्धदष्टक्षतोपस्खलितेष्वतिमात्रंवेदनास्वल्पानामपिच व्रणानांदुष्टिरसंरोहणञ्चेतितेभ्योऽनन्तरंकुष्ठानिजायन्ते ॥ ९ ॥

કોઢનાં આ પ્રમાણે પૂર્વરૂપ થાય છે. જેવાંકે પરસેવાનું ન નિકળવું અથવા પરસેવો વધુ નીકળવો, શરીરના અવયવોનું કર્કશ થવું, તથા ચિકણું થવું, ચામડીનો રંગ બદલાવો, ખુજલી, નિસ્તોદ (એક પ્રકારની પીડા) શૂન્યતા, બળતરા, પરિહર્ષ, રોમાંચ, ચામડી બરડ થવી, શરીરમાંથી ગરમી અધિક નીકળવી, શરીરમાં ભારેપણું, સોજા, વિસર્પ (ઝેરીવા) રોગ થવો, શરીરના છિદ્રોમાં હંમેશાં બળતરા થવી, શરીરના પાકેલા, બળેલા, કાપેલા, ક્ષત તથા ટુટેલા ભાગમાં અત્યન્ત પીડા થવી; અને નાના નાના ગુમડાંનું દૂષિત થવું, તથા પૂર્ણ ન થવું આ કુષ્ટોનાં પૂર્વ રૂપ છે, અને તે થયા પછી કોઢ ઉત્પન્ન થાય છે. ૯

કપાલ કુષ્ટનાં લક્ષણ.

तेषामिदंवेदनावर्णसंस्थानप्रभावनामविशेषविज्ञानम्॥तद्यथा । रुक्षारुणपरुषाणिविषमविसृतानिखरपर्यन्तानितनून्युद्वृत्तबहिस्तनूनिसुप्तसुप्तानिहृषितलोमाचितानिनिस्तोदबहुलानिअल्पकण्डूदाहपूयलसीकान्याशुगतिसमुत्थानानिआशुभेदीनिजन्तुमन्तिकृष्णारुणकपालवर्णानिकपालकुष्ठानीतिविद्यात् ॥ १० ॥

ત્રણે પ્રકારના કોઢની પીડા, વર્ણ, સંસ્થાન, પ્રભાવ તથા નામોની વિશેષતા આ પ્રકારે જાણવી જોઇએ. જેમકે રૂક્ષ, અરૂણ વર્ણવાળું, પરૂષ, વિષમતાથી ફેલાયલી કિનારો પર ખુરખુરા પાતળી ચામડીવાળા, સુન્નતા યુક્ત, રોમાંચ યુક્ત સોઇ ઘોચાવા જેવી ઘણીજ પીડાવાળી સ્વલ્પ ખુજલી, દાહ, પીપ તથા લસીકાયુક્ત જલ્દીથી ઉત્પન્ન થનારા, જલ્દીથી

ભિન્ન થનારા, કૃમીથી યુક્ત અને કાળા તથા લાલ કપાલોની માફક વર્ણ યુક્ત કુષ્ટ કપાલ કુષ્ટ કહેવાય છે. ૧૦

ઉદુમ્બર કુષ્ટનાં લક્ષણ.

ताम्राणिताम्रारोमराजीभिरवनद्धानिबहुलानिबहुबहलरक्तपूयलसीकानिकण्डूक्लेदकोथदाहपाकवन्त्याशुगतिसमुत्थानभेदीनिससन्तापक्रिमीण्युदुम्बरफलपक्वपर्णान्युदुम्बरकुष्ठानीतिविद्यात् ॥ ११ ॥

તાંબાના રંગવાળા વાળની પંક્તિયોથી વ્યાપ્ત બહુજ લોહી, પીપ તથા લસીકા યુક્ત ખુજલી, કલેદ, શોથ, દાહ તથા પાક યુક્ત જલ્દીથી ઉત્પન્ન થનારા સંતાપ તથા ક્રિમિયુક્ત અને પાકા ગુલરના સરખા વર્ણવાળા કુષ્ટનું ઉદુમ્બર નામ છે. ૧૧

મંન્ડલ કુષ્ટનાં લક્ષણ.

स्निग्धानिगुरुण्युत्सेधवन्तिश्लक्ष्णस्थिरपीनपर्य्यन्तानिशुक्लरक्तावभासानिबहुलबहलशुक्लपिच्छिलस्रावीणिशुक्लरोमराजीसन्तानानिबहुकण्डूक्रिमीणिसक्तगतिसमुत्थानभेदीनिपरिमण्डलानिमण्डलकुष्टानीतिविद्यात् ॥१२ ॥

ચિકણા, ભારે તથા ઉન્નત કિનારો પર શ્લક્ષણ, તથા સ્થુલ શુકલ તથા રક્ત વર્ણવાળા બહુજ જાડા, ધોળા રંગના તથા પિચ્છિલ શ્રાવવાળા, ધોળા વાળોની પંક્તિયોથી વ્યાપ્ત, બહુજ ખુજલી તથા કૃમિયોથી યુક્ત, ધીરે ધીરે ઉત્પન્ન થનારા તથા ભિન્ન થનારા મંડલાકાર કુષ્ટને મંડલ કુષ્ટ કહે છે. ૧૨

રૂષ્યજીવ્હ કુષ્ટનાં લક્ષણ.

परुषाण्यरुणवर्णानिबहिरन्तःश्यावानिनीलपीतताम्रावभासान्याशुगतिसमुत्थानान्यल्पकण्डूक्लेदक्रिमीणिदाहभेदनिस्तोदपाकबहुलानिशूकोपहतोपमानवेदनान्युत्सन्नमध्यानितनुपर्यन्तानिकर्कशपिडकाचितानिदीर्घपरिमण्डलानिऋष्यजिह्वाकृतीनिऋष्यजिह्वानीतिविद्यात् ॥ १३ ॥

કઠોર તથા લાલ વર્ણના, બહાર અને અંદરનો ભાગ કાળા રંગનો, લીલો, પીળો તથા તાંબાના રંગવાળો, જલ્દી ફેલાનાર, જલદી ઉત્પન્ન થનાર, ખસ, કૃમિ, બળતરા, ભેદ, અને પીડા થઇને અધિક પાકનાર, સોઇ વાગવા જેવી પીડા થવી, વચ્ચેનો ભાગ અધિક ઉંચો નહિ અને કિનારો પર પાતળી કર્કશ ફોલ્લીઓવાળા, મોટા કુંડાળાવાળા અને રીંછની જીભના જેવી આકૃતિવાળા કુષ્ટને રૂક્ષ જીવ્હ કુષ્ટ કહે છે. ૧૩

પુન્ડરિક કુષ્ટનાં લક્ષણ.

शुक्लरक्तावभासानिरक्तपर्य्यन्तानिरक्तशिराराजीसन्ततान्युत्सेधवन्तिबहुबहलरक्तपूयलसीकानिकण्डूक्रिमिदाहपाकवन्त्याशुगतिसमुत्थानभेदीनिपुण्डरीकपलाशसंकाशानिपुण्डरीकाणीतिविद्यात् ॥ १४ ॥

જે કોઢ, સફેદ તથા લાલ વર્ણવાળા અને ગુલાબી વર્ણવાળા હોય અને કિનારો

લાલ વર્ણની હોય, લાલ વાળવાળી હોય અને ઉંચી હોય, તેમાંથી અધિક લોહિ, પીત્ત તથા લસીકાવાળી ખસ, કૃમિ, બળતરા તથા પાકીને જલ્દી ઉત્પન્ન થનાર તથા જુદી થનાર અને ધોળા કમળના પાનની સમાન આકૃતિવાળા કુષ્ટને પુંડરિક કુષ્ટ કહે છે. ૧૪

સિધ્મ કુષ્ટનાં લક્ષણ.

परुषारुणविशीर्णबहिस्त-न्यन्तःस्निग्धानिशुक्लरक्तावभासानिबहून्यल्पवेदनान्यल्पकण्डूदाहपूयलसीकानिलघुसमुत्थानान्यल्पभेद–क्रिमीण्यलाबु–पुष्पसङ्काशानिसिध्म–कुष्टानीतिविद्यात् ॥ १५ ॥

જે કોઢ બહારના ભાગમાં કઠોર અને ગળેલી પાતળી ચામડીવાળા, અંદર સ્નિગ્ધ, ધોળી તથા લાલ રંગના આભા વાળી બહુજ ફેલાયલી સ્વલ્પ પીડા, ખુજલી, દાહ, પીપ તથા લસીકાવાળી ધીરે ધીરે ઉત્પન્ન થનાર સ્વલ્પભેદ તથા કૃમિવાળા અને લોહીના ફુલની સમાન રંગવાળા હોય તે સિધ્મ કુષ્ટ કહેવાય છે. ૧૫

કાકણક કુષ્ટનાં લક્ષણ.

काकणन्तिकावर्णान्यादौपश्चात्सर्वकुष्ठाले[illegible]समन्वितानिपापीयसांसर्व[illegible]ष्ठालिङ्गसम्भवेनानेकवर्णानिकाकणकानीतिकाद्यात् ॥ १६ ॥

પ્રથમ લોહીના સરખા રંગવાળા, પછી સંપૂર્ણ કુષ્ટોના લક્ષણોવાળા કુષ્ટને કાકણક કહે છે. ઘણા પાપીઓને સંપૂર્ણ કુષ્ટોનાં લક્ષણો થવાથી અનેક રંગવાળો આ કુષ્ટ થાય છે. ૧૬

કુષ્ટોનું સાધ્યાસાધ્યપણું.

तान्यसाध्या[illegible]निसाध्यांनिपुनरितराणि तत्रयद साध्यंतदसाध्यतांनातिवर्त्तते । साध्यंपुनःकिञ्चित्साध्यता[illegible]मतिवर्त्तते[illegible]चारात् ॥ १७ ॥

આ કુષ્ટ (કાકણક) અસાધ્ય છે, તે સિવાયના બીજા ૭ કુષ્ટો સાધ્ય છે. જે અસાધ્ય છે તે પોતાની અસાધ્યતાને છોડતા નથી. કોઇ કોઈ સાધ્ય કુષ્ટ પરેજી ન પાળવાથી કદાચિત સાધ્યતાને છોડીને અસાધ્ય થઇ જાય છે. ૧૭

साध्यांनीहषट्[illegible]अचिकित्स्यमानानिअपचारतोवादोषैरभिष्यन्दमानानिअसाध्यतामुपयान्ति ॥ १८ ॥

કાકણક કુષ્ટના સિવાય બીજા જે ૭ કુષ્ટ સાધ્ય છે તે ચિકિત્સા ન કરવાથી અથવા કુપથ્યથી દોષીત થઇને અભિષ્યન્દી થઇને અસાધ્ય થઈ જાય છે. ૧૮

ઉપેક્ષિત કુષ્ટનું ફળ.

साध्यानामपिह्युपेक्ष्यमाणानामेषांत्वङ्मांसशोणितल[illegible]काकाथक्लेदसं[illegible]जाःक्रिमयोऽभिमूर्च्छन्ति । तेभक्षयन्तोत्वगादीन्दोषान्पुनर्दूषयन्तःइमा[illegible]पद्रवान्पृथक्पृथगुत्थापयन्ति ॥ १९ ॥

સાધ્ય કુષ્ટોની પણ ચિકિત્સા ન કરવાથી (દવા ન કરવાથી) ચામડી, માંસ, લોહિ,

લસીકા, કોથ, ક્લેદ તથા પરસેવાથી કૃમિ વધી જાય છે અને ચામડી વિગેરેને ભક્ષણ કરતાં કરતાં અને દોષોને દૂષિત કરતાં કરતાં જુદા જુદા આ ઉપદ્રવોને ઉત્પન્ન કરે છે. ૧૯

પ્રકુપિત દોષોના ઉપદ્રવ.

ततोवातःश्यावारुणपरुषवर्णतामपिचरौक्ष्यशूलशोथतोदवेपथुहर्षसङ्कोचायासस्तम्भसुप्तिभेदभङ्गान् । पित्तंपुनर्दाहस्वेदक्लेदकोथकण्डूस्रावपाकरागान् । श्लेष्मात्वस्यश्वैत्यशैत्यस्थैर्यकण्डूगौरवोत्सेधोपस्नेहोपलेपान् । क्रिमयस्त्वगादींश्चतुरःशिराःस्नायून्यस्थीन्यपिचतरुणानिखादन्ति ॥ २० ॥

તે કૃમિઓથી દૂષિત થયેલ ત્વચા વિગેરેમાં વાયુ કોપિત થઇને કાળાશ, અરૂણુતા, કઠોરતા, રૂક્ષતા અને શળ, શોથ, તોડ, કંમ્પ, રોમ, હર્ષ, સંકોચ, આયાસ, સ્તબ્ધતા, શૂન્યતા અને સોયો ધોચાવા જેવી પીડા ઉત્પન્ન કરે છે. કોપિત પિત્ત, બળતરા, પરસેવો, ક્લેદ, સડો, ખુજલી, સ્રાવ, પાક અને લાલ રંગને ઉત્પન્ન કરે છે. અને કફ કોપિત થઇને શીતતા, સ્થિરતા, ખુજલી, ભારેપણું, કુષ્ટમાં ઉંચાપણુ, ચિકાશ, ઉપલેપને પ્રકટ કરે છે. અને તે વધેલા કૃમિ, ત્વચા, માંસ, લોહિ, લસીકા, શિરા, સ્નાયુ અને પુષ્ટ હાડકાંને પણ ખાવાનો આરંભ કરે છે. ૨૦

કોપિત દોષોમાં ઉપદ્રવ.

अस्यामवस्थायामुपद्रवाःकुष्ठिनंस्पृशन्ति । तद्यथा—प्रस्रवणमङ्गभेदःपतनान्यङ्गावयवानांतृष्णाज्वरातीसारदाहदौर्बल्यारोचकाविपाकाश्चतद्विधमसाध्यंविद्यादिति॥२१

એવી અવસ્થામાં કુષ્ટવાળાને આ પ્રમાણે દુઃખ થાય છે. જેવાં કે પીપનો સ્રાવ અંગોમાં ભેદન, આંગળી વિગેરેનું ગળી જવું, તરસ, તાવ, ઝાડો, બળતરા, દુર્બળતા, અરૂચિ અને અન્નનું ન પચવું ઇત્યાદિ અસાધ્ય ઉપદ્રવ થાય છે. ૨૧

तत्र श्लोकाः ।

साध्योऽयमितियः पूर्वंनरोरोगमुपेक्षते ।
सकिञ्चित्कालमासाद्यमृतएवावबुध्यते ॥ २२ ॥

તેમાં આ શ્લોક છે કે જે મનુષ્ય રોગને સાધ્ય સમજવા છતાં પ્રથમથીજ રોગની દરકાર કરતા નથી તે કેટલાક વખત પછી મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૨૨

यस्तुप्रागेवरोगेभ्योरोगेषुतरुणेषुच ।
भेषजंकुरुतेसम्यक्सचिरंसुखमश्नुते ॥ २३ ॥

અને જે મનુષ્ય રોગોના પૂર્વ રૂપમાં અથવા રોગ થયા પછી પણ જલ્દી ઔષધ કરે છે તે બહુ વખત સુધી શરીરના સુખોને સુખપૂર્વક ભોગવે છે. ૨૩

यथास्वल्पेनयत्नेनच्छिद्यतेतरुणस्तरुः ।
सएवातिप्रवृद्धस्तुनसुच्छेद्यतमोभवेत् ॥ २४ ॥

वमवविकारोऽपितरुणःसाध्यतेसुखम् ।
विवृद्धःसाध्यतेकृच्छ्रादसाध्योवापिजायते ॥ २५ ॥

જેમ નાનાં વૃક્ષ થોડાજ યત્નથી કપાઈ જાય છે અને તે વધી જવાથી સુખ પૂર્વક કાપવા યોગ્ય રહેતાં નથી ૨૪. તેવીજ રીતે તે રોગ પણુ બળવાન થતા પહેલાંજ સુખ સાધ્ય હોય છે અને વધી જવાથી કષ્ટ સાધ્ય અને અસાધ્ય થઈ જાય છે. ૨૫

संख्याद्रव्याणिदोषाश्चहेतवःपूर्वलक्षणम् ।
रूपाण्युपद्रवाश्चोक्ताः कुष्ठानांकौष्टिकेपृथक् ॥ २६ ॥

કુષ્ટ નિદાન નામના આ અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કુષ્ટોની સંખ્યા, દ્રવ્ય, દોષ, નિદાન, પૂર્વરૂપ, લક્ષણુ, તથા ઉપદ્રવ આ સર્વ જુદાં જુદાં કહ્યાં છે. ૨૬.

इति अग्निवेशकृतेतन्त्रेचरकप्रतिसंस्कृते कुष्ठनिदानंनामपञ्चमोऽध्यायः ॥५॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલ કુષ્ટ નિદાન નામના પાંચમો અધ્યાય સમાપ્ત થયો. ૫.

षष्ठोऽध्यायः ।

शोष निदानम् । —રાજયક્ષ્મા નિદાન.

अथातः शोषनिदानं व्याख्यास्यामइतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે શોષ (રાજયક્ષ્મા)ના નિદાનની વ્યાખ્યા કરીએ છીએ એવું આત્રેયજી કહેવા લાગ્યા.

શોષોના આયતનોની સંખ્યા.

इहखलुचत्वारिशोषस्यायतनानि । तद्यथासाहसंसन्धारणंक्षयोविषमाशनमिति ॥१॥

આ શરીરમાં શોષ (રાજક્ષ્મા) રોગ ચાર કારણુથી થાય છે જેવા કે સાહસ, સંધારણુ (મળ મૂત્રાદિના વેગને રોકવો), ક્ષય અને વિષમાસન. (૧)

સાહસનું વર્ણન.

तत्रयदुक्तंसाहसंशोषस्यायतनमितितदनुव्याख्यास्यामः । यदापुरुषोदुर्बलोहिसन्बलवतासहविगृह्णातिअतिमहतावाधनुषाव्यायच्छतिजल्पतिवातिमात्रमतिमात्रंवाभारमुद्वहातेअप्सुवाप्लवतेचातिदूरमुत्सादनपदाघातनेवातिप्रगाढमासेवतेअतिप्रकृष्टंवाध्वानंद्रुतमभिपततिअभिहन्यतेवान्यद्वाकिंश्चिदेवंविधंविषममतिमात्रंवाव्यायामजातमारभतेतस्यातिमात्रेणकर्मणाउरःक्षण्यतेतस्यउरःक्षतमुपप्लवतेवायुः । सततत्रावस्थितःश्लेष्माणमुरःस्थमुपसंगृह्यशोषयन्विहरत्यूर्द्ध्वमधस्तिर्य्यंक्‌च ॥ २ ॥

આ ચારે નિદાનોમાં સાહસ કે જેને શોષનું કારણુ કહેલું છે, તેનું વ્યાખ્યાન કરીએ

છીએ. જ્યારે દુર્બળ પુરૂષ બળવાનની સાથે મલ્લયુદ્ધાદિક કરે છે, અથવા બહુજ ભારે વજન ઉઠાવે છે ત્યારે પાણીમાં બહુજ તરે છે, પગોથી બહુજ ભારે વસ્તુઓને ઠેલે છે, જલ્દી જલ્દી બહુજ દુર સુધી ચાલે છે, દ્વેષ કરે છે. અને આ પ્રકારના બીજા વ્યાયામાદિ કાર્ય બહુ કરે છે તેને આ સાહસી કાર્યોથી હૃદય ક્ષત થઇ જાય છે અને આ ઉરક્ષતમાં વાયુ ઉપદ્રવ કરે છે અને ત્યાં સ્થિત થઇને ત્યાંના કફની સાથે સુકાઇને ઉપર નિચે તથા વાંકો વિચરણ કરે છે. ૨

વાયુનું કર્મ.

योंऽशस्तस्यशरीरसन्धीन्आविशतितेनजृम्भाङ्गमर्दोज्वरश्चोपजायते । यस्त्वामाशयमुपैतितेनरोगाभवन्तिउरस्याअरोचकश्च । यःकण्ठंप्रपद्यतेकण्ठस्वनमुद्धंसतेस्वरश्चावसीदतियःप्राणवहानिस्रोतांस्येतितेनश्वासःप्रतिश्यायश्चोपजायते । यःशिरस्यवतिष्ठतेशिरस्तेनोपहन्यते ॥ ३ ॥

આ વાયુનો જે અંશ શરીરના સાંધામાં પ્રવિષ્ટ થાય છે તેથી જંભાઇ, અંગમર્દ, તથા તાવ ઉત્પન્ન થાય છે. તેનો જે અંશ આમાશયમાં પ્રાપ્ત થાય છે તેનાથી હૃદય સંબંધી રોગ તથા સ્વર ભંગ થાય છે, જે અંશ પ્રાણવાયુનું વહન કરનાર નસોમાં પ્રાપ્ત થાય છે તેથી શ્વાસ (દમ) તથા પ્રતિશ્યાય ઉત્પન્ન થાય છે અને જે અંશ માથામાં પ્રાપ્ત થાય છે તેથી માથાનો રોગ ઉત્પન્ન થાય છે. ૩

ततःक्षणनाच्चैवोरसोविषमगतित्वाच्चवायोःकण्ठस्योद्धंसनात् कासःसंजायते । कासप्रसङ्गादुरसिक्षतेसशोणितंष्ठीवतिशोणितागमाच्चास्यदौर्गन्ध्यमुपजायतेएवमेते साहसप्रभवाः साहसिकमुपद्रवाःस्पृशन्ति ॥ ४ ॥

તે ઉપરાંત હૃદયમાં ઘા થવાથી, વાયુની વિષમગતિથી અને કંઠ ધ્વંસથી ખાંસી ઉત્પન્ન થાય છે. આ ખાંસીની દ્વારા ક્ષતના વધવાથી થુંકમાં લોહી આવવા લાગે છે. અને લોહી નીકળવાથી દુર્ગન્ધી આવવા લાગે છે. આ પ્રકારે સાહસને લીધે અનેક ઉપદ્રવ સાહસીને થાય છે. ૪

શોષમાં ઉપદ્રવ.

ततःसोऽप्युपशोषणैरेतैरुपद्रवैरुपद्रुतःशनैःशनैरुपशुष्यति । तस्मात्पुरुषोमतिमान्बलमात्मनःसमीक्ष्यतदनुरूपाणिकर्माण्यारभेतकर्त्तुम् । बलसमाधानंहिशरीरंशरीरमूलश्चपुरुषइति ॥ ५ ॥

ત્યારે તે શોષકારી પુરૂષ આ ઉપદ્રવોથી વ્યાકુલ થઇને ધીરે ધીરે સુકાતો જાય છે. તેથી બુદ્ધિમાન પુરૂષ પોતાના બળને જોઇને તેને અનુકુળ કાર્યોનો પ્રારંભ કરે છે કેમકે શરીર એ બળના આશ્રિત રૂપ છે અને પુરૂષનું મૂળ એ શરીર છે. ૫

तत्र श्लोकाः

साहसंवर्जयेत्कर्मरक्षन्जीवितमात्मनः ।
जीवन्हि पुरुषास्त्विष्टंकर्मणःफलमश्नुते ॥ ६ ॥

તેમાં આ શ્લોક છે. પોતાના પ્રાણની રક્ષા ઇચ્છિનારા પુરૂષે સાહસનો ત્યાગ કરવો કેમકે જીવતો પુરૂષ કર્મોના વાંચ્છિત ફળને ભોગવે છે. ૬

સંધારણજન્ય શોષનું વર્ણન.

सन्धारणंशोषस्यायतनमितियदुक्तंतदनुव्याख्यास्यामः। यदापुरुषोराजसमीपेभर्तृसमीपेवागुरोर्वापादमूलेद्यूतसभांसभाजयन्स्त्रीमध्यंवानुप्रविश्ययानैर्वाप्युच्चावचैर्गच्छन्भयात्प्रसंगाद्धीमत्वाद्घृणित्वाद्वानिरुणद्ध्यागतानिवातमूत्रपुरीषाणितस्यसस्सन्धारणाद्वायुप्रकोपमापद्यते ॥ ७ ॥

સંધારણ શોષના નિદાનનું કથન કર્યું છે. હવે તેની વ્યાખ્યા કરીએ છીએ. જ્યારે પુરૂષ રાજાની પાસે, પોતાના ઉપરીની પાસે, ગુરૂઓની પાસે, દ્યુતસભામાં કે સ્ત્રીઓની વચમાં હોય છે, અથવા ઉંચી નીચી સવારીઓપર ચઢીને, બેસે છે અથવા તો બીકથી, કોઇ પ્રસંગથી, લજ્જાથી અથવાતો નિંદાથી ઉપસ્થિત થયેલ વાયુ, મૂત્ર તથા મળના વેગોને રોકે છે ત્યારે તે પ્રકારે વેગોને રોકવાથી તેનો વાયુ કોપિત થાય છે. ૭

सप्रकुपितःपित्तश्लेष्माणौसमुदीर्य्योर्द्ध्वमधस्तिर्य्यक्चविहरति ःततश्चांशविशेषेजपूर्ववच्छरीरावयवविशेषंप्रविश्वशूलंजनयति भिनत्तिपुरीषमुच्छोषयतिवा, पार्श्वेचाभिरुजतिगृह्णात्यंसौकण्ठमुरश्चावधमतिशिरश्चोपहन्ति, कासंश्वासंज्वरंस्वरभेदंप्रतिश्यायश्चोपजनयति ॥ ८ ॥

કોપિત થયેલ વાયુ, પિત્ત અને કફને વધારીને ઉપર નીચે તથા વાંકો હરે ફરે છે. ઉપરાંત અંશની વિશેષતાથી શરીરના કોઈ ભાગમાં પ્રથમની માફક પ્રવેશ કરીને શૂળને ઉત્પન્ન કરે છે, મળને ફાડી નાંખે છે, અને સુકવી દે છે, પાંસળીયોમાં પીડા ઉત્પન્ન કરે છે, ખાંધને જકડી નાંખે છે, કંઠ તથા વક્ષઃસ્થલમાં ફડક ઉત્પન્ન કરે છે, માંથામાં પીડાકરે છે અને ખાંસી, તાવ, સ્વરભંગ તથા પ્રતિસ્યાયને ઉત્પન્ન કરે છે. ૮

ततःसोऽप्युपशोषणैरेतैरुपद्रवैरुपद्रुतःशनैःशनैरुपशुष्यति। तस्मात्पुरुषोमातेमानात्मनःशरीरेष्वेवयोगक्षेमकरेषुप्रयतेतविशेषेणशरीरंह्यस्यमूलंशरीरमूलश्चपुरुषइति॥९॥

તે પછી તે પુરૂષ તે શોષકારી ઉપદ્રવોથી વ્યાકુલ થઇને ધીરે ધીરે સુકાઇ જાય છે, જેથી બુદ્ધિમાન પુરૂષે શરીરના યોગ ક્ષેમમાં વિશેષ યત્ન કરવો કારણ કે શરીરજ યોગક્ષેમનું મૂળ છે, અને શરીરજ પુરૂષના મૂળ રૂપ છે. ૯

तत्रश्लोकः।

सर्वमन्यत्परित्यज्यशरीरमनुपालयेत्।
तदभावेहिभावानांसर्वाभावःशरीरिणामिति ॥ १० ॥

તેમાં આ શ્લોક છે. મનુષ્યે બીજી સર્વ વાતોનો ત્યાગ કરીને પ્રથમ શરીરનુંજ પાલન કરવું કેમકે શરીરના અભાવમાં શરીરીયોની સર્વ વાતોનો અભાવ થઈ જાય છે. ૧૦

ક્ષય શોષનું વર્ણન.

क्षयःशोषस्यायतनमितियदुक्तंतदनुव्याख्यास्यामः! यदापुरुषोतिमात्रंशोकचिन्ता-परीतहृदयोभवति, ईर्षोत्कण्ठाभयक्रोधादिभिर्वासमाविश्यते, कृशोवासन्रुक्षान्न-पानसेवीभवति, दुर्बलप्रकृतिरनाहारोऽल्पाहारोवाआस्तेतदातस्यहृदयस्थायीर-सःक्षयमुपैति । सतस्योपक्षयात्संशोषंमाप्नोतिअप्रतीकाराच्चानुबध्यतेयक्ष्मणायथो-पदेक्ष्यमाणरूपेण ॥ ११ ॥

શોષનું કારણ ક્ષય છે એ જે કહ્યું તેનું હવે વ્યાખ્યાન કહીએ છીએ. જ્યારે પુરૂષ હૃદયમાં અત્યંત શોક અને ચિન્તાથી વ્યાપ્ત હોય છે, અથવા ઈર્ષ્યા, ઉત્કંઠા, ભય તથા ક્રોધાદિકોથી યુક્ત હોય છે, યા સુકાઈને સુકાં અન્ન પાનનું સેવન કરે છે, યા દુર્બલાકૃતિ થઈને ઉપવાસ અથવા અલ્પાહાર કરે છે ત્યારે તેના હૃદયમાં સ્થિત થયેલ રસ ક્ષીણ થઈ જાય છે, રસના ક્ષીણ થવાથી તે સુકાય છે અને જલ્દીજ તેની ચિકિત્સા ન કરવાથી આગળ કહેવામાં આવશે તે યક્ષ્મા રોગથી યુક્ત થાય છે. ૧૧

યક્ષ્મા થવાની રીત.

यदापुरुषोऽतिहर्षात्प्रसक्तभावःस्त्रीषुअतिप्रसङ्गमारभतेतस्याति प्रसङ्गाद्रेतःक्षयमु-पैतिक्षयमपिचोपगच्छतिरेतसियदिमनःस्त्रीभ्योनैवास्यनिवर्त्ततेअतिप्रवर्त्ततेएवतस्या-तिप्रणीतसङ्कल्पस्यमैथुनमापद्यमानस्यशुक्रंनप्रवर्त्ततेअतिमात्रोपक्षीणत्वात् । अथा-स्यवायुर्व्यायच्छमानस्यैवधमनीरनुप्रविश्यशोणितवाहिनीस्ताभ्यःशोणितंप्रच्याव-यतितच्छुक्रक्षयाच्छुक्रमार्गेणशोणितंप्रवर्त्ततेवातानुसृतलिंगम् ॥ १२ ॥

જ્યારે પુરૂષ અત્યંત હર્ષથી સ્ત્રીયોમાં આસક્ત થઈને બહુજ સ્ત્રીસંગ કરે છે ત્યારે ઘણા પ્રસંગોને લીધે તેના વીર્યનો ક્ષય થવા જાય છે. વીર્ય ક્ષીણ થવા છતાં પણ જો તેનું ચિત્ત સ્ત્રિયોથી છુટતું નથી અને તે અત્યંત આસક્ત થઈને ફરી સ્ત્રીસંગમાં પ્રવૃત્ત થાય છે ત્યારે અત્યંત ક્ષીણ થઈ જવાથી વીર્ય આવતું નથી, પરંતુ સ્ત્રીસંગ કરતી વખતે વાયુ, લોહિને ફરવાની નાડીયોમાં પ્રવેશ કરીને તે નાડીયોમાંથી લોહિને લાવે છે જેથી વાયુના લક્ષણોવાળું તે લોહીજ વીર્યના ક્ષીણ થઈ જવાને લીધે વીર્યના સ્થાનમાંથી નીકળે છે. ૧૨

अथास्यशुक्रक्षयाच्छोणितप्रवर्तनाच्चसन्धयःशिथिलीभवन्ति । रौक्ष्यमुपजायते । भूयः शरीरेदौर्बल्यमाविशतिवायुः प्रकोपमापद्यते । सप्रकुपितोऽत्रशकंशरीरमनु-सर्पन्परिशोषयतिमांसशोणितेप्रच्यावयतिश्लेष्मपित्तेसंरुजतिपार्श्वेचावगृह्णात्यंसौ-कण्ठमुद्ध्वंसयतिशिरश्लेष्माणमुपक्लिश्यप्रतिपूरयतिश्लेष्मणासन्धींश्चप्रपीडयन्करो-त्यङ्गमर्दमरोचकाविपाकौचपित्तश्लेष्मोत्क्लेशात्प्रतिलोमगत्वाच्चवायुर्ज्वरंकासंस्वर-भेदंप्रतिश्यायश्चोपजनयति ॥ १३ ॥

અને એ પ્રમાણે વીર્યના ક્ષય થઇ જવાથી તથા લોહિના નીકળવાથી સાંધા શિથીલ થાય છે, રૂક્ષતા ઉત્પન્ન થાય છે અને પછી શરીર દુર્બળ થઈ જાય છે, અને વાયુ કોપિત થાય છે તે કોપિત થયેલ વાયુ તે દુર્બળ શરીરમાં વિચરણ કરનાર માંસ તથા લોહિને સુકાવે છે. કફ તથા પિત્તને ઉભેરે છે, પાંસળીમાં પીડા કરે છે, સાંધા જકડાય છે, માથાના કફને ઉભેરીને તેને કફથી પૂર્ણ કરી દે છે, સાંધામાં પીડા કરીને અંગમર્દને ઉત્પન્ન કરે છે, અને પિત્ત કફના ઉભરવાથી, તથા ઉલટાગમનથી તાવ, ખાંસી, સ્વરભેદ તથા પ્રતિસ્યાયને ઉત્પન્ન કરે છે. ૧૩

વીર્યના રક્ષણને માટે ઉપદેશ.

ततःसोऽप्युपशोषणैरेतैरुपद्रवैरुपद्रुतःशनैःशनैरुपशुष्यति । तस्मात्पुरुषोमतिमानात्मनःशरीरमनुरक्षञ्शुक्रमनुरक्षेत् । पराह्येषाफलनिर्वृत्तिराहारस्येति ॥ १४ ॥

તે પછી શોષકારી આ ઉપદ્રવોથી વ્યાકુલ પુરૂષ ધીરે ધીરે સુકાય છે જેથી બુદ્ધિમાન પુરૂષે શરીરની રક્ષાને માટે વીર્યની રક્ષા કરવી કેમકે આ વીર્યજ ભોજન કરવાની મુખ્ય ફળ સિદ્ધિ છે. ૧૪

तत्र श्लोकाः ।

आहारस्यपरंधामशुक्रंतद्रक्ष्यमात्मनः ।
क्षयेह्यस्यबहून्रोगान्मरणंवानियच्छति ॥ १५ ॥

તેમાં આ શ્લોક છે, આહારનું મુખ્ય તેજ વીર્ય છે. તેથી તેનું અવસ્ય રક્ષણ કરવુ જોઇએ. કેમકે તેના ક્ષીણ થઇ જવાથી બહુજ રોગ થાય છે અને મૃત્યુ થઇ જાય છે. ૧૫

વિષમાસનનું વર્ણન.

विषमाशनशोषस्यायतनमितियदुक्तंतदनुव्याख्यास्यामः । यदापुरुषःपानाशनभक्ष्यलेह्योपयोगानप्रकृतिकरणसंयोगराशिदेशकालोपयोगसंस्थोपशयविषमानासेवतेतदातस्यवातपित्तश्लेष्माणोवैषम्यमापद्यन्ते । तेविषमाःशरीरमनुपसृत्ययदास्रोतसांमुखानिप्रतिवार्य्यवतिष्ठन्तेतदाजन्तुर्यदाहारजातमाहरति तदस्यमूत्रपुरीषमेवोपचीयतेभूयिष्ठम्, नान्यस्तथाशरीरधातुःसपुरीषोपष्टम्भाद्वर्त्तयति ॥ १६ ॥

શોષનું કારણ વિષમાસન છે એવું જે કહ્યું તેની વ્યાખ્યા કરીએ છીએ. જ્યારે પુરૂષ, પાન, અશન, ભક્ષ્ય તથા લેહન વસ્તુઓનો વ્યવહાર પ્રકૃતિ, કરણ, સંયોગ, રાશિ, દેશ કાલ, ઉપયોગ, તથા સંસ્થા એના ઉપશયની વિષમતાથી કરે છે, ત્યારે તેના વાત, પિત્ત અને કફ આ ત્રણ દોષો વિષમ થઇ જાય છે. કોપિત થયેલા આ ત્રણ દોષ વિષમ થઇ જાય છે. કોપિત થયેલા આ દોષ શરીરમાં વિચરણ કરીને નસોના મુખોને રોકીને સ્થિત થાય છે. તેથી મનુષ્ય જે કાંઈ ભોજન કરે છે, તેથી બહુજ મુત્ર તથા મળ ઊત્પન્ન થાય છે. શરીરની બીજી ધાતુ વધવા પામતી નથી આવી અવસ્થામાં પુરૂષને મળજ અધિક નીકળે છે. ૧૬

तस्माच्छुष्यतोविशेषण रीषमनुरक्ष्यम्, तथासर्वेषामत्यर्थकृशदुर्बलानाम् । तस्यानाप्याय्यमानस्यविषमाशनोपचिताःदोषाः पृथक्पृथगुपद्रवैर्युञ्जतोभूयःशरीरमुपशोषयन्ति ॥ १७ ॥

એથી શોષ રોગવાળાએ તથા સંપૂર્ણ અત્યંત પાતળા તથા દુર્બળ પુરૂષોએ મળની યત્નથી રક્ષા કરવી જોઇએ, આ વિષમાસનવાળા શોષરોગીને જો જલ્દી આપ્યાયન (તરફ્કરવું) ન કરવામાં આવે તો વિષમાસનથી વધેલા દોષ જુદા જુદા દોષોને ઉત્પન્ન કરીને ફ્રી શરીરને અત્યંત કૃશ કરે છે. ૧૭

तत्रवातःशूलमङ्गमर्दंकण्ठोद्धंसनंपार्श्वसंरोजनमंसावमर्दनंस्वरभेदंप्रतिश्यायञ्चोपजनयति । पित्तंपुनर्ज्वरमतीसारमन्तर्दाहञ्च श्लेष्माच प्रतिश्यायंशिरसोगुरुत्वंकासमरोचकञ्च ॥ १८ ॥

ત્યારે આ દોષોમાંથી વાયુ, અંગમર્દ, શૂળ, કંઠધ્વંસ, પાંસળાં તથા ખભામાં પીડા, સ્વરભેદ તથા જુકામને ઉત્પન્ન કરે છે. પિત્ત, તાવ, અતિસાર તથા અંદર બળતરાને ઉત્પન કરે છે અને કફ, જુકામ, ખાંસી, માથુ ભારે થવું તથા અરૂચીને ઉત્પન્ન કરેછે. ૧૮

स कासप्रसङ्गादुरसि क्षते शोणितं ष्ठीवति । शोणितगमनाच्चस्य दौर्बल्यमुपजायते । एवमेते विषमाशनोपचिता दोषा राजयक्ष्माणमभिनिर्वर्त्तयन्ति ॥१९॥

અને તેથી ખાંસીને લીધે હૃદયમાં ઘા પડી જવાથી થુંકમાં લોહિ આવવા માંડે છે, અને લોહિ પડવાથી દુર્બળતા ઉત્પન્ન થાય છે. આ પ્રકારે વિષમાસનથી વધેલા દોષ રાજયક્ષ્માને ઉત્પન્ન કરે છે. ૧૯

વિષમાસન-શોષમાં કર્તવ્યપણું.

सतैरुपशोषणैरुपद्रवैरुपद्रुतः शनैःशनैरुपशुष्यति । तस्मात्पुरुषोमतिमान् प्रकृतिकरणसंयोगराशिदेशकालोपयोगसंस्थोपशयादविषमाहारमाहरेदिति॥ २० ॥

શોષકારી આ ઉપદ્રવોથી વ્યાકુલ પુરૂષ ધીરે ધીરે સુકાય છે. જેથી બુદ્ધિમાન પુરૂષે, પ્રકૃતિ, કરણ, સંયોગ, રાશિ, દેશકાલ, ઉપયોગ તથા સંસ્થાના ઉપશયથી સમ અહાર કરવો ૨૦

तत्रश्लोकाः ।

हिताशी स्यान्मिताशी स्यात् कालभोजी जितेन्द्रियः । पश्यन्रागान् बहून् कष्टान् बुद्धिमान विषमाशनादिति ॥ २१ ॥

તેમાં આ શ્લોક છે. બુદ્ધિમાન પુરૂષે વિષમાસનથી ઘણા કષ્ટદાયક રોગોની ઉત્પંત્તિ જાણીને જીતેન્દ્રિય થઇને યોગ્ય વખતે હિતકર્તા તથા થોડું ભોજન કરવું. ૨૧.

રાજ્યક્ષ્મા નામનું કારણ.

एतैश्चतुर्भिः शोषस्यायतनैरभ्युपसेवितैर्वातापित्तश्लेष्माण एवप्रकोपमापद्यन्ते । ते प्रकुपितानानाविधैरुपद्रवैः शरीरमुपशोषयन्ति । तं सर्वरोगाणां कष्टतमम-

त्वा राजयक्ष्माणमाचक्षते भिषजः । यस्माद्वा पूर्वमासीद्भगवतःसोमस्योडुराजस्यतस्माद्राजयक्ष्मेति ॥ २२ ॥

શોષના આચારે નિદાનોનું સેવન કરવાથી વાત, પિત્ત તથા કફ ત્રણે દોષ કોપિત થાય છે અને કોપિત થઇને અનેક પ્રકારના રોગોથી શરીરને સુકાવી દે છે. જેથી વૈદ્યલોક આ શોષ રોગને સંપૂર્ણ રોગોથી અધિક દુઃખકર જાણીને રાજ્યક્ષ્મા કહે છે, અથવા નક્ષત્ર રાજભગવાન ચંન્દ્રમાને આ રોગ પ્રથમ થયો હતો જેથી તેને રાજ્યક્ષ્મા કહે છે. ૨૨

રાજ્યક્ષ્માના પૂર્વરૂપ.

तस्येमानिपूर्वरूपाणि । तद्यथा—प्रतिश्यायःक्षवथुरभीक्ष्णंश्लेष्मप्रसेकोमुखमाधुर्य्यमनन्नाभिलाषोऽन्नकालेचायासोदोषदर्शनमदोषदर्शनमदोषेष्वल्पदोषेषुवाभावेषुपात्रोदकान्नसूपापूपोपदंशपरिवेशकेषुभुक्तवतोहृल्लासस्तथोल्लेखनमाहारस्यान्तरान्तरामुखपादस्यशोषःपाण्योरवेक्षणमत्यर्थमक्ष्णोःश्वेतताबाह्वोःप्रमाणजिज्ञासास्त्रीकामतातिघृणित्वंबीभत्सदर्शनताचकायेस्वप्नेष्विअभीक्ष्णंदर्शनमनुदकानामुदकस्थानांशून्यानाञ्चग्रामनगरनिगमजनपदानांशुष्कदग्धभग्नानाञ्चवनानांकृकलासमयूरवानरशुकसर्पकाकोलूकादिभिःसंस्पर्शनमधिरोहणंवाअश्वोष्ट्रखरवराहैर्यानञ्चकेशास्थिभस्मतुषाङ्गारराशीनाञ्चाधिरोहणमितिशोषपूर्वरूपाणिभवन्ति ॥२३॥

રાજ્યક્ષ્માને આ પૂર્વરૂપ થાય છે, જેવાકે જુકામ, વારંવાર છીંક ખાવી, મોઢામાંથી બહુજ કફ નીકળવો, મુખનું મીઠાપણું, જમવાની ઇચ્છા ન થવી, ભોજન વખતે થાક લાગવો, જરા દોષવાળા તથા દોષ વગરના પાત્ર, પાણી, અન્ન, તથા દાળ, ચટણી તથા મશાલાવાળા પદાર્થોમાં દોષ જોવા, ભોજન કરતાંજ ઉલટી થવી, ધીરે ધીરે ભોજનનું ઘટી જવું, મોં તથા પગોનું સુકાવું, વારંવાર હાથોને જોવા, આંખનું ધોળું થઇ જવું, ભુજાઓનું પ્રમાણ જાણવાની ઇચ્છા, મૈથુનની અત્યંત ઇચ્છા, બહુજ તિરસ્કાર થવો, તથા શરીરનું બિભીત્સ થવું, સ્વપ્નામાં વારંવાર સુકાં તળાવ, સુનાં ગામ, નગર, દેશો, વિગેરેને જોવા, સુકાયલા, બળેલા તથા તુટેલા વનોને જોવા, ગિરગટ, મોર, વાંદરૂં, પોપટ, સાપ, કાગડા, તથા હોલા વિગેરે જીવોનો સ્પર્શ કરવો, ઘોડો, ઉંટ, ગધેડું તથા ડુકર પર ચઢવું યા તેના પર સ્વારી કરીને ચાલવું અને વાળ, હાડકાં, ભષ્મ, ભૂસુ તથા અંગારાના ઢગલા પર ચઢવું એવાં સ્વપ્નાં જણાય છે. આ સર્વ શોષરોગનાં પૂર્વ રૂપ છે. ૨૩

રાજ્યક્ષ્માનાં રૂપ.

अतऊर्द्ध्वमेकादशरूपाणि । तद्यथा—शिरसःप्रतिपूरणं कासःश्वासःस्वरभेदःश्लेष्मणश्छर्दनं शोणितष्ठीवनं पार्श्वसंरोजनंअंसावमर्दोज्वरः अतीसारस्तथा अरोचक इति ॥ २४ ॥

આ ઉપરાંત આ અગીયાર લક્ષણ યક્ષ્માનાં થાય છે. જેવાં કે માથું ભરેલું જણાવું,

ખાંસી, દમ, સ્વરભેદ, કફની ઉલટી થવી, થુંકમાં લોહિ આવવું, પાંસળાં અને ખભામાં પીડા થવી, તોડ થવી, ઝાડો તથા અરૂચિ થાય છે. ૨૪

સાધ્યાસાધ્યતા.

तत्रापरिक्षीणमांसशोणितोबलवानजातारिष्टःसर्वैरपि शोषलिङ्गैरुपद्रुतः साध्यो ज्ञेयः ॥ २५ ॥

જે રાજયક્ષ્માવાળાને માંસ તથા રૂધિર ક્ષીણ થયું હોય, બળવાન હોય, તથા ખરાબ લક્ષણ ન જણાતાં હોય, તેને ઉપરનાં અગીયાર લક્ષણો થવા છતાં પણ સાધ્ય જાણવો જોઇએ. ૨૫

बलवर्णोपचयोपचितो हि सहिष्णुत्वाद्व्याध्यौषधबलस्य कामंबहुलिङ्गोऽप्यल्पलिङ्ग एवमन्तव्यः ॥ २६ ॥

કેમકે બળ તથા વર્ણની વૃદ્ધિવાળો પુરૂષ, રોગ તથા ઔષધના બળનું સહન કરી શકે છે. જેથી તેનામાં રાજયક્ષ્માનાં ઘણાં લક્ષણો હોવા છતાં પણ તે સાધ્ય હોય છે. ૨૬

दुर्बलन्त्वतिक्षीणमांसशोणितमल्पलिंगमप्यजातारिष्टमपिबहुलिङ्गमेवविद्यादसहत्वाद्व्याध्यौषधबलस्य तं परिवर्जयेत् ॥ २७ ॥

જે રાજયક્ષ્મા (ક્ષય) વાળાનાં માંસ તથા લોહિ ક્ષીણ થઈ ગયાં હોય, બળ ઘટી ગયું હોય, તેનામાં ગમે તો ક્ષયનાં થોડાં લક્ષણો હોય અને અરિષ્ટ ન ઉત્પન્ન થવા છતાં પણ તેને સંપૂર્ણ લક્ષણોવાળો જાણવો કેમકે તે રોગ તથા દવાના બળને સહન કરી શકતો નથી, તેથી તેની ચિકિત્સા કરવી જોઇએ નહિ. ૨૭

क्षणेनहिप्रादुर्भवन्त्यरिष्टानि । अन्यनिमित्तश्चारिष्टप्रादुर्भावइति ॥ २८ ॥

આવા દરદીને થોડીજવારમાં અરિષ્ટ ઉત્પન્ન થાય છે. અને અન્ય નિમિત્તોથી પણ અરિષ્ટ ઉત્પન્ન થાય છે. ૨૮.

तत्रश्लोकः ।

समुत्थानञ्च लिङ्गञ्च यः शोषस्यावबुध्यते ।
पूर्वरूपञ्च तत्त्वेन सराज्ञः कर्त्तुमर्हति ॥ २९ ॥

તેમાં આ શ્લોક છે કે, જે વૈદ્ય રાજયક્ષ્માનાં નિદાન (કારણ) પૂર્વરૂપ, તથા લક્ષણોને તત્વથી જાણે છે તે રાજાની ચિકિત્સા કરવાને માટે યોગ્ય છે. ૨૯

इति चरकसंहितायां निदानस्थाने शोषनिदानं समाप्तम् ॥ ६ ॥

ઇતિ ચરકસંહિતાના નિદાનસ્થાનંનો શોષ નિદાન નામનો અધ્યાય સમાપ્ત થયો ૬.

सप्तमोऽध्यायः ।

उन्माद निदान.

अथोन्मादनिदानंव्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે ઉન્માદના નિદાનની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

ઉન્માદના ભેદ.

इह खलु पञ्च उन्मादाभवन्ति। तद्यथा—वातपित्तकफसन्निपातागन्तुनिमित्तास्तत्र दोषनिमित्ताश्चत्वारः ॥ १ ॥

મનુષ્યના શરીરમાં ઉન્માદ રોગ પાંચ પ્રકારના થાય છે. વાતથી, પિત્તથી, કફથી, સન્નિપાતથી અને આગંતુક કારણોથી. ૧

ઉન્માદ રોગી પુરૂષ.

पुरुषाणामेवंविधानां क्षिप्रमभिनिर्वर्त्तन्ते । तद्यथा—भीरूणामुपक्लिष्टसत्त्वाना मुत्सन्नदोषाणाञ्चमलविकृतोपहितान्यनुचितानि आहारजातानि वैषम्ययुक्तेनो-पयोगविधिनोपयुञ्जानानांतन्त्रप्रयोगंवा विषममाचरतामन्यां वा चेष्टांविषमां-समाचरतामत्युपक्षीणदेहानाञ्चव्याधिवेगसमुद्भ्रमितानामुपहतमनसांवाकाम-क्रोधलोभहर्षभयशोकचिन्तोद्वेगादिभिःपुनरभिघाताभ्यहतानांवामनसिउपहतेबु-द्धौचप्रचलितायामभ्युदीर्णादोषाःप्रकुपिताहृदयमुपसृत्यमनोवहानिस्रोतांसिआवृ-त्यजनयंतिउन्मादम् । उन्मादंपुनर्मनोबुद्धिसंज्ञाज्ञानस्मृतिभक्तिशीलचेष्टाचारवि-भ्रमंविद्यात् ॥ २ ॥

આ ઉન્માદ રોગ એવા પુરૂષોને જલ્દી થાય છે જે કે ડરકણ, દુષિત સત્વવાળા, ઉત્પન્ન દોષવાળા, મળના વિકારોવાળા, અનુચિત આહારને વિષમતાથી ખાનારા, વિષમતાથી તન્ત્રના પ્રયોગોને કરનારા, અથવા અન્ય વિષમચેષ્ટા કરવાવાળા, બહુજ ક્ષીણ શરીરવાળા, રોગોના વેગથી ભ્રાન્તિ થયેલ, કામ, ક્રોધ, લોભ, હર્ષ, ભય, શોક, ચિન્તા તથા ઉદ્વેગ વિગેરેથી બગડેલા ચિત્તવાળા અથવા શસ્ત્રાદિનો ઘા થયેલા પુરૂષોને મનમાં વિક્ષેપ થવાથી અથવા બુદ્ધિ ચંચળ થવાથી વધેલા દોષ કોપિત થઇને હૃદયમાં જઇને મનને લઈ જનાર સ્નાયુઓને ઢાંકીને ઉન્માદને ઉત્પન્ન કરે છે. મન, બુદ્ધિ, સંજ્ઞા, જ્ઞાન, સ્મૃતિ, ભક્તિ, શીલ, ચેષ્ટા તથા આહારના વિભ્રમને ઉન્માદ કહે છે. ૨

ઉન્માદનાં પૂર્વરૂપ.

त येमानिपूर्वरूपाणि । तद्यथाशिरसःशून्यभावः चक्षुषोराकुलतास्वनःकर्णयोरु-च्छ्वासस्याधिक्यमास्यसंस्रवणमनन्नाभिलाषोऽरोचकाविपाकौहृदयग्रहोध्यानाया-

ससम्मोहोद्वेगाश्चास्य ने सततंलाम र्पोज्वरश्चाभीक्ष्णमुन्मत्तचित्तत्व दार्दितत्वमर्दिताकृतिकरणश्चव्याधेः। स्वप्नेचदर्शनमभीक्ष्णंभ्रान्तचलितावस्थितानवस्थितानाश्चरूपाणामप्रशस्तानाश्चतिलपीडकचक्राधिरोहणंवातकुण्डलिकाभिश्चोन्मथनंनिमज्जनंकलुषाणामम्भसामावर्त्तेषु चक्षुषोश्चापसर्पणमिति दोषनिमित्तानामुन्मादानांपूर्वरूपाणि ॥ ३ ॥

ઉન્માદનાં આ પૂર્વરૂપ થાય છે. જેવાં કે શરીરનું શૂન્ય જણાવું, નેત્ર ઢંકાયલાં જણાવાં, કાનમાં ગણગણાટ થવો, અધિક શ્વાસ ચઢવો, મુખમાંથી લાળ પડવી, ખાવાની અનિચ્છા, અરૂચિ, અવિપાક, હૃદય જકડાવું, કારણ વિના ધ્યાન, શ્રમ, મોહ તથા ઉદ્વેગનું થવું, હંમેશાં રોમાંચ (વાળ ખડા) થવા, તાવ, વિશેષે કરીને ચિત્તનું ઉન્મત્ત થવું, ઉદર્દિત અને અર્દિત રોગના જેવી આકૃતિ બનાવવી, સ્વપ્નમાં હંમેશાં ભ્રાન્ત ચલિત, અતિ ચંચલ તથા અતિ ભયાનક રૂપોનું જોવું, પોતાને ઘાંણી પર ચઢેલો જોવો, વાયુના ઓડરોમાં ફસવું, બગડેલા જળમાં ભમર (ચક્કર) માં ડુબવું, એવાં સ્વપ્ન જણાવાં, અને નેત્રોનું ચંચળ થવું આ દોષજ ઉન્માદોનાં પૂર્વરૂપ છે. ૩

ઉન્માદનું ઓળખાણ.

ततोऽनन्तरमुन्मादाभिनिर्वृत्तिस्तत्रेदमुन्मादविज्ञानं भवतितद्यथा—परिसर्पणमक्षिभ्रुवामोष्ठांसहनुहस्तपादविक्षेपणमकस्मात् अनियतानाश्च सततं गिराभुत्सर्गः फेनागमनमास्यातस्मितहसितनृत्यगीतवादित्रादिप्रयोगाश्चास्थाने, वीणावंशशङ्खशम्याताल शब्द करणम् असाम्ना। यानमयानैरलङ्करणमलङ्कारिकैर्द्रव्यैर्लोभोऽभ्यवहार्य्येष्वलब्धेषु। लब्धेषुचावमानस्तीव्रं मात्सर्य्यं कार्श्यं पारुष्यमुत्पिण्डतारुणाक्षतावातोपशयविपर्य्यासादनुपशयिता चेति वातोन्मादलिङ्गानिभवन्ति ॥ ४ ॥

આ લક્ષણો ઉપરાંત જેને ઉન્માદ ઉત્પન્ન થાય છે તેને ઉન્માદનાં આ લક્ષણ થાય છે. જેવાં કે આંખ તથા ભૃકુટિયોનું ચંચલ થવું, હોઠ, ખભા, દાઢી, હાથ તથા પગનું અકસ્માત હાલવું, ચાલવું, હંમેશાં લવરી કરવી, મોંથી ફીણ નીકળવું, કારણ વિના હસવું, ગાવું, મશ્કરી કરવી, નાચવું, હાથે વાજું વગાડવું, વીણા, શંખ, વાંસરી તથા વીજળીના શબ્દનું હાથથી અનુકરણ કરવું, જે પદાર્થ સવારી કરવા યોગ્ય ન હોય તેના પર ચઢવું, જે વસ્તુ ઘરેણાં પહેરવા યોગ્ય ન હોય તેને ઘરેણાંની માફક પહેરવું, ભોજનના અલભ્ય પદાર્થોનો લોભ કરવો, અને પ્રાપ્ત ભોજનના પદાર્થોનો ત્યાગ કરવો, બહુજ મત્સરતા, કૃષતા, મેલાપણું, આંખોને ઉંચી ચઢાવી રાખવી, આંખોનું લાલ થવું, અને વાતને શાંન્ત કરવાવાળી વસ્તુઓથી પ્રતિકુળ વસ્તુઓથી અહિત થવું આ વાતજ ઉન્માદનાં લક્ષણ છે. ૪

પિત્તોન્માદનાં લક્ષણ.

अमर्षःक्रोधःसंरम्भश्चास्थानेशस्त्रलोष्टकाष्ठमुष्टिभिरभिद्रवणंस्वेषांपरेषांवाप्रच्छा-

यच्छीताद न्नाभिलाषःसन्तापोऽतिवेलः । ताम्रहरितहारिद्रसंरब्धाक्षतामेवो-पशयविपर्यासादनुपशयिताचेतिपित्तोन्मादलिंगानिभवन्ति ॥ ५ ॥

પ્રયોજનવિના આ સહિષ્ણુકતા, ક્રોધ, ગર્વ કરવો, પોતાને તથા પારકા લોકોને શસ્ત્ર દેખલા, લાકડી તથા મુઠીથી મારવાને માટે દોડવું, ઠંડી છાયા, જળ તથા ઠંડા અન્નની ઇચ્છા, બહુજ સંતાપ, આંખો તાંબાના રંગ જેવી, હરિત તથા પીળી થવી, નેત્રામાં ગભરાટ જણાવો, અને પિત્તમાં સુખકારી વસ્તુઓ કરતાં વિપરિત વસ્તુઓથી અહિત થવું આ પિત્તજ ઉન્માદનાં લક્ષણ છે. ૫

કફોન્માદનાં લક્ષણ.

स्थानमेकदेशेतूष्णीम्भावोऽल्पशश्चंक्रमणंलालाशिंघाणकस्रवणमनन्नाभिलाषोर-हस्कामताबीभत्सत्वंशौचद्वेषःस्वल्पनिद्रताश्वयथुराननेशुक्लस्तिमितमलोपदिग्धाक्ष-ताश्लेष्मोपशयविपर्यासादनुपशयिताचेतिश्लेष्मोन्माद लिङ्गानि भवन्ति ॥ ६ ॥

એક સ્થળમાં શાંતપણે બેસી રહેવું, થોડું ફરવું, નાકનું દદડવું, લાળ પડવી, અન્નની અનિચ્છા, એકાન્તની ઇચ્છા, બિભત્સતા, શૌચ ન જવું, ઓછું ઉઘવું, મોંપર સોજો આવવો, આંખો ધોળી, મેલી તથા સ્થિર થવી, કફમાં ફાયદો કરતા વસ્તુઓ કરતાં વિપ-રિત વસ્તુઓથી અહિત થવું. આ કફજ ઉન્માદનાં લક્ષણ છે. ૬

સન્નિપાતજ ઉન્માદનાં લક્ષણ.

त्रिदोषलिङ्गसन्निपातेतसान्निपातिकांविद्यात् ।
तमसाध्यमित्याचक्षतेकुशलाः ॥ ७ ॥

ત્રણે દોષોના લક્ષણોના મળવાથી સન્નિપાતજ ઉન્માદ જાણવો જોઇએ. આને કુ-શળ વૈદ્ય અસાધ્ય કહે છે. ૭

સાધ્ય ઉન્માદની ઉપક્રમણ વિધિ.

साध्यानान्तुत्रयाणांसाधनानिभवन्ति । तद्यथा—स्नेहस्वेदवमनविरेचनास्थाप-नानुवासनोपशमननस्तःकर्मधूपधूमपानाञ्जनावपीडमधमनाभ्यङ्गमर्दहपरिषेकानु-लेपनवधबन्धनावरोधनवित्रासनविस्मापनविस्मारणापतर्पणशिराव्यधनानि ॥८॥

વાતજ પિત્તજ, તથા કફજ આ ત્રણ ઉન્માદ સાધ્ય છે. તેની ચિકિત્સા સ્નેહન, સ્વેદન, ઉલટી, જુલાબ, આસ્થાપન, અનુવાસન ઉપશમન, નસ્ય, (સુંઘવું) ધુપ, ધ્રૂમ્રપાન, અંજન, અવપીડન, પ્રધમન, તૈલાદિનું મર્દન, લેપ, પરિષેક, અનુલેપન, બન્ધન, અવરોધન, ત્રાસન (ત્રાસ જણાવો) આશ્ચર્ય કરાવવો, વિસ્મીત કરવો, અપતર્પણ (ઉપવાસાદિ) તથા શિરાવ્યધન (નાડીઓ દબાવવી) એ સર્વદ્વારા ચિકિત્સા કરવી જોઇએ. ૮

भोजनविधानश्चयथास्वंयुक्त्यायच्चान्यदपिकिञ्चिन्निदानविपरीतमौषधंकार्य्यंतत्स्या-दिति ॥ ९ ॥

દોષને અનુકુળ ભોજન આપવું અને તે સિવાય બીજું જે નિદાનનાં વિપરીત ઔષધ છે તે પણ કરવાં જોઇએ. ૯

तत्रश्लोकः.

उन्मादान्दोषजान्साध्यान्साधयेद्भिषगुत्तमः ।
अनेनविधियुक्तेनकर्मणायत्प्रकीर्त्तितमिति ॥ १० ॥

તેમાં આ શ્લોક છે. ઉત્તમ વૈદ્યે પૂર્વોકત કર્મોથી વિધિ પૂર્વક દોષજ, સાધ્ય ઉન્માદોની ચિકિત્સા કરવી. ૧૦

આગન્તુક ઉન્માદનાં લક્ષણ.

यस्तु दोषनिमित्तेभ्यउन्मादेभ्यःसमुत्थानपूर्वरूपलिङ्गवेदनोपशयविशेषसमन्वितोभवतिउन्मादस्तमागन्तुमाचक्षते ॥ ११ ॥

જે ઉન્માદ દોષજ ઉન્માદોનાં કારણ, પૂર્વ રૂપ તથા લક્ષણ, વેદના, ઉપશયની વિશેષતાવાળા હોય છે તેને આગન્તુજ કહે છે. ૧૧

આગન્તુક ઉન્માદની ઉત્પતિમાં જુદા જુદા મત.

केचित्पुनःपूर्वकृतंकर्माप्रशस्तमिच्छन्ति । तस्यनिमित्तंप्रज्ञापराधएवेतिभगवान्पुनर्वसुरात्रेयउवाच ॥ १२ ॥ प्रज्ञापराधाद्धिअयंदेवर्षिपितृगन्धर्वयक्षराक्षसपिशाचगुरुवृद्धसिद्धाचार्य्यपूज्यानवमत्याहितानिआचरतिअन्यद्वाकिञ्चित् कर्माप्रशस्तमारभते ॥ १३ ॥

કોઇ કોઇ આચાર્ય પૂર્વ જન્મનાં અનુચિત કર્મોને આગન્તુજ ઉન્માદનું કારણ કહે છે. પરંતુ ભગવાન્ આત્રેયજી કહે છે કે પ્રજ્ઞાપરાધ (બુદ્ધિના દોષ)જ તેનું કારણ છે. ૧૨. જે પુરૂષ બુદ્ધિના દોષથી દેવ, રૂષિ, પિતૃ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિશાચ, ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ, આચાર્ય, તથા પૂજ્યોનો તિરસ્કાર કરીને અહિતાચરણ કરે છે, અથવા કોઇ બીજાં નિંદિત કાર્ય કરે છે. ૧૩

આગન્તુક ઉન્માદનાં પૂર્વરૂપ.

तमात्मनोपहतमुपगच्छन्तोदेवाःकुर्वन्त्युन्मत्तम् । तत्रदेवादिप्रकोपनिमित्तेनागन्तुकोन्मादेनपुरस्कृतस्यइमानिपूर्वरूपाणि । तद्यथादेवगोब्राह्मणतपस्विनांहिंसारुचित्वंकोपनत्वंनृशंसाभिप्रायताअरतिरोजोवर्णच्छायाबलवपुषाश्चोपतप्तिः । स्वप्नेचदेवादिभिरभिभर्त्सनंप्रवर्त्तनञ्चेतिआगन्तुनिमित्तस्यउन्मादस्यपूर्वरूपाणिभवन्तिततोऽनन्तरमुन्मादाभिनिर्वृत्तिः ॥ १४ ॥

દેવલોક તે પ્રમાણે તિરસ્કાર કરનારને પીડા કરીને ઉન્મત્ત કરી દે છે. જેને દેવ વિગેરેના કોપથી આગન્તુજ ઉન્માદ થાય છે તેનાં આ પૂર્વ રૂપ હોય છે. જેવાં કે દેવ, બ્રાહ્મણ તથા તપસ્વિયોની હિંસા કરવામાં રૂચિ, ક્રોધ, પરદ્રોહ કરવાની ઇચ્છા, બેચેની,

ઓજસ, વર્ણ, કાંતિ, બળ તથા શરીરમાં ઉપતાપ, સ્વપ્નમાં દેવતાદિકોથી બ્હીવું, તથા નિંદિત કાર્યોમાં પ્રવૃત થવું આ આગંતુજ ઉન્માદનાં પૂર્વ રૂપ હોય છે, અને આ લક્ષણો થયા પછી ઉન્માદ થાય છે. ૧૪

ઉન્માદોત્પત્તિથી પૂર્વ ચેષ્ટા.

तत्रायमुन्मादकराणांभूतानामुन्मादयिष्यतामारम्भविशेषःतद्यथा—अवलोकयन्तो देवाजनयन्तिउन्मादम् । गुरुवृद्धसिद्धर्षयोऽभिशपन्तःपितरोधर्षयन्तः । स्पृशन्तोगन्धर्वाः । समावेशन्तोयक्षराक्षसास्त्वामगन्धमाघ्रापयन्तःपिशाचाःपुनरधिरुह्य वाहयन्तः ॥ १५ ॥

ઉન્માદ કરનાર દેવતા વિગેરે આ પ્રકારે ઉન્માદ કરે છે. જેમકે દેવતાલોક દૃષ્ટિથી ઉન્માદ કરે છે. ગુરૂ, વૃદ્ધ સિદ્ધ, તથા રૂષિ શાપથી ઉન્માદ કરે છે, પિતૃ લોક બ્હીવરાવીને ઉન્માદ કરે છે. ગંધર્વ સ્પર્શથી ઉન્માદ કરે છે, યક્ષ તથા રાક્ષસ આવેશથી ઉન્માદ કરે છે, અને પિશાચ આમગંધ (માંસાદિક) ને સુંઘાડીને તથા શરીર ઉપર ચઢીને ઉન્માદ રોગને ઉત્પન્ન કરે છે. ૧૫

ઉન્માદનાં રૂપ.

तस्येमानिरूपाणि । तद्यथा—अमर्त्यबलवीर्यपौरुषपराक्रमग्रहणधारणस्मरणज्ञानवचनविज्ञानानिअनियतश्चोन्मादकालः ॥ १६ ॥

આ ઉન્માદ રોગનાં આ લક્ષણ થાય છે. જેવાં કે દેવતાઓની સમાન બળ, વીર્ય, પુરૂપાર્થ, પરાક્રમ, ગ્રહણ, ધારણ, સ્મરણ, જ્ઞાન, વચન તથા વિજ્ઞાન આ સર્વ આ મનુષ્યના શરીરમાં ઉન્માદના વખતે ઉત્પન્ન થઇ જાય છે અને ઉન્માદ થવાના સમયનો કાંઈ નિશ્ચય હોતો નથી. ૧૬

આઘાત કાળ.

उन्मादयिष्यतामपिखलुदेवर्षिपितृगन्धर्वयक्षराक्षसपिशाचानां गुरुवृद्धसिद्धानांवा-एषुअन्तरेषुअभिगमनीयाःपुरुषाभवन्ति तद्यथा—पापस्यकर्मणःसमारम्भेपूर्वकृतस्यवाकर्मणःपरिणामकालेएकस्यवाशून्यगृहवासेचतुष्पथाधि[illegible]नेवासन्ध्यावेलायामप्रयतभावेवापर्वसन्धिषुवामिथुनभावे[illegible]लाभिगमनेवाविगुणेवाध्ययनबलिमङ्गलहोमप्रयोगेनियमव्रतब्रह्मचर्यभङ्गेवामहाहवेवादेशकुलपुरविनाशेवामहाग्रहोपगमनेवास्त्रियाःप्रजननकालेविविधभूताशुभाशुचिस्पर्शनेवावमनविरेचनरुधिरस्रावेवाशुचेरप्रयतस्यवाचैत्यदेवायतनाभिगमनेवामांसमधुतिलगुडमद्योच्छिष्टेवादिग्वाससिवानिशिनगरनिगमचतुष्पथोपवनश्मशानायतनाभिगमनेवाद्विजगुरुसुरपूज्याभिघर्षणेवाध[illegible]व्यतिक्रमेवा अन्यस्य कर्मणोऽप्रशस्तस्यारम्भेवाइत्याघातकालाः ॥ १७ ॥

ઉન્માદ કરવાની ઇચ્છાવાળા દેવતા, ૠષિ, પિતૃ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ તથા પિશાચ યા ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ જે જે અવસરોમાં આવીને પુરૂષને ઉન્મત્ત કરે છે, તે આ પ્રમાણે છે. જેમકે પાપકર્મનો આરંભ કરવાથી અથવા પૂર્વ જન્મોમાં કરેલા પાપોના ફળના વખતે, શૂન્ય ગ્રહમાં એકલા રહેવાથી, ચકલામાં જવું, સંધ્યા સમયે, અપવિત્રતા, પર્વોની સંધિ, મૈથુન, રજસ્વલાઓની સાથે ગમન કરવું, નિર્ગુણ વિષયનું અધ્યયન, બલિ, મંગળ, હોમ, પ્રયોગ, નિયમ, વ્રત, તથા બ્રહ્મચર્યનો ભંગ થવો, ઘોર યુદ્ધ, દેશ, કુલ તથા નગરનો વિનાશ, મહા ગ્રહોનું ગમન, સ્ત્રીયોનો પ્રસવ સમય, અનેક પ્રકારના અશુદ્ધ પદાર્થોનો સ્પર્શ, ઉલટી, તથા લોહિના સ્રાવથી અપવિત્ર થઇને અથવા બીજા કોઇ કારણથી અપવિત્ર થવાથી યજ્ઞશાળા તથા કોઇ દેવસ્થાનમાં જવું, માંસ, દારૂ, તલ, ગોળ, તથા મદથી ઉચ્છિષ્ટ થવું, નગ્ન થવું, રાત્રિમાં નગરથી બહાર નીકળવું, સ્મશાનમાં, ચકલામાં અથવા વાયુના સન્મુખ જવું, બ્રાહ્મણ, ગુરૂ દેવતા તથા પૂજ્ય લોકોનો તિરસ્કાર કરવો, ધર્માખ્યાનનો વ્યતિક્રમ કરવો અથવા બીજા કોઈ નિન્દિત કર્મનો આરંભ કરવો. આ વખત તે દેવતા વિગેરેને ઉન્મત્ત કરવાનો સમય છે. ૧૭

ઉન્મત્તતાના ત્રણ પ્રયોજન.

त्रिविधन्तुखलुउन्मादकराणांभूतानामुन्मादनेप्रयोजनंभवति । तद्यथा—हिंसारतिरभ्यर्चनञ्चेति । तेषांतत्प्रयोजनमुन्मत्ताचरणविशेषलक्षणैर्विद्यात् । तत्रहिंसार्थमुन्माद्यमानोऽग्निंप्रविशतिअप्सुवानिमज्जतिस्थलात्श्वभ्रेवानिपतति । शस्त्रकशाकाष्ठलोष्टमुष्टिभिर्हन्त्यात्मानमन्यञ्चप्राणवधार्थमारभते । हिंसार्थिनमुन्मत्तमसाध्यंविद्यात् । साध्यौपुनर्द्वावितरौ ॥ १८ ॥

ઉન્માદકારક દેવતાદિકોને ઉન્મત્ત કરવામાં ત્રણ પ્રયોજન હોય છે, જેવાં કે હિંસા, રતિ, અને પૂજન, આ પ્રયોજન ઉન્મત્તોના આચાર વિશેષોથી જાણવા જોઈએ. જે પુરૂષને હિંસાને માટે ઉન્મત્ત કરવામાં આવે છે, તે અગ્નિમાં પ્રવેશ કરે છે, જળમાં ડુબે છે, અથવા ઉંચા સ્થાનથી નિચે પડે છે અથવા શસ્ત્ર, કશા, લાકડી, પથ્થર, મુક્કિ વિગેરેથી પોતાના શરીરને પ્રહાર કરે છે અથવા બીજાં પ્રાણનાશક કાર્ય કરે છે. હિંસાને માટે જેને ઉન્મત્ત કરવામાં આવે છે તે અસાધ્ય છે. અને બાકીના બે સાધ્ય છે. ૧૮

સાધ્યનું વર્ણન.

तयोःसाधनानि । मन्त्रौषधिमणिमङ्गलबल्युपहारहोमनियमव्रतप्रायश्चित्तोपवासस्वस्त्ययनप्रणिपातगमनादीनिइतिएवमेतेपञ्चोन्मादाव्याख्याताभवन्ति ॥ १९ ॥

તેની ચિકિત્સા મંત્ર, દવા, મણિ, મંગળ, બલિ, ઉપહાર, હોમ, નિયમ, વ્રત, પ્રાયશ્ચિત, ઉપવાસ, સ્વસ્તયન, પ્રણામ તથા ગમનાદિ દ્વારા, કરવી જોઇએ. આ પ્રકારે પાંચ ઉન્માદનું વર્ણન કરવામાં આવ્યું. ૧૯

ઉન્માદનું દ્વિવિધત્વ.

ते तु खलु निजागन्तुविशेषेणसाध्यासाध्यविशेषेण च प्रविभज्यमानाः पञ्च सन्तो द्वौ एव भवतः ॥ २० ॥

તે ઉન્માદરોગ નિજ અને આગન્તુજ ભેદથી પાંચ પ્રકારના અને સાધ્ય અસાધ્યના ભેદથી બે પ્રકારના હોય છે. ૨૦

तौ परस्परमनुबध्नीतः । कदाचिद्यथोक्तहेतुसंसर्गाच्च तयोः संसृष्टमेव पूर्वरूपं भवति संसृष्टमेवलिङ्गञ्च । तत्र असाध्यसंयोगंसाध्यासाध्यसंयोगंवाअसाध्यंविद्यात् । साध्यन्तुसाध्यसंयोगं तस्य साधनं साधनसंयोगमेवविद्यादिति ॥ २१ ॥

કદાપિ એ બંને પરસ્પર મળી જાય છે અને પૂર્વોક્ત કારણોના સંસર્ગથી તેનાં પૂર્વ રૂપ તથા લક્ષણ પણ મળેલાં જણાય છે, તેમાં જો સાધ્યનો સંયોગ હોય તો તેની પૂર્વોક્ત ચિકિત્સા મેળવીને કરવી જોઇએ. ૨૧

तत्र श्लोकाः ।

नैव देवा न गन्धर्वा न पिशाचा न राक्षसाः ।
न चान्ये स्वयमक्लिष्टमुपक्लिश्यन्ति मानवम् ॥ २२ ॥

તેમાં આ શ્લોક છે, દેવતા, ગંધર્વ, પિશાચ તથા રાક્ષસ અથવા બીજા એવા પ્રકારના લોક, નિર્દોષ મનુષ્યને કલેશ આપતા નથી. ૨૨

ये त्वेनमनुवर्त्तन्ते क्लिश्यमानं स्वकर्मणा ।
न तन्निमित्तः क्लेशोऽसौ न ह्यस्तिकृतकृत्यता ॥ २३ ॥

અને પોતાના કર્મથી કલેશિત મનુષ્યોને જે દેવતાદિક કલેશ આપે છે, તેમાં તેમને કારણ ન માનવા જોઇએ કેમકે એથી તેમની કૃત કૃત્યતા થતી નથી. ૨૩

प्रज्ञापराधात् सम्प्राप्ते व्याधौ कर्मजआत्मनः ।
नाभिशंसेद्बुधोदेवान् न पितॄन् नापि राक्षसान् ॥ २४ ॥

બુદ્ધિના દોષથી કર્મજ રોગોના પ્રાપ્ત થવાથી વિદ્વાન મનુષ્ય, દેવતા, પિતૃ તથા રાક્ષસોને અપરાધ આપતા નથી. ૨૪

आत्मानमेव मन्येत कर्त्तारं सुखदुःखयोः ।
तस्माच्छ्रेयस्करं मार्गं प्रतिपद्येत नोत्रसेत् ॥ २५ ॥

પરંતુ પોતાનેજ સુખ દુઃખના કર્તા માને છે. તેથી મનુષ્યે કલ્યાણકારી માર્ગનું અવલંબન કરવું અને ભ્રમમાં ન પડવું એ ઉચિત છે. ૨૫

देवादीनामुपचितिर्हितानामुपसेवनम् ।
न च तेभ्यो विरोधश्चसर्वमायत्तमात्मनि ॥ २६ ॥

દેવાદિકોનું પૂજન કરવું, હિત પદાર્થોનું સેવન કરવું અને દેવતાદિકો સાથે કદી વિરોધ ન કરવો કારણ કે તે સર્વ આત્મામાંજ રહેલા છે. ૨૬

संख्यानिमित्तं द्विविधं लक्षणं साध्यता न च ।
उन्मादानां निदानेऽस्मिन् क्रियासूत्रश्च भाषितम् ॥२७॥

ઉન્માદોની સંખ્યા, નિદાન, એ પ્રકારનાં લક્ષણ, સાધ્યતા, તથા અસાધ્યતા અને ચિકિત્સાનો સંક્ષેપ આ સર્વ વિષય, ભગવાન આત્રેયજીએ આ ઉન્માદ નિદાન નામના અધ્યાયમાં કહ્યો છે. ૨૭

इति उन्माद निदानं समाप्तम् ॥७॥

ઇતિ ઉન્માદ નિદાન નામનો અધ્યાય સમાપ્ત થયો. ૭.

अष्टमोऽध्यायः ।

अपस्मार (मृगीवायु) निदानम् ।

अथापस्मारनिदानंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે અપસ્માર રોગના નિદાનનું કથન કરીએ છીએ એવું ભગવાન આત્રેયજીએ કહેવા માંડ્યું.

અપસ્માર (મૃગીવાયુ) ના પ્રકાર.

इह खलु चत्वारोऽपस्मारा वातपित्तकफसन्निपातनिमित्ताः ॥१॥

આ શરીરમાં અપસ્માર રોગ ચાર પ્રકારના ઉત્પન્ન થાય છે. જેવા કે વાતથી, પિત્તથી, કફથી અને સન્નિપાતથી. ૧

અપસ્મારને યોગ્ય પુરૂષ.

ते एवंविधानां प्राणभृतां क्षिप्रमभिनिर्वर्त्तन्ते । तद्यथा । रजस्तमोभ्यामुपहतचेतसामुद्भ्रान्तविषमबहुदोषाणां समलविकृतोपहितानि अशुचीनि अभ्यवहारजातानि वैषम्ययुक्तेन उपयोगविधिनोपयुञ्जानानांतन्त्रप्रयोगमपिचविषममाचरतामन्याश्चशरीरचेष्टाविषमाःसमाचरतामत्युपक्षीणदेहानांवादोषाःप्रकुपितारजस्तमोभ्यामुपहतचेतसामन्तरात्मनःश्रेष्ठतममायतनंहृदयमुपसंगृह्यपर्य्यवतिष्ठन्तेतथा-इन्द्रियायतनानितत्र चावस्थिताःसन्तोयदाहृदयमिन्द्रियायतनानिचेरिताःकामक्रोधभयलोभमोहहर्षशोकचिन्तोद्वेगादिभिः भूयः सहसाअभिपूरयन्तितदाजन्तुरपस्मरति ॥ २ ॥

આ રોગ ચાર પ્રકારના મનુષ્યોને જલદી થાય છે જેવા કે;—રજોગુણ તથા તમોગુણથી વ્યાકુલ ચિત્તવાળા, ભ્રમયુક્ત, વિષમ, બહુજ દોષવાળા, વિકારવાળા, અપવિત્ર ભોજનની વિષમતાથી ખાનારા, તંત્ર પ્રયોગોને વિષમતાથી કરનારા, શરીરની અન્ય ચેષ્ટાઓને વિષમતાથી કરનારા તથા ક્ષીણ શરીરવાળા પુરૂષોના દોષ કોપિત થઇને રજોગુણ તથા

તમોગુણથી વિકલ ચિત્તવાળા, અંતરાત્માના શ્રેષ્ટ સ્થાન હૃદયમાં પ્રાપ્ત થાય છે, અને ત્યાં સ્થિત થઇને જ્યારે ક્રોધ, ભય, લોભ, મોહ, હર્ષ, શોક, ચિન્તા, તથા ઉદ્વેગાદિકોથી પ્રેરિત થઇને હૃદય તથા ઇન્દ્રિય સ્થાનોને સહસા પૂર્ણ કરે છે ત્યારે અપસ્માર રોગ થાય છે. ૨

અપસ્મારનાં લક્ષણ.

अपस्मारंपुनःस्मृतिबुद्धिसत्त्वसंप्लवाद्बीभत्सचेष्टमावस्थिकंतमःप्रवेशमाचक्षते ॥३॥

સ્મૃતિ, બુદ્ધિ, તથા સત્વના બગડવાથી, બિભિત્સ ચેષ્ટા (હાથ પગ પછાડવા) વાળા થઇને અજ્ઞાનવાળા થઇ જવું તેને અપસ્માર કહે છે. ૩

અપસ્મારનાં પુર્વ રૂપ.

तस्येमानिपूर्वरूपाणिभवन्ति । तद्यथा—भ्रूव्युदासःसततमक्ष्णोर्वैकृतमशब्दश्रवणं-लालाशिंघाणकप्रस्रवणमनन्नाभ्यशनमरोचकाविपाकौहृदयग्रहःकुक्षेराटोपोदौर्बल्य-मङ्गमर्दोमोहस्तमसोदर्शनंमूर्च्छाभ्रमश्चाभीक्ष्णश्चस्वप्नेमदनर्त्तनपीडनवेपनव्यधनपत-नादीनिअपस्मारपूर्वरूपाणिभवन्तिततोऽनन्तरमपस्माराभिनिर्वृत्तिः ॥ ४ ॥

તે અપસ્મારનાં પૂર્વ રૂપ થાય છે; જેવાં કે ભમરોનું સંકોચાવું, આંખોનું હંમેશાં વિકારવાળું રહેવું, કાનમાં ઓછું સંભળાવું, લાર વહેવી, અન્નની અનિચ્છા, અરૂચિ, અવિપાક, હૃદય જકડાયેલું જણાવું, દુખમાં ગગડાટ થવો, દુર્બળતા, અંગમર્દ, મોહ, અંધકાર જેવું જણાવું, મૂર્છા, વારંવાર ભ્રમ થવો, સ્વપ્નમાં ઉન્મત્તતા, નાચવું, પીડા, કંપ, માનસિક પીડા, તથા પડી જવું, આ વાતોનું આ લક્ષણો થયા પછી અપસ્માર થાય છે. ૪

વાતજ અપસ્મારનાં લક્ષણ.

तत्रेदमपस्मारविशेषविज्ञानंभवति । तद्यथा—अभीक्ष्णमपस्मरन्तं क्षणे क्षणे संज्ञां प्रतिलभमानमुत्पिण्डिताक्षमसाम्ना वा विलपन्तमुद्वमन्तं फेनमतीवाध्मातग्रीवमाविद्धशिरस्कं विषम विनतांगुलिमनवस्थितसक्थिपाणिपादमरुणपरुषश्यावनखनयनवदनत्वचमनवस्थितचपलपरुषरूक्षरूपदर्शिनंवातलानुपशयं विपरीतोपशयं वातेनापस्मारवन्तंविद्यात् ॥ ५ ॥

ત્યાં આ પ્રકારથી અપસ્મારનું વિશેષ જ્ઞાન થાય છે. જેમ કે વારંવાર અપસ્માર યુક્ત થવું, ક્ષણમાં ચૈતન્ય થઈ જવું, નેત્રોને આમ તેમ ફેરવવાં, પ્રલાપ કરવો, ફીણની ઉલટી થવી, ગ્રીવાનું જકડાવું, માથામાં પીડા થવી, આંગળીયો વળી જઇ મુઠી વળાઈ જવી, હાથ, પગ તથા જાંગોનું સ્થિર ન રહેવું, નખ તથા ત્વચાનો મેલો, લાલ તથા કાળો રંગ થવો, સ્થિરતા રહિત ચંચળ, મેલાં તથા રૂક્ષ રૂપોનું જણાવું, બાદી વસ્તુઓથી નુકશાન થવું અને વાતનાશક વસ્તુઓથી, હિત થવું એ વાતજ અપસ્મારનાં લક્ષણ છે. ૫

પિત્તજ અપસ્મારનાં લક્ષણ.

अभीक्ष्णमपस्मरन्तं क्षणे क्षणे संज्ञां प्रतिलभमानम्- कूजन्तमास्फालयन्तं च भू-

मिहरितहारिद्रताम्रनखनयनवदनत्वचंरुधिरोक्षितोग्रभैरवप्रदीप्तरुषितरूपदर्शिनं पित्तला. पशयंविपरीतोपशयं पित्तजमपस्मारंविद्यात् ॥ ६ ॥

વારંવાર અપસ્માર થવો, ક્ષણ ક્ષણમાં ચૈતન્ય થવું, ચમકવું, પૃથ્વિમાં હાથ પગ પછાડવા, નખ, આંખ, મુખ તથા ચામડીનું હરમું, પીળું, અને લાલ રંગનું થવું, આંખો લાલ થવી, ઉગ્ર, ભયંકર, દીપ્ત તથા રૂક્ષ રૂપોનું દેખાવું, પિત્તકારક વસ્તુઓથી અહિત થવું એ પિત્તજ અપસ્મારનાં લક્ષણ છે. ૬

કફજ અપસ્મારનાં લક્ષણ.

चिरादपस्मरन्तंचिराच्चसंज्ञांप्रतिलभमानंपतन्तमनतिविकृतचेष्टंलालामुद्वमन्तंशुक्लनखनयनवदनत्वचंशुक्लगुरुस्निग्धरूपदर्शिनंश्लेष्मलानुपशयंविपरीतोपशयंश्लेष्मणापस्मारितंविद्यात् ॥ ७ ॥

બહુ વખતે અપસ્માર થવો, જલદી ચેતન થવું, પડી જઈ હાથ પગ આદિનું પછાડવું, લાળનું વહેવું, નખ, આંખ મુખ તથા ચામડીનું ધોળું થવું, સ્નિગ્ધ, તથા ભારે રૂપોનું જણાવું, કફકારક વસ્તુઓથી અહિત થવું અને કફઘ્ન વસ્તુઓથી હિત થવું આ કફજ અપસ્મારનાં લક્ષણ છે. ૭

સન્નિપાત અપસ્મારનાં લક્ષણ.

समवेतसर्वलिंगमपस्मारंसान्निपातिकंविद्यात् । तमसाध्यमाचक्षते । इतिचत्वारोऽपस्माराः । तेषामागन्तुरनुबन्धोभवत्येव । कदाचित्सउत्तरकालमुपदेक्ष्यते । तस्यविशेषविज्ञानंयथोक्तैर्लिंङ्गैर्लिङ्गाधिक्यमदोषलिंगानुरूपंकिञ्चिद्धितंतत्तुअपस्मारिभ्यस्तीक्ष्णानिचैवसंशोधनानिउपशमनानियथास्वंमन्त्रादीनिचागन्तुसंयोगे॥८

જે અપસ્મારમાં પૂર્વોક્ત ત્રણે દોષોનાં લક્ષણ મળેલાં હોય તેને સન્નિપાત અપસ્માર જાણવો જોઇએ. એ અસાધ્ય હોય છે. એ પ્રકારે ચારે અપસ્મારો કહ્યા, તેમાં કદાચિત આગન્તુજ સંબંધ પણ હોય છે. જે આગળ કહેવામાં આવશે. તેનું વિશેષ લક્ષણ આ છે કે પૂર્વોક્ત લક્ષણોથી કાંઇક અધિકતા થવી અને આ દોષ લક્ષણોને અનુરૂપ કાંઇક હિત થવું અપસ્માર રોગોમાં તીક્ષ્ણ સંશોધન તથા દોષોને અનુસાર સંશમન ઔષધદ્વારા ચિકિત્સા કરવી જોઇએ, અને આગન્તુક સંયોગમાં મંત્રાદિક દ્વારા ચિકિત્સા કરવી જોઇએ. ૮

રોગોની ઉત્પત્તિ.

तस्मिन्हिदक्षाध्वरोद्ध्वंसेदेहिनांनानादिक्षुविद्रवतामतिसरणप्लवनलङ्घनाद्यैर्देहविक्षोभणैःपुरागुल्मोत्पत्तिरभूद्धविष्प्राशान्मेहकुष्ठानांभयत्रासशोकैरुन्मादानांविविधभूताशुचिसंस्पर्शादपस्माराणाम् ॥ ९ ॥ ज्वरस्तुमहेश्वरललाटप्रभवः । तत्सन्तापाद्रक्तपित्तमतिव्यवायात् पुनर्नक्षत्रराजस्यराजयक्ष्मेति ॥ १० ॥

પૂર્વ સમયે દક્ષના યજ્ઞના વિઘ્નમાં દિશાઓમાં નાસી ગયેલા દેહધારીયોના બહુજ આ-

લવાથી, નાસી જવાથી, તથા ઉપવાસાદિ દેહના ક્ષોભોથી ગુલ્મરોગોની ઉત્પત્તિ થઇ હતી. હવિ નાંખવાથી પ્રમેહ તથા કોઢની ઉત્પત્તિ થઇ હતી. ભય, ત્રાસ તથા શોકથી ઉન્માદની ઉત્પત્તિ થઇ હતી. અનેક પ્રકારના અપવિત્ર ભૂતોના સ્પર્શથી અપસ્મારની ઉત્પત્તિ થઇ હતી. ૯

શ્રી શિવજીના લલાટથી જ્વરની ઉત્પત્તિ થઇ હતી, તેના સંતાપથી રક્તપિત્તની ઉત્પત્તિ થઈ હતી, અને બહુજ મૈથુન કરવાથી ચંન્દ્રમાને રાજ્યક્ષ્મા (ક્ષય) થયો હતો. ૧૦

तत्रश्लोकाः ।

अपस्मरतिवातेनपित्तनचकफेनच ।
चतुर्थःसन्निपातेनमत्याख्येयस्तथाविधः ॥ ११ ॥

તેમાં આ શ્લોક છે, વાત્તજ, પિત્તજ કફજ તથા સંન્નિપાતજ આ ચાર પ્રકારના અપસ્માર છે. ૧૧

साध्यांस्तुभिषजःप्राज्ञाःसाधयन्तिसमाहिताः । तीक्ष्णैःसंशोधनैश्चैवयथास्वंशमनैरपि ॥ १२ ॥ यदादोषनिमित्तस्यभवत्यागन्तुरन्वयः । तदासाधारणंकर्मप्रवदन्तिभिग्वराः ॥ १३ ॥

સાધ્ય અપસ્મારોની ચિકિત્સા, બુદ્ધિમાન વૈદ્યો સાવધાન થઈ તીક્ષ્ણ સંશોધનોથી તથા દોષોને અનુસાર સંશમનને કરે છે. ૧૨. અને જ્યારે દોષજ અપસ્મારોમાં આગંતુજ સંયોગ થાય છે ત્યારે સાધારણ કર્મ કરવાં જોઇએ. એ શ્રેષ્ટ વૈદ્યોનો મત છે. ૧૩

सर्वरोगविशेषज्ञःसर्वौषधविशेषवित् । भिषक्सर्वामयान्हन्तिनचमोहंनियच्छति । इत्येतदखिलेनोक्तंनिदानस्थानमुत्तमम् ॥ १४ ॥

સંપૂર્ણ રોગોની વિશેષતાના જાણવાવાળા અને સંપૂર્ણ ઔષધિયોની વિશેષતાને જાણવા વાળા વૈદ્ય સર્વ રોગોને દુર કરે છે, અને મોહને પ્રાપ્ત થતા નથી. આ પ્રકારે ઉત્તમ રીતીથી સંપૂર્ણ નિદાન સ્થાનનું વર્ણન કરવામાં આવ્યું. ૧૪

એક રોગથી અનેક રોગની ઉત્પત્તિ.

निदानार्थकरोरोगोरोगस्याप्युपलभ्यते । तद्यथाज्वरसन्तापाद्रक्तपित्तमुदीर्यते ॥ १५ ॥ रक्तपित्ताज्ज्वरस्ताभ्यांशोषश्चाप्युपजायते । प्लीहाभिवृद्ध्याजठरंजठराच्छोफएवच ॥ १६ ॥

કોઈ કોઇ રોગ પણ રોગોનું કારણ થાય છે. જેવાકે તાપના સંતાપથી રક્તપિત થાય છે. ૧૫ રક્તપિત્તથી તાવ થાય છે, અને તાવ તથા રક્તપિત્તથી રાજ્યક્ષ્મા થાય છે, અને ઉદર રોગથી સોજા ઉત્પન્ન થાય છે. ૧૬

अर्शोभ्योजठरंदुःखंगुल्मश्चाप्युपजायते । प्रतिश्यायादथोकासः कासात्संजायतेक्षयः । क्षयोरोगस्यहेतुत्वेशोषश्चाप्युपजायते ॥ १७ ॥

હરસથી દુઃખદાયી ઉદરરોગ તથા ગુલ્મરોગ થાય છે, પ્રતિસ્યાયથી ખાંસી ખાંસીથી ક્ષય અને ક્ષયથી રાજ્યક્ષ્મા થાય છે. ૧૭

ते वैकेवकासगाःपश्चाद्धेत्वर्थकारिणः । उभयार्थकराह ।स्तथैवैकार्यकारिणः ॥ १८ ॥ कश्चिद्धिरोगोरोगस्यहेतुर्भूत्वाप्रशाम्यति । नप्रशाम्य तेचाप्यन्योह त्वं-कुरुतेऽपिच ॥ १९ ॥

રોગ પ્રથમ માત્ર ઉત્પન્ન થાય છે, અને પછીથી નિદાનરૂપ થઇને તે બીજા રોગોને ઉત્પન્ન કરે છે. કોઈ રોગ ઉભયાર્થક હોય છે (પોતે બીજા રોગોને ઉત્પન્ન કરીને પોતે નષ્ટ થઇ જાય છે.) ૧૮

કોઈ રોગ બીજા રોગનું કારણુ થઇને પોતે શાંત થઇ જાય છે અને કોઈ રોગ પોતે શાન્ત ન થતાં બીજા રોગોને ઉત્પન્ન કરે છે. ૧૯

एवंकृच्छ्तमनृणांदश्यन्तेव्याधिसंकराः । प्रयोगापरिशुद्धत्वात् तथा ।नोन्यसम्भवात् ॥ २० ॥ प्रयोगःशमयेद्व्याधिंयोऽन्यमन्यमुदीरयेत् । नासौविशुद्धःशुद्धस्तुशमयेद्योनकोपयेत् ॥ २१ ॥

ઔષધિયોનો યોગ્ય ઉપયોગ ન કરવાથી અને રોગોના પરસ્પર કારણુરૂપ હોવાથી આ પ્રકારે મનુષ્યોને અત્યંત કષ્ટદાયક રોગ સંકર ઉત્પન્ન થાય છે. ૨૦

જે પ્રયોગથી એક રોગ શાંત થઈ જાય અને બીજા રોગ ઉત્પન્ન થાય તે પ્રયોગ શુદ્ધ કહેવાય નહી. શુદ્ધ પ્રયોગ તે છે કે જે એક રોગને શાંત કરીને બીજાને ઉત્પન્ન ન થવા દે. ૨૧

રોગોના હેતુઓનું વર્ણન.

एकोहे ।रनेकस्यतथैकस्यैकएवहि । व्याधेरेकस्यचानेकोब ।नांबहवोऽपिच ॥२२॥

એક હેતુથી અનેક રોગ થાય છે, એક હેતુથી એકજ રોગ થાય છે; અનેક હેતુઓથી એક રોગ થાય છે અને અનેક હેતુઓથી અનેક રોગ થાય છે. ૨૨

ज्वरभ्रमपलापाद्यादश्यन्तेरूक्षहेतुजाः । रूक्षेणैके [illegible] २३

જેમકે રૂક્ષતાથી તાવ, ભ્રમ, તથા પ્રલાપાદિ અનેક રોગ થાય છે. એક રૂક્ષતાથી કેવળ તાવજ ઉત્પન્ન થાય છે. ૨૩

हेतुभिर्बहुभिश्चैकोज्वरोरूक्षादिभिर्भवेत् ।
रूक्षादिभिर्ज्वराद्याश्चव्याधयःसम्भवन्तिहि ॥ २४ ॥

રૂક્ષતા આદિ અનેક હેતુઓથી કેવળ તાવ ઉત્પન્ન થાય છે અને રૂક્ષતા આદિ અનેક હેતુઓથી જ્વરાદિ અનેક રોગ ઉત્પન્ન થાય છે. ૨૪

રોગોના લક્ષણોનું વર્ણન.

लिङ्गश्चैकमनेकस्यतथैकस्यैकमुच्यते ।
ब ।न्यकस्यचव्याधेर्ब नांस्युर्बहूनेव ॥ २५ ॥

અનેક રોગોનું એક લક્ષણુ થાય છે. એક રોગનું એક લક્ષણુ થાય છે. એક રોગનાં બહુજ લક્ષણુ થાય છે અને અનેક રોગોનાં અનેક લક્ષણુ થાય છે. ૨૫

[illegible] ।ज्वरस्यैक [illegible]

॥ २६ ॥ विषमारम्भमूलैश्चज्वरएकोनिरुच्यते । लिङ्गैरेतैर्ज्वरश्वासहिक्काद्याःसन्तिचामयाः ॥ २७ ॥

જેવાકે વિષમારંભથી થયેલા અનેક રોગોનું તાવજ એક લક્ષણ છે. કેવળ જ્વરનું સંતાપ એજ લક્ષણ છે. ૨૬

કેવળ જ્વરના વિષમારંભથી થયેલાં ઘણાંજ લક્ષણ છે, અને તાવ, દમ તથા હિચકી વીગેરે અનેક રોગોના વિષમારંભથી થયેલાં અનેક લક્ષણ છે. ૨૭

રોગોની શાંતિનું વર્ણન.

एकाशान्तिरनेकस्यतथैकैकस्यलक्ष्यते ।
व्याधेरेकस्यचानेकोबहूनांबह्व्यएवच ॥ २८ ॥

અનેક રોગોનો એક ઉપાય છે. એક રોગનો એક ઉપાય છે, એક રોગના અનેક ઉપાય છે, અને અનેક રોગોના અનેક ઉપાય છે. ૨૮

शान्तिरामाशयोत्थानांव्याधीनांलंघनक्रिया ।
ज्वरस्यैकस्यचाप्येकाशान्तिर्लंघनमुच्यते ॥ २९ ॥

જેવાકે આમાશયથી થયેલા અનેક રોગોનો ઉપવાસ એ એકજ ઉપાય છે, કેવળ જ્વરનો પણ ઉપવાસ એ એકજ ઉપાય છે. ૨૯

तथालघ्वशनाद्यैश्चज्वरस्यैकस्यशान्तयः ।
एताश्चैवज्वरश्वासहिक्कादीनांमशान्तयः ॥ ३० ॥

એક તાવનાજ લઘુ ભોજન વિગેરે અનેક ઉપાય છે અને તાવ દમ તથા હિચકી આદિ અનેક રોગોના લઘુભોજન વિગેરે અનેક ઉપાય છે. ૩૦

सुखसाध्यःसुखोपायःकालेनाल्पेनसाध्यते । साध्यतेकृच्छ्रसाध्यस्तुयत्नेनमहताचिरात् ॥ ३१ ॥ यातिनाशेषतांव्याधिरसाध्योयाप्यसंज्ञितः । परोऽसाध्यःक्रियाःसर्वाःप्रत्याख्येयोऽतिवर्त्तते ॥ ३२ ॥

સુખ સાધ્ય રોગ સાધારણ ઉપાયોથી જલ્દીજ શાંત થઈ જાય છે અને કષ્ટસાધ્ય રોગ ઘણા કષ્ટથી ઘણા વખતે નષ્ટ થાય છે. ૩૧

યાપ્યનામ અસાધ્ય રોગ કદી સમૂળગા નષ્ટ નથી થતા, અને અસાધ્ય રોગમાં સંપૂર્ણ ચિકિત્સા વ્યર્થ જાય છે. ૩૨

नासाध्यःसाध्यतांयाति साध्योयातित्वसाध्यताम् ।
पादापचारादैवाद्वायान्तिभावान्तरंगदाः ॥ ३३ ॥

અસાધ્ય રોગ સાધ્ય નથી થતા, પરંતુ સાધ્ય રોગ અસાધ્ય થઇ જાય છે. વૈદ વિગેરે ચારે ભાગોના અપચારથી અથવા ભાગ્યવશથી રોગ ભાવાન્તરોને પ્રાપ્ત થાય છે. ૩૩.

વૈદ્યને ઉપદેશ.

वृद्धिस्थानक्षयावस्थादोषाणामुपलक्षयेत् । सुसूक्ष्मा[illegible]ग्निबलचेतसाम्

॥ ३४ ॥ व्याध्यवस्थाविशेषान्हिज्ञात्वाज्ञात्वाविचक्षणः । तस्यांतस्यामवस्थायां-तत्तच्छ्रेयःप्रपद्यते ॥ ३५ ॥

બુદ્ધિમાન વૈદે દોષોની વૃદ્ધિ, સમતા તથા ક્ષયાવસ્થાને, અને દેહ, અગ્નિબળ તથા ચિત્તની સૂક્ષ્માવસ્થાને જોતા રહેવું. ૩૪

કેમકે ચતુર પુરૂષ રોગોની અવસ્થા વિશેષોને જાણીને તે તે અવસ્થાઓમાં કલ્યાણને પ્રાપ્ત થાય છે. ૩૫

प्रायस्तिर्यग्गतादोषाःक्लेशयन्त्यातुरांश्चिरम् । तेषुनत्वरयाकुर्यादेहाग्निबलवित्-क्रियाम् ॥ ३६ ॥ प्रयोगैःक्षपयेद्वातान्सुखंवाकोष्ठमानयेत् । ज्ञात्वाकोष्ठप्रपन्नां-स्तान्यथास्वंतंहरेद्बुधः ॥ ३७ ॥

વળી તિર્યક (વાંકા) જનારા દોષ રોગિયોને બહુજ વખત સુધી કલેશ આપે છે. જેથી તેમાં દેહ, અગ્નિ તથા બળને જાણનારા વૈદ્યે શિઘ્રતાથી ક્રિયા ન કરવી. ૩૬

અને આ દોષોના પ્રયોગોથી શાન્ત કરવા અથવા તે તે સુખ પૂર્વક કોઠામાં લઈ આવી ફરી તેને કોઠામાં પ્રાપ્ત થયેલા જાણીને યથાયોગ્ય ઔષધ દેઇને તેમને દુર કરવા.૩૭

ज्ञानार्थयानिचोक्तानिव्याधिलिङ्गानिसंग्रहे । व्याधयस्तेतदात्वेतुलिङ्गानीष्टानि-नामयाः ॥ ३८ ॥ विकाराःप्रकृतिश्चैवद्वयंसर्वसमासतः । तद्धेतुवशगंहेतोर-भावान्नानुवर्त्तते ॥ ३९ ॥

રોગોને જાણવાને માટે જે રોગ રૂપી લક્ષણ સંગ્રહમાં કહેવામાં આવ્યા છે તે રોગોનાં તે વખતે લક્ષણ જાણવાં જોઇએ, પરંતુ રોગ ન જાણવા જોઈએ. ૩૮

સંક્ષેપથી વિકાર અને પ્રકૃતિ આ બંનેમાં સર્વ વાતો આવી જાય છે. અને આ બંને હેતુને વશીભૂત છે કેમકે હેતુ વિના તેની પ્રવૃત્તિ થતી નથી. ૩૯

तत्रश्लोकाः ।

हेतवःपूर्वरूपाणिरूपाण्युपशयस्तथा । संप्राप्तिःपूर्वमुत्पत्तिःसूत्रमात्रंचिकित्सितम् ॥ ४० ॥ ज्वरादीनांविकाराणामष्टानांसाध्यतानच । पृथगेकैकशश्चोक्ताहेतुलि-ङ्गोपशान्तयः ॥ ४१ ॥ हेतुपर्यायनामानिव्याधीनांलक्षणस्यच । निदानस्थान-मेतावत्संग्रहेणोपदिश्यते ॥ ४२ ॥

તેમાં આ શ્લોક છે. નિદાન, પૂર્વ રુપ, લક્ષણ, ઉપશય, સંપ્રાપ્તિ, આદિ ઉત્પત્તિ ચિકિત્સાનો સંક્ષેપ. ૪૦ અને જવરાદિ આઠ રોગોની સાધ્યતા તથા અસાધ્યતા સર્વ વિષય કહ્યો છે. અને હેતુ, લક્ષણ તથા ઉપાય એ જુદા જુદા તથા એક એક કરીને કહેવામાં આવ્યા છે. ૪૧ નિદાન, રોગ, તથા લક્ષણોના પર્યાય શબ્દ કહ્યા છે. આ સર્વ વિષય નિદાનસ્થાનમાં સંક્ષેપથી કહેવામાં આવ્યા છે. ૪૨

इति अग्निवेशकृते तंत्रे चरकप्रति संस्कृते निदानस्थाने अपस्मार नाम अष्टमोध्यायः ॥ ८ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે શુદ્ધ કરેલ નિદાનસ્થાનનો અપસ્માર નામનો અધ્યાય સમાપ્ત થયો.

निदानस्थानम संपूर्ण. ।

अथ विमानस्थान ॥

प्रथमोऽध्याय ॥

अथातोरसविमानंव्याख्यास्यामः । इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે રસ વિમાન સ્થાનની વ્યાખ્યા કરીએ છીએ, એવું ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

इहखलुव्याधीनां निमित्तपूर्वरूपरूपोपशयसंख्याप्राधान्यविधिविकल्पबलकाल-विशेषाननुप्रविश्यानन्तरंरसद्रव्यदोषविकार-भेषज-देशकालबलशरीराहाररसा-रसात्म्यसत्त्वप्रकृतिवयसां मानमवहितमनसायथावज्ज्ञेयंभवतिभिषजारसादिमा-न ज्ञानायत्तत्वात्क्रियायाः । नह्यमानज्ञोरसादीनांभिषक्व्याधिनिग्रहसमर्थो-भवति । तस्माद्रसादिमानज्ञानार्थंविमानस्थानमुपदेक्ष्यामोऽग्निवेश । तत्रादौ-रसद्रव्यदोषविकारप्रभावान्वक्ष्यामः ॥ १ ॥

પ્રથમ વૈદ્યે વ્યાધિયોનાં નિમિત્ત, પૂર્વરૂપ, રૂપ, ઉપશય, સંખ્યા, પ્રધાન્ય, અનેક પ્રકારના વિકલ્પ, વિધિ, બલ અને કાલ વિશેષને યથાયોગ્ય રીતે જાણવાં જોઈએ. ત્યાર પછી દોષ, ઔષધ, દેશ, કાલ, બલ, શરીર, આહાર, સારસાત્મ્ય, સત્વ અને પ્રકૃતિ તથા અવસ્થાના પ્રમાણમાં સાવધાનતાથી યોગ્ય રીતે જાણવા જોઇએ. કારણકે જ્યાં સુધી આ દોષો આદિનું યથોચિત જ્ઞાન ન થાય ત્યાંસુધી વૈદકની ક્રીયાનો આરંભ થઈ શકતો નથી. આ સર્વના પ્રમાણને ન જાણવાવાળા વૈદ્યો વ્યાધિનો નાશ કરવામાં સમર્થ થઈ શકતા નથી. હે અગ્નિવેશ ! આથી દોષ વિગેરેના યોગ્ય પ્રમાણ જાણવાને માટે અર્થ વિમાન સ્થાનનું કથન કરવામાં આવે છે. તેમાં પ્રથમ રસ અને દ્રવ્ય તથા દોષ અને વિકાર એ-ઓના વિમાન (પ્રમાણ)નું પ્રથમ કથન કરીએ છીએ. ૧.

રસોનું વર્ણન.

रसास्तावत्षट्मधुराम्ललवणकटुतिक्तकषायास्तेसम्यगुपयुज्यमानाः शरीरं या-पयन्ति । मिथ्योपयुज्यमानास्तुखलुदोषप्रकोपनायोपकल्पयन्ति ॥ २ ॥

રસ ૭ પ્રકારના હોય છે, જેવાકે મીઠો, ખાટો, ખારો, કડવો, ચરપરો અને તીખો. આ ૭ રસનું ઉત્તમ રીતે સેવન કરવાથી શરીરનું પાલન કરે છે, અને આ ૭ રસને અયોગ્ય રીતે ઉપયોગ કરવાથી દોષોના પ્રકોપના કારણરૂપ બને છે. ૨.

દોષોનું વર્ણન.

दोषाःपुनस्त्रयोवातपित्तश्लेष्माणःतेप्रकृतिभूताः शरीरोपकारकाभवन्ति । विकृ-तिमापन्नाःखलुनानाविधैर्विकारैःशरीरमुपतापयन्ति ॥ ३ ॥

વાત પિત્ત તથા કફ આ ત્રણ દોષ છે. એ જ્યારે સ્વાભાવિક (સમાવસ્તામાં) હોય છે ત્યારે શરીરને પુષ્ટ કરે છે, અને વિકૃત થવાથી શરીરને અનેક પ્રકારના રોગો દ્વારા તપાયમાન કરે છે. ૩.

तत्रदोषमेकैकंत्रयस्त्रयो रसाजनयन्ति, त्रयस्त्रयश्चोपशमयन्ति ।

तद्यथा.

कटुतिक्तकषाया वातं जनयन्ति, मधुराम्ललवणास्त्वेनं शमयन्ति । कटुकाम्ललवणाः पित्तं जनयन्ति । मधुरतिक्तकषायाःपुनरेनंशमयन्ति । मधुराम्ललवणाःश्लेष्माणं जनयन्ति, कटुतिक्तकषायास्त्वेनं शमयन्ति ॥ ४ ॥

ત્રણુ ત્રણુ રસ એક એક દોષને ઉત્પન્ન કરે છે, અને ત્રણુ ત્રણુ રસ એક એક દોષને શાંત કરે છે. જેમકે, કડવો, તીખો તથા કસાયલો રસ વાયુને ઉત્પન્ન કરે છે, અને મધુર, ખાટો તથા ખારો રસ વાયુને શાંત કરે છે. કડવો, ખાટો તથા ખારો રસ પિત્તને ઉત્પન્ન કરે છે, અને મધુર, તીખો તથા કષાય રસ પિત્તને શાંત કરે છે. મીઠો, ખાટો તથા ખારો રસ કફને ઉત્પન્ન કરે છે અને કડવો, તિખો તથા તુરો રસ કફને શાંત કરે છે. ૪.

रसदोषसन्निपाते तु ये रसायैर्दोषैः समानगुणाः समानगुणभूयिष्ठावा भवन्ति ते तानभिवर्द्धयन्ति । विपरीतगुणास्तु विपरीतगुणभूयिष्ठा वा शमयन्त्यभ्यस्यमानाः इत्येतद्व्यवस्थाहेतोःषट्त्वमुपादिश्यते रसानां परस्परेणासंसृष्टानाम् । त्रित्वञ्च दोषाणाम् । संसर्गविकल्पविस्तारोह्येषामपरिसंख्येयो भवति, विकल्पभेदापरिसंख्येयत्वात् ॥ ५ ॥

રસ તથા દોષોના મળવામાં જે રસ જે દોષોના ગુણોમાં સમાન હોય અથવા અધિક સમાનતાવાળા હોય તે અભ્યાસ કરવાથી તેને વધારે છે, અને વિપરીત ગુણુવાળા અથવા અધિક વિપરીત ગુણુવાળા અભ્યાસ કરવાથી તેને શાંત કરે છે. પરસ્પર નહીં મળેલા રસોનું ષટ્‌ત્વ (છ થવું) અને દોષોનું ત્રિત્વ (ત્રણુ હોવું) આ સર્વ વ્યવસ્થાને માટે ઉપદેશ કરવામાં આવે છે. તેના સંસર્ગ વિસર્ગનો વિસ્તાર અસંખ્ય હોય છે. કેમકે વિકલ્પોના ભેદ અસંખ્ય છે. ૫.

तत्र खलु अनेकरसेषु द्रव्येष्वनेकदोषात्मकेषु च विकारेषु रसदोषप्रभावमेकैकत्वेनाभिसमीक्ष्य ततोद्रव्यविकारप्रभावतत्त्वं व्यवस्येत् । न त्वेवंखलु सर्वत्र न हि विकृतिविषमसमवेतानांनानात्मकानां द्रव्याणां परस्परेण चोपहतानामन्यैश्च विकल्पनैर्विकल्पितानामवयवप्रभावानुमानेन समुदायप्रभावतत्त्व मध्यवसातुमशक्यम् ॥

તેથી નિશ્ચય કરીને અનેક રસવાળા દ્રવ્ય તથા અનેક દોષોવાળા વિકારોમાં રસ તથા દોષોના પ્રભાવને એક એક તપાસીને તે પ્રમાણે દ્રવ્ય તથા વિકારોના પ્રભાવના તત્વનો નિશ્ચય કરવો. પરંતુ એ વાત સર્વત્ર નથી કેમકે વિકારોથી તથા વિષમતાથી યુક્ત પરસ્પર ગુણાન્તરોથી અયુકત અને અન્ય વિકલ્પોથી વિકલ્પિત અનેક પ્રકારના દ્રવ્યોના સમુદાયના પ્રભાવતત્વ અવયવોના પ્રભાવના અનુમાનથી નિશ્ચય થઈ શકતો નથી. ૬

तथायुक्ते हि समुदायेसमुदायप्रभावतत्त्वमेवोपलभ्य ततो रसद्रव्यविकारप्रभावतत्त्वं व्यवस्येत्तस्माद्रसप्रभावतश्च द्रव्यप्रभावतश्चदोषप्रभावतश्चविकारप्रभावतश्चतत्त्वमुपदेक्ष्यामः । तत्रैषरसद्रव्यदोषविकार प्रभावउपदिष्टोभवति ॥ ७ ॥

જેથી એવા સમુદાયમાં સમુદાયના પ્રભાવ તત્વનેજ જાણીને રસ, દ્રવ્ય તથા વિકારોના પ્રભાવ તત્વનો નિશ્ચય કરવો. જેથી રસ પ્રભાવ દ્વારા, દ્રવ્ય પ્રભાવ દ્વારા, દોષ પ્રભાવ દ્વારા, તથા વિકાર પ્રભાવ દ્વારા તત્વનો ઉપદેશ કરીએ છીએ તેમાં રસ દ્રવ્ય, દોષ તથા વિકારોના પ્રભાવનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ૭

દ્રવ્ય પ્રભાવનું વર્ણન.

द्रव्यप्रभावंपुनरुपदेक्ष्यामः । तैलसर्पिर्मधूनिवातपित्तश्लेष्मप्रशमनानिद्रव्याणिभवन्ति । तत्रतैलंस्नेहौष्ण्याद्गौरवोपपन्नत्वाद्वातंजयति सततमभ्यस्यमानम् । वातोहिरौक्ष्यशैत्यलाघवोपपन्नोविरुद्धगुणो भवति । विरुद्धगुणसन्निपातेहिभूयसाल्पमवजीयतेतस्मात्तैलंवातंजयतिसततमभ्यस्यमानम् ॥ ८ ॥

રસના પ્રભાવને પ્રથમ કથન કરી ચુકયા છીએ હવે અહીં દ્રવ્યના પ્રભાવનો ફરી ઉપદેશ કરીએ છીએ. જેમ કે, તેલ, ઘી તથા મદ આ દ્રવ્ય, વાત, પિત્ત તથા કફને શાંત કરે છે. તેમાંથી હમેશાં ઉપયોગ કરવામાં આવેલું તેલ, સ્નેહ, ઉષ્ણુતા તથા ગુરૂ તત્વવાળું હોવાને લીધે વાયુને શાંત કરે છે. કેમ કે વાયુમાં રૂક્ષતા, શીતળતા, તથા લઘુતા આ વિરૂદ્ધ ગુણ છે, અને વિરૂદ્ધ ગુણોના સંયોગમાં જે ગુણ અધિક હોય છે તે સ્વલ્પને જીતી લે છે, જેથી હંમેશાં ઉપયોગ કરેલું તેલ વાયુને જીતી લેછે. ૮

सर्पिःखलुएवमेवपित्तंजयतिमाधुर्य्याच्छैत्यात्मन्दवीर्य्यत्वाच्चपित्तंह्यमधुरमुष्णंतीक्ष्णाम् ॥ ९ ॥

એવીજ રીતે નિશ્ચયથી ઘી પિત્તને શાંત કરે છે. કેમ કે ઘી મીઠું, શીતલ તથા મંદ હોય છે અને પિત્ત મધુરતા રહિત ઉષ્ણુ તથા તીક્ષ્ણુ હોય છે. ૯

मधु च श्लेष्माणं जयति रौक्ष्यात् कषायत्वाच्च श्लेष्मा हि स्निग्धो मन्दो मधुरश्च ॥ १० ॥

મદ કફને જીતે છે, કેમ કે રૂક્ષ, તીક્ષ્ણુ તથા તુરૂ હોય છે. કફ સ્નિગ્ધ, મંન્દ તથા મધુર હોય છે. ૧૦

यच्चान्यदपि किञ्चिद्द्रव्यमेवंवातपित्तकफेभ्यो गुणतो विपरीतं तच्चैतान् जयंति अभ्यस्यमानम् । अथ खलु त्रीणि द्रव्याणि नात्युपयुञ्जीताधिकमन्येभ्मो द्रव्येभ्यः तद्यथा । पिप्लीक्षारं लवणमिति ॥ ११ ॥

એ પ્રકારે અન્ય પણુ જે દ્રવ્ય વાત, પિત્ત, અને કફથી ગુણોમાં વિપરીત હોય છે તે પણુ વિધિવત્ સેવન કરવાથી તેને જીતી લે છે. ૧૧.

पिप्पल्यो हि कटुकाः सद्योमधुरविपाका गुर्व्यो नात्यर्थम् । स्निग्धोष्णाःप्रक्लेदिन्यो भेषजाभिमताश्च । ताः सद्यः शुभाशुभकारिण्यो भवन्त्यापातभद्राःप्रयोगसमसाद्गुण्याद्दोषसञ्चयानुबन्धाः सततमुपयुज्यमानाहिगुरुप्रक्लेदित्वात् श्लेष्माणमुत्क्लेशयन्ति । औष्ण्यात् पित्तम् । न च वातप्रशमनायोपकल्पन्तेऽल्पस्नेहोष्णभावात् । योगवाहिन्यस्तु खलु भवन्ति । तस्मात् पिप्पलीर्नात्युपयुञ्जीत ॥१२

કોઇપણ યોગમાં બીજા પદાર્થો કરતાં પીંપર, ક્ષાર તથા મીઠું આ ત્રણ પદાર્થોનો અધિક ઉપયોગ કરવો નહિં. કેમકે પીંપર તીખી છે અને જલ્દી મધુર વિપાકવાળી, સ્વલ્પ ભારે, સ્નિગ્ધ, ગરમ, કલેદકારક અને ઔષધીમાં મુખ્ય છે. તે જલ્દીજ શુભાશુભ ગુણ આપનારી છે. જો સમય તથા પ્રમાણને અનુસરીને તેનો પ્રયોગ થોડા દિવસ કરવામાં આવે તો હિતકારક છે. અને હંમેશાં તેનું સેવન કરવાથી દોષોનો સંચય કરે છે. ગુરૂત્વ તથા કલેદકારકત્વ ગુણોદ્વારા કફને ઉભેળે છે, ગરમીથી પિત્તને ઉભેળે છે અને સ્નિગ્ધતા તથા ઉષ્ણતામાં સ્વલ્પ હોવાથી વાયુને શાંત કરી શકતી નથી. પરંતુ તે યોગવાહી (જેની સાથે આપવામાં આવે તેના જેવો પોતે પણ ગુણ આપવાવાળી) છે. જેથી પીંપરનો બહુ ઉપયોગ કરવો જોઇએ નહિ. ૧૨

ક્ષાર સેવનનો નિષેધ.

क्षारः पुनरौष्ण्यतैक्ष्ण्यलाघवोपपन्नःक्लेदयत्यादौ पश्चात् विशोधयति । स पचनदहनभेदनार्थमुपयुज्यते । सोऽतिप्रयुज्यमानःकेशाक्षिहृदयपुंस्त्वोपघातकरःसम्पद्यते । ये ह्येनं ग्रामनगरनिगमजनपदाः सततमुपयुञ्जते ते ह्यान्ध्यषाण्ड्याखलित्यपालित्यभाजोहृदयोपकर्त्तिनश्च भवन्ति तद्यथा, प्राच्याश्चीनाश्च तस्मात् क्षारंनात्युपयुञ्जीत ॥ १३ ॥

ક્ષાર (ખાર) ગરમ, તીક્ષ્ણ તથા હલકા ગુણવાળો હોવાથી તે પ્રથમ કલેદ કરે છે. પછી શોધન કરે છે. પાચન, દહન તથા ભેદનને લીધે તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો બહુજ ઉપયોગ કરવાથી વાળ, આંખો, હૃદય તથા પુંસ્ત્વનો નાશ થાય છે. જે ગામ, નગર તથા દેશના રહેવાસી હંમેશાં તેનો ઉપયોગ કરે છે તે આંધળા, નપુંષકતા, ગંજાપન, વાળ ધોળા થવા, તથા હૃદયમાં કરડવા જેવી પીડા થવી એવા હોય છે. જેમકે પૂર્વદેશ તથા ચીન દેશના લોકો હોય છે, તેવા તે થાય છે. એથી ક્ષારનો બહુ ઉપયોગ ન કરવો જોઇએ. ૧૩

મીઠાનો ઉપયોગ ન કરવો.

लवणम्पुनरौष्ण्यतैक्ष्ण्योपपन्नमनतिगुरुअनतिस्निग्धमुपक्लेदिविस्रंसन समर्थमन्नद्रव्यरुचिकरमापातभद्रम् । प्रयोगातिरेकाद्दोषसञ्चयानुबन्धम् । तद्रोचनपाचनोपक्लेदनविस्रंसनार्थमुपयुज्यते । तदत्यर्थमुपयुज्यमानंग्लानिशैथिल्यदौर्बल्याभिनिर्वृत्तिकरं शरीरस्यभवति । ये ह्येतद्ग्राम नगरनिगमजनपदाः सततमुपयुञ्जते, ते

भूयिष्ठंलवणमश्नन्ति [illegible]तामवन्ति अप रक्लेश सहाश्च। तद्यथा, बाह्ली-[illegible]वीरकाः। ते पयसापि सदालवणमश्नन्ति। येऽपीहभूमे-रत्यूषरादेशास्तेषुओषधिवीरु[illegible] नस्पतिवानस्पत्यानजायन्ते। अल्प तेजसो [illegible]भ-वान्तिलवणोपहतत्वा। [illegible]ल्लवणंना[illegible]ज्ञात। येह्यतिलवणसात्म्याः पुरु-षास्तेषामपिखालित्येन्द्रलुप्तपालित्यानितथा बलयश्चाकालेभवन्ति। तस्मात्तेषां-[illegible]तः क्रमेणापगमनंश्रेयः ॥ १४ ॥

મીઠું, ગરમ તથા તીક્ષ્ણુતાવાળું હોવાથી બહુ ભારે તથા સ્નિગ્ધ હોતું નથી. કલેદ તથા સ્રંસન કરે છે અને અન્નમાં રૂચિ ઉત્પન્ન કરાવે છે. સમય તથા માત્રા અનુસાર તેનો ઉપયોગ કરવાથી કેટલાક દિવસ સુધી તે ગુણુકારક છે. પણ પછી દોષોને વધારે છે. રૂચિ, પાચન, કલેદન તથા સ્રંસનને લીધે તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો બહુ ઉપયોગ કરવાથી શરીરમાં ગ્લાનિ, શિથીલતા તથા દુર્બળતા થાય છે. જે ગામ, નગર તથા દેશના રહેવાસીઓ આનો હંમેશાં બહુ ઉપયોગ કરે છે, તે ઘણેભાગે ગ્લાનિવાળા, શિથિલમાંસ તથા રૂધિરવાળા અને કલેશને નહીં વેઠી શકનારા હોય છે. જેવા કે બાલ્હીક, સોરઠ, સિંધુ તથા સૌવીર દેશના રહેવાસી હોય છે. તેવા હોય છે. આ લોકો દુધની સાથે પણ હંમેશાં મીઠું ખાય છે. પૃથ્વિના ઉષર (ઉજડ) દેશોમાં ઔષધ, વનસ્પતિ વીરૂધ તથા વાનસ્પત્ય થતી નથી અથવા અલ્પ તેજસ્વી થાય છે. કેમકે મીઠાને લીધે તે નષ્ટ થઈ જાય છે. જેથી મીઠાનો બહુ ઉપયોગ ન કરવો. જે લોકો મીઠાનો બહુ ઉપયોગ કરે છે તેમને અકાળે (નાની ઉમરે) વાળ ધોળા થાય છે. ઈન્દ્રલુપ્ત, ગંજાપન તથા વાળ ખરી પડવા, નાની ઉમ્મરમાં શરીરે કરચલી પડવી આ વિકારો થાય છે. જેથી તેમણે ધીરે ધીરે મીઠાના અભ્યાસને છોડવો જોઈએ. ૧૪

સાત્મ્યનાં લક્ષણ.

सात्म्यमपिहि क्रमेणोपनिवर्त्त्यमानमदोषमल्पंदोषंवाभवति। सात्म्यंनामतद्यदात्म-निउपशेते। सात्म्यार्थोह्युपशयार्थः तत् त्रिविधम्प्रवरावरमध्य विभागेन, सप्त-विधश्चरसैकैकत्वेन सर्व्वरसोपयोगाच्च। तत्र सर्व्वरसंप्रवरमवरमेकरसं मध्यम-न्तु प्रवरावर मध्यस्थम्। तत्रावरमध्याभ्यांसात्म्याभ्यां क्रमेणप्रवरमुपपादयेत् सात्म्यम्। सर्व्वरसमपिचद्रव्यंसात्म्य मुपपन्नम् सर्व्वाणि आहारविधिविशेषा-यतनानि अभिसमीक्ष्यहितमेवानुरुध्यते ॥ १५ ॥

સાત્મ્ય વસ્તુઓનો પણ ધીરે ધીરે ત્યાગ કરવાથી કોઇ રોગ ઉત્પન્ન થતો નથી. અથવા થાય છે તો સ્વલ્પ થાય છે. જે પદાર્થ આપણા શરીરને હિતકર્તા હોય તેને સા-ત્મ્ય કહે છે. સાત્મ્ય અને ઉપશય આ બેનો એક અર્થ છે. તે ત્રણ પ્રકારના થાય છે. શ્રેષ્ટ, મધ્યમ તથા નિકૃષ્ટ. છ રસોના જુદા જુદા અભ્યાસથી તથા સમ્પૂર્ણ રસોના અભ્યા-સથી સાત્મ્ય સાત પ્રકારના છે. સંપૂર્ણ રસોનો અભ્યાસ હોવો એ શ્રેષ્ટ સાત્મ્ય છે. એકજ રસનો અભ્યાસ નિકૃષ્ટ સાત્મ્ય છે. અને એ બંનેની મધ્યાવસ્થા મધ્યમ સાત્મ્ય છે. તેમાંથી

જેને મધ્યમ તથા હીન સાત્મ્ય હોય તેણે ક્રમથી શ્રેષ્ટ સાત્મ્યનો અભ્યાસ કરવો. સંપૂર્ણ રસોના સાત્મ્ય થયા પછી સંપૂર્ણ આહારના વિધિ વિશેષ તથા હેતુઓને જોઇને જે હિત હોય તેનું સેવન કરવું. ૧૫

આહારના આયતન.

तत्र खल्विमान्यष्टावाहारविधि विशेषायतनानि भवन्ति। तद्यथा प्रकृतिकरणसंयोगराशिदेशकालोपयोगसंस्थोपयोक्त्रष्टमानि भवन्ति ॥ १६ ॥

તેમાં નિશ્ચયથી આ આઠ અહારના વિધિ વિશેષ આયતન છે. જેમકે પ્રકૃતિ, કરણ, સંયોગ, રાશિ, દેશ, કાલ, ઉપયોગ, સંસ્થા અને ઉપયોગતા આ આઠ હોય છે. ૧૬

પ્રકૃતિનું વર્ણન.

तत्रप्रकृतिरुच्यतेस्वभावोयः स पुनराहारौषधद्रव्याणांस्वाभाविकोगुर्वादिगुणयोगः। तद्यथा,—माषमुद्गयोः शूकरैणयोश्च ॥ १७ ॥

તેમાંથી પ્રકૃતિ સ્વભાવને કહે છે. આહાર તથા ઔષધ દ્રવ્યોના સ્વાભાવિક ગુરૂત્વાદિ ગુણ યોગને સ્વભાવ કહે છે. જેમકે અડદનું ભારેપણું, મગનું હલકાપણું અને ડુક્કરનું ભારેપણું તથા એણમૃગનું હલકાપણું હોય છે. ૧૭

કરણનું વર્ણન.

करणंपुनःस्वाभाविकानांद्रव्याणामभिसंस्कारः। संस्कारोहिगुणान्तराधानमुच्यते। तेगुणाश्चतोयाग्निसन्निकर्षशौचमन्थनदेशकालवासनभावनादिभिःकालप्रकर्षभाजनादिभिश्चाधीयन्ते ॥ १८ ॥

સ્વાભાવિક દ્રવ્યોના સંસ્કારને કરણ કહે છે, અને ગુણાન્તર ઉત્પન્ન કરવાને સંસ્કાર કહે છે. તે ગુણ જલ તથા અગ્નિના સંયોગજ શૌચથી મથનથી, દેશકાલ, વાસ તથા ભાવનાદિકોથી અને કાલ, પ્રકર્ષ તથા પાત્રાદિકોની દ્વારા ઉત્પન્ન થાય છે. ૧૮.

સંયોગનું વર્ણન.

संयोगस्तुद्वयोर्बहूनांवाद्रव्याणांसंहतीभावः सविशेषमारभतेयत्रैकशोद्रव्याणिआरभन्ते। यथामधुसर्पिषोमधुमत्स्यपयसाश्चसंयोगः ॥ १९ ॥

બે અથવા અધિક વસ્તુઓના મિશ્ર થવાને સંયોગ કહે છે. તે વિશેષતાને ઉત્પન્ન કરે છે. જે વિશેષતા જુદા જુદા દ્રવ્યોથી ઉત્પન્ન થઈ શકતી નથી જેમ કે ઘી, તથા મદનો સંયોગ અને મદ, માછલાં તથા દુધનો સંયોગ થવાથી વિષના જેવા ગુણ ઉત્પન્ન થાય છે. ૧૯.

રાશિનું વર્ણન.

राशिस्तु सर्वग्रहपरिग्रहौमात्राऽमात्राफलविनिश्चयार्थःप्रकृतः। तत्रसर्वस्याहारस्यप्रमाणग्रहणमेकपिण्डेनसर्वग्रहः। परिग्रहश्चपुनःप्रमाणग्रहणमेकैकत्वेनाहारद्रव्याणाम्। सर्वस्यहिग्रहःसर्वग्रहःसर्वतश्चग्रहःपरिग्रहःउच्यते ॥ २० ॥

સર્વગ્રહ અને પરિગ્રહને રાશિ કહે છે. તે માત્રા તથા ઓછી વત્તી માત્રાના ફલના નિશ્ચયને માટે છે. તેમાં સંપૂર્ણ આહારી વસ્તુઓના એકાકારથી પ્રમાણ કરવું તે સર્વ ગ્રહ કહેવાય છે અને સંપૂર્ણ આહારી વસ્તુઓનો જુદો એક એક પ્રમાણ કરવાને પરિગ્રહ કહેવાય છે. કેમકે સર્વના ગ્રહણને સર્વગ્રહ અને સર્વના જુદા જુદા ગ્રહણને પરિગ્રહ કહે છે. ૨૦

દેશનું વર્ણન.

देशःपुनःस्थानंद्रव्याणामुत्पत्तिप्रचारौदेशसात्म्यश्चाचष्टे ॥ २१ ॥

દેશ–સ્થાનને કહે છે. એથી દ્રવ્યોની ઉત્પત્તિ સ્થાન તથો પ્રચાર (મૃગાદિનો) નિવાસ સ્થાનાદિને સાત્મ્ય કહે છે. ૨૧

કાલનું વર્ણન.

कालोहिनित्यगश्चावस्थिकश्च । तत्रावस्थिकोविकारमपेक्ष्यते । नित्यगस्तुखल्वृतुसात्म्यापेक्षः ॥ २२ ॥

કાલ બે પ્રકારના હોય છે. એક નિત્યગ બીજો આવસ્થિક, રોગની અપેક્ષાથી જે સમય લેવામાં આવે છે તેને આવસ્થિક કહે છે. અને શીતોષ્ણાદિ ૠતુ સાત્મ્યની અપેક્ષાથી જે કાલ લેવામાં આવે છે તે નિત્યગ કહેવાય છે. ૨૨

ઉપયોગ સંસ્થાનું વર્ણન.

उपयोगसंस्थातूपयोगनियमःसजीर्णलक्षणापेक्षः ॥ २३ ॥

આહારના ઉપયોગના નિયમને ઉપયોગ સંસ્થા કહે છે. આહારના ઉપયોગના નિયમ એ છે કે આહાર કેવી રીતે પચશે એ વાતની અપેક્ષા કરવા. ૨૩

ઉપયોક્તાનું વર્ણન.

उपयोक्तापुनर्यस्तमाहारमुपयुंक्ते । यदायत्तमोकसात्म्यम् ॥ २४ ॥

આહાર કરનારાને ઉપયોક્તા કહે છે. જેને આધિન ઓક સાત્મ્ય છે. ૨૪

इत्यष्टावाहारविधिविशेषायतनानिभवन्ति। एषांविशेषाःशुभाशुभफलप्रदाःपरस्परोपकारकाभवन्ति । तान्बुभुत्सेत । बुद्धाचहितेप्सुरेवस्यान्नचमोहात्प्रमादाद्वाप्रियमहितमसुखोदर्कमुपसेव्यमाहारजातमन्यद्वा ॥ २५ ॥

એ આઠ આહારના વિધિના વિશેષ આયતન હોય છે તેના વિશેષ શુભાશુભ ફલદાયક અને પરસ્પર ઉપકારક હોય છે. એથી તેને જાણવાની ઇચ્છા કરવી અને જાણીને હિતની અભિલાષા કરવી પરંતુ મોહ અથવા પ્રમાદથી અહિતકારી પરિણામમાં કુફલદાયક પ્રિય, આહાર તથા અન્ય વસ્તુનું સેવન ન કરવું. ૨૫

આહાર વિધિ.

तत्रेदमाहारविधिविधानमरोगाणामपिचातुराणांहितम् । केषाञ्चित्कालेप्रकृत्यैवहिततमंभुञ्जानानांभवति। उष्णंस्निग्धंमात्रावज्जीर्णेवीर्य्याविरुद्धंइष्टेदेशेइष्टसर्वोपकरणंनातिद्रुतंनातिविलम्बितंनजल्पन्नहसंस्तन्मनाभुञ्जीतआत्मानमभिसमीक्ष्यसम्यक् ॥ २६ ॥

સ્વભાવથીજ વખતસર અત્યન્ત હિત વસ્તુઓનું ભોજન કરનાર રોગી તથા નીરોગી બંનેને આ વક્ષ્યમાણ આહારવિધિ હિતકર છે. ઉષ્ણ, સ્નિગ્ધ વીર્યને અવિરૂદ્ધ વસ્તુનું માત્રા અનુસાર, એકવાર ભોજનના પચી જવા પછી, ઇષ્ટ સ્થાનમાં, સંપૂર્ણ વસ્તુઓવાળું, બહુ જલ્દી નહિ તેમ બહુ ધીરે નહી, બહુ બોલતી વખતે નહી, તેમ બહુ હસતાં નહિ, તત્પર થઇને પોતાના હિતા હિતને જોઈને સારી રીતે ભોજન કરવું. ૨૬

ગરમ ભોજનના ગુણ.

तस्यसाद्गुण्यमुपदेक्ष्यामः । उष्णमश्नीयादुष्णंहिभुज्यमानंस्वदतेभुत्कश्चाग्निमुदार्य्येमुदीरयति। क्षिप्रञ्चजरांगच्छति, वातश्चानुलोमयति, श्लेष्माणञ्चपरिशोषयतितस्मादुष्णमश्नीयात् ॥ २७ ॥

એ પ્રકારે ભોજન કરવાથી જે ફળ થાય છે તેનું વર્ણન કરીએ છીએ. ગરમ ભોજન કરવું, કેમકે ગરમ ગરમ ભોજનમાં સ્વાદ હોય છે. પેટમાં જઇને જઠરાગ્નિને દીપન કરે છે. જલ્દી પચી જાય છે. વાયુને માર્ગાનુસાર કરે છે. અને કફને સુકવે છે. એથી ગરમ ભોજન કરવું જોઇએ. ૨૭.

સ્નિગ્ધ ભોજનના ગુણ.

स्निग्धमश्नीयात्। स्निग्धं हि भुज्य मानंस्वदते। भुत्कश्चाग्निमुदीरयति क्षिप्रंजरांगच्छति वातमनुलोमयति दृढीकरोति। शरीरोपचयंबलाभिवृद्धिश्चोपजनयति, वर्णप्रसादमपिचाभिनिर्वर्त्तयति। तस्मात् स्निग्धमश्नीयात् ॥ २८ ॥

સ્નિગ્ધ (ચીકાશવાળું) ભોજન કરવું, કેમકે સ્નિગ્ધ ભોજન સ્વાદવાળું હોય છે. પેટમાં જઇને જઠરાગ્નિને દીપન કરે છે. જલ્દી પચી જાય છે. વાયુને માર્ગાનુસાર કરે છે. શરીરની વૃદ્ધિને દૃઢ કરે છે. બળને વધારે છે. અને વર્ણને શ્રેષ્ટ કરે છે. એથી સ્નિગ્ધ ભોજન કરવું જોઇએ. ૨૮.

માત્રા પ્રમાણે ભોજનના ગુણ.

मात्रावदश्नीयात् । मात्रावद्धिभुक्तम् वातपित्तकफानप्रपीडयदायुरेवविवर्द्धयति केवलंसुखं सम्यक्पक्कं विडभूतं गुदमनुपर्य्येति नचोष्माणमुपहन्ति अव्यथश्चपरिपाकमेति। तस्मात्मात्रावदश्नीयात् ॥ २९ ॥

માત્રા પ્રમાણે ભોજન કરવું કેમકે માત્રા પ્રમાણે કરેલું ભોજન, વાત, પિત્ત તથા કફને દુષિત કરતું નથી. આયુષ્યને વધારે છે. સુખ પૂર્વક મળ થઇને ગુદામાં આવે છે. ઉષ્માને નષ્ટ કરતું નથી અને કલેશ વિનાજ પચી જાય છે. એથી પ્રમાણ સર ભોજન કરવું જોઇએ. ૨૯

જીર્ણ ભોજનમાં ભોજનના ગુણ.

जीर्णेऽश्नीयात् । अजीर्णे हिभुञ्जा नस्यपूर्व्वस्याहारस्य रसमपरिणत मुत्तरेणाहाररसेनोपसृजन सर्व्वानदोषान् प्रकोपयत्याशु । जीर्णेतु भुञ्जानस्य स्वस्थानस्थेषु

दोषे ज्वालोऽग्निजातायाञ्च बुभुक्षायां विवृतेषुच स्त्रोतसां मुखेषु शुद्धे चोद्गारे हृदये विशुद्धेवाता. लोम्येविसृष्टेषुच वातमूत्रपुरीषवेगेषु जीर्णमभ्यवहृतमाहार-जातं सर्व्वशरीर धातूनप्रदूषयदायुरेवाभिवर्द्धयतिकेवलम्। तस्माज्जीर्णेऽश्नी-यात् ॥ ३० ॥

ભોજન પચી ગયા પછી ભોજન કરવું, કેમકે અજીર્ણમાં ભોજન કરવાથી પ્રથમવાર-ના આહારને અપરિપકવ રસ બીજી વારના આહારના રસમાં મળીને જલ્દીજ સર્વ દોષોને કુપિત કરે છે. અને જે કોઇ આહારના પચી ગયા પછી ભોજન કરે છે તેના સંપૂર્ણ દોષોને પોત પોતાના સ્થાનમાં સ્થિત થવાથી અગ્નિના દીપ્ત થયા પછી, ભૂખને ઉત્પન્ન થયા પછી, નસોના મુખના ઉઘડી ગયા પછી, ડકાર તથા હૃદયના શુદ્ધ થયા પછી, અને વાયુના અનુલોમ થયા પછી, વાયુ તથા મળનો ત્યાગ કર્યા પછી, પહેલી વારના આહારના પચી ગયા પછી ખાધેલું અન્ન સંપૂર્ણ ધાતુઓને દુષિત ન કરતાં આયુને વધારે છે. એથી પહેલીવારનું ભોજન પચી ગયા પછી બીજીવાર ભોજન કરવું જોઇએ. ૩૦

વીર્ય વિરૂદ્ધ ભોજનના ગુણ.

वीर्य्याविरुद्धमश्नीयात्। अविरुद्धवीर्य्यमश्नन् हि नविरुद्धवीर्य्याहारजैर्विकारै-रुपसृज्यतेतस्माद्वीर्य्याविरुद्धमश्नीयात्॥ ३१ ॥

વીર્યને અવિરૂદ્ધ (નુકશાન ન કરનાર) ભોજન કરવું કેમકે અવિરૂદ્ધ વીર્યવાળા ભોજનના પદાર્થોનું ભોજનકરવાથી વિરૂદ્ધ વીર્યવાળા આહારથી ઉત્પન્ન થનારા વિકાર ઉત્પન્ન થતા નથી. એથી વીર્યને અવિરૂદ્ધ ભોજન કરવું. ૩૧

ઈષ્ટ દેશમાં ભોજનના ગુણ.

इष्टे देशेऽश्नीयात् । इष्टे हि देशे भुञ्जानोनानिष्टदेशजैर्मनोविघातकरैर्भावैर्मनोवि-घातंप्राप्नोति तथेष्टैः सर्वोपकरणैस्तस्मादिष्टेदेशे तथेष्टसर्वोपकरणश्चाश्नीयात् ३२

મનોહર સ્થાનમાં બેસીને ભોજન કરવું કેમકે મનોહર સ્થાનમાં ભોજન કરવાથી, દુષિત સ્થાનમાં ભોજન કરવાથી થનાર મનને અપ્રસન્ન કરનારા ભાવોથી મન અપ્રસન્ન-તાને પ્રાપ્ત થતું નથી. અને સંપૂર્ણ સામગ્રીવાળું ભોજન કરવાથી પણ એજ ઉપકાર થાય છે. એથી મનોહર સ્થાનમાં સંપૂર્ણ સામગ્રીને એકત્રીત કરીને ભોજન કરવું જોઇએ. ૩૨

નાતિદ્રુત ભોજનના ગુણ.

नातिद्रुतमश्नीयात् । अतिद्रुतंहिभुञ्जानस्य उत्स्नेहनमवसदनंभोजनस्याप्रतिष्ठा-नम् । भोज्यदोषसादगुण्योपलब्धिश्चननियता । तस्मान्नातिद्रुतमश्नीयात् ॥३३॥

અત્યંત જલ્દી ભોજન કરવું ન જોઇએ. અત્યંત જલ્દી ભોજન કરવાથી ભોજન ઉપર આવી જાય છે, શિથીલતા થાય છે, ભોજન પોતાના સ્થાનમાં બરોબર રીતે સ્થિત થતું નથી અને ભોજનના દોષ, ગુણ બરોબર માલુમ પડતા નથી એવી બહુજ ઉતાવળથી જમવું નહિ જોઇએ. ૩૩

નાતિ વિલમ્બિત ભોજનના ગુણ.

नातिविलम्बितमश्नीयात् । अतिविलम्बितंहि भुञ्जानो न तृप्तिमधिगच्छति बहु भुंक्ते शीतीभवत्याहारजातं विषमपाकञ्चभवति । तस्मान्नातिविलम्बितमश्नीयात् ।

બહુજ ધીમેથી જમવું નહિ, કેમકે બહુજ ધીમે ધીમે જમવાથી તૃપ્તિ થતી નથી, બહુજ ખવાય છે, ભોજન થંડુ થઇ જાય છે. અને ભોજનનું પરિપકવ વિષમતાથી થાય છે. એથી બહુજ ધીમે ધીમે ભોજન ન કરવું જોઇએ. ૩૪

મૌનથી ભોજનના ગુણ.

अजल्पन्न हसन्तन्मनाभुञ्जीत् । जल्पतोहसतोऽन्यमनसो वा भुञ्जानस्यतएवहि दोषाभवन्ति यएवातिद्रुतमश्नतः । तस्मादजल्पन्नहसंस्तन्मनाभुञ्जीत ॥ ३५ ॥

બોલ્યા સિવાય તેમ હસ્યા સિવાય મન લગાવીને જમવું. કેમકે વાતો કરતાં જમવાથી, હસતાં હસતાં ખાવાથી અને ચિત્ત જમવામાં લગાવ્યા સિવાય જમવાથી, બહુજ જલ્દી જમવાથી જે દોષ થાય છે તેવા દોષ થાય છે. એથી વાતો કર્યા સિવાય તેમજ હસ્યા સિવાય જમવામાં ચિત્ત રાખીને જમવું. ૩૫

આત્માને જોઇને ભોજનના ગુણ.

आत्मानमभिसमीक्ष्य भुञ्जीतसम्यक् । इदम्ममोपशेते इदन्नोपशेतेइति । विदितं हि अस्यआत्मनआत्मसात्म्यम्भवति । तस्मादात्मनात्मानमभिसमीक्ष्य भुञ्जीतसम्यगिति ॥ ३६ ॥

આપણા હિતાહિતને જોઇને સારી રીતે ભોજન કરવું કેમકે આ આપણને હિતકર્તા છે, આ મને અહિતકર છે એ પ્રકારે જાણીને કરેલું ભોજન સાત્મ્ય હોય છે. એથી આપણા હિતાહિતને જાણીને સારી રીતે જમવું જોઇએ. ૩૬

तत्र श्लोकाः.

रसान्द्रव्याणिदोषांश्च विकारांश्चप्रभावतः । वेदयोदेशकालौचशरीरञ्चसनाभिषक् ॥ ३७ ॥ विमानार्थोरसद्रव्यदोषरोगाःप्रभावतः ॥ द्रव्याणिनातिसेव्यानित्रिविधंसात्म्यमेव च ॥ ३८ ॥ आहारायतनान्यष्टौभोजसाद्गुण्यमेवच । विमानरससंख्यातेसर्व्वमेतत्प्रकाशितम् ॥३९ ॥

તેમા આ શ્લોક છે, જે રસ, દ્રવ્ય, દોષ તથા વિકારોના પ્રભાવને જાણે છે અને દેશકાલ તથા શરીરને જાણે છે તે વૈદ્ય છે. ૩૭ વિમાન શબ્દનો અર્થ પ્રભાવથી, રસ, દ્રવ્ય, દોષ, તથા રોગ, બહુજ નહીં સેવન કરવા યોગ્ય દ્રવ્ય, ત્રણ પ્રકારના સાત્મ્ય, ૩૮. આહારના આઠ આયતમ અને ભોજનની સદગુણતા આ સર્વ વિષય આ રસ વિમાનના અધ્યાયમાં કહ્યા છે. ૩૯

इति अग्निवेशकृतेतन्त्रे चरकप्रतिसंस्कृतेविमानस्थानेरसविमानंनामप्रथमोध्यायः १

ઇતિ અગ્નિવેશે બનાવેલ અને ચરકે સુધારેલા વિમાનસ્થાનનો રસ વિમાન નામનો પ્રથમો અધ્યાય સંપૂર્ણ થયો. ॥ ૧ ॥

द्वितीयोऽध्यायः ।

अथातो त्रिविधकुक्षीयम व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ॥

હવે અમે ત્રિવિધ કુક્ષીય વિમાનનું કથન કરીએ છીએ. એ પ્રકારે ભગવાન્ આત્રેય-જી કહેવા લાગ્યા.

ત્રિવિધ કુક્ષીયનું વર્ણન.

त्रिविधंकुक्षौस्थापयेदवकाशांशमाहारस्याहारमुपयुञ्जानः । तद्यथैकमवकाशांशमूर्त्तानामाहारविकाराणामेकन्द्रवाणामेकम्पुनर्वातपित्तश्लेष्मणाम् ॥ १ ॥

ભોજન કરવામાં ભોજનને માટે કુખમાં ત્રણ પ્રકારના ભાગ કરવા જોઇએ. જેમકે કુખનો એક ભાગ ભોજનના કઠિન પદાર્થોને માટે, એક ભાગ પ્રવાહી પદાર્થો માટે અને એક વાત, પિત્ત તથા કફના સંચારને માટે રાખવો જોઇએ. ૧

एतावतीं ह्याहारमात्रामुपयुञ्जानोनामात्राहारजंकिंकिञ्चिदशुभंप्राप्नोति । नंच-केवलम्मात्रावत्त्वादेवाहारस्यकृत्स्नमाहाफलसौष्ठवमवाप्तुंशक्यम् । प्रकृत्यादीनामष्टानामाहारविधिविशेषायतनानां प्रविभक्तफलकत्वात् । तत्रतावदाहारराशिमधिकृत्य मात्रामात्राफलविनिश्चयार्थःप्रकृतः । एतावानेवह्याहारराशिविधिविकल्पोयावत् मात्रावत्त्वममात्रावत्त्वञ्च तत्रमात्रावत्त्वंपूर्वमुपदिष्टंकुक्ष्यंशविभागेन । तद्भूयोविस्तरेणानुव्याख्यास्यामः ॥ २ ॥

કેમકે એ પ્રમાણથી ભોજન કરવાથી અધિક પ્રમાણથી થનારા દોષ ઉત્પન્ન થતા નથી. પરંતુ કેવળ પ્રમાણને અનુસાર ભોજન કરવાથીજ ભોજનના સંપૂર્ણ શ્રેષ્ટ ફલ પ્રાપ્ત થતું નથી. કેમકે પ્રકૃતિ આદિ આઠ આહારવિધિ વિશેષાયતનોનાં ફળ જુદાં જુદાં છે. તેમાંથી રાશિના અધિકારમાં માત્રા તથા અમાત્રાના ફળનો નિશ્ચય કર્યો. માત્રાનું અનુસાર હોવું તથા માત્રાને અનુસાર ન હોવું એ અહારરાશિની વિધિનો વિકલ્પ છે. કુખના ભાગના વિભાગથી માત્રાને અનુસાર હોવાનો પ્રથમ ઉપદેશ કર્યો છે. હવે ફરી તેનું વિસ્તારથી વર્ણન કરીએ છીએ. ૨

तद्यथा—कुक्षेरप्रपीडनमाहारेण हृदयस्यानवरोधः पार्श्वयोरविपाटनमनतिगौरवमुदरस्यप्रीणनमिन्द्रियाणांक्षुत्पिपासोपरमः स्थानाशनशयनगमनप्रश्वासोच्छ्वासहास्यसङ्कथासुचसुखानुवृत्तिः सायम्प्रातश्च सुखेनपरिणमनम् । बलवर्णोपचयकरत्वञ्चेतिमात्रावतोलक्षणमाहारस्यभवति ॥ ३ ॥

તે જેમ આહારથી કુખમાં પીડા ન થવી, હૃદયનું અવરોધ ન થવું, પાંસળીયોમાં ફૂટક જેવી પીડા ન થવી, પેટમાં ભારેપણું ન લાગવું, ઇન્દ્રિયોનું પ્રસન્ન થવું, ભુખ તથા તૃષાનું નિવૃત્ત થવું. ઉભા રહેવામાં, બેસવામાં, સુવામાં, ચાલવામાં, શ્વાસ લેવામાં,

શ્વાસ મુકવામાં, હસવામાં, વાર્તાલાપ કરવામાં સુખ થવું, સાંજે તથા સવારે સુખપૂર્વક ભોજનનું પચી જવું, અને બળ તથા વર્ણની વૃદ્ધિ થવી એ પ્રમાણસર કરેલા ભોજનનાં લક્ષણ છે. ૩

અમાત્રાના ભેદ.

अमात्रावत्त्वंपुनर्द्विविधमाचक्षते । हीनमधिकञ्चातत्रहीनमात्राहारराशिंबलवर्णोपचयक्षयकरमतृप्तिकरमुदावर्तकरमवृष्यमनायुष्यमनौजस्यंमनोबुद्धीन्द्रियोपघातकरंसारविधमनमलक्ष्म्यावहमशीतेश्ववातविकाराणामायतनमाचक्षते ॥ ४ ॥

વગર માપનું જમવાનું બે પ્રકારનું હોય છે, એક થોડાં પ્રમાણમાં અને બીજું અધિક પ્રમાણમાં. તેમાંથી થોડા પ્રમાણમાં કરેલું ભોજન બળ, વર્ણ તથા વૃદ્ધિને ક્ષીણું કરે છે. તૃપ્તિ કરતું નથી. ઉદાવર્ત રોગને ઉત્પન્ન કરે છે. નપુષક બનાવે છે. ઓજસ તથા આયુષ્યને ક્ષીણ કરે છે. મન, બુદ્ધિ તથા ઈન્દ્રિયોને નષ્ટ કરે છે. સારવિધ મન કરે છે. અલક્ષ્મીને ઉત્પન્ન કરે છે, અને હેંસી પ્રકારના વાતજ રોગોને ઉત્પન્ન કરે છે. ૪

अतिमात्रंपुनःसर्वदोषप्रकोपनमिच्छन्तिसर्वकुशलाः ॥ ५ ॥

અધિક પ્રમાણથી કરેલું ભોજન સંપૂર્ણ દોષોને કોપિત કરે છે. આ સંપૂર્ણ ચતુરવૈદ્યોનો મત છે. ૫

દોષોનું કોપીત થવાનું કારણ.

योहिमूर्त्तानामाहारविकाराणांसौहित्यंगत्वापश्चाद्द्रवैस्तृप्तिमापद्यतेभूयस्तस्यामाशयगतावातपित्तश्लेष्माणोऽभ्यवहारेणअतिमात्रेणअतिप्रपीडंयमानाःसर्वेयुगपत्प्रकोपमापद्यन्ते ॥ ६ ॥

જે મનુષ્ય પ્રથમ કઠિન વસ્તુઓથી તૃપ્ત થઇને ફરી પાછળથી પ્રવાહી વસ્તુઓનું સેવન કરે છે તેના આમાશયમાં પ્રાપ્ત, વાત, પિત્ત, કફ અધિક આહારથી પીડીત થઇને એકી સાથે કોપિત થાય છે. ૬.

જુદા જુદા દોષોના ઉપદ્રવ.

तेप्रकुपितास्तमेवाहारराशिमपरिणतमाविश्यकुक्ष्येकदेशमाश्रिताविष्टम्भयन्तःसहसावापिउत्तराधराभ्यांमार्गाभ्यांप्रच्यावयन्तःपृथक्पृथग्विकारानभिनिर्वर्त्तयन्ति-अतिमात्रभोक्तुः ॥ ७ ॥

કોપિત થયેલા તે દોષ કુખનાં એક ભાગમાં સ્થિત થઇને તે અપરિપકવ અહારમાં પ્રવેશ કરીને તેને વિષ્ટમ્ભ કરીને અથવા એકાએકી ઉર્ધ્વ ભાગથી યા અધોભાગથી નિકળીને જુદા જુદા રોગોને ઉત્પન્ન કરે છે. ૭.

કોપિત વાતન ઉપદ્રવ.

तत्रवातःशूलानाहाङ्गमर्दमुखशोषमूर्च्छाभ्रमाग्निवैषम्यपार्श्वपृष्ठकटिग्रहसिराकुञ्चनस्तम्भनानि-करोति ॥ ८ ॥

તેમાંથી વાયુ, શૂળ, આફરો, અંગમર્દ, મુખનું સુકાવું, મુર્છા, ભ્રમ, અગ્નિની વિષમતા, નસોનું સંકોચાવું, તથા સ્તમ્ભ (રહી જવું) આ રોગોને ઉત્પન્ન કરે છે. ૮

पित्तं ज्वरमतीसारमन्तर्दाहं तृष्णामदभ्रमप्रलपनानि ॥ ९ ॥

પિત્તજ્વર, અતીસાર, અંતર્દાહ, તૃષા, મદ, ભ્રમ તથા પ્રલાપને ઉત્પન્ન કરે છે. ૯.

श्लेष्मातुच्छर्द्यरोचकाविपाकशीतज्वरालस्यगात्र–गौरवाभिनिर्वृत्तिकरःसम्पद्यते।१०

અને કફ છર્દી, અરૂચિ, અવિપાક, શીતજ્વર, આલસ્ય, તથા શરીરનું ભારેપણું એ રોગોને ઉત્પન્ન કરે છે. ૧૦.

આમ દુષિત થવાનું કારણ.

नखलुकेवलमतिमात्रमेवाहारराशिमाममदोषकारणमिच्छन्ति। अपितुखलुगुरुरूक्षशीतशुष्कद्विष्टविष्टम्भिविदाह्यशुचिविरुद्धानामकालेअन्नपानानामुपसेवनम्। कामक्रोधलोभमोहेर्ष्याह्रीशोकलोभोद्वेगभयोपतप्तेनमनसावायदन्नपानमुपयुज्यतेतदपिआममेवप्रदूषयति ॥ ११ ॥

કેવળ અધિક ભોજનથી આમ દોષની ઉત્પત્તિ થતી નથી પણ ભારે, રૂક્ષ, શીતલ, શુષ્કદ્વિષ્ટ, વિષ્ટંભી, વિદાહી, અપવિત્ર, તથા વિરૂદ્ધ અન્નપાનનું અસમયે સેવન અને કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, લજ્જા, શોક, ઉદ્વેગ તથા ભયથી ચિત્તની વ્યાકુળતા થયા પછી ભોજન કરવું તેથી પણ આમ દોષ ઉત્પન્ન થાય છે. ૧૧

भवतिचात्र.

मात्रयाप्यभ्यवहृतंपथ्यञ्चान्नंनजीर्य्यति । चिन्ताशोकभयक्रोधदुःखशय्याप्रजागरैः ॥ १२ ॥

તેમાં આ શ્લોક છે. ચિંતા, શોક, ભય તથા ક્રોધને લીધે ચિત્તનું વિકલ થવાથી કલેશદાયક શય્યાપર સુવાથી અને રાત્રિમાં જાગવાથી પ્રમાણસર ખાધેલું અન્ન પણ પચતું નથી. ૧૨.

આમના ભેદ.

तंद्विविधमामप्रदोषमाचक्षतेभिषजः। विसूचिकामलसकञ्च। तत्रविसूचिकामूर्ध्वञ्चाधश्चप्रवृत्तामदोषांयथोक्तरूपांविद्यात् ॥ १३ ॥

વૈદ્યલોક આમ રોગને બે પ્રકારનો કહે છે. એક વિષુચિકા, બીજો અલસક, તેમાં વિશુચિકામાં ઉલટી પણ થાય છે અને ઝાડા પણ થાય છે તેનાં લક્ષણ જેવાં કહ્યાં છે તેવાંજ જાણવાં જોઇએ. ૧૩.

અલસકનાં લક્ષણ.

अलसकमुपदेक्ष्यामः दुर्बलस्याल्पाग्नेर्बहुश्लेष्मणोवातमूत्रपुरीषवेगविधारिणः स्थिरगुरुबहुरूक्षशीतशुष्कान्नसेविनस्तदन्नपानमनिलप्रपीडितंश्लेष्मणाचविबद्धमार्गमतिमात्रमलीनमलसत्वान्नबहिर्मुखीभवति। ततश्छर्द्यतीसारवर्ज्यानिआमप्र-

दोषलिङ्गानिअभिदर्शयतिअतिमात्राणि । अतिमात्रप्रदुष्टाश्चदोषाःप्रदुष्टामबद्धमार्गास्तिर्य्यग्गच्छन्तः कदाचित्केवलमेवास्यशरीरन्दण्डवत्स्तम्भयन्ति । ततस्तमलसकमसाध्यम्ब्रुवते ॥ १४ ॥

અલસકનો ઉપદેશ કરવામાં આવે છે. જેમ દુર્બળ મંદાગ્નિવાળા, બહુજ કફવાળા, વાયુ, મુત્ર તથા મળના વેગને રોકનારા અને સ્થિર, ભારે, બહુજ રૂક્ષ, શીતલ તથા શુષ્ક અન્નના ભોજન કરનારા પુરૂષોને ખાધેલું અન્ન, પાન વાયુથી પીડીત થઇ અને કફથી બદ્ધ માર્ગ થઈને બહુજ પ્રલીન તથા અલસ (સ્થિર) થવાથી બહાર નથી નીકળતું ત્યારે ઉલટી, તથા ઝાડાના સિવાય આમ દોષનાં બીજાં લક્ષણ બહુજ પ્રકટ થાય છે. અને બહુજ દૂષિત થયેલાં વાતાદિ દોષ દૂષિત આમથી બદ્ધ માર્ગ થઈને આમ તેમ જઇને રોગીના શરીરને કોઈ કોઇ વખત દંડની માફક સ્તબ્ધ કરે છે. ત્યારે આ અલસક રોગને અસાધ્ય કહે છે. ૧૪.

विरुद्धाध्यशनाजीर्णाशनशीलिनःपुनरेवदोषमामविषमित्याचक्षतेभिषजोविषसदृशलिङ्गत्वात्, तत्परमसाध्यमाशुकारित्वात्, विरुद्धोपक्रमत्वाच्चेति ॥ १५ ॥

વિરૂદ્ધ ભોજન કરનારા, ભોજન પર ભોજન કરનારા, તથા અજીર્ણમાં ભોજન કરનારા પુરૂષોના દોષોને વૈદ્ય, આમવિષ કહે છે. કેમકે તેમાં ઝેર જેવાં ચિન્હ થાય છે. તે અત્યંત અસાધ્ય હોય છે. કેમકે જલ્દીજ પ્રાણુનો નાશ કરનારાં હોય છે. અને તેની જે ચિકિત્સા કરવામાં આવે છે તે વિરૂદ્ધ થાય છે. ૧૫

સાધ્ય આમની ચિકિત્સા.

तत्र साध्यमामंप्रदुष्टमलसीभूतमुल्लेखयेदादौ पाययित्वा लवणमुष्णञ्चवारि । ततः स्वेदनवर्त्तिप्रणिधानाभ्यामुपाचरेदुपवासयेच्चैनम् ॥ १६ ॥

સાધ્ય અલસક રોગમાં મીઠાવાળું ગરમ પાણી પીવરાવીને આમને બહાર કહાડવો. તે પછી સ્વેદન તથા વર્ત્તિપ્રણિધાન વડે ચિકિત્સા કરવી અને ઉપવાસ કરાવવો. ૧૬.

વિષુચિકામાં ચિકિત્સા.

विसूचिकायांतु लङ्घनमेवाग्रेविरिक्तवच्चानुपूर्वी ॥ १७ ॥

અને વિષુચિકામાં પ્રથમ ઉપવાસ કરાવી પછી વિરેચનવાળાની માફક ક્રમથી ચિકિત્સા કરાવવી. ૧૭.

आमप्रदोषेषु त्वन्नकालेजीर्णाहारंपुनर्दोषावलिप्तामाशयंस्तमितगुरुकोष्ठमनन्नाभिलाषिणमभिसमीक्ष्य पाययेद्दोषशेषपाचनार्थमौषधमाग्निसन्धुक्षणार्त्थञ्च नत्वजीर्णाशनम् । आमप्रदोषदुर्बलोह्यग्निर्नयुगपद्दोषमौषधमाहारजातञ्चाशक्तःपक्तुम् १८

આમ દોષોમાં અન્ન આપવાના વખતે આહારના પચી ગયા પછી પણ આમાશયને દોષોવાળું જોઇને, કોઠાને કલેદવાળો તથા ભારે જોઇને અને અન્નમાં અરૂચિ જોઇને અવશિષ્ટ દોષોને પચાવવાને માટે તથા અગ્નિને દીપ્ત કરવાને માટે દવા પાવી. પણ અજી-

ર્ણમાં દવા પણ ન પાવી કેમકે આમ દોષથી દુર્બળ અગ્નિ એકી સાથે દોષ, દવા તથા આહારને પચાવી શકતો નથી. ૧૮.

अपिचाममदाषाहारौषधविभ्रमोऽतिबलत्वादुपरतकायाग्निम् सहसैवातुरमबलमभिपातयेत् ॥ १९ ॥

અને આમદોષ, ભોજન તથા દવાનો વિભ્રમ (ગડબડ થઇ જવી) અત્યન્ત બળવાન્ હોવાને લીધે મંદાગ્નિવાળા નિર્બળ પુરૂષનો જલ્દીજ નાશ કરે છે. ૧૯.

आममदोषजानां पुनर्विकाराणामपतर्पणेनैवोपरमोभवति। सतित्वनुबन्धेकृतापतर्पणानां व्याधीनांनिग्रहे निमित्तविपरीतमपास्यौषधमातङ्कविपरीतमेवावचारयेत्। यथास्वं सर्वविकाराणामपिच निग्रहेहेतुव्याधिविपरीतमौषधमिच्छन्तिकुशलाः२०

આમદોષથી થયેલા વિકાર અપતર્પણ (ઉપવાસ) થીજ નાશ થાય છે. જો અપતર્પણ કરવા છતાં પણ વિકાર રહી જાય તો, અપતર્પણના ઉપરાંત રોગોને મટાડવાને માટે હેતુ વિપરીત ઔષધનો ત્યાગ કરીને રોગ વિપરીત દવા કરવી અર્થાત રાગને શાંત કરવાવાળી ઔષધિ કરવી. ચતુરવૈદ્ય સંપૂર્ણ રોગોને મટાડવાને માટે હેતુ વિપરીત તથા રોગ વિપરીત ઔષધ આપવાની ઇચ્છા કરે છે. ૨૦.

तदर्थकारिणा भुक्तामदोषस्य पुनः परिपक्वदोषस्य दीप्तेचाग्नौअभ्यङ्गास्थापनानुवासनं विधिवत्स्नेहपानञ्च युक्तयाप्रयोज्यम्, प्रसमीक्ष्यदोषभेषजदेशकालबलशरीराहार सात्म्यसत्त्वप्रकृतिवयसामवस्थान्तराणि विकारांश्चसम्यगिति: २१

ફરી આમદોષના કોપિત થયા પછી તથા આમદોષના પચી ગયા પછી અગ્નિને દીપ્ત જાણીને અભ્યંગ આસ્થાપન, અનુવાસન તથા સ્નેહપાન વિધિપૂર્વક કરવું જોઇએ. પરંતુ તેમાં દોષ, ઔષધ, દેશ, કાળ બળ, શરીર, આહાર, સાત્મ્ય, સત્વ, પ્રકૃત્તિ તથા અવસ્થાની દશાઓનો અને રોગોનો વિચાર કરવો જોઇએ. ૨૧.

भवति चात्र.

अशितंखादितंपीतं लीढश्चक्वविपच्यते । एतत्त्वांधीर ! पृच्छामस्तन्नआचक्ष्व बुद्धिमन् ॥ २२ ॥

તેમાં આ શ્લોક છે. ચર્વ્ય, આદ્ય, પેય, તથા લેહ્ય પદાર્થ મનુષ્યના ઉદરમાં જઇને કયાં પચે છે, તે હે ધીર! અમે તમને પુછીએ છીએ માટે એ બતાવો. ૨૨.

इत्यग्निवेशप्रमुखैःशिष्यैःपृष्टःपुनर्वसुः । आचचक्षेततस्तेभ्योयत्राहारोविपच्यते

એ પ્રકારે અગ્નિવેશ જેમાં શ્રેષ્ટ છે એવા શિષ્યોએ પુછેલા પુનર્વસુજી જ્યાં આહાર પચે છે તે, ત્રણ શિષ્યોને કહે છે. ૨૩.

આહાર પચવાનાં સ્થાન.

नाभिस्तनान्तरंजन्तोरामाशयइतिस्मृतः । अशितंखादितंपीतंलीढंचात्रविपच्यते

કે પ્રાણિયોની ડુંટી, તથા સ્તનોની વચમાં આમાશય (જઠર-હોજરી) નામનું સ્થાન હોય છે તેમાં ચાવેલા, ખાધેલા, લેહ્ય તથા પીધેલા પદાર્થ પચે છે. ૨૪.

आमाशयगतःपाकमाहारःप्राप्यकेवलम्। पक्वःसर्वाशयःपश्चाद्धमनीभिःप्रपद्यते२५

ભોજન કરેલો આહાર પ્રથમ આમાશયમાં જઇને પરિપક્વ થાય છે ત્યારપછી નાડિયો (આંતરડાં) દ્વારા રસરૂપ થઇને સર્વ સ્થાનોમાં જાય છે. ૨૫.

तस्यमात्रावतोलिङ्गफलश्चोक्तंयथायथम् । अमात्रस्यतथालिङ्गंफलश्चोक्तंविभागशः ॥ २६ ॥ आहारविध्यायतनानिचाष्टौसम्यक् परीक्ष्यात्महितंविदध्यात् । अन्यश्चयःकश्चिदिहास्तिमार्गोहितोपयोगेषुभजेततञ्च ॥ २७ ॥

આ અધ્યાયમાં પ્રમાણુસર તથા પ્રમાણુ વગર કરેલા આહારનાં લક્ષણુ, તથા ફળ, યથાવત્ વિભાગપૂર્વક કહેવામાં આવ્યાં છે. ૨૬. આહારવિધિના આઠ આયતનોની સારી રીતે પરીક્ષા કરીને જે આપણુને હિત હોય તેનું સેવન કરવું, અને તે સિવાય અન્ય જે કાંઇ હિતનો માર્ગ હોય તેનું પણુ સેવન કરવું. ૨૭.

इतिअग्निवेशकृतेतंत्रेचरकप्रतिसंस्कृतेविमानस्थानेत्रिविधकुक्षीयं विमानं नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

ઇતિ અગ્નિવેશે બનાવેલ અને ચરકે સુધારેલ વિમાનસ્થાનનો ત્રિવિધ કુક્ષીયવિમાન નામનો બીજો અધ્યાય સમાપ્ત થયો. ॥ ૨ ॥

तृतीयोऽध्यायः ।

अथात जनपदोद्ध्वंसनीयम् व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે જનપદોદ્ધ્વંસનીય વિમાનાધ્યાયનું કથન કરીએ છીએ, એવું આત્રેયજી ભગવાન કહેવા લાગ્યા.

પુનર્વસુનો પ્રસ્તાવ.

जनपदमण्डलेपञ्चालक्षेत्रेद्विजातिवराध्युषितायांकाम्पिल्यराजधान्यांभगवान्पुनर्वसुरात्रेयोऽन्तेवासिगणपरिवृतःपश्चिमेघर्म्ममासेगङ्गातीरवनविचारम् विचरन् शिष्यमग्निवेशमब्रवीत् ॥ १ ॥

અનેક પ્રકારના લોકોના નિવાસસ્થાન, શ્રેષ્ટ બ્રાહ્મણોવાળા પાંચાલદેશમાં કમ્પિલ નામની રાજધાનીમાં ગંગાજીના તટ પર વનમાં શિષ્યો સહિત પ્રવાસ કરતા ભગવાન આત્રેયજીએ ગ્રીષ્મ ૠતુના પાછલા મહીનામાં અગ્નિવેશને કહ્યું. ॥ ૧ ॥

दृश्यन्तेहिखलुसौम्य ! नक्षत्रग्रहचन्द्रसूर्यानिलानलानांदिशाञ्चप्रकृतिभूताऋतुवैकारिकाभावाअचिरादितोभूरपिचनयथावद्रसवीर्य्यविपाकप्रभावमोषधीनांप्रतिविधास्यति । तद्वियोगाच्चातङ्कप्रायता नियता । तस्मात्प्रागुद्ध्वंसात्प्राक्च भूमेर्वि-

रसीभावादुद्धरसौम्य ! भैषज्यानि, यावन्नोपहतरसवीर्य्यविपाकप्रभावाणि । वयंचैषां रसवीर्य्यविपाकप्रभावानुपयोक्ष्यामहे, येचास्मान् काङ्क्षन्ति, यांश्चवयमनुकांक्षामः ॥ २ ॥

કે હે ભગવાન! પ્રકૃતિ ભૂત, નક્ષત્ર, ગૃહ, ચંદ્રમા, સૂર્ય, વાયુ, અગ્નિ તથા દિશા એઓના ઋતુ સંબંધી વિકાર જોવામાં આવે છે. થોડાજ વખતમાં પૃથ્વી પણ ઔષધિયોના રસ, વીર્ય તથા વિપાકને ધારણ કરશે નહિ. એથી ઘણું કરીને સર્વ લોક રોગી થશે એ કારણથી દેશના બગડવા તથા પૃથ્વીના વિરસ થવાની પહેલાંજ ઔષધિ ઉખાડી લ્યો નહીંતો તેના રસ, વીર્ય, વિપાક, તથા પ્રભાવ નષ્ટ થઇ જશે. જે લોક અમારી આકાંક્ષા કરશે અને જેની અમે ઇચ્છા કરીએ છીએ તે પુરૂષોને માટે આ ઔષધિયોના રસ, વીર્ય વિપાક તથા પ્રભાવનો વ્યવહાર કરીશું. ૨

नाहसम्यगुद्धृतेषुभैषज्येषुसम्यग्विहिते सम्यग्वचारचारितेषुजनपदोद्ध्वंसकराणांविकाराणांकिञ्चित्प्रतीकारगौरवम्भवति ॥ ३ ॥

સારી રીતે ખોદેલી ઔષધિયોને સારી રીતે બનાવીને શ્રેષ્ટ પ્રકારે વ્યવહાર કરવાથી દેશના નષ્ટ કરવાવાળા રોગોને દુર કરવામાં કાંઇ પણ કઠીનતા હોતી નથી. ૩.

અગ્નિવેશનો પ્રશ્ન.

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेश उवाच । उद्धृतानिखलु भगवन् ! भैषज्यानि सम्यग्विहितानिसम्यग्वचारितानि । अपि खलुजनपदोद्ध्वंसनमेकनव्याधिनायुगपदसमानप्रकृत्याहारदेहबलसात्म्यासत्त्ववयसांमनुष्याणांकस्माद्भवतीति ४

આ પ્રકારે કહેલા ભગવાન આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે, હે ભગવાન! જો ઔષધિયો ખોદી પણ લીધી, અને સારા પ્રકારથી આપી પણ ખરી પરંતુ હજુ આ સંદેહ થાય છે કે અનેક પ્રકારની પ્રકૃતિ, આહાર, દેહ, બળ, સાત્મ્ય, સત્વ તથા અવસ્થાવાળા મનુષ્યોનો દેશ એકજ રોગથી એકી વખતે કેમ નષ્ટ થાય છે. ૪.

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । एवमसामान्यानामेभिरपिअग्निवेश ! प्रकृत्यादिभिर्भावैर्मनुष्याणांयेऽन्येभावाःसामान्यस्तद्वैगुण्यात् समानकालाःसमानलिङ्गाश्चव्याधयोभिनिवर्त्तमानाजनपदमुद्ध्वंसयन्ति । ते खलुइमभावाःसामान्याजनपदेषुभवन्ति । तद्यथा,—वायुरुदकंदेशःकालइति ॥ ५ ॥

અગ્નિવેશનાં આ વચનો સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ! મનુષ્યોના પ્રકૃતિ વિગેરે ભાવોનું સમાનપણું ન હોવાથી, અને જે સામાન્ય ભાવ છે તેના દુષિત થવાથી એકી વખતે એકજ પ્રકારનો રોગ ઉત્પન્ન થઇને દેશને નષ્ટ કરે છે. તે સામાન્યભાવ આ છે. જેવાકે, વાયુ, જળ, દેશ તથા કાલ. ૫.

વાયુનું અનારોગ્યત્વ.

तत्रवातमेवंविधमनारोग्यकरं विद्यात् । तद्यथा,—ऋतुविषममतिस्तिमितमतिचलमतिपरुषमतिशीतमत्युष्णमतिरूक्षमत्यभिष्यन्दिनमतिभैरवारावमतिप्रतिहतपरस्परगतिमतिकुण्डलिनमसात्म्यगन्धबाष्पसिकतापांशुधूमोपहतमिति ॥ ६ ॥

તેમાંથી આ પ્રકારના વાયુને રોગકારક જાણવો જોઇએ. જેમ ઋતુથી વિપરીત, બહુજ આર્દ્ર, બહુજ ચંચલ, બહુજ કઠોર, બહુજ શીતલ, બહુજ ગરમ, બહુજ રૂક્ષ, બહુજ બાષ્પવાળો, બહુજ ભયાનક શબ્દવાળો, પરસ્પર બહુજ અથડાતો, બહુજ ચક્કર ખાતો, અને અસાત્મ્ય ગંધ, બાષ્પ, વેળુ, ધુળ તથા ધુમાડીવાળો. ૬.

જળનું અનારોગ્યત્વ.

उदकन्तुखलुअत्यर्थविकृतगन्धवर्णरसस्पर्शवत्क्लेदबहुलमपक्रान्तजलचरविहङ्गमुपक्षीणजलाशयमप्रीतिकरमपगतगुणंविद्यात् ॥ ७ ॥

જળ પણ અત્યંત વિકારવાળું, ગંધ, રંગ, રસ તથા સ્પર્શવાળું, જલચર પક્ષિયોનું ત્યાગ કરેલું, જલાશયમાં સુકાયેલું અને પ્રીતિકારક ન હોય તેને દુષિત જાણવું જોઇએ. ૭

દેશનું અનારોગ્યત્વ.

देशंपुनःविकृतप्रकृतिवर्णगन्धरसस्पर्शंक्लेदबहुलमुपसृष्टंसरीसृपव्यालमशकशलभमक्षिकामूषकोलूकश्माशानिकशकुनिजम्बुकादिभिस्तृणोलूपोपवनवन्तंप्रतानादिबहुलमपूर्ववदवपतितंशुष्कनष्टशस्यंधूम्रपवनंप्रध्मातपतत्रिगणमुत्क्रुष्टश्वगणमुद्भ्रान्तव्यथितविविधमृगपक्षिसंघमुत्सृष्टनष्टधर्म्मसत्यलज्जाचारगुणजनपदंशश्वत्क्षुभितोदीर्णसलिलाशयंप्रततोल्कापातनिर्घातभूमिकम्पमतिभयारावरूपंरुक्षताम्रारुणसिताभ्रजालसंवृतार्कचन्द्रतारकमभीक्ष्णंसम्भ्रमोद्वेगमिवसत्रासरुदितमिवसतमस्कमिवगुह्यकाचरितमिवाक्रन्दितशब्दबहुलञ्चाहितंविद्यात् ॥ ८ ॥

એવા દેશને દુષિત જાણવો જોઇએ જેવાકે પ્રકૃતિની વિરૂદ્ધ વર્ણ, ગંધ રસ તથા સ્પર્શવાળો, બહુજ કલેદવાળો, સાપ, વનનાં પશુ, મચ્છર, કીડી, માખી, ઉંદર, ચામાંચીડીયાં, સ્મશાનનાં પક્ષી તથા ગીધ વિગેરેથી પીડિત, ઘાસ તથા ઝાંખરામાંથી તથા ઝાડીની લતાઓવાળા, અપૂર્વ થઇ ગયેલ, સુકા તથા નષ્ટ અન્નવાળા, ધુમાડીવાળા, વાયુવાળા, બહુજ કકળતાં પક્ષિયોવાળા, બહુજ ભૂંકતાં કુતરાંવાળા, ગભરાયલા તથા વ્યાકુળ થયેલા અનેક પ્રકારના પક્ષીઓવાળા, નષ્ટ થયેલા ધર્મવાળા, અત્યંત નિર્લજ્જ આચરણ કરનારા પુરૂષોવાળા, હંમેશાં ખળભળાટવાળા, તથા ઉભળેલા જલાશયવાળા ઘણે ભાગે વજ્રપાત તથા ધરતીકંપવાળા, બહુજ ભયાનક શબ્દોવાળા, ઘણે ભાગે રૂક્ષ, તાંબા જેવા, લાલ તથા શ્વેત વાદળાંથી ઢંકાયેલા સૂર્ય, ચંદ્રમા તથા નક્ષત્રવાળા, ગભરાટ,:ભય, રૂદન તથા અંધકારવાળા, યક્ષ, ભૂત પ્રેતાદિના આવેશવાળા તથા શોરબકોરવાળા, એવા દેશને અહિત જાણવા જોઇએ ૮.

કાળનું અનારોગ્યત્વ.

कालं खलुयथर्तुलिङ्गाद्विपरीतलिङ्गमतिलिङ्गंहीनलिङ्गंचाहितंव्यवस्येत् ॥ ९ ॥

ઋતુઓના વિપરીત લક્ષણુવાળા, ઋતુઓના અધિક લક્ષણુવાળા અને ઋતુઓના હીન લક્ષણુવાળા, કાલ (સમય) ને અહિત જાણુવા જોઇએ. ૯.

इमानवंदोषयुक्तांश्चतुरोभावान्जनपदोद्ध्वंसकरान्वदन्तिकुशलाः । अतोऽन्यथाभूतांस्तुहितानाचक्षते ॥ १० ॥

એ પ્રકારે આ ચારે ભાવ, દેશને નષ્ટ કરવાવાળા હોય છે. અને આ લક્ષણોથી વિપરીત લક્ષણુવાળા હીત કરનાર હોય છે. ૧૦

विगुणेष्वपितुखल्वेतेषुजनपदोद्ध्वंसनकरेषुभावेषुभेषजेनोपपाद्यमानानांनभयंभवतिरोगेभ्यइति ॥ ११ ॥

દેશને નષ્ટ કરનારા આભાવોના દુષિત થવાથી પણુ ઔષધિયોવડે ચિકિત્સા કરવાથી રોગોનો ભય રહેતો નથી. ૧૧.

भवन्तिचात्र । वैगुण्यमुपपन्नानांदेशकालानिलाम्भसाम् । गरीयस्त्वंविशेषेणहेतुमत्संप्रवक्ष्यते ॥ १२ ॥

આમાં આ શ્લોક છે. દુષિત થયેલા વાયુ, જળ, દેશ, તથા કાલ તેમાંથી જે અધિકમાં અધિક કઠિન છે તેને કારણુ સાથે કહુંછું. ૧૨.

वाताज्जलंजलाद्देशं देशात्कालंस्वभावतः । विद्याद्दुष्परिहार्य्यत्वाद्गरीयस्तरमर्थवित् ॥ १३ ॥

વાયુથી જળ, જળથી દેશ, દેશથી કાલનું દૂષિત હોવું બહુજ કઠિન જાણુવું જોઇએ. કેમકે તેનો પરિહાર એક બીજા કરતાં બહુજ કઠિનતાથી થઇ શકે છે. ૧૩

वाय्वादिषुयथोक्तानां दोषाणान्तुविशेषवित् । प्रतीकारस्यसौकर्य्येविद्याल्लाघवलक्षणम् ॥ १४ ॥

વિશેષ જાણુનારા વૈદ્ય, વાયુ વિગેરે ભાવોના પૂર્વોક્ત દોષોને અટકાવવાની સુગમતામાં લઘુતા (હલકાપણું) નેજ લક્ષણુ જાણુવું. ૧૪.

चतुर्ष्वपितुदुष्टेषुकालान्तेषुयदानराः । भेषजेनोपपाद्यन्तेनभवन्त्यातुरास्तदा॥१५

વાયુ વિગેરે ચારેના દુષિત થયા પછી જે મનુષ્ય ઔષધોનું સેવન કરે છે, તે રોગી થતા નથી. ૧૫.

येषांनमृत्युसामान्यं सामान्यंनचकर्मणाम् । कर्मपञ्चविधंतेषांभेषजंपरमुच्यते ॥१६॥

આ વખતમાં જે મનુષ્યોની પ્રાક્તન સંસ્કારથી થનાર ઐહિક મૃત્યુ તથા કર્મ સામાન્ય ન થાય તેને માટે વમન (ઉલટી) વિગેરે પંચ કર્મજ પરમ ઔષધ છે. ૧૬.

रसायनानां विधिवच्चोपयोगःप्रशस्यते । शस्यतेदेहवृत्तिश्चभेषजैःपूर्वमुद्धृतैः १७

અને વિધિ પૂર્વક રસાયનોનું સેવન પણ શ્રેષ્ટ છે અને પૃથ્વીમાં વિકાર થતા પહેલાંજ ખોદી લીધેલી ઔષધિયોથી શરીરની વૃદ્ધિ કરવી તે પણ શ્રેષ્ટ છે. ૧૭.

सत्यंभूतेदयादानंबलयो देवतार्चनम् । सद्वृत्तस्यानुवृत्तिश्चप्रशमोगुप्तिरात्मनः १८

સત્ય બોલવું, પ્રાણિયો પર દયા કરવી, દાન આપવું, બલિ આપવા દેવતાઓનું પૂજન કરવું, સદાચાર રાખવો, તથા શાંતિ રાખવી એ ગુણોથી પોતાનું રક્ષણ કરવું જોઇએ. ૧૮.

हितंजनपदानाञ्च शिवानामुपसेवनम् । सेवनंब्रह्मचर्यस्यतथैवब्रह्मचारिणाम् १९ सङ्कथाधर्मशास्त्राणां महर्षीणांजितात्मनाम् । धार्मिकैःसात्त्विकैर्नित्यंसहास्या-वृद्धसम्मतैः ॥ २० ॥ इत्येतद्भेषजंप्रोक्तमायुषःपरिपालनम् । येषांननियतोमृत्यु-स्तस्मिन्कालेसुदारुणे ॥ २१ ॥

દેશનું હિત કરવું, શુભ વર્તનનું સેવન કરવું, બ્રહ્મચર્ય પાળવું, બ્રહ્મચારિયોની સેવા કરવી. ૧૯. ધર્મશાસ્ત્રી તથા જીતેંન્દ્રિય મહર્ષિયોની કથા કહેવી, અને વૃદ્ધોથી પ્રશંસા કરેલા સત્વગુણાવલંબ્બી ધર્માત્માઓની સાથે હંમેશાં બેસવું. ૨૦ આ ભયંકર સમયમાં જે મનુષ્યોનું મૃત્યુ નિશ્ચિત નથી હોતું તેના આયુષ્યના રક્ષણને માટે આ ઉપાય કહ્યો છે. ૨૧.

અગ્નિવેષનો પ્રશ્ન.

इतिश्रुत्वाजनपदोद्ध्वंसनेकारणानि आत्रेयस्यभगवतः नरपिमगवन्तमात्रेयमाग्नि-वेशउवाच । अथखलुभगवन् । कुतोमूलमेषांवाय्वादीनांवैगुण्य मुत्पद्यतयेनोपप-न्नाजनपदं ध्वंसयन्तीति ॥ २२ ॥

ભગવાન આત્રેયજીએ કહેલાં દેશને નષ્ટ થવાનાં આ કારણ સાંભળીને અગ્નિવેશે ફરી ભગવાન આત્રેયજીને કહ્યું કે, હે ભગવન્! વાયુ વીગેરેના કોપિત થવાનું કયું કારણ છે કે જે વડે તે કોપિત થઇને દેશોને નષ્ટ કરે છે. ૨૨.

આત્રેયનો ઉત્તર.

तमुवाचभगवानात्रेयः । सर्वेषाम् अग्निवेश ! वाय्वादीनां यद्वैगुण्यमुत्पद्यतेत-स्यमूलमधर्मः तन्मूलञ्चासत्कर्मपूर्वकृतम् । तयोर्योनिःप्रज्ञापराध एव ॥ २३ ॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ! વાયુ વિગેરેના દુષિત થવાનું કારણ અધર્મ છે. અને અધર્મનું કારણ પ્રાકતન અસત્કર્મ છે અને અધર્મ તથા અસત્કર્મ આ બંનેનું કારણ પ્રજ્ઞાપરાધ (બુદ્ધિદોષ) છે. ૨૩.

तद्यथा,—यदादेशनगरनिगमजन पदप्रधानाधर्ममुत्क्रम्यअधर्मेणप्रजांमवर्तयन्ति-तदाश्रितोपाश्रिताःपौरजनपदाव्यवहारोपजीविनश्चतमधर्ममभिवर्द्धयन्ति ॥ २४ ॥

જેમકે જ્યારે દેશ, નગર, નિગમ (પરકોટાનું નગર) તથા જનપદ (જેમાં બહુ લોક વસે છે) ના પ્રધાન (રાજા વિગેરે) ધર્મનો ત્યાગ કરીને અધર્મથી પ્રજાનું પાલન કરે છે ત્યારે તેના આશ્રિત તથા ઉપાશ્રિત પુરવાસી તથા દેશવાસી અને વ્યવહારોપજીવી લોક આ અધર્મને વધારે છે. ૨૪.

ततःसोऽधर्मःप्रसभंधर्ममन्तर्धत्ते । ततस्तेऽन्तर्हितधर्माणोदेवताभिर पित्यज्यन्ते । तेषां तथान्तर्हितधर्माणामधर्मप्रधानानामपक्रान्तदेवतानामृतवोव्यापद्यन्ते । तेन-नापोयथाकालंदेवोवर्षति । विकृतंवा वर्षति वातानसम्यगभिवान्तिक्षितिर्व्यापद्यतेसलिलानिउपशुष्यन्ति । ओषधयःस्वभावंपरिहायापद्यन्तेविकृतिम् । तत-उद्ध्वंसन्तेजनपदाःस्पर्शाभ्यवहार्य्यदोषात् ॥ २५ ॥

જેથી તે અધર્મ વધીને ધર્મનો નાશ કરી દે છે ત્યારે આ અધર્મિયોનો દેવતા લોક ત્યાગ કરી દે છે. આ પ્રકારે ધર્મરહિત અધર્મમાં પ્રિતીવાળા તથા દેવતાઓથી ત્યાગ કરેલા આ લોકોને માટે ઋતુ વિપરીત થઈ જાય છે એથી કરીને સમયને અનુસાર વરસાદ થતો નથી અથવા વિકારવાળો (રોગ કરનાર) વરસાદ થાય છે. વાયુ સારી રીતે વાતો નથી, પૃથ્વી દૂષિત થઇ જાય છે, જળ સુકાઇ જાય છે, અને ઔષધિયો પ્રભાવનો ત્યાગ કરીને વિકારને પ્રાપ્ત થઇ જાય છે ત્યારે સ્પર્શ તથા ભોજનના દોષથી દેશ નષ્ટ થઇ જાય છે. ૨૫

યુદ્ધનું કારણ.

तथा शस्त्रप्रभवस्यअपिजनपदोद्ध्वंसस्य अधर्म्मएवहेतुर्भवति । येति प्रवृद्धलोभ-क्रोधरोषमानाः तेदुर्ब्बलानवमत्य आत्मस्वजनपरोपघाताय शस्त्रेण परस्परमभि-क्रामन्ति परानवाभिक्रामन्ति परैर्वाभिक्राम्यन्ते रक्षोगणादिभिर्वाविविधैर्भूतसङ्घै-स्तमधर्म्ममन्यद्वाप्यपचारान्तरमुपलभ्याभिहन्यन्ते । तथा भिशापस्याप्यधर्म्मएव हेतुर्भवति ॥ २६ ॥

શસ્ત્ર વડે દેશના નષ્ટ થવાનું પણ અધર્મજ કારણ છે. જેમકે બહુજ લોભ, ક્રોધ, રોષ તથા માનની બહુજ ઇચ્છાવાળા તે અધર્મી પુરૂષ દુર્બળોનો તિરસ્કાર કરીને પોતાના સ્વજનોના તથા શત્રુઓના નાશને માટે શસ્ત્રોવડે યુદ્ધ કરે છે. તે શત્રુઓ પર ચઢાઇ કરે છે અથવા શત્રુ તેમના પર ચઢાઈ કરે છે. તેમના આ અધર્મને તથા અન્ય દોષને જોઇને રાક્ષસ વિગેરે ભૂત પ્રેતાદિક પણ તેમને સતાવે છે. ૨૬.

અભિશાપનો હેતુ.

तथाभिशापस्याप्यधर्मएवहेतुर्भवतियेलुप्तधर्माणोधर्मादपेताः तेगुरुवृद्धसिद्धर्षिपू-ज्यानवमत्यअहितानिआचरन्ति । ततस्ताःप्रजागुर्वादिभिरभिशप्ताभस्मतामुपया-न्ति । प्रागप्यभूदनेकपुरुषकुलविनाशाय ॥ २७ ॥ नियतप्रत्ययोपलम्भान्निय-ताश्चपरे । अनियतप्रत्ययोपलम्भादनियताश्चापरे ॥२८॥

જ્યારે તે લોક અધર્મી થઇને, ધર્મથી રહિત બનીને, ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ, ઋષિ, તથા પૂજ્યોનું અપમાન કરીને, અહિત આચરણ કરે છે. ત્યારે ગુરૂ વિગેરે તેને શાપ આપે છે. એથી તે ભષ્મ થઇ જાય છે અને તેથી તેના વંશનો વંશ નષ્ટ થઇ જાય છે. નિયત પ્રત્યયોપલમ્ભ (નિશ્ચય જ્ઞાનાનુભવ)થી કાંઇ શાપનિયત થાય છે. અને અનિયત પ્રત્યયોપલમ્ભ (અનિશ્ચિત જ્ઞાનાનુભવ)થી કોઇ અનિયમિત હોય છે. ૨૭-૨૮.

भागपिचाधर्म्मादृतेनाशुभोत्पत्तिरन्यतोऽभूत् । आदिकालेहिअदितिसुतसमौजसोऽतिविमलविपुलप्रभावाःप्रत्यक्षदेवदेवर्षिधर्म्मयज्ञविधिविधानाःशैलेन्द्रसारसंहतस्थिरशरीराःप्रसन्नवर्णेन्द्रियाःपवनसमबलजवपराक्रमाश्चारुस्फिचोऽभि रूपप्रमाणाकृतिप्रसादोपचयवन्तःसत्यार्जवानृशंस्यदानदमनियमतपउपवासब्रह्मचर्य्यव्रतपराव्यपगतभयरागद्वेषमोहलोभक्रोधशोकमानरोगनिद्रातन्द्राश्रमक्लमालस्यपरिग्रहाश्चपुरुषाबभूवुरमितायुषः ॥ २९ ॥

પૂર્વ સમયમાં પણ અધર્મના વિના અશુભની ઉત્પત્તિ થતી નહોતી. પહેલાંના વખતમાં દેવતાઓના સમાન ઓજવાળા અત્યંત વિમલ તથા વિપુલ પ્રભાવવાળા, દેવતા, દેવર્ષિ, ધર્મ તથા યજ્ઞવિધિ વિધાનને પ્રત્યક્ષ કરનારા, પર્વતોના સરખા સારવાળા, કઠિન તથા સ્થિર શરીરવાળા, નિર્મળ રૂપ તથા ઇન્દ્રિયવાળા, વાયુના જેવાં બળ, વીર્ય તથા પરાક્રમવાળા, સુંદર નિતંબવાળા, યોગ્ય પ્રમાણુ, આકૃતિ, પ્રસન્નતા તથા વૃદ્ધિવાળા, સત્ય, આર્જવ, સીધાપન, અનિષ્ઠુરતા, દાન, જીતેંન્દ્રિયતા, નિયમ, તપ, ઉપવાસ, તથા બ્રહ્મચર્યમાં તત્પર, ભય, રાગ, દ્વેશ, મોહ, લોભ, ક્રોધ, શોક, માન, રોગ, નિદ્રા, તન્દ્રા, શ્રમ, ગ્લાનિ, આળસ, તથા પરિગ્રહથી રહિત પુરૂષ અપરિમિત આવરદાવાળા હોય છે. ૨૯.

तेषामुदारसत्त्वगुणकर्म्मणामचिन्त्यत्वात्रसवीर्य्यविपाकप्रभावगुणसमुदितानिप्रादुर्बभूवुःशस्यानिसर्व॰ णसमुदितत्वात्पृथिव्यादीनांकृतयुगस्यादौ । भ्रश्यतितुकृतयुगेकेषाञ्चिदत्यादानात्साम्पन्निकानांशरीरगौरवमासीत् । सत्त्वानांगौरवाच्छ्रमःश्रमादालस्यमालस्यात्सञ्चयःसञ्चयात्परिग्रहःपरिग्रहाल्लोभःप्रादुर्भूतः॥३०

મહા સત્વગુણ તથા કર્મવાળા એ પુરૂષોને માટે અચિંત્ય, રસ, વીર્ય, વિપાક તથા પ્રભાવ ગુણવાળાં અન્ન થાય છે. કેમકે સત્તયુગના પહેલાં પૃથ્વી વગેરે તત્વ સંપૂર્ણ ગુણોવાળાં હતાં. ત્યાર પછી સત્તયુગના ક્ષીણ થયા પછી કેટલાક સંપન્ન પુરૂષોના બહુજ ગ્રહણ કરવાથી શરીરમાં ગૌરવ ઉત્પન્ન થયું, ગૌરવ થવાથી શ્રમ થયો, શ્રમથી આળસ થયું, આળસથી સંચય થયો, સંચયથી પરિગ્રહ થયો અને પરિગ્રહથી લોભ થયો. ૩૦.

ततःकृतयुगेगतेत्रेतायांलोभादभिद्रोहःअभिद्रोहादनृतवचनमनृतवचनात्कामक्रोधमानद्वेषपारुष्याभिघातभयतापशोकचित्तोद्वेगादयःप्रवृत्ताः ॥ ३१ ॥

ત્યારપછી સત્તયુગના વ્યતિત થયા પછી ત્રેતાયુગમાં લોભના થવાથી અભિદ્રોહ ઉત્પન્ન થયો. અભિદ્રોહથી અસત્ય ભાષણ ઉત્પન્ન થયું. અસત્ય ભાષણથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી માન, માનથી દ્વેશ, દ્વેશથી કઠોરપણું, કઠોરપણાથી અભિઘાત, અભિઘાતથી ભય, તાપ, શોક, ચિત્તથી ઉ ેગ, વિગેરે ઉત્પન્ન થયું. ૩૧.

ततस्त्रेतायांधर्म्मपादोऽन्त[illegible]मत् । तस्यान्तर्द्धानात्पृथिव्यादीनांगुणपादप्रणाशोऽभूत् । तत्प्रणाशकृतश्चशस्यानांस्नेह[illegible] णपादभ्रंशः २२

એમ થવાથી ત્રેતાયુગમાં ધર્મનો એક પગ નષ્ટ થયો. ધર્મના એક પગના નષ્ટ થ-

વાથી પૃથિવ્યાદિના ગુણનો એક ભાગ નષ્ટ થયો તેથી અન્નોનાં સ્નેહ, નિર્મળતા, રસ, વીર્ય, વિપાક તથા પ્રભાવના ગુણનો એક ભાગ નષ્ટ થઈ ગયો. ૩૨.

ततस्त्रेताप्रजाशरीराणिहीयमानगुणपादैर्हीयमानैश्चाहारविहारैरयथापूर्वमुपष्टभ्यमानानिअग्निमारुतपरीतानिप्राग्व्याधिभिर्ज्वरादिभिराक्रान्तानिअतःप्राणिनोह्रासमवापुरायुषःक्रमशइति ॥ ३३ ॥

ત્યારે પ્રજાઓનાં શરીરો હીન ગુણવાળાં તથા હીન થતા ગુણવાળા આહાર વિહારોથી પુષ્ટ થવાને લીધે ઉષ્મા તથા વાયુથી યુકત થઇને પહેલાં જ્વરાદિ રોગોથી કલેશિત થયાં જેથી ધીરે ધીરે પ્રાણિયોનાં આયુષ્ય ક્ષીણ થવા લાગ્યાં. ૩૩.

भवतिचात्र ।

युगेयुगेधर्म्मपादःक्रमेणानेनहीयते । गुणपादश्चभूतानामवंलोकःप्रलीयते ॥३४॥

આમાં આ શ્લોક છે. આ પ્રકારથી યુગ યુગમાં ધર્મનો એક એક પગ (ભાગ) ઓછો થાય છે. અને પૃથિવ્યાદિના ગુણોનો પણ એક એક પગ ક્ષીણ થાય છે. આ પ્રકારે મનુષ્યોનો આયુષ્ય નષ્ટ થાય છે. ૩૪.

संवत्सरशतेपूर्णेयातिसंवत्सरःक्षयम् । देहिनामायुषःकालेयत्रयन्मानमिष्यते ३५॥

इतिविकाराणांप्रागुत्पत्तिहेतुरुक्तो भवति ॥ ३६ ॥

જે વખતે આયુષ્યનું જે પ્રમાણ છે તેના અનુસાર સો વર્ષના વિત્યા પછી આયુષ્યનું એક વર્ષ ક્ષીણ થાય છે. આ પ્રકારથી રોગોનું પ્રથમ ઉત્પન્ન થવાનું કારણ કહ્યું. ૩૫–૩૬

एवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाच । किन्नुखलुभगवन्! नियतकालप्रमाणमायुःसर्वेनवेति भगवानुवाच । इहअग्निवेश! भूतानामायुर्युक्तिमपेक्षते ॥ ३७ ॥

આ પ્રકારે કહેતા ભગવાન્ આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે, હે ભગવાન્! આયુષ્યના કાળનું પ્રમાણ નિશ્ચિત હોય છે કે નહિ? એ સાંભળી ભગવાન આત્રેયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ! મનુષ્યોનું આયુષ્ય યુક્તિને આધિન હોય છે. ૩૭.

કર્મોનું વર્ણન.

दैवेपुरुषकारेचस्थितंह्यस्यबलाबलम् । दैवमात्मकृतंविद्यात्कर्मयत्पूर्वदैहिकम् ३८

स्मृतःपुरुषकारस्तुक्रियतेयादिहापरम् । बलाबलविशेषोऽस्तितयोरपिचकर्म्मणोः॥३९

આયુષ્યનું બળાબળ દૈવ તથા પુરૂષકારને આધિન છે. પૂર્વ જન્મમાં પોતે કરેલાં કર્મને દૈવ કહે છે. ૩૮. અને આ જન્મમાં જે કર્મ કરવામાં આવે છે તેને પુરૂષકાર કહે છે. દૈવ તથા પુરૂષકાર આ બંને કર્મોમાં પણ બળાબળની વિશેષતા હોય છે. ૩૯

કર્મના ભેદ.

दृष्टंहित्रिविधंकर्महीनंमध्यममुत्तमम् । तयोरुदारयोर्युक्तिर्दीर्घस्यस्यसुखस्यच ४०

આ બંને કર્મ ત્રણ ત્રણ પ્રકારનાં હોય છે. જેવાં કે હીન, મધ્યમ અને ઉત્તમ. ઉત્તમ કર્મો વડે દીર્ઘાયુ તથા દીર્ઘ સુખની પ્રાપ્તિ થાય છે. ૪૦

नियतस्यायुषोहेतुर्विपरीतस्यचेतरा । मध्यमामध्यमस्येष्टाकारणंशृणुचापरम् ४१

હીન કર્મો વડે હીન, આયુ, તથા હીન સુખની પ્રાપ્તિ થાય છે અને મધ્યમ કર્મોથી મધ્યમ આયુ તથા મધ્યમ સુખની પ્રાપ્તિ થાય છે. હવે બીજું કારણ સાંભળો. ૪૧

બીજું કારણ.

दैवंपुरुषकारणदुर्बलंह्युपहन्यते । दैवेनचेतरत्कर्मविशिष्टेनोपहन्यते ॥४२॥ दृष्ट्वा-यदेकेमन्यन्तेनियतंमानमायुषः । कर्मकिञ्चित्कचित्काले विपाकेनियतंमहत् । किञ्चित्त्वकालनियतं प्रत्ययैःप्रतिबोध्यते इति ॥ ४३ ॥

જો પૂર્વ જન્મનાં કર્મ દુર્બળ હોય તો પુરૂષકાર તેને નષ્ટ કરી દે છે અને જો પૂર્વ જન્મનાં કર્મ અધિક બળવાન હોય છે તો પુરૂષકારને તે નષ્ટ કરી દે છે. ૪૨

આ જોઇને કોઇ કોઇ લોક આયુષ્યનું પ્રમાણુ નિશ્ચિત માને છે. કયા મહા કર્મનું કયે વખતે ફળ મળશે તે નક્કી થઇ શકે છે અને કેટલાક કર્મના ફળના સમયનો નિશ્ચય થતો નથી પરંતુ તે કારણોને જાણીને ફળીત થઈ શકે છે. ૪૩

तस्मादुभयदृष्टत्वादेकान्तग्रहणमसाधु निदर्शनमपिचात्रउदाहरिष्यामः । यदिहि-नियतकालप्रमाणमायुःसर्वंस्यात्तदायुष्कामाणांनमन्त्रौषधिमणिमङ्गलबल्युपहार-होमनियमप्रायश्चित्तोपवासस्वस्त्ययनप्रणिपातगमनाद्याःक्रियाइष्टयश्चप्रयुज्येरन्॥४४

આથી બંને વાતોના પ્રત્યક્ષ થવાથી એકનુંજ ગ્રહણ કરવું એ અનુચિત છે. તેનું અહીં અમે ઉદાહરણુ પણ આપીએ છીએ. જો સર્વના આયુષ્યના સમયનો નિશ્ચય હોય તો આયુષ્યને ઇચ્છનારાએ મંત્ર, ઔષધ, મણિ, મંગલ, બલિ, ઉપહાર, હોમ, નિયમ, પ્રાયશ્ચિત ઉપવાસ, સ્વસ્ત્યયન, પ્રણામ તથા ગમનાદિક ક્રિયા તથા યજ્ઞોનો પ્રયોગ કરવાની જરૂર નથી. ૪૪

नउद्भ्रान्तचण्डचपलगोगजोष्ट्रखरतुरगमहिषादयःपवनादयश्चदुष्टाःपरिहार्याः स्युःनप्रपातगिरिविषमदुर्गाम्बुवेगाः । तथा नप्रमत्तोन्मत्तोद्भ्रान्तचण्डचपलमोहलोभाकुलमतयोनारयोनप्रवृद्धोऽग्निर्नचविविधविषाश्रयाःसरीसृपारगादयः । नसाहसं नदेशकालचर्यानरेन्द्रप्रकोप इत्येवमादयोभावानाभावकराःस्युःआयुषः सर्वस्यनियतकालप्रमाणत्वात् ॥ ४५ ॥

જો સર્વના આયુષ્યનો સમય નક્કીજ હોય તો પછી ગભરાયેલા, ક્રોધવાળા તથા ચંચળ બળદ, હાથી, ઉંટ, ગધેડા, ઘોડા તથા પાડા વિગેરેથી અને રોગી હવા એનાથી બચવાનો કોઇ ઉપાય ન કરવો. વિષમ પર્વતનું પડવું, દુર્લભ જળના વેગ અને પ્રમત્ત ઉન્મત ઉદ્‌ભ્રાંત, ક્રોધી, ચંચળ, મોહવાળા તથા લોભી શત્રુ એનાથી બચવાનો કાંઈ ઉપાય ન કરવો, અને તીક્ષ્ણુ, અગ્નિ તથા અનેક ઝેરી સર્પાદિક જીવોથી પણ બચવાનો કોઇ ઉપાય ન કરવો, સાહસ, દેશ ચર્યા, કાળચર્યા, તથા રાજાઓના કોપ વિગેરે વિષયો આયુષ્યના સમયને નષ્ટ કરનાર ન હોવાં જોઇએ કેમકે સર્વના આયુષ્યના સમય તો નક્કીજ છે. ૪૫

नचानभ्यस्ताकालमरणभयनिवारकाणामकालमरणभयमागच्छेत् प्राणिनाम् । व्यर्थाश्चारम्भकथाप्रयोगबुद्धयःस्युर्महर्षीणांरसायनाधिकारी ॥ ४६ ॥

કદી પણ અકાલ મૃત્યુના ન થવાથી પ્રાણિયોને અકાલ મૃત્યુનો ભય ન થવો જોઇએ. અને રસાયનાધિકારમાં મહર્ષિયોના કહેલા સંપૂર્ણ પ્રયોગ વ્યર્થ થવા જોઇએ. ૪૬

नापीन्द्रोनियतायुषंशत्रुंवज्रेणाभिहन्यात् । नाश्विनावार्त्तंभेषजेनोपपादयेताम् । नर्षयोयथेष्टम्आयुस्तपसामा[illegible]युर्नचाविदितवेदितव्यामहर्षयःसहसुरेशाःसम्यक्प-श्येयुरुपादिशेयुराचरेयुर्वा ॥ ४७ ॥

ઇન્દ્ર પણ પોતાના શત્રુના આયુષ્યને નિશ્ચિત માનીને પોતાના વજ્રથી તેને ન મારવો, અશ્વિનીકુમારે રોગીની ચિકિત્સા ન કરવી, મહર્ષિ લોક તપથી ઇચ્છેલા આયુષ્યને ન મેળવવાં, અને ઇન્દ્ર સહિત સર્વજ્ઞ મહર્ષિ લોકે આયુષ્યવર્દ્ધક વાતોનો ઉપદેશ કે આચરણ ન કરવાં. ૪૭.

आपिचसर्वच[illegible]षामेतत्परयंदैन्द्रंचक्षुरिदञ्चास्माकंतेनमत्यक्षंयथापुरुषसहस्राणाम्-त्थायोत्थायाहवंकुर्वतामकुर्वताञ्चातुल्यायुष्ट्वं तथाजातमात्राणामप्रतीकारात्प्रतीका-राच्चअविषाविषमाशिनांचापिअतुल्यायुष्ट्वंनचतुल्योयोगक्षेमउदपानघटानांचित्रघ-टानाञ्चोत्सीदताम् ॥ ४८ ॥

આ વાત આપણને પ્રત્યક્ષ છે, કે જે લોક હંમેશાં યુદ્ધ કરે છે અને જે નથી કરતા તેમનાં આયુષ્ય સરખાં હોતાં નથી, કેમકે યુદ્ધ કરનારા ઘણે ભાગે શસ્ત્ર વડે માર્યા જાય છે અને યુદ્ધ ન કરનારા શસ્ત્ર વડે મરતા નથી. જે લોકો રોગોના ઉપાય કરતા નથી અને જે લોક વિષમ આહારાદિકનો ત્યાગ કરીને ઉપાય કરે છે, તેમનાં આયુષ્ય પણ સરખાં હોતાં નથી. જેમ જળ પીવાનો (વપરાશનો) ઘડો તથા ચિત્રેલો (રાખી મુકેલો) ઘડો આ બંને પ્રકારના ઘડાઓના ફુટવામાં જેમ સમતા હોતી નથી. એ પ્રકારે યત્ન કરનારા તથા યત્ન ન કરનારા મનુષ્યોના યોગ ક્ષેમ તથા આયુષ્યમાં સમતા હોઇ શકતી નથી. ૪૮.

तस्माद्धितोपचारमूलंजीवितमतोविपर्य्ययान्मृत्युः ॥ अपिच देशकालात्मगुणवि-परीतानांकर्मणामाहारविकाराणाञ्चक्रियोपयोगः ॥ ४९ ॥

એથી હિતનું સેવન કરવું એ જીવનનું મૂળ છે. વિપરીત આચરણ કરવાથી મૃત્યુ થાય છે. અને દેશકાલના ગુણોથી તથા આપણે કરેલું વિપરીત કાર્ય તથા આહાર વિહારનું સેવન પણ મૃત્યુનું કારણ છે. ૪૯.

सर्[illegible]तियोगसन्धारणमसन्धारणमुदीर्णानाञ्चगतिमतां सहसानाञ्चवर्जनमा-रोग्यानुवृत्तौउपलभामहेहेतुमुपदिशामः सम्यक्पश्यामश्चेति ॥ ५० ॥

સંપૂર્ણ અતિ યોગોનો ત્યાગ કરવો, ઉત્પન્ન થતા વેગોને ન રોકવા અને સાહસ ન કરવું એ આરોગ્યનું મૂળ છે. આ વાત હમે સારી રીતે જાણીએ છીએ, ઉપદેશ કરીએ છીએ, અને દેખીએ પણ છીએ. ૫૦

અગ્નિવેશનો પ્રશ્ન.

अतःपरमग्निवेशउवाच । एवंसतिअनियतकालप्रमाणायुषांभगवन् ! कथंकाल-मृत्युरकालमृत्युर्भवतीति ॥ ५१ ॥

આ ઉપરાંત અગ્નિવેશે કહ્યું કે હે ભગવન્! એમ હોવાથી જો આયુષ્યના સમયનું કાંઈ પ્રમાણ નથી તો પછી અકાલ મૃત્યુ અને કાલમૃત્યુ એ કેવી રીતે થઈ શકે છે. ૫૧

કાલમૃત્યુનું વર્ણન.

तमुवाचभगवानात्रेयः । श्रूयतामग्निवेश ! यथायामसमा[illegible]क्तोऽक्षः[illegible]त्यवाक्ष-गुणैरुपेतःस्यात् । सचसर्व[illegible]णोपपन्नोवाह्यमानोयथाकालंस्वप्रमाणक्षया[illegible]वावसा-नंगच्छेत्तथायुःशरीरोपगतंबलवतःप्रकृत्यायथावदुपचर्य्यमाणंस्वप्रमाणंक्षयादेव-अवसानंगच्छति ॥ ५२ ॥ समृत्युः कालेयथाचसएवाक्षोऽतिभाराधिष्ठितत्वा-द्विषमपथादपथादक्षचक्रभङ्गाद्वाह्यवाहकदोषादनिर्मोक्षात्पर्य्यसनादनुपाङ्गाच्चान्त-राव्यसनमापद्यते ॥ ५३ ॥ तथायुरप्ययथाबलमारम्भादयथाग्न्यभ्यवहरणा[illegible]-षमाभ्यव[illegible]रणा[illegible]न्या[illegible]थुनादसत्संश्रयादुदीर्णवेगविनिग्रहात् । विधार्य्यवेगाविधारणाद्भूतविषवाय्वग्न्युपतापादभिघाताद[illegible]कारविवर्ज-नाच्चान्तराव्यसनमापद्यते । समृत्युरकाले ॥ ५४ ॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ! સાંભળો, જેવી રીતે વાહનવાળા સંપૂર્ણ રથોના ગુણોવાળા તથા અન્ય સંપૂર્ણ ગુણોવાળી ગાડી ચલાવવાથી વખતસર પોતાના પ્રમાણના ક્ષીણ થવાથી નષ્ટ થઇ જાય છે, એ પ્રકારે બળવાન પુરૂષના શરીરમાં પ્રાપ્ત આયુષ્ય યથાવત ઉપયોગ કરવાથી પોતાના પ્રમાણના ક્ષીણ થયા પછી નષ્ટ થાય છે. ૫૨. એ કાલમૃત્યુ કહેવાય છે, અને જેવી રીતે તે ગાડી બહુજ ભાર ભરવાથી, ઉંચાનીચા માર્ગે ચલાવવાથી, માર્ગ સિવાયના રસ્તે ચલાવવાથી, પરડાના ભાગવાથી, વાહન તથા ગાડીવાળાના દોષથી, બરોબર ચલાવ્યાંજ કરવાથી, યોગ્ય સ્થળે ન ઉભી રાખવાથી અને આડાં વિગેરે ન હોવાથી વચમાંજ તુટી જાય છે. ૫૩ એ પ્રકારે બળના પ્રમાણે કાર્ય ન કરવાથી, અગ્નિને અનુસાર ભોજન ન કરવાથી, શરીરને વિષમતા પૂર્વક રાખવાથી, બહુજ મૈથુન કરવાથી, દુર્જનોનો સંસર્ગ કરવાથી, ઉપસ્થિત થયેલા વેગોને રોકવાથી, જે વેગોને રોકવા જોઇએ તેને ન રોકવાથી, ભૂત, વિષ, તથા અગ્નિના તાપની ચોટ લાગવાથી અને ભોજન ન કરવાથી વચમાંજ આયુષ્ય નષ્ટ થઈ જાય છે, તેને અકાલ મૃત્યુ કહે છે. ૫૪

तथाज्वरादीनप्यातङ्कान्मिथ्योपचरितानकालमृत्[illegible]नपश्यामइति ॥ ५५ ॥

જ્વરાદિ રોગોમાં પણ સારી રીતે ચિકિત્સા ન કરવાથી અકાલમૃત્યુ થાય છે. ૫૫

અગ્નિવેશનો પ્રશ્ન.

अथाग्निवेशःपप्रच्छकिन्नुखलुभगवन् ! ज्वरितेभ्यःपानीयमुष्णंभूयिष्ठंप्रयच्छ-न्तिभिषजोनतथाशीतम् । अस्तिचशीतसाध्योधा[illegible]ज्वरकरइति ॥ ५६ ॥

આ ઉપરાંત અગ્નિવેશે પૂછ્યું કે, હે ભગવાન! વૈદ્યલોક ઘણેભાગે જ્વરવાળાઓને ગરમ પાણી આપે છે, પણ ઠંડુ કેમ આપતા નથી? અને શીતસાધ્ય ધાતુથી જ્વર ઉત્પન્ન થાય છે, તે વિપરીતનું શું કારણ છે? ૫૬.

જ્વરમાં ઉષ્ણુજળનું વિધાન.

तमुवाचभगवानात्रेयोज्वरितस्यकायसमुत्थानदेशकालानभिसमीक्ष्यपाचनार्थंपानीयमुष्णंप्रयच्छन्तिभिषजः । ज्वरोह्यामाशयसमुत्थः, प्रायोभेषजानिचामाशयसमुत्थानांविकाराणांपाचनवमनापतर्पणानिशमनानिभवन्तिपाचनार्थश्चपानीयमुष्णंतस्मादेतज्ज्वरितेभ्यःप्रयच्छन्तिभिषजोभूयिष्ठम् ॥ ५७ ॥

અગ્નિવેશનાં વચન સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે શરીર, નિદાન, દેશ તથા કાલને જોઇને વૈદ્યલોક જ્વરવાળાઓને પાચનને માટે ઉષ્ણુ જળ આપે છે. જ્વર આમાશયમાંથી ઉત્પન્ન થાય છે. ઘણેભાગે આમાશયથી ઉત્પન્ન થનારા રોગોને શાન્ત કરવાને માટે પાચન વમન તથા અપતર્પણુ (ઉપવાસ) ઔષધ છે. તેના પાચનને માટે વૈદ્યલોક જ્વરવાળાઓને ઉષ્ણુજળ બહુજ આપે છે. ૫૭.

ગરમ પાણીના ગુણ.

तद्धयेषांपीतंवातमनुलोमयतिअग्निंचोदर्य्यमुदीरयति । क्षिप्रंजरां गच्छतिश्लेष्माणंपरिशोषयतिस्वल्पमपिचपीतंतृष्णाप्रशमनायोपपद्यतेतथायुक्तमपिचतन्नात्यर्थोत्सन्नपित्तेज्वरेसदाहभ्रमप्रलापातिसारेवाप्रदेयमुष्णेनहिदाहभ्रमप्रलापातिसाराभूयोऽभिवर्द्धन्तेशीतेनोपशाम्यन्तीति॥ ५८ ॥

ગરમ જળ વાયુને અધોગામી (નીચે ઉતારવો) કરે છે. જઠરાગ્નિને વધારે છે. જલ્દી પાચન થાય છે. કફને સુકવે છે. અને થોડું પીધેલું જળ તરસને છીપાવે છે. આ પ્રકારનું ગુણવાળું ગરમ પાણી બહુજ વધી ગયેલા પિત્ત જ્વરમાં અથવા બળતરા, મૂર્છા, પ્રલાપ તથા અતિસારવાળા જ્વરમાં આપવું જોઇએ નહિ. કેમકે ગરમ હોવાથી બળતરા, મુર્છા, પ્રલાપ તથા અતિસાર, એ બહુજ વધી જાય છે, અને શીતથી શાંત થઇ જાય છે. ૫૮

भवति चात्र ।

शीतेनोष्णकृतान्रोगान्शमयन्तिभिषग्विदः । येतुशीतकृतारोगास्तेषाश्चोष्णंभिषग्जितम् ॥ ५९ ॥

આમાં આ શ્લોક છે. વૈદલોક ઉષ્ણુતાથી થયેલા રોગોને ઠંડકથી, અને શરદીથી થયેલા રોગોને ઉષ્ણુતાથી શાંત કરે છે. ૫૯

एवमितरषामपिव्याधीनांनिदानविपरीतमौषधंकार्य्यम् ॥ ६० ॥

આ પ્રકારે બીજા રોગોની પણુ હેતુ વિપરીત દવા કરવી જોઇએ. ૬૦

तथ तर्पणनिमित्तानामपिव्याधीनांनान्तरेणपूरणमस्तिशान्तिस्तथापूरणनिमित्तानां नान्तरेणापतर्पणम् ॥ ६१ ॥

આ પ્રકારે અપતર્પણુથી થયેલા રોગોની સંતર્પણુના સિવાય કોઇ ઔષધ નથી અને સંતર્પણુથી થયેલા રોગોના અપતર્પણુના સિવાય કોઇ ઔષધ નથી. ૬૧.

અપતર્પણુના ભેદ.

अपतर्पणमपिचात्रिविधंलंघनंलंघनपाचनंदोषावसेचनञ्चेति । तत्रलंघनमल्पदोषाणाम् । लंघनेनह्यग्निमारुतवृद्धयावातातपपरीतमिवाल्पमुदकमल्पदोषःप्रशोषमापद्यते।६२

અપતર્પણુ ત્રણુ પ્રકારના છે જેવા કે લંઘન, (ઉપવાસ) લંઘનપાચન અને દોષાવસેચન (દોષોનેજ કહાડવા) તેમાંથી થોડા દોષવાળાને લંઘન હિતકર્તા છે જેમકે વાયુ તથા તાપથી થોડું પાણી હોય છે તો તે સુકાઇ જાય છે એ પ્રકારે લંઘનથી વધેલો અગ્નિ તથા વાયુથી સ્વલ્પ દોષ શાંત થઇ જાય છે. ૬૨

લંઘન પાચનના ગુણુ.

लंघनपाचनाभ्यांमध्यबलःसूर्यसन्तापमारुत भ्यांपांशुभस्मावकिरणै रिवचानातव-हूदकंमध्यदोषःप्रशोषमापद्यते ॥ ६३ ॥

લંઘન, પાચન, એ મધ્યબલવાળા, દોષવાળાને હિતકર છે, જેમકે તાપ તથા વાયુથી અને ધુળ નાંખવાથી ઘણુંજ થોડું જળ સુકાઇ જાય છે એ પ્રકારે લંઘન તથા પાચનથી મધ્ય બળવાળાના દોષ સૂકાઇ જાય છે, અર્થાત નષ્ટ થઈ જાય છે. ૬૩

દોષાવસેચનના ગુણુ.

बहुदोषाणां नदोंषावसेचनमेवकार्य्यम्। नह्यभिन्नेकेदारसेतौपल्वलप्रसेकोऽस्ति । तद्वद्दोषावसेचनम् । दो[illegible]नन्तुखलुअन्यद्वाभेषजंप्राप्तकालमप्यातुरस्यनैवं वि-धस्यकुर्य्यात् ॥ ६४ ॥

અને બહુજ દોષવાળાને દોષાવસેચનજ હિતકર છે. જેમકે ખેતરની હદને તોડયા સિવાય નાના ખાડાઓનું જળ સુકાઈ જતું નથી, તે પ્રકારે દોષોને બહાર કહાડયા સિવાય બહુજ વધેલા દોષો શાન્ત થતા નથી. દોષાવસેચન તથા અન્ય ઔષધ વખત હોવા છતાં પણ એવા રોગીને ન કરવું. ૬૪.

અયોગ્ય રોગીનાં લક્ષણુ.

अनपवादप्रतीकारस्याधनस्यापरिचारकस्यवैद्यमानिनश्चण्डस्यासूयकस्यतीव्राध-र्म्मरुचेरतिक्षीणबलमांसशोणितस्यअसाध्यरोगोपहतस्यमु[illegible]र्लिंगान्वितस्यचेति । एवंविधंह्या[illegible]रमुपचरन्भिषक्पापीयसाअयशसायोगंगच्छतीति ॥ ६५ ॥

જેમ અપવાદ વગરના ઉપાય, નિર્ધન, સેવક રહિત, પોતાને વૈદ માનનાર, ક્રોધી, ગુણુમાં પણુ દોષ જોનાર, અધર્મમાં રૂચિવાળો, બહુજ ક્ષીણુ થયેલા માંસ, બળ તથા રૂધિરવાળો, અસાધ્ય રોગવાળો અને મરનાર માણુસના લક્ષણોવાળો એવા રોગીની ચિકિત્સા કરવાથી વૈદ્યને પાપ તથા અપયશ મળે છે. ૬૫

तत्र श्लोकाः ।

अल्पोदकद्रुमोयस्तुप्रवातःप्रचुरातपः । ज्ञेयःसजा[illegible]लोदशःस्वल्परोगतमोऽपिच ६६

તેમાં આ શ્લોક છે. જે દેશમાં જળ તથા વૃક્ષ થોડાં હોય, અને વાયુ તથા તાપની અધિકતા હોય તેને જાંગલ દેશ કહે છે. એવા દેશમાં ઘણાજ થોડા રોગ થાય છે. ૬૬.

प्रचुरोदकवृक्षोयोनिवातोदुर्लभातपः । अरूपोऽबहुदोषश्चसमःसाधा[illegible]णामतः ६७

જે દેશમાં જળ તથા વૃક્ષ અધિક હોય, વાયુ ઓછો વાતો હોય, તાપ બહુજ થોડો પડતો હોય અને પૃથ્વીનો રંગ સારો ન હોય તે દેશને સાધારણુ દેશ કહે છે. તેમાં બહુજ રોગ થાય છે. ૬૭

तदात्वचा. बन्धोवायस्यस्यावशुभंफलम् । कर्म्मणस्तन्नकर्त्तव्यमेतद्बुद्धिमतां-मतम् ॥ ६८ ॥

આવા વખતે તથા અનુબંધમાં જે કાર્યથી અશુભ ફળ મળે તેમ હોય તે ન કરવું જોઇએ એ બુદ્ધિમાનોનો મત છે. ૬૮.

पूर्वरूपाणसामान्या तेव:स्वस्वलक्षणाः । दशोद्धंसस्यभैषज्यंहेतूनांमूलमेवच ६९

દેશોદ્ધ્વંશના પૂર્વરૂપ, લક્ષણુ સહિત સામાન્ય ભેદ, ઔષધ, ચિકિત્સા, હેતુઓનું મૂળ. ૬૯

विकारसमुत्पत्तिरायुषश्चक्षयक्रमः । मरणंप्रतिभूतानांकालाकालविनिश्चयः ॥ ७० ॥ यथाचाकालमरणंयथायुक्तश्चभेषजम् । सिद्धिंयात्यौषधंयेषांनकुर्य्याद्येनहेतुना ॥ ७१ ॥ तदग्निवेशायात्रेयोनिखिलंसर्वमुक्तवान् । देशोद्धंसनिमित्तीयेविमानेमुनिसत्तमः ॥ ७२ ॥

રોગોની પ્રથમ ઉત્પત્તિ, આયુષ્યના ક્ષીણુ થવાનો ક્રમ, પ્રાણિયોનાં કાલ મૃત્યુ, તથા અકાલ મૃત્યુનો નિશ્ચય. ૭૦ જે પ્રકારથી અકાલ મૃત્યુ થાય છે, જે પ્રકારથી ઔષધી આપવાથી સફળતા થાય છે, અને જે કારણુથી જેની ઔષધિ ન કરવી જોઇએ. ૭૧ એ સર્વ વિષય આ જનપદોદ્ધ્વંસનીય નામના અધ્યાયમાં મુનિ સત્તમ ભગવાન્ આત્રેયજીએ અગ્નિવેશને કહ્યું. ૭૨.

इति चरक संहितायां जनपपोद्ध्वंसनीयविमानं समाप्तम् ॥ ३ ॥

ઇતિજનપદોદ્ધ્વંશનીયવિમાન નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ થયો. ॥ ૩ ॥

चतुर्थोऽध्यायः

अथातस्त्रिविधरोगविशेषविज्ञानीयविमानंव्याख्यास्यामः इति हस्माह भगवानात्रेयः॥

હવે અમે ત્રિવિધરોગ વિશેષ વિજ્ઞાતીય વિમાન નામના અધ્યાયનું કથન કરીએ છીએ. આ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

त्रिविधंखलुरोगविशेषज्ञानंभवति । तद्यथा—आप्तोपदेशः प्रत्यक्षमनुमानश्चेति॥१॥

આપ્તોપદેશ પ્રત્યક્ષ-અનુમાન આ ત્રણુ પ્રમાણો દ્વારાજ સંપૂર્ણ રોગોનું વિશેષ જ્ઞાન થાય છે. ૧

ઉપદેશનું લક્ષણુ.

तत्राप्तोपदेशोनामआप्तवचनम् । आप्ताह्यवितर्कस्मृतिविभागविदोनिष्प्रीत्युपतापदर्शिनश्च । तेषामेवंगुणयोगाद्यद्वचनंतत्प्रमाणम् । अप्रमाणंपुनर्मत्तोन्मत्त मूर्खरक्तदुष्टान्तःकरणवचनमिति ॥ २ ॥

તેમાં આપ્તોપદેશ આપ્ત લોકોના વચનને કહે છે. તર્ક રહિત સ્મૃતિયોના વિભાગના જાણનારા અને રાગદ્વેશ રહિત થઇને રોગોને જોનારાને આપ્ત કહેવાય છે. તે લોક આ પ્રકારના ગુણોવાળા હોય છે એ કારણથી તેમનાં વચન પ્રમાણ રૂપ હોય છે. મત્ત, ઉન્મત્ત, મૂર્ખ તથા રાગવાળા પુરૂષોના દૂષિત તથા અદૂષિત વચન પણ અપ્રમાણ રૂપ હોય છે. ૨

પ્રત્યક્ષ અને અનુમાન.

प्रत्यक्षन्तुखलुतद्यत्स्वयमिन्द्रियै[illegible]चोपलभ्यते । अनुमानंखलुतर्कोयुक्त्यपेक्षः

જે ખાસ ઇંદ્રિયો તથા મનવડે જાણવામાં આવે છે તેને પ્રત્યક્ષ કહે છે. યુક્તિ અનુસાર જે તર્ક છે તેને અનુમાન કહે છે. ૩

त्रिवि[illegible]नसमुदयेन [illegible]र्वंपरीक्ष्यरोगंसर्वथासर्वमेवोत्त[illegible]काकमध्यवसानमदोषंभवति ॥ ४ ॥

આ ત્રણ પ્રકારના જ્ઞાન વડે રોગની સર્વ પ્રકારની પરીક્ષા કરીને ભવિષ્યને માટે જે નિશ્ચય કરવામાં આવે છે તે નિર્દોષ હોય છે. ૪

नहिज्ञानावयवेनकृत्स्नेज्ञेयेज्ञानमुत्पद्यते । त्रिविधेत्वस्मिन्ज्ञानसमुदाये [illegible]र्वमाप्तोपदेशाज्ज्ञानंततःप्रत्यक्षानुमानाभ्यांपरीक्षोपपद्यते । किंह्यनुपदिष्टपूर्वंप्रत्यक्षानुमानाभ्यांपरीक्ष्यमाणोविद्यात् । तस्माद्द्विविधापरीक्षाज्ञानवतांप्रत्यक्षमनुमानञ्चेति । त्रिविधावासहोपदेशेन । तत्रेदमुपदिशन्तिबुद्धिमन्तोरोगमेकैकमे[illegible]प्रकोपमेवंयोनिमेवा[illegible]थानमेवंशब्द[illegible]सगन्धमेवमुपद्रवमेवंवृद्धिस्थानक्षयसमन्वितमेवमुदर्कमेवं[illegible]वंयोगंविद्यात् । तस्मिन्नियंप्रतीकारप्रवृत्तिरथवानिवृत्तिरित्युपदेशाज्ज्ञायते ॥ ५ ॥

આ ત્રણ પ્રકારના જ્ઞાનોમાંથી એકજવડે સંપૂર્ણ જાણવા યોગ્ય વસ્તુઓનું જ્ઞાન થતું નથી. આ ત્રણે પ્રકારના જ્ઞાનોમાંથી પ્રથમ આપ્તોપદેશદ્વારાજ જ્ઞાન થાય છે. પછી પ્રત્યક્ષ તથા અનુમાનવડે પરીક્ષા કરવામાં આવે છે, કેમકે પ્રથમ ઉપદેશ સિવાય પ્રત્યક્ષ તથા અનુમાનદ્વારા પરીક્ષા કરવાથી શું જાણી શકાય? એથી ઉપદેશદ્વારા જ્ઞાન થવા ઉપરાંત પ્રત્યક્ષ તથા અનુમાન એ પ્રકારથી પરીક્ષા થાય છે, અથવા આપ્તોપદેશ, પ્રત્યક્ષ તથા અનુમાન આ ત્રણ પ્રકારની પરીક્ષા થાય છે. દરેક રોગમાં બુદ્ધિમાન લોક આ પ્રકારથી ઉપદેશ કરે છે જેમકે, આ રોગ આ દોષથી થયો છે, આ તેનું કારણ છે, આ તેનું સ્વરૂપ છે, આ તેનું સ્થાન છે. આ પ્રકારની તેમાં પીડા થાય છે. આ પ્રકારના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આમાં હોય છે, આ પ્રકારના ઉપદ્રવ તેમાં થાય છે, આ પ્રકારની વૃદ્ધિ, સમતા તથા ક્ષય તેમાં થાય છે, આ પ્રકારનું પરીણામ તેમાં થાય છે અને આ તેનું નામ છે. આ પ્રકારે રોગોને જાણવા. પછી ઉપદેશથી એ જાણી શકાય છે કે એવા સ્થાનમાં ચિકિત્સા કરવી જોઇએ અને એવા સ્થાનમાં ન કરવી જોઇએ. ૫.

પ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ.

प्रत्यक्षतस्तु खलु रोगतत्त्वं बुभुत्सुः सर्वैरिन्द्रियैः सर्वानिन्द्रियार्थानातुरशरीरगतान्परीक्षेतान्यत्र रसज्ञानात् । तद्यथा, अन्त्रकूजनं सन्धिस्फोटनमङ्गुलीपर्वणां च स्वरविशेषांश्च ये चान्येऽपि केचिच्छरीरोपगताः शब्दाः स्युस्तान् श्रोत्रेण परीक्षेत । वर्णसंस्थानप्रमाणच्छायाशरीरप्रकृतिविकारौ चक्षुर्वैषयिकाणि चान्यानि क्कानि च तानि चक्षुषा परीक्षेत ॥ ६ ॥

પ્રત્યક્ષ રીતે રોગના તત્વને જાણવાની ઇચ્છા કરનાર વૈદ્યે પોતાની સંપૂર્ણ ઇન્દ્રિયોથી રોગીના શરીરના રસ સિવાય સંપૂર્ણ વિષયોની પરીક્ષા કરવી જોઇએ. જેમકે આંતરડાંના શબ્દ, આંગળીઓના વેઢાઓના સાંધાઓનું ચટકવું, સ્વરભેદ, તથા બીજા જે કાંઇ શરીરમાં શબ્દ થતા હોય, તેની કાનથી પરીક્ષા કરવી. વર્ણ સંસ્થાન, (આકૃતિ) પ્રમાણ, છાયા શરીરની પ્રકૃતિ તથા અન્ય જોવા યોગ્ય વિષયોની આંખવડે પરીક્ષા કરવી. ૬.

અનુમાન જ્ઞાનનું લક્ષણ.

रसन्तु खलु आतुरशरीरगतमिन्द्रियवैषयिकमप्यनुमानादवगच्छेत् । नह्यस्य प्रत्यक्षेण ग्रहणमुपपद्यते । तस्मादातुरपरिप्रश्नेनैवातुरमुखरसं विद्यात् । यूकापसर्पणेन त्वस्य शरीरवैरस्यं मक्षिकोपसर्पणेन शरीरमाधुर्यम् । लोहितपित्तसन्देहे तु किन्धारिलोहितं लोहितपित्तं वेति श्वकाकभक्षणाद्धारिलोहितमभक्षणाल्लोहितपित्तमित्यनुमातव्यम् एवमन्यानप्यातुरशरीरगतान् रसाननुमिमीत । गन्धांस्तु खलु सर्वशरीरगतानातुरस्य प्रकृतिवैकारिकान्घ्राणेन परीक्षेत स्पर्शं च पाणिना प्रकृतियुक्तमिति प्रत्यक्षतोऽनुमानैकदेशतश्च परीक्षणमुक्तम् ॥ ७ ॥

રોગીના શરીરના રસ જોકે રસના ઇન્દ્રિય (જીભ) વડે જાણી શકાય છે તથાપિ તેને અનુમાનથીજ જાણવા કેમકે તેને પ્રત્યક્ષ રીતે જાણવા એ યોગ્ય નથી. એથી રોગીને પૂછીને, રોગીના મુખને રસ જાણવો, જેમકે, પડવાથી શરીરની વિરસતા જાણવી, માખીઓના બેસવાથી શરીરની મધુરતા જાણવી, લોહી વિકારરહિત છે કે રકતપિત્તવાળું છે આ બાબતના સંદેહ માટે કુતરાં તથા કૌઆને તે રૂધિર પીવા આપવું, જ્યારે તે તેને પીવે તો શુદ્ધ લોહિ જાણવું જોઇએ અને ન પીવે તો રકતપિત્તવાળું જાણવું જોઇએ. આ પ્રકારે રોગીના શરીરના અન્ય રસોનું પણ અનુમાન કરવું. રોગીના સંપૂર્ણ શરીરની સ્વાભાવિક તથા વિકારવાળા ગંધને પોતાની ઘ્રાણેન્દ્રિય (નાક) દ્વારા જાણવા અને સ્વાભાવિક તથા વિકારવાળા સ્પર્શને હાથથી જાણવા, આ પ્રકારે પ્રત્યક્ષથી તથા કાંઇક અનુમાનથી પરીક્ષા કરવી તે વાત કહી. ૭.

અન્ય અનુમાનજ્ઞેય ભાવોનું વર્ણન.

इमे तु खलु अन्येऽप्येवमेव भूयोऽनुमानज्ञेया भवन्ति भावाः । तद्यथा—अग्निं जरणशक्त्या, बलं व्यायामशक्त्या, श्रोत्रादीञ्छब्दादिग्रहणेन, मनोऽर्थाव्यभिचारेण, वि-

नंव्यवसायेन, रजः सङ्गेन, मोहमविज्ञानेन, क्रोधमभिद्रोहेण, शोकं दैन्येन, हर्षमामोदेन, प्रीतिं तोषेण, भयंविषादेन, धैर्य्यमविषादेन, वीर्य्यमुत्साहेन, स्थानमविभ्रमेण, श्रद्धामभिप्रायेण, मेधां ग्रहणेन, सञ्ज्ञांनामग्रहणेन, स्मृतिं स्मरणेन, ह्रियमपत्रपेण, शीलमनुशीलनेन, द्वेषंप्रतिषेधेन, उपाधिमनुबन्धेन, धृतिमलौल्येन, वश्यतांविधेयतया, वयोभक्तिसात्म्यव्याधिसमुत्थानानिकालदेशोपशयवेदनाविशेषेण गूढलिङ्गंव्याधिमुपशयानुपशयाभ्यांदोषप्रमाणविशेषमपचारविशेषेणआयुषःक्षयमरिष्टैरुपस्थितश्रेयस्त्वंकल्याणाभिनिवेशेनअमलंसत्त्वमविकारेणेति । ग्रहण्यास्तुमृदुदारुणत्वंदुःस्वप्नदर्शनमभिप्रायंद्विष्टेष्टसुखदुःखानि चातुरपरिप्रश्नेनैवविद्यादिति ॥ ८ ॥

એજ પ્રકારે નિચેની વાતો પણ અનુમાનથીજ જાણવી જોઇએ જેમકે જઠરાગ્નિની પરિપાક શક્તિથી, બળની વ્યાયામ શક્તિથી, કાન વિગેરે ઇન્દ્રિયોની શબ્દાદિના ગ્રહણ કરવાથી, મનની અર્થના અનુસંધાનથી, વિજ્ઞાનની પ્રવૃત્તિથી, રજોગુણની સંગથી, મોહની અવિજ્ઞાનથી, ક્રોધની દ્રોહથી, શોકની દીનતાથી, હર્ષની પ્રસન્નતાથી, પ્રીતિની સંતોષથી, ભયની વિષાદથી, ધૈર્યની અવિષાદથી, વીર્યની ઉત્સાહથી, સ્થિરતાની ભ્રમ ન થવાથી, શ્રદ્ધાની અભિપ્રાયથી, બુદ્ધિની ધારણાશકિતથી, સંજ્ઞાની નામ પોકારવાથી, સ્મૃતિની સ્મરણથી, લજ્જાની લજ્જિત થવાથી, શીલની અભ્યાસથી, દ્વેષની નિષેધથી, ઉપાધિની અનુબંધ (દોષોને ઉત્પન્ન કરવા)થી, ધૈર્યની અચંચલતાથી, વશ્યતાની આધિનતાથી, અવસ્થા, ભક્તિ, સાત્મ્ય તથા રોગોના નિદાનોની કાલ, દેશ, હિતકારી અહારવિહાર તથા પીડાની વિશેષતાથી, છુપાયેલ લક્ષણવાળાની રોગના ઉપશય તથા અનુપશયથી, દોષના પ્રમાણ વિશેષના અપચાર (પરેજી ન પાળવી) ની વિશેષતાથી, આયુષ્યની ક્ષીણતાની અરિષ્ટોથી, થવાના શુભની કલ્યાણકારી વાતોમાં પ્રવૃત્ત થવાથી, અનાલસ્યની અવિકારથી અને ગ્રહણીની કોમળતા તથા કઠિનતા, દુઃસ્વપ્ન જોવાં, ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુ, સુખ, દુઃખ, આ સર્વ રોગીને પૂછીને જાણવાં જોઇએ. ૮

आप्ततश्चोपदेशेनप्रत्यक्षकरणेनच । अनुमानेनचव्याधीन्सम्यग्विद्याद्विचक्षणः ९

આમાં આ શ્લોક છે કે, ચતુર વૈદ્યે આપ્તોના ઉપદેશ, પ્રત્યક્ષ તથા અનુમાનવડે રોગોને સારી રીતે ઓળખવા. ૯.

सर्वथासर्वमालोच्ययथासम्भवमर्थवित् । अथाध्यवस्येत्तत्त्वेचकार्य्येचतदनन्तरम्

અર્થને જાણનારા વૈદ્યે યથાસંભવ સર્વ વાતોનો વિચાર કરીને તે પછી તત્વ તથા કાર્યનો નિશ્ચય કરવો. ૧૦.

कार्य्यतत्त्वविशेषज्ञःप्रतिपत्तौनमुह्यति । अमूढःफलमाप्नोतियदमोहनिमित्तजम् ११

કાર્ય તથા તત્વના વિશેષને જાણનારાઓ જ્ઞાનમાં મોહ ધરતા નથી અને મોહ રહિત પુરૂષને યથાર્થ ફળ પ્રાપ્ત થાય છે. ૧૧

ज्ञानबुद्धिप्रदीपेन योनाविशति तत्त्ववित् । आतुरस्यान्तरात्मानं न स रोगांश्चिकित्सति ॥ १२ ॥

તત્વને જાણનાર જે વૈદ્ય જ્ઞાનયુકત બુદ્ધિરૂપ દીપકથી રોગીના શરીરમાં પ્રવેશ કરી શકતા નથી તે રોગોની ચિકિત્સા કરી શકતા નથી. ૧૨.

सर्वरोगविशेषाणां त्रिविधं ज्ञानसंग्रहम् । यथा चोपदिशन्त्याप्ताः प्रत्यक्षं गृह्यते यथा ॥ १३ ॥ ये यथा चानुमानेन ज्ञेयास्तांश्चाप्युदारधीः । भावांस्त्रिरोगविज्ञाने विमाने निरुक्तवान् ॥ १४ ॥

સંપૂર્ણ રોગોને માટે ત્રણ પ્રકારનું જ્ઞાન, જે પ્રકારથી આપ્તલોક ઉપદેશ કરે છે, અને જે પ્રકારથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. ૧૩. જે વાતો જે પ્રકારે અનુમાનથી જાણવી જોઇએ, એ સર્વ વિષય આત્રિવિધરોગવિજ્ઞાની નામના અધ્યાયમાં મહાબુદ્ધિમાન્ ભગવાન્ આત્રેયજીએ કહ્યો છે. ૧૪.

इतिश्रीमच्चरकसंहितायां त्रिविधरोगविशेषविज्ञानीयं नामचतुर्थोऽध्यायः ॥ ४ ॥

ઇતિ શ્રી ચરક સંહિતાને ત્રિવિધરોગવિશેષવિજ્ઞાનીયં નામનો ચતુર્થોધ્યાય સંપૂર્ણ થયો. ૪.

पंचमोऽध्यायः ।

अथातः स्रोतोविमानंनामाध्यायं व्याख्यास्याम इति ह स्माह भगवानात्रेयः ।

હવે અમે સ્રોતો વિમાન નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

यावन्तः पुरुषे मूर्त्तिमन्तो भावविशेषास्तावन्त एवास्मिन्स्रोतसां प्रकारविशेषाः, सर्वे भावा हि पुरुषे नान्तरेण स्रोतांस्यभिनिवर्तन्ते क्षयं वाप्यभिगच्छन्ति । स्रोतांसि खलु परिणाममापद्यमानानां धातूनामभिवाहीनि भवन्ति अयनार्थेनापि चैके महर्षयः स्रोतसामेव समुदयं पुरुषमिच्छन्ति सर्वगतत्वात् सर्वसरत्वाच्च दोषप्रकोपणप्रशमनानां नत्वेतदेवं यस्य स हि पुरुषः स्रोतांसि यच्च वहन्ति यच्चावहन्ति यत्र चावस्थितानि सर्वं तदन्यत्तेभ्यः

પુરૂષમાં જેટલા મૂર્તિમાન પદાર્થ છે એટલાજ પ્રકારની સ્રોત (શીરા—નાડીઓ) પણ છે. પુરૂષમાં એવો કોઈ પદાર્થ નથી કે જે નાડી વિના ઉત્પન્ન થઈ શકે, યા ક્ષીણ થઈ શકે. નસો બદલાતી ધાતુઓનું વહન કરે છે અને માર્ગ થાય છે. કોઇ કોઇ આચાર્ય નસોનું સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત હોવાથી અને સર્વગામી હોવાથી પુરૂષને સ્રોતો (નાડીઓ—નસો) ના સમૂહરૂપ કહે છે. પરંતુ એ બરોબર નથી કેમકે જેની તે શિરાઓ છે, જેને તે લઇને ચાલે છે, જ્યાં સ્થિત છે, તે સર્વ તેનાથી જુદાં છે. ૧.

अतिब. त्वा. तुल्यत्वं कचिदपरिसंख्येयानिआचक्षतेस्रोतांसि, परिसंख्येयानिपुन-रन्ये, तेषांस्रोतसांयथास्थानंकतिचित्प्रकारा-मूलतश्चप्रकोपविज्ञानतश्च. व्याख्या-स्यामः। येभविष्यन्त्यलम. कार्थज्ञानवतेविज्ञानायचाज्ञानाय, तद्यथा, प्राणोदका-न्नरसरुधिरमांसमेदोऽस्थिमज्जाशुक्रमूत्रपुरीषस्वेद [illegible] पित्तश्लेष्मणांपुनःस-र्वशरीरचराणांसर्वस्रोतांसिअयनभूतानि ॥ २ ॥

कोइ कोइ आचार्य स्रोतो बहु होवाथी तेने असंख्य कहे छे, अने कोई कोइ सं-ख्याने योग्य कहे छे. आ स्रोताना मूळ तथा विकार सहित कांइक प्रकारनुं व्याख्यान करीए छीए. जेथी अनुक्त अर्थ, ज्ञानवानना ज्ञान तथा अज्ञानने लीधे जेम समर्थ थइने प्राण, जळ, अन्न, रस, रुधिर, मांस, मेद, हाडकां, मज्जा, वीर्य, मळ मूत्र तथा स्वेद एओनुं वहन करनार थाय छे, अने संपूर्ण शरीरमां विचरण करनारा वात, पित्त तथा कफना मार्गरूप थाय छे. २.

तद्वदतीन्द्रियाणांपुनःसत्त्वादीनां केवलंचेतनावच्छरीरमयनभूतमधिष्ठानभूतञ्च, तदेत-त्स्रोतसांप्रकृतिभूतत्वान्नविकारैरुपसृज्यते शरीरम्। तत्रप्राणवहानांस्रोत-सांहृदयंमूलंमहास्रोतश्च, प्रदुष्टानामिदंविशेषज्ञानंभवति, अतिसृष्टकुपितंसमतिब-द्धमल्पाल्पमभीक्ष्णंवासशब्दशूलमुच्छ्वसन्तंदृष्ट्वाप्राणवहान्यस्यस्रोतांसिप्रदुष्टानीति विद्यात् ॥ ३ ॥

ए प्रकारे चेतन युक्त शरीर इंद्रियोना अगोचर सत्वादि पदार्थोना मार्ग रूप तथा स्थान रूप छे. स्रोतोना दूषित न थवाथी शरीरमां कोइ विकार थतो नथी. प्राणनुं वहन करनार स्रोतोनुं हृदय तथा महाशिरा मूळ छे. आ शिराओना दूषित थवानां आ लक्षण छे. जेमके जेने रोकाइ रोकाइने बहुज श्वास नीकळे अथवा वारंवार थोडो थोडो शूळ सहित, शब्द सहित श्वास नीकळे छे. तेने जोइने ए जाणवुं जोइए के प्राणने वहन करनार शिरा (श्वास नळिका) दूषित छे. ३.

दूषित उदकवाही स्रोतनां लक्षण.

उदकवहानांस्रोतसांतालुमूलंक्लोमच प्रदुष्टानामिदंविज्ञानं, तद्यथाजिह्वाताल्वोष्ठ-कण्ठक्लोमशोषंपिपासाञ्चातिप्रवृद्धांदृष्ट्वोदकवहान्यस्यस्रोतांसिप्रदुष्टानीतिविद्यात्॥४

जळने वहन करनार शिरानुं ताळुं तथा फेफसां ए मूळ छे. तेना दूषित थवानां आ लक्षण छे. जेमके जीभ, ताळवुं, होठ, कंठ, तथा, फेफसांनुं सुकावुं अने बहुज तरस लागवी. आ लक्षणोने जोइने जाणवुं के जळनुं वहन करनार शिरा दूषित छे. ४.

दूषित अन्नवाही शिरानुं लक्षण.

अन्नवहानांस्रोतसामामाशयोमूलंवामञ्चपार्श्वम्, प्रदुष्टानान्तु खल्वेषामिदंविशे-षविज्ञानंभवति, तद्यथाअनन्नाभिलषणमरोचकाविपाकौछर्दिंञ्चदृष्ट्वाअन्नवहानि-स्रोतांसिप्रदुष्टानीतिविद्यात् ॥ ५ ॥

અન્નનું વહન કરનાર શિરાનું આમાશય તથા ડાબું પાસું એ મૂળ છે, તેના દૂષિત થવાનાં આ લક્ષણ છે. જેમકે અન્નની અનિચ્છા, અરૂચિ, અવિપાક તથા ઉલટી આ લક્ષણોને જોઇને જાણવું જોઇએ કે અન્નનું વહન કરનાર શિરા દૂષિત થઇ છે. ૫.

રસાદિનું વહન કરનાર શિરાઓનાં લક્ષણ.

रसवहानांस्रोतसांहृदयं मूलंदशचधमन्यः शोणितवहानांस्रोतसांयकृत् मूलंप्लीहा-च, मांसवहानाञ्चस्रोतसांस्नायुमूलंत्वक्च, मज्जावहानांस्रोतसामस्थीनि मूलंस-न्धयश्च, शुक्रवहानांस्रोतसांवृषणौ मूलंशेफश्च । प्रदुष्टानान्तुरसादिस्रोतसांखलु-एषांविज्ञानान्युक्तानिविविधाशितीयेअध्यायेयान्येवहिधातूनांप्रदोषविज्ञानानितान्येवयथास्वंधातुस्रोतसाम् ॥ ६ ॥

રસનું વહન કરનાર શિરાનું હૃદય તથા દશ નાડી એ મૂળ છે. લોહિનું વહન કરનાર શિરાનું યકૃત (કલેજું) તથા પ્લીહા (બરોળ) એ મૂળ છે. માંસનું વહન કરનાર શિરાનું સ્નાયુ તથા ત્વચા મૂળ છે. મજ્જાનું વહન કરનાર શિરાનું અસ્થિ (હાડકાં) તથા જે ઘટ એ મૂળ છે. વીર્યનું વહન કરનાર શિરાનું અંડકોશ તથા લિંગ મૂળ છે. રસાદિનું વહન કરનાર શિરાને દૂષિત થવાનાં લક્ષણ વિવિધાશિતપિત્તીય નામના અધ્યાયમાં કહેલાં છે. કેમકે જે લક્ષણ ધાતુઓના દુષિત હોવાનાં છે તેજ તેનાં તેની શિરાઓના દુષિત હોવાનાં પણ છે ૬.

મૂત્રવાહી શીરાનું લક્ષણ.

मूत्रवहाणांस्रोतसांबस्तिर्मूलंवंक्षणौच, खल्वेषामिदंप्रदुष्टानां विज्ञानमतिसृष्टंप्रति-बद्धंकुपितमल्पाल्पमभीक्ष्णंवासशूलंमूत्रं मूत्रवन्तंदृष्ट्वामूत्रवहाण्यस्यस्रोतांसिप्रदु-ष्टानीतिविद्यात् ॥ ७ ॥

મૂત્રનું વહન કરનાર શિરાનું બસ્તિ તથા વંક્ષણ મૂળ છે. તેના કોપિત થવાનાં આ લક્ષણ છે. જેવાં કે રોકાઈ રોકાઇને બહુજ મૂત્ર આવવું અથવા વારંવાર થોડી પીડા સહિત મૂત્ર થવું આ લક્ષણોને જોઇને જાણવું જોઈએ કે મૂત્રનું વહન કરનાર શિરા કોપિત થઇ છે. ૭

પુરીષ (મળ) નું વહન કરનાર શીરાનું લક્ષણ.

पुरीषवहाणांस्रोतसांपक्वाशयोमूलंस्थूलगुदश्च, प्रदुष्टानांखलु एषामिदंविज्ञानं, कृच्छ्रेणअल्पाल्पंसशूलमतिद्रवंकुपितमतिबद्धंचोपविशन्तंदृष्ट्वापुरीषवहाण्यस्यस्रो-तांसिप्रदुष्टानीतिविद्यात् ॥ ८ ॥

પુરીષ (મળ) નું વહન કરનાર શિરાનું પકવાશય તથા સ્થૂળ ગુદા એ મૂળ છે તેના દૂષિત થવાનાં આ લક્ષણ છે, કઠિનતાથી, થોડી થોડી પીડા સહિત, બહુજ પાતળો મળ નીકળે અથવા બંધાયેલો મળ બહુજ રોકાઇ રોકાઇને નીકળે. આ લક્ષણોને જોઇને જાણવું જોઇએ કે પુરીષ (મળ)વાહીની શિરા દૂષિત થઇ છે. ૮

સ્વેદવાહી શિરાનાં લક્ષણ.

स्वेदवहानांस्रोतसांमेदोमूलंरोमकूपाश्च प्रदुष्टानांखल्वेषामिदंविज्ञानमस्वेदनमति-स्वेदनंपारुष्यमतिश्लक्ष्णतांगस्यपरिदाहंलोमहर्षश्चदृष्ट्वा स्वेदवहान्यस्यस्रोतांसिप्रदुष्टानीतिविद्यात् ॥ ९ ॥

સ્વેદ (પરસેવા) નું વહન કરનાર શિરાનું મૂળ મેદ (ચરબી) છે. તેના દૂષિત થવાથી આ લક્ષણ થાય છે, જેમ કે, પરસેવો ન નીકળવો અથવા બહુજ સ્વેદ નીકળવો, ચામડીનું ખરસટપણું, ચામડીનું બહુજ ચીકણું થવું, દાહ તથા રોમાંચ થવાં આ લક્ષણોને જોઇને જાણવું જોઇએ કે પરસેવાનું વહન કરનાર શિરા દૂષિત થઇ છે. ૯

શરીર ધાત્વવકાશોનાં નામ.

स्रोतांसिशिराधमन्योरसवाहिन्योनाड्यःपन्थानोमार्गाःशरीरच्छिद्राणिसंवृतासं-वृतानिस्थानानिआशयाःआलयाःनिकेताश्चेतिशरीरधात्ववकाशानांलक्ष्यालक्ष्या-णांनामानि ॥ १० ॥

સ્રોત, શિરા, ધમની, રસવાહિની નાડી, પંથા, માર્ગ, શરીર, છિદ્ર, સંવૃતસ્થાન, અસંવૃત-સ્થાન, આશય, આલય તથા નિકેતન આ શરીરની ધાતુઓનાં લક્ષ્ય તથા અલક્ષ્ય અવકાશોનાં નામ છે. ૧૦

तेषांप्रकोपात्स्थानस्थाश्चैवमार्गगाश्चैवशरीरधातवःप्रकोपमापद्यन्ते ॥ ११ ॥

તેના કોપિત થવાથી પોતપોતાના સ્થાનોમાં સ્થિત તથા માર્ગમાં પ્રાપ્ત શરીરની ધાતુ કોપિત થાય છે. ૧૧

इतरेषांवाप्रकोपादितराणि ॥ १२ ॥ स्रोतांसिस्रोतांस्येवधातवश्चधातून्प्रदूषयन्ति ॥ १३ ॥ प्रदुष्टास्त्वेषांसर्वेषामेववातपित्तश्लेष्माणोदुष्टादूषयितारोभवन्तिदोष-स्वभावादिति ॥ १४ ॥

થોડી સ્રોતોના કોપિત થવાથી, તેના સંસર્ગથી બીજી સ્રોતો પણ કોપિત થાય છે. અને થોડીક ધાતુઓના દૂષિત થવાથી બીજી ધાતુ પણ દૂષિત થાય છે. પરંતુ દુષિત થએલા વાત, પિત્ત, કફ આ સર્વને દૂષિત કરે છે, કેમકે તેનો એજ સ્વભાવ છે. ૧૨–૧૩–૧૪.

પ્રાણવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

भवति चात्र ।

क्षयात्सन्धारणाद्रौक्ष्याद्व्यायामात्क्षुधितस्यच । प्राणवाहीनिदुष्यन्तिस्रोतांस्य-न्यैश्चदारुणैः ॥ १५ ॥

આમાં આ શ્લોક છે. ક્ષય વેગોને રોકવા, રૂક્ષતા, ભૂખે પેટે કસરત કરવી, તથા અન્ય દારૂણ કર્મ કરતાં, આ કર્મોથી પ્રાણને લઈ જનાર સ્રોત કોપિત થાય છે. ૧૫

ઉદકવાહી સ્રોતોનાં દુષિત થવાનાં કારણ.

औष्ण्यादामाद्भयात्पानादतिशुष्कान्नसेवनात् । अम्बुवाहीनिदुष्यन्तितृष्णायाश्चा-तिपीडनात् ॥ १६ ॥

ગરમી, આમ દોષ, બીક, બહુ પાણી વિગેરે પીવું, બહુજ વાસી અન્ન ખાવું, અને તરસને રોકવી આ કારણોથી જળને લઇ જનાર સ્રોત કોપિત થાય છે. ૧૬

અન્નવાહી સ્રોતોનું દૂષિત થવાનું કારણ.

अतिमात्रस्यचाकालेचाहितस्यचभोजनात् । अन्नवाहीनिदुष्यन्तिवैगुण्यात्पावकस्यच ॥ १७ ॥

અકાળે બહુજ ખાવાથી, અહિત ભોજનથી તથા અગ્નિના દૂષિત થવાથી અન્નનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૧૭

રસવાહી સ્રોતોનાં દુષિત થવાનાં કારણ.

गुरुशीतमतिस्निग्धमातिमात्रानिषेवणात् । रसवाहीनिदुष्यन्तिचिन्त्यानाञ्चातिचिन्तनात् ॥ १८ ॥

ભારે, સ્નિગ્ધ, તથા ઠંડી વસ્તુઓના બહુજ સેવનથી અને બહુજ ચિંતા કરવાથી રસનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૧૮

રક્તવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

विदाहीन्यन्नपानानिस्निग्धोष्णानिद्रवाणिच । रक्तवाहीनिदुष्यन्तिभजताञ्चातपानलौ ॥ १९ ॥

વિદાહી, સ્નિગ્ધ, ગરમ તથા દ્રવ અન્નપાનના સેવનથી અને તાપ તથા અગ્નિના સેવનથી લોહિનું વહન કરનાર સ્રોત દુષિત થાય છે. ૧૯

માંસવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

अभिष्यन्दीनिभोज्यानिस्थूलानिचगुरूणिच । मांसवाहीनिदुष्यन्तिभुक्त्वाचस्वपतोदिवा ॥ २० ॥

અભિષ્યન્દકારી, સ્થુલ, તથા ભારે વસ્તુઓના ભોજનથી અને દિવસે ભોજન કરીને સુવાથી માંસનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૨૦

મેદાવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

अव्यायामाद्दिवास्वप्नान्मेध्यानाञ्चातिभक्षणात् । मेदोवाहीनिदुष्यन्तिवारुण्याश्चातिसेवनात् ॥ २१ ॥

વ્યાયામ ન કરવાથી, દિવસે સુવાથી, ચિકણા પદાર્થો અધિક ખાવાથી અને મદ્યને અધિક પીવાથી, મેદનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૨૧

અસ્થિવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

व्यायामादतिसंक्षोभादस्थ्नामति भक्षणात् । अस्थिवाहीनिदुष्यन्तिवातलानाञ्चसेवनात् ॥ २२ ॥

વ્યાયામથી, બહુજ ક્ષોભથી, બહુ હાડકાં ખાવાથી, અને બહુ બાદી વસ્તુઓના ખાવાથી, હાડકાંનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૨૨

મજ્જાવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

**उत्पेषादत्यभिष्यन्दादभिघातात् प्रपीडना । मज्जावाहीनिदुष्यन्ति विरुद्धाना-
प्रसेवनात् ॥ २३ ॥**

ઉત્પેષણ (દબાવાથી) થી, બહુજ અભિષ્યંદી વસ્તુના ખાવાથી, વાગવાથી, દબાઈ જવાથી અને વિરૂદ્ધ વસ્તુઓના ખાવાથી મજ્જાનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૨૩

શુક્રવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

**अकालायोनिगमनान्निग्रहादतिमैथुनात् । शुक्रवाहीणिदुष्यन्ति स्त्रक्षाराग्निभि-
स्तथा ॥ २४ ॥**

અયોગ્ય સમયે મૈથુન કરવાથી, અયોગ્ય યોનિમાં ગમન કરવાથી, વીર્યના રોકવાથી, બહુજ મૈથુન કરવાથી, અને સ્ત્રી, ક્ષાર તથા અગ્નિના સેવનથી વીર્યનું વહન કરનાર સ્રોત દૂષિત થાય છે. ૨૪

મુત્રવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

मूत्रितोदकभक्षस्त्रीसेवनान्मूत्रनिग्रहात् । मूत्रवाहीणिदुष्यन्तिक्षीणस्याथकृशस्यच.

પેશાબ કરીને પાણી પીવાથી, ભોજન તથા સ્ત્રી પ્રસંગ કરવાથી, મૂત્રને રોકવાથી, ક્ષીણતાથી તથા કૃશતાથી મૂત્રનું વહન કરનાર શિરા દોષિત થાય છે. ૨૫

મળ વાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

**विधारणादत्यशनादजीर्णाध्यशनात्तथा । वर्चोवहीनिदुष्यन्तिदुर्बलाग्नेःकृश-
स्यच ॥ २६ ॥**

મળને રોકવાથી, બહુજ ભોજન કરવાથી, અજીર્ણમાં ભોજન કરવાથી, જમ્યા ઉપર જમવાથી, મંદાગ્નિથી તથા કૃશતાથી મળનું વહન કરનાર નસો દૂષિત થાય છે. ૨૬

સ્વેદવાહી સ્રોતોના દુષિત થવાનાં કારણ.

**व्यायामादतिसंतापाच्छीतोष्णाक्रमसेवनात् । स्वेदवाहीनिदुष्यन्तिक्रोधशोकभयै-
स्तथा ॥ २७ ॥**

કસરતથી, બહુજ સંતાપથી, તથા ગરમીનું અયોગ્ય રીતે સેવન કરવાથી, ક્રોધથી, શોકથી, તથા ભયથી, સ્વેદનું વહન કરનાર સ્રોત દુષિત થાય છે. ૨૭

બીજાં કારણ.

आहारश्चविहारश्चयःस्याद्दोषगुणैःसमः । धातुभिर्विगुणश्चापिस्रोतसांसमदूषकः २८

જે અહાર, વિહાર, વાત, પિત્ત, કફ ને સામ્ય ગુણકારી છે તે સ્રોતોને દૂષિત કરે છે. જે અહાર વિહાર ધાતુઓને અસમાન ગુણ કરનાર છે તે પણ સ્રોતોને દૂષિત કરે છે. ૨૮

अतिप्रवृत्तिः सङ्गोवासिराणांग्रन्थयोऽपिवा । विमार्गगमनंवापिस्रोतसांदुष्टलक्षणम्

મળાદિકોનું બહુજ નીકળવું, અથવા ન નીકળવું, નાડીયોમાં ગ્રંથિનું પડી જવું અને રસાદિકોનું પોતાના માર્ગને અનુસાર ન હોવું એ સ્રોતોના દુષિત થવાનાં લક્ષણ છે. ૨૯.

સ્રોતોની આકૃતિ.

स्वधातुसमवर्णानिवृत्तस्थूलान्यणूनि च। स्रोतांसि दीर्घाण्याकृत्याप्रतानसदृशानि च ३०

સંપૂર્ણ સ્રોતોનો વર્ણ પોત પોતાની ધાતુના વર્ણના સરખો હોય છે. સ્રોત ગોળ હોય છે, સ્થુલ અથવા સૂક્ષ્મ હોય છે, દીર્ઘ હોય છે અને આકૃતિમાં લતાના જેવી હોયછે. ૩૦

દુષિત સ્રોતોની ચિકિત્સાનું વિધાન.

प्राणोदकान्नवाहानांदुष्टानांश्वासिकीक्रिया। कार्य्यातृष्णोपशमनीतथैवामप्रदोषिकी ३१

પ્રાણ, જળ તથા અન્નનું વહન કરનાર સ્રોતોના દુષિત થવાથી ક્રમથી શ્વાસ, તૃષા તથા આમ દોષની શાંતિ કરનાર ચિકિત્સા કરવી જોઇએ. ૩૧.

विविधाशितपीतीयेरसादीनांयदौषधम्। दूषितस्रोतसांकुर्य्यात्तद्यथास्वमुपक्रमम् ३२

વિવિધ શિતપીતીય અધ્યાયમાં રસાદિ ધાતુઓનું જે ઔષધ કહ્યું છે તે રસાદિ ધાતુઓનું વહન કરનાર સ્રોતોનું પણ કરવું જોઇએ. ૩૨.

मूत्रविट्स्वेदवाहानांचिकित्सामौत्रकृच्छ्रिकी। तथातिसारिकीकार्य्यातथाज्वरचिकित्सिकी इति ॥ ३३ ॥

મૂત્ર, મળ તથા પરસેવાનું વહન કરનાર સ્રોતોના દુષિત થવાથી ક્રમથી મુત્રકૃચ્છ, અતીસાર, તથા તાવની ચિકિત્સા કરવી જોઇએ. ૩૩.

॥ तत्र श्लोकाः ॥

त्रयोदशानांमूलानिस्रोतसांदुष्टलक्षणम्। सामान्यंनामपर्य्यायाःकोपनानिपरस्परम् ३४
दोषहेतुःपृथक्त्वेनभेषजोद्देशएवच। स्रोतोविमानेनिर्दिष्टस्तथाचादौविनिश्चयः ३५

તેમાં આ શ્લોક છે. તેર પ્રકારની સ્રોતોનાં મૂળ તેના દુષિત થવાનાં લક્ષણ, સામાન્ય લક્ષણ, સ્રોતોના પર્યાય શબ્દ, પરસ્પર કોપિત કરનાર સ્રોતોનાં દુષિત થવાનાં જુદાં જુદાં કારણ, ઔષધનો ઉદ્દેશ, અને સ્રોતોનો આદિમાં નિશ્ચય આ સર્વ વિષય આ સ્રોતો વિમાન નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યો છે. ૩૪-૩૫.

केवलंविहितंयस्यशरीरंसर्वभावतः। शारीराःसर्वरोगाश्चसकर्म्मसुनमुह्यति ॥३६॥

જે વેંધ સંપૂર્ણ શરીરના સર્વ પદાર્થોને તથા સંપુર્ણ રોગોને જાણે છે તે ચિકિત્સામાં મોહને પામતા નથી. ૩૬.

इति चरकसंहितायां विमानस्थाने स्रोतोविमानः।

ઇતિ ચરકસંહિતાના વિમાન સ્થાનનો સ્રોતોવિમાન નામનો અધ્યાય સંપૂર્ણ થયો. ૫

षष्टोऽध्यायः ।

अथातो रोगानीकं विमानंव्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે રોગાનીક વિમાનની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

રોગોના વિમાન.

द्वेरोगानीकभवतःप्रभावभेदेनसाध्यश्चासाध्यश्च, द्वेरोगानीकेबलभेदेनमृदुश्चदारुणश्च, द्वेरोगानीके अधिष्ठानभेदेनमनोऽधिष्ठानंशरीराधिष्ठानश्च, रोगानीकेद्वेनिमित्तभेदेनस्वधातुवैषम्यनिमित्तश्चागन्तुनिमित्तश्च, द्वेरोगानीकेआशयभेदेन-आमाशयसमुत्थश्चपक्वाशयसमुत्थश्च ॥ १ ॥

પ્રભાવ ભેદથી બે પ્રકારના રોગ સમૂહ થાય છે. જેમ કે સાધ્ય તથા અસાધ્ય, બળ ભેદથી બે પ્રકારના રોગ સમૂહ થાય છે. જેમ મૃદુ તથા દારૂણ, સ્થાન ભેદથી બે પ્રકારના રોગ સમૂહ થાય છે. જેવા કે મન સ્થાનવાળા તથા શરીર સ્થાનવાળા, નિમિત્ત ભેદથી બે પ્રકારના રોગ સમૂહ થાય છે. જેમકે ધાતુની વિષમતાથી થનારા તથા આગન્તુજ, આશય ભેદથી બે પ્રકારના રોગ સમૂહ થાય છે જેમ કે આમાશયથી થનારા તથા પકવાશયથી થનારા. ૧.

રોગોની સંખ્યા સંખ્યેયત્વ.

एवमेतत्प्रभावबलाधिष्ठाननिमित्ताशयद्वैधंसद्भेदप्रकृत्यन्तरेणभिद्यमानमथवासन्धीयमानंस्यादेकत्वंवाबहुत्वंवा, एकत्वं तावदेकमेवरोगानीकंदुःखसामान्यात्, बहुत्वन्तुदशरोगानीकानिप्रभावभेदादीनि, बहुत्वमपिसंख्येयंवास्यादसंख्येयं, संख्येयंयथोक्तम्—अष्टोदरीये, असंख्येयंयथामहारोगाध्याये रुग्वर्णसमुत्थाना-दीनामसंख्येयत्वात् ॥ २ ॥

આ પ્રકારે પ્રભાવ, બળ, સ્થાન, નિમિત્ત તથા આશય આ બબે પ્રકારના છે. ભેદના પ્રકૃત્યન્તરથી ભિન્ન થઇને અથવા એકત્ર થઇને તેનું એકત્વપણુ અથવા બહુત્વપણુ થાય છે. એકત્વ તો એ પ્રકારે થાય છે કે સર્વ રોગ એકજ પ્રકારના છે, કેમકે દુઃખ થવું એ સર્વમાં સમાન છે. અને બહુત્વ એ પ્રકારેથી છે જેમકે પ્રભાવાદિ ભેદથી દશ પ્રકારના રોગ સમૂહ કહ્યા. અને બહુત્વ સંખ્યાને યોગ્ય પણુ હોય છે. તથા અસંખ્ય પણુ હોય છે. સંખ્યેયપન તો અષ્ટોદરીય નામના અધ્યાયમાં કહ્યું છે. અને અસંખ્યેયત્વ મહારોગાધ્યાયમાં રોગ, વર્ણુ તથા નિદાનાદિકોની અસંખ્યેયતાથી કહ્યા છે. ૨

नचसंख्येयाग्रेषुभेदप्रकृत्यन्तरीयेष्वविगीतिरित्यतोन्दोषवान्स्यादन्नकाचिदप्रतिज्ञानचाविगीतिरित्यतः स्याददोषवद्धेत्ताहिभेदप्रकृत्यन्यथानत्यन्यथा रस्ताद्धिर्मं भेदप्रकृत्यन्तरणमिन्दन्भेदसंख्याविशेषमापादयत्यनेकधानचपूर्वभेदाग्रं प्रहान्ते ३

ભેદોના પ્રકૃત્યન્તરથી થયેલા મુખ્ય સંખ્યેયોના નિદાનથી કોઇ પણ પ્રતિજ્ઞા દોષવતી થતી નથી. કેમકે નિદાન થવાથી દોષનું ન હોવું સિદ્ધ થાય છે. ભેદ કરનારા પ્રથમ અન્ય પ્રકારથી થયેલા મદ્યને અન્ય રીતીથી ભિન્ન કરે છે અને ભેદને પ્રકૃત્યન્તરથી ભિન્ન કરીને ભેદમાં અનેક પ્રકારોથી સંખ્યા વિશેષોને ઉત્પન્ન કરે છે. પરંતુ મુખ્ય ભેદને નષ્ટ કરતા નથી. ૩.

समानायामपिखलुभेदप्रकृतौप्रकृता- पयोगान्तरमपेक्ष्यसन्ति ह्यर्थान्तरा णसमानशब्दाभिहितानि । समानोहिरोगशब्दोदोषेषुव्याधि चवर्त्तते । दोषाअपिरोगशब्दमा ,शब्दंयक्ष्म[illegible]शब्दंप्रकृति[illegible]शब्दंविका शब्दंश्चलभन्ते । तत्रदोषे चव्याधिषुचरोगशब्दःसमानःशेषेषु विशेषवान् ॥ ४ ॥

ભેદ પ્રકૃતિના સમાન હોવા છતાં પણ પ્રકૃતિમાં ઉપયોગાન્તરને ન જોઇને એકજ શબ્દના અનેક અર્થ થાય છે જેમ રોગ શબ્દ, દોષોમાં તથા વ્યાધિયોમાં પણ કહેવાય છે અને દોષોના રોગને આંતક, યક્ષ્મા, દોષ, પ્રકૃતિ તથા વિકાર કહે છે. ત્યાં દોષોમાં તથા વ્યાધિયોમાં રોગ શબ્દ સમાન છે અને તેથી વ્યતિરિક્તોમાં વિશેષ વાચી છે. ૪.

तत्रव्याधयोऽपरिसंख्येया[illegible]हुत्वाद्दोषास्तुपरिसंख्येयाअनतिबहुत्वात्तस्माद्यथोचितंविकाराउदाहरणार्थमनवशेषेणचदोषाव्याख्यास्यन्ते ॥ ५ ॥

તેમાં રોગ અત્યન્ત બહુજ હોવાનાં કારણ અસંખ્ય હોય છે, અને દોષ બહુજ અત્યંત ન હોવાને લીધે સંખ્યાને યોગ્ય હોય છે એથી ઉદાહરણ નિમિત્તે રોગોનું અને સંપૂર્ણતાથી દોષોનું વ્યાખ્યાન કરીએ છીએ. ૫

દોષોનું વર્ણન.

रजस्तमश्चमानसौदोषौ, तयोर्विकाराःकामक्रोधलोभमोहेर्ष्यामानमदशोकचित्तोद्वेगभयहर्षादयः ॥ ६ ॥

રજોગુણ તથા તમોગુણ આ બંને મનના દોષ છે. અને આ દોષો, દોષોના રોગ, કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષ્યા, માન, અહંકાર, શોક, ચિત્તમાં ઉદ્વેગ, ભય તથા હર્ષાદિક મનના રોગો છે. ૬

[illegible]श्लेष्माणस्तुशारीरादोषास्तेषामपिचविकाराज्वरातीसारशोथशोषमह[illegible]ष्ठादयइति ॥ ७ ॥

વાત, પિત્ત તથા કફ આ ત્રણ શરીરના દોષ છે. જ્વર, અતીસાર, સોજા, રાજ્યક્ષ્મા, પ્રમેહ તથા કોઢ વિગેરે આ દોષોના વિકાર છે. ૭.

दोषाश्चकेवलाव्याख्याताः, विकारैकदेशश्च ॥ ८ ॥

આ પ્રકારે દોષ સર્વ કહ્યા અને રોગોના એક દેશને પણ કહ્યા. ૮

દોષોના ત્રિવિધ કોપ.

तत्र खल्व पांद्वयानामपिदोषाणांत्रिविधंप्रकोपणमसात्म्येन्द्रियार्थसंयोगःप्रज्ञापराधः

पा णामश्चेति । प्रकुपिता प्रकोपणविशेषात् । द्रव्यविशेषाच्चविकाराविशेषान मि निर्वर्तयन्तिअप रिसंख्येयास्ते विकाराःपरस्परम् वर्तमानाः । कदाचिद् बन्ध- [illegible]श्च । नियतस्त्वनुबन्धोरजस्तमसोःपरस्परंनह्यरजस्कन्तमः

તેમાં બંને પ્રકારના દોષોના કોપિત થવાનાં ત્રણ કારણ છે. જેવાંકે ઇન્દ્રિય તથા વિષયોનો અસાત્મ્ય સંયોગ, પ્રજ્ઞાપરાધ, (બુદ્ધિ દોષ) તથા પરિણામ. (પ્રાકતન કર્મનું ફલો-ન્મુખ હોવુ.) કોપિત થયેલા દોષ, હેતુઓની વિશેષતા તથા દ્રવ્યોની વિશેષતાથી અસંખ્ય વિકારોને ઉત્પન્ન કરે છે. તે કામાદિક તથા જ્વરાદિક વિકાર પરસ્પર અનુકુળ થઇને કદી કદી અનુબંધને પ્રાપ્ત થાય છે. અને રજોગુણ તથા તમોગુણનો પરસ્પર અનુબંધ નિત્ય છે. કેમકે રજોગુણ સિવાય તમોગુણ એકલો રહી શકતો નથી. ૯.

प्रायःशरीरदोषाणामेकाधिष्ठानीयमानानांसन्निपातःसंसर्गोवासमानगुणत्वाद्दोषा दूषणैःसमानाः ॥ १० ॥

વળી એક સ્થાનવાળા શારીરક દોષોનો સંનિપાત તથા સંસર્ગ દુષણો કરીને સમાન થાય છે. ૧૦.

અનુબંધાનુબન્ધ ભેદ.

तत्रानुबन्ध्यानुबन्धकृतोविशेष [illegible]तन्त्रोव्यक्तलिङ्गोयथोक्तस [illegible]स्थानप्रशमोभवत्य-नुबन्ध्य[illegible]लक्षणोऽनुबन्धः ॥ ११ ॥

ત્યાં અનુબંધ અને અનુબંધકની આ વિશેષતા છે. જેવીકે જે રોગ સ્વતંત્ર હોય, જેનાં લક્ષણ પ્રકટ હોય અને જે પોતાના જ કારણોથી ઉત્પન્ન થાય તથા પોતાની જ ઔષધિયોથી શાંત થાય તેને અનુબન્ધ્ય કહે છે. અને તેના વિપરીતને અનુબંધક કહે છે. ૧૧

સન્નિપાતાદિ દોષ ભેદ.

अनुबन्ध्यानुबन्धलक्षणसमन्वितास्तत्रयदिदोषाभवन्तितांत्रिकंसन्निपातमाचक्षतेद्वयं-वासंसर्गम् । अनुबन्ध्यानुबन्धविशेषकृतस्तुबहुविधोदोषभेदः । एवमेषसंज्ञाम-कृतोभिषजांदोषे[illegible]व्याधिषूचनानामप्रकृतिविशेषाद्व्यूहः ॥ १२ ॥

અનુબંધના લક્ષણોવાળા જો ત્રણ દોષ ભેગા થાય તો તેને સન્નિપાત કહેછે. અને જો બે દોષ થાય તો તેને સંસર્ગ કહે છે. અનુબન્ધ્ય તથા અનુબન્ધકની વિશેષતાથી બહુજ પ્રકારના દોષના ભેદ થાય છે. આ પ્રકારે વૈદ્યોની સંજ્ઞાઓના વિષયમાં દોષ તથા રોગોમાં પ્રકૃતિની વિશેષતા વિગેરે અનેક પ્રકારની તર્કણા છે. ૧૨.

અગ્નિભેદ.

अग्निषु [illegible]शरीरेषुचतुर्विधोविशेषोबलभेदेन । तद्यथा—तीक्ष्णोऽमन्दःसमोविषमश्च । तत्रतीक्ष्णोऽग्निःसर्व[illegible]स्तद्विपरीतलक्षणोमन्दः । समः खलुअपचारतः वि[illegible]तिमापद्यतेअनपचारतः प्रकृतावेवतिष्ठते । समलक्षणविपरीतलक्षणस्तुविष-मइत्येतेचतुर्विधाअग्नयश्च[illegible]विधानामेव [illegible]रुषाणाम् ॥ १३ ॥

બળના ભેદથી, શારીરિક અગ્નિ ચાર પ્રકારનો હોય છે. જેવાકે તીક્ષ્ણ, મંદ, સમ તથા વિષમ તેમાં તીક્ષ્ણ અગ્નિ સર્વ અપચારોને સહી શકે છે, મંદ અગ્નિ તેથી વિપરીત હોય છે. અર્થાત કોઈ પણ પ્રકારના અપચાર (બદપરેજી) ને સહી શકતો નથી. સમ અગ્નિ અપચારથી વિકારને પ્રાપ્ત થાય છે. અને અપચાર ન કરવાથી બરોબર રહે છે. અને વિષમાગ્નિ સમાગ્નિથી વિપરીત લક્ષણવાળો હોય છે. આ ચાર પ્રકારના અગ્નિ ચાર પ્રકારના પુરૂષોને થાય છે. ૧૩.

ચાર પ્રકારના પુરૂષ.

तत्रसमवातपित्तश्लेष्मणांप्रकृतिस्थानांसमाभवन्तिअग्नयः । वातलानां वाताभिभूतेऽग्न्यधिष्ठानेविषमाभवन्तिअग्नयः । पैत्तलानां पित्ताभिभूतेऽग्न्यधिष्ठानेतीक्ष्णाभवन्तिअग्नयःश्लेष्मलानान्तुश्लेष्माभिभूतेऽग्न्यधिष्ठानेमन्दाभवन्तिअग्नयः । तत्रकेचिदाहुर्नसमवातपित्तश्लेष्माणोजन्तवःसन्तिविषमाहारोपयोगित्वान्मनुष्याणाम्, तस्माच्चकेचिद्वातप्रकृतयः केचित् पित्तप्रकृतयः केचित्पुनः श्लेष्मप्रकृतयोभवन्तीति । तच्चानुपपन्नंकस्मात् कारणात्समवातपित्तश्लेष्माणंह्यरोगमिच्छन्तिभिषजः प्रकृतिश्चारोग्यम्, आरोग्यार्थाचभेषजप्रवृत्तिःसाचेष्टारूपा, तस्माद्भवन्तिसमवातपित्तश्लेष्माणः । नतुखलुसन्ति वातप्रकृतयःपित्तप्रकृतयः श्लेष्मप्रकृतयोवातस्यतस्यकिलदोषस्यहिअधिकभावात्सासादोषप्रकृतिरुच्यतेमनुष्याणाम्।।१४।। नचविकृतेषुदोषेषुप्रकृतिस्थत्वमुपपद्यतेतस्मान्नैताः प्रकृतयः सन्तिसन्तितुखलुवातलाःपित्तलाःश्लेष्मलाश्चाप्रकृतिस्थास्तुतेज्ञेयाः ।। १५ ।।

જે પુરૂષ વાત, પિત્ત તથા કફના સમાન હોવાથી વિકાર વગરના રહે છે તેમની જઠરાગ્નિ સમ હોય છે. જે પુરૂષોનો વાયુ અધિક હોય છે તેનું અગ્નિસ્થાન વાયુથી બગડી જાય છે. એથી તેની જઠરાગ્નિ વિષમ હોય છે. આ સ્થળમાં કોઇ કોઈ કહે છે કે એવો કોઇ મનુષ્ય નથી કે જેનાં વાત, પિત્ત તથા કફ સમાન હોય, કેમકે મનુષ્ય વિષમ આહાર કરે છે. એથી કોઇ વાત પ્રકૃત્તિ, કોઇ પિત્ત પ્રકૃતિ અને કોઈ કફ પ્રકૃત્તિવાળા હોય છે. તેમનું આ કહેવું યોગ્ય નથી. કેમકે વૈદ્ય લોક જેના વાત, પિત્ત તથા કફ સમ હોય તેને આરોગ્ય કહે છે. અને આરોગ્યને જ પ્રકૃતિ કહે છે. અને આરોગ્યના નિમિત્ત ઔષધની પ્રવૃત્તિ છે. એથી એ સિદ્ધ થાય છે કે સમાન વાત, પિત્ત, તથા કફવાળા પુરૂષ હોય છે અને વાત પ્રકૃત્તિ, પિત પ્રકૃત્તિ તથા કફ પ્રકૃતિ હોતી નથી પરંતુ આ દોષોની અધિકતાથી દોષોની પ્રકૃતિજ મનુષ્યોની પણ પ્રકૃતિ કહેવાય છે. અને દોષોને વિકાર યુક્ત હોવાથી પ્રકૃતિસ્થ હોવું એ સિદ્ધ થઈ શકતું નથી. એથી એક પ્રકૃતિ નથી પરંતુ વાત પ્રકૃત્તિ, પિત્ત પ્રકૃતિ તથા કફ પ્રકૃતિના સ્થાનમાં વાતલ (અધિક વાતવાળા) પિતલ તથા શ્લેષ્મલ (અધિક કફવાળા) કહેવા જોઇએ અને તેને પ્રકૃતિસ્થ નહિ પરંતુ વિકારવાળા જાણવા જોઇએ. ૧૪-૧૫.

ચાર અન્ન પ્રણિધાન.

तेषान्तुखलुचतुर्विधानांपुरुषाणां चत्वार्य्यन्नप्रणिधानानिश्रेयस्कराणि । तत्रसम-सर्वधातूनांसर्वाकारससमं धिकदोषाणान्तुत्रयाणांयथास्वदोषाधिक्यमभिसमीक्ष्य-दोषप्रतिकूलयोगीनित्रीणिअन्नप्रणिधानानिश्रेयस्कराणियावदग्नेःसमीभावात्, समे तुसममेवतुकार्य्यमेवंचेष्टाभेषजप्रयोगाश्चापरे, तद्विस्तरेणानुव्याख्यास्यन्ते । त्रय-स्तुपुरुषाभवन्त्यातुरास्तेअनातुरास्तन्त्रान्तरीयाणांभिषजाम् । तद्यथा—वातलः श्लेष्मलः पित्तल इति ॥ १६ ॥

વિષમ અગ્નિવાળા વિગેરે ચાર પ્રકારના પુરૂષોને ચારજ પ્રકારનાં ભોજનના પ્રકાર કલ્યાણકારી હોય છે. જે પુરૂષોના ત્રણ દોષ સમ હોય તેણે સર્વ પ્રકારનું સમ ભોજનના કરવું જોઇએ. અને જેના વાતાદિક દોષ અધિક હોય તેણે જે દોષ અધિક હોય તેના પ્રતિકુળ ત્રણ પ્રકારના પુરૂષોએ ત્રણ પ્રકારનું ભોજન કરવું જોઇએ. પરંતુ એ ત્યાં સુધી કરવું જોઇએ કે જયાં સુધી અગ્નિસમ ન થઇ જાય. અને સમ થયા પછી સમ ભોજન કરવું જોઇએ. આ પ્રકારે અન્ય ચેષ્ટા તથા ઔષધનો પણ પ્રયોગ કરવો જોઇએ. તેનું વિસ્તાર પૂર્વક વર્ણન કરીએ છીએ. ત્રણ પ્રકારના પુરૂષો રોગી હોય છે જેવાકે વાતલ (અધિક વાતવાળા) પિત્તલ (અધિક પિત્તવાળા) તથા શ્લેષ્મલ (અધિક કફ વાળા) અન્ય તંત્રોને જાણનારા વૈદ્ય એમને રોગી કહી શકતા નથી. ૧૬.

तेषांविशेषविज्ञानंवातलस्यवातनिमित्ताः पित्तलस्यपित्तनिमित्ताः श्लेष्मलस्यश्ले-ष्मनिमित्ताव्याधयः प्रायेणबलवन्तश्च ॥ १७ ॥

આ ત્રણ પ્રકારના પુરૂષોનાં આ વિશેષ લક્ષણ છે. જેવાંકે વાતલ ને વાતનિમિત્તક. પિત્તલ ને પિત્તનિમિત્તક અને શ્લેષ્મલ ને કફ નિમિત્તક રોગ ઘણું કરીને થાય છે અને તે રોગ બળવાન હોય છે. ૧૭.

વાત પ્રકૃતિના રોગ.

तत्रवातलस्यप्रकोपणोक्तान्यासेवमानस्यक्षिप्रंवातःप्रकोपमापद्यतेनतथेतरौ ॥१८॥

તેમાં વાત પ્રધાન મનુષ્ય જો વાતને કોપિત કરનાર આહાર વિહારનું સેવન કરે તો જલ્દીજ વાયુ કોપિત થાય છે અને કફ, પિત્ત એટલા જલ્દી કોપિત થતા નથી. ૧૮

सतस्यप्रकोपमापन्नोयथोक्तैर्विकारैःशरीरमुपतपतिबलवर्णसुखायुषामुपघाताय ॥१९॥

કોપિત થએલ વાયુ, વાતજ વિકારોથી મનુષ્યના શરીને પીડા કરીને બળ, વર્ણ, સુખ તથા આયુને નષ્ટ કરે છે. ૧૯.

વાયુને જીતવાનો ઉપાય.

तस्यावजयनंस्नेहस्वेदौविधियुक्तौमृदूनिचसं [illegible]धनानिस्नेहोष्णमधुराम्ललवणयु-[illegible]तद्[illegible]भ्यवहार्य्याणि [illegible]पनाहनो[illegible]वेष्टनोन्मर्दनपरिषे[illegible]-वित्रासनाविस्मापनविस्मारणानि[illegible]रासव[illegible]वेधानंस्नेहाश्चअनकयोनयो[illegible]पनीयपाच-

नीय[illegible]तहरविरचनांयोपा[illegible]ता[illegible]तपाकाःसहस्रपाकाःसर्वशःप्रयोगार्थावस्तयोव-[illegible]नियमः[illegible]सुखशीलताचेति ॥ २० ॥

તે વાયુ આ રીતે શાન્ત થાય છે. જેમકે વિધિ પૂર્વક સ્નેહ ન થતા સ્વેદન, મૃદુ સંશોધન, સ્નેહ, ઉષ્ણ, મધુર, અમ્લ, તથા લવણવાળું ભોજન, ઉપનાહન, ઉપવેષ્ટન, ઉન્મર્દન, પરિષેક, અવગાહન, સંવાહન, અવપીડ વિત્રાસન, (ભય દેખાડવો), વિસ્માપન, (આશ્ચર્યિત કરવા) વિસ્મારણ, (ભૂલી જવું) સુરાપાન, દીપન, પાચન, વાતઘ્ન, તથા વિરેચક ઔષધવાળું શતપાકી તથા સહસ્ર પાકી અનેક પ્રકારના સ્નેહ, સર્વ પ્રકારના પ્રયોગને માટે બસ્તિ, બસ્તિના નિયમ અને સુખ પૂર્વક રહેવું. ૨૦.

પિત્તના જયનો યત્ન.

पितलस्यापिपित्तप्रकोपणा[illegible]मानस्यक्षिप्रंपित्तंप्रकोपमापद्यते, तथानेतरौ

પિત્તલ પુરૂષના પિત્તના કોપિત કરનારા આહાર વિહારોનું સેવન કરવાથી જલ્દીજ પિત્ત કોપિત થાય છે. અને વાત, કફ એટલા જલ્દી કોપિત થતા નથી. ૨૧.

तद[illegible]मापन्नंयथोक्तैर्विकारैःशरीरमुपतपतिबलवर्णसुखा[illegible]षामुपघाताय २२

તેનો કોપિત થએલ, પિત્તજ રોગોથી શરીરને પીડા કરીને બળ, વર્ણ સુખ, તથા હાનિ કરે છે. ૨૨.

तस्यावजयनंसर्पिष्पानंसर्पिषाचस्नेहमधश्चदोषहरणंमधुरतिक्तकषायशीतानाञ्चौषधानामभ्यवहार्य्याणामुपयोगोमृदुमधुरसुरभिशीतहृद्यानांगन्धानाञ्चोपसेवा[illegible]-क्तामणिहारावलीनाञ्चपवनशिशिरवारिसंस्थितानांधारणमुरसाक्षणेक्षणेस्रक्चन्दनप्रियङ्गुकालीयमृणालशीतवातवारिभिरुत्पलकुमुदकोकनदसौगन्धिकपद्मानुगतैश्चवारिभिरभिप्रोक्षणंश्रुतिसुखमृदुमधुरमनोऽनुगानाञ्चगीतवादित्राणांश्रवणञ्चाभ्युदयानांसुहृद्भिश्चसंयोगःसंयोगश्चइष्टाभिःस्त्रीभिःशीतोपहितांशुकस्रग्धारिणीभिर्निशाकरांशुशीनप्रवातहर्म्यवासःशैलान्तरपुलिनशि[illegible]वसनव्यजनपवनानांसेवारम्याणाञ्चोपवनानांसुखशिशिर[illegible]रभिमारुतोपवातानामुपसेवनंसेवनञ्चनलिनोत्पलप[illegible]कुमुदसौगन्धिकपुण्डरीकशतपत्रहस्तानांसौम्यानाञ्चसर्वभावानामिति ॥ २३ ॥

તે પિત્ત આ રીતે શાંત થાય છે. જેમકે ઘૃત પાન, ઘૃત વડે સ્નેહન, વિરેચન, મધુર તિખા, તુરા તથા ઠંડા ઔષધ તથા અહારનું સેવન કરવું. મૃદુ, મધુર, સુગન્ધિત, શીતલ તથા હૃદયને હિતકર ચન્દનાદિ ગંધવાળા પદાર્થોનું સેવન કરવું, અત્યંત ઠંડા જળમાં સ્થિત મોતી તથા મણિયોના હારોને હૃદય પર ધારણ કરવા, ચંદન પ્રિયંગુ, તથા મૃણાલથી શીતળ જળને ક્ષણ ક્ષણમાં ઉત્પલ કુમુદ, કોકનદ, સૌગંન્ધિક વિગેરે કમળો વડે પોતાના પર છાંટવું, કાનોમાં સુખદાયક, મૃદુ, મધુર તથા મનોહર ગીત, વાજીંત્રોને સાંભળવાં, પોતાના ઐશ્વર્યને

સાંભળવાં, મિત્રોને મળવું, શીતળ વસ્તુ તથા માળાઓને પહેરવી, પ્યારી સ્ત્રીઓને મળવું, ચંદ્રનાં કીરણોથી શીતળ હવાવાળા મહેલમાં રહેવું, પર્વત, જળની વચેનાં સ્થળ, શીતળ વસ્તુ તથા પંખા વડે પવનનું સેવન કરવું, મનોહર ઉપવનોમાં વિચરવું, સુખદાયક, શીતળ, સુગંધિત વાયુનું સેવન, નલિન, ઉત્પલ, કમળ, કુમુદ, સૌગંધિક, પુન્ડરીક, તથા શતપત્ર હાથમાં રાખવા અને સંપૂર્ણ સૌમ્ય પદાર્થોનું સેવન કરવું. ૨૩

કફના જયનો ઉપાય.

[illegible]प्रणोक्तान्यासेवमानस्य क्षिप्रं श्लेष्मा प्रकोपमापद्यते, नतथेतरौ दोषौ ॥ २४ ॥ तदस्य प्रकोपमाप[illegible] यथोक्तैर्विकारैः शरीरमुपतपति बलवर्ण[illegible]-स्वायुषामुपघाताय ॥ २५ ॥

શ્લેષ્મલ પુરૂષે કફને કોપિત કરનારા આહાર વિહારોનું સેવન કરવાથી જલ્દી કફ કોપિત થાય છે. અને વાત, પિત્ત એટલા જલ્દી કોપિત થતા નથી. ૨૪ તેનો કોપિત થએલો કફ, કફજ વિકારોથી શરીરને પીડા કરીને બળ, વર્ણ, સુખ તથા આયુષ્યની હાનિ કરે છે. ૨૫

तस्यावजयनं विधियुक्तानि तीक्ष्णोष्णानि सं[illegible]धनानि रूक्षप्रायाणि चाभ्यव[illegible]र्याणि कटुतिक्तकषायोपहितानि तथैव धावनलं[illegible]नप्लवनप[illegible]नियुद्धव्यवायव्यायामोन्मर्दनस्नानोत्सादनानि विशेषतस्तीक्ष्णानां दीर्घकालस्थितानां मद्यानां प-योगः सर्वशश्चोपवासस्तथो[illegible]ष्णवासः सधूमपानः सुखप्रतिषेधश्च सुखार्थ[illegible]ति ॥ २६ ॥

તે કફ આ રીતે શાંત થાય છે. જેમકે વિધિપૂર્વક તીક્ષ્ણ, તથા ગરમ, વમનાદિ, સંશોધન, કટુ, તિખા, તથા કષાય, રસવાળાં રૂક્ષ ભોજન, દોડવું, ઉપવાસ કરવો, તરવું, ફરવું, ઉજાગરો કરવો, કુસ્તી કરવી, કસરત કરવી, વ્યવસાય કરવો, મર્દન, સ્નાન ઉબટન લગાવવું, વિશેષે કરીને બહુજ જુના તીક્ષ્ણ મદ્યોને પીવા, ઉપવાસ કરવો, ગરમ વસ્ત્રો પહેરવાં, ધુમ્રપાન કરવું અને સુખને માટે સુખકારી પદાર્થોનું સેવન કરવું. ૨૬

અધ્યાયનો ઉપસંહાર.

भवति चात्र । सर्वरोगविशेषज्ञः सर्वकार्यविशेषवि[illegible] । सर्वभेषजतत्त्वज्ञो रा[illegible]ः प्राणपतिर्भवेत् ॥ २७ ॥

તેમાં આ શ્લોક છે. જે વૈદ્ય સંપૂર્ણ રોગોની વિશેષતાને, સંપૂર્ણ કાર્યોની વિશેષતાને, તથા સંપૂર્ણ દવાઓના તત્વને જાણે છે તે રાજાઓનો પ્રાણરક્ષક થઇ શકે છે. ૨૭

અધ્યાયનો સંક્ષેપ.

॥ तत्र श्लोकाः ॥

[illegible]स्यन्तरभेदेन रोगाणां [illegible]विकल्पन[illegible] । परस्परविरोधश्च [illegible]नान्यरोग[illegible]योः ॥ २८ ॥ दोषसंख्य विका[illegible]दोष[illegible]कोपनम् । जरणमात[illegible]चिन्ताचकाय[illegible]-

क्षणानि च ॥ २९ ॥ नराणां वातलादीनां प्रकृतिस्थापनानि च । रोगानीकेविमानेऽस्मिन्व्याख्यातानि महर्षिणा ॥ ३० ॥

તેમાં આ શ્લોક છે. પ્રકૃત્યન્તરના ભેદથી રોગ સમૂહોના ભેદ, પરસ્પર અવિરોધ, રોગ તથા દોષોની સમતા. ૨૮ દોષોની સંખ્યા, વિકારોના એક દોષનું કોપિત થવું, પરિપાકની ચિન્તા, જઠરાગ્નિને દીપ્ત કરવી. ૨૯ અને વાતલાદિ પુરૂષોને પ્રકૃતિમાં સ્થિત કરવા એ સર્વ વિષય આ રોગાન્તક વિમાનાધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યા છે. ૩૦

इति श्रीचरकसंहितायां विमानखण्डे रोगानीकविमानं ॥

ઇતિ શ્રી ચરક સંહિતાના વિમાન ખંડના રોગાન્તક વિમાનં નામનો અધ્યાય સંપૂર્ણ થયો. ॥ ૬ ॥

सप्तमाऽध्यायः ।

अथातो व्याधितरूपीयं विमानं व्याख्यास्याम इति ह स्माह भगवानात्रेयः ।

હવે અમે વ્યાધિરૂપીયવિમાનની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

રોગીના ભેદ.

द्वौ पुरुषौ व्याधितरूपौ भवतः, तद्यथा—गुरुव्याधित एकः सत्त्वबलशरीरसम्पदुपेतत्वाल्लघुव्याधित इव दृश्यते । लघुव्याधितोऽपरः सत्त्वादीनामधमत्वाद् गुरुव्याधित इव दृश्यते ॥ १ ॥

બે પ્રકારના પુરૂષ વ્યાધિત રૂપ અથવા રોગી થાય છે. જેમ ગુરૂવ્યાધિત અને લઘુ વ્યાધિત; સત્વ બળ તથા શરીરના પુષ્ટ થવાથી ગુરૂ વ્યાધિત પણ લઘુ વ્યાધિત જેવા જણાય છે અને સત્વાદિકોના પુષ્ટ ન હોવાથી લઘુવ્યાધિત પણ ગુરૂ વ્યાધિત જેવા જણાય છે. ૧

અજ્ઞાનિયોનો ભ્રમ.

तयोरज्ञाः केवलं चक्षुषैव रूपं दृष्ट्वाऽध्यवस्यन्तो व्याधिगुरुलाघवे विप्रतिपद्यन्ते । न हि ज्ञानावयवेन कृत्स्ने ज्ञेये ज्ञानमुत्पद्यते ॥ २ ॥

મુર્ખ વૈદ્ય કેવળ નેત્રોથીજ તેના રૂપને જોઇને રોગની ગુરૂતા તથા લઘુતાનો નિશ્ચય કરીને ભૂલાવામાં પડે છે, કેમકે જ્ઞાનના એક અંગથી સંપૂર્ણ જાણવા યોગ્ય વસ્તુ જાણી શકતા નથી. ૨

विप्रतिपन्नास्तु खलु रोगज्ञाने उपक्रमयुक्तिज्ञाने चापि विप्रतिपद्यन्ते । ते यदा गुरुव्याधितं लघुव्याधितरूपमासाद्य लाघवमस्य व्याधेः संशोधनकालेऽस्मै मृदुसंशोधनं प्रयच्छन्तो भूय एवास्य दोषानुदीरयन्ति । यदा तु लघुव्याधितं गुरुव्याधितरूपमासाद्य गौरवमस्य व्याधेः संशोधनकालेऽस्मै तीक्ष्णसंशोधनं प्रयच्छन्तो दोषानतिनिर्हृत्य शरीरमस्य क्षिण्वन्ति ॥ ३ ॥

તે મૂર્ખ વૈદ્ય રોગના જ્ઞાનમાં ભૂલાવો ખાઇને ચિકિત્સાના જ્ઞાનમાં પણ ભૂલાવો ખાય છે, અને ગુરૂ વ્યાધિતને લઘુ વ્યાધિત જાણે છે. ત્યારે તેને થોડા દોષવાળો માનીને સંશોધનના સમયમાં સ્વલ્પ સંશોધન આપીને તેના એથી પણ અધિક દોષોને વધારી દેછે, અને જ્યારે લઘુ વ્યાધિતને ગુરૂ વ્યાધિત જાણે છે ત્યારે તેને મહાદોષવાળા જાણીને સંશોધનના સમયમાં તીક્ષ્ણ સંશોધન આપીને દોષોને બહુજ બહાર કાહાડીને રોગીના શરીરને ક્ષીણ કરી દેછે. ૩

एवमवयवेनज्ञानस्य कृत्स्ने ज्ञेये ज्ञानमभिमन्यमानाः स्खलन्ति, विदितवेदितव्यास्तु भिषजःसर्वंसर्वथायथासम्भवंपरीक्ष्यंपरीक्ष्याध्यवस्यन्तोनक्वचनविप्रतिपद्यन्ते, यथेष्टमर्थमभिनिर्वर्तयन्तिचेति ॥ ४ ॥

આ પ્રકારે જ્ઞાનના એક અંગથી સંપૂર્ણ જ્ઞેય પદાર્થમાં જ્ઞાનને માનનારા મૂર્ખ વૈદ્ય ભૂલાવો ખાય છે. અને જે વૈદ્ય જ્ઞેય પદાર્થને સારી રીતે જાણે છે તે સર્વ વાતોની યથા સંભવ પરીક્ષા કરીને નિશ્ચય કરે છે. તેથી કાંઇ પણ ભૂલાવો ખાતા નથી અને યથેષ્ટ પ્રયોજનને સિદ્ધ કરે છે. ૪.

॥ तत्रश्लोकाः ॥

सत्त्वादीनांविकल्पेनव्याधितंरूपमातुरे । दृष्ट्वाविप्रतिपद्यन्तेबालाव्याधिबलाबले ॥ ५ ॥ तेभेषजमयोगेन कुर्वन्त्यज्ञानमोहिताः । व्याधितानांविनाशायक्लेशायमहतेऽपिवा ॥ ६ ॥

તેમાં આ શ્લોક છે. મૂર્ખ વૈદ્ય રોગીના રોગને જોઇને તત્વાદિકોના વિકલ્પથી રોગના બળાબળમાં ભૂલાવો ખાય છે. ૫. અને અજ્ઞાનથી મોહિત થઇને એવી અનુચિત ચિકિત્સા કરે છે કે રોગી મરી જાય છે અથવા તો બહુજ ક્લેશિત થાય છે. ૬.

प्राज्ञास्तुसर्वमाज्ञायपरीक्ष्यमिहसर्वथा। नस्खलन्तिप्रयोगेषुभेषजानांकदाचन ॥७॥

અને બુદ્ધિમાન વૈદ્ય પરીક્ષા વડે સર્વ વાતોને સારી રીતે જાણીને કદી પણ ચિકિત્સામાં ભૂલાવો ખાતા નથી. ૭.

इतिव्याधितरूपाधिकारेश्रुत्वाव्याधितरूपसंख्याग्रसम्भवंव्याधितरूपहेतुविप्रतिपत्तिकारणंसापवादंसम्प्रतिपत्तिकारणंचानपवादंतत्त्वेनअथभगवन्तमात्रेयमग्निवेशोऽतःपरंसर्वक्रिमीणांपुरुषसंश्रयाणांसमुत्थानस्थानसंस्थानवर्णनामप्रभावचिकित्सितविशेषान्पप्रच्छोपसंगृह्यपादौ । अथास्मैप्रोवाचभगवानात्रेयः । इहखलुअग्निवेश ! विंशतिविधाःक्रिमयःपूर्वमुद्दिष्टानानाविधेनप्रविभागेनान्यत्रसहजेभ्यः ॥ ८ ॥

આ પ્રકારે વ્યાધિત રૂપાધિકારમાં વ્યાધિત રૂપની સંખ્યા વ્યાધિત રૂપમાં ભૂલાવો ખાવાના અપવાદ સહિત કારણ અને ભૂલાવો ન ખાવાના અપવાદ રહિત કારણ, સાંભળીને અગ્નિવેશે ભગવાન આત્રેયજીનાં ચરણ ચાંપીને પુરૂષના આશ્રિત કૃમિયોનાં નિદાન

સ્થાન, આકૃતિ, વર્ણ, નામ, પ્રભાવ, તથા ચિકિત્સાના વિશેષ સ્વરૂપ માટે તેમને પુછ્યું. અગ્નિવેશના પ્રશ્નને સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે હે અગ્નિવેશ! સહજ કૃમિયોને બાદ કરતાં અનેક પ્રકારના વિભાગથી વીસ પ્રકારના કૃમિઓ પ્રથમ કહેવામાં આવ્યા છે. ૮

ચાર પ્રકારના સહજ કૃમિ.

तेपुनःप्रकृतिभि[illegible]चतुर्विधास्तद्यथा—पुरीषजाःश्लेष्मजाःशोणितजामलजा-श्चेति । तत्रमलोबाह्यश्चाभ्यन्तरश्च, तत्र बाह्येमलेजातान्मलजान्संचक्ष्महे, तेषांस-[illegible]त्थानंमृजावर्जनं, [illegible]थानंकेशश्मश्रुलोमपक्ष्मवासांसि, संस्थानमणवस्तिलाकृत-योबहुपादावर्णस्तुकृष्णःशुक्लश्च, [illegible]यूकाःपिपीलिकाश्चेति, प्रभावःक-ण्डूजन[illegible]भिनिर्वर्त्तनश्चचिकित्सितन्त्वषाम[illegible] मलोपघातोमलक-राणांश्चभावानाम[illegible]पसेवनामेति ॥ ९ ॥

તે કૃમિ પ્રકૃતિયોના ભેદથી ચાર પ્રકારના થાય છે. જેવાકે પુરીષ (મળના)જ; કફજ, રૂધિરજ, અને મલજ. મળ બે પ્રકારના હોય છે. એક બાહારના અને બીજા અંદરના. તેમાં બહારના મળમાં જે કૃમી હોય છે તેને મળજ કહે છે. શરીરને શુદ્ધ ન કરવું એ કૃમિયોનું નિદાન (કારણુ) છે. વાળ, દાઢી, રૂવાંટાં, પક્ષ્મ તથા વસ્ત્રો એ તેમનાં સ્થાન છે. તે નાના નાના થાય છે. તલના જેવી તેની આકૃતિ હોય છે. તથા ઘણા પગ હોય છે. તેનો રંગ કાળો તથા ધોળો હોય છે. તેનું નામ યૂકા (જુ) તથા પિપીલિકા છે. એ લુખસ, દાદર તથા ફોલ્લીઓને ઉત્પન્ન કરે છે. તેને મટાડવા માટે મેલને દુર કરવા અને મેલવાળા પદાર્થોનું સેવન ન કરવું એ તેની ચિકિત્સા છે. ૯.

રૂધિરજ કૃમિ.

शोणितजानान्तुकुष्ठैःसमानंसमुत्थानं, स्थानंरक्तवा[illegible]न्योधमन्यः, संस्थानमणवो-वृत्ताश्चापादाश्चसूक्ष्मत्वाच्चैकेभवन्त्यदृश्याः वर्णस्ताम्रः नामानिकेशादालोमादा-लोमद्वीपाःसौरसाऔदुम्बराज[illegible]मातरश्चेति । प्रभावःकेशश्मश्रुनखलोमपक्ष्मापध्वं-सोव्रणगतानाञ्चहर्षकण्डू[illegible]तोदसंसर्पणानिअतिवृद्धानाञ्चत्वक्शिरास्नायुमांसतरुणा-स्थिभक्षणमिति, चिकित्सितमप्येषां[illegible]ष्ठैःसमानं त[illegible]त्तत्कालमुपदेक्ष्यामः ॥१०॥

રૂધિરજ (લોહીના) કૃમિનું નિદાન (કારણુ) કુષ્ટના સરખું છે. તેનું સ્થાન રક્ત વાહિની નાડી છે. તે નાના તથા ગોળ હોય છે. તેને પગ હોતા નથી. તેમાં ઘણા ઝીણા હોવાથી કોઈ કોઇ અદ્રસ્ય હોય છે. તેનો તામ્રવર્ણ હોય છે. કેશાદ, લોમાદ, લોમદ્વીપ, સૌરસ, ઉદુમ્બર તથા જન્તુ માતર એ તેનાં નામ છે. એ કેશ, નખ, મુછ તથા લોમોને નષ્ટ કરી દે છે. જ્યારે તે કોઇ ઘા (જખમ)માં પ્રવેશ કરે છે ત્યારે તે ચેળ, ખુજલી, પીડા તથા સરવરાટ ઉત્પન્ન કરે છે. જ્યારે તે બહુજ વધી જાય છે ત્યારે ચામડી, નસ, સ્નાયુ, માંસ તથા તરૂણુ નામનાં હાડકાંને ખાય છે. તેની ચિકિત્સા કુષ્ટના જેવી છે, કે જે આગળ કહેવાશે. ૧૦

કફજ કૃમિ.

श्लेष्मजाःक्षीरगुडतिलमत्स्यानूपमांसपिष्टान्नपरमान्नकुसुम्भस्नेहाजीर्णपूतिक्लिन्नसंकीर्णविरुद्धासात्म्यभोजनसमुत्थानाः । तेषामामाशयःस्थानं, प्रभावस्तुतेप्रवर्द्धमानास्तूर्द्धमधोवाविसर्पन्ति, उभयतोवा । संस्थानवर्णविशेषास्तुश्वेताःपृथुब्रध्नसंस्थानाःकेचित्, केचिद्वृत्तपरिणाहाःगण्डूपदाकृतयश्चश्वेताः । श्वेतास्ताम्रावभासाः, केचिदणवोदीर्घास्तन्त्वाकृतयःश्वेताः । तेषांत्रिविधानां श्लेष्मनिमित्तानांक्रिमीणांनामानिअन्त्रादाः, उदरादाः, हृदयादाश्चुरवो, दर्भपुष्पाः, सौगन्धिकाः, महागुदाश्चइति । प्रभावोहृल्लासास्यसंस्रवणमरोचकाविपाकौज्वरोमूर्च्छाजृम्भाक्षवथुरानाहोऽङ्गमर्दःछर्दिःकार्श्यपारुष्यमिति ॥ ११ ॥

કફજ કૃમિયોનું નિદાન (કારણ) આ પ્રમાણે છે. જેમ કે દુધ, ગોળ, તેલ, માછલી, અનૂપદેશના જીવોનું માસ, પીઠી અથવા મેદા વિગેરે દળેલા પદાર્થ, ખીર, કુસુમનું તેલ, દુર્ગન્ધિત વસ્તુ, કલેદયુક્ત વસ્તુ, વિરૂદ્ધ વસ્તુ, તથા અસાત્મ્ય વસ્તુઓનું અધિક સેવન કરવું, અજીર્ણમાં ભોજન કરવું, કફજ કૃમિયોનું આમાશય એ સ્થાન છે. જ્યારે તે વધે છે ત્યારે શરીરના ઉર્ધ્વ (ઉપરના) ભાગ અને અધો (નીચેના) ભાગમાં અથવા બંને ભાગોમાં ફેલાય છે. તેમાં કોઇ ધોળા હોય છે તથા બદના જેવી આકૃતિવાળા હોય છે. કોઇ ગોળ, લાંબા, કેંચુઓના જેવા આકારના, ધોળા તથા તામ્રવર્ણના હોય છે. કોઈ સૂક્ષ્મ, ડોરોંના જેવા લાંબા અને ધોળા રંગના હોય છે. આ ત્રણ પ્રકારના કૃમિયોનાં આ નામ છે, અન્વાદ, ઉદરાદ, હૃદયાદ, ચુરૂ, દર્ભ પુષ્પ, સોગન્ધિક તથા મહા ગુદ. એ જીવ મચકાવો, મુખમાંથી લાળ વહેવા, અરૂચિ, અન્ન ન પચવું, તાવ, મૂર્છા જંભાઈ, છીંક, આફરો, અંગમર્દ, ઉલટી, કૃશતા તથા પરૂષતા (મળ) ને ઉત્પન્ન કરે છે. ૧૧

વિષ્ટાના કૃમિ.

पुरीषजास्तुल्यसमुत्थानाःश्लेष्मजैस्तेषांसंस्थानंपक्वाशयः । प्रभावास्तुतेप्रवर्द्धमानास्त्वधोविसर्पन्ति । यस्यपुनरामाशयाभिमुखास्युस्तदनन्तरंतस्योद्गारनिश्वासाःपुरीषगन्धिनःस्युः । संस्थानवर्णविशेषास्तुसूक्ष्मवृत्तपरीणाहाःश्वेतादीर्घोर्णांशुकसङ्काशाः केचित्केचित्पुनःस्थूलवृत्तपरीणाहाः श्यावनीलहरितपीताः । तेषांनामानिककेरुकामकेरुकालेलिहाःशल्लूवकाःसौसुरादाश्चेति । प्रभावःपुरीषभेदःकार्श्यपारुष्यंलोमहर्षाभिनिर्वर्तनञ्च । तन्नवास्यगुदमुखंपरितुदन्तःकण्डूश्चोपजनयन्तोगुदमुखंपर्यासते । सजातहर्षोगुदाभिष्क्रमणमतिवेलंकरोति ॥ १२ ॥

પુરીષજ (મળ) ના કૃમિયોનું નિદાન (કારણ) કફજ કૃમિયોના જેવુંજ છે. તેનું સ્થાન પકવાશય છે. તે વધીને નિચેની બાજુએ જાય છે, અને જે કોઈ આમાશયની તરફ જાય છે તેના ઓડકારમાં તથા શ્વાસમાં વિષ્ટા જેવી ગંધ આવે છે. તેમાંથી કોઈ સૂક્ષ્મ ગોળ, લાંબા તથા ધોળા હોય છે. એ તેના ડોરાના જેવા લાંબા હોય છે અને કોઈ

સ્થૂલ, ગોળ, લાંબા તથા કપિશ, નીલ, પીળા તથા પીળા રંગના હોય છે. કકેરૂક, મકેરૂક, લેલિહ, શાલુવક તથા સૌસુરાદ એ તેનાં નામ છે. આમળભેદ, કૃશતા, પરૂષતા તથા રોમાંચને ઉત્પન્ન કરે છે. આ કૃમિ ગુદાના મુખપર આવીને ગુદાના મુખમાં ખંજવાળ, તથા પીડાને ઉત્પન્ન કરે છે. તેથી રોગી વારંવાર ગુદાને ખુશીથી ખંજવાળે છે. ૧૨.

इत्येषश्लेष्मजानां पुरीषजानाञ्चक्रिमीणां समुत्थानसंस्थानवर्णनामप्रभावचिकित्सितविशेषः। चिकित्सितं तु खल्वेषां समासेनोपदिश्य पश्चाद्विस्तरेणोपदेक्ष्यते तत्र सर्वक्रिमीणामपकर्षणमेवादितः कार्य्यम्। ततः प्रकृतिविघातोऽनन्तरं निदानोक्तानांभावानामनुपसेवनमिति १३

આ કફજ તથા પુરીષજોમાં નિદાનાદિની વિશેષતા છે. તેની ચિકિત્સા પ્રથમ સંક્ષેપથી કહીને પછીથી વિસ્તાર પૂર્વક કહેવાશે. ત્યાં કૃમિ રોગમાં પ્રથમ સર્વ કૃમિયોને બહાર કાઢી દેવા યોગ્ય છે. તે પછી પ્રકૃતિ. વિઘાત કરવી જોઇએ તે ઉપરાંત નિદાનમાં કહેલા પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. ૧૩.

કૃમિની ચિકિત્સા.

तत्रापकर्षणंहस्तेनाभिगृह्याभिगृह्यापनयनमुपकरणवता उपकरणेनवा। स्थानगतानान्तु क्रिमीणां भेषजेनापकर्षणं न्यायतश्चतुर्विधम्। तद्यथा, शिरोविरेचनंवमनंविरेचन-मास्थापनमित्यपकर्षणविधिः॥ १४॥

હાથથી તથા કોઈ હથીઆરથી કૃમીઓને દુર કરવા જોઈએ પરંતુ પોતપોતાનાં સ્થાનમાં સ્થિત થયેલા કૃમિયોને દવાથી દુર કરવા જોઇએ. દવા વડે ચાર પ્રકારથી દુર કરી શકાય છે. જેમકે શિરો વિરેચન, વમન વિરેચન (ઉલટી—જુલાબ) તથા આસ્થાપન આ કૃમિને દુર કરવાની વિધિ છે. ૧૪.

प्रकृतिविघातस्त्वेषां कटुतिक्तकषायक्षारोष्णानांद्रव्याणामुपयोगोयच्चान्यदपिकिञ्चिच्छ्लेष्मपुरीषप्रत्यनीकभूतंतत्स्यादितिप्रकृतिविघातः॥ १५॥

કડવા, તિખા, તુરા, ખારા તથા ગરમ પદાર્થોનો ઉપયોગ કરવો, અને બીજા જે કોઇ કફ તથા મળથી વિરૂદ્ધકર્તા પદાર્થો હોય તેનો ઉપયોગ કરવો. આ કૃમિયોના પ્રકૃતિ વિઘાત કહેવાય છે. ૧૫.

अनन्तरंनिदानोक्तानांभावानामनुपसेवनंयदुक्तंनिदानविधौतस्यवर्जनंतथाविधप्रायाणाञ्चापरेषांद्रव्याणामितिलक्षणतश्चिकित्सितमनुव्याख्यातमेतदेवपुनर्विस्तरेणोपदेक्ष्यते॥ १६॥

પ્રકૃતિવિઘાત, ઉપરાંત નિદાન યોગ્ય વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ, અર્થાત નિદાન વિધિમાં જે વાતો કહી હોય તે સર્વનો ત્યાગ કરવો તથા તેના જેવા જે અન્ય પદાર્થો હોય તેનો પણ ત્યાગ કરવો જોઇએ. આ સંક્ષેપથી ચિકિત્સા કહી હવે આગળ વિસ્તાર પૂર્વક કહીએ છીએ. ૧૬.

પેટના કૃમિયોની ચિકિત્સા.

अथनंक्रिमिकोष्ठमा रमग्रेष [illegible] सप्तरात्रंवास्नेहस्वे [illegible] पपाय श्वो [illegible] तेपनंसंशो-धनंपाययितास्मीति, क्षीरदधिगुडतिलमत्स्या- पमांसपिष्टान्नपरमान्नकुसुम्भस्नेह-सम्प्रयुक्तैर्भोज्यैःसायंप्रातरुपपा येत्स दीरणार्थञ्चैव क्रिमीणांकोष्ठाभिसरणार्थञ्च ॥ १७ ॥ भिषगय [illegible] दृष्टायांरजन्यांसुखोषितं [illegible] जीर्णभुक्तञ्च [illegible] [illegible] थास्थापनवमन-विरेचनैस्तदहरेवोपपादय ॥ १८ ॥

જે રોગીના શરીરમાં કૃમિ હોય તેને ૭ અથવાં સાત દિવસ સુધી સ્નેહન કરાવી પછી જે દિવસે સંશોધન કરવું હોય તેના આગલા દિવસે કૃમિયોને ઉભેળવા (જગાડવા) ને માટે તથા તેને કોઠામાં લાવવાને માટે દૂધ, દહીં, ગોળ, તેલ, માછલી, અનુપદેશોના જીવોનાં માંસ, દળેલા પદાર્થ, ખીર, તથા કુસુમના તેલવાળું સવારે તથા બપોરે ભોજન કરવું. ૧૭. તે પછી વૈદ્યે બીજે દિવસે સવારમાં રોગીને સારી રીતે નિંદ્રા આવી છે અને ભોજન તેને સારી રીતે પચી ગયું છે એ જાણીને તે દિવસે આસ્થાપન, વમન તથા વિરેચન કરાવવાં ૧૮.

उपपादनीयश्चेत्स्यात्सर्वान्परीक्ष्यविशेषान् समीक्ष्यसम्य [illegible] । अथाहरेतिब्रूयान्मू-लकसर्षपलशुनकरञ्जशिग्रुमधुशिग्रुखरपुष्प [illegible] स्तृणसुमुखसुरसकुठरक 'गण्डी' क-ण्ड [illegible] [illegible] पर्णासक्षवकफणिज्जकानि । स [illegible] णिअयवायथालाभम् । तानि आहृतानिअभिसमीक्ष्यखण्ड [illegible] श्छे [illegible] यित्वाप्रक्षाल्यपानीयेन प्रक्षालितायांस्थाल्या-समवाप्यगो [illegible] गणार्द्धोदकेनाभ्यासिच्य साधयेत् । सततमवघ [illegible] ये दर्व्यातस्मि-न्नुपशीतीभूतेतुउपयुक्तभूयिष्ठेऽम्भसिगतरसेषुऔषधेषुस्थालीमवतार्य्यसुपरि तं-कषायं [illegible] खोष्णंमदन [illegible] [illegible] [illegible] कल्कतैलाभ्यांहिङ्गुसर्जिकालवणमभ्या संच्य-[illegible] [illegible] यवदास्थापयेदेनम् ॥ १९ ॥

વૈદ્ય જો રોગીને વમન વિરેચનાદિ કરાવવાને યોગ્ય છે એમ માને તો સારી રીતે સર્વ વાતોની પરીક્ષા કરીને તેને કહેવું કે, મૂળા, સરસવ, લસણ, કરંજ, સરગવો, અજમો, ભૂતૃણ, સુમુખ (તુળસીનો પ્રકાર) સફેદ તુળસી, વન તુળસી, ગંડીર, કાલમાલક, પર્ણાસ, ક્ષવક, તથા મરૂઆ આ સર્વ લાવો અથવા તેમાંથી જે જે મળી શકે તે લાવો. એ વસ્તુઓને આણ્યા પછી તેના કડકા કડકા કરીને પાણીથી ધોઇને શુદ્ધ વાસણમાં ગોમૂત્ર તથા ગોમૂત્રથી અર્ધું પાણી નાંખીને તે વસ્તુઓને યથાયોગ્ય જળમાં પકવવી, કડછીથી હલાવતા જવું. જ્યારે ઔષધિયોનો રસ સારી રીતે નીકળી આવે ત્યારે વાસણને ઉતારીને તે ઉકાળાને ગાળી લેવો, પછી કાંઇક હશેકા ક્વાથમાં મીંઢળ તથા વાવડીંગનો કલ્ક, તેલ, સાજીખાર, તથા મીઠું નાંખીને વિધીપૂર્વક આસ્થાપન બસ્તિ આપવી. ૧૯.

સંશોધન ઔષધની વિધિ.

तथार्कालर्ककुटजाढकी [illegible] कटर्य [illegible] येणतथाशिग्रुपीलु [illegible] कटुकसर्षपक-

पायणतय मलकशृङ्गवेरदारुहरिद्रापिचुमर्दकषायेण मदनफलसंयोगसंयोजितेन त्रिरात्रं सप्तरात्रं वास्थापयेत् ॥ २० ॥

આ પ્રકારે લાલ તથા સફેદ આકડો, ઇંદ્રજવ, તુવેર તથા કુષ્ટ (ઉપલેટ) તથા કાયફળના ક્વાથમાં સરગવો, પીલુડી, કોથમીર (એક પ્રકારના ધાણા) કડુ તથા સરસવના ઉકાળામાં આમળાં, સુંઠ, દારૂ હળદર, તથા લીમડાની છાલના ઉકાળામાં મીંઢળ મેળવીને ત્રણ રાત્રિ અથવા સાત રાત્રિ આસ્થાપન બસ્તી આપવી. ૨૦

प्रत्यागतेचपश्चिमेबस्तौप्रत्याश्वस्तंतदहरेवोभयतोभागहरणंसंशोधनंपाययेत्युक्त्या, तस्यविधिरुपदेक्ष्यते ॥ २१ ॥

પાછલી બસ્તી થઇ ગયા પછી રોગીને સાવધાન કરીને તે દિવસે ઉર્ધ્વ ભાગ તથા અધોભાગ બંને તરફથી દોષને કહાડવાને માટે સંશોધન યુક્તિપૂર્વક પાવું તેની વિધિ કહીએ છીએ. ૨૧.

मदनफलपिप्पलीकषायेणुअञ्जलिमात्रेणत्रिवृत्कल्काक्षमात्रमालोड्यपातुमस्मैप्रयच्छेत् । तदस्यदोषमुभयतोनिर्हरतिसाधु ॥ २२ ॥

મીંઢળ તથા પીપળના સોળ તોલા ક્વાથમાં ૧ તોલો નસોતર ઘસીને મેળવીને પાવું. આ ક્વાથ વમન, વિરેચન બંને રીતે દોષોને સારી રીતે બહાર કાઢે છે. ૨૨.

एवमेवकल्पोक्तानिवमनविरेचनानिसंसृज्यपाययेदेनंबुद्ध्यासर्वविशेषानवेक्ष्यमाणः ॥ २३ ॥

આ પ્રકારે કલ્પ સ્થાનમાં કહેલી વમન, વિરેચનની ઔષધિયોને મેળવીને બુદ્ધિથી બળાદિની વિશેષતાને જોઇને પાવી. ૨૩.

વિરેચન થયા પછીનું કામ.

अथैनंसम्यग्विरिक्तंविज्ञायापराह्णेशैखरिककषायेणसुखोष्णेनपरिषेचयेत् । तेनैवचकषायेणबाह्याभ्यन्तरान्सर्वोदकार्थान्कारयेत्शश्वत । तदभावेवाकटुतिक्तकषायाणामौषधानांक्वाथैर्मूत्रक्षारैर्वा परिषेचयेत् । परिषिक्तंचएनंनिवातमागारमनुप्रवेश्यपिप्पलीपिप्पलीमूलचव्यचित्रकशृङ्गवेरसिद्धेनयवाग्वादिनाक्रमेणउपक्रामयेत् ॥ २४ ॥

તે પછી સારી રીતે વિરેચન થયેલું જાણીને દિવસના પાછલા પહોરે અંઘેડાના કાંઇક હશેકા ક્વાથથી રોગીપર સિંચન કરવું, અને તે વડે જળના બાહ્ય તથા અંદરના કાર્યો કરવાં. જો અંઘેડાનો ક્વાથ ન મળે તો કડવી, તિખી, તુરી ઔષધિયોનો ક્વાથ, મૂત્રઅથવા ખારૂ પાણી રોગીપર ચોપડીને પછી રોગીને નિર્વાતસ્થાનમાં લઇ જઇને, પીપળ, પીંપળીમૂળ, ચવક, ચિત્રક તથા સુંઠની સાથે પકાવેલી કાંજી વિગેરેનું ભોજનક્રમથી આપવું. ૨૪.

विलेपीक्रमागतश्चैनमनुवासयेद्विडङ्गतैलेनअक्षमात्रेण । यदिपुनरस्यातिमहद्दा-

ष्ठीवादि[illegible]यीन्मन्येत, शिरस्येवअभिसर्पतःकदाचित्ततःस्नेहस्वेदाभ्यामस्यशि-
रउपपाद्यविरेचयद[illegible] लादिनाशिरोविरेचनेन ॥ २५ ॥

જ્યારે તેને ક્રમથી વિલેપી ખાવાને મળવા લાગે ત્યારે વાવડીંગના તેલથી એક દિવસનું અંતર આપીને બે અથવા ત્રણવાર અનુવાસન બસ્તિ આપવી. એ ઉપરાંત જો પછી તેને બહુજ કૃમિ વધીને શીતાદિ કૃમિ માથામાં જતા જણાય તો માથામાં સ્નેહન તથા સ્વેદન કરીને અંધેડાના ચોખા વિગેરે શિરો વિરેચન કરનાર દવાઓથી શિરો વિરેચન કરાવવું. ૨૫.

કૃમિનાશક દવા.

यस्त्वभ्याहार्य्योविधिः[illegible]ोक्तःक्रिमीणां, सोऽ व्याख्यास्यते । मूषि-
कपर्णींसमूलाग्रप्रतानामपहृत्यखण्डशश्छेदयित्वा उलूखलेक्षोदयित्वापाणिभ्यांपी-
डयित्वाचरसंगृह्णीयात् । तेनरसेनलोहितशालित[illegible]सपलोडयपूपलिकांकृ-
त्वाविधूमेष्वङ्गारेषुविपाच्यविडङ्गतैलवणोपहितांक्रिमिकोष्ठायभक्षयितुंप्रयच्छे-
त् । तदनन्तरंच[illegible]मुदश्विद्वापिप्पल्यादिपञ्चवर्गसंसृष्टंसलवणमनुपाययेत् २६

પ્રથમ જે કૃમિરોગના પ્રકૃતિ વિઘાતમાં ભોજનની વિધી કહી છે તેનું વર્ણન કરવામાં આવે છે. જેમકે મૂષક પર્ણીની જડ તથા પાન વિગેરે સહિત લાવીને તેના કકડા કરીને કચરીને બંને હાથે દબાવી દબાવીને તેનો રસ કહાડવો. એ રસવડે લાલ ચોખાના લોટને બાંધીને તેની પુરીઓ બનાવીને ધુમાડા સિવાયના અંગારામાં પકાવી પછી તેમાં વાવડીંગનું તેલ તથા મીઠું નાંખીને જેના કોઠામાં કૃમિ હોય તેને ખવરાવવું. ભોજન પછી ખાટી કાંજી અથવા દહીંમાં પીપલ્યાદિ પંચ વર્ગ તથા મીઠું મેળવીને પાવું. ૨૬

अनेनकल्पेनमार्कवार्कसहचरनीपनिर्गुण्डीसुमुखसुरसकुठेरककण्डीरकालमालक-
पर्णासक्षवकफणिज्झकबकुलकुटजसुवर्णक्षीरीसुरसानामन्यतमस्मिन्कारयेत्पूपलि-
कानितथाकिलिहीकिराततिक्तक[illegible]वहामलकहरीतकीविभीतकस्वरसेषुकारयेत्पूप-
लिकाः । स्वरसांश्चैतानेकैक[illegible]ःसर्वशोवामधुविलुलितान्प्रातरनशायपातुं-
प्रयच्छेत् ॥ २७ ॥

આ પ્રકારે ભાંગરો, આકડો, સફેદ ફુલનો કાંટા શેરીઓ, કદંબ, નગોડ અને સુમુખ તથા સુરસ, (તુલસીની જાત) વનતુળસી, કૌચાં, કાલમાલક, પર્ણાસ, ક્ષવક, મરૂઆ, બોરસરી, કડુ, સુવર્ણ ક્ષીરી, સુરસ, અંઘેડો, કરીયાતું, સુઅહા, આમળાં, હરડે, બહેડાં તેમાંથી જે મળે તેના રસમાં પુરીઓ બનાવીને ખવરાવવી અને સવારમાં તેમાંની જે મળે તેના સ્વરસમાં મદ્ય મેળવીને ભોજન કર્યા સિવાય પાવું. ૨૭

अथाश्वशकृदाहृत्यमहतिकलिङ्जेप्रस्तीर्य्यातपेशोषयित्वोलूखले[illegible]-
पुनः सूक्ष्माणिचूर्णानिकार[illegible]कषायेणगिफलाकषायेणवाअष्ट[illegible]त्वादश-
कृत्वोवाआतपेसुपरिभावितानभावयित्वाहषदिपुनःसूक्ष्माणिचूर्णानिकारयित्वा-

...કૃ...સમવાપ્યાતુ...ણાંપાણિતલચૂર્ણયાবহা-
સાधुमन्येतमात्रेणसंसृज्याक्रिमिकोष्ठायलेहुंय... ॥ २८ ॥

એ પછી ઘોડાની લાદને લઇને કુંડામાં રાખીને તાપે સુકવીને ખાંયણીઆમાં કચરીને પછી પથ્થરપર પીસીને વાવડીંગ અથવા ત્રિફળાના ઉકાળામાં આઠ તથા દશ વાર ભાવના દઇને તાપમાં સુકવવી પછી શિલ્લાપર પીસીને નવીન માટીના વાસણમાં ભરીને ગુપ્ત રાખવું પછી તે ચુર્ણમાંથી ૧ તોલો અથવા જેટલું યોગ્ય જણાય તેટલું મધ સાથે મેળવીને જેના કોઠામાં કૃમિ હોય તેને ચટાડવું. २८

तथाभल्लातकास्थीन्याहार्य्यंकलशप्रमाणेनसम्पोथ्यस्नेहभाविते दृढेकलशेसूक्ष्माने-
का...छिद्रबध्नेमृदावलिप्तेसमवाप्य... पेनापिधाय भूमौआकण्ठं ...त...वित-
स्यैवअन्यस्यदृढस्य ...स्यउपरिसमारोप्यसमन्ता...गोमयकपाभिरत्यदाहयेत् । स-
यदाजानीयात्सा...दग्धानिग...यानिमलितस्ने...निभल्लातकास्थीनिततस्तंकुम्भ-
मुद्धारये... । अथतस्मा...तीया... कुम्भात्तंस्नेहमादायविडङ्गतण्डुलचूर्णैःस्नेहार्द्ध-
मात्रैःप्रतिसंसृज्यातपेसर्वमहः...यित्वातत...मात्रा...मयच्छेत्पानाय । तेनसाधु-
विरिच्यते... ...नु...वीयथोक्ता ॥ २९ ॥

તેવીજ રીતે એક લોટો ભરીને ભિલામાની ગોટલીઓ મંગાવીને ખાંડી પછી ચિકણા મજબુત ઘડામાં કે જેની નિચે એક ઝીણું છિદ્ર રહેવા દીધું હોય તેમાં ભરીને પછી તેપર સકોરૂં ઢાંકીને તેના મુખને કપડ છાણુથી બંધ કરવું. પછી જમીનમાં એક ચિકણો પાકો ઘડો ગળાસુધી દાટવો અને તેનું મુખ ઉઘાડું રાખવું, તેના મ્હોંપર ભિલામાંથી ભરેલો ઘડો ગોઠવીને તેનું મ્હોં કપડ છાણુથી બંધ કરી દઈ પછી તે ઉપર અડાયાં છાણાંનો અગ્નિ સળગાવવો. જ્યારે છાણાં સારી રીતે બળી જાય અને ભિલામાંની મીંજમાંથી તેલ નીકળી જાય અને જાણે હવે બીલકુલ તેલ રહ્યું નથી તો પછી ઉપરનો ઘડો ઉખાડી લેવો અને જમીનમાં દાટેલા ઘડામાંથી તેલ લઇને તે તેલમાં તેલથી અર્ધાભાગે વાવડીંગનું ચુર્ણ મેળવીને આખો દિવસ તાપે મુકવું, પછી તે તેલ યોગ્ય પ્રમાણથી પીવરાવવું. તેના પીવાથી સારી રીતે વિરેચન (જુલાબ) થાય છે. વિરેચન પછીના પથ્યાદિનો ક્રમ પ્રથમ પ્રમાણે જ જાણવો જોઇએ.

एवमेवभद्रदारुसरलकाष्ठस्नेहा... पकल्प्यपातुं...त् । अ... वासयेच्चनमनुवास-
नकाले ॥ ३० ॥

એ પ્રકારે દેવદાર, પીળા બેરજાના લાકડાનું તેલ કહાડીને પાવું જોઇએ અને અનુવાસનના સમયમાં અનુવાસન આપવું જોઇએ. ૩૦.

બિડંગ તેલ.

अथाहरेतिब्रूयाच्छारदान्नवांस्तिलान्सम्पदुपेतानाहृत्यसुनिष्पूतान्निष्पूयसुशुद्धा-
ञ्छोधयित्वाविडङ्गकषायेःसोष्णेप्रक्षिप्यसुनिर्वापितान्निर्वापयेदादोषगमनात् ।

गतदोषाणामसमीक्ष्य प्रशस्तानां मलुच्यपुनरेवम्लानांप्रणूतखुश्वाच्छोमयि-
त्वाविड.कषायेणत्रिःसप्तकृत्वः परिभावितान् भाव यत्वाऽऽतपेशोषयित्वोलूख-
लसं यदपदिपुनःश्लक्ष्णपिष्टान्कारयित्वाद्रोण्यामभ्यवधायविडङ्गकषायेण मुहु-
रवसिञ्चन्पाणिमर्दमर्दये । तास्मन्स्व मपीड्यमानेयत् तैलमुदिय जत्पाणिभ्यां
पर्य्य यशुचौदृढेकलशेसमासिच्य गुप्तंनिधापये । अथाहरेत् पाविलुका-
हाकयोर्द्वौविल्वमात्रौपिण्डौ अपिष्टौ कषायेण, तयोः मात्राभ्यामा-
तयोर मात्रौदन्तां वन्त्याश्चतोऽर्द्धमात्राचव्य चित्रकयोरित्येतत्सम्भारंविडङ्गक-
षायस्याढकमात्रेणप्रतिस ज्यततस्तैलप्रस्थमावाप्य सर्वमालोड्यमहतिउपयोग-
समासज्य मान्येग्नित्यमहत्यासने स्वोपविष्टःसर्वतःस्नेहमवलोकय अजस्रम-
मिना साधयेद्दर्व्यासततमवघट्टय । सयदा जानीयाद्विरमतिशब्दःप्रशाम्यति च
फेनः, प्रसादमापद्यतेस्नेहे यथास्वंगन्धवर्णरसोत्पत्तिःसंवर्तते च, भेषजमंगुलिभ्यां
मृद्यमानमनतिमृदु मनातिदारुणमनं किञ्चाहि चेति । सकाल तस्यावतारणाय । त-
तस्तमवतार्य तं शीतीभूतमहतेनवाससापरि यशुचौदृढेकलशेसमासिच्यपिधाने-
पिधायशुक्लेनवस्त्रपट्टेनआच्छाद्य सूत्रेणसुबद्धंसुनिगुप्तंनिधापयेत् । ततोऽस्मैमात्रांप्रय-
च्छेत् पानाय ॥ ३१ ॥

શરદ ઋતુમાં ઉત્પન્ન થએલ નવીન તલને મંગાવીને બહુજ સાફ કરી ધોવરાવીને વાવડીંગના ક્વાથમાં ૨૧ વાર ભાવના આપીને તાપમાં સુકવીને . ખાંયણીઆમાં ખાંડીને શિલાપર પીસીને તેને કોઈ ચિકણા વાસણમાં ભરીને તે પર વાવડીંગનો ક્વાથ રેડવો અને વારંવાર ક્વાથને રેડતા જવું ને હાથથી મસળતા જવું અને જે તેલ નીકળે તેને પવિત્ર અને મજબુત વાસણમાં રેડીને બંધ કરીને મુકવું. પછી પહાણી લોદર તથા કોદ્રા ચાર ચાર તોલા, કાળું નસોતર તથા ધોળું નસોતર બબે તોલા, અને ચવક તથા ચિત્રક બબે માસા, દંતી (નેપાળો) અને દ્રવંતી (મોટો નેપાળો) એક એક તોલો તે સર્વને વાવડીંગના ક્વાથમાં ઘુંટીને વાવડીંગના ૧૨૮ તોલા ઉકાળામાં ઘોળીને ઉપરના ૬૪ તોલા તેલમાં મેળવવું. તે તેલને મોટી કઢાઇમાં નાંખીને અગ્નિપર ચઢાવવું અને સ્વસ્થ થઇને સારા આસનપર બેસીને સર્વ તરફથી તેલપર નજર રાખીને કડછીથી હલાવતા જવું અને મંદાગ્નિમાં પકવવું. જ્યારે તેલનો શબ્દ (ખખળાટ) બંધ થાય અને ફીણ નીકળવું બંધ થાય અને તેલમાં નિર્મળતા દેખાવા લાગે અને ઔષધિયોની સુગન્ધિ, વર્ણ તથા રસ તેલમાં આવી જાય અને ઔષધીયોને બહુજ દબાવવાથી બહુ કઠિન નહિ તેમ નરમ પણ નહી, ને આંગળીયોમાં બત્તી માફક થઇ જાય ત્યારે તેને ઉતારીને ઠંડુ થયા પછી વસ્ત્રથી ગાળી પવિત્ર અને મજબુત વાસણમાં રાખવું અને તે કલશના મુખને ઢાંકી ધોળા વસ્ત્રથી તેના મુખને બંધ કરી ને યત્નપૂર્વક તેને સુરક્ષિત સ્થાનમાં રાખવું અને જરૂર પડે યોગ્ય પ્રમાણથી પાવું. ૩૧

तेनसा विरिच्यते । सम्यगपहृतदोषस्यचास्यानुपूर्वीयथोक्ता । ततश्चनम् चास-यैदनुवासनकाले ॥ ३२ ॥

એથી સારી રીતે જુલાબ લાગે છે. વિરેચનની ઉપરાંત પથ્યાદિનો ક્રમ પ્રથમના જેવો જ જાણવો જોઇએ. તે પછી અનુવાસનના સમયમાં અનુવાસન કર્મ કરવું. ૩૨.

एतेनैवचपाकविधिनासर्षपकरञ्जकोषातकीस्नेहान्पक्त्वापाययेत्सर्वविशेषानव-चमानस्तेनामदोभवति ॥ ३३ ॥

એજ રીતે સરસવ, કરંજ અને કડવા તુરીયાનાં બીનું તેલ બનાવીને સર્વ વિશેષોને જોઇને પાવું. આ પ્રકારથી કૃમિરોગનો નાશ થાય છે. ૩૩

इत्येतद्द्वयानांश्लेष्मपुरीषसम्भवानांक्रिमीणांसमुत्थानस्थानसंस्थानवर्णनामप्रभाव-चिकित्सितविशेषाव्याख्याताः सामान्यतः ॥ ३४ ॥

આ પ્રકારે કફજ તથા પુરીષજ બંને પ્રકારના કૃમિયોના નિદાનસ્થાન, આકૃતિ, વર્ણ, નામ, પ્રભાવ, તથા ચિકિત્સાનું વર્ણન સામાન્યરીતે કરવામાં આવ્યું. ૩૪.

विशेषतस्तुअल्पमात्रमास्थापनानुवासनानुलोमहरणंभूयिष्ठंतेष्वौषधिपुरीषजानां-क्रिमीणांचिकित्सितंकार्य्यंमात्राधिकम्पुनः शिरोविरेचनवमनोपशमनभूयिष्ठंते-ष्वौषधेषुश्लेष्मजानांक्रिमीणांचिकित्सितंकार्य्यम् । इत्ययंक्रिमिघ्नोभेषजविधिरनु-व्याख्यातोभवति ॥ ३५ ॥

આ બંનેમાં વિશેષતા એ છે કે પુરીષજ કૃમિયોમાં સ્વલ્પ માત્રાથી આસ્થાપન, અનુવાસન તથા વિરેચન ઘણે ભાગે કરવું જોઇએ અને કફજ કૃમિયોમાં અધિક માત્રાથી શિરો વિરેચન, વમન, તથા ઉપશમન ઘણે ભાગે કરવું જોઇએ. આ રીતે કૃમિયોની ચિકિત્સાની વિધિ કહેવામાં આવી. ૩૫.

तमनुतिष्ठतायथास्वंहेतुवर्जनेप्रयतितव्यम् । यथोद्देशमेवमिदंक्रिमिकोष्ठचिकित्सि-तंयथावदनुव्याख्यातंभवतीति ॥ ३६ ॥

આ વિધિના કરનારા પુરૂષે નિદાનોક્ત આહાર વિહારોનો ત્યાગ કરવાનો બહુજ યત્ન કરવો. આ રીતે કૃમિના કોઠાવાળાની ચિકિત્સા યોગ્ય રીતે કહેવામાં આવી. ૩૬

तत्र श्लोकाः ।

अपकर्षणमेवादौक्रिमीणांभेषजंस्मृतम् । ततोविघातःप्रकृतेर्निदानस्यचवर्जनम् ॥३७॥

તેમાં આ શ્લોક છે, કૃમિ રોગમાં પ્રથમ કૃમિયોને બહાર કાઢવા એજ ઔષધ છે. તે પછી પ્રકૃતિ વિઘાત અને નિદાનોક્ત આહાર વિહારોનો ત્યાગ કરવો જોઈએ. ૩૭

एतावद्भिषजाकार्य्यंरोगेरोगेयथाविधि । अयमेवविकाराणामवेषामपिनिग्रहे ॥३८॥

विधिर्दृष्टस्त्रिधायोऽयंक्रिमीनुद्दिश्यकीर्त्तितः । संशोधनंसंशमनंनिदानस्यचवर्जनम् ३९

સંપૂર્ણ રોગોમાં વિધિપૂર્વક એજ ક્રમ કરવો જોઈએ. કૃમિયોના વિષયમાં જે આ

ત્રણ પ્રકારની ચિકિત્સા અર્થાત સંશોધન, સંશમન તથા નિદાનોક્ત, અહાર વિહારોનો ત્યાગ કરવો એજ કહ્યું છે તેજ સંપૂર્ણ રોગોને શાંત કરવામાં કરવું જોઇએ. ૩૮–૩૯

અધ્યાયનો સંક્ષેપ.

व्याधितौपुरुषौज्ञा …भिषजासप्रयोजनौ । विंशतिः…मयस्त्वषां …दःसप्तको- गणः ॥ ४० ॥ उक्तोव्याधितरूपीयविमाने परमर्षिणा । शिष्यसंबोधनार्थञ्च- व्याधिप्रशमनायच ॥ ४१ ॥

બે પ્રકારના વ્યાધિત પુરૂષ, પ્રયોજન સહિત મૂર્ખ તથા જ્ઞાની વૈદ્ય, વીસ પ્રકારના કૃમિ તથા કૃમિયોનાં નિદાનાદિક સાત ગણ, (૪૦) એ સર્વ વિષય, આ વ્યાધિતરૂપીય વિમાનમાં ભગવાન્ આત્રેયજીએ શિષ્યોને શિખવાને માટે તથા રોગોની શાંતિને માટે કહ્યા છે. ૪૧.

इति व्याधितरूपीयंविमानं समाप्तम् ॥ ७ ॥

ઇતિ વ્યાધિતરૂપીયં વિમાનં નામનો સાતમો અધ્યાય સમાપ્ત થયો. ॥ ૭ ॥

॥ अष्टमोऽध्यायः ॥

अथातो रोगभिषग्जितीयमध्यायंव्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે રોગભિષગ્જીતીય અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

શાસ્ત્ર પરીક્ષા.

…बुद्धिमानात्मनःकार्य्य…लाघवेकर्मफलमनुबन्धंदेशकालौच विदित्वा …क्तिदर्शना- द्भिषग् …बुः शास्त्रमेवादितःपरीक्षेत । विविधानिहिशा…णिभिषजांप्रचरन्ति- लोके । तत्रयन्मन्येत महद्यशस्विधीरपुरुषानुमोदितमर्थव…लमाप्तजनपूजितंत्रिवि- धशिष्यबुद्धिहितमपगतपुनरुक्तदोषमार्षंसुप्रणीतसूत्रभाष्यसंग्र…क्रमंस्वाधारमन…प- तित…ब्दं…कलाभिधानंक्रमागतार्थमर्थतत्त्वनिश्चयप्रधानंसङ्गतार्थमस… लप्रकरणमाशु प्रबोधकंलक्षणवच्चोदाहरणवच्चतदभिप्रपद्येतशास्त्रम् । शास्त्रंह्येववि- धममल…वादित्यस्तमोवि…ध्यप्रका…शयतिसर्वम् ॥ १ ॥

બુદ્ધિમાન પુરૂષ જો વૈદ થવા ઇચ્છે તો તેણે પોતાના કાર્યની ગુરૂતા, લઘુતા, કર્મનાં ફળ, અનુબંધ, દેશ તથા કાલને જાણીને યુક્તિ પૂર્વક પ્રથમ શાસ્ત્રનીજ પરીક્ષા કરવી. લોકમાં વૈદ્યોના અનેક શાસ્ત્રોના પ્રચાર છે. તેમાંથી જેને યશસ્વી તથા ધીર પુરૂષ ગ્રહણ કરે છે જેમાં અર્થનો વિસ્તાર હોય, આપ્ત લોક જેની પ્રસંશા કરતા હોય જે ત્રણ પ્રકારના શિષ્યોને શિખવાને માટે હિતકર હોય, જેમાં પુનરુક્તિ દોષ ન હોય, જે ઋષિ પ્રણીત હોય,

જેમાં સૂત્ર, ભાષ્યનો ક્રમ સારી રીતે હોય, જેમાં શાસ્ત્રાન્તરની અપેક્ષા ન હોય જેમાં દૂષિત શબ્દ ન હોય, જેના શબ્દ કઠિન ન હોય, જેમાં પુષ્ટ વિષયોનું વર્ણન હોય જેનો અર્થ પરંપરાથી પ્રાપ્ત થતો હોય, જેમાં અર્થતત્વનો પ્રધાનપણે નિશ્ચય હોય, જેમાં અસંગત અર્થ ન હોય, જેનાં સર્વ પ્રકરણ જુદાં જુદાં હોય જેનો જલ્દી બોધ થતો હોય અને જેમાં લક્ષણ તથા ઉદાહરણ બંને હોય તે શાસ્ત્રને ગ્રહણ કરવાં જોઇએ. કેમકે એ પ્રકારનાં શાસ્ત્ર નિર્મળ સૂર્યની માફક અંધકારને દૂર કરીને સર્વને પ્રકાશિત કરે છે. ૧

આચાર્યની પરિક્ષા.

ततोऽनन्तरमाचार्यं परीक्षेत । तद्यथा—पर्यवदातश्रुतं परिदृष्टकर्माणं दक्षं दक्षिणं शुचिं जितहस्तमुपकरणवन्तं सर्वेन्द्रियोपपन्नं प्रकृतिज्ञं प्रतिपत्तिज्ञमनुपस्कृतविद्यमनहंकृतमनसूयकमकोपनं क्लेशक्षमं शिष्यवत्सलमध्यापकं ज्ञापनासमर्थं चेत्येवंगुणो ह्याचार्यः सुक्षेत्रमार्तवो मेघ इव शस्यगुणैः सुशिष्यमाशु वैद्यगुणैः सम्पादयति । तमुपसृत्यारिराधयिषुरुपचरेदग्निवच्च देववच्च राजवच्च पितृवच्च भर्तृवच्चाप्रमत्तः । ततस्तत्प्रसादात्कृत्स्नं शास्त्रमधिगम्य शास्त्रस्य दृढतायामभिधानसौष्ठवस्यार्थस्य विज्ञाने वचनशक्तौ च भूयो भूयः प्रयतेत सम्यक् ॥ २ ॥

ત્યાર પછી આચાર્યની પરીક્ષા કરવી જેમકે સારી રીતે વેદના જાણનારા, દષ્ટકર્મ, ચતુર, સરળ ચિત્તવાળા, પવિત્ર, જીત હસ્ત, સામગ્રીવાળા, સંપૂર્ણ ઇન્દ્રિયોવાળા, પ્રકૃતિના જાણનારા, પ્રતિ પતિના જાણનારા, અન્ય શાસ્ત્રોને પણ જાણનારા, અસૂયા રહિત, ક્રોધ રહિત, કલેશને સહેનારા, શિષ્યો સાથે સ્નેહ કરનારા અધ્યાપક અને સમજાવવામાં સમર્થ એ પ્રકારના આચાર્ય શિષ્યને એવા જલ્દી વૈદકના ગુણોવાળો બનાવે છે કે જેમ વર્ષા ઋતુમાં વરસાદ સારી રીતે ખેતરને અન્નના ગુણોવાળું કરે છે. એવા આચાર્યની પાસે જઇને સાવધાનતા પૂર્વક અગ્નિ, દેવતા, રાજા, પિતા, તથા સ્વામીના સરખી તેની સેવા કરવી. તેની કૃપાથી સંપૂર્ણ શાસ્ત્રને જાણીને પછી શાસ્ત્રની દઢતામાં, કથનની સુંદરતામાં, અર્થ જ્ઞાનમાં તથા વચન શક્તિમાં બહુજ યત્ન કરવો. ૨

तत्रोपाया व्याख्यास्यन्ते । अध्ययनमध्यापनं तद्विद्यसंभाषा चेत्युपायाः ॥ ३ ॥

તેના ઉપાયોનું વ્યાખ્યાન કરવામાં આવે છે. અધ્યન, અધ્યાપન તથા તદ્વિદ્યા સંભાષા (વૈદ્યક વિદ્યાવાળાઓથી સંભાષણ) એ ઉપાય છે. ૩

અધ્યયનની વિધિ.

तत्रायमध्ययनविधिः कल्यः कृतक्षणः प्रातरुत्थायोपव्यूषं वा कृत्वाऽऽवश्यकमुपस्पृश्योदकं देवर्षिगोब्राह्मणगुरुवृद्धसिद्धाचार्येभ्यो नमस्कृत्य समे शुचौ देशे सुखोपविष्टो मनःपुरःसराभिर्वाग्भिः सूत्रमनुक्रामन् पुनः पुनरावर्तयेत् बुद्ध्वा सम्यगनुप्रविश्यार्थतत्त्वं स्वदोषपरिहारपरदोषप्रमाणार्थमेवं मध्यन्दिनेऽपराह्णे रात्रौ च शश्वदपरिहापयन्नध्ययनमभ्यस्येदित्यध्ययनविधिः ॥ ४ ॥

ત્યાં અધ્યયનની વિધિ આ છે. જેમ નીરોગ પુરૂષ, ઉત્સવ, કરીને સવારમાં અથવા કાંઈક રાત્રિ રહે ત્યારે ઉઠીને સંન્ધ્યા વન્દનાદિ આવસ્યક કાર્ય કરીને, આચમન કરીને, દેવતા, ગાય, બ્રાહ્મણ, વૃદ્ધ, ગુરૂ, સિદ્ધ, તથા આચાર્યોને નમસ્કાર કરીને, સમ, પવિત્ર દેશમાં ઉત્તમ સ્થાનમાં, સુખ પૂર્વક બેસીને મન લગાવીને, વારંવાર સૂત્રોની આવૃત્તિ કરવી. અને આવૃત્તિ કરવામાં દોષોનો નાંશ કરવાને માટે તથા પ્રમાણુને માટે બુદ્ધિથી સારી રીતે અર્થતત્વને વિચારતા જવું. આ પ્રકારે મધ્યાન્હમાં બપોર પછી, તથા રાત્રિએ પણ અધ્યયનનો અભ્યાસ કરવો એ અધ્યયનની વિધિ છે. ૪

અધ્યાપનની વિધિ.

अथाध्यापनविधिः, अध्यापनकृतबुद्धिराचार्य्यः शिष्यमादितः परीक्षेत, तद्यथा—प्रशान्तमार्य्यप्रकृतिकमक्षुद्रकर्माणमृजुचक्षुर्मुखनासावंशं तनुरक्तविशदजिह्वमविकृतदन्तौष्ठम् अमिन्मिणं धृतिमन्तमनहङ्कृतं मेधाविनं वितर्कस्मृतिसम्पन्नमुदारसत्त्वं तद्विद्यकुलजमथवा तत्त्वाभिनिवेशिनमव्यङ्गमव्यापन्नेन्द्रियं निभृतमनुद्धतमव्यसनिनं शीलशौचाचारानुरागदाक्ष्यप्रादक्षिण्योपपन्नमध्ययनाभिकाममर्थविज्ञाने कर्मदर्शने चानन्यकार्य्यमलुब्धमनलसं सर्वभूतहितैषिणमाचार्य्यसर्वानुशिष्टिप्रतिकरमनुरक्तमेवंगुणसमुदितमध्याप्यमेवमाहुः । एवंविधमाचार्य्योऽध्ययनार्थमुपस्थितमारिराधयिषुमनुभाषेत ॥ ५ ॥

અધ્યાપનની વિધિ આ છે કે અધ્યાપનને વિષે જેની બુદ્ધિ છે તેવા આચાર્યે પ્રથમ શિષ્યની પરીક્ષા કરવી. જેમકે પ્રશાંત, આર્ય પ્રકૃતિ, ક્ષુદ્ર કાર્ય ન કરનાર, સીધાં નેત્ર, મુખ તથા નાશિકાના વંશવાળો, પાતળી તથા શુદ્ધ જીભવાળો, વિકાર રહિત દાંત તથા ઓઠવાળો, ધૈર્યવાળો, અહંકાર રહિત, બુદ્ધિવાળો, તર્કરહિત, તથા સ્મૃતિ વાળો, મહા સત્વવાળો, જે વિદ્યાને જાણુવા ઇચ્છતો હોય તે વિદ્યાના જ્ઞાન વાળાના કુળમાં ઉત્પન્ન થએલ અથવા તે વિદ્યામાં બહુજ રૂચિ રાખતો હોય, તત્વને જાણુવાની ઇચ્છા રાખતો હોય, વ્યંગ રહિત, કોઇ ઇન્દ્રિયમાં દોષવાળો ન હોય, ઉદ્દંડ ન હોય, શીલ, શૌચ, અનુરાગ, ચતુરતા તથા સરળતાવાળો, ભણુવાની ઇચ્છા કરવાવાળો, અર્થ, જ્ઞાન તથા કર્મ દર્શનમાં ચિત્ત લગાવનાર, લોભ રહિત, આળસવગરનો, સર્વ પ્રાણિયોનું હિત ઇચ્છનારો, આચાર્યની સર્વ આજ્ઞાઓને માનનારો અને આચાર્યથી સ્નેહ કરનારો એવા પુરૂષને ભણાવવા યોગ્ય કહેલો છે. એવા ગુણોવાળા પુરૂષે બહુજ વખતથી અધ્યયનને માટે તૈયાર થએલો જોઇને અને તેની આરાધન કરવાની ઇચ્છા જાણીને તેને કહેવું કે. ૫

ઉપદેશ.

उदगयने शुक्लपक्षे प्रशस्तेऽहनि तिष्यहस्तश्रवणाश्वयुजामन्यतमेन नक्षत्रेण योगमुपगते भगवति शशिनि कल्याणेषु स्नातः कृतोपवासो मुण्डः काषायसंवीतः समिधोऽग्निमाज्यमुपलेपनमुदककुम्भांश्च गन्धरत्नमाल्यदामहिरण्यहेमरजतम- का-

विद्रुमक्षौमपरिधीश्च कुशलाजसर्षपाक्षतांश्च शुक्लाः सुमनसो ग्रथिताग्रथिताश्च मेध्यांश्च भक्ष्यान् गन्धांश्च पिष्टानादायोपतिष्ठस्वेति । स तथा कुर्य्यात् ॥ ६ ॥

ઉત્તરાયણ, શુક્લપક્ષમાં, શુભ દિવસમાં જ્યારે પુષ્પ, હસ્ત, શ્રવણ તથા અશ્વિની આ નક્ષત્રોમાંથી કોઇમાં ભગવાન ચંદ્રમાનો જ્યારે યોગ હોય ત્યારે શુભ મુહુર્તમાં સ્નાન કરીને, વ્રતકરીને વાળીને, મુડાવીને, કાષાય વસ્ત્ર પહેરીને, સમિધ અગ્નિ, ઘી, ઉપલેપન, જળકુંમ્ભ, જેના હાથમાં સુગંધિત માળા હોય, ધન, સોનુ, ચાંદી, મણિ, મોતી, મૂંગા રેશમી વસ્ત્ર, પરિધિ (યજ્ઞ સંબંધી વૃક્ષોની શાખા) દાભ, લાજ, સરસવ, અક્ષત, ધોળાં પુષ્પ, ધોળાં પુષ્પોની માળા, પવિત્ર ભોજનના પદાર્થ અને દળેલા તથા દળ્યા સિવાયના ગંધદ્રવ્ય આ વસ્તુઓને લઇને આવો અને શિષ્યે તે પ્રકારે કરવું. ૬.

तमुपस्थितमाज्ञाय समे शुचौ देशे प्राक्प्रवणे उदक्प्रवणे वा चतुष्किष्कुमात्रं चतुरस्रं स्थण्डिलं गोमयोदकेनोपलिप्तं कुशास्तीर्णं सुपरिहितं परिधिभिश्चतुर्दिशं यथोक्तचन्दनोदककुम्भक्षौमहेमहिरण्यरजतमणिमुक्ताविद्रुमालङ्कृतं मेध्य--भक्ष्य--गन्धशुक्लपुष्पलाजसर्षपाक्षतोपशोभितं कृत्वा तत्र पालाशीभिरैङ्गुदीभिरौदुम्बरीभिर्माधुकीभिर्वा समिद्भिरग्निमुपसमाधाय प्राङ्मुखः शुचिरध्ययनविधिमनुविधाय मधुसर्पिर्भ्यां त्रिस्त्रिर्जुहुयादग्निम् । आशीःसंप्रयुक्तैर्मन्त्रैर्ब्रह्माणमग्निं धन्वन्तरिं प्रजापतिमश्विनाविन्द्रमृषींश्च सूत्रकारानभिमन्त्रयमाणः । पूर्वं स्वाहेति शिष्यश्चैनमन्वारभेत हुत्वा च प्रदक्षिणमग्निमनुपरिक्रामेत । ततोऽनुपरिक्राम्य ब्राह्मणान् स्वस्ति वाचयेत् । भिषजश्चाभिपूजयेत् ॥७॥

તે વસ્તુઓને લઇને શિષ્યને આવેલો જાણીને સમ પવિત્ર, ઉત્તર અથવા પૂર્વની તરફ નીચેના સ્થાનમાં ચાર હાથના ચોકા કરીને સ્થંડિલ (યજ્ઞ માટેની જમીન) ને ગોબરથી લીંપીને તેપર દર્ભનું આસન બિછાવીને તેની ચારે તરફ પરિધિ અર્થાત યજ્ઞ વૃક્ષોની શાખા રાખીને પૂર્વોક્ત ચંદન, જળનો ઘડો, રેશમી વસ્ત્ર, સોનું, ધન, ચાંદી, મણિ, મોતી તથા મૂંગાથી તે સ્થાનને શોભાવાળું કરવું અને પવિત્ર ખાવા યોગ્ય પદાર્થ, ગંધ દ્રવ્ય, શ્વેત પુષ્પ, ખીલ સરસવ તથા અક્ષતોને ત્યાં રાખીને ખાખરાની, ગુંદીની, ગુલરની અથવા મહુડાંની સમિધિઓથી અગ્નિને પ્રજ્વલિત કરીને પવિત્ર થઇને પૂર્વાભિ મુખ બેસીને અધ્યયન વિધીને કરીને આશીર્વાદાત્મક મંત્રોથી, અગ્નિમાં ત્રણ ત્રણ વાર ઘી તથા મદનો હવન કરવો, પછી બ્રહ્મા, અગ્નિ, ધન્વંતરી, પ્રજાપતિ, અશ્વિની કુમાર, ઇન્દ્ર તથા સૂત્રકાર ઋષિ એમના ચારેના નામના અંતે સ્વાહા શબ્દ બોલીને અભિમંત્રિત કરીને હવન કરવો અને આચાર્યની પછી શિષ્યે પણ હવન કરવો. હવન પછી અગ્નિની પ્રદક્ષિણા કરીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિ વાચન કરાવવું અને વૈદ્યોનું પૂજન કરવું. ૭.

अथैनमग्निसकाशे ब्राह्मणसकाशे भिषक्सकाशे चानुशिष्यात् । ब्रह्मचारिणा श्मश्रुधारिणा सत्यवादिना अमांसादेन मेध्यसेविना निर्मत्सरेणाशस्त्रधारिणा भवितव्यम् । न च ते मद्वचनात् किञ्चिदकार्यं स्यादन्यत्र राजद्विष्टात् प्राणहरादिपुलादधर्म्यादनर्थसंप्रयुक्ताद्वाप्यर्थात् । मदर्पणेन मत्प्रधानेन मदधीनेन मत्प्रियहितानुवर्तिना च शश्वद्

कर्तव्यम् । भवतासव न्यथचोपचरता सन्नव्योऽहम् । अ नुज्ञकनावहितेन-अनन्यमनसाविनीतेनावेक्ष्यावेक्ष्यकारिणाअनसूयकेनचाभ्यनुज्ञातेनप्रविचरित-व्यम् अ ज्ञातेनचमाचित ता ॥ ८ ॥

તે પછી અગ્નિની નજીક, બ્રાહ્મણોની પાસે તથા વૈદ્યોની પાસે, આચાર્યે શિષ્યને એ શિક્ષણ આપવું કે બ્રહ્મચારી, શ્મશ્રુધારી, સત્યવાદી, અમાંસાશી, પવિત્ર સેવી, મત્સર રહિત તથા અશસ્ત્રધારી તમારે થવું જોઈએ. રાજાથી દ્વેશવાળાં, પ્રાણનાશક, બહુજ અધર્મ-વાળાં તથા અનર્થકારક કાર્યના સિવાય હું જે કાંઇ કહીશ તે સર્વ તમારે કરવું પડશે, જે કાંઈ મળે તે મને અર્પણ કરવું, મને પ્રધાન સમજવો, મારે આધીન રહેવું, અને મને પ્રિય તથા હિત કાર્ય હોય તે કરવાં, પુત્ર સમાન, દાસની માફક તથા અર્થીની મા-ફક મારી સેવા કરવી. નિરભિમાન થઈને, સાવધાન થઈને, અનન્ય ચિત્ત થઇને, નમ્ર થઇને, તથા અસૂયારહિત થઇને મારી પાસે રહેવું અને મારી આજ્ઞા સિવાય કાંઇ કાર્ય ન કરવું. અને આજ્ઞા મેળવીને પણ જો કાર્ય કરવું તો, ૮

વૈદ્યને ઉપદેશ.

पूर्वगुर्वर्थोपाहरणेयथाशक्तिप्रयतितव्यम् । कर्मसिद्धिमर्थसिद्धिं यशोलाभश्चमेत्य-चसर्वमिच्छताभिषजा । गोब्राह्मणमादौकृत्वासर्वप्राणभृतांशर्मण्याशासितव्यम् । अहिरहरुत्तष्ठताचोपविशताचसर्वात्मनाचा राणामारोग्येप्रयतितव्यम् । जीवित-हेतोरपिचातुरेभ्योनातिदोग्धव्यम् । मनसापिचपरस्त्रियोनाभिगमनीयाः । तथा-सर्वमेवपरस्वम् । निभृतवेशपरिच्छेदेनचभवितव्यम् । अशौण्डेनअपापेनअपाप-सहायेनचश्लक्ष्णशुक्लधर्म्यशर्म्यधन्यसत्यहितमितवचसादेशकालविचारीणा स्मृति-मताज्ञानोत्थानोपकरणसम्पत्सुनित्यंयत्नवता । नचकदाचिद्राजद्विष्टानांराजद्वेषि-णांवामहाजनद्विष्टानांमहाजनद्वेषिणांवाऔषधमनुविधातव्यम् । एवंसर्वेषामत्यर्थ-विकृतदुष्टदुःखशीलाचारोपचाराणामनपवादप्रतिकरादीनां मूर्षुतांश्चतथैवासन्नि-हितेश्वराणांस्त्रीणामनध्यक्षाणांवा ॥ ९ ॥

પ્રથમ ગુરૂના પ્રયોજનને સિદ્ધ કરવામાં યથાશક્તિ યત્ન કરવો. કાર્ય સિદ્ધિ, ધન, તથા યશને આ લોકમાં અને મરણ પછી સ્વર્ગને ઇચ્છનારા વૈદ્યે પ્રથમ ગાય, બ્રાહ્મણની અને તે પછી સંપૂર્ણ પ્રાણિયોના સુખની ઇચ્છા કરવી. દરરોજ ઉઠતાં તથા બેસતાં સર્વ પ્રકારના રોગિયોને આરામ કરવાનો યત્ન કરવો જોઇએ. પ્રાણોને નિમિત્ત પણ રોગિયોની પાસેથી બહુજ ધન ન લેવું જોઇએ. પારકી સ્ત્રિયોપર તથા પારકા ધનપર કદી પણ ચિત્ત ન ચોટાડવું જોઇએ. વિનીત (ઉત્તમ) વેષ રાખવો જોઇએ. નમ્ર પરિકર (સ્વભાવ) રાખવો જોઇએ. મદ્યપાન ન કરવો જોઇએ. પાપિયોનો સંગ ન કરવો જોઈએ. મૃદુ, દોષરહિત, ધર્મવાળાં, શાંત, ધન્ય, સત્ય, હિત તથા મિત વચન બોલવાં જોઇએ. દેશ તથા સમયનો વિચાર કરવો જોઈએ, યાદ રાખવું જોઈએ. જ્ઞાન વૃદ્ધિ તથા ઉપકરણની સમ્પત્તિમાં નિત્ય

યત્ન કરવો જોઇએ. રાજાની સાથે દ્વેશ કરનારા અથવા જેની સાથે રાજાનો દ્વેશ હોય તેઓ, શ્રેષ્ટ લોકોની સાથે દ્વેશ કરનારા અથવા શ્રેષ્ટ લોક જેની સાથે દ્વેશ રાખતા હોય તેઓ, અત્યંત વિકૃત દુઃખદાયક, દુષ્ટશીલ, આચાર તથા ઉપચારવાળા, અનપવાદ, પ્રતિકાર વિગેરે તથા જલ્દી મરનારની ચિકિત્સા ન કરવી જોઇએ. અને જે સ્ત્રિયોને પતિ તથા અધિકારી ન હોય તેની પણુ ચિકિત્સા ન કરવી જોઇએ. ૯

नचकदाचित्स्त्रीदत्तमामिषमादातव्यमन. ज्ञातंभर्त्राअथवाअध्यक्षेण । आतुरकुल-श्चा. मावेशतात्वयाविदितेनानुमत [illegible] द्वैपुरुषेणसुसंवीतेनावाक्शिरसा-स्मृतिमतास्तिमितेनअवेक्ष्यावेक्ष्यबुद्धयामनसासर्वमाचरतासम्यगनुप्रवेष्टव्यम् । अनुप्रविश्यचवाङ्मनोबुद्धीन्द्रियाणिनकचित्प्रणिधातव्यानिअन्यत्रातुरोपकारार्था वाआतुरगतेष्वन्येषुवाभावेषु । नचातुरकुलप्रवृत्तयोबहिर्निश्चारयितव्याः । ह्रासि-तश्चयुषःप्रमाणमा. रस्यनवर्णायेतव्यंजानतापिच । तत्रयत्रोच्यमानमातुरस्यअन्य-स्यवाप्युपघातायसम्पद्यते । ज्ञानवतापिचनात्यर्थमात्मनोज्ञानेनविकत्थितव्यम् । आप्तादपिहि । आप्तादपिविकत्थमानादत्यर्थमुद्विजन्तिअनेके ॥ १० ॥

સ્ત્રિયોનું આપેલું આમિષ અથવા કોઈ અન્યવસ્તુ તેના પતિ તથા અધિકારીની આજ્ઞા વિના કદી પણ ન લેવી જોઇએ. રોગીને ઘેર જવું હોય તો પ્રથમ અંદર કહેવરાવીને પછી આજ્ઞા લઇને, કોઇ પુરૂષને સાથે લઇને, વસ્ત્ર વડે શરીરને સારી રીતે ઢાંકીને, નીચે નજર રાખીને, જુની વાતોનું સ્મરણ કરીને, સાવધાન થઇને, બુદ્ધિ તથા મનથી સર્વ વાતોને સમજીને, વિવેચન કરીને રોગીના ઘરમાં પ્રવેશ કરવો જોઇએ. રોગીના ઘરમાં જઇને રોગીના ઉપકારના સિવાય અન્યકોઈ વિષયમાં વાણી, મન, બુદ્ધિ તથા ઇન્દ્રિયને ન જોડવી જોઇએ. અને રોગના સિવાય રોગીને કોઇ બીજા વિષયનો વિચાર પણ કરવો ન જોઇએ. બહાર નીકળીને રોગીના ઘરની વાત અન્ય કોઇને કહેવી ન જોઇએ. રોગીનો આયુષ્ય ક્ષીણ થઈ ગયો છે એ વાત જાણવામાં આવે તો પણ કહેવી ન જોઇએ. એવું કહેવાથી રોગીને તથા અન્ય લોકને પણ ઘણો કલેશ થાય છે. સારી રીતે બહુજ જ્ઞાનવાળા હોવાં છતાં પણ પોતાના જ્ઞાનની પ્રસંશા ન કરવી જોઇએ. કેમકે કોઇ કોઈ લોક બહુજ પ્રસંશા કરવાવાળા પ્રમાણિક પુરૂષોથી પણ ગભરાય છે. ૧૦

नचैवहिअस्तिआयुर्वेदस्यपारं, तस्मादप्रमत्तःशश्वदभियोगमस्मिन् गच्छेत् । तदे-काग्र्यमेवंभूयश्चप्रवृत्तस्यसौष्ठवमनुसूयतापरेभ्योऽप्यगमयितव्य. । कृत्स्नोहि-लोकोबुद्धि [illegible] तामाचार्य्यःशत्रुश्चाबुद्धिमतामेतच्चाभिसमीक्ष्यबुद्धिमताआमन्त्रस्या पि धन्यंयशस्यमा [illegible] ष्यंपाष्टिकंलौकिकम [illegible] :श्रोतव्यमनुविधातव्यश्चेति ११

આયુર્વેદનો પાર નથી. એથી સાવધાન થઇને તેમાં નિરંતર બહુજ શ્રમ કરવો જોઇએ. આ પ્રકારથી સર્વ આચરણ કરવાં જોઇએ અને ગુણોમાં દોષારોપણ ન કરીને દૂષી લોકોથી પણ શ્રેષ્ટ વાતો શીખવી જોઇએ, કેમકે બુદ્ધિમાન લોક સંપૂર્ણ લોકને આચાર્ય માનીને તેની પાસેથી ઉપદેશ લે છે, અને મૂર્ખ લોક સર્વ સંસારને પોતાના શત્રુ સમ સમજે છે, એ

જોઈને બુદ્ધિમાન પુરૂષે દુશ્મનનાં પણ ધન્ય, યશકારી, આયુષ્યને હિત તથા લોકમાં હિતકારી, ઉપદેશ, વચન સાંભળવાં જોઈએ અને તેને અનુકુળ આચરણ કરવાં જોઇએ ૧૧

अतःपरमिदं या वतामद्विजातिगुरुवृद्धसिद्धाचार्य्येषुतेसम्यग्वर्तितव्यम् । तेषु-तेसम्य वर्तमानस्यायमग्निःसर्वगन्धरसरत्नबीजानियथेरिताश्चदेवताःशिवायस्युः अतोऽन्यथावा वर्तमानस्याशिवायेति । एवंब्रूवतिचाचार्य्येशिष्यस्तथेतिब्रूयात् । यथोपदेशश्चकुर्वन्न[illegible] येअतः अन्यथातुअनध्याप्यः अध्याप्यमध्यापयन्हि-आचार्य्योयथोक्तैश्चाध्यापनफलैर्योगमाप्नोतिअन्यैश्चानुक्तैःश्रेयस्करैर्गुणैःशिष्य-मात्मानञ्चयुनक्तिइतिअध्यापनविधिरुक्तः ॥ १२ ॥

અને તે પછી પણ એ કહ્યું છે કે, દેવતા, અગ્નિ, બ્રાહ્મણ, ગુરૂ, વૃદ્ધ, સિદ્ધ તથા આચાર્યોની સાથે સદ્વ્યવહાર કરવો. જો તમે એઓની સાથે સદ્વ્યવહાર કરશો તો તે અગ્નિ, સંપૂર્ણ ગંધ, રસ, રત્ન, બીજ તથા દેવતા તમારૂં કલ્યાણ કરશે અને જો તેમનાથી વિપરીત આચરણ કરશો તો તમારૂં અકલ્યાણ કરશે.

આચાર્યનાં તેવાં વચન સાંભળીને શિષ્યે કહેવું જોઇએ કે બહુજ સારૂં. જે શિષ્ય પૂર્વોક્ત આચરણ કરે તેને ભણાવવાને યોગ્ય જાણવા જોઇએ. અને જે તેથી વિપરીત આચરણ કરે તેને ભણાવવાને અયોગ્ય જાણવા જોઈએ. ભણાવવાને યોગ્ય શિષ્યને ભણાવનાર આચાર્ય ભણાવવાનું યથોક્ત ફળને મેળવે છે, અને અન્ય અનુક્ત ગુણોવાળા પોતાને તથા શિષ્યને કરે છે. આ પ્રકારે અધ્યાપન વિધિ કહેવામાં આવી. ૧૨.

સંભાષણ વિધિ.

अध्ययनाध्यापनविधिवत्सम्भाषाविधिमतऊर्ध्वंव्याख्यास्यामः । भिषग्भिषजा-सहसम्भाषेत । तद्विद्यसम्भाषाहिज्ञानाभियोगसंहर्षकरीभवति । वैशारद्यमाप[illegible]-भिनिर्वर्त्तयतिवचनशक्तिमपिचाधत्तेयशश्चाभिदीपयति । पूर्वंश्रुतेच[illegible]ःपुनः श्रवणाच्छ्रुतसंशयमपकर्षति । श्रुतेचासन्देहवतोभूयोऽध्यवसायमभिनिर्वर्तयति अश्रुत[illegible]श्चिदर्थ[illegible]मापद्यते । यच्चाचार्य्यःशिष्यायशुश्रूषवेप्रसन्न-क्रमेणोपदिशति[illegible]भिमतमर्थजातम्, तत्परस्परेणस जल्पन्पिण्डेनविजिगीषुराह-संहर्षात्तस्मात्त[illegible]द्यसम्भाषामभिप्रशंसन्ति [illegible]ः ॥ १३ ॥

તે ઉપરાંત હવે અધ્યયન તથા અધ્યાપનની વિધિની માફક સંભાષણની વિધિનું વર્ણન કરીએ છીએ. વૈદ્ય વૈદ્યની સાથે સંભાષણ કરે છે તેને તદ્વિદ્ય સંભાષણ કહે છે. તેથી જ્ઞાન તથા વાદની શક્તિ વધે છે. ધૃષ્ટતા થાય છે. વચન શક્તિ વધે છે. યશ મળે છે. પ્રથમ સાંભળેલા જે વિષયમાં સંદેહ હોય તેને ફરી સાંભળવાથી સંદેહ દુર થાય છે. સંદેહ રહિત વિષયમાં પુષ્ટતા મળે છે. જે વિષય સાંભળેલો નથી હોતો તે પણ સાંભળવામાં આવે છે. જે ગુપ્ત વાતો આચાર્ય, શિષ્યને સેવા કરવાથી બહુજ પ્રસન્ન થઇને ક્રમે ક્રમે બતલાવે છે, તે વાતો પરસ્પર વાદ કરવામાં જીતવાની ઇચ્છાથી એકી સાથે કહેવામાં આવે છે. એથી ચતુર લોક તદ્વિદ્ય સંભાષણની પ્રસંશા કરે છે. ૧૩.

द्विविधा खलुतद्विद्यसम्भाषाभवतसन्धायसम्भाषाविगृह्यसम्भाषाच । तत्रज्ञान-विज्ञानवचनप्रतिवचनशक्तिसम्पन्नेनाकोपनेनानुपस्कृतविद्येनानसूयकेनअनुन-नयकोविदेनक्लेशक्षमेणप्रियसम्भाषणेनचसहसन्धायसम्भाषाविधीयते । तथावि-धेनसहकथयन्विश्रब्धःकथयेत् पृच्छेदपिचविश्रब्धःपृच्छतेचास्मैविश्रब्धाय विशद-मर्थंब्रूयात् । नचनिग्रहभयादुद्विजेत । निगृह्यचैनंनहृष्येत्, नचपरे विकत्थेत । नचमोहादेकान्तग्राहीस्यात्, नचाप्रस्तुतमर्थम वर्णयेत् । सम्यक् चा नयनानु-नीयेत, अनुनयाच्चपरंतत्रचावहितः स्यादित्यनुलोमसम्भाषाविधिः ॥ १४ ॥

तद्विद्य संभाषणु बे प्रकारनां होय छे. एक तो परस्पर मळीने संभाषणु करवुं, अने बीजुं परस्पर विग्रह करीने संभाषणु करवुं तेमां ज्ञान, विज्ञान, वचन, तथा प्रतिवचन, शक्तियुक्त, क्रोधरहित, गंभिर विद्यावाळा, गुणोमां दोष न लगावनारा, नम्र, क्लेशने सहन करनारा, तथा प्रियवादी, पुरुषनी साथे संधि करवामां विश्वासवाळां थइने वार्तालाप करवी, विश्वास राखीने पूछवुं अने विश्वास पूर्वक पूछनारा ते पुरुषने बहुज स्पष्ट उत्तर आपवो. हारी जवाना भयथी गभरावुं नहि, तेने जीतीने प्रसन्न न थवुं तेम बीजाना आगळ ते वात कहेवी नहि, मोंथी कोइ वात माटे हठ करवी; जे वात स्पष्ट न थइ होय तेने फरीथी कहेवी, सारी रीते सांत्वन पूर्वक वार्तालाप करतां तेनी साथे संभाषणु करवुं अने सावधान रहेवुं ए संधि करीने संभाषणु करवानी विधि छे. १४.

वाद विधि.

अतऊर्द्ध्वमितरेणसहविगृह्यसम्भाषेतश्रेयसायोगमात्मनःपश्यन् । प्रागेवचजल्पाज्जल्पान्तरंपरावरान्तरंपरिषद्विशेषांश्चसम्यक्परीक्षेतसम्यक्परीक्षाहिबुद्धिमतां-कार्य्यप्रवृत्तिनिवृत्तिकालौचशंसति । तस्मात्परीक्षामतिप्रशंसन्तिकुशलाः । परीक्षमाणस्तुखलुपरावरान्तरमिमाञ्जल्पकगुणाञ्छ्रेयस्करांश्चदोषवतश्चपरीक्षेतस-म्यक् । तद्यथा—श्रुतंविज्ञानंधारणंप्रतिभानंवचनशक्तिरित्येतान्गुणाञ्छ्रेयस्क-रानाहुः । इमान्पुनर्दोषवतःकोपनत्वमवैशारद्यंभीरुत्वमनवधारणत्वमिति । एता-न्द्वयानपिगुणान् गुरुलाघवतःपरस्यचैवात्मनश्चतोलयेत् ॥ १५ ॥

ए उपरांत पूर्वोक्त गुणु जेमां न होय तेनी साथे विग्रह करीने संभाषणु करवुं. जो पोतानुं कांइ कल्याणु जणाय तो विग्रह करीने संभाषणु करवुं, संभाषणु करता पहेलां जल्पान्तर (पोतानी तथा बीजा वैद्यनुं शास्त्रमां बळ) पर, अवर, आतुर तथा सभानी परीक्षा सारी रीते करी लेवी. केमके सारी रीते परीक्षा करवी एज बुद्धिमानोने कार्यनी प्रवृत्ति तथा निवृत्तिना समयने प्रकट करावे छे. एथी चतुर लोक परीक्षानी प्रशंसा करे छे. पर, अवर तथा आतुरनी परीक्षा करनाराए, जल्पक, जल्पकना कल्याणुकारी तथा दोषकारी ए गुणोनी सारी रीते परीक्षा करवी. जेमके श्रुत, विज्ञान, धारणु, प्रतिभा तथा वचन शक्ति ए जल्पकना कल्याणुकारी गुणु छे. अने क्रोध, कुशळतानुं न होवुं, डरकणुं-

પણું તથા સાવધાન ન રહેવું એ દોષકારી ગુણ છે. પોતાનામાં તથા પ્રતિવાદીમાં આ બંને પ્રકારના ગુણોની ગુરૂતા તથા લઘુતાની તુલના કરવી. ૧૫

પ્રતિવાદીના પ્રકાર.

तत्रत्रिविधःपरःसम्पद्यते, प्रवरःप्रत्यवरःसमोवागुणविनिक्षेपतोनत्वेवंकार्त्स्न्येन ॥१६

તેમાં પર (પ્રતિવાદી) ત્રણ પ્રકારના હોય છે. જેવા કે પ્રવર (પોતાનાથી ગુણોમાં શ્રેષ્ટ) પ્રત્વવર (પોતાનાથી ગુણોમાં ઉતરતા) તથા સમ (પોતાના સમાન ગુણવાળાં) એ શ્રેષ્ટતા આદિ ગુણોના વિષયમાં લેવામાં આવે છે. સર્વ વિષયમાં નહિ. ૧૬

સભાના ભેદ.

परिषत्तुखलुद्विविधा, ज्ञानवतीमूढपरिषच्च, सैवद्विविधासतीत्रिविधापुनरनेनकारणविभागेनसुहृत्परिषत्, उदासीनपरिषत्प्रतिनिविष्टपरिषच्चेति ॥१७॥

સભા બે પ્રકારની હોય છે. એક જ્ઞાનવતી સભા અને એક મૂર્ખ સભા. આ બંને ફરી કારણોના વિભાગથી ત્રણ પ્રકારની થાય છે. જેવીકે મિત્ર સભા, ઉદાસીન સભા (જેમાં શત્રુ કે મિત્ર ન હોય) તથા પ્રતિનિવિષ્ટ સભા. (જેમાં દ્વેષી લોક હોય.)૧૭.

तत्रप्रतिनिविष्टायांपरिषदिज्ञानविज्ञानवचनप्रतिवचनशक्तिसम्पन्नायांमूढायांवानकथञ्चित्केनचित्सहजल्पोविधीयते । मूढायान्तुसुहृत्परिषदिउदासीनायांवाज्ञानविज्ञानमन्तरेणाप्यदीप्तयशसामहाजनद्विष्टेनसहजल्पोविधीयतो । तद्विधेनचसहकथयताआविद्धदीर्घसूत्रसंकुलैर्वाक्यदण्डकैःकथयितव्यम् । अतिहृष्टंमुहुर्मुहुरुपहसतापरंनिरूपयताचपरिषदमाकारैर्ब्रुवतश्चास्यवाक्यावकाशोनदेयः । काष्ठशब्दंचब्रुवन्वक्तव्योनोच्यत इति । अथवापुनर्हीनातेप्रतिज्ञेति पुनश्चाह्वयमानःप्रतिवक्तव्यः । परिसंवत्सरंभवान्शिक्षतांतावत् । अथवापर्याप्तमेतावत्ते । सकृदेवहिपारिक्षेपिकंनिहतंनिहतमाहुरिति । नास्ययोगः कर्तव्यःकथञ्चिदप्येवंश्रेयसासहविगृह्यवक्तव्यमित्याहुरेके । नत्वेवंज्यायसासहविग्रहंप्रशंसन्तिकुशलाः ॥१८॥

તેમાંથી જ્ઞાન, વિજ્ઞાન, વચન તથા પ્રતિ વચન, શક્તિવાળું હોય અથવા મૂર્ખોનું હોય, પણ પ્રતિનિવિષ્ટ સભામાં કોઇની સાથે કોઈપણ પ્રકારથી પણ જલ્પ ન કરવો જોઇએ મૂર્ખ, મિત્ર સભા તથા ઉદાસીન સભામાં અધિક જ્ઞાન, વિજ્ઞાન વિના પણ યશસ્વી તથા શ્રેષ્ટ પુરૂષોની સાથે દ્વેષ રાખનારાની સાથે જલ્પ કરવો. સંભાષણ વખતે મોટા મોટા કઠિન સૂત્રોથી મિશ્ર બહુજ મોટાં મોટાં વાક્ય બોલવાં, બહુજ પ્રસન્નતા પૂર્વક વારંવાર હસવું આવે એવું રૂપ બનાવવું તથા ચેષ્ઠા કરવી કે જેથી સભાસદો ને પ્રતિવાદીની મૂર્ખતા પ્રકટ જણાય, પ્રતિવાદીને કહેવાનો અવકાશ ન આપવો. જો પ્રતિવાદી કઠીન શબ્દ બોલે તો કહેવું કે હું કાંઇ કહેતો નથી, અથવા તમારી પ્રતિજ્ઞા (જે વાતને સિદ્ધ કરવી હોય) હીન થઇ છે. જો પ્રતિવાદી ફરી જલ્પના કરવા ઇચ્છે તો કહેવું કે હજુ એક વર્ષ તમે વધુ શીખો, તમારે માટે આટલુંજ બહુ છે. એકવાર જેને જીતી લીધો તે જીત્યોજ સમજ-

વામાં આવે છે. એવું કહીને કલ્યાણવાળા થઇને ફરી તેની સાથે સંભાષણ કરવું ન જોઇએ એવો કોઈ કોઈ લોકોનો મત છે. પરંતુ ચતુર લોક મોટાઓની સાથે આ પ્રકારે વિગ્રહ કરવાનું યોગ્ય ગણતા નથી. ૧૮.

प्रत्यवरेण समेन वा सहाभिमते ... विगृह्यजल्पता सुहृत्परिषदि कथयितव्यं । अथवा-प्युदासीनपरिषदि अनवधानश्रवणज्ञानविज्ञानोपधारणवचनसम्पन्नायां कथयता चावहितेन परस्य साद्गुण्यदोषबलमवेक्षितव्यम् । समवेक्ष्य यत्रैनं श्रेष्ठं मन्येत नास्य तत्र जल्पं योजयेत् अनाविष्कृतमयोगं कुर्वन् । यत्र त्वेनमवरं मन्येत तत्रैवैनमाशु निगृह्णीयात् ॥ १९ ॥

પ્રત્યવર (પોતાનાથી ગુણોમાં ન્યૂન) અથવા સમની સાથે મિત્ર સભામાં વિગ્રહ કરીને વાદ કરવો જોઇએ અથવા સાવધાનતા, શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, ઉપધારણ તથા વચનશક્તિયુક્ત ઉદાસીન સભામાં વાદ વિવાદ કરવો હોયતો સાવધાનતા પૂર્વક પ્રતિવાદીના ગુણ તથા દોષોના બળને જોઇને અને જોતાં જે વિષયમાં તે શ્રેષ્ટ જણાય તે વિષયમાં તેની સાથે શાસ્રાર્થ ન કરવો અને સભામાં પોતાની અલ્પજ્ઞતા પણ પ્રકટ થવા ન દેવી અને જે વિષયમાં તે ન્યૂન જણાય તેમાં તેને જલ્દીથી જીતી લેવો. ૧૯.

तत्र खल्विमे प्रत्यवराणामाशुनिग्रहे भवन्त्युपायाः तद्यथा, श्रुतहीनं महता सूत्रपाठेनाभिभवेत् विज्ञानहीनं पुनः कष्टशब्देन वाक्येन, वाक्यधारणाहीनमाविद्धदीर्घसंकुलैर्वाक्यदण्डकैः, प्रतिभाहीनं पुनर्वचनेनानेकविधानानेकार्थवाचिना, वचनशक्तिहीनमर्द्धोक्तस्य वाक्यस्याक्षेपेण, अविशारदमपत्रपणेन, कोपनमायासनेन, भीरुं वित्रासनेन, अनवहितं नियमनेनेत्येवमेतैरुपायैरवरमभिभवेत् ॥ २० ॥ विगृह्य कथयेद्युक्त्या युक्तञ्च न निवारयेत् । विगृह्यभाषा तीव्रं हि केषाञ्चिद् द्रोहमावहेत् ॥ २१ ॥

ત્યાં ન્યૂન ગુણોવાળાને માટે આ ઉપાય છે. જેવા કે હીનશ્રુત (જેણે બહુ શાસ્ર સાંભળ્યું નથી.) ને મોટા મોટા સૂત્રોના પાઠ કરીને જીતવા, વિજ્ઞાન હીનને કઠિન શબ્દવાળા વાક્ય બોલીને જીતવા, જેને ધારણા શક્તિ ન હોય તેને મોટાં મોટાં કઠિન સૂત્રોથી મિશ્ર મોટાં મોટાં વાકય કહીને જીતવા. પ્રતિભા રહિતને અનેકાર્થ વાચક, વાર્તા વારંવાર કહી કહીને જીતવા, જેને કહેવાની શક્તિ ન હોય તેને જ્યારે તે અર્ધું વચન કહી રહે ત્યારે વચમાંજ તે ના કહેવાને ખંડન કરીને જીતવા, જે ધૃષ્ટ ન હોય તેને લજ્જિત કરીને જીતવા, ક્રોધીને બહુજ શ્રમિત કરીને જીતવા, બીરૂને ભય દેખાડીને જીતવા અને અસાવધાનને નિયમ કરીને જીતવા આ પ્રકારે આ ઉપાયોથી ન્યૂન પ્રતિવાદીનો જલ્દી પરાજય કરવો. ૨૦.

વિગ્રહ કરીને સંભાષણ કરવામાં યુક્તિ પૂર્વક વાત કહેવી અને યુક્તિ યુક્ત વાકયોને માની લેવાં કેમકે વિગ્રહ કરીને વાર્તાલાપ કરવામાં કોઇ કોઇની સાથે ઘણો દ્રોહ થઈ જાય છે. ૨૧.

नाकार्य्यमस्ति क्रुद्धस्यनावाच्यमपि विद्यते । कुशलानाभिनन्दन्तिकलहंसमितासताम् ॥ २२ ॥

ક્રોધી પુરૂષને કોઈ અકાર્ય નથી તેમ અવાચ્ય પણ નથી એથી ચતુર પુરૂષો સજ્જનોને અહિતકારી કલહની પ્રસંશા કરતા નથી. ૨૨.

एवंमवृत्तेतुवादमागेववादात्तावदिदंकर्त्तुं यतेत । सन्धायपरेण सभ्यन यथात्मनःप्रकरणमादेशयितव्यं । यत्रवापरस्यभृशदुर्गंस्यात् । पक्षमथवापरस्यभृशंविमुखमानयेत् । परिषदिचोपसंहितायामशक्यमस्माभिर्वक्तुमिति तूष्णीमासीत् एवचतेपरिषद्यथेष्टंयथायोग्यंयथाभिप्रायंवादं वादमर्य्यादांश्च स्थापयिष्यतीत्युक्त्वा ॥२३॥

અને જ્યારે આ પ્રકારે વાદ થવાનો હોય ત્યારે એમ કરવું જોઇએ કે વાદ થતા પહેલાં, સભાસદો સાથે સંધિ કરીને એવો યત્ન કરવો કે જેથી સભાસદ લોક વાદને માટે તે પ્રકરણ નક્કિ કરે કે જે આપણને આવડતું હોય, અથવા જે પ્રતિ વાદીને ઘણું કઠિન જણાતું હોય અથવા જે પ્રતિવાદીને બહુજ વિમુખ હોય, ફરી આમ કરીને ચુપ થઇ જવું કે સભાના એકત્રિત થયા પછી હું કાંઇ કહી શકતો નથી. આ સભાજ યથેષ્ટ, યથા યોગ્ય અભિપ્રાયને અનુસાર વાદ તથા વાદ મર્યાદાનું સ્થાપન કરશે. ૨૩.

વાદ મર્યાદાનાં લક્ષણ.

तत्रेदंवादमर्य्यादालक्षणंभवतिइदंवाच्यमिदमवाच्यमेवंसतिपराजितोभवतीति इमानिखलुपदानिभिषग्वादमार्गज्ञानार्थमधिगम्यानिभवन्ति । तद्यथा वादो, द्रव्यं, गुणाः, कर्म्म, सामान्यं, विशेषः, समवायः, प्रतिज्ञा, स्थापना, प्रतिष्ठापना, हेतुः, उपनयः निगमनम्, उत्तरं, दृष्टान्तः, सिद्धान्तः, शब्दः, प्रत्यक्षम्, अनुमानं, एपम्यम्, ऐतिह्यं, संशयः, प्रयोजनं, सव्यभिचारं, जिज्ञासा, व्यवसायः, अर्थप्राप्तिः, सम्भवः, अनुयाज्यम्, अननुयोज्यम्, अनुयोगः, प्रत्यनुयोगः, वाक्यदोषः, वाक्यप्रशंसा, छलम्, अहेतुः, अतीतकालं, उपालम्भः, परिहारः, प्रतिज्ञाहानिः अभ्यनुज्ञा, हेत्वन्तरं, अर्थान्तरं, निग्रहस्थानमिति ॥ २४ ॥

ત્યાં વાદ મર્યાદાનાં આ લક્ષણ છે. જેમકે આ કહેવું જોઇએ યા ન કહેવું જોઇએ, અને આમ થવાથી પરાજય થશે અથવા વાદના માર્ગને જાણવાને માટે આ પદ વૈદ્યે અવશ્ય જાણી લેવું જોઇએ, જેમકે વાદ, દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય, પતિજ્ઞા સ્થાપવી, પ્રતિષ્ટાપણું; હેતુ, ઉપનય, નિગમન, ઉત્તર; દર્ષ્ટાંત, સિદ્ધાંન્ત, શબ્દ, પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, ઐતિહ્ય, સંશય, પ્રયોજન, સવ્યભિચાર, જીજ્ઞાસા, વ્યવસાય, અર્થ પ્રાપ્તિ, સંભવ, અનનુયોજય, અનુયોજય, અનુયોગ, પ્રત્યનુયોગ, વાકયદોષ, વાકયપ્રસંશા, છળ, અહેતુ, અતીત કાળ, ઉપાલંભ, પરિહાર, પ્રતિજ્ઞા હાનિ, અભ્યનુજ્ઞા, હેત્વન્તર, અર્થાન્તર તથા નિગ્રહ સ્થાન. ૨૪.

વાદનું લક્ષણ.

तत्र वादोनाम यत्परस्परेण सह शास्त्रपूर्वकं विगृह्यकथयति । सवादो द्विविधःसंग्रहेण, जल्पोवितण्डाच । तत्रपक्षाश्रितयोवचनंजल्पः । जल्पविपर्य्ययोवितण्डा । यथैकस्यपक्षःपुनर्भवोऽस्तीति नास्तीत्यपरस्य । तौच स्वपक्षंस्वहेतुभिःस्वस्वपक्षंस्थापयतःपरपक्षमुद्भावयतःएष जल्पोजल्पविपर्य्ययो वितण्डा । वितण्डानामपरपक्षेदोषवचनमात्रमेवमेव ॥ २५ ॥

ત્યાં પરસ્પર વિગ્રહ કરીને શાસ્ત્રને અનુકુળ જે કથન છે તેને વાદ કહે છે. તે વાદ સંગ્રહથી બે પ્રકારના છે. જલ્પ અને વિતંડા. તેમાં પોત પોતાના પક્ષના સ્થાપનને જલ્પ કહે છે અને તેથી વિપરીતને વિતંડા કહે છે જેમકે એકનો પક્ષ એ છે કે પુનર્જન્મ છે અને બીજાનો એ પક્ષ છે કે પુનર્જન્મ નથી. આ બંને પોત પોતાના પક્ષોના હેતુઓથી સિદ્ધ કરે છે તેને જલ્પ કહે છે, તેથી વિપરીત વિતંડા અથવા વિતંડામાં કેવળ પારકા પક્ષને દોષજ આપવામાં આવે છે. ૨૫.

દ્રવ્યાદિનાં લક્ષણ.

द्रव्यगुणकर्म्मसामान्य विशेषसमवाय :स्वलक्षणैःश्लोकस्थानेपूर्वमुक्ताः ॥ २६ ॥

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ તથા સમવાય એઓનાં લક્ષણ પ્રથમજ સૂત્ર સ્થાનમાં કહેલાં છે. ૨૬.

अथ प्रतिज्ञा.

प्रतिज्ञानामसाध्यवचनंयथानित्यःपुरुषइति ॥ २७ ॥

પ્રતિજ્ઞા—જે વાતને સિદ્ધ કરવી હોય તેને પ્રતિજ્ઞા કહે છે જેમકે પુરૂષ નિત્ય છે. ૨૭.

अथ स्थापना.

स्थापनानामतस्याएवप्रतिज्ञायाहेतुदृष्टान्तोपनयनिगमैःस्थापना, पूर्वंहिप्रतिज्ञा, पश्चात्स्थापनाकिंह्यप्रतिज्ञातंस्थापयिष्यतियथानित्यःपुरुषइतिप्रतिज्ञाहेतुरकृतकत्वादिति । दृष्टान्तोयथाकाशंतच्चानित्यः । उपनयोयथाचाकृतकमाकाशंतथापुरुषः । निगमनंतस्मान्नित्य इति ॥ २८ ॥

સ્થાપના—તે પ્રતિજ્ઞાને હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય તથા નિગમનથી સ્થાપન કરવી તેને સ્થાપના કહે છે. પ્રથમ પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે પછી તેની સ્થાપના કરવામાં આવે છે, કેમકે પ્રતિજ્ઞા કર્યા સિવાય કઇ વાતનું સ્થાપન કરવામાં આવે, જેમકે નિત્ય પુરૂષ આ પ્રતિના છે તેનો હેતુ પુરૂષનું કૃત્રિમ ન હોવું એ છે, તેનું દૃષ્ટાંત, આકાશ કૃત્રિમ નથી એ છે, અને તે નિત્ય છે તેનો ઉપનય એ છે કે જેમ આકાશ કૃત્રિમ નથી તેમ પુરૂષ પણ કૃત્રિમ નથી અને નિગમન એ છે કે એથી પુરૂષ નિત્ય છે. ૨૮.

अथ प्रतिष्ठापना.

प्रति[illegible]पनानामयापरप्रतिज्ञायाःप्रतिविपरीतार्थस्थापना । यथाअनित्यःपुरुष-इतिप्रतिज्ञाहेतुरैन्द्रियकत्वात् । दृष्टान्तोयथाघटऐन्द्रियकःसचानित्यः । उपनयो य-थाघटस्तथापुरुषःतस्मादनित्य इति ॥ २९ ॥

પ્રતિષ્ટાપણું—પ્રતિવાદીની પ્રતિજ્ઞાની વિપરીત સ્થાપનાને પ્રતિષ્ટાપણું કહે છે. જેમકે પુરૂષ અનિત્ય છે આ પ્રતિજ્ઞા છે તેનો હેતુ ઇન્દ્રિયોનો વિષય એ છે, દૃષ્ટાંત—જેમ ઘટ ઇન્દ્રિયોનો વિષય છે અને તે અનિત્ય છે તે છે. ઉપનય એ છે કે જેમ ઘટ ઇન્દ્રિયોનો વિષય છે તેમ પુરૂષ પણ ઇન્દ્રિયોનો વિષય છે. અને નિગમન એ છે કે એથી પુરૂષ અ-નિત્ય છે. ૨૯.

अथ हेतु.

हेतुर्नामोपलब्धिकारणंतत्प्रत्यक्षमनुमानमैतिह्यमौपम्यमित्येभिर्हेतुभिर्यदुपलभ्यतेतत्-तत्त्वम् ॥ ३० ॥

હેતુ—જ્ઞાનના કારણને હેતુ કહે છે પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય તથા ઐતિહ્ય આ વસ્તુઓથી જેનું જ્ઞાન થાય છે તેને તત્વ કહે છે. ૩૦.

उपनयोनिगमनश्चोक्तौस्थापनाप्रतिष्ठापनाव्याख्यायाम् ॥ ३१ ॥

ઉપનય તથા નિગમન આ બંને સ્થાપનાની વ્યાખ્યામાં કહેલાં છે. ૩૧.

अथ उत्तरम्.

उत्तरंनामसाधर्म्योपदिष्टेवाहेतौवैधर्म्यवचनंवैधर्म्योपदिष्टेवासाधर्म्यवचनंयथाहेतु-सधर्माणोविकाराःशीतकस्यहिव्याधेर्हेतुसाधर्म्यवचनं हिमशिशिरवातसंस्पर्शाइति ब्रुवतःपरोब्रूयाद्धेतुविधर्म्माणोविकारायथाशरीरावयवानांदाहौष्ण्यंकोथप्रपचनेहे-तुवैधर्म्यंहिमशिशिरवातसंस्पर्शाइति । एतत्सविपर्ययमुत्तरम् ॥ ३२ ॥

ઉત્તર—સાધર્મ્યથી કહેલા હેતુમાં વૈધર્મ્ય કહેવું અને વૈધર્મ્યથી કહેલા હેતુમાં સા-ધર્મ્ય કહેવું એ ઉત્તર છે. જેમકે હેતુના સરખો વિકારોનો ધર્મ હોય છે, કેમકે શીતક વ્યા-ધિના જે ધર્મ છે તેજ તેના કારણ ભૂત, હિમ તથા શિશિર, વાત, સ્પર્શને માટે છે. આ પ્રકાર કહેનાર વાદીને પ્રતિવાદી કહે કે, હેતુના સરખા વિકારોને ધર્મ હોતો નથી કેમકે કોથ (સડવું) ના પાકવાથી શરીરના અંગોમાં દાહ તથા ઉષ્ણતા થાય છે. અને તેના હેતુ ભૂત હિમ તથા શિશિર વાતસ્પર્શમાં એ વાત નથી એ વિપર્યય સહિત ઉત્તર છે. ૩૨.

अथ दृष्टान्तः.

दृष्टान्तोनामयत्र मूर्खविदुषांबुद्धिसाम्यंयोवर्ण्यंवर्णयति । यथाग्निरुष्णोद्रवमुदकं-स्थिरापृथिवीआदित्यःप्रकाशक इतियथावादित्यःप्रकाशकस्तथासांख्यवचनंप्रका-शकमिति ॥ ३३ ॥

દૃષ્ટાન્તઃ—જેમાં મૂર્ખ તથા બુદ્ધિમાનોની બુદ્ધિની સમતા હોય, અને જે વર્ણનને યોગ્ય વાતનું વર્ણન કરે તેને દૃષ્ટાંત કહે છે. જેમકે અગ્નિ ઉષ્ણ છે, જળ દ્રવ છે. પૃથ્વિ સ્થિર છે. તથા સૂર્ય પ્રકાશક છે. અથવા જેમ સૂર્ય પ્રકાશક છે તેમ સાંખ્ય વચન પણ પ્રકાશક છે. ૩૩

अथ सिद्धान्तः

सिद्धान्तोनामयःपरीक्षकर्ब. विधंपरीक्ष्यहेतुभिःसाधयित्वास्थाप्यतेनिर्णयःससिद्धान्तः । सचायंचतुर्विधः । सर्वतन्त्रसिद्धान्तः । प्रतितन्त्रसिद्धान्तोऽधिकरणसिद्धान्तोऽभ्युपगमसिद्धान्तइति ॥ ३४ ॥

સિદ્ધાન્ત—પરીક્ષક લોક બહુજ પ્રકારે પરીક્ષા કરીને જે નિર્ણયના હેતુઓને સિદ્ધ કરીને સ્થાપન કરે છે તેને સિદ્ધાન્ત કહે છે. સિદ્ધાન્ત ચાર પ્રકારના હોય છે જેમકે સર્વતંત્ર સિદ્ધાન્ત, પ્રતિતન્ત્ર સિદ્ધાન્ત, અધિકરણ સિદ્ધાન્ત અને અભ્યુપગમ સિદ્ધાન્ત. ૩૪

सर्वतन्त्र सिद्धान्तः

तत्रसर्वतन्त्रसिद्धान्तोनामतस्मिंस्तस्मिन्सर्वास्मस्तन्त्रेतत्प्रसिद्धंसन्तिनिदानानिसंतिव्याधयःसन्तिसिद्ध्युपायाःसाध्यानामिति ॥ ३५ ॥

નિદાન છે, રોગ છે અને સાધ્યરોગોના ઉપાય છે એ સર્વ તંત્રોના મત છે તેને જ સર્વ તંત્ર સિદ્ધાન્ત કહે છે. ૩૫

प्रतितन्त्र सिद्धान्त.

प्रतितन्त्रसिद्धान्तोनामतस्मिंस्तस्मिंस्तन्त्रेतत्तत्प्रसिद्धंयथान्यत्राष्टौरसाः षडन्यत्र । पञ्चेन्द्रियाणियथान्यत्रषडिन्द्रियाणि । वातादिकृताःसर्वविकारायथान्यत्रवातादिकृताभूतकृताश्चप्रसिद्धाः ॥ ३६ ॥

જે એકજ એક તંત્રમાં પ્રસિદ્ધ હોય તેને પ્રતિ તંત્ર સિદ્ધાન્ત કહે છે, જેમકે કોઈ તંત્રમાં આઠ રસ છે, કોઇમાં ૭ રસ છે, કોઇ તંત્રમાં પાંચ ઇન્દ્રિય છે, કોઈમાં ૭ છે, કોઈ તંત્રમાં સર્વ વિકાર વાતાદિ કૃત છે અને કોઇ તંત્રમાં વાતાદિ કૃત તથા ભૂત કૃત પ્રસિદ્ધ છે. ૨૬

अधिकरण सिद्धान्तः ।

अधिकरणसिद्धान्तोनामसयस्मिन्नधिकरणेसंस्तूयमानेसिद्धान्यन्यान्यपिअधिकरणानिभवन्ति । यथानमुक्तःकर्म्मानुबन्धिकंकुरुतेनिस्पृहत्वादितिप्रस्तुतेसिद्धाः कर्म्मफलमोक्षपुरुषप्रेत्यभावाभवन्ति ॥ ३७ ॥

જે અધિકરણના નિશ્ચયમાં અન્ય અધિકરણ પણ સિદ્ધ થઇ જાય તેને અધિકરણ સિદ્ધાન્ત કહે છે. જેમકે મુક્ત પુરૂષ આનુબન્ધિક (જેના સિલ સિલા ચાલી જાય) કર્મ કરતા નથી, કેમકે તે નિસ્પૃહ હોય છે. આ નિશ્ચયમાં કર્મ, ફલ, મોક્ષ, પુરૂષ તથા પુનર્જન્મ સિદ્ધ થાય છે. ૩૭.

अभ्युपगम सिद्धान्तः ।

अभ्युपगमसिद्धान्तोनामयमर्थमसिद्धमपरीक्षितमनुपदिष्टमहेतुकंवावादकालेऽभ्युपगच्छन्ति भिषजः । तद्यथा—द्रव्यंप्रधानमितिकृत्वावक्ष्यामः । गुणःप्रधानमिति कृत्वावक्ष्यामः स्वयमादिश्चतुर्विधः सिद्धान्तः ॥ ३८ ॥

વૈદ્યલોક વાદના સમયમાં અસિદ્ધ, અપરીક્ષિત, ઉપદેશ રહિત, તથા હેતુ રહિત, જે વાતનો અંગીકાર કરી લેછે તેને અભ્યુપગમ સિદ્ધાન્ત કહે છે જેમકે દ્રવ્ય પ્રધાન નથી એમ માનીને કહીશું અને ગુણ પ્રધાન છે એ માનીને કહીશું. ઇત્યાદિ. આ પ્રકારે ચાર પ્રકારના સિદ્ધાન્ત કહેવામાં આવ્યા. ૩૮.

शब्दः ।

शब्दोनामवर्णसमाम्नायःसचचतुर्विधःदृष्टार्थश्चादृष्टार्थश्चसत्यश्चानृतश्चेति । तत्रदृष्टार्थस्त्रिभिर्हेतुभिर्दोषाःप्रकुप्यन्तिषड्भिरुपक्रमैश्चप्रशाम्यन्ते । श्रोत्रादिसद्भावेशब्दादिग्रहणमितिअदृष्टार्थःपुनरस्तिप्रेत्यभावोऽस्तिमोक्षइति सत्योनामयथार्थभूतः । सन्त्यायुर्वेदोपदेशाः । सन्त्युपायाःसाध्यानाम् । सन्त्यारम्भफलानीति । सत्याविपर्ययाच्चानृतः ॥ ३९ ॥

શબ્દ—અક્ષરોના સમૂહને શબ્દ કહે છે દૃષ્ટાર્થ તથા અદૃષ્ટાર્થ અને સત્ય તથા મિથ્યા આ શબ્દના ભેદ છે. ત્રણ હેતુઓથી દોષ કોપિત થાય છે. અને ૭ પ્રકારની ચિકિત્સાથી શાંત થાય છે. આ દૃષ્ટાર્થ શબ્દ કહેવાય છે. કેમકે તેના અર્થ પ્રત્યક્ષમાં જોવામાં આવે છે. કાન વિગેરેના હોવાથી જે શબ્દાદિનું ગ્રહણ કરવું પડે છે તે અદૃષ્ટાર્થ કહેવાય છે જેમ પુનર્જન્મ છે, મોક્ષ છે, ઇત્યાદિ આયુર્વેદ છે. સાધ્ય રોગોના ઉપાય છે, અને આરંભક ફલ છે. એ સત્ય શબ્દ છે તેથી વિપરીત મિથ્યા શબ્દ કહેવાય છે. ૩૯.

अथ प्रत्यक्षम् ।

प्रत्यक्षंनामतद्यदात्मनापञ्चेन्द्रियैश्चस्वयमुपलभ्यते । तत्रात्मप्रत्यक्षाःसुखदुःखेच्छाद्वेषादयः । शब्दादयस्त्विन्द्रियप्रत्यक्षाः ॥ ४० ॥

પ્રત્યક્ષ—જે મન વડે તથા પંચેન્દ્રિયો વડે પોતાની મેળે જાણવામાં આવે તેને પ્રત્યક્ષ કહે છે. સુખ, દુઃખ, ઇચ્છા, તથા દ્વેષાદિકો મનથી પ્રત્યક્ષ થાય છે, અને શબ્દાદિકો ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ થાય છે. ૪૦.

अनुमानम् ।

अनुमानंनामतर्कोयुक्त्यपेक्षोयथोक्तमग्निंजरणशक्त्याबलंव्यायामशक्त्याश्रोत्रादीनिशब्दादिग्रहणेनेत्येवमादिः ॥ ४१ ॥

અનુમાન—યુક્તિ પૂર્વક જે તર્ક કરવો તેને અનુમાન કહે છે, જેમકે પ્રથમ કહ્યું કે અગ્નિને પરિપાક શક્તિથી, બળને વ્યાયામ શક્તિથી, અને કર્ણાદિ ઇન્દ્રિયોને શબ્દાદિના ગ્રહણથી જાણવાં વિગેરે. ૪૧.

अथ औपम्यम् ।

औपम्यंनामय न्यनान्यस्यसादृश्यमधिकृत्यप्रकाशनंयथादण्डेनदण्डकस्यधनुषा धनुष्मतस्य व्यासेनारोग्यदस्येति ॥ ४२ ॥

ઔપમ્ય—એકની સદૃશતા લઇને જે બીજાનું પ્રકાશિત કરવું તેને ઔપમ્ય કહે છે. જેમકે દંડની સદૃશતાથી દંડક રોગનું જ્ઞાન થાય છે. ધનુષની સદૃશતાથી ધાનુષ્કનું જ્ઞાન થાય છે. અને બાણુ ચલાવનારની સદૃશતાથી વૈદ્યનું જ્ઞાન થાય છે. ૪૨.

अथ एतिह्यम् ।

ऐतिह्यंनामआप्तोपदेशोवेदादिः ॥ ४३ ॥

ઐતિહ્ય—આપ્તોપદેશ વેદાદિકો ઐતિહ્ય કહે છે. ૪૩.

अथ संशयः ।

संशयानामसन्दिग्धेष्वर्थेष्वनिश्चयः । यथाकिमकालमृत्युरस्तिनास्तीति ॥ ४४ ॥

સંશય—સંદિગ્ધ વિષયોમાં જે નિશ્ચય કરવો તેને સંશય કહે છે. જેમકે અકાલ મૃત્યુ છે યા નથી. ૪૪.

अथ प्रयोजमम् ।

प्रयोजनंनामयदर्थमारभ्यन्तआरम्भाः । यथायद्यकालमृत्युरस्तिततोऽहमात्मानमायुष्यैरुपचरिष्यामिअनायुष्याणिचपरिहरिष्यामिकथंमामकालमृत्युःप्रसहेतेति ॥४५॥

પ્રયોજન—જેને માટે કાર્યોનો પ્રારંભ કરવામાં આવે છે તેને પ્રયોજન કહે છે. જેમકે જો અકાલ મૃત્યુ છે તો હું આયુષ્યને હિતકારક વ્યવહાર કરીશ અને આયુષ્યને અહિતકારી પદાર્થોનો ત્યાગ કરીશ પછી કેની રીતે મારૂં અકાલ મૃત્યુ થશે. ૪૫.

अथ सव्यभिचारम् ।

सव्यभिचारंनामयद्व्यभिचरणंयथाभवेदिदमौषधमस्मिन्व्याधौयौगिकमथवानेति ४६

સવ્યભિચાર—જેની સ્થિરતા ન હોય તેને સવ્યભિચાર કહે છે. જેમકે આ રોગમાં આ ઔષધ ગુણકારી થશે યા નહિ થાય. ૪૬.

अथ जिज्ञासा ।

जिज्ञासानामपरीक्षायथाभेषजपरीक्षोत्तरकालमुपदेक्ष्यते ॥ ४७ ॥

જિજ્ઞાસા—પરીક્ષા કરવી તેને જીજ્ઞાસા કહે છે જેવીકે ઔષધિયોની પરીક્ષા આગળ કહેવામાં આવશે. ૪૭,

अथ व्यवसायः ।

व्यवसायानामनिश्चयःयथावातिकएवायंव्याधिरिदमस्यभेषजमिति ॥४८॥

વ્યવસાય—નિશ્ચય કરવો તેને વ્યવસાય કહે છે જેમકે આ રોગ વાતજનો છે અને આ તેનું ઔષધ છે. ૪૮.

अथार्थप्राप्तिः ।

अर्थप्राप्तिर्नामयत्रैकेनार्थेनो[illegible]नाप[illegible]स्यार्थस्या[illegible]कस्यसिद्धिः । [illegible]ण-साध्योव्याधिरित्युक्तेभवत्यर्थप्राप्तिरतर्पणसाध्योऽयमिति । [illegible]-मित्युक्तेभवत्यर्थप्राप्तिर्निशिभोक्तव्यमिति ॥४९॥

અર્થપ્રાપ્તિ—જ્યાં એક વાત કહેવાથી બીજી વાતની સિદ્ધિની સિદ્ધિ થાય તેને અર્થ પ્રાપ્તિ કહે છે. જેમકે આ રોગ સંતર્પણ સાધ્ય નથી એ કહેવાથી આ વાતની પ્રાપ્તિ થાય છે કે આ રોગ અપતર્પણ સાધ્ય છે, અને આને દિવસમાં ન ખાવું જોઇએ એથી એ વાત સિદ્ધ થાય છે કે રાત્રિએ ખાવું જોઇએ. ૪૯.

अथसम्भवः ।

सम्भवोनामयोयतःसम्भवतिसतस्यसम्भवः । यथाष[illegible]वातवागर्भस्यव्याधेरहितं हितमारोग्यस्येति ॥५०॥

સંભવ—જેથી જેની ઉત્પત્તિ થાય છે તે તેનો સંભવ કહેવાય છે, જેમકે ષટ્ધાતુ ગર્ભનો સંભવ છે અહિત સેવન રોગોનો સંભવ છે અને હિત સેવન આરોગ્યનો સંભવ છે. ૫૦.

अथानुयोज्यम् ।

अनुयो[illegible]क्यंवाक्यदोषयुक्तंतदनुयोज्यमुच्यते । सामान्योदाहृतेष्वर्थेषु-वाविशेषग्रहणार्थंतद्वाक्यमनुयोज्यम् । यथासंशोधनसाध्योऽयंव्याधिरित्युक्तेकिं-वमनसाध्यःकिंविरेचनसाध्यइत्यनुयुज्यते ॥५१॥

અનુયોજ્ય—જે વાક્ય વાક્ય દોષોવાળું હોય છે તે અનુયોજ્ય કહેવાય છે, અથવા સામાન્યતાથી કહેલા વિષયોમાં વિશેષતા જાણવાને માટે જે વાક્ય કહેવાય છે તે અનુયોજ્ય કહેવાય છે. જેમ આ રોગ સંશોધન સાધ્ય છે, એ કહેવાથી પૂછવામાં આવે છે કે વમન સાધ્ય છે અથવા વિરેચન સાધ્ય છે. ૫૧.

अथाननुयोज्यम् ।

अननुयोज्यंनामातोविपर्य्ययेणयथायमसाध्यः ॥५२॥

અનનુયોજ્ય—જે અનુયોજ્યથી વિપરીત હોય તેને અનનુયોજ્ય કહે છે, જેમકે આ અસાધ્ય છે. ૫૨.

अथाऽनुयोगः ।

अनुयोगोनामयत्तद्विद्यानांतद्विद्यैरेवसा[illegible]तन्त्रेतन्त्रैकदेशेवा प्रश्नःप्रश्नैकदेशोवा-[illegible]नविज्ञानवचनपरीक्षार्थमादिश्यते । अथवा नित्यःपुरुषइतिप्रतिज्ञातेयत्परःको हे[illegible]रित्याहसोऽनुयोगः ॥५३॥

અનુયોગ—જે જે વિદ્યાને જાણતા હોય તે તે વિદ્યાને જાણનારાને, જ્ઞાન, વિજ્ઞાન તથા વચનની પરીક્ષાને માટે તંત્ર અથવા તંત્રના કોઇ વિષયના અંશ અથવા પ્રશ્નના એક દેશને કરે છે તેને અનુયોગ કહે છે. અથવા પુરૂષ નિત્ય છે. એ પ્રતિજ્ઞા કરવા છતાં જે પ્રતિવાદી પૂછે છે કે શું કારણ છે તેને અનુયોગ કહે છે. ૫૩.

अथ प्रत्यनुयोगः ।

प्रत्य. योगोनामा. योगस्यानुयागः । यथाऽनुयोगस्यपुनःकोहे.रिति ॥ ५४ ॥

પ્રત્યનુંયોગ—અનુયોગમાં અનુયોગ કરવું તેને પ્રત્યનુયોગ કહે છે. જેમકે અનુયોગનું શું કારણ છે એ કહેવું. ૫૪.

अथ वाक्य दोषः ।

वाक्यदाषोनामयथाखल्वस्मिन्नर्थेन्यूनमधिकमनर्थकमपार्थकंविरुद्धञ्चेति ॥ ५५ ॥

વાકય દોષ—કોઇ વિષયમાં વાકયની ન્યૂનતા, અધિકતા, અનર્થકતા, અપાર્થકતા તથા વિરૂદ્ધતા હોય તેને વાક્ય દોષ કહે છે. ૫૫.

वाक्यन्यूनता ।

अत्रहेतूदाहरणोपनय निगमनानामन्यतमेनापिन्यूनंन्यूनंभवतियद्वाबहू पदिष्टहे. क-मेकेनसाध्यतेहेतुनातच्चन्यूनम् [illegible] तोप्यर्थःप्रणश्येत् ॥ ५६ ॥

ન્યૂન—હેતુ, ઉદાહરણ, ઉપનય, તથા નિગમન તેમાંથી એક પણ જે વાકયમાં ન હોય તે ન્યૂન કહેવાય છે. અથવા જે વાત અનેક હેતુઓથી સિદ્ધ થાય છે તેને એકજહેતુથી સિદ્ધ કરવી એ પણ ન્યૂન દોષ છે. કેમકે તેના વિના મુખ્ય અર્થ પણ નષ્ટ થઇ જાયછે. ૫૬.

अथाधिकयम् ।

अ. [illegible] यदा. वेदभाष्यमाणेवार्ह पत्यमौशनसमन्यद्वामतिसम्बद्धार्थमुच्यते-यद्वापुनः मातेसम्ब. र्थमपि. रभिधीयते, तत्पुनरुक्तत्वादधिकं, तच्चपुनरुक्तंद्वि-विधंमर्थ. नरुक्तंशब्दपुनरुक्तञ्च । तत्रार्थ. नरुक्तंना. यथा भेषजमौषधंसाधनमिति शब्द. नरुक्तञ्चभेषजभेषजमिति ॥५७॥

આધિક્ય—જ્યાં આયુર્વેદનો વિષય કહેવો યોગ્ય છે ત્યાં બાર્હસ્પત્ય, ઔશનસ અથવા અન્ય શાસ્ત્રોના સંબંધ વિનાનું કહેવું તે અધિકતાનો દોષ કહેવાય છે. અથવા સંબંધવાળું પણ બે વાર કહેવું એ પુનરુક્ત દોષથી અધિક કહેવાય છે. અને પુનરુક્ત બે પ્રકારના હોય છે જેમકે એક અર્થ પુનરુક્ત અને બીજો શબ્દ પુનરુકત. અર્થ પુનરુક્ત જેવા કે ભેષજ, ઔષધ, તથા ધન વિગેરે એકાર્થ શબ્દોનું કહેવું તે અને શબ્દ પુનરુક્ત જેમકે ભેષજ બે વાર કહેવું તે. ૫૭.

अनर्थक ।

अनर्थकंनामय. चनमक्षरग्राममात्रमेवस्यात्पञ्चवर्गवन्नचार्थतो. सते ॥ ५८ ॥

જે વચનમાં વર્ગોની માફક અક્ષર માત્ર હોય, અર્થ કાંઇ પણ ન હોય તેને અનર્થક કહે છે. ૫૮.

अपार्थक ।

अपार्थकंनामयदर्थवच्चपरस्परेणचा[illegible]ज्यमानार्थंयथातक्रनक्रवंशवज्रनिशाकरा ।ते ५९

જે વાકયમાં અર્થવાળા શબ્દો તો હોય પરંતુ તે પરસ્પર સંલગ્ન હોય તેને અપાર્થક વાક્ય કહે છે જેવાં કે, તક્ર, નક્ર, વંશ, વજ્ર, નિશાકર વિગેરે. ૫૯.

विरुद्ध ।

विरुद्धंनामयद्दृष्टान्तसिद्धान्तसमयैर्विरुद्धंतत्रपूर्वंदृष्टान्तसिद्धान्तावुक्तौ । समयः पुनस्त्रिधाभवतियथा[illegible]वैदिकसमयोयाज्ञियसमयोमोक्षशास्त्रिकसमयइति । तत्रायुर्वेदि[illegible]समयश्च[illegible]ष्पादसिद्धिः । आलभ्यायजमानैःपशवइ[illegible]मयः । सर्वभूतेष्वहिंसेतिमो[illegible]यस्तत्रस्वसमयविपरीतमुच्यमानंविरुद्ध[illegible]

જે દૃષ્ટાન્ત સિદ્ધાન્તના સમય (સંકેત અથવા નિયમ) થી વિપરીત હોય, તે વિરૂદ્ધ દોષ છે. તેમાંથી દૃષ્ટાંત અને સિદ્ધાંત તો પ્રથમ કહ્યા છે અને સમય જેવાકે આયુર્વેદિક સમય, યાજ્ઞિય સમય, તથા મોક્ષ શાસ્ત્રિક સમય; આયુર્વેદિક સમય આ છે કે ચતુષ્પાદ, ભેષજની સિધ્ધિ થવી: યાજ્ઞિય સમય એ છે કે પશુઓનો વધ કરવો, અને મોક્ષ શાસ્ત્રિક સમય તે છે કે સર્વ પ્રાણિયોની અહિંસા. તેમાં જે પોતાના સમયને વિપરીત કહી શકાય છે તે વિપરીત કહેવાય છે. એ વાકય દોષ છે. ૬૦.

वाक्य प्रशंसा ।

वाक्य[illegible]याऽन्यूनमनधिकमर्थवदनपार्थकमविरुद्धमधिगतपदार्थञ्चतद्वाक्यमननुयोज्य मितिमप्रशस्यत ॥ ६१ ॥

જે વાકય ન્યુનતા, અધિકતા, અનર્થકતા, અપાર્થકતા તથા વિરૂધ્ધતાથી રહિત હોય અને જેના પદાર્થ જાણવામાં હોય તે વાકય અનનુયોજ્ય (જેમાં કાંઇ પૂછવાની આવશ્યકતા ન હોય) હોવાથી પ્રસંશા કરવામાં આવે છે, તે વાકયપ્રશંસા કહેવાય છે. ૬૧.

वाक्छल ।

छलंन[illegible]परिशठमर्थाभासमनर्थकंवाग्वस्तुमात्रमेव । तद्द्विविधंवाक्छलंसामान्यछलञ्च । वाक्छलंनामयथाकश्चिद्ब्रूयात्नवतन्त्रोऽयंभिषगिति, भिषग्ब्रू[illegible]तन्त्रएकतन्त्रोऽहमिति । पराब्रू[illegible]मिनवतन्त्राणितवेति, [illegible]नवाभ्य[illegible]तेतन्त्रमिति, भिषग्ब्रूया[illegible]मयानवाभ्यस्तंतन्त्रमनेकधा[illegible]स्तंमयातन्त्र[illegible]वाक्छल ॥ ६२ ॥

વક્રતાવાળું, અર્થાભાસ (અર્થ માલુમ પડે પણ કાંઇ તત્વ ન હોય) તથા અપાર્થક વાક્યમાત્રને છલ કહે છે. છલ બે પ્રકારના હોય છે. એક વાક્છલ બીજો સામાન્ય છલ વાક્છલ જેવાકે કોઈ કહે કે વૈદ્ય નવતંત્ર છે, એ સાંભળીને વૈદ્ય કહે કે હું નવતંત્ર નથી. એક તંત્ર છું. આ સાંભળીને તે પુરૂષ કહે કે હું એમ નથી કહેતો કે તમે નવતંત્ર જાણો છો, પરંતુ હું એમ કહુંછું કે તમને તંત્રનો નવ અર્થાત નવીન અભ્યાસ કર્યો છે. આ સાંભળીને વૈદ્ય કહે કે મેં તંત્રમાં નવિન અભ્યાસ કર્યો નથી પરંતુ સેંકડો વખત તંત્રમાં અભ્યાસ કર્યો છે આ વાક્છલ કહેવાય છે. ૬૨.

सामान्यछल ।

सामान्यच्छलंन मयथाव्याधिप्रशमनायौषधमित्युक्ते परोब्रूयात्सत्सत्प्रशमनायेति किन्नुभवानाहसद्रोगः सदौषधंयादि सत्सत्प्रशमनायभवतितत्रसत्कासःसत्क्षयः सत्सामान्यात्कासः क्षयप्रशमनायभविष्यतीतिएतत्सामान्यच्छलम् ॥ ६३ ॥

જેમ ઔષધથી રોગ શાંત થાય છે, આ વાદીનાં વચન સાંભળીને પ્રતિવાદી કહે કે સત્ (અસ્તિ) થી સત્ શાંત થાય છે. એ તમારો મત છે કેમકે રોગ પણ સત છે, અને ઔષધ પણ સત્ છે. અને જે સત્થી સત્ શાંત થાયછે તો ખાંસી પણ સત્ છે અને ક્ષય પણ સત્ છે. સત્ની સામાન્યતાથી તમારા મતમાં ખાંસીથી ક્ષયની શાંતિ થશે આ સામાન્ય છલ છે. ૬૩.

अहेतु ।

अहेतुर्नामप्रकरणसमः संशयसमोवर्ण्यसमइति । तत्रप्रकरणसमोनामाहेतुर्यथान्यः शरीरादात्मानित्यइतिपक्षेपरोब्रूयाच्छरीरादन्यआत्मातस्मान्नित्यःशरीरमनित्यमतोविधर्मिणाचात्मनाभवितव्यम्एषचाहेतुर्नहियएवपक्षःसएवहेतुः ॥ ६४ ॥

પ્રકરણસમ, સંશયસમ, તથા વર્ણ્યસમ આ અહેતુના ભેદ છે. પ્રકરણસમ, અહેતુ, જેમ આત્મા શરીરથી અન્ય છે, કેમકે નિત્ય છે, આ પક્ષમાં કોઈ કહે કે આત્મા શરીરથી અન્ય છે એથી નિત્ય છે. શરીર અનિત્ય છે, અને શરીરથી આત્મા વિધર્મી છે. (શરીર અને આત્માના ધર્મ જુદા જુદા છે એ અહેતુ થયો કેમકે જે પક્ષ છે તે હેતુ થઈ શકતો નથી. ૬૪.

संशयसमोनामाहेतुर्यएवसंशयहेतुःसएवसंशयच्छेदहेतुः यथाअयमायुर्वेदैकदेशमाह किन्वयंचिकित्सकःस्यान्नवेतिसंशयेपरोब्रूयाद्यस्मादयमायुर्वेदैकदेशमाहतस्माच्चिकित्सकोऽयमिति । नचसंशयस्वहेतुं विशेषयत्येषचाहेतुःनहियएवसंशयहेतुः सएवसंशयच्छेदहेतुः ॥ ६५ ॥

સંશય, સમ, અહેતું, તેને કહે છે જે સંશયનો હેતુ હોય, તેજ સંશયના નાશનો હેતુ હોય છે, જેમકે આ આયુર્વેદના એક દેશને કહે છે તેથી શું તે વૈદ્ય છે યા નહીં । આ સંશયમાં બીજા કહે કે આ આયુર્વેદના એક દેશને કહે છે એથી વૈદ્ય છે તેમાં સંશયના

હેતુથી કાંઇ વિશેષતા ન થઈ જેથી એ અહેતુ છે કેમકે જે સંશયનો હેતુ છે તે સંશયના નાશનો હેતુ થઈ શકતો નથી. ૬૫

वर्ण्यसमो नामाहेतुर्योहेतुर्वर्ण्याविशिष्टः यथापरो ब्रूयादस्पर्शत्वाद्बुद्धिरनित्या शब्दवदिति अत्र वर्ण्यः शब्दो बुद्धिरपि वर्ण्या तदुभयवर्ण्याविशिष्टत्वाद्वर्ण्यसमोऽप्यहेतुः ॥ ६६

વર્ણ્યસમ અહેતુ—જેમ જે હેતુ વર્ણ્યાદિમાં વિશેષતા ન રાખતા હોય તે વર્ણ્ય સમ અહેતુ કહેવાય છે, જેમ પ્રતિવાદી કહે કે સ્પર્શના ન હોવાથી બુદ્ધિ અનિત્ય છે. જેમ શબ્દ, અહીં શબ્દ પણ વર્ણ્ય છે. અને બુદ્ધિ પણ વર્ણ્ય છે એથી બંનેના સમ હોવાથી વર્ણ્ય સમ હેતુ થયો. ૬૬.

अतीतकालम् ।

अतीतकालं नाम यत्पूर्वं वाच्यं तत्पश्चादुच्यते तत्कालातीतत्वादग्राह्यं भवति परं वा निग्रहप्राप्तमनिगृह्य परिगृह्य पक्षान्तरितं पश्चान्निगृहीतेत तस्यातीतकालत्वान्निग्रहवचनसमर्थं भवतीति ॥ ६७ ॥

અતીતકાલ—જે વાત પ્રથમ કહેવી જોઇએ તે પછીથી કહેવામાં આવે તે અતીતકાલ કહેવાય છે. એવી વાતને કાલાતીતથી ગ્રહણ કરી શકાતી નથી. અથવા નિગ્રહ પ્રાપ્ત થયા વિના ગ્રહણ કરેલા અન્ય પક્ષનું ગ્રહણ કરવામાં આવે અને પછીથી બીજાનું ગ્રહણ કરવામાં આવે તો કાલાતીત થવાથી નિગ્રહ વચન સમર્થ થાય છે. ૬૭.

उपालम्भ ।

उपालम्भो नाम हेतोर्दोषवचनं यथापूर्वमहेतवो हेत्वाभासा व्याख्याताः ॥ ६८ ॥

ઉપાલંભ—હેતુઓના દોષ કહેવાને ઉપાલંભ કહે છે જેમ પ્રથમ હેત્વાભાસ અહેતુ કહેલાં છે. ૬૮.

परिहार ।

परिहारो नाम तस्यैव दोषवचनस्य परिहरणं यथा नित्यमात्मनि शरीरस्थे जीवलिङ्गान्युपलभ्यन्ते तस्य चापगमान्नोपलभ्यन्ते तस्मादन्यः शरीरादात्मा नित्यः शरीराच्चेति ६९

પરિહાર—દોષોને મટાડવા તેને પરિહાર કહે છે જેમકે આત્મા શરીરમાં સ્થિત હોવા છતાં પણ નિત્ય જીવનાં ચિન્હ જણાય છે અને આત્માના જતા રહ્યા પછી જીવનાં ચિન્હ જણાતાં નથી એથી આત્મા શરીરથી અન્ય છે અને નિત્ય છે. ૬૯.

प्रतिज्ञा हानिः ।

प्रतिज्ञाहानिर्नाम यः पूर्वं प्रतिगृहीतां प्रतिज्ञां पर्यनुयुक्तः परित्यजति यथा प्राक् प्रतिज्ञां कृत्वा नित्यः पुरुष इति पर्यनुयुक्तस्त्वाह अनित्य इति ॥ ७० ॥

પ્રતિજ્ઞા હાનિ—પ્રથમ કરેલી પ્રતિજ્ઞાને કોઇના પ્રશ્ન કરવાથી છોડી દેવી તેને પ્રતિજ્ઞા હાન કહે છે. જેમકે કોઇએ પ્રથમ પ્રતિજ્ઞા કરી તે પુરુષ અનિત્ય છે, અને જ્યારે પ્રતિવાદીએ તેને પ્રશ્ન કર્યો ત્યારે તેણે કહ્યું કે નિત્ય છે. ૭૦.

अभ्यनुज्ञा ।

अभ्यनुज्ञामयइष्टानिष्टाभ्युपगमः ॥ ७१ ॥

અભ્યનુજ્ઞા—ઇષ્ટ તથા અનિષ્ટને માની લેવાને અભ્યનુજ્ઞા કહે છે. ૭૧.

हेत्वन्तर ।

हेत्वन्तरंनामप्रकृतहेतौवाच्येयद्विकारहे[illegible]माह ॥ ७२ ॥

હેત્વન્તર—જ્યાં પ્રકૃતિનો હેતુ કહેવો ઉચિત હોય ત્યાં વિકૃતિના હેતુ કહેવાને હેત્વન્તર કહે છે. ૭૨.

अर्थान्तर ।

अर्थान्तरंनामज्वरलक्षणेवाच्येप्रमेहलक्षणमाह ॥ ७३ ॥

અર્થાન્તર—જ્યાં જ્વરનાં લક્ષણ કહેવાં જોઇએ ત્યાં પ્રમેહનાં લક્ષણ કહેવામાં આવે તેને અર્થાન્તર કહે છે. ૭૩.

निग्रहस्थान ।

निग्रहस्थानंनामपराजयप्राप्तिस्तच्चत्रिरुक्तस्यवाक्यस्यअविज्ञानंप[illegible]षदिविज्ञानवत्याम् यद्वाअननुयोज्यस्यानुयोगोअनुयोज्यस्यचाननुयोगः ॥ ७४ ॥

નિગ્રહ સ્થાન—સભાને જાણવા છતાં ત્રણ વાર કહેલાં વાકયને ન જાણવાં, ન જાણવાનાં જે પૂછવા યોગ્ય ન હોય તેને પૂછવાં તેને અને જે પૂછવા યોગ હોય તેને ન પૂછવાં તેને નિગ્રહસ્થાન કહે છે. ૭૪.

प्रतिज्ञा हानि ।

प्रतिज्ञाहानिरभ्य[illegible]कालातीतवचनम[illegible]तुःन्यूनमतिरिक्तंव्यर्थमनर्थकंपुनरुक्तंविरुद्धंहेत्वन्तरमर्थान्तरं निग्रहस्थान[illegible]पदानियथोद्देशमभिनिर्दिष्टानि॥७५॥

પ્રતિજ્ઞાહાનિ અભ્યનુજ્ઞા, કાલાતીત, વચન, અહેતુ, ન્યુનતા, અધિકતા, અનર્થકતા, અપાર્થકતા, પુનરુક્ત વિરુદ્ધ, હેત્વન્તર, અર્થાન્તર તથા નિગ્રહ સ્થાન એ સર્વ વાદના માર્ગપદ ઉદ્દેશ સહિત કહેવામાં આવ્યા. ૭૫.

वाद ।

[illegible]र्तेतायुर्वेदएवनान्यत्र ॥ ७६ ॥

વૈદ્યોનો વર્તમાનવાદ વૈદકનોજ થવો જોઇએ, અન્ય વિષયોનો નહીં. ૭૬.

तत्र वाक्यप्रतिवाक्यविस्ताराःकेवलाश्चोपपत्तय[illegible]सर्वाधिकरणेयुक्ताःसर्वाःसम्यगवेक्ष्यावेक्ष्यसर्ववाक्यंब्रूयान्नाप्रकृतकमशा[illegible]साधकमाकुलमव्यापकंच सर्वंचहेतुम ब्रूयात्[illegible]मन्ताह्यकलुषाः सर्वएववादविग्रहाश्चिकित्सितेकारणभूताः । प्रशस्त[illegible]वर्द्धकत्वात्सर्वारम्भसिद्धिंह्यावहतिअनुपहताबुद्धिः ॥ ७७ ॥

એ વાદમાં સંપૂર્ણ અધિકરણોની ઉત્પત્તિ અને વાક્ય તથા પ્રતિ વાક્યોનો વિસ્તાર હોય છે. આ સર્વને જોઇ જોઇને વાકય કહેવાં. પ્રકૃતિથી વિરૂદ્ધ, શાસ્ત્રથી વિપરીત, પરીક્ષા રહિત, સાધક રહિત, આકુલ, (જેમાં વિષય મળેલો હોય) તથા જ્ઞાપક રહિત વાકય ન કહેવાં. જે કહેવું તે સર્વ હેતુવાળું કહેવું. પ્રશસ્ત બુદ્ધિને વધારનાર હોવાથી હેતુવાળાં તથા નિર્દોષ સંપૂર્ણ વિગ્રહ વાકયજ વૈદ્યક શાસ્ત્રમાં કારણભૂત છે. કેમકે અનુપહત (કંઈ રોકાય નહિ) બુદ્ધિ, સંપૂર્ણ કાર્યોને સિદ્ધ કરે છે. ૭૭.

इमानिखलुतावदिहकानिचित्प्रकरणानिभूयः। ज्ञानपूर्वकंकर्मणासमारंभंप्रशंसन्ति-कुशलाः ॥ ७८ ॥

અહીં કાંઇક પ્રકરણ કહું છું કેમકે કુશલ યોગ, જ્ઞાન પૂર્વક કાર્યના પ્રારંભની પ્રશંસા કરે છે. ૭૮.

ज्ञात्वाहिकारणकरणकार्य्ययोनिकार्य्यकार्य्यफलानुबन्धदेशकालप्रवृत्त्युपायान्सम्यगभिनिर्वर्त्यमानः कार्य्याभिनिर्वृत्ताविष्टफलानुबन्धंकार्य्यमभिनिर्वर्त्तयत्यनतिमहताप्रयत्नेनकर्त्ता ॥ ७९ ॥

કારણ, કરણ, કાર્યયોનિ, કાર્ય, કાર્યફળ, અનુબંધ, દેશ, કાલ, પ્રવૃત્તિ, તથા ઉપાય એઓને જાણીને સારી રીતે કાર્ય કરનાર કર્તા થોડાજ યત્નથી કાર્યના ઇષ્ટ ફલને સિદ્ધ કરે છે. ૭૯.

कारण.

तत्रकारणंनामतद्यत्करोतिसएवहेतुःकर्त्तासः ॥ ८० ॥

કારણ—જે કાર્ય કર્તા છે તેને કારણ કહે છે તેને હેતુ તથા કર્તા પણ કહે છે. ૮૦.

करण.

करणंपुनस्तद्यदुपकरणायोपकल्पतेकर्त्तुःकार्य्याभिनिर्वृत्तौप्रयतमानस्य ॥ ८१ ॥

કરણ—કાર્યની સિદ્ધિમાં જે કર્તાનો સહાયતાને માટે વ્યવહાર કરવામાં આવે છે તેને કરણ કહે છે. ૮૧.

कार्ययोनि.

कार्य्ययोनिस्तुसायाविक्रियमाणाकार्य्यत्वमापद्यते ॥ ८२ ॥

કાર્યયોનિ—જે વિકારને પ્રાપ્ત થઇને કાર્યત્વને પ્રાપ્ત થઈ જાય તેને કાર્યયોનિ કહે છે. (જેમ ઘટકાર્ય છે અને તેની યોનિ મૃતિકા છે.) ૮૨.

कार्य.

कार्य्यंतुतद्यस्याभिनिर्वृत्तिमभिसन्धायप्रवर्त्ततेकर्त्ता ॥ ८३ ॥

કાર્ય—જેની સિદ્ધિને માટે કર્તા પ્રવૃત્ત થાય છે તેને કાર્ય કહે છે. ૮૩.

कार्यफलम्.

कार्यफलंपुनस्तद्यत्प्रयोजनाकार्य्याभिनिर्वृत्तिरिष्यते ॥ ८४ ॥

કાર્યફલ—જે પ્રયોજનને માટે કાર્યની સિદ્ધિ ઇચ્છવામાં આવે છે, તેને કાર્ય ફલ કહે છે. ૮૪.

अनुबन्ध.

अनुबन्धस्तुकर्त्तारमवश्यमनुबध्नातिकार्य्यादुत्तरकालंकार्य्यनिमित्तः शुभोवाशुभोवाभावः ॥ ८५ ॥

અનુબંધ—કાર્ય સિદ્ધ હોવા ઉપરાંત કાર્ય નિમિત્તક જે શુભ અથવા અશુભ ભાવ-કર્તાને અવસ્ય પ્રાપ્ત થાય તેને અનુબન્ધ કહે છે. ૮૫.

देशस्त्वधिष्ठानम् ॥ ८६ ॥

જે સ્થાનમાં કાર્ય કરવામાં આવે તેને દેશ કહે છે. ૮૬.

काल.

कालःपुनःपरिणामः ॥ ८७ ॥

અને પરિણામને કાલ કહે છે. ૮૭

प्रवृत्ति.

प्रवृत्तिस्तुखलुचेष्टाकार्य्यार्थासैवक्रियाकर्मयत्नःकार्य्यसमारम्भश्च ॥ ८८ ॥

પ્રવૃત્તિ—કાર્યને નિમિત્તે જે ચેષ્ટા કરવાંમાં આવે છે તેને પ્રવૃત્તિ કહે છે. ક્રિયા, કર્મ, યત્ન તથા કાર્ય સમારંભ આ પ્રવૃત્તિનાં નામ છે. ૮૮.

उपाय.

उपायःपुनःकारणादीनांसौष्ठवमभिसन्धानञ्चसम्यक्कार्य्यफलानुबन्धोपायवर्ज्यानांकार्य्याणामभिनिर्वर्त्तकइत्यतोऽभ्युपायःकृतेनोपायार्थोऽस्तिनचविद्यतेतदात्वेकृताच्चोत्तरकालंफलञ्चानुबन्धइतिव्याख्यातंदशविधम् ॥ ८९ ॥

ઉપાય—કાર્ય, કાર્ય ફલ તથા અનુબંધ એ સિવાય જે કારણાદિકોના સમીચીનત્વ તથા વિધાન છે તેને ઉપાય કહે છે. ઉપાયથીજ કાર્ય સિદ્ધ થાય છે. જ્યારે કાર્ય થઇ રહે તો પછી ઉપાયનું કાંઇ પ્રયોજન રહેતું નથી. અને કાર્યની ઉત્પત્તિના સમયે કાર્યની વિદ્યમાનતા હોતી નથી અને કાર્ય થઇ ગયા પછી ફલ તથા અનુબંધ થાય છે. એથી કાર્ય, કાર્યફલ તથા અનુબન્ધને બાદ કરતાં અન્ય કારણાદિના વિધાનને ઉપાય કહે છે. એ પ્રકારે કારણાદિનાં દશ પ્રકરણ કહેવામાં આવ્યાં. ૮૯.

अग्रेपरीक्ष्यंततोऽनन्तरकार्य्यार्थाप्रवृत्तिरिष्टातस्माद्भिषक्कार्य्यंचिकीर्षुःप्राक्कार्य्यसमारम्भात्परीक्षयाकेवलंपरीक्ष्यपरीक्ष्यार्थकर्मसमारभेतकर्त्तुम् ॥ ९० ॥

પ્રથમ પરીક્ષા કરવી જોઇએ તે પછી કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઇએ એથી કાર્ય કરવાની ઇચ્છા કરનાર વૈદ્યે કાર્યારંભની પહેલાં પરીક્ષાથી પરીક્ષ્ય વિષયની પરીક્ષા કરીને કાર્યનો પ્રારંભ કરવો. ૯૦

तत्रचेद्भिषग्भिषग्वाभि[illegible]त्पृच्छेद्वमनविरेचनास्थापना[illegible]वासनशिरोविरे-
चनानिप्रयो[illegible]कामेनभिषजाकतिविधयापरीक्षयाक[illegible]तविधमेवपर[illegible]क[illegible]त्रपरी-
क्ष्यविशेषःकथञ्चपरीक्षितव्यंकिंप्रयोज[illegible]क्षाकचवमनादीनांप्रवृत्तिःक्वनिवृ-
त्तिःप्रवृत्तिनिवृत्तिसंयोगेचकिंनैष्ठिकंकानिचवमनादीनांभेषजद्रव्याणिउपयोगंग-
च्छन्तीति।सएवंपृष्टोयदिमोहयितुमिच्छेदूब्रूयादेनंबहुविधाहिपरीक्षातथापरीक्ष्य-
विधिभेदः। कतमेनविधिभेदप्रकृत्यन्तरेणपरीक्ष्यस्यभिन्नस्यभेदाग्रंभवान्पृच्छति-
आख्यायमानंनद[illegible]भवतोऽन्येनविधिभेदप्रकृत्यन्तरेणभिन्नयापरीक्षयाअन्येनवा-
विधिभेदप्रकृत्यन्तरेणपरीक्ष्यस्यभिन्नस्याभिलषितमर्थंश्रोतुमहमन्येनपरीक्षाविधि-
भेदेनअन्येनवाविधिभेदप्रकृत्यन्तरेणपरीक्ष्यंभित्त्वार्थमाचक्षाणइच्छांप्रपूरयेयमिति।९१

જે કાર્યારંભમાં વૈદ્ય અથવા અન્ય કોઇ પુરૂષ વૈદ્યને પૂછે કે વમન, વિરેચન, આસ્થા-
પન, અનુવાસન તથા શિરો વિરેચનનો પ્રયોગ કરવાની ઇચ્છા કરનારા વૈદ્યે કઇ પ્રકારની
પરીક્ષાઓથી કઈ પ્રકારની પરીક્ષા કરવાને યોગ્ય વસ્તુઓની પરીક્ષા કરવી. પરીક્ષા કરવાને
યોગ્ય વસ્તુઓની શું વિશેષતા છે. કયા પ્રકારથી પરીક્ષા કરવી જોઇએ, પરીક્ષાનું શું
પ્રયોજન છે, વમનાદિકોની કયાં પ્રવૃત્તિ થાય છે અને કયાં નિવૃત્તિ થાય છે, જ્યાં પ્રવૃત્તિ
નિવૃત્તિ બંનેનાં લક્ષણ મળેલાં હોય ત્યાં શું કરવું જોઇએ અને કઇ ઔષધિયો વમના-
દિકમાં ઉપયોગ કરી શકાય છે આ પ્રશ્નને સાંભળીને જો પ્રશ્નકર્ત્તાને મોહિત કરવા ઇચ્છે
તો કહેવું કે અનેક પ્રકારની પરીક્ષા છે અને અનેક પ્રકારની પરીક્ષ્ય વસ્તુ છે. આપ કયા
પ્રકારના ભેદ કારણાન્તરથી પરીક્ષ્યના ભેદોને પૂછવા ઇચ્છો છો, આ વખતે આપના સિવાય
ભેદોના પ્રકૃત્યન્તરથી પરીક્ષ્યના ભેદોને કોઇ સાંભળવા ઇચ્છતા નથી એથી પરીક્ષા વિધિના
ભેદોના પ્રકૃત્યન્તરથી કયા પરીક્ષ્ય ભેદને કહીને હું આપની ઇચ્છાને પૂર્ણ કરૂં. ૯૧.

[illegible]क्ष्योत्तरंवाच्यंस्यायथोक्तंप्रतिवचनमवेक्ष्यसम्यग्यदितुब्रूयान्नचै-
नंमोहयितुमिच्छेत्प्राप्तन्तुवचनकालंमन्येतकाममस्मैब्रूयादाप्तमेवनिखिलेन ॥९२॥

આ સાંભળીને જો પ્રશ્નકર્તા કહે કે સારા પ્રકારથી વિચાર કરીને એવો ઉત્તર આપો
કે જેમાં મારૂં સમાધાન થાય. આ સાંભળીને ફરી તેને મોહિત ન કરવા જોઇએ અને ઉ-
ચિત ઉત્તર આપવાનો સમય જાણીને બહુજ સ્પષ્ટ યથાર્થ ઉત્તર આપવો. ૯૨.

પરીક્ષાનો ભેદ.

द्विविधापरीक्षाज्ञानवतांप्रत्यक्षमनुमानञ्च एतत्तुद्वयमुपदेशश्च परीक्षात्रयमेवमेषाद्वि-
विधापरीक्षात्रिविधावासहोपदेशेन ॥ ९३ ॥

જ્ઞાન વાનોની પ્રત્યક્ષ તથા અનુમાન આ બે રીતે પરીક્ષા થાય છે. અને ઉપદેશને
પણ તેની સાથે મેળવવાથી ત્રણ રીતે પરીક્ષા થાય છે. એવી રીતે બે પ્રકારની અથવા ત્રણ
પ્રકારની પરીક્ષા થઇ. ૯૩.

दशविधन्तुपरीक्ष्यंकारणादिय[illegible]त्क्रमप्रेतदिहभिषगादि[illegible]संसाध्यसन्दर्शयिष्यामः ।
इहकार्यप्राप्तौकारणंभिषक्, करणंपुनर्भेषजं, कार्ययोनिर्धातुवैषम्यं, कार्यंधातु-

साम्यं, कार्य्यफलं सुखावाप्तिः, अनुबन्धआयुः, देशोभूमिरातुरश्च, कालःसंवत्सरश्चा तुरावस्थाच, प्रवृत्तिःप्रतिकर्मसमारम्भः,उपायोभिषगादीनां सौष्ठवमभिसन्धानश्चसम्यागे पिच उपायस्यविषयः पूर्वेणैवोपायविशेषेणव्याख्यातइतिकारणादीन्दश । दशप्रभिषगादेवुसंसार्य्यसन्दर्शितानि, तथैवानुपूर्व्याएतद्दशविधंपरीक्ष्यमुक्तञ्च ॥ ९४ ॥

પ્રથમ જે કારણાદિક કહેવામાં આવ્યાં તે દશ પ્રકારના પરીક્ષ્ય છે. તેને અહીં વૈદ્યાદિકોમાં ફેલાવીને બતાવીએ છીએ, જેમકે અહીં વૈદ્યક શાસ્ત્રમાં કાર્ય પ્રાપ્તિનું કારણ વૈદ્ય છે. કરણ ભેષજ છે, કાર્યયોનિ ધાતુઓની વિષમતા છે. કાર્ય ધાતુઓની સમતા છે. કાર્ય ફલ સુખ પ્રાપ્તિ છે, અનુબંધ આયુષ્ય છે, દેશ, ભૂમિ તથા રોગી છે, કાલ, સંવત્સર તથા રોગીની અવસ્થા છે. પ્રવૃત્તિ ચિકિત્સાનો પ્રારંભ છે. અને ઉપાય વૈદ્યાદિકોના વિધાન તથા પોતાના કાર્યને અનુકુલ હોવું એ છે. અહીં પણ ઉપાયનો વિષય જેવો પ્રથમ કહેવામાં આવ્યો છે તેવોજ જાણવો જોઇએ. આ પ્રકારે કારણાદિક દશ વૈદ્યાદિદશોમાં ફેલાવીને કહેલા આ ક્રમમાં આ દશ પ્રકારના પરીક્ષ્ય કહેવામાં આવ્યા છે. ૯૪.

तस्ययोयोपरीक्ष्यविशेषोयथायथाचपरीक्षितव्यःससतथातथाव्याख्यास्यते । कारणंभिषगित्युक्तमग्रेतस्यपरीक्षाभिषङ्नामसयोभेषतियःसूत्रार्थप्रयोगकुशलःयस्यचायुःसर्वथाविदितम् ॥ ९५ ॥

यथावत्सर्वधातुसाम्यंचिकीर्षन्नात्मानमेवादितःपरीक्षेत । गुणिषुगुणतःकार्य्याभिनिर्वृत्तिंपश्यन्कच्चिद हमस्यकार्य्यस्यअभिनिर्वर्त्तनेसमर्थोनवेति ॥ ९६ ॥

સારી રીતે ધાતુઓને સમ કરવાની ઇચ્છા કરનારા વૈદ્યના ગુણોથી કાર્ય સિદ્ધ થાય છે. આ જાણીને પ્રથમ પોતાનાજ ગુણોની પરીક્ષા કરવી કે હું આ કાર્ય કરવામાં સમર્થ છું કે નહીં. ૯૬.

तत्रेमेभिषग्गुणायैरुपपन्नोभिषग्धातुसाम्याभिनिर्वर्त्तनेसमर्थोभवतितद्यथापर्य्यवदातश्रुततापरिदृष्टकर्मतादाक्ष्यंशौचंजितहस्तताउपकरणवत्तासर्वेन्द्रियोपपन्नताप्रकृतिज्ञताप्रतिपत्तिज्ञताचेति ॥ ९७ ॥

તેમાં આ ગુણ વૈદ્યના છે કે જેથી વૈદ્ય ધાતુઓને સમ કરવાને સમર્થ થાયછે. જેમ સારી રીતે શાસ્ત્રને જાણવું, દષ્ટ કર્મતા, ચતુરતા, શૌચ, જીત હસ્તતા, સામગ્રી યુક્ત હોવું, સંપૂર્ણ ઇન્દ્રિયોવાળા હોવું, પ્રકૃતિ જાણવી અને પ્રતિ પત્તિજ્ઞતા (અવશ્ય કર્તવ્ય હોય તે વાત જાણવી.) ૯૭.

ભેષજની પરિક્ષા.

करणंपुनर्भेषजम् । भेषजंनामतद्यदुपकरणायोपकल्प्यते, भिषजोधातुसाम्याभिनिर्वृत्तौप्रयतमानस्य, विशेषतश्चोपायान्तरेभ्यः तद्द्विविधंव्यपाश्रयभेदात्दैवव्यपाश्रयंयुक्तिव्यपाश्रयञ्च । तत्रदैवव्यपाश्रयंमन्त्रौषधिमणिमङ्गलबल्युपहारहोमनि-

यमप्रायश्चित्तोपवासदानस्वस्त्ययनप्रणिपातगमनादिन । युक्तिव्यपाश्रयं संशोधनोपशमने चेष्टाश्चदृष्टफलाः एतच्चैव भेषजमङ्गभेदादपि द्विविधं द्रव्यभूतमद्रव्यभूतञ्च तत्र यदद्रव्यभूतं तदुपायाभिप्लुतम् । उपायो नाम यद्दर्शनविस्मापनक्षोभणहर्षणभर्त्सनवधबन्धस्वप्नसंवाहनादिरमूर्त्तो भावो यथोक्ताः सिद्ध्युपायाश्च । यत्तु द्रव्यभूतं तद्वमनादिषु योगमुपैति ॥ ९८ ॥

ભેષજ કરણ છે એ જે કહ્યું તેની પરીક્ષા કહીએ છીએ. ધાતુઓને સમ કરવાને માટે યત્ન કરતા વૈદ્યને માટે જે ઉપકરણ રૂપ હોય તેને ભેષજ કહે છે. તે આશ્રય ભેદથી બે પ્રકારની છે. જેમકે દૈવ વ્યપાશ્રય તથા યુક્તિ વ્યપાશ્રય ત્યાં મંત્ર, ઔષધ, મણિ, મંગલ, બલિ, ઉપહાર, હોમ, નિયમ, પ્રાયશ્ચિત, ઉપવાસ, દાન, સ્વસ્ત્યયન, તથા પ્રાણિપાત, ગમન વિગેરે આ દૈવવ્યપાશ્રય ભેષજ છે. અને સંશોધન, ઉપશમન તથા પ્રત્યક્ષ ફલદાયક ચેષ્ટા એ યુક્તિ વ્યપાશ્રય ભેષજ છે. યુક્તિવ્યપાશ્રય ભેષજ અંગ ભેદથી બે પ્રકારની હોય છે. એક દ્રવ્યભૂત, બીજી અદ્રવ્ય ભૂત, બીજી અદ્રવ્યભૂત તેમાં અદ્રવ્યભૂત ભેષજ ઉપાય રૂપ છે. ભય બતાવવો આશ્ચર્યિત કરવું, ક્ષોભ કરવો, હર્ષિત કરવા, મારવા, માર મારવો, બંધન, સ્વપ્ન તથા અંગમર્દન વિગેરે જે રૂપરહિત ભાવ અને અનેક પ્રકારની સિદ્ધિ આ ઉપાય કહેવાય છે. અને દ્રવ્યભૂત ભેષજનો વમનાદિમાં વ્યવહાર કરવામાં આવે છે. ૯૮.

ઔષધ પરીક્ષા.

तस्यापि इयं परीक्षा इदमेवंप्रकृत्या एवंगुणमेवंप्रभावमस्मिन्देशे जातमस्मिन्नृतौ एवं गृहीतमेवं निहितमेवमुपस्कृतमनया मात्रया युक्तमस्मिन् रोगे एवंविधस्य पुरुषस्यैतावन्तं दोषमपकर्षयति उपशमयति वा अन्यदपि चैवंविधं भेषजं भवेत्तच्च [illegible] विशेषेणयुक्तमिति ॥ ९९ ॥

તેની આ પરીક્ષા છે. આ ઔષધની આ પ્રકૃતિ છે. આ પ્રકારના ગુણ છે એ પ્રભાવ છે. અમુક દેશ અને અમુક રૂતુમાં આ ઉત્પન્ન થાય છે આ પ્રકારે એ લેવામાં આવી છે, આ પ્રકારે રાખવામાં આવી છે, આ પ્રકારે બનાવવામાં આવી છે, અમુક રૂતુમાં આ પ્રકારના પુરૂષને તેની આટલી માત્રા આપવાથી આટલો દોષ નિકળે છે, અથવા શાંત થાય છે, અને આ પ્રકારનું બીજું પણ ઔષધ હતું તેમાં આ વિશેષતા હતી. ૯૯.

કાર્ય યોનિ પરીક્ષા.

कार्य्ययोनिर्धातुवैषम्यं तस्य लक्षणं विकारागमः परीक्षा त्वस्य विकारप्रकृतेश्चैवोनातिरिक्तलिङ्गविशेषावेक्षणं विकारस्य च साध्यासाध्यमृदुदारुणलिङ्गविशेषावेक्षणमिति ॥ १०० ॥

ધાતુઓની વિષમતા એ કાર્ય યોની છે. રોગોનું થવું એજ ધાતુઓની વિષમતાનું લક્ષણ છે. રોગોના દોષોની ન્યુનતા તથા અધિકતાનાં લક્ષણ વિશેષોનું જોવું અને રોગોની સાધ્યતા, અસાધ્યતા, મૃદુતા, તથા દારૂણતાનાં લક્ષણ વિશેષોને જોવાં એ તેની પરીક્ષા છે. ૧૦૦

કાર્ય પરીક્ષા.

कार्य्यं धातुसाम्यं, तस्य लक्षणं विकारोपशमः, परीक्षा त्वस्य रुगुपशमनं स्वरवर्णयो-

गः शरीरोपचयः बलवृद्धिरभ्यवहार्याभिलाषोरुचिराहारकाले ऽभ्यवहृतस्यचाहारस्यसम्यग्जरणंनिद्रालाभोयथाकालंवैकारिकाणांस्वप्नानामदर्शनंसुखेन चप्रतिबोधनंवातमूत्रपुरीषरेतसां मुक्तिः । सर्वाकारैर्मनोबुद्धीन्द्रियाणांचाव्यापत्तिरिति ॥ १०१ ॥

ધાતુ સામ્ય કાર્ય છે. રોગોનું શાન્ત થવું એજ ધાતુ સામ્યનું લક્ષણ છે. અને એ તેની પરીક્ષા છે. જેમ રોગોનું દૂર થવું, સ્વર, વર્ણનું ઠીક થવું, શરીરની પુષ્ટતા, બલની વૃદ્ધિ ભોજન પર ઇચ્છા, રૂચિ, ભોજનના સમય વખતે સારી રીતે જમેલા આહારનું સારી રીતે પચી જવું, સમયસર નિંદ્રા આવવી, વિકારથી આવનાર સ્વપ્નો ન જણાવાં. સમયસર જાગવું, વાયુ, મૂત્ર, મળ તથા વીર્યનો સારી રીતે ખુલાસો થવો અને મન, બુદ્ધિ તથા ઇન્દ્રિયોનું સર્વ પ્રકારથી સ્વસ્થ થવું. ૧૦૧

કાર્ય ફલ પરીક્ષા.

कार्य्यफलंसुखावाप्तिस्तस्यलक्षणंमनोबुद्धीन्द्रियशरीरतुष्टिः ॥ १०२ ॥

કાર્ય ફલ—સુખની પ્રાપ્તિ છે. મન, બુદ્ધિ, ઇન્દ્રિય તથા શરીરનું પુષ્ટ હોવું એ તેનું લક્ષણ છે. ૧૦૨

अनुबन्धस्तुखल्वायुस्तस्यलक्षणंप्राणैःसंयोगः ॥ १०३ ॥

અનુબંધ આયુષ્ય છે. પ્રાણોની સાથે શરીરનો સંયોગ થવો એ આયુષ્યનું લક્ષણ છે. ૧૦૩

દેશ લક્ષણ.

देशस्तुभूमिरातुरश्चतत्रभूमिपरीक्षाआतुरस्यपरिज्ञानहेतोर्वास्यादौषधपरिज्ञानहेतोर्वा । तत्रतावदियमातुरपरिज्ञानहेतोः । तद्यथा—अयंकस्मिन्भूमिदेशेजातःसंवृद्धोव्याधितोवेतितस्मिंश्चभूमिदेशेमनुष्याणामिदमाहारजातमिदंविहारजातमेतद्बलमेवंविधंसत्त्वमेवंविधंसात्म्यमेवंविधोदोषोभक्तिरियमिमेव्याधयोहितमिदमहितमिदमितिप्रायोग्रहणेन ॥ १०४ ॥

ભૂમિ તથા રોગી આ બંને ચિકિત્સાશાસ્ત્રમાં દેશ કહેવાય છે. તેમાં ભૂમિ પરીક્ષા રોગીના જ્ઞાનને માટે અથવા ઔષધના પરિજ્ઞાનને માટે હોય છે તેમાંથી રોગીના જ્ઞાનને માટે આ પ્રમાણે ભૂમિ પરીક્ષા થાય છે, જેમકે આ મનુષ્ય કયા દેશમાં ઉત્પન્ન થયો છે. કયા દેશમાં તેની વૃદ્ધિ થઇ છે અને કયા દેશમાં રોગી થયો. તે દેશમાં મનુષ્યોનો આ અહાર છે, આ વિહાર છે, આ પ્રકારનું સત્વ છે, આટલું બળ છે, આ પ્રકારનું સાત્મ્ય છે. આ પ્રકારનો દોષ હોય છે, આ ભક્તિ હોય છે, આ રોગ હોય છે, આ હિત હોય છે અને આ અહિત હોય છે, આ વાતોની ઘણું કરીને પરીક્ષા કરવી જોઇએ. ૧૦૪

औषधपरिज्ञानहेतोस्तुकल्पेषुभूमिपरीक्षावक्ष्यते ॥ १०५ ॥

અને ઔષધના પરિજ્ઞાનને માટે કલ્પસ્થાનમાં ભૂમિ પરીક્ષા કહેવામાં આવશે. ૧૦૫

રોગી પરીક્ષા.

आतुरस्तुखलुकार्य्यदेशस्तस्यपरीक्षाआयुषःप्रमाणज्ञानहेतोर्वास्याद्बलदोषप्रमाणज्ञानहेतोर्वा ॥ १०६ ॥

રોગી, દેશ છે તેની પરીક્ષા, આયુષ્યના પ્રમાણને જાણવાને માટે અથવા બળ તથા દોષના પ્રમાણને જાણવાને માટે થાય છે. તેમાં બલ તથા દોષોનું પ્રમાણ જાણવાને માટે આ નિમિત્તે પરીક્ષા કરવી જોઈએ. ૧૦૬.

तत्रतावदियंबलदोषविशेषप्रमाणापेक्षासहसाहिअतिबलमौषधमपरीक्षकम् क्तम्-ल्पबलमातरमभिघातयेत्, नह्यतिबलान्याग्नेयसौम्यवायवीयान्यौषधान्यग्निक्षार-शस्त्रकर्माणि वा शक्यन्तेऽल्पबलैःसोढुमविषह्यातितीक्ष्णवेगत्वाद्धिसद्यःप्राणहरा-णिस्युः ॥ १०७ ॥

જે બળ, દોષ, પ્રમાણની અપેક્ષા વિના પરીક્ષા કરેલા અલ્પ બળવાન રોગીને જો અધિક બળવાળું ઔષધ આપવામાં આવે તો તે જલ્દીજ તેને નષ્ટ કરી નાંખે છે, કેમકે સ્વલ્પ બળવાળો રોગી, અધિક બળવાળી, અધિક અગ્નિના ગુણવાળી, અધિક જળના ગુણ-વાળી, અધિક વાયુના ગુણવાળી ઔષધિયોને અથવા અગ્નિ, ક્ષાર તથા શસ્ત્ર કર્મને સહી શકતો નથી. પરંતુ આ ઔષધિ પોતાના અસહ્ય, તીક્ષ્ણ, વેગથી રોગીનો જલ્દીજ પ્રાણ હરી લે છે. ૧૦૭.

દુર્બલ રોગીને ઔષધ.

एतदेवकारणमवेक्ष्यमाणाहीनबलमातुरमविषादकरैर्मृदुसुकुमारप्रायैरुत्तरोत्तरगुरु-भिरविभ्रमैरनात्ययिकैश्चोपचरन्त्यौषधैःविशेषतश्चनारीस्ताह्यनवस्थितमृदुविकृत-विक्लवहृदयाःप्रायःसुकुमारानार्योऽबलाःपरमसंस्तभ्याश्च ॥ १०८ ॥

એ કારણથી વૈદ્યો વિષાદને ઉત્પન્ન ન કરનાર, મૃદુ તથા સુકુમાર ઉત્તરોત્તર, ગુરૂ, ભ્રાન્તિ રહિત, અને કોઇ પ્રકારનું અનિષ્ટ નહિં કરે તેવી ઔષધીઓ વડે, હીન બલ-વાળા રોગિયોની ચિકિત્સા કરે છે, અને વિશેષે કરીને સ્ત્રિયોની આ પ્રકારેજ ચિકિત્સા કરે છે. કેમકે સ્ત્રિયો ઘણે ભાગે સુકુમાર, નિર્બલ તથા પરાશ્રિત હોય છે અને તેનું હૃદય અનવસ્થિત, મૃદુ, તુચ્છ તથા જલ્દીજ વિકલ થનારૂં હોય છે. ૧૦૮.

અલ્પબલ ઔષધની વ્યર્થતા.

तथाबलवतिबलवद्व्याधिपरिगतेस्वल्पबलमौषधमपरीक्षकप्रयुक्तमसाधकंभवतित-स्मादातुरंपरीक्षेतप्रकृतितश्चविकृतितश्चसारतश्चसंहननतश्चप्रमाणतश्चसात्म्यतश्चस-त्त्वतश्चाहारशक्तितश्चव्यायामशक्तितश्चवयस्तश्चेति ॥ १०९ ॥

આ પ્રકારે બળવાન રોગોની અથવા બળવાન રોગોવાળા રોગીની પરીક્ષા કર્યા વિના સ્વલ્પ બળવાળાં ઔષધ આપવાથી કાંઇ ફાયદો થતો નથી. એથી પ્રકૃતિ, વિકૃતિ, સાર, સંહનન, પ્રમાણ, સાત્મ્ય, સત્વ, આહારશક્તિ, વ્યાયામશક્તિ, તથા અવસ્થા વડે રોગીની પરીક્ષા કરવી જોઈએ. ૧૦૯

બલ, પ્રમાણ, ગ્રહણનો નિયમ.

[illegible]ग्रहणहेतोः तत्रामीप्रकृत्यादयोभावाः । तद्यथा—शुक्रशोणितप्रकृ-तिकालगर्भाशयप्रकृतिमा[illegible]राहारविहारप्रकृतिमहा[illegible]तविकारप्रकृतिश्चगर्भशरीर-

मपेक्षते । एताहियेनयेनदोषेणाधिकतमेनैकेन [illegible]तमनवासम. बध्यन्ते तेन तेन दोषेणगर्भोऽनुबध्यते । ततःसासादोषप्रकृतिरुच्यते मनुष्याणांगर्भादिप्रवृत्ता । तस्माद्वातलाःप्रकृत्याके चित्पित्तलाःके चिच्छ्लेष्मलाःकेचित्सं[illegible]ाः समधातवःप्रकृत्याकेचिद्भवन्ति । तेषांहिलक्षणानिव्याख्यास्यामः ॥ ११० ॥

એથી બળનું પ્રમાણુ વિશેષ જાણુવામાં આવે છે. પ્રકૃતિ વિગેરેનો ભાવ આ છે, જેમકે શુક્રશોણિત, પ્રકૃતિ તથા કાલ, ગર્ભાશય પ્રકૃતિ—રોગીના આહાર વિહારની પ્રકૃતિ મહાભૂત વિકાર પ્રકૃતિ, આ ગર્ભમાં જે શરીર હોય છે તે અનુસાર હોય છે, જે જે અત્યંત અધિક અનેક અથવા એક દોષની સાથે સંબંધ રાખે છે તે ગર્ભથી પણ સંબંધ રાખે છે. એથી તે તે દોષોની પ્રકૃતિ, મનુષ્યોની પ્રકૃતિ કહેવાય છે. એજ કારણુથી કોઈ મનુષ્ય સ્વભાવથીજ ગર્ભમાંથી ઉત્પન્ન થતાંજ વાતલ (અધિક વાતવાળા) હોય છે. કોઈ પિત્તલ (અધિક પિત્તવાળા) કોઇ શ્લેષ્મલ (અધિક કફવાળા) કોઇ સંસૃષ્ટ (જેમાં દોષ મિશ્ર થએલા હોય) અને કોઇ સ્વભાવથીજ સમધાતુવાળા હોય છે. તેનાં લક્ષણુ કહું છું. ૧૧૦.

કફ પ્રકૃતિ.

श्लेष्माहिस्निग्धश्लक्ष्णमृदुमधुरसारसान्द्रमंदस्तिमितगुरुशीतविज्जलाच्छः । अस्यस्नेहाच्छ्लेष्मलाःस्निग्धाङ्गाः, श्लक्ष्णत्वाच्छ्लक्ष्णाङ्गाः, मृदुत्वाद्दृष्टिसुखसुकुमारावदातशरीराः माधुर्यात्प्रभूतशुक्रव्यवायापत्याः, सारत्वात् सारसंहतस्थिरशरीराः, सान्द्रत्वादुपचितपरिपूर्णसर्वगात्राः, मन्दत्वान्मन्दचेष्टाहारविहाराः, स्तैमित्यादशीघ्रारम्भक्षोभविकाराः, गुरुत्वात्साराधिष्टितगतयःशैत्यादल्पक्षुत्तृष्णासन्तापस्वेददोषाः, विज्जलत्वात्सुश्लिष्टसारबन्धसन्धानाः तथाच्छत्वात्प्रसन्नदर्शनाननाः प्रसन्नस्निग्धवर्णस्वराश्चभवन्ति । तएवंगुणयोगाच्छ्लेष्मलाबलवन्तोवसुमन्तोविद्यावन्तओजस्विनःशान्ताआयुष्मन्तश्चभवन्ति ॥ १११ ॥

કફ ચિકણો, શ્લક્ષ્ણુ, મૃદુ, મધુર, સાર, સાન્દ્ર, મન્દ, સ્તિમિત, ગુરૂ, શીતલ, વિજ્જલ, તથા અચ્છ હોય છે. કફના સ્નિગ્ધ થવાથી અધિક કફવાળાનું અંગ સ્નિગ્ધ (ચિકણાં) થાય છે, કફના શ્લક્ષ્ણુ થવાથી અધિક કફવાળા પુરૂષોનાં અંગ શ્લક્ષ્ણુ થાય છે. કફના મૃદુ, હોવાથી અધિક કફવાળાનાં શરીર જોવામાં સુન્દર, સુકુમાર, તથા શ્વેત હોય છે. કફના મધુર હોવાથી અધિક કફવાળા પુરૂષોનાં વીર્ય અધિક હોય છે. મૈથુન શક્તિ અધિક હોય છે. તથા સંતતિ બહુજ હોય છે. કફના સાર ગુણુથી અધિક કફવાળાં પુરૂષોનાં શરીર સાર (સ્થિરાંશ) થી સંહત (ખેંચાયલાં) તથા સ્થિર હોય છે. કફના સાન્દ્ર (ગાઢો) હોવાથી અધિક કફ વાળાઓનાં સંપૂર્ણ અંગ પૂષ્ટ તથા પૂર્ણ હોય છે કફના મન્દ ।વાથી અધિક કફવાળા પુરૂષ ચેષ્ટા, આહાર, તથા વિહારમાં શિથિલ હોય છે. કફના સ્તિમિત હોવાથી અધિક કફવાળા પુરૂષ આરંભ, ક્ષોભ તથા વિકારમાં શીઘ્રતાવાળા હોતા નથી. કફના ભારે હોવાથી અધિક કફવાળા પુરૂષ સારવાળા તથા સ્થર ગતિવાળા હોય

છે. કફના શીતલ હોવાથી અધિક કફવાળા પુરૂષોને ભૂખ, તરસ, સંતાપ, સ્વેદ તથા દોષ સ્વલ્પ હોય છે. કફના વિજ્જલ (સ્નિગ્ધકણ) હોવાથી અધિક કફવાળા પુરૂષોના સાંધા સારી રીતે જડેલા તથા દઢ હોય છે. અને કફના અચ્છ (સાફ હોવાથી અધિક કફ-વાળા પુરૂષોનાં નેત્ર તથા મુખ પ્રસન્ન અને નિર્મલ હોય છે, અને વર્ણ તથા સ્વર ઉત્તમ હોય છે. આ પ્રકારના ગુણ હોવાથી અધિક કફવાળા પુરૂષો બળવાન, ધનવાન, વિદ્વાન, ઓજસ્વી, શાંત તથા આયુષ્યમાન હોય છે. ૧૧૧.

પિત્ત પ્રકૃતિનાં લક્ષણ.

पित्तमुष्णंतीक्ष्णंद्रवंविस्रमम्लंकटुकञ्च । तस्यौष्ण्यात्पित्तला भवन्ति उष्णासहाःशु-ष्कसुकुमारावदातगात्राः प्रभूतपिप्लुव्यङ्गतिलकपिडकाः क्षुत्पिपासावन्तःक्षिप्रव-लीपलितखालित्यदोषाः। प्रायोमृद्वल्पकपिलश्मश्रुलोमकेशाःतैक्ष्ण्यात्तीक्ष्णपराक्र-माःतीक्ष्णाग्नयःप्रभूताशनपानाःक्लेशसहिष्णवोदन्दशूकाःद्रवत्वाच्छिथिलमृदुसन्धि बन्धमांसाःप्रभूतसृष्टस्वेदमूत्रपुरीषाश्चविस्रत्वात् । प्रभूतपूतिवक्षःकक्षास्कन्धास्य-शिरःशरीरगन्धाःकट्वम्लत्वादल्पशुक्रव्यवायापत्याः । तएवंगुणयोगात्पित्तलाम-ध्यबलामध्यायुषोमध्यज्ञानविज्ञानवित्तोपकरणवन्तश्चभवन्ति ॥ ११२ ॥

પિત્ત—ગરમ, તીક્ષ્ણ, દ્રવ, વિસ્ર, ખાટું, તથા કડવું હોય છે. પિત્ત ઉષ્ણ હોવાથી અધિક પિત્તવાળા પુરૂષ ઉષ્ણતાને સહી શકતા નથી. તેમનું શરીર સુકુમાર તથા શુદ્ધ હોય છે. તેમને ફોલ્લીઓ, ખસ, તલ તથા ખુજલી વિગેરે વધુ થાય છે. તેમને ભૂખ તથા તરસ અધિક લાગે છે. જલ્દીથી કર્ચલી વળવી, વાળનું ધોળું થવું તથા ગંજાપણ દોષ થાય છે. ઘણેભાગે દાઢી, રૂવાંટી તથા વાળ કોમળ, થોડા, તથા ભૂરા રંગના થાય છે. પિત્તના તીક્ષ્ણ થવાથી અધિક પિતવાળા પુરૂષ તીક્ષ્ણ પરાક્રમી તથા અગ્નિવાળા હોય છે. ખાવા, પીવાનું વધારે જોઇએ, કલેશોને સહી શકતા નથી. પિત્તના દ્રવ થવાથી અધિક પિત્તવાળા પુરૂષોની સંધિ તથા માંસ શિથિલ તથા કોમળ થાય છે. તેને પરસેવો તથા મળમૂત્ર પણ અધિક થાયછે. પિત્ત વિસ્ર (કાચા માંસ જેવી, દુર્ગંધિવાળું) હોવાથી અધિક પિત્તવાળા મનુષ્યોનાં વક્ષઃસ્થલ, બગલ, માથું, તથા શરીરના અન્ય અંગોમાં દુર્ગંધિ આવે છે અને પિત્તના કટુ તથા અમ્લ હોવાથી અધિક પિત્તવાળા પુરૂષોનાં વીર્ય અલ્પ હોય છે. મૈથુન શક્તિ થોડી હોય છે. તથા સંતતિ પણ કમી હોયછે. આ પ્રકારના ગુણ હોવાથી અધિક પિત્તવાળા પુરૂષ, મધ્યમ બળવાળા, મધ્યમ આયુષ અને જ્ઞાન, વિજ્ઞાન, ધન તથા ઉપકરણ (સામાન) વાળા હોય છે. ૧૧૨.

વાત પ્રકૃતિનાં લક્ષણ.

वातस्तुरूक्षलघुचलब[illegible]शीघ्र[illegible]स्यरौक्ष्याद्वातलारूक्षापचिताल्पश-रीराःप्रततरूक्षक्षामभिन्नसक्तज[illegible]जागरूकाश्चभवन्तिलघुत्वाच्चलघुचपलग-तिचेष्टा[illegible]विहाराः चलत्वादनवस्थितसन्ध्यक्षिभ्रूहन्वोष्ठजिह्वाशिरःस्कन्धपाणि

पादाःब[illegible]त्वाद्बहुप्रलापकण्डराशिराप्रतानाःशीघ्रत्वाच्छीघ्रसमारम्भक्षोभविकाराः शीघ्रोत्रासरागविरागाःश्रुतग्राहिणःअल्पस्मृतयश्चशैत्याच्छीतासहिष्णवःप्रततशीतकोद्वेपकस्तम्भाःपारुष्यात्परुषकेशश्मश्रुरोमनखदशनवदनपाणिपादाङ्गावैशद्यात्स्फुटिताङ्गावयवाःसततसन्धिशब्दगामिनश्चभवन्ति । तएवंगुणयोगाद्वातलाःप्रायेणाल्पबलाश्चाल्पायुषश्चाल्पापत्याश्चाल्पसाधनाश्चाधन्याश्च ॥ ११३ ॥

વાયુ, રૂક્ષ, લઘુ, ચલ, બહુ, શીઘ્ર, શીતલ, પુરૂષ તથા વિષદ હોય છે. વાયુ રૂક્ષ હોવાથી અધિક વાયુવાળા પુરૂષોનું શરીર રૂક્ષ તથા વૃધ્ધિ રહિત હોય છે. સ્વર ફેલાયલો, રૂક્ષ, ક્ષીણુ, ભિન્ન તથા જર્જર હોય છે. તેને નિંદ્રા ઓછી આવે છે. વાયુના લઘુ હોવાથી અધિક વાતવાળા પુરૂષ, ગતિ, ચેષ્ટા, આહાર અને વ્યવહારમાં ચપલ હોય છે. વાયુ ચલ હોવાથી અધિક વાતવાળા પુરૂષોના સાંધા, હાડકાં, ભ્રકુટી, જાવડા, હોઠ, જીભ, માથું, ખાંધ, હાથ તથા પગ દ્રઢ હોતા નથી, વાયુના બહુત હોવાથી અધિક વાતવાળા પુરૂષ ઘણા બકવાદી હોય છે. તેના શરીરમાં કન્ડરા (એક પ્રકારની નસ) તથા શિરાઓ જાળ જેવી દેખાય છે. વાયુ શિઘ્ર હોવાથી અધિક વાતવાળા પુરૂષો, આરંભ, ક્ષોભ, વિકાર, ભય, રાગ તથા દ્વેશમાં શીઘ્રતાવાળા હોય છે. સાંભળેલી વાતને માની લેછે. તથા સ્વલ્પ સ્મૃતિવાળા હોય છે. વાયુના શીતલ હોવાથી આધક વાત વાળા પુરૂષો ટાઢને સહી શકતા નથી. તેને શરદી, કંમ્પ તથા સ્તંભ બહુ થાયછે. વાયુના પુરૂષ (ખુર ખુરા) હોવાથી અધિક વાતવાળા પુરૂષોના ના વાળ, દાઢી, રૂંવાટાં, નખ, દાંત, મુખ, પગ તથા અન્ય અંગ ખરસટ (કઠોર) હોય છે. વાયુના વિશદ હોવાથી અધિક વાતવાળા પુરૂષોનાં અંગ ફાટે છે અને જ્યારે તે ચાલે છે ત્યારે તેના સાંધામાં અવાજ થાય છે. આ પ્રકારના ગુણુ હોવાથી ઘણે ભાગે અધિકવાત વાળા પુરૂષ, અલ્પ બળવાળા, અલ્પાયુ, નિર્ધન તથા સ્વલ્પ સાધન (થોડા સામાનવાળા) વાળા હોય છે અને તેને સંતતિ કમી થાય છે. ૧૧૩.

સંકીર્ણ પરીક્ષા.

संसर्गात्संसृष्टलक्षणाःसर्व[illegible]जसमुदितास्तुसमधातवः इत्येवंप्रकृतितःपरीक्षेत ॥११४॥

દોષોના મિશ્ર થવાથી લક્ષણુ પણુ સંસૃષ્ટ (મિશ્ર થએલાં) હોય છે. અને જે પુરૂષમાં આ સર્વ ગુણુ હોય તેને સમધાતુ જાણુવા જોઈએ. ૧૧૪.

વિકૃતિ પરીક્ષા.

विकृतितश्चेति । विकृतिरुच्यते विकारः । तत्रविकारहेतुदोषदूष्यप्रकृतिदेशकालबलविशेषैर्लिङ्गतश्चपरीक्षेत । नह्यन्तरेणहेत्वादीनांबलवि[illegible]षंव्याधिबलविशेषोपलब्धिः । यस्यहिव्याधेर्दूष्यदोषप्रकृतिदेशकालसाम्यंभवतिमहच्चहे[illegible]लिङ्गबलंसव्याधिर्बलवान्तद्विपर्ययाच्चाल्पबलः । मध्यबलस्तु[illegible]ष्यादीना[illegible]न्यतमसामान्याद्धेतुलिङ्गमध्यबलत्वाच्चोपलभ्यते ॥ ११५ ॥

વિકૃતિથી પરીક્ષા કરવાનું વર્ણન કરીએ છીએ, જેમકે વિકારને વિકૃતિ કહે છે. હેતુ, દૂષ્ય, દોષ, પ્રકૃતિ, દેશ તથા કાલ એઓના બળની વિશેષતાથી તથા લક્ષણોથી વિકારની

પરીક્ષા કરવી જોઇએ, કેમકે હેત્વાદિકોના બળ વિશેષને જાણ્યાવિના રોગના બળ વિશેષ જાણી શકાતાં નથી. જે રોગમાં દૂષ્ય, દોષ, પ્રકૃતિ, દેશ તથા કાલની સમતા હોય અને હેતુ બળ તથા લક્ષણોની અધિકતા હોય તે રોગને બળવાન જાણવા જોઇએ. એથી વિપરીત ને અલ્પ બળવાન જાણવા જોઇએ જે રોગમાં દૂષ્યાદિકોમાં કોઇની સમતા હોય અને હેતુ તથા લક્ષણ મધ્યમ તથા બળવાન હોય તે રોગને મધ્યમ બળવાળા જાણવા જોઇએ. ૧૧૫.

સાર દ્વારા પરીક્ષા.

सारतश्चेतिसाराण्यष्टौपुरुषाणांबलमानविशेषज्ञानार्थमुपदिश्यन्ते । तद्यथा—त्वग्र-क्तमांसमेदोऽस्थिमज्जाशुक्रसत्त्वानि । तत्रस्निग्धश्लक्ष्णमृदुप्रसन्नसूक्ष्माल्पगम्भीर-सुकुमारलोमासप्रभाचत्वक्सारणाम् । सासारतासुखसौभाग्यैश्वर्योपभोगबु-द्धिविद्यारोग्यप्रहर्षणान्यायुष्यत्वञ्चाचष्टे ॥ ११६ ॥

સારથી પરીક્ષા કરવાનું વર્ણન મનુષ્યોના બળના પ્રમાણ વિશેષને જાણવાને માટે આઠ સાર કહેવાય છે. જેવાકે ત્વચા, લોહિ, માંસ, મેદ, (ચરબી) અસ્થિ, મજ્જા, વીર્ય તથા સત્વ, એમાંથી જે પુરૂષોની ત્વચા સાર હોય છે. તેની ત્વચા સ્નિગ્ધ, શ્લક્ષ્ણ, કોમળ, નિર્મળ, સૂક્ષ્મ, અલ્પ. ગંભીર, સુકુમાર, રૂવાટાંવાળું હોય છે. અને જે મનુષ્યોની ત્વચા સાર હોય છે. તેનાં સુખ, સૌભાગ્ય, ઐશ્વર્ય, ભોગ બુદ્ધિ, વિદ્યા, આરોગ્ય, હર્ષ તથા આયુષ્યનો વધારો થાય છે. ૧૧૬.

રક્તસાર.

कर्णाक्षि—मुखजिह्वानासौष्ठपाणिपादतल—नख—ललाटमेहनानिस्निग्धरक्तानि-श्रीमन्तिभ्राजिष्णूनिरक्तसाराणाम् । सासारतासुखमुदग्रतांमेधांमनस्वित्वंसौकु-मार्य्यमनतिबलमक्लेशसहिष्णुत्वञ्चाचष्टे ॥ ११७ ॥

જે મનુષ્યોને રૂધિર સાર હોય છે તેના કાન, નેત્ર, મુખ, જીભ, નાસિકા, ઓઠ, હથેળી, પગનાં તળીઆં, નખ, લલાટ, તથા લિંગ, સ્નિગ્ધ, રક્તવર્ણવાળાં, સુંદર, તથા દીપ્તિવાળાં હોય છે. રક્તસાર, પુરૂષોનાં સુખ, ઉચ્ચતા, બુદ્ધિ મનસ્વિતા સુકુમારતા, અધિક બળ ન હોવું અને કલેશને ન સહી શકવો એ સ્વભાવ છે. ૧૧૭.

માંસ સાર.

शंख—ललाट—कृकाटिकाक्षिगण्ड हनुग्रीवास्कन्धोरःकक्षवक्षः पाणिपादसन्धयः स्थिरगुरुशुभमांसोपचितामांससाराणाम् । सासारताक्षमांधृतिमलौल्यंवित्तंविद्यां-सुखमार्जवमारोग्यंबलमायुश्चदीर्घमाचष्टे ॥ ११८ ॥

જે પુરૂષોને માંસ સાર હોય છે. તેનો શંખ, (મસ્તકનું હાડકું) લલાટ, કૃકાટિકા, (શિર અને ગ્રીવાની સંધિનો પાછલો ભાગ) નેત્ર, કપોલ, જીવડા, ગ્રીવા, ખભા, વક્ષઃસ્થલ, બગલ, હૃદય, હાથ, પગ તથા સન્ધિ, આ સર્વ અંગસ્થિર તથા સુંદર, માંસથી ભરેલાં હોય છે. ક્ષમા, ધૈર્ય, નિર્લોભિના ધન, વિદ્યા, સુખ, સરલતા, આરોગ્ય, બળ તથા આયુષ્ય આ માંસ સારવાળાઓનાં અધિક હોય છે. ૧૧૮.

मेदःसार.

वर्णस्वरनेत्रकेशलोमनखदन्तौष्ठमूत्रपुरीषेषु विशेषतः स्नेहो मेदःसाराणां । सा सारता वित्तैश्वर्य्यसुखोपभोगप्रदानान्यार्जवं सुकुमारोपचारतां चाचष्टे ॥ ११९ ॥

જે પુરૂષોને મેદ સાર થાય છે, તેના વર્ણ, સ્વર, નેત્ર, વાળ, રૂવાંટાં, નખ, દાંત, ઓઠ, મૂત્ર, તથા મળ આ વિશેષે કરીને સ્નિગ્ધ હોય છે. મેદાસારવાળા પુરૂષ, ધનવાન, ઐશ્વર્યવાન, સુખી, ભોગવાળા, દાની, સરળ તથા સુકુમાર હોય છે. ૧૧૯.

અસ્થિસાર.

पार्ष्णिगुल्फजान्वरत्निजत्रुचिबुकशिरःपर्वस्थूलाः स्थूलास्थिनखदन्ताश्चास्थिसारास्ते महोत्साहाः क्रियावन्तः क्लेशसहाः सारस्थिरशरीरा भवन्त्यायुष्मन्तश्च ॥१२०॥

જે પુરૂષોને અસ્થિસાર હોય છે તેને એડી, જાનું, ઘુંટણુ, અરત્નિ (કુણીથી ૭ આંગળ સુધીનો ભાગ) જત્રુ, (ખંભાના સાંધા) ચિબક, માથુ, સાંધા, હાડકાં, નખ, દાંત, આ સર્વ સ્થુલ હોય છે. અસ્થિસાર પુરૂષ ઘણુા ઉત્સાહી, બહુજ કાર્ય કરનાર, કલેશ સહેનાર, સ્થિર શરીરવાળા તથા દીર્ઘાયુ હોય છે. ૧૨૦.

મજ્જાસાર.

तन्वङ्गा बलवन्तः स्निग्धवर्णस्वराः स्थूलदीर्घवृत्तसन्धयश्च मज्जसारास्ते दीर्घायुषो बलवन्तः ॥ १२१ ॥

જે પુરૂષોને મજ્જાસાર હોય છે તેનાં અંગ કૃશ હોય છે, બળ અધિક હોય છે, વર્ણ તથા સ્વર સ્નિગ્ધ હોય છે અને શરીરના સાંધા સ્થુલ, દીર્ઘ તથા ગોળ હોય છે. મજ્જાસાર પુરૂષ દીર્ઘાયુ તથા બળવાન હોય છે. ૧૨૧.

શુક્રસાર.

श्रुतविज्ञानवित्तापत्यसम्मानभाजश्च सौम्याः सौम्यप्रेक्षिणः क्षीरपूर्णलोचना इव प्रहर्षबहुलाः स्निग्धवृत्तसारसमसंहतशिखरिदशनाः प्रसन्नस्निग्धवर्णस्वरा भ्राजिष्णवो महास्फिजश्च शुक्रसाराः ते स्त्रीप्रियाः प्रियोपभोगा बलवन्तः ॥ १२२ ॥

જે પુરૂષોને વીર્યસાર હોય છે તે શાસ્ત્રજ્ઞાન, ધન તથા નીતિવાળા હોય છે. માની તથા સૌમ્ય હોય છે. સૌમ્યતાથી દેખે છે. તે એવા પ્રસન્ન રહે છે કે જાણે તેના નેત્રોમાં દુધજ ભરેલું હોય, તેના દાંત સ્નિગ્ધ, સમ, પુષ્ટ, સુંદર હોય છે, વર્ણ નિર્મળ તથા સ્નિગ્ધ હોય છે, સ્વર મધુર તથા ગંભીર હોય છે, નિતંબ બહુજ મોટા હોય છે. અને કાંતિવાળા હોય છે. તે લોક સ્ત્રીઓને બહુજ પ્રિય હોય છે. સ્ત્રિઓને તેની સાથે ભોગ કરવામાં ઘણો આનંદ થાય છે. અને તે ઘણા બળવાન હોય છે. ૧૨૨.

સત્વસાર.

सुखैश्वर्यारोग्यवित्तसम्मानापत्यभाजः स्मृतिमन्तो भक्तिमन्तः कृतज्ञाः प्राज्ञाः शुचयो महोत्साहा दक्षा धीराः समरविक्रान्तयोधिनः त्यक्तविषादाः सुव्यवस्थितगम्भीरबुद्धिचेतसः कल्याणाभिनिवेशिनश्च सत्त्वसाराः ॥ १२३ ॥

જે પુરૂષો સત્વસાર હોય છે તે, સુખી, ઐશ્વર્યવાન, નીરોગ ધનવાન, માની, સ્મૃતિમાન, ભક્તિ, માન, કૃતજ્ઞ, પ્રાજ્ઞ, પવિત્ર, ઘણા ઉત્સાહી, ચતુર, ધીર, રણમાં અત્યંત પરાક્રમથી યુદ્ધ કરનારા, સ્વેદ રહિત, સ્થિર, ગંભીર, બુદ્ધિ, તથા ચિત્તવાળા, અને કલ્યાણકારી વિષયોમાં રૂચિકારી હોય છે. ૧૨૩.

तेषांस्वलक्षणैरेव गुणाव्याख्याताः ॥ १२४ ॥

આ સર્વ સારોનાં લક્ષણોથી ગુણ પણ જાણી લેવા જોઈએ, ૧૨૪.

સર્વસાર.

तत्रसर्वैःसारैरुपेताःपुरुषाभवन्त्यतिबलाःपरंगौरवयुक्ताः क्लेशसहाःसर्वारंभेष्वात्मनिजातप्रत्ययाः कल्याणाभिनिवेशिनः स्थिरसमाहितशरीराःसुसमाहितगतयः सानुनादस्निग्धगम्भीरमहास्वराःसुखैश्वर्य्यवित्तोपभोगसम्मानभाजोमन्दजरसो मन्दविकाराःप्रायस्तुल्यगुणविस्तीर्णापत्याःचिरजीविनश्च ॥ १२५ ॥

જે પુરૂષ સંપૂર્ણ સારોવાળા હોય છે તે અત્યંત બળવાન, અત્યંત ગૌરવવાળા, કલેશ સહેનારા, સર્વ કાર્યોમાં પોતાને સમર્થ જાણનારા, કલ્યાણકારી વિષયોમાં રૂચિ કરનારા, સ્થિર તથા સુંદર શરીરવાળા, સુંદર ગતિવાળા, પ્રતિધ્વનિવાળા, સ્નિગ્ધ તથા ગંભીર મહાસ્વરવાળા, ઐશ્વર્ય, ઐશ્વર્યવાળા, ધનવાન, ભોગવાળા, માની, વૃદ્ધાવસ્થામાં બહુજ શિથિલ ન થનારા, સ્વલ્પ રોગવાળા, પોતાનાજ જેવા ગુણ વાળા, બહુજ સંતાનવાળા અને દીર્ઘાયુ હોય છે. ૧૨૫,

अतोविपरीतास्त्वसाराः ॥ १२६ ॥

એથી જે વિપરીત છે તે અસાર કહેવાય છે. ૧૨૬.

मध्यानांमध्यैःसारविशेषैर्गुणविशेषाव्याख्याताः । इतिसाराण्यष्टौपुरुषाणांबलप्रमाणविशेषज्ञानार्थानि ॥ १२७ ॥

જે પુરૂષોમાં સારોના ગુણ મધ્યમ હોય તેમને મધ્યમસાર જાણવા જોઇએ. આ પ્રકારે પુરૂષોના બળના પ્રમાણ વિશેષને જાણવાને માટે આઠ સાર કહેવામાં આવ્યા. ૧૨૭.

कथंनुशरीरमात्रदर्शनादेवभिषङ्मुह्येदयमुपचितत्वादतिबलवानयमल्पबलःकृशत्वान्महाबलवानयंमहाशरीरत्वादयमल्पशरीरत्वादल्पबलइति । दृश्यन्तेह्यल्पशरीराः कृशाश्चैके बलवन्तःतत्रपिपीलिकाभारहरणवत्सिद्धिः । अतश्चसारतःपरीक्षेतइत्युक्तम् ॥ १२८ ॥

કેવળ શરીરને જોઇને આ સ્થુલ છે એ કારણથી બળવાન હશે, આ કૃશ છે તેથી તે નિર્બળ હશે. આનું મોટું શરીર છે માટે તે બળવાનહશે. આનું નાનું શરીર છે, એથી તે નિર્બળ હશે. આ પ્રકારે વૈદ્ય મોહિત ન થાય એને માટે સારથી પરીક્ષા કરવી જોઇએ એ કહેવામાં આવ્યું કેમકે એવું જણાય છે કે કોઇ કોઈ નાના તથા કૃશ શરીરવાળા પણ બળવાન હોય છે. જેમ કીડી પણ પોતાના શરીરથી પણ અધિક ભારનું વહન કરે છે. ૧૨૮.

સમુદાય દ્વારા પરીક્ષા.

संहननतश्चेतिसंहननंसंघातःसंयोजनमित्येकोऽर्थः ॥ १२९ ॥

સંહનનથી પરીક્ષા કરવી જોઇએ. તેનું વર્ણન સંહનન, સંઘાત તથા સંયોજન આ એકાર્થ વાચક શબ્દ છે. ૧૨૯.

तत्रसमसुविभक्तास्थिसुबद्धसन्धिसुनिविष्टमांसशोणितंसुसंहतंशरीरमित्युच्यते । तत्रसुसंहतशरीराः पुरुषाबलवन्तोविपर्ययेणाल्पबलाःप्रवरावरमध्यत्वात् संहननस्यमध्यबलाभवन्ति ॥ १३० ॥

તેમાં જે શરીરમાં સંપૂર્ણ અસ્થિ, સમ તથા સારી રીતે વિભક્ત હોય, સાંધા સારી રીતે મજબુત હોય, લોહિ તથા માંસ સારી રીતે ભરેલું હોય એવા શરીરને સુસંહત કહે છે. સુસંહત શરીરવાળા પુરૂષો બળવાન હોય છે. એથી વિપરીત સ્વલ્પ બળવાન હોય છે. અને આ લક્ષણોના ન્યુન હોવાથી મધ્યમ બળવાન હોય છે. ૧૩૦.

પ્રમાણથી પરીક્ષા.

प्रमाणतश्चेतिशरीरप्रमाणंनर्यथास्वेनांगुलिप्रमाणेनोपदेक्ष्यते । उत्सेधविस्तारायामैर्यथाक्रमम् ॥ १३१ ॥

પ્રમાણથી પરીક્ષા કરવાનું વર્ણન-આપણી આંગળીઓના પ્રમાણથી શરીરની ઉંચાઈ દીર્ઘતા તથા વિસ્તારનો ક્રમથી ઉપદેશ કરવામાં આવે છે. ૧૩૧.

तत्रपादौचत्वारिषट्चतुर्दशचाङ्गुलानि, जंघेत्वष्टादशांगुलेषोडशांगुलिपरिक्षेपे, जानुनीचतुरंगुलेषोडशांगुलिपरिक्षेपे, त्रिंशदंगुलपरिक्षेपावष्टादशांगुलावूरू, वृषणौषडंगुलदीर्घावष्टांगुलपरिणाहौ, शेफःषडंगुलदीर्घपञ्चांगुलपरिणाहं, द्वादशांगुलपरिणाहोभगः,षोडशांगुलविस्ताराकटी,दशांगुलबस्तिशिरः, दशांगुलविस्तारंद्वादशांगुलमुदरं, दशांगुलविस्तीर्णद्वादशांगुलायामेपार्श्वेद्वादशांगुलविस्तारंस्तनान्तरंद्व्यंगुलस्तनपर्यन्तं, चतुर्विंशत्यंगुलविशालंद्वादशांगुलोत्सेधमुरःद्व्यगुलंहृदयम्, अष्टांगुलौस्कन्धौ, षडंगुलावंसौ, षोडशांगुलौबाहू, पञ्चदशांगुलौपाणी, हस्तौद्वादशांगुलो, कक्षावष्टांगुलौ, त्रिकं द्वादशांगुलोत्सेधम्, अष्टादशांगुलोत्सेधंपृष्ठं, चतुरंगुलोत्सेधाद्वाविंशत्यंगुलपरिणाहाशिरोधरा, द्वादशांगुलोत्सेधचतुर्विंशत्यंगुलपरिणाहमाननं, पञ्चांगुलमास्यं, चिबुकौष्ठकर्णाक्षिमध्यनासिकाललाटानि, चतुरंगुलानि, षोडशांगुलोत्सेधंद्वात्रिंशदंगुलपरिणाहंशिरइतिपृथक्त्वेनाङ्गावयवानांमानमुक्तंकेवलं पुनःशरीरमंगुलिपर्वाणिचतुर्शीतिस्तदायामविस्तारसमंसमुच्यते ॥ १३२ ॥

તેમાં પગની ઉંચાઇ ચાર આંગળ, વિસ્તાર ૬ આંગળ, તથા દીર્ઘતા ૧૪ આંગળ. બંને પીંડીઓ અઢાર આંગળની હોય છે. અને ૧૬ આંગળની તેની ગોળાઈ હોય છે. ઘુંટણ ૪ આંગળના હોય છે, ગોળાઈ ૧૬ આંગળના હોય છે. જાંઘ ૧૮ આંગળની લાંબી

અને તેની ગોળાઈ ૩૦ આંગળની થાય છે. અંડકોશ ૬ આંગળ લાંબા અને ગોળાઇ ૮ આંગળની હોય છે. લિંગ ૬ આંગળનું લાંબુ અને ૫ આંગળની તેની ગોળાઇ હોય છે. યોનિની ઉંડાઈ ૧૨ આંગળની હોય છે. કેડોનો વિસ્તાર ૧૬ આંગળ, મૂત્ર બસ્તિનો ઉર્ધ્વ ભાગ ૧૦ આંગળનો, પેટ ૧૨ આંગળ લાંબું અને ૧૦ આંગળ પહોળું હોય છે, સ્તનોનો મધ્ય-ભાગ ૧૨ આંગળનો પહોળો હોય છે. સ્તનોની કિનાર ૨ આંગળની હોય છે. વક્ષઃસ્થળ (છાતી) ૨૪ આંગળ પહોળી તથા ૧૨ આંગળ લાંબી હોય છે. હૃદય ૨ આંગળનું, ખભા આઠ આઠ આંગળના, બંને અંશ ૭ આંગળના હોય છે. ભુજા ૧૬ આંગળનો, પોંચો ૧૫ આંગળનો, હાથ બાર બાર આંગળના, કાખ આઠ આઠ આંગળની, ત્રિક (પીઠની નિચે ત્રણ ગાંઠ જે હોય છે તે) બાર આંગળની હોય છે, પીઠ આઠ આંગળ ઉંચી હોય છે. ગરદન ૪ આંગળ ઉંચી તથા ૨૨ આંગળ ગોળ હોય છે. મુખ—ચ્હેરો ૧૨ આંગળ ઉંચો અને ૨૪ આંગળના વિસ્તારવાળો છે, મુખ ૫ આંગળનું, દાઢ, હોઠ, કાન, નેત્રનો મધ્ય ભાગ, નાસિકા તથા લલાટ આ ચાર ચાર આંગળનાં હોય છે. માથું ૧૬ આંગળ ઉંચું અને ૩૨ આંગળ વિસ્તૃત હોય છે. આ પ્રકારે સંપૂર્ણ અંગોનું જુદું જુદું પ્રમાણ કહેવામાં આવ્યું. સર્વ શરીર ૮૪ આંગળનું ઉંચું હોય છે. જે શરીરની લંબાઇ તથા પહોળાઇ બરોબર ઠીક હોય તે સમ કહેવાય છે. ૧૩૨.

तत्रायुर्बलमोजःसुखमैश्वर्य्यंवित्तमिष्टाश्चापरेभावाभवन्त्यायत्ताःप्रमाणवतिशरीरेवि-पर्य्ययस्तुहीनेऽधिकेवा ॥ १३३ ॥

આયુષ્ય, બળ, ઓજ, સુખ, ઐશ્વર્ય, ધન તથા અન્ય ઇષ્ટ પદાર્થ પ્રમાણવાળાં શરીરમાં હોય છે અને પ્રમાણની ન્યૂનતા તથા અધિકતા હોવામાં આ સર્વ વાતોની વિપરીતતા હોય છે. ૧૩૩.

સાત્મ્ય દ્વારા પરીક્ષા.

सात्म्यतश्चेति । सात्म्यंनामतद्यत्सातत्येनोपयुज्यमानमुपशेतेतत्रयेघृतक्षीरतैलमांसरससात्म्याः सर्वरससात्म्याश्चतेबलवन्तःक्लेशसहाश्चिरजीविनश्चभवन्ति । रूक्षनित्याःपुनरेकरससात्म्याश्चयेते प्रायेणाल्पबलाश्चाक्लेशसहाअल्पायुषोऽल्पसाधनाश्चभवन्ति ॥ १३४ ॥

સાત્મ્યથી પરીક્ષા કરવાનું વર્ણન—જે વસ્તુ હંમેશાં સેવન કરવાથી હિતકર હોય તેને સાત્મ્ય કહે છે. ઘી, દુધ, તેલ તથા માંસરસ જે પુરૂષોને સાત્મ્ય હોય છે. અને સંપૂર્ણ રસ જેને સાત્મ્ય હોય છે તે પુરૂષ બળવાન, કલેશનું સહન કરવામાં સમર્થ તથા ચિરંજીવી હોય છે. જે પુરૂષ નિત્ય, રૂક્ષ ભોજન કરે છે અને જેને એકજ રસ સાત્મ્ય હોય છે તે ઘણે ભાગે સ્વલ્પ બળવાન, કલેશ સહેવામાં અસમર્થ, અલ્પાયુ તથા અલ્પ સાધનવાળા હોય છે. ૧૩૪.

व्यामिश्रसात्म्यास्तुयेतेमध्यबलाः[illegible]तः ॥ १३५ ॥

જે પુરૂષોને પુર્વોક્ત વસ્તુ મિશ્ર થયેલી સાત્મ્ય હોય છે તે નિમિત્તથી મધ્યમ બળ-વાન હોય છે. ૧૩૫.

સત્વથી પરીક્ષા.

सत्त्वतश्चेति । सत्त्वमुच्यतेमनस्तच्छरीरस्यतन्त्रकमात्मयोगात्तत्त्रिविधंबलभेदेनप्रवरंमध्यमवरमिति । अतश्चप्रवरमध्यावरसत्त्वाश्चपुरुषाभवन्ति । तत्रप्रवरसत्त्वाः सत्त्वसाराःसारेषुउपदिष्टाः स्वल्पशरीराह्यपि ते निजागन्तुनिमित्तासुमहतीष्वपि पीडास्वव्यग्राद्दश्यन्तेसत्त्वगुणवैशेष्यात् ॥ १३६ ॥

સત્વથી પરીક્ષા કરવાનું વર્ણન—મનને સત્વ કહે છે. આત્માના સંયોગથી મન, શરીરના પ્રેરક રૂપે છે. તે મન બળના ભેદથી ત્રણ પ્રકારનું છે. જેમકે શ્રેષ્ટ, મધ્યમ તથા હીન, એથી શ્રેષ્ટ સત્વવાળા, મધ્ય સત્વવાળા, તથા હીન સત્વવાળા પુરૂષ થાય છે. તેમાંથી શ્રેષ્ટ સત્વ પુરૂષ થોડા હોય છે. તેનું વર્ણન સાર પરીક્ષામાં આવી ગયું છે, અને શ્રેષ્ટ સત્વ પુરૂષ ગમે તો સ્વલ્પ શરીર વાળા પણ હોય પરંતુ તે દોષજ તથા આગન્તુજ મોટી મોટી પીડાઓમાં પણ સત્વની વિશેષતાથી વ્યગ્ર થતા નથી. ૧૩૬.

મધ્ય સત્વાદિ પુરૂષ.

मध्यसत्त्वास्तुपरानात्मन्युपनिधायसंस्तम्भयन्त्यात्मनात्मानंपरैर्वापिसंस्तभ्यन्तेहीनसत्त्वास्तुनात्मनानचपरैःसत्त्वबलंशक्यन्ते उपस्तम्भयितुंमहाशरीराह्यपि ते स्वल्पानामपिवेदनानामसहाद्दश्यन्ते । सन्निहितभयशोकलोभमोहमाना रौद्रभैरवद्विष्टबीभत्सविकृतसंकथास्वपिचपशुपुरुषमांसशोणितानिचावेक्ष्य विषादवैवर्ण्यमूर्च्छोन्मादभ्रमप्रपतनानामन्यतममाप्नुवन्त्यथवामरणमिति ॥ १३७ ॥

મધ્યમ સત્વ પુરૂષ પોતાના બળથી તથા બીજાના બળથી પણ પોતાને સાવધાન રાખે છે, અને હીન સત્વ પુરૂષ ન આપણા બળથી તેમ ન બીજાના બળથી સાવધાન રહી શકતા નથી. તેનું શરીર ગમે તો બહુજ મોટું પણ હોય પરંતુ તે થોડી વેદનાઓને પણ સહી શકતા નથી. ભય, શોક, લોભ, મોહ તથા માનથી હંમેશાં ડુબેલાજ રહે છે. ઉગ્ર, ભયંકર, દ્વેષકારક, બીભત્સ તથા વિકૃત વાતોમાં પણ અને પશુ તથા પુરૂષોનાં માસ, રૂધિરાદિને જોઇનેજ વિષાદ, વિવર્ણતા, મૂર્ચ્છા, ઉન્માદ, ભ્રમ તથા પતન એમાંથી કોઇ ઉપદ્રવને પ્રાપ્ત થાય છે અથવા મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૧૩૭.

ભોજન શક્તિ દ્વારા પરીક્ષા.

आहारशक्तितश्चेति । आहारशक्तिरभ्यवहरणशक्त्याजरणशक्त्याचपरीक्ष्यबलायुषीह्याहारायत्ते ॥ १३८ ॥

મનુષ્યની આહારશક્તિની પરીક્ષા કરવાનું વર્ણન—ભોજન કરવાનું સામર્થ્ય, તથા પચાવવાના સામર્થ્યથી આહારશક્તિની પરીક્ષા કરવી જોઇએ કેમકે બળ તથા આયુષ્ય, ભોજનને આધિન છે. ૧૩૮.

વ્યાયામ શકિત દ્વારા પરીક્ષા.

व्यायामशक्तितश्चेति । व्यायामशक्तिमपिकर्मशक्त्यापरीक्ष्याकर्मशक्त्याह्यनुमीयते-बलं त्रिविधम् ॥ १३९ ॥

વ્યાયામ શક્તિથી પરીક્ષા કરવાનું વર્ણન-કાર્ય કરવાનું વર્ણન, કાર્ય કરવાના સામર્થ્યથી, વ્યાયામ શક્તિની પરીક્ષા કરવી જોઇએ કાર્ય કરવાના સામર્થ્યથીજ ત્રણ પ્રકારના બળનું અનુમાન થાય છે. ૧૩૯.

અવસ્થાથી પરીક્ષા.

वयस्तश्चेति । कालप्रमाणविशेषापेक्षिणीहिशरीरावस्थावयोऽभिधीयते । तद्वयोयथावस्थानभेदेनत्रिविधंबालंमध्यंजीर्णमिति ॥ १४० ॥

અવસ્થાથી પરીક્ષા કરવાનું વર્ણન-કાલના પ્રમાણ વિશેષ કરતાં જે શરીરની અવસ્થા થાય છે તેને વય કહે છે. સ્થૂલ ભેદથી વય ત્રણ પ્રકારનું હોય છે. જેવુંકે બાળ, મધ્ય તથા જીર્ણ. ૧૪૦

બાળ અવસ્થા.

तत्रबालमपरिपक्वधातुगुणमजातव्यञ्जनंसुकुमारमक्लेशसहमसम्पूर्णबलं श्लेष्मधातुप्रायमाषोडशवर्षम् । [illegible]नधातुगुणंपुनःप्रायेणानवस्थितसत्त्वमात्रिंशद्वर्षमुपदिष्टम् । मध्यंपुनः समत्वागतबलवीर्य्यपौरुषपराक्रमग्रहणधारणस्म[illegible]नविज्ञानसर्वधातुगुणं बलस्थितमवस्थितसत्त्वमविशीर्य्यमाणधातुगुणं पित्तधातुप्रायमाषष्टिवर्षमुद्दिष्टम् । अतःपरं परिहीयमाणधात्विन्द्रियबलपौरुषपराक्रमग्र[illegible]णधारणस्म[illegible]श्यमानधातुगुणंवातधातुप्रायंक्रमेणप्रजीर्णमुच्यते आवर्षशतम् ॥ १४१ ॥

ત્યાં ૧૬ વર્ષ સુધી બાલ્યાવસ્થા રહે છે. આ અવસ્થામાં ધાતુ ગણ પરિપક્વ થતાં નથી. દાઢી વિગેરે પુરૂષ ચિન્હ ઉત્પન્ન થતાં નથી, સુકુમારતા હોય છે. કલેશ સહી શકાતો નથી, બળ પૂર્ણ હોતું નથી, અને કફની અધિકતા હોય છે. ૩૦ વર્ષ સુધી ધાતુઓના ગુણ વિશેષે કરીને વધે છે, અને સત્વની સારી રીતે સ્થિતિ રહે છે. અને મધ્યાવસ્થા ૬૦ વર્ષ સુધી છે. આ અવસ્થામાં બળ, વીર્ય પૌરૂષ પરાક્રમ, ગ્રહણ, ધારણ, સ્મરણ, વચન, વિજ્ઞાન તથા સંપૂર્ણ ધાતુઓના ગુણ સમ હોય છે. અને પિત્તની અધિકતા હોય છે. ત્યાર પછી ૧૦૦ વર્ષ સુધી જીર્ણાવસ્થા હોય છે. આ અવસ્થામાં ધાતુ, ઇન્દ્રિય, બળ, પુરૂષત્વ, પરાક્રમ, ગ્રહણ, સ્મરણ, વચન તથા વિજ્ઞાનની ક્ષીણતા હોય છે. ધાતુઓના ગુણ, ક્રમથી ન્યુન થઇ જાય છે, અને વાયુની અધિકતા થાય છે. ૧૪૧.

વયઃક્રમથી ઔષધ પ્રયોગ.

वर्षशतंखल्वायुषः[illegible]काले । सन्तिपुनरधिकोनवर्षशतजीविनोमनुष्याः । तेषांविकृतिवर्ज्यैःप्रकृत्यादिबलविशेषैरायुषोलक्षणतश्चप्रमाण[illegible]पलभ्यवयसस्त्रित्वंविभजेत । एवंप्रकृत्याद[illegible]वानां प्रवरमध्याव[illegible]लविशेषंविभजेत् । वि[illegible]तिबलप्रविध्येनतु दोषबलंप्रविषम[illegible]मीयते । ततोभेषज्यस्यतीक्ष्णमृदुमध्यविभागेनत्रित्वंविभज्ययथादोषंभेषज्यमवचारये[illegible]ति ॥१४२॥

આયુષ્યનું પ્રમાણ ૧૦૦ વર્ષનું છે, પરંતુ આ સમયમાં ઘણે ભાગે મનુષ્યોનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં ઓછુંજ હોય છે. તેના વિકારો સિવાય પ્રકૃતિ વિગેરેના બળ વિશેષ દ્વારા તથા લક્ષણોદ્વારા આયુષ્યના પ્રમાણને જાણીને અવસ્થાના ત્રણ ભાગ કરવા. આ પ્રકારે શ્રેષ્ઠ, મધ્યમ તથા હીન ભેદથી વિકૃતિને બાદ કરતાં પ્રકૃત્યાદિકોના બળ વિશેષનો વિભાગ કરવો, અને વિકારોના ત્રણ પ્રકારના બળથી દોષોના ત્રણ પ્રકારના બળનું અનુમાન કરવું. તે પછી તીક્ષ્ણતા, મૃદુતા તથા મધ્યમતાના ભેદથી ઔષધનો ત્રણ પ્રકારથી વિભાગ કરીને દોષને અનુસાર ઔષધ કરવું. ૧૪૨.

आयुषःप्रमाणज्ञानहेतोःपुनरिन्द्रियेषुजातिसूत्रीयेचलक्षणान्युपदेक्ष्यन्ते ॥१४३॥

આયુષ્યનું પ્રમાણ જાણવાને માટે ઇન્દ્રિય સ્થાનમાં લક્ષણ કહેવામાં આવશે. ૧૪૩.

કાલભેદ.

कालःपुनःसंवत्सरश्चातुरावस्थाच । तत्रसंवत्सरोद्विधात्रिधा षोढाद्वादशधाभयश्चातः प्रविभज्यते तत्तत्कार्य्यमभिसमीक्ष्य ॥ १४४ ॥

સંવત્સર તથા રોગીની અવસ્થા કાલ છે સંવત્સર બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ૭ પ્રકારથી, બાર પ્રકારથી તથા અનેક પ્રકારથી તે તે કાર્યને જોઇને વિભક્ત થાયછે. ૧૪૪.

ષડ્ ઋતુ વિભાગ.

तत्रखलुतावत्षोढाप्रविभज्यकार्य्यमुपदेक्ष्यते । हेमन्तोग्रीष्मो वर्षाश्चेतिशीतोष्णवर्षलक्षणास्त्रयःऋतवोभवन्ति । तेषामन्तरेष्वितरेसाधारणलक्षणास्त्रयःऋतवःप्रावृट्शरद्वसन्ताइति । प्रावृट्इतिप्रथमःप्रवृष्टेःकालस्तस्यानुबन्धोवर्षाएवमेतेसंशोधनमधिकृत्यषड्विभज्यन्तेऋतवः ॥ १४५ ॥

આ વિભાગોમાંથી અહિં ૭ પ્રકારથી વિભાગ કરીને કાર્યનો ઉપદેશ કરવામાં આવે છે. હેમન્ત, ગ્રીષ્મ, તથા વર્ષા આ ત્રણ રૂતુઓનાં શીત, ગરમ તથા વૃષ્ટિ આ લક્ષણ છે. આ ઋતુઓની વચમાં પ્રાવૃટ્, શરદ, તથા વસન્ત આ ત્રણ ઋતુ હોય છે. તેમાં વૃષ્ટિના પ્રથમ સમયને પ્રાવૃટ્ કહે છે. તે પછી વર્ષાઋતુ થાયછે. આ પ્રકારથી સંશોધનના વિષયમાં ૭ રૂતુઓનો વિભાગ કરવામાં આવે છે. ૧૪૫.

तत्रसाधारणलक्षणेष्वृतुषुवमनादीनांप्रवृत्तिर्विधीयतेनिवृत्तिरितरेषु । साधारणलक्षणाहिमन्दशीतोष्णवर्षत्वात्सुखतमाश्चभवन्त्य[illegible]श्चशरीरौषधानामितरेपुनरत्यर्थशीतोष्णवर्षत्वाद्दुःखतमाश्चभवंतिविकल्पाश्चशरीरौषधानाम् ॥१४६॥

આ રૂતુઓમાં સાધારણ લક્ષણવાળી ઋતુઓમાં (પ્રાવૃટ, શરદ તથા વસન્તમાં) વમન વિગેરે કર્મ કરાવવાં જોઇએ. એ સિવાય બીજી રૂતુઓમાં વમનાદિ કાર્ય ન કરાવવાં જોઇએ. કેમકે સાધારણ લક્ષણવાળી, ઋતુ, શીત, ગરમ તથા વૃષ્ટિની ન્યુનતાથી અત્યંત સુખદાયી હોય છે. અને આ ઋતુઓમાં શરીર તથા ઔષધીયોમાં અંતર ઉત્પન્ન થતો નથી. પરંતુ તે સિવાય અન્ય શેષ ત્રણ ઋતુ શીત, ઉષ્ણ તથા વૃષ્ટિની અધિકતાથી અત્યંત દુઃખદાયક હોય છે. અને આ ઋતુઓમાં શરીર તથા ઔષધિયોમાં અંતર થઈ જાય છે. ૧૪૬.

શીતમાં સંશોધન નિષેધ.

हेमन्ते ह्यतिमात्रशीतोपहतत्वाच्छरीरमसुखोपपन्नंभवति । अतिशीतवाताध्मातमतिदारुणीभूतमवनद्धदोषम् । भेषजं पुनः संशोधनार्थमुष्णस्वभावमन्तेशीतोपहतत्वान्मन्दवीर्य्यत्वमापद्यते । तस्मात्तयोः संयोगेसंशोधनमयोगायोपपद्यतेशरीरञ्चवातोपद्रवाय ॥ १४७ ॥

હેમન્ત ઋતુમાં બહુજ શીત હોવાને લીધે શરીર પીડિત રહે છે. શીતલ વાયુના વાવાથી અત્યંત દારૂણુ થઈ જાય છે. અને દોષ બદ્ધ (રોકાઈ) થઈ જાય છે. અને સંશોધનને માટે જે ગરમ ઔષધિયોનો વ્યવહાર કરવામાં આવે છે તે શીતના યોગથી મન્દ વીર્ય થઈ જાય છે. એથી હેમન્ત ઋતુમાં જે સંશોધન આપવામાં આવે છે તેથી સારી રીતે વમન, વિરેચનાદિ થતાં નથી. અને શરીરમાં વાતજ રોગ ઉત્પન્ન થાય છે. ૧૪૭.

ગ્રીષ્મમાં નિષેધ.

ग्रीष्मेपुनर्भृशोष्णोपहतत्वाच्छरीरमसुखोपपन्नंभवति । उष्णवातातपाध्मातमतिशिथिलमत्यन्तमविलीनदोषंभेषजंपुनःसंशोधनार्थमुष्णस्वभावमवात्युष्णानुगमना तीक्ष्णतरत्वमापद्यते । तस्मात्तयोःसंयोगेसंशोधनमतियोगायोपपद्यतेशरीरमपिपिपासोपद्रवाय ॥ १४८ ॥

ગ્રીષ્મઋતુમાં બહુજ ગરમીથી શરીર ખિન્ન રહે છે. ગરમ વાયુ લાગવાથી શરીરમાં શિથિલતા આવી જાય છે, અને દોષ બહુજ લીન થઈ જાય છે, અને સંશોધનને માટે જે ઉષ્ણુ ઔષધિયોનો વ્યવહાર કરવામાં આવે છે તે ઔષધિયો બહુજ ઉષ્ણુતાના યોગથી અતિ ઉષ્ણુ થઈ જાય છે. એથી ગ્રીષ્મ ૠતુમાં જે સંશોધન આપવામાં આવે છે તેથી વમન, વિરેચનાદિ બહુજ અધિક થાય છે, અને તૃષા લાગે છે. ૧૪૮.

વર્ષામાં નિષેધ.

वर्षासुतुमेघजालावततेगूढार्कचन्द्रतारेधाराकुलेवियतिभूमौपङ्कजलपटलसंवृतायामत्यर्थोपक्लिन्नशरीरेषुभूतेषुविहतस्वभावेषुचकेवलेष्वौषधग्रामेषुतोयदानुगतमारुतसंसर्गोपहतेषुगुरुप्रवृत्तीनिवमनादीनिभवन्ति । गुरुसमुत्थानानि[illegible]णी । तस्माद्वमनादीनांनिवृत्तिर्विधीयतेवर्षान्तेषुऋतुषुनचेदात्ययिकेकर्म ॥ १४९ ॥

વર્ષાૠતુમાં આકાશમાં વાદળાંઓથી સુર્ય, ચંદ્રમા, તથા નક્ષત્રાદિ આચ્છાદિત થઈ જાય છે. જળની ધારાઓથી આકાશ પૂર્ણુ થઈ જાય છે, જમીન કીચડવાળી થાય છે. એથી પ્રાણિયોનાં શરીર અત્યંત ક્લેદવાળાં થાય છે અને જળવાળા વાયુના સંસર્ગથી ઔષધિયોના ગુણુ નષ્ટ થઈ જાય છે. આ ઋતુમાં સંશોધન આપવાથી વમનાદિક ઘણા ગૌરવથી થાય છે અને શરીર પણુ બહુજ ભારે થઇ જાય છે એથી હેમન્ત, ગ્રીષ્મ તથા વર્ષાઋતુમાં જો કાંઇ ખાસ આવશ્યકતા ન હોય તો વમનાદિક ન કરાવવાં. ૧૪૯.

आत्ययिकेपुनःकर्माणिकामकृतं विकल्प्यकृत्रिमगुणोपधानेनयथर्तुगुणविपरीतेन

? षज्यंसंयोगसंस्कारप्रमाणविकल्पेनोपपाद्यप्रमाणवीर्य्यसमंकृत्वाततःप्रयोजयेदु-त्तमनयत्नेनावा[illegible]तः ॥ १५० ॥

અને જો કાંઇ બહુજ કઠિન રોગ હોય તો ઋતુના ગુણોથી વિપરીત કૃત્રિમ ગુણોથી ઋતુને બદલીને અને સંયોગ, સંસ્કાર તથા પ્રમાણુથી ઔષધને સમવીર્ય કરીને સાવધાનતા પૂર્વક ઘણુા યત્નથી વમનાદિકનો પ્રયોગ કરવો. ૧૫૦.

કાર્યકાલ નિર્ણય.

आतुरावस्थास्वपितुकार्य्याकार्य्यंप्रतिकालाकालसंज्ञातद्यथाअस्यामवस्थ यामस्य भेषजस्यकालोऽकालः[illegible]नरस्यति ॥ १५१ ॥

રોગીની અવસ્થાઓમાં પણુ કાર્યાકાર્યને અનુસાર કાલ તથા અકાલ સંજ્ઞા થાય છે. જેમકે આ અવસ્થામાં આ ઔષધિનો વખત છે અને ઔષધનો સમય નથી. ૧૫૧.

एतदपिभवत्यव थाविशेषेणतस्मादा[illegible]रावस्थास्वपि हिकालाकालसंज्ञा । तस्य-परीक्षामुहुर्मुहुरातुरस्यसर्वावस्थाविशेषावेक्षणंयथावत्भेषजप्रयोगार्थम् । नह्यति-पतितकालमप्राप्तकालंवाभेषजमुप[illegible]ज्यमानंयौगिकंभवति । कालोहिभैषज्यप्रयोग पर्य्याप्तिमभिनिर्वर्त्तयति ॥ १५२ ॥

એ પણુ વાત અવસ્થા વિશેષથી થાય છે. એથી રોગીની અવસ્થાઓમાં પણુ કાલ, અકાલ, સંજ્ઞા હોય છે. ઔષધીનો યથાવત્ પ્રયોગ કરવાને માટે વારંવાર રોગીની સર્વ અવસ્થાઓને જોવી એજ તેની પરીક્ષા છે. સમય પછી અથવા સમય પહેલાં આપેલી ઔષધિ યથાર્થ ગુણુ કરી શકતી નથી. કેમકે સમયજ ઔષધિના યથાર્થ ગુણુને સિદ્ધ કરેછે. ૧૫૨

प्रवृत्ति ।

प्रवृत्तिस्तुप्रतिकर्म्मसमारंभः । तस्यलक्षणंभिषगातुरौषधपरिचारकाणांक्रिया-समायोगः ॥ १५३ ॥

ચિકિત્સાનો પ્રારંભ એ પ્રવૃત્તિ છે. તેનાં લક્ષણુ, વૈદ્ય, રોગી, ઔષધિ તથા પરિચારક એઓની ક્રિયાઓના યોગને ચિકિત્સાનો પ્રારંભ કહે છે. ૧૫૩

ઉપાય.

उपायः पुनर्भिषगादीनांसाष्ठवमभिसन्धानञ्चसम्यक् । तस्यलक्षणंभिषगादीनां-यथोक्त[illegible]णसंपद्देशकालप्रम[illegible]सात्म्य[illegible]क्रियादिभिश्चसिद्धिकारणैःसम्यगुपपादितस्यौ-षधस्यावचारणमिति । एवमेतद्दशपरीक्ष्यविशेषाः पृथक्पृथक्परीक्षितव्याभव-न्ति । परीक्षायास्तुखलुप्रयोजनंप्रतिपत्तिज्ञानम् ॥ १५४ ॥

વૈદ્યાદિકાની સમીચીનતા તથા વિધાન એ ઉપાય છે. તેનું લક્ષણુ વૈદ્યાદિકાના યથોક્ત ગુણુ, સંપત, દેશ, કાલ, પ્રમાણુ, સાત્મ્ય, તથા ક્રિયા વિગેરે સિદ્ધિનાં કારણો વડે સારી રીતે સંમ્પન્ન (તૈયાર) કરેલી ઔષધિના પ્રયોગને ઉપાય કહે છે. આ પ્રકારથી આ દશ પરીક્ષ્ય જુદી જુદી પરીક્ષા કરવાને યોગ્ય છે. પ્રતિપત્તિનું જ્ઞાનજ પરીક્ષાનું પ્રયોજન છે.૧૫૪

પ્રતિપત્તિ.

प्रतिपत्तिर्नामसयस्तुविकारःयथाप्रतिपत्तव्यस्तस्यतथानुष्ठानज्ञानम् ॥ १५५ ॥

જે રોગને જે પ્રકારે ઓળખવો જોઇએ તેને તે પ્રકારથી ઓળખવો તેને પ્રતિપત્તિ કહે છે. ૧૫૫

यत्रतुखल्लुवमनादीनांप्रवृत्तिर्यत्रचनिवृत्तिस्तद्वयासतः सिद्धिपूत्तरकालमुपदेक्ष्यते। प्रवृत्तेनि[illegible]त्तिलक्षणसंयोगेतुखलुगुरुलाघवंसंप्रधार्य्यसम्यगध्यवस्येदन्यतरानेच्छ-याम् । सन्तिहिव्याधयःशास्त्रेषूत्सर्गापवादैरुपक्रमंप्रतिनिर्दिष्टाः । तस्माद्गुरुलाघ-वंसम्प्रधार्य्यसम्यगध्यवस्येदित्युक्तम् ॥ १५६ ॥

વમનાદિકોનો જ્યાં પ્રયોગ કરવો જોઇએ અને જ્યાં ન કરવો જોઇએ તેનું સિદ્ધ સ્થાનમાં વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવશે. જ્યાં વમનાદિકોની પ્રવૃત્તિ તથા નિવૃત્તિનાં લક્ષણ મળેલાં હોય ત્યાં સારી રીતે ગુરૂતા તથા લઘુતાનો વિચાર કરીને એમાંથી એકનો નિશ્ચય કરવો, કેમકે શાસ્ત્રોમાં સામાન્ય તથા વિશેષથી રોગોની ચિકિત્સા કરવાનું કહ્યું છે. એથી ગુરૂલાઘવનો સારી રીતે તપાસ કરીને નિશ્ચય કરવો એમ કહ્યું છે. ૧૫૬

વમન દ્રવ્ય.

यानितुखलुवमनादिषुभेषजद्रव्याण्युपयोगंगच्छन्तितान्यनुव्याख्यास्यन्ते। तद्य-था–फलजीमूतकेक्ष्वाकुधामार्गवकुटजकाण्डिकाकृतवेधनफलानि । जीमूतकेक्ष्वा कुकुटजकृतवेधनपत्रपुष्पाणि । आरग्वधवृक्षकमदनस्वादुकण्टकपाठापाटलाशार्ङ्ग-ष्ठामूर्वासप्तपर्णनक्तमाल-पिचुमर्दपटोलसुषवी-गुडूचीसामवल्कचित्रकद्वीपिशिग्रु[illegible]-लकषायैश्च । मधुमधूककोविदारक[illegible]दारनीपनिचु[illegible]पुष्पीसदा[illegible]प्रत्यक्पुष्पीकषायैश्चैलाहरेणुप्रियङ्गु--पृथ्वीका-कुस्तुम्बुरुतगरनलदह्रीबेरतालीशो-[illegible]रकषायैश्च । इक्षुकाण्डेक्ष्विक्षुवालिकादर्भपोटगलकालङ्कृतकषायैश्च। सुमनाः-सौमनसायिनीहरिद्रादारुहरिद्रावृश्चीरपुनर्नवामहासहाक्षुद्रसहाकषायैश्चशाल्मलि-शाल्मकभद्रपर्णेलापर्[illegible]पोदिकोद्दालकधन्वनराजादनोपचित्राविभागोपीशृ[illegible]-क[illegible]कषायैश्च । पिप्पलीपिप्पली[illegible]लचव्यचित्रकशृङ्गवेरसर्षपफा[illegible]जितक्षीरक्षार-लवणोदकैश्चयथोपलाभंयथेष्टंवा[illegible]पसंस्कृत्यवर्तिक्रियाचूर्णावलेहस्नेहकषायमांस-रसयवागूयूषकाम्बलिकक्षीरोपधेयान्माद[illegible]श्चयोगान्विविधाननुविधाययथा र्हंवमना[illegible]धेवद्[illegible]द्रव्याणांकल्पस्त्वेषां विस्तरेणोत्त-रकालमुपदेक्ष्यते ॥ १५७ ॥

વમનાદિકોમાં જે ઔષધિયોનો ઉપયોગ કરવામાં આવે છે તે આગળ કહેવામાં આવે છે. જેમકે મીંઢળ, કુકડવેલ, કડવી તુંબડી, કડવાં તુરીયાં, ઇન્દ્રજવ, તથા ઝીંઝી, તરકારી એઓનાં ફલ, કુકડવેલ, કડવી તુંબડી, ઈન્દ્રજવ તથા ગલકી એનાં પાન તથા ફુલ, ગર-

માળો, વૃક્ષક, મીંઢળ, વીકલો, કાંકર, કાળીપાટ, શારંગષ્ટા, મોરવેલ, સાત્વિન, કરંજ, કડવો લીંબડો, પટોળ, કાળીજીરી, ગળો, કાયફળ, ચિત્રક, શતાવરી, દ્વીપી તથા કાળા સરગવાનું મૂળ, એ સર્વનો કવાથ, જેઠીમદ, મહુડાં, કાંચનાર, સફેદ કાંચનાર, કદંબ, સમુદ્રફલ, ધોળાં ટીંડોરાં, શણુ, ધોળો આકડો, તથા રાતો અંઘેડો એ સર્વનો કવાથ, ઈલાયચી, વટાણા, કાંગ, કાળીજીરી, ધાણા, તગર, સુગંધીવાળો, તાલીસપત્ર, તથા ખસ એઓનો કવાથ, શેરડી, એખરો, દર્ભ, કાસ, તથા કાલંકૃત એઓના કવાથ, ચમેલી, સૌમન, સામની, હળદર, દારૂહળદર, વૃશ્ચીર, સાટોડી, જંગલી અડદ, જંગલી મગ, એઓનો કવાથ, શેમળો, શાલ્મક, શીવણુ, રાસ્ના, પોઈ, કોદરા, ધન્વન, રાયણુ, ઉપચિત્રા, (મૂસળી) ઉપલસરી, સીંગોડાં, તથા કઉચાં, એ સર્વનો કવાથ, પીંપળ, પીંપરીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, સરસવ, રાબડી, દૂધ, ખાર તથા મીઠાનું પાણી, પૂર્વોક્ત સંપૂર્ણ ઔષધિયોમાંથી જે કાંઈ મળી શકે અથવા જેટલી જોઈએ તેટલી ઔષધિયોને લાવીને વર્તિક્રિયા, (ગોળી) ચુર્ણ, અવલેહ, સ્નેહ, કવાથ, માંસ-રસ, કાંજી, દુધ, યુષ, ઉપદ્રવ (હુલાસ) આસવ, તથા લાડુ વિગેરે અનેક યોગ બનાવીને વમન કરાવવાને યોગ્ય પુરૂષને યથાયોગ્ય રીતે આપવું જોઇએ.—આ પ્રકારે સંક્ષેપથી વમન-કારક દ્રવ્ય કહેવામાં આવ્યાં. કલ્પસ્થાનમાં તેનો વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવશે.૧૫૭

વિરેચન દ્રવ્ય.

विरेचनद्रव्याणितुश्यामात्रिवृच्चतुरंगुलतिल्वकमहावृक्षसप्तलाशंखिनीदन्तीद्रवन्ती-नांक्षीरमूलत्वक्पत्रपुष्पफलानियथायोगमेतैश्चैवक्षीरमूलत्वक्पत्रफलपुष्पफलैर्वि-क्लृप्तः॥ [illegible] न्धाश्वगन्धजशृङ्गीक्षीरिणीनीलिनीक्लीतककषायैश्चप्रकीर्योदकी-र्यामसूरविदलाकम्पिल्लकविडङ्गगवाक्षीकषायैश्चपीलुप्रियालमृद्वीकाकाश्मर्यपरू-षकबदरदाडिमामलकहरीतकीविभीतकवृश्चीरपुनर्नवाविदारिगन्धादिकषायैश्चशी-धुसुरासौवीरकतुषोदकमैरेयमेदकमदिरामधुमधूलकधान्याम्लकुवलबदरखर्जूरक-र्कन्धुभिश्चदधिदधिमण्डोदश्विद्भिश्चगोमहिष्यजावीनाञ्चक्षीरमूत्रैर्यथोपलाभंयथेष्टं-वाप्युपसंस्कृत्यवर्त्तिक्रियाचूर्णावलेहस्नेहकषायमांसरसयूषकाम्बलिकयवागूक्षीरो-पधेयान्मोदकानन्यांश्चभक्ष्यविकारान्विविधांश्चयोगानभिविधाययथार्हंविरेचनार्हा-यदद्याद्विरेचनमितिकल्पसंग्रहोविरेचनद्रव्याणांकल्पस्त्वेषांविस्तरेणोपदेक्ष्यतेउत्तर-कालम् ॥ १५८ ॥

વિરેચનકારક ઔષધ—કાળું નસોતર, અમલતાસ, લોધર, મહાવૃક્ષ, સમલા, શંખિની, નેપાળો, જમાલગોટાનું ઝાડ, તથા મૂસાકરણી, (મૂસળી), એઓનું દુધ, મૂળ, છાલ, પત્ર, ફુલ, તથા ફલ એ સર્વ ઔષધિઓ મિશ્ર કરી અથવા જુદી જુદી તથા અજમો, આસંન, કાકડાશીંગી, ક્ષીરીણી, નીલિની તથા કલીતક (જેઠીમદ) એઓનો કવાથ, પૂતિકરંજ, ઉદકિર્ય (કરંજની જાત) કાળુ નસોતર, કંપીલો, વાવડીંગ, ઇંદ્રવારણું, એઓનો કવાથ, પીલુ, ચારોળી, દ્રાક્ષ, શીવળ, ફાલસા, બોર, દાડિમ, આંમળાં, હરડે, બેડાં, વૃશ્ચિર, સા-

ટેંડી, વિદારીકંદ, વિગેરેનો ક્વાથ, શીધુ, (મદ્યવિશેષ) સુરા (મદ્ય) સૌવીર (મદ્ય) તુષોદક (એક પ્રકારની કાંજી) મૈરેય, મેદક, મદિરા, મધુ—મહુડાં, ધાન્યામ્લ (કાંજીવિશેષ) કુવલ (એક પ્રકારનું બોર) બોર, ખજુર તથા કર્કન્ધુ (એક પ્રકારનાં બોર) દહીં, દહીંની તોર, તથા મઠો, ગાય, ભેંસ, બકરી તથા ઘેટાનું દુધ તથા મૂત્ર પૂર્વોક્ત ઔષધિઓમાંથી જે કાંઈ મળી શકે અથવા જેટલી જોઇએ તે વડે વર્તીક્રિયા, (ગોળી) ચૂર્ણ, આસવ, સ્નેહ, અવલેહ, ક્વાથ માંસરસ, યુષ, યવાગુ, દૂધ, તથા મોદક અને બીજા અનેક પ્રકારના યોગ બનાવીને વિરેચનને યોગ્ય પુરૂષને વિરેચનને માટે આપવા. આ વિરેચનકારક ઔષધ સંક્ષેપમાં કહ્યાં. તેનું કલ્પસ્થાનમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવશે. ૧૫૮

આસ્થાપનનું વર્ણન.

आस्थापनेषुतुभूयिष्ठकल्पानिस्युर्द्रव्याणिनामतोविस्तरेणोपदिश्यमानान्यपरिसंख्येयानिस्युरतिबहुत्वात् । इष्टश्चानतिसंक्षेपविस्तरोपदेशस्तन्त्रे इष्टश्चकेवलं ज्ञानंतस्माद्रसतएवतान्यनुव्याख्यास्यन्ते ॥ १५९ ॥

આસ્થાપનના દ્રવ્યોની અનેક પ્રકારની કલ્પના થાય છે. જો નામ લેઇ લેઇને વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવે તો અધિકતાને લીધે તે અસંખ્ય થઇ જાય, અને તંત્રમાં બહુ વિસ્તારથી નહિ તેમ બહુ સંક્ષેપથી નહિ તેવી રીતે વર્ણન કરવું જોઇએ અને સર્વનું જ્ઞાન હોવું પણ આવશ્યક છે. એથી રસને અનુસાર તેનું વર્ણન કરવામાં આવશે. ૧૫૯

રસાનુસાર આસ્થાપન.

रससंसर्गविकल्पविस्तारोह्येषामपरिसंख्येयः समवेतानां रसानामंशांशबलविकल्पातिबहुत्वात्तस्माद्द्रव्याणाञ्चैकदेशमुदाहरणार्थं रसेष्वनुविभज्य रसैकैकदेशेन चनामलक्षणार्थञ्चषडास्थापनस्कन्धा रसतोऽनुविभज्यव्याख्यास्यन्ते । यत्तुषड्विधमास्थापनमाचक्षतेभिषजस्तद्दुर्लभतरंसंसृष्टरसभूयिष्ठत्वाद्द्रव्याणाम् । तस्मान्मधुराणिमधुरप्रायाणिमधुरप्रभावाणिमधुरप्रभावप्रायाण्यपिचमधुरस्कन्धेमधुराण्येवकृत्वोपदेक्ष्यन्तेतथेतराणिद्रव्याण्यपि ॥ तद्यथा— जीवकर्षभकौजीवन्तीवीरातामलकीकाकोलीक्षीरकाकोलीमुद्गपर्णीमाषपर्णीशालपर्णीपृश्निपर्ण्यसनपर्णीमेदामहामेदाकर्कटशृङ्गीशृङ्गाटिकाछिन्नरुहाच्छत्रातिच्छत्राश्रावणीमहाश्रावणीअलम्बुषासहदेवाविश्वदेवाशुक्लाक्षीरशुक्लाबलातिबलाविदारी, क्षीरविदारी, क्षुद्रसहामहासहात्र्यगन्धाश्वगन्धापयस्याक्षीरपुनर्नवाबृहतीकण्टकारिकैरण्डमोरटश्वदंष्ट्रासंहर्षाशतावरीशतपुष्पामधूकपुष्पीयष्टिमधुमधूलिकामृद्वीकाखर्जूरपरूषकात्मगुप्तापुष्करबीजकशेरुकाराजकशेरुकाकालक्कतककाश्मर्य्यशीतपाक्योदनपाकीतालखर्जूरमस्तकेक्षुक्षुवालिकादर्भकुशकाशशालिगुन्द्रोत्कटकशरमूलराजक्षवकर्ष्यमोक्ताद्वारदाभारद्वाजीवनग्रन्थ्यभीरुपत्रीहंसपदीकाकनासाकुलिङ्गाक्षीरवल्लीकपोतवल्ली-

क्षीम[illegible]सोमवल्लीति । [illegible]श्चमधुरवर्गपरिसंख्यातानामौ-षधद्रव्याणांछेद्यानिखण्डशश्छेदयित्वाभेद्यानिचाणुशोभेदयित्वाप्रक्षाल्यपानीयेन-सुप्रक्षालितायांस्थाल्यांसमवाप्यपयसाअर्द्धोदकेनाभ्यासिच्यसाधयेद्दर्व्यासतत-मवघट्टयन्तदुपयुक्तंभूयिष्ठेऽम्भसिगतरसेष्वौषधेषुपयसिचानुपदग्धेस्थालीमुपहृत्य-परिस्रुतंपूतंपयःसुखोष्णंघृततैलवसामज्जालवणफाणितोपहितंबस्तिंवातविकारिणे-विधिज्ञोविधिवद्दद्यात् । शीतन्तुमधुसर्पिर्भ्यामुपसंसृज्यपित्तविकारिणेदद्यादितिम-धुरस्कन्धः ॥ १६० ॥

મિશ્ર થયેલા રસોના અંશાંશ, બળ, ભેદના બહુજ અધિક હોવાને લીધે રસોના સંસર્ગના વિકલ્પનો વિસ્તાર અસંખ્યતાને પ્રાપ્ત થઈ જાય છે. એથી ઉદાહરણને નિમિત્તે રસોના એકદેશથી, દ્રવ્યોના એક એક દેશના વિભાગ કરીને નામ તથા લક્ષણ જાણવાને માટે છ આસ્થાપન સ્કંધ રસોને અનુસાર વિભાગ કરીને વર્ણન કરવામાં આવશે. વૈદ્યલોક જે છ પ્રકારનું આસ્થાપન કહે છે એ બહુજ દુર્લભ છે, કેમકે ઘણેભાગે સર્વ દ્રવ્યોમાં અનેક રસ મળેલા હોય છે. એથી મધુર સ્કંધમાં મધુર, ઘણેભાગે મધુર પ્રભાવ તથા ઘણેભાગે મધુર પ્રભાવવાળાં, દ્રવ્ય, મધુરજ માનીને ઉપદેશ કરવામાં આવશે. આ પ્રકારે અન્ય સ્કંધોમાં પણ જાણવું જોઈએ, જેમકે જીવક, રૂષભક, જીવન્તી, (મીઠી ખરખોડી–ડોડી) કાકોલી, ક્ષીરકકોલી, જંગલી અડદ, જંગલી મગ, સાલ્વણ, પીઠવન અસનપર્ણિ, મેદા, મહામેદા, (શતાવરી) કાકડાશીંગી, શંધોડાં, ગળો, છત્રા, અતિછત્રા (તૃણ વિશેષ) ગોરખમુંડી (ઓડીઓકલાર) મોટી ગોરખમુડી, અલંબુષા, ખપાટ (કાંસકી) વિશ્વદેવા, શુકલા, ક્ષીરશુકલા, બલા, અતિબલા, વિદારીકંદ, ક્ષીરવિદારીકંદ, ક્ષુદ્રસહા, જંગલી અડદ, રૂષગંધ (વિદારીકંદ) આસન, સૂરજમુખી છોડ, વૃશ્ચીર, સાટોડી, ઉભી ભોંયરીંગણી, બેઠી ભોંયરીંગણી, એરંડો, મોરટ, ગોખરૂ, સંહર્ષા, શતાવરી, સવા, મહુડાંનાં ફુલ, જેઠીમદ, મોરવેલ, દ્રાક્ષ, ખજુર, ફાલસાં, કઉચાં, કમલબીજ, કશેરૂ, મૂળાફળી, કાલંકત, સીવણ, શીતપાકી, ઉદનપાકી, તાડ, ખજુરી, શેરડી, કાસડો, દર્ભ, કુશ, કાશ, શાલિધાન્ય, ગુન્દ્રખડ, પાન બાજરીયાનું મૂળ; રાજક્ષવક, મોટી શતાવરી, વનનો કપાસ, ખીરાવનના અણીરૂપત્રી, હંસપદી, કાકજંઘા, કુલિંગા, ક્ષીરવિદારી, કપોતવલ્લી, ગોપવલ્લી, (સારિવા), મધુવલ્લી, તથા સોમલતા આ ઔષધ તથા મધુર વર્ગમાં કહેલાં આ પ્રકારનાં અન્ય ઔષધો લઇને તેમાંથી જે કાપવાને યોગ્ય હોય તેના નાના નાના ટુકડા કાપીને, અને જે ખાંડવાને યોગ્ય હોય તેને ખાંડીને ધોવા, પછી ધોયેલા પાત્રમાં રાખીને અર્ધું દૂધ મેળવેલું પાણી તે ઉપર રેડવું, પછી યથાયોગ્ય વધારે પાણી રેડીને તેને કડછીથી હલાવતા જવું, જ્યારે ઔષધિયોનો રસ નીકળીને જળમાં આવી જાય ત્યારે ઉતારીને ગાળી લેવું. પછી તેને કાંઇક ગરમ ગરમ કવાથમાં ઘી, તેલ, ચરબી, મજ્જા, મીઠું, તથા રાબ મેળવીને વાતરોગીને વિધિપૂર્વક બસ્તિ આપવી અને જો પિત્તરોગીને આપવું હોય તો કવાથને શીતલ કરીને તેમાં ઘી તથા મદ મેળવીને બસ્તિ આપવી. ઇતિ મધુર સ્કન્ધ. ૧૬૦

અમ્લ સ્કંધ.

आम्राम्रातकलकुचकरमर्दवृक्षाम्लाम्लवेतस बलबदरदाडिममा लुङ्गकण्डारामलकनन्दीतकलालतिकाशीतदन्तशठैरावतकोषाम्रधन्वनानां फलानि पत्राणिचाश्मन्तकचाङ्गेरीणांचतुर्विधानांचाम्लिकानांद्वयोःकोलयोर्द्वयोश्चामशुष्कयोर्द्वयोश्चशुष्काम्लिकयोर्ग्राम्यारण्ययोश्चासवद्रव्याणिचसुरासौवीर तुषोदकमरेयमेदकमदिरामधुशीधुशुक्तिदधिदधिमण्डोदश्विद्धान्याम्लादीन्येषामेवंविधानाश्चान्येषाश्चाम्लवर्गपरिसंख्यातानामौषधद्रव्याणांछेद्यानि छेदयित्वा भेद्यानि अणुशोभेदयित्वाद्रवैःस्थितान्यवसिच्यसाधयित्वोपसंस्कृत्यथ तैलवसामज्जालवणफाणितोपहितंसुखोष्णंबस्तिंवातविकारिणेविधिवद्दद्यादित्यम्लस्कंधः ॥ १६१ ॥

આંબો, જંગલી આંબો, ક્ષુદ્ર ફણુસ, કરમદાં, કોકમ, અમલવેત, બંને પ્રકારનાં બોર, દાડિમ, બીજોરૂ, કંડિર, આમળાં, નન્દિતક, આમલી, નાનીગુંદી, લાંબુંલીંબુ, (નારંગી) સંતરાં, કોશામ્ર, ધન્વન, એઓનાં ફળ, તથા પાન, ખાટીલુણી ચાર પ્રકારની, આમલી બે પ્રકારની, બે પ્રકારનાં બોર, સુખી આમલી એ સર્વનાં પાન, આસવ, સુરા, સૌવીર, તુષોદક, મેરેયે, મેદક, મદિરા, મધુ, શીધુ, સુક્ત, દહીં, દહીંની તોર, મઠો તથા ધાન્યામ્લ, આ ઔષધ તથા અન્ય અમ્લ વર્ગમાં કહ્યાં હોય તે ઔષધોને લઇને જે કાપવા યોગ્ય હોય તેને કાપીને અને જે ખાંડવા યોગ્ય હોય તેને ખાંડીને દ્રવ વસ્તુઓને તેમાં મેળવીને ઉપર પ્રમાણે ક્વાથ કરીને કાંઇક ગરમ ક્વાથમાં તેલ, ચરબી, મજ્જા, લવણ, તથા રાબ મેળવીને વાતરોગીને વિધીપૂર્વક બસ્તિ આપવી, ઇતિ અમ્લ સ્કંધ. ૧૬૧.

લવણ સ્કંધ.

सैन्धवसौवर्चलकालविडपाक्यानूपकूप्यबालकैल मूलकसामुद्ररोमकौद्भिदौषरपाटेयकपांशजानीतिएवंप्रकाराणिचान्यानि लवणवर्गपरिसंख्यातानि तानिअम्लोपहितानिउष्णोदकोपहितानिवास्नेहवन्तिसुखोष्णंबास्तिंवातविकारिणे विधिवद्दद्यादितिलवणस्कन्धः ॥ १६२ ॥

સીંધવ, સંચર, કાળું મીઠું, બીડલવણ, આનૂપ, કૂપ્ય, બાલક, એલમૂલક, સામુદ્ર, રોમક, ઉદ્‌ભિદ, ઔષર, પાટેયક, પાંશુજ, આ સર્વ લક્ષણ તથા લવણ વર્ગમાં કહેલી અન્ય ઔષધિયોને લઇને ખાટા તથા ગરમ જળમાં મેળવીને તેમાં તેલ વિગેરે સ્નેહ મેળવીને વાતરોગીને વિધિપૂર્વક કાંઇક ગરમ ગરમ બસ્તિ આપવી. ઇતિ લવણ સ્કંધ. ૧૬૨.

કટુક સ્કન્ધ.

पिप्लीपिप्पलीमूलहस्तिपिप्पलीचव्यचित्रक शृङ्गवेरमरिचाज मोदार्द्रकविडङ्गकुस्तुम्बुरुपीलुतेजोवत्येलाकुष्ठभल्लातकास्थिहिंगुकिलिम मूलकसर्षप–लशुन–करञ्जशिग्रुकमधुशिग्रुक खर पुष्पाभूस्तृणसुमुखसुरस–कुठेरक–काण्डीर कालमाल-

कपर्णासक्षवकफणिज्जकक्षारमूत्रापित्तानामेषामेवंविधानाश्चान्येषांकटुकवर्गपरिसंख्यातानामौषधद्रव्याणांछेद्यानिखण्डशश्छेदयित्वाभेद्यानिचाणुशोभेदयित्वा-गोमूत्रेणस[illegible]यित्वोपसंस्कृत्ययथावन्मधुतैललवणोपहितंसुखोष्णंबस्तिंश्लेष्मविकारिणेविधि[illegible]ोविधिवद्दद्यात्, [illegible]कस्कन्धः ॥ १६३ ॥

પીંપળ, પીંપળીમૂળ, ગજપીંપળ, ચવક, ચિત્રક, સુંઠ, મરી, અજમો, વાવડીંગ, ધાણા, પીલૂ, તેજબલ, નાની ઈલાયચી, કુઠ (ઉપલેટ) ભિલામાં, હીંગ, દેવદાર, મૂળા, સરસવ, લહસણ, કરંજ, કાળો સરગવો, મીઠો સરગવો, ખોરાસાની અજમો, ભૂતૃણ, સુમુખ (તુલસી વિશેષ) સુરસ, કુઠેરક, કાંડિર, કાલમાલક, પર્ણાસ, નાક છીંકણી, મરવો, ક્ષાર, મૂત્ર, તથા પિત્ત, એ તથા કટુવર્ગમાં કહેલી અન્ય ઔષધિયોને લઇને જે કાપવાને યોગ્ય હોય તેના નાના નાના કડકા કરીને અને ખાંડવાને યોગ્ય હોય તેને ખાંડીને ગોમૂત્રમાં કવાથ કરીને તેને ગાળી લઇને કાંઇક ગરમ કવાથમાં તેલ, મીઠું તથા મદ મેળવીને કફના રોગીને વિધિ પૂર્વક બસ્તિ આપવી. ઇતિ કટુ સ્કંધ. ૧૬૩.

તિક્ત સ્કંધ.

चन्दननलद[illegible]तमालनक्तमालनिम्बतुम्बुरुकुटजहरिद्रादारुहरिद्रामुस्तमूर्वाकिराततिक्तककटुरोहिणीत्रायमाणाकरवीरके[illegible]ककाटल्लकवृषमण[illegible]कपर्णीकर्कोटकवार्त्ताकुकर्कशकाकमाचीकारवेल्लकाकोदुम्बरिकासुषव्यतिविषापटोलकुणकपाठागुडूचीवेत्राग्रवेतसविकंकतवकुलसोमवल्कसप्तपर्णसुमनोऽर्कावल्गुजवचातगरागुरुबालकोशीराणाम् ॥ एषामेवंविधानाश्चान्येषांतिक्तवर्गपरिसंख्यातानामौषधद्रव्याणांछेद्यानिखण्डशश्छेदयित्वाभेद्यानिचाणुशोभेदयित्वाप्रक्षाल्यपानीयेनाभ्यासिच्यसाधयित्वोपसंस्कृत्ययथावन्मधुतैल[illegible]णोपहितंसुखोष्णंबस्तिंश्लेष्मविकारिणेविधिज्ञोविधिवद्दद्यात् । शीतन्तुमधुसर्पिर्भ्यामुपसंस्कृत्यपित्तविकारिणेदद्यादितितिक्तस्कन्धः ॥ १६४ ॥

ચંદન, ખસ, અમલતાસ, કરંજ, ખાટાં ગોળ લીંબુ, કડવી તુંબડી, કડુ, હળદર, દારૂ હળદર, નાગરમોથ, મોરવેલ, કરીયાતુ, કડો, ત્રાયમાણ, કરેણ, કેવુક (કેઉઓસાગ) કારેલાં, અરડુસો, મજીઠ, કંકોડાં, વંતાક, કમલકાકડી, મકાઇ, કારેલાં (નાનાં) કઠુમર, કાળીજીરી, અતિવીષ, પટોલપત્ર, પરવળ, કાળીપાટ, ગળો, નેતરનો અગ્રભાગ, નેતર, વીકલો, બોળસળી, કાયફળ, સાતિવન, ચમેલી, આકડો, બાવચી, વજ, તગર, અગર, સુગંધીવાળો, તથા ખસ આ તથા બીજી આ પ્રકારની તિક્ત વર્ગમાં કહેલી ઔષધિયોને લઇને જે કાપવા યોગ્ય હોય તેને કાપીને અને જે ખાંડવાયોગ્ય હોય તેને ખાંડીને, કવાથ કરીને ગાળી લેવો પછી કાંઇક ગરમ કવાથમાં મદ, તેલ તથા મીઠું મેળવીને કફના રોગીને વિધિ પૂર્વક બસ્તિ આપવી અને ઠંડા કવાથમાં મદ તથા ઘી મેળવીને પિત્તના રોગીને બસ્તિ આપવી. ઇતિ તિક્ત સ્કંધ, ૧૬૪.

કષાય સ્કંધ.

प्रियङ्ग्वनन्ताम्रास्थ्यम्बष्ठकीकट्वङ्गलोध्रमोचरससमङ्गाधातकीपुष्पपद्मापद्मकेशरजम्ब्वाम्रप्लक्षवटकपीतनोदुम्बराश्वत्थभल्लातकाश्मन्तकाशिरीषशिंशपासोमवल्कतिन्दुकप्रियालबदरखदिरसप्तपर्णाश्वकर्णस्यन्दनार्जुनासनारिमेदैलवालुकपरिपेलवकदम्बशल्लकीजिङ्गिनीकाशकशेरुकाराजकशेरुकाकट्फलवंशपद्मकाशोकशालधवसर्जभूर्जशणपुष्पीशमीमाचीकवरकतुङ्गाजकर्णाश्वकर्णस्फूर्जकबिभीतककुम्भीकपुष्करबीजबिसमृणाल—तालखर्जूरतरुणीनामेषामेवंविधानाञ्चान्येषांकषायवर्गपरिसंख्यातानामौषधद्रव्याणांछेद्यानिखण्डशश्छेदयित्वाभेद्यानिचाणुशोभेदयित्वाप्रक्षाल्यपानीयेनसहसाधयित्वापरिसंस्कृत्ययथावन्मधुतैललवणोपहितंसुखोष्णंबस्तिंश्लेष्मविकारिणेदद्यादिति । शीतन्तुमधुसर्पिर्भ्यामुपसंस्कृत्यपित्तविकारिणेदद्यादितिकषायस्कन्धः ॥ १६५ ॥

કાંગ, જવાસો, કેરીની ગોટલી, પાટલા, સારિવા, લોધર, મોચરસ, વારાહીકંદ, ધાવડીનાં ફુલ, પદ્મક, પદ્મકેશર, જાંબુ, આંબાની છાલ, સરસડિયો, વડ, પારસપીંપળો, ઉમરડો પીંપર, ભિલામાં, ખાટી લુણી, સરસડીયો, શિંષપા, (સીસમ) સફેદ કાથો, ટીંબરૂ, ચારોળી, બોર, કાથો, સાત્વિન, અર્જુન, ચંદન, બિણોહરમો, કેવડીમોથ, કદંબ, શલ્લકી, મજીઠ, કાશ, કશેરૂ, મોટું કશેરુ, કાયફળ, વાંસ, પદ્મક, (કમળ) આસોપાલવ, શાળના ચોખા, ધવ, ભોજપત્ર, શણુ, શમડો, નાની પીલુડી, ધોળો ડામર, મોટોગજ, ટીંબરૂ, બહેડાં, કાયફળ, કમલગટ્ટા, કમળની જડ, કમળની દાંડી, તાડ, ખજુર, તથા ગુલાબ તથા આ પ્રકારની કષાયવર્ગમાં કહેલી અન્ય ઔષધિયોને લઇને જે કાપવા યોગ્ય હોય તેના નાના નાના કટકા કરીને અને ખાંડવા યોગ્ય હોય તેને ખાંડી પાણીથી ધોઇ નાંખી કવાથ બનાવીને ગાળી લેવો પછી કાંઇક ગરમ કવાથમાં મદ, તેલ તથા મિઠું મેળવીને કફના રોગીને વિધિ પૂર્વક બસ્તિ આપવી અને ઠંડા કવાથમાં મદ તથા ઘી મેળવીને પિત્તના રોગીને બસ્તિ આપવી. ઇતિ કષાય સ્કંધ. ૧૬૫.

॥ तत्र श्लोकाः ॥

षड्वर्गाःपरिसंख्यातायएतेरस भेदतः । आस्थापनमभिप्रेत्यतान् विद्यात्सार्वयौगिकान् ॥ १६६ ॥ सर्वतोहिप्रणिहिताःसर्वरोगेषुजानता । सर्वान्रोगन्नियच्छन्तियेभ्यआस्थापनंहितम् ॥ १६७ ॥

તેમાં આ શ્લોક છે. રસોના ભેદને અનુસાર આસ્થાપનને માટે, આજે છ વર્ગ કહેવામાં આવ્યા એને સર્વ યોગોને માટે જાણવા જોઇએ. ૧૬૬. જે રોગિયોને આસ્થાપન હિતકર છે તેને સંપૂર્ણ રોગોના બુદ્ધિમાન વૈદ્યે આનો પ્રયોગ કરીને દૂર કરવા. કેમકે આસ્થાપન સાધ્ય સર્વ રોગોને મટાડી શકે છે. ૧૬૭.

येषांयेषांप्रशान्त्यर्थंयेयेनपरिकीर्त्तिताः । द्रव्यवर्गाविकाराणांतेषांतेपरिकीर्त्तिताः ॥ १६८

જે જે રોગોને દુર કરવાને જે જે વર્ગ કહ્યા નથી તે તે રોગોને તે તે દ્રવ્ય વર્ગ કોપિત કરે છે. ૧૬૮.

इत्येतेषडास्थापनस्कन्धारसतोऽनुविभज्यव्याख्याताः । तेभ्योभिषग्बुद्धिमान्परिसंख्यातमपियद्द्रव्यमयौगिकंमन्येततदपकर्षयेत् । यद्यच्चानुक्तमपियौगिकंवामन्येततदद्यात् । वर्गमपिवर्गेणोपसंसृजेदेकमेकेनानेकेनवायुक्तिप्रमाणीकृत्य । प्रचरणमिवभिक्षुकस्यबीजमिवकर्षकस्यसूत्रंबुद्धिमतामल्पमपि अनल्पज्ञानायभवति ॥ १६९ ॥

આ પ્રકારે આ છ આસ્થાપન, સ્કંધ, રસને અનુસાર વિભાગ કરીને કહેવામાં આવ્યા છે. બુદ્ધિમાન વૈદ્યે આ વર્ગોમાથી જે ઔષધને અયોગ્ય સમજે તેનો ત્યાગ કરવો અને આ વર્ગોમાં નહીં કહેલાં હોય પણ જે ઔષધ યોગ્ય સમજવામાં આવે તેને મેળવી લેવાં. યુક્તિ પૂર્વક એક વર્ગની સાથે એક અથવા અનેક વર્ગ પણ મેળવવા. જેમકે ભિક્ષુક ફરવા માત્રથીજ અનેક કાર્યને સિદ્ધ કરે છે અને જેમ ખેડુતો એક બીજવડે અનેક બીજ ઉત્પન્ન કરે છે એ પ્રકારે બુદ્ધિમાન લોક નાના સૂત્રથી પણ અધિક જ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૧૬૯.

तस्माद्बुद्धिमतामूहापोहवितर्कामन्दबुद्धेस्तुयथोक्तानुगमनमेव श्रेयः ॥१७०॥

એથી બુદ્ધિમાને તો ઉહાપોહ, વિતર્ક કરવા જોઇએ, અને મંદ બુદ્ધિવાળાએ તો જે રીતે કહેલું છે તેજ રીતે કાર્ય કરવું સારૂં છે. ૧૭૦.

यथोक्तंहिमार्गमनुगच्छन्भिषक्संसाधयतिवाकार्य्यमनंतिमहत्त्वादनतिह्रस्वत्वादुदाहरणस्येति ॥ १७१ ॥

જેવી રીતે કહ્યું છે તે અનુસાર કાર્ય કરનાર વૈદ્ય કદી કાર્યને સિદ્ધ કરે છે અને કદી કાર્યને બગાડી નાંખે છે કેમકે ઉદાહરણ બહુજ વિસ્તાર તથા બહુજ સંક્ષેપથી કહી શકાતાં નથી. ૧૭૧.

अतःपरमनुवासनद्रव्याणिअनुव्याख्यास्यन्ते । अनुवासनन्तु स्नेहएव । स्नेहस्तुद्विविधः । स्थावरोजङ्गमात्मकश्चतत्रस्थावरात्मकःस्नेहःतैलमतैलञ्च । तत्रतैलमेवकृत्वोपदिश्यतेसर्वतस्तैलप्राधान्यात् । जङ्गमात्मकस्तुवसामज्जासर्पिरिति ॥ १७२ ॥

એ ઉપરાંત અનુવાસન બસ્તિનાં દ્રવ્ય કહેવામાં આવે છે. સ્નેહબસ્તિને અનુવાસન કહે છે. સ્નેહ બે પ્રકારના હોય છે, સ્થાવરથી ઉત્પન્ન થએલ તથા જંગમથી ઉત્પન્ન થએલ. સ્થાવર વસ્તુઓથી ઉત્પન્ન થએલ સ્નેહ, તેલ તથા તેલથી જુદાં પણ હોય છે પરંતુ તેલ કહીનેજ તેનો ઉપદેશ કરવામાં આવે છે. કેમકે તેલજ સર્વમાં પ્રધાન છે, અને જંગમ દ્રવ્યથી ઉત્પન્ન થએલ સ્નેહ, ચરબી, મજ્જા તથા ઘી છે. ૧૭૨.

શિરોવિરેચન દ્રવ્ય.

तेषांतैलवसामज्जासर्पिषांतुयथापूर्वंश्रेष्ठम् । वातश्लेष्मविकारेषुअ. वासनीये -यथोक्तेष्वेतद्विकारेषुसर्वएववासर्वेषुयोगमायान्तिसंस्कारविधिविशेषादिति ॥१७३॥ शिरोविरेचनद्रव्याणिपुनःअपामार्गपिप्पलीमरिचविडङ्गशिग्रुशिरीष-कुस्तुम्बुरु-बिल्वाजाज्याजमोदावार्ताकीपृथ्वीकैलाहरेणुफलानिच । सुमुखसुरसकुठेरकग-ण्डीरककालमालकपर्णासक्षवकफणिज्जक [illegible]ङ्गवेरमूलकलशुनतर्कारीसर्ष-पपत्राणिच । अर्कालर्क[illegible]ष्ठनागदन्तीवचाभार्गीश्वेताज्योतिष्मतीगवाक्षीगण्डीरा-वाक्पुष्पीवृश्चिकालीवयस्थातिविषा[illegible]लानिच । हरिद्राशृङ्गवेरमूलकलशुनकन्दा-श्चलोधमदनसप्तपर्णनिम्बार्कपुष्पाणिच । देवदार्वगुरुसरलशल्लकीजिङ्गिन्यसनहिं-गुनिर्य्यासाश्चतेजोवराङ्गेंगुदीशोभाञ्जनबृहतीकण्टकारिकात्वगिति । शिरोविरेचनं-सप्तविधंफलपत्रमूलकन्दपुष्पनिर्य्यासत्वगाश्रयभेदात् ॥ १७४ ॥

શિરોવિરેચનની વસ્તુઓ—અંઘેડો, પીંપર, મરી, વાવડીંગ, શરગવો, સરસવ, ટીંબરૂ, બીલી, સફેદ જીરૂ, અજમોદ, વંતાક, મોટી ઈલાયચી, નાની ઈલાયચી, તથા રેણુકબીજ, સુમુખ, સુરસ, કુઠેરક, ગંડીર, કાલમાલક, પર્ણાસ, નાકછીંકણી, મરૂઓ, હળદર, આદુ, મૂળાના કંદ, લસન, અરણી, સરસવ એનાં પાન તથા આકડો, કડો, નાગદમણ, વજ-ભારંગી, સફેદ નસોતર, માલકાંકણી, ઇંદ્રવરણું, કંડીર, પુષ્પી, વૃશ્ચિકાલી, બ્રાહ્મી, (ભરમી) તથા અતિવિષ, એઓનાં મૂળ, હળદર, આદુ, મૂળા તથા લસણ એઓનાં કંદ, લોધર, મીંઢળ, સાત્વિન, લીંબુ તથા આકડો એનાં ફુલ, દેવદાર, અગર, સરલ, સાલ, મજીઠ, વિ-જયસાર તથા હીંગ એઓનો ગુંદર, તેજબલ, તજ, ગુંદી, ધોળો સરગવો, બંને ભોંયરીંગણી, એમની છાલ; ફળ, પાન, મૂળ, કંદ, ફુલ, ગુંદર તથા છાલ આ આશ્રયોના ભેદથી શિરો-વિરેચન સાત પ્રકારના થાય છે. ૧૭૪.

लवणकटुतिक्तकषायाणिचइन्द्रियोपशयानितथापराण्यनुक्तान्यपिद्रव्याणियथायो-गविहितानिशिरोविरेचनार्थमुपदिश्यन्ते इति ॥ १७५ ॥

ઇન્દ્રિયોને હિતકર, ખારૂં, કડવું, તિખું, તથા કષાય અને નહીં કહેલી અન્ય વસ્તુ પણ શિરોવિરેચનમાં યુક્તિપૂર્વક ઉપયોગ કરવાનો ઉપદેશ કરવામાં આવે છે. ૧૭૫.

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोकाः ।

लक्षणाचार्य्यशिष्याणांपरीक्षाकारणञ्चयत् । अध्येयाध्यापनविधिःसम्भाषावि-धिरेवच ॥ १७६ ॥ षड्भिर्न्यूनानिपञ्चाशद्वादशाथपदानिच । पदा[illegible]-[illegible]नादि[illegible]नितत्त्वतः ॥ १७७ ॥ सम्प्रश्नश्चपरीक्षादेर्नवकोमनादिषु । भि-षग्जितीयेरोगाणांवि[illegible]नसम्प्रदर्शितः ॥ १७८ ॥

તેમાં આ શ્લોક છે. આચાર્ય તથા શિષ્યનાં લક્ષણ, પરીક્ષા, કારણ, અધ્યયન, તથા અધ્યાપનની વિધિ, સંભાષણની વિધિ, (૧૭૬) વાદ કરવાને માટે ચુંવાળીશ તથા બાર શબ્દોના અર્થ, પદ, અને કારણ વિગેરે અન્ય દશ પદ, (૧૭૭) વમનાદિકામાં પરીક્ષાદિના ૯ પ્રશ્ન આ સર્વ વિષય આભિષગ્જિતીય નામના અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ કહ્યા છે.

અનુવાસન દ્રવ્ય.

बहुविधमिदमुक्तमर्थजातंब विधवाक्यविचित्रमर्थजातम् । बहुविधशुभशब्दसन्धियुक्तंबहुविधवादनिषूदनंपरेषाम् ॥ १७९ ॥

અનેક પ્રકારના વિચિત્ર વાકયો સહિત અનેક પ્રકારના શુભ શબ્દોથી યુક્ત અનેક પ્રકારના આ અર્થ સમૂહ કહ્યા છે. એથી પ્રતિવાદિયોના અનેક પ્રકારના વાદનું ખંડન થાય છે.

इमांमतिंबहुविधहेतुसंश्रयांविजा.वान्परमतवादसूदनीम् । निलीयतेपरवचनावमर्दनेनशक्यतेपरवचनैश्चमर्दितुम् ॥ १८० ॥

પ્રતિવાદિયોના વાદનું ખંડન કરનાર અનેક પ્રકારના હેતુઓથી યુક્ત આ યુક્તિના જાણનારા પ્રતિવાદિયોને જીતે છે, અને પ્રતિવાદી લોક તેને જીતી શકતા નથી.

दोषादीनांतुभावानांसर्वेषामेवहेतुना । मानात्समस्तमानानिनिरुक्तानिविभागशः

દોષાદિ સંપૂર્ણ પદાર્થોના હેતુપૂર્વક માનથી સંપૂર્ણ માન (પરિમાણ) વિભાગ કરીને કહેવામાં આવ્યા છે. ૧૮૧.

इत्यग्निवेशकृते तन्त्रेचरकमतिसंस्कृते विमानस्थानं समाप्तम् ॥

ઇતિ વિમાનસ્થાન સમાપ્ત થયો.

शारीरस्थानम्.

प्रथमोऽध्यायः।

अथातःकतिधापुरुषीयंव्याख्यास्यामइतिहस्माहभगवानात्रेयः।

હવે અમે કતિધાપુરૂષીય શારીરની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન આ-યજી કહેવા લાગ્યા.

અગ્નિવેશ ઉવાચ.

कतिधापुरुषोधीमन् धातुभेदेनभिद्यते। पुरुषःकारणंकस्मात्प्रभवःपुरुषस्यकः॥१॥ किमज्ञोऽज्ञःसनित्यःकिंकिमनित्योनिदर्शितः। प्रकृतिःकाविकाराःकेकिंलिङ्गंपुरुषस्यच॥ २॥

અગ્નિવેશ બોલ્યા, હે ધીમન્! પુરૂષ ધાતુઓના ભેદથી કયા પ્રકારથી ભિન્ન હોય છે? પુરૂષ શાનું કારણ છે? પુરૂષની ઉત્પત્તિ શું છે? પુરૂષ જ્ઞાનવાન છે અથવા અજ્ઞાની છે નિત્ય છે અથવા અનિત્ય છે? પ્રકૃતિ શું છે? વિકાર કયાં છે? અને પુરૂષનાં લક્ષણ ક્યાં છે? ૨.

निष्क्रियञ्चस्वतन्त्रञ्चवशिनंसर्वगंविभुम्। वदन्त्यात्मानमात्मज्ञाःक्षेत्रज्ञंसाक्षिणंतथा॥ ३॥ निष्क्रियस्यक्रियातस्यभगवन्। विद्यतेकथम्। स्वतन्त्रश्चेदनिष्टासुकथंयोनिषुजायते॥ ४॥ वशीयद्यसुखैःकस्माद्भावैराक्रम्यतेबलात्। सर्वाःसर्वगतत्वाश्चवेदनाःकिंनवेत्तिसः॥ ५॥

આત્મજ્ઞાની લોક આત્માને નિષ્ક્રિય, સ્વતંત્ર, વશી, સર્વજ્ઞ, વિભૂ, ક્ષેત્રજ્ઞ તથા સાક્ષી કહે છે. ૩. પરંતુ જો પુરૂષ નિષ્ક્રિય છે તો તેમાં ક્રિયા કેવી છે? જો પુરૂષ સ્વતંત્ર છે તો અનિષ્ટ યોનિયોમાં કેમ ઉત્પન્ન થાય છે? (૪) જો પુરૂષ વશી છે તો અસુખાકારી ભાવોથી બલાત્કારપૂર્વક કેમ પીડાય છે? જો પુરૂષ સર્વજ્ઞ છે તો સંપૂર્ણ સંસારની પીડાઓને કેમ જાણી શકતો નથી? ૫.

नपश्यतिविभुःकस्माच्छैलकुड्यतिरस्कृतम्। क्षेत्रज्ञःक्षेत्रमथवाकिंपूर्वमितिसंशयः॥ ६॥ ज्ञेयंक्षेत्रंविनापूर्वंक्षेत्रज्ञोहिनयुज्यते। क्षेत्रञ्चयदिपूर्वंस्यात्क्षेत्रज्ञःस्यादशाश्वतः॥ ७॥

જો પુરૂષ વિભૂ છે તો પર્વત તથા દિવાલ આદિની અંદર છુપાયેલ પદાર્થોને કેમ જોઇ શકતો નથી? અને ક્ષેત્રજ્ઞ પ્રથમ છે અથવા ક્ષેત્ર પ્રથમ છે આ સંદેહ છે. (૬) કેમકે ક્ષેત્ર, જ્ઞેય, અર્થાત જ્ઞાનનો વિષય છે તે વિના ક્ષેત્રજ્ઞ હોઇ શકે નહિ અને જો ક્ષેત્ર પહેલાં હોય તો ક્ષેત્રજ્ઞ અનિત્ય થઇ જાય છે. ૭.

साक्षिभूत ... विद्यते । स्यात्कथञ्चाविकारस्यविशेषोवेदनाकृतः ॥८

જો અન્ય કોઈ કર્તા નથી તો પુરૂષ સાક્ષી કોનો છે, અને જો પુરૂષ વિકાર રહિત છે તો પીડાઓની વિશેષતા તેને કેની રીતે માલૂમ પડી? ૮.

अथचार्त्तस्यभगवं ... कांचिकित्सति ! अतीतांवेदनांवैद्योवर्त्तमानांभविष्यतीम् ॥ ९ ॥ भविष्यन्त्याअसंप्राप्तिरतीतायाअनागमः । साम्प्रतिक्याअपिस्थानना-स्त्यर्तेःसं...तः ॥ १० ॥

અને હે ભગવાન્! અતીત, વર્તમાન તથા ભવિષ્ય આ ત્રણ પ્રકારના રોગીની વેદનાઓમાંથી વૈદ્ય લોક કાંની ચિકિત્સા કરે છે? (૯) કેમકે ભવિષ્યવેદના દેખાતી નથી, અતીત વેદના ફરી પાછી આવતી નથી અને વર્તમાનની સ્થિતિ નથી. એથી સંદેહ થાય છે કે વૈદ્ય લોક કોની ચિકિત્સા કરે છે? (૧૦).

कारणंव... ष्ठानमुच्यते । क्वचावेदनाः सर्वानि...त्यान्त्यशेषतः ११

વેદનાઓનું કયું કારણ છે, વેદનાઓનું સ્થાન કયું છે, અને કયાં આ સંપૂર્ણ વેદના અશેષતાથી (બિલકુલ) નિવૃત્ત થાય છે? ૧૧.

सर्ववित्सर्वसन्न्यासीसर्वसंयोगनिःसृतः । एकःप्रशान्तोभूतात्माकैर्लिङ्गैरुपलभ्यते

સર્વજ્ઞ, સર્વ સંન્યાસી, સર્વ સંયોગ રહિત એક તથા શાન્ત જીવાત્મા કયા લક્ષણોથી જાણી શકાય છે? (૧૨).

वच त्यग्निवेशस्य...वरः । सर्वंयथावत्प्रोवाचप्रशान्तात्मापुनर्वसुः १३

અગ્નિવેશનાં આવાં વચન સાંભળીને શાન્ત ચિત્તે, મહા બુદ્ધિમાન્ ભગવાન્ આત્રેયજીએ સર્વ વાતોનો યથાર્થ ઉત્તર આપ્યો. ૧૩.

પુરૂષ વર્ણન.

खादयश्चेतनाषष्टाधातवःपुरुषःस्मृतः । चेतनाधातुरप्येकःस्मृतःपुरुषसंज्ञकः ॥१४॥

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, તથા ચૈતન્ય આ ૭ ધાતુઓને પુરૂષ કહે છે. તેમાંથી કેવળ ચૈતન્ય ધાતુને પણ પુરૂષ કહે છે. ૧૪.

पुनश्चधातुभेदेनचतुर्विंशतिकः स्मृतः मनोदशेन्द्रियाण्यर्थाःप्रकृतिश्चाष्टधातुकी १५

પછી ધાતુઓના ભેદથી પુરૂષમાં ૨૪ ધાતુ કહેલી છે જેવી કે મન, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ વિષય અને આઠ ધાતુવાળી પ્રકૃતિ. ૧૫.

लक्षणंमनसोज्ञानस्याभावोभाव...वा । सतिह्यात्म...र्थानांसन्निकर्षेणवर्त्तते १६
वै...स्यान्मनसोज्ञानंसान्निध्यात्तच्चवर्त्तते । अणुत्वमथचैकत्वंद्वौगुणौमनसःस्मृतौ १७

જ્ઞાનનું થવું તથા ન થવું એ મનનું લક્ષણ છે. કેમકે આત્મા તથા ઇન્દ્રિયોનો સંયોગ હોવા છતાં પણ (૧૬) મનના સંયોગ વિના જ્ઞાન થઈ શકતું નથી, અને મનનો સંયોગ થવાથી જ્ઞાન થાય છે. અણુત્વ તથા એકત્વ આ બે મનના ગુણ છે. ૧૭.

चिन्त्यंविचार्य्यं...ध्येयंस...ल्प्यमेवच । यत्किञ्चिन्मनसो...यंतत्सर्वंह्यर्थसंज्ञकं ॥

ચિન્તા કરવાને યોગ્ય, વિચાર કરવાને યોગ્ય, તર્ક કરવાને યોગ્ય, ધ્યાન કરવાને યોગ્ય, સંકલ્પ કરવાને યોગ્ય, તથા અન્ય જે કાંઇ જાણવાને યોગ્ય હોય તે સર્વ મનનો વિષય છે. ૧૮.

બુદ્ધિની પ્રવૃત્તિ.

इन्द्रियाभिग्रहःकर्म्ममनसस्त्वस्यनिग्रहः । ऊहोविचारश्चततःपरंबुद्धिःप्रवर्त्तते ॥१९॥

ઇન્દ્રિયોને ચલાવવી તથા રોકવી, તર્ક અને વિચાર આ મનનાં કામ છે. મનના કાર્યના ઉપરાંત બુદ્ધિની પ્રવૃત્તિ થાય છે. ૧૯.

इन्द्रियेणेन्द्रियार्थोहि[illegible]केनगृह्यते । कल्प्यतेमनसात्यूर्द्धं गुणतो[illegible]षतोयथा ॥२०

મન સહિત ઇન્દ્રિય, વિષયનું ગ્રહણ કરે છે. તે પછી મન તેમાં ગુણ દોષની કલ્પના કરે છે. ૨૦.

[illegible]यतेविषयेतत्रयाबुद्धिर्निश्चयात्मिका । व्यवस्यतेतयावक्तुंकर्त्तुंवाबुद्धिपूर्वकम् ॥२१

પછી તે વિષયમાં જે નિશ્ચયાત્મિકા વૃત્તિરૂપ બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેથી બુદ્ધિ પૂર્વક કાંઈ કહેવામાં આવે છે અથવા કરવામાં આવે છે. ૨૧.

જ્ઞાનેંદ્રિય.

एकैकाधिक[illegible]क्ता[illegible]न्द्रियाणि । पञ्चकर्म्मा[illegible]मेयानियेभ्योबुद्धिःप्रवर्त्तते२२

આકાશાદિ મહાભૂતોની કાન વિગેરે પાંચ ઇન્દ્રિયો એક એક મહાભૂતોથી અધિક યુક્ત છે. અર્થાત્ કર્ણેન્દ્રિય (કાનની ઇંદ્રિય) ની સાથે આકાશ, ત્વચાઇન્દ્રિયની સાથે આકાશ તથા વાયુ ચક્ષુરિન્દ્રિયની સાથે આકાશ, વાયુ તથા અગ્નિ ઇત્યાદિ આ પાંચે ઇંદ્રિયોનું સાંભળવું, લાગવું, દેખવું, સ્વાદ લેવો તથા સુંઘવું આ પાંચ કર્મોથી અનુમાન કરવામાં આવે છે. એનો આશ્રય કરીને બુદ્ધિ પ્રવૃત્ત થાય છે. ૨૨.

કર્મેન્દ્રિય.

हस्तपादंगुदोपस्थंजिह्वेन्द्रियमथापिवा । कर्मेन्द्रि[illegible]पादं[illegible]कर्माणि ॥२३॥
पायूपस्थौविसर्गार्थेहस्तौग्रहणधारणे । जिह्वावागिन्द्रियं[illegible]वसत्याज्योतिस्त-मोऽनृता ॥ २४ ॥

હાથ, પગ, ઉપસ્થ, ગુદા, તથા જીભ્યા, આ પાંચ કર્મેન્દ્રિય છે તેમાં પગ વડે ગમન કરવામાં આવે છે. ૨૩ ગુદા તથા લિંગનાં દ્વારથી મળ મૂત્રનો ત્યાગ કરવામાં આવે છે. હાથ વડે ગ્રહણ તથા હરણ કરવામાં આવે છે, અને જીહ્વા વડે ભાષણ કરવામાં આવે છે. ભાષણ બે પ્રકારનું હોય છે, એક સત્ય, બીજું મીથ્યા. સત્ય ભાષણ તેજસ્વરૂપ કહેવાય છે અને મિથ્યા ભાષણ તમસ્તરૂપ કહેવાય છે. ૨૪.

પંચ મહાભૂત.

महा[illegible]तानिखंवा[illegible]रापःक्षितिस्तथा । शब्दःस्पर्शश्चरूपञ्चरसोगन्धश्चतद्गुणाः ॥२५
[illegible] । पूर्वःपूर्वो[illegible]स्मृतः ॥२६॥

આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા પૃથ્વી આ પાંચ મહાભૂત છે. શબ્દ, સ્પર્શ, રૂપ રસ, ગંધ આ તેના ગુણ છે. (૨૫) તેમાંથી આકાશમાં શબ્દ આ એક ગુણ છે. ફરી બાકીનામાં એક એક ગુણની અધિકતા છે. અર્થાત વાયુમાં શબ્દ અને સ્પર્શ, આ બે ગુણ છે. અગ્નિમાં શબ્દ, સ્પર્શ, અને રૂપ આ ત્રણ ગુણ છે. જળમાં શબ્દ સ્પર્શ રૂપ તથા રસ આ ચાર ગુણ છે. અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચે ગુણ છે. પરંતુ આકાશાદિ મહાભૂતોના ક્રમથી શબ્દાદિક એક એક ગુણ કહેવાય છે. ૨૬.

પૃથ્વી વિગેરેના ગુણ.

खरद्रवचलोष्णत्वंभूजलानिलतेजसाम् । आकाशस्याप्रतीघातोदृष्टंलिङ्गंयथाक्रमम् ॥ २७ ॥ लक्षणंसर्वमेवैतत्स्पर्शनेन्द्रियगोचरः । स्पर्शनेन्द्रियविज्ञेयःस्पर्शोहिसविपर्य्ययः ॥ २८ ॥

ખરત્વ, દ્રવત્વ, ચલત્વ, ઉષ્ણત્વ, તથા પ્રતીઘાત આ પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ તથા આકાશના ક્રમથી ચિન્હ છે. ૨૭.

આ સર્વ ચિન્હ સ્પર્શેન્દ્રિયના ગોચર હોય છે કેમકે સ્પર્શેન્દ્રિયથી વિપર્યય સહિત સ્પર્શનું જ્ઞાન થાય છે. ૨૮.

ગુણાદિનું વર્ણન.

गुणाःशरीर[illegible]णिनांनिर्दिष्टाश्चिह्नमेवच । अर्थाःशब्दादयोज्ञेयागोचराविषयागुणाः२९

શરીરમાં ગુણિયોના (પૃથિવ્યાદિના) ગુણ તથા ચિન્હ કહેવામાં આવ્યાં છે શબ્દાદિકોના અર્થ, જ્ઞેય, ગોચર, વિષય તથા ગુણ કહીએ છીએ. ૨૯.

यायदिन्द्रियमाश्रित्यजन्तोर्बुद्धिःप्रवर्त्तते । यातिसातेननिर्देशंमनसाचमनोभवा३०

જે ઇન્દ્રિયનો આશ્રય કરીને પ્રાણીની બુદ્ધિ પ્રવૃત્ત થાય છે તે તેને અનુસાર કહેવામાં આવે છે. અને મનનો આશ્રય કરીને જે બુદ્ધિ પ્રવૃત્ત થાય છે તે મનના અનુસાર કહેવામાં આવે છે. અર્થાત્ દર્શનઇન્દ્રયનો આશ્રય કરીને જે બુદ્ધિ પ્રવૃત્ત થાય છે તે દર્શન બુદ્ધિ કહેવાય છે વિગેરે ૩૦.

જ્ઞાનોનું અનેકપણું.

भेदात्कार्य्येन्द्रियार्थानांबहयोवैबुद्धयःस्मृताः । आत्मेन्द्रियमनोऽर्थानामेकैकासन्निकर्षजा ॥ ३१ ॥ अं[illegible]ल्यंगुष्ठतलजस्तन्त्रीवीणानखो[illegible]भवः । दृष्टःशब्दोयथाबुद्धिर्दृ[illegible]जातथा ॥ ३२ ॥

કાર્ય, ઇન્દ્રિય તથા વિષયોના ભેદથી બહુજ પ્રકારની બુદ્ધિ હોય છે. આત્મા, ઇન્દ્રિય, મન તથા વિષય એઓના યોગથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૩૧. જેમ આંગળી તથા અંગુઠાના સંયોગથી અને તંત્રી, વિણા તથા નખના સંયોગથી, શબ્દ ઉત્પન્ન થાય છે, આ પ્રકારના સંયોગથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૩૨.

[illegible]न्द्रियमनोऽर्थानांविद्यायोगपरंपरा । [illegible]

બુદ્ધિ, ઇન્દ્રિય, મન, તથા વિષય એઓનો પરસ્પર યોગ જાણવો જોઇએ, આ પ્રકારે ચોવીસ ધાતુઓના સંયોગને પુરૂષ કહે છે. ૩૩.

रजस्तमोभ्यांयुक्तस्यसंयोगोऽयमनन्तवान। ताभ्यांनिराकृताभ्यान्तुसत्त्वबुद्धया-निवर्त्तते ॥ ३४ ॥

તે અનંત પુરૂષ રજોગુણ અને તમોગુણના સંયોગથી અનાદિ કાળથી બંધાએલો છે, પરંતુ સત્વ ગુણની વૃદ્ધિથી રજ અને તમોગુણ પણ નાશ પામે છે. ૩૪.

પુરૂષની પ્રધાનતા.

अत्रकर्म्मफलञ्चात्रज्ञानञ्चात्रप्रतिष्ठितम् । अत्रमोहःसुखंदुःखंजीवितंमरणंस्वतः॥३५॥

કર્મ, ફલ, જ્ઞાન, મોહ, સુખ, દુખ, જીવન તથા મરણ આ સ્વભાવથીજ પુરૂષમાં સ્થિત છે. ૩૫.

एवंयोवेदतत्त्वेनसवेदप्रलयोदयौ ॥ ३६ ॥

જે તત્વને આ પ્રકારે જાણે છે તે સૃષ્ટિ તથા પ્રલયને જાણી શકે છે. ૩૬.

પુરૂષની કારણતા.

पारम्पर्य्यंचिकित्साचज्ञातव्यंयच्चकिञ्चन ॥ ३७ ॥ भास्तमःसत्यमनृतंवेदःकर्म्म-शुभाशुभम् । नस्यात्कर्त्तावेदिताचपुरुषोनभवेद्यदि ॥ ३८ ॥ नाश्रयोनसुखंनार्त्तिर्नगतिर्नागतिर्नवाक् । नविज्ञानंनशास्त्राणिनजन्ममरणंनच ॥ ३९॥ नबन्धोनचमोक्षःस्यात्पुरुषोनभवेद्यदि । कारणंपुरुषस्तस्मात्कारणज्ञै-रुदाहृतः ॥ ४० ॥

જો પુરૂષ જ્ઞાતા ન હોત તો, લોક પરમ્પરા ચિકિત્સા, સંપૂર્ણ જ્ઞાતવ્ય વિષય, દીપ્તિ, અંધકાર, સત્ય, મિથ્યા, વેદ શુભાશુભ કર્મ, કર્તા, જ્ઞાતા, (૩૭–૩૮) આશ્રય, સુખ, ક્રિડા, ગતિ, આગતિ વાકય, વિજ્ઞાન, શાસ્ત્ર, જન્મ. મરણ, (૩૯) બંધ, તથા મોક્ષ આ હોત નહિ એથી કારણને જાણનારા વિદ્વાનોએ પુરૂષને કારણ રૂપ કહ્યો છે. ૪૦.

नचकारणमात्मास्यात्खादयःस्युरहेतुकाः ।
नचैषुसम्भवेज्ज्ञानंनचतैःस्यात्प्रयोजनम् ॥ ४१ ॥

જો આત્મા કારણ ન હોત તો આકાશાદિ હેતુરહિત થઇ જાત, અને તેના વિષયનું જ્ઞાન ન થાત તેમ તેનું કાંઈ પ્રયોજન પણ રહેત નહિ. ૪૧.

પુરૂષની કારણતાનું દ્દષ્ટાન્ત.

मृद्दण्डचक्रैश्चकृतंकुम्भकारादृतेघटम् । कृतंमृत्तृणकाष्ठैश्चगृहकाराद्विनागृहम् ॥४२॥ योवदेत्सवदेद्देहंसम्भूयकरणःकृतम् । विनाकर्त्तारमज्ञानाद्युक्त्यागमबहिष्कृतः । कारणंपुरुषःसर्वैःप्रमाणैरुपलभ्यते॥ ४३ ॥
येभ्यःप्रमेयंसर्वेभ्यआगमेभ्यःप्रतीयते ॥ ४४ ॥

જે કોઇ મૃતિકા, દંડ તથા ચક્રથીજ, કુંભાર સિવાયજ ઘડો બનાવેલો માને અને

જે કોઇ માટી, ઘાસ તથા લાકડાં વિનાજ ઘર બનેલું માને (૪૨) તો તે, અજ્ઞાનવાળી તથા શાસ્ત્ર વિરૂદ્ધ એ વાત કહેશે કે, કર્તા સિવાય માત્ર કારણોના મળવાથીજ શરીરને ઉત્પન્ન કરી લીધું છે. જે સંપૂર્ણ આગમોના પ્રમાણોથી પ્રમેય જાણી શકે છે તે સંપૂર્ણ પ્રમાણોથી પુરૂષ કારણ છે એ સિદ્ધિ થાય છે. ૪૩-૪૪.

અનિશ્વરવાદીના મતનું ખંડન.

नतेतत्सद्वृशास्त्वन्येपारम्पर्यसमुत्थिताः । सारूप्याद्येतएवेतनिर्दिश्यन्तेनराःनराः ॥ ४५ ॥ भावास्त्वेषांसमुदयोनिरीशःसत्वसंज्ञकः । कर्त्ताभोक्तानसपुमानितिकेचिद्व्यवस्थिताः ॥ ४६ ॥ तेषामन्यैःकृतस्यान्येभावाभावैर्नराःफलम् । भुञ्जतेसदृशाःप्राप्तंयैरात्मानोपदिश्यते ॥ ४७ ॥

જે અન્ય પરંપરાથી પેદા થાય છે તે પુરૂષની બરોબર નથી, અને સમાન રૂપતાથી જે નરથી નર બતલાયા છે તેનેજ ભાવ કહેવામાં આવે છે. ૪૫. એ ભાવોના સમુદાય (ઉત્પન્ન થવું) ઇશ રહિત સત્વસંજ્ઞક કહેવાય છે. તે પુરૂષ કર્તા અને ભોક્તા નથી એવી વ્યવસ્થા (વિચાર)માં સ્થિત કોઇ કહે છે. ૪૬ તેના વિચારમાં જેને આત્માનો ઉપદેશ નથી તે અન્ય સમાન રૂપ, નરભાવ અન્ય ભાવોથી કરેલાં કર્મ ને પ્રાપ્ત ફલને ભોગવે છે. ૪૭.

कारणानन्यतादृष्टाकर्त्तुः कर्त्तासएवतु । कर्त्ताहिकरणैर्युक्तः कारणंसर्वकर्मणाम् ॥ ४८ ॥ निमेषकालाद्भावानांकालःशीघ्रतरोऽत्यये । भग्नानांचपुनर्भावःकृतंनान्यमुपैतिच ॥ ४९ ॥

કર્તાના કારણોની અનન્યતા બતાવવામાં આવી હોય તે કોઇ કર્તા છે કે જે નિશ્ચય કરીને સર્વ સાધનોથી યુક્ત થઇને સર્વ કર્મોના કારણ રૂપ હોય છે. ૪૮. ભાવોના નાશ થવાથી નિમેષ કાલથો શીઘ્રતર કાલ છે, અને ભગ્નોના પુનર્ભાવ (ફરી થવું) કરેલા અન્યને પ્રાપ્ત થતા નથી. ૪૯.

मतंतत्वविदामेतद्यस्मात्कर्त्तासकारणम् । क्रियोपभोगेभूतानांनित्यःपुरुषसंज्ञकः ॥५०॥ अहङ्कारःफलंकर्मदेहान्तरगतिः स्मृतिः । विद्यतेसतिभूतानांकारणेदेहमन्तरा ॥५१॥

તત્વોને જાણનારાનો આ મત છે કે જેથી તે કર્તા કારણ કહેવાય છે, કે જે પ્રાણિયોની ક્રિયાના ઉપભોગમાં સનાતન પુરૂષ સંજ્ઞક હોય છે. ૫૦. કારણોના વિદ્યમાન હોવાછતાં પ્રાણિયોના શરીરની અંદર જ અહંકાર, ફલ, કર્મ, બીજા શરીરમાં જવું અને સ્મરણ એ બની રહે છે. ૫૧

प्रभवोनह्यनादित्वाद्विद्यतेपरमात्मनः । पुरुषोराशिसंज्ञस्तुमोहेच्छाद्वेषकर्मजः ॥५२॥

પરમાત્મા અનાદિ છે. એથી તેની ઉત્પત્તિનું કોઈ કારણ નથી પરંતુ ધાતુ સમુહરૂપ પુરૂષ મોહ, ઇચ્છા, દ્વેષ તથા કર્મથી ઉત્પન્ન થાય છે. ૫૨.

आत्मज्ञःकरणैर्योगाज्ज्ञानंतस्यप्रवर्त्तते । करणानामवैमल्यादयोगाद्वानवर्त्तते ॥५३॥

આત્મા જ્ઞાનવાન છે. કરણોના સાથે સંયોગથી તેનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. કર્ણોના નિર્મળ ન થવાથી, અથવા કરણોનો યોગ ન થવાથી જ્ઞાન થતું નથી. ૫૩.

पश्यतोऽपियथादर्शेसंक्लिष्टेनास्तिदर्शनं । तज्जलवाकलुषेचेतस्युपहतेतथा ॥५४॥

જેમ મલિન દર્પણમાં તથા મેલા જળમાં જોવા છતાં પણ પ્રતિબિમ્બ જણાતું નથી તેજ પ્રકારે ચિત્તના દુષિત થવાથી જ્ઞાન થતું નથી. ૫૪.

કરણોનાં નામ અને કર્મ.

करणानिमनोबुद्धिर्बुद्धिकर्मेन्द्रियाणिच । कर्तुःसंयोगजंकर्मवेदनाबुद्धिरेवच ॥५५॥

મન, બુદ્ધિ, જ્ઞાનેંદ્રિય, તથા કર્મેન્દ્રિય આ સર્વ કરણ કહેવાય છે. કર્તાની સાથે આ સર્વનો સંયોગ થવાથી કર્મ ઉત્પન્ન થાય છે અને એથી વેદનાનું પણ જ્ઞાન થાય છે. ૫૫.

नैकःप्रवर्ततेकर्तुंभूतात्मानाश्नुतेफलम् । संयोगाद्वर्ततेसर्वंतमृतेनास्तिकिंचन ५६

नह्येकोवर्ततेभावोवर्ततेनाप्यहेतुकः । शीघ्रगत्वात्स्वभावात्तुभावोनव्यतिवर्तते ॥५७

એકલો જીવાત્મા કર્મ કરતો નથી તેમ ફળનો ભોગ પણ કરતો નથી. સંયોગથીજ કર્મ તથા કર્મફલનો ભોગ થાય છે. સંયોગ સિવાય કાંઈ પણ થતું નથી. ૫૬. કોઈ ભાવ એક હોતા નથી અને હેતુ રહિત પણ હોતો નથી પરંતુ શીઘ્રગામી હોવાથી ભાવ પોતાના સ્વભાવનું ઉલ્લંઘન કરતા નથી. ૫૭.

अनादिःपुरुषोनित्योविपरीतस्तुहेतुजः । सदाकारणवन्नित्यंदृष्टंहेतुमदन्यथा ॥५८॥

પુરૂષ અનાદિ તથા નિત્ય છે, અને જે તેથી વિપરીત છે તે હેતુથી ઉત્પન્ન થએલ છે કેમકે સત તથા કારણ રહિત જે પદાર્થ છે તે નિત્ય જણાયેલો છે અને જે હેતુથી ઉત્પન્ન થએલ છે તે અનિત્ય જણાયેલો છે. ૫૮.

तदेवभावादग्राह्यंनित्यत्वान्नकुतश्चन । भावाज्ज्ञेयंतदव्यक्तमचिन्त्यंव्यक्तमन्यथा ५९

નિત્ય હોવાથી તે કોઇ ભાવથી પણ અગ્રાહ્ય નથી. તે ભાવ (સત્તા) થી જાણી શકાય છે. અચિન્ત્ય છે તથા અવ્યક્ત છે, અને આથી જે વિપરીત છે તે વ્યક્ત કહેવાય છે. ૫૯

આત્માનું વર્ણન.

अव्यक्तमात्माक्षेत्रज्ञःशाश्वतोविभुरव्ययः । तस्माद्यदन्यत्तद्व्यक्तंवक्ष्यतेचापरद्वयम् ॥ ६० ॥ व्यक्तमैन्द्रियकञ्चैवगृह्यतेतद्यदिन्द्रियैः अतोऽन्यत्पुनरव्यक्तंलिङ्गग्राह्यमतीन्द्रियम् ॥ ६१ ॥

આત્મા અવ્યકત, ક્ષેત્રજ્ઞ, નિત્ય, વિભુ તથા અવિનાશી છે. એથી જે અન્ય છે તે સર્વ વ્યક્ત કહેવાય છે. ૬૦ જે ઇન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે તે વ્યક્ત તથા એન્દ્રિયક કહેવાય છે. અને જે કેવળ ચિન્હોથીજ જાણી શકાય છે તે અતીન્દ્રિય તથા અવ્યકત કહેવાય છે. ૬૧.

પ્રકૃતિયોનું વર્ણન.

खादीनिबुद्धिरव्यक्तमहङ्कारस्तथाष्टमः । भूतप्रकृतिरुद्दिष्टाविकाराश्चैवषोडश ॥६२॥ बुद्धीन्द्रियाणिपञ्चैवपञ्चकर्मेन्द्रियाणिच । समनस्काश्चपञ्चार्थाविकाराइतिसंज्ञिताः ॥ ६३ ॥ इतिक्षेत्रंसमुद्दिष्टंसर्वमव्यक्तवर्जितम् । अव्यक्तमस्यक्षेत्रस्यक्षेत्रज्ञमृषयोविदुः ॥ ६४ ॥

પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ, અવ્યક્ત, બુદ્ધિ તથા આઠમો અહંકાર આ મૂળ પ્રકૃતિ કહેવાય છે. અને પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ શબ્દાદિ વિષય અને મન આ સોળ વિકાર કહેવાય છે. અવ્યક્તને બાદ કરતાં આ સર્વ ક્ષેત્ર કહેવાય છે, અને અવ્યક્તને ૠષિલોક આ ક્ષેત્રના ક્ષેત્રજ્ઞ બતાવે છે. ૬૨-૬૩-૬૪.

પુરૂષની ઉત્પત્તિ.

जायतेबुद्धिरव्यक्ताद्बुद्धयाहमितिमन्यते । परंखादीन्यहङ्कारउपादत्तेयथाक्रमम् ॥ ६५ ॥ ततःसम्पूर्णसर्वाङ्गोजातोऽभ्युदितउच्यते । पुरुषःप्रलयेचेष्टैःपुनर्भावैर्वियुज्यते ॥ ६६ ॥ अव्यक्ताद्व्यक्ततांयातिव्यक्तादव्यक्ततांपुनः । रजस्तमोभ्यामाविष्टश्चक्रवत्परिवर्तते ॥ ६७ ॥

અવ્યક્તથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકારથી આકાશાદિક ક્રમ પૂર્વક ઉત્પન્ન થાય છે. (૬૫). તે પછી એનાથી સર્વાંગ વાળો ઉત્પન્ન થએલ પુરૂષ કહેવાય છે. પ્રલય સમયે પુરૂષ આ સર્વ ભોગોથી પૃથક્ થઈ જાય છે. (૬૬). રજોગુણ તથા તમોગુણવાળા પુરૂષ અવ્યક્તથી વ્યક્તાને પ્રાપ્ત થાય છે. અર્થાત સૃષ્ટિના પ્રારમ્ભમાં અવ્યક્ત પુરૂષ શરીર ધારણ કરીને વ્યક્ત થાય છે, અને વ્યક્તથી અવ્યક્તતાને પ્રાપ્ત થાય છે, અર્થાત પ્રલયમાં સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરને બાદ કરતાં અવ્યક્ત થઈને સુષુપ્તિ અવસ્થામાં સ્થિત થાય છે. આ પ્રકારે ચક્રના સમાન ઘુમ્યાં કરે છે અર્થાત જન્મ મરણાદિને પ્રાપ્ત થાય છે. ૬૭.

येषांद्वन्द्वेपरासक्तिरहङ्कारपराश्चये । उदयप्रलयौतेषांनतेषांयेत्वतोऽन्यथा ॥६८॥

જે પુરૂષ સુખ દુઃખમાં બહુજ આસક્ત રહે છે અને અહંકારવાળા હોય છે, તે જન્મ મરણને પ્રાપ્ત થાય છે અને તે સુખ દુઃખમાં આસક્ત ન થઈને અહંકારથી રહિત થાય છે તેને જન્મ મરણનો કલેશ ભોગવવો પડતો નથી, અર્થાત તે મુક્ત થઈ જાય છે. ૬૮

જીવન મરણનાં લક્ષણ.

प्राणापानौनिमेषाद्याजीवनंमनसोगतिः । इन्द्रियान्तरसञ्चाराप्रेरणंधारणञ्चयत् ॥ ६९ ॥ देशान्तरगतिःस्वप्नेपञ्चत्वग्रहणं तथा । दृष्टस्यदक्षिणेनाक्ष्णासव्येनापगमस्तथा ॥ ७० ॥ इच्छाद्वेषःसुखंदुःखंप्रयत्नश्चेतनाधृतिः । बुद्धिःस्मृतिरहङ्कारोलिङ्गानिपरमात्मनः ॥७१॥ यस्मात्समुपलभ्यन्तेलिंगान्येतानिजीवतः । नमृतस्यात्मलिंगानितस्मादाहुर्महर्षयः ॥ ७२ ॥ शरीरंहिगतेतस्मिञ्छून्यागारमचेतनम् । पञ्चभूतावशेषत्वात्पञ्चत्वंगतमुच्यते ॥ ७३ ॥

પ્રાણ, અપાન, નિમેષ, જીવન, મનની ગતિ, મનનું ઈન્દ્રિયાન્તરોમાં ઘુમવું, પ્રેરણા કરવી, ધારણા કરવી, (૬૯). સ્વપ્નમાં દેશાન્તરમાં જવું, મૃત્યુ, જમણી આંખથી જોયેલી વસ્તુને ડાબા નેત્ર વડે જોવી. (૭૦). ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, પ્રયત્ન, ચૈતન્ય, ધૈર્ય, બુદ્ધિ, સ્મૃતિ તથા અહંકાર આ પરમાત્માનાં ચિન્હ છે, (૭૧) આ સર્વ ચિન્હ જીવતા પુરૂષમાં જણાય છે, મરેલામાં જણાતાં નથી. એથી મહાર્ષિલોક આ ચિન્હોને આત્માનાં ચિન્હ

કહે છે. (૭૨) આત્માના ચાલી ગયા પછી શરીર શૂન્ય તથા ચૈતન્યતાથી રહિત થઈ જાય છે કેવળ પંચ મહાભૂતજ બાકી રહી જાય છે. એથી તેને પંચત્વ (મરણ) ને પ્રાપ્ત થયો એમ કહેવાય છે. ૭૩.

આત્માનું કર્તવ્ય.

अचेतनंक्रियावच्चमनश्चेतयितापरः । युक्तस्यमनसातस्यनिर्दिश्यंतेविभोःक्रियाः ॥ ७४ ॥ चेतनावान्यतश्चात्माततः कर्त्तानिरुच्यते । अचेतनत्वाच्चमनःक्रियावदपिनोच्यते ॥ ७५ ॥

यथास्वेनात्मनःसर्वमनःसर्वासुयोनिषु । प्राणैस्तन्त्रयतेप्राणीनह्यन्योऽन्यस्यतन्त्रकः ॥ ७६ ॥

મન ચૈતન્યરહિત તથા ક્રિયાવાન છે. આત્માના યોગથી મનમાં ચૈતન્યતા થાય છે અને મનના યોગથી તે વિભુ આત્મા ક્રિયાવાન કહેવાય છે. (૭૪) આત્મા ચૈતન્ય છે એથી કર્તા કહેવાય છે અને મન જો કે ક્રિયાવાન છે તથાપિ ચેતના રહિત હોવાથી કર્તા કહેવાતું નથી. (૭૫) જેમ પ્રાણી પોતાના પ્રાણોથી મનનેસંપૂર્ણ યોનિયોમાં બાંધી લે છે કેમકે અન્યનો પ્રેરક અન્ય થઇ શકતો નથી. ૭૬.

આત્માનું જીતેન્દ્રિયત્વ.

वशीतत्कुरुतेकर्मयत्कृत्वाफलमश्नुते । वशीचेतःसमाधत्तेवशीसर्वंनिरस्यति ॥७७॥

આત્મા વશી છે. કેમકે જે ચાહે છે તે કરે છે અને તેના ફલને ભોગવે છે. અને વશી હોવાથી ચિત્તને સમાધિમાં લગાવે છે અને સંપૂર્ણ કર્મોનો ત્યાગ કરે છે. ૭૭.

देहीसर्वगतोप्यात्मास्वेस्वेसंस्पर्शनेन्द्रिये । सर्वाःसर्वाश्रयस्थास्तुनात्मातोवेत्तिवेदनाः ॥ ७८ ॥

દેહધારી સર્વજ્ઞ આત્મા પોતપોતાની સ્પર્શન ઈન્દ્રિયનો આશ્રય લઇને વેદનાઓનો અનુભવ કરે છે, અને ઇન્દ્રિયો પ્રતિ શરીરમાં જુદી જુદી છે, એથી આત્મા સંપૂર્ણ સંસારની વેદનાઓનો અનુભવ કરી શકતો નથી. ૭૮.

આત્માની વ્યાપકતા.

विभुत्वमतएवास्ययस्मात्सर्वगतोमहान् । मनसश्चसमाधानात्पश्यत्यात्मा तिरस्कृतम् ॥ ७९ ॥ नित्यानुबन्धंमनसादेहकर्मा. पातिना । सर्वयोनिगतंविद्यादेकयोनावपिस्थितम् ॥ ८० ॥

સર્વજ્ઞ આત્મા મનને સમાધિમાં લગાવીને પર્વતાદિકોમાં દબાયેલી વસ્તુઓને પણ દેખી શકે છે એથી વિભુ છે. ૭૯ શરીરના કર્મોનું અનુસરણ કરનાર મનની સાથે આત્માનો હંમેશાં સંબંધ ચાલતો આવ્યો છે. એથી એકજ યોનિમાં મનને એકાગ્ર કરીને આત્મા સર્વ યોનિયોનું વૃતાંત જાણી શકે છે. ૮૦.

આત્માનું અનાદિત્વ.

आदिर्नास्त्यात्मनः क्षेत्रपारम्पर्यमनादिकम्। अतस्तयोरनादित्वात्किं पूर्वमिति नोच्यते ॥ ८१ ॥

આત્મા અનાદિ છે અને ક્ષેત્ર પરંપરા (સૃષ્ટિક્રમ) પણ અનાદિ છે. બંને અનાદિ હોવાથી ક્ષેત્ર પ્રથમ છે અથવા ક્ષેત્રજ્ઞ પ્રથમ છે એ કહી શકાતું નથી. ૮૧.

આત્માનું સર્વ સાક્ષિત્વ.

ज्ञःसाक्षीत्युच्यतेनाज्ञःसाक्षीह्यात्माह्यतःस्मृतः। सर्वभावाहिसर्वेषांभूतानामात्मसाक्षिकाः ॥ ८२ ॥

જે જ્ઞાની છે તે સાક્ષી કહેવાય છે, અને જે અજ્ઞાની છે તે સાક્ષી થઈ શકતા નથી એથી આત્માને સાક્ષી કહે છે. એથી સર્વ પ્રાણિયોનો સર્વ વાતોમાં તેનો આત્માજ સાક્ષી છે. ૮૨

नैकःकदाचिद्भूतात्मालक्षणैरुपलभ्यते। विशेषोऽनुपलभ्यस्यतस्यनैकस्यविद्यते ॥ ८३ ॥ संयोगःपुरुषस्येष्टोविशेषोवेदनाकृतः। वेदनायत्रनियताविशेषस्तत्रतत्कृतः ॥ ८४ ॥

કેવળ આત્મા લક્ષણોવડે ઓળખી શકાતો નથી અને તે અપ્રાપ્ત એક આત્મામાં કાંઈ વિશેષતા હોતી નથી. ૮૩.

તો માલૂમ પડે છે કે સંયોગજ પુરૂષમાંજ વેદનાઓની વિશેષતા થાય છે. કેમકે જેમાં વેદના થાય છે તેમાં વેદનાઓની કરેલી વિશેષતા પણ થાય છે. ૮૪.

અતીત રોગની ચિકિત્સા.

चिकित्सतिभिषक्सर्वास्त्रिकालावेदनाइति। ययायुक्त्यावदन्त्येकेसायुक्तिरुपधार्य्यताम् ॥ ८५ ॥

વૈદ્ય લોક ભૂત, ભવિષ્ય તથા વર્તમાન ત્રણે કાળની વેદનાઓની ચિકિત્સા કરે છે. આ વાતને જે યુક્તિથી લોક સિદ્ધ કરે છે તે યુક્તિને તમે સાંભળો. ૮૫.

पुनस्तच्छिरसःशूलंज्वरःसपुनरागतः। पुनःसकासोबलवांश्छर्दिःसापुनरागता ॥ ॥ ८६ ॥ एभिःप्रसिद्धैर्वचनैरतीतागमनंमतम्। कालश्चायमतीतानामार्त्तीनांपुनरागतः ॥ ८७ ॥ तमार्तिकालमुद्दिश्यभेषजंयत्प्रयुज्यते। अतीतानांप्रशमनंवेदनानांतदुच्यते ॥ ८८ ॥

ફરી તેજ માથાની પીડા આવી ગઈ, ફરી તેજ તાવ આવ્યો, ફરી તેજ બળવાન ખાંસી આવી, તથા પછી તેજ ઉલ્ટી ઉપસ્થિત થઇ. (૮૬) આ વચનોથી વ્યતીત વેદનાઓનું પાછું આગમન માનવામાં આવ્યું, અને અતીત વેદનાઓના સમય પાછો આવી ગયો. ૮૭ એમ માનીને વેદનાઓ તે અતીત સમયનો ઉદ્દેશ કરીને જે ચિકિત્સા કરવામાં આવે છે તેને અતીત વેદનાઓની ચિકિત્સા કહે છે. ૮૮.

ભવિષ્યત રોગની ચિકિત્સા.

आपस्ताःपुनरागुर्याभिःसस्यंपुराहतं । तथाप्रक्रियतेसेतुःप्रतिकर्मतथाश्रयेत् ॥ ८९ ॥ पूर्वरूपाण्यसंनाढ्यानामुर्भविष्यता । याक्रियाक्रियतेसाचवेदनां-हन्त्यनागता ॥ ९० ॥

જે જળવડે ખેતી પ્રથમ નષ્ટ થઈ હતી તેજ જળ ફરી આવનાર છે એમ માનીને જેમ જળને રોકવાને માટે બાંધ (પાળ) બનાવવામાં આવે છે. ૮૯. તેવીજ રીતે થનાર રોગોના પુર્વરૂપને જોઇને જે ચિકિત્સા કરવામાં આવે છે તે ભવિષ્ય વેદનાઓનો નાશ કરે છે. ૯૦.

पारम्पर्य्यात् बन्धस्तुदुःखानांविनिवर्त्तते । सुखहेतूपचारेणसुखश्चापमवर्त्तते॥९१॥ नसमायान्तिवैषम्यंविषमाःसमतां नच । हेतुभिःसदृशानित्यंजायन्तेदेहधातवः॥९२॥ युक्तिमेतांपुरस्कृत्यत्रिकालांवेदनांभिषक् । हन्तीत्युक्ताचिकित्सासानैष्ठिकीया-विनोपधाम् ॥ ९३ ॥

સુખકારી આચરણોથી પરમ્પરાગત દુઃખ નિવૃત થાય છે અને સુખની પ્રવૃત્તિ થાય છે. ૯૧. જે સમધાતુ છે તે વિષમતાને પ્રાપ્ત થતી નથી તથા જે વિષમ ધાતુ છે તે સમતાને પ્રાપ્ત થતી નથી કેમકે દેહની ધાતુ હંમેશાં હેતુઓના જેવીજ થાય છે. ૯૨. આ યુક્તિને લઇને વૈદ્ય લોક ત્રિકાલ વેદનાનો નાશ કરે છે. ઉપધા (દગાબાજી) ઓ સિવાય જે ચિકિત્સા છે તેને નૈષ્ટિની ચિકિત્સા કહે છે. ૯૩.

उपधाहिपरोहेतुर्दुःखदुःखाश्रयप्रदः । त्यागःसर्वोपधानाञ्चसर्वदुःखव्यपोहकः ९४ कोषकारोयथा ह्यंशूनुपादत्तेवधप्रदान् । उपादत्तेतथार्थेभ्यस्तृष्णामज्ञःसदातुरः॥९५॥ यस्त्वग्निकल्पानर्थांज्ञोज्ञात्वातेभ्योनिवर्त्तते । अनारम्भादसंयोगात्तं दुःखंनोप-तिष्ठते ॥ ९६ ॥

કેમકે ઉપધા દુઃખ, તથા દુઃખના આશ્રયોના કારણ રૂપ છે. સંપૂર્ણ ઉપાધીઓનો ત્યાગજ સર્વ દુઃખોના નાશક છે. ૯૪. કોશકાર (રેશમનો કીડો) જેમ નાશના કારણ રૂપ સુત્રોને પોતાના મુખથી બનાવતો જાય છે તેજ રીતે મૂર્ખ પુરૂષ વિષયોમાં તૃષ્ણાને વધારે છે. ૯૫. અને જે જ્ઞાનવાન પુરૂષ વિષયોને અગ્નિના સરખા જાણીને તેનો ત્યાગ કરે છે. અનારંભ (કોઇ વિષયનો આરંભ ન કરવો તે) તથા અસંયોગનુંને લીધે તેને દુઃખ પ્રાપ્ત થતું નથી. ૯૬.

धीधृतिस्मृतिविभ्रंशःसम्प्राप्तिःकालकर्मणाम् । असात्म्यार्थागमश्चेति ज्ञातव्या दुः-खहेतवः ॥ ९७ ॥ विषमाभिनिवेशोयोनित्यानित्येहिताहिते । ज्ञेयःसबुद्धिवि-भ्रंशःसमं बुद्धिर्हिपश्यति ॥ ९८ ॥ विषयप्रवणंचित्तंधृतिभ्रंशान्न शक्यते । निय-न्तुमहितादर्थाद्धृतिर्हिनियमात्मिका ॥ ९९ ॥ तत्त्वज्ञानेस्मृतिर्यस्यरजोमोहावृता-त्मनः । भ्रश्यतेसस्मृतिभ्रंशःस्मर्तव्यंहिस्मृतौस्थितम् ॥ १०० ॥

બુદ્ધિ, ધૈર્ય તથા સ્મૃતિનો ભ્રંશ, કાલકર્મોની સંપ્રાપ્તિ અર્થાત જે વખતે જે કાર્ય કરવું જોઇએ તે ન કરવું તથા અસાત્મ્ય વસ્તુઓનું સેવન કરવું. આ સર્વ દુઃખનાં કારણ છે. નિત્ય, અનિત્ય, હિત તથા અહિત વિષયોમાં વિષમતાથી પ્રવૃત્ત હોવું તેને બુદ્ધિ ભ્રંશ કહે છે, કેમકે બુદ્ધિજ સમતાથી કાર્ય કરે છે. ૯૮ ધૈર્યનો ભ્રંશ—નષ્ટ થઇ જવાથી વિષયોમાં ચોટેલું મન અહિત વિષયોથી દુર કરી શકાતું નથી, કેમકે ચિત્તની નિયમાત્મિકા વૃત્તિ ધૈર્યજ છે. ૯૯. રજોગુણ તથા મોહથી આત્માપર આચ્છાદિત થઇ જવાથી, જે તત્વજ્ઞાનની સ્મૃતિ રહેતી નથી તેને સ્મૃતિ ભ્રંશ કહે છે. કેમકે સ્મરણ કરવાની શક્તિ સ્મૃતિમાંજ છે. ૧૦૦.

પ્રજ્ઞાપરાધ.

धीधृतिस्मृतिविभ्रष्टःकर्मयत्कुरुतेऽशुभम् । प्रज्ञापराधंतंविद्यात्सर्वदोषप्रकोपणम् ॥ १०१ उदीरणंगतिमतामुदीर्णानाञ्चनिग्रहः । सेवनंसाहसानाञ्चनारीणाञ्चातिसेवनम्॥१०२॥कर्मकालातिपातश्चमिथ्यारम्भश्चकर्मणाम् । विनयाचारलोपश्चपूज्यानाञ्चाभिधर्षणम् ॥ १०३ ॥ ज्ञातानांस्वयमर्थानामहितानांनिषेवणम् । परमौन्मादि[illegible]श्चमत्ययानांनिषेवणम् ॥ १०४ ॥ अकालादेशसञ्चारौमैत्रीसंक्लिष्टकर्मभिःइन्द्रियोपक्रमोक्तस्यसद्वृत्तस्यचवर्जनम् ॥ १०५ ॥ ईर्ष्यामानमदक्रोधलोभमोहमदभ्रमाः । तज्जंवाकर्मयत्क्लिष्टंक्लिष्टंयद्देहकर्मच ॥ १०६ ॥ यच्चान्यदीदृशंकर्मरजोमोहसमुत्थितम् । प्रज्ञापराधंतंशिष्टाब्रुवतेव्याधिकारणम् ॥ १०७ ॥ [illegible]विषमविज्ञानंविषमञ्चप्रवर्त्तनम् । प्रज्ञापराधंजानीयान्मनसोगोचरंहितत् ॥

ધૈર્ય, બુદ્ધિ તથા સ્મૃતિથી ભ્રષ્ટ થએલો પુરૂષ જે અશુભ કર્મ કરે છે તેને પ્રજ્ઞાપરાધ કહે છે. પ્રજ્ઞાપરાધથી સંપૂર્ણ દોષ ઉત્પન્ન થાય છે. ઉપસ્થિત નહીં થએલાં મૂત્રમળ આદિ વેગોને હઠપૂર્વક દુર કરવા, ઉપસ્થિત થયેલા વેગોને રોકવા, સાહસમાં પ્રવૃત્ત થવું, બહુજ મૈથુન કરવું. ૧૦૨ સમયસર કાર્ય ન કરવું, નિરર્થક કામ કરવું, વિ[illegible] તથા સદાચારનો ત્યાગ કરવો, પૂજ્યોનો અનાદર કરવો, (૧૦૩) જે પદાર્થો પોતાને અહિત હોય તેને જાણ્યા છતાં પણ સેવન કરવું, ઉન્માદના હેતુઓનું સેવન કરવું, (૧૦૪) ખરાબ દેશમાં તથા ખરાબ સમયમાં ફરવું, દુષ્ટોની સાથે મિત્રતા કરવી, ઇન્દ્રિયોપક્રમણીય નામના અધ્યાયમાં કહેલા સદાચારનો ત્યાગ કરવો. ૧૦૫ ઇર્ષ્યા, માન, મદ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા ભ્રમ, ઇર્ષ્યાદિકથી ઉત્પન્ન થએલ કલેશકારક કર્મ, દૈહિક કલેશ આપનાર કર્મ, (૧૦૬) અને રજોગુણ તથા મોહથી ઉત્પન્ન થએલ આ પ્રકારનાં અન્ય કર્મ, આ સર્વને શિષ્ટ લોક પ્રજ્ઞાપરાધ કહે છે. પ્રજ્ઞાપરાધ રોગોનું કારણ છે. (૧૦૭) બુદ્ધિવડે વિષમજ્ઞાન થવું અથવા બુદ્ધિની વિષમતાથી પ્રવૃત્ત થવું તેને પણ પ્રજ્ઞાપરાધ જાણવા જોઇએ. આ પ્રજ્ઞાપરાધ મન વડેજ જાણી શકાય છે. ૧૦૮.

निर्दिष्टाकालसम्प्राप्तिर्व्याधीनांह संग्रहे । चयप्रकोपप्रशमाः पित्तादीनांयथापुरा ॥ १०९ ॥ मिथ्यातिहीनलिंगाश्चवर्षान्ता रोगहेतवः । जीर्णभुक्तप्रजीर्णा[illegible]का-

लाकालस्थितिश्चया ॥ ११० ॥ पूर्वमध्यापराह्णाश्चराज्यायामास्त्रयश्चये । येषु-कालेषुनियतायेरोगास्ते च कालजाः ॥ १११ ॥ अन्येद्युष्कोद्व्याहतृतीय-कचतुर्थकौ । स्वेस्वेकालेप्रवर्त्तन्तेकाले ह्येषांबलागमः ॥ ११२ ॥ एतेचान्ये-चयेकेचित्कालजाविविधागदाः । अनागते चिकित्स्यास्तेबलकालौविजानता

રોગોના હેતુ સંગ્રહમાં કાલ સંપ્રાપ્તિ કહેવામાં આવેલ પિત્તાદિ દોષોનું સંચિત થવું, શાંત થવું, (૧૦૯) રોગોના કારણરૂપ વર્ષાદિ ઋતુઓનો મિથ્યાયોગ, અતિયોગ તથા હીન-યોગ, ભોજનના પચી ગયા પછી ફરી ભોજનના સમય તથા અસમયનો નિર્ણય (૧૧૦) સવાર, બપોર, તથા સાંજ અને રાત્રિના ત્રણ ભાગ એ આ સર્વને કાલ સંપ્રાપ્તિ કહે છે. જે જે સમયમાં જે જે રોગ અવશ્ય થાય છે તે રોગ કાલજ કહેવાય છે. ૧૧૧ એકાં-તરીઓ, દ્વિહગ્રાહી, તૃતીયક તથા ચતુર્થિક આ પોતપોતાના સમયમાં પ્રવૃત્ત થાય છે. કેમકે તે સમયમાં તેનું બળ વધે છે. ૧૧૨ એ તથા અન્ય જે અનેક પ્રકારના કાલજ રોગ છે તેની ચિકિત્સા, બળ તથા કાલને જાણનારા વૈદ્યે રોગોનો સમય આવતા પહેલાંજ કરવી કેમકે સમય આવતાં તેનું બળ વધી જાય છે. ૧૧૩.

સ્વાભાવિક રોગોનું વર્ણન.

कालस्यपरिणामेनजरामृत्युनिमित्तजाः । रोगाःस्वाभाविकादृष्टाःस्वभावोनि-ष्प्रतिक्रियः ॥ ११४ ॥
निर्दिष्टंदैवशब्देनकर्मयत्पौर्वदैहिकम् । हेतुस्तदपिकालेनरोगाणामुपलभ्यते॥११५॥

સમયના પરિણામથી વૃદ્ધાવસ્થા તથા મૃત્યુ નિમિત્તક સ્વાભાવિક રોગ થાય છે. કેમકે સ્વભાવનું કોઈ બાધક નથી. ૧૧૪. પૂર્વ જન્મનાં દૈવ નામનાં જે કર્મ છે તે પણ સમય આવતાં રોગોના કારણરૂપ બને છે. ૧૧૫.

કર્મ રોગોની શાંતિ.

नहिकर्ममहत्किञ्चित्फलंयस्यनभुज्यते । क्रियाघ्नाःकर्मजारोगाःप्रशमंयान्तितत्क्ष-यात् ॥ ११६ ॥

એવું કોઇ કર્મ નથી કે જેનું કર્મ ફળ ભોગવવું ન પડે, કર્મજ રોગ ચિકિત્સાથી નષ્ટ થતાં નથી. તે કર્મોના ક્ષય થવાથીજ નષ્ટ થાય છે. ૧૧૬

શ્રવણ સંયોગાદિ વર્ણન.

अत्युग्रशब्दश्रवणाच्छ्रवणात्सर्वशोनच । शब्दानांचातिहीनानांभवन्तिश्रवणाज्जडाः ॥११७॥ परुषोद्भीषणाशस्ताप्रियव्यसनसूचकैः । शब्दैःश्रवणसंयोगोमिथ्यायोगः सउच्यते ॥ ११८ ॥

બહુજ ઉગ્ર શબ્દ સાંભળવાથી, બિલકુલ ન સાંભળવાથી તથા બહુજ હીન શબ્દ સાંભળવાથી કાનોમાં જડતા થાય છે. (૧૧૭) નિષ્ઠુર, ભયાનક, નિન્દિત, અપ્રિય તથા વ્યસનસૂચક શબ્દોને સાંભળવા તેને શ્રવણેન્દ્રિયનો મિથ્યાયોગ કહે છે. ૧૧૮.

ત્વગિન્દ્રિય સંયોગાદિનું વર્ણન.

असंस्पर्शोऽतिसंस्पर्शो हीनसंस्पर्श एव च । स्पृश्यानां संग्रहेणोक्तः स्पर्शनेन्द्रियबाधकः ॥ ११९ ॥ यो भूतविषवातानामकालेनागतश्च यः । स्नेहशीतोष्णसंस्पर्शो मिथ्यायोगः सउच्यते ॥ १२० ॥

બિલકુલ સ્પર્શ ન કરવાથી, બહુજ સ્પર્શ કરવાથી તથા હીન સ્પર્શથી સ્પર્શેન્દ્રિયને વિધ્ન થાય છે. (૧૧૯) ભૂત તથા ઝેરી વાયુનો સ્પર્શ તથા અસમયે સ્નિગ્ધ, ગરમ તથા શીતલ સ્પર્શ આ સ્પર્શન ઇંદ્રિયનો મિથ્યાયોગ છે. ૧૨૦

દર્શનેન્દ્રિય સંયોગાદિનું વર્ણન.

रूपाणांभास्वतांदृष्टिर्विनश्यत्यतिदर्शनात् ॥ १२१ ॥ दर्शनाच्चातिसूक्ष्माणां सर्वश-श्चाप्यदर्शनात् । द्विष्टभैरवबीभत्सदूरातिश्लिष्टदर्शनात् । तामसानाञ्चरूपाणांमि-थ्यासंयोगउच्यते ॥ १२२ ॥

બહુજ દેદિપ્યમાન રૂપોને જોવાથી, બહુજ સૂક્ષ્મ વસ્તુઓના જોવાથી તથા અત્યંત ન જોવાથી દૃષ્ટિ નષ્ટ થઇ જાય છે. (૧૨૧) અપ્રિય, ભયંકર, બીભત્સ, બહુજ દુર, ક્લેશ-કારક તથા તામસ રૂપોને જોવાં તેને દૃષ્ટિનો મિથ્યાયોગ કહે છે. ૧૨૨.

રસનેન્દ્રિય સંયોગાદિનું વર્ણન.

अत्यादानमनादानमोकसात्म्यादिभिश्च । रसानां विषमादानमल्पादानञ्चदू-षणम् ॥ १२३ ॥

એક રસના સાત્મ્ય થવાથી, અન્ય રસોને ઓછા ગ્રહણ કરવાથી અથવા બિલકુલ ન ગ્રહણ કરવાથી, રસોનું વિષમતા પૂર્વક સેવન કરવાથી તથા ન્યુન સેવનથી રસનેન્દ્રિય દૂષિત થાય છે. ૧૨૩.

ઘ્રાણેન્દ્રિય સંયોગાદિનુ વર્ણન.

अतिमृद्वतितीक्ष्णानांगन्धानामुपसेवनम् ॥ १२४ ॥ असेवनंसर्वशश्चघ्राणेन्द्रिय-विनाशनम् । पूतिभूतविषद्विष्टागन्धायेचाप्यनार्तवाः ॥ १२५ ॥ तैर्गन्धैर्घ्राण-संयोगोमिथ्यायोगःस उच्यते ॥ १२६ ॥

અત્યંત મૃદુ તથા અત્યંત તીક્ષ્ણ ગંધોના સેવનથી તથા બિલકુલ ન સુંઘવાથી ઘ્રાણેન્દ્રિય નષ્ટ થાય છે. (૧૨૪) દુર્ગન્ધિ, ઝેરી, અપ્રિય તથા રૂતુઓના વિપરીત ગંધને સુંઘવાને ઘ્રાણેન્દ્રિયનો મિથ્યા યોગ કહે છે. આ પ્રકારે ઇન્દ્રિયોની સાથે વિષયોનો ત્રણ પ્રકારનો અસાત્મ્ય યોગ કહેવામાં આવ્યો. ૧૨૫–૧૨૬.

इत्यसात्म्यार्थसंयोगस्त्रिविधोदोषकोपनः । असात्म्यमितितद्विद्याद्यन्नयातिसहात्म्य-ताम् ॥ १२७ ॥

જે વસ્તુ સાત્મ્ય (અભ્યાસથી પોતાને હિત હોય તે) ન હોય તેને અસાત્મ્ય કહે છે.

मिथ्यातिहीनयोगेभ्योयोव्याधिरुपजायते । शब्दादीनांसविज्ञेयोव्याधिरैन्द्रियकोबुधैः ॥ १२८ ॥

શબ્દાદિકોના મિથ્યા યોગ, અતિયોગ, તથા હીન યોગથી જે રોગ ઉત્પન્ન થાય છે તેને વિદ્વાનો એન્દ્રિયક રોગ કહે છે. ૧૨૮

वेदनानामशान्तानामित्येतेहेतवःस्मृताः । सुखहेतुर्मतस्त्वेकःसमयोगःसुदुर्लभः॥१२९

દુઃખદાયક રોગોના આ મિથ્યા યોગાદિક કારણ કહ્યાં છે અને સુખનું કારણ કેવળ સમયોગજ છે. પરંતુ તે બહુજ દુર્લભ છે. ૧૨૯

સુખ દુઃખોના પ્રધાન હેતુ.

नेन्द्रियाणिनचैवार्थाःसुखदुःखस्यहेतवः । हेतुस्तुसुखदुःखस्ययोगोदृष्टश्चतुर्विधः॥ १३० ॥ सन्तीन्द्रियाणिसन्त्यर्थायोगोनचनचास्तिरुक् । नसुखंकारणं तस्माद्योगएवचतुर्विधः ॥ १३१ ॥

ઇન્દ્રિય તથા વિષય, સુખ દુઃખનાં કારણ નથી. પરંતુ ચાર પ્રકારનો યોગજ સુખ દુઃખનું કારણ છે. ૧૩૦ કેમકે ઇન્દ્રિયો છે અને વિષય છે પરંતુ તેનો યોગ નથી એથી ન સુખ થાય તેમ ન દુઃખ પણ થાય. એથી એ સિદ્ધ થાય છે કે ચાર પ્રકારના યોગજ સુખદુઃખનું કારણ છે. ૧૩૧

नात्मेन्द्रियंमनोबुद्धिगोचरंकर्मवाविना । सुखंदुःखंयथायच्चबोद्धव्यंतत्तथोच्यते ॥

આત્મા, ઇન્દ્રિય, મન તથા બુદ્ધિના ગોચર, સુખ, દુઃખ, કર્મ સિવાય થતાં નથી. જે પ્રકારથી જે દુઃખ જણાય છે તે આ પ્રકારે કહેવાય છે. ૧૩૨

स्पर्शनेन्द्रियसंस्पर्शःस्पर्शोमानसएवच । द्विविधःसुखदुःखानां वेदनानांप्रवर्तकः ॥ १३३ ॥ इच्छाद्वेषात्मिकातृष्णासुखदुःखात्प्रवर्तते । तृष्णाचसुखदुःखानां-कारणं नरुच्यते ॥ १३४ ॥ उपादत्तेहितृष्णावेदनाश्रयसंज्ञकान् । स्पृश्यतेनानुपादानोनास्पृष्टोवेत्तिवेदनाः ॥ १३५ ॥

ઇન્દ્રિયોદ્વારા સ્પર્શ તથા માનસ સ્પર્શ આ બે પ્રકારના સ્પર્શજ સુખ તથા દુઃખદાયી વેદનાઓના પ્રવર્ત્તક છે. ૧૩૩ સુખ તથા દુઃખથી ઇચ્છાત્મક તથા દ્વેષાત્મક તૃષ્ણા ઉત્પન્ન થાય છે પછી તે તૃષ્ણાજ સુખ તથા દુઃખનું કારણ કહેવાય છે. ૧૩૪ તેનું કારણ આ છે કે તૃષ્ણા વેદનાઓના આશ્રયભૂત ભાવોનું ઉપાદાન (ગ્રહણ) કરે છે, કેમકે ઉપાદાન સિવાય સ્પર્શ થતો નથી અને સ્પર્શ વિના વેદનાઓનો અનુભવ થતો નથી. ૧૩૫.

વેદનાનાં સ્થાન.

वेदनानामधिष्ठानंमनोदेहश्चसेन्द्रियः । केशलोमनखाग्रान्नमलद्रवगुणैर्विना ॥१३६॥

વાળ, રૂવાં, નખનો અગ્રભાગ, અન્ન, મળ, દ્રવ તથા ગુણો સિવાય ઇન્દ્રિય સહિત શરીર અને મન એ વેદનાઓનાં સ્થાન છે. ૧૩૬.

યોગ અથવા મોક્ષ.

योगेमोक्षेचस[illegible]मवर्त्तनम् । मोक्षोनिवृत्तिर्निःशेषायोगोमोक्षप्रवर्त्तकः ॥ १३७ ॥ आत्मेन्द्रियमनोऽर्थानांसन्निकर्षात्प्रवर्त्तते । सुखंदुःखमनारम्भादात्मस्थेमनसिस्थिते ॥ १३८ ॥ निवर्त्ततेतदुभयंवशित्वश्चोपजायते । सशरीरस्य[illegible]स्तंयोगमृषयोविदुः ॥ १३९ ॥

યોગ તથા મોક્ષમાં કાંઈ વેદના થતી નથી. મોક્ષમાં સર્વ વાતોની નિવૃત્તિ થઇ જાય છે અને યોગથી મોક્ષ મળે છે. (૧૩૭) આત્મા, ઇન્દ્રિય, મન તથા વિષયોના સંયોગથી સુખ દુઃખની પ્રવૃત્તિ થાય છે, અને કોઇ કાર્યમાં પ્રવૃત્ત ન થતાં મનનું આત્મામાં સ્થિત થવાથી ૧૩૮ સુખ દુઃખ બંને નિવૃત્ત થઇ જાય છે અને શરીર સહિત ઇન્દ્રિયો વશ થઈ જાય છે. ૠષિ લોક આ અવસ્થાને યોગ કહે છે. ૧૩૯.

અષ્ટવિધ યોગબળ.

आवेशश्चेतसोज्ञानमर्थानांछन्दतः क्रिया । दृष्टिःश्रोत्रंस्मृतिःकान्तिरिष्टतश्चाप्यदर्शनम् ॥ १४० ॥ इत्यष्टविधमाख्यातंयोगिनांबलमैश्वरम् । शुद्धसत्त्वसमाधानात्तत्सर्वमुपजायते ॥ १४१ ॥

ચિત્તનો આવેશ, અર્થોનું જ્ઞાન સ્વચ્છંદતાથી કાર્ય કરવું, દૃષ્ટિ, શ્રવણ, સ્મૃતિ, કાન્તિ અને આપણી ઇચ્છાને અનુસાર અદૃષ્ટ થઇ જવું. ૧૪૦.

આ આઠ પ્રકારનું દૈવિ બળ યોગિઓને મળે છે. શુદ્ધ ચિત્તથી સમાધિમાં જોડાવાથી આ સર્વ વાતો ઉત્પન્ન થાય છે. ૧૪૧.

મોક્ષ પ્રાપ્તિની રીતિ.

मोक्षो रजस्तमोऽभावाद्बलवत्कर्मसंक्षयात् । वियोगःकर्मसंयोगैरपुनर्भावउच्यते १४२

રજોગુણ, તથા તમોગુણનો અભાવ થવાથી અને કર્મોના ક્ષીણ થઇ જવાથી, કર્મના સંયોગથી રહિત થઈ જવું તેને મોક્ષ કહે છે. ૧૪૨.

દુઃખોની નિવૃત્તિનો ઉપાય.

सता[illegible]पासनं[illegible]र्जनम् । व्रतचर्य्योपवासश्चनियमाश्चपृथग्विधाः १४३ धारणंधर्मशा[illegible]रतिः । विषयेष्वरतिर्मोक्षेव्यवसायःपराधृतिः१४४ कर्मणामसमारंभःकृतानांचपरिक्षयः । नैष्कर्म्यमनहंकारःसंयोगेभयदर्शनम् ॥ १४५ ॥ मनोबुद्धिसमाधानमर्थतत्त्वपरीक्षणम् । तत्त्वस्मृतेरुपस्थानात्सर्वमेतत्प्रवर्त्तते ॥ १४६ ॥ स्मृतिःसत्सेवनाद्यैश्चधृत्यन्तैरुपलभ्यते । स्मृत्यास्वभावंभावानांस्मरन्दुःखात्प्रमुच्यते ॥ १४७ ॥

સારી રીતે સજ્જનોની સેવા, અસજ્જનોનો ત્યાગ, વ્રત, ઉપવાસ, અનેક પ્રકારના નિયમ, ૧૪૩ ધર્મશાસ્ત્રનો અભ્યાસ, વિજ્ઞાન, નિર્જન સ્થાનમાં રહેવાની ઇચ્છા, વિષયોની અનિચ્છા, મોક્ષ પ્રાપ્તિનો ઉદ્યોગ, અત્યંત ધૈર્ય, ૧૪૪ કાર્યોનો અનારંભ, પ્રાક્તન કર્મોનો

નાશ; કર્મ રહિત થવું, અહંકાર રહિત થવું, સંયોગથી ડરવું, (૧૪૫) મન તથા બુદ્ધિનું સમાધિસ્થ થવું, તથા અર્થ તત્વની પરીક્ષા કરવી આ સર્વ વાતો સ્મૃતિના ઉપસ્થિત થવાથી થાય છે. ૧૪૬ અને પ્રથમ સ્મૃતિ, સત્સેવનથી લઇને ધૈર્ય પર્યંત જે વાતો કહી ગઇ છે તેથી જણાય છે કે સ્મૃતિથીજ સાંસારિક ભાવોના સ્વભાવોનું સ્મરણ કરીને પુરૂષ દુઃખથી છૂટીજાય છે. ૧૪૭

સ્મૃતિની પ્રાપ્તિનો ઉપાય.

वक्ष्यन्तेकारणान्यष्टौस्मृतिर्यैरुपजायते । निमित्तरूपग्रहणात्सादृश्यात्सविपर्ययात् ॥ १४८ ॥ सत्त्वानुबन्धादभ्यासाज्ज्ञानयोगात्पुनःश्रुतात्दृष्टश्रुतानुभूतानांस्मरणात्स्मृतिरुच्यते ॥ १४९ ॥

જે આઠ કારણોથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે તેને કહીએ છીએ. દૃષ્ટ, શ્રુત, તથા અનુભૂત પદાર્થોના નિમિત્ત ગ્રહણથી, રૂપ ગ્રહણથી, આદસ્યથી, વિપર્યયથી, મનને જોડી રાખવાથી, અભ્યાસથી, જ્ઞાનયોગથી, તથા ફરી સાંભળવાથી જે સ્મરણ થાય છે તેને સ્મૃતિ કહે છે. ૧૪૮-૧૪૯.

एतत्तदेकमयनंमुक्तैर्मोक्षस्यदर्शितम् । तत्त्वस्मृतिबलंयेनगतानपुनरागताः ॥१५०॥ अयनंपुनराख्यातमेतद्योगस्ययोगिभिः ॥ संख्यातधर्मैःसांख्यैश्चमुक्तैर्मोक्षस्यचायनम् ॥ १५१ ॥

મુક્ત લોકોએ તત્વોના સ્મૃતિબલનેજ મોક્ષનો માર્ગ કહ્યો છે, જેવડે (મરી) ગયા પછી ફરી પુરૂષ પાછો આવતો નથી અર્થાત મુકત થઇ જાય છે. ૧૫૦ યોગી લોકોએ પણ આ યોગનો માર્ગ કહ્યોછે અને સાંખ્ય જાણનારાઓએ પણ આનેજ મોક્ષનો માર્ગ કહ્યોછે. ૧૫૧.

सर्वंकारणवद्दुःखमस्वंचानित्यमेवच । नचात्माकृतकंतद्धितत्रचोत्पद्यतेस्वता ।१५२ यावन्नोत्पद्यतेसत्याबुद्धिर्नैतदहंयया । नैतन्ममचविज्ञायज्ञःसर्वमतिवर्त्तते ॥ १५३॥

આ સંસારમાં જે કાંઇ છે, તે સર્વ કાર્ય રૂપ છે, દુઃખદ તથા અનિત્ય આ સંસારમાં આપણું કાંઈ પણ નથી પરંતુ તેમાં સ્વત્વ ત્યાં સુધી જ રહે છે કે (૧૫૨) જ્યાં સુધી આ હું નથી, આ મારૂં નથી, આ સત્ય બુદ્ધિ ઉત્પન્ન થતી નથી, અને સત્યબુદ્ધિના ઉત્પન્ન થયા પછી જ્ઞાની પુરૂષ સર્વનો ત્યાગ કરી દેછે. ૧૫૩

મોક્ષનું રૂપ.

तस्मिंश्चरमसंन्यासेसमूलाःसर्ववेदनाः । ससंज्ञाज्ञानविज्ञानानिवृत्तिं यान्त्यशेषतः ॥ १५४ ॥ अतःपरंब्रह्मभूतोभूतात्मानोपलभ्यते । निःसृतःसर्वभावेभ्यश्चिह्नंयस्यनविद्यते ॥ १५५ ॥ गतिर्ब्रह्मविदांब्रह्मतच्चाक्षरमलक्षणम् । ज्ञानंब्रह्मविदाश्चात्रनाज्ञस्तज्ज्ञातुमर्हति ॥ १५६ ॥

આ અંતિમ ત્યાગમાં નામ સહિત સંપૂર્ણ વેદના, જ્ઞાનવિજ્ઞાનની દ્વારા મૂળ સહિત નષ્ટ થઇ જાય છે. ૧૫૪ તે પછી જીવાત્મા બ્રહ્મસ્વરૂપ થઇ જાય છે. પછી તે ચિન્હોથી

જાણી શકાતો નથી, તે સર્વ ભાવોથી અલગ થઈ જાય છે. એથી તેનાં કોઇ ચિન્હ રહેતાં નથી. (૧૫૫) કેમકે બ્રહ્મજ્ઞાની લોક બ્રહ્મમાંજ લીન થઇ જાય છે અને બ્રહ્મ અક્ષય તથા ચિન્હોથી રહિત છે. બ્રહ્મજ્ઞાની લોકજ તેને જાણી શકે છે. અજ્ઞાની લોક તેને જાણી શકતા નથી. ૧૫૬

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

प्रश्नाःपुरुषमाश्रित्यत्रयोविंशतिरुत्तमाः । कतिधापुरुषीयेऽस्मिन्निर्णीतास्तत्त्वदर्शिना ॥ १५७ ॥

કતિધાર પુરૂષીય નામના આ અધ્યાયમાં તત્વદર્શી ભગવાન આત્રેયજીએ પુરૂષના વિષયમાં તેવીસ ઉત્તમ પ્રશ્નોના નિર્ણયનું વર્ણન કર્યું છે. ૧૫૭.

इत्यग्निवेशकृतेतन्त्रेचरकमतिसंस्कृतेकतिधापुरुषीयंशारीरंसमाप्तम् ॥१ ॥

ઇતિ અગ્નિવેશે રચેલ અને ચરકે સુધારેલ કતિધાપુરૂષીય શારીરં નામનો પ્રથમો અધ્યાય સમાપ્ત થયો.

॥ द्वितीयोऽध्यायः ॥

अथातोऽतुल्यगोत्रीयं शारीरं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે અતુલ્યગોત્રીય શારીર નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ, આ પ્રકારે ભગવાન આત્રેયજી કથન કરવા લાગ્યા.

ગર્ભના ચતુષ્પાદના પ્રશ્ન.

अतुल्यगोत्रस्यरजःक्षयान्तेरहोविसृष्टंमिथुनीकृतस्य । किंस्यात् चतुष्पात्मभवश्चषड्भ्योयत्स्त्रीषुगर्भत्वमुपैतिपुंसः ॥ १ ॥

અગ્નિવેશે ભગવાન આત્રેયજીને પૂછ્યું કે, હે ભગવાન ! રજોધર્મની ઉપરાંત અતુલ્ય ગોત્રીય પુરૂષની સાથે રમણ કરવાથી પુરૂષની કઇ છ વસ્તુઓથી ઉત્પન્ન ચતુષ્પાદાત્મક વસ્તુ સ્ત્રીમાં ગર્ભત્વને પ્રાપ્ત થાય છે. ૧

ઉત્તર.

शुक्रंतदस्यमवदन्तिधीरायद्धीयते गर्भसमुद्भवाय । वाय्वग्निभूम्यब्गुणपादवत्तंषड्भ्योरसेभ्यःप्रभवश्चतस्य ॥ २ ॥

આ પ્રશ્નને સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે, જેથી ગર્ભ ઉત્પન્ન થાય છે તેને વિદ્વાન લોક શુક્ર કહે છે. વાયુ, અગ્નિ, પૃથ્વી, તથા જળ આ ચાર ભૂતોના ચાર અંશ તેમાં હોય છે, અને છ રસોથી તે ઉત્પન્ન થાય છે. ૨

ગર્ભના વિષયમાં પ્રશ્ન.

सम्पूर्णदेहःसमयेसुखश्चगर्भःकथंकेनचजायतेस्त्री । गर्भचिराद्विन्दतिसमजापिभूत्वाथवानश्यतिकेनगर्भः ॥ ३ ॥

અગ્નિવેશે પૂછ્યું કે, હે ભગવાન્! સમયસર સંપૂર્ણ અંગવાળા ગર્ભને કેવી રીતે અને કેવા કારણથી સ્ત્રી સુખપૂર્વક ઉત્પન્ન કરે છે, કોઇ કોઈ વંધ્યા દોષ વિનાની સ્ત્રી પણ બહુજ વિલંબે કેમ ગર્ભ ધારણ કરે છે? અને કયા કારણથી ગર્ભ રહેવા છતાં પણ નષ્ટ થઇ જાય છે?

યથાક્રમ ઉત્તર.

शुक्रासृगात्माशयकालसम्पद्यस्योपचाराश्चहितैस्तथार्थैः । गर्भश्चकालेचसुखीसुखश्चसञ्जायतेसम्परिपूर्णदेहः ॥ ४ ॥

योनिप्रदोषान्मनसोऽभितापाच्छुक्रासृगाहारविहारदोषात् । अकालयोगाद्बलसंक्षयाच्चगर्भेचिराद्विन्दतिसप्रजापि ॥ ५ ॥

असृङ्निरुद्धंपवनेननार्य्यागर्भेव्यवस्यन्त्यबुधाःकदाचित् । गर्भस्यरूपंहिकरोतितस्यास्तदासृगस्त्राविविवर्द्धमानम् ॥ ६ ॥ तदग्निसूर्य्यश्रमशोकरोगैरुष्णान्नपानैरथवाप्रवृत्तम् । दृष्ट्वासृगेकेनचगर्भमज्ञाःकेचिन्नराभूतहृतंवदन्ति ॥ ७ ॥

ओजोऽशनानांरजनीचराणामाहारहेतोर्नशरीरमिष्टम् । गर्भंहरेयुर्यदितेनमातुर्लब्धावकाशंनहरेयुरोजः ॥ ८ ॥

આ સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, વીર્ય, રજ, આત્મા, આશય તથા સમય એઓના બરોબર હોવાથી, હિતકારી આહારવિહારના સેવનથી, સમયસર સમ્પૂર્ણ અવયવવાળો ગર્ભ સુખપૂર્વક ઉત્પન્ન થાય છે. ૪ યોનિના દૂષિત થવાથી, મનમાં સંતપ્ત થવાથી, વીર્ય રજ તથા આહાર વિહારના દોષથી, અસમયે સંભોગ કરવાથી અને બળના ક્ષીણ થવાથી અવન્ધ્યા સ્ત્રી પણ વિલંબે ગર્ભ ધારણ કરે છે. ૫. કોઇ કોઈ સ્ત્રીનો વાયુ દૂષિત થઇને રજને રોકે છે અને ગર્ભના સંપૂર્ણ લક્ષણોને ઉત્પન્ન કરે છે ત્યારે તે રોકાયેલ રજક્રમથી વધે છે. તેને મૂર્ખ લોક અજ્ઞાનથી ગર્ભ માને છે. ૬ અગ્નિ, સૂર્ય, શ્રમ, શોક, રોગ, તથા ગરમ અન્નપાનવડે તે રજ વહેવા લાગે છે. આ જોઇને કોઇ કોઈ મૂર્ખ કહે છે કે ગર્ભને ભૂત હરી ગયું, પરંતુ આ માત્ર મૂર્ખતાજ છે. ૭ કેમકે ભૂતોનો આહાર શરીર નથી પણ ઓજ ધાતુ છે. જો તે સ્ત્રીના ગર્ભમાંથી ગર્ભને લઈ જાય તો અવકાશ મેળવીને તેની ઓજ ધાતુને પણ કેમ ન લઇ જાય? ૮

સંતાનનો પ્રશ્ન.

कन्यांसुतंवासहितौपृथग्वासुतौसुतेवातनयान्बहून्वा । कस्मात्प्रसूतेसुचिरेणगर्भमेकोऽभिवृद्धिश्चयमेऽभ्युपैति ॥ ९ ॥

અગ્નિવેશે ભગવાન્ આત્રેયજીને પૂછ્યું કે, હે ભગવાન્! કયા કારણથી પુત્ર, કયા કારણથી કન્યા, કયા કારણથી એકી સાથે પુત્ર અને કન્યા, કયા કારણથી એકી સાથે બે પુત્ર, કયા કારણથી એકી સાથે બે કન્યા, તથા કયા કારણથી એકી સાથે અનેક સંતાન ઉત્પન્ન થાય છે? કોઈ કોઇ સ્ત્રીનો ગર્ભ કેમ બહુજ વખતમાં ઉત્પન્ન થાય છે અને કયા કારણોથી બે સંતાનોના હોવાથી એક હીન અંગનું અને એક પુષ્ટ શરીરવાળું થાય છે? ૯

ઉત્તર.

…नकन्यामाधिकेन …जतेनाद्विविधाकृतेन । बीजेनकन्याश्चसुतश्चसूतेयथास्वबीजान्यतराधिकेन ॥ १० ॥ शुक्राधिकंद्वैधमुपैतिबीजंयस्याःसुतौसासहितौप्रसूते । रक्ताधिकंवायदिभेदमेतिद्विधासुतेसासहितेप्रसूते ॥ ११ ॥

આ સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે રજની અધિકતાથી કન્યા ઉત્પન્ન થાય છે, અને વીર્યની આધકતામાં પુત્ર ઉત્પન્ન થાય છે. વાયુવડે અધિક વીર્યવાળા બીજ (મિશ્રિત રક્ત તથા વીર્ય) ના જો બે ભાગ થઇ જાય તો બે પુત્ર ઉત્પન્ન થાય છે, અધિક રજવાળા બીજના જો બે ભાગ થઇ જાય તો બે કન્યા ઉત્પન્ન થાય છે અને જો બીજના બે ભાગમાંથી એકમાં વીર્ય અધિક હોય અને બીજામાં રૂધિર અધિક હોય તો એકથી પુત્ર અને બીજાથી કન્યા ઉત્પન્ન થાય છે. ૧૦-૧૧.

भिनत्तियावद्बहुधाप्रपन्नःशुक्रार्त्तवंवायुरतिप्रवृद्धः । तावन्त्यपत्यानियथाविभागंकर्मात्मकान्यस्ववशात्प्रसूते ॥ १२ ॥

જો બહુ વધેલો વાયુ બીજના અનેક ભાગ કરી નાંખે તો કર્માનુસાર જેટલા વિભાગ થઇ જાય તેટલાં સંતાન ઉત્પન્ન થાય છે. ૧૨.

आहारमाप्नोतियदानगर्भःशोषंसमाप्नोतिपरिस्रुतिंवा । तंस्त्रीप्रसूतेसुचिरेणगर्भंपुष्टोयदावर्षगणैरपिस्यात् ॥ १३ ॥

જો ગર્ભિણી સ્રીને ઉત્તમ આહાર ન મળે તો ગર્ભ શુષ્ક થઇ જાય છે. અથવા વહી જાય છે. તે સુકાયેલ ગર્ભ જ્યારે ઘણા વખતે પુષ્ટ થાય છે ત્યારે સ્ત્રી તેને ઉત્પન્ન કરી શકે છે. ૧૩.

कर्मात्मकत्वाद्विषमांशभेदाच्छुक्रासृजंवृद्धिमुपैतिकुक्षौ । एकोधिकोन्यूनतरोद्वितीयएवंयमेऽप्यभ्यधिकोविशेषः ॥ १४ ॥

ભાગ્યવશાત અંશોની વિષમતાથી, શુક્ર અને રજ કુખમાં વૃદ્ધિને પામે છે અર્થાત એક ભાગ વધારે અને બીજો ભાગ થોડો હોવાથી બે સંતાનોમાંથી એક સંતાન હીન અંગનું અને એક પુષ્ટ અંગનું થાય છે. ૧૪

कस्माद्द्विरेताःपवनेन्द्रियोवासंस्कारवाहीनरनारिषण्डः । वक्रीतथेर्ष्याभिरतिःकथंवासञ्जायतेवातिकषण्डकोवा ॥ १५ ॥

અગ્નિવેશે ભગવાન્ આત્રેયજીને પૂછ્યું કે, હે ભગવાન્! કયા કારણથી દ્વિરેતા, (નપુષક) પવનેન્દ્રિય, સંસ્કારવાહી, નરષંડ, નારીષંડ, વક્રી, ઇર્ષ્યારત તથા વાર્તકષંડ ઉત્પન્ન થાય છે. ૧૫

बीजात्समांशादुपतप्तबीजात्स्त्रीपुंसलिङ्गीभवतिद्विरेताः । शुक्राशयंगर्भगतस्यहत्वाकरोतिवायुःपवनेन्द्रियत्वम् ॥ १६ ॥ शुक्राशयद्वारविघट्टनेनसंस्कारवाहंहिकरोतिवायुः । मन्दाल्पबीजावबलावहर्षौक्लीबौचहेतुर्विकृतिद्वयस्य ॥ १७ ॥ मा-

ईर्ष्यावायमतिचनवक्रीमाहुरीजन्दल्यतयापितुश्च । ईर्ष्याभिभूतावपिमन्दहर्षावीर्ष्यारतेरेववदन्तिहेतुम् ॥ १८ ॥ वाय्वग्निदोषाद्वृषणौतुयस्यनाशंगतावातिकषण्डकःसः । इत्येवमष्टौविकृतिप्रकाराःकर्मात्मकानामुपलक्षणीयाः ॥ १९ ॥

આ સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે, જે બીજમાં વીર્ય તથા રજનો ભાગ સમ હોય છે તે બીજથી સ્ત્રી તથા પુરૂષ બંનેના લક્ષણવાળા દ્વિરેતા (નપુંસક) ઉત્પન્ન થાય છે. દૂષિતવાયુ ગર્ભસ્થ પ્રાણીના વીર્યાશયને નષ્ટ કરીને પવનેન્દ્રિયને ઉત્પન્ન કરે છે. ૧૬. વાયુવડે વીર્યાશયના દ્વારનું બગડી જવાથી સંસ્કારવાહી નામના નપુંષક ઉત્પન્ન થાય છે. જો સ્ત્રી પુરૂષ મન્દબીજ, અલ્પબીજ, નિર્બલ તથા મૈથુન કરવામાં હર્ષ રહિત હોય તો તેનો પુત્ર નરષંડ અને કન્યા નારીષંડ ઉત્પન્ન થાય છે. ૧૭ મૈથુન વખતે માતા ક્રોધવાળી હોવાથી, અથવા પિતા અલ્પવીર્યવાળો હોવાથી વક્રી સંતાન ઉત્પન્ન થાય છે. જો સ્ત્રી પુરૂષ ઇર્ષ્યાવાળાં થઇને આનંદ સિવાય મૈથુન કરે છે તેનાં સંતાન ઇર્ષ્યારતિ (બીજાને મૈથુન કરતાં જોવાથી જેનું ચિત્ત મૈથુન કરવાનું ઇચ્છે તેવા) થાય છે. ૧૮ જે પુરૂષના અંડકોશ, વાયુ તથા અગ્નિના દોષથી નષ્ટ થઇ જાય તેને વાત્તિકષંડ કહે છે. કર્મને અનુસાર આ આઠ પ્રકારના વિકાર જાણવા જોઇએ. ૧૯

गर्भस्यसद्योऽनुगतस्यकुक्षौस्त्रीपुंनपुंसामुदरस्थितानाम् । किंलक्षणंकारणमिष्यतेर्किंसरूपतांयेनचयात्यपत्यम् ॥ २० ॥

અગ્નિવેશે ભગવાન આત્રેયજીને પૂછ્યું કે, હે ભગવાન્! જલ્દીથી રહેલા ગર્ભનાં કયાં લક્ષણ છે, ગર્ભમાં સ્થિત થએલ સ્ત્રી, પુરૂષ તથા નપુંસકનાં કયાં લક્ષણ છે. અને કયા કારણથી સંતાનનાં રૂપ જુદાં જુદાં થાય છે. ૨૦

સદ્યોગર્ભનાં લક્ષણ.

निष्ठीविकागौरवमङ्गसादस्तन्द्राप्रहर्षौहृदयव्यथाच । तृप्तिश्चबीजग्रहणञ्चयोन्यागर्भस्यसद्योऽनुगतस्यलिंगम् ॥ २१ ॥

આ સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, થુંકવું, શરીરનું ભારેપણું, અંગોની શિથિલતા, તન્દ્રા, ગ્લાનિ, હૃદયમાં વ્યથા, તૃપ્તિ અને યોનિથી વીર્યનું ન નિકળવું આ જલ્દીથી રહેલા ગર્ભનાં લક્ષણ છે. ૨૧

ગર્ભસ્થ બાળકોનો પરિચય.

सव्यांगचेष्टापुरुषार्थिनीस्त्रीस्त्रीस्वप्नपानाशनशीलचेष्टा । सव्यांगगर्भानचवृत्तगर्भासव्यप्रदुग्धास्त्रियमेवसूते ॥ २२ ॥ पुत्रन्त्वतोलिङ्गविपर्ययेण व्यामिश्रलिङ्गाप्रकृतिंतृतीयाम् । गर्भोपपत्तौतुमनःस्त्रियायंजन्तुंव्रजेत्तत्सदृशंप्रसूते ॥ २३ ॥

જે સ્ત્રી કામાતુર થઇને ડાબા અંગથી ચેષ્ટા કરે, સ્ત્રીયોની માફક સુવે, સ્ત્રીઓની માફક ભોજન તથા ચેષ્ટા કરે, સ્ત્રીયોના જેવો સ્વભાવ પ્રકટ કરે, જે સ્ત્રીની ડાબી તરફ ગર્ભ હોય, ગર્ભ ગોળ ન હોય, અને પ્રથમ ડાબા સ્તનમાંથીજ દૂધ નીકળે તો તે સ્ત્રી પુત્રીને ઉત્પન્ન કરે છે. ૨૨ જે સ્ત્રીનાં એથી વિપરીત લક્ષણ હોય, તેને પુત્ર ઉત્પન્ન થાય

છે. અને જેનામાં બંનેનાં ભેગાં લક્ષણો હોય તેને નપુંસક ઉત્પન્ન થાય છે. ગર્ભ વખતે સ્ત્રી પોતાના મનમાં જે પ્રાણીનું સ્મરણ કરે છે તેવુંજ તેને સંતાન થાય છે.

गर्भस्यचत्वारिचतुर्विधानिभूतानिमातापितृसम्भवानि । आहारजन्यात्मकृतानिचैवसर्वस्यसर्वाणिभवन्तिदेहे ॥ २४ ॥

तेषांविशेषाद्बलवन्तियानिभवन्तिमातापितृकर्मजानि । तानि व्यवस्येत्सदृशत्वलिङ्गसत्त्वंयथानूकमपिव्यवस्येत् ॥ २५ ॥

સર્વના શરીરમાં માતાપિતાના આહારથી થએલાં, તથા પોતાના કર્મથી થએલા ચાર પ્રકારના ચાર મહાભૂત થાય છે. ૨૪ માતાપિતાનો આહારવિહાર તથા પોતાનાં કર્મ તેમાંથી જે બળવાન ન હોય તેના જેવો ગર્ભ થાય છે. અને ગર્ભનું ચિત્ત પણ તેને અનુસારજ થાય છે. ૨૫.

कस्मात्प्रजांस्त्रीविकृतांप्रसूतेहीनाधिकाङ्गींविकलेन्द्रियाञ्च । देहात्कथंदेहमुपैतिचान्यमात्मासदाकैरनुबध्यतेच ॥ २६ ॥

અગ્નિવેશે ભગવાન્ આત્રેયજીને પૂછ્યું કે, હે ભગવાન્! કયા કારણથી કયી કયી સ્ત્રીને હીન અંગવાળી, અધિક અંગવાળી તથા વિકૃત અંગવાળી સંતતી થાય છે. આત્મા કેવી રીતે એક દેહમાંથી બીજા દેહમાં જાય છે, અને કઇ કઇ વસ્તુઓથી આત્મા બંધાય છે?

ગર્ભની વિકૃતિનું કારણ.

बीजात्मकर्म्माशयकालदोषैर्मातुस्तदाहारविहारदोषैः । कुर्वन्तिदोषाविविधानिदुष्टाःसंस्थानवर्णेन्द्रियवैकृतानि ॥ २७ ॥ वर्षासुकाष्ठाश्मघनाम्बुवेगास्तरोःसरित्स्रोतसिसंस्थितस्य । यथैवकुर्य्युर्विकृतिंतथैवगर्भस्यकुक्षौनियतस्यदोषाः ॥२८॥

આ સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, બીજ, પોતાનાં કર્મ, ગર્ભાશય તથા સમયના દોષથી, અને ગર્ભાવસ્થામાં માતાના આહારવિહારોના દોષથી, કોપિત થએલા વાતાદિ દોષ, આકૃતિ, વર્ણ તથા ઈન્દ્રિયોમાં અનેક પ્રકારના વિકારોને ઉત્પન્ન કરે છે. ૨૭ જેમ વર્ષાઋતુમાં નદીના પ્રવાહમાં સ્થિત વૃક્ષમાં, કાષ્ટ, પાષાણુ તથા જળના વેગો વડે વિકાર ઉત્પન્ન થાય છે તેજ રીતે કુખમાં સ્થિત ગર્ભમાં દોષોનીદ્વારા વિકાર ઉત્પન્ન થાય છે. ૨૮.

આત્માનું આખા શરીરમાં પ્રાપ્ત થવાનું કારણ.

भूतैश्चतुर्भिःसहितःसुसूक्ष्मैर्मनोजवोदेहमुपैतिदेहात् । कर्म्मात्मकत्वान्नतुतस्यदृश्यंदिव्यंविनादर्शनमस्तिरूपम् ॥ २९ ॥ ससर्वगःसर्वशरीरभृच्चसविश्वकर्म्मासचविश्वरूपः । सचेतनाधातुरतीन्द्रियश्चसानित्ययुक्सा- शयःसएव ॥ ३० ॥

અત્યંત સૂક્ષ્મ ચાર મહાભૂતોની સાથે મનના વેગથી જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે. તે વખતે તેનું કર્માત્મકરૂપ થાય છે એથી દિવ્યદષ્ટિ સિવાય તેને કોઈ જોઈ શકતા નથી. ૨૯. તે આત્માજ સર્વવ્યાપી, સર્વ શરીરધારી, વિશ્વકર્મા, વિશ્વરૂપ, ચૈતન્ય ધાતુ, અતીન્દ્રિય, નિત્યયુક્ત તથા અનુશય (રાગદ્વેશ) સહિત હોય છે. ૩૦.

रसात्ममातापितृसम्भवानिभूतानिविद्यादशषट्चदेहे । चत्वारितत्रात्मनिसंश्रिता-निस्थितस्तथात्माचचतुर्षुतेषु ॥ ३१ ॥

મધુરાદિ રસ, આત્મા, માતા તથા પિતાનાથી ઉત્પન્ન થએલ ૧૬ તત્વો શરીરમાં હોય છે એમાંથી ચાર મહાભૂત, આત્માનાં આશ્રિત રહે છે અને આત્મા તે ચારેમાં સ્થિત રહે છે. ૩૧.

भूतानिमातापितृसम्भवानिरजश्चशुक्रश्चवदन्तिगर्भे । आप्याय्यतेशुक्रमसृक्चभू-तैर्यैस्तानिभूतानिरसोद्भवानि ॥ ३२ ॥ भूतानिचत्वारितुकर्मजानियानात्मली-नानिविशन्तिगर्भम् । सद्बीजधर्माह्यपरापराणिदेहान्तराण्यात्मनियानियानि॥३३॥

ગર્ભમાં રજ અને વીર્ય માતાપિતાથી ઉત્પન્ન થએલાં હોય છે. જે મહાભૂતોથી રજ તથા વીર્ય ઉત્પન્ન થાય છે તે રસોથી ઉત્પન્ન થાય છે. ૩૨ જે ચાર મહાભૂત આત્માની સાથે ગર્ભમાં પ્રવેશ કરે છે તે કર્મજ છે. જ્યારે આત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે, ત્યારે તે ચાર મહાભૂત પણ સૂક્ષ્મરૂપ આત્માની સાથે જાય છે. ૩૩

रूपाद्धिरूपप्रभवःप्रसिद्धःकर्म्मात्मकानांमनसोमनस्तः । भवन्तियेत्वाकृतिबुद्धिभे-दारजस्तमस्तत्रचकर्म्महेतुः ॥ ३४ ॥ अतीन्द्रियैस्तैरतिसूक्ष्मरूपैरात्माकदाचिन्न-वियुक्तरूपः । नकर्म्मणानैवमनोमतिभ्यांनचाप्यहंकारविकारदोषैः ॥ ३५ ॥

रजस्तमोभ्यान्तुमनोऽनुबद्धंज्ञानंविनातत्रहिसर्वदोषाः । गतिप्रवृत्त्योस्तुनिमित्तमु-क्तंमनःसदोषंबलवच्चकर्म्म ॥ ३६ ॥

તેજ મહાભૂતોથી આકારની ઉત્પત્તિ થાય છે અને પૂર્વ જન્મના શરીરના મનથી ગર્ભસ્થ જીવના મનની ઉત્પત્તિ થાય છે. પ્રત્યેક પ્રાણિની જે આકૃતિ તથા બુદ્ધિમાં તફાવત હોય છે તેમાં રજોગુણ, તમોગુણ, તથા પ્રાક્તન કર્મ કારણ રૂપ છે. ૩૪ અત્યંત સૂક્ષ્મ રૂપવાળા, અતીન્દ્રિય ચાર મહાભૂત, પ્રાક્તન કર્મ, મન, બુદ્ધિ તગા અહંકારના વિકાર દોષોથી આત્મા કદી વિમુક્ત થતો નથી. ૩૫ રજોગુણ, તથા તમોગુણવાળા મનમાં જ્ઞાન સિવાય સર્વ દોષો થાય છે. દોષ સહિત મન અને બળવાન કર્મ એ ગતિ અને પ્રવૃત્તિના કારણ રૂપ છે. ૩૭

रोगाःकुतःसंशमनंकिमेषांहर्षस्यशोकस्यचकिंनिमित्तम् । शरीरसत्त्वप्रभवाविका-राःकथंनशान्ताःपुनरापतेयुः ॥ ३७ ॥

અગ્નિવેશે ભગવાન્ આત્રેયજીને પૂછ્યું કે હે ભગવાન્! રોગ કયા હેતુથી થાય છે અને રોગોની શાન્તિ કેવી રીતે થાય છે. હર્ષ તથા શોકનું શું કારણ છે? શરીર તથા મનથી ઉત્પન્ન થનારા રોગ કયા પ્રકારે શાંત થઇને પછી ઉત્પન્ન થતા નથી. ૩૭

प्रज्ञापराधोविषमास्तदर्थाहेतुस्तृतीयःपरिणामकालः । सर्वामयानांत्रिविधाचशा-न्तिर्ज्ञानार्थकालाःसमयोगयुक्ताः ॥ ३८ ॥ धर्म्याःक्रियाहर्षनिमित्तमुक्तास्ततोऽ-न्यथाशोकवशंनयन्ति । शरीरसत्त्वप्रभवास्तुदोषास्तयोरवृत्त्यानभवन्तिभूयः ॥३९॥

रूप चसत्त्वस्यचसन्ततिर्योनोक्तस्तदादिर्नहिसोऽस्तिकश्चित् । तयोरवृत्तिःक्रियते-पराभ्यांधृतिस्मृतिभ्यांपरयाधियाच ॥ ४० ॥

આ સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, પ્રજ્ઞાપરાધ, વિષયોનો વિષમ યોગ અને સમયનું પરિણામ આ ત્રણ સર્વ રોગોનાં કારણ છે. બુદ્ધિ, વિષય તથા સમયનો સમયોગ એ રોગોની શાંતિનું કારણ છે, ૩૮

ધાર્મિક કાર્ય હર્ષના નિમિત્તે છે અને ધર્મ સંબંધી કાર્ય શોકનાં કારણ છે. શરીર તથા મનથીજ સંપૂર્ણ રોગ ઉત્પન્ન થાય છે. એથી શરીર તથા મનના ઉત્પન્ન થવા-થીજ રોગ ફરી થઇ શકતા નથી. ૩૯ શરીર તથા મનની જે સંતતિ તે અનાદિ છે. પરંતુ એમ કાંઇ નથી. અત્યંત ધૈર્ય, સ્મૃતિ તથા પરમ જ્ઞાનથી શરીર તથા મનની નિ-વૃત્તિ થઈ જાય છે. ૪૦

દૈવનું લક્ષણ.

सत्याश्रयेवाद्विविधेयथोक्तेपूर्वंगदेभ्यःप्रतिकर्म्म नित्यम् । जितेन्द्रियंनानुपतन्ति-रोगास्तत्कालयुक्तंयदिनास्तिदैवम् ॥ ४१ ॥ दैवंपुरायत्कृतमुच्यतेतुतत्पौरुषंय-त्त्विहकर्म्मदृष्टम् । प्रवृत्तिहेतुर्विषमःसदृष्टोनिवृत्तिहेतुस्तुसमःसएव ॥ ४२ ॥

રોગોના આશ્રયભૂત, શરીર તથા મનના વિદ્યમાન હોવા છતાં પણ જો રોગોત્પત્તિની પ્રથમથીજ ચિકિત્સા કરવામાં આવે, ઇન્દ્રિયો વશમાં રાખે અને કોઈ પૂર્વોક્ત ખોટાં કર્મનાં ફળ તે વખતે નિયતન હોય તો તો રોગ થતો નથી. ૪૧ પૂર્વ જન્મનાં કરેલાં કર્મને દૈવ કહે છે. અને જે આ જન્મમાં કર્મ કરવામાં આવે તેને પૌરૂષ કહે છે. આ કર્મોની વિષ-મતા તથા સમતાજ રોગોની પ્રવૃત્તિ તથા નિવૃત્તિના કારણરૂપ છે. ૪૨

ઋતુઓના રોગોનું શમન.

हैमन्तिकंदोषचयंवसन्तेप्रवाहयन्ग्रैष्मिकमभ्रकाले । घनात्ययेवार्षिकमाशुसम्यक्-प्राप्नोतिरोगानृतुजान्नजातु ॥ ४३ ॥

હેમન્ત ઋતુમાં સંચિત થએલા દોષોને વસન્ત ઋતુમાં ગ્રીષ્મ ઋતુમાં, સંચિત થએલા દોષોને પ્રાવૃટ્ ઋતુમાં અને વર્ષા ઋતુમાં સંચિત થએલા દોષોને શરદ ઋતુમાં દૂર કરાવ-વાથી મનુષ્યોને ઋતુઓના વિકારથી થનારા રોગો થતા નથી. ૪૩.

नरोहिताहारविहारसेवीसमीक्ष्यकारीविषयेष्वसक्तः । दातासमःसत्यपरःक्षमा-वानाप्तोपसेवीचभवत्यरोगः ॥ ४४ ॥

હિતઆહાર, તથા વિહારનું સેવન કરનારા, વિચાર પૂર્વકકાર્ય કરનારા, વિષયોમાં આસક્ત નહી થનારા, દાતા, સમદર્શી, સત્યવાદી, ક્ષમાશીલ, અને આપ્તલોકોની સોબત કરનારા મનુષ્યો રોગી થતા નથી. ૪૪.

मतिर्वचःकर्मसुखानुबन्धिसत्त्वंविधेयंविशदाचबुद्धिः । ज्ञानंतपस्तत्परताचयोगे-यस्यास्तितंनानुपतन्तिरोगाः ॥ ४५ ॥

પરિણામે સુખદાયક બુદ્ધિ, વચન, તથા કર્મ સ્વાધીન મન, નિર્મળબુદ્ધિ, જ્ઞાન, તપ,

અને યોગમાં તત્પર થવું આ જેનામાં હોય છે. તેને કદી રોગ ઉત્પન્ન થતો નથી. ૪૫.

અધ્યાયનો ઉપસંહાર.

तत्र श्लोकाः ।

इहाग्नि [illegible]र्थयुक्तांषड्विंशकंप्रश्नगणंमहर्षिः । अतुल्यगोत्रेभगवान्यथावन्नि-र्णीतवाञ्ज्ञानविवर्द्धनार्थम् ॥ ४६ ॥

તેમાં આ શ્લોક છે, અતુલ્યગોત્રીય નામના આ અધ્યાયમાં ભગવાન આત્રેયજીએ જ્ઞાનની વૃદ્ધિને માટે અગ્નિવેશના મહા અર્થવાળા છવીસ પ્રશ્નોનો નિર્ણય કર્યો. ૪૬.

इति चरकसंहितायां शारीरस्थानेऽतुल्यगोत्रीयंशारीरं समाप्तम् ॥ २ ॥

ઇતિ ચરકસંહિતાના શારીર સ્થાનના અતુલ્ય ગોત્રીય શારીર નામનો અધ્યાય સમાપ્ત થયો. ૨.

तृतीयोऽध्यायः

अथातः खुड्डीकागर्भाऽवक्रान्तिशारीरं व्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે ખુડ્ડીકાગર્ભાવક્રાન્તિ શારીરની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

ગર્ભની ઉત્પત્તિ.

पुरुषस्यानुपहतरेतसःस्त्रियाश्चाप्रदुष्टयोनिशोणितगर्भाशयायायदाभवतिसंसर्गःऋ-तुकाले । यदाचानयोस्तथैवयुक्तयोःसंसर्गेतुशुक्रशोणितसंसर्गमन्तर्गर्भाशयगतं-जीवोऽवक्रामतिसत्त्वसम्प्रयोगात्तदागर्भोऽभिनिर्वर्त्तते ॥ १ ॥

જે પુરૂષના વીર્યમાં કોઇ દોષ ન હોય અને જે સ્ત્રીની યોની, રજ, તથા ગર્ભાશયમાં કાંઇ દોષ ન હોય, એવાં સ્ત્રી પુરૂષોનો જ્યારે રૂતુના વખતે સંયોગ થાય છે અને સંયોગમાંજ રજ તથા વીર્ય મિશ્ર થઇને ગર્ભાશયમાં જાય છે, અને મનને અનુસાર જીવ તેમાં પ્રવેશ કરે છે ત્યારે ગર્ભ સ્થિતિ થાય છે. ૧.

ससात्म्यरसोपयोगादरोगोऽभिसंवर्द्धतेसम्यगुपचारैश्चोपचर्य्यमाणः । ततःप्राप्त-कालःसर्वेन्द्रियोपपन्नःपरिपूर्णसर्वशरीरोबलवर्णसत्त्वसंहननसम्पदुपेतःसुखेनजा-यतेसमुदायादेषांभावानाम् ॥ २ ॥

તે માતાના ગર્ભ સાત્મ્ય રસોના સેવનથી અને સારી રીતે ઉપચાર કરવાથી નીરોગ થઇને વધે છે પછી સમય આવ્યે સંપૂર્ણ ઇન્દ્રિયવાળો, સંપૂર્ણ અંગોથી પરિપૂર્ણ બલ, વર્ણ, સત્વ તથા સંહનન (શરીર બંધાવું તે) ની શ્રેષ્ટતાવાળો થઇને સુખ પૂર્વક ઉત્પન્ન થાયછે. ૨

ગર્ભોના ભેદ.

मातृजश्चायंगर्भःपितृजश्चात्मजश्चसात्म्यजश्चरसजश्चास्तिचसत्त्वसंज्ञमौपपादिकमिति होवाचभगवानात्रेयः ॥ ३ ॥

આ ગર્ભ માતા, પિતા, આત્મા. રસ તથા સાત્મ્યથી ઉત્પન્ન થાય છે, અને પરલોકમાંથી આવીને સત્વ સંજ્ઞાવાળું મન તેમાં પ્રવેશ કરે છે એ પ્રમાણે ભગવાન આત્રેયજીએ કહ્યું. ૩

नेतिभरद्वाजः । किंकारणंहिनमातानपितानात्मानंसात्म्यंनपानाशनभक्ष्यलेह्योपयोगागर्भंजनयन्तिनचपरलोकादेत्यगर्भंसत्वसंज्ञकमवक्रामति । यदिह्रिमातापितरौगर्भंजनयेतांभूयस्यश्चस्त्रियःपुमांसश्चभूयांसःपुत्रकामाः, तेसर्वेपुत्रजन्माभिसन्धायमैथुनधर्ममापद्यमानाःपुत्रानेवजनयेयुर्दुहितृर्वादुहितृकामाः नचकाश्चित्स्त्रियःकेचिद्वापुरुषानिरपत्याःस्युःअपत्यकामाश्चपरिदेवेरन् । नचात्मात्मानंजनयति । यदिह्यात्मात्मानंजनयेज्जातोवाजनयेदात्मानमजातोवाजनयति । तच्च उभयथाप्ययुक्तम् । नहिजातोजनयतिसत्वान्नचैववाजातोजनयेत्सत्वात्तस्मादुभयथाप्यनुपपत्तिस्तिष्ठतु । अथतावदेतद्यदिअयमात्मानंशक्तोजनयितुंस्यान्नतुएनमिष्टास्वेवकथंयोनिषुजनयेद्वशिनमप्रतिहतगतिकामरूपिणंतेजोबलजववर्णसत्वसंहननसमुदितमजरमरुजममरमेवं विधंहिआत्मात्मानमिच्छन्नित्यतोवाभूयः ॥ ४ ॥

એ સાંભળીને ભરદ્વાજ ૠષિએ કહ્યું કે એ બરોબર નથી. માતા, પિતા આત્મા, સાત્મ્ય અને અન્નપાન, ભક્ષ્ય તથા લેહ્ય વસ્તુઓના ઉપયોગથી ગર્ભની ઉત્પત્તિ થતી નથી. અને પરલોકથી આવીને મન પણ તેમાં પ્રવેશ કરતું નથી. જો માતા તથા પિતા ગર્ભને ઉત્પન્ન કરી શકે તેમ હોય તો ઘણીએ એવી સ્ત્રીઓ છે અને ઘણાય એવા પુરૂષો છે કે જે કન્યા તથા પુત્રની ઈચ્છા કરે છે. તેઓ સર્વે સ્ત્રી પુરૂષ સંયોગ કરીને જેને પુત્રની ઈચ્છા હોય તે પુત્રને ઉત્પન્ન કરી લે અને જેને પુત્રીની ઈચ્છા હોય તે પુત્રીને ઉત્પન્ન કરી લે અને કોઈ પણ સ્ત્રી અથવા કોઇ પણ પુરૂષ સંતાન રહિત રહે નહિ, અને સંતાનને માટે દુખી થાય નહિ. આત્મા પોતાને ઉત્પન્ન કરતો નથી કેમકે જે આત્મા પોતાને ઉત્પન્ન કરે તે ઉત્પન્ન આત્મા પોતાને ઉત્પન્ન કરે છે યા અનુત્પન્ન આ બંને વાતો અનુચિત છે કેમકે જે ઉત્પન્ન થઇ ચુકયું છે તે પાછું પોતાને કેવી રીતે અને કેમ ઉત્પન્ન કરશે, તે તો વિદ્યમાનજ છે અને અનુત્પન્ન આત્મા પણ પોતાને ઉત્પન્ન કરી શકતો નથી કેમકે તેની સત્તાજ નથી એથી આ બંને વાતો અસિદ્ધ થાય છે અને જો કદી માનીયે કે આત્મા પોતાને ઉત્પન્ન કરી શકે છે તો અભીષ્ટ યોનિયોમાંજ કેમ ન ઉત્પન્ન કરે, કેમકે સર્વ સ્વતંત્ર, અપ્રતિહત ગતિ, (જ્યાં ઈચ્છે ત્યાં જઈ શકે) કામ, રૂપ અને તેજ, બલ, વર્ણ તથા સત્વ યુક્ત અજર, અમર તથા નીરોગ રહેવું એને ઈચ્છે છે એથી પણ સિદ્ધ થાય છે કે આત્મા પોતાને ઉત્પન્ન કરી શકતો નથી. ૪

ગર્ભની અસાત્મ્યજતા.

असात्म्यजश्चायंगर्भोयदि[illegible]सात्म्यजःस्यात्तर्हिसात्म्यसेविनामेवैकान्तेनव्यक्तम-

जास्यात् । असात्म्यसेविनश्चनिखिलेनानपत्याः स्युस्तच्चोभयमुभयत्रैवदृश्यते ॥५॥

સાત્મ્યથી પણ આ ગર્ભ ઉત્પન્ન થઇ શકતો નથી, જો સાત્મ્યથી ગર્ભની ઉત્પત્તિ હોયતો સાત્મ્યનું સેવન કરનારાઓને પણ સંતતિ થાય અને અસાત્મ્યનું સેવન કરનારા સર્વ અનપત્ય થઇ જાય પરંતુ જોવામાં આવે છે કે સાત્મ્યનું સેવન કરનારા તથા અસાત્મ્યનું સેવન કરનારા બંનેય અનપત્ય તથા સંતાન વાળા હોય છે એથી એ સિદ્ધ થાય છે કે સાત્મ્યથી ગર્ભ ઉત્પન્ન થતો નથી. ૫

ગર્ભનું રસથી ઉત્પન્ન ન થવું.

अरसजश्चायंगर्भोयदिहिरसजः स्यान्नकेचित्स्त्रीपुरुषेषुअनपत्याः स्युर्नहिकश्चिद-स्त्येषांयोरसान्नोपयुङ्क्ते । श्रेष्ठरसोपयोगिनांचेद्गर्भाजायन्तेइत्यतोऽभिप्रेतमित्येवं सति, आजोरभ्रमार्गमायूरगोक्षीर-दधि-घृत-मधु-तैल-सैन्धवेक्षुरसमुद्गशालिभृ-तानामेवएकान्तेनप्रजास्यात् । श्यामाकवरकोद्दालककोरदूषककन्दमूलभक्ष्याश्च-निखिलेनानपत्याःस्युः तच्चोभयमुभयत्रैवदृश्यते ॥ ६ ॥

રસોથી પણ ગર્ભ ઉત્પન્ન થતો નથી. જો રસોથી ગર્ભની ઉત્પત્તિ થાયતો કોઇ સ્ત્રી પુરૂષ કદી સંતાનરહિત ન જણાય, કેમકે એવાં કોઇ સ્ત્રી પુરૂષ નથી કે જે રસોનુ સેવન ન કરતાં હોય અને જો કહેવામાં આવે કે શ્રેષ્ટ રસોના સેવનથી ગર્ભ ઉત્પન્ન થાય છે, એ અભિપ્રાયથી ગર્ભની ઉત્પત્તિ કહેવામાં આવી છે તો બકરાં, ઘેટાં, મૃગ તથા મોરનું માંસ, ગાયનું દૂધ, દહીં તથા ઘી, મદ, તેલ, સીંધવખાર, શેરડીનોરસ, મગ તથા શાલિધાન્ય એઓના સેવન કરનારાને પણ સંતતિ થાય, અને શામો, કોદરા, જંગલના કોદરા, તથા કન્દમૂળ ખાનારા, સર્વ નિરપત્ય હોય પણ એમ થતું નથી, પરંતુ શ્રેષ્ટ રસ સેવન કરનારા તથા નિદુષ્ટ સેવન કરનારા બંનેય સંતાનરહિત તથા સંતતિવાળા હોય છે. એથી સિદ્ધ થાય છે કે રસથી સંતતિ ઉત્પન્ન થતી નથી. ૬.

ગર્ભનું સત્વ ગુણી થવું.

नखल्वपिपरलोकादेत्यसत्त्वंगर्भमवक्रामति । यदि[illegible]मेनास्यकिञ्चिदे-वपौर्वदेहिकंस्यादविदितमश्रुतमदृष्टं वा । सत्त्वकिञ्चिदपिनस्मरतितस्मादेतत्ब्रूमहे अमातृजश्चायंगर्भःपितृजश्चानात्मजश्चासात्म्यजश्चारसजश्चनचास्तिसत्त्वमौपपादि-कमितिहोवाच भरद्वाजः ॥ ७ ॥

પર લોકમાંથી આવીને મનપણ ગર્ભમાં પ્રવેશ કરતું નથી. જો એમ હોય તો પૂર્વ જન્મમાં જેટલી વાતો તેણે જોઇ સાંભળી હોય તે સર્વ તેને યાદ હોય પરંતુ કાંઈ પણ સ્મરણ હોતું નથી. એથી અમે કહીએ છીએ કે માતા, પિતા, આત્મા, સાત્મ્ય તથા રસથી ગર્ભની ઉત્પત્તિ થતી નથી અને પરલોકથી આવીને મન પણ તેમાં પ્રવેશ કરતું નથી એમ ભારદ્વાજજીએ કહ્યું. ૭.

આત્રેયનો મત.

नेतिभगवानात्रेयः सर्वेभ्यएभ्यो भावेभ्यःसमुदितेभ्योगर्भोऽभिनिर्वर्त्तते । मातृजश्चायंगर्भोनहि मातुर्विनागर्भोपपत्तिःस्यान्नचजन्मजरायुजानाम् । यानिखलुअस्यगर्भस्य मातृजानियानिचास्य मातृतःसम्भवतःसम्भवन्तितानि अनुव्याख्यास्यामः । तद्यथा– त्वक्चलोहितञ्चमांसञ्चमेदश्चनाभिश्चहृदयञ्चक्लोमचयकृच्चप्लीहा चवृक्कौचवस्तिश्चपुरीषाधानञ्चामाशयश्चप क्काशयश्चोत्तरगुदञ्चाधरगुदञ्चक्षुद्रान्त्रञ्च स्थूलान्त्रञ्च वपाचवपावहनञ्चेतिमातृजानि ॥ ८ ॥

ત્યારે ભગવાન આત્રેયજીએ કહ્યું કે એ બરોબર નથી માતા પિતા વિગેરે સંપૂર્ણ સમુદાયથીજ ગર્ભની ઉત્પત્તિ થાય છે. ગર્ભની ઉત્પતિ માતાથી થાય છે કેમકે માતા સિવાય ગર્ભ ઉત્પન્ન થઇ શકતો નથી. અને જરાયુજ જીવોનો જન્મ પણ થઇ શકતો નથી ગર્ભના જે જે અંશ માતાથી ઉત્પન્ન થાય છે તેનું વર્ણન કરીએ છીએ. જેમ કે ત્વચા, રૂધિર, માસ, મેદ, ડુંટી, હૃદય, ફેફસાં, યકૃત (લીવર–કલેજું) પ્લીહા, (બરોળ) બસ્તિ, પુરીષાધાન (મળાશય) આશય (હોજરી–જઠર) પકવાશય, ઉત્તર ગુદ, અધર ગુદ, નાનાં આંતરડાં, ચરબી તથા ચરબીનો માર્ગ આ સર્વ ગર્ભમાં માતાથી ઉત્પન્ન થાય છે. ૮

પિતાથી ઉત્પન્ન થનાર અવયવ.

पितृजश्चायंगर्भोनहि पितुर्ऋतेगर्भोत्पत्तिःस्यान्नचजन्मजरायुजानाम् । यानिखलुअस्यगर्भस्यपितृजानियानिचास्यपितृतः सम्भवतःसम्भवन्तितानिअनुव्याख्यास्यामः। तद्यथा–केशश्मश्रुनखलोमदन्तास्थिशिरास्नायुधमन्यःशुक्रमितिपितृजानि॥९

પિતાથી ગર્ભની ઉત્પત્તિ થાય છે, કેમકે પિતાના સિવાય ગર્ભ થઇ શકતો નથી. અને જરાયુજ જીવોનો જન્મ પણ થઇ શકતો નથી. ગર્ભમાં પિતાના જે જે અંશ હોય છે તેનું વર્ણન કરીએ છીએ જેવાકે વાળ, સ્મશ્રુ, નખ, રોમ, દાંત, હાડકાં, શિરા, સ્નાયુ, ધમની, તથા વીર્ય આ સર્વ ગર્ભમાં પિતાથી ઉત્પન્ન થાય છે. ૯

આત્માથી ઉત્પન્ન થએલા ગર્ભાવયવ.

आत्मजश्चायंगर्भोगर्भात्माह्यन्तरात्मायस्तंजीवइत्याचक्षतेशाश्वतमरुजमजरममरमक्षयमभेद्यमच्छेद्यमलेद्यंविश्वरूपं विश्वकर्माणमव्यक्तमनादिमनिधनमक्षरमपि । सगर्भाशयमनुप्रविश्यशुक्रशोणिताभ्यांसंयोगमेत्यगर्भत्वेनजनयत्यात्मनात्मानमात्मसंज्ञाहिगर्भेतस्यपुनरात्मनोजन्मानादित्वान्नोपपद्यतेतस्मादजातएवायंजातंगर्भंजनयतिजातोऽप्यजातञ्चगर्भंजनयति । सचैवगर्भःकालान्तरेणबालयुवस्थविरभावानवाप्नोति ॥ १० ॥

ગર્ભ આત્માથી ઉત્પન્ન થએલા ગર્ભમાં જે આત્મા કારણ હોય છે તેનેજ જીવ કહે છે. આત્મા, નિત્ય, નિરોગ, અજર, અમર, અક્ષય, અભેદ્ય, અલેહ્ય, વિશ્વરૂપ, વિશ્વકર્મ અવ્યક્તા, અનાદિ તથા અનન્ત છે એજ આત્મા ગર્ભમાં પ્રવેશ કરીને રજ તથા વીર્યના

સંયોગને પામીને ગર્ભરૂપથી પોતાને ઉત્પન્ન કરે છે. ફરી ગર્ભમાં જન્માદિ ન હોવાથી તેની આત્મસંજ્ઞા થઇ શકતી નથી. એથી કહેવામાં આવે છે કે ઉત્પન્ન તથા અનુત્પન્ન આત્મા ગર્ભને ઉત્પન્ન કરે છે. તે ગર્ભ કાલાન્તરે બાળ, યૌવન તથા વૃદ્ધતા એ અવસ્થાઓને પ્રાપ્ત થાય છે. ૧૦

सयस्यांयस्यामवस्थायां वर्त्तते तस्यांतस्यांजातोभवतियात्वस्यपुरस्कृतातस्यांजनिष्यमाणश्चतस्मात्सएवजातश्चाजातश्च युगपद्भवतितस्मिंश्चैतदुभयंसम्भवतिजातत्वञ्चैवजनिष्यमाणत्वञ्च । सजातोजन्यतेसचैवानागतेष्ववस्थान्तरेषुअजातो जनयत्यात्मनात्मानम् । सतोह्यवस्थानुगमनमात्रामेवहिजन्मचोच्यतेतत्रतत्रवयसितस्यांतस्यामवस्थायाम् । यथासतामेवशुक्रशोणितजीवानांप्राक्संयोगाद्गर्भत्वंनभवतितच्चसंयोगाद्भवति । यथासतस्तस्यैवपुरुषस्यप्रागपत्यात्पितृत्वंनभवतितच्चापत्याद्भवति । तथासतस्तस्यैवगर्भस्यतस्यांतस्यामवस्थायांजातत्वमजातत्वञ्चोच्यते ॥ ११ ॥

તે આત્માને જે અવસ્થામાં વર્તમાન હોય છે તેમાં ઉત્પન્ન થયો છે એમ કહેવાય છે. અથવા જેમાં તેનો જન્મ થનાર હોય છે તેમાંજ નિષ્યમાણ (ઉત્પન્ન થનાર) કહેવાય છે. એથી તે આત્મા એકજ વખતે ઉત્પન્ન તથા અનુત્પન્ન થાય છે. તેમાં જાતત્ત્વ તથા જનિષ્યમાણત્ત્વ આ બંને વાતો સંભવિત છે. આ પ્રકારે તે ઉત્પન્ન થઇને પણ ઉત્પન્ન થાય છે. અને અનાગત અવસ્થાઓમાં અનુત્પન્ન થઇને પોતાને ઉત્પન્ન કરે છે. સદ્‌વસ્તુના અવસ્થાંતરોમાં જવું તેજ જન્મ કહેવાય છે. જેમકે વીર્ય તથા રજ તથા જીવ આ પ્રથમ વિદ્યમાન હોવા છતાં પણ સંયોગ સિવાય ગર્ભત્વને પ્રાપ્ત થતાં નથી, પરંતુ સંયોગ સિવાય થયા પછી ગર્ભત્વને પ્રાપ્ત થાય છે. અને જેમ કોઈ પુરૂષ વિદ્યમાન હોવા છતાં પણ સંતાનોત્પત્તિની પહેલાં પિતા કહેવાતો નથી પરંતુ સંતાનોત્પત્તિની પછીજ પિતા કહેવાય છે, એજ પ્રકારે સદ્‌વસ્તુ આત્માની અવસ્થાઓને ભેદ શી ઉત્પન્નત્વ તથા અનુત્પન્નત્ત્વ કહેવામાં આવે છે. ૧૧.

नतुखलुगर्भस्यमातुर्नपितुर्नात्मनःसर्वभावेषुयथेष्टकारित्वमस्ति । तेकिञ्चित्स्ववशात्कुर्वन्तिकिञ्चित्कर्मवशात्कचिच्चैषांकरणशक्तेर्भवतिकचिन्नभवति । यत्रसत्त्वादिकरणसम्पत्तत्रयथाबलमेवयथेष्टकारित्वमतोऽन्यथाविपर्य्ययः । नचकरणदोषादकारणमात्मागर्भजननेसम्भवति ॥ १२ ॥

ગર્ભોત્પત્તિમાં માતા પિતા તથા આત્માના સર્વ વિષયોમાં યથેષ્ટ કારિત્વ (જે ઇચ્છે તે કરી શકે) નથી. તે કાઇ પોતાની સત્તા વડે કરે છે અને કાંઇ કર્મ સત્તાથી કરે છે. કંઈ કંઇ તેની કરણુ શકિત હોય છે અને કંઇ નથી હોતી. જ્યાં સત્વાદિ કરણોની શ્રેષ્ટતા હોય છે ત્યાં બળને અનુસાર યથેષ્ટ કાર્ય કરવામાં આવે છે. નહિતો વિપરીતતા થાય છે. કરણોના દૂષિત થવાથી આત્મા ગર્ભની ઉત્પત્તિમાં સમર્થ થઇ શકતો નથી. ૧૨.

दृष्टश्चचेष्टायोनिरैश्वर्य्यमोक्षश्चात्मविद्भिरात्मायत्तम् । नह्यन्यः सुखदुःखयोःकर्त्ता-नचान्यतोगर्भोजायतेजायमानोनच अंकुरोत्पत्तिरबीजात् ॥ १३ ॥

આત્માજ્ઞાની લોક ચેષ્ટા, યોની, ઐશ્વર્ય તથા મોક્ષને પોતાને આધિન રાખે છે. આત્માના સિવાય બીજું કોઇ સુખ દુઃખનું કર્તા નથી અને આત્મા સિવાય ગર્ભોત્પત્તિ પણ થતી નથી કેમકે બીજ સિવાય કોઇ પણ પ્રકારથી અંકુરની ઉત્પત્તિ થઈ શકતી નથી. ૧૩.

આત્માથી ઉત્પન થએલ દ્રવ્ય.

यानितुखलुअस्यगर्भस्यात्मजानियानिचअस्यात्मतःसम्भवतः सम्भवन्तितानि-अनुव्याख्यास्यामः । तद्यथा—तासुतासुयोनिषुउत्पत्तिरायुरात्मज्ञानंमनइन्द्रिया-णिप्राणापानौप्रेरणंधा[illegible]ाकृतिःस्वरवर्णविशेषाःसुखदुःखेइच्छाद्वेषौचेतनाधृतिबु-द्धिस्मृतिरहंकारःयत्नश्चेत्यात्मजानि ॥ १४ ॥

ગર્ભમાં જે જે અંશ આત્માથી ઉત્પન્ન થાય છે તેનું વર્ણન કરીએ છીએ. જેમ અને-ક યોનિયોમાં ઉત્પન્ન થવું, આત્મ જ્ઞાન, આયુષ્ય, મન, ઇન્દ્રિય, પ્રાણ, અપાન, પ્રેરણા, ધારણા, આકૃતિ, સ્વર, વર્ણ, સુખ, દુખ, ઇચ્છા, દ્વેષ ચૈતન્યતા, ધૈર્ય, બુદ્ધિ, સ્મૃતિ, અંહ-કાર, તથા પ્રયત્ન આ સર્વ આત્માથી ઉત્પન્ન થાય છે. ૧૪.

सात्म्यजश्चायंगर्भः नहिअसात्म्यसेवित्वमन्तरेणस्त्रीपुरुषयोर्वन्ध्यत्वमस्तिगर्भेषुवा-अनिष्टोभावः । यावत्खलुअसात्म्यसेविनांस्त्रीपुरुषाणांत्रयोदोषाःप्रकुपिताःशरीर-मुपसर्पन्तोनशुक्रशोणितगर्भा[illegible]योपघातायोपपद्यन्तेतावत्समर्थागर्भजननायभवन्ति । सात्म्यसेविनांपुनःस्त्री[illegible]रुषाणामनुपहतशुक्रशोणितगर्भाशयानामृतुकालेसन्निपा-तितानांजीवस्यानवक्रमणाद्गर्भानप्रादुर्भवन्ति । नहिकेवलंसात्म्यजएवायंगर्भःस-मुदायोऽत्रकारणमुच्यते ॥ १५ ॥

ગર્ભ સાત્મ્યથી ઉત્પન્ન થાય છે. કેમકે અસાત્મ્ય વસ્તુઓના સેવન સિવાય સ્ત્રી પુરૂષો-ને વન્ધ્યત્વ પ્રાપ્ત થતું નથી. તેમ ગર્ભમાં કોઇ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી. અસાત્મ્ય વસ્તુઓનું સેવન કરનાર સ્ત્રી પુરૂષોના ત્રણે દોષ કોપિત થઇને શરીરમાં ફેલાઇને જ્યાં સુધી વીર્ય રજ તથા ગર્ભાશયને બગાડતાં નથી ત્યાં સુધી અસાત્મ્ય વસ્તુ-ઓનું સેવન કરનારા પણ ગર્ભની ઉત્પત્તિ કરવામાં સમર્થ થાય છે. અને જે સ્ત્રી પુરૂષ સા-ત્મ્ય વસ્તુઓનું સેવન કરે છે, જેનાં વીર્ય, રજ તથા ગર્ભાશય દુષિત હોતાં નથી એવાં સ્ત્રી પુરૂષોને રૂતુકાલમાં સંયોગ થવા છતાં પણ જીવાત્માનો પ્રવેશ ન થવાથી ગર્ભોત્પત્તિ થતી નથી. કેમકે કેવળ સાત્મ્યથીજ ગર્ભોત્પત્તિ થતી નથી. પરંતુ સંપૂર્ણ કારણોનો સમુદા-યજ ગર્ભની ઉત્પત્તિનું કારણ છે. ૧૫.

સાત્મ્ય થયેલા ગર્ભના અવયવ.

यानितुखल्वस्यगर्[illegible]सात्म्यजानियानिचअस्यसात्म्यतःसम्भवतःसम्भवन्तिता-निअनुव्याख्यास्यामः । तद्यथा—आरोग्यमनालस्यमलोलुपत्वमिन्द्रियप्रसादःस्व-

रवर्णबीजसम्पत्प्रहर्षभूयस्त्वञ्चेतिसात्म्यजानि ॥ १६ ॥

ગર્ભમાં જે જે અંશ સાત્મ્યથી ઉત્પન્ન થાય છે તેનું વર્ણન કરીએ છીએ જેમકે આરોગ્ય, નિરાલસ્યતા, નિર્લોભતા, ઇન્દ્રિયોનું નિર્મળ થવું, શ્રેષ્ટસ્વર, શ્રેષ્ટવર્ણ, શ્રેષ્ટવીર્ય, બહુજ પ્રસન્નતા આ સર્વ સાત્મ્યથી ઉત્પન્ન થાય છે. ૧૬.

ગર્ભની રસજ ઉત્પત્તિ.

रसजश्चायंगर्भोनह्रिरसादृतेमातुः प्राणयात्रापिस्यात्किंपुनर्गर्भजन्म, नचैवास्यसम्यगुपयुज्यमानारसागर्भमभिनिर्वर्त्तयन्ति । नचकेवलंसम्यगुपयोगादेवरसानांगर्भोभिनिर्वृत्तिर्भवतिसमुदायोऽस्त्यत्रकारणमुच्यते ॥ १७ ॥

ગર્ભ રસથી ઉત્પન્ન થાય છે. કેમકે રસ વિના માતાની પ્રાણયાત્રા પણ થઇ શકતી નથી. ગર્ભ તો દૂર રહ્યો પણ સારી રીતે ઉપયોગ કરવામાં આવેલ રસ પણ ગર્ભોત્પત્તિનું કારણ નથી કેમકે રસોના સારી રીતે ઉપયોગથીજ ગર્ભની ઉત્પત્તિ થતી નથી પરંતુ સંપૂર્ણ કારણોનો સમુદાય ગર્ભોત્પત્તિમાં કારણ છે. ॥ ૧૭ ॥

ગર્ભના રસજ અવયવ.

यानितुखल्वस्यगर्भस्यरसजानियानिचास्यरसतः सम्भवतः सम्भवन्तितान्यनुव्याख्यास्यामः । तद्यथा—शरीरस्याभिनिर्वृत्तिरभिवृद्धिःप्राणानुबन्धस्तृप्तिःपुष्टिरुत्साहश्चेतिरसजानि ॥ १८ ॥

ગર્ભના જે જે અંશ રસથી ઉત્પન્ન થાય છે તેનું વર્ણન કરીએ છીએ. જેમકે શરીરની સિદ્ધિ, શરીરની વૃદ્ધિ, પ્રાણ વાયુનું સ્થિત રહેવું, તૃપ્તિ, પુષ્ટિ તથા ઉત્સાહ આ રસથી ઉત્પન્ન થાય છે. ૧૮.

સત્વનું ઉત્પાદકત્વ.

अस्तिखल्वपिसत्त्वमौपपादिकं यज्जीवस्पृक्शरीरेणाभिसम्बध्नाति । यस्मिन्नपगमनपुरस्कृतेशीलमस्यव्यावर्त्ततेभक्तिर्विपर्य्यस्यतेसर्वेन्द्रियाण्युपतप्यन्तेबलंहीयतेव्याधयआप्यायन्ते । यस्माद्धीनःप्राणाञ्जहातियदिन्द्रियाणामभिग्राहकञ्चमनइत्यभिधीयतेतत्त्रिविधमाख्यायतेशुद्धंराजसंतामसञ्चइति ॥ १९ ॥

પરલોકથી આવીને મન અવશ્ય ગર્ભમાં પ્રવેશ કરે છે કેમકે મનજ જીવાત્માની સાથે શરીરનો સંબંધ કરે છે. જ્યારે મન શરીરથી છુટું પડનાર થાય છે. ત્યારે સ્વભાવ તથા ભક્તિમાં વિપરીતતા થઇ જાય છે. ઇંદ્રિયો સંતપ્ત થાય છે, બલ ક્ષીણ થાય છે, રોગ વધે છે, અને શરીરથી મનના છુટા પડતાંજ પ્રાણ નિકળી જાય છે. અને આ મનજ ઇંન્દ્રિયોનું પ્રેરક છે. મન શુદ્ધ, રાજસ તથા તામસ આ ત્રણ પ્રકારનું કહેવાય છે. ૧૯.

येनास्यखलुमनसाभूयिष्ठंतेनद्वितीयायामाजातौसम्प्रयोगोभवति । यदातुतेनैवशुद्धेनसंयुज्यतेतदाजातेरतिक्रान्तायाश्च स्मरति । स्मार्त्तंहिज्ञानमात्मनस्तस्यैवमनसोऽनुबन्धादनुवर्त्ततेयस्या... वृत्तिंपुरस्कृत्यपुरुषोजातिस्मरइत्युच्यतेइतिसत्त्वमुक्तम् २०

મૃત્યુના વખતે મનુષ્યનું જેવું મન હોય છે તેવુંજ બીજા જન્મમાં પણ હોય છે. જેનું મન શુદ્ધ હોય છે તેને પૂર્વ જન્મનું સ્મરણ રહે છે. આત્માની સાથે તે મનના પરંપરાગત સંયોગથીજ પૂર્વ જન્મનું સ્મરણ થાય છે. એથી પુરૂષ જાતિસ્મર કહેવાય છે. આ પ્રકારે મનનું પરલોકમાંથી આવવું એ પણ સિદ્ધ કરવામાં આવ્યું છે. ૨૦.

यानिखल्वस्यगर्भस्यसत्त्वजानियानिचअस्यसत्त्वतःसम्भवतःसम्भवन्तितानिअनुव्याख्यास्यामः । तद्यथा—भक्तिःशीलंशौचंद्वेषःस्मृतिर्मोहस्त्यागोमात्सर्यंशौर्यंभयंक्रोधस्तन्द्राउत्साहस्तैक्ष्ण्यंमार्दवंगाम्भीर्यमनवस्थितत्वमित्येवमादयश्चान्येते सत्त्वजाविकारायानुत्तरकालंसत्त्वभेदमधिकृत्यउपदेक्ष्यामइति सत्त्वजानि । नानाविधानितुखलुसत्त्वानितानिसर्वाणिएकपुरुषेभवन्तिनचभवन्तिएककालम्, एकन्तुप्रायोऽनुवृत्त्याह । एवमयंनानाविधानामेषांगर्भकराणांभावानांसमुदायादभिनिर्वर्त्ततेगर्भः ॥ २१ ॥

ગર્ભમાં જે જે મનના અંશ છે તેનું વર્ણન કરીએ છીએ. જેમકે ભક્તિ શીલ, શૌચ, દ્વેષ, સ્મૃતિ, મોહત્યાગ, મત્સરતા, શૂરતા, ભય, ક્રોધ, તન્દ્રા, ઉત્સાહ, તીક્ષ્ણતા, મૃદુતા, ગંભીરતા, તથા ચંચળતા, ઇત્યાદિ અન્ય વિષયો પણ મનથી ઉત્પન્ન થાય છે. એક પુરૂષમાં અનેક પ્રકારનું મન હોય છે. પરંતુ એકી વખતે અનેક પ્રકાર હોતા નથી. અને જે ગુણની મનમાં ઘણે ભાગે અધિકતા રહે છે, તેના અનુસાર જ મન એક પ્રકારનું કહેવાય છે. અર્થાત જે મનમાં સત્વ આદિક હોય છે તે સત્વ ગુણી, જેમાં રાજસ અધિક હોય છે તે રજોગુણી, અને જેમાં તમ અધિક હોય છે તે તમોગુણી કહેવાય છે. આ પ્રકારે અનેક કારણોના સમુદાયથી ગર્ભ ઉત્પન્ન થાય છે. ૨૧

यथाकूटागारंनानाद्रव्यसमुदयाद्यथावारथोनानारथाङ्गसमुदायात्तस्मादेतदवोचाममातृजश्चायंगर्भःपितृजश्चात्मजश्चसात्म्यजश्चरसजश्च । अस्तिसत्त्वमौपपादिकमितिहोवाचभगवानात्रेयः ॥ २२ ॥

જેમ ઘર (ઘર-વિશેષ—તેનું વર્ણન સ્વેદાધ્યાયમાં થશે.) અનેક દ્રવ્યોના સમુદાયથી અને રથ અનેક અંગોના સમુદાયથી બને છે. તેજ રીતે ગર્ભ પણ અનેક કારણોના સમુદાયથી ઉત્પન્ન થાય છે. એથી અમે કહ્યું હતું કે, માતા, પિતા, આત્મા, સાત્મ્ય તથા રસથી ગર્ભની ઉત્પત્તિ થાય છે. અને સત્વ અંતકમન આવીને તેમાં પ્રવેશ કરે છે. એમ ભગવાન આત્રેયજીએ કહ્યું. ૨૨.

ભરદ્વાજનો પ્રસ્તાવ.

भरद्वाजउवाच । यद्ययमेषांनानाविधानांगर्भकराणांभावानांसमुदायादभिनिर्वर्त्ततेगर्भःकथमयंसन्धीयते । यदिचापिसन्धीयतेकस्मात्समुदायप्रभवःसन्गर्भोमनुष्यविग्रहेणजायतेमनुष्यश्चमनुष्यप्रभवउच्यते । तत्रचेदिष्टमेतद्यस्मान्मनुष्योमनुष्यप्रभवस्तस्मान्मनुष्यविग्रहेणजायते । यथागौर्गोप्रभवःयथाचाश्वोऽश्वप्रभवइत्येवंयत्तन्मेसमुदायात्मकइतितदयुक्तंयदिचमनुष्योमनुष्यप्रभवःकस्माज्जडान्धकुब्ज

कवामनामन्विनव्यङ्गोन्मत्तकुष्ठकिलासेभ्योजाताःपितृसदृशरूपानभवन्ति । अथात्रापिबुद्धिरेवंस्यात्स्वेनैवायमात्माचक्षुषारूपाणिवेत्तिश्रोत्रेणशब्दान्घ्राणेन-गन्धान्रसनेनरसान्स्पर्शनेनस्पर्शान् बुद्धयाबोद्धव्यमित्यनेनहेतुनाजडादिभ्यो-जाताःपितृसदृशाभवन्ति । अत्रापिप्रतिज्ञाहानिर्दोषःस्यादेवमुक्तेह्यात्मासत्स्विन्द्रि-येषुज्ञःस्यादसत्स्वज्ञोयत्रचैतदुभयंसम्भवतिज्ञत्वमज्ञत्वञ्च सविकारश्चात्मा-निर्विकारोज्ञश्च । यदिचदर्शनादिभिरात्मा विषयान्वेत्तिनिरिन्द्रियोदर्शनादिविरहा-दज्ञःस्यादज्ञत्वाच्चकारणमकारणत्वाच्चानात्मेतिवाग्वस्तुमात्रमेतद्वचनमनर्थकंस्या-दितिहोवाचभरद्वाजः ॥ २३ ॥

ત્યારે ભારદ્વાજ મુનિએ કહ્યું કે જો કારણ રૂપ અનેક પ્રકારના પદાર્થોના સમુદાયથી જ ગર્ભની ઉત્પત્તિ થાય છે તો સર્વ પદાર્થ કયા પ્રકારથી મળીને ગર્ભ રૂપ થઈ જાય છે. તો અનેક પદાર્થોથી બનેલો ગર્ભ કયા કારણથી મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે અને કેમ મનુષ્ય મનુષ્યનું કારણ કહેવાય છે. અહીં આગળ જો એમ કહેવામાં આવે કે મનુષ્યનું કારણ મનુષ્ય છે એથી ગર્ભ મનુષ્યના આકારમાં ઉત્પન્ન થાય છે. જેમ ગામથી ગામ ઉત્પન્ન થાય છે અને ઘોડાથી ઘોડો ઉત્પન્ન થાય છે તો પ્રથમ જે કહ્યું કે અનેક પદાર્થોના સમુદાયથી ગર્ભ ઉત્પન્ન થાય છે તે અસંગત થઇ જશે. અને જો મનુષ્યની ઉત્પત્તિનું મનુષ્ય કારણ છે તો જડ, અંધ, કુબડા, મૂંગા, મિન મિના, વામન, વ્યંગ રોગવાળા, ઉન્મત્ત, કોઢીઆ, તથા કિલાસી મનુષ્યથી ઉત્પન્ન થએલ સંતતિ પિતાના જેવી કેમ ઉત્પન્ન થતી નથી? અહીં આગળ એ બોધ પણ થઇ શકે છે કે આ આત્મા પોતાના નેત્રો વડે રૂપ, કાનો વડે શબ્દ, પોતાની નાસિકા, વડે ગંધ, પોતાની ત્વચા વડેસ્પર્શ, પોતાની જીભ વડે રસ, પોતાની બુદ્ધિ વડે જાણવા યોગ્ય વિષયોનું ગ્રહણ કરે છે એ કારણથી જડ તથા અંધ આદિ પુરૂષોની સંતાન પિતાના જેવી થતી નથી. પરંતુ એમ માનવાથી પ્રતિજ્ઞા હાનિ નામનો દોષ લાગશે કેમકે ઇન્દ્રિયોના વિદ્યમાન હોવા છતાં પણ આત્મા જ્ઞાનવાળો, અને ઇન્દ્રિયોના વિદ્યમાન ન હોવા છતાં પણ આત્મા જ્ઞાન રહિત સિદ્ધ થઇ જશે. અને જેમાં જ્ઞાનિત્વ તથા અજ્ઞાનિત્વ આ બંને વાતોનો સંભવ હોય તે આત્મા વિકારવાળો પ્રકૃતિ, નિર્વિકાર જ્ઞાનવાળો તથા અજ્ઞાનવાળો સિદ્ધ થશે અને જો દર્શન વિગેરે ઇન્દ્રિયો દ્વારાજ આત્મા વિષયોનું ગ્રહણ કરે છે અથવા ઇન્દ્રિયોના ન હોવાથી વિષયોનું ગ્રહણ કરતો નથી તો અજ્ઞાન હોવાથી આત્મા કારણ થઈ શકતો નથી અને અકારણ હોવાથી તેમાં આત્મત્વજ હોઇ શકતું નથી. એથી જે આપણે કહ્યું તે કથન માત્રજ છે અને અનર્થક છે. એમ ભારદ્વાજ મુનિએ કહ્યું. ૨૩.

આત્રેયજીનો ઉત્તર.

आत्रेयउवाच । पुरस्तादेतत्प्रतिज्ञातंसत्त्वंजीवस्पृक्शरीरेणाभिसम्बध्नातीति । यस्मात्तुसमुदायप्रभवःसन्गर्भोमनुष्यविग्रहेणजायतेमनुष्यश्चमनुष्यप्रभवइत्युच्यते-तद्वक्ष्यामः ॥ २४ ॥

ત્યારે ભગવાન આત્રેયજીએ કહ્યું કે પ્રથમ એ કહેવામાં આવ્યું કે જીવ સહિત મનનો શરીરની સાથે સંબંધ થાય છે. હવે જે કારણથી અનેક પદાર્થોથી બનાવેલો ગર્ભ મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે અને મનુષ્યનું કારણ મનુષ્ય કહેવામાં આવે છે તેનું વર્ણન કરીએ છીએ. ૨૪.

भूतानांचतुर्विधायोनिर्भवतिजरायवण्डस्वेदोद्भिदः । तासांखलुचतसृणामपियोनीनामेकैकायोनिरपरिसंख्येयभेदाभवति भूतानामाकृतिविशेषापरिसंख्येयत्वात् । तत्रजरायुजानामण्डजानां प्राणिनामेतेगर्भकराभावायांयांयोनिमापद्यन्तेतत्स्यांतस्यांयोनौतथातथारूपाभवन्ति । तद्यथा कनकरजतताम्रत्रपुसीसा आसिच्यमानास्तेषुतेषुमधूच्छिष्टबिम्बेषुतेयदामनुष्यबिम्बमापद्यन्तेतदामनुष्यविग्रहेणजायन्ते । तस्मात्समुदायात्मकःसन्गर्भोमनुष्यविग्रहेणजायतेमनुष्योमनुष्यप्रभवइत्युच्यतेतद्योनित्वात् ॥ २५ ॥

પ્રાણિયોની જરાયુ, અન્ડ, સ્વેદ તથા ઉદ્‌ભિદ્ આ ચાર યોનિ છે, આ ચારે યોનિયોમાંથી એક એક યોનિના અસંખ્ય પ્રકાર હોય છે. કેમકે પ્રાણિયોના વિશેષ આકાર અસંખ્ય છે. ચારે પ્રકારની યોનિમાંથી જરાયુજ તથા અન્ડજ પ્રાણિયોના ગર્ભજનક જે જે પદાર્થ જે જે યોનિમાં પ્રાપ્ત થાય છે, તે તે યોનિમાં તે તે પ્રકારના રૂપને ધારણ કરે છે. જેમ મીણ, સોનું, ચાંદી, તાંબુ, કલાઇ તથા શીસાને ગાળીને સાંચામાં ઢાળી દેવાથી મનુષ્ય વિગેરેના જેવી આકૃતિ બની જાય છે એ પ્રકારે જ્યારે ગર્ભકારક પદાર્થ મનુષ્ય-યોનિમાં પ્રવેશ થઇને મિશ્ર થાય છે ત્યારે મનુષ્ય આકારથી ઉત્પન્ન થાયછે. અને મનુષ્યનું કારણ મનુષ્ય એ કારણથી કહેવાય છે કે મનુષ્ય યોનિથીજ મનુષ્યની ઉત્પત્તિ થાય છે. ૨૫

यच्चोक्तंयदिचमनुष्योमनुष्यप्रभवःकस्मान्नजडादिभ्योजाताः पितृसदृशरूपाभवन्तीतितत्रउच्यते यस्ययस्यहिअङ्गावयवस्यबीजेबीजभावउपतप्तोभवतितस्यतस्याङ्गावयवस्यविकृतिरुपजायतेनउपजायतेचअनुतापात्तस्मादुभयोपपत्तिरपिअत्रसर्वस्यचात्मजानिइन्द्रियाणितेषांभावाभावहेतुर्दैवंतस्मान्नैकान्ततोजडादिभ्योजाताः पितृसदृशरूपाभवन्ति ॥ २६ ॥

અને જે એ સંદેહ કર્યો કે જો મનુષ્યથી મનુષ્યની ઉત્પત્તિ છે. તો અંધાદિ પુરૂષોની સંતતિ અંધાદિજ હોવી જોઇએ, તેનો ઉત્તર એ છે કે જે જે અંગનાબીજમાં રોગવાળાં બીજ હોય છે, તે અંગ વિકારવાળું થાય છે. અને બીજ નિર્વિકાર હોય છે તો અંગમાં પણ કોઈ વિકાર થતો નથી એથી વિકારવાળું થવું તથા નિર્વિકાર થવું બંને વાતો સિદ્ધ થાય છે. સર્વની ઇન્દ્રિય આત્મજ હોય છે. ઇન્દ્રિયોનું હોવું તથા ન હોવાનું કારણ પૂર્વજન્મનાં કર્મ છે. એથી જડ તથા અંધ આદિ મનુષ્યોની સંતતિ પિતાના જેવી જડ તથા અંધ થતી નથી. ૨૬.

नचात्मासत्स्विन्द्रियेषुअज्ञोऽसत्सुवाभवत्यज्ञोनह्यसत्त्वःकदाचिदात्मासत्त्वविशेषाच्चउपलभ्यतेज्ञानविशेषइति ॥ २७ ॥

અને ઇન્દ્રિયોના હોવાથી આત્મા જ્ઞાનવાળો તથા ઇન્દ્રિયોના ન હોવાથી જ્ઞાન રહિત થાય છે. એ કહેવું પણ યોગ્ય નથી, કેમકે આત્માની સાથે હંમેશાં સત્વસંજ્ઞક મન રહે છે અને સત્વથીજ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૨૭.

भवन्तिचात्र.

नकर्त्तुरिन्द्रियाभावात्कार्य्यंज्ञानंप्रवर्त्तते । यैः क्रियावर्त्ततेयातु साविनातैर्नवर्त्तते ॥ २८ ॥ जानन्नपिमृदोभावात्कुम्भकृन्नप्रवर्त्तते । श्रूयताञ्चेदमध्यात्ममात्मज्ञानबलंमहत् ॥ २९ ॥

આમાં આ શ્લોક છે, ઇન્દ્રિયોના સિવાય કર્તાને કાર્યનું જ્ઞાન થતું નથી કેમકે જે કારણોથી જે ક્રિયા સિદ્ધ થાય છે તે તેના વિના થતી નથી. ૨૮. જેમ કુંભાર ઘડાને બનાવવાની રીતને જાણવા છતાં પણ મૃતિકાવિના ઘડો બનાવી શકતો નથી તેજ રીતે ઇન્દ્રિયો વિના આત્માને વિષયોનું જ્ઞાન થઇ શકતું નથી. હવે હું આત્મજ્ઞાનને પુષ્ટ કરવાને માટે અધ્યાત્મ જ્ઞાન સંભળાવું છું તે તમે સાંભળો. ૨૯.

અધ્યાત્મ જ્ઞાન.

देहेन्द्रियाणिसंक्षिप्यमनःसंगृह्यचञ्चलम् । प्रविश्याध्यात्ममात्मज्ञःस्वेज्ञानेपर्य्यवस्थितः ॥ ३० ॥ सर्वत्र विहितज्ञानःसर्वभावान्परीक्षते । गृह्णीष्ववेदमपरंभरद्वाजविनिर्णयः ॥ ३१ ॥

આત્માજ્ઞાની પુરૂષ ઇન્દ્રિયોને વિષયોમાંથી નિવૃત્ત કરીને અને ચંચલમનને રોકીને અને અધ્યાત્મમાં પ્રવેશ કરીને આત્મ જ્ઞાનમાં સ્થિત થાય છે. ૩૦. અને જ્ઞાન દ્રષ્ટિથી સર્વ પદાર્થોની પરીક્ષા કરે છે. તેનું જ્ઞાન કંઇ પણ રોકાતું નથી. હે ભરદ્વાજ! આત્મા જ્ઞાનવાળો છે. એ વાત પર એક બીજું પ્રમાણ સાંભળો. ૩૧.

निवृत्तेन्द्रियवाक्चेष्टःसुप्तःस्वप्नगतोयदा । विषयान्सुखदुःखेचवेत्तिना[illegible]ऽप्यतः स्मृतः ॥ ३२ ॥ नात्माज्ञानादृतेचैकंज्ञानंकिञ्चित्प्रवर्त्तते । नह्येकोवर्त्ततेभावोवर्त्ततेनाप्यहेतुकः ॥ ३३ ॥

જ્યારે મનુષ્યો સુઇ જાય છે ત્યારે તેની સંપૂર્ણ ઇંદ્રિયોની ચેષ્ટા બંધ થઇ જાય છે. પરંતુ સ્વપ્નમાં સંપૂર્ણ વિષય તથા સુખ દુઃખનું જ્ઞાન તેને થાય છે. એથી એ સિદ્ધ થાય છે કે આત્મા અજ્ઞાન નથી. ૩૨.

આત્મજ્ઞાન વિનાજ કોઈ પણ જ્ઞાન પ્રવૃત્ત થઇ શકતું નથી. સંસારમાં કોઈ પદાર્થ એક નથી, અને હેતુ રહિત નથી. ૩૩

[illegible]:प्रकृतिश्चात्माद्रष्टाकारणमेवच ।
सर्वमेतद्भरद्वाज ! निर्णीतंजहिसंशयमिति ॥ ३४ ॥

એથી આત્મા જ્ઞાનયુક્ત, પ્રકૃતિ, દ્રષ્ટા, (સાક્ષી) તથા કારણ છે. હે ભરદ્વાજ! આ સર્વ વાતો નિર્ણીત (નિર્ણય કરેલી) છે એથી સંદેહનો ત્યાગ કરો. ૩૪

અધ્યાયનું સંક્ષિપ્ત વર્ણન.

तत्र श्लोकौ.

हेतुगर्भस्यनिर्वृत्तौवृद्धौजन्मनिचैव यः। पुनर्वसुमतिर्याचभरद्वाजमतिश्चया ॥३५॥
प्रतिज्ञाप्रतिषेधश्चविस्तरश्चात्मनिर्णयः गर्भावक्रान्तिमुद्दिश्यखुड्डीकंसम्प्रकाशितम् ॥ ३६ ॥

તેમાં આ બે શ્લોક છે. ખુડ્ડીકાગર્ભાવક્રાન્તિ શારીર નામના આ અધ્યાયમાં ભગવાન્ આત્રેયજીએ ગર્ભની ઉત્પત્તિ, વૃદ્ધિ તથા બનવાનું કારણ, આત્રેયજી તથા ભરદ્વાજનો મત, પ્રતિજ્ઞા, પ્રતિબંધ, તથા વિસ્તાર પૂર્વક નિર્ણય, આ સર્વ વિષયનું વર્ણન કર્યું છે. ૩૫-૩૬.

इतिखुड्डीकागर्भावसंक्रांतिः शारीरः समाप्तः ॥ ३ ॥

ઇતિ ખુડ્ડીકાગર્ભાવક્રાન્તિઃ શારીર નામનો અધ્યાય સમાપ્ત થયો. ૩

चतुर्थोऽध्यायः

अथातो महतींगर्भावक्रांतिंशारीरंव्याख्यास्याम इति हस्माहभगवानात्रेयः ।

હવે અમે મહતીગગર્ભાવ ક્રાંતિ શારીરની વ્યાખ્યા કરીએ છીએ. એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

આત્રેયજીની પ્રતિજ્ઞા.

यतश्चगर्भःसम्भवतियस्मिंश्चगर्भसंज्ञायद्विकारश्चगर्भोयथाचानुपूर्व्याभिनिर्वर्त्ततेकुक्षौयश्चास्यवृद्धिहेतुर्यतश्चास्यावृद्धिर्भवतियतश्चजायमानःकुक्षौविनाशंप्राप्नोतियतश्चकात्स्न्येनाविनश्यन्विकृतिमापद्यतेतदनुव्याख्यास्यामः ॥ १ ॥

જેથી ગર્ભ ઉત્પન્ન થાય છે જેમાં ગર્ભસંજ્ઞા હોય છે, જેનો વિકાર ગર્ભ છે, કુખમાં જે ક્રમથી ગર્ભના ઉત્પત્તિ થાય છે, ગર્ભની વૃદ્ધિનું કારણ, ગર્ભના ન વધવાનું કારણ, જે કારણથી ગર્ભ ઉત્પન્ન થઇને કુખમાં નષ્ટ થઇ જાય છે, અને જે કારણથી ગર્ભ બિલકુલ નષ્ટ ન થઇને વિકારને પ્રાપ્ત થાય છે. આ સર્વ વાતોનું આગળ વ્યાખ્યાન કરીએ છીએ. ૧

ગર્ભની ઉત્પત્તિનું કારણ.

मातृतःपितृतआत्मतःसात्म्यतो रसतःसत्त्वतइत्येतेभ्योभावेभ्यःसमुदितेभ्योगर्भःसम्भवति । तस्ययेयेऽवयवायतोयतः सम्भवतःसम्भवन्तितान्विभज्यमातृजादीनवयवान्पृथक्पृथगुक्तमग्रे । शुक्रशोणितजीवसंयोगेतुखलुकुक्षिगतेगर्भसंज्ञाभवति ॥ २ ॥

માતા, પિતા, આત્મા, સાત્મ્ય, રસ તથા સત્વ આ સર્વ ભાવોના મળવાથી ગર્ભની ઉત્પત્તિ થાય છે, એમાંથી જે દ્વારા ગર્ભના જે જે અંગ ઉત્પન્ન થાય છે તે માતૃજ આદિ અંગોનો વિભાગ કરીને જુદુ જુદુ પ્રથમ કહેવામાં આવ્યું. કુખમાં વીર્ય, રજ તથા જીવના સંયોગને ગર્ભ કહે છે. ૨

ગર્ભના વૈકારિક દ્રવ્ય.

गर्भस्तुखलुअन्तरिक्षवाय्वग्नितोयभूमिविकारश्चेतनाधिष्ठान भूतएवमनयैवयुक्त्या-पञ्चमहाभूतविकारसमुदायात्मकोगर्भश्चेतनाधात्वधिष्ठानभूतःसह्यस्यषष्ठोधातुरुक्तः ३

આકાશ, વાયુ, અગ્નિ, જળ તથા ભૂમિ આનો વિકારજ ગર્ભ છે અને આ ગર્ભ ચેતનાનો આધાર છે. આ યુક્તિથી એ સિદ્ધ થાય છે કે પાંચ મહા ભૂતોના વિકારોના સમુદાય રૂપ ગર્ભ ચેતના ધાતુનો આધાર છે. એ ચેતના ગર્ભની છઠી ધાતુ કહેવાયછે. ૩

ગર્ભની આનુપૂર્વિક ઉત્પત્તિ.

यथात्वानुपूर्व्याभिनिर्वर्त्ततेकुक्षौतदनुव्याख्यास्यामः । गते पुराणेरजसिनवेच-अवस्थितेपुनःशुद्धस्नातांस्त्रियमव्यापन्नयोनिशोणितगर्भाशयामृतुमतीमाचक्ष्महेत-यासहतथाभूतयायदा पुमानव्यापन्नबीजोमिश्रीभावंगच्छतितस्यहर्षोदीरितःपरः शरीरधात्वात्माशुक्रभूतोऽङ्गादङ्गात्सम्भवति । स तथाहर्षभूतेनात्मनोदीरित-श्चअधि[illegible]तबीजधातुःपुरुषशरीरादभिनिष्पद्योदितेनहितेनपथागर्भाशयमनुप्रवि-श्यार्त्तवेनाभिसंसर्गमेति । तत्र पूर्वंचेतनाधातुःसत्त्वकरणोगुणग्रहणायपुनःप्रव-र्त्तते । सहिहेतुः कारणंनिमित्तमक्षरंकर्त्तामन्तावेदिताबोद्धाद्रष्टाधाताब्रह्माविश्व-कर्माविश्वरूपःपुरुषःप्रभवोऽव्ययोनित्यःगुणीग्रहणंप्राधान्यमव्य[illegible]ःप्रकुल-श्चेतनावान्विभुर्भूतात्माचेन्द्रियात्माचान्तरात्माचेति ॥ ४ ॥

જે ક્રમથી કુખમાં ગર્ભની ઉત્પત્તિ થાય છે તેનું વર્ણન કરીએ છીએ. જુના રજના નિવૃત્ત થઈ ગયા પછી, નવીન રજના પ્રવૃત્ત થયા પછી, ચોથા દિવસે સ્નાન કરી શુદ્ધ થએલી જેની રજ યોની તથા ગર્ભાશયમાં કાંઈ દોષ ન હોય એવી સ્ત્રીને ૠતુમતી કહે છે. એવી સ્ત્રીની સાથે જે પુરૂષના બીજમાં કોઈ દોષ ન હોય એવો પુરૂષ જ્યારે સંગમ કરે છે. ત્યારે તે પુરૂષના હર્ષને લીધે અંગે અંગથી શુક્ર નામની (વીર્ય) પરમ ધાતુ ઉત્પન્ન થાય છે. તે વીર્ય હર્ષ યુકત આત્માથી પ્રેરિત થઇને પુરૂષના શરીરમાંથી નીકળીને યોનિદ્વારા ગર્ભાશયમાં જઇને મળે છે. તે ચેતના ધાતુ સત્ત્વના દ્વારા ગુણોનું ગ્રહણ કરવાને માટે પ્રથમ-થીજ પ્રવૃત્ત થાય છે. આ ચેતના ધાતુ હેતુ, કારણ, નિમિત્ત, અક્ષર, કર્ત્તા, મન્તા (મનન કરનાર) વેદિતા, બોદ્ધા, દ્રષ્ટા, ધાતા, બ્રહ્મા, વિશ્વકર્મા, વિશ્વરૂપ, પુરૂષ પ્રભવ, અવ્યય, નિત્ય, ગુણી, ગ્રહણ, પ્રધાન, અવ્યકત, જીવ, જ્ઞાતા, પ્રકુલ, ચેતન, વિભુ, ભૂતાત્મા, ઇન્દ્રિયાત્મા, તથા અંતરાત્મા કહેવાય છે. ૪,

सगुणोपादानकालेऽन्तरिक्षंपूर्वतरमन्येभ्योगुणेभ्यउपादत्तेयथा प्रलयात्ययेसि-सृक्षुर्भूतान्यक्षरभूतःसत्त्वोपादानंपूर्वतरमाकाशंःसृजति । ततःक्रमेणव्यक्ततरगु-णान्धातून् वाय्वादींश्चतुरः । तथादेहग्रहणेऽपिप्रवर्त्तमानःपूर्वतरमाकाशमेवोपाद त्तेततःक्रमेणव्यक्ततरगुणान्धातून्वाय्वादींश्चतुरः । सर्वमपितुखल्वेतद्गुणोपादा नमणुनाकालेनभवति ॥ ५ ॥

તે ચેતના ધાતુ ગુણનું ગ્રહણ કરવાના સમયે અન્ય ગુણોના પહેલાં આકાશનું ગ્રહણ કરે છે. જેમ પ્રલયના ઉપરાંત આત્મા ભૂતોને ઉત્પન્નઃકરવાની ઇચ્છા કરીને પ્રથમ સત્ત્વોપાદાનન આકાશને ઉત્પન્ન કરે છે, તે પછી ક્રમથી આકાશના કરતાં અધિક પ્રકટ ગુણવાળા વાયુ આદિક ચાર ધાતુઓને ઉત્પન્ન કરે છે, આ પ્રકારે શરીરના ગ્રહણ કરવામાં પણ પ્રવૃત્ત થઇને પ્રથમ આકાશનુંજ ગ્રહણ કરે છે. તે પછી ક્રમથી આકાશના કરતાં અધિક પ્રકટ ગુણવાળા વાયુ વિગેરે ચારનું ગ્રહણ કરે છે. આ સર્વ ગુણોનું ગ્રહણ બહુજ થોડાજ સમયમાં થઈ જાય છે.

ગર્ભની પહેલી અવસ્થા.

संसर्गगुणवानूगर्भत्वमापन्नःप्रथमेमासिसंमूर्च्छितःसर्वधातुकलुषीकृतःखेटभूतोभवतिअव्यक्तविग्रहःसचसदसदूभूताङ्गावयवः ॥ ६ ॥

સપૂર્ણ ગુણવાળી તે ચેતના ધાતુ ગર્ભત્વને પ્રાપ્ત થઇને પ્રથમ મહીનામાં સંપૂર્ણ ધાતુઓથી કલુષિત થઇને કફ જેવી થઇ જાય છે. તે વખતે તેમાં કોઇ આકાર પ્રકટ થતો નથી. પરંતુ મહાભૂતોનાં અંગ સૂક્ષ્મ રૂપથી તેમાં રહે છે. ૬.

द्वितीयेमासिघनःसम्पद्यतेपिण्डंपेश्यर्बुदंवातत्रघनः पुरुषःस्त्रीपेशीअर्बुदंनपुंसकम् ७

બીજા મહીનામાં તે ગર્ભ ધન થઇ જાય છે અથવા પેશી (ઇંડા જેવો) અથવા અર્બુદ (માંસ પિન્ડ) જેવો થાય છે. જો ધન હોય તો પુરૂષ અને જો પેશી હોય તો સ્ત્રી અને જો અર્બુદ હોય તો નપુંષક થાય છે. ૭.

तृतीयेमासिसर्वेन्द्रियाणिसर्वाङ्गावयवाश्चयौगंपद्येनअभिनिर्वर्त्तन्ते ॥ ८ ॥

ત્રીજા મહીનામાં સંપૂર્ણ ઇન્દ્રિય તથા સંપૂર્ણ અંગ એકી સાથેજ ઉત્પન્ન થાય છે. ૮

तत्रास्यकेचिदङ्गावयवामातृजादीनवयवान्विभज्यपूर्वमुक्तायथावन्महाभूतविकारप्रविभागेनतुइदानीमस्यतांश्चैवअङ्गावयवान्कांश्चित्पर्यायान्तरेणपरांश्चअनुव्याख्यास्यामः ॥ ९ ॥

આ અંગોમાંથી જે અંગ માતા તથા પિતા આદિથી ઉત્પન્ન થાય છે તે પ્રથમ વિભાગ કરીને કહેવામાં આવ્યું છે. હવે મહાભૂતોના વિકારોના વિભાગથી તે અંગોનું પર્યાયાન્તરથી તથા અન્ય અંગોનું વર્ણન કરીએ છીએ. ૯.

ગર્ભના આકાશાત્મક અવયવ.

मातृजादयोऽप्यस्यमहाभूतविकाराएवतत्रास्याकाशात्मकंशब्दःश्रोत्रंलाघवंसौक्ष्म्यंविवेकश्च ॥ १० ॥

માતા આદિથી ઉત્પન્ન થનારા અંગો પણ મહાભૂતોના વિકારજ છે. તેમાંથી શબ્દ, શ્રોત્ર, લધુતા, સૂક્ષ્મતા, તથા વિવેક આ આકાશાત્મક અર્થાત આકાશના વિકાર છે. ૧૦.

ગર્ભના વાય્વાત્મક અવયવ.

वाय्वात्मकंस्पर्शःस्पर्शनञ्चरौक्ष्यं प्रेरणंधातुव्यूहनंचेष्टाश्चशारीर्य्यः ॥ ११ ॥

સ્પર્શ (અડકવું) સ્પર્શન (ત્વક (ચામડી) ઇંન્દ્રિ) રૂક્ષતા, સ્વાસ લેવો તથા શ્વાસ મૂકવો, ધાતુઓને લઈ ચાલવું અને શારીરિક ચેષ્ટા આ વાયુના વિકાર છે. ૧૧.

ગર્ભના અગ્ન્યાત્મક અવયવ.

अग्न्यात्मकंरूपंदर्शनंप्रकाशःपक्तिरौष्ण्यश्च ॥ १२ ॥

રૂપ, દર્શનેન્દ્રિયતા, (આંખ) પ્રકાશ, જઠરાગ્નિના તથા ઉષ્ણતા આ અગ્નિ વિકાર છે.

ગર્ભના જલાત્મક અવયવ.

अबात्मकंरसोरसनंशैत्यंमार्दवःस्नेहःक्लेदश्च ॥ १३ ॥

રસ, રસેનેંદ્રિય, (જીભ) શીતલતા, મૃદુતા, સ્નેહ તથા કલેદ આ જળના વિકાર છે.૧૩.

ગર્ભના પૃથિવ્યાત્મક ઉપાય.

पृथिव्यात्मकोगन्धःघ्राणंगौरवंस्थैर्य्यमूर्त्तिश्च ॥ १४ ॥

ગંધ, ઘ્રાણેન્દ્રિય (નાક) ગુરૂતા, સ્થિરતા, તથા મૂર્તિ આ પૃથ્વિના વિકાર છે. ૧૪.

एवमयंलोकसम्मतःपुरुषः । यावन्तोहिलोकेभावविशेषाःतावन्तः पुरुषेयावन्तः पुरुषेतावन्तोलोकेइतिबुधास्त्वेवंद्रष्टुमिच्छंति ॥ १५ ॥

આ પ્રકારે ઉત્પન્ન થએલ આ પુરૂષ જગતના સરખો થાય છે, કેમકે લોકમાં જેટલા પદાર્થ છે તે સર્વ પુરૂષમાં છે અને પુરૂષમાં જેટલા પદાર્થ છે તે સર્વ લોકમાં પણ છે. આ વાત વિદ્વાનોજ જાણી શકે છે. ૧૫

एवमस्येन्द्रियाणिअङ्गावयवाश्चयौगपद्येनाभिनिर्वर्त्तन्तेअन्यत्र तेभ्योभावेभ्योयेऽस्यजातस्योत्तरकालंजायन्तेतद्यथा, दन्ताव्यञ्जनानिव्यक्तीभावःतथायुक्तानिचापराणिएषाप्रकृतिविकृतिः पुनरतोऽन्यथा । सन्तिखलुअस्मिन्गर्भेनित्याभावाः-सन्तिचानित्याःतस्यएवाङ्गावयवाःसन्तिष्ठन्तेतएवस्त्रीलिङ्गंपुरुषलिङ्गंनपुसंकलिङ्गंवाबिभ्रति ॥ १६ ॥

આ પ્રકારે ગર્ભના અંગ અને ઇન્દ્રિય એકી સાથેજ ઉત્પન્ન થાય છે. પરંતુ જે ગર્ભોત્પત્તિના ઉપરાંત થનારાં અંગો ઉત્પન્ન થતાં નથી. જેવા કે દાંત, સ્તન, દાઢીના વાળ, રોમ અને એજ પ્રકારે અન્ય અંગ. એ તો પ્રકૃતિ છે અને તેથી વિપરીત વિકૃતિ છે. ગર્ભમાં કાંઇ ભાવ નિત્ય અને કાંઇ અનિત્ય છે. ગર્ભના જે જે અંગ સાકાર ઉત્પન્ન થાય છે તે સર્વમાં સ્ત્રી પુરૂષ અથવા નપુસકનાં ચિન્હ હોય છે. ૧૬.

કન્યા આદિનો વિશેષ ભાવ.

ततःस्त्रीपुरुषयोर्येवैशेषिकाभावाःप्रधानसंश्रयागुणसंश्रयाश्चतेषां यतोभूयस्त्वंततोऽन्यतरभावः । तद्यथाक्लैब्यंभीरुत्वमवैशारद्यंमोहोऽवस्थानमधोगुरुत्वमसंहननंशैथिल्यंमार्दवंगर्भाशयबीजभागस्तथायुक्तानिचापराणिस्त्रीकराणि । अतोविपरीतानिपुरुषकराणिउभयभागभावानिनपुंसककराणि । यस्ययत्कालमेवइन्द्रियाणिसन्तिष्ठन्तेतत्कालमेवास्यचेतसिवेदनानिबन्धंप्राप्नोति । तस्मात्तदाप्रभृतिगर्भःस्पन्दतेप्रार्थयतेचजन्मान्तरानुभूतमिहयत्किञ्चित्तद्द्वैहृदय्यमाचक्षतेवृद्धाः । मातृजश्चा-

स्यहृद [illegible]तृहृदयाभिसम्ब[illegible]रसवाहिनीभिःसंवाहिनीभिस्तस्मात्तयोस्ताभिर्भक्तिः सम्पद्यते । तच्चैवकारणमवेक्षमाणानद्वैहृदय्यंविमानितंगर्भमिच्छन्तिकर्तुंविमानेह्य-स्यदृश्यतेविनाशोविकृतिर्वा ॥ १७ ॥

समानयोगक्षेमाहिमातातदागर्भेणकेषुचिदर्थेषुतस्मात्प्रियहिताभ्यांगर्भिणींविशेषे-णोपचरन्तिकुशलाः ॥ १८ ॥

જે વાતોથી સ્ત્રી, પુરૂષ અથવા નપુષક થશે એ ભેદ માલૂમ પડે છે, અને જે વાતો મૂખ્ય છે તેની અધિકતાથી સ્ત્રી આદિના હોવાનો નિશ્ચય થાય છે. જેમકે કાયરતા, ભીરૂતા (ડરકણ થવું) અચતુરતા, મોહ, શ્રમ માલૂમ પડવું. શરીરના નીચેના ભાગમાં ભારેપણું જણાવું, શરીરનું દૃઢ ન જણાવું, શિથિલતા, કોમળતા, ગર્ભનું ડાબી તરફ હોવું. લક્ષણોના વિપરીત હોય તો પુરૂષ થાય છે. અને બંને પ્રકારનાં લક્ષણુ મળેલાં હોયતો નપુષક હોય છે. જે વખતે ગર્ભની ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, તે વખતે તેના ચિત્તમાં પીડાઓનું જ્ઞાન થવા લાગે છે, એથી ગર્ભ તે વખતેથીજ હાલમડોલા કરે છે. અને જન્માન્તરમાં અનુભવ કરેલી વસ્તુઓની પ્રાર્થના કરે છે, એથી વૃદ્ધ લોક ગર્ભને બેહૃદય કહે છે. ગર્ભનું હૃદય માતા વડે ઉત્પન્ન થાય છે અને રસવાહિની નાડિયો વડે માતાના હૃદયથી સંબંદ્ધ થાય છે એથી રસવાહિની નાડિયો વડે ગર્ભ તથા ગર્ભિણી બંનેની ભક્તિ સંપન્ન હોય છે. આ કારણથી વૈદ્ય લોક દ્વૈહૃદય ગર્ભનો તિરસ્કાર કરતા નથી. કેમકે ગર્ભની રૂચિનો તિરસ્કાર કરવાથી ઘણે ભાગે ગર્ભ નષ્ટ થઇ જાય છે. અથવા વિકાર થઇ જાય છે. એ વખતે ગર્ભિણીની ઇચ્છા કોઇ વિષયોમાં ગર્ભને અનુસારજ થાય છે. એથી ચતુર લોક ગર્ભિણીને પ્રિય તથા હિત વસ્તુઓથી તૃપ્ત કરે છે. ૧૭-૧૮.

બેહૃદયનાં લક્ષણ.

तस्याद्वैहृदय्यस्यचविज्ञानार्थंलिङ्गानिसमासेनउपदेक्ष्यामः ॥ १९ ॥

તેનાં બે હૃદય જાણવાને માટે સંક્ષેપથી લક્ષણ કહીએ છીએ. ૧૯.

આદોષ થાય છે.

उपचारसंबोधनंह्यस्याज्ञानेदोषज्ञानञ्चलिङ्गंतस्तस्मादिष्टोलिङ्गोपदेशस्तद्यथाआर्त्तवादर्शनमास्यसंस्रवणमनन्नाभिलाषश्छर्दिररोचकोऽम्लकामताचविशेषेण । श्रद्धा-प्रणयनश्चोच्चावचेषुभावेषुगुरुगात्रत्वंचक्षुषोर्ग्लानिःस्तनयोःस्तन्यमोष्ठयोःस्तनमं-ण्डलयोश्चकार्ष्ण्यमत्यर्थंश्वयथुःपादयोरीषल्लोमराज्युद्गमोयोन्याश्चाटालत्वमितिग-र्भेपर्य्यागतेरूपाणिभवंति ॥ २० ॥

કેમકે તેના જાણ્યા સિવાય ગર્ભિણીનો ઉપચાર થતો નથી અને જાણવું એ લક્ષણોથીજ થાય છે. એથી લક્ષણોનું કહેવું આવસ્યક છે. તે લક્ષણ આ છે. જેમકે રજોધર્મ ન થવો, લાર વહેવી, અન્નની અનિચ્છા, ઉલટી, અરૂચિ, ખાટી વસ્તુઓમાં બહુજ રૂચિ થવી, અનેક પ્રકારના પદાર્થોમાં અભિલાપ કરવો, શરીરનું ભારે માલૂમ પડવું નેત્રોનું

મલિન થવું, સ્તનોમાં દુધ થવું, હોઠ તથા સ્તનોમાં કાળાશ, પગોમાં બહુજ સોજો તથા યોનિપર રોમો (રૂવાંટાં) ની સૂક્ષ્મ પંક્તિની જાળ જેવું થઈ જવું. ગર્ભ રહ્યાનાં આ લક્ષણ હોય છે. ૨૦.

ગર્ભનાશક ભાવ.

सा यद्यदिच्छेत्तत्तदस्यैदद्यादन्यत्र गर्भोपघातकरेभ्योभावेभ्यः । गर्भोपघातकरास्त्विमे भावाः तद्यथासर्वमतिगुरूष्णतीक्ष्णदारुणाश्चचेष्टाइमांश्चान्यान्नुपदिशन्तिवृद्धाः । देवतारक्षोऽनुचरपरिरक्षणार्थंनरक्तानिवासांसिबिभृयान्नमदकराणि चाद्यान्नाभ्यवहरेन्नयानमधिरोहेन्नमांसमश्नीयात्सर्वेन्द्रियप्रतिकूलांश्चभावान्दूरतः परिवर्जयेत् ॥ २१ ॥

ગર્ભિણી જે જે વસ્તુઓની અભિલાષા કરે તે સર્વ તેને આપવી જોઇએ, પરંતુ ગર્ભને જે અહિત વસ્તુ છે તે ન આપવી જોઇએ. જેવી કે બહુજ ભારે વસ્તુ, બહુજ ગરમ વસ્તુ, બહુજ તીક્ષ્ણ વસ્તુ તથા કષ્ટદાયક ચેષ્ટા આ તથા અન્ય કારણ, પણ ગર્ભને હાનિ કરનાર વૃદ્ધ લોકોએ કહ્યાં છે, દેવતા તથા રાક્ષસોના દૂતોથી રક્ષિત રહેવાને માટે ગર્ભિણીએ લાલ વસ્ત્ર ન પહેરવાં, ગર્ભિણીએ માદક વસ્તુ ન ખાવી, સવારીપર ન ચઢવું, માંસ ન ખાવું, અને સંપૂર્ણ ઇન્દ્રિયોના પ્રતિકુલ વિષયોનો દૂરથીજ ત્યાગ કરવો. ૨૧.

यच्चान्यदपिकिञ्चित्स्त्रियोविदुस्तीव्रायान्तुखलुप्रार्थनायांकाममहितमप्यस्यैहितेनोपसंहितंदद्यात्प्रार्थनाविलयनार्थम् । प्रार्थनासन्धारणाद्धिवायुःकुपितोऽन्तःशरीरमनुचरन्गर्भस्यापद्यमानस्यविनाशंवैरूप्यंवाकुर्यात् ॥ २२ ॥

અને જે કાંઇ ગર્ભને હાનિકારક વસ્તુ સ્ત્રીયો જાણતી હોય તેનો પણ ત્યાગ કરવો. જો અહિત વસ્તુમાં ગર્ભિણીની બહુજ ઇચ્છા હોય તો અહિત વસ્તુને પણ હિત વસ્તુની સાથે મેળવી આપવી. જેથી તેની પ્રાર્થના પૂર્ણ થઇ જાય કેમકે પ્રાર્થનાનો ભંગ થવાથી કોપીત થએલ વાયુ શરીરની અંદર વિચરણ કરીને ગર્ભમાં જઇને ગર્ભને નષ્ટ કરી નાંખે છે અથવા વિરૂપ કરી દે છે. ૨૨.

ચોથા મહિનામાં ગર્ભનાં લક્ષણ.

चतुर्थेमासिस्थिरत्वमापद्यतेगर्भस्तस्मात्तदागर्भिणीगुरुगात्रत्वमधिकमापद्यतेविशेषेण ॥ २३ ॥

ચોથા મહિનામાં ગર્ભ સ્થિર થઇ જાય છે. એથી ચોથા મહીનામાં ગર્ભિણીને પોતાનું શરીર બહુજ ભારે જણાય છે. ૨૩

પાંચમા મહિનામાં ગર્ભનાં લક્ષણ.

पञ्चमेमासिगर्भस्यमांसशोणितोपचयोभवतिअधिकमन्येभ्योमासेभ्यस्तस्मात्तदागर्भिणीकार्श्यमापद्यतेविशेषेण ॥ २४ ॥

પાંચમા માસમાં અન્ય માસો કરતાં ગર્ભમાં માંસ તથા રૂધિર અધિક વધે છે. એથી પાંચમા માસમાં ગર્ભિણી બહુજ કૃશ થઇ જાય છે. ૨૪.

છઠા મહિનામાં ગર્ભનાં લક્ષણ.

षष्ठेमासिगर्भस्यबलवर्णोपचयोभवतिअधिकमन्येभ्योमासेभ्यस्तस्मात्तदागर्भिणी बलवर्णहानिमापद्यतेविशेषेण ॥ २५ ॥

છઠા માસમાં અન્ય માસો કરતાં ગર્ભનો વર્ણ તથા બળ અધિક વધે છે. એથી છઠા માસમાં ગર્ભિણીના વર્ણ તથા બળની અધિક હાનિ થઇ જાય છે. ૨૫.

સાતમા મહીનામાં ગર્ભનાં લક્ષણ.

सप्तमेमासिगर्भःसर्वभावैराप्यायतेऽस्याः ।
तस्मात्तदागर्भिणीसर्वाकारैःक्लान्ततमाभवति ॥ २६ ॥

સાતમા માસમાં ગર્ભનાં સંપૂર્ણ અંગ પુષ્ટ થઇ જાય છે. એથી સપ્તમ માસમાં ગ-ર્ભિણી સર્વ પ્રકારે બહુજ મ્લાન રહે છે. ૨૬.

આઠમા મહિનામાં ગર્ભનાં લક્ષણ.

अष्टमेमासिगर्भश्चमातृतोगर्भतश्चमातारसवाहिनीभिःसंवाहिनीभिर्मुहुर्मुहुरोजः परस्परतआददातिगर्भस्यासम्पूर्णत्वात्तस्मात्तदागर्भिणीमुहुर्मुहुः मुदायुक्ताभवति- मुहुर्मुहुश्चग्लानातस्मात्तदागर्भस्यजन्मव्यापत्तिमद्भवत्योजसोऽनवस्थितत्वात्तश्चै- वमभिसमीक्ष्याष्टमंमासमगर्भण्यमित्याचक्षतेकुशलाः ॥ २७ ॥

આઠમા માસમાં ગર્ભનાં સંપૂર્ણ અંગ પૂર્ણ થઇ જાય છે. એથી ગર્ભ માતાથી અને માતા ગર્ભથી બંને પરસ્પર રસવાહિની નાડિયોદ્વારા વારંવાર ઓજનું ગ્રહણ કરે છે. એથી આઠમા માસમાં ગર્ભિણી વારંવાર પ્રસન્ન થાય છે. અને વારંવાર મ્લાન થાય છે. ઓજના સ્થિર ન હોવાને લીધે. અષ્ટમ માસમાં ગર્ભની ઉત્પત્તિ થવાથી ઘણી હાનિ થાય છે. એથી બુદ્ધિમાન લોક આઠમો માસ ગર્ભને માટે અહિતકર કહે છે. ૨૭.

પ્રસવનો સમય.

तस्मिन्नेकदिवसातिक्रान्तेऽपिनवमंमासमुपादायप्रसवकालमित्याहुरादशमान्मा- सादेतावान्कालोवैकारिकम् ॥ २८ ॥

આઠમો માસ ઉતરી રહ્યા પછી નવમા માસના પ્રથમ દિવસથી દશમા માસ પર્યંત પ્રસવનો સમય છે. અને દશમો માસ વિત્યા છતાં પ્રસવ ન થાય તો વિકાર જાણવો જોઇએ. ૨૮.

अतःपरंकुक्षौस्थानंगर्भस्य । एवमनयानुपूर्व्याभिनिर्वर्ततेकुक्षौ ॥ २९ ॥

કુખમાં ગર્ભનું સ્થાન છે. આ પ્રકારે પૂર્વોક્ત ક્રમથી કુખમાં ગર્ભ ઉત્પન્ન થાયછે ૨૯

मात्रादीनान्तुखलुगर्भकराणांभावानांसम्पदस्तथातिवृत्तस्यसौष्ठवान्मातृतश्चैवो- पस्नेहोपस्वेदाभ्यांकालपरिणामात्स्वभावसंसिद्धेश्चकुक्षौवृद्धिमाप्नोति । मात्रा- दीनान्तुखलुगर्भकराणांभावानांव्यापत्तिनिमित्तमस्याजन्मभवति ॥ ३० ॥

માતા વિગેરે ગર્ભના કારણોના વિગુણ (દૂષિત) ન થવાથી, માતાના આહાર વિહારોના ઉચિત હોવાથી, માતાની દ્વારા સ્નેહન તથા સ્વેદનના પ્રાપ્ત થવાથી, સમયના પરિણામથી, અને સ્વભાવથી કુખમાં ગર્ભ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. માતા વિગેરે કારણોના દૂષિત થવાથી ગર્ભની ઉત્પત્તિ થતી નથી. ૩૦.

येत्वस्यकुक्षौवृद्धिहेतुसमाख्याताभावास्तेषांविपर्ययादुदरेविनाशमापद्यतेऽथवाप्यचिरजातःस्यात् ॥ ३१ ॥

કુખમાં ગર્ભના વધવાનાં જે કારણો કહેવામાં આવ્યાં છે તેના વિપરીત થવાથી ગર્ભ નષ્ટ થઇ જાય છે. અથવા બહુજ વિલંબે ઉત્પન્ન થાય છે. ૩૧.

यतस्तुकार्त्स्न्येनाविनश्यन्विकृतिमापद्यतेतदनुव्याख्यास्यामः ॥ ३२ ॥

જે કારણોથી ગર્ભ બિલ્કુલ નષ્ટ ન થતાં વિકારને પ્રાપ્ત થઈ જાય છે તે કહેવામાં આવે છે. ૩૨

દુષિત રક્તજન્ય વિકૃતાવયવ.

यदास्त्रियादोषप्रकोपनोक्तान्यासेवमानायादोषाःप्रकुपिताःशरीरमुपसर्पन्तःशोणितगर्भाशयौदूषयन्तितदायंगर्भंलभतेस्त्रीतदागर्भस्यमातृजानामवयवानामन्यतमोऽवयवोविकृतिमापद्यतेएकोथवानेकः ॥ ३३ ॥

જ્યારે દોષોને કોપિત કરનાર વસ્તુઓના સેવનથી સ્ત્રીના કોપિત થએલા દોષ શરીરમાં વિચરણ કરીને રૂધિર તથા ગર્ભાશયને દૂષિત કરે છે ત્યારે સ્ત્રી જે ગર્ભ ધારણ કરે છે તે ગર્ભની માતાથી થનારા અંગોમાંથી એક અથવા અનેક અંગ વિકારવાળા થાય છે. ૩૩

यस्ययस्यह्यवयवस्यबीजेबीजभागेवादोषाःप्रकोपमापद्यन्तेतंतमवयवंविकृतिराविशति ॥ ३४ ॥

બીજના જે ભાગથી જે જે અંગ ઉત્પન્ન થાય છે, તે ભાગના દૂષિત થવાથી તે તે અંગ વિકારવાળા થાય છે. ૩૪.

यदाह्यस्याःशोणितगर्भाशयबीजभागःप्रदोषमापद्यतेतदावन्ध्यांजनयति । यदापुनरस्याःशोणितेगर्भाशयबीजभागावयवःप्रदोषमापद्यतेतदापूतिप्रजांजनयति ।३५।

જ્યારે સ્ત્રીનું રજ તથા ગર્ભાશયના બીજનો ભાગ દૂષિત થાય છે ત્યારે વન્ધ્યા કન્યા ઉત્પન્ન થાય છે. જ્યારે સ્ત્રીનું રજ તથા ગર્ભાશયના બીજના ભાગનો કોઇ એકજ ભાગ દૂષિત થાય છે ત્યારે એવી કન્યા ઉત્પન્ન થાય છે કે જેની સંતતિ દૂષિત થાય છે. ૩૫

यदात्वस्याःशोणितगर्भाशयबीजभागावयवःस्त्रीकराणाञ्चशरीरबीजभागानामेकदेशःप्रदोषमापद्यतेतदास्त्र्याकृतिभूयिष्ठामस्त्रियंवार्त्तांनामजनयतितांस्त्रीव्यापदमाचक्षते ॥ ३६ ॥

જ્યારે સ્ત્રીનું રજ તથા ગર્ભાશયના બીજના ભાગનો કોઇ અંશ અને સ્ત્રીજનક શરીર બીજના ભાગનો કોઇ અંશ દૂષિત થાય છે ત્યારે સ્ત્રીના જેવી આકૃતિવાળી વાર્ત્તા નામ નપુંસક ઉત્પન્ન થાય છે તેને સ્ત્રી વ્યાપદ કહે છે. ૩૬

દૂષિત શુક્રજન્ય વિકૃતાવયવ.

एवमेवपुरुषस्यबीजदोषेपितृज ह यवविकृतिंविद्याद्यदापुनरस्यबीजेबीजभागावयवःप्रदोषमापद्यतेतदापूतिप्रजांजनयति ॥ ३७ ॥

આ પ્રકારે પુરૂષના બીજમાં દોષ હોવાથી પિતાથી થનારા અંગોમાં વિકાર જાણવો જોઇએ. જ્યારે પુરૂષના બીજનો કોઇ ભાગ દૂષિત થાય છે ત્યારે દૂષિત સંતતિ ઉત્પન્ન થાય છે. ૩૭.

यदात्वस्यबीजेबीजभागावयवःपुरुषकराणाश्चशरीरबीजभागा नामेकदेशःप्रदोषमापद्यतेतदापुरुषाकृतिभूयिष्ठमपुरुषंतृणपूलिकंनामजनयतितांपुरुषव्यापदमाचक्षते ॥ ३८ ॥

જ્યારે પુરૂષના બીજનો કોઈ ભાગ અને પુરૂષજનક શરીર બીજના ભાગનો કોઇ અંશ દૂષિત થાય છે ત્યારે પુરૂષ કોઈ આકૃતિવાળી તૃણપૂલિક નામ નપુંસક ઉત્પન્ન થાય છે તેને પુરૂષ વ્યાપદ કહે છે. ૩૮.

एतेनमातृजानांपितृजानाश्च व्यवयवानांविकृतिर्व्याख्यानेनसात्म्यजानांरसजानांसत्त्वजानाश्चावयवानांविकृतिर्व्याख्याता ॥ ३९ ॥

માતા તથા પિતાથી થનારા અંગોના વિકારનું વર્ણન કરવાથી સાત્મ્ય રસ તથા સત્વથી થનારા અંગોના વિકારનું પણ વર્ણન કર્યું. ૩૯.

निर्विकारःपरस्त्वात्मासर्वभूतानांनिर्विशेषःसत्त्वशरीरयोस्तुविशेषाद्विशेषोपलब्धिः ॥ ४० ॥

પરમાત્મા નિર્વિકાર છે, અને સર્વ પ્રાણિયોમાં સામાન્ય છે. પરંતુ મન તથા શરીરની વિશેષતાથી ભેદ જણાય છે. ૪૦.

तत्रत्रयस्तुशारीरदोषावातपित्तश्लेष्माणस्तेशरीरंदूषयन्ति ॥ ४१ ॥ द्वौपुनःसत्त्वदोषौरजस्तमश्च । तौसत्त्वंदूषयतस्ताभ्याञ्चसत्त्वशरीराभ्यांदुष्टाभ्यांविकृतिरुपजायतेनोपजायतेचाप्रदुष्टाभ्याम् ॥ ४२ ॥

તેમાં વાત, પિત્ત તથા કફ આ ત્રણ શારીરિક દોષ છે. તેજ શરીરને દૂષિત કરે છે, ૪૧. રજોગુણ તથા તમોગુણ એ બે મનના દોષ છે તે મનને દૂષિત કરે છે. મન તથા શરીરના દૂષિત થવાથી વિકાર ઉત્પન્ન થાય છે અને મન તથા શરીરના દૂષિત નહિ થવાથી વિકાર ઉત્પન્ન થતા નથી. ૪૨

तत्रशरीरंयोनिविशेषाच्चतुर्विधमुक्तमग्रेत्रिविधंखलुसत्त्वंशुद्धंराजसंतामसमिति । तत्रशुद्धमदोषमाख्यातंकल्याणांशत्वात् । राजसंसदोषमाख्यातंरोषांशत्वात् । तथातामसमपिसदोषमाख्यातंमोहांशत्वात् ॥ ४३ ॥

ત્યાં શરીર યોનિયોની વિશેષતાથી ચાર પ્રકારનું થાય છે એ પ્રથમ કહેવામાં આવ્યું છે. મન શુદ્ધ રાજસ તથા તામસ ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાંથી શુદ્ધ મન કલ્યાણકારક

હોવાથી નિર્દોષ કહેવાય છે, રાજસ મન ક્રોધાંશ હોવાથી સદોષ કહેવાય છે, અને તામસ મન પણ મોહાંશ હોવાથી સદોષ કહેવાય છે. ૪૩

સત્વના અનેક ભેદ.

तेषान्तु त्रयाणामपि सत्त्वानामेकैकस्य भेदाग्रमपरिसंख्येयं तरतमयोगाच्छरीरयोनि विशेषेभ्यश्चान्योन्यानुविधानत्वाच्च । शरीरमपि सत्त्वमनुविधीयते सत्त्वञ्च शरीरं- तस्मात्कतिचिच्च सत्त्वभेदाननूकसादृश्याभिनिर्देशेन निदर्शनार्थमनुव्याख्यास्यामः ४४

એમાંથી એકના શ્રેષ્ટ હોવાથી, બહુમાંથી એકના શ્રેષ્ટ હોવાથી, શરીરોની યોનિ વિશેષોથી અને મનના અનુસાર શરીર તથા શરીરને અનુસાર મન હોવાથી ત્રણ પ્રકારના મનોના અસંખ્ય ભેદ થાય છે. મન શરીરને અનુસાર હોય છે અને શરીર મનને અનુસાર હોય છે. એથી ઉદાહરણને માટે મનના કાંઈક ભેદ સદશતાને અનુસાર કહેવામાં આવે છે. ૪૪

બ્રાહ્મનું લક્ષણ.

तद्यथा शुचिं सत्याभिसन्धं जितात्मानं संविभागिज्ञानविज्ञानवचनप्रतिवचनशक्तिस- म्पन्नं स्मृतिमन्तं कामक्रोधलोभमानमोहेर्ष्याहर्षामर्षापेतं समं सर्वभूतेषु ब्राह्मं विद्यात् ॥४५॥

જેમ પવિત્ર સત્ય સંધ, જીતેન્દ્રિય, યોગ્ય અયોગ્યનો વિભાગ કરનાર, જ્ઞાન, વિજ્ઞાન, ઉત્તર તથા પ્રત્યુત્તરની શક્તિવાળા, સ્મૃતિવાળા, કામ, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા, હર્ષ, તથા અમર્ષ (અસહન) થી રહિત અને સર્વ પ્રાણિયોમાં સમદર્શી, સત્વ (મન) ને બ્રાહ્મ કહે છે. ૪૫

આર્ષનું લક્ષણ.

इज्याध्ययनव्रतहोमब्रह्मचर्य्यपरमतिथिव्रतमुपशान्तमदमानरागद्वेषमोहलोभरोषंप्रति- भावचनविज्ञानोपधारणशक्तिसम्पन्नमार्षं विद्यात् ॥ ४६ ॥

યજ્ઞ, અધ્યયન, વ્રત, હોમ, બ્રહ્મચર્ય, તથા અતિથિ સત્કારવાળા, મદ, માન, રાગ, દ્વેશ, મોહ, લોભ, તથા રોષથી રહિત અને ઉત્તર, વિજ્ઞાન, તથા ધારણાશક્તિવાળા, સત્વ (મન)ને આર્ષ જાણવું જોઇએ. ૪૬

એન્દ્રનું લક્ષણ.

ऐश्वर्यवन्तमादेयवाक्यं यज्वानं शूरमोजस्विनं तेजसोपेतमक्लिष्टकर्माणं दीर्घदर्शिनं ध- र्मार्थकामाभिरतमैन्द्रं विद्यात् ॥ ४७ ॥

ઐશ્વર્યવાળા, ગ્રહણ કરવામાં યોગ્ય, યજ્વા, (યજ્ઞ કરનાર) શૂર, ઓજસ્વી, તેજસ્વી, કલેશદાયક, કર્મરહિત, દીર્ઘદર્શી, અને ધર્મ અર્થ તથા કામમાં તત્પર ને સત્વ (મન) તેમને એન્દ્ર જાણવા જોઇએ. ૪૭

યામ્યનાં લક્ષણ

लेखास्थवृत्तं प्राप्तकारिणमसंहार्य्यमुत्थानवन्तं स्मृतिमन्तमैश्वर्यालम्बिनं व्यपगतरा- गद्वेषमोहं याम्यं विद्यात् ॥ ४८ ॥

મર્યાદા અનુસાર કાર્ય કરનારા, સમય અનુસાર કાર્ય કરનારા, સમર્થ, સ્મૃતિવાળા, ઐશ્વર્યવાળા અને રાગદ્વેષ તથા મોહ રહિત જે સત્વ (મન) તેને યામ્ય જાણવા જોઇએ. ૪૮

વારૂણનાં લક્ષણ.

शूरंधीरंशुचिमशुचिद्वेषिणंयज्वानमम्भोविहाररतिमक्लिष्टकर्माणंस्थानकोपप्रसादं-वारुणंविद्यात् ॥ ४९ ॥

શૂર, ધીર, પવિત્ર, અપવિત્રતાથી દ્વેષ કરનારા, યજ્ઞ કરનારા, જળ વિહારમાં બહુજ રૂચિ કરનારા, કલેશદાયક, કર્મ નહીં કરનારા, અને યોગ્ય અવસરે ક્રોધ તથા અનુગ્રહ કરનારા જે સત્વ (મન) તેને વારૂણ જાણવા જોઇએ. ૪૯.

કૌબેરનાં લક્ષણ.

स्थानमानोपभोगंपरिवारसम्पन्नंसुखविहारंधर्मार्थकामनित्यंशुचिंव्यक्तकोपप्रसादंकौबेरंविद्यात् ॥ ५० ॥

યોગ્યસ્થાનમાં માન તથા ભોગ કરનારા, કુટુંબ યુક્ત ધર્મ, અર્થ તથા કામમાં નિત્ય તત્પર. પવિત્ર અને પ્રકટ, ક્રોધ તથા અનુગ્રહ કરનાર જે સત્વ (મન) તેને કૌબેર જાણવા જોઇએ. ૫૦.

ગાંધર્વનાં લક્ષણ.

प्रियनृत्यगीतवादित्रोल्लापकंश्लोकाख्यायिकेतिहासपुराणेषुकुशलंगन्धमाल्यानुलेपनवसनस्त्रीविहारकामनित्यमनसूयकंगान्धर्वंविद्यात् ॥ ५१ ॥

નૃત્ય, ગીત, વાદ્ય તથા ઉલ્લાપક (આલાપના)માં રૂચિ રાખનારા, શ્લોક, આખ્યાયિકા, ઇતિહાસ, તથા પુરાણમાં પ્રવીણ, સુગંધી માળા, ચંદનાદિને લેપ, વસ્ત્ર, સ્ત્રી તથા વિહારની બહુજ અભિલાષા કરનારા અને અસૂયા (ગુણોમાં દોષ જોવા)થી રહિત સત્વ (મન) ને ગાંધર્વ જાણવું જોઇએ. ૫૧.

બ્રાહ્મની ઉત્કૃષ્ટતા.

इत्येवंशुद्धस्यसत्त्वस्यसप्तविधंभेदांशंविद्यात्कल्याणांशत्वाचत्संयोगात्तुब्राह्ममत्यन्तशुद्धंव्यवस्येत् ॥ ५२ ॥

આ પ્રકારે કલ્યાણકારી હોવાથી શુદ્ધ સત્વ (મન) ના આ સાત ભેદ જાણવા જોઇએ તેમાંથી બ્રાહ્મ, સત્વ (મન) ને અત્યંત શુદ્ધ જાણવું જોઇએ. ૫૨.

અસુરનાં લક્ષણ.

शूरंचण्डमसूयकमैश्वर्यवन्तमौदरिकंरौद्रमननुक्रोशकमात्मपूजकमासुरंविद्यात् ।५३।

શૂર, અત્યંત ક્રોધી, અસૂયાવાળા, ઐશ્વર્યવાન, ઔદકરિક (મરભૂખ્યા) ઉગ્ર, નિર્દય, અને પોતાને સર્વથી અધિક સમઝનારા જે સત્વ (મન) તેને આસુર જાણવા જોઇએ. ૫૩.

રાક્ષસનાં લક્ષણ.

अमर्षिणमनुबन्धकोपंछिद्रप्रहारिणंक्रूरमाहारातिमात्ररुचिमामिषप्रियतमंस्वप्नायासबहुलमीर्षुंराक्षसंविद्यात् ॥ ५४ ॥

ક્રોધી ક્રોધને બહુજ કાળ સુધી ચિત્તમાં રાખનારા, અવસર આવતાં પ્રહાર કરનારા, ક્રૂર, ભોજનમાં બહુજ રૂચિવાળા, અને માંસમાં બહુજ અધિક રૂચિ રાખનારા, બહુજ સુઇ રહેનારા, બહુજ શ્રમ કરનારા, અને ઇર્ષ્યાવાળા જે સત્વ (મન) તેને રાક્ષસ જાણવા જોઇએ. ૫૪

પિશાચનાં લક્ષણ.

महालसंस्त्रैणंस्त्रीर स्कामम शुचिंशुचिद्वेषिणंभीरुभीषयितारंविकृतिविहारहारशीलं-पैशाचंविद्यात् ॥ ५५ ॥

અત્યંત આળસુ, સ્ત્રિયોની સાથે એકાન્તમાં બહુજ વિહાર કરનારા, અપવિત્ર, પવિત્ર, તાથી દ્વેષ કરનારા, ભીરૂ (બીકણુ) ભયાનક અને અનુચિત આહાર વિહાર કરનારા જે સત્વ તેને પિશાચ જાણવા જોઇએ. ૫૫.

સાપનાં લક્ષણ.

क्रुद्धंशूरंमक्रुद्धंभीरुंतीक्ष्णमायासबहुलंमन्त्रसुगोचरमाहारविहारपरंसार्पंविद्यात् ॥ ५६ ॥

ક્રોધી, શૂર, બીકણુ, તીક્ષ્ણ, બહુજ શ્રમ કરનાર અને આહાર તથા વિહારમાં તત્પર (મન) તેને સાર્પ્ય જાણવા જોઇએ. ૫૬.

પ્રેતનાં લક્ષણ.

आहारकाममतिदुःखशीलाचारोपचारमसूयकमसंविभागिनमतिलोलुपमकर्मशीलं प्रैतंविद्यात् ॥ ५७ ॥

ભોજનની બહુજ કામના કરનાર, બહુજ દુઃખદાયક સ્વભાવ, આચાર તથા ઉપચારવાળા, ગુણોમાં દોષને જોનારા, કર્તવ્ય તથા અકર્તવ્યના વિચારથી રહિત અને બહુજ લોભીને સત્વ (મન) તેને પ્રેત જાણવા જોઇએ. ૫૭.

શાકુનનાં લક્ષણ.

अनुषक्तकाममजस्रमाहारविहारपरमनवस्थितममर्षिणमसञ्चयंशाकुनंविद्यात् ।५८।

કામનાઓમાં બહુજ આસકત થનારા, કોઈ કાર્યમાં સ્થિર ન રહેનારા, ક્રોધ અને સંચય નહીં કરનારા જે સત્વ (મન) તેને શાકુન જાણવા જોઇએ. ૫૮.

इत्येवंखलुराजसस्यसत्त्वस्यषड्विधंभेदांशंविद्याद्रोषांशत्वात् ॥ ५९॥

આ પ્રકારે ક્રોધાંસ હોવાથી રાજસ તત્વ (મન)ના આ ૭ ભેદ જાણવા જોઇએ. ૫૯

પાશવનાં લક્ષણ

निराकरिष्णुमधममवेषमजुगुप्सितारम् । आहारविहारमैथुनपरं स्वप्नशीलंपाशवं-विद्यात् ॥ ६० ॥

આ ભૂષણોની અનિચ્છા કરનારા, નિર્બુદ્ધિ અત્યંત નિંદા કરનારા, આહાર વિહાર તથા મૈથુનમાં તત્પર રહેનારા અને બહુજ સુઇ રહેનારા જે સત્વ (મન) તેને પાશ્વ જાણવા જોઇએ. ૬૦

માત્સ્યનાં લક્ષણ.

भीरुमबुधमाहारलुब्धमनवस्थितमनुषक्तकामक्रोधंसरणशीलंतोयकामंमात्स्यंविद्यात् ॥ ६१ ॥

બીકણ, મૂર્ખ, ભોજનના લોભી, કોઈ કાર્યમાં સ્થિર ન રહેનારા. હંમેશાં કામ તથા ક્રોધના વશમાં રહેનારા ઘણે ભાગે ચાલવાના સ્વભાવવાળા અને જળની બહુજ અભિલાષા કરનારા જે સત્વ (મન) તેને માત્સ્ય જાણવા જોઇએ. ૬૧.

વાનસ્પત્યનાં લક્ષણ.

अलसंकेवलमभिनिविष्टमाहारेसर्वबुद्ध्यङ्गहीनंवानस्पत्यंविद्यात् ॥ ६२ ॥

આળસુ, હંમેશાં ભોજનનુંજ ચિંતન કરનાર અને સર્વ પ્રકારની બુદ્ધિથી હીન જે સત્વ (મન) તેને વાનસ્પત્ય જાણવાં જોઇએ. ૬૨.

इत्येवंखलुतामसस्यसत्त्वस्यत्रिविधंभेदांशंविद्यान्मोहांशत्वात् ॥ ६३ ॥

આ પ્રકારે મોહાંશ થવાથી તમારા સત્વ (મન) ના ત્રણ દોશ જાણવા જોઇએ. ૬૩.

इत्यपरिसंख्येयभेदानांखलुत्रयाणामपिसत्त्वानांभेदैकदेशोव्याख्यातः ॥ ६४ ॥

અસંખ્ય ભેદવાળા ત્રણ પ્રકારના સત્વો (મનો) ના ભેદના આ અંશ માત્રજ કહેવામાં આવ્યા. ૬૪.

સત્વના ભેદનું સંક્ષિપ્ત વર્ણન.

शुद्धस्यसत्त्वस्यसप्तविधोब्रह्मार्षिशक्रवरुणयमकुबेरगन्धर्वसत्त्वानुकारेण । राजसस्यषड्विधोदैत्यराक्षसपिशाचसर्पप्रेतशकुनिसत्त्वानुकारेण । तामसस्यत्रिविधः पशुमत्स्यवनस्पतिसत्त्वानु कारेण । कथञ्चयथासत्त्वमुपचारःस्यादिति । केवलश्चायमुद्देशःयथोद्देशमभिनिर्दिष्टोभवति । गर्भावक्रान्तिसंप्रयुक्तस्यार्थस्यविज्ञानेसामर्थ्यंगर्भकराणाञ्चभावानामनुसमाधिर्विघातश्चविघातकराणांभावानामिति ।६५।

બ્રહ્મા, ઋષિ, ઇન્દ્ર, વરૂણ, યમ, કુબેર, તથા ગંધર્વ એઓના, સત્વ (મન) ની સમતાથી શુદ્ધ સત્વ (મન) ના સાત પ્રકાર થાય છે. દૈત્ય, રાક્ષસ, પિશાચ, સર્પ, પ્રેત તથા શકુનિ (પક્ષી) એઓના સત્વ (મન) ની સમતાથી રાજસ સત્વ (મન) ૭ પ્રકારનાં થાય છે. પશુ મત્સ્ય, તથા વનસ્પતિ એઓના સત્વ (મન)ની સમતાથી તામસ સત્વ (મન) ત્રણ પ્રકારનાં થાય છે. સત્વ (મન)ની અનુસાર ગર્ભિણીનું સેવન કયા પ્રકારનું હોય એને માટે સત્વો (મન) ના ભેદ નામ સહિત કહેવામાં આવ્યા. ગર્ભોત્પત્તિના વિષયમાં જે વાતો છે તેને જાણવાનું સામર્થ્ય ગર્ભજનક પદાર્થોનો સંગ્રહ અને ગર્ભનાશક પદાર્થોનો ત્યાગ થાય તેને માટે આ સર્વનું વર્ણન કર્યું છે. ૬૫.

અધ્યાયનો ઉપસંહાર.

तत्र श्लोकाः ।

निमित्तमात्माप्रकृतिर्वृद्धिःकुक्षौक्रमेणच । वृद्धिहेतुश्चगर्भस्यपञ्चार्थाःशुभसंज्ञिताः ६६

તેમાં આ શ્લોક છે. નિમિત્ત, આત્મા, પ્રકૃતિ, ક્રમથી દુખમાં વધવું, અને વૃદ્ધિનો આ પાંચ વાતો ગર્ભને માટે શુભ કહેલી છે. ૬૬.

पञ्चमानेनयोहेतुर्विना[illegible]ावपि । इमांस्त्रीनशुभान्भावानाहुर्गर्भविघात-कान् ॥ ६७ ॥

ગર્ભના ઉત્પન્ન થવામાં, નષ્ટ થઈ જવામાં, અને વિકારવાળા થવામાં જે કારણ છે તે ત્રણે કારણ ગર્ભના શુભ અશુભ ભાવ કહેવાય છે. ૬૭.

शुभाशुभसमाख्यातानष्टौभावानिमान्भिषक् । सर्वथावेदयःसवान्सरा[illegible]ःकर्तु-मर्हति ॥ ६८ ॥

જે વૈદ્ય શુભ તથા અશુભ નામના આ આઠ ભાવોને જાણે છે તે રાજાની ચિકિત્સા કરવાને માટે યોગ્ય છે. ૬૮.

अवाप्त्युपायान्गर्भस्यसएवंज्ञातुमर्हति । येचगर्भविघातोक्ताभावास्तांश्चाप्यु-दारधीः ॥ ६९ ॥

અને તેજ ઉદાર બુદ્ધિવાળા વૈદ્ય ગર્ભ સ્થિતિના ઉપાય તથા ગર્ભનાશક વિષયોને સારી રીતે જાણી શકે છે. ૬૯.

इतिचरकसंहितायांशारीरस्थानेमहतीगर्भावक्रान्तिःशारीरंसमाप्तम् ४

ઇતિ મહતી ગર્ભાવક્રાંતિ શારીર નામનો ચોથો અધ્યાય સમાપ્ત થયો. ૪.

॥ पञ्चमोऽध्यायः ॥

अथातः पुरुषविचयंशारीरं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે પુરૂષવિચય શારીરની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

पुरुषोऽयंलोकसम्मितइत्युवाचभगवान्पुनर्वसुरात्रेयः । यावन्तोहिमूर्त्तिमन्तोलोके-भावविशेषास्तावन्तः पुरुषे, यावन्तः पुरुषे, तावन्तोलोके ॥ १ ॥

ભગવાન આત્રેયજીએ કહ્યું કે આ પુરૂષ જગતના સરખો છે કેમકે સંસારમાં જેટલા મૂર્તિમાન પદાર્થ છે તે સર્વ પુરૂષમાં છે અને પુરૂષમાં જેટલા મૂર્તિમાન પદાર્થ છે તે સર્વ સંસારમાં છે ૧

इत्येवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाच । नैतावतावाक्येनोक्तंवाक्यार्थमवगा-हामहे । भगवताबुद्धयाभूयस्तरमतोऽनुव्याख्यायमानंशुश्रूषामहे ॥ २ ॥

ભગવાન આત્રેયજીનાં આ વચન સાંભળીને અગ્નિવેશે કહ્યું કે, હે ભગવાન ! આટલું કહેવાથી આપના કથનનું તાત્પર્ય અમે સમજી શકતા નથી. એથી હવે આપના મુખારવિંદથી તેનો સર્વ વિસ્તાર સાંભળવા ઇચ્છીએ છીએ. ૨!

જગત તથા પુરૂષની તુલના.

इति तमुवाचभगवानात्रेयः । अपरिसंख्ययालोकावयवविशेषाःपुरुषावयवविशेषाअप्यपरिसंख्येयाः । यथायथाप्रधानञ्चतेषांयथास्थूलंभावान्सामान्यमभिप्रेत्योदाहरिष्यामः तानेकमना निबोधसम्यगुपवर्ण्यमानानग्निवेश । षड्धातवः समुदिता लोकइतिशब्दंलभन्ते । तद्यथा—पृथिव्यापस्तेजोवायुराकाशंब्रह्मचाव्यक्तमित्येतएवचषड्धातवःसमुदिताः पुरुषइतिशब्दंलभन्ते । तस्यपुरुषस्यपृथिवीमूर्तिरापःक्लेदस्तेजोऽभिसन्तापोवायुःप्राणोवियच्छिद्राणिब्रह्मान्तरात्मा ॥३॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યું કે, આ સંસારના અંગ વિશેષ અસંખ્ય છે અને પુરૂષના પણ અંગ વિશેષ અસંખ્ય છે, હે અગ્નિવેશ, એથી થોડા મુખ્ય અંગોને લઈને હું સમતાનું વર્ણન કરૂં છું. તે તમે સાવધાન થઇને સાંભળો. ૭ ધાતુઓના સમુદાયને સંસાર કહે છે. તે ૭ ધાતુ આ છે. જેવી કે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ તથા અવ્યક્ત બ્રહ્મ અને આ ૭ ધાતુઓના સમુદાયને પુરૂષ કહે છે. તે પુરૂષનામાં મૂર્તિ, પૃથ્વી, ક્લેદ, જળ, સંતાપ, તેજ, પ્રાણવાયુ, છિદ્ર, આકાશ અને અંતરાત્મા બ્રહ્મ છે. ૩.

यथाखलुब्राह्मीविभूतिर्लोकेतथापुरुषेऽप्यान्तरात्मिकीविभूतिर्ब्रह्मणोविभूतिर्लोकेप्रजापतिरन्तरात्मनोविभूतिःपुरुषेसत्त्वम् । यस्त्विन्द्रोलोकेसपुरुषेऽहङ्कारःआदित्यास्तुआदानंरुद्रोरोषःसोमःप्रसादःवसवःसुखमश्विनौकान्तिर्मरुदुत्साहोविश्वेदेवाःसर्वेन्द्रियाणिसर्वेन्द्रियार्थाश्चतमोमोहोज्योतिर्ज्ञानम् । यथालोकस्यसर्गादिस्तथापुरुषस्यगर्भाधानंयथाकृतयुगमेवंबाल्यम् । यथात्रेतातथायौवनंयथाद्वापरस्तथास्थाविर्य्यंयथाकलिरेवमातुर्य्यंयथायुगान्तस्तथामरणमित्येवमनुमानेनानुक्तानामपिलोकपुरुषयोरवयवविशेषाणामग्निवेश ! सामान्यंविद्यात् ॥ ४ ॥

જેમ સંસારમાં બ્રાહ્મી વિભૂતિ છે તે પ્રકારે પુરૂષમાં અંતરાત્માની વિભૂતિ છે. જેમ બ્રહ્માની વિભૂતિ પ્રજાપતિ છે તેવીજ રીતે પુરૂષમાં અંતરાત્માની વિભૂતિ મન છે. જેમ સંસારમાં ઇન્દ્ર છે તેમ પુરૂષમાં અહંકાર છે, જેમ સંસારમાં સૂર્ય છે તેમ પુરૂષમાં આદાન (ગ્રહણ કરવું) છે, જેમ સંસારમાં રૂદ્ર છે તેમ પુરૂષમાં ક્રોધ છે, જેમ સંસારમાં ચન્દ્રમા છે તેમ પુરૂષમાં પ્રસન્નતા છે, જેમ સંસારમાં વસુ છે, તેમ પુરૂષમાં સુખ છે, જેમ સંસારમાં અશ્વિની કુમાર છે તેમજ પુરૂષમાં કાન્તિ છે, જેમ સંસારમાં મરુત (વાયુ) છે તેમ પુરૂષમાં ઉત્સાહ છે, જેમ સંસારમાં વિશ્વદેવા છે તેમ પુરૂષમાં સંપૂર્ણ ઇન્દ્રિય તથા ઇન્દ્રિયોના વિષય છે. જેમ સંસારમાં અંધકાર છે તેમ પુરૂષમાં મોહ છે, જેમ સંસારમાં પ્રકાશ છે તેમ પુરૂષમાં જ્ઞાન છે, જેમ સંસારમાં સ્વર્ગાદિક છે તેમ પુરૂષમાં ગર્ભાધાન છે, જેમ સંસારમાં સતયુગ છે તેમ પુરૂષમાં બાલ્યાવસ્થા હોય છે, જેમ સંસારમાં ત્રેતાયુગ છે તેમ પુરૂષમાં યુવાવસ્થા હોય છે, જેમ સંસારમાં દ્વાપરયુગ હોય છે તેમ પુરૂષમાં વૃદ્ધાવસ્થા હોય છે, જેમ સંસારમાં કલિયુગ હોય છે તેમ પુરૂષમાં રોગ હોય છે, જેમ સંસાર-

માં પ્રલય થાય છે તેમ પુરૂષમાં મૃત્યુ થાય છે. આ પ્રકારે સંસાર અને પુરૂષની સમયતા છે. હે અગ્નિવેશ ! સંસાર અને પુરૂષના જે અંગોની સમતા કહેવામાં આવી નથી તેની સમતા અનુમાનથી જાણી લેવી જોઈએ. ૪

અગ્નિવેશનો પ્રશ્ન.

इत्येवंवादिनंभगवन्तमात्रेयमग्निवेशउवाच । एतमेतत्सर्वमनपवादंयथोक्तंभगवता-लोकपुरुषयोःसामान्यंकिन्तुअस्यसामान्योपदेशस्यप्रयोजनमिति ॥ ५ ॥

આ પ્રકારે કહેતા ભગવાન્ અત્રિયજીને અગ્નિ વેશે કહ્યું કે, હે ભગવાન ! આ જે સંસાર અને પુરૂષની સમતા કહી તે નિ:સંદેહ બહુજ ઠીક છે પરંતુ આ સમતાના ઉપદેશનું પ્રયોજન શું છે. ૫.

આત્રેયજીનો ઉત્તર.

भगवानुवाच । कथमग्निवेश ! स[illegible] लोकमात्मन्यात्मानञ्चसर्वलोकेसमनुपश्यत-स्तस्यात्मबुद्धिरुत्पद्यतेइति । सर्वलोकंहिआत्मनिपश्यतोभवतिआत्मव[illegible]खदुःख-योःकर्त्तानान्यइ[illegible] । हेत्वादिभिरयुक्तसर्वलोकोऽहमितिविदित्वा-ज्ञानं पूर्वमुत्थाप्यतेऽपवर्गायेति ॥ ६ ॥

અગ્નિવેશનાં વચન સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, હે અગ્નિવેશ ! જે પુરૂષ પોતાનામાં સર્વ સંસારને અને સંસારમાં પોતાને જુવે છે તેને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. જે સર્વ સંસારને પોતાનામાં જુવે છે તે આત્માને સુખ દુ:ખના કર્તા માને છે, બીજાને નહીં. કેમકે સુખ અને દુ:ખ કર્મ સ્વરૂપ છે. હેતુ આદિકોથી રહિત સંપૂર્ણ સંસાર એ હું જ છું. એમ જાણીને મોક્ષને માટે જ્ઞાન પૂર્વક ઉદ્યત થાય છે. ૬

तत्रसंयोगापेक्षीलोकश[illegible]ब्दःषड्धातुसमुदा[illegible]न्यतःसर्वलोकःतस्यह[illegible]रुत्पत्ति-र्वृद्धिरुपप्लवोवियोगश्च । तत्रहेतुरुत्पत्तिकारणमुत्पत्तिर्जन्मवृद्धिराप्यायनमुपप्लवो-दुःखागमःषड्धातुवियोगः । सजीवापगमःसप्राणनिरोधःसभङ्गः सलोकस्वभावः७

લોક (સંસાર) શબ્દ સંયોગાપેક્ષી છે. કેમકે છ ધાતુઓનો સમુદાયજ સમાનત્વથી સર્વ સંસાર છે. તેનો હેતુ, ઉત્પત્તિ, વૃદ્ધિ, ઉપપ્લવ તથા વિયોગ થાય છે. તેમાંથી ઉત્પત્તિનું કારણ હેતુ કહેવાય છે. જન્મને ઉત્પત્તિ કહે છે. આપ્યાયન (તર કરવું) વૃદ્ધિ કહેવાય છે. દુ:ખની પ્રાપ્તિને ઉપપ્લવ કહે છે. અને છએ ધાતુઓના વિભાગને વિયોગ કહે છે. તેને જીવાપગમ પ્રાણુ નિરોધ ભંગ તથા લોક સ્વભાવ પણ કહે છે. ૭.

વિયોગનું કથન.

तस्य[illegible]लसर्वोप[illegible]वानाञ्चप्र[illegible]त्तिर्निवृत्तेरुपरमश्चप्रवृत्तिर्दुःखंनिवृत्तिःसुखमितियज्ज्ञा-नमुत्पद्यतेतत्सत्यम् । तस्यहेतुःसर्वलो[illegible]सामान्य[illegible]नमेतत्प्रयोजनंसामान्योपदे-शस्येति ॥ ८ ॥

વિયોગ તથા દુ:ખોનું મૂળ પ્રવૃત્તિ છે, અને નિવૃત્તિથી તેનો નાશ થાય છે. પ્રવૃત્તિ

દુ:ખરૂપ છે, અને નિવૃત્તિ સુખરૂપ છે. એ પ્રકારનું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સત્ય છે. તેનું કારણ સંપૂર્ણ સંસારમાં પોતાની સમતાને જાણવું એ છે, અને આ સંસાર તથા પુરૂષની સમતાનો ઉપદેશ કરવાનું પ્રયોજન છે. ૮.

અગ્નિવેશનો પ્રશ્ન.

अग्निवेशउवाच । किंमूलाभगवन् ! प्रवृत्तिर्निवृत्तौवाउपाय इति ॥ ९ ॥

ભગવાન આત્રેયજીનાં આ વચન સાંભળીને અગ્નિવેશ બોલ્યા કે, હે ભગવાન! પ્રવૃત્તિનું શું મૂલ છે અને નિવૃત્તિનો કયો ઉપાય છે? ૯.

પ્રવૃત્તિના મુલનું વર્ણન.

भगवानुवाच ।मोहेच्छाद्वेषकर्ममूलाप्रवृत्तिस्तज्जाह्यहङ्कारसङ्गसन्देहाभिसंप्लवाभ्यवपातविप्रत्ययाविशेषानुपायाः । तरुणमिवद्रुममतिविपुलशाखास्तरवोऽभिभूयपुरुषमवतत्योत्तिष्ठन्ते यैरभिभूतोनसत्तामतिवर्त्तते ॥ १० ॥

આ સાંભળીને ભગવાન અત્રેયજીએ કહ્યું કે, મોહ, ઈચ્છા, દ્વેષ તથા કર્મ આ વૃત્તિનાં મૂળ છે. પ્રવૃત્તિથી અંહકાર, સંગ, સંદેહ, અભિસંપ્લવ, અભ્યવપાત, વિપ્રત્યય, અવિશેષ, તથા અનુપાય, એમની ઉત્પત્તિ થાય છે. જેમ નાના વૃક્ષને મોટી મોટી શાખાવાળાં વૃક્ષ ઢાંકી દે છે અને તેને વધવા દેતા નથી તેમજ અહંકારાદિ પણ વધીને પુરૂષને એવો મોહિત કરે છે કે પુરૂષને પોતાનું જ્ઞાન રહેતું નથી. ૧૦.

અહંકારનું લક્ષણ

तत्रैवंजातिरूपवित्तबुद्धिशीलविद्याभिजनवयोवीर्य्यप्रभावसम्पन्नोऽहमित्यहङ्कारः ११

ત્યાં આ પ્રકારે જાતિ, રૂપ, ધન, બુદ્ધિ, શીલ, વિદ્યા, કુલ, અવસ્થા, વીર્ય તથા પ્રભાવવાળો હું છું, એમ સમજવું એ અહંકાર છે. ૧૧.

સંગ લક્ષણ.

यन्मनोवाक्कायकर्मनापवर्गायससङ्गः ॥ १२ ॥

મન, વચન, તથા શરીર વડે જે કર્મ મુક્તિ ઇચ્છા વિના કરવામાં આવે છે, તેને સંગ કહે છે. ૧૨.

સંદેહનું લક્ષણ.

कर्मफलमोक्षपुरुषप्रेत्यभावादयःसन्तिवानतिसंशयः ॥ १३ ॥

કર્મ ફલ, મોક્ષ તથા પુનર્જન્મ વિગેરે છે અથવા નથી આ વિચારને સંદેહ કહે છે. ૧૩

અભિસંપ્લવનું લક્ષણ.

सर्वास्ववस्थास्वनन्योऽ महंस्रष्टास्वभावसंसिद्धोऽहमहंशरीरेन्द्रियबुद्धिस्मृतिविशेषराशिरितिग्रहणमभिसंप्लवः ॥ १४ ॥

સર્વ અવસ્થાઓમાં હું અનન્ય છું. સ્રષ્ટા (ઉત્પન્ન કરનાર) છું. સ્વભાસિદ્ધ છું. અને શરીર, ઇન્દ્રિય, બુદ્ધિ તથા સ્મૃતિના સમૂહરૂપ છું, એવું માની લેવું તેને અભિસંપ્લવ કહે છે. ૧૪

અભ્યપાતનું લક્ષણ.

मममातापे भ्रा-दारापत्यबन्धुमित्र-त्यगणोगणस्यचाहामित्यभ्यवपातः ॥१५॥

માતા પિતા, ભ્રાતા, સ્ત્રી, પુત્ર, કન્યા, ભાઇ મિત્ર તથા સેવક, આ સર્વ મારાં છે, અને હું તેમનો છું આ પ્રકારે માની લેવું તેને અભ્યવપાત કહે છે. ૧૫.

વિપ્રત્યયનું લક્ષણ.

कार्य्याकार्य्यहिताहितेशुभाशुभे विपरीताभिनिवेशोधिप्रत्ययः ॥ १६ ॥

કાર્ય, અકાર્ય, હિત, અહિત, અને શુભ અશુભ તેમાં જે વિપરીત પ્રવૃત્તિ થાય છે તેને વિપ્રત્યય કહે છે. ૧૬

વિશેષનું લક્ષણ.

ज्ञाज्ञयोःप्रकृतिविकारयोःप्रवृत्तिनिवृत्त्योश्चासामान्यदर्शनंविशेषः ॥ १७ ॥

જ્ઞ, (જ્ઞાની) અજ્ઞ, પ્રકૃતિ, વિકાર, અને પ્રવૃત્તિ, નિવૃત્તિ એમાં અસમાન દૃષ્ટિથી જોવું તેને વિશેષ કહે છે. ૧૭

અનુપાયનું લક્ષણ.

प्रोक्षणानशनाग्नि[illegible]वणाभ्युक्षणवा[illegible]यजनयाजनयाचनसलिलहुताशनप्र-[illegible]: समारम्भाः प्रोच्यन्तेह्यनुपायाः ॥ १८ ॥

પ્રોક્ષણ, (યજ્ઞ પશુનું મારવું) અનશન (ઉપવાસ) અગ્નિહોત્ર ત્રિવવણ. (ત્રિકાલ સ્નાન) અભ્યુક્ષણ. (મંત્ર ભણીને જળ છાંટવું) યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, યાચના, આવાહન, અને જળ તથા અગ્નિમાં પ્રવેશ કરવો વિગેરે જે કાર્ય છે તેને અનુપા કહે છે. (જો કે આ સર્વ સ્વર્ગાદિના ઉપાય છે તથાપિ મોક્ષને માટે નિષ્પ્રયોજન થવાનું કારણ તેને અનુપાય કહે છે.) ૧૮

एवमयमधीधृतिस्मृतिरहङ्काराभिनिविष्टःसंसक्तः[illegible]योऽभिसंप्लुतबुद्धिरभ्यव-पतितोऽन्यथादृष्टिर्विशेषग्राहीविमार्गगतिर्निवासवृक्षःसत्वशरीरदोष[illegible]लानामूलंस-र्वदुःखानांभवति ॥ १९ ॥

આ પ્રકારે બુદ્ધિ, ધૈર્ય તથા સ્મૃતિથી રહિત અહંકાર, સંગ, સંદેહ, અભિસંપ્લવ, અભ્યવપાત, વિપ્રત્યય, અવિશેષ, તથા અનુપાયથી યુક્ત પુરૂષ મન તથા શરીરના દોષોનો નિવાસ, વૃક્ષ અને સંપૂર્ણ દુઃખોનું મૂળ થઇ જાય છે. ૧૯

इत्येवमहंकारादिभिर्दोषैर्भ्राम्यमाणोनातिवर्त्ततेप्रवृत्तिःसा[illegible]लमघस्य ॥ २० ॥

આ પ્રકારે અહંકારાદિ દોષોથી સંસારમાં ભ્રમણ કરતા પુરૂષો પાપોના મૂળરૂપ પ્રવૃત્તિને છોડતા નથી. ૨૦

[illegible]त्तिरपवर्गस्तत्परंप्रशान्तंतदक्षरंतद्ब्रह्मसमोक्षः । तत्रमुमुक्षूणा[illegible]दयनानिव्या-ख्यास्यामः । तत्रलोकदोषदर्शिनोमुमुक्षोरादितएवाचार्याभिगमनं[illegible]योपदशानु-ष्ठानम् ॥ २१ ॥

અપવર્ગ પરમ શાંતિ, અક્ષર, બ્રહ્મ, તથા મોક્ષને નિવૃત્ત કહે છે. હવે અહીં મુમુક્ષુ પુરૂષોના મોક્ષનો ઉપાય પ્રસંગથી કહીએ છીએ, લોકમાં દોષોને જોનાર મુમુક્ષુ પુરૂષે પ્રથમજ આચાર્યની પાસે જવું જે કાંઈ આચાર્ય ઉપદેશ કરે તેને અનુકૂળ આચરણ કરવાં. ૨૧.

अग्नेरेवोपचर्य्याधर्मशा[illegible]गमनंतदर्थावबोधस्तेनावष्टम्भःतत्रयथोक्ताःक्रियाःसतामुपासन[illegible]सङ्गतिर्दुर्जनेनसत्यंसर्वभूतहितमपरुषमनतिकालेपरीक्ष्यवचनंसर्वप्राणिषुआत्मनीवावेक्षासर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनाअनभिभाषणञ्चस्त्रीणांसर्वपरिग्रहत्यागःकौपीनंप्रच्छादनार्थंधातुरागनिवसनंकन्थासीवनहेतोःसूचीपिप्पलकं[illegible]चाधानहेतोःजलकुण्डिकादण्डधारणंभैक्ष्यचर्य्यार्थंपात्रंप्राणधारणार्थमककालम[illegible]म्योयथोपपन्न[illegible]रः ।श्रमापनयनार्थंशीर्णशुष्कपर्णतृणास्तरणोपधानंध्यानहेतोःकायनिबन्धनंवनेषुअनिकेतवासस्तन्द्रानिद्रालस्यादिकर्मवर्जनमिन्द्रियार्थेषुअनुरागोपतापनिग्रहःसुप्तस्थितगतप्रेक्षिताहारविहारमत्यङ्गचेष्टादिकेषुआरम्भेषुस्मृतिपूर्विकाप्रवृत्तिःसत्कारस्तुतिगर्हावमानक्षमत्वंक्षुत्पिपासायासश्रमशीतोष्णवात[illegible]र्षासुखदुःखसंस्पर्शसहत्वंशोकदैन्यद्वेषमदमानलोभरागेर्ष्याभयक्रोधादिभिरसञ्चलनमहङ्कारादिषूपसर्ग[illegible]पुरुषयोःसर्गादिस[illegible]मान्यावेक्षणंकार्य्यकालात्ययभयंयोगारम्भेसततमनिर्वेदःसत्त्वोत्साहापवर्गायधीधृतिस्मृतिबलाधानंनियमनमिन्द्रियाणांचेतसिचेतसआत्मन्यात्मनश्चधातुभेदेनशरीरावयवसंख्यानामभीक्ष्णंसर्वकारणवद्दुःखमस्वमनित्यमित्यभ्युपगमः । सर्वप्रवृत्तिषुदु[illegible]नवे[illegible]षमार्गोऽपवर्गायअतोऽन्यथाबध्यतेइत्युदयनानिव्याख्यातानि ॥ २२ ॥

અગ્નિનું સેવન, ધર્મશાસ્ત્રોનું અધ્યયન, ધર્મશાસ્ત્રોના અર્થનો બોધ, ધર્મશાસ્ત્રને અનુસાર કાર્ય કરવું. સજ્જનોની ઉપાસના, દુર્જનોનો ત્યાગ, સત્ય, સર્વ પ્રાણિયોનું હિત કરવું, પરીક્ષા કરીને સમયસર મધુર વચન બોલવાં, સર્વ પ્રાણિયોને પોતાના સમાન જાણવા, સ્ત્રી માત્ર (સર્વ સ્ત્રીયો) નું સ્મરણ તથા ચિંતન ન કરવું. સ્ત્રીયોની પ્રાર્થના ન કરવી, સ્ત્રી માત્રની સાથે સંભાષણ ન કરવું. સર્વ પ્રકારના સંગ્રહનો ત્યાગ, ગેરૂથી રંગેલાં કોપીન શરીર ઢાંકવાને માટે પહેરવાં, કન્યા સાંધવાને માટે સોઈ તથા વસ્ત્રનો ખંડ પાસે રાખવો. શૌચને માટે જળ કુણ્ડિકા (રૂષીપાત્ર વિશેષ) પાસે રાખવી, દંડ ધારણ કરવા, પ્રાણોની રક્ષાને માટે ભિક્ષા માગીને એકવાર યથા લાભ (જે કાંઇ મળે) સૌમ્ય ભોજન કરવું, શ્રમ મટાડવાને માટે સુકાં પાન તથા ઘાસની શય્યા બનાવવી પરમાત્માના ધ્યાનને માટે શરીરને સ્વસ્થ રાખવું, વનમાં કુટિ વિગેરે બનાવીને રહેવું નહિ, તંન્દ્રા, નિદ્રા, તથા આળસનો ત્યાગ કરવો, ઇન્દ્રિયોના અભિમત વિષયોની સાથે જે અનુરાગ તથા અનિષ્ટ વિષયોની સાથે જે દ્વેષ તેનો ત્યાગ કરવો, નિદ્રા, સ્થિતિ,

ગતિ, દર્શન, આહાર, વિહાર, તથા અંગોની ચેષ્ટા વિગેરે કાર્યોમાં સ્મરણ પૂર્વક પ્રવૃત્તિ કરવી, સત્કાર, સ્તુતિ, નિંદા, તથા અપમાન એમાં સમ રહેવું, ક્ષુધા, તૃષા, શ્રમ, શીત, ઉષ્ણવાયુ, વર્ષા, સુખ, તથા દુઃખ એને સહેવાં, શોક, દીનતા, દ્વેષ, મદ, માન, લોભ, ઇર્ષ્યા, ભય, રાગ, તથા ક્રોધ, આદિકથી ચલાયમાન ન થવું, અહંકારાદિને ઉત્પાત માનવા, સંસાર તથા પુરૂષને સમાન જોવા, કોઇ કાર્યનો ચોક્કસ સમય જતો રહેવાથી ડરવું. યોગના આરંભમાં કદી ખિન્ન ન થવું, સત્વ, ઉત્સાહ, તથા મોક્ષને નિમિત્તે બુદ્ધિ, ધૈર્ય, સ્મૃતિ તથા બળને વધારવું, ઇંદ્રિયોને મનમાં સ્થિર કરવી, મનને આત્મામાં રોકવું, અને આત્માને પોતાનામાં જોવો, ધાતુઓના ભેદને અનુસાર શરીરના સંપૂર્ણ અંગોનું ચિંતન કરવું, કારણવાન (કાર્યરૂપ જે પદાર્થ છે તે સર્વ) દુઃખરૂપ છે. આત્માથી પૃથક છે તથા અનિત્ય છે એ જાણવું અને સર્વ પ્રકારની પ્રવૃત્તિ દુઃખરૂપ તથા સર્વનો ત્યાગ સુખરૂપ છે, આ જ્ઞાન થવું પૂર્વોકત (આચાર્યની પાસે જવું વિગેરે) આ સર્વ મોક્ષનો માર્ગ છે. એથી વિપરીત આચરણ કરવાથી સંસારમાં બંધન થાય છે. આ પ્રકારે મોક્ષના ઉપાય કહેવામાં આવ્યા. ૨૨

भवन्ति चात्र ।

एतैरविमलंसत्त्वंशुद्धयुपायैर्विशुध्यति । मृज्यमानइवादर्शस्तैलचेलकचादिभिः ॥ २३ ॥ ग्रहाम्बुदरजोधूमनीहारैरसमावृतम् यथार्कमण्डलंभातिभातिसत्त्वंतथामलम् ॥ २४ ॥ ज्वलत्यात्मनिसंरुद्धंतत्सत्त्वंसंवृतायने । शुद्धःस्थिरःप्रसन्नार्चिर्दीपोदीपाशयेयथा ॥ २५ ॥

ત્યાં આ શ્લોક છે. જેમ તેલ, વસ્ત્ર તથા કેશ વિગેરે વડે નિર્મળ કરેલું દર્પણ સ્વચ્છ થઇ જાય છે તેવીજ રીતે પૂર્વોકત ઉપાયોવડે શુદ્ધ કરેલું મન નિર્મળ થઇ જાય છે. ૨૩

ગ્રહ, મેઘ, ધુળ, ધુમાડી, તથા બરફની વડે આચ્છાદિત નહિ થએલું સુર્ય મંડલના સરખું નિર્મળ, સત્વ (મન) શોભિત થાય છે.૨૪

જેમ દીપાશય (દીવો રાખવાનું નિર્વાત સ્થાન)માં શુદ્ધ, સ્થિર તથા નિર્મળ જ્યોતિ દીપક બળે છે. તે પ્રકારે ઇન્દ્રિયોના રોકાઇ જવાથી આત્મામાં લીન થએલું મન પ્રકાશિત થાય છે. ૨૫

શુદ્ધ સત્વ બુદ્ધિનું કથન.

शुद्धसत्त्वस्ययाशुद्धासत्याबुद्धिःप्रवर्त्तते । ययाभिनत्यतिबलंमहामोहमयंतमः॥२६॥ सर्वभावस्वभावज्ञोययाभवतिनिस्पृहः । योगंययासाधयतेसांख्यःसम्पद्यतेयया ॥ २७ ॥ यया नोपैत्यहङ्कारं नोपास्तेकारणंयया । यया नालम्बतेकिञ्चित्सर्वंसंन्यस्यतेयया ॥ २८ ॥ यातिब्रह्मययानित्यमजरःशान्तमक्षरम् विद्यासिद्धिर्मतिर्मेधाप्रज्ञाज्ञानञ्चसामता ॥ २९ ॥

મનના શુદ્ધ થયા પછી જે શુદ્ધ સત્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે: જેનાવડે અત્યંત બળવાન, મહા મોહમય અંધકાર નષ્ટ થાય છે.

જેની વડે સર્વ પદાર્થોના સ્વભાવ જાણી શકાય છે તેની વડે મનુષ્ય નિસ્પૃહ થઇ જાય છે. જેની વડે યોગ તથા સાંખ્યની સિદ્ધિ થાય છે, ૨૭ જેની વડે પુરૂષ અહંકારથી રહિત થઇ જાય છે, જેની વડે સંસારના કારણરૂપ ધર્મ અધર્મનો ત્યાગ થઇ જાય છે, જેના વડે કોઇનો આશ્રય લેવો પડતો નથી, જેના દ્વારા સર્વ સંગ્રહનો ત્યાગ થઇ જાય છે. ૨૮ અને જેની વડે નિત્ય, અજર, શાંત તથા અક્ષય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, તેવી બુદ્ધિને, વિદ્યા, સિદ્ધિ, મતિ, મેધા, પ્રજ્ઞા તથા જ્ઞાન કહે છે. ૨૯

लोकेविततमात्मानंलोकंचात्मनिपश्यतः । परावरदृशःशान्तिर्ज्ञानमूलानन्श्यति ३०

જે સંસારમાં પોતાને અને પોતાનામાં સંસારને જુવે છે, તેના પર (બ્રહ્મ) અવર (પૃથ્વી વિગેરે) ના જાણુનારાની જ્ઞાન મૂલક (જ્ઞાનથી થનારી) શાંન્તિ કદી નષ્ટ થતી નથી. ૩૦

મુક્તનાં લક્ષણ.

पश्यतःसर्वभूतानिसर्वावस्थासुसर्वदा । ब्रह्म[illegible]तस्यसंयोगोनशुद्धस्योपपद्यते ३१

હંમેશાં સંપૂર્ણ સ્થાનોમાં સર્વ પ્રાણિયોને સમતાથી જોનારા બ્રહ્મરૂપ શુદ્ધ પુરૂષને ધર્મ અધર્મનો સંયોગ થતો નથી. ૩૧

नात्मनःकारणाभावाल्लिङ्गमप्युपलभ्यते । ससर्वकारणत्यागान्मुक्तइत्यभिधीयते ॥ ३२ ॥ विपापंविरजःशान्तंपरमक्षरमव्ययम् । अमृतंब्रह्मनिर्वाणंपर्यायैःशान्तिरुच्यते ॥ ३३ ॥

કારણોના ન હોવાથી આત્માનાં કાંઇ લક્ષણ નથી. સમ્પૂર્ણ ધર્માધર્મરૂપ કારણોના ત્યાગથી આત્માને મુકત કહે છે. ૩૨ વિપાપ, વિરજ, શાંત, પર, અક્ષર, અવ્યય, અમૃત, બ્રહ્મ, તથા નિર્વાણ આ શાંતિના પર્યાય વાચક શબ્દ છે. ૩૩

एतत्तत्सौम्य[illegible]त्वामुक्तसंशयाः । मनुयःप्रशमंजग्मुर्वीतमोहरजःस्पृहाः ३४

હે સૌમ્ય અગ્નિવેશ ! આ તે વિજ્ઞાન છે કે જેને જાણીને સંશયરહિત મુનિ લોક મોહ, રજો ગુણ, તથા સ્પૃહાથી રહિત થઇને શાંતિને પામે છે. ૩૪

तत्र श्लोकौ.

અધ્યાયનો ઉપસંહાર.

सप्रयोजनमुद्दिष्टंलोकस्यपुरुषस्य च । सामान्यंमूलमुत्पत्तौनिवृत्तौमार्गएवच ।३५। शुद्धसत्त्वसमाधानंसत्याबुद्धिश्चनैष्ठिकी । विचयेपुरुषस्योक्तानिष्ठाचपरमर्षिणा ॥ ३६ ॥

આમાં આ બે શ્લોક છે, પ્રયોજન સહિત સંસાર તથા પુરૂષની સમતા, ઉત્પત્તિનું મૂળ નિવૃત્તિનો માર્ગ, ૩૫ શુદ્ધ મનનું સમાધાન, નૈષ્ટિની સમબુદ્ધિ, તથા નેષ્ટા આ સર્વ વિષયનું ભગવાન આત્રેયજીએ આ પુરૂષ વિચયનામ શારીરાધ્યાયમાં વર્ણન કર્યું છે.. ૩૬

इति च[illegible] शारीरस्थाने पुरुषविचयं शारीरं समाप्तम् ॥ ५ ॥

ઇતિ ચરકસંહિતાયાં શારીરસ્થાને પુરૂષ વિચયંશારીરં નામનો પાંચમો અધ્યાય સમાપ્ત થયો. ૬

षष्ठोऽध्यायः

अथातः शरीरविचयशारीरंव्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે શરીર વિચય નામના શારીરની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

શરીર વિચયનું પ્રયોજન.

शरीरविचयःशरीरोपकारार्थमिष्यतेभिषग्विद्यायाम् ज्ञात्वाहिशरीरतत्त्वंशरीरोपकारकरेषुभावेषुज्ञानमुत्पद्यतेतस्माच्छरीरविचयंप्रशंसन्तिकुशलाः ॥१॥

વૈદ્યક શાસ્ત્રમાં શરીરના ઉપકારને માટે શરીરના તત્વોને જાણવાં એ બહુજ જરૂરનું છે. કેમકે શરીરના તત્વને જાણીને શરીરના ઉપકારક પદાર્થોનું જ્ઞાન સારી રીતે થાય છે. એથી ચતુર લોક શરીરના તત્વને જાણવાની પ્રશંસા કરે છે.૧

શરીરનું વર્ણન.

तत्रशरीरंनामचेतनाधिष्ठानभूतंपञ्चमहाभूतविकारसमुदायात्मकम् ॥२॥

समयोगवाहिनोयदाह्यस्मिञ्छरीरेधातवोवैषम्यमापद्यन्तेतदाक्लेशंविनाशंवाप्राप्नोतिवैषम्यगमनंवापुनर्धातूनांवृद्धिह्रासगमनमकात्स्न्र्येन ॥३॥

ચેતના ધાતુના આધારરૂપ પંચ મહાભૂતોના સમુદાયને શરીર કહે છે. ૨ જ્યારે આ શરીરમાં સમતાથી રહેનાર ધાતુ વિષમતાને પામે છે ત્યારે શરીરમાં કલેશ થાય છે. અથવા શરીર નષ્ટ થઇ જાય છે. ધાતુઓની વધઘટ થવાને વિષમતા કહે છે. ૩

प्रकृत्याचयौगपद्येनतुविरोधिनांधातूनांवृद्धिह्रासौभवतः ॥४॥

વિરોધી ધાતુઓનું ઘટવું વધવું સ્વભાવથી એકી સાથેજ થાય છે. ૪.

यद्धियस्यधातोर्वृद्धिकरंतत्ततोविपरीतगुणस्यधातोःप्रत्यवायकरंसम्पद्यते । तदेवतस्माद्भेषजंसम्यगवधार्य्यमाणंयुगपन्न्यूनातिरिक्तानांधातूनांसाम्यकरं भवतिअधिकमपकर्षतिन्यूनमाप्याययति । एतावद्धिभषज्यप्रयोगेफलमिष्टंस्वस्थवृत्तानुष्ठानञ्चयावद्धातूनांसाम्यंस्यात् ॥ ५ ॥

જે વસ્તુથી જે ધાતુની વૃદ્ધિ થાય છે તે વસ્તુથી તે ધાતુથી વિપરીત ધાતુની હાનિ થાય છે એથી સારી રીતે વિચાર કરવામાં આવેલ ઔષધ તે છે કે જે ઘટેલી તથા વધેલી ધાતુઓને એકી સાથે સમ કરી દે છે અર્થાત્ વધેલી ધાતુઓને ઓછી કરીને અને ઘટેલી ધાતુઓને વધારીને સમ કરી દે છે. કેમકે તેજ ચિકિત્સા કરવાનું ફળ છે. અને સ્વસ્થતા પણ ત્યાં સુધીજ રહે છે કે જ્યાં સુધી ધાતુ સમ હોય છે.૫.

ધાતુ સામ્યની વિધિ.

स्वस्थस्यापिसमधातूनांसाम्यानुग्रहार्थमेवकुशलारसगुणान[illegible]पथ्यापथ्ययेणेच्छ[illegible]योक्तुम् । सात्म्यस[illegible]तानेकप्रकारभूयिष्ठांश्चोपयुञ्जानास्तद्विपरीतकरणलक्षणसमाख्यातवष्टय[illegible]मिच्छन्तिक[illegible] ॥ ६ ॥

ચતુર વૈદ્ય લોક સ્વસ્થ પુરૂષની સમ ધાતુઓને સમ રાખવાને માટે રસોના ગુણોનું અને અનેક પ્રકારના આહારોનો પર્યાય (વારા પછી) થી ઉપયોગ કરવાનું ઇચ્છે છે. અનેક પ્રકારની સાત્મ્ય વસ્તુઓનો વ્યવહાર કરીને એથી વિપરીતકારક લક્ષણ યુક્ત ચેષ્ટાથી ધાતુઓને સમ કરવાનું ઇચ્છે છે. ૬.

સ્વસ્થને ધાતુ સામ્ય રાખવાનો ઉપદેશ.

देशकालात्मगुणविपरीतानांहिकर्मणामा ारविकाराणाश्चक्रमेणोपयोगःसम्यक् । सर्वाभियोगोनुदीर्णानांसन्धारणमसन्धारणमुदीर्णानाञ्चगातमतांसा सानाञ्चवर्जनम् । स्वस्थवृत्तमेतावद्धातूनांसाम्यानुग्रहार्थमुपदिश्यते ॥७॥

દેશ, કાળ, તથા પોતાના ગુણોથી વિપરીત કર્મ આહાર, તથા વિકારના ક્રમથી સારી રીતે ઉપયોગ કરવો. કોઇ વિષયનું બહુજ સેવન ન કરવું, મળ મૂત્રાદિક વેગોને ન રોકવા, અને સાહસ ન કરવું, આ સ્વસ્થ પુરૂષોને ધાતુઓને સમ રાખવાને માટે ઉપયોગનો ઉપદેશ કરવામાં આવ્યો. ૭.

ધાતુઓની વૃદ્ધિ અને નાશનું કારણ.

धातवःपुनःशारीराःसमानगुणैःसमानगुण यिष्ठैर्वापिआहारविहारैरभ्यस्यमानैर्वृद्धिमाप्नुवन्तिह्रासन्तुवितरीतगुर्णैर्विपरीतगुण भूयिष्ठैर्वाप्याहारैरभ्यस्यमानैः ॥ ८ ॥

શરીરની ધાતુ સમાન ગુણ વાળી તથા અધિક સમાન ગુણ વાળી, આહાર વિહારોના અભ્યાસથી વૃદ્ધિને પામે છે, અને વિપરીત ગુણવાળા તથા અધિક વિપરીત ગુણવાળા આહાર વિહારોના અભ્યાસથી નાશને પામે છે.૮

ધાતુઓના ગુણ.

तत्रेमेशरीरधातुगुणाः संख्यासामर्थ्यकराःस्तद्यथागुरुलघुशीतोष्णस्निग्धरूक्षमन्दतीक्ष्णस्थिरसरमृदुकठिनविशदपिच्छिलश्लक्ष्णखर स्मस्थूलसान्द्रद्रवाः।९।

ત્યાં આ શરીરની ધાતુઓના ગુણ જાણવાનું સામર્થ્ય આવે છે તે ગુણ આ છે. જેમકે ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણુસ્નિગ્ધ તીક્ષ્ણ, સ્થિર, સરમૃદુ, કઠિન, વિશદ, પિચ્છલ, શ્લક્ષ્ણ, ખર, સૂક્ષ્મ, સ્થૂલ, સાન્દ્ર, તથા દ્રવ.૯

ગુરૂ અને લઘુતાઓનું વર્ણન.

ते येगुरवोधातवोगुरुभिराहारविकारगुणैरभ्यस्यमानैराप्यायन्तेलघवश्चह्रसन्ति । लघवस्तुल भिरेवाप्यायन्तेगुरवश्चह्रसन्त्येवमवसर्वधा गुणानां सामान्ययोगाद्वृद्धिविपर्य्यया ासः ॥ १० ॥

તેમાં શરીરની જે ધાતુઓ ગુરૂ (ભારે) છે. તેગુરૂ ગુણવાળા ભોજનના અભ્યાસથી વૃદ્ધિને પામે છે, અને લઘુ ધાતુ નાસને પ્રાપ્ત થાય છે. આ પ્રકારે લઘુ ગુણ વાળા ભોજનના

અભ્યાસથી લઘુ ધાતુ વૃદ્ધિને પામે છે. અને ગુરૂ ધાતુ નાશને પામે છે. એ રીતે સંપૂર્ણ ધાતુઓના ગુણ, સમાન ગુણવાળા ભોજનથી વૃદ્ધિને પામે છે. અને વિપરીત ગુણવાળા ભોજનથી નાશને પામે છે.૧૦

પ્રતિધાતુઓની વૃદ્ધિનો હેતુ.

तस्मान्मांसमाप्याय्यतेमांसेनभूयोन्येभ्यःशरीरधातुभ्यः । तथा लोहितंलोहितेनमेदोमेदसा वसावसयाअस्थितरुणास्थ्नामज्जामज्ज्ययाशुक्रंशुक्रेणगर्भस्त्वामगर्भेण ॥ ११ ॥

એથીજ માંસ ખાવાથી અન્ય ધાતુઓ કરતાં માંસ અધીક વધે છે. લોહિથી લોહિ, મેદથી મેદ, ચરબીથી ચરબી, તરૂણ નામની હાડકીઓથી હાડકાં, મજ્જાથી મજ્જા, વીર્યથી વીર્ય અને આમગર્ભ (ઇંડાં) ના સેવનથી ગર્ભ વધે છે. ૧૧

સમાનની અપ્રાપ્તિમાં ઉપાય.

यत्रतुएवंलक्षणेनसामान्येनसामान्यवतामाहारविकाराणामसान्निध्यंस्यात् । सन्निहितानांवापिअयुक्तत्वान्नोपयोगोघृणित्वादन्यस्माद्वाकारणात्सचधातुरभिवर्द्धयितव्यःस्यात् । तस्ययेसमानगुणाःस्युःआहारविकाराः असेव्याश्चतत्रसमानगुणभूयिष्ठानामन्यप्रकृतीनामपिआहारविकाराणामुपयोगःस्यात् ॥१२॥

જ્યાં સમાન લક્ષણથી સમાન ગુણવાળા આહાર વિહારની અપ્રાપ્તિ થાય અથવા પ્રાપ્તિ થયા પછી પણ અયોગ્ય હોવાથી, તે પ્રતિ અભાવ હોવાથી, અથવા અન્ય કોઇ કારણથી, ઉપયોગ ન થઇ શકે અને ધાતુઓનું વધવું આવશ્યક હોય તેના જે સમાન ગુણવાળા આહાર વિહાર સેવન કરવા યોગ્ય ન હોય તેમાં અધિક સમાન ગુણવાળા અન્ય પ્રકારના પણ આહાર વિહારોનો ઉપયોગ કરવો જોઇએ. ૧૨

तद्यथा—शुक्रक्षयेक्षीरसर्पिषोरुपयोगोमधुरस्निग्धसमाख्यातानांचापरेषांचद्रव्याणाम् । मूत्रक्षये नरिक्षुरसवारुणीमण्डद्रवमधुराम्ललवणोपक्लेदिनाम् । पुरीषक्षयेकुल्माषमाषकुष्माण्डाजमध्ययवशाकधान्याम्लानाम् । वातक्षयेकटुतिक्तकषायरूक्षलघुशीतानाञ्च । पित्तक्षयेम्ललवणकटुक्षाराष्णतीक्ष्णानाम् । श्लेष्मक्षयेस्निग्धगुरुमधुरसान्द्रपिच्छिलानांद्रव्याणांकमा पिचयचयस्यधातोर्वृद्धिकरंतत्तदनुसेव्यम् ॥ १३ ॥

જેમ વીર્યના ક્ષીણ થવાથી, વીર્યના ન મળવાથી, અથવા વીર્ય ખાવામાં ચિત્રી ચઢતી હોવાથી, દૂધ, ઘી તથા અન્ય મધુર, સ્નિગ્ધ, વસ્તુઓનું સેવન કરવું જોઇએ. મૂત્રના ક્ષીણ થવાથી શેરડીનો રસ, વારૂણી, મદિરા, મન્ડ અને દ્રવ, મધુર, ખાટું, ખારૂં, તથા ક્લેદકારક વસ્તુઓનું સેવન કરવું જોઇએ. મળના ક્ષીણ થયા પછી કુલથી, અડદ, કૂષ્ કુન્ડ, બકરાનો મધ્ય ભાગ, જવ, શાક, તથા ધાન્યામ્લ (એક પ્રકારથી કાંજી) એનું સેવન કરવું જોઇએ. વાયુંના ક્ષીણ થયા પછી કડવું, તિખું, તુરૂં, રૂક્ષ, લઘુ, તથા શીત વસ્તુ-

ઓનો ઉપયોગ કરવો જોઇએ. પિત્તના ક્ષીણ થયા પછી ખાટું, ખારૂં, કડવું, ક્ષાર, ગરમ, તથા તીક્ષ્ણ વસ્તુઓનો ઉપયોગ કરવો, અને કફના ક્ષીણ થયા પછી સ્નિગ્ધ, ગુરૂ, મધુર, સાન્દ્ર, તથા પિચ્છિલ વસ્તુઓનું સેવન કરવું જોઇએ અને કાર્ય પણ જે ક્ષીણ થએલી ધાતુ વધારનાર હોય તેવાં કરવાં જોઇએ. ૧૩

एवमन्येषामपिशरीरधातूनांसामान्यविपर्य्ययाभ्यांवृद्धिह्रासौयथाकालंकार्य्याविति। सर्वधातुनामेकैकशोऽतिदेशतश्चवृद्धिह्रासकराणिव्याख्यातानिभवन्ति ॥ १४ ॥

આ પ્રકારે શરીરની અન્ય ધાતુઓનો વધારો ઘટાડો, સમાન ગુણવાળા તથા વિપરીત ગુણવાળા આહાર વિહારોના સેવનથી કરવો જોઇએ. આ પ્રકારે સંપૂર્ણ ધાતુઓના એક એક કરીને સંક્ષેપથી ઘટાડનાર આહાર, વિહાર કહેવામાં આવ્યા. ૧૪

[illegible]पुष्टिकरा स्त्वमभावाःकालयोगःस्वभावसिद्धिराहारसौष्ठवमविघा-तश्चेतिबलवृद्धिकरा स्त्वमेभावाभवन्ति । तद्यथा—बलवत्पुरुषेदेशेजन्मबलव-त्पुरुषेचकाले । सुखश्चकालयोगोबीजक्षेत्रगुणसम्पच्चाहारसम्पच्चशरीरसम्पच्चसा-त्म्यसंपच्चसत्त्वसम्पच्चस्वभावसंसिद्धिश्चयौवनश्चकर्मचसंहर्षश्चेति ॥१५॥

સંપૂર્ણ શરીરને પુષ્ટિ કરનાર એ કારણ છે. સમયનો યોગ, સ્વભાવની સિદ્ધિ, સુંદર ભોજન, અવિઘાત અને બળને વધારનાર આ કારણ છે. જેવાંકે જે દેશમાં પુરૂષ બળવાન થાય છે તે દેશમાં જન્મ થવો, જે સમયમાં પુરૂષ બલવાન થાય છે તે સમયમાં જન્મ થવો, સુખદાયક સમય, વીર્ય તથા ક્ષેત્ર (માતા)નું શ્રેષ્ટ હોવું, શ્રેષ્ટ ભોજન, શરીરનું શ્રેષ્ટ હોવું, સાત્મ્ય વસ્તુઓનું મળવું, શ્રેષ્ટ સત્વ હોવું, સ્વભાવ સંસિદ્ધિ (સ્વભાવથીજ બળવાળા થવું) યુવાવસ્થા, કર્મ તથા હર્ષ. ૧૫

[illegible]मकरास्तुइमेभावाभवन्ति । तद्यथाउष्मा, वायुः, क्लेदः, स्नेहः, कालः, संयोगश्चेति ॥ १६ ॥ तत्रखल्वेषामुष्मादी[illegible]मकराणां-भावानामिमे कर्मविशेषाभवन्तितद्यथा । उष्मापचतिवायुरपकर्षतिक्लेदःशैथि-ल्यमापादयतिस्नेहोमार्दवंजनयतिकालःपर्य्याप्तिमभिनिर्वर्त्तयतिसंयोगस्तुएषांपरि-णामधातु[illegible]ःसम्पद्यते ॥ १७ ॥

ત્યાં ભોજનને પચાવનાર આ ઉષ્મા (વાયુ) દિકોનાં આ કર્મ છે જેવાં કે ઉષ્મા (ગરમી), વાયુ, ક્લેદ, સ્નેહ, કાલ તથા સંયોગ. (૧૬) તેમાંથી ભોજન પચાવવાને માટે જેનું જે કાર્ય છે તે કહેવામાં આવે છે, જેમકે ગરમી ભોજનને પચાવે છે, વાયુ તેને ખેંચે છે, ક્લેદ તેને શિથિલ કરે છે, સ્નેહ કોમળતા લાવે છે, સમય ઇચ્છાને ઉત્પન્ન કરે છે અને સંયોગ ભોજન પચ્યા પછી બનેલી ધાતુઓને સમ કરે છે. ૧૭

परिणामतस्त्वाहारस्य[illegible]णाःशरीर[illegible]णभावमापद्यन्तेयथास्वमविरुद्धाश्चविहन्युर्वि-हताश्चविरोधिभिःशरीरम् ॥ १८ ॥

પચેલા ભોજનના ગુણ જો વિરોધી ન હોય તો પરિણામે શરીરના ગુણ થઇ જાય છે. અને જો વિરોધી હોય તો વિરોધી ગુણોથી વિહિત (બગડીને) થઇને શરીરને નષ્ટ કરે છે. ૧૮

શરીર ધાતુના ભેદ.

शरीरधातवस्त्वेवंद्विविधाः संग्र [illegible]मलभूताः प्रसादभूताश्च । तत्रमलभूतास्तेशरीरस्ययेबाधकराःस्युस्तद्यथाशरीरच्छिद्रेषुउपदेहाःपृथग्जन्मानोबहिर्मुखाःपरिपकाश्चधातवः । प्रकुपिताश्चवात[illegible]णोयेचान्येऽपिकेचिच्छरीरेतिष्ठन्तिभावाःशरीरस्योपघातायोपपद्यन्तेसर्वास्तान्मलान्संप्रचक्ष्महे । इतरांस्तुप्रसादेगुर्वादींश्चद्रव्यान्तान्गुणभेदेनरसादींश्चशुक्रान्तान्द्रव्यभेदेन ॥ १९ ॥

શરીરની ધાતુ સામાન્યતાથી બે પ્રકારની છે. એક મળરૂપ અને બીજી પ્રસાદરૂપ તેમાંથી જે ધાતુ શરીરને કેટલીક પ્રકારની અડચણુ ઉત્પન્ન કરે તેવી છે તેને મળ ધાતુ કહે છે, જેમકે શરીરની નાશિકા, કર્ણાદિક છિદ્રોનો મેલ, ભોજન પચ્યા પછી શરીરની બહાર નીકળનાર મળમૂત્રાદિક અને કોપિત થએલ વાત, પિત્ત, કફ આ તથા અન્ય પદાર્થ જે શરીરમાં રહીને શરીરને પીડા આપે છે. તે સર્વને મળ ધાતુ કહે છે. અને એથી વ્યતિરિક્ત ગુરૂથી દ્રવ પર્યંત, જે ગુણ અને રસથી વીર્ય પર્યંત જે દ્રવ્ય, તેને પ્રસાદ ધાતુ કહે છે. ૧૯.

तेषांसर्वेषामेववातपित्तश्लेष्माणोदुष्टादूषयितारोभवंतिदोषत्वाद्वातादीनांपुनर्धात्वन्तरेकालान्तरेप्रदुष्टा[illegible]विविधाशितपीतीयेऽध्यायेविज्ञानान्युक्तानिएतावत्येवदुष्टदोषगतिर्यावत्संस्पर्शनाच्छरीरधातूनाम् । प्रकृतिभूतानान्तुखलुवातादीनांफलमारोग्यंतस्मादेषांप्रकृतिभावेप्रयतितव्यंबुद्धिमद्भिः ॥ २० ॥

દોષિત થએલ વાત, પિત્ત અને કફ આ ત્રણુ સર્વ ધાતુઓને દૂષિત કરે છે, કેમકે આ દોષ (દૂષિત કરનારા) કહેવાય છે. અન્યોન્ય ધાતુઓમાં તથા અન્યોન્ય સમયમાં કોપિત થએલા વાતાદિ દોષોનાં લક્ષણુ વિવિધાશિતપીતીય નામના અધ્યાયમાં કહેવામાં આવ્યાં, દૂષિત થએલ દોષોની એ ગતિ છે કે જે શરીરની ધાતુઓના સ્પર્શથી થાય છે. અને વાતાદિ દોષોના સ્વાભાવિક હોવાથી શરીર નીરોગ રહે છે. એથી બુદ્ધિમાન લોકોએ વાતાદિક દોષોને સ્વાભાવિક રાખવાનો યત્ન કરવો જોઇએ. ૨૦

પૂર્ણ વૈદ્યનાં લક્ષણ.

तत्र श्लोकाः ।

सर्वदासर्वथासर्वंशरीरंवेदयोभिषक् । आयुर्वेदंसकात्स्न्र्येनवेदलोकसुखप्रदम् २१

તેમાં આ શ્લોક છે, જે વૈદ્ય હંમેશાં સર્વ પ્રકારથી શરીરના સર્વ તત્વોને જાણે છે, તે વૈદ્ય સંસારને સુખ આપનાર આયુર્વેદ શાસ્ત્રી સંપૂર્ણતાથી જાણે છે. ૨૧.

तमेवमुक्तवन्तंभगवन्तमात्रेयमग्निवेशउवाच । श्रुतमेतद्यदुक्तंभगवताशरीराधिकारेवचः किन्नुखलुगर्भस्याङ्गंपूर्वमभिनिर्वर्त्ततेकुक्षौ [illegible]तोमुखंकथंवाचान्तर्गतस्तिष्ठति । किमाहारश्चवर्त्तयतिकथंभूतश्चनिष्क्रामतिकैश्चायमाहारोपचारैर्जातस्त्वव्याधिरभिवर्द्धतेसद्योहन्यतेकैःकथञ्चास्यदेवादिप्रकोपनिमित्ताविकाराउपलभ्यन्ते-

आहोस्विन्नकिञ्चास्यकालाकाल…स्योर्भावाभावयोर्भगवानध्यवस्यति । किञ्चा-स्यपरमा…ःकानिचास्यपरमा…योनिमेत्तामीति ॥ २२ ॥

આ પ્રકારે કહેતા ભગવાન આત્રેયજીને અગ્નિવેશે કહ્યું કે, હે ભગવાન્! આપે શરીરના વિષયમાં જે કહ્યું તે સર્વ અમે સાંભળ્યું હવે કૃપા કરીને એ કહો કે દુખમાં ગર્ભનાં કયાં અંગ પ્રથમ ઉત્પન્ન થાય છે, અને ગર્ભનું મુખ કયાં રહે છે. કયા પ્રકારથી ગર્ભ દુખમાં રહે છે. ગર્ભસ્થ જીવ શું ભોજન કરીને જીવતો રહે છે, કયા પ્રકારથી ગર્ભનો પ્રસવ થાય છે, કયા કયા આહાર તથા ઉપચારો વડે ગર્ભ નીરોગ થઇને વધે છે. કયા કારણોથી ગર્ભ ઉત્પન્ન થઇને જલ્દીજ નષ્ટ થઇ જાય છે, દેવતા વિગેરેના કોપથી થએલા તથા દોષોના કોપથી થએલા રોગોના ભેદ કેવી રીતે જણાય, કાલ મૃત્યુ તથા અકાલ મૃત્યુના થવા તથા ન થવામાં આપનો શો નિશ્ચય છે. પુરૂષનો પરમાયુ કયો છે અને પરમાયુ (પૂર્ણ આવરદા) નાં કારણ કયાં છે. ૨૨

तमव…क्तवन्त…भगवान्…नर्वसुरात्रेयउवाच । पूर्वमुक्तमेतद्गर्भावक्रान्तौय-थायमभिनिर्वर्त्ततेकुक्षौयच्चास्ययदासन्तिष्ठतेऽङ्गजातम् । विप्रतिपत्तिवादास्त्वत्र-बहुविधाःसूत्रकारिणामृषीणांसन्तिसर्वेषांतानपिनिबोधउच्यमानान् । शिरःपूर्वम-भिनिर्वर्त्ततेकुक्षावितिकुमारशिराभरद्वाजःपश्यतिसर्वेन्द्रिया…ष्ठानमितिहृद-यमितिकाङ्कायनोबाह्लीकभिषक्चेत…त्वात् । नाभिरितिभद्रकाप्यआहा-रागम…पक्वगुदमितिभद्रशौनकोमारुताधिष्ठानत्वात् । हस्तपादमिति…-शस्तत्करणत्वात…रुषस्यइन्द्रियाणीतिजनकोवैदेहस्तान्यस्यबुद्ध्यधिष्ठानानीतिकृ-त्वा । बुद्धिपरोक्षत्वाद…मितिमारीचिःकश्यपः…त्तियुगपदितिधन्व-न्तरिः । तदुपपन्नंसर्वाङ्गानांतुल्यकालाभिनिर्वृत्तत्वाद्धृदयप्रभृतीनांसर्वाङ्गानांह्यस्य हृदयंमूलमधिष्ठानञ्चकेषाञ्चिद्भावानांनचतस्मात्पूर्वाभिनिर्वृत्तिरेषान्तस्माद्धृदय-पूर्वाणांसर्वाङ्गानांतुल्यकालाभिनिर्वृत्तिः सर्वभावाह्यन्योन्यप्रतिबद्धास्तस्माद्यथा-भूतंदर्शनम् ॥ २३ ॥

અગ્નિવેશનાં આ વચન સાંભળીને ભગવાન્ આત્રેયજીએ કહ્યું કે, દુખમાં ગર્ભનાં જે અંગ પ્રથમ ઉત્પન્ન થાય છે એ સર્વ વિષય ગર્ભાવક્રાન્તિ નામના અધ્યાયમાં પ્રથમથીજ કહેવામાં આવ્યા છે. પરંતું આ વિષયમાં સૂત્રકારક રૂષિયોના બહુજ મત ભેદ છે. તે સર્વ મત ભેદ અમે કહીએ છીએ. તમે ચિત્ત રાખીને સાંભળો. કુમારશિરા ભરદ્વાજ રૂષિનો આ મત છે કે દુખમાં પ્રથમ ગર્ભનું માથું ઉત્પન્ન થાય છે. કેમકે માથું સર્વ ઇન્દ્રિયોનું અધિષ્ઠાન (આશ્રય) છે. વાલ્હીક દેશના વૈદ્યકાંકાય રૂષિનો એ મત છે કે, દુખમાં ગર્ભની પહેલાં હૃદય ઉત્પન્ન થાય છે. કેમકે હૃદય ચૈતન્યના આધારરૂપ છે. ભદ્રકાપ્ય રૂષિનો એ મત છે કે પ્રથમ ડુંટી ઉત્પન્ન થાય છે કેમકે ડુંટીમાંજ અહાર જવાનું સ્થાન છે, ભદ્રશૌનક રૂષિનો એ મત છે કે પ્રથમ પક્વાશય ઉત્પન્ન થાય છે. કેમકે તે વાયુનું

સ્થાન છે. બડિશ રૂષિનો એ મત છે કે પ્રથમ હાથ, પગ, ઉત્પન્ન થાય છે, કેમકે પુરૂષ સર્વ કાર્યો હાથ પગથીજ કરે છે. રાજર્ષિ જનકવૈદિહિનો એ મત છે કે પ્રથમ સમ્પૂર્ણ ઇન્દ્રિયોજ સંપૂર્ણ બુદ્ધિનું સ્થાન છે. અને મારીચ કશ્યપ રૂષિનો એ મત છે કે પ્રત્યક્ષ ન હોવાનું કારણ કયું અંગ પ્રથમ ઉત્પન્ન થયું છે, અને કયું અંગ પાછળથી ઉત્પન્ન થયું છે એ જાણી શકાતું નથી. પરંતુ આ કોઇ મત બરોબર નથી. કેમકે હૃદયાદિક સંપૂર્ણ અંગ એકી સાથેજ ઉત્પન્ન થાય છે. પુરૂષના સમ્પૂર્ણ અંગોનું મૂળ તથા અધિષ્ટાન (આશ્રય) હૃદય છે. એથી કોઈ પણ અંગ હૃદયના પહેલાં ઉત્પન્ન થતું નથી. એથી હૃદયાદિક સંપૂર્ણ અંગ એકી સાથેજ ઉત્પન્ન થાય છે. એમ કહેવામાં આવે છે. સંપૂર્ણ અંગ પરસ્પર એક બીજાની અપેક્ષા કરે છે. એથી અમારૂં એ કહેવું છે કે સંપૂર્ણ અંગ એકી સાથેજ ઉત્પન્ન થાય છે. એ બહુજ યોગ્ય છે. ૨૩.

गर्भः खलुमातुः पृष्ठाभिमुख ऊर्द्धशिराः संकुच्याङ्गान्यास्ते जरायुवृतः कुक्षौ । व्यपगतपिपासाबुभुक्षुस्तु खलु गर्भः परतन्त्रवृत्तिर्मातरमाश्रित्य वर्त्तयति उपस्नेहोपस्वेदाभ्याम् । गर्भस्तु सदसद्भूताङ्गावयवस्तदन्तरं हि रोमकूपायनैरुपस्नेहः कश्चिन्नाभिनाड्यनैः नाभ्यां ह्यस्य नाडी प्रसक्ता सा नाभ्याश्चामरा चास्य मातुः प्रसक्ता हृदयमातृ हृदयं ह्यस्य तामभरामभिसंप्लवते शिराभिः स्यन्दमानाभिः ॥ २४ ॥

ગર્ભ દુખમાં માતાની પીઠની તરફ, મુખ કરીને ઉર્ધ્વ મસ્તકે (જેનું ઉપર માથું હોય છે.) સંપૂર્ણ અંગોને સંકોચીને જરાયુ (ઓરી) થી લપેટાઇને રહે છે. ગર્ભસ્થ જીવને ભૂખ તથા તૃષા હોતી નથી. તે પરતંત્ર થઇને માતાના આશ્રયથી પ્રાપ્ત થયેલા સ્વેદ તથા સ્નેહની વડે જીવતો રહે છે. કોઇ કોઇ સ્નેહ, રોમકુપોની દ્વારા અને કોઇ કોઇ સ્નેહ નાભિમાં લાગેલી નાડી (નાળ)ની દ્વારા ગર્ભસ્થ પ્રાણીને પ્રાપ્ત થાય છે. ગર્ભની નાભિ (ડુંટી)-માં એક નાડી (નાળ) લાગેલી રહે છે. તે નાડી અવરા (ઝર—ગર્ભના હૃદય)માં લાગેલી રહે છે અને અવરા માતાના હૃદયમાં લાગેલી હોય છે. ચાલતી નાડિયોની દ્વારા માતાનો રસ અવરામાં પ્રાપ્ત થઇને ગર્ભમાં પહોંચે છે. ૨૪

તે રસથી ગર્ભના બળ તથા વર્ણની ઉત્પત્તિ થાય છે.

सतस्यरसोसर्वबलवर्णकरःसम्पद्यते च । सचसर्वरसवानाहारःस्त्रियाह्यापन्नगर्भाया-स्त्रिधारसःप्रतिपद्यते स्वशरीरपुष्टयेस्तन्यायगर्भवृद्धयेचसतेनाहारेणोपस्तब्धोवर्त्त-यतिअन्तर्गतः ॥ २५ ॥

ગર્ભિણી સ્ત્રી જે સર્વ રસયુક્ત આહાર કરે છે તેથી જે રસ બને છે, તેના ત્રણ ભાગ થાય છે. એક ભાગથી ગર્ભિણીનું શરીર પુષ્ટ થાય છે, અને બીજા ભાગથી દૂધ બને છે, અને ત્રીજા ભાગથી ગર્ભની વૃદ્ધિ થાય છે. તે રસના આશરાથી ગર્ભ જીવતો રહે છે. ૨૫

ગર્ભને બહાર આવવાનું વૃત્તાંત.

सोपस्थितकालेजन्मनिप्रसूतिमारुतयोगात्परिवृत्त्यावाक्शिरानिष्क्रामत्यपत्य-

पथेन । एषाम...तिर्विकृतिरतो...न्यथा स्वत...स्वतन्त्रवृत्तिर्भवति ॥२६॥

જન્મનો સમય ઉપસ્થિત થયા પછી ગર્ભ પ્રસૂતિના વાયુના યોગથી ઉલટા થઇને અધોમુખ થઈ સંતતિ થવાના માર્ગથી નિકળે છે. આ તે પ્રકૃતિ છે, અને એના વિપરીત વિકાર જાણવા જોઇએ, પરંતુ પ્રસવ પછી ગર્ભ સ્વતંત્ર થઇ જાય છે. ૨૬

બાળકનું અયોગ્ય અહારથી નષ્ટ થવું.

तस्या...रोपचारौजातिसूत्रीयोपदिष्टौअविकारकरौचाभिवृद्धिकरौभवतः। ताभ्यामेव चसेवताभ्यांविषमाभ्यांजातंसद्यअपहन्यते तरुरिवाचिरव्यपरोपितोवातातपाभ्यामप्रतिष्ठितमूलः ॥ २७ ॥

જાતિય સૂત્રીય નામના અધ્યાયમાં કહેલા આહાર તથા ઉપચાર વડે ગર્ભની વૃદ્ધિ થાય છે, અને ગર્ભમાં કોઇ વિકાર થતો નથી. પરંતુ તે આહાર તથા ઉપચારોનું વિષમતા પૂર્વક સેવન કરવાથી ગર્ભ ઉત્પન્ન થઇને, થોડા વખતનું રોપેલું વૃક્ષ વાયુ તથા તાપથી જેમ નષ્ટ થઇ જાય છે તેમ નષ્ટ થઇ જાય છે. ૨૭

દેવાદિના કોપ નિમિ વિકાર.

आप्तोपदेशाददभुतरूपदर्शनात्समुत्थानलिङ्गचिकित्सितविशेषाच्चदोषप्रकोपानुरूपाश्चदेवादिप्रकोपनिमित्ताश्चविकाराः समुपलभ्यन्ते ॥ २८ ॥

આપ્તોપદેશથી, અદ્‌ભુતરૂપના દર્શનથી, કારણોની વિશેષતાથી, લક્ષણોની વિશેષતાથી, અને ચિકિત્સાની વિશેષતાથી, દેવતાદિકાના કોપથી થનારા તથા કોપિત દોષોથી થનારા રોગ જાણવામાં આવે છે. ૨૮

કાલાકાલ મૃત્યુનું વર્ણન.

कालाकालमृत्योस्तुखलुभावाभावयोरिदमध्यवसितंनः । यःकश्चिन्म्रियतेसर्वः कालएवसम्रियतेनहिकालच्छिद्रमस्तीत्येकेभाषन्ते । तच्चासम्यक्नह्यच्छिद्रतासच्छिद्रतावाकालस्योपपद्यते कालस्वलक्षणभावात् ॥ २९ ॥

કાલ મૃત્યુ તથા અકાલ મૃત્યુનું થવા તથા ન થવામાં જે અમારો નિશ્ચય છે તે અમે કહીએ છીએ તે સાંભળો. આ વિષયમાં કેટલાક લોકોનો એ મત છે કે જે વખતે જેનું મૃત્યુ થાય છે તે તેના મૃત્યુનો કાલ છે. કેમકે કાળમાં કાંઇ છિદ્ર (અંતર) નથી. પરંતુ એમનું આ કહેવું ઠીક નથી. કેમકે કાલનું કોઈ લક્ષણ ન હોવાથી કાલમાં અંતર છે અથવા નથી તે સિદ્ધ થઇ શકતું નથી. ૨૯

तथाहुरपरेयोयदाम्रियतेसतस्यनियतोमृत्युकालः ससर्वभूतानांसत्यः समक्रियत्वादिति । तदपिचान्यथार्थग्रहणंनहिकश्चि...तेइतिसमक्रियःकालःपुनरायुषः...माणमाधिकृत्योच्यते ॥ ३० ॥

કેટલાક લોકોનો એ મત છે કે જે જ્યારે મરે છે તે તેના મૃત્યુનો નિશ્ચિત વખત છે,

કેમકે સમક્રિય (સમાન કાર્ય કરનારા) હોવાથી સર્વ પ્રાણિયોને માટે સમય સત્ય છે. પરંતુ એ કહેવું પણ યથાર્થ નથી, કેમકે કોઈ ન મરે એવું નથી, અને સમયને સમક્રિય આયુષ્યના પ્રમાણના વિષયમાં કહે છે. ૩૦

यस्यचेष्टंयोयदाम्रियतेतस्यसानियतमृत्युकालइतितस्यसर्वेभावायथास्वनियतकालाभविष्यन्ति । तच्चनोपपद्यतेप्रत्यक्षंह्यकालाहारवचनकर्मणांफलमनिष्टंविपर्ययेचेष्टम् । प्रत्यक्षतश्चोपलभ्यतेखलुकालाकालव्यक्तिस्तासुतासुअवस्थासु तंतमर्थमभिसमीक्ष्य । तद्यथाकालोऽयमस्यव्याधेराहारस्यौषधस्यप्रतिकर्मणोविसर्गस्यचाकालोवेतिलोकेऽप्येतद्भवति । कालेदेवोवर्षत्यकालेवावर्षतिकालेशीतमकालेशीतंकालेतपत्यकालेतपतिकालेपुष्पफलमकालेपुष्पफलमिति । तस्मादुभयमस्तिकालेमृत्युरकालेचनैकान्तिकमत्र । यदिह्यकालेमृत्युर्नस्यान्नियतकालप्रमाणमायुःसर्वंस्यात् ॥ ३१ ॥

અને જે લોકોનો આ મત છે કે જ્યારે મરે છે તે તેના મૃત્યુનો વખત છે. તેના મતમાં સર્વ વાતોના સમય નક્કી છે. પરંતુ આ બરોબર નથી કેમકે પ્રત્યક્ષ રીતે જણાય છે કે અકાલમાં આહાર કરવાનું, બોલવાનું, તથા કાર્ય કરવાનું ફળ અનિષ્ટ થાય છે. અને કાલમાં આહારાદિ કરવાનું ફળ શ્રેષ્ટ મળે છે. વિશેષ વિશેષ અવસ્થાઓમાં વિશેષ, વિશેષ કાર્યોને જોવાથી કાલ તથા અકાલની યુક્તિ પ્રત્યક્ષજ સિદ્ધ થઈ જાય છે. જેમકે લોકમાં પણ કહેવાય છે કે, આ રોગનો, આ આહારનો, આ કાર્યનો, તથા આ દાનનો આ કાલ (વખત) છે અને આ અકાલ છે. કાલમાં વૃષ્ટિ થાય છે તથા અકાલમાં વૃષ્ટિ થાય છે, કાલમાં ટાઢ પડે છે તથા અકાલમાં ટાઢ પડે છે. કાલમાં સૂર્ય તપે છે તથા અકાલમાં તપે છે. અને કાલમાં ફુલ આવે છે તથા અકાલમાં પુષ્પ આવે છે. ઇત્યાદિ. આથી એ સિદ્ધ થાય છે કે કાલ મૃત્યુ થાય છે અને અકાલ મૃત્યુ પણ થાય છે. આ બન્નેમાંથી એકના હોવાનો કોઇ નિશ્ચય નથી. જો અકાલ મૃત્યુ ન થાત તો સર્વના આયુષ્યનું પ્રમાણ નક્કી થઈ જાત. ૩૧.

एवंगतेहित।हितज्ञानमकारणंस्यात्प्रत्यक्षानुमानोपदेशाश्चाप्रमाणीस्युःयेप्रमाणभूताः सर्वतन्त्रेषुयैरायुष्याण्यनायुष्याणिचोपलभ्यन्तेवाग्वस्तुमेतद्वादमृषयोमन्यन्तेनाकालमृत्युरस्तीति ॥ ३२ ॥

અને હિત તથા અહિતનું જ્ઞાન વ્યર્થ થઈ જાત, અને પ્રત્યક્ષ અનુમાન તથા ઉપદેશ આ જે પ્રમાણે સંમ્પૂર્ણ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યાં છે, જેના વડે આયુષ્યનાં હિતકારક તથા અહિતકારક વસ્તુઓનું જ્ઞાન થાય છે તે સર્વ અપ્રમાણ થઇ જાય એથી રૂષિલોક અકાળ મૃત્યુ થતું નથી આ કથનને બકવાદ સમ કહે છે. ૩૨

આયુષ્યનું પ્રમાણ.

वर्षशतंखल्वायुषःप्रमाणमस्मिन्कालेतस्यनिमित्तंप्रकृतिगुणात्मसम्पत्सात्म्योपसेवनञ्चेति ॥ ३३ ॥

આ વખતે પૂર્ણ આયુષ્યનું પ્રમાણ ૧૦૦ વર્ષનું છે. પ્રકૃતિ, ગુણ, તથા પોતાના કર્મોનું શ્રેષ્ટ થવું, અને સાત્મ્ય વસ્તુઓનું સેવન આપૂર્ણ આયુષ્ય થવાનાં કારણ છે. ૩૩

અધ્યાયનો ઉપસંહાર.

तत्रश्लोका.

शरीरंयदुयथातच्चवर्त्ततेक्लिष्टमामयैः । यथाक्लेशंविनाशञ्चयातियेचास्यधातवः ॥ ३४ ॥ वृद्धिह्रासौतथाचैषांक्षीणानामौषधञ्चयत् । देहवृद्धिकराभावाबलवृद्धिकराश्चये ॥ ३५ ॥ परिणामकराभावायाचतेषांपृथक्क्रिया । मलाख्याःसम्प्रसादाख्याधातवःप्रश्नएवच ॥ ३६ ॥ नवकोनिर्णयश्चास्यविधिवत्सम्प्रकाशितः तथाशरीरविचयेश्शारिरेपरमर्षिणा ॥ ३७ ॥

તેમાં આ શ્લોક છે, જે પદાર્થોથી શરીર બને છે, શરીર જે પદાર્થ છે. શરીર રોગોથી પીડા પામીને જે પ્રકારે કલેશ તથા વિનાશને પામે છે, શરીરની જે ધાતુ છે, જે પ્રકારે ધાતુઓની વૃદ્ધિ તથા હ્રાસ થાય છે. ક્ષીણ ધાતુઓનાં ઔષધ, શરીર તથા બલને વધારનાર પદાર્થ, (૩૫) ભોજન પચવાનું કારણ, તેનાં જુદાં જુદાં કાર્યમલ તથા પ્રસાદ નામની ધાતુ, અને નવ પ્રશ્ન, તથા તેના ઉત્તર, આ સર્વ વિષય ભગવાન આત્રેયજીએ આ શરીર વિચય નામના અધ્યાયમાં કહ્યા છે.૩૬—૩૭.

इतिचरकसंहितायांशारीरस्थानेशरीरविचयःशारीरःसमाप्तः ॥ ६ ॥

ઇતિ ચરક સંહિતાયાં શારીર સ્થાને શરીર વિચયશારીરઃ નામનો છઠો અધ્યાય સમાપ્ત થયો.

सप्तमोऽध्यायः

अथातःशारीरसंख्यानाम शारीराध्यायंव्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः

હવે અમે શારીર સંખ્યા નામના શારીરાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

शरीरसंख्यामवयवशःकृत्स्नंशरीरंप्रविभज्यसर्वशरीरसंख्यानप्रमाणज्ञानहेतोर्भगवन्तमात्रेयमग्निवेशःपप्रच्छ ॥ १ ॥

અગ્નિવિશે ભગવાન આત્રેયજીને સંપૂર્ણ શરીરના અંગોને તથા તેની સંખ્યાને જાણવાને માટે કહ્યું કે, હે ભગવાન! સંપૂર્ણ શરીર તથા શરીરના અંગોનો વિભાગ કરીને વર્ણન કરો.૧

तमुवाचभगवानात्रेयः श्रृणुमत्तोऽग्निवेश ! सर्वशरीरमभिचक्षाणाद्यथाप्रश्नमेकमना२॥

અગ્નિવેશનાં વચન સાંભળીને ભગવાન આત્રેયજીએ કહ્યુંકે, હે અગ્નિવેશ ! હું સંપૂર્ણ શરીરનું યથાવત વર્ણન કરૂં છું તે સાવધાન થઈને સાંભળો. ૨

ત્વચાના ભેદ.

यथावच्छरीरेषट्त्वचस्तद्यथा—उदकधरात्वग्बाह्या तीयात्वगसृग्धरावृतीयासिध्मकिलाससम्भवाधिष्ठानाचतुर्थीकुष्ठसम्भवाधिष्ठानापञ्चमीअलजीविद्रधीसम्भवाधिष्ठानाषष्ठीतुयस्यांछिन्नायांताम्यत्यन्धइवचतमःप्रविशतियांचाप्यधिष्ठायारूंषिजायन्तेपर्वसन्धिषुकृष्णरक्तानिस्थूलमूलानिदुश्चिकित्स्यतमानीतिषट्त्वच-एताःषडङ्गंशरीरमवतत्य तिष्ठन्ति ॥ ३ ॥

શરીરમાં ૭ ત્વચા (ચામડી) છે. તેમાંથી પહેલી બાહ્યત્વચા ઉદકધરા (જળને ધારણ કરનારી) છે. બીજી અસૃગ્ધરા (લોહિને ધારણ કરનારી) છે. ત્રીજી સિધ્મ (સેંહુઆ) તથા કિલાસનું સ્થાન છે, ચોથી ત્વચા કુષ્ટનું ઉત્પત્તિ સ્થાન છે, પાંચમી ત્વચા અલજી તથા વિદ્રધિ નામની પિડિકાઓ (ફોલ્લા) ના થવાનું સ્થાન છે. અને છટ્ઠી ત્વચા તે છે કે જેના કપાવાથી મનુષ્ય બહુજ વ્યાકુલ થાય છે. તથા અંધકારમાં ડુબી જાય છે અને જે ત્વચામાં આશ્રય કરીને પર્વના સાંધામાં કાળા તથા લાલ સ્થુલ મૂળવાળાં (બહુજ ફેલાયલાં) તથા અત્યંત દુસ્સાધ્યવ્રણ ઉત્પન્ન થાય છે. આ ૭ ત્વચાષડંગ શરીરને ઢાંકી રાખે છે. ૩

શરીરના અંગ વિભાગ.

तत्रायंशरीरस्याङ्गविभागःतद्यथा—द्वौबाहूद्वेसक्थिनोशिरोग्रीवमन्तराधिरितिषडङ्गमङ्गम् ॥ ४ ॥

તેમાં શરીરના અંગોનો આ વિભાગ છે. જેમકે બે બાહુ (હાથ), બે જાંગ (પગ), તથા એક માથા સાથે ગર્દન અને અંતરાધિ (શરીરનો મધ્યભાગ) શરીરનાં આ ૭ અંગ છે. ૪.

શરીરના હાડકાની સંખ્યા

त्रीणिषष्ट्यधिकानिशतान्यस्थ्नांसहदन्तोलूखलनखैस्तद्यथाद्वात्रिंशद्दन्तोलूखलानिद्वात्रिंशद्दन्ताविंशतिर्नखाविंशतिःपाणिपादशलाकाश्चत्वार्यधिष्ठानान्यासांचत्वारिपाणिपादपृष्ठानिषष्टिरंगुल्यस्थीनि द्वेपार्ष्णयोर्द्वेकूर्चाधश्चत्वारःपाण्योर्मणिकाश्चत्वारःपादयोर्गुल्फाःचत्वार्यरत्न्योरस्थीनिचत्वारिजंघयोर्द्वेजानुनोर्द्वेकूर्परयोर्द्वेऊर्वोर्द्वेबाह्वोःसांसयोःद्वावक्षकोद्वेतालूनिद्वेश्रोणिफलकेएकंभगास्थिपुंसांमेढ्रास्थिएकंत्रिकसंश्रितमेकंगुदास्थिपृष्टगतानिपञ्चत्रिंशत्पञ्चदशास्थीनिग्रीवायांद्वेजत्रुण्येकंहन्वस्थिद्वेहनुमूलबन्धनेद्वेललाटेद्वेअक्ष्णोर्द्वेगण्डयोर्नासिकायं त्रीणिघोणाख्यानिद्वयोःपार्श्वयोश्चतुर्विंशतिश्चतुर्विंशतिःपञ्जरास्थीनिचपार्श्वकानि । तावन्तिचैषांस्थालिकान्यर्बुदाकाराणितानिद्विसप्ततिर्दौशंखकौचत्वारिशिरःकपालानिवक्षसिसप्तदशेतित्रीणिषष्ट्यधिकानिशतान्यस्थ्नामिति ॥ ५ ॥

શરીરમાં દાંત ઉલૂખલ (દાંતોની ઉપરનું હાડકું) તથા નખ વિગેરે થઇ ત્રણસો સાઠ ૩૬૦ હાડકાં છે. જેમ કે ૩૨ દાંત, ૩૨ ઉલૂખલ, ૨૦ નખ, ૨૦ હાથ પગોની શલાકા, ૪

શલાકાઓના આધાર, ૪ હાથ પગોના પાછલી આંગળીયોનાં હાડકાં, ૬૦ આંગળીયોનાં હાડકાં, ૨ કુર્ચાની નિચેનાં હાડકાં, બે હાથોના માણિકા ૪, પગોનાં ગુલ્ફ, ૪ અરત્નીની હાડકી ૪, પિંડુલિયોનાં હાડકાં બે, ઘુંટણોનાં હાડકાં ૨, કુણીયોનાં હાડકાં ૨, જાંગનાં હાડકાં ૨, હાથનાં હાડકાં ૨, ખભાનાં હાડકાં ૨, ખભાની પાસે અક્ષક નામની હાડકાં ૨, તાળવાનાં હાડકાં ૨, નિતંબોનાં હાડકાં ૨, ભગનું તથા લિંગનું હાડકું ૧, ત્રિકનું હાડકું ૧ ગુદાનું ૧, પીઠનાં હાડકાં ૩૫, ગરદનનાં ૧૫, જત્રુનાં ૨, જાવડાની ૧, જાવડાના મૂલબંધનની ૨, લલાટની ૨, આંખની ૨, કાનોની ૨, નાકની ૩, બંને પાંસળીયોમાં ચોવીસ ચોવીસ હાડકીઓ, હાડપીંજરની ૨૪, આ અર્બુદના સમાન આકારવાળા સ્થાલિક હાડકી ૭૨, કાનપટીની હાડકી ૨, માથાની ૪, અને વક્ષઃસ્થલ (છાતી) ની હાડકી ૧૭ આ પ્રકારે સર્વ મળીને ૩૬૦ હાડકીઓ થઈ ૫

ઇંદ્રિયોનાં અધિષ્ઠાન આદિ.

पञ्चेन्द्रियाधिष्ठानानितद्यथा—त्वग्जिह्वानासिकाक्षिणीकर्णौच ॥ ६ ॥

જ્ઞાનેંદ્રિયનાં સ્થાન ૫ છે જેવાં કે ત્વચા, જીભ, નાક, આંખ તથા કાન. ૬

पञ्चबुद्धीन्द्रियाणितद्यथा—स्पर्शनंरसनंघ्राणंदर्शनंश्रोत्रमिति ॥ ७ ॥

પાંચ જ્ઞાનેન્દ્રિય છે જેવી કે સ્પર્શન (જેને લીધે સ્પર્શનનું જ્ઞાન થાય છે.) રસન, (જેને લીધે રસનું જ્ઞાન થાય છે.) ઘ્રાણ, (જેને લીધે ગંધનું જ્ઞાન થાય છે.) દર્શન, (જેને લીધે રૂપનું જ્ઞાન થાય છે.) અને શ્રોત્ર (જેને લીધે શબ્દનું જ્ઞાન થાય છે. ૭

पञ्चकर्मेन्द्रियाणितद्यथाहस्तौपादौपा[illegible]रुपस्थोजिह्वाचेति ॥ ८ ॥

પાંચ કર્મેન્દ્રિય છે. જેમકે હાથ, પગ, ગદા, લિંગ તથા જીભ. ૮

हृदयंचेतनाधिष्ठानमेकम् ॥ ९ ॥

ચેતનાનું સ્થાન હૃદય એક છે. ૯

दशप्राणायतनानितद्यथामूर्द्धाकण्ठोहृदयंनाभिर्गुद[illegible]ोजः शुक्रंशोणितंमांसमिति । तेषुषट्पूर्वाणिमर्मसंख्यातानि ॥ १० ॥

પ્રાણોનાં સ્થાન દશ છે. જેમકે માથું, કંઠ, હૃદય, નાભિ, ગુદા, બસ્તિ, (મૂત્રાશય) ઓજ, બીજ, રૂધિર તથા માંસ તેમાંથી પ્રથમનાં ૭ મર્મ કહેવાય છે. ૧૦

पञ्चदशकोष्ठाङ्गानितद्यथानाभिश्चहृदयञ्चक्लोमचयकृच्चप्लीहाचवृक्कौचवस्तिश्चपुरीषाधानञ्चामाशयश्चेतिपक्वाशयश्चोत्तरगुदश्चाधरगुदश्चक्षुद्रान्त्रञ्चस्थूलान्त्रञ्चवपावहनञ्चेति ॥ ११ ॥

કોઠામાં ૧૫ અંગ છે, જેમ કે નાભિ, હૃદય, કલોમ, યકૃત, કલેજુ, પ્લીહા, (બરોળ) વૃક, બસ્તી, મળાશય, આમાશય, પકવાશય, ઉત્તરગુદ, (ગુદાની ઉપરનો ભાગ) અધરગુદ (ગુદાની નિચેનો ભાગ) ક્ષુદ્રાન્ત્ર, (નાનાં આંતરડાં) સ્થુલાન્ત્ર, (મોટાં આંતરડાં) અને વપાવહન (ચરબીનું સ્થાન) ૧૧

પ્રત્યંગોનાં નામ.

षट्पञ्चाशत्प्रत्यङ्गानिषट्स्वङ्गेषुउपनिबद्धानियान्यपरिसंख्यातानि षडङ्गेषुपरिसंख्यायमाने तान्यन्यैःपर्यायैरिहप्रकाश्यव्याख्यातानिभवन्ति । तद्यथा-द्वेजंघापिण्डिके द्वेऊरुपिण्डिके द्वौस्फिचौ द्वौवृषणौ एकंशेफः द्वेउखे द्वौवंक्षणौ द्वौकुकुन्दरौ एकंबस्तिशीर्षमेकमुदरं द्वौस्तनौ द्वौभुजौ द्वेबाहुपिण्डिके चिबुकमेकं द्वावोष्ठौ द्वेसृक्कण्यौ द्वौदन्तवेष्टकौ एकंतालु एकागलशुण्डिका द्वेउपजिह्विके एकागोजिह्विका द्वौगण्डौ द्वेकर्णशष्कुलिके द्वौकर्णपत्रकौ द्वेअक्षिकूटे चत्वारिअक्षिवर्त्मानि द्वेअक्षिकनीनिके द्वेभ्रुवौ एकमवटुचत्वारिपाणिपादहृदयानिनवमहान्तिछिद्राणिसप्तशिरसि चाधः ॥ १२ ॥

પ્રથમ અંગોની ગણત્રીમાં જે ૭ અંગોનાં ૫૬ પ્રત્યંગ (ઉપાંગ) કહેવામાં આવ્યાં નથી તે હવે કહીએ છીએ. જેમ કે, પિંડુલી ૨, જાંગોની પિંડિકા ૨, નિતંબ ૨, અંડકોષ ૨, લિંગ ૧, ઉખા (આમાશય) ૧, વંક્ષણ (જાંગોના સાંધા) ૨, કુકુન્દર (નિતંબોના ઢગરા) ૨, બસ્તિશીર્ષ (પેડુની ઉપરનો ભાગ)૧, ઉદર (પેટ) ૧, સ્તન ૨, ભુજા ૨, ભુજાઓની પિંડીકા ૨, દાઢી ૧, હોઠ ૨, હોઠની કિનારો ૨, દંતવેષ્ટક ૨, તાળવું ૧, ગળશુંડીકા ૧, ઉપજીવ્હિકા ૨, ગોજીવ્હિકા ૧, કપાળ ૨, કાન ૨, કર્ણપુણ્ડ્રક ૨, નેત્રકૂટ ૨, નેત્રોની કોર ૪, નેત્રોની પુતળી ૨, ભ્રકુટી ૨, ગર્દન ૧, હાથેળી ૨, પગનાં તળીયાં ૨, મહાછિદ્ર ૯, તેમાંથી ગ્રીવાનાં ૭ ઉપરના ભાગમાં છે. અને ૨ શરીરના નીચેના ભાગમાં છે. ૧૨

અદૃશ્ય અંગોનાં નામ.

एतावद्दृश्यंशक्यमपिनिर्देष्टुमतोऽदृश्यमतःपरंतर्क्यमेवतद्यथानवस्नायुशतानिसप्तशिराशतानिद्वेधमनीशतेपञ्चपेशीशतानिसप्तोत्तरंमर्मशतंद्वेपुनःसन्धिशते ॥ १३ ॥

આ જે અંગો કહેવામાં આવ્યાં તે સર્વ દસ્ય (જોઇ શકાય તેવાં) છે, એ સિવાય બાકીનાં અંગ અદસ્ય છે. તે તર્ક (અનુમાન) થી જાણી શકાય છે. જેમ કે ૯૦૦ સ્નાયુ ૭૦૦ શિરા, ૨૦૦ ધમની, ૫૦૦ પેશી, ૧૦૭ મર્મ અને ૨૦૦ સાંધા. ૧૩

त्रिंशच्छतसहस्राणिनवचशतानिषट्पञ्चाशत्सहस्राणिशिराधमनीनामणुशःप्रविभज्यमानानांमुखाग्रपरिमाणम् । तावन्तिचैवकेशश्मश्रुलोमानीत्येतद्यथावद्यत्संख्यातंत्वक्प्रभृतिदृश्यमतःपरंतर्क्यम् ॥ १४ ॥

શિરા તથા ધમનિયોનો સૂક્ષ્મ વિભાગ કરવાથી તેના મુખાગ્રોનું પરિમાણ ત્રણ લાખ છપનહજાર નવસો થાય છે. અને આટલા કેશ, શ્મશ્રુ (દાઢીના વાળ) તથા લોમ છે. આ યથાર્થ સંખ્યા કહેવામાં આવી, તેમાંથી ત્વચા વિગેરે દસ્ય છે, અને બાકીની તર્કથી જાણવા લાયક છે. ૧૪

एकेतदुभयमपिनविकल्पयन्तेप्रकृतिभावाच्छरीरस्ययत्त्वञ्जलिसंख्येयंतदुपदेक्ष्यामः तत्परंप्रमाणमभिज्ञेयंतच्चवृद्धिह्रासयोगितर्क्यमेवतद्यथादशोदकस्याञ्जलयःशरीरे-

[illegible]ञ्जलिप्रमाणेयत्तुप्रच्यवमानंपुरीषमनुबन्धातिअतियोगेन । तथामूत्रंरुधिरमन्यांश्चशरीरधातून् यत्तुसर्वशरीरचरंबाह्यत्वग्बिभर्त्तियत्तुत्वगन्तरेव्रणगतंलसीकाशब्दंलभतेयच्चोष्मणा बद्धं लोमकूपे[illegible]स्वेद[illegible]द्दमवाप्नोति[illegible] दकंद-श[illegible]ञ्जलिप्रमाणम् ॥ १५ ॥

કોઈ કોઇ આચાર્યલોક દશ્ય તથા તર્કમાં ભેદ માનતા નથી, શરીરમાં જે વસ્તુ સ્વભાવથી અંજલીની સંખ્યાથી જાણવા યોગ્ય છે તેનું વર્ણન કરવામાં આવે છે. તેનું પ્રમાણ જાણવું બહુજ આવશ્યક છે, કેમ કે વૃદ્ધિ તથા હ્રાસના જ્ઞાનમાં તેનો ઘણો ઉપયોગ થાય છે. આ અનુમાનની દ્વારાજ જાણી શકાય છે. શરીરમાં આપણી અંજલિના પ્રમાણથી દશ અંજલિ જળ હોય છે. તે જળ અધિક હોવાથી પુરીષ (મળ) માં મળી જાય છે. તેજ જળ સંપૂર્ણ શરીરમાં ફેલાઇને બાહ્ય ત્વચાથી ધારણ કરવામાં આવે છે. તે જળ મૂત્ર, રૂધિર, તથા શરીરની અન્ય ધાતુઓમાં મળે છે. તેજ જળ ત્વચામાં થયેલા વ્રણ (ગુડદા) માંથી નીકળીને લસિકા કહેવાય છે. તેજ જળ ઉષ્માને લીધે રોમ કૂપોથી નીકળીને સ્વેદ (પરસેવો) કહેવાય છે. આ દશ અંજલિ પ્રમાણ જળ શરીરમાં રહે છે. ૧૫

नवाञ्जलयःपूर्वस्याहारपरिणामधातोर्यद्रसमित्याचक्षते । अष्टौशोणितस्यसप्तपुरीषस्यषट्श्लेष्मणःपञ्चपित्तस्यचत्वारोमूत्रस्यत्रयोवसायाद्वौमेदसःएकोमज्ज्ञः । मस्तिष्कस्यअर्द्धाञ्जलिःशुक्रस्यतावदेवप्रमाणंतावदेवश्लेष्मणश्चोजसइत्येतच्छरीरतत्त्वमुक्तम् ॥ १६ ॥

ભોજનના પચી ગયા પછી પ્રથમ જે રસ નામની ધાતુ ઉત્પન્ન થાય છે. તે શરીરમાં પોત પોતાની અંજલિના પ્રમાણથી નવ અંજલિ હોય છે. રૂધિર આઠ અંજલિ હોય છે, વિષ્ઠા સાત અંજલિ હોય છે. કફ છ અંજલિ હોય છે, પિત્ત પાંચ અંજલિ હોય છે, મૂત્ર ચાર અંજલિ હોય છે. ચરબી ૩ અંજલિ હોય છે. મેદ, (ચરબી) બે અંજલિ હોય છે, મજ્જા એક અંજલિ હોય છે, અને મસ્તિષ્ક, વીર્ય તથા ઓજ અર્ધી, અર્ધી અંજલિ હોય છે. અને એટલુંજ શ્લેષ્માનું ઓજ છે. આ શરીરનું તત્વ કહેવામાં આવ્યું. ૧૬.

પાર્થિવ દ્રવ્યોનું વર્ણન.

तत्रयद्विशेषतःस्थूलंस्थिरंमूर्त्तिमद्गुरुखरकठिनमङ्गंनखास्थिदन्तमांसचर्मवर्चःकेशश्मश्रुनखलोमकण्डरादितत्पार्थिवंगन्धोघ्राणञ्च ॥ १७ ॥

શરીરમાં દાંત, નખ, હાડકાં, માંસ, ચામડી, મળ, કેશ, શ્મશ્રુ (દાઢીના વાળ), રોમ (શરીરપરની રૂવાંટી) તથા કંડરા વિગેરે જે અંગ વિશેષે કરીને સ્થુલ, સ્થિર, મૂર્તિમાન, ભારે, ખર, કઠિન છે તે પાર્થિવ (પૃથ્વી સંબંધી) છે, અને ગંધ તથા ઘ્રાણેન્દ્રિય પણ પાર્થિવ છે. ૧૭.

આપ્ય દ્રવ્યોનાં નામ.

यद्द्रवसरमन्दस्निग्धमृदुपिच्छिलरसरु[illegible]मूत्रस्वेद[illegible]दत्तदाप्यंरसोरसनञ्च ॥ १८ ॥

શરીરમાં રસ, રૂધિર, ચરબી, કફ, પિત્ત, મૂત્ર, તથા સ્વેદ વિગેરે જે અંશ દ્રવ, સર, મંન્દ, સ્નિગ્ધ, મૃદુ તથા પિચ્છિલ છે તે આપ્ય (જલ સંબંધી) છે. અને રસ તથા રસનેન્દ્રય પણ આપ્યા છે. ૧૮.

આગ્નેય દ્રવ્યોનાં નામ.

यत्पित्तमुष्माचयोयाचभाःशरीरेतत्सर्वमाग्नेयरूपंदर्शनञ्च ॥ १९ ॥

પિત્ત, ગરમી, પ્રકાશ, રૂપ તથા દર્શનેન્દ્રિય આ સર્વ શરીરમાં આગ્નેય (અગ્નિ સંબંધી) છે. ૧૯.

વાયવીય દ્રવ્યોનાં નામ.

यदुच्छ्वासप्रश्वासोन्मेषनिमेषाकुञ्चनप्रसारणगमनप्रेरणधारणादितद्वायवीयंस्पर्शः स्पर्शनञ्च ॥ २० ॥

શરીરમાં ઉચ્છ્વાસ (શ્વાસ લેવો) પ્રશ્વાસ (શ્વાસ છોડવો) ઉન્મેષ (પલક ખોલવો) નિમેષ સંકોચવો, ફેલાવવો, ગમન, પ્રેરણા કરવી, ધારણા કરવી, સ્પર્શ તથા સ્પર્શેન્દ્રિય આ સર્વ વાયવીય અર્થાત પવનનાં અંગ છે. ૨૦

આંતારિક્ષ દ્રવ્યોનાં નામ.

यद्विविक्तमुच्यतेमहान्तिचाणूनिचस्रोतांसितदान्तरिक्षंशब्दःश्रोत्रञ्च ॥ २१ ॥

શરીરનાં છિદ્ર, સૂક્ષ્મ સ્રોત, મોટી સ્રોત, શબ્દ અને શ્રોત્ર (કાન) આ સર્વ આન્તરિક્ષ (આકાશ સંબંધી)નાં અંગ છે. ૨૧.

यत्प्रयोक्तृ तत्तत्प्रधानंबुद्धिमनश्चेतिशरीरावयवसंख्यायथास्थूलभेदेनावयवानांनिर्दिष्टा ॥ २२ ॥

જે પ્રયોગ કરનારા છે તેને પ્રયોક્તા કહે છે. મન અને બુદ્ધિ પ્રયોક્તા છે. એથી તે પ્રધાન કહેવાય છે. આ પ્રકારે શરીરના અંગોની સંખ્યા સ્થૂલ ભેદથી કહેવામાં આવી. ૨૨

शरीरावयवास्तुपरमाणुभेदेनापरिसंख्येयाभवन्त्यतिबहुत्वादतिसौक्ष्म्यादतीन्द्रियत्वाच्च । तेषांसंयोगविभागेवायुःपरमाणुनांकारणंकर्मस्वभावश्चतदेतच्छरीरसंव्यातमनेकावयवंदृष्टमेकत्वेनसङ्गःसंख्यातम् । पृथक्त्वेनापवर्गःतत्रप्रधानमशक्तंसर्वसत्त्वातिवृत्तौनिवर्त्तते इति ॥ २३ ॥

પરમાણુઓના ભેદથી શરીરનાં અંગ, અસંખ્ય થાય છે, કેમકે પરમાણુ અત્યંત બહુજ, અત્યંત સૂક્ષ્મ તથા અતીન્દ્રિય (ઇન્દ્રિયોના જ્ઞાનથી બહાર) છે. પરમાણુઓના સંયોગ તથા વિભાગમાં વાયુ, કર્મ તથા સ્વભાવ કારણ છે. સંપૂર્ણ અંગોવાળું આ શરીર દ્દષ્ટ કહેવાય છે. સંયોગના કારણુ શરીર રૂપ સમુદાયને સંગ કહે છે. આ સર્વના અલગ અલગ થઈ જવાથી મોક્ષ થાય છે. ત્યાં પ્રધાન અસક્ત છે. કેમકે સંપૂર્ણ તત્વોની અતિ વૃત્તિમાં નિવૃત્તિ થાય છે. ૨૩.

तत्रश्लोकौ.

અધ્યાયનો ઉપસંહાર.

शरीरसंख्यांयोवेदसर्वावयवशो भिषक् । तदज्ञाननिमित्तेनसमोहनन युज्यते ॥२४॥

તેમાં આ બે શ્લોક છે. જે વૈદ્ય શરીરના સર્વ અંગોની સંખ્યા સારી રીતે જાણે છે, તે કદી અજ્ઞાનથી મોહિત થતા નથી. ૨૪.

अमूढोमोहमूलैश्चनदोषैरभिभूयते । निर्दोषोनिःस्पृहःशान्तःप्रशाम्यत्यपुनर्भवः॥२५॥

અને જે મોહિત થતા નથી તે મોહથી થનારા દોષોથી યુક્ત થતા નથી. અને જે નિર્દોષ છે, તે નિસ્પૃહ થઇને શાંતિને પ્રાપ્ત થાય છે. અને શાંત પુરૂષ મુક્ત થઇ જાય છે.૨૫

इति चरकसं० शारीर० शरीरसंख्यः शारीरः समाप्तः ॥ ७ ॥

ઇતિ ચરક સંહિતાના શારીર સ્થાનનો શરીર સંખ્ય શારિર નામનો સાતમો અધ્યાય સમાપ્ત થયો. ૭.

॥ अष्टमोऽध्यायः ॥

अथातोजातिसूत्रीयंशारीरंव्याख्यास्यामइतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે જાતિસૂત્રીય શારીરની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા,

ઉત્તમ સંતાન થવાનો ઉપાય.

स्त्रीपुरुषयोरव्यापन्नशुक्रशोणितयोनिगर्भाशययोःश्रेयसींप्रजामिच्छतोस्तन्निर्वृत्ति करंकर्मोपदेक्ष्यामः ॥ १ ॥

જે સ્ત્રીનું રજ, યોનિ તથા ગર્ભાશય દૂષિત ન હોય અને જે પુરૂષનું વીર્ય દૂષિત ન હોય એવાં સંતતિને ઇચ્છનાર સ્ત્રી પુરૂષોને માટે હિતકારી કર્મનો ઉપદેશ કરવામાં આવે છે. ૧.

अथाप्येतौस्त्रीपुरुषौस्नेहस्वेदाभ्यामुपपाद्यवमनविरेचनाभ्यांसंशोध्यक्रमात्प्रकृति मापादयेत्संशुद्धौचास्थापनानुवासनाभ्यामुपाचरेदुपाचरेच्चमधुरौषधसंस्कृता-भ्यांघृतक्षीराभ्यांपुरुषंस्त्रियन्.तैलमांसाभ्याम् ॥ २ ॥

સ્ત્રી તથા પુરૂષને સ્નેહન તથા સ્વેદનથી યુક્ત કરીને, વમન તથા વિરેચન (ઉલટી અને જુલાબ) વડે શુદ્ધ કરીને, ક્રમથી સ્વસ્થ કરવાં, તે પછી આ સ્થાપન તથા અનુવાસનનો પ્રયોગ કરવો. તે પછી પુરૂષને મધુર ઔષધિયોના યોગથી પકવેલું ઘી તથા દૂધ પાવું અને સ્ત્રીને તેલ તથા માંસ ખવરાવવું.

સ્ત્રી પુરૂષનું કર્તવ્ય કર્મ.

ततःपुष्पात्प्रभृतित्रिरात्रमासीत्ब्रह्मचारिण्यधःशायिनीपाणिभ्याम् ‍अन्नमंजर्‌पात्र-स्थञ्जानानचकाश्चिदेवमृजामापद्येत ॥ ३ ॥

સ્ત્રીએ રૂતુશ્રાવ (અટકાવ આવવો) ના પ્રથમ દિવસથી ત્રણ રાત્રિ પર્યંત બ્રહ્મચારિણી (પુરૂષ સંગ ન કરવો) થઇને પૃથ્વી પર સુવું. જુનાં વાસણ અથવા માટીના વાસણમાં, અથવા હાથમાં લઇને ભોજન કરવું, અને સ્નાનાદિ કોઈ સ્વચ્છતાનું કાર્ય ન કરવું. ૩.

ततश्चचतुर्थेऽहन्येनामुत्साद्यसशि रस्कंस्नापयित्वाशुक्लानिवासांस्याच्छादयेत्पुरुषश्च ॥ ४ ॥

તે પછી ચોથે દિવસે માથું ચોળીને સ્નાન કરવું, શ્વેત વસ્ત્રો પહેરવાં અને તે દિવસે પુરૂષે પણ સારી રીતે સ્નાન કરીને શ્વેત વસ્ત્રો પહેરવાં. ૪.

ततःशुक्लवाससौचस्रग्विणौसुमनसावन्योन्यमभिकामौसंवसेतामितिब्रूयात् ॥५॥

તે પછી માળા પહેરીને પ્રસન્ન ચિત્તે શ્વેત વસ્ત્રો ધારણ કરીને સ્ત્રી પુરૂષે રાત્રિના વખતે વૈદ્યની આજ્ઞા લઇને એકી સાથે શયન કરવું. ૫.

स्नानात्प्रभृतियुग्मेष्वहःसुसंवसेतांपुत्रकामौतौचायुग्मेषुदुहितृकामौ ॥ ६ ॥

સ્નાનના દિવસથી બેકી દિવસમાં અર્થાત ચોથા, છઠા, વિગેરે દિવસોમાં પુત્રની ઈચ્છાવાળા સ્ત્રી પુરૂષોએ સહવાસ કરવો અને અયુગ્મ—એકી અર્થાત પાંચમા, સાતમા, વિગેરે દિવસોમાં કન્યાની ઇચ્છાવાળા સ્ત્રી પુરૂષોએ સહવાસ (સ્ત્રીગમન) કરવો. ૬.

સહવાસ (ગમન) ની વિધિ.

नचन्युब्जांपार्श्वगतांवासंसेवेत । न्युब्जायावातोबलवान्सयोनिंपीडयति । पार्श्वगतायादक्षिणेपार्श्वेश्लेष्मासंच्युतोऽपिदधातिगर्भाशयम् । वामेपार्श्वेपित्तंतदस्यांपीडितंविदहतिरक्तशुक्रंतस्मादुत्तानासतीबीजंगृह्णीयात् । तस्याहियथास्थानमवतिष्ठन्तेदोषापर्याप्तेचैनांशीतोदकेनपरिषिञ्चेत् ॥ ७ ॥

પગ સંકોરીને સુતેલી તથા પાસુ ફેરવીને સુતેલી સ્ત્રીની સાથે રમણ કરીને વીર્યપાત ન કરવો, કેમકે પગ વિગેરે સંકોરીને સુતેલી સ્ત્રીની યોનિને બળવાન પાયુ પીડા કરે છે. જમણી તરફ પાસુ ફેરવીને સુતેલી સ્ત્રીને કફ પિડિત થઇને ગર્ભાશયને ઢાંકી દે છે અને ડાબી તરફ પાસુ ફેરવીને સુતેલી સ્ત્રીને પિત્ત પીડિત થઇને રજ તથા વીર્યને ભષ્મ કરી નાંખે છે. એથી સ્ત્રીએ ઉત્તાન (છતી) સુઇને વીર્યને ગ્રહણ કરવું, કેમકે ઉત્તાન (છતા) સુવાથી વાત, પિત્ત તથા કફ આ ત્રણે દોષ પોત પોતાના સ્થાનોમાં સ્થિત રહે છે. આ પ્રકારે મૈથુનના થઈ રહ્યા પછી સ્ત્રીએ ઠંડા જળથી મુખાદિને ધોઈ સ્વચ્છ કરવાં, ૭

ગર્ભ ધારણ કરવાને અયોગ્ય સ્ત્રી.

[illegible]ताक्षुधितापिपासिताभीताविमनाःशोकार्ताक्रुद्धाचान्य[illegible]मांसामेच्छन्तीमैथुनेचातिकामावानारीगर्भंनधत्ते विगुणांवाप्रजांजनयति ॥ ८ ॥

ગર્ભ ધારણ કરવાને અયોગ્ય સ્ત્રી તથા પુરૂષ બહુજ ભોજન કરેલી, ભૂખી, તરસી, બીક લાગેલી, મૈથુનમાં ચિત્ત વગરની, શોક અને ક્રોધી થયેલી, બીજા પુરૂષને ઇચ્છનારી, અથવા બહુજ કામાતુર સ્ત્રી ગર્ભને ધારણ કરી શકતી નથી, અને જો ધારણ પણ કરે છે તો વિકાર યુક્ત સંતાન ઉત્પન્ન થાય છે. ૮

आतेबालाम तिवृद्धांदीर्घरोगिणीमन्येनवाविकारेणोपसृष्टांवर्जयेत् ॥ ९ ॥

બહુજ ન્યુન અવસ્થાવાળી (નાની ઉમ્મરની) અને અત્યંત વૃદ્ધ, કોઇ દીર્ઘ રોગવાળી અથવા કોઇ અન્ય રોગવાળી સ્ત્રીની સાથે ગમન કરવું. ૯

पुरुषेऽप्येतएवदोषाःअतःसर्वदोषवर्जितौस्त्रीपुरुषौसंसृज्येयाताम् ॥ १० ॥

અને પુરૂષમાં પણ આ દોષ હોય છે એથી સંપૂર્ણ દોષ રહિત સ્ત્રી પુરૂષે રમણ (ગમન) કરવું. ૧૦

સ્ત્રી ગમન વિધિ.

सञ्जातहर्षोमैथुनेचानुकूलाविष्टगन्धंसास्तीर्णसुखंशयनमुपकल्प्यमनोज्ञंहितमशन-मशित्वादक्षिणपादेनपुमान्वामपादेनस्त्रीचारोहेत्तत्रमंत्रंप्रयुञ्जीत (अहिरसिआयु-रसिसर्वतःप्रतिष्ठासिधातात्वादधातुविधातात्वादधातुब्रह्मवर्चसाभवेदिति ॥ ब्र-ह्माबृहस्पतिर्विष्णुःसोमःसूर्य्यस्तथाश्विनौ । भगोऽथमित्रावरुणौपुत्रंवीरंदधातुमे ॥ ॥ ११ ॥ १२ ॥ इत्युक्त्वासंवसेताम् ॥ १३ ॥

હિત કરનાર મનોહર ભોજન કરીને મૈથુનમાં ઇચ્છા કરનારાં પરસ્પર સ્નેહવાળાં સ્ત્રી પુરૂષે સુખ જનક, સુગન્ધિત શય્યા બિછાવીને, પુરૂષે જમણા પગથી અને સ્ત્રીએ ડાબા પગથી શય્યા ઉપર ચઢવું અને આ મંત્ર ભણવો.

" अहिरसि आयुरसि सर्वतः प्रतिष्ठासिधातात्वादधातुविधातात्वादधा-तुब्रह्मवर्चसाभवेदिति ॥ ब्रह्माबृहस्प तिर्विष्णुःसोमःसूर्य्यस्तथाश्विनौ । भगोऽथ-मित्रावरुणोपुत्रंवीरंदधातुमे ॥ "

આ મંત્રોને ભણીને પછી સ્ત્રી પુરૂષે ગમન ગરવું. ૧૧-૧૨-૧૩

ઉત્તમ પુત્ર ઉત્પન્ન કરવાની વિધિ.

साचेदेवमासीतबृहन्तमवदातंहर्य्यक्षमोजस्विनंशुचिंसत्त्वसम्पन्नंपुत्रमिच्छेयमिति । शुद्धस्नानात् प्रभृत्यस्यैमन्थमवदातं यवानांमधुसर्पिर्भ्यांसंसृज्यश्वेतायागोःसरूप-वत्सायाःपयसालोड्यराजतेकांस्येवापात्रेकालेकालेसप्ताहंसततंप्रयच्छेत्पानाय-मातश्चशालियवान्नविकारान्दधिमधुसर्पिर्भिःपयोभिर्वासंसृज्यभुञ्जीत ॥ १४ ॥

જો સ્ત્રી એવી ઇચ્છા કરે કે વિશાલ, ગૌરવર્ણ, સિંહના સમાન પરાક્રમી, પવિત્ર, તથા સત્વવાળો મને પુત્ર ઉત્પન્ન થાય, તો તેણે રૂતુ સ્નાનના દિવસથી તે સ્ત્રીએ જવનું શુદ્ધ મંથ ધોળેલી પાતળી સત્તુ (કાંજી) મદ તથા ઘીથી મેળવીને, સુંદર વાછડાવાળી

ધોળી ગાયના દૂધમાં મેળવીને, ચાંદી અથવા કાંસાના પાત્રમાં સાત દિવસ સુધી વખતે વખતે પીવું, અને સવારે શાલિ ધાન્ય (શાળના ચોખા) અથવા જવના પદાર્થોમાં દહીં, મધ તથા ઘી અથવા દૂધ મેળવીને ખાવું. ૧૪

तथासायमवदातशरणशयनासनयानवसनभूषणवेषाचस्यात् ॥ १५ ॥

પછી સાંજના વખતે તે સ્ત્રીએ શુદ્ધ ગૃહમાં વાસ કરવો, શુદ્ધ આસનપર બેસવું અને સ્વચ્છ શય્યામાં સુવું, સ્વચ્છ વસ્ત્રો પહેરવાં, અને સ્વચ્છ ઘરેણાં ધારણ કરવાં. ૧૫

सायंप्रातश्चशश्वत्श्वेतंमहान्तम् ऋषभम् आजानेयंहरिचन्दनाङ्कितंपश्येत् । सौम्याभिश्चैनांकथाभिर्मनोऽनुकूलाभिरुपासीत । सौम्याकृतिवचनोपचारचेष्टांश्चस्त्रीपुरुषानितरानपिचेन्द्रियार्थानवदातान्पश्येत् । सहचर्य्यश्चैनांप्रियहिताभ्यांसततमुपचरेयुःतथाभर्त्तानचमिश्रीभावमापद्येयाताम् ॥ १६ ॥

અને હંમેશાં સાંજે તથા સવારે શ્વેત વર્ણ વિશાલ તથા ધોળા ચંદનવાળા વૃષભ (આખલો) તથા સારી જાતના ઘોડાને જોવો, તે સ્ત્રીને મનોહર, સૌમ્ય કથા સંભળાવવી, સૌમ્ય આકૃતિ, વચન, ઉપચાર, તથા ચેષ્ટાવાળાં સ્ત્રી પુરૂષોને તથા અન્ય સુંદર વિષયોને તે સ્ત્રીએ જોવા, સખિયોએ હિત તથા પ્રિય વસ્તુઓવડે તેની સેવા કરવી અને પતિએ તેની સાથે ગમન કરવું. ૧૬

इत्यनेनविधिनासप्तरात्रंस्थित्वाष्टमेऽहन्याप्लुत्याद्भिःसशिरस्कंसहभर्त्राचाहतानिवस्त्राणिआच्छादयेदवदातानिअवदाताश्च स्रजोभूषणानिविभृयात् ॥ १७ ॥

આ પ્રકારે સાત રાત્રિ વ્યતીત કરીને આઠમા દિવસે પતિની સાથે, માથુ ચોળીને સ્નાન કરીને તે સ્ત્રીએ ધોળાં સ્વચ્છ વસ્ત્રો, માળા તથા આભૂષણો પહેરવાં. ૧૭

ઉત્તમ પુત્રને માટે હુવન વિધિ.

ततऋत्विक्प्रागुत्तरस्यांदिशिअगारस्यप्राक्प्रवणमुदक्प्रवणंवाप्रदेशमभिसमीक्ष्यगोमयोदकाभ्यांस्थण्डिलमुपसंलिप्यप्रोक्ष्य चोदकेनवेदिमस्मिन्स्थापयेत् । तांपश्चिमेनानाहतवस्त्रसञ्चयेश्वेतार्षभेवाप्यजिनउपविशेद्ब्राह्मणप्रयुक्तोराजन्यप्रयुक्तस्तुवैयाघ्रेचर्मण्यानडुहेवावैश्यप्रयुक्तस्तुरौरवेबास्तेवा । तत्रोपविष्टः पालाशीभिरैङ्गुदीभिरौदुम्बरीभिर्माधूकीभिर्वासमिद्भिरग्निमुपसमाधायकुशैःपरिस्तीर्य्यपरिधिभिश्चपरिधायलाजैःशुक्लाभिश्च गन्धवतीभिःसुमनोभिरुपकिरेत् । तत्रप्रणीयोदपात्रंपवित्रंपूतमुपसंस्कृत्यसर्पिराज्यार्थेयथोक्तवर्णानाजानेयादीन्समन्ततःस्थापयेत् ॥ १८ ॥

તે પછી ૠત્વિકે (યજ્ઞમાં જેને યજમાન વરણુ કરે છે.) ઘરની ઉત્તરે અથવા પૂર્વ દિશામાં, ઉત્તરની તરફ ઝુકેલા અથવા પૂર્વની તરફ ઝુકેલા સ્થાનને જોઇને ગાયના છાણથી લીંપાવીને તે ઉપર પાણી છંટાવીને વેદી (ચોરી) બનાવવી. જો બ્રાહ્મણ યજમાન હોય તો તેણે તે વેદીની પશ્ચિમે અને અખંડિત વસ્ત્રોપર ધોળા બળદનું ચર્મ (ચામડા) પાથ-

રીને બેસવું, જો ક્ષત્રીય યજમાન હોય તો વાઘ અથવા બળદના ચર્મને પાથરીને બેસવું, અને જો યજમાન વૈશ્ય હોય તો રૂરૂ મૃગના ચર્મને અથવા બકરાના ચર્મને પાથરીને બેસવું તે પછી ખાખરો, અંઘેડી, ઉમરડો, મહુડો વિગેરેનાં લાકડાંથી અગ્નિને પ્રજ્વલિત કરી, અગ્નિની ચારે તરફ દર્ભાસન પાથરીને ખાખરા વિગેરે યજ્ઞના વૃક્ષોની શાખાઓથી અગ્નિને ચારે તરફથી સળગાવીને સફેદ ધાનની ખીર, તથા સુગંધિત ધોળાં પુષ્પ વેદીપર છંટાવવાં, અને પવિત્ર (જનોઇ), પ્રણીતાપાત્ર, જળપાત્ર, ઘી અને પૂર્વોક્ત ગુણોવાળો વૃષભ તથા અશ્વનું ત્યાં સ્થાપન કરવું. ૧૮

ततः स्त्रीकामापाश्चमतोऽग्निंदक्षिणतोब्राह्मणमुपवेश्य अन्वालभेतसहभर्त्रायथेष्टंपुत्र-माशासाना । ततः तस्याआशासानाया ऋत्विक्प्रजापतिमभिनिर्दिश्ययोनौत-स्याःकामपरिपूरणार्थंकाम्यामिष्टिंनिर्वपेद्विष्णुर्योनिंकल्पयत्वित्यन्वयाचाज्येनचैवाज्येनस्थालीपाकमभिसंसार्य्यत्रिर्जुहुयात् । यथाम्नायश्चोपमन्त्रितमुदकपात्रंतस्यैदद्यात् सर्वोदकार्थान्कुर्वीत ॥ १९ ॥

તે પછી પુત્રની કામના કરનારી સ્ત્રીએ અગ્નિ પશ્ચિમ તરફ રહે અને બ્રાહ્મણ દક્ષિણ તરફ રહે તેવી રીતે પતિની સાથે બેસવું. અને અન્વાલમ્ભન (રૂત્વિક બ્રાહ્મણનો સ્પર્શ) કરીને યથેષ્ટ પુત્રની કામના કરવી. તે પછી તેણીની કામનાને પૂર્ણ કરવાને માટે રૂત્વિકે " પ્રજાપતિ " આદિ મંત્રનો નિર્દેશ કરીને તે સ્ત્રીના પતિના હાથનો સ્ત્રીની યોનીએ સ્પર્શ કરાવી ને " **विष्णुर्योनिं कल्पयतु** " આ મંત્રને ભણીને પુત્રેષ્ટિ યજ્ઞ કરાવવો. તે પછી ઘીની સાથે ચરૂ મેળવીને સ્થાલી પાક બનાવીને ત્રણ વાર અગ્નિમાં હવન કરવો. એ પછી વિધિ પૂર્વક મંત્રોથી અભિમંત્રિત કરીને જળનું પાત્ર તે સ્ત્રીને આપવું અને કહેવું કે આ જળથી જળનાં સંપૂર્ણ કાર્ય કરવાં.

યજ્ઞના અંતમાં કર્મ.

ततःसमाप्तेकर्मणिपूर्वंदक्षिणपादमभिहरन्तीप्रदक्षिणमग्निमनुपरिक्रामेत्ततोब्राह्मणा-न्स्वस्तिवाचयित्वासहभर्त्राऽऽज्यशेषंप्राश्नीयात् । पूर्वंपुमान्पश्चात्स्त्रीनचउच्छिष्टम-वशेषयेत्ततस्तौसहसंवसेतामष्टरात्रंतथाविधपरिच्छदावेवचस्यातांतथेष्टंपुत्रंजन-येताम् ॥ २० ॥

એ પછી હવન કર્મના સમાપ્ત થઇ ગયા પછી તે સ્ત્રીએ પ્રથમ જમણો પગ આગળ મુકીને પછી અગ્નિની પ્રદક્ષિણા કરવી, પછી પ્રદક્ષિણા કરીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિ વાચન કરાવીને પતિની સાથે હવનમાંથી બચેલા ઘીને ચાટી જવું. પ્રથમ પુરૂષે ચાટવું પછી સ્ત્રીએ ચાટવું. અને તે ઘીમાંથી વધે નહિ તેમ કરવું. તે પછી તે સ્ત્રી પુરૂષે આઠ રાત્રિ પર્યંત પૂર્વોકત વસ્ત્રાદિકોને ધારણ કરીને સહવાસ (ગમન) કરવો. આ પ્રકારે કરવાથી યોગ્ય પુત્રની પ્રાપ્તિ થાય છે. ૨૦

यातुस्त्रीश्यामंलोहिताक्षंव्यूढोरस्कंमहाबाहुंपुत्रमाशासीत । यावाकृष्णंकृष्णमृदु-दीर्घकेशंशुक्लाक्षंशुक्लदन्तंतेजस्विनमात्मवन्तम् एषएवानयोरपिहोमविधिःकिन्तु-

परिबर्हंवर्णवर्ज्यंस्या- न्नवर्णानुरूपस्तुयथावीरेवतयोःपरिबर्होऽन्यःकार्य्यःस्यात् ॥ २१ ॥

જે સ્ત્રી એમ ઇચ્છા કરે કે કાળા રંગ, લાલ નેત્ર તથા વિશાળ વક્ષ;સ્થલવાળો દીર્ઘ બાહુ, પુત્ર મને થાય અથવા જે સ્ત્રી એમ ઈચ્છા કરે કે કાળો રંગ, કોમળ તથા દીર્ઘ કેશવાળો, તેજસ્વી, શ્વેત નેત્ર, તથા શ્વેત દાંત વાળો, જીતેન્દ્રિય પુત્ર મને થાય તેને માટે પણ આ હવનની વિધિ બરોબર છે. પરંતુ પરિવાર્હ (સામાન)ના વર્ણન ભેદ હોય છે. જેવા વર્ણવાળા પુત્રની ઇચ્છા કરે તેવાજ વર્ણના જેવો સર્વ સામાન, તેનો તથા તેના પતિનો હોવો જોઇએ. ૨૧.

द्विजेभ्यःशूद्रातुनमस्कारमेवकुर्य्याद्देवगुरुतपस्विसिद्धेभ्यश्च ॥ २२ ॥

અને જો શુદ્ર સ્ત્રી હોય તો, બ્રાહ્મણ, દેવતા, ગુરૂ, તપસ્વી તથા સિદ્ધોને નમસ્કારજ કરવો પણ સ્પર્શ ન કરવો. ૨૨.

यायाचयथाविधंपुत्रमाशासीततस्यास्तस्यास्तांतांपुत्राशिषमनुनिशम्यतांस्ताञ्जनपदानांमनुष्याणामनुरूपंपुत्रमाशाशीतसातेषांतेषांजनपदानामाहारविहारोपचारपरिच्छदाननुविधीयस्वेतिवाच्यास्यात्। इत्येतत्सर्वंपुत्राशिषांसमृद्धिकरंकर्मव्याख्यातंभवति ॥ २३ ॥

જે જે સ્ત્રી, જે જે પ્રકારના પુત્રની ઇચ્છા કરે, તે તે સ્ત્રીની તેવા તેવા પુત્ર થવાની કામના સાંભળીને તેવા તેવા દેશોમાં તેને મન વડે ભ્રમણ કરાવવું. તે પછી જે જે સ્ત્રી જે જે દેશના મનુષ્યોના જેવા પુત્રની ઈચ્છા કરે, તે તે સ્ત્રીને તે તે દેશના જેવા અહાર, વિહાર,, ઉપચાર તથા પરિચ્છેદ (સામાન) રાખવાની આજ્ઞા આપવી. આ પ્રકારે પુત્ર કામનાને પૂર્ણ કરવાનું વ્યાખ્યાન કરવામાં આવ્યું. ૨૩.

नतुखलुकेवलमेतदेवकर्मवर्णानांवैशेष्यकरमपितुतेजोधातुरप्युदकान्तरिक्षधातुप्रायोऽवदातवर्णकरोभवति । पृथिवीवायुधातुप्रायःकृष्णवर्णकरःसमसर्वधातुप्रायःश्यामवर्णकरः ॥ २४ ॥

કેવળ આજ કર્મ વર્ણોની વિશેષતાનું કારણ નથી, પરંતુ જળ, ધાતુ તથા આકાશ ધાતુથી અધિક યુકત, તેજ ધાતુ, ગૌરવર્ણને ઉત્પન્ન કરે છે. પૃથ્વી, ધાતુ તથા વાયુ ધાતુથી અધિક યુકત, તેજ ધાતુ, કૃષ્ણવર્ણને ઉત્પન્ન કરે છે. અને જે તેજ ધાતુમાં સર્વ ધાતુ સમ હોય છે તે શ્યામ વર્ણને ઉત્પન્ન કરે છે. ૨૪,

સત્વના ભેદનું કારણ.

सत्त्ववैशेष्यकराणिपुनस्तेषांतेषांप्राणिनांमातापितृसत्त्वान्यन्तर्वत्न्याःश्रुतयश्चाभीक्ष्णंस्वोचितञ्चकर्मसत्त्वविशेषाभ्यासश्चेति ॥ २५ ॥

ગર્ભ સ્થિતિના સમયમાં માતા પિતાનું સત્વ, ગર્ભિણીની સાંભળેલી કથા, પુરાણ વિગેરે અનેક જન્મોનાં ઉપાર્જન કરેલાં પોતાનાં કર્મ અને સત્વ વિશેષનો અભ્યાસ આ સર્વ સત્વની વિશેષતાનાં કારણ છે. ૨૫

यथोक्तेनविधिनापसंस्कृतशरीरयोःस्त्रीपुरुषयोस्तुमिश्रीभावमापन्नयोःशुक्रंशोणितेनसहसंयोगेसमेत्याव्यापन्नमव्यापन्नेन योनावनुपहतायाममदुष्टेगर्भाशयेगर्भमभिनिर्वर्त्तयतिएकान्तेन। यथानिर्मलेवाससीसुपरिकल्पतेरञ्जनंसमुदितगुणंपातादेवरागमभिनिर्वर्त्तयतितद्वत् । यथावाक्षीरंदध्नाभिषुतमभिषवणाद्विहायस्वभावमापद्यतेदधिभावंशुक्रंतद्वत् ॥ २६ ॥

પૂર્વોકત વિધિથી સંસ્કાર વાળાં, શુદ્ધ શરીરવાળાં સ્ત્રી પુરૂષોના સંયોગ થયા છતાં પણ દોષ રહિત યોનિમાં, દોષ રહિત વીર્ય, દોષ રહિત રજથી મિશ્ર થઇને, દોષરહિત ગર્ભાશયમાં અવશ્ય ગર્ભને ઉત્પન્ન કરે છે. જેમ નિર્મળ ધોયેલા વસ્ત્રમાં શ્રેષ્ટ રંગ નાંખતાંજ રંગ ચઢી જાય છે, અને જેમ દૂધમાં દહીં મેળવવાથી ખટાશને લીધે પોતાના દુગ્ધત્વને છોડીને દધિત્વને પ્રાપ્ત થઈ જાય છે. તેવીજ રીતે વીર્યરજની સાથે મળીને ગર્ભત્વને પ્રાપ્ત થાય છે. ૨૬.

एवमभिनिर्वर्त्तमानस्यगर्भस्यस्त्रीपुरुषत्वेहेतुःपूर्वमुक्तः ॥ २७ ॥

આ પ્રકારે ઉત્પન્ન થયેલા ગર્ભમાં સ્ત્રી પુરૂષ થવામાં જે કારણ છે તે પ્રથમજ કહેવામાં આવ્યું. ૨૭

यथाहिबीजमनुपतप्तमुप्तंस्वांस्वांप्रकृतिमनुविधीयतेव्रीहिर्वाव्रीहित्वंयवोवायवत्वंतथास्त्रीपुरुषावपियथोक्तंहेतुविभागमनुविधीयते ॥ २८ ॥

જેમ દોષ વગરનું બી વાવવામાં આવે તો તે પોતપોતાની પ્રકૃતિના અનુસાર ઉત્પન્ન થાય છે. અર્થાત અનાજના બીથી અનાજ અને જવ વિગેરેના બીજથી જવ આદિક ઉત્પન્ન થાય છે. એ પ્રકારે સ્ત્રી પુરૂષ પણ હેતુને અનુસાર ઉત્પન્ન થાય છે. ૨૮

तयोःकर्मणावेदोक्तेनविवर्त्तनमुपदिश्यतेप्राग्व्यक्तीभावात् ॥ २९ ॥

ગર્ભમાં જ્યાં સુધી સ્ત્રીપુરૂષનાં ચિન્હ ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી પુરૂષને ઉત્પન્ન થવાની વેદોક્ત વિધિ કહેવામાં આવે છે. ૨૯

प्रयुक्तेनसम्यक्कर्मणांहिदेशकालसम्पदुपेतानांनियतमिष्टफलत्वंतथेतरेषामितरत्वम् । तस्मादापन्नगर्भांस्त्रियमभिसमीक्ष्य प्राग्व्यक्तीभावाद्गर्भस्यपुंसवनमस्यैदद्यात् ॥३०॥

યોગ્ય દેશ તથા યોગ્ય કાલમાં સારી રીતે કરેલાં કર્મોથી અવશ્યજ ઇષ્ટ ફલ પ્રાપ્ત થાય છે. અને "અયોગ્ય દેશ, કાલમાં કરેલાં કર્મોથી ઇષ્ટ ફલની પ્રાપ્તિ થતી નથી. એથી સ્ત્રીને ગર્ભવતી જોઇને ગર્ભમાં સ્ત્રી પુરૂષોનાં ચિન્હ ઉત્પન્ન થવાના પહેલાંજ સ્ત્રી પુંસવન (જેથી પુરૂષ ઉત્પન્ન થાય છે.) ઔષધ આપવું જોઇએ. ૩૦.

पुंसवन विधि.

गोष्ठेजातस्यन्यग्रोधस्यप्रागुत्तराभ्यांशाखाभ्यांशुङ्गेऽनुपहते आदाय द्वाभ्यांधान्यमाषाभ्यांसम्पदुपेताभ्यांगौरसर्षपाभ्यां वासहदध्निमक्षिप्यपुष्येणक्षेपिबेत् ॥३१॥

ગામના રહેઠાણમાં ઉગેલા વડની પૂર્વ તથા ઉત્તર તરફની શાખાઓ (વડવાઇઓ)

માંથી બે નિર્દોષ કુંપળો લઇને નિર્દોષ બે ચોખાના દાણા, બે અડદના અથવા બે ધોળા સરસવ લઇને દહીંમાં મેળવીને પુષ્પ નક્ષત્રમાં સ્ત્રીને પાવું. ૩૧.

तथैवअपराजीवकर्षभकापामार्गसहचरकल्कांश्च गपदेकशोयथेष्टंवा पसंस्त्यपयसा ॥३२॥ कुडयकीटकंमत्स्यकञ्चोदकाञ्जलौमक्षिप्यपुष्येणपिबेत् ॥३३॥

જીવક, રૂષભક, ધોળો અંધેડો, તથા કાંટા શેરીયાનો કલ્ક (એકત્ર વાટી ચટણી કરવી) દુધમાં મેળવીને પુષ્પ નક્ષત્રમાં પીવું અને આ ઔષધિયોમાંથી જો સર્વ ન મળેતો જેટલી મળી શકે એટલી પીવી અથવા તેમાંથી એકજ ઔષધીનો કલ્કપીવો, ૩૨ કુડયકીટક (ભીંતમાં થનાર કીડો) તથા એક નાની માછલીને અંજલિ ભરીને જળની સાથે પીવી. ૩૩.

तथाकनकमयान्राजतानायसांश्चपुरुषकानग्निवर्णानणुप्रमाणान्दध्निपयसिउदकाञ्जलौवाप्रक्षिप्यपिबेदनवशेषतःपुष्येण ॥ ३४ ॥

સોનું, ચાંદી અથવા લોહની ઉત્તમ ભષ્મ લઇને તેનો અત્યંત સૂક્ષ્મ, અગ્નિ વર્ણ પુરૂષ બનાવીને, દહીં, દૂધ અથવા અંજલિ ભરીને જળની સાથે પુષ્પ નક્ષત્રમાં તેમાંથી કાંઇ બચે નહીં તેવી રીતે તમામ પી જવું. ૩૪ (ભષ્મ બનાવેલા પુરૂષને અગ્નિમાં તપાવી જળ, દૂધ યા દહીંમાં બુઝાવી તે પાણી પીવું એવું વાગભટમાં લખ્યું છે.)

पुष्योध्धृतलक्ष्मणामूलस्यपयसापुत्रकामोऽस्यदक्षिणनासापुटेकन्याकामस्य वामनासापुटेसिंचेत् । एवं श्वेतकंटकार्यारसंसिंचनेनपुत्रावाप्तिः । पुष्येणैवचपिष्टस्यपच्यमानस्योष्माण मुपघ्रायस्यैवचपिष्टस्योदकसंसृष्टस्यरसंदेहलीमुपनिधायदक्षिणेनासापुटेस्वयमासिञ्चेत्पिचुना ॥ ३५ ॥ इतिपुंसवनानियच्चान्यदपिब्राह्मणाब्रयुराप्तावापुंसवनमिष्टंतच्चानुष्ठेयम् ॥ ३६ ॥

પુષ્ય નક્ષત્રમાં પાકનામી લક્ષ્મણા (હનમાનવેલો) ના મૂળને સુંધીને તેને દુધમાં ઘસીને પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીએ પોતાના હાથથી રૂવડે નાકના જમણા છિદ્રમાં રેડવું. અને પુત્રીની ઇચ્છાવાળી સ્ત્રીએ ડાબા નાકમાં રેડવું. એજ પ્રકારે રવિવારે પુષ્ય નક્ષત્રમાં ધોળી ભોંયરીંગણીને ઉખાડીને તેના રસનો ઉપયોગ કરવો તે પણ પુત્રને આપનાર છે. લક્ષ્મણાના પુષ્ય નક્ષત્રમાં ઉખાડેલા મૂળને દૂધમાં ઘસીને તેના રસને અથવા દૂધમાં પકાવીને તેને સવારમાં સૂર્યની સામે ઉભા રહીને સુંઘવું અથવા લક્ષ્મણાના રસને પૂર્વ ભણી ઉભા રહીને જમણા નાકમાં નાંખવો. ૩૫ આ પુંસવન (પુત્ર થવા)નો ઉપાય છે. તે સિવાય અન્ય જે ઉપાય પ્રમાણિક બ્રાહ્મણો બતાવે તે પણ કરવા જોઇએ. ૩૬.

ગર્ભસ્થાપન ઔષધ.

अतऊर्ध्वंगर्भस्थापनानिव्याख्यास्यामः ॥ ३७ ॥

ऐन्द्रीब्राह्मीशतवीर्यासहस्रवीर्याअमोघाअव्यथाशिवाबलाअरिष्टावाटयपुष्पीविष्वक्सेनाकान्ताचआसामोषधीनांशिरसादक्षिणेनपाणिनाधारणमेताभिश्चैवसिद्धस्यपयसः सर्पिषोवापानमेताभिश्चैवपुष्येपुष्येस्नानंसदाचैताभिःसमालभेत ॥ ३८ ॥

એ ઉપરાંત ગર્ભનું સ્થાપન કરનારા પ્રયોગ કહેવામાં આવે છે. ૩૭ એન્દ્રિ (ઈંદ્રાયણુ) બ્રાહ્મી, (ભરમી) ધોળી ધરો, કાળી ધરો, અમોઘા (પાઢરા) મોટી ગોરખમુંડી, હરડે, બલા, કડવો લીંબડો, વાટ્યપુષ્પી, (કડુ) કાંગ, શતાવરી આ ઔષધિયોને જમણા હાથમાં અથવા માથા ઉપર ધારણુ કરવી જોઇએ. આ ઔષધિયોની સાથે પકવેલું દૂધ અથવા ઘી પીવું જોઇએ. આ ઔષધિયોની સાથે પકાવેલા જળ વડે પુષ્પ નક્ષત્રમાં સ્નાન કરવું જોઇએ. અને આ ઔષધિયોને હંમેશાં પાસે રાખવી જોઇએ. ૩૮.

तथासर्वसांजीवनीयोक्तानामोषधीनांसदेव्योपयुक्तैस्तैर्योगविधिभिरितिगर्भस्थापनानिव्याख्यातानिभवन्ति ॥ ३९ ॥

એ પ્રકારે જીવનીયગણુમાં કહેલી ઔષધિયો વડે પૂર્વોક્ત કાર્ય હંમેશાં કરવાં જોઇએ. આ ગર્ભસ્થાપનના પ્રયોગ કહેવામાં આવ્યા. ૩૯.

ગર્ભનાશક ભાવ.

गर्भोपघातकरास्त्विमेभावाभवन्तितद्यथाउत्कटुकविषमस्थानंकठिनासनसेविन्यावातमूत्रपुरीषवेगानुपरुन्धत्यादारुणानुचितव्यायामसेविन्यास्तीक्ष्णोष्णातिमात्रसेविन्याः प्रमितान्नसेविन्यागर्भोम्रियतेऽन्तः कुक्षेरकालेवास्त्रंसतेशोषीवाभवति ॥ ४० ॥

ગર્ભને નષ્ટ કરનાર આ કારણ છે. જેમ કે ઉત્કટ (ઉંચું) બેસવું, વિષમતાથી બેસવું, કઠિન આસનપર બેસવું, વાયુ, મૂત્ર તથા મળના વેગોને રોકવા, કઠિન તથા અનુચિત વ્યાયામ (કસરત) કરવી. તીક્ષ્ણુ તથા ગરમ વસ્તુઓને બહુજ ખાવી. થોડું જમવું, આ કારણોથી ગર્ભ દુખની અંદર નષ્ટ થઇ જાય છે. અને સુકાઈ જાય છે, અને સમય સિવાયજ નીકળી પડે છે. ૪૦.

तथाभिघातप्रपीडनैःश्वभ्रकूपप्रपातदेशावलोकनैर्वाभीक्ष्णंमातुःप्रपतत्यकाले । तथातिमात्रसंक्षोभिभिर्यानैरप्रियातिभावश्रवणैर्वा । प्रततोत्तानशायिन्याःपुनर्गर्भस्यनाभ्याश्रयानाडीकण्ठमनुवेष्टयति ॥ ४१ ॥

એજ પ્રકારે વાગવાથી, દબાવાથી, તથા કુવાના ઉંડાણુ ભાગને અને પર્વતોના શિખર વિગેરેને જોવાથી વગર સમયેજ ગર્ભ ગરી જાય છે. જેના ઉપર ચઢવાથી શરીર બહુજ હાલડોલા થાય તેવી સવારી ઉપર ચઢવાથી, તથા બહુજ અપ્રિય શબ્દોને સાંભળવાથી ગર્ભ ગરી જાય છે. જો ગર્ભિણી સ્ત્રીએ છતા સુવાથી ગર્ભની નાભિમાં જે નાડી લાગેલી હોય છે તે ગર્ભના ગળામાં લપેટાઇ જાય છે. ૪૧.

विवृतशायिनीनक्तञ्चारिणीचोन्मत्तंजनयत्यपस्मारिणंपुनः कलिकलहाचारशीला व्यवायशीलादुर्वपुषमह्रीकंस्त्रैणंवाशोकनित्याभीतमपचितमल्पायुषंवा । अभिध्यात्रीपरोपतापिनमीर्ष्युंस्त्रैणंवातेनात्स्यायासबहुलमतिद्रोहिणमकर्मशीलंवा । अमर्षिणीचण्डमौपाधिकमसूयकंवा । स्वप्ननित्यातन्द्रालुमबुधमल्पाग्निंवा । मद्यनित्यापिपासालुमनवस्थितचित्तंवा । गोधामांसप्रियाशर्करिणमश्मरिणंशनैर्मेहिनंवा ।

वराहमांसप्रियारक्ताक्षंक्रथनमतिपरुषरोमाणंवा । मत्स्यमांसनित्याचिरनिमिषं स्तब्धाक्षंवा । मधुरनित्याप्रमेहिणंमूकमतिस्थूलंवाअम्लनित्यारक्तपित्तिनंत्वगक्षिरोगिणंवा । लवणनित्याशीघ्रवलीपलितखालित्यरोगिणंवा कटुकनित्या दुर्बलमल्पशुक्रमनपत्यंवा । तिक्तनित्याशोषिणमबलमपचितंवा । कषायनित्याश्यावमानाहिनमुदावर्तिनंवा ॥ ४२ ॥

જે ગર્ભિણી સ્ત્રી મેદાનમાં સુવે છે, અથવા રાત્રિમાં બહુજ ઘુમે છે તેનું સંતાન ઉન્મત્ત થાય છે, જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં કંકાશ કર્યાં કરે છે તેના સંતાનને મૃગી (વઇ) નો રોગ થાય છે. જે ગર્ભિણી સ્ત્રી બહુજ મૈથુન કરાવે છે તેનું સંતાન કાણું, કુબડું, નિર્લજ્જ, અથવા સ્ત્રીયોને બહુજ વશીભૂત થાય છે. જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં શોકમાં રહે છે તેનું સંતાન, બીકણુ, કૃશ તથા અલ્પાયુષી થાય છે. જે ગર્ભવંતી સ્ત્રી પારકા ધનની બહુજ ઇચ્છા કરે છે તેનું સંતાન બીજાને પીડા કરનાર, અદેખાઇવાળું અથવા સ્ત્રીયોને બહુજ વશીભૂત થાય છે. જે ગર્ભિણી સ્ત્રી ચોરી કરે છે તેનું સંતાન સ્વલ્પ શ્રમમાંજ થાકી જનાર, દ્રોહી તથા કુત્સિત કર્મ કરનાર થાય છે. જે ગર્ભિણી સ્ત્રી બહુજ ક્રોધ કર્યા કરે છે તેનું સંતાન ક્રોધી, ઉપાધી અથવા ગુણોમાં દોષ જોનાર હોય છે. જે ગર્ભિણી સ્ત્રી બહુજ સુવે છે તેનું સંતાન તન્દ્રાવાળું, મુર્ખ અથવા મંદાગ્નિવાળું હોય છે. જે સ્ત્રી બહુજ મદ્ય પીવે છે તેનું સંતાન બહુજ તૃષાવાળું અથવા ચંચલ ચિત્તનું થાયછે. જે ગર્ભિણી સ્ત્રી ગાયનું માંસ ખાય છે, તેનું સંતાન મધુ પ્રમેહ (સાકરીયો—મીઠો પ્રમેહ), પથરી અથવા ઘણે ભાગે પ્રમેહવાળું થાય છે. જે ગર્ભિણી સ્ત્રી ડુક્કરનું માંસ ખાય છે. તેનું સંતાન લાલ નેત્રવાળું અથવા કર્કશ રોમ (રૂવાંટા) વાળું થાય છે. જે ગર્ભિણી સ્ત્રી બહુજ માછલી ખાય છે તેનું સંતાન થોડી થોડીવારે નેત્રના પલકારા (ઉઘાડમીંચ કરવી) મારે છે અથવા તેનાં નેત્ર બંધ જેવાંજ રહે છે. જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં મધુર વસ્તુ ખાય છે, તેનું સંતાન પ્રમેહવાળું, મુંગું અથવા બહુજ સ્થુલ થાય છે. જે ગર્ભિણી સ્ત્રી હંમેશા ખાટી વસ્તુ ખાય છે, તેનું સંતાન પ્રમેહરોગી, ચર્મ (ચામડીના) રોગવાળું. અથવા નેત્રના રોગોવાળું થાય છે, જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં ખારી વસ્તુ ખાય છે તેનું સંતાન નાની ઉમ્મરમાં શરીરે કરચલી પડવી, વાળ ધોળા થવા, આ રોગોવાળું થાય છે. જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં કડવી વસ્તુ ખાય છે, તેનું સંતાન દુર્બલ, સ્વલ્પ વીર્યવાળું, અથવા અન પત્ય (સંતાન વગરનું—વાંઝીયું) થાય છે, જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં તિખી વસ્તુ ખાય છે તેનું સંતાન રાજયક્ષ્મા (ક્ષય) રોગવાળું, દુર્બલ અથવા કૃશ થાય છે, અને જે ગર્ભિણી સ્ત્રી હંમેશાં તુરી વસ્તુ ખાય છે તેનું સંતાન ભુરા રંગનું, આનાહ (આફરો ચઢવો) રોગવાળું અથવા ઉદાવર્ત રોગવાળું થાય છે. ૪૨.

यद्यच्चयस्ययस्यव्याधेर्निदानमुक्तंतत्तदासेवमानान्तर्वत्नीतद्विकारबहुलमपत्यंजनयति ॥ ४३ ॥

જે જે રોગનું જે જે કારણ કહેવામાં આવ્યું છે તે તે કારણનું જો ગર્ભિણી સ્ત્રી સેવન કરે તો તેનું સંતાન તે તે રોગવાળું થાય છે. ૪૩

...तुशुक्रदोषामातृजैरपचारैर्व्याख्यात इतिगर्भोपघातक भावाव्याख्याता:॥४४

જેમ માતાના અપચાર (બદ પરેજી) કહેવામાં આવ્યા તેવીજ રીતે પુરૂષના દોષ જાણવા જોઈએ, આ પ્રકારે ગર્ભને નષ્ટ કરનારાં કારણ કહેવામાં આવ્યાં. ૪૪

ગર્ભિણીની ઉપચાર વિધિ.

तस्मादहितानाहारविहारान्प्रजासम्पदमिच्छन्तीस्त्रीविशेषेणवर्जयेत्साध्याचारा-चात्मानमुपचरेद्धिताभ्यामाहारविहाराभ्याम् ॥ ४५ ॥

એથી ગર્ભવતી સ્ત્રીએ શ્રેષ્ટ સંતાન થવાની ઇચ્છા કરીને અહિત આહાર વિહારોનો વિશેષે કરીને ત્યાગ કરવો, શ્રેષ્ટ આચરણ કરવાં અને હિત આહાર વિહાર કરવા. ૪૫

व्याधींश्चास्यामृदुमधुरशिशिरसुखसुकुमारप्रायैरौषधाहारोपचारैरुपचरेत् । नचा स्यावमनविरेचनशिरोविरेचनानिप्रयोजयेन्नरक्तमवसेचयेत् । सर्वकालञ्चनास्था-पनमनुवासनंवाकुर्य्यादन्यत्रात्ययिकाद्व्याधेः । अष्टमंमासमुपादायवमनादिसा-ध्येषुपुनर्विकारेषुआत्ययिकेषुमृदुभिर्वमनादिभिर्वोपचारःस्यात् ॥ ४६ ॥

ગર્ભિણી સ્ત્રીને જો કાંઇ રોગ થાય તો મૃદુ, મધુર, શીતલ, સુખદાયક તથા સુકુમાર ઔષધ, આહાર, તથા ઉપચાર વડે ચિકિત્સા કરવી. ગર્ભિણીને વમન (ઉલટી) વિરેચન (જુલાબ) શિરો વિરેચન (નાસ લેવો) રક્તાવસેચન (ફસ ખોલાવવી) આસ્થાપન (એક તરેહનો અમલ) તથા અનુવાસન (એક પ્રકારનો અમલ) આ કાર્ય જો કોઇ કઠિન પ્રાણ નાશક રોગ ન હોય તો કદાપિ પણ ઉચિત નથી. આઠમા માસમાં જો વમનાદિથીજ શાંત થનાર કોઇ કઠિન પ્રાણનાશક રોગ થાય તો, મૃદુ (બહુજ વ્યાકુલ ન કરનાર) વમનાદિ વડે અથવા તેના જેવા ઉપચાર વડે ચિકિત્સા કરવી. ૪૬

ગર્ભિણીના ઉપચારમાં મુખ્ય કર્મ.

...र्णमिवतलपात्रमसंक्षोभ्याऽन्तर्वत्नीभवत्युपचर्य्या ॥ ४७ ॥

તેલથી ભરેલા પાત્રની માફક ગર્ભિણી સ્ત્રીને ક્ષોભિત (વ્યાકુલ તથા હલાવવી ડોલાવવી) ન થાય તેવી રીતે ચિકિત્સા (દવા) કરવી. ૪૭

साचेदपचाराद्द्वयोस्त्रिषुमासेषुपुष्पंपश्येन्नास्यागर्भःस्थास्यतीतिविद्यात् । अजात साराहितस्मिन्कालेभवन्तिगर्भाः ॥ ४८ ॥

જો ગર્ભિણી સ્ત્રીને બીજા તથા ત્રીજા માસમાં અપચાર (બદ પરેજી) થી રજ વહેવા લાગે તો જાણવું કે તેનો ગર્ભ ટકશે નહિ, કેમકે તે વખતે ગર્ભોનો કોઇ સ્થિર અંશ ઉત્પન્ન થયેલો હોતો નથી. ૪૮

साचेच्चतुर्थप्रभृतिषुमासेषुक्रोधशोकासूयेर्ष्याभयत्रासव्यव यव्यायामसंक्षोभसन्धा-रणविषमाशनशयनस्थानक्षुत्पिपासाद्य तियोगा त्कदाहाराद्वा पुष्पंपश्येत्तस्यागर्भस्था-पनविधिमुपदेक्ष्यामः ॥ ४९ ॥

જો ગર્ભિણી સ્ત્રીના ચોથા કે પાંચમા મહિનામાં ક્રોધ, શોક, અસૂયા (ગુણોમાં દોષ જોવા), ઈર્ષ્યા (અદેખાઈ), ભય, ત્રાસ, મૈથુન, વ્યાયામ, સંક્ષોભ (હાલમડોલા) મળ મૂત્રાદિના વેગોને રોકવા, વિષમતાથી બેસવું, વિષમતાથી સુવું, વિષમતાથી ભોજન કરવું, વિગેરેથી, ભૂખ તથા તરસ વિગેરેની અધિકતાથી અથવા ખરાબ ભોજનથી રજ વહેવા લાગે તો તેનો ગર્ભ સ્થિર થવાની વિધિ કહેવામાં આવે છે. ૪૯

पुष्पदर्शनादेवैनांब्रूयाच्छयनंतावन्मृदुसुखशिशिरास्तरणसंस्तीर्णमीषदवनतशिर-स्कंप्रतिपद्यस्वेति । [illegible]ष्टमधुकसर्पिर्भ्यांपरमशिशिरवारिणिसंस्थिताभ्यांपि-चुमाप्लाव्योपस्थसमीपे स्थापयेत् । तस्याः तथाशतधौतसहस्रधौताभ्यांसर्पि-र्भ्यामधोनाभेःसर्वतःप्रदिह्यात् । गव्येनचैनांपयसासुशीतेनमधुकाम्बुनावान्यग्रो-धादिकषायेणवापरिषेचयेदधोनाभेः । उदकंवासुशीतमवगाहयेत्क्षीरिणांकषाय-द्रुमाणाश्चस्वरसपरिपीतानिचेलानिग्राहयेत् । न्यग्रोधादिसिद्धयोर्वाक्षीरसर्पिषोः-पिचुंग्राहयेदतश्चैवाक्षमात्रंप्राशयेत्प्राशयेद्वाकेवलक्षीरसर्पिः ॥ ५० ॥

ચોથા વિગેરે માસોમાં રજ (રૂધિર) વહેતાંજ સ્ત્રીને કહેવું કે કોમલ, સુખદાયક, તથા શીતલ બિછાનું બિછાવીને શય્યાપર શયન કરો અને શય્યાને માથાની તરફ કાંઈક નિચે રાખવી. તે પછી અત્યંત શીતલ જળમાં ઘી તથા જેઠીમદ મેળવીને તેમાં રૂ બોળીને તે સ્ત્રીની યોનિમાં રાખવું. સો વાર તથા હજારવાંર ધોયેલા ઘીનો લેપ તેની નાભિની નીચે (પેડુપર) કરાવવો. ગાયનું શીતલ દૂધ જેઠીમદનો શીતલ ઉકાળો અથવા વડ આદિ દુધ-વાળા વૃક્ષોનો ઉકાળો તેની નાભિની નિચે છાંટવો અથવા શીતલ જળમાં તેને સ્નાન કરા-વવું, દુધવાળા વૃક્ષોનાં તથા પૂર્વોક્ત વડ વિગેરે દૂધવાળાં વૃક્ષોના રસમાં રૂ પલાળીને તેની યોનિમાં રાખવું, અથવા વડ આદિ રસવાળા વૃક્ષોના કવાથની સાથે પાક કરેલું ઘી તથા દૂધમાં રૂ પલાળીને તેની યોનિમાં રાખવું, અને તેજ ઘી તથા દૂધ તોલો તોલો લઈને તેને પાવું અથવા માત્ર સામાન્ય ઘી તથા દૂધ પાવું. ૫૦

पद्मोत्पलकुमुदकिञ्जल्कांश्चास्यैसमधुशर्करांल्लेहार्थंदद्यात् । शृङ्गाटक[illegible]ष्करबीज-कशेरुकान्भक्षणार्थम् । गन्[illegible]तोत्पलशालुकोदुम्बरशलाटुन्यग्रोधशुङ्गा-निवापाययेदेनामाजेनपयसा ॥ ५१ ॥

કમળ, કડ, (ઉપલેટ) અને કુમુદ (પોયણી) નું કેશર, મધ તથા સાકરમાં મેળવીને તેને ચટાડવું, સીંધોડાં, કમલગટ્ટા, તથા કશેરૂ તેને ખાવાને માટે આપવાં. ગંધ, કાંગ, નીલકમળ, કમળની જડ, ઉમરડાનાં કાચાં ફળ, તથા વડની કુંપળો બકરીના દૂધમાં મેળ-વીને તેને પાવું. ૫૧

पयसाचैनांबलातिबला[illegible]ष्टेक्षुमूलकाकोलीशृतेनसम[illegible]शर्करंरक्तशालीना-मोदनम्मृदु[illegible]शीतंभोजयेत् । लावकपिञ्जल[illegible]रङ्गशम्बरशशहरिणैणकाल[illegible]-करसेनवा [illegible]तसलिलसिद्धेन [illegible]स्थांभोजयेत् ॥ ५२ ॥

અથવા બલા, અતિબલા, શાળના ચોખા, સાઠીના ચોખા, શેરડીનું મૂળ, કાકોલી, એ સર્વની સાથે પકવેલા દુધમાં મદ, સાકર, તથા સુગંધિત લાલ ધાન્યો (લાલ ચોખા) નો શીતલ ભાત મેળવીને તેને ખવરાવવો. અથવા તેતર, કપિંજલ (પક્ષીની જાત) મૃગની શમ્બર (મૃગની જાત) ખરગોશ, હરણ, એણ (મૃગની જાત) તથા કાલ પુચ્છક, (મૃગની જાત) એઓના માંસને ઘી તથા જળની સાથે પાક કરીને તે માંસના શીતલ રસની સાથે તેને શીતલ તથા વાયુવાળા સ્થાનમાં બેસાડીને ભોજન કરાવવું. ૫૨

तथाक्रोधशोकायासव्यवायव्यायामतश्चाभिरक्षेत्सौम्याभिश्चैनांकथाभिर्मनोऽनुकूलाभिरुपासीततथास्यागर्भस्तिष्ठति ॥ ५३ ॥

અને ક્રોધ, શોક, પરિશ્રમ, મૈથુન તથા વ્યાયામને કરવા ન દેવો, અને મનોહર તથા સૌમ્ય કથા તેને સંભળાવવી. આ ઉપાયોથી તેનો ગર્ભ સ્થિત રહેછે. ૫૩

આમગર્ભમાં પુષ્પદર્શન.

यस्याः पुनरामान्वयात्पुष्पदर्शनंस्यात्प्रायस्तस्यास्तद्गर्भबाधकंभवतिविरुद्धोपक्रमत्वात्तयोः ॥ ५४ ॥

જે ગર્ભિણી સ્ત્રીને આમના સંબંધથી રજ વહે છે. તેને ઘણે ભાગે ગર્ભમાં વિઘ્ન હોય છે, કેમ કે આ બંનેની ચિકિત્સાનો ક્રમ પરસ્પર વિરૂદ્ધ છે. ૫૪

यस्याःपुनरुष्णतीक्ष्णोपयोगाद्गर्भिण्यामहतिसजातसारेगर्भेपुष्पदर्शनंस्यादन्योवायोनिमस्रावः । तस्यागर्भोवृद्धिनप्राप्नोतिनिःस्रुतत्वात्सकालान्तरमवतिष्ठतेऽतिमात्रंतमुपविष्टकमित्याचक्षतेकेचित् ॥ ५५ ॥

ગર્ભનો સ્થિર અંશ ઉત્પન્ન થઈ ગયા પછી જે ગર્ભિણી સ્ત્રીને તીક્ષ્ણ વસ્તુનું ભોજન કરવાને લીધે રજ વહેવા લાગે છે. અથવા અન્ય કોઇ પ્રકારનો સ્રાવ થવા લાગે છે. તેનો ગર્ભ રજ વહેવાને લીધે વધતો નથી, અને બહુજ વખત સુધી ઉદરમાંજ રહે છે. કોઇ કોઇ લોક તે ગર્ભને ઉપવિષ્ટક કહે છે. ૫૫

નાગોદર ગર્ભનાં લક્ષણ.

उपवासव्रतकर्मपरायाः पुनःकदाहारायाःस्नेहद्वेषिण्यावातप्रकोपनोक्तान्यासेवमानायागर्भोनवृद्धिंप्राप्नोतिपरिशुष्कत्वात् । सचापिकालमवतिष्ठतेऽतिमात्रंस्पन्दनश्चभवति । तन्तुनागोदरमित्याचक्षते ॥ ५६ ॥

જે ગર્ભિણી સ્ત્રી બહુજ ઉપવાસ તથા વ્રત કરે છે, ખરાબ ભોજન કરે છે, ઘી વિગેરે સ્નેહ પદાર્થો ભાવતા નથી, અને વાયુને કોપિત કરનારા પદાર્થોનું અધિક સેવન કરે છે. તેનો ગર્ભ સુકાઇ જવાને લીધે વધતો નથી, અને પેટમાં બહુજ વખત સુધી રહે છે, અને ઉદરમાં બહુજ ફર્યા કરે છે. તે ગર્ભને નાગોદર કહે છે. ૫૬

नार्योस्तयोरुभयोरपिचिकित्सितविशेषमुपदेक्ष्यामः ॥ ५७ ॥

ઉપવિષ્ટક તથા નાગોદર બંનેની ચિકિત્સા કહેવામાં આવે છે. ૫૭

भौतिकजीवनीयबृंहणीयमधुरवातहरसिद्धानांसर्पिषांप्रयोगः । नागोदरेतुयोनिव्यापदोक्तिष्टंपयसामामगर्भाणाञ्चगर्भवृद्धिकराणाञ्चसम्भोजनमेतैरेवसिद्धैश्चघृतादिभिःसुबुभुक्षायामभीक्ष्णंयानवाहनापमार्जनावजृम्भणैरुपपादयते ॥ ५८ ॥

જે સ્ત્રીનો ગર્ભ ઉપવિષ્ટક થઇ ગયો હોય તેને ભૌતિક ગણુ, જીવનીયગણુ, બૃંહણીયગણુ, મધુરગણુ તથા વાતનાશકગણુની ઔષધિયોની સાથે પકવેલું ઘી પાવું જોઇએ. જે ગર્ભિણી સ્ત્રીનો ગર્ભ નાગોદર થઇ ગયો હોય તે સ્ત્રીની ચિકિત્સા યોનિ રોગોમાં જેવી કહેલી છે તેવી રીતે કરવી જોઇએ. અને ગર્ભની વૃદ્ધિને માટે તથા આમ ગર્ભની પુષ્ટતાને માટે જે પ્રકારનું દુધ પીવાને લખ્યું છે તે પાવું જોઇએ, અને ગર્ભની વૃદ્ધિ કરનારી જે વસ્તુ છે તેની સાથે પકવેલા ઘીની સાથે ભૂખ લાગે ત્યારે ભોજન કરાવવું જોઇએ, અને રથ વિગેરેની સવારી ઉપર બેસાડવી તથા ઝુલાપર બેસાડવી જોઇએ, અને સ્નાન કરાવવું તથા ઉત્તમ વાતોને સંભળાવવી જોઇએ. ૫૮.

પ્રસુપ્ત ગર્ભમાં ચિકિત્સા.

यस्याःपुनर्गर्भःप्रसुप्तोनस्पन्दतेतांश्येनमत्स्यगवयतित्तिरताम्रचूडशिखिनामन्यतमस्यसर्पिष्मतारसेनमाषयूषेणवाप्रभूतसर्पिषामूलकयुषेणवारक्तशालीनामोदनंमृदुमधुरशीतंभोजयेत् । तैलाभ्यंगेनास्याश्चाभीक्ष्णमुदरवंक्षणोरुकटिपार्श्वपृष्ठप्रदेशानीषदुष्णेनोपाचरेत् ॥ ५९ ॥

જે ગર્ભિણી સ્ત્રીનો ગર્ભ હાલડોલા ન થતો હોય તેને બાજ, માછલી, રોઝ, તેતર, મરઘ, તથા મોર એઓના માંસને ઘીની સાથે અડદની દાળની સાથે અથવા બહુજ ઘી વાળા તથા મૂળાના યૂષ (કાંજી) ની સાથે લાલ ચોખાનો શીતલ ભાત ખવરાવવો અને તેના પેટપર જાંગના સાંધા પર, જાંગપર, કેઢ, પાંસળીયો તથા પીઠમાં કાંઇક ગરમ તેલ મસળાવવું. ૫૯.

ઉદાવર્ત્તરૂદ્ધ ગર્ભની ચિકિત્સા.

यस्याःपुनरुदावर्त्तविबन्धःस्यादष्टमेमासेनचानुवासनसाध्यंमन्यतेततस्तस्यास्तद्विकारप्रशमनमुपकल्पयेन्निरूहमुदावर्तोह्युपेक्षितः सगर्भंसगर्भांगर्भिणींवानिपातयेत् ॥ ६० ॥

જો ગર્ભિણી સ્ત્રીને આઠમાસમાં ઉદાવર્તથી વિબંધ (મળ મૂત્રનું રોકાઈ જવું) થાય અને અનુવાસન (એક તરેહનો અમલ) થી શાંત ન થઇ શકે તો તેને નિરૂહબસ્તિ (એક તરેહનો અમલ) આપવી જોઇએ, કેમકે ઉદાવર્તની ચિકિત્સા ન કરવાથી ગર્ભનો અથવા ગર્ભ સહિત ગર્ભિણીનો નાશ થઇ જાય છે. ૬૦.

तत्रवीरणशालिषष्टिककुशकाशेक्षुवालिकावेतसपरिव्याधमूलानांभूतीकानन्ताकाश्मर्य्यपरूषकमधुकमृद्वीकानाञ्चपयसार्द्धोदकेनोद्गमय्यरसंप्रियालबिभीतकमज्जातिलकल्कसम्प्रयुक्तमीषल्लवणमनत्युष्णंनिरूहंदद्यात् ॥ ६१ ॥

એવા રોગમાં વીરણવાળો, શાળના ચોખા, સાઠી ચોખા, ડાભ, કાશ, એખરો, નેતર તથા પીળીકણેરનું મૂળ અને રોહિસો, જવાસો, સીવણુ, ફાલસાં, જેઠીમદ, કાળી દ્રાક્ષ,

એ સર્વમાં અર્ધું પાણી મેળવીને દુધમાં ઘુંટીને રસ કહાડીને તે રસમાં ચારોળી, બહેડાની મીંજો, તથા તલની ચટણી મેળવીને કાંઈક મીઠું નાંખીને ગરમ ગરમ નિરૂહબસ્તિ આપવી. ૬૧.

व्यपगतविबन्धाश्चैनांसुखसलिलपरिषिक्तांगींस्थैर्यकरमविदाहिनमाहारंभुक्तवतींसायंमधुरकसिद्धेनतैलेनानुवासयेन्न्युब्जान्त्वेनामास्थापनानुवासनाभ्यामुपचरेत् ॥ ६२ ॥

તે પછી વિબંધ મટી ગયા પછી તે સ્ત્રીના અંગોપર કાંઇક ગરમ જળ છાંટીને અથવા ગર્ભને સ્થિત કરનાર વિદાહ રહિત (આફરો ન કરનાર) ભોજન કરાવીને સાંજની વખતે મધુરગણુની સાથે પકાવેલા તેલ વડે અનુવાસન બસ્તિ આપવી. સ્ત્રીને ઉંધી સુવાડીને આસ્થાપન તથા અનુવાસન બસ્તિ આપવી જોઇએ. ૬૨.

મૃત ગર્ભનું લક્ષણ.

यस्याःपुनरतिमात्रदोषोपचयाद्वातीक्ष्णोष्णातिमात्रसेवनाद्वातमूत्रपुरीषवेगधारणैर्वाविषमाशनशयनस्थानसंपीडनैर्वाक्रोधशोकेर्ष्यासूयाभयत्रासादिभिर्वापरैःकर्मभिरन्तःकुक्षौगर्भोम्रियते । तस्याःस्तिमितस्तब्धमुदरमाततंशीतमश्मान्तर्गतमिवभवत्यस्पन्दनोगर्भःशूलमधिकमुपजायतेनचाव्यःप्रादुर्भवन्तियोनिर्नप्रस्रवत्यक्षिणीचास्याःस्रस्तेभवतःताम्यतिव्यथतभ्रमतेश्वसित्यरतिबहुलाचभवतिनचास्यावेगप्रादुर्भावोवायथावदुपलभ्यतेइत्येवंलक्षणांस्त्रियंमृतगर्भेयमितिविद्यात् ॥ ६३ ॥

દોષોની બહુજ વૃદ્ધિથી અથવા બહુજ તીક્ષ્ણુ તથા ગરમ વસ્તુઓના બહુજ ભોજનથી અથવા વાયુ, મૂત્ર તથા મળના વેગને રોકવાથી, વિષમ ભોજનથી, વિષમશયનથી, વિષમ સ્થિતિથી, દબાવાથી, અથવા ક્રોધ, શોક, ઈર્ષ્યા, અસૂયા, ગુણોમાં દોષ જોવા, ભય તથા ત્રાસ વિગેરેથી અથવા અન્ય કોઇ પ્રકારના કાર્યથી જે સ્ત્રીનો ગર્ભ દુખમાં મરી જાય છે, તેનું ઉદર ભીના કપડાથી ઢાંકેલા જેવું, જકડાયેલા જેવું, ફુલેલું, શીતલ તથા પત્થરથી ભરેલા જેવું થઇ જાય છે, અને ચલાયમાન થતું નથી. પેટમાં બહુજ પીડા થાય છે. પ્રસવના સમય જેવી પીડા થતી નથી, યોનિમાંથી કોઈ પ્રકારનો સ્રાવ થતો નથી, નેત્ર શિથિલ થઈ જાય છે, અને ગર્ભિણી, મ્લાન, વ્યાધિત, ભ્રમવાળી તથા બેચેન થઇને બહુજ શ્વાસ લે છે, અને મળમૂત્રાદિકોનો યથાવત વેગ આવતો નથી જે સ્ત્રીનાં એવાં લક્ષણુ હોય તેના ગર્ભને મરેલો જાણુવો જોઇએ. ૬૩.

મૃત ગર્ભમાં ઉપાય.

तस्यगर्भशल्यस्यजरायुप्रपातनेकर्मसंशमनमित्याहुरेके । मन्त्रादिकमथर्ववेदविहितमित्येके । परिदृष्टकर्मणाशल्यहर्त्राहरणमित्येके ॥ ६४ ॥

કોઇ કોઇનો આ મત છે કે તે ગર્ભની ઓળને બહાર કાઢી નાંખવાથીજ શાંતિ થાય છે. કોઇ કોઇનો એવો મત છે કે, અથર્વ વેદોક્ત મંત્રાદિકોની દ્વારા ગર્ભ બહાર ગરી પડે છે અને પીડાની શાંતિ થઇ જાય છે. અને કોઇ કોઈનો આ મત છે કે દષ્ટકર્મા. શસ્ત્રકર્મને જાણુનાર વૈદ્યની દ્વારા શસ્ત્રથી તે ગર્ભ બહાર કઢાવી નાંખવો જોઇએ. ૬૪

व्यपगतगर्भशल्यान्तुस्त्रियमामगर्भांस्तुराशीध्वरिष्टमधुमदिरासवानामन्यतममग्रेसामर्थ्यतःपाययेत् गर्भकोष्टविशुद्ध्यर्थमर्तिविस्मरणार्थमहर्षणार्थञ्च ॥ ६५ ॥

ગર્ભના નીકળી ગયા પછી ગર્ભના કોઠાને શુદ્ધ કરવાને માટે, પીડાને મટાડવાને માટે તથા પ્રસન્નતાને માટે તે સ્ત્રીને શક્તિઅનુસાર દારૂ, સીધુ (મદ્યની જાત) અરિષ્ટ, મધુ, મદિરા તથા આસવ, તેમાંથી કોઇ પણ એક વસ્તુ પાવી જોઇએ. ૬૫

अतःपरंबृंहणैर्बलानुरक्षिभिःस्नेहसम्प्रयुक्तैर्यवाग्वादिभिर्विलेप्यादिभिर्वातत्कालयोगिभिराहारैरुपाचरेद्दोषधातुक्लेदविशोषणमात्रंतत्कालम् ॥ ६६ ॥

તે પછી દોષ તથા ધાતુઓના કલેદના સુકાતા સુધી ધાતુ વર્દ્ધક, બળ આપનાર તથા સ્નેહવાળી યવાગૂ (કાંજી) વિગેરે અથવા વિલેપી વિગેરે તે વખતને યોગ્ય ભોજન તે સ્ત્રીને આપવું જોઇએ. ૬૬

अतःपरंस्नेहपानैर्बस्तिभिराहारविधिभिश्चदीपनीयजीवनीयबृंहणीयमधुरवातहरसमाख्यातैरुपचारैरुपाचरेत् ॥ ६७ ॥

તે પછી સ્નેહપાન, બસ્તિક્રિયા (અમલ આપવો) અને જીવનીય, બૃંહણીય, દીપન, મધુર તથા વાતનાશક ઉપચારો વડે ચિકિત્સા કરવી. ૬૭

परिपक्वगर्भशल्यायाःपुनर्विमुक्तगर्भशल्यायास्तदहरेवस्नेहोपचारःस्यात् ॥ ६८ ॥

જે સ્ત્રીનો ગર્ભ પરિપૂર્ણ થઇને મરી જાય તેના ગર્ભને બહાર કઢાવી તેજ દિવસે સ્નેહ પાન કરાવવું. ૬૮

परमतोनिर्विकारमाप्यायमानस्यगर्भस्यमासेमासेकर्मोपदेक्ष्यामः ॥ ६९ ॥

તે ઉપરાંત નિર્વિકાર થઇને ગર્ભ વધે તેને માટે દર મહિને જે કૃત્ય કરવાં જોઇએ તે કહેવામાં આવે છે. ૬૯

ગર્ભની માસ પરત્વે રક્ષણ વિધિ.

प्रथमेमासेशङ्किताचेद्गर्भमापन्नाक्षीरमनुपस्कृतंमात्रावच्छीतंकालेपिबेत्सात्म्यञ्चभोजनंसायंप्रातश्चभुञ्जीत ॥ ७० ॥

પ્રથમ મહીનામાં જો ગર્ભ સ્થિર થવાનો સંદેહ જણાય તો ગર્ભિણીએ કોઇ ઔષધની સાથે નહીં પકવેલું શીતલ દૂધ યોગ્ય પ્રમાણસર વખતસર પીવું અને સાયંકાલ તથા પ્રાતઃકાલે સાત્મ્ય ભોજન કરવું. ૭૦

द्वितीयेमासेक्षीरमेवचमधुरौषधसिद्धम् । तृतीयेमासेक्षीरंमधुसर्पिर्भ्यामुपसंसृज्य । चतुर्थेमासेतुक्षीरनवनीतमक्षमात्रमश्नीयात् । पञ्चमेमासेक्षीरसर्पिः। षष्ठेमासेक्षीरसर्पिर्मधुरौषधसिद्धंतदेवसप्तमेमासे ॥ ७१ ॥

બીજા મહીનામાં મધુર ઔષધિઓની સાથે પકાવેલું દૂધ પાવું, ત્રીજા મહીનામાં મધ તથા ઘી મેળવીને દૂધ પાવું, ચોથા મહીનામાં દૂધમાંથી કહાડેલું માંખણ એક તોલા ભાર ખાવું, પાંચમા મહિનામાં દૂધ, ઘી મેળવીને પાવું, અને છઠા તથા સાતમા મહીનામાં મધુર દવાઓની સાથે પકાવેલું ઘી તથા દૂધ પાવું. ૭૧

સાતમાં માસમાં બીજો ઉપચાર.

तत्रगर्भस्यके जायमानामातुर्विदाहंजनयन्तीतिस्त्रियोभाषन्ते तन्नेतिभगवानात्रेयः । किन्तुगर्भोत्पीडनाद्वातपित्तश्लेष्माणउरः प्राप्यविदहन्तिततःकण्डूरुपजायते कण्डूमूलाचकिकाशावाप्तिर्भवतितत्रकोलोदकेननवनीतस्यमधुरौषधसिद्धस्यपाणितलमात्रंकालेऽस्यदद्यात् । चन्दनमृणालकल्कैश्चास्याःस्तनोदरंविमृद्नीयात् । शिरीषधातकीसर्षपमधुकचूर्णैः जार्जकवा।जम्बुस्तहरिद्राकल्कैर्वानिम्बकोलसुरसमञ्जिष्ठाकल्कैर्वा । पृषद्धरिणशशरुधिरयुतयात्रिफलयावाकरवीरकपत्रसिद्धेनवातैलेनाभ्यङ्गः । परिषेकः पुनर्मालतीमधुकसिद्धेनाम्भसाजातकण्डूयाचकण्डूयनं जयेत्त्वग्भेदनवैरूप्यपरिहारार्थमशक्यायान्तु कण्ड्वामुन्मर्दनोद्घर्षणाभ्यांपरिहारःस्यात् । मधुरमाहारजातं वातहरमल्पमल्पस्नेहलवणमल्पोदकानुपानञ्चभुञ्जत ॥७२॥

સ્ત્રિયો કહે છે કે, સાતમા મહીનામાં ગર્ભના કેશ ઉત્પન્ન થઇને માતાના ઉદરમાં દાહ ઉત્પન્ન કરે છે, પરંતુ, ભગવાન્ આત્રેયજી કહે છે કે આ બરોબર નથી. તેનો મત એ છે કે, ગર્ભથી દબાયલા વાત, પિત્ત તથા કફ હૃદયમાં પ્રાપ્ત થઇને વિદાહને ઉત્પન્ન કરે છે. વિદાહથી ખુજલી ઉત્પન્ન થાય છે, અને ખુજલીથી ચામડી ફાટવા લાગે છે, એવી દશામાં મધુર, ઔષધિઓની સાથે પકવેલું માંખણ બોરના કાઢામાં મેળવીને ગર્ભિણીને સમયસર અંજલી પ્રમાણથી પાવું. સુખટ તથા કમલની ડાંડીનો કલ્ક (ચટણી) ગર્ભિણી સ્ત્રીના સ્તનોની વચમાં ચોપડવો, અથવા સરસની છાલ ધાવડી, સરસવ, તથા જેઠીમદનું ચુર્ણ, તથા કડો, રામ તુળસીનાં બીજ, મોથ તથા હળદરનો કલ્ક, અથવા લીંબડો, બોરડી, રાસના તથા મજીઠનો કલ્ક, અથવા પૃષત હરિણ (મૃગની જાત) તથા ખરગોશના લોહિની સાથે વાટેલી ત્રિફળા, અથવા કરેણના પાનોથી સિદ્ધ કરેલા તેલથી માલિશ કરવું અને માલતી અથવા જેઠીમદ વડે સિદ્ધ કરેલું જળ છાંટીને જો ખુજલી હોય તો ગર્ભિણીને વલુળવા ન દેવું, કેમકે વલુળવાથી ચામડી ફાટી જાય છે અને જો અસહ્ય ખુજલી હોય તો માલિશ કરીને અથવા ઘર્ષણ કરીને ખુજલીને મટાડવું અને તેને વાત નાશક, મધુર, ભોજન કરાવવું, ભોજનમાં મીઠું તથા સ્નેહ ઓછું આપવું, અને ભોજન પછી જળ બહુજ ઓછું પાવું. ૭૨

આઠમા માસમાં ગર્ભ રક્ષણની વિધિ.

अष्ठमेतुमासेक्षीरयवागूंसर्पिष्मतींकालेकालेपिबेत् । तन्नेतिभद्रकाप्यः, पैङ्गल्याबाधोह्यस्यागर्भमागच्छेदिति । अस्त्वत्रपैङ्गल्याबाधइत्याहभगवान्पुनर्वसुरात्रेयोनत्वेतदकार्य्यमेवंकुर्वतीह्यारोग्यबलवर्णस्वरसंहननसम्पदुपेतंज्ञातीनामपिश्रेष्ठमपत्यंजनयति ॥ ७३ ॥

આઠમા માસમાં ગર્ભિણીને દુધમાં પકવેલી યવાગૂ (કાંજી)માં ઘી મેળવીને વખતે વખતે પાવી. ભદ્રકાપ્ય રૂષિનો એ મત છે કે, આઠમા માસમાં દૂધની યવાગૂ (કાંજી) પાવી

ન જોઇએ. કેમકે તેથી ગર્ભસ્થ જીવ પીંગળ વર્ણનું થઈ જાય છે. પરંતું ભગવાન આત્રેયજી કહે છે કે પીંગળ વર્ણ થાય તો થાય તથાપિ દૂધની કાંજી તો અવશ્ય પાવીજ જોઈએ. કેમકે આઠમા માસમાં દૂધની કાંજી પાવાથી આરોગ્ય, બળ, વર્ણ, સ્વર તથા સંહનનની ઉત્તમતાવાળું અને જ્ઞાતિમાં શ્રેષ્ટ સંતાન ઉત્પન્ન થાય છે. ૭૩.

નવમા મહિનામાં રક્ષણ વિધિ.

नवमेतुखल्लुएनांमासेमधुरौषधसिद्धेनतैलेनानुवासयेत् । अतश्चास्यास्तैलंपिचमिश्रंयोनौप्रणयेद्गर्भस्थानमार्गस्नेहनार्थम् ॥ ७४ ॥

નવમા મહીનામાં ગર્ભિણીને મધુર ગણની ઔષધિયોની સાથે પકવેલા તેલ વડે અનુવાસન બસ્તિ આપી અને તે પછી ગર્ભનો માર્ગ ચિકણો કરવાને માટે તેલમાં રૂ બોળીને તેની યોનિમાં રાખવું. ૭૪.

यदिदंकर्मप्रथममासमुपादायोपदिष्टमानवमान्मासात् । तेन गर्भिण्यागर्भसमयेगर्भधारणेकुक्षिकटिपार्श्वपृष्ठंमृदुभवतिवातश्चानुलोमः सम्पद्यतेमूत्रपुरीषेचप्रकृतिभूतेसुखेनमार्गमनुपद्येतचर्मनखानिचमार्दवमुपयान्तिबलवर्णौचोपचीयेतेपुत्रंचेष्टसम्पदुपेतंसुखिनंसुखेनैषाकालेनप्रजायतइति ॥ ७५ ॥

પ્રથમ માસથી નવ માસ સુધીમાં જે ગર્ભિણીનાં કર્મ કહેવામાં આવ્યાં તે વડે ગર્ભ ધારણ કરવાના સમયમાં ગર્ભિણીની કુખ, કેડ, પાંસળી, તથા પીઠ કોમળ થાય છે. વાયુ અનુલોમ (માર્ગાનુંસાર) થાય છે, મૂત્ર તથા મળ પ્રકૃતિસ્થ થઇને સુખ પૂર્વક પોતાના માર્ગમાં આવી જાય છે. ચામડી તથા નખોમાં કોમળતા આવે છે. બળ તથા વર્ણની વૃદ્ધિ થાય છે, અને યોગ્ય સમયે સુખ પૂર્વક શ્રેષ્ટ સંતાન ઉત્પન્ન થાય છે. ૭૫.

સૂતિકા ગૃહની વિધિ.

प्राक्चैवास्यानवमान्मासात्सूतिकागारंकारयेदपहृतास्थिशर्कराकपालंदेशंप्रशस्तरूपरसगन्धायांभूमौप्राग्द्वारमुदग्द्वारंवा ॥ ७६ ॥

નવમા માસની પહેલાંજ શ્રેષ્ટ રૂપ, રસ તથા ગંધવાળી પૃથ્વીમાં સૂતિકા ગૃહ બનાવવું તેમાંથી ધુળ, કાંકરા તથા ઝાંખરાં સાફ કરાવી નાંખવા અને સૂતિકા ગૃહનું દ્વાર પૂર્વની તરફ અથવા ઉત્તરની તરફ રાખવું. ૭૬.

तत्रबैल्वानांकाष्ठानांतिन्दुकैंगुदानांभल्लातकानांवारुणानांखदिराणांवा यानिचान्यान्यपिब्राह्मणाः शंसेयुरथर्ववेदविदस्तद्वसनालेपनाच्छादनापिधानसम्पदुपेतंवास्तुविद्यात् । हृदययोगेनाग्निसलिलोलूखलवर्चः स्थानस्नानभूमिमहानसमृतुसुखश्च ॥ ७७ ॥

તે સ્થાનનાં કમાડ વિગેર બિલ્લી, તેંદુ, ગુંદી, ભિલામાં, વરણો ખેર અથવા જે વૃક્ષ અથર્વ વેદના જાણનારા બ્રાહ્મણો બતાવે તેની મારફતે વસ્ત્ર, લેપન, બિછાનાં અને ઓઢવાના કપડાં વિગેરેને ઘરમાં રાખવાં જોઈએ, અને વિચાર પૂર્વક અગ્નિનું સ્થાન,

પાણીની જગ્યા, ખાંડવાનું સ્થાન, જાજરૂ, સ્નાન કરવાનું સ્થાન, રસોઈનું સ્થાન, રૂતુને અ-નુસાર બનાવવાં જોઇએ. ૭૭.

સૂતિકાગૃહનો સામાન.

तत्र सर्पिस्तैलमधुसैन्धवसौवर्चलकाललवणविडङ्गगुडकुष्ठकिलिमनागरपिप्पलीमूलहस्तिपिप्पलीमण्डूकपर्ण्येलालाङ्गलीवचाचव्यचित्रकचिरबिल्वहिंगुसर्षपलशुनकणकणिकानीपातसीबल्वजभूर्जाः कुलत्थमैरेयसुरासवाः सन्निहिताःस्युः ॥७८॥

ઘી, તેલ, મધ, સીંધાલુણ, સંચળ, કાળું મીઠું, વાવડીંગ, ગોળ, કડો, દેવદાર, સુંઠ, પિંપરીમૂળ, ગજપીંપર, મજીઠ, ઇલાયચી, કઉચાં, વજ, ચવક, ચિત્રક, કરંજ, હીંગ, સરસવ, લસણ, ચોખાના દાણા, અળસી, કદમ્બ, પદકા, ભોજપત્ર, કળશી, મૈરેય, (મદ્યની જાત) સુરા તથા આસવ આ સર્વ વસ્તુ ગૃહમાં રાખવી જોઇએ. ૭૮.

तथाश्मानौद्वौद्वेचण्डमुसलेद्वेउलूखलेखरोवृषभश्चद्वौचतीक्ष्णौसूचीपिप्पलकौसौवर्णराजतौद्वेशस्त्राणिचतीक्ष्णायसानिद्वौचबिल्वमयौपर्य्यङ्कौतैन्दुकैंगुदानिचकाष्ठानिअग्निसन्धुक्षणानिस्त्रियश्चबह्व्योबहुशः प्रजाताःसौहार्दयुक्ताःसततमनुरक्ताःप्रदक्षिणाचाराःप्रतिपत्तिकुशलाः प्रकृतिवत्सलास्त्यक्तविषादाःक्लेशसहिष्णवोऽभिमताब्राह्मणाश्चाथर्ववेदविदोयच्चान्यदपितत्रसमर्थं मन्येतयच्चब्राह्मणाब्रूयुःस्त्रियश्चवृद्धास्तत्कार्य्यम् ॥ ७९ ॥

તેમજ બે પથ્થર, બે મૂશળ, બે ખાંયણીયા, એક ગધેડું, એક બળદ, બે ઝીણી સોયો, સોના તથા ચાંદીની બે તીક્ષ્ણ ગોળી, લોઢાનું તીક્ષ્ણ શસ્ત્ર, બિલીના લાકડાના બનાવેલા બે પલંગ, અગ્નિ સળગાવવાને માટે તેંદુ તથા ગુંદીનાં લાકડાં, અનેક વખત બાળકને જ-ણાવનાર (દાયણ) સુહૃદ, અનુરક્ત, સુંદર, આચરણવાળી પ્રતિપત્તિ (જે વખતે જે કરવું જોઇએ તે) માં પ્રવીણ, સ્વભાવથીજ સ્નેહાળ, વિષાદ રહિત, કલેશ સહેવામાં સમર્થ તથા પ્રિય એવી ઘણી સ્ત્રિયો, અને અથર્વ વેદના જાણનારા બ્રાહ્મણ આ સર્વ સૂતિકા ગૃહમાં એકઠા કરવા જોઇએ, અને તેના સિવાય અન્ય જે ઉપયોગી વસ્તુ બ્રાહ્મણ તથા વૃદ્ધ સ્ત્રી બતાવે તે પણ એકઠી કરવી જોઇએ. ૭૯.

ततःप्रवृत्तेनवमेमासिपुण्येऽहनिप्रशस्तनक्षत्रयोगमुपगतेभगवतिशशिनिकल्याणेकरणेमैत्रेमुहूर्तेशान्तिंहुत्वागोब्राह्मणमग्निमुदकञ्चादौप्रवेश्यगोभ्यस्तृणोदकंमधुलाजांश्चप्रदायब्राह्मणेभ्योऽक्षतान्सुमनसोनान्दीमुखानिचफलानीष्टानिदत्त्वाउदकपूर्वमासनस्थेभ्योऽभिवाद्यपुनराचम्यस्वस्तिवाचयेत्ततःपुण्याहशब्देनगोब्राह्मणमन्वावर्त्तमानाप्रविशेत्सूतिकागारम् । तत्रस्थाचप्रसवकालंप्रतीक्षेत ॥ ८० ॥

તે પછી નવમો મહીનો બેસતાં ગર્ભિણી સ્ત્રીએ પવિત્ર દિવસે, શુભ નક્ષત્રમાં, શ્રેષ્ટ યોગ, કરણ અને ચંદ્રમામાં તથા મૈત્ર મુહુર્ત્તમાં (ચાર ઘડી દિવસ ચઢે ત્યાંથી ૭ ઘડી દિવસ સુધી) શાંતિ કર્મ કરીને, ગાય, બ્રાહ્મણ, અગ્નિ, તથા જળને પ્રથમ સૂતિકા ગૃહમાં

મોકલીને ગાયોનું ઘાસ, જળ, મદ, તથા ધાન્યની ખીર આપીને, બ્રાહ્મણોને અક્ષત, પુષ્પ, તથા મંગળ સૂચક પ્રિય ફળ આપીને, બ્રાહ્મણોને ઉત્તર અથવા પૂર્વ મુખના આસનપર બેસાડીને તેને પ્રણામ કરીને, આચમન કરીને સ્વસ્તિ વાચન કરાવવું. તે પછી પુણ્યાહ વાચન કરાવતાં કરાવતાં ગાયો તથા બ્રાહ્મણોની પાછળ પાછળ સૂતિકાગૃહમાં જવું અને સૂતિકાગૃહમાં જઇને પ્રસવના સમયની પ્રતીક્ષા (રાહ જોયા) કરવી. ૮૦

પ્રસવકાળનાં ચિન્હ.

तस्याः खल्विमानि लिङ्गानि प्रजननकालमभितो भवन्ति तद्यथा क्लमो गात्राणां ग्लानिराननस्य अक्ष्णोः शैथिल्यं विमुक्तबन्धनत्वमिव वक्षसः कुक्षेरवस्रंसनमधोगुरुत्वं वंक्षणबस्तिकटिपार्श्वपृष्ठनिस्तोदो योनेः प्रस[्रव]णमनन्नाभिलाषश्चेति । ततोऽनन्तरमावीनां प्रादुर्भावः प्रसेकश्च गर्भोदकस्य ॥ ८१ ॥

જ્યારે પ્રસવ થવાનો સમય નજીક હોય છે, ત્યારે ગર્ભિણીને આ લક્ષણ થાય છે. જેમ અંગોની શિથિલતા, મુખનું મ્લાન થવું, નેત્રોનું શિથિલ થવું, છાતિયોનું ઢીલું પડવું, દુખનું ઢીલું થવું, શરીરની નીચેના ભાગનું ભારે થવું, વંક્ષણ (જાંગનો સાંધો) બસ્તિ, કેડ, પાંસળી, તથા પીઠમાં સોયો ઘોંચાવા જેવી પીડા થવી, યોનિનું વહેવું, તથા અન્નમાં અનિચ્છા. આ લક્ષણો ઉપરાંત, પ્રસવની પીડા ઉત્પન્ન થાય છે, અને ગર્ભમાં જળ હોય છે, તે વહેવા લાગે છે. ૮૧

પ્રસવ વેદનામાં કર્તવ્યકર્મ.

आवीप्रादुर्भावे तु भूमौ शयनं विदध्यान्मृद्वास्तर[णोपप]न्नं तदध्यासीनां तां ततः समन्ततः परिवार्य्य यथोक्तगुणाः स्त्रियः पर्य्यु[पासीर]न्नाश्वासयन्त्यो वाग्भिर्ग्राहिणीभिरुपदिष्टवदर्थाभिधायिनीभिः ॥ ८२ ॥

જ્યારે પ્રસવની પીડા ઉત્પન્ન થાય ત્યારે પૃથ્વીમાં કોમળ બિછાનાપર ગર્ભિણીએ સુવું. તે વખતે પૂર્વોક્ત ગુણવાળી સ્ત્રીયોએ તેને ચારે તરફથી ઘેરીને ઉપદેશવાળા મધુર વચનોથી સમજાવતા રહેવું. ૮૨.

सा चेदावीभिः संक्लिश्यमाना न प्रजायेत अथैनां ब्रूयादुत्तिष्ठ मुसलमन्यतरं च गृहीत्वाऽनेन [धान्यपूर्णमु]लूखलं धान्यपूर्णं मुहुर्मुहुरभिजहि मुहुर्मुहुरवजृम्भस्व चंक्रमस्व चान्तरान्तरा इत्येवमुपदिशन्त्येके ॥ ८३ ॥

જો પ્રસવ વેદનાઓથી અત્યંત કલેશ થાય અને સંતાનનો જન્મ ન થાય તો તે ગર્ભિણીને કહેવું કે ઉઠો, એક સાંબેલું લઇને ખાંયણીયામાં ભરેલા અનાજને ખાંડો અને સાંબેલું ઉંચું કરી કરીને ખાંયણીયાની ઉપર ખાંડો. આવો કોઇ કોઇ આચાર્યનો મત છે. ૮૩.

આત્રેયજીનો મત.

तन्नेत्याह [भगवानात्रेयः] । दारुणव्यायामवर्जनं हि गर्भिण्याः सततमुपदिश्यते । विशेषतश्च प्रजननकाले [प्रचलितसर्व]धातुदोषायाः सुकुमार्य्या नार्य्या मुसलव्यायाम-

समीरितोवायुरन्तरंलब्ध्वाप्राणान्हिंस्याद्दुष्प्रतीकारतमाहितस्मिन्काले हि दोषेणभवतिगर्भिणी । तस्मान्मुसलग्रहणंपरिहार्य्यं मन्यन्तेजम्भणञ्चंक्रमणञ्चपुनरनुष्ठेयमिति ॥ ८४ ॥

પરંતુ ભગવાન્ આત્રેયજી કહે છે કે એ બરોબર નથી. કેમકે ગર્ભિણી સ્ત્રીને કઠિન વ્યાયામ (કસરત) હંમેશાં વર્જીત છે, અને પ્રસવના સમયમાં તો વિશેષે કરીને વર્જીતજ છે. પ્રસવ વખતે સંપૂર્ણ દોષ તથા ધાતુ ચલાયમાન થાય છે, એથી તે વખતે જો સુકુમાર સ્ત્રી સાંબેલું લઇને અનાજ ખાંડે તો કોપિત થએલ વાયુ તક આવેલી જાણીને ગર્ભિણીના પ્રાણોને નષ્ટ કરી દેછે. કેમકે તે વખતે ગર્ભિણી જો કોઇ રોગથી ગ્રસિત હોયતો તેની ચિકિત્સા કરવી બહુજ કઠિન થઇ જાય છે. એથી રૂષિ લોક ગર્ભિણી સ્ત્રીએ સાંબેલું લેવું એને વર્જીત કહે છે. પરંતું હરવું ફરવું એ યોગ્ય છે. ૮૪.

પ્રસવ વખતે ઔષધ.

अथास्यैदद्यात्कुष्ठैलालाङ्गलिकीवचाचित्रकचिरबिल्वचूर्णमुपघ्रातुंसातन्मुहुर्मुहुरुपजिघ्रेत् । तथाभूर्जपत्रधूमंशिंशपासारधूमंतस्याश्चान्तरान्तरा । कटिपार्श्वपृष्ठसक्थिदेशादीषदुष्णेनतैलेनाभ्यज्यानुसुखमवमृद्गीयादित्यनेनतुकर्मणागर्भोऽवाक्प्रतिपाद्यते । सयदाजानीयाद्विमुच्यहृदयमुदरमस्यास्त्वाविशतिबस्तिशिरोऽवगृह्णातित्वरयन्तिएनामाव्यःपरिवर्त्ततेअस्याअवाग्गर्भइत्यस्यामवस्थायांपर्य्यङ्कमेनामारोप्यप्रवाहितमुपक्रमेतकर्णेचास्यामन्त्रमिममनुकूलास्त्रीजपेत् ॥ ८५ ॥

તે પછી ગર્ભિણીને સુંઘવાને માટે કુષ્ટ, (ઉપલેટ) ઈલાયચી, રતવેલીયાં, વજ, ચિત્રક, તથા કરંજ એનું ચુર્ણ આપવું અને ગર્ભિણીએ તેને વારંવાર સુંઘવું. વચમાં વચમાં ભોજપત્ર તથા શીશમની ધુણી, સુંઘતા જવું. તે પછી તેની કેડ, પાંસળી, પીઠ, તથા જાંગોમાં કાંઈક ગરમ તેલ નિચેની તરફથી મસળવું. આ પ્રકારે કરવાથી ગર્ભ અધોમુખ અર્થાત ઉલટો થઇ જાય છે. જ્યારે એમ જણાય કે ગર્ભ હૃદયને છોડીને પેટમાં પ્રવેશ કરીને, બસ્તિના ઉપરના ભાગમાં આવી ગયો છે, પ્રસવની પીડા બહુજ થવા લાગી છે, અને ગર્ભનું મુખ નીચેની બાજુ આવી ગયું છે, ત્યારે તેને પલંગપર સુવાડીને તેને કહેવું કે પ્રસવ થવાને માટે બળ કરો. (કરાંજવું) અને તેના કાનમાં કોઇ યોગ્ય સ્ત્રીએ આ મંત્ર (શ્લોક ૮૬–૮૭ માં લખેલો મંત્ર) સંભળાવવો. ૮૫

પ્રસવ વખતે કહેવાનો મંત્ર.

क्षितिर्जलंवियत्तेजोवायुर्विष्णुःप्रजापतिः । सगर्भात्वांसदापान्तुवैशल्यञ्चदिशन्तुते ॥ ८६ ॥ प्रसुवत्वमविक्लिष्टमविक्लिष्टाशुभानने ! कार्तिकेयद्युतिंपुत्रकार्तिकेयाभिरक्षितमिति) ॥ ८७ ॥

(મંત્રનો અર્થ.) પૃથ્વી, જળ, આકાશ, તેજ, વાયુ, વિષ્ણુ, અને પ્રજાપતિ હે ગર્ભવતી સ્ત્રી! આ તમારી રક્ષા કરે છે. અને તે તમને ગર્ભમાં કોઇ પ્રકારનો ઉપદ્રવ નહીં થવા

દે. હે શુભાનને! તું કલેશ રહિત પુત્રને ઉત્પન્ન કર તથા સ્વામી કાર્તિકના સમાન કાંતિવાળા અને સ્વામી કાર્તિકથી અભિરક્ષીત પુત્રને પ્રકટ કર. ૮૬-૮૭.

તાશ્ચૈનાંયથોક્તગુણાઃસ્ત્રિયોઽનુશિષ્યુરનાગતાવીર્માપ્રવાહિષ્ઠાઃયાહ્યનાગતાવીઃપ્રવાહયતેવ્યર્થમેવાસ્યાસ્તત્કર્મભવતિ । પ્રજાચાસ્યાવિકૃતિમાપન્નાચશ્વાસકાસશોષપ્લીહપ્રસક્તાવાભવતિયથાહિક્ષવથૂદ્ગારવાતમૂત્રપુરીષવેગાન્[illegible]નાઽપ્યપ્રાપ્તકાલાન્નલભતેકૃચ્છ્રેણવ્યાપ્યવાપ્રોતિતથાનાગતકાલંગર્ભમપિપ્રવાહમાણાયથાચૈષામેવક્ષવથ્વાદીનાંસન્ધારણમુપઘાતાયોપપદ્યતેતથાપ્રાપ્તકાલસ્યગર્ભસ્યાપ્રવહણમિતિ । સાયથાનિર્દેશંકુરુષ્વેતિવક્તવ્યાસ્યાત્ । તથાચકુર્વતીશનૈઃશનૈઃપૂર્વંપ્રવાહેતततોઽનન્તરંબલવત્તરમિતિતસ્યાશ્ચપ્રવાહમાણાયાંસ્ત્રિયઃશબ્દંકુર્યુઃપ્રજાતાપ્રજાતાધન્યંધન્યં પુત્રમિતિતથાસ્યાહર્ષેણાપ્યાયન્તેપ્રાણાઃ ॥ ૮૮ ॥

પૂર્વોક્ત ગુણવાળી સ્ત્રીયોએ ગર્ભિણી સ્ત્રીને એ શિખામણ આપવી કે, પ્રસવની પીડા થયા સિવાય પ્રસવ થવાને માટે બળ (કરાંજવું) ન કરવું. કેમકે જે સ્ત્રી પીડા થયા સિવાયજ પ્રસવ થવાને માટે બળ કરે છે, તેનો શ્રમ નકામોજ જાય છે, અને તેનું સંતાન કોઇ અંગમાં વિકારવાળું અથવા દમ, ખાંસી, ક્ષય અથવા બરોળ વિગેરે રોગોવાળું થાય છે. જેમ છીંક, ઓડકાર, વાયુ, મૂત્ર, તથા મળ વિગેરેની ઇચ્છા થયા સિવાય જો તેને ત્યજવાને માટે યત્ન કરવામાં આવે તોપણ સમય થયાવિના તે યત્ન નકામો જાય છે. અથવા બહુજ કષ્ટથી સફળ થાય છે. તેજ પ્રકારે જો પ્રસવના સમય વિનાજ પ્રસવને માટે બળ કરવામાં આવે તો તે વ્યર્થ જાય છે. અથવા બહુજ કષ્ટથી પ્રસવ થાય છે. તેવીજ રીતે જેમ છીંક વિગેરેના વેગને રોકવાથી વિકાર થાય છે તેજ પ્રકારે જો ગર્ભનો પ્રસવ સમય થયા છતાં પણ પ્રસવ થવાને માટે બળ ન કરવામાં આવે તો ગર્ભમાં હાનિ પહોંચે છે. એથી જેવો ઉપદેશ આપવામાં આવ્યો છે તેવીજ રીતે કરવું. તે સ્ત્રીયોનાં વચનોની અનુસાર ગર્ભિણીએ પ્રથમ ધીમે ધીમે પ્રસવને માટે બળ કરવું. પછી વધુ બળ કરતાં જવું, તે વખતે બીજી સ્ત્રીયોએ એવું કહેવું કે, 'ધન્ય છે, ધન્ય છે, પુત્ર જન્મ્યો, પુત્ર જન્મ્યો,' એવું કહેવાથી ગર્ભિણીનો જીવ આનંદથી ભરાઇ જાય છે. ૮૮

પ્રસવ પછીનું કાર્ય.

યદાચપ્રજાતાસ્યાત્તદૈનામવેક્ષેતકાચિદસ્યાઅપરાપ્રપન્નાવાપ્રપન્નેતિ । તસ્યાશ્ચેદપરાનપ્રપન્નાસ્યાદથૈનામન્યતમાસ્ત્રીદક્ષિણેનપાણિનાનાભેરુપરિષ્ટાદ્બલવન્નિપીડ્યસવ્યેનપાણિનાપૃષ્ઠતઉપસંગૃહ્યસુનિર્ધુનુયાત્ । અથાસ્યાઃપાદપાર્ષ્ણ્યાશ્રોણીમાકોટયેદસ્યાઃ સ્ફિચાવુપસંગૃહ્યસુપીડિતંપીડયેત્ । અથાસ્યાબાલવેણ્યાકણ્ઠતાલુપરિમૃશેત્ ॥ ૮૯ ॥

જ્યારે સંતાન ઉત્પન્ન થાય ત્યારે એક સ્ત્રીએ જોવું કે, ગર્ભિણીની ઓળ પડી કે નહિ, અને જો ન પડી હોય તો એક પ્રસૂતા (દાયણ) એ ડુંટીની ઉપર જમણા હાથથી બહુજ દબાવીને પાછળ પુંઠે ડાબો હાથ રાખીને બહુજ દબાવવી લે પછી પગની એડીયોને

કુંટીની પાસે લઈ જઈને તેના બંને નિતંબો (ઢગરા)ને સારી રીતે દબાવવા, અને તેના ચોટલાને તેના કંઠ અને તાલુપર રગડવા. ૮૯

[illegible]र्जपत्रकाचमणिसर्पनिर्मोकैश्चास्यायोनिं धूपयेत् । कुष्ठतालीसकल्कं बल्वजयूषे-मैरेय[illegible]कौलत्थे वा मण्डूकपर्णीपिप्पलीक्वाथे वा संप्लाव्य पाययेदेनाम् ॥९०॥

તે પછી ભોજપત્ર, કાચ, અને સાપની કાંચળીની તેની યોનીમાં ધુમાડી આપવી. અને કઠ (ઉપલેટ) તથા તાલીસ પત્રના કલ્ક (ચટણી) ને બલ્વજના યૂષમાં, મૈરેય (મદ્યની જાત) માં, સુરા મંડમાં, કુલ્થીના કાઢામાં અથવા મજીઠ તથા પીંપળના ક્વાથમાં મેળવીને પાવો. ૯૦

ઓર પાડવાની વિધિ.

तथा सूक्ष्मैलाकिलिमकुष्ठनागरविडङ्गकालविडचव्यपिप्पलीचित्रकोपकुञ्चिकाकल्कं खरवृषभस्यजरतो वा दक्षिणं कर्णमूल[illegible]कृत्य बल्वजयूषादीनामन्यतमस्मिन्प्रक्षिप्य मुहूर्त्तस्थितमुद्धृत्य तदाप्लावनं पाययेदेनाम् ॥ ९१ ॥

અને નાની એલાયચી, દેવદાર, ઉપલેટ, સુંઠ, વાવડીંગ, કાળું મીઠું, બિડલવણ, ચવક, પીંપળ, ચિત્રક, કાળી જીરી, એઓના કલ્કને બલ્વજ વિગેરેના કવાથમાં મેળવીને પાવો, ઘરડા ગધેડા અથવા તો બળદના જમણા કાનને કાપીને ખલમાં વાટીને પૂર્વોક્ત બલ્વજ વિગેરેમાંથી કોઈના કવાથમાં કેટલોક વખત પલાળી રાખીને પછી તે કવાથ પ્રસુતાને પાવો.૯૧

शतपुष्पाकुष्ठमदनहिंगुसिद्धस्य चैनां तैलस्य पिचुं ग्राहयेदत श्चैवानुवासयेदेतैरेव चाप्लावनैः फलजीमूतकेक्ष्वाकुधामार्गवकुटजकृतवेधनहस्तिपर्ण्युपहितैरास्थापयेत् ॥९२॥

અને સવા, ઉપલેટ, મીંઢળ, તથા હીંગની સાથે પકાવેલું તેલ રૂમાં પલાળીને પ્રસુતા (સુવાવડી સ્ત્રી)ની યોનિમાં રખાવવું. તે પછી તે તેલ વડે પ્રસૂતાને અનુવાસન બસ્તિ આપવી. અને મીંઢળ નાગરમોથ, કડવી તુંબડી, કડો, ગલકાં, તથા ગજપીંપળ એ સર્વને વાટીને પૂર્વોક્ત બિલ્વજ વિગેરેના કવાથમાં મેળવીને નિરૂહ બસ્તિ આપવી. ૯૨

तदास्थापनमस्या हि सह वातमूत्रपुरीषैर्निर्हरत्यमरामासक्तां वायोरनुलोमगमनात् । अमरां हि वातमूत्रपुरीषाण्यन्यानि चान्तर्बहिर्मुखानि सृजन्ति ॥ ९३ ॥

આ નિરૂહ બસ્તિને લીધે વાયુના અનુલોમ થઇ જવાથી, વાયુ, મૂત્ર તથા મળમાં ભરાઇ રહેલી ઓળ નિકળી પડે છે. કેમકે વાત, મૂત્ર, મળ, તથા બીજા બાહારના તથા અંદરના મળ ઓળમાં વળગી રહે છે. ૯૩

બાળકની સારવાર.

तस्यां[illegible] त्वपरायां प्रपतनार्थे खल्वेवमेव कर्मणि क्रियमाणे जातमात्रेऽस्यैव कुमारस्य कार्याण्येतानि कर्माणि भवन्ति तद्यथा—अश्मनोः संघट्टनं कर्णयोर्मूले शीतोदकेनोष्णोदकेन वा मुखपरिषेकः । तथा संक्लेशविहतान्प्राणान्पुनर्लभेत कृष्णकपालिकाशूर्पेण चैनमभिनिष्पुणीयाद्यद्य[illegible] स्याद्यावत्प्राणानां प्रत्यागमनात्तत्सर्वमेव कुर्य्युः ॥९४॥

ततःप्रत्यागतप्राणंप्रकृतिभूतमभिसमीक्ष्यस्नानोदकग्रहणाभ्यामुपपादयेत् । अथास्यताल्वोष्ठकण्ठजिह्वाप्रमार्जनमारभेतअंगुल्यासुपरिलिखितनखयासुप्रक्षालितोपधानकार्पासपिचुमत्याप्रथमंप्रमार्जितस्यास्यचशिरस्तालुकापालपि[illegible]नास्नेहगर्भेणप्रतिच्छादयेत् । ततोऽस्यानन्तरंकार्य्यंसैन्धवोपहितेनसर्पिषाप्रच्छर्दनम् ॥९५॥

ઓળને કહાડી નાંખવાને માટે આ પ્રકારે યત્ન કર્યા પછી જન્મેલા બાળકને માટે જે કાર્ય જલદી કરવું જોઇએ તે એ છે કે, પત્થરના બે કકડા લઇને બાળકના કાન આગળ ખખડાવવા, ઠંડા તથા કાંઇક ગરમ જળ બાળકના ઉપર છાંટવું, એમ કરવાથી જન્મ થતી વખતે કલેશને લીધે બાળકનો પ્રાણ મૂર્છિત જેવો થઇ ગયો હોય છે તેમાં ફરી ચૈતન્ય આવે છે. સૂપડા કે પંખા વડે બાળકને પવન ઉડાડવો. અને એ સિવાય અન્ય જે કાર્યથી બાળકનો પ્રાણ સાવધાન થાય તેમ કરવું. ૯૪ તે પછી પ્રાણના સાવધાન થયા પછી બાળકને પ્રકૃતિસ્થ જોઇને તેને સ્નાન કરાવવું. અને મળ તથા મૂત્રનાસ્થાનને સુદ્ધ કરવાં, તે પછી એક સ્ત્રીએ નખને કાપવા અને પછી તર્જની આંગળીમાં રૂ લઇને બાળકના હોઠ, કંઠ તાળવું તથા જીભને સાફ કરવી. પછી નવરાવેલા તે બાળકને માથું, તથા તાળવામાં તેલથી પલાળેલા રૂથી ઢાંકી દેવું. તે પછી સીંધવખારવાળા ઘી વડે બાળકને ઉલટી કરાવવી. ૯૫.

નાળ છેદવાની વિધિ.

नाड्यास्तस्याःकल्पनवि[illegible]मः । नाभिबन्धनात्प्रभृतिहृत्वाष्टांगुलमभिज्ञानंकृत्वाछेदनावकाशस्यद्वयोरन्तरयोःशनैर्गृहीत्वातीक्ष्णेनरौक्मराजतायसानांछेदनानामन्[illegible]धारेणछेदयेत्तामग्रेसूत्रेणोपनिबध्यकण्ठेचास्यशिथिलमवसृजेत् ॥ ९६ ॥

એ પછી નાળ કાપવાની વિધિ કહેવામાં આવે છે, જેમકે નાભિથી આઠ આગળ સુધી મૂકીને જ્યાં સુધી નાળને કાપવો હોય ત્યાં બંને તરફથી પકડીને સોના, ચાંદી કે લોઢાની તીક્ષ્ણ ઉભી ધારવાળા શસ્ત્ર વડે ધીરે ધીરે કાપવો, અને કાપીને નાળના આગળના છેડે સુતર બાંધીને બાળકના ગળામાં ઢીલો ઢીલો બાંધી દેવો. ૯૬.

નાભિ પાકનો ઉપાય.

तस्यचेन्नाभिःपच्येत्तांलोध्रमधुकप्रियंगुदारुहरिद्राकल्कसिद्धेनतैलेनाभ्यज्यादेषामेवतैलौषधानां[illegible]र्णेनावचूर्णयेदेषनाडीकल्पनविधिरुक्तःसम्यक् ॥ ९७ ॥

જો બાળકની ડુંટી પાકે તો, લોધર, જેઠીમદ, કાંગ, તથા દારૂહળદરના કલ્કની સાથે પકાવેલું તેલ ડુંટીપર ચોપડવું. અને તેજ ઔષધિયોનું ચુર્ણ ડુંટીપર ભભરાવવું. એ પ્રકારે નાળ કાપવાની વિધિ સારી રીતે કહેવામાં આવી. ૯૭

[illegible]आयामव्यायामोत्तुण्डितपिण्डालिकाविनामिकाबजृम्भिकाबाधेभ्योभयम् ॥ ९८ ॥ तत्रापिवदाराभिर्वातपित्तप्रशमनैर्[illegible]नपरिषेकैःसर्पिर्भि[illegible]पक्रमेत [illegible]लाघवमभिसमीक्ष्य मारस्य ॥ ९९ ॥

નાળને સારી રીતે ન કાપવાથી ઉતુણ્ડિત, પિંડાલિકા, વિનામિકા, તથા વિજ્જમ્ભિકા, આ રોગોના થવાનો ભય રહે છે. ૯૮. જો આ રોગ થાય તો રોગોની અંધિકતા તથા ન્યૂનતાને જોઇને વાત પિત્ત નાશક, વિદાહરહિત. અભ્યંગ તેલ ચોળવું. ઉત્સાદન, તથા પરિષેક (સીંચવું.) દ્વારા અને ઘીની વડે ચિકિત્સા કરવી. ૯૯.

જાતકર્મ વિધિ.

प्रागतोजातकर्मकार्य्यंततोमधुसर्पिषीमन्त्रोपमन्त्रितेयथान्यायंप्राशितुमस्मैदद्यात् । स्तनमतऊर्द्ध्वमनेनैवविधिनादक्षिणंपातुंपुरस्तात्प्रयच्छेत् । अथातःशीर्षतःस्थापये-दुदकुम्भंमन्त्रोपमन्त्रितम् ॥ १०० ॥

નાળ કાપવાની પહેલાંજ જાત કર્મ કરી લેવું, તે પછી વેદોક્ત વિધિ અનુસાર મંત્રોથી અભિમંત્રિત કરેલું ઘી તથા મધ તે બાળકને ચટાડવું. તે ઉપરાંત વિધિ પૂર્વક પ્રથમ જમણા સ્તનથી બાળકને ધવરાવવું. તે પછી મંત્રોથી અભિમંત્રિત જળનો ભરેલો ઘડો બાળકના માથાની તરફ રાખવો. ૧૦૦.

રક્ષા વિધિ.

अथास्यरक्षांविदध्यादादानीखदिरकर्कन्धूपीलुपरूषकशाखाभिरस्यागृहंभिषक्स-मन्ततःप[illegible] । सर्वतश्चसूतिकागारस्यसर्षपातसीतण्डुलकणकणिकाःप्रकिरेत्। तथातण्डुलबलिमङ्गलहोमःसततमुभयकालंक्रियतेप्राङ्नामकर्मणोद्वारेचमुसलमनु-तिरश्चीनंन्यस्तंकुर्य्यात् । वचा[illegible]क्षौमकहिंगुसर्षपातसीलशुनकणकणिकानां रक्षो-घ्नसमाख्यातानाञ्चऔषधीनांपोट्टलिकांबद्धासूतिकागारस्योत्तरदेहल्यामासृजेत् । तथासूतिकायाःकण्ठेसपुत्रायाःस्थाल्युदककुम्भपर्य्यङ्केष्वपितथै[illegible]द्वारपक्षयोः सकणकुम्भकेन्धनाग्निस्तिन्दुककाष्ठेन्धनश्चाग्निः सूतिकागारस्याभ्यन्तरतोनित्यंस्या-त् । स्त्रियश्चैनांयथो[illegible]गुणाःसुहृदश्चानुजागृयुर्दशाहंद्वादशाहंवानुपरतप्रदानमङ्गला-शीःस्तुतिगीतवादित्रमन्नपानविशदमनुरक्तप्रहृष्टजनसम्पूर्णंतद्वेश्मकार्यम् । ब्राह्मण-श्चाथर्ववेदवित्सततमुभयकालंशान्तिंजुहुयात्स्वस्त्ययनार्थंसुकुमारस्यतथासूतिका-याइत्येतद्रक्षाविधानमुक्तम् ॥ १०१ ॥

તે પછી બાળકની રક્ષા કરવી, આદાની, કાથો, ખેર, પીલુડાં, ફાલસાં, એઓની શાખા, સૂતિકા ગૃહની સર્વ તરફ રાખી દેવી. સરસવ, અળસી તથા ચોખાના દાણા, સૂતિકા ગૃહમાં વેરવા અને નામકરણ પર્યંત સવારે તથા સાંજે ચોખાનો બલિ, મંગલ તથા હોમ હંમેશાં કરવો. સૂતિકા ગૃહના દ્વાર પર એક લોઢાની મૂસળી(પળાઇ) રાખવી. વજ, ઉપલેટ, અજમો, હીંગ, સરસવ, અલસી, લસણુ, તથા ચોખાના કણુ, રાક્ષસોને નાશ કરનાર આ સર્વ ઔષધ પોટલીમાં બાંધીને સૂતિકા ગૃહની ઉપરની બાજુએ અભરાઇ પર રાખી મુકવી. અને સૂતિકાના ગળામાં તેમજ બાળકના ગળામાં, વટલોઇમાં, જળના ઘડામાં, પલંગમાં અને દ્વારની બંને બાજુએ પણુ તેવી બીજી પોટલીઓ બાંધી દેવી. સૂતિકા ગૃહમાં

ચોખાના દાણા, જળપાત્ર, લાકડાં, અગ્નિ તથા તેંદુના લાકડાનો દેવતા આ સર્વ વસ્તુ હંમેશાં રહેવી જોઇએ. પૂર્વોક્ત ગુણવાળી પ્રિય સ્ત્રિયોએ દશ દિવસ અથવા બાર દિવસ સુધી સૂતિકાની પાસે જાગરણ કરવું. દાન, મંગલ, આશીર્વાદ, સ્તુતિ, ગીત તથા વાદ્ય સૂતિકા ગૃહમાં હંમેશાં કરવાં. શુદ્ધ અન્ન તથા જળ સૂતિકા ગૃહમાં રાખવાં, પ્રિતિવાળા તથા આનંદી મનુષ્યોએ સુતિકા ગૃહમાં હંમેશાં રહેવું. અને અથર્વ વેદના જાણનારા બ્રાહ્મણે હંમેશાં સાંજે તથા સવારે બાળક તથા સૂતિકાના કલ્યાણને માટે શાંતિ હોમ કરાવવો. આ પ્રકારે રક્ષણની વિધિ કહેવામાં આવી. ૧૦૧.

પ્રસુતિકાના અહારવિહારનું વર્ણન.

सूतिकान्तुखलुबुभुक्षितांविदित्वास्नेहंपाययेत्प्रथमंपरमयाशक्त्या सर्पिस्तैलंवसांमज्जानंवासात्म्यीभावमभिसमीक्ष्यभिषक् । पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकशृङ्गवेरचूर्णसहितंस्नेहंपीतवत्याश्चसर्पिस्तैलाभ्यामभ्यज्यवेष्टयेदुदरंमहतावाससातथातस्यानवायुरुदरेविविकृतिमुत्पादयत्यनवकाशत्वात् । जीर्णेतुस्नेहेपिप्पल्यादिभिरेव सिद्धांयवागूंसुस्निग्धांद्रवांमात्राशःपाययेतोभयकालश्चोष्णोदकेनपरिषेचयेत्प्राक्स्नेहयवागूपानाभ्याम् । एवंपञ्चरात्रंसप्तरात्रंश्चानुपाल्यततःक्रमेणाप्याययेत्स्वस्थवृत्तमेतत्सूतिकायाः ॥ १०२ ॥

સૂતિકા ભૂખી થાય તો ઘી, તેલ, ચરબી તથા મજ્જા આ સ્નેહો (ચીકણા પદાર્થો) માંથી જે સ્નેહ તેને સાત્મ્ય હોય તે તેની શક્તિની અનુસાર વૈદ્યે તેને પાવાં, પીંપળ, પીપળીમૂળ, ચવક, ચિત્રક, તથા સુંઠ, એઓના ચુર્ણની સાથે સ્નેહનું ગર્ભિણીને પાન કરાવીને પછી ઘી તથા તેલ પેટ પર ચોપડીને તે ઉપર એક મોટું વસ્ત્ર લપેટી દેવું, એમ કરવાથી અવકાશ ન મળવાથી તેના ઉદરમાં વાયુનો વિકાર ઉત્પન્ન થતો નથી. સ્નેહના પચી ગયા પછી પીપલ્યાદિગણની સાથે પકાવેલ સ્નેહવાળી કાંજી સવારે તથા સાંજે યોગ્ય પ્રમાણમાં પાવી. અને સ્નેહ તથા કાંજી પાતા પહેલાંજ ગરમ જળ સૂતિકાના ઉપર છાંટવું. આ પ્રકારે પાંચ કે સાત દિવસ આ નિયમો પ્રમાણે વ્યતિત કરીને ક્રમથી આપ્યાયન કરનાર પદાર્થોનું સેવન કરાવવું, સૂતિકાને સ્વસ્થ રાખવાને માટે આ ક્રમ કહેવામાં આવ્યો. ૧૦૨.

પ્રસૂતાનો રોગ વખતે ઉપાય.

तस्यास्तुखलुयोव्याधिरुत्पद्यतेसकृच्छ्रसाध्योभवत्यसाध्योवा । गर्भवृद्धिक्षयितशिथिलसर्वशरीरधातुत्वात्प्रवाहणवेद- क्लेदनरक्तनिःस्रुतिविशेषशून्यशरीरत्वाच्चतस्मात्तांयथोक्तेनविधिनोपचरेद्भौतिकजीवनीयबृंहणीयमधुरवातहरसिद्धैरभ्यङ्गोत्सादनपरिषेकावगाहनान्नपानविधिभिर्विशेषतश्चोपचरेद्विशेषतोहिशून्यशरीराःस्त्रियःप्रजाताभवन्ति ॥ १०३ ॥

ગર્ભની વૃદ્ધિથી શરીરની સંપૂર્ણ ધાતુઓના શિથિલ તથા ક્ષીણ થઇ જવાને લીધે અને પ્રસવ વખતે બળ કરવાની પીડાથી, ક્લેદનથી, તથા રુધિર નીકળવાથી, શરીર વિશેષ

શૂન્ય થઇ જવાને લીધે, સૂતિકાને જે રોગ થાય છે તે કષ્ટ સાધ્ય અથવા અસાધ્ય થઇ જાય છે. એથી પૂર્વોક્ત વિધિના અનુસાર સૂતિકાનું સેવન કરવું જોઇએ, અને ભૌતિક, જીવનીય, બૃંહણીય, મધુર તથા વાતહરગણથી સિદ્ધ કરેલું અભ્યંગ (તેલ ચોળવું) ઉત્સાદન, પરિષેક, (સિંચવું) અવગાહન તથા અન્નપાન સૂતિકાને આપવું જોઇએ, કેમકે પ્રસવ થવાથી સ્ત્રીઓનું શરીર બહુજ શૂન્ય થઈ જાય છે. ૧૦૩.

બાળકના જન્મ થયા પછી દશમા દિવસની વિધિ.

दशम्यांनिश्यतीतायांसपुत्रास्त्रीसर्वगन्धौषधैर्गौरसर्षपलोध्रैश्चस्नातालघ्वहतवस्त्रंपरिधायपवित्रेष्टलघुविचित्रभूषणवतीसंस्पृश्यमङ्गलान्युचितामर्चयित्वाचदेवतांशिखिनःशुक्लवाससोऽव्यङ्गांश्चब्राह्मणान्स्वस्तिवाचयित्वाकुमारमहतेनशुचिवाससाच्छादयेत् । प्राक्शिरसमुदक्शिरसंवासंवेश्यदेवतापूर्वंद्विजातिभ्यःप्रणमतीत्युक्त्वाकुमारस्यपिताद्वेनामनीकारयेत्नाक्षत्रिकंनामाभिप्रायिकञ्च । तत्राभिप्रायिकंनामघोषवदाद्यन्तस्थान्तमूष्मान्तंवावृद्धंत्रिपुरुषान्तरमनवप्रतिष्ठितम् । नाक्षत्रिकन्तुनक्षत्रदेवतासंयुक्तंकृतंद्व्यक्षरंचतुरक्षरंवा ॥ १०४ ॥

બાળકના જન્મ પછી દશ દિવસ પછી અગીયારમા દિવસે પુત્ર સહિત સ્ત્રીએ સંપૂર્ણ સુગંધિત ઔષધ, ધોળા સરસવ, તથા લોધર વડે માથુ ચોળીને સ્નાન કરવું તે પછી હલકાં નવાં વસ્ત્ર પહેરીને, પવિત્ર, પ્રિય તથા હલકાં ભૂષણ પહેરીને, મંગળ વસ્તુઓના સ્પર્શ કરીને, ઇષ્ટ દેવતાનું પૂજન કરીને શિખા તથા ધોળાં વસ્ત્ર ધારી સુંદર અંગવાળા બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને, બાળકને અખંડિત ધોળા વસ્ત્રથી ઢાંકી દેવું. તે પછી બાળકને પૂર્વ અથવા તો ઉત્તર તરફ માથુ રાખીને સુવાડવું. પ્રથમ દેવતાઓને તે પછી બ્રાહ્મણોને નમસ્કાર છે એમ કહીને પિતાએ બાળકનાં બે નામ પાડવાં, એક નાક્ષત્રિક (નક્ષત્ર પ્રમાણે પાડેલું) નામ અને એક અભિપ્રાયિક (જે અભિપ્રાય પ્રમાણે પાડવામાં આવે તે) નામ તેમાંથી અભિપ્રાયિક નામની પહેલાંનો અક્ષર પાંચ વર્ગના છેલ્લા ત્રણ અક્ષરોમાંથી કોઇ હોવો જોઇએ. અને છેલ્લો અક્ષર, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, એમાંથી કોઈ હોવો જોઇએ. અને તે નામ, પિતા, પિતામહ તથા પ્રપિતામહના નામથી જુદુ હોવું જોઇએ. અને નક્ષત્રિક નામ, જન્મ નક્ષત્રના દેવતાના અનુસાર બે અથવા ચાર અક્ષરનું હોવું જોઇએ. ૧૦૪.

कृतेचनामकर्मणिकुमारंपरीक्षितुमुपक्रमेतायुषःप्रमाणज्ञानहेतोः । तत्रेमानिआयुष्मतांकुमाराणांलक्षणानिभवन्ति । तद्यथा—एकैकजामृदवोऽल्पाःस्निग्धाःसुबद्धमूलाःकृष्णाःकेशाःप्रशस्यंते । स्थिराबहलात्वक्प्रकृत्याकृतिःसम्पन्नमीषत्प्रमाणातिरिक्तमनुरूपमातपत्रोपमंशिरःप्रशस्यते । व्यूढंदृढंसमंसुश्लिष्टशंखसन्ध्यूर्द्धव्यञ्जनमुपचितंवलिनमर्द्धचन्द्राकृतिललाटंबहलौविपुलसमपीठौसमौनीचौवृद्धौपृष्ठतोऽवनतौसुश्लिष्टकर्णपुटकौमहाच्छिद्रौकर्णौईषत्प्रलम्बिन्यावसङ्गतेसमेसंहतेमहत्यौभ्रुवौ ।

समसमा तदर्शनेव्यक्तभागविभागेबलवतितेजसोपपन्नेस्वाङ्गोचक्षुषी । ऋज्वीमहोच्छ्वासावंशसम्पन्नेषदवनताग्रानासिकामहदृजुसुनिविष्टदन्तमास्यमायामविस्तरोपपन्नाश्लक्ष्णातन्वीप्रकृतियुक्तापाटलवर्णाजिह्वा । श्लक्ष्णंयुक्तोपचयमूष्मोपपन्नंरक्तंतालुमहानदीनःस्निग्धोऽनुनादीगम्भीरसमुत्थोधीरःस्वरः । नातिस्थूलौनातिकृशौविस्तारोपपन्नावास्यप्रच्छादनौरक्तावोष्ठौ । महत्यौहनूवृत्तौनातिमहतीग्रीवाव्यूढमुपचितमुरोदृढंजत्रुपृष्ठवंशश्च । विकृष्टान्तरौस्तनौअंसपातिनीस्थिरेपार्श्वेवृत्तपरिपूर्णायतौबाहूसक्थिनीअंगुलयश्चमहदुपचितंपाणिपादम् । स्थिरावृत्ताःस्निग्धास्ताम्रास्तुङ्गाःकूर्माकाराःकरजाः । प्रदक्षिणावर्त्तासोत्सङ्गाचनाभिः । नाभ्युरस्त्रिभागहीनासमासमुपचितमांसाकटीवृत्तौस्थिरोपचितमांसौनात्युन्नतौनात्यवनतौस्फिचावनुपूर्ववृत्तौउपचययुक्तावूरू । नात्युपचितेनात्यपचितेएणीपदेप्रगूढशिरास्थिसन्धीजङ्घे । नात्युपचितौनात्यपचितौगुल्फौपूर्वोपदिष्टगुणौपादौकूर्माकारौ । प्रकृतियुक्तानिवातमूत्रपुरीषगुह्यानितथास्वप्नजागरणायासस्मितरुदितस्तनग्रहणानि । यच्चकिञ्चिदन्यदपिअनुक्तमस्तितदपिसर्वंप्रकृतिसम्पन्नमिष्टंविपरीतंपुनरनिष्टमितिदीर्घायुर्लक्षणानि ॥ १०५ ॥

નામ કર્મની ઉપરાંત બાળકનો આયુષ્ય જાણવાને માટે પરીક્ષા કરવાને બાળકની પાસે જવું. દીર્ઘાયુ બાળકનાં આ લક્ષણ છે. જેમ જુદા જુદા ઉત્પન્ન થએલ કોમલ, સ્વરૂપ, સ્નિગ્ધ, પુષ્ટ તથા કાળા રંગનું બાળક શ્રેષ્ટ હોય છે. સ્થિર તથા ઘન ચામડીવાળું શ્રેષ્ટ હોય છે, પ્રકૃતિથી રૂપવાળું, શરીરનાં પ્રમાણ કરતાં કાંઇક મોટું, છત્રીની માફક બનેલા માથાવાળું શ્રેષ્ટ હોય છે, અર્ધા ચંદ્રમાની માફક આકૃતિવાળું, દૃઢ, સમ, મોટું, સુંદર, શંખના અર્ધા ભાગની સમાન શોભાવાળું, માંસથી ભરાવાવાળું, રેખાવાળું, લલાટ શ્રેષ્ટ હોય છે. પાછળથી મોટું, સમ નીચેથી મોટું, પાછળથી ઝુકેલાં મોટાં છિદ્રવાળા કાન શ્રેષ્ટ હોય છે. કાંઇક લાંબી, પરસ્પર નહીં મળેલી, સમ, ઘની, તથા મોટી ભ્રુટીઓવાળું શ્રેષ્ટ થાય છે. સમ, જોવામાં સમર્થ, સંપૂર્ણ ભાગમાં સારી રીતે વિભક્ત, બળવાન, તેજવાળાં, તથા સુંદર દોરવાળાં નેત્રોવાળું શ્રેષ્ટ થાય છે. સીધી, લાંબી, શ્વાસવાળું આગળના ભાગમાં કાંઇક ઝુકેલું, તથા મોટા વાંસવાળી નાસિકાવાળું શ્રેષ્ટ થાય છે. સીધું, મોટું, તથા સુંદર દાંતના સ્થાનવાળું, મુખ શ્રેષ્ટ થાય છે. લાંબી, પહોળી, ચિકણી, પાતળી, વિકાર રહિત, તથા લાલ રંગની જીભ શ્રેષ્ટ થાય છે. ચિકણું, બહુ ઉંચું નહિ તેમ બહુ નીચું નહિ, એવું ઉંચું, રક્તવર્ણનું તાળું શ્રેષ્ટ થાય છે. ગંભિર, મોટો દિનતા રહિત, સ્નિગ્ધ, પ્રતિધ્વનિવાળો શ્વર શ્રેષ્ટ થાય છે. બહુ મોટા નહિ તેમ બહુ પાતળા નહિ, તેવા વિસ્તારવાળા લાલ રંગના તથા મુખને ઢાંકનારા હોઠ શ્રેષ્ટ થાય છે. મોટાં ડાચાં થાય છે. બહુ નાની નહિ તેમ બહુ મોટી નહીં તેવી ગોળ ગરદન શ્રેષ્ટ થાય છે. વિશાળ તથા પુષ્ટ વક્ષસ્થળ શ્રેષ્ટ થાય છે. માંસથી ઢંકાયેલી હાંસડી તથા પીઠની કરોડ શ્રેષ્ટ થાય છે. સ્થિર પાંસળીઓ શ્રેષ્ટ થાય છે, ગોળ, દીર્ઘ તથા પુષ્ટભૂજા, ઝંઘા તથા આંગળીયો શ્રેષ્ટ થાયછે.

મોટા તથા પુષ્ટ હાથ પગ શ્રેષ્ટ થાય છે. સ્થિર, ગોળ, સ્નિગ્ધ, ઉન્નત, રક્તવર્ણ તથા કાચબાની સમાન આકૃતિવાળા નખ શ્રેષ્ટ થાય છે. જમણી તરફ વળેલી ગંભિરનાભિ શ્રેષ્ટ થાય છે. નાભિ તથા વૃક્ષઃસ્થળની મધ્યમાં જે સ્થાન છે તેના ત્રણ ભાગોમાંથી એકભાગની માફક પરિમાણવાળું સમ તથા માંસવાળી કટિ શ્રેષ્ટ થાય છે. ગોળ, સ્થિર, માંસવાળું, બહુ ઉંચા નહિ તેમ બહુ નીચા નહિ તેવા નિતંબ શ્રેષ્ટ થાય છે. ક્રમથી ગોળ તથા માંસવાળી જાંગ શ્રેષ્ટ થાય છે. બહુ મોટી નહિ તેમ બહુ પાતળી નહિ, તથા મૃગલીના પગના જેવી પિંડુલી શ્રેષ્ટ થાય છે. પિંડુલિયોની શિરા, હાડકી તથા સાંધા, માંસથી ઢંકાયેલી હોય તો તે શ્રેષ્ટ થાય છે. પૂર્વોક્ત ગુણોવાળા તથા કાચબાની માફક આકૃતિવાળા પગ શ્રેષ્ટ હોય છે. વાયુ, મૂત્ર, મળ, ગુહ્યસ્થાન, સ્વપ્ન, જાગરણ, હસવું, રોવું, તથા સ્તનોએ ધાવવું એ સર્વ પ્રકૃતિને અનુસાર શ્રેષ્ટ હોય છે. અને જેનું જેનું અહીં વર્ણન કર્યું નથી તે સર્વ પ્રકૃતિને અનુસાર શ્રેષ્ટ થાય છે. આ લક્ષણોથી વિપરીત લક્ષણ હોય તો તે બાળકને અલ્પાયું જાણવું જોઈએ. આ પ્રકારે દીર્ઘાયુનાં લક્ષણ કહ્યાં. ૧૦૫

धात्री परीक्षा ।

अतोधात्रीपरीक्षामुपदेक्ष्यामः ॥ १०६ ॥

એ ઉપરાંત ધાત્રી (ધાવ)ની પરીક્ષા કહેવામાં આવે છે. ૧૦૬

अथब्रूयाद्धात्रीमानयेतिसमानवर्णांयौवनस्थांनिभृतामनातुरामव्यङ्गामव्यसनामविरूपामजुगुप्सितांदेशजातीयामक्षुद्रामक्षुद्रकर्मिणींकुलेजातांवत्सलामरोगजीवद्वत्सांपुंवत्सांदोग्ध्रीमप्रमत्तामशायिनीमनुच्चारशायिनीमनन्तावशायिनींकुशलोपचारांशुचिमशुचिद्वेषिणींस्तन्यसम्पदुपेतामिति ॥ १०७ ॥

વૈદ્યે ધાત્રી (ધાવ)ને બોલાવવા આજ્ઞા આપી હોય તે ધાત્રી એવી હોવી જોઇએ. સમાન વર્ણવાળી, યુવતી, નમ્ર, રોગ રહિત, સંપૂર્ણ અંગોવાળી, કામ, ક્રોધાદિ દોષરહિત, સુંદર રૂપવાળી, નિંદા રહિત, પોતાના દેશમાં ઉત્પન્ન થએલી, ક્ષુદ્રતા રહિત, શ્રેષ્ટ કુળમાં ઉત્પન્ન થએલી, પ્રેમાળ, પુત્રવાળી, જીવતાં સંતાનવાળી, દુધ હોય તેવી, સાવધાન, બહુ ઉંઘનાર ન હોય તેવી, ચતુરતાથી ઉપચાર કરનાર, પવિત્ર, અપવિત્રતામાં દ્વેશ કરનારી, અને શ્રેષ્ટ સ્તન તથા દુધવાળી, ધાવ હોવી જોઇએ. ૧૦૭

ઉત્તમ સ્તનનાં લક્ષણ.

तत्रेयंस्तनसम्पन्नात्यूर्द्धौनातिलम्बौअनतिकृशौअनतिपीनौयुक्तपिप्पलकौसुखप्रपानौचेतिस्तनसम्पत् ॥ १०८ ॥

બહુ ઉંચા નહીં, તેમ બહુ લાંબા નહિ, બહુ મોટા નહિ તેમ બહુ પાતળા નહિ, પીંપળના પાનની માફક પાછળથી પહોળા અને આગળથી સાંકડા એવા સુખ પૂર્વક ધાવવાને માટે સ્તન શ્રેષ્ટ ગણાય છે.

ઉત્તમ દુધનાં લક્ષણ.

स्तन्यसम्पत्तुप्रकृतिवर्णगन्धरसस्पर्शं दपात्रे च समानं स्वमुदकंवेतिप्रकृतिभूतत्वा-

સંતુષ્ટિક ...રોગ્ય કરશ્ચેતિસ્તન્યસમ્પદતોઽન્યથાવ્યાપન્નંજ્ઞેયમ્ ॥ ૧૦૯ ॥

જે દુધ, સ્વાભાવિક વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શથી યુક્ત હોય, અને જળના પાત્રમાં દોહેવાથી જળમાં મળી જાય, તે દુધ શ્રેષ્ટ કહેવાય છે. દૂધ વિકારવાળું ન હોવાને લીધે પુષ્ટતા તથા આરોગ્યને ઉત્પન્ન કરે છે. અને જે દુધ વિપરીત ગુણવાળું હોય તેને દોષવાળું જાણવું જોઇએ. ૧૦૯

વાત દુષિત દુધ.

तस्यविशेषाःश्यावारुणवर्णकषायानुरसंविशदमनतिलक्ष्यगन्धंरूक्षंद्रवंफेनिलंलघ्-अतृप्तिकरंकर्षणंवातविकाराणांकर्तृवातोपसृष्टंक्षीरमभिज्ञेयम् ॥ ११० ॥

તે દોષિ દૂધની વિશેષતા એ છે કે જેમ કે કાળા રંગનું, લાલ રંગનું, કાંઇક કષાયલું, ગંધ વગરનું, રૂક્ષ, બહુજ પાતળું, ફીણવાળું, હલકું, તૃપ્તિને નહિં ઉત્પન્ન કરનાર, અને વાતજ રોગોને ઉત્પન્ન કરનાર જે દૂધ છે તેને વાતવાળું દૂધ જાણવું જોઇએ. ૧૧૦

પિત્ત દુષિત દુધ.

कृष्णनीलपीतताम्रावभासंतिक्ताम्लकटुकानुरसंकुणपरुधिरगन्धिभृशोष्णंपित्तविकाराणांकर्तृपित्तोपसृष्टंक्षीरमभिज्ञेयम् ॥ १११ ॥

કાળું, લીલું, પીળું, અને લાલ રંગનું કાંઇક તીખું, કાંઇક ખાટું, કાંઇક કડવું, મુડદાના લોહી જેવી ગંધવાળું, બહુજ ગરમ, અને પિત્તજ રોગોને ઉત્પન્ન કરનાર જે દૂધ છે તેને પિત્તવાળું જાણવું જોઇએ. ૧૧૧

કફ દૂષિત દૂધ.

अत्यर्थशुक्लमतिमाधुर्य्योपपन्नंलवणानुरसंघृततैलवसामज्जगन्धिपिच्छिलंतन्तुमदुदकपात्रेऽवसीदतिश्लेष्मविकाराणांकर्त्तृश्लेष्मोपसृष्टंक्षीरमभिज्ञेयम् ॥ ११२ ॥

બહુજ ધોળું, બહુજ મધુર, કાંઇક ખારું, ઘી, તેલ, ચરબી, તથા મજ્જાના જેવી ગંધવાળું, ડોળાયલા જેવું, જળના પાત્રમાં નાંખવાથી જળમાં ભળી જનારૂં, તંતુવાળું (જેમાં તાંતણા જણાય) અને કફજ રોગોને ઉત્પન્ન કરનાર જે દુધ છે તેને કફયુક્ત જાણવું જોઇએ. ૧૧૨.

तेषान्तुत्रयाणामपिक्षीरदोषाणांप्रकृतिविशेषमभिसमीक्ष्ययथास्वंयथादोषश्चवमनविरेचनास्थापनानुवासनानिविभज्यकृतानिप्रशमनायभवन्ति ॥ ११३ ॥

આ ત્રણે પ્રકારના દુધની પ્રકૃતિની વિશેષતાને જોઇને પોત પોતાના દોષને અનુસાર વિચાર પૂર્વક વમન, વિરેચન, આસ્થાપન, તથા અનુવાસન આપવાથી દોષ શાંત થઇ જાય છે, ૧૧૩.

ધાત્રીને ખાવા પીવાની વિધિ.

पानाशनविधिस्तुदुष्टक्षीरायायवगोधूमशालिषष्टिकमुद्गहरेणुककुलत्थसुरासौवीरकतुषोदकमैरेयमेदक... नकरञ्जप्रायःस्यात् ॥ ११४ ॥

જે સ્ત્રીનું દૂધ દૂષિત હોય તેને જવ, ઘઉં, શાળના ચોખા, સાઠીના ચોખા, હરેણું મગ, કળથી, સુરા (મદ્ય) તુષોદક (મદ્યની જાત) મૈરેય (મદ્યની જાત) મેદક (મદ્યની જાત) સૌવીર (મદ્ય) લશણુ, તથા કરંજ વિગેરે વસ્તુઓ ઘણે ભાગે ખાવા પીવાને આપવી જોઇએ. ૧૧૪.

क्षीरदोषविशेषांश्चावेक्ष्यावेक्ष्य तत्तद्यानंकार्य्यंस्यात् ॥ ११५ ॥

દૂધના દોષોની વિશેષતાને જોઈ જોઇને તેનો યત્ન કરવો જોઇએ. ૧૧૫

દુગ્ધ શોધક ઉપાય.

पाठामहौषध–सुरदारु–मुस्तमूर्वागुडूची–वत्सकफल–किराततिक्तकटुकरोहिणी शारिवाकषायाणाश्चपानंप्रशस्यते । तथान्येषांतिक्तकषायकटुकमधुराणांद्रव्याणांप्रयोगः । इतिक्षीरशोधनान्युक्तानिभवन्ति । क्षीरविकारविशेषानभिसमीक्ष्य-मात्राकालश्चेतिक्षीरविशोधनानि ॥ ११६ ॥

કાળીપાઢ, સુંઠ, દેવદાર, મોથ, મોરવેલ, ગળો, ઇન્દ્રજવ, કરીયાતું, કડુ, તથા સારિવા એ સર્વનો કવાથ પાવાથી અને બીજી તીખી, કષૈલી, કડવી તથા મધુર વસ્તુઓના સેવનથી દૂધ શુદ્ધ થાય છે. દૂધના વિકારોની વિશેષતાને જોઇને માત્રા તથા કાલને અનુસાર આ ઔષધિયોનો ઉપયોગ કરવો જોઇએ. એ પ્રકારે દૂધ શુદ્ધ કરવાની દવા કહેવામાં આવી. ૧૧૬.

દુગ્ધોત્પાદક વિધિ.

क्षीरजननानितुमद्यानिसीधुवर्ज्यानिग्राम्यानूपौदकानिचशाकधान्यमांसानिद्रवमधुराम्लभूयिष्ठाश्चाहाराःक्षीरिण्यश्चौषधयःक्षीरपानञ्चानायासश्चेतिवीरणषष्टिकशालिकेक्षुवालिकादर्भकुशकाशगुन्द्रोत्कटमूलकषायाणाञ्चपानमितिक्षीरजननान्युक्तानि ॥ ११७ ॥

સીધુ મદ્યને બાદ કરતાં અન્ય સર્વ મદ્ય, ગામ, જંગલ તથા જળમાં ઉત્પન્ન થએલ શાક, અન્ન તથા એ દેશોમાં ઉત્પન્ન થએલા જીવોનું માંસ, અધિક અધિક દ્રવ્ય, મધુર તથા અધિક ખાટાં ભોજન દૂધવાળાં ઔષધ, દૂધ પીવું, મહેનત કરવી, વીરણવાળો, સાઠી ચોખા, શાળના ચોખા, તાલમખાના, ડાભ, કાશ, દાભ, નાગરમોથ, તથા જાડી તજ, એઓના મૂળનો કવાથ પીવો. આ સર્વ દૂધને ઉત્પન્ન કરનાર છે. ૧૧૭

શુદ્ધ દુધવાળી ધાત્રીનાં કર્તવ્ય કર્મ.

धात्रीतुयदास्वादुबहुलशुद्धदुग्धास्यात्तदास्नातानुलिप्ताशुक्लवस्त्रंपरिधायैन्द्रींब्राह्मीं-शतवीर्य्यांसहस्रवीर्य्यांमोघामव्यथांशिवामरिष्टांवाट्यपर्ष्पीविष्वक्सेनकान्तामिति-बिभ्रत्यौषधीःकुमारंप्राङ्मुखंप्रथमंदक्षिणंस्तनंपाययेदिति स्थितिः ॥ ११८ ॥

જ્યારે ધાત્રી (ધાવ) નું દૂધ મીઠું તથા શુદ્ધ થઇ જાય ત્યારે માથું ચોળીને સ્નાન કરીને શરીરે સુખડ વિગેરેનો સુગંધિત લેપ ચોપડીને અને ઈન્દ્રવરણું, બ્રાહ્મી, ધોળી ધરો,

કાળી ધરો, કાળી પાઢ, હરડે, આંબળાં, લીંબડો, બલા, કાંગ, રેણુકા આ ઔષધિયોની માળા ધારણ કરીને ધાત્રીએ બાળકને પૂર્વ તરફનું મુખ રાખીને પ્રથમ જમણા સ્તનથી ધવરાવવું. આ પ્રકારે ધાત્રીનાં કર્મ કહેવામાં આવ્યાં. ૧૧૮

कुमारागार विधि ।

अतोऽनन्तरंकुमारागारविधिमनुव्याख्यास्यामः । वास्तुविद्याकुशलःप्रशस्तरम्यमतमस्कंनिवातंप्रवातैकदेशंदृढमपगतश्वापदपशुदंष्ट्रिमूषिकपतंगंसुसंविभक्तसलिलोलूखलमूत्रवर्चःस्थानस्नानभूमिमहानसमृतुसुखंयथर्तुशयनासनास्तरणसम्पन्नंकुर्यात् । तथासुविहितरक्षाविधानबलिमंगलहोमप्रायश्चितंशुचिवृद्धवैद्यानुरक्तजनसम्पूर्णमिति कुमारागारविधिः ॥ ११९ ॥

એ ઉપરાંત બાળકને રહેવાને માટે, ગૃહ બનાવવાની વિધિ કહેવામાં આવે છે. વાસ્તુ વિદ્યામાં ચતુર, પુરૂષે, પ્રશસ્ત, રમણીય, અંધારા સિવાયનું, કોઇ એક સ્થાનમાં, પવનની આવજાવાળું, દઢ, હિંસક, પશુ, કુકર વિગેરે દાઢવાળાં પશુ, ઉદર તથા પતંગીઆં વિગેરે જીવોથી રહિત જળ, ખાંયણીઓ, મળ, મૂત્ર, રસોઇ, તથા સ્નાનનાં જુદાં જુદાં સ્થાનવાળું અને રૂતુને અનુસાર સુવાનું, આસન, તથા બિછાનાંવાળું ગૃહ બનાવવું, તે ગૃહમાં રક્ષાવિધિ, મંગલ, બલિ, હોમ તથા પ્રાયશ્ચિત સારી રીતે કરવાં જોઇએ. અને પવિત્ર, વૃદ્ધ, વૈદ્ય તથા પ્રિય એવા માણસો રાખવા જોઇએ. આ પ્રકારે બાળકને માટે ગૃહની વિધિ કહેવામાં આવી. ૧૧૯

બાળકને માટે વસ્ત્રો.

शयनास्तरणप्रावरणानिकुमारस्यमृदुलघुशुचिसुगन्धीनिस्युःस्वेदमलजन्तुमन्तिमूत्रपुरीषोपसृष्टानिचवर्ज्यानिस्युः १२० ॥

બાળકનું બિછાનું, શય્યા તથા ઓઢવાનું, કોમળ, હલકું, પવિત્ર તથા સુગંધિત હોવું જોઇએ. પરસેવો, મળ તથા જીવજંતુવાળું, અને મૂત્ર તથા વિષ્ટાથી ભરેલું વસ્ત્ર બાળકને માટે ત્યાગ કરવા યોગ્ય છે. ૧૨૦

असतिसम्भवेऽन्येषांतान्येवचसुप्रक्षालितोपधानानिसुधूपितानि सुशुद्धशुष्काण्युपयोगंगच्छेयुः ॥ १२१ ॥

જો બીજું શુદ્ધ વસ્ત્ર ન હોય તો પરસેવા વિગેરેવાળાં વસ્ત્રોને સારી રીતે ધોઇને સુગંધિત ધુપ દઇને તથા સુકવીને ઉપયોગમાં લેવાં. ૧૨૧

વસ્ત્રોમાં ધુપ આપવાની ઔષધિ.

धूपनानिपुनर्वाससांशयनास्तरणप्रावरणानाञ्चयवसर्षपातसीहिंगु–गुग्गुल–वचा–चोरकवयःस्थागोलोमीजटिला–पलङ्कषाशोकरोहिणीसर्पनिर्मोकाणि तैलयुक्तानिस्युः ॥ १२२ ॥

જવ, સરસવ, અળસી, હીંગ, ગુગળ, વજ, શંખ, કોડી, હરડે, ધરો, જટામાંસી, ગોખરૂ, આસોપાલવ, કડો, તથા સાપની કાંચળી એ સર્વને ઘીમાં મેળવીને બાળકને ઓઢવા પાથરવાનાં સત્રળાં વસ્ત્રોમાં ધુપ દેવો જોઇએ. ૧૨૨

બાળકની અન્ય રક્ષા વિધિ.

मणयश्चधारणीयाःकुमारस्यखड्गरुरुगवयवृषभाणांजीवतामेवदक्षिणेभ्योविषाणेभ्योऽग्राणिगृहीतानिस्युः । मन्त्राद्याश्चौषधयोजीवकर्षभकौचयान्यपिअन्यानिब्राह्मणाःप्रशंसेयुः ॥ १२३ ॥

ગેંડો, રૂરૂ (મૃગની જાત) ગવય (ગાયના જેવાં પશુ–રોઝ) તથા બળદ એ પશુઓના જમણા કાનનો આગલો ભાગ, અને કોઇ રત્ન બાળકને પહેરાવવાં જોઇએ. અને મંત્રાદિક અથવા બીજું ઔષધ, જીવક તથા રૂષભક અને તે સિવાય અન્ય જે વસ્તુ બ્રાહ્મણ કહે તે પણ બાળકને પહેરાવવી જોઇએ. ૧૨૩

બાળકનાં રમકડાં.

क्रीडनकानिखल्वस्यतुविचित्राणिघोषवन्त्यभिरामाणिअगुरूण्यतीक्ष्णाग्राणिअनास्यप्रवेशीनिअप्राणहराणिअवित्रासनानिस्युः ॥ १२४ ॥

બાળકને માટે રમકડાં, વિચિત્ર, શબ્દવાળાં, મનોહર, હલકાં, આગલો ભાગ તીક્ષ્ણ ન હોય તેવાં, મુખમાં ગળી શકાય નહીં તેવાં, પ્રાણને હાનિ ન કરનાર અને ભયને નહીં ઉત્પન્ન કરનાર એવાં હોવાં જોઇએ. ૧૨૪

नहिअस्यवित्रासनंसाधुतस्मात्तस्मिन्रुदत्यभुञ्जानेवाअन्यत्रविधेयतामगच्छतिराक्षसपिशाचपूतनाद्यानांनामान्याह्वयताकुमारस्य वित्रासनार्थंनामग्रहणंनकार्य्यंस्यात् ॥ १२५ ॥

બાળકને કોઈ પ્રકારથી પણ ડરાવવું નહીં જોઇએ. એથી જ્યારે બાળક રડે અથવા રમતમાં પડીને ભોજન કરવાની ઇચ્છા ન કરે, અથવા અન્ય કોઇ આવશ્યક કાર્ય કરવા ન ઇચ્છે ત્યારે તેને બીવરાવવાને માટે રાક્ષસ, પિશાચ તથા પૂતના વિગેરેનાં નામ બતાવીને બોલાવવું ન જોઇએ. ૧૨૫

यदितुआतुर्य्यंकिञ्चित्कुमारमागच्छेत्तत्प्रकृतिनिमित्तपूर्वरूपलिङ्गोपशयविशेषैस्तत्त्वतोनुबुध्यसर्वविशेषानातुरौषधदेशकालाश्रयानवेक्षमाणश्चिकित्सितुमारभेतैनंमधुरमृदुलघुसुरभिशीतसङ्करंकर्मप्रवर्त्तयन्नेवंसात्म्याहिकुमाराभवन्तितथातेशर्मलभन्तेअचिरायरोगेतुअरोगवृत्तमातिष्ठेद्देशकालात्मगुणविपर्य्ययेणवर्त्तमानः१२६॥

જો બાળકને કોઇ રોગ હોય તો પ્રકૃતિ, નિદાન, પૂર્વરૂપ, ચિન્હ, તથા ઉપશયની વિશેષતા દ્વારા રોગની વિશેષતાને જાણીને, રોગી, ઔષધ, દેશ, કાલ તથા આશ્રયનો વિચાર કરીને, ચિકિત્સા કરવાનો પ્રારંભ કરવો. મધુર, મૃદુ, હલકી, સુગંધિ તથા કાંઇક શીતવાળું ઔષધ બાળકને માટે યોગ્ય છે, કેમકે એવીજ વસ્તુ બાળકને સાત્મ્ય થાય છે. અને

એવીજ વસ્તુઓથી બાળકોને જલ્દીથી સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે બાળક નિરોગ થાય ત્યારે દેશ, કાલ તથા પ્રકૃતિના ગુણોથી વિપરીત વસ્તુઓનું સેવન તેને કરાવવું જોઇએ.

क्रमेणासात्म्यानिपरिवर्ज्योपयुञ्जानःसर्वाणिअहितानिवर्जयेत्तथा लवर्णबरारायुषांसम्पदमवाप्नोतीति ॥ १२७ ॥

ક્રમથી અસાત્મ્ય વસ્તુઓનો ત્યાગ કરીને સંપૂર્ણ અહિત વસ્તુઓને ત્યાગ કરીને, બાળકનેં ભોજન આપવું જોઇએ. એમ કરવાથી બલ, વર્ણ, શરીર તથા આયુષ્યની વૃદ્ધિ થાય છે. ૧૨૭

एवमेनंकुमारमायौवनप्राप्तेर्धर्मार्थकुशलागमनाच्चानुपालयेदितिपुत्राशिषांसमृद्धिकरंकर्मव्याख्यातम् । तदाचरन्यथोक्तैर्विधिभिःपूजांयथेष्टंलभतेऽनसूयकइति१२८॥

જ્યાં સુધી બાળક યુવાન ન થાય અથવા ધર્માર્થમાં ચતુર ન થાય ત્યાં સુધી આ રીતે તેનું પાલન કરવું. આ પ્રકારે પુત્રને માટે શુભાકાંક્ષા કરનારા પુરૂષોને માટે હિતકારક કર્મ કહેવામાં આવ્યાં, અસૂયા, (ગુણોમાં દોષ ન જોનાર) ન કરીને આ કર્મને યથોકત વિધિથી કરનારા પુરૂષને યથેષ્ટ સંતાનની પ્રાપ્તિ થાય છે. ૧૨૮

અધ્યાયનો ઉપસંહાર.

पुत्राशिषांकर्मसमृद्धिकारकंयदुक्तमेतन्महदर्थसंहितम् । तदाचरञ्ज्ञोविधिभिर्यथातथंपूजांयथेष्टंलभतेऽनसूयकः ॥ १२९ ॥ शरीरं चिन्त्यतेसर्वंदैवमानुषसम्पदा । सर्वभावैर्यतस्तस्माच्छारीरंस्थानमुच्यते ॥ १३० ॥

तत्रश्लोका ।

તેમાં આ બે શ્લોક છે, પુત્રની ઇચ્છા કરનારાઓને માટે હિતકારક જે આ શ્રેષ્ટ કર્મ કહેવામાં આવ્યું છે, તે કર્મનો બુદ્ધિમાન પુરૂષો અસૂયા ન કરતાં વિધિ પૂર્વક યથાવત કરીને યથેષ્ટ સંતાનને પ્રાપ્ત કરે છે. આ સ્થાનમાં દૈવિસંપત્તિ તથા માનુષી સંપત્તિથી સર્વ પ્રકારે સંપૂર્ણ શરીરનો વિચાર કરવામાં આવે છે એથી આને શારીરસ્થાન કહે છે. ૧૨૯

इति श्रीमहर्षिचरकप्रणीतायुर्वेदसंहितायां शारीरस्थानं समाप्तम् ॥

ઇતિશ્રી મહર્ષિચરકે બનાવેલા આયુર્વેદ સંહિતાનું શારીરસ્થાન સમાપ્ત થયું. ૮

इन्द्रिय स्थानम्.

प्रथमोऽध्यायः ।

वर्णस्वरीयम् ।

अथातोवर्णस्वरीयमिंद्रियंव्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ।

હવે અમે વર્ણસ્વરીય ઇન્દ્રિયની વ્યાખ્યા કરીએ છીએ. આ પ્રકારે ભગવાન્-આત્રેયજી કહેવા લાગ્યા.

આયુષ્યનું પ્રમાણ જાણવાની રીતિ.

इहखलुवर्णश्चस्वरश्चगन्धश्चरसश्चस्पर्शश्चचक्षुश्चश्रोत्रश्चघ्राणश्चरसनश्चस्पर्शनश्चसत्त्वश्चभक्तिश्चशौचश्चशीलश्चाचारश्चस्मृतिश्चाकृतिश्चबलश्चग्लानिश्चतन्द्राचारम्भश्चगौरवश्चलाघवश्चआहारश्चविहारश्चाहारपरिणामश्चोपायश्चापायश्चव्याधिश्चव्याधिपूर्वरूपश्चवेदनाश्चोपद्रवाश्चछायाचप्रतिच्छायाचस्वप्नदर्शनश्चदूताधिकारश्चपथिचौत्पातिकश्चातुरकुलेभावावस्थान्तराणिचभेषजसंप्रवृत्तिश्चभेषजविकारयुक्तिश्चेतिपरीक्ष्याणिप्रत्यक्षानुमानोपदेशैरायुषःप्रमाणविशेषंजिज्ञासमानेनभिषजा ॥ १ ॥

જે વૈદ્ય આયુષ્યના પ્રમાણની વિશેષતાને જાણવાની ઇચ્છા કરે તો તેણે પ્રત્યક્ષ, અનુમાન તથા ઉપદેશની દ્વારા વર્ણ, સ્વર, ગંધ, રસ, સ્પર્શનેત્ર, કર્ણ, નાસિકા, જીભ, ત્વચા, સત્વ, ભક્તિ, શૌચ, શીલ, આચાર, સ્મૃતિ, આકૃતિ, બળ, ગ્લાનિ, તંન્દ્રા, આરંભ, ગૌરવ, લઘુતા, આહાર, વિહાર, આહારનું પચવું, ઉપાય, અપાય, રોગ, રોગનું પૂર્વરૂપ, પીડા, ઉપદ્રવ, છાયા, પ્રતિચ્છાયા, સ્વપ્ન જોવું, દૂતાધિકાર, માર્ગમાં થનાર ઉત્પાત, રોગીના ઘરની અવસ્થા, ઔષધની પ્રવૃત્તિ તથા ઓષધના વિકારની યુક્તિ આ સર્વની પરીક્ષા કરવી જોઇએ. ૧

પરીક્ષ્ય વસ્તુઓના ભેદ.

तत्र खल्वेषांपरीक्ष्याणांकानिचित्पुरुषमनाश्रितानिकानिचित्पुरुषसंश्रयाणि । तत्रयानि पुरुषमनाश्रितानितानिउपदेशतोयुक्तितश्चपरीक्षेत । पुरुषसंश्रयाणिपुनः प्रकृतितश्चविकृतितश्च ॥ २ ॥

તેમાંથી કેટલાંક પુરૂષને આશ્રિત છે અને કેટલાંક પુરૂષને આશ્રિત નથી. જે પુરૂષને આશ્રિત નથી તેની પરીક્ષા ઉપદેશ તથા યુક્તિવડે કરવી જોઈએ. અને જે પુરૂષને આશ્રિત છે તેની પરીક્ષા પ્રકૃતિ તથા વિકૃતિની દ્વારા કરવી જોઇએ. ૨

પ્રકૃતિ વર્ણન.

तत्रप्रकृतिर्जातिप्रसक्ता कुलप्रसक्तादेशानुपातिनीचकालानुपातिनीचवयोऽनुपातिनीचप्रत्यात्मनियताचेति । एतावज्जातिकुलदेशकालवयःप्रत्यात्मनियताहितेषां तेषां पुरुषाणांतेतेभावविशेषाभवन्ति ॥ ३ ॥

તેમાં પ્રકૃતિ જાતિના આશ્રિત, કુળને આશ્રિત, દેશને અનુસાર થનારી, કાળને અનુસાર થનારી, અવસ્થાને અનુસાર થનારી, તથા પ્રતિ આત્મામાં નિયત હોય છે. કેમકે જાતિ, કુલ, દેશ, કાલ, વય, તથા પ્રત્યેક આત્માનીદ્વારા, નિયત થઈને પ્રત્યેક પુરૂષના પ્રત્યેક ભાવની વિશેષતા હોય છે. ૩

વિકૃતિનું વર્ણન.

विकृतिःपुनर्लक्षणनिमित्ताचलक्ष्यनिमित्ताचनिमित्तानुरुपाच । तत्रलक्षणनिमित्ता नामसायस्याःशरीरेलक्षणान्येवहेतुभूतानिभवन्ति । लक्षणानिहिकानिचिच्छरीरोपनिबद्धानिभवन्ति । यानिहितस्मिंस्तस्मिंस्तत्राधिष्ठानमासाद्यतांतांविकृतिमुत्पादयन्ति ॥ ४ ॥

વિકૃતિ લક્ષણ નિમિત્તા, લક્ષ્ય નિમિત્તા, તથા નિમિત્તાનું રૂપ હોય છે. લક્ષણ નિમિત્તા વિકૃતિ તે કહેવાય છે કે જેના શરીરમાં થયેલાં લક્ષણજ હેતુરૂપ હોય છે. કેમકે શરીરમાં કેટલાંક લક્ષણ એવાં હોય છે કે જે વખતે વખતે શરીરમાં ઉત્પન્ન થઇને વિકારોને ઉત્પન્ન કરે છે. ૪.

लक्ष्यनिमित्तातुसायस्याउपलभ्यतेनिमित्तंयथोक्तंनिदानेषु ॥ ५ ॥

લક્ષ્ય નિમિત્ત વિકૃતિ તે કહેવાય છે કે જેનો હેતુ નિદાનમાં કહેલો જાણી શકાયછે. ૫

નિમિત્તાનુરૂપાનાં લક્ષણ.

निमित्तानुरुपातुनिमित्तार्थानुकारिणीयातामनिमित्तांनिमित्तमायुषःप्रमाणज्ञानस्येच्छन्तिभिषजोभूयश्चायुषःक्षयनिमित्तांप्रेतलिङ्गानुरुपांयामायुषोऽन्तर्गतस्यज्ञानार्थमुपदिशन्तिधीराः ॥ ६ ॥

નિમિત્તાનુરૂપા વિકૃતિ તે કહેવાય છે કે જે નિમિતના પ્રયોજનને સિદ્ધ કરે છે. તે વિકૃતિનું કોઇ નિમિત જણાતું નથી. વૈદ્યલોક એ વિકૃત્તિને આયુષ્યનું પ્રમાણ જાણવાને માટે માને છે. અને ધીર લોક અંતર્ગત આયુષ્યના જાણવાને માટે પ્રેતોના લક્ષણોને અનુરૂપ તથા આયુષ્યના ક્ષયના નિમિત્તરૂપ આ વિકૃત્તિનો ઉપદેશ કરે છે. ૬

याममिकृत्यपुरुषसंश्रियाणिमुमूर्षतांलक्षणानिउपदेक्ष्यामः । इत्युद्देशः । तद्विस्तरेणा व्याख्यास्यामः ॥ ७ ॥

આ વિકૃતિનું અવલંબન કરીને મુમૂર્ષુ (જે મરવાની ઇચ્છા કરતા હોય) લોકોના

પુરૂષાશ્રિત (પુરૂષોમાં થનારા) લક્ષણોનો ઉપદેશ કરીએ છીએ. અહીં સંક્ષેપથી એ વિષય કહેલો છે. આગળ વિસ્તાર પૂર્વક કહેવામાં આવે છે. ૭

પ્રકૃતિ વર્ણ.

तत्रादितएववर्णाधिकारस्तद्यथाकृष्णःकृष्णश्यामःश्यामावदातोवदातश्चइतिप्रकृतिवर्णाःशरीरस्य ॥ ८ ॥

આ લક્ષણોમાંથી પ્રથમ વર્ણનો અધિકાર કહેવામાં આવે છે. જેમ કૃષ્ણ (કાળો,) કૃષ્ણ સ્યામ, કૃષ્ણાવદાસ (ઘઉંવરણો) તથા અવદાસ (ગૌરવર્ણ) આ શરીરનો સ્વાભાવિક વર્ણ (રંગ) છે. ૮.

यांश्चापरानुपेक्षमाणोविद्यादनूक्तोऽन्यथावापिनिर्दिश्यमानांस्तज्ज्ञैः ॥ ९ ॥

તે સિવાય બીજા જે વર્ણ જોવાથી જાણી શકાય, તથા તેને જાણનારાઓ જેને નિર્દેશ કરે તેને સ્વભાવિક જાણવા જોઇએ. ૯.

વિકારવાળા રંગ.

नीलश्यामताम्रहरितशुक्लाश्चवर्णाःशरीरस्यवैकारिकाभवन्ति। यांश्चापरानुपेक्षमाणोविद्यात्प्राग्विकृतानभूत्वोत्पन्नानितिप्रकृतिविकृतिवर्णाभवन्त्युक्ताःशरीरस्य१०॥

નીલો, કાળો, લાલ, હરમો તથા ધોળો આ શરીરના વિકાર વાળા રંગ છે. જે વર્ણ શરીરના જન્મ વખતે ન હોય અને વચમાંજ ઉત્પન્ન થઈ જાય તેને પણ અસ્વાભાવિક જાણવા જોઇએ. આ પ્રકારે શરીરના સ્વાભાવિક તથા અસ્વાભાવિક રંગ કહેવામાં આવ્યા. ૧૦

વર્ણ જન્ય મૃત્યુ લક્ષણ.

तत्रप्रकृतिवर्णोऽर्द्धशरीरेविकृतिवर्णोऽर्द्धशरीरेद्वावपिवर्णौमर्य्यादाविभक्तौदृष्ट्वाद्येनसव्यदक्षिणविभागेनयद्येवंपूर्वपश्चिमविभागेनयद्युत्तराधरविभागेनयद्यन्तर्बहिर्विभागेनआतुरस्यारिष्टमितिविद्यात् ॥ ११ ॥

જે સીમા (હદ)ની અનુસાર અર્ધા શરીરમાં સ્વાભાવિક તથા અર્ધા શરીરમાં અસ્વાભાવિક વર્ણ વિભકત હોય, અર્થાત જો જમણા તથા ડાબા ભાગમાં, આગળના તથા પાછળના ભાગમાં, ઉપર તથા નીચેના ભાગમાં, અને બહાર તથા અંદરના ભાગમાં સ્વાભાવિક તથા અસ્વાભાવિક વર્ણનો વિભાગ જોવામાં આવે તો રોગીને અરીષ્ટ (જે લક્ષણના થવાથી મનુષ્ય મરી જાય છે.) થયું જાણવું જોઇએ. ૧૧.

મૃત્યુનાં અન્ય લક્ષણ.

एवमेववर्णभेदोमुखेऽप्यन्यतोवर्त्तमानोमरणायभवति ॥ १२ ॥

આ પ્રકારે જો મુખમાં પણ વર્ણનો ભેદ જણાય તો રોગીનું મૃત્યું થાય છે. ૧૨.

वर्णभेदेनग्लानिहर्षरौक्ष्यस्नेहाव्याख्याताः ॥ १३ ॥

વર્ણ ભેદથી ગ્લાનિ, હર્ષ, રૂક્ષતા તથા સ્નેહ ભેદનું પણ વર્ણન કરવામાં આવ્યું. તે

જાણવું જોઇએ, અર્થાત શરીરના એક ભાગમાં ગ્લાનિ તથા એક ભાગમાં હર્ષ, એક ભાગમાં રૂક્ષતા તથા એક ભાગમાં સ્નેહ હોય તો રોગીનું મૃત્યું થશે એ જાણી લેવું જોઇએ- ૧૩.

तथापिप्लवव्यंगतिलकालकपिडकानामन्यतमस्याननेजन्मातुरस्यैवमेवअप्रशस्तंविद्यात् ॥ १४ ॥

લક્ષણુ, વ્યંગ, તલ, તથા પિડકા એમાંથી કોઇ પણુ જો રોગીના મુખમાં ઉત્પન્ન થાય તો અરિષ્ટ થયું એમ જાણવું જોઇએ. ૧૪.

नखनयनवदनमूत्रपुरीषहस्तपादौष्ठादिष्वपिचवैकारिकोक्तानांवर्णानामन्यतमस्यप्रादुर्भावोहीनबलवर्णेन्द्रियेषुलक्षणमायुषःक्षयस्यभवति । यच्चान्यदपिकीञ्चिद्वर्णवैकृतमभूतपूर्वंसहसोत्पद्येतानिमित्तमेवहीयमानस्यातुरस्यतच्चारिष्टमितिवर्णाधिकारः ॥ १५ ॥

નખ, નેત્ર, મુખ, મૂત્ર, વિષ્ટા, હાથ, પગ તથા હોઠ વિગેરે અંગોમાં જે અસ્વાભાવિક વર્ણોમાંથી કોઈ વર્ણ પ્રકટ થાય અને, બળ વર્ણ તથા ઇન્દ્રિય હિનતા થઇ ગઈ હોય તો, રોગીનું મૃત્યું થશે એમ જાણતું જોઇએ. તે સિવાય જો અન્ય કોઇ અપૂર્વ, અસ્વભાવિક, વર્ણ, સાહસ વિના કારણુજ ઉત્પન્ન થઈ જાય અને રોગી ક્ષીણુ થતો જાય તો રોગીનું મૃત્યું થનારૂં છે, એમ જાણવુંજ જોઇએ. આ પ્રકારે વર્ણનો અધિકાર કહેવામાં આવ્યો. ૧૫.

स्वराधिकारः।

स्वराधिकारस्तुहंसक्रौञ्चनेमिदुन्दुभिकलविंककाकपोतझर्झरानुकराःप्रकृतिस्वराः । यांश्चापरानुपेक्षमाणोऽपिविद्यादनूक्तोन्यथावापिनिर्दिश्यमानांस्तज्ज्ञैः ॥ १६ ॥

હવે સ્વરાધિકાર કહેવામાં આવે છે, જેમ હંસ, બગલું, ચકવો, નગારૂં, ચિડા, કાગડો, કબુતર અને ઝાંઝર એઓના જેવો સ્વર થવાથી પ્રકૃતિ સ્વર, અર્થાત્ સ્વાભાવિક સ્વર છે. એ સિવાય અન્ય જે કોઇ શબ્દ, સ્વરને જાણનારા કહે તેના જેવા સ્વરને પણ સ્વાભાવિકજ જાણવા જોઇએ. અને સ્વાભાવિક સ્વરોની સમાન જે સ્વર છે, તેને પણ સ્વાભાવિકજ જાણવા જોઇએ. ૧૬.

વૈકૃતિક સ્વરનું લક્ષણ.

एडकग्रस्ताव्यक्तगद्गदक्षामदीनानुकीर्णास्तुआतुराणांस्वरावैकारिकाः । यांश्चापरानुपेक्षमाणोऽपिविद्यात्प्राग्विकृतानभूत्वोत्पन्नानइतिप्रकृतिविकृतिस्वराव्याख्याताः॥

• દેડકાના શબ્દની માફક અપ્રકટ, ગદગદ, ક્ષીણુ, દીનતાવાળા, તથા ફાટેલા સ્વર, અસ્વાભાવિક કહેવાય છે. અને એજ પ્રકારના અન્ય સ્વર પણુ અસ્વભાવિક હોય છે, અને પહેલાંના સ્વરનાં કરતાં જે કોઈ અપૂર્વ સ્વર ઉત્પન્ન થઈ જાય તેને પણુ અસ્વાભાવિક જાણવા જોઇએ. આ પ્રકારે સ્વાભાવિક તથા અસ્વાભાવિક સ્વર કહેવામાં આવ્યા. ૧૭.

આસન્ન મૃત્યુ રોગીનું લક્ષણ.

तत्रप्रकृतिवैकारिकाणांस्वराणामाश्वभिनिर्वृत्तिःस्वरानेकत्वमेकस्यचानेकत्वमप्रशस्तमितिस्वराधिकारः। इतिवर्णस्वराधिकारौयथावदुक्तौमुमूर्षतांज्ञानार्थमिति १८

સ્વાભાવિક, અસ્વભાવિક, સ્વરોનું બહુજ જલ્દી ઉત્પન્ન થઇ જવું એક સ્વરના અનેક પ્રકારના સ્વર થઇ જવા તથા અનેક પ્રકારના સ્વર હોવા એ અરિષ્ટ લક્ષણ છે. આ પ્રકારે જલ્દી મરનારા પુરૂષોના આયુષ્યને જાણનારાને માટે સ્વર તથા વર્ણનો અધિકાર યથાવત કહેવામાં આવ્યો. ૧૮.

तत्र श्लोकाः।

यस्यवैकारिकोवर्णःशरीरउपजायते। अर्द्धेवायदिवाकृत्स्नेऽनिमित्तंनचनास्तिसः॥१९

ત્યાં આ શ્લોક છે, જેના અર્ધા શરીરમાં, અથવા સંપૂર્ણ શરીરમાં વિના કારણ અસ્વાભાવિક વર્ણ ઉત્પન્ન થઇ જાય તે મરી જાય છે. ૧૯.

नीलंवायदिवाश्यावंताम्रंवायदिवारुणम्। मुखार्द्धमन्यथावर्णोमुखार्द्धेऽरिष्टमुच्यते२०

લીલો, કાળો, તામ્રવર્ણ તથા લાલ વર્ણ અર્ધા મુખમાં થઈ જાય અને અર્ધા મુખમાં સ્વાભાવિક વર્ણ થવો એ અરિષ્ટ લક્ષણ છે. ૨૦.

स्नेहोमुखार्द्धेसुव्यक्तोरौक्ष्यमर्द्धेमुखेभृशम्। ग्लानिरर्द्धेतथाहर्षोमुखार्द्धेमेतलक्षणम्२१

જેના આધા મુખમાં ચિકણાસ થાય તથા અર્ધું મુખ સુકું પડી જાય અને અર્ધા મુખમાં ગ્લાનતા તથા અર્ધા મુખમાં પ્રસન્નતા થાય તે જીવી શકતો નથી. ૨૧.

तिलकापिप्लवोव्यङ्गाराजयश्चपृथग्विधाः। आतुरस्याशुजायन्तेमुखेप्राणान्मुमुक्षतः२२

તલ, લશણ, વ્યંગ, તથા અનેક પ્રકારની રેખા જે રોગીના મુખમાં જલ્દી ઉત્પન્ન થઈ જાય તે જલ્દીજ મરી જાય છે. ૨૨.

पुष्पाणिनखदन्तेषुपङ्कोवादन्तसंस्थितः। चूर्ण[illegible]दन्तेषुलक्षणंमरणस्यतत्॥२३

નખ તથા દાંતોમાં પુષ્પ ફુલના જેવું ચિન્હ ઉત્પન્ન થાય અથવા દાંતોમાં મલયા ચૂર્ણનું ઉત્પન્ન થવું એ મૃત્યુનું લક્ષણ છે. ૨૩.

ओष्ठयोःपादयोःपाण्योरक्ष्णोर्मूत्रपुरीषयोः। नखेष्वपिचवैवर्ण्यमेतत्क्षीणबलेऽन्तकृत्२४

બળના ક્ષીણ થયા પછી હોઠ, પગ, હાથ, નેત્ર, મૂત્ર વિષ્ટા, તથા નખોના રંગનું બદલાઇ જવું, એ મૃત્યુનું લક્ષણ છે. ૨૪.

यस्यनीला[illegible]भावोष्ठौपक्वजाम्बवस[illegible]भौ। मुमू[illegible]रितितंविद्यान्नरोधं[illegible]षम्॥२५

જે મનુષ્યના બંને હોઠ, પાકા જાંબુના સરખા કાળા થઇ જાય તેને બુદ્ધિમાન પુરૂષે ગતાયુ જાણવા. ૨૫.

[illegible]कोवायदि[illegible]स्वरः। सहसोत्पद्यतेजन्तो[illegible]स्तसः२६

જે ક્ષીણ પુરૂષને એકાએક એક પ્રકારનો અથવા અનેક પ્રકારનો અસ્વાભાવિક સ્વર ઉત્પન્ન થઇ જાય તે જીવી શકતો નથી. ૨૬.

यच्चान्यदपिकिञ्चित्स्याद्वैकृतंस्वरवर्णयोः । बलमांसविहीनस्यतत्सर्वंमरणोदयम्॥२७

એ સિવાય ક્ષીણ, બળ તથા માંસવાળા જે પુરૂષનો સ્વર, તથા વર્ણના વિકારની ઉત્પત્તિ થાય તે જીવતો નથી. ૨૭.

इतिवर्णस्वरावुक्तौलक्षणार्थंमुमूर्षताम् । यस्तुसम्यग्विजानातिनायुर्ज्ञानेसमुह्यति ॥२८

આ પ્રકારે મુમૂર્ષુ (જે મરનારા હોય) તેનાં લક્ષણ જાણવાને માટેવર્ણ તથા સ્વરનું વર્ણન કરવામાં આવ્યું. જે વૈદ્ય, વર્ણ તથા સ્વરના વિષયને સારી રીતે જાણે છે તે આવરદાના જ્ઞાનમાં મોહિત થતા નથી. ૨૮.

इति चरकसंहितायामिन्द्रियस्थाने वर्णस्वरीयमिंद्रियम् ॥ १ ॥

ઇતિ ચરકસંહિતાયાના ઇંદ્રિયસ્થાનના વર્ણ સ્વરીય મિંદ્રિયમ નામનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો. ૧.

द्वितीयोऽध्यायः।

पुष्पितम् ।

अथातो पुष्पितमिन्द्रियं व्याख्यास्यामः इति हस्माह भगवानात्रेयः ॥

હવે અમે પુષ્પિત ઇન્દ્રિયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

પુષ્પનું લક્ષણ.

पुष्पंयथापूर्वरूपंफलस्येहभविष्यतः । तथालिङ्गमरिष्टाख्यंपूर्वरूपंमरिष्यतः ॥ १ ॥

જેમ ઉત્પન્ન થનારા ફળનું પુષ્પ પૂર્વ રૂપ હોય છે. તે પ્રકારે મરનારનું અરિષ્ટ નામનું લક્ષણ પૂર્વ રૂપ હોય છે. ૧.

अप्येवन्तुभवेत्पुष्पंफलेनाननुबन्धियत् । फलञ्चापिभवेत्किञ्चिद्यस्यपुष्पंनपूर्वजम् ॥ २ ॥ नत्वरिष्टस्यजातस्यनाशोऽस्तिमरणादृते । मरणञ्चापितन्नास्तियन्नारिष्टपुरःसरम् ॥ ३ ॥

ચાહ્ય એવું કોઇ પુષ્પ હોય કે જેમાં ફળ ન લાગે, અને એવું ફલ હોય કે જેને પહેલાં પુષ્પ ન થાય, (૨) પરંતુ એવું અરિષ્ટ નથી કે જે મૃત્યુના સિવાય નિવૃત્ત થઇ જાય અને એવું મૃત્યું પણ નથી કે જે અરિષ્ટના સિવાય થાય. ૩.

मिथ्यादृष्टमरिष्टाभमनरिष्टमजानता । अरिष्टञ्चाप्यसम्बुद्धमेतत्प्रमादपरीक्षजम् ।४।

કોઇ કોઇ અજ્ઞાની લોક અજ્ઞાનને લીધે અરીષ્ટના જેવાં કોઇ લક્ષણ જોઇને તેને અરિષ્ટજ માની લે છે, અને કેટલાક તો યથાર્થ અરિષ્ટને પણ જાણતા નથી. ૪.

ज्ञानसम्बाधनार्थं लिङ्गैर्मरण पूर्वकैः । पुष्पितानुपदक्ष्यामोनरान्बहुविधाञ्छृणु ॥५॥

તેના જ્ઞાનને માટે મૃત્યુના પહેલાં થનારાં લક્ષણોથી અનેક પ્રકારના પુષ્પિત પુરૂષોનું વર્ણન કરવામાં આવે છે, તે તમે શ્રવણ કરો. ૫.

પુષ્પિતનાં લક્ષણ.

नानापुष्पोपमोगन्धोयस्यवातिदिवानिशम् । पुष्पितस्यवनस्येव नानाद्रुमलताव-तः ॥ ६ ॥ तमाहुःपुष्पितंधीरानरंमरणलक्षणैः । सवैसंवत्सराद्देहंजहातीतिवि-निश्चयः ॥ ७ ॥

અનેક પ્રકારનાં વૃક્ષ તથા લતાઓ વાળાં પુષ્પિત વનના જેવી જે પુરૂષના શરીરમાંથી હંમેશાં અનેક પ્રકારની પુષ્પો જેવી સુગંધ આવે (૬) તે પુરૂષને બુદ્ધિમાનો મૃત્યુનાં લક્ષણોથી પુષ્પિત કહે છે. તે પુરૂષ એક વર્ષની અંદર અવશ્ય મરી જાય છે. ૭.

एवमेकैकशःपुष्पैर्यस्यगन्धःसमोभवेत् । इष्टैर्वायदिवानिष्टैःसचपुष्पितउच्यते ।८। समासेनाशुभान्गन्धानेकत्वेनाथवापुमान् । आजिघ्रेद्यस्यगात्रेषुतंविद्यात्पुष्पितं भिषक् ॥ ९ ॥ आप्लुतानाप्लुतेकायेयस्यगन्धाःशुभाशुभाः । व्यत्यासेनानि-मित्ताःस्युःसचपुष्पितउच्यते ॥ १० ॥

જે પુરૂષના શરીરમાંથી દુર્ગંધિત અથવા સુગંધિત એક એક પુષ્પ જેવી ગંધ આવે તે પુરૂષને પણ પુષ્પિત (અરિષ્ટ લક્ષણ વાળો) કહે છે. (૮) વૈદ્ય જેના શરીરમાં અનેક અથવા એક પ્રકારની દુર્ગંધિતનો અનુભવ કરે તેને પુષ્પિત જાણવા. ૯. સ્નાન કરેલા અથવા નહી સ્નાન કરેલા જે પુરૂષના શરીરમાંથી કોઈ કારણ વિનાજ સુગંધિ અથવા દુર્ગંધિ, વિપર્ય-યથી ઉત્પન્ન થાય તેને પુષ્પિત કહે છે. ૧૦.

तद्यथाचन्दनंकुष्ठंतगरागुरुणीमधु । माल्यंमूत्रपुरीषेवामृतानिकुणपानिवा ॥११॥ येचान्येविविधात्मानोगन्धास्त्रिविधयोनयः । तेऽप्यनेनानुमानेनविज्ञेयाविकृतिं-गताः ॥१२॥ इदञ्चाप्यतिदेशार्थंलक्षणंगन्धसंश्रयम् । वक्ष्यामोयदभिज्ञायभिष-ड्.मरणमादिशेत् ॥ १३ ॥

સુખડ, કઠ, તગર, અગર, પુષ્પનો રસ, માળા, મૂત્ર, મળ તથા મડદુ અને તે સિ-વાય અન્ય જે સુગંધતિ તથા દુર્ગંધિત વસ્તુ છે તેની સુગંધિ તથા દુર્ગંધિ અનુમાનથી જ જાણી લેવી જોઇએ. ૧૧-૧૨ અતિ દેશને માટે ગંધને જાણવાનાં આ લક્ષણ કહેવામાં આવે છે, જેને જાણીને વૈદ્ય મૃત્યુને કહી શકે છે. ૧૩.

ગંધનું જ્ઞાન.

वियोनेर्विंदुसेयस्यगन्धोगात्रेषुदृश्यते । [illegible] जिघ्रेनसजीवतितांसमाम्

જે પુરૂષના શરીરમાંથી કાંઇ કારણ સિવાય સુગંધિ અથવા દુર્ગંધિ આવવા લાગે તે એક વર્ષથી અધિક જીવતા નથી. ૧૪

एतावद्गन्धविज्ञानंरसज्ञानमतःपरम् । आतुराणांशरीरेषुवक्ष्यामोविधिपूर्वकम् ।१५।

આ પ્રકારે ગંધની દ્વારા મૃત્યુનું જ્ઞાન કહેવામાં આવ્યું. એ ઉપરાંત રોગિયોના શરીરમાં રસની દ્વારા મૃત્યુનું જ્ઞાન વિધિ પૂર્વક કહેવામાં આવે છે. ૧૫

રસજ્ઞાન.

योरसःप्रकृतिस्थानांनराणांदेहसम्भवः । सएषांचरमेकालेविकारान्भजतेद्वयम् १६

સ્વસ્થ મનુષ્યોના શરીરમાં જેવો રસ હોય છે, તે મૃત્યુના સમયે એ પ્રકારે વિકારને પામે છે. ૧૬

कश्चिदेवास्यवैरस्यमत्यर्थमुपपद्यते । स्वादुत्वमपरश्चापिविपुलंभजतेरसः ॥१७॥

કોઇ કોઇ રસ બહુ દુસ્વાદુ થઈ જાય છે, અને કોઇ કોઇ રસ અત્યંત સ્વાદુ (મધુર) થઇ જાય છે. ૧૭

तमनेनानुमानेनविद्याद्विकृतिमागतम् । मनुष्योहिमनुष्यस्यकथंरसमवाप्नुयात् १८

મનુષ્ય મનુષ્યના શરીરના રસને કેવી રીતે જાણી શકે એથી કહેવામાં આવે છે કે વિકારને પ્રાપ્ત થએલ રસને અનુમાન દ્વારા જાણવા જોઇએ. ૧૮.

વિરસતાનું જ્ઞાન.

मक्षिकाश्चैवयूकाश्चदंशाश्चमशकैःसह । विरसादपसर्पन्तिजन्तोःकायान्मुमूर्षतः॥१९॥

જે મુમુર્ષુ (મરનાર) પુરૂષનો શરીરનો રસ, દુઃસ્વાદુ થઇ જાય છે તેના શરીર પરથી માખી, જુવો, ડાંસ તથા મચ્છર ચાલ્યાં જાય છે, (બેસતાં નથી).

મધરતાનું જ્ઞાન.

अत्यर्थरसिकंकायंकालपक्वस्यमक्षिकाः । अपिस्नातानुलिप्तस्यभृशमायान्तिसर्वशः २०

અને જે મુમૂર્ષુ પુરૂષના શરીરનો રસ બહુજ મધુર હોય છે, તે ગમે તેવી સારી રીતે ચંદન વિગેરે લેપ લગાવીને સ્નાન પણ કરે પરંતુ તેની શરીરપર માખીઓ બહુજ બેસે છે. ૨૦

तत्रश्लोकाः ।

यान्येतानिमयोक्तानिलिङ्गानिरसगन्धयोः । पुष्पितस्यनरस्यैतैःफलंमरणमादिशेत् २१

તેમાં આ શ્લોક છે, રસ તથા ગંધનાં આજે લક્ષણ હમે કહ્યાં તે લક્ષણોથી પુષ્પિત મનુષ્યનું મૃત્યું કહેવું જોઈએ. ૨૧.

इति चरक सं० इन्द्रि० पुष्पितकमिंद्रियं समाप्तम् ॥ २ ॥

ઇતિ ચરક સંહિતાના ઇંન્દ્રિયસ્થાનના પુષ્પિતકમિંદ્રિય નામનો બીજો અધ્યાય સમાપ્ત થયો.

तृतीयोऽध्यायः।

परिमर्षणीयम्।

अथातःपरिमर्षणीयमिन्द्रियंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः॥

હવે અમે પરિમર્ષણીય ઇન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

वर्णेस्वरेचगन्धेचरसेचोक्तंपृथक्पृथक्। लिङ्गंमुमूर्षतांसम्यक्स्पर्शेष्वपिनिबोधत॥१॥

પ્રથમ મુમૂર્ષુ (મરનાર) લોકોના વર્ણ, સ્વર, ગંધ, તથા રસમાં જે લક્ષણ થાય છે તે જુદાં જુદાં કહેવામાં આવ્યાં છે, હવે સ્પર્શમાં થનારાં લક્ષણો કહેવામાં આવે છે. ૧

स्पर्शप्राधान्येनआतुरस्यायुषःप्रमाणविशेषंजिज्ञासुःप्रकृतिस्थेनपाणिनाकेवलमस्यशरीरंस्पृशेत्। परिमर्षयेद्वान्येन॥ २॥

સ્પર્શદ્વારા રોગીના આયુષ્યનું પ્રમાણ જાણવાની ઇચ્છા કરનારા વૈદ્યે સ્વાભાવિક હાથ વડે રોગીના સંપૂર્ણ શરીરને સ્પર્શ કરવો, અથવા કોઇ બીજાને સ્પર્શ કરાવવો. ૨

સ્પર્શનાં લક્ષણ.

परिमृषतातुखलुआतुरशरीरमिमेभावास्तत्रावबोद्धव्याः। तद्यथा सततंस्पन्दनानांशरीरोद्देशानांस्तम्भः। नित्योष्मणांशीतीभावः। मृदूनांदारुणत्वम्। श्लक्ष्णानांखरत्वम्। सतामसद्भावःसन्धीनांस्रंसभ्रंशच्यवनानि। मांसशोणितयोर्वीतीभावः। दारुणत्वंस्वेदानुबन्धःस्तंम्भोवायच्चान्यदपिकिञ्चिदभृशविकृतमनिमित्तंस्यादितिलक्षणंस्पृश्यानांभावानाम्॥ ३॥

રોગીનો સ્પર્શ કરવાથી અંગે અંગની વાતો જાણવી જોઇએ જેવી કે, શરીરનાં જે જે સ્થાન હંમેશાં ફરકયાં કરે છે, તેનું બંધ (નહી ફરકવું) થવું, જે હંમેશાં ગરમ રહે છે તેનું ઠંડું પડી જવું, જે હંમેશાં મૃદુ રહે છે તેનું ભયાનક થઇ જવું, જે હંમેશાં ચિકણું રહે છે તેનું ખરસટ થઈ જવું, જે હંમેશાં કાયમ રહે છે તેનું ન રહેવું, સાંધાનું શિથિલ થઈ જવું, પડી જવું તથા ગળી જવું, માંસ તથા લોહિનું નિસ્તેજ થઈ જવું, દારૂણ થઇ જવું, હંમેશાં પરસેવો નીકળવો અથવા જકડાઇ જવું, અને અન્ય અકારણ વિકાર. આ સર્વ સ્પર્શ કરવાને યોગ્ય સ્થાનોનાં અશુભ લક્ષણ છે. ૩

વિસ્તાર પુર્વક સ્પર્શનું લક્ષણ.

त[illegible]यासतोऽव्याख्यास्यामः। तस्यचेत्परिहस्यमानंपृथक्त्वेनपादजङ्घोरुस्फिग्दरपार्श्वपृष्टेषिकापाणिग्रीवाताल्वोष्ठेललाटंस्विन्नंशीतंप्रस्तब्धं[illegible]रुणंवातमांसशोणितंवास्यात्परासरयंपुरुषानचिरा[illegible]का[illegible]तिविद्यात्॥ ४॥

હવે સ્પર્શ કરવાને યોગ્ય અંગોનું વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવે છે. જો

રોગીના જુદા જુદા અંગે સ્પર્શ કરવાથી, પગ, ઘુંટણુ, જાંગ, નિતંબ, ઉદર, પાંસળી, પીઠને વાંસો હાથ, ગરદન, તાળવું, હોઠ તથા લલાટ પરસેવાવાળાં, શીતળ, સ્તબ્ધ, દારૂણુ અથવા માંસ તથા લોહીથી રહિત જણાય તો જાણવું જોઈએ કે, આ રોગી જલ્દીજ મરી જશે. ૪

तस्यचेत्परिदृश्यमानानिपृथक्त्केनगुल्फजानुवंक्षणगुदवृषणमेढ्रनाभ्यंसस्तनमणिक-हनुस्पर्शुकानासिकाकर्णाक्षिभ्रूशंखादीनिस्रस्तानिव्यस्तानिच्युतानिस्थानेभ्यः स्युःपरासुरयंपुरुषोनचिरात्कालंकरिष्यतीतिविद्यात् ॥ ५ ॥

જો રોગીના અંગોને જુદા જુદા સ્પર્શ કરવાથી ઢાંકણી, ઘુંટણુ, વંક્ષણુ (જંઘાના સાંધા) ગુદા, અંડકોશ, ડુંટી, ખભા, સ્તન, મણિક (હાથ તથા પગના સાંધા) ગુદા, નાક, કાન, નેત્ર, ભ્રકુટી, તથા શંખ (માથાનું હાડકું) વિગેરે અંગ શિથિલ વ્યસ્ત (જુદાં જુદાં થઈ ગયેલાં) તથા ચ્યુત (પડેલાં) જણાય તો જાણવું જોઇએ કે, આ રોગી જલ્દીજ મરી જશે. ૫

तथास्योच्छ्वासमन्यादन्तपक्ष्मचक्षुःकेशलोमोदरनखांगुलीरालक्षयेत् । तस्यचेदुच्छ्वासोऽतिदीर्घःअतिह्रस्वोवास्यात्परासुरितिविद्यात् । तस्यचेन्मन्येपरिदृश्यमानेनस्पन्देयातांपरासुरितिविद्यात् । तस्यचेद्दन्ताःप्रतिकीर्णाःश्वेतजाताःशर्कराःस्युः परासुरितिविद्यात् । तस्यचेत्पक्ष्माणिजटाबद्धानिस्युःपरासुरितिविद्यात् ।तस्यचेच्चक्षुषीप्रकृतिहीनेविकृतियुक्तेअव्युत्पिण्डितेअतिप्रविष्टेअतिजिह्मेअतिविषमे अतिप्रस्रुतेअतिविमुक्तबन्धनेसततोन्मेषितेसततनिमेषितेनिमेषोन्मेषातिप्रवृत्तविभ्रान्तदृष्टिकेविपरीतदृष्टिकेहीनदृष्टिकेव्यस्तदृष्टिकेनकुलान्धेकपोतान्धेअलातवर्णेकृष्णनीलपीतश्यावताम्रहरितहारीद्रशुक्लवैकारिकाणां वर्णानामन्यतमेनाभिसंप्लुतेवास्यातांपरासुरितिविद्यात् ॥ ६ ॥

રોગીના શ્વાસ, મન્યા (ગળાની પાછળની નસ) દાંત, પક્ષ્મ, આંખ, વાળ, રૂવાંટી, પેટ, નખ, તથા આંગળીઓ જોવી. જો રોગીને શ્વાસ બહુજ અધિક અથવા બહુજ થોડો ચાલતો હોય તો જાણવું જોઇએ કે આ રોગી મરી જશે. જો રોગી ગળાની પાછળની નસને સ્પર્શ કરવાથી ચાલતી ન જણાય, તો જાણવું જોઈએ કે, એ રોગી મરી જશે, જો રોગીના દાંત મેલથી ભરેલા, શ્વેત તથા શર્કરાવાળા જણાય તો જાણવું જોઇએ કે આ રોગી મરી જશે, જો રોગીના પક્ષ્મ જટાની માફક બંધાઇ જાય તો, જાણવું જોઇએ કે રોગી મરી જશે. જો રોગીનાં નેત્ર, પ્રકૃતિ રહિત, વિકારવાળાં, બહુજ બહાર નિકળેલાં, બહુજ અંદર ગયેલાં, બહુજ ઠંડાં, અતિ વિષમ, અતિ આંસુવાળાં, બહુજ શિથિલ, હંમેશાં ખુલેલાં, હંમેશાં બંધ, બહુજ ખુલેલાં, તથા બંધ જણાય, ભ્રાંતિવાળી દૃષ્ટિવાળાં, વિપરિત દૃષ્ટિવાળાં, હીનદૃષ્ટિવાળાં, વ્યાકુલ દૃષ્ટિવાળાં, નુકુલાન્ધ (દિવસે સર્વ પદાર્થોને ધોળા દેખે) કપોતાન્ધ (દિવસે સર્વ વસ્તુઓને કાળી જુવે) કોયલા જેવા કાળા, લીલા, પીળા,

સ્યામ, તામ્ર વર્ણના, હરમો, હળદરનારંગ, યા સફેદ આ સર્વ વર્ણોમાંથી કોઇ એક વર્ણ-વાળો હોય તો જાણવું જોઈએ કે આ રોગી મરી જશે. ૬.

કેશ પરીક્ષા.

अथास्यकेशलोमान्यायच्छेत्तस्यचेत्केशलोमान्यायम्यमानानिप्रलुच्येरन्नचेद्वेदयेत्परासुरितिविद्यात् ॥ ७ ॥

જો રોગીના કેશ તથા રૂવાંટી ઉખાડવાથી ઉખડી જાય, અને રોગીના જાણવામાં ન આવે તો જાણવું જોઇએ કે તે મરી જશે. ૭

ઉદર પરીક્ષા.

तस्यचेदुदरेशिराःप्रदृश्येरन्, श्यावताम्रनीलहारिद्रशुक्लावास्युःपरासुरितिविद्यात् ८

જો રોગીના ઉદરમાં કાળા, લાલ, લીલા, પીળા, તથા ધોળા રંગની નસો દેખાય તો જાણવું કે તે રોગી મરી જશે. ૮

નખ પરીક્ષા.

तस्यचेन्नखावीतमांसशोणिताःपक्वजाम्बववर्णाःस्युःपरासुरितिविद्यात् ॥ ९ ॥

જો રોગીના નખ, માંસ તથા રૂધિરથી હીન હોય અને પાકા જાંબુડાના સરખા રંગવાળા હોય તો જાણવું કે તે રોગી મરી જશે. ૯

આંગળીઓની પરીક્ષા.

अथास्यांगुलीरायच्छेत्तस्यचेदंगुलयआयम्यमानानचेत्स्फुटेयुःपरासुरितिविद्यात् १०

જો રોગીની આંગળીઓ ખેંચવાથી તડાકા ન બોલે તો જાણવું કે તે રોગી મરી જશે. ૧૦

भवति चात्र ।

एतान्स्पृश्यान्बहून्भावान्यःस्पृशन्नावबुध्यते । आतुरेनससम्मोहमायुर्ज्ञोनस्यगच्छति ११

તેમાં આ શ્લોક છે, જે વૈદ્ય સ્પર્શ કરવાને યોગ્ય આ અંગોને સ્પર્શ કરીને જાણે છે, તે આવરદાના જ્ઞાનમાં મોહિત થતા નથી. ૧૧

इति चरकसंहितायामिन्द्रियस्थाने परिमर्शनीयमिंद्रियं समाप्तम् ॥ ३ ॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિયસ્થાનનો પરિમર્શનીયમિંદ્રિય નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત થયો. ॥ ૩ ॥

चतुर्थोऽध्यायः ।

इन्द्रियानीकम् ।

अथात न्द्रियानीकमिंद्रियंव्याख्यास्याम इतिहस्माह भगवानात्रेयः ॥

હવે અમે ઇંદ્રિયાનીક ઇંદ્રિયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

इन्द्रियाणियथाजन्तोःपरीक्षेतविशेषवित् । ज्ञातुमिच्छन्प्रमाणमायुषस्तन्निबोधत

વિશેષ જાણનારા વૈદ્યો આયુષ્યના પ્રમાણને જાણવાને માટે જે પ્રકારે ઇન્દ્રિયોની પરીક્ષા કરે છે તે હવે સાંભળો. ૧

अनुमानात्परीक्षेतदर्शनादीनितत्त्वतः । अद्धाहिविदितंज्ञानमिन्द्रियाणामतीन्द्रियम् ॥ २ ॥ स्वथेभ्योविकृतंयस्यज्ञानमिन्द्रियसम्भवम् । आलक्ष्येतानिमित्तेनलक्षणं-मरणस्यतत् ॥ ३ ॥

ઇન્દ્રિયોનું જ્ઞાન, અતિન્દ્રિય (ઇન્દ્રિયોથી નહિ જાણવા યોગ્ય) હોય છે, એથી દર્શનાદિ ઇન્દ્રિયોની પરીક્ષા અનુમાન વડે કરવી. ૨

સ્વસ્થતાના કરતાં જેની ઇન્દ્રિયોનું જ્ઞાન કોઈ કારણ વગરજ વિકારને પ્રાપ્ત થયેલું જણાય તેનું મૃત્યું થનારૂં છે, તે જાણવું જોઇએ. ૩

इत्युक्तंलक्षणंसर्वमिन्द्रियेष्वशुभोदयम् । तदेवतुपुनर्भूयोविस्तरेणनिबोधत ॥ ४ ॥

આ સંપૂર્ણ ઇન્દ્રિયોના અરિષ્ટ લક્ષણ સંક્ષેપથી કહેવામાં આવ્યાં, હવે તેને વિસ્તાર-પૂર્વક શ્રવણ કરો. ૪

घनीभूतमिवाकाशमाकाशमिवमेदिनीम् । विगीतंह्युभयंह्येतत्पश्यन्मरणमृच्छति ॥५॥

જે મનુષ્ય આકાશની માફક પૃથ્વીને શૂન્ય જુવે છે, અને આકાશ ને પૃથ્વીના જેવા પદાર્થોથી ભરેલું જુવે છે તેનું મૃત્યુ થાય છે. ૫

यस्यदर्शनमायातिमारुतोऽम्बरगोचरः । अग्निर्नायातिवादीप्तस्तस्यायुःक्षयमा-दिशेत् ॥ ६ ॥

જે મનુષ્યને આકાશમાં વાયુ દેખવામાં આવે, અને બળતો અગ્નિ જોવામાં ન આવે તેનો આયુષ્ય ક્ષીણ થયો છે એમ જાણવું જોઇએ. ૬

जलेसुविमलेजालमजालावततेतथा । स्थितेगच्छतिवादृष्ट्वाजीवितात्परिमुच्यते॥७॥

જે મનુષ્ય વહેતા અથવા સ્થિર નિર્મળ જળમાં, જાળ ન હોય છતાં જળમાં જાળ દેખે તો તે જીવતો નથી. ૭

जाग्रत्पष्यतियःप्रेतान्रक्षांसिविविधानिच । अन्यद्वाप्यद्भुतंकिंचिन्नसजीवितुमर्हति ८

જે મનુષ્ય જાગતો છતાં પણ પ્રેત, અનેક પ્રકારના રાક્ષસ, અથવા અન્ય કોઈ અદ્-ભૂત વસ્તુ દેખે છે, તે મરી જાય છે. ૮

योऽग्निंप्रकृतिवर्णस्थंनीलंपश्यतिनिष्प्रभम् । कृष्णंवायदिवाशुक्लंनिशांसतसप्तमीम् ९

જે મનુષ્ય સ્વાભાવિક અગ્નિને લીલો, પ્રભારહિત, કાળો અથવા ધોળો દેખે છે તે સાત દિવસ પછી મરી જાય છે. ૯

मरीचीनसतोमेघान्मेघान्वाप्यसतोऽम्बरे । विद्युतोवाविनामेघैः पश्यन्मरणमृच्छति १०

જે મનુષ્ય વરસાદ ન હોવા છતાં પણ આકાશમાં, મેઘ, (વરસાદ) ને જુવે છે અને મેઘના સિવાય વિજળીને જુવે છે તે મરી જાય છે. ૧૦

मृण्मयीमिवयःपात्रींकृष्णाम्बरसमावृताम् । आदित्यमीक्षतेशुक्लंचन्द्रंवानसजीवति ११

જે મનુષ્ય શુદ્ધ, સૂર્ય તથા ચંદ્રમાને કાળા વસ્ત્રથી ઢાંકેલી માટીના પાત્રના જેવો દેખે છે તેનું મૃત્યું થઈ જાય છે. ૧૧

अपर्वणियदापश्येत्सूर्याचन्द्रमसोर्ग्रहम् । अव्या [illegible] वितोवातदन्तंतस्यजीवनम्१२

જે મનુષ્ય અમાસ તથા પૂર્ણિમાના સિવાય સૂર્ય તથા ચંદ્રમાનું ગ્રહણ દેખે છે તે રોગી હોય નિરોગી હોય તો પણ અવશ્ય મત્યુ પામે છે. ૧૨

नक्तंसूर्यमहश्चन्द्रमनग्नौधूममुत्थितम् अग्निंवानिष्प्रभंसत्रौदृष्ट्वामरणमृच्छति ॥१३॥

જે મનુષ્ય રાત્રિએ સૂર્ય, દિવસે ચંદ્રમા, અગ્નિરહિત પદાર્થોમાં ધુમાડી, અથવા રાત્રિએ પ્રભારહિત અગ્નિને દેખે છે તે મરી જાય છે. ૧૩

प्रभावतःप्रभाहीनान्निष्प्रभावान्प्रभावतः । नराविलिङ्गान्पश्यन्तिभावान्प्राणाञ्जिहासवः ॥ १४ ॥

જે મનુષ્ય પ્રભાવાળા પદાર્થોને પ્રભારહિત અને પ્રભારહિત પદાર્થોને પ્રભાવાળા, અને જે પદાર્થનાં જે લક્ષણ હોય તેથી રહિત તેને દેખે તો તે મરી જાય છે. ૧૪

व्याकृतातिविवर्णानिविसंख्योपगतानिच । विनिमित्तानिपस्यन्तिरूपाण्यायुःक्षयेनराः ॥ १५ ॥

જે મનુષ્ય વિના કારણે ફેલાયલાં, વિવર્ણ તથા વિપરીત સંખ્યાવાળાં રૂપોને દેખે છે, તે મરી જાય છે. ૧૫.

यश्चपस्यत्यदृस्यान्वैदृस्यान्यश्चनपस्यति । तावुभौप[illegible]यतः क्षिप्रंयमक्षयमसंशयम् १६

જે મનુષ્ય અદશ્ય રૂપોને જુવે છે, અને જે મનુષ્ય દશ્ય રૂપોને દેખતા નથી તે બંને પ્રકારના મનુષ્ય બહુજ જલ્દી યમાલયને પામે છે. ૧૬.

કર્ણેન્દ્રિય દ્વારા પરીક્ષા.

अशब्दस्यचयःश्रोताशब्दान्यश्चनबुध्यते । द्वावप्येतौयथाप्रेतौतथाज्ञेयौविजानता१७

જે મનુષ્ય શબ્દના વિનાજ શબ્દ સાંભળે છે, અને જે મનુષ્ય શબ્દ થવા છતાં પણ સાંભળતો નથી તે બંને પ્રકારના મનુષ્યો મરનાર જાણવા જોઇએ. ૧૭.

संवृत्याङ्गुलिभिःकर्णौज्वालाशब्दंयआतुरः । नशृणोतिगतासुंतं [illegible]द्धिमान्परिवर्जयेत् ॥ १८ ॥

જે મનુષ્ય રોગી આંગળીઓથી પોતાના કાનોને બંધ કરવાથી જવાલા શબ્દ (કાનને બંધ કરવાથી જે એક પ્રકારનો હમહમાટ સંભળાય છે તે) ને સાંભળતા નથી, તે રોગીને બુદ્ધિમાન વૈદ્યે અસાધ્ય જાણીને તેની ચિકિત્સા નહીં કરવી જોઇએ. ૧૮.

નાસિકાદ્વારા પરીક્ષા.

विपर्ययेणयोविद्यादृगंधानांसाध्वसाधुताम् । नवातान्सर्वशोविद्यात्तंविद्याद्विगतायुषम् ॥ १९ ॥

જે રોગી સુગંધિને દુર્ગંધિ અને દુર્ગંધિને સુગંધિ જાણે, અથવા ગંધોને જાણી ન શકે તેનું મૃત્યું નજીકજ જાણવું જોઇએ. ૧૯.

ત્વચા દ્વારા પરીક્ષા.

योरसान्नविजानातिनवाजानातितत्त्वतः । मुखपाकादृतेपक्वंतमाहुः कुशलान-रम् ॥ २० ॥

કોઇ મુખરોગ સિવાયજ જે રોગીને સોનું જ્ઞાન ન થાય અથવા રસોનું બરોબર જ્ઞાન ન થાય તેનું મૃત્યુ નજીક આવેલું જાણવું. ૨૦.

उष्णाञ्छीतान्खराञ्छक्ष्णान्मृदूनपिचदारुणान् । स्पर्शान्स्पृष्ट्वाततोऽन्यत्वंमुमूर्षुस्तेषुमन्यते ॥ २१ ॥

જે રોગીને ગરમ, ઠંડી, ખરસટ, ચીકણી, કોમળ તથા દારૂણ વસ્તુઓનો સ્પર્શ કરવાથી વિપરીત જ્ઞાન થાય તેનું મૃત્યું નજીક જાણવું જોઇએ. ૨૧.

अन्तरेणतपस्तीव्रंयोगंवाविधिपूर्वकम् । इन्द्रियैरधिकंपश्यन्पञ्चत्वमधिगच्छति।२२।

જે મનુષ્ય તીવ્રતપ, અથવા વિધિ પૂર્વક યોગના સિવાય અતીન્દ્રિય (જે ઇન્દ્રિયોથી જાણી ન શકાય) પદાર્થોને જુવે છે તે અવસ્ય જલ્દીજ મરી જાય છે. ૨૨.

इन्द्रियाणामृतेदृष्टेरिन्द्रियार्थानपश्यति। विपर्ययेणयोविद्यात्तंविद्याद्विगतायुषम् ॥२३

કોઇ દોષના વિના પણ જો કોઇને ઇન્દ્રિયોના જ્ઞાન સિવાય વિષયોનું જ્ઞાન થાય તો તેનું મૃત્યુ નજીક સમજવું જોઇએ. ૨૩.

स्वस्थाःप्रज्ञाविपर्यासैरिन्द्रियार्थेषुवैकृतम् । पश्यन्तियेऽसदृहुशस्तेषांमरणमादिशेत् ॥ २४ ॥

જે સ્વસ્થ મનુષ્ય બુદ્ધિના વિપરીત થઇ જવાથી ઇન્દ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોમાં વિકારને દેખે છે. તે જલ્દીજ મરી જાય છે. ૨૪.

तत्रश्लोकाः।

एतदिन्द्रियविज्ञानंयःपश्यतियथातथा । मरणंजीवितंचैवतत्सभिषक्ज्ञातुमर्हति।२५।

તેમાં આ શ્લોક છે, જે વૈદ્ય ઇન્દ્રિયોના આ જ્ઞાનને યથાવત્ જાણી શકે છે તે મરણ તથા જીવનને જાણી શકે છે. ૨૫.

इति चरकसंहितायामिन्द्रि० इंद्रियानीकमिंद्रियं समाप्तम् ॥ ४ ॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિય સ્થાનનો ઇંદ્રિયાનીકમિંદ્રિયં નામનો ચોથો અધ્યાય સમાપ્ત થયો. ૪.

पञ्चमोऽध्यायः।

पूर्व रूपीयम्।

अथातः पूर्वरूपीयमिंद्रियं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે પૂર્વરૂપીય ઇન્દ્રિયની વ્યાખ્યા કરીએ છીએ. એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

पूर्वरुपाण्यसाध्यानांविकाराणांपृथकपृथक ।। भिन्नाभिन्नानिवक्ष्यामोभिषजांज्ञानवृद्धये ॥ १ ॥

વૈદ્યોના જ્ઞાનની વૃદ્ધિને માટે અસાધ્ય રોગોનાં ભિન્ન તથા અભિન્ન પૂર્વ રૂપ જુદાં જુદાં કહીએ છીએ. ૧.

पूर्वरूपाणिसर्वाणिज्वरोक्तान्यतिमात्रया । यंविशन्तिविशत्येनंमृत्युर्ज्वरपुरःसरः॥२॥

નિદાનસ્થાનમાં જે જ્વરનાં પૂર્વ રૂપ કહેવામાં આવ્યાં છે તે સર્વ પૂર્વ રૂપ બહુજ અધિકતાથી જે પુરૂષમાં પ્રાપ્ત હોય છે તેને જ્વરની સાથે મૃત્યુ પણ પ્રાપ્ત થયું છે એમ જાણવું જોઇએ. ૨.

अन्यस्यापिचरोगस्यपूर्वरूपाणियं नरम् । विशन्त्येतेनकल्पेनतस्यापिमरणंध्रुवम्॥३॥

એજ પ્રકારે બીજા રોગોમાં પણ પૂર્વ રૂપ જે પુરૂષને પ્રાપ્ત હોય તેનું પણ અવશ્ય મૃત્યુ થનારૂં છે, એમ જાણવું જોઇએ. ૩

पूर्वरूपैकदेशांस्तुवक्ष्यामोऽन्यान् सुदारुणान् । यरोगाननुबध्नन्तिमृत्युर्यैरनुबध्यते॥४॥

એ ઉપરાંત પૂર્વ રૂપોના ભયંકર અંશ કે જે અંશ રોગોની સાથે પ્રથમ રહે છે, અને મૃત્યુ તેની સાથે રહે છે, તે કહેવામાં આવે છે. ૪.

बलञ्चहीयतेयस्यप्रतिश्यायश्चवर्द्धते । तस्यनारीप्रसक्तस्यशोषोन्तायोपजायते॥५॥

જે પુરૂષનું બળ ક્ષીણ થતું જાય અને પ્રતિ શ્યામ (કામ) વધતું જાય, અને તે પુરૂષ, સ્ત્રી સંગ કરતો રહે તો તે પુરૂષને શોષ રોગ (ક્ષય) મૃત્યુને માટે ઉત્પન્ન થાય છે. ૫.

श्वभिरुष्ट्रैःखरैर्वापियातियोदक्षिणांदिशम् । स्वप्नेयक्ष्माणमासाद्यजीवितंसविमुञ्चति६

જે મનુષ્ય સ્વપ્નમાં કુતરાં, ઉંટ કે ગધેડાપર સ્વાર થઇને દક્ષિણ દિશાએ જાય છે તેને તુરતજ યક્ષ્મા (ક્ષય) રોગ થઇને પ્રાણનો નાશ કરે છે. ૬

प्रेतैःसहपिबेन्मद्यंस्वप्नेयःकृष्यतेशुना । सघोरंज्वरमासाद्यनजीवेन्नचसृज्यते ॥७॥

જે મનુષ્ય સ્વપ્નમાં પ્રેતોની સાથે મદ્ય પીવે છે, અથવા કુતરાં ઘસડી જાય છે એમ દેખે છે તેનું ઘોર જ્વરથી મૃત્યુ થાય છે. ૭

लाक्षारक्ताम्बराभं यःपश्यत्यम्बरमन्तिकात् । सरक्तपित्तमासाद्यतेनैवान्तायनीयते ८

જે મનુષ્ય સ્વપ્નમાં આકાશને લાખના રંગથી રંગેલા વસ્ત્રના જેવું દેખે છે તે જલ્દી રકતપિત્ત રોગથી મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૮

रक्तस्त्रग्रक्तसर्वांगोरक्तवासामुहुर्हसन् । यःस्वप्नेह्रियतेनार्य्यासरक्तंप्राप्यसीदति॥९॥

જે મનુષ્ય સ્વપ્નમાં લાલ માળા તથા લાલ વસ્ત્ર પહેરીને સંપૂર્ણ શરીરમાં લાલ રંગનો બનીને વારંવાર હસતો છતાં કોઈ સ્ત્રીથી હારી જાય છે તે રકતપિત્ત રોગથી મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૯

शूलाटोपान्त्रकूजाश्चदौर्बल्यंचातिमात्रया । नखादिषुचवैवर्ण्यगुल्मेनान्तकरोग्रहः१०॥

જે મનુષ્યને શુળ, આફરો, પેટની અંદર ગડગડાટ, દુર્બળતા, અને નખાદિ અંગોમાં વિવર્ણતા પ્રાપ્ત થાય તે મનુષ્ય ગુલ્મ રોગથી મરી જાય છે. ૧૦

लताकण्टकिनीयस्यदारुणाहृदिजायते। स्वप्नेगुल्मस्तमन्तायक्रूरोविशतिमानवम्॥११

સ્વપ્નમાં જે મનુષ્યના હૃદયમાં કાંટાવાળી લતા ઉત્પન્ન થાય છે, તે મનુષ્ય ગુલ્મ રોગથી મૃત્યુને પામે છે. ૧૧

कायेऽल्पमपिसंस्पृष्टंसुभृशंयस्यदीर्य्यते। क्षतानिचनरोहन्तिकुष्ठैर्मृत्युर्हिनस्तितम्॥१२॥

જે મનુષ્યનું શરીર સાધારણ વસ્તુના સ્પર્શથીજ ફાટી જાય છે, અને ઘા પડીને સૂકાતો નથી, તે મનુષ્ય કોઢ રોગથી મૃત્યુ પામે છે. ૧૨

नग्नस्याज्यावसिक्तस्यजुहतोऽग्निमनार्चिषम्। पद्मान्युरसिजायन्तेस्वप्नेकुष्ठैर्मरिष्यतः

જે મનુષ્ય સ્વપ્નમાં નાગો થઇને શરીરે ઘી લગાવીને જ્વાલારહિત અગ્નિમાં હવન કરે છે, અને પોતાના હૃદયમાં કમળ ઉત્પન્ન થયેલું જુવે છે, તે કોઢ રોગથી મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૧૩

स्नातानुलिप्तगात्रेऽपियस्मिन्गृध्नन्तिमक्षिकाः। सप्रमेहेणसंस्पर्शंप्राप्यतेनैवहन्यते॥१४॥

સ્નાન કરીને ચંદનાદિ સુગંધિત વસ્તુઓનો લેપ કરવા છતાં પણ જે મનુષ્યના શરીર પર માખીયો બહુજ બેસે છે તે પ્રમેહ રોગવાળો થઈ મૃત્યુને પામે છે. ૧૪

स्नेहंबहुविधंस्वप्नेचण्डालैःसहयःपिबेत्। बुध्यतेसप्रमेहेणस्पृश्यतेऽन्तायमानवः॥१५॥

જે મનુષ્ય સ્વપ્નમાં ચાન્ડાલોની સાથે અનેક પ્રકારના સ્નેહને પીઇને બંધનને પામે છે, તે પ્રમેહ રોગથી મૃત્યુને પામે છે. ૧૫

ध्यानायासौतथोद्वेगोमोहश्चास्थानसम्भवः। अरतिर्बलहानिश्चमृत्युरुन्मादपूर्वकः॥१६॥

જે મનુષ્યને વિના કારણે, ધ્યાન, ઉદ્વેગ, મોહ, બેચેની અને નિર્બલતા પ્રાપ્ત થાય તે ઉન્માદ રોગથી મરી જાય છે. ૧૬

आहारद्वेषिणंपश्यल्लुँप्तचित्तमुदर्दितम्। विद्याद्धीरोमुमूर्षुतमुन्मादेनातिपातिना॥१७॥

જે મનુષ્ય આહારથી દ્વેષ કરતો હોય, જ્ઞાન શુન્ય હોય અને ઉદર્દ રોગવાળો હોય તે ઉન્માદ રોગથી મરી જાય છે. ૧૭

क्रोधनंत्रासबहुलंसकृत्प्रहसिताननम्। मूर्च्छापिपासाबहुलंहन्त्युन्मादःशरीरिणम् १८

ક્રોધી, બહુજ બીકણુ, બહુજ હસનાર, અને મૂર્છા તથા તૃષાથી બહુજ વ્યાકુલ મનુષ્ય ઉન્માદ રોગથી મૃત્યુને પામે છે. ૧૮

नृत्यन्रक्षोगणैःसार्द्धंयःस्वप्नेऽम्भसिसीदति । सप्राप्यभृशमुन्मादंयातिलोकमतः१९ परम् ॥ १९ ॥

જે મનુષ્ય સ્વપ્નમાં રાક્ષસોની સાથે નૃત્ય કરીને જળમાં ડુબે છે તે ઉન્માદ રોગથી જલ્દીજ મૃત્યુને પામે છે. ૧૯

असत्तमःपश्यतियःश्रृणोत्यप्यसतःस्वरान्। बहून्बहुविधाञ्जाग्रत्सोऽपस्मारेणबध्यते॥२०

જે મનુષ્ય જાગતો હોવા છતાં પણ અંધકાર વિનાજ અંધકારને જુવે છે, અને શબ્દોના વિનાજ અનેક પ્રકારના શબ્દોને સાંભળે છે તે મૃગી રોગથી મૃત્યુને પામે છે. ૨૦

मत्तंनृत्यन्तमाविध्यप्रेतोहरतियंनरः । स्वप्नेहरातितंमृत्युरपस्मारपुरःसरः ॥२१॥

જે મનુષ્ય સ્વપ્નમાં ઉન્મત્ત થઇને નાચતા પ્રેતોની દ્વારા બંધાઇને હરાઈ જાય છે, તે મૃગી રોગથી મૃત્યુને પ્રાપ્ત થાય છે. ૨૧

स्तभ्येतेप्रतिबुद्धस्यहनू मन्येलोचने । यस्यतंबहिरायामोगृहीत्वाहन्त्यसंशयम् ॥२२॥

સુઇને જાગેલા જે મનુષ્યનાં નેત્ર, જડબાં તથા ગળાની પાછળની નસ જકડાઇ જાય છે તે બહિરાયામ નામના વાત વ્યાધિથી મૃત્યુને પામે છે. ૨२

शष्कुलीरप्यपूपान्वस्वप्नेखाद [illegible]ः। सचेत्तादृक्छर्दयतिप्रतिबुद्धोनजीवति॥२३॥

જે મનુષ્ય સ્વપ્નમાં પુરીયો અને પુંવાને ખાય છે અને જાગીને તેવીજ ઉલટી કરે છે, તે જલ્દીજ મૃત્યુને પામે છે. ૨૩

एतानि पूर्वरूपाणियःसम्यगवबुद्ध्यते।सएषाम् बन्धश्चफलश्चज्ञातुमर्हति ॥२४॥

જે વૈદ્ય આ પૂર્વ રૂપોને સારી રીતે જાણે છે તે તેના અનુબંધ (પછી થનારા રોગ) તથા ફળને જાણી શકે છે. ૨૪

यइमांश्चापरान्स्वप्नान्दारुणानुपलक्षयेत्। व्याधितानांविनाशायक्लेशायमहतेऽपिवा॥२५॥

જે વૈદ્ય રોગીયોનો નાશ કરનારા તથા અત્યંત કલેશ દેનારાં આ સ્વપ્નોને તથા અન્ય ભયંકર સ્વપ્નોને જાણે છે તે અનુબંધ તથા ફળને જાણી શકે છે. ૨૫

[illegible]ङ्गेजायन्तेवंशगुल्मलतादयः । वयांसिचविलीयन्तेस्वप्नेमौढ्यमियाच्चयः ॥ २६ ॥ गृध्रोलूकस्वकाकाद्यःस्वप्नेयःपरिवार्यते । रक्षःप्रेतपिशाचस्त्रीचण्डालद्रविडान्धकैः ॥ २७ ॥ वंशवेत्रलतापाशतृणकण्टकसङ्कटे । प्रमुह्यतिहियः- स्वप्नेलगतिप्रपतत्यपि ॥ २८ ॥ भूमौपांशूपधानायांवल्मीकेवाथभस्मनि । स्म- [illegible]नेश्वभ्रेस्वप्नेयःप्रपतत्यपि ॥ २९ ॥ कलुषेऽम्भसिपङ्केचकूपेवातयसावृते । स्वप्नेमज्जतिशीघ्रेणस्रोतसाह्रियतेचयः ॥ ३० ॥ स्नेहपानंतथाभ्यङ्गः स्वप्नेबन्धपराजयौ । हिरण्यलाभःकलहःप्रच्छर्दनविरेचने ॥ ३१ ॥ उपानद्युगनाशश्चप्रपातःपांशुचर्मणोः । हर्षस्वप्नेप्रकुपितैःपितृभिश्चापिभर्त्सनम् ॥ ३२ ॥ दन्[illegible]न्द्रार्कनक्षत्रदेवतादीपचक्षुषाम् । पतनंवाविनाशोवास्वप्नेभेदोनगस्यवा॥३३॥ रक्तपुष्पंवनंभूमिंपापकर्मालयंचिताम् । गुहान्धकारसम्बाधंस्वप्नेयः प्रविशत्यपि ॥ ३४ ॥ रक्तमालीहसन् चैर्दिग्वासादक्षिणांदिशम् । दारुणामटवींस्वप्ने कपियुक्तःप्रयातिवा ॥ ३५ ॥ कषायिणामसौम्यनां [illegible]दण्डधारिणाम् । कृष्णानांरक्तनेत्राणांस्वप्नेनेच्छन्तिदर्शनम् ॥ ३६ ॥ कृष्णापापानिराचारादीर्घकेशनखस्तनी । [illegible] ॥ ३७ ॥ इत्यन्येदारुणाःस्वप्ना- रोगीयैर्यातिपञ्चताम् । अरोगःसंशयंप्राप्य[illegible]दवाि[illegible]च्यते ॥ ३८ ॥

જે મનુષ્ય સ્વપ્નમાં પોતાના માથાપર વાંસ, ગુલ્મ, તથા લતા વિગેરેને ઉત્પન્ન થ-

ચેલી જુવે છે, અને પક્ષિયોને માથાપર બેસતાં દેખે છે, જે સ્વપ્નમાં માથું મુંડાવે છે, (૨૬) જે સ્વપ્નમાં શુદ્ધ, હોલો, કુતરો તથા કાગડા વિગેરે પશુ પક્ષિયોથી ઘેરાઇ જાય છે, અને રાક્ષસ, પ્રેત, પિશાચ, સ્ત્રી, ચાન્ડાલ, તથા દૈત્ય એનાથી ઘેરાઈ જાય છે, (૨૭) જે સ્વપ્નમાં વાંસ, નેતર, લતા, પાશ, તૃણુ તથા કાંટાના ઝુંડમાં પડે છે, ફસાય છે, તથા મોહિત થાય છે, ૨૮ જે સ્વપ્નમાં, ધુળવાળી પૃથ્વી, સાપના દરમાં, ભષ્મ, સ્મશાન અથવા ખાડામાં પડી જાય છે, (૨૯) જે સ્વપ્નમાં ઉંડા જળમાં, કાદવમાં અથવા અંધકારવાળા કુવામાં ડુબે છે, અને જે સ્વપ્નમાં વેગવાળી નદીમાં તણાઇ જાય છે, (૩૦) સ્વપ્નમાં સ્નેહપાન કરવું, તૈલાદિ લગાવવું, કેદમાં પડવું, હારવું, સોનું જડવું, કલહ થવો, દસ્ત થવો, (૩૧) જોડાનું ખોવાઈ જવું, ધૂળ તથા ચામડીનું પડવું, પ્રસન્ન થવું, કોપિત થયેલા પિતરોથી માર ખાવો, ૩૨ દાંત, ચંદ્રમા, સૂર્ય, નક્ષત્ર, દેવતા, દીપક, તથા નેત્રોનું ગરવું અથવા નષ્ટ થઇ જવું, પર્વતનું ફાટવું. (૩૩) લાલ ફુલોવાળા વનમાં, પાપ કર્મવાળા ગૃહોવાળી પૃથ્વીપર તથા અંધકારવાળી ગુફામાં પ્રવેશ કરવો. (૩૪) લાલ ફુલોની માળા પહેરીને હસતાં હસતાં વાંદરાઓની સવારી પર ચઢીને દક્ષિણુ દિશામાં અથવા દારૂણુ વનમાં જવું, (૩૫) ભગવાં વસ્ત્રોને પહેરીને ભયંકર સ્વરૂપવાળાં, નગ્ન, દન્ડધારી, કાળારંગના તથા લાલ નેત્રવાળા પુરૂષોને જોવા, (૩૬) અને કાળા રંગની, પાપિની, લાંબા કેશવાળી, મોટાં સ્તનવાળી, દીર્ઘ નખવાળી, નિન્દ્રિત, માળા તથા વસ્ત્ર પહેરેલી સ્ત્રીને જોવી, (૩૭) આ ભયંકર સ્વપ્ન જે રોગી જુવે તો મરી જાય અને જો નીરોગી પુરૂષ જુવે તો રોગથી બહુજ આકુળ વ્યાકુળ થઇને ઘણા કષ્ટથી ભાગ્યેજ નિરોગી થાય છે. ૩૮.

मनोवहानांपूर्णत्वाद्दोषैरतिबलैस्त्रिभिः। स्रोतसांदारुणान्स्वप्नान्कालेपस्यतिदारुणे॥ ३९॥ नातिप्रसुप्तःपुरुषःसफलानफलानपि। न्द्रियशेनमनसास्वप्नान्पस्यत्यनेकधा ॥ ४० ॥

અત્યંત બળવાન, વાત, પિત્ત તથા કફ આ ત્રણ દોષોથી જ્યારે મનને લઇ જનાર સ્રોત પૂર્ણ થઇ જાય છે ત્યારે મનુષ્યને ભયંકર સ્વપ્ન જણાવે છે, અને વખતે સૌમ્ય સ્વપ્ન જણાય છે. ૩૯.

બહુજ નહી સુતેલો પુરૂષ ઇન્દ્રિયોના સ્વામી મનની દ્વારા અનેક પ્રકારનાં સફળ તથા નિષ્ફળ સ્વપ્નોને જુવે છે. ૪૦

दृष्टंश्रुतानुभूतञ्चप्रार्थितंकल्पितंतथा। भाविकंदोषजञ्चैवस्वप्नंसप्तविधंविदुः॥४१॥

દૃષ્ટ, શ્રુત, અનુભૂત, પ્રાર્થિત, કલ્પિત, ભાવિક, અને દોષજ આ સાત પ્રકારનાં સ્વપ્ન હોય છે. ૪૧

तत्रपञ्चविधंपूर्वमफलंभिषगादिशेत्। दिवास्वप्नमतिह्रस्वमतिदीर्घञ्चबुद्धिमान्॥४२॥

તેમાંથી પ્રથમ પાંચ પ્રકારનાં સ્વપ્ન, દિવસનાં સ્વપ્ન, બહુજ નાનાં સ્વપ્ન, અને બહુજ મોટાં સ્વપ્ન આ સર્વ નિષ્ફળ થાય છે. ૪૨.

दृष्टःप्रथमरात्रेयःस्वप्नःसोऽल्पफलोभवेत्।नस्वपेद्यःपुनर्दृष्ट्वासस्द्यःस्यान्महाफल ॥४३

જે સ્વપ્ન રાત્રિના પ્રથમ ભાગમાં જણાય છે, તેનું ફળ સ્વલ્પ હોય છે, જે સ્વપ્નને જોઇને મનુષ્ય ફરી ન સુવે તે સ્વપ્ન મહા ફળદાયક થાય છે. ૪૩.

अकल्याणमपिस्वप्नंदृष्ट्वातत्रवयःपुनः। पश्येत्सौम्यंशुभाकारंतस्यविद्याच्छुभंफलम्४४

જે મનુષ્ય અશુભ સ્વપ્ન જોઇને પછી તે વખતે શુભાકાર ચંદ્રમાને જુવે તેને શુભ ફલ પ્રાપ્ત થાય છે. ૪૪

तत्र श्लोकाः।

पूर्वरूपाण्यथस्वप्नान्यइमान्वेत्तिदारुणान्। नसमोहादसाध्येषुकर्माण्यारभतेभिषक्४५

તેમા આ શ્લોક છે, જે વૈદ્ય પૂર્વ રૂપ તથા આ ભયંકર સ્વપ્નોને જાણે છે તે અજ્ઞાનથી અસાધ્ય રોગોની ચિકિત્સા કરતા નથી. ૪૫

इति चरकसंहितायामिन्द्रियस्थाने पूर्वरूपीयमिंद्रियंसमाप्तम् ॥ ५ ॥

ઇતિ ચરકસંહિતાના ઇન્દ્રિયસ્થાનના પૂર્વરૂપીયમિંદ્રિયં નામનો પાંચમો અધ્યાય સમાપ્ત થયો. ૫

षष्ठोऽध्यायः।

अथातः कतमानिशरीरीयमि न्द्रियंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે કતમાનિ શરીરીય ઇન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

कतमानिशरीराणिव्याधि[illegible]मुने। यानिवैद्यःपरिहरेत्तेषुकर्मनसिध्यति ॥१॥

અગ્નિવેશે ભગવાન્ આત્રેયજીને પૂછ્યું કે હે ભગવાન્! એવું કયું રોગી શરીર છે કે જેની ચિકિત્સા વૈદ્યે ન કરવી, અને જેની ચિકિત્સા કરવાથી કાંઇ ફળ પ્રાપ્ત થતું નથી.૧.

इत्यात्रेयोऽग्निवेशेनप्रश्नंपृष्टःसुदुर्वचम्। आचचक्षेयथातस्मैभगवंस्तन्निबोधमे ॥२॥

અગ્નિવેશના આ બહુજ કઠિન પ્રશ્નોને સાંભળીને ભગવાન્ આત્રેયજીએ તેનો જે પ્રકારે ઉત્તર આપ્યો છે તે સાંભળો. ૨.

यस्यवैभाषमाणस्यरुजत्यूर्ध्वमुरोभृशम्। अन्नश्चच्यवतेभुक्तंस्थितश्चापिनजीर्य्यति
बलश्चहीयतेयस्यतृष्णाचाभिप्रवर्द्धते। जायतेहृदिशूलश्चतंभिषक्परिवर्जयेत् ॥४॥

ભાષણ કરવાથી જે રોગીના હૃદયમાં બહુજ પીડા થાય, ખાધેલું અન્ન નીકળી જાય અને જો ન નીકળી જાય તો પચે નહીં; (૩) બળ ક્ષીણ થતું જાય, તૃષાની વૃદ્ધિ થાય. અને હૃદયમાં શૂળ થાય એવા રોગીની ચિકિત્સા બુદ્ધિમાન વૈદ્યે ન કરવી. ૪.

ત્યાજ્ય રોગોનાં લક્ષણ.

हिकागम्भीरजायस्यशोणितश्चातिसार्य्यते। नतस्मैभेषजंदद्यात्स्मरन्नात्रेयशासनम् ५

જે રોગીને ગંભીરજા નામની હીક્કા (હેડકી) આવતી હોય, અને ઝાડે લોહી પડતું હોય તે રોગીની ચિકિત્સા આત્રેયજીની આજ્ઞાનું સ્મરણ કરીને ન કરવી જોઇએ. ૫.

आनाहश्चातिसारश्चयमेतौदुर्बलंनरम् । व्याधितंविशतोरोगौदुर्लभंतस्यजीवितम्॥६॥

જે દુર્બળ રોગીને આફરો તથા અતિસાર આ બંને રોગ હોય તેનું જીવવું દુર્લભછે.૬

आनाहश्चैवतृष्णाचयमेतौदुर्बलंनरम् । विशतोविजहत्येनंप्राणानतिचिरान्नरम्॥७॥

જે દુર્બલ રોગીને આફરો તથા તૃષા આ બંને થયાં હોય તે જલ્દીજ મરી જાયછે. ૭

ज्वरःपौर्वाह्णिकोयस्यशुष्कःकासश्चदारुणः । ज्वरोयस्यापराह्णेतुश्लेष्मकासश्चदारुणः । बलमांसविहीनस्ययथाप्रेतस्तथैवसः ॥८॥

જેને હંમેશાં સવારમાં તાવ આવતો હોય, સુકી ખાંસી આવતી હોય અને સાંજે જ્વર તથા દારૂણ કફની સાથે ખાંસી આવતી હોય, અને બલ તથા માંસ ક્ષીણ થઇ ગયાં હોય તેને પ્રેતના સમાન જાણવા જોઇએ. ૮.

यस्यमूत्रंपुरीषञ्चग्रथितंसम्प्रवर्त्तते । निरूष्मिणोजठरिणःश्वसनोनसजीवति ॥९॥

જે ઉદરરોગીનું મૂત્ર તથા મળ ગાંઠોવાળું નીકળે, શરીર ગરમ ન હોય અને શ્વાસ આવવા લાગે તે જીવતા નથી, ૯.

श्वयथुर्यस्यकुक्षिस्थोहस्तपादंविसर्पति । ज्ञातिसंघंससंक्लिश्यतेनरोगेणहन्यते ॥१०॥

જે રોગીની કુખમાં થયેલ સોજો હાથ અને પગમાં ફેલાય છે તે પોતાના કુટુંબિઓને કલેશ આપીને તેજ રોગથી મરી જાય છે. ૧૦.

श्वयथुर्यस्यपादस्थस्तथास्रस्तेचपिण्डिके । सीदतश्चाप्युभेजंघेतंभिषक्परिवर्जयेत् ११

જેના પગોમાં સોજો હોય, પિંડલિયો શિથિલ થઇ ગઈ હોય, અને બંને જાંગો શૂન્ય થઈ ગઇ હોય, તે રોગીની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૧.

शूनहस्तंशूनपादंशूनगुह्योदरंनरम् । हीनवर्णबलाहारमौषधैर्नोपपादयेत् ॥ १२ ॥

જે રોગીના હાથ, પગ, ગુદા, તથા ઉદર સોજાવાળું હોય અને વર્ણ, બળ તથા આહાર ક્ષીણ થઇ ગયું હોય તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૨.

उरोयुक्तोबहुश्लेष्मानीलःपीतःसलोहितः। सततंच्यवतेयस्यदूरात्तंपरिवर्जयेत् ॥१३॥

જે રોગીના હૃદયમાંથી લીલો, પીળો તથા લાલ રંગનો બહુજ કફ હંમેશાં પડયાં કરે, તે રોગીને દૂરથીજ છોડી દેવો જોઇએ. ૧૩.

हृष्टरोमासान्द्रमूत्रःशूनःकासज्वरार्दितः। क्षीणमांसोनरोदूराद्वर्ज्योवैद्येनजानता॥१४॥

त्रयःप्रकुपितायस्यदोषाःकोष्ठेऽभिलक्षिताः । कृशस्यबलहीनस्यनास्तितस्यचिकित्सितम् ॥ १५ ॥

જે રોગીની રૂવાંટી ખડી થઈ જાય, મૂત્ર જાડું થાય, સોજા આવે, તથા ખાંસી. તાવ અને માંસની ક્ષીણતા આ સર્વથી યુક્ત હોય તેને બુદ્ધિમાન વૈદ્યે દૂરથીજ છોડી દેવો.

જે દુર્બલ તથા કૃશ રોગીના ત્રણે દોષ કોપિત થઈને કષ્ટદાયક લક્ષણોને ઉત્પન્ન કરે છે તેની કાંઇ ચિકિત્સા નથી. ૧૫.

ज्वरातिसारौशोफान्तेश्वयथुर्वातयोःक्षये । दुर्बलस्यविशेषेणनरस्यान्तायजायते॥१६॥

જે દુર્બળ રોગીને સોજા ઉપરાંત તાવ તથા અતિસાર ઉત્પન્ન થયેલ હોય અથવા જ્વરાતિસાર ઉપરાંત સોજા ઉત્પન્ન થયા હોયતો તે મરી જાય છે. ૧૬.

पाण्डूदरःकृशोऽत्यर्थंतृष्णयाभिपरिप्लुतः। डम्बरा[illegible]पिताच्छवासःप्रत्याख्येयोविजानता ॥ १७ ॥

જે રોગી ઉદરમાં પાંડુવર્ણનો અત્યંત કૃશ, તૃષાવાળો, ડમ્બરી (બેસી ગયેલાં નેત્ર વાળો) અને કોપિત શ્વાસવાળો હોય તેની ચિકિત્સા બુદ્ધિમાન વૈદ્યે ન કરવી. ૧૭.

हनुमन्याग्रहस्तृष्णाबलह्रासोऽतिमात्रया ।प्राणाश्चोरसिवर्त्तन्तेयस्यतंपरिवर्जयेत् ॥१८॥

જે અત્યંત નિર્બલ રોગીનાં જડબાં તથા ગળાની પાછળની નસ જકડાઇ જાય, તૃષા હોય, અને પ્રાણવાયુ હૃદયમાંજ રહે તેની ચિકિત્સા નહીં કરવી જોઇએ. ૧૮.

ताम्यत्यायच्छते[illegible] । क्षीणमांसबलाहारोमु[illegible]र्बुरचिरान्नरः॥१९॥

જે રોગી મ્લાન વ્યાકુલ હોય, આયામ વાળો (શાંતિ વગરનો) હોય, કોઇ પ્રકારે ચેન ન પડતું હોય, અને માંસ, બળ તથા આહારની ક્ષીણતા વાળો હોય તે જલ્દીજ મરી જાય છે. ૧૯.

विरुद्धयोनयोयस्यविरुद्धोपक्रमाभृशम् । वर्द्धन्तेदारुणारोगाःशीघ्रंशीघ्रंसहन्यते २०

જે રોગીને પરસ્પર વિરૂદ્ધ કારણવાળા રોગ ઉત્પન્ન થાય છે અને તેની ચિકિત્સા પણ પરસ્પર વિરૂદ્ધ હોય અને તે ભયંકર રોગ જલ્દી વધતો હોય તો તે રોગી જલ્દીજ મરી જાય છે. ૨૦

मलंविज्ञानमारोग्यंग्रहणीमांसशोणितम् । एतानियस्यक्षीयन्तेक्षिप्रंक्षिप्रंसहन्यते॥२१॥

જે રોગીનું બળ, જ્ઞાન, આરોગ્ય, ગ્રહણી, માંસ, તથા લોહિ જલ્દીજ ક્ષીણ થઇ જાય છે તે રોગી જલ્દીજ મરી જાય છે. ૨૧

विकारायस्यवर्द्धन्तेप्रकृतिःपरिहीयते। सह[illegible]हसातस्यमृत्युर्हरतिजीवितम् ॥२२॥

જે રોગોના વિકાર વધતા જાય અને પ્રકૃતિ એકાએક નષ્ટ થઇ જાય તે રોગી જલ્દીજ મરી જાય છે. ૨૨

तत्रश्लोकः

इत्येतानिशरीराणिव्याधिमन्तिविवर्जयेत् । नह्येषुधीराःपश्यन्तिसिद्धिंकाञ्चिदुपक्रमात् ॥ २३ ॥

તેમાં આ શ્લોક છે. એ સર્વ રોગી શરીરોની ચિકિત્સા ન કરવી જોઇએ. કેમકે બુદ્ધિમાન લોક તેની ચિકિત્સા કરવામાં કોઇ ફળની સિદ્ધિ જોતા નથી. ૨૩

इति [illegible]यामी[illegible]० कतमानिशरीरीयमिंद्रियं समाप्तम् ॥६॥

ઇતિ ચરકસંહિતાના ઇન્દ્રિય સ્થાનના કતમાનિશરીરીયમિંદ્રિય નામનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો. ૬

सप्तमाऽध्यायः ।

पन्नरूपीयम् ।

अथातः पन्नरूपीयमिंद्रियंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः ।

હવે અમે પન્નરૂપીય ઇંદ્રિય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

दृष्ट्यांयस्यविजानीयात्पन्नरूपांकुमारिकाम् । प्रतिच्छायामयीमक्ष्णोर्नैनमिच्छेच्चिकित्सितुम् ॥ १ ॥

જેના નેત્રોની પુતળીયોમાં જોવાથી પ્રતિ બિમ્બ ન જણાય તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧

ज्योत्स्नायामातपेदीपेसलिलादर्शयोरपि । अङ्गेषुविकृतायस्यच्छाया प्रेतस्तथैवसः ॥२॥

ચંદની, તાપ, દીવો, જળ તથા દર્પણમાં જેના અંગોનું પ્રતિબિમ્બ વિકારવાળું જણાય તેને પ્રેતની માફક જાણવા જોઇએ. ૨

छिन्नाभिन्नाकुलाछायाहीनावाप्यधिकापिवा । नष्टातन्वीद्विधाछायाविशिराविस्तृताचया ॥ ३ ॥ एताश्चान्याश्चयाःकाश्चित्प्रतिच्छाया विगर्हिताः सर्वामुमूर्षतांज्ञेयान्चेल्लक्ष्यनिमित्तजाः ॥४॥

છિન્ન, ભિન્ન, હીન, અધિક નષ્ટ, સૂક્ષ્મ, બે પ્રકારનો માથા સિવાયનો, તથા વિસ્તૃત પડછાયો, (૩) અને તે સિવાય અન્ય નિંદવા યોગ્ય પડછાયા, આ સર્વ પડછાયા વિગેરે લક્ષ્ય (જે સ્થાનમાં પડછાયો પડતો હોય) નિમિત્તક ન હોય તો મૃત્યુનું લક્ષણ જાણવું જોઇએ. ૪

संस्थानेनप्रमाणेनवर्णेनप्रभयातथा । छायाविवर्त्ततेयस्यस्वप्नेऽपिप्रेतएवसः ॥५॥

સ્વપ્નમાં પણ જેનો પડછાયો સંસ્થાન, પ્રમાણ, વર્ણ તથા પ્રભાદ્વારા વિકારવાળો હોય તેને પ્રેતના સરખા જાણવા જોઇએ. ૪

છાયાના પ્રકાર.

संस्थानमाकृतिर्ज्ञेयासुषमाविषमाचया । मध्यमल्पंमहच्चोक्तंप्रमाणंत्रिविधंनृणाम् ॥ ६ ॥ प्रतिप्रमाणसंस्थानाजलादर्शातपादिषु । छायायासाप्रतिच्छायायाच वर्णप्रभाश्रया ॥ ७ ॥

• સંસ્થાન આકૃતિને કહે છે, આકૃતિ બે પ્રકારની હોય છે, સુષુમા (બરાબર) અને વિષમા. પ્રમાણ ત્રણ પ્રકારનું હોય છે. મધ્ય, અલ્પ અને મહત્. (૬) જળ દર્પણ વિગેરેમાં પ્રમાણ તથા સંસ્થાનને અને અનુસારને છાયા પડે છે, તેને પ્રતિચ્છાયા કહે છે. અને વર્ણ તથા પ્રભાને આશ્રિત જે છાયા (કાન્તિ) તેને છાયા કહે છે. ૭

પંચભૂતાત્મક છાયાનું લક્ષણ.

खादीनांपञ्चपञ्चानांछायाविविधलक्षणाःनाभसीनिर्मलानीलासस्नेहासप्रभेवच॥८॥

આકાશાદિક પાંચ મહાભૂતોની અનેક પ્રકારનાં લક્ષણવાળી પાંચ છાયા હોય છે. આકાશની છાયા નિર્મળ, લીલી, સ્નિગ્ધ તથા પ્રભાવાળી હોય છે.

रूक्षाश्यावारुणायातुवायवीसाहतप्रभा। विशुद्धरक्तात्वाग्नेयीदीप्ताभादर्शनप्रिया॥९॥

વાયુની છાયા રૂક્ષ, કાળી, લાલ રંગની તથા પ્રભા રહિત હોય છે. અગ્નિની છાયા શુદ્ધ, રક્ત, દીપ્ત, તથા જોવામાં પ્રિય હોય છે. ૯

शुद्धवैदूर्यविमलासुस्निग्धाचाम्भसीमता। स्थिरास्निग्धाघनाश्लक्ष्णाश्यामाश्वेताचपार्थिवी॥ १० ॥

જળનો છાયો શુદ્ધ, વૈડુર્ય મણિની માફક નિર્મળ તથા અત્યંત સ્નિગ્ધ હોય છે. પૃથ્વીની છાયા સ્થિર, સ્નિગ્ધ, ઘન, શ્લક્ષ્ણ, શ્યામ તથા ધોળા રંગની હોય છે. ૧૦.

वायवीगर्हितात्वासांचतस्रःस्युःशुभोदयाः। वायवीतुविनाशायक्लेशायमहतेऽपिवा ११

આ પાંચ પ્રકારની છાયાઓમાંથી વાયુની છાયા નિન્દિત છે, અને બાકીની ચારે છાયા સુખદાયક હોય છે. વાયુની છાયાથી મૃત્યુ, અથવા મહા કલેશની પ્રાપ્તિ થાય છે.૧૧

તૈજસી પ્રભાનું વર્ણન.

स्यात्तैजसीप्रभासर्वासातुसप्तविधास्मृता। रक्तापीतासिताश्यावाहरितापाण्डुराऽसिता॥ १२ ॥

સર્વ પ્રભા તેજ સંબંધી હોય છે. એ પ્રભા સાત પ્રકારની હોય છે. જેમ લાલ, પીળી, ધોળી, કાળી, હરિત, પાંડુ વર્ણની અને કૃષ્ણ રંગની. ૧૨.

तासांयाःस्युर्विकासिन्यःस्निग्धाश्चविपुलाश्चयाः। ताःशुभारूक्षमलिनाःसंक्षिप्ताश्चाशुभोदयाः॥ १३ ॥

એમાંથી જે પ્રભા પ્રકાશવાળી, સ્નિગ્ધ તથા વિસ્તીર્ણ હોય છે તે શુભ છે. અને જે પ્રભા રૂક્ષ મલિન, તથા વિસ્તાર રહિત હોય છે તે અશુભ હોય છે. ૧૩.

वर्णमाक्रामतिच्छायाभास्तुवर्णप्रकाशिनी। आसन्नालक्ष्यतेच्छायाभाःप्रकृष्टाप्रकाशते॥ १४ ॥

છાયા અને પ્રભામાં ભેદ એ છે કે છાયા વર્ણનું આક્રમણ (છુપાવવું) કરે છે, અને પ્રભા વર્ણને પ્રકાશિત કરે છે. છાયા નજીકથી જણાય છે અને પ્રભા દૂરથીજ પ્રકાશિત થાય છે. ૧૪.

नाच्छायोनाप्रभःकश्चिद्विशेषाश्चिह्नयन्तितु। नृणांशुभाशुभोत्पत्तिंकालेछायाःप्रभाश्रिताः॥ १५ ॥

કોઇ પણ મનુષ્ય છાયા તથા પ્રભાથી શૂન્ય હોતો નથી. પ્રભાને આશ્રિત છાયા વખત આવે મનુષ્યોના શુભાશુભની ઉત્પત્તિનાં ચિન્હને ઉત્પન્ન કરે છે. ૧૫.

कामकार्ष्णोमुखं [illegible]र्णगण्डयोर्युक्तमांसता । सन्त्रासश्चोष्णगात्रश्चयस्यतंपरिवर्जयेत् १६

જેના નેત્રોમાં કમળો હોય, મુખ પૂર્ણ હોય, કપાળમાં અધિક માંસ હોય, ભય જણાય, અને અંગોમાં અધિક ઉષ્ણતા જણાય તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૬.

उत्थाप्यमानःशयनात्प्रमोहंयातियोनरः । मुहुर्मुहुर्नसप्ताहंसजी[illegible]स्थनः ॥१७॥

જે મનુષ્ય શય્યા પરથી ઉઠાડવા છતાં વારંવાર મોહિત થાય અને બહુજ બકતો હોય તે સાત દિવસની અંદર મરી જાય છે. ૧૭

संसृष्टाव्याधयोयस्यप्रतिलोमानुलोमगाः । व्यापन्नाग्रहणीप्रायःसोऽर्द्धमासंनजीवति

જેના સંસૃષ્ટ (મળેલા) રોગ પ્રતિ લોમક (ઉલટા ચાલનારા) તથા અનુલોમક (સીધા ચાલનારા) હોય અને ગ્રહણી દૂષિત હોય તે એક પખવાડીઆમાં મરી જાયછે. ૧૮

उपद्रुतस्यरोगेणकर्षितस्याल्पमश्नतः । बहुमूत्रपुरीषंस्याद्यस्यतंपरिवर्जयेत् ॥१९॥

જે રોગી કૃશ થઇને સ્વલ્પ ભોજન કરે છે, અને તેના મૂત્ર તથા મળ અધિક નિકળતા હોય તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૯

दुर्बलोबहुभुङ्क्तेयःप्राग्भुक्तादन्नमातुरः । अल्पमूत्रपुरीषश्चयथाप्रेतस्तथैवसः॥२०॥

જે રોગી દુર્બળ થઇને પણ પ્રથમ કરતાં બહુજ ભોજન કરે છે, અને તેના મળ તથા મૂત્ર સ્વલ્પ નીકળે છે તેને પ્રેતના સરખા જાણવા જોઇએ. ૨૦

वर्द्धिष्णुगुणसम्पन्नमन्नमश्नातियोनरः । शश्वच्चबलवर्णाभ्यांहीयतेनसजीवति ॥२१॥

પુષ્ટિકારક અન્નનું ભોજન કરવાથી પણ જે મનુષ્યનું બળ તથા વર્ણ હંમેશા ન થતું જાય તે જીવતા નથી. ૨૧

प्रकूजतिप्रश्वसितिशिथिलश्चातिसार्यते । बलहीनःपिपासार्त्तःशुष्कास्योनसजीवति

જે રોગી કૂજન (એક પ્રકારનો વિકૃત સ્વર) શ્વાસ, પાતળો દસ્ત, નિર્બળતા, તૃષા, તથા મુખનું સુકાઈ જવું આ લક્ષણોવાળો હોય તે જીવતો નથી. ૨૨.

ह्रस्वञ्चयःप्रश्वसितिव्याविद्धंस्पन्दतेचयः । मृतमेवतमात्रेयोव्याचचक्षेपुनर्वसुः॥२३॥

જે રોગી થોડો શ્વાસ લે, અને વચ્ચે બાંધેલાની માફક ઝટકો મારે તેને ભગવાન આત્રેયજી મરેલા જેવોજ કહે છે. ૨૩.

ऊर्द्ध्वञ्चयःप्रश्वसितिश्लेष्मणाचाभिभूयते । हीनवर्णबलाहारोयोनरोनसजीवति ॥२४॥

વર્ણ, બળ, તથા આહાર જેનો ક્ષીણ થઈ ગયો હોય એવો રોગી જો ઉર્ધ્વ શ્વાસ લે અને કફથી બહુજ વ્યાકુળ થાય તે જીવતો નથી. ૨૪.

उत्तानाग्रेनयनेयस्य[illegible]नतकम्पने । बलहीनःपिपासार्त्तःशुष्कास्योनसजीवति २५

જે રોગીના નેત્રોનો આગળનો ભાગ ઉપર આવી ગયો હોય, અને ગળાની પાછળની નસ કાંઇક ઝુકીને કંપવા લાગે, બળ નષ્ટ થઇ ગયું હોય, તૃષા બહુજ લાગતી હોય, અને સુકાઇ ગયું હોય તે જીવતો નથી. ૨૫.

[illegible] पाचेताज्वरकासौचदारुणौ । [illegible] २६

જે રોગીનું ગંડસ્થલ (કપાળ) ફુલી જાય, દારૂણ જ્વર તથા ખાંસી આવતી હોય, શૂળ આવતું હોય, અને અન્ન ઉપર પ્રિતિ ન થતી હોય, તેની જો ચિકિત્સા કરવામાં આવે છે તો તે સિદ્ધ થતી નથી. ૨૬.

व्यावृत्तमूर्द्धजिह्वाक्षोभ्रुवौ यस्य चविच्युते । कण्टकैश्चाचिताजिह्वा यथाप्रेतस्तथैवसः २७

જે રોગીનાં નેત્ર, જીભ, તથા માથું ઉલટું થઇ ગયેલ હોય, ભ્રુકુટી, ઝુકી ગઇ હોય અને જીભ ઉપર કાંટા જણાતા હોય તો તે પ્રેતના જેવા છે. ૨૭.

शेफश्चात्यर्थमुत्सिक्तं निस्सृतौ वृषणौ भृशम् । अतश्चैव विपर्यासो विकृत्या प्रेतलक्षणम् २८

જે રોગીનું લિંગ બહુજ સંકોચાઇ ગયું હોય, અને અંડકોશ બહુજ લટકી આવ્યાં હોય, અથવા અંડકોશ બહુજ સંકોચાઇ ગયા હોય અને લિંગ બહુજ લટકી આવ્યું હોય તો તેને પ્રેતના સમાન જાણવું. ૨૮.

निचितं यस्य मांसं स्यात्त्वगस्थिगतचैव दृश्यते । क्षीणस्यानश्नतस्तस्य मासमायुःपरं भवेत्

જે રોગીનું માંસ ક્ષીણ થઈ ગયું હોય, ત્વચા, હાડકાંમાં પેશી ગઇ હોય, અને ભોજન કરવાનું સામર્થ્ય ન રહ્યું હોય, તે મહીના કરતાં વધુ વખત જીવતા નથી. ૨૯.

तत्रश्लोकाः ।

इदं लिङ्गमरिष्टाख्यमनेकमभिजज्ञिवान् । आयुर्वेदविदित्याख्यां लभते कुशलो नरः ३०

તેમાં આ શ્લોક છે. અરિષ્ટ નામનાં અનેક પ્રકારનાં આ લક્ષણોને જે ચતુર મનુષ્ય જાણે છે તે આયુર્વેદ વિત્ત નામને પ્રાપ્ત થાય છે. ૩૦.

इति चरकसंहितायामिन्द्रि० पूर्वरूपीयमिद्रियं समाप्तम् ॥ ७ ॥

ઇતિ ચરકસંહિતાના ઇન્દ્રિયસ્થાનનો પૂર્વરૂપીયમિદ્રિયં નામનો સાતમો અધ્યાય સમાપ્ત થયો. ૭

अष्टमोऽध्यायः ।

अथातोऽवाक्शिरसीयमिन्द्रियं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः

હવે અમે અવાક શિરસીય નામના ઇન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કથન કરવા લાગ્યા.

अवाक्शिरा वा जिह्मा वा यस्य वा विशिरा भवेत् । जन्तोरूपप्रतिच्छाया नैनमिच्छेच्चिकित्सितुम् ॥ १ ॥

જે રોગીની પ્રતિચ્છાયા (પડછાયો) નિચેની તરફ માથું જણાય તેવી ઉલટી તથા માથા રહિત હોય તેની ચિકિત્સા કરવી ન જોઇએ. ૧

जटीभूतानि पक्ष्माणि दृष्टिश्चापि निगृह्यते । यस्य जन्तोर्न तं धीरो भेषजेनोपपादयेत् ॥२॥

જે મનુષ્યની પાંપણો જટાઓની માફક બંધાઇ જાય અને દ્રષ્ટિ જતી રહે તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૨.

यस्यशूनानिवर्त्मानिनसमायान्तिशुष्यतः । चक्षुषीचोपदह्येतेपथाप्रेतस्तथैवसः॥३॥

જે રોગીની સોજાવાળી પાંપણો બંધ ન થાય, અને નેત્રામાં મેલ ભરેલો હોય, તેને પ્રેતના સમાન જાણવા જોઇએ. ૩.

भ्रुवोर्वायदिवामूर्ध्निसीमन्तावर्त्तकान्बहून् । अपूर्वानकृतान्व्यक्तान्दृष्ट्वामरणमादिशेत् ॥ ४ ॥ त्र्यहमेतेनजीवन्तिलक्षणेनातुरानराः । अरोगाणांपुनस्त्वेतत्षड्रात्रंपरमुच्यते ॥ ५ ॥

જે રોગીની ભ્રકુટિયોમાં અથવા માથામાં અપૂર્વ તથા અકૃત (નહી બનાવેલો)જુદો તથા વાળ ચક્ર જેવા દેખાય તો તેનું મૃત્યુ થાય છે. ૪ જે રોગીનાં આ ઉપરનાં લક્ષણો હોય તે ત્રણજ દિવસ જીવે છે, અને જે નીરોગી પુરૂષને આ લક્ષણ હોય તો તે ૭ દિવસજ જીવે છે. ૫.

आयम्योत्पाटितान्केशान्योनरोनाववुध्यते । अनातुरोवारोगीवाषड्रात्रंनातिवर्त्तते ६

જે મનુષ્યના વાળને ઉખાડવાથી તેને માલુમ ન પડે તે રોગી હાય અથવા નીરોગી હોય તો પણ તે ૭ દિવસથી અધિક જીવતો નથી. ૬.

यस्यकेशानिरभ्यक्ताह्यदृश्यन्तेऽभ्यक्तसन्निभाः । उपरुद्धायुषंज्ञात्वातंधीरःपरिवर्जयेत् ७

જેના વાળ તેલના લગાવ્યા સિવાય પણ તેલ લગાવ્યા જેવા જણાય તેને મરણને બિછાને પડેલો જાણીને તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૭.

ग्लायतोनासिकावंशःपृथुत्वंयस्यगच्छति । अशूनःशूनसङ्काशःप्रत्याख्येयःसजानता ॥ ८ ॥

જેની નાસિકાનો વાંસો મોટો જણાતો હોય અને જેને સોજો ન ચડેલો હોય છતાં પણ સોજો જણાતો હોય તેની બુદ્ધિમાન વૈદ્ય ચિકિત્સા ન કરવી. ૮.

अत्यर्थंविवृतायस्ययस्यवात्यर्थसंवृता । जिह्मावापरिशुष्कावानासिकानसजीवति९॥

જે રોગીનું નાક બહુજ ખુલ્લું અથવા બહુજ બંધ હોય અને ઉંડું અથવા સુકાયેલ હોય તે જીવી શકતા નથી. ૯

मुखश्रवणनेत्रौष्ठौशुक्लश्यावातिलोहितौ । विकृतौयस्यवानीलौनसरोगाद्विमुच्यते

જે રોગીના કાન, મુખ, તથા હોઠ, ધોળાં, કાળાં તથા લાલ રંગનાં અથવા લીલા રંગના હોય તે રોગથી છુટી શકતા નથી. ૧૦

अस्थिश्वेताद्विजायस्यपुष्पिताःपङ्कसंवृताः । विकृत्यानसरोगंतंविहायारोग्यमश्नुते

જે રોગીના દાંત વિકારથી હાડકાના જેવા ધોળા થઈ જાય, ફુલના જેવા ચિન્હવાળા થઇ જાય અને કાદવ જેવા મેલવાળા થઈ જાય તે રોગી સારા થતા નથી. ૧૧

स्तब्धानिश्चेतनागुर्वीकण्टकोपचिताभृशम् । श्यावाशुष्काथवाशूनाप्रेतजिह्वाविसर्पिणी ॥ १२ ॥

જે રોગીની જીભ જકડાયલા જેવી શૂન્ય, ભારે, કાંટાવાળી, કાળી, સુકાયેલ, વિસર્પ (ફરીવા) વાળી અથવા સોજાવાળી હોય તેને પ્રેત જીહ્વા સમજવા. તે જીવતા નથી. ૧૨

दीर्घमुच्छ्वस्य यो ह्रस्वं नरो निश्वस्य ताम्यति । उपरुद्धायुषं ज्ञात्वा तं धीरः परिवर्जयेत् १३

જે રોગી જોરથી શ્વાસ લઇને અને ધીરેથી શ્વાસ મુકીને વ્યાકુલ થાય છે તેને ગતાયુ જાણીને તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૩

[illegible]लुचैवातिशीतलम् । भवत्यायुःक्षये क्रूरमथवापि भवेन्मृदु ॥१४॥

આયુષ્યના ક્ષીણ થઇ ગયા પછી, મનુષ્યના હાથ, પગ, ગળાની પાછળની નસ તથા તાળવું, આ સર્વ અંગ બહુજ શીતલ થઇ જાય છે, તે કઠોર થઈ જાય છે અથવા બહુજ કોમલ થઈ જાય છે. ૧૪.

घट्टयञ्जानुना जानु पादावुद्यम्य पातयन् । योऽप्यास्यातिमु[illegible]वक्रमातुरो न स जीवति १५

જે રોગી ઘુંટણો સાથે ઘુંટણો અથડાવે છે. પગ ઉઠાવી ઉઠાવીને પછાડે છે અને [illegible]વાર મુખને બગાડે છે તે જીવતા નથી. ૧૫

दन्तैश्छिन्द[illegible]णि नखैश्छिन्द[illegible]न् । काष्ठेन भूमिं विलिखन्न रोगात्परिमुच्यते ॥ १६ ॥

જે રોગી દાંત વડે નખને કાપે છે, નખ વડે માથાના વાળને ઉખેડે છે, અને કાષ્ઠથી પૃથ્વીપર લખે છે તે રોગી જીવતા નથી. ૧૬

दन्तान्खादति यो जाग्रदसाम्ना विरुदन्हसन् । विजानाति न चेद्दुःखं न स रोगाद्विमुच्यते

જે રોગી જાગતાં છતાં પણ દાંતોને કકડાવે છે, અને અશાન્તિથી રૂવે છે, હસે છે, અથવા તે વખતે જો કોઇ પ્રકારનું દુઃખ થાય તો તેને જાણતા નથી, તે રોગથી છુટતા નથી.૧૭

मुहुर्हसन्मुहुः क्ष्वेडञ्शय्यां पादेन हन्ति यः । उच्चैश्छिद्राणि विमृशन्नातुरो न स जीवति १८

જે રોગી હસવા છતાં ચીસ મારે છે, અને પગો વડે શય્યાને ઠોકર મારે છે, અને ઉંચા છિદ્રોને સ્પર્શ કરે છે, તે જીવતા નથી. ૧૮.

यैर्विन्दति पुरा भावैः समेतैः [illegible]म् । तैरेवारममाणस्य ग्लास्नोर्मरणमादिशेत् १९

જે રોગીને પ્રથમ જે પદાર્થો ઉપર અત્યંત પ્રિતિ થતી હતી, તે પદાર્થો ઉપર પ્રિતિ ન થતાં ગ્લાનિ ઉત્પન્ન થાય તો તેનું મૃત્યું જાણવું જોઇએ. ૧૯.

नबिभर्ति शिरो ग्रीवा न पृष्ठं भारमात्मनः । न हनू पिण्डमास्यस्थमातुरस्य मुमूर्षतः॥२०॥

જે રોગી માથું, ગરદન, પીઠ તથા પોતાના શરીરના ભારને ધારણ ન કરી શકે, અને જેનું જડબું મુખમાં રાખેલા ગ્રાસને ન ધારણ કરી શકે તેનું મૃત્યુ જાણવું જોઇએ.૨૦

सहसा ज्वरसन्तापस्तृष्णा मूर्च्छा बलक्षयः । विश्लेषणं च सन्धीनां मुमूर्षोरुपजायते २१

જે મનુષ્યનું મૃત્યું નજીક હોય છે તેને એકાએક જ્વરનો સંતાપ, તૃષા, મૂર્ચ્છા, નિર્બળતા, તથા સાંધાનું ઢીલા થવું આ સર્વ લક્ષણ પ્રાપ્ત થાય છે. ૨૧.

गोसर्गवदना[illegible]यस्य स्वेदः प्रच्यवते भृशम् । लेपज्वरोपतप्तस्य दुर्लभं तस्य जीवितम् २२

જે કફજ્વરવાળાના મુખમાંથી સવારે બહુજ પરસેવો નીકળે તેનું જીવવું દુર્લભ હાય છે. ૨૨.

नोपैतिकण्ठमा ।रोजिह्वाकण्ठ पति च । आयुष्यन्तंमतेजन्तोर्बलमपरिहीयते २३

આયુષ્યના ક્ષીણ થયા પછી મનુષ્યના ગળામાંથી ભોજન ઉતરતું નથી. જીભ, ગળામાં ઉતરી પડે છે, અને બળહીન થઇ જાય છે. ૨૩.

शिरोविक्षिपतेकृच्छ्रान्मुञ्चयित्वाग्रपाणिको । ललाटमस्रुतस्वदो ... श्लथबन्धनः

જે રોગી ઘણીજ કઠિનતાથી પોતાના બંને હાથોને માથાપર રાખીને માથાને ઘણાજ કષ્ટથી આમ તેમ હલાવી શકે, અને તેના માથામાંથી અત્યંત પરસેવો નીકળવા લાગે, શરીરનું બંધારણ ઢીલું પડી જાય, તો તે રોગીને મૃત્યુવશ જાણવો. ૨૪.

तत्रश्लोकः ।

इमानिलिङ्गानि नरेषुबुद्धिमान्विभावयेतावहितोमुहुः । क्षणेनभूत्वाप्यपयान्ति- कानिचिन्नचाफलंलिङ्गमिहास्तिकिञ्चन ॥ २५ ॥

આમાં આ શ્લોક છે, બુદ્ધિમાન વૈદ્યે આ પૂર્વોક્ત લક્ષણોથી સાવધાન થઇને રોગીને જોતા રહેવું, કેમકે આ લક્ષણોમાંથી કોઈ કોઈ લક્ષણ ઉત્પન્ન થઇને થોડીજવારમાં તે નષ્ટ થઈ જાય છે, અને આ લક્ષણોમાં કોઈ પણ લક્ષણ નિષ્ફળ જતું નથી. ૨૫.

इति चरकसंहितायामिन्द्रियस्थानेऽवाक्शिरसीयमिन्द्रियंसमाप्तम् ॥ ८ ॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિયસ્થાનના વાક્શિરસ્તયમિંદ્રિયં નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો. ૮.

नवमोऽध्यायः।

अथातोयस्यश्यावनिमित्तीयमिन्द्रियंव्याख्यास्याम इति हस्माहभगवानात्रेयः ।

હવે અમે યસ્યશ્યાવનિમિત્તીય ઇન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કથન કરવા લાગ્યા.

यस्यश्यावेपरिध्वस्तेहरितेचापिदर्शने ।आपन्नोव्याधिरन्तायज्ञेयस्तस्यविजानता १

જે રોગમાં રોગીનાં નેત્ર કાળા રંગનાં પરિધ્વસ્ત (ગરેલાં) તથા હરિત વર્ણનાં થઇ જાય તે તે રોગમાં મૃત્યુને પામે છે. ૧.

निःसंज्ञःपरिशुष्कास्यःसंविद्धोव्याधिभिश्चयः । उपरुद्धायुषंज्ञात्वातंधीरःपरिवर्जयेत् २

જે રોગી રોગોથી સંવિદ્ધ, સંજ્ઞા રહિત તથા શુષ્કમુખ (સુકાયલા મુખવાળો) થઈ ગયો હોય તેને ગતાયુ જાણીને બુદ્ધિમાન વૈદ્યે તેની ચિકિત્સા ન કરવી. ૨.

हरिताश्चसिरायस्य ... पाश्चसं ... ः । सो ... पीपुरुषःपित्तान्मरणमश्नुते ३

જેની નસો હરી થઇ ગઈ હોય અને રૂવાંટાનાં છિદ્રો બંધ થઇ ગયાં હોય તે પુરૂષ જો બહુજ ખટાઇ ખાવાની ઇચ્છા કરે તો પિત્તજ રોગથી તેનું મૃત્યુ થઇ જાયં છે. ૩.

शरीरान्ताश्चशोभन्तेशरीरञ्चोपशुष्यति । बलञ्चहीयतेयस्यराजयक्ष्माहिनस्तितः ४

જેના શરીરના અંતનો ભાગ (હાથ પગ વિગેરે) શોભિત હોય અને શરીર શુષ્ક થઇ ગયાં હોય તથા બળ ક્ષીણ થઈ ગયું હોય. તે રાજયક્ષ્મા રોગથી મૃત્યુને પામે છે. ૪

अंसाभितापोहिक्काचछर्दनंशोणितस्यच । आनाहःपार्श्वशूलञ्चभवत्यन्तायशोषिणः ५

ખભાનુ બળવું, હિચક, રૂધિરની ઉલટી, આફરો તથા પાશળાયોમાં પીડા, આ લક્ષણુ જે શોષ રોગીને થાય તે જીવતો નથી. ૫

वातव्याधिरपस्मारीकुष्ठोशोफीतथोदरी । गुल्मीचमधुमेहीचराजयक्ष्मीचयोनरः ॥ ६ ॥ अचिकित्स्याभवन्त्येतेबलमांसक्षयेसति । अन्येष्वपिविकारेषुतान्भिषक्परिवर्जयेत् ॥ ७ ॥

વાત વ્યાધિ, મૃગી, કોઢ, સોજા, ઉદરરોગ, ગોળો મધુ પ્રમેહ, તથા રાજયક્ષ્મા વાળા રોગિયોનાં, (૬) બળ તથા માંસના ક્ષીણુ થઇ ગયા પછી, તથા અન્ય રોગોના થવા પછી પણુ વૈદ્યે તેની ચિકિત્સા ન કરવી. ૭.

विरेचनहृतानाहोयस्तृष्णानुगतोनरः । विरिक्तःपुनराध्मातियथाप्रेतस्तथैवसः ॥८॥

વિરેચન (જુલાબ) આપીને આફરાને મટાડયા પછી પણ, વિરેચન પછી જે મનુષ્યને ફરી તૃષા તથા આફરો ચઢે છે તેને પ્રેતના જેવોજ જાણુવો જોઇએ. ૮.

पेयंपातुंनशक्नोतिकण्ठस्यचमुखस्यच । उरसश्चविबद्धत्वाद्योनरोनसजीवति ॥९॥

જે રોગી કંઠ, મુખ તથા હૃદયના બંધ થઇ જવાથી પીવાને યોગ્ય વસ્તુઓને પી શકતા નથી તે મરી જાય છે. ૯

स्वरस्यदुर्बलीभावंहानिञ्चबलवर्णयोः । रोगवृद्धिमयुक्त्याचदृष्ट्वामरणमादिशेत् १०

જે રોગીનો સ્વર, બળ, વર્ણુ હીન થઇ જાય અને રોગની વૃદ્ધિ થતી જાય તેનું મૃત્યુ જાણુવું જોઇએ. ૧૦.

ऊर्द्ध्वश्वासंगतोष्माणंशूलोपहतवंक्षणम् । शर्मचानधिगच्छन्तंबुद्धिमान्परिवर्जयेत् ११

જેને ઉર્ધ્વ શ્વાસ ચાલતો હોય, શરીરમાં ગરમી ન રહી હોય, વક્ષણુ (જાંગના સાંધા) માં શૂર આવતું હોય, અને ચેન ન પડતું હોય તે રોગીની બુદ્ધિમાન વૈદ્યે ચિકિત્સા ન કરવી. ૧૧.

अपस्वरंभाषमाणंप्राप्तंमरणमात्मनः । श्रोतारञ्चाप्यशब्दस्यदूरतःपरिवर्जयेत् १२

જે રોગી બગડેલા સ્વરથી મારૂં મરણુ આવ્યું છે, એવું કહે છે, અથવા અકસ્માત જેને એ શબ્દ સંભળાતો હોય તે રોગીને દૂરથીજ છોડી દેવો અર્થાત તેની ચિકિત્સા ન કરવી ૧૨.

यंनरंसहसारोगोदुर्बलंपरिमुञ्चति । संशयप्राप्तमात्रेयोजीवितंतस्यमन्यते ॥ १३ ॥

જે દુર્બળ રોગીનો રોગ એકાએક શાંત થઇ જાય, ભગવાન આત્રેયજીના મતથી તેનું પણુ જીવવું સંદેહ ભરેલું છે. ૧૩.

अथचेज्ज्वातयस्तस्ययाचेरन्प्रणिपाततः । रसेनाद्यादितिब्रूयान्नास्मैदद्याद्विशोषनम् ॥ १४ ॥ मासेनचेन्नदृश्येतवि चस्तस्यशोभनः । रसैश्चान्यैर्बहुविधैर्दुर्लभंतस्यजीवितम् ॥ १५ ॥

જો તે રોગીના ઘરવાળાઓ વૈદ્યને બહુજ નમ્રતા પૂર્વક તેની ચિકિત્સા કરવાની પ્રાર્થના કરે તો વૈદ્યે રસની સાથે ભોજન કરવાની આજ્ઞા તેને આપવી, પરંતુ કોઇ પ્રકારનું વિશોધન (જુલાબ) તેને આપવો નહીં. ૧૪.

જો એક મહીનાની અંદર અનેક પ્રકારના અન્ય રસોથી પણ કાંઇ ઉત્તમતા ન જણાય તો તે રોગીનું જીવન પણ દુર્લભ જાણવું જોઇએ. ૧૫.

निष्ठ्यूतश्चपुरीषश्चरेतश्चाम्भसिमज्जति । यस्यतस्यायुषःप्राप्तमन्तमाहुर्मनीषिणः ॥१६॥

જેનું થૂંક, વિષ્ટા, વીર્ય જળમાં ડૂબી જાય, તેના આવરદાનો પણ અંત આવેલો છે, એમ બુદ્ધિમાને સમજવું. ૧૬.

निष्ठ्यूतेयस्यदृश्यन्तेवर्णाबहुविधाःपृथक् । तत्सीदत्यपःप्राप्यनसजीवितुमर्हति१७

જે રોગીના થૂંકમાં અનેક પ્રકારના વર્ણ જુદા જુદા જોવામાં આવે અને તે થૂંક જળમાં નાંખવાથી મળી જાય તો તે રોગી જીવતો નથી. ૧૭.

पित्तमुष्मानुगंयस्यशंखौप्राप्यविमूर्छति । सरोगःशंखकोनाम्नात्रिरात्राद्धन्ति-जीवितम् ॥ १८ ॥

ગરમી સહિત પિત્ત માથાનાં હાડકામાં જઇને જે વધે છે, તે રોગને શંખક કહે છે. એ ત્રણ દિવસમાં મનુષ્યને મારી નાંખે છે. ૧૮

सफेनंरुधिरंयस्यमुहुरास्यात्प्रमुच्यते । शूलैश्चतुद्यतेकुक्षिःप्रत्याख्येयःसतादृशः१९

જેના મુખમાંથી ફીણ સાથે લોહી વારંવાર પડે, અને કુખમાં શૂળ આવે તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૧૯

बलमांसक्षयस्तीव्रोरोगवृद्धिररोचकः । यस्यातुरस्यलक्ष्यन्तेत्रीनहान्नसजीवति२०

જે રોગીનાં બળ તથા માંસ બહુજ ક્ષીણ થઇ જાય, રોગ વધતો જાય, અને અરૂચિ થાય તે ત્રણ દિવસથી અધિક જીવતા નથી. ૨૦

तत्रश्लोकौ.

विज्ञानानिमनुष्याणांमरणेप्रत्युपस्थिते । भवन्त्येतानिसम्पश्येदन्यान्येवंविधानि च ॥ २१ ॥ तानिसर्वाणिलक्ष्यन्तेनतुसर्वाणिमानवम् । विशन्तिविनशिष्यन्तंतस्माद्बोध्यानिसर्वशः ॥ २२ ॥

તેમાં આ બે શ્લોક છે, મનુષ્યનું મૃત્યું નજીક હોવા છતાં પણ મૃત્યુને જાણવાને માટે પૂર્વોક્ત લક્ષણો તથા આ પ્રકારનાં અન્ય લક્ષણો ઉત્પન્ન થાય છે. ૨૧

જોકે આ સર્વ મૃત્યુનાં લક્ષણ છે તથાપિ જેનું મૃત્યુ નજીક હોય છે તેનામાં આ સર્વ લક્ષણ હોતાં નથી. એથી આ સર્વ લક્ષણોને સારી રીતે જાણવાં એ જરૂરનું છે. ૨૨

इति चरकसंहितायामिन्द्रियस्थाने यस्यश्यावनिमित्तीयं समाप्तम् ॥ ९ ॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિયસ્થાનનો યસ્યસ્યાવમિંદ્રિયં નામનો નવમો અધ્યાય સમાપ્ત થયો. ૨૩.

॥ दशमोऽध्यायः ॥

अथातः सद्योमरणीयमिन्द्रियंव्याख्यास्याम इतिहस्माहभगवानात्रेयः ।

હવે હમે સદ્યોમરણીય ઇન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન આત્રેયજી કહેવા લાગ્યા.

सद्यस्त्यजन्तिक्षतःप्राणान्लक्षणानिपृथक्पृथक् । अग्निवेश ! प्रवक्ष्यामिसंस्पृष्टोयैर्नजीवति ॥ १ ॥

હે અગ્નિવેશ! જે લક્ષણોના થવાથી મનુષ્ય જલ્દીજ મરી જાય છે તે લક્ષણ જુદાં જુદાં કહેવામાં આવે છે. ૧.

वाताष्ठीलाःसुसंवृत्तास्तिष्ठन्तिदारुणाहृदि । तृष्णयाभिपरीतस्यसद्योमुष्णाति जीवितम् ॥ २ ॥

જેના હૃદયમાં દારૂણ વાતાષ્ટીલા (રોગનું નામ) રોગ સારી રીતે ઉત્પન્ન થયેલ હોય અને તૃષા અધિક લાગતી હોય તે જલ્દીજ મરી જાય છે. ૨

पिण्डिकेश्लथेलीकृत्यजिह्मीकृत्यचनासिकाम् । वायुःशरीरेविचरन्सद्योमुष्णाति- जीवितम् ॥ ३ ॥

જેના શરીરમાં પિંડલિયોને શિથિલ કરીને, અને નાસિકાને વાંકી કરીને વાયુ વિચરણ કરે છે તે જલ્દીજ મરી જાય છે. ૩

भ्रुवौयस्यच्युतेस्थानादन्तर्दाहश्चदारुणः । तस्यहिक्काकरोरोगस्सद्योमुष्णातिजीवितम् ॥४

જેની ભૃકુટી પોતાના સ્થાનથી હઠી ગઇ હોય અને હૃદયમાં બહુજ દાહ થતો હોય, તેના પ્રાણને, હિચકીયોને ઉત્પન્ન કરનાર રોગ જલ્દીજ હરી લે છે. ૪

क्षीणशोणितमांसस्यवायुरूर्द्धगतिश्चरन् । उभेमन्येसमेयस्यसद्योमुष्णातिजीवितम् ५

જે રક્ત તથા માંસથી ક્ષીણ થયેલા મનુષ્યનો વાયુ ઉર્ધ્વ ગતિથી ચાલવા લાગે, અને બંને મન્યા બરાબર થઈ ગઇ હોય તે જલ્દીજ પ્રાણોનો ત્યાગ કરે છે. ૫

अन्तरेणगुदंगच्छन्नाभिंचसहसानिलः । कृशस्यवंक्षणौगृह्णन्सद्योमुष्णातिजीवितम् ६

જે કૃશ મનુષ્યની ગુદામાં ગયેલો વાયુ સહસા ડુંટીમાં આવીને વંક્ષણો (જાંગના સાંધા) માં પીડાને ઉત્પન્ન કરે છે તે જલ્દીજ મરી જાય છે. ૬

वितत्यपर्शुकाग्राणिगृहीत्वोरश्चमारुतः । स्तिमितस्यायताक्षस्यसद्योमुष्णाति जीवितम् ॥७

જે રોગીને પોતાનું શરીર ભીના કપડાથી ઢંકાયેલા જેવું જણાય, નેત્ર ફેલાયલાં જણાય અને વાયુ પાંસળીયોની હાડકીઓના અગ્ર ભાગમાં ફેલાઇને હૃદયને જકડે છે તે જલ્દીજ મરી જાય છે. ૭

हृदयञ्चगुदञ्चाभेगृहीत्वामारुतोबली । दुर्बलस्यविशेषेणसद्योमुष्णातिजीवितम् ।८॥

બળવાન વાયુ દુર્બળ રોગીના હૃદય તથા ગુદામાં પીડા કરીને જલ્દીજ પ્રાણને હરી લે છે. ૮

वंक्षणौचगुदञ्चोभेगृहीत्वामारुतोबली । श्वासंसञ्जनयञ्जन्तोःसद्योमुष्णातिजीवितम्९

બળવાન વાયુ વંક્ષણુ (જાંગના સાંધા) તથા ગુદાને પીડા કરીને અને શ્વાસને ઉત્પન્ન કરીને મનુષ્યને જલ્દીજ મારી નાંખે છે. ૯.

नाभिवस्तिशिरोमूत्रं पुरीषञ्चापिमारुतः । विबध्यजनयञ्छूलंसद्योमुष्णातिजीवितम्।१०

ડુંટી, માથું, મૂત્રાશય, મૂત્ર તથા વિષ્ટાને રોગીને શૂળને ઉત્પન્ન કરીને વાયુ મનુષ્યને જલ્દીજ મારી નાંખે છે. ૧૦.

भिद्येतवंक्षणौयस्यवातशूलैःसमन्ततः । भिन्नंपुरीषंतृष्णाचसद्यःप्राणाञ्जहातिसः११

જે રોગીનાં વંક્ષણો (જાંગના સાંધા) માં વાતજ શૂળ હોય, મળ ફાટેલો હોય, અને તૃષા લાગતી હોય તે જલ્દીજ મરી જાય છે. ૧૧.

आप्लुतंमारुतेनेह[illegible]लम् । भिन्नं[illegible]रीषंतृष्णाचसद्योजह्यात्सजीवितम्॥१२।

જેનું સંપૂર્ણ શરીર વાયુથી ભરેલું, મળ ફાટેલો અને તૃષા લાગતી હોય તે જલ્દીજ મરી જાય છે. ૧૨

[illegible]रीरंशोफितंयस्यवातशोफेनदेहिनः । भिन्नंपुरीषंतृष्णाचसद्योजह्यात्सजीवितम्।१३॥

જેના સંપૂર્ણ શરીરમાં વાના સોજા હોય, મળ ફાટેલો થતો હોય, અને તૃષા લાગતી હોય તે જલ્દીજ મરી જાય છે. ૧૩

आमाशयसमुत्थानायस्यस्यात्परिकर्तिका । तृष्णागुदग्रहश्चोग्रःसद्योजह्यात्सजीवितम्१४

જેને આમાશયમાં પરિકર્ત્તિકા (માંસ કાપવા જેવી પીડા) થતી હોય, તૃષા લાગતી હોય અને ગુદામાં અધિક પીડા લાગતી હોય તે જલ્દીજ મરી જાય છે. ૧૪

पक्वाशयमधिष्ठायहत्वासंज्ञाञ्चमारुतः । कण्ठेघुर्घुरकंकृत्वासद्योहरतिजीवितम्॥१५॥

વાયુ પકવાશયમાં સ્થિત થઇને સંજ્ઞા (ભાન) ને નષ્ટ કરે અને કંઠમાં ઘડઘડાટને ઉત્પન્ન કરે તે જલ્દીજ મનુષ્યને મારી નાંખે છે. ૧૫

दन्ताःकर्दमचूर्णाभामुखंचूर्णकसन्निभम् । सिम्रायन्तेचगात्राणिलिङ्गंसद्योमरिष्यतः१६

દાંતમાં કાદવ જેવું લાગેલું, મુખમાં ચૂર્ણ લગાવા જેવું થવું અને સંપૂર્ણ શરીરમાં પરસેવો નિકળવો, એ જલ્દી મરનારાનાં લક્ષણ છે. ૧૬

तृष्णाश्वासशिरोरोगमोहदौर्बल्यकूजनैः । स्पृष्ट[illegible]के[illegible]दनचातुरः१७

તરસ, શ્વાસ, માથાની પીડા, મોહ, દુર્બળતા, કૂજન (એક રીતનો સ્વર) તથા [illegible] આ લક્ષણોવાળા રોગી જલ્દીજ મરી જાય છે. ૧૭

तत्रश्लोका.

एतानिखलुलिङ्गानियःसम्यगवबुध्यते । सजीवितञ्चमर्त्यानांमरणञ्चात्रबुध्यते॥१८॥

તેમાં આ શ્લોક છે, જે વૈદ્ય આ લક્ષણોને સારી રીતે જાણે છે તે મનુષ્યોનાં જીવન તથા મરણને પણ જાણે છે. ૧૮

इति चरकसंहितायामिन्द्रिय० सद्योमरणीयमिंद्रिय समाप्तम् ॥ १० ॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિયસ્થાનના સદ્યો મરણીયમિંદ્રિય નામનો દશમો અધ્યાય સમાપ્ત થયો. ૧૦.

एकादशोऽध्यायः ।

अथातोऽणुज्योतीयमिन्द्रियं व्याख्यास्याम इति हस्माह भगवानात्रेयः ।

હવે હમે અણુ જ્યોતીય ઇન્દ્રિય નામના અધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ, એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

अणुज्योतिरनेकाग्रे दुश्छायोदुर्मनाःसदा । रतिंनलभतेयातिपरलोकंसमान्तरे ॥१॥

મંદાગ્નિ, એકાગ્ર ન રહેવું, કાન્તિ રહિત થવું, અને મનમાં દુઃખિત રહેવું, આ લક્ષણોવાળા જે મનુષ્યને કદી ચેન ન પડતું હોય તો તે એક વર્ષની અંદર મરી જાય છે. ૧

बलिंबलिभुजोयस्यप्रणीतंनोपभुञ्जते । लोकान्तरगतःपिण्डंभुङ्क्तेसंवत्सरेणसः॥२॥

જે મનુષ્યનો આપેલો બલિ કાગડા વિગેરે બલિના ખાનારા જીવો ખાય નહીં, તે એક વર્ષમાં મરી જઇને પરલોકમાં પિન્ડ ખાય છે. ૨

सप्तर्षीणांसमीपस्थांयोनपश्यत्यरुन्धतीम् । संवत्सरान्तेजन्तुःसम्पश्यतिमहत्तमः॥३

જે મનુષ્ય સપ્તઋષિયો (તુલા લગ્નમાં ઉદય થનારા સાત તારા)ની નજીક ઉદય થતી અરૂન્ધતીને દેખી શકતા નથી તે એક વર્ષની અંદર મહા અંધકારને જુવે છે અર્થાત મરી જાય છે, ૩

विकृत्याविनिमित्तंयःशोभामुपचयंधनम् । प्राप्नोत्यतोवाविभ्रंशंसमान्तंनसजीवति॥४

કાંઇ કારણ સિવાય અસ્વાભાવિક રૂપથી જેની શોભા વૃદ્ધિ તથા પ્રાપ્તિ થાય અથવા નષ્ટ થઈ જાય તે એક વર્ષની અંદર મરી જાય છે. ૪

भक्तिःशीलंस्मृतिस्त्यागोबुद्धिर्बलमहेतुकम् । षडेतानिनिवर्तन्तेषड्भिर्मासैर्मरिष्यतः ५

ભક્તિ, શીલ તથા સ્મૃતિ ત્યાગ, બુદ્ધિ તથા બળ, આ છ કાંઈ કારણ સિવાયજ જેનામાંથી નષ્ટ થઈ જાય તે છ મહિનામાં મરી જાય છે. ૫

धमनीनाम [illegible] । [illegible]॥६

જેના માથામાં અપૂર્વ નસોની સુંદર જાળ દેખવામાં આવે તે ૭ મહીનાની અંદર મરી જાય છે. ૬

छेखाभिश्चन्द्रवक्राभिर्ललाटमुपचीयते । यस्यतस्यायुषःषड्भिर्मासैरन्तंसमादिशेत्॥७

જેના માથામાં ચંન્દ્રમાની માફક સુંદર રેખા ઉત્પન્ન થઇ જાય તે ૭ મહીનામાં જ મરી જાય છે. ૭.

शरीरकम्पः संमोहोगतिर्वचनमेवच । मत्तस्येवोपलक्ष्यन्तेयस्यमासंनजीवति ॥८॥

મતવાલાની માફક જેના શરીરમાં કંમ્પ, મોહ, ગતિ, તથા વચન જોવામાં આવે તે એક મહીનાની અંદર મરી જાય છે. ૮.

रेतोमूत्रपुरीषाणियस्यमज्जन्तिचाम्भसि । समासात्स्वजनद्वेष्टामृत्युवारिणिमज्जति॥९

જેનું વીર્ય મૂત્ર તથા મેલા જળમાં ડુબી જાય છે, પોતાના મિત્રાદિકોની સાથે દ્વેષ કરનારા તે પુરૂષ મહીનાની અંદર મૃત્યુ રૂપી જળમાં ડુબી જાય છે. ૯.

हस्तपादंमुखञ्चोभौविशेषाद्यस्यशुष्यतः । शूयेतेवाविनादेहात्सचमासंनजीवति ॥१०

સંપૂર્ણ શરીર સિવાય જેના હાથ, પગ, તથા મુખ સુકાઈ જાય, અથવા સ્થૂલ થઇ જાય તે એક મહીનાની અંદર મરી જાય છે. ૧૦.

ललाटेमूर्ध्निवस्तौवानीलायस्यप्रकाशते । राजीबालेन्दुकुटिलानसजीवितुमर्हति॥११

જેના માથામાં, અથવા મૂત્રાશયમાં બીજના ચંદ્રમાની માફક વાંકી તથા લીલી રેખા ઉત્પન્ન થાય તે જીવી શકતા નથી. ૧૧.

प्रवालगुटिकाभासायस्यगात्रेमसूरिकाः। उत्पाद्याशुविनश्यन्तिन[illegible]विनश्यति १२

જેના શરીરમાં મગના જેવી મસૂરિકા (એક પ્રકારની દાંણા જેવી [illegible]ઓ) ઉત્પન્ન થઇને જલ્દીજ નષ્ટ થઇ જાય તે જલ્દીજ મરી જાય છે. ૧૨.

ग्रीवावमर्दोबलवाञ्जिह्वाश्वयथुरेवच । ब्रध्नास्यगलपाकश्चयस्यपक्वंतमादिशेत् १३

જેની ગરદનમાં બહુજ પીડા થાય, જીભમાં સોજો હોય, અને બદ, મોંઢું, તથા ગળું પાકેલું જણાય તેનું મૃત્યું નજીક જાણવું જોઇએ. ૧૩.

संभ्रमोऽतिप्रलापोऽतिभेदोऽस्थ्नामतिदारुणः । कालपाशपरीतस्यत्रयमेतत्प्रवर्त्तते १४

સંભ્રમ (ગભરાટ) બહુજ પ્રલાપ (બકવું) અને હાડકાંનું બહુજ દૂટવું (કળતર થવું) આ ત્રણે લક્ષણ કાળ પાશથી બાંધેલાનેજ થાય છે. ૧૪.

[illegible]लुंचयेत्केशान्परान्पृहात्यतीवच । नरःस्वस्थवदाहारमबलःकालचोदितः १५

જે નિર્બળ મનુષ્ય મોહિત થઇને વાળને તોડે અને સ્વસ્થની માફક બહુજ ભોજન કરે, તેને કાળને વશ થયેલા જાણવા જોઇએ. ૧૫.

[illegible] । [illegible]

नः ॥ १६ ॥ शयना सनादङ्गात्काष्ठा [illegible] ड्यादथापिवा । अस [illegible] गयत [illegible] ज्वत्स- [illegible] कालचादितः ॥ १७ ॥

જે મનુષ્ય આંખોની નજીક અંગુઠાને લઈ જઇને તેને વારંવાર શોધે, અને નેત્રને ઉપર ચઢાવીને પાંપણોને બંધ કર્યા વગરજ આશ્ચર્યિત થાય છે. (૧૬) અને શયન, વસ્ત્ર, અંગ, કાષ્ટ, તથા ભીંતમાં જાણે કોઇ ખોયેલી વસ્તુને ખોળે છે તેને કાળથી મોહિત જાણવો જોઇએ. ૧૭.

अहास्यहसना [illegible] न्मले [illegible] नच्छदो । शीतपादकरोच्छ [illegible] सोयोनरोनसजीवति १८

જે હસવાના કારણ સિવાયજ મોહિત થઇને હસે છે, ઓઠને ચાટે છે, અને જેના હાથ, પગ તથા શ્વાસ ઠંડા થાય છે તે જીવતા નથી. ૧૮.

आहूयमानंसमीपस्थंस्वजनंजनमेववा । म [illegible] वृतमनाःपश्यन्नापिनपश्यति॥१९॥

अयोगमतियोगंवाशरीरेमतिमान्भिषक् । खादीनांयुगप [illegible] दृष्ट्वाभेषजंनावचारयेत् २०

જે મનુષ્યનું મન મહા મોહથી (મૃત્યુ સંબંધી અજ્ઞાનથી) આચ્છાદિત થાય છે, તે પોકારવા છતાં પણ પોતાના બંધુ લોકોને તથા અન્ય લોકોને જોવા છતાં પણ ઓળખી શકતા નથી. (૧૯) તેની બુદ્ધિમાન વૈદ્યે રોગીના શરીરમાં એકી સાથેજ આકાશાદિ મહાભૂતોનો અયોગ (નહોવું) અથવા અતિયોગ (અધિક હોવું) જોઇને ચિકિત્સા ન કરવી.૨૦.

अतिम [illegible] चारागाणांमनसश्चबलक्षयात् । वास [illegible] स्त्यजतिक्षिप्रंशरीरीदेहसंज्ञकं ॥२१॥

રોગોના બહુજ વધવાથી, અને મનના નિર્બળ થઇ જવાને લીધે જીવાત્મા જલ્દીજ શરીર નામના પોતાના સ્થાનને છોડી દે છે. ૨૧.

वर्णस्वरावाग्निबलंवागि [illegible] यमनोबलं । हीयतेऽसुक्षयेनि [illegible] नित्याभवतिवानवा॥२२

પ્રાણોના ક્ષીણ થવાથી વર્ણ, સ્વર, અગ્નિ, વાણી, ઇન્દ્રિય, તથા મનનું બળ હીન થઈ જાય છે, અને નિંદ્રા બહુજ આવે છે, અથવા આવતી પણ નથી. ૨૨.

भिषग्भेषजपानान्नगुरुमित्रद्विषश्चये । वशगाःसर्वएवैतेबोद्धव्याःसमवर्तिनः ॥२३॥

વૈદ્યે ઔષધ, જળ, અન્ન, ગુરૂ તથા મિત્રથી દ્વેષ કરનાર સર્વ પુરૂષોને યમરાજાને વશીભૂત જાણવા જોઇએ. ૨૩.

एतेषुरोगःक्रमतेभेषजंप्रतिहन्यते । नैषामन्नानिभुञ्जीतनचोदकमपिस्पृशेत् ॥२४॥

એવા પુરૂષોનો રોગ વધતો જાય છે અને ઔષધ ગુણ કરતું નથી. એથી એવા પુરૂષોનું અન્ન ખાવું નહીં જોઇએ, અને તેનું જળ પણ પીવું ન જોઇએ. ૨૪.

पादाःसमेताश्चत्वारःसम्पन्नाःसाधकैर्गुणैः । व्यर्थांगता [illegible] योद्रव्याद्विनानास्तिगुणोदयः ॥ २५ ॥

સાધક ગુણોવાળા પૂર્વોક્ત ભેષજના ચારે ભાગને પ્રાપ્ત હોવા છતાં પણ ગતાયુને માટે સર્વ વ્યર્થજ હોય છે, કેમકે દ્રવ્યના વિના ગુણોનો ઉદય થતો નથી. અર્થાત જીવનનો હેતુ, આયુષ્યના વિના કોઇ પણ યત્નથી પણ ગુણને પામતો નથી. ૨૫.

परास्यमा भिषजानी रुजस्यातुरस्यच । आयुर्वेदफलंकृत्स्नमायुर्ष्यनुवर्त्तते ॥२६॥

વૈદ્યે રોગી તથા નીરોગી બંનેના આયુષ્યની પરીક્ષા કરવી, કેમકે આયુર્વેદનું સંપૂર્ણ ફલ, આયુષ્યને આધીન છે. ૨૬.

तत्रश्लोकः।

क्रियापथमतिक्रान्ताःकेवलं देहमाप्लुताः । चिह्नंकुर्वंतियद्दोषास्तदरिष्टंनिरुच्यते॥२७

તેમાં આ શ્લોક છે. વાતાદિક દોષ ચિકિત્સાના ક્રમનું ઉલ્લંઘન કરીને કેવળ શરીરમાં વ્યાપ્ત થઈને જે ચિન્હને ઉત્પન્ન કરે છે તે ચિન્હને અરિષ્ટ કહે છે. ૨૭.

इति चरकसंहितायामिन्द्रियस्थानेऽणुज्योतीयमिंद्रियं समाप्तम् ॥११॥

ઇતિ ચરક સંહિતાના ઇન્દ્રિય સ્થાનના અણુજ્યોતીયમિંદ્રિયં નામનો અગીઆરમો અધ્યાય સમાપ્ત થયો. ૧૧.

द्वादशोऽध्यायः।

अथातो गामयचूर्णीयमिन्द्रियं व्याख्यास्यामः इति हस्माह भगवानात्रेयः ।

હવે અમે ગોમય ચૂર્ણીય નામના ઇંન્દ્રિયાધ્યાયની વ્યાખ્યા કરીએ છીએ એ પ્રકારે ભગવાન્ આત્રેયજી કહેવા લાગ્યા.

यस्यगोमयचूर्णाभंचूर्णमूर्द्धनिजायते । सस्नेहंभ्रश्यतेचैवमासान्तंतस्यजीवितम् ॥१॥

જેના શિરમાં ગોબરના ચૂર્ણની માફક ચૂર્ણ ઉત્પન્ન થાય, અને તે ચૂર્ણ તેલ લગાવવાથી ગરી પડે તે પુરૂષ એક મહીનાથી અધિક જીવતા નથી. ૧.

निर्घर्षन्निवयः पादौच्युतांसःपरिधावति । विकृत्यानसलोकेऽस्मिंश्चिरंवसतिमानवः ॥ २ ॥

જે મનુષ્ય વિકારથી પગોને અથડાવતો અથડાવતો દોડે અને જેના ખભાના સાંધા શિથિલ થઇ ગયા હોય, તે આ લોકમાં બહુ વખત સુધી રહેતો નથી. અર્થાત જલ્દીજ મરી જાય છે. ૨.

यस्यस्नातानुलिप्तस्यपूर्वंशुष्यत्युरोभृशम् । आर्द्रेषुसर्वगात्रेषुसोऽर्द्धमासंनजीवति।३।

સ્નાન કરીને અને ચંદન વિગેરે લગાવીને જે મનુષ્યનું હૃદય અન્ય અંગો કરતાં પ્રથમ સુકાય તે એક પખવાડીઆની અંદર મરી જાય છે. ૩.

मनुद्दिश्यातुरंवैद्यःसंवर्त्तयितुमौषधम् । यतमानोनशक्नोतिदुर्लभंतस्यजीवितम् ॥४॥

જે રોગીને માટે વૈદ્ય બહુજ યત્ન કરવા છતાં પણ દવા તૈયાર ન કરી શકે, તેનું જીવવું દુર્લભ છે. ૪.

विज्ञातं बहुशः सिद्धं विधिवच्चावचारितम् । न सिध्यत्यौषधं यस्य नास्ति तस्य चिकित्सितम् ॥ ५ ॥

અનેકવાર અનુભવ કરવામાં આવેલી ઔષધિને વિધિ પૂર્વક આપવા છતાં પણ જે રોગીને કાંઇ ફળ ન મળે તેની ચિકિત્સા થઇ શકતી નથી. ૫.

आहारमुपयुञ्जानो भिषजा सूपकल्पितम् । यः फलं तस्य नाप्नोति दुर्लभं तस्य जीवितम् ॥ ६ ॥

વૈદ્યે સારી રીતે બનાવેલ આહારને ખાવા છતાં પણ જે રોગીને કાંઈ ફળ ન મળે તેનું જીવવું દુર્લભ છે. ૬.

दूताधिकारे वक्ष्यामो लक्षणानि मुमूर्षताम् । यानि दृष्ट्वा भिषक्प्राज्ञः प्रत्याख्येयादसंशयम् ॥ ७ ॥

દૂતાધિકારમાં મુમૂર્ષુ (જલ્દી મરનાર) લોકોનાં લક્ષણ કહેવામાં આવે છે, જે લક્ષણોને જોઇને બુદ્ધિમાન વૈદ્યે રોગીની ચિકિત્સા ન કરવી. ૭

मुक्तकेशोऽथवा नग्नो रुदत्यनयतोऽथवा । भिषगभ्यागतं दृष्ट्वा दूतं मरणमादिशेत् ॥ ८ ॥

વૈદ્યે મુક્તકેશ (ખુલ્લા વાળવાળો)નગ્ન તથા અશાન્ત થઇને રોતી વખતે જો દૂત (વૈદ્યને બોલાવા આવનાર માણસ) આવે તો રોગીનું મૃત્યુ નજીક જાણવું જોઇએ. ૮.

सुप्ते भिषजि ये दूताश्छिन्दत्यपि च भिन्दति । आगच्छन्ति भिषक्तेषां न भर्त्तारमनुव्रजेत् ९

જે વખતે વૈદ્ય સુતો હોય, કોઈ ચીજને કાપતો હોય, અથવા કાણું પાડતો હોય, તે વખતે જો કોઈ વૈદ્યને બોલાવા આવે તો વૈદ્યે તેના શેઠની ચિકિત્સા કરવા ન જવી. ૯.

जुहोत्यग्निं तथा पिण्डं पितृभ्यो निर्वपत्यपि । वैद्ये दूता य आयान्ति ते घ्नन्ति प्रजिघांसवः १०

જે વખતે વૈદ્ય અગ્નિમાં હવન કરી રહ્યો હોય, અથવા પિતરોને પિન્ડ આપી રહ્યો હોય, તે વખતે જો દૂત આવે તો તેના સ્વામી (રોગી)નું મૃત્યુ જાણવું. ૧૦

कथयत्यप्रशस्तानि चिन्तयत्यथवा पुनः । वैद्ये दूता मनुष्याणामागच्छन्ति मुमूर्षताम् ११

જે વખતે વૈદ્ય અશુભ વાતો કરતો હોય, અથવા કાંઇક ચિન્તા કરતો હોય તે વખતે જો રોગિયોનો માણસ બોલાવા આવે તો તે રોગીનું મૃત્યુ નજીક જાણવું જોઇએ. ૧૧.

मृतदग्धविनष्टानि भजति व्याहरत्यपि । अप्रशस्तानि चान्यानि वैद्ये दूता मुमूर्षताम् १२

જે વખતે વૈદ્ય મૃત દગ્ધ અથવા નષ્ટ પદાર્થોનું સેવન કરતો હોય અથવા કોઇ બીજી અશુભ વાતો કરતો હોય તે વખતે જો રોગિયોનો દૂત આવે તો તેને મૃત્યુની નિકટ જાણવો જોઇએ. ૧૨.

विकारसामान्यगुणे देशकालेऽथवा भिषक् । दूतमभ्यागतं दृष्ट्वा नातुरं तमुपाचरेत् १३

રોગના જેવા ગુણવાળા દેશ અથવા સમયમાં જો રોગીનો માણસ બોલાવા આવે તો તેની ચિકિત્સા વૈદ્યે ન કરવી જોઇએ. ૧૩

दीनभीतद्रुतत्रस्तां मलिनामसतीं स्त्रियम् । त्रीन्व्याकृतांश्च षण्डांश्च दूतान्विद्यान्मुमूर्षताम् ॥ १४ ॥

જો વૈદ્યને બોલાવવાને માટે, દીન, બીક લાગેલી, દ્રુત (જલ્દી કરનાર) મલિન, દુષ્ટ સ્ત્રી, વિકારવાળો, અથવા નપુંસક દૂત અથવા એકી વખતે ત્રણ દૂત આવે તો રોગીનું મૃત્યુ નજીક જાણવું જોઇએ ૧૪

अङ्गव्यसनिनंदूतंलिङ्गिनंव्याधितंतथा। संप्रेक्ष्यचोग्रकर्माणंनवैद्योगन्तुमर्हति १५

જો કોઇ અંગથી હીન, યા અધિક અંગવાળો રોગી તથા ઉગ્ર કાર્ય કરનાર દૂત વૈદ્યને બોલાવા માટે આવે તો વૈદ્યે ચિકિત્સા કરવાને માટે નહીં જવું જોઇએ. ૧૫

आतुरार्थमनुप्राप्तंखरोष्ट्रमथवाहनम्। दूतंदृष्ट्वा भिषग्विद्यादातुरस्यपराभवम् १६

જો વૈદ્યને બોલાવાને માટે દૂત ઉંટ અથવા ગધેડા પર બેસીને આવે તો રોગીનું મૃત્યુ નજીક જાણવું જોઇએ ૧૬

पलालबुषमांसास्थिकेशलोमनखद्विजान्। मार्जनीमुसलंशूर्पमुपानच्चर्मविच्युते ॥ १७ ॥ तृणकाष्ठतुषाङ्गारस्पृशन्तोलोष्टभस्मच। ततउपस्पर्शनेदूताव्याहरन्ति-मुमूर्षताम् ॥ १८ ॥

જે રોગીઓનો દૂત (માણસ) પરાળ, ભૂસું, માંસ, હાડકાં, વાળ, રૂવાંટી, નખ, દાંત, ઝાડુ, સાંબેલું, સુપડું, ફાટેલો જોડો, જોડામાંથી ફાટી ગયેલું ચમડું, ઘાસ, લાકડું, અનાજનાં છોતાં, અંગારા, માટીનો ઢગલો, તથા ભસ્મ એમાંથી કોઇનો સ્પર્શ કરીને પહેલવહેલાં વૈદ્યને રોગીનું વૃત્તાંત કહે તો તે રોગી જીવતો નથી. ૧૭-૧૮

यस्मिन्दूतेब्रुवतिवाक्यमातुरसंश्रयम्। पश्येन्निमित्तमशुभंतन्नानुव्रजेद्भिषक्॥१९॥

જે વખતે દૂત રોગીનું વૃતાન્ત કહેતો હોય તે વખતે જો કોઈ અશુભ કારણ જોવામાં આવે તો વૈદ્યે રોગીની ચિકિત્સા કરવા ન જવી. ૧૯

यथाव्यसनिनंप्रेतंप्रेतालङ्कारमेववा। भिन्नंदग्धंविनष्टंवातद्वादीनिवचांसिवा॥२०॥ रसोवाकटुकस्तीव्रोगन्धोवाकौणपोमहान्। स्पर्शोवाविपुलःक्रूरोयद्वान्यदशुभंभ-वेत् ॥ २१ ॥ तत्पूर्वमभिनोवाक्यंवाक्यकालेथवा पुनः। दूतानांव्याहृतंश्रुत्वाधी-रोमरणमादिशेत् ॥ २२ ॥

જે વખતે દૂત રોગીનું વૃતાંત કહેતો હોય તે પહેલાં અથવા તે વખતે વ્યસની (કામાદિ દોષવાળો) પ્રેત પ્રેતોનાં આભૂષણ, અને ભિન્ન દગ્ધ તથા નષ્ટ વસ્તુઓનું દર્શન અથવા તે વિષયનાં વાકયોનું શ્રવણ, કટુરસ, તીવ્રગંધ, કઠોર સ્પર્શ, અથવા અન્ય કોઇ અશુભ જો કાંઇ હોય તો રોગીનું મૃત્યુ નજીકજ જાણવું જોઇએ. ૨૦-૨૧-૨૨.

इतिदूताधिकारोऽयमुक्तःकृत्स्नोमुमूर्षताम्। पथ्यातुरकुलानाञ्चवक्ष्याम्यौत्पातिकं पुनः ॥ २३ ॥

આ પ્રકારે મરનાર લોકોનો દૂતાધિકાર કહેવામાં આવ્યો. એ ઉપરાંત માર્ગમાં તથા રોગીના ઘરમાં થનારા જે ઉત્પાત છે તે કહેવામાં આવે છે. ૨૩

अन् …त्रयोत्कृष्टंस्खलनंपतनंतथा । आक्रोशःसंप्रहारोवाप्रतिषेधोविगर्हणं ॥२४॥
वस्त्रोष्णी…च्छत्रोपानद्युगाश्रयम् ।व्यसनंदर्शनञ्चापि तव्यसाननंतथा॥२५
चैत्यध्वजपताकानांचूर्णानांपतना निच । हतानि…प्रदर्शनंभस्मपांशुभिः॥२६॥
पथच्छेदोविडालेनश्वनासर्पेणवापुनः । मृगद्विजानांक्रूराणांगिरोदीप्तांदिशंप्रति
॥ २७ ॥ शयनासनयानानामुत्तानानांप्रदर्शनम् । इत्येतान्यम…णिवा-
मनीषिणः ॥ २८ ॥

છીંક, ગરબડાટના શબ્દ, પડવું, ઉંચેથી પડવું, ખુમરાણુ, પ્રહાર, નિષેધ, નિન્દા, (૨૪) અને વસ્ત્ર, પાઘડી, દુપટ્ટો, છત્રી, તથા જોડા એઓનું ઉંચેથી નિચે પડવું, અથવા જોવું, જેના ઘરમાં કોઈ મરી ગયું હોય તેને જોવું, (૨૫) ચૈત્ય, ધજા, તથા પતાકાનું પડવું, ચૂર્ણો (ચુના)નું પડવું, મરવાની ખબર સાંભળવી, અનિષ્ટ ખબર સાંભળવી, ભષ્મ તથા ધુળ ઉડતાં જોવી, (૨૬) બિલાડી, કુતરૂં અથવા સાપ આડો ઉતરવો, જે દિશામાં સૂર્ય હોય તે તરફ મુખ કરીને શિયાળ વિગેરે નિંદિત પશુ અથવા કાગડા વિગેરે નિંદિત પક્ષિયોનું રડવું, (૨૭) અને શય્યા, આસન તથા સવારીને ઉંધાં પડેલાં જોવાં તે સર્વને બુદ્ધિમાન લોકો નિન્દિત કહે છે. ૨૮.

एतानिपथिवैद्येनपश्यतातुरवर्त्मनि । शृण्वताचनगन्तव्यंतदागारंविपश्चिता ॥२९॥

તે સર્વને માર્ગમાં સાંભળીને અથવા જોઇને વૈદ્યે રોગીને ત્યાં ન જવું. ૨૯

इ…तंपथिवैद्यविगर्हितम् । इमामपिचबुध्येतगृहावस्थांमु…र्षताम् ३०

આ પ્રકારે વૈદ્યોને માટે માર્ગમાં જે નિંદિત ઉત્પાત છે તે કહેવામાં આવ્યા તે તે જાણીને પણ રોગીના ઘરના આ ઉત્પાત જાણુવા જોઇએ. ૩૦

प्रवेशेपूर्णकुम्भाग्निमृद्बीजफलसर्पिषाम् । वृषब्राह्मणरत्नानांदेवतानांविनिर्गतिम्
॥ ३१ ॥ अग्निपूर्णानिपात्राणिभिन्नानिविशिखानिच। भिषङ्मुमूर्षतांवेश्मप्रवि-
शन्नेवपश्यति ॥ ३२ ॥

જે વખતે વૈદ્ય રોગીને ઘેર જવા લાગે, તે વખતે પૂર્ણ કુમ્ભ અગ્નિ, માટી, બી, ફળ, ઘી, બળદ, બ્રાહ્મણુ, રત્ન તથા દેવતા એમનું રોગીના ઘરમાંથી નીકળવું, (૩૧) અને અગ્નિથી ભરેલા જ્વાળા વિનાના, ફુટેલા પાત્રોને રોગીના ઘરમાં વૈદ્યે પ્રવેશ કરતી વખતે જોવા અથવા સામા મળવા એ રોગીના મૃત્યુનું લક્ષણુ છે. ૩૨

छिन्नभिन्नविदग्धानिभग्नानि…दितानिच । दुर्बलानिचसेवन्तेमुमूर्षोर्वैश्मिकाजनाः ३३

જે રોગીનું મૃત્યું થનારૂં છે. તેના ઘરના લોક કાપેલા, ફાટેલા, બળેલા, ફુટેલા, મેલા, તથા દુર્બળ પદાર્થોનું સેવન કરે છે. ૩૩

शयनंवसनंयानंगमनंभोजनंरुत… । श्रुयतेऽमङ्गलंयस्यनास्तितस्यचिकित्सितम् ३४

જે રોગીના ઘરમાં શયન, વસ્ત્ર, સવારી, ગમન, તથા ભોજન અશુભ હોય, અને અશુભ શબ્દ સાંભળવામાં આવે તેની ચિકિત્સા ન કરવી જોઇએ. ૩૪

वर्णं वसनं यानमन्यद्वाऽपि परिच्छदः । प्रेतवद्यस्य कुर्वन्ति सुहृदः प्रेत एव सः ॥ ३५ ॥

જે રોગીના મિત્ર શયન, વસ્ત્ર, સવારી, તથા અન્ય સામગ્રી પ્રેતોની માફક કરે છે તેને પ્રેતજ જાણવા જોઇએ. ૩૫.

अन्नं व्यापद्यतेऽत्यर्थं ज्योतिश्चैवोपशाम्यति । निवाते सेन्धनं यस्य तस्य नास्ति चिकित्सितम् ॥ ३६ ॥

જે રોગીને માટે રાંધેલું અન્ન સારી રીતે તયાર ન થાય અને વાયુ રહિત સ્થાનમાં લાકડાં છતાં પણ અગ્નિ બુઝાઇ જાય તે રોગીની કાંઈ ચિકિત્સા થઇ શકતી નથી. ૩૬.

आतुरस्य गृहे यस्य भिद्यन्ते वा पतन्ति वा । अतिमात्रममत्राणि दुर्लभं तस्य जीवितम् ॥ ३७

જે રોગીના ઘરમાં વાસણ બહુજ ઉંચેથી નીચે પડી જાય અને બહુજ ફુટી જાય છે, તેનું જીવવું દુર્લભ છે. ૩૭.

भवति चात्र ।

यद्द्वादशभिरध्यायैर्व्यासतः परिकीर्तितम् । मुमूर्षतां मनुष्याणां लक्षणं जीवितान्तकृत् ॥ ३८ ॥ तत्समासेन वक्ष्यामि पर्य्यायान्तरमाश्रितम् । पर्य्यायवचनं ह्यर्थविज्ञानायोपपद्यते ॥ ३९ ॥

તેમાં આ શ્લોક છે, મુમૂર્ષુ (મરનાર) લોકનાં મરવાનાંજ લક્ષણ બાર અધ્યાયમાં વિસ્તાર પૂર્વક કહેલાં છે. ૩૮ તે હવે સંક્ષેપ રીતે પર્યાયાન્તર (બીજી રીતે) થી કહેવામાં આવે છે. કેમકે બીજી રીતે કહેવાથી અર્થનું જ્ઞાન સારી રીતે થાય છે. ૩૯.

इत्यर्थं पुनरेवेयं विवक्षा नो विधीयते । तस्मिन्नेवाधिकरणे यत्पूर्वमभिदर्शितम् ॥ ४०

જો કે આ સર્વ લક્ષણ પ્રથમજ પોતપોતાના અધિકારમાં વિવિધ પૂર્વક કહેવામાં આવ્યા છે તથાપિ સારી રીતે જ્ઞાન હોવાને માટે હવે ફરી કહેવામાં આવે છે. ૪૦.

वसतां चरमे काले शरीरेषु शरीरिणाम् । अत्युग्रगमनेच्छानां नाशाय देहेभ्यः प्रविवत्सताम् ॥ ४१ ॥ इष्टांस्तितिक्षतां प्राणान्कान्तं वासं जिहासताम् । तन्त्रयन्त्रेषु भिन्नेषु तमोऽन्त्यं प्रविविक्षताम् ॥ ४२ ॥ विनाशाय हरूपाणि यान्यवस्थान्तराणि च । भवन्ति तानि वक्ष्यामि यथोद्देशं यथागमम् ॥ ४३ ॥

યંત્ર રૂપી શરીરની શિરા વિગેરેનું ભિન્ન થઇ જવાથી અંતિમ સમયમાં શરીરમાં નિવાસ કરનારાં, નાશને માટે શરીરમાં ગમન કરવાની ઇચ્છા કરનારા, પ્રિય પ્રાણોને ત્યાગ કરનાર, શરીર રૂપી સુન્દર સ્થાનનો ત્યાગ કરનારા, અને અંતિમ અંધકાર (મૃત્યુ) માં પ્રવેશ કરવાની ઇચ્છા કરનારા પ્રાણિયોનાં જે લક્ષણ થાય છે, અને જે જે અવસ્થાઓ થાય છે તે સર્વ પ્રયોજન સહિત શાસ્ત્રને અનુસાર વર્ણન કરવામાં આવેછે. ૪૧-૪૨-૪૩.

प्राणाः समुपतप्यन्ते विज्ञानमुपरुध्यते । वमन्ति बलमङ्गानि चेष्टा व्युपरमन्ति च ॥ ४४॥ इन्द्रियाणि विनश्यन्ति खिलीभूते च चेतना । औत्सुक्यं भजते सत्त्वं चेतो भीराविशत्यपि ॥ ४५ ॥ स्मृतिस्त्यजति मेधा च ह्रीश्रियौ चापसर्पतः । उपप्लवन्ते पाप्मान ओजस्तेजश्च नश्यति ॥ ४६ ॥

પ્રાણ પીડીત થાય છે, જ્ઞાન નષ્ટ થાય છે, અંગોનું બળ નષ્ટ થાય છે. ચેષ્ટા નષ્ટ થઇ જાય છે. (૪૪) ઇંદ્રિયો નાશ પામે છે, ચૈતન્યતા નષ્ટ જેવી થાય છે, મનમાં ઉત્સુકતા તથા ભય ઉત્પન્ન થાય છે, (૪૫) સ્મૃતિ, ધારણા શક્તિ, લજ્જા તથા શોભા નષ્ટ થઇ જાય છે, પ્રથમ કરેલાં પાપ ક્લેશ આપે છે, ઓજ તથા તેજનો નાશ થાય છે.

शीलं व्यावर्ततेऽत्यर्थं भक्तिश्च परिसर्पते । विक्रियन्ते प्रतिच्छाया च्छाया च विकृतिं गताः ॥ ४७ ॥ शुक्रं प्रच्यवते स्थानादुन्मार्गं भजतेऽनिलः । क्षयं मांसानि गच्छन्ति गच्छ-

त्यस्तगुपक्षयम् ॥ ४८ ॥ ऊष्माणः … येयान्तिसन्धयः । गन्धाश्चि-नतायान्तिभेदंवर्णस्वरौतथा ॥ ४९॥ वैरस्यंभजतेकायःकायरिछद्रंविशुष्यति । धूमःसञ्जायतेमूर्ध्निदारुणाख्यश्चचूर्णकः ॥ ५० ॥

સ્વભાવ બદલાઇ જાય છે, ભક્તિ રહેતી નથી, છાયા (કાંતિ) તથા પ્રતિચ્છાયા (પડછાયો) વિકારને પામે છે, (૪૭) વિર્ય પોતાના સ્થાનમાંથી ગરી પડે છે, વાયુ ઉપરની તરફ ચાલે છે, માંસ તથા રૂધિર ક્ષીણુ થઈ જાય છે, (૪૮) ગરમી નષ્ટ થઇ જાય છે, સાંધા જુદા જુદા થઇ જાય છે, ગંધ વિકારને પામે છે, વર્ણુ તથા સ્વર બદલાય છે, (૪૯) શરીરનો રસ બગડે છે, શરીરનાં છિદ્રો શુષ્ક થઇ જાય છે, માથામાં ગોબરના ચૂર્ણુની માફક દારૂણ ચૂર્ણુ (ખોડો) ઉત્પન્ન થાય છે ૫૦.

सततस्पन्दनाः … शरीरेयेऽभिलक्षिताः । तेस्तम्भानुगताःसर्वेन चलन्तिकथश्चन ॥ ५१ ॥ गुणाःशरीरे स्थानांशीतोष्णमृदुदारुणाः । विपर्यासेनवर्त्तन्तेस्थानेष्व-न्येषुनद्विधाः ॥ ५२ ॥ नखेषुजायतेपुष्पपङ्कोदन्तेषुजायते । जटाःपक्ष्मसुजायन्ते-सीमन्ताश्चापिमूर्द्धनि ॥ ५३ ॥ भेषजानिनसंवृत्तिंप्राप्नुवन्तितथारुचिम् । यानि-चाप्युपपद्यन्तेतेषांवीर्य्यंनसिध्यति ॥ नानाप्रकृतयःक्रूराविकाराविविधौषधाः॥

શરીરનાં જે જે અંગ નાડિયોને લીધે હંમેશાં જે ધડકયાં કરે છે તે બધ થઇને કોઈ પ્રકારથી ચલાયમાન થતાં નથી. ૫૧ શરીરના સ્થાન, સ્થાનમાં ઠંડી ગરમી કોમળતા તથા કઠોરતા આ ગુણો વિપરીત થઇ જાય છે. ૫૨ નખમાં ફુલના જેવાં ચિન્હો ઉત્પન્ન થાય છે. દાંતોમાં કાદવ જેવો મેલ ઉત્પન્ન થાય છે, આંખોની પાંપણો જટાની માફક બંધાઇ જાય, માથાના વાળ જુડાની માફક ગુંચવાઇ જાય, ૫૩ ઔષધ તૈયાર કરવાથી તૈયાર ન થાય, ઔષધિમાં રૂચિ ન થાય, જે ઔષધ આપવામાં આવે તેનું ફળ કાંઇ ન મળે, ૫૪ અનેક પ્રકારના ક્રુર રોગ જેને માટે અનેક પ્રકારની ઔષધિયોની આવશ્યકતા જણાય.

सिप्रंसमभिवर्त्तन्तेप्रतिहत्यबलौजसी । शब्दःस्पर्शोरसोरूपंगन्धश्चेष्टाविचिन्तितम् ॥ ५६ ॥ उत्पद्यन्तेऽशुभान्येवप्रतिकर्मप्रवृत्तिषु । दृश्यन्तेदारुणाःस्वप्नादौरात्म्य-मुपजायते ॥ ५७ ॥ प्रेष्याः प्रती … प्रेताकृ तरुदीर्य्यते । प्रकृतिर्हीयतेऽत्य-र्थंविकृतिश्चाभिवर्द्धते ॥ ५८॥ कृत्स्नमौत्पातिकंघोरमरिष्टमुपलक्ष्यते । इत्येतानि मनुष्याणांभवन्तिविनशिष्यताम्५९

તે બળ તથા તેજને નષ્ટ કરીને શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ગંધ, ચેષ્ટા, તથા વિચારને વિપરીત કરીને જલ્દીજ ઉત્પન્ન થાય છે. (૫૬) ચિકિત્સા કરવામાં અનેક પ્રકારનાં અશુભ ઉત્પન્ન થાય ભયંકર સ્વપ્ન દેખાવમાં આવે, દુષ્ટતા ઉત્પન્ન થાય, (૫૭) સેવકો વિરૂદ્ધ થાય, પ્રેતોની એવી ચેષ્ટા થઇ જાય, પ્રકૃતિ નષ્ટ થઇ જાય, વિકારની વૃદ્ધિ થઇ જાય; (૫૮) અને સંપૂર્ણુ ઉત્પાત સંબંધી ઘોર અરિષ્ટ લક્ષણુ થાય છે, જે મનુષ્યોનું મૃત્યું નજીક હોય છે તેનાં આ પ્રમાણે ઉપરનાં લક્ષણો હોય છે. ૫૯

लक्षणानियथोद्देशंयान्युक्तानियथागमम् । मरणायेहरूपाणिपश्यतापिभिषग्विदा ॥ ६० ॥ अपृष्टेननवक्तव्यंमरणंप्रत्युपस्थितम् । पृष्टेनापिन वक्तव्यंतत्रयत्रोपघात-कः ॥ ६१ ॥ आतुरस्यभवेदुःखमथवान्यस्यकस्यचित् । अब्रुवन्मरणंयस्यनैनर्नाप-च्छेच्चिकित्सितुम् । यस्यपश्येद्विनाशायलिङ्गानिकुशलोभिषक् ॥ ६२ ॥

પ્રયોજન તથા શાસ્ત્રાનુંસાર આ જે લક્ષણુ કહેવામાં આવ્યાં છે તે લક્ષણો મૃત્યુને માટેનાં સમજીને બુદ્ધિમાન વૈદ્યે. ૬૦. પૂછ્યા વિના રોગનુ મૃત્યું થનારૂં છે, એવું કહેવું અને જ્યાં કોઇ પૂછે ત્યાં પણુ મૃત્યું થવાનું છે એવું ન કહેવું. ૬૧ કેમકે એથી

રોગીને અથવા રોગીના અન્ય કોઇ સંબંધીને બહુ દુઃખ થાય છે અને મૃત્યુનું કાંઇ નિશ્ચય પણ હોતું નથી, એથી ચતુર વૈદ્યે જેનામાં મૃત્યુનાં લક્ષણ જુવે તેનું મૃત્યુ થનારૂં છે તેને વાત કહેવી નહિ. તેમ ચિકિત્સા ન કરવી. ૬૨

સાધ્ય રોગીનાં લક્ષણ.

लिङ्गेभ्योम[illegible]योविपरीतानिपश्यता । लिङ्गान्यारोग्यमाग[illegible]वक्तव्यांयेष-जाधुवम् ॥ ६३ ॥ दूतैरौत्पातिकैर्भावैःपथ्या[illegible]रकुलाश्रयैः । आतुराचारशीले-ष्टद्रव्यसम्पत्तिलक्षणैः ॥ ६४ ॥

જે રોગીમાં મુત્યુનાં લક્ષણોથી બીજાં લક્ષણ હોય તેના દૂત માર્ગ તથા રોગીના ઘરમાં થનારા ઉત્પાતો, અને બીજાં રોગીના આચાર, શીલ, પ્રિય વસ્તુ, તથા ઓષધિ શક્તિના લક્ષણોથી પરીક્ષા કરીને અવશ્ય આરોગ્યતા થશે એ કહેવું જોઇએ. ૬૩-૬૪.

स्वाचारंहृष्टमव्य[illegible]चस्त्रस्यंशुक्लवासमम् । अमुण्डमजटंदूतंजातिवेशक्रियासमम्॥६५॥ अनुष्ट्रखरयानस्थममन्ध्यास्वग्रहेषुच । अदारुणेषुनक्षत्रेष्वनुग्रेष्वध्रुवेषुच ॥ ६६ ॥ विनाचतुर्थीनवमींविनारिक्ताश्चतुर्दशीम् । मध्याह्नश्चार्द्धरात्रश्चभूकम्पंराहुदर्शनम्॥६७ विनादेशमशस्तश्चशस्तौत्पातिकलक्षणम् । दूतंप्रशस्तमव्यग्रंनिर्दिशेदागतभिषक् ॥६८

સુંદર આચરણ કરનારા, પ્રસન્ન, સંપૂર્ણ અંગોવાળા, યશના અભિલાષી, શ્વેતવસ્ત્ર પહેરેલાં માથાને મુડાયા વગરના, જટાને નહીં ધારણ કરનારા, જાતિ, વેષ તથા કાર્યમાં સમ, (૬૫) ઉંટ તથા ગધેડાની સવારીપર નહીં ચઢેલા, સંધ્યાકાળે, અશુભગ્રહોવાળા સમયમાં, દારૂણ, ઉગ્ર, તથા અધ્રુવ નક્ષત્રોમાં, ચોથ, નોમ, રિક્તા તથા ચૌદશ એ તિથિમાં, મધ્યાન્હકાળે, અડધીરાતે, ધરતીકંપ વખતે, તથા ગ્રહણના સમયમાં આવેલા ન હોય, અશુભ દેશમાં નહીં આવ્યા હોય, ઉત્પાતનાં લક્ષણોથી રહિત, સાવધાન, તથા આજ્ઞાકારી દૂતને શુભ જાણવા જોઇએ. ૬૬-૬૭-૬૮

दध्य[illegible] । रत्नानांपूर्णकुम्भानांसितस्यतुरगस्यच ॥ ६९ ॥ [illegible]रध्वजपताकानांफलानांयाचकस्यच । [illegible]र्द्धमानानांबद्धस्यै-कोम्तथा ॥ ७० ॥ पृथिव्याउद्धृतायाश्चवह्नेःमज्वलितस्यच । मोदकानांसुमनसां-शुक्लानांचन्दनस्यच ॥ ७१ ॥ म[illegible]पानस्य[illegible]र्णस्यशकटस्यच । नृभिर्धेन्वाः सवत्सायावडवायाःस्त्रियास्तथा ॥ ७२ ॥

દહીં, અક્ષત, બ્રાહ્મણ, બળદ, રાજા, રત્ન, ભરેલો ઘડો, ધોળો ઘોડો (૬૯) ઇન્દ્ર, ધ્વજ, પતાકા, ફળ, યાચક, મોટી થતી કન્યા, બાંધેલું એક પશુ, (૭૦) ખોદેલી જમીન, બળતો અગ્નિ, લાડુ, ધોળું પુષ્પ, ચંદન, (૭૧) મનોહર અન્નપાન, મનુષ્યોથી ભરેલી ગાડી, વાછડાવાળી ગાય, વાછડાવાળી ઘોડી, પુત્રવાળી સ્ત્રી; (૭૨)

जीव[illegible]वकसिद्धार्थसारसप्रियवादिनाम् । [illegible]सानांशतपत्राणाचाषाणांशिखिनांत-था ॥ ७३ ॥ मत्स्याजद्विजशंखानांप्रियङ्गूनांघृतस्यच । रोचिष्का[illegible]सिद्धानां-रोचनायाश्चदर्शन[illegible] ॥ ७४ ॥

गन्धःसुरभिवर्णश्चसुशुक्लोमधुरोरसः । मृगपक्षिमनुष्याणांप्रशस्ताश्चगिरःशुभाः॥७५॥ छत्रध्वजपताकानामुत्क्षेपणमभिप्लुतिः । भेरी[illegible]दङ्गशंखानांशब्दाः[illegible]ण्याहानेस्वनाः ॥ वेदाध्ययनशब्दाश्चसुखवा[illegible]प्रदक्षिणः । पथिवेश्मप्रवेशे[illegible]विद्यादारोग्यलक्षणम्

જીવક, સરસવ, સારસ, પ્રિયવાદી હંસ, કમળ, નીલકંઠમોર, (૭૩) માછલી, બકરૂં, પક્ષી, શંખ, કાંગ, ઘી, કાંતિવાળું દર્પણ, સિદ્ધ તથા ગોરોચનનું દર્શન. ૭૪. સુગંધિત વસ્તુ, ધોળો રંગ, મધુર રસ, મૃગ, પક્ષી, તથા મનુષ્યોની શુભ વાણી, ૭૫. છત્ર,

ધજા, તથા પતાકાને ઉઠાવીને જવું, નગારૂં, મૃદંગ, તથા શંખનો શબ્દ, પુણ્યાહવાચનનો શબ્દ, ૭૬. વેદાધ્યયનનો શબ્દ, તથા સુંદર દક્ષિણવાયુ, આ લક્ષણ માર્ગમાં તથા રોગીનો ઘરમાં જતી વખતે જણાય તો રોગીને આરોગ્ય થવાનો નિશ્ચય કરવો જોઇએ. ૭૭.

मङ्गलाचारसम्पन्नःसातुरोवैश्मिकोजनः। श्रद्दधानोऽनुकूलश्चप्रभूतद्रव्यसंग्रहः॥७८॥
धनैश्वर्य्यसुखावाप्तिरिष्टलाभःसुखेनच। द्रव्याणांतत्रयोग्यानांयोजनासिद्धिरेवच॥७९

જ્યાં રોગી તથા રોગીના ઘરના માણસો સર્વ મંગળ આચારવાળાં હોય, શ્રદ્ધાવાળાં હોય, અનુકુળ હોય, અનેક પ્રકારના દ્રવ્યોવાળાં હોય. ૭૭. અને ધન, ઐશ્વર્ય, સુખ, તથા ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ સુખપૂર્વક થાય, ત્યાં યોગ્ય ઔષધિયોનો ઉપયોગકરવાથીકાર્યસિદ્ધથાયછે.

गृहप्रासादशैलानांनागानांवृषभस्यच। हयानांपुरुषाणाञ्चस्वप्नेसमधिरोहणम्॥८०॥
सोमार्काग्निद्विजातीनांगवांनृणांयशस्विनाम्। अर्णवानांप्रतरणंवृद्धिःसम्बाधनिःसृतिः

સ્વપ્નમાં ઘર, મહેલ, પર્વત, હાથી, બળદ, ઘોડા, તથા પુરૂષોપર સ્વારી કરવી, ૮૦. ચંદ્રમા, સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાય, તથા યશસ્વી, મનુષ્યોને જોવા, સમુદ્રની પાર જવું, વૃદ્ધિ, વિઘ્નોનું દૂર થવું. ૮૧.

स्वप्नेदेवैःसपितृभिःप्रसन्नैश्चाभिभाषणम्। दर्शनंशुक्लवस्त्राणांह्रदस्यविमलस्यच ८२
मांसमत्स्यविषामेध्यच्छत्रादर्शपरिग्रहः। स्वप्नेसुमनसाञ्चैवशुक्लानांदर्शनंशुभम् ८३

નિર્મળ તળાવ, તથા ધોળાં વસ્ત્રોને જોવાં, પ્રસન્ન થયેલા દેવતા તથા પિતૃઓની સાથે સંભાષણ કરવું. ૮૨. માંસ, માછલાં, ઝેર, અપવિત્ર વસ્તુ, છત્રી, તથા દર્પણને લેવાં, ધોળાં પુષ્પોને, એ વસ્તુઓને સ્વપ્નમાં જોવાં એ શુભ છે. ૮૩

अश्वगोरथयानञ्चयानंपूर्वोत्तरेणच। रोदनंपतितोत्थानंद्विषताञ्चावमर्दनम्॥८४॥

ઘોડા, બળદ તથા રથપર સવારી કરીને પૂર્વ તથા ઉત્તર દિશામાં જવું, રડવું, ગબડી પડીને ઉઠવું, અને શત્રુઓને જીતવું એ શુભ છે. ૮૪. રોગમુક્તનાં લક્ષણ.

सत्त्वलक्षणसंयोगाभक्तिर्वैद्यद्विजातिषु। साध्यत्वंनचनिर्वेदस्तदारोग्यस्यलक्षणम्८५

જે રોગી સારાં લક્ષણોવાળો હોય, વૈદ્ય તથા બ્રાહ્મણોનો ભક્ત હોય, અને કોઇ પ્રકારની ગ્લાનિવાળો ન હોય તે રોગીને આ આરોગ્ય લક્ષણોથી સાધ્ય જાણવા જોઇએ. ૮૫

आरोग्याद्बलमायुश्चसुखञ्चलभतेमहत्। इष्टांश्चाप्यपरान्भावान्पुरुषःशुभलक्षणः॥८६

શુભ લક્ષણોવાળો રોગી નીરોગ થઇને બળ, આયુષ્ય મહા સુખ, તથા અન્ય અભીષ્ટ પદાર્થોને પામે છે. ૮૬.

उक्तंगोमयचूर्णीयेमरणारोग्यलक्षणम्। दूतस्वप्नातुरोत्पातयुक्तिसिद्धिव्यपाश्रयम्॥८७

તેમાં આ શ્લોક છે, આ ગોમય ચૂર્ણીય નામના અધ્યાયમાં દૂત, સ્વપ્ન, રોગી, ઉત્પાત યુક્તિ તથા સિદ્ધિનાંઆશ્રિત મૃત્યુ તથા આરોગ્યનાં લક્ષણ કહેવામાં આવ્યાં. ૮૭.

॥ भवतिचात्र: ॥ इतीदमुक्तंप्रकृतंयथातथातदन्ववेक्ष्यंसततभिषग्विदा। तथाहि-
सिद्धञ्चयशश्चशाश्वतंससत्कर्मलभतेधनानिच ॥ ८८ ॥

આમાં આ શ્લોક છે, એ સર્વ જે યથાવત્ કહેવામાં આવ્યું છે તેનું વૈદ્યે હંમેશાં મનન કરવું જોઇએ, એથી કાર્યની સિદ્ધિ, સ્થિર, યશ તથા ધનની પ્રાપ્તિ થાય છે. ૮૮.

इति गोमय चूर्णीय मिंद्रियं समाप्तम् ॥ १२ ॥

ઇતિ ગોમય ચૂર્ણીયમિંદ્રિયં નામનો બારમો અધ્યાય સમાપ્ત થયો. ૧૨.

इति चरकसंहितायामिन्द्रियस्थानं समाप्तम् ॥

ઇતિ ચરકસંહિતાનું ઇંદ્રિયસ્થાન સમાપ્ત થયું.

પ્રથમ ભાગ સમાપ્ત.